# સ્ત્રીબોધ.

કહે નપોલ્યન દેશને, કરવા આબાદાન; ગરજ રીતછે એજકે; દો માતાને જ્ઞાન.

## પુસતક ૧૩ મુ.

### જાનેવારીથી ડીસેમબર ૧૮૯૯ સુધી.



મુંબઈના
દફતર આશકારા છાપખાનાં મધે છાપીઉંછે.
સને ૧૮૯૯.

# સાંકલીઉં સ્ત્રીબોધના પુસતક ૧૩ માનું.


## આંક ૧ લો—જાનેવારી સને ૧૮૬૯.

| | સફે. |
|---|---|
| ભુત થયલો કુતરો—આંખની ઠગાઇ .. .. .. | ૧ |
| દુરગંધી વાસો .. .. .. .. .. .. .. | ૨ |
| બેનજામીન ફરાંકલીનનું દુનીઆદારી ડાહાપણ .. | ૩ |
| ચાંદ—(ચીતર સાથે) .. .. .. .. .. .. | ૫ |
| લાફીંગ ગેસ ઇઆને હસાવતી હવા .. .. .. | ૬ |
| જેપાન .. .. .. .. .. .. .. .. .. | ૮ |
| તાફી નામના એક ચીતારાની વાત—શીકશક ઉપર નીશાલીઓ ફાવીઓ.. .. .. .. | ૯ |
| અફીમ.. .. .. .. .. .. .. .. .. | ૧૦ |
| પાદરી ઠગાયો .. .. .. .. .. .. .. | ૧૧ |
| બેહેસતમાં વસનારા એક ફરેસતાની આએ દુનીઆમાં મુસાફરી—(ચીતર સાથે ) . .. .. | ૧૨ |
| સીંહ—(ચીતર સાથે) . .. .. .. .. .. | ૧૪ |
| ગુમ થએલી ઇઆદદાસતો .. .. . .. | ૧૫ |
| આપ જાતે થયલા પુરવીન પુરૂશો . .. .. .. | ૧૬ |
| છોકરાંઓની કેલવણી.. .. .. .. .. .. | ૧૮ |
| વેહેવાઇને તાંહાં પાંટી ભરી માછલી તથા કથરોટ ભરી જલેબી . .. .. .. .. .. | ૨૦ |
| પરચુટણ .. .. .. .. .. .. .. .. | ૨૧ |
| મરણનાં ભય થકી પરભુને ભજવા વીશે. .. .. | ૨૨ |

## આંક ૨ જો—ફેબરવારી સને ૧૮૬૯.

| | |
|---|---|
| ધરમશાલા.. .. .. .. .. .. .. .. | ૨૩ |
| જેપાંન.. .. .. .. .. .. .. .. .. | ૨૭ |
| સોમલ . .. .. .. .. .. .. .. .. | ૨૮ |
| ઈંગલંડ દેશ ઉપર સપાનીઅરહોનો હુમલો .. .. | ૨૯ |
| તરવાની કસરત.. .. .. .. .. .. .. | ૩૦ |
| સર ચારલસ ફારબસ બારોનેટ.. . .. .. . | ૩૨ |
| પાદશાહાનાં નવાં કપડાં.. .. .. .. .. | ૩૫ |
| એક ઓરતનો અપવાશ.. .. .. .. .. .. | ૩૬ |
| ઓચીંતી ખુશાલીની નાશકારક અશર .. .. .. | ૩૭ |
| ઇશવી સને ૧૮૬૮ નું સંપુરણ સુરજ ગરહણ (ચીતરો સાથે) . .. .. .. .. .. | ૩૮ |
| શીરીનબાઇનાં હાથનું દાજવું . .. .. .. .. | ૪૦ |
| ઘડીઆલની જાંણવાજોગ તવારીખ (ચીતર શાથે) .. | ૪૧ |
| જગડાત .. .. .. .. .. .. .. .. | ૪૨ |
| પરચુટણ.. .. .. .. .. .. .. .. | ૪૩ |
| શાણપણું શીખવા વીશે—દોહરો.. .. .. | ૪૪ |

## આંક ૩ જો—મારચ સને ૧૮૬૯.

| | |
|---|---|
| ભુતમામાની ભેલાભેલ.. .. .. .. .. .. | ૪૫ |
| હવા.. .. .. .. .. .. .. .. .. | ૪૭ |
| એક ઉજડ ટાપુ . .. .. .. .. .. .. | ૪૯ |
| લારડ બેકન.. .. .. .. .. .. .. .. | ૫૧ |

| | સફે |
|---|---|
| ધરમશાળા.. .. .. .. .. .. .. . | ૫ |
| જેપાંન .. .. .. .. .. .. .. | ૫ |
| હીંદુસતાન ઉપર ઈંગરેજોની ફતેહ.. .. .. | ૫ |
| ખોરાક વીશે સાદી સહમજ . .. .. .. .. | ૬ |
| અદેખા ભરથાર.. .. .. .. . | ૬ |
| નાટક—બેનન અને મતીજેહ .. .. | ૬ |
| પરચુટણ .. .. .. .. .. .. . | ૬ |
| ઇશવરની સતુતી કરવા વીશે—(કવીતા).. .. .. | ૬૬ |

## આંક ૪ થો—એપરેલ સને ૧૮૬૮.

| | |
|---|---|
| ભુતમામાની ભેલાભેલ. . . . .. | ૬૯ |
| હીંદુસતાંન ઉપર ઈંગરેજોની ફતેહ.. .. .. . | ૭૧ |
| ઈશવરનાં કાંમ તેનો દબદબો દેખાડેછે .. . .. | ૭૨ |
| પાણી.. .. .. .. .. .. .. .. | ૭૩ |
| ધરમશાળા. .. .. .. . .. .. | ૭૫ |
| જાન હામપડન .. . . .. .. | ૭૭ |
| સમાઇ—એક સપનો.. .. .. .. . | ૮૧ |
| પાણીનો એક મોહોટો ધોત . .. .. | ૮૪ |
| જે કોબી ખાય—તે ધયેડું થાય .. .. .. | ૮૫ |
| પરચુટણ . .. .. .. .. .. | ૮૭ |
| ઇશવરને ઓલખવા વીશે—(કવીતા) .. . | ૮૮ |

## આંક ૫ મો—મેએ સને ૧૮૬૯.

| | |
|---|---|
| કંજુસનાં કરમની કાહાણી .. . .. .. | ૮૯ |
| નાહાનપણમાં પરણાવીયાથી કેળવણીમાં થતી ખલલ. | ૯૩ |
| બેનઅરચનો મેહેતાજી.. .. .. .. | ૯૫ |
| આપણી ફરજ .. .. .. .. | ૯૮ |
| મજાખમાંથી મોહોત . .. .. .. | ૯૯ |
| ધરમશાળા.. .. .. .. .. | ૧૦૧ |
| ઇજીપટ અથવા મીસર દેશ અને આફરીકાનાં રેતીના રણ—(ચીતર સાથે) .. .. . .. .. | ૧૦૩ |
| જાન લા .. . .. .. .. .. .. | ૧૦૭ |
| પરચુટણ . . . .. .. . | ૧૦૮ |
| હરી ભજવા વીશે—(કવીતા). .. .. . | ૧૧૦ |

## આંક ૬ ઠો—જુન સને ૧૮૬૯.

| | |
|---|---|
| કંજુસના કરમની કાહાણી.. .. .. .. .. | ૧૧૧ |
| દુખી થવાના ઉપાય .. .. .. .. .. | ૧૧૫ |
| જાન લા .. .. .. .. .. .. .. | ૧૧૬ |
| "જેઆન આવ આરક" (ચીતર સાથે.). .. .. | ૧૧૯ |
| મોજાં.. .. .. .. .. .. .. .. | ૧૨૦ |
| આરબસતાનના ઘોડા અનેતેમને વીશે ચમતકારીક વાતો .. .. .. .. . .. | ૧૨૧ |
| ધરમશાળા.. .. .. .. .. .. | ૧૨૪ |
| હીંદુસતાંન ઉપર ઈંગરેજોની ફતેહ.. .. .. | ૧૨૬ |
| ખાંડ . .. .. .. .. . | ૧૨૮ |

સફે.

મેક પાદશાહાનો ભયંકાર ચીતાર.. .. .. .. ૧૩૦
રચુટણ .. .. .. .. .. .. .. ૧૩૧
રગર ભણેલા વરગની સ્ત્રીઓને સુચના, (ગરબી) .. ૧૩૨
ાંહોય.. .. .. .. .. .. .. ૧૩૨

આંક ૭ મો—જુલાઈ સને ૧૮૯૯.

ંજુસના કરમની કાહાણી.. .. .. .. ૧૩૩
સ્ત્રીઓની ખુબશુરત થવાની કોશેશ. .. .. .. ૧૩૭
કેથરાઈન મેકોલે . .. .. .. .. .. ૧૩૯
એક બલતી સાસુનાં પેટમાંના બલાપો .. .. ૧૪૦
જાન લા.. .. .. .. .. .. .. ૧૪૨
લડાઈમાં જતી વેલાની મુલાકાત, (ચીતર સાથે) .. ૧૪૩
કેરોસીન આઇલ અથવા ગીઆસનું તેલ વાપરવા
માં સંભાલ .. .. .. .. .. .. ૧૪૪
ધરમશાળા.. .. .. .. .. .. .. ૧૪૫
કુવામાંનો ભુત .. .. .. .. .. .. ૧૪૭
એક બેગુનાહ માતાપર ગુજરેલો બેવડો સેતમ.. .. ૧૪૯
મરઘાંનો નાચ !.. .. .. .. .. .. ૧૫૧
પરચુટણ.. .. .. .. .. .. .. ૧૫૨
સાસરે જતી વખતે શીખામણ—(ગીત).. .. .. ૧૫૪

આંક ૮ મો—આગસટ સને ૧૮૯૯.

કંજુસના કરમની કાહાણી.. .. .. .. .. ૧૫૫
મોટા લોકના ઘરમાંથી ડાકટરો ખસતા કાંએ નહી ! ૧૬૦
ડેરકા ખાઉ લોક ! .. .. .. .. .. .. ૧૬૧
જ્ઞાન અથવા અકલ .. .. .. .. .. ૧૬૨
સી હચીનસન .. .. .. .. .. .. ૧૬૪
ક હાથથી ગેઇઓ ! .. .. .. .. .. ૧૬૬
રમશાળા.. .. .. .. .. .. .. ૧૬૮
નાબાઈ સાંજના સાસરે કેમ ગીઆં !.. .. .. ૧૬૯
ાન લા .. .. .. .. .. .. .. ૧૭૦
દનના બાગમાં આદમ અને ઇવ—(ચીતર સાથે).. ૧૭૨
હેલી લખમી કોણ લે !.. .. .. .. .. ૧૭૨
રચુટણ .. .. .. .. .. .. .. ૧૭૪
ગતમાં સમજીને ચાલવા વીશે—(ગરબી) .. .. ૧૭૬

આંક ૯ મો—સપટેમબર સને ૧૮૯૯.

જુસના કરમની કાહાણી.. .. .. .. .. ૧૭૭
તરંજની રમત શોધી કાહાડનાર એક સ્ત્રી હતી ! ૧૮૧
ચીન દેશની સ્ત્રીઓ .. .. .. .. .. ૧૮૩
માણસોને ધીકારનાર માણસ.. .. .. .. ૧૮૪
જગ રેલ—(ચીતર સાથે) .. .. .. .. ૧૮૭
સફારટન ઓરતો. .. .. .. .. .. ૧૮૮
જાન લા .. .. .. .. .. .. .. ૧૯૦
સોમલ.. .. .. .. .. .. .. ૧૯૨
વાંચવાની અગત. .. .. .. .. .. ૧૯૪
ઉંઘમાં બોલતાં સાત વરસે પકડાયલો ખુની .. .. ૧૯૫
પરચુટણ. .. .. .. .. .. .. .. ૧૯૬
ધણી વીના બીજું કોણ હોય ! (ગરબી).. .. .. ૧૯૮

સફે.

આંક ૧૦ મો—અકટોબર સને ૧૮૯૯.

કંજુસના કરમની કાહાણી .. .. .. .. .. ૧૯૯
નોસારીનાં પારસીઓનાં મોહોલાની સફાઈ .. .. ૨૦૨
બઈરી કેવી પસંદ કરવી .. .. .. .. .. ૨૦૪
સુએજની નેહેર.. .. .. .. .. .. .. ૨૦૬
સુનાબાઈ સવારનાં મહીંરે કેમ ગીઆં ! .. .. ૨૦૭
ઘરબારનો સુખીઆરો—(ચીતર સાથે) .. .. .. ૨૦૮
જાનવરોની વાતો.. .. .. .. .. .. ૨૦૯
કરોલીઓ . .. .. .. .. .. .. ૨૧૧
જાંન લા .. .. .. .. .. .. .. ૨૧૩
આન હેરીસન .. .. .. .. .. .. ૨૧૫
ગુલામગીરીમાં ફસેલી એક સ્ત્રી .. .. .. ૨૧૬
પરચુટણ .. .. .. .. .. .. .. ૨૧૮
બરીટન દેશનો આગલા વખતનો એક નવાઈ સરખો
રવેયો—(દોહરા). .. .. .. .. .. ૨૨૦

આંક ૧૧ મો—નવેમબર સને ૧૮૯૯.

કંજુસના કરમની કાહાણી. .. .. .. .. .. ૨૨૧
સ્ત્રીઓને લાયક સુચના .. .. .. .. .. ૨૨૪
રદ કસું જતું નથી.. .. .. .. .. .. ૨૨૬
આલપસનાં પરવતો ઉપરની એક સ્ત્રીની મુસાફરી .. ૨૨૮
બરાહમણ કનીઆ વીવાહ .. .. .. .. .. ૨૨૯
શીખામણ રૂપી વારતાઓ. .. .. .. .. .. ૨૩૧
સોબાઇની શીખામણ ! .. .. .. .. .. ૨૩૨
ફરાનસીસ બરાઉન .. .. .. .. .. .. ૨૩૩
બઈરી વેચીને કુતરો લાવીઓ ! .. .. .. .. ૨૩૪
હીંદુસથાન.. .. .. .. .. .. .. ૨૩૬
લારડ વીલીઅમ રસલ—(ચીતર સાથે) .. .. .. ૨૩૮
ઍરી જય.. .. .. .. .. .. .. ૨૩૯
પરચુટણ. .. .. .. .. .. .. .. ૨૪૦
એક વાખામાં પડેલી નાર—(કવીતા) .. .. .. ૨૪૨

આંક ૧૨ મો—ડીજેમબર સને ૧૮૯૯.

સમનગાનની વીધવા .. .. .. .. .. .. ૨૪૩
નોશારીનાં પારસીઓનાં ઘરોની એક મોટી એબ .. ૨૪૬
ધન નહી મલીઉં પણ ધાન તો મલીઉં—એક ઘરડા
માણસે કહેલી વાત .. .. .. .. ૨૪૭
સુએજની નેહેર ઉઘાડવાની કીરીઆ .. .. .. ૨૫૦
ઘાતકી દીલનો એક દેશી રાજા .. .. .. .. ૨૫૧
સુવીડન દેશમાં ભુત, જીન વગેરેનાં વેહેમો.. .. ૨૫૩
બે ખલીરની વાતચીત.. .. .. .. .. .. ૨૫૪
જાંન લા .. .. .. .. .. .. .. ૨૫૬
આલપસનાં પરવતો ઉપરની એક સ્ત્રીની મુસાફરી... ૨૫૮
મેસેરો અને તેની ઘોડી .. .. .. .. .. ૨૬૦
કેનવાસ ઉપર ભરત—(ચીતર સાથે). .. .. .. ૨૬૧
મીસીસ વરડસવરથ.. .. .. .. .. .. ૨૬૨
પરચુટણ .. .. .. .. .. .. .. ૨૬૩
રૂડી નાર—(ગરબી).. .. .. .. .. .. ૨૬૪

# સ્ત્રીબોધ.

પુસતક ૧૩ મું. જાનેવારી ૧૮૬૯ આંક ૧ લો.

## ભુત થયલો કુતરો—આંખની ઠગાઈ.

ગયા ડીસેમબરના હમારા આંકમાં એક ભુતમામાની વાત હમોએ વાંચનાર બાનુંઓ આગલ રજુ કરી હતી જે ઉપરથી જો તેમની ખાતરી ન થાય કે ભુત સરખી ચીજની પરૂથવીમાં હસતી નથી તો તેઓએ આ નીચે ટાંકેલો બીજો હેવાલ વાંચવો. એ એક' નામીચા ઈંગરેજ વઈદની કલમથી લખાયલોછે અને તેના ઈતબાર ભરેલાં બીજાં લખાણો ઉપરથી મુતલગ શક રેહેતો નથી કે તે બનાવટથી ઉભો કીધેલોછે. મન ઉપર તનની અસર કેહેવી થાયછે તેનો ચીતાર ઉપલાજ હકીમે લખેલી ફરેલાં માથાંની બાબદ જે હમે એક પાછલા અંકમાં આપી હતી તેમાંથી સરવેને પરગરો મલયો હશે. એવી રીતે મન ઉપર અસર થવાથી ઈયા આંખમાં કાંઈ કારણથી ફેરફાર થવાથી ભુતો માણસના દીઠામાં આવેછે. હવે ઉપલા તબીબની વાત આપણે સાંભલયે.

ઓકસફરડની મોટી મદરેસામાં ઉંચે દરજેની કેળવણી પામેલો ઈંગલંડમાં એક પાદરી રેહેતો હતો. તે મને ઘણો ચપલ હતો અને તેના સરખા થોડાજ ભુતમામાની વાતોને તુચછ કરનારા હતા. એક રાતે તે પુંનમના ચાંદની ખુશનુમાં લેહેર ભોગવતો ભોગવતો એક દેવલમાંથી પોતાને ઘર જતો હતો. પણ વાટમાં એકાએક તે ચોંકયો કારણ તેણે પોતાની પાછલ દોડવાથી હાંફતા એક કુતરાનો સાધ સાંભલયો. આસપાસ જોતાં કાંઈ માલમ પડયું નહી તેથી તેણે વીચાર કીધો કે કદાચ તેની કલપણા હશે અને મનમાં તેનો કાંઈબી વીચાર લાવયા વગર પાછો પોતાના બીજા વીચારમાં ને વીચારમાં ચાલતો થયો. વલી પાછો પેલો સાદ આવવા લાગો અને વલી ફરીને જોયય તો પોતે સીવાયેની જગા ઉપર બીજું કોઈ પરાણી હતું નહી. તે જરા ચોંકયો પણ તેણે વીચાર કીધો કે હું જલદી જલદી ચાલુંછું તેથી માહારાજ હાંફવાનો સાદ માહારે કાણે પડતો હશે. વલી તે આગલ ચાલયો પણ કોઈ કુતરો તેની પુઠ છોડતો નહી હોય એમ તેને લાગું. તીજીવાર તે ઉભો રહી આસપાસ જોવા લાગો. તે થંભ થઈ ઉભો, મોહોડું રૂમાલે લુછયું અને પોતાની લાકડી જમીન ઉપર જોરથી અફાડતો અફાડતો આગલ ચાલયો. તરીસ ચાલીસ દગલાં ભરયાં નહી એટલામાં તે કુતરો તેના પગને અડકીને દોડયો હોય એવું તેને લાગું. તેણે ચોંકીને નીચે જોયું અને તેની નજરે એક મોટો બલુ રંગનો કુતરો પડયો ! તેણે પોતાની આંખો સારીપેઠે ચોલી અને ફરી ફરી જોયું પણ તે તલેસમતી રંગનો કુતરો તેની પાસે હટ પકડી ઉભેલોજ હતો. તે કુતરો એક વાછરડા સરખો કદમાં મોહોટો હતો અને તેની આંખો તેની સાંમે ટગર ટગર ચલકતી હતી. તેણે પોતાની લાકડી તે કુતરા ઉપર ઉંચકી પણ તેનુ બદન હવાનુંજ બનેલું હતું. તે લાકડી તેના બે ટુકડા કરતી હતી પણ જેવી પાછી ઉંચકાતી કે તે છુટા ભાગો મલી જતા હતા. પાદરી ખાવે પીવે ઘણો મીતાહારી હતો અને બદ પરેજીથી તેને એવો દેખાવ દેખાયો હોય એમ માનવાને કારણ નથી. તે મનને ધીરજ આપવા લાગો કે શઘલી તેની આંખની ઠગાઈછે, પણ જાહારે તેણે તે કુતરાને પોતાની પાસે મકમ ઉભેલોજ જોયો તાહારે તે જરા મનથી ડરયો. આવો મામલો જોઈ એક આમનીબસ તે વેલા જતી હતી તેમાં તે મહડી બેઠો. તે આંખ વીચીને અંદર બેઠો અને પાંચેક મીનીટ જયા પછી આશાભર જોવા લાગો કે અંતે ભુતને ખેરવયો પણ તે જોઈને ઠસ થઈ ગયો કે પેલો બલુ કુતરો તેની બેઠકની તલે અરડાઈને સુતેલો હતો. પાદરીએ જોયું કે વારૂં એટલુંતો જાણું કે ભુતમામા કોઇ બીજાનેબી દેખાયછે કે મહનેજ; તેથી એક ઇેાસો સામે બેઠેલો હતો તેને કહયું કે "સાહેબ હું આશા રાખુંચ કે આ કુતરાની તમને જરાબી અડચણ હશે નહી." તે સખસ નીચે અને આસપાસ જોઈને ચોંકીને બોલયો કે "શું સાહેબ !" વલી બીજા આસપાસના શઘલા એક અવાજે બોલી ઉઠયા કે "શું સાહેબ તહમે કોઈ કુતરા વીશે બોલયા ?" પાદરી અંદરથી ધુજતો હતો પણ જરા હસમખો ચેહેરો રાખી બોલયો કે "નહી, સાહેબ નહી, માહારી ભુલ થઈ તે દરગુજર કરવી. હું ઉંઘમાં હતો તે એક સપનો જોઈ ઉઠયો." શઘલા ખરેખાર હસવા લાગા, પણ બીચારો પાદરી ફાટી આંખે નીચે લેટેલા કુતરા તરફ જોતો હતો. તેની નજરમાં તે શું હેવો ફેરફાર થયો હશે તેનો તે ખુબ ખેયાલ કરતો હતો. જાહારે ગાડી ઉભી તાહારે તે ઉતરયો અને તરત તેની પછવાડે પેલો બલુ કુતરો પણ કુડી પડયો. તે ઘર આવયો તાંહાં પણ તેનો મીતર આવયો. ઘરની ખટપટમાં તે કુતરાને જરા ભુલી ગયો પણ જેવો તે બતી બુજાવી પલંગ ઉપર

માથું મુકેછે તેવોજ પેલો ખણુ કુતરો તેના પગ આગલ જઈ સુતો. તે બેકરાર દેખાવા લાગો, અને તેનું બદન થંડું પડી ધુજવા લાગ્યું, તેથી તેની ઓરતે તેની તરબીએ તની પુછપરછ કીધી. તેની ઓરતને તેણે કાંઈ બાંહાનું કાહાડી સમજાવી અને જેવી તે ઉંઘમાં પડી તેવો તે ઉઠીને ઓરડામાં ચાલવા લાગો. બારીમાંથી ચાંદના કીરણ પડતાં હતાં તેની રોશનીથી તેણે જોયું કે જેમ તે ચાલતો હતો તેમ કુતરો પણ ચાલતો હતો. પાદરીથી બીહીક તામોશ થઈ શકી નહીં તેથી તે એક સપાટે પલંગ ઉપર કુદી ચાદર ઓઢી ધાસતીમાંનો ધાસતીમાં ઉંઘાઈ ગયો. બામદાદે ઉઠતાં તેણે કુતરાને જોયો નહી તેથી પાદરીની ખાતરી થઈ કે તે સપનોજ કદાચ હશે. એક કલાક શુધી જાહારે તેણે કાઈજ જોયું નહી તાહારે તેણે પોતાની વાત પોતાની ઓરત આગલ કહી. તેની ઓરત ઘણી ઘભરાવા લાગી કે તેમને માથે મોટું વાદલછે અને પાદરી તેણીને હવે સુરખમાં ખપાવી હસવા લાગો. પણ સાંજે પાછો તેના વફાદાર મીતરે દેખાવ કીધો અને એમ બે ચાર સાંજ શુધી તે એકાત બેસે તાહારે થયા કીધું. પાદરી માણસના બાધાની વીદયા સારીપેઠે સમજતો હતો પણ તેના બદનના કયા ભાગની ખાંમી આ વેલા હતી તે તેનાથી શોધી કહડાયું નહીં. એવા સમેમાં તેણે ઉપલા તબીબની સલાહ લીધી. તબીબે તેની આંખો ખુબ તપાસી પણ તેઓમા સુતલગ ખાંમી માલમ પડી નહી. પણ એટલું પુરવાર થયું કે તેની હોજરીની હાલત થોડુંક થયું ઘણી બગડી હતી અને તેથી ખોરાક બરાબર પચી શકતો ન હતો. પણ ઉપલીજ જાતનો આકાર તેને કેમ દેખાતો હતો તે સવાલનો જવાબ આપવો ઘણો કઠણછે, એટલુંતો નકીછે કે પાદરીની પાચન શકતીમાં ખાંમી પડયાથી તેના ભેજાં ઉપર ચોકસ અસર થઈ હતી જેથી ઉપલો આકાર તેની નજરે પડતો હતો.

આ હેવાલ વાંચીને એક ચરચા પતરીએ ઉપલા તબીબને એક કાગજ લખપોછે જે ઉપની બાબદ ઉપર વધારે અજવાલું નાખેછે માટે હમે નીચે ટાંકીએ છઈએ. માહારા પેઆરા સાહેબ,—તહમારા ભુત થયલા કુતરાની બાબદ મેં ઘણી ઇનતેજારીથી વાંચીછે કારણ માહારી જીંદગીમાં વીતેલા એક બનાવની તે મહને ઇઆદ આપેછે.

માહારા જુવાંનીના બાહારમાં હું કીમીઉં શીખવા પુઠે લાગો હતો. માહારા ઓરડામાં માહારા ધંધાના હથીઆરો મેલયાં હતાં અને તેને જેમ બને તેમ ભયંકર કરયો હતો. સુરજના કીરણને અંદર દાખલ થવા દેતો ન હતો, પણ એક દીવાને સીલીંગ ઉપર ટાંગયો હતો જે દીન રાત બળયા કરતો હતો. માહારાં બારણાને તરણ કલો દીધેલી હતી અને અંદર એક ઘરડો પુરશ જે મહને એ લોભમાં ફસાવનાર હતો તે સીવાય બીજા કોઇને દાખલ નહી કરવાને મેં પુરતી જપતી રાખી હતી. હું માહારી તમામ મીલકતથી એ ભુરા લખ પછવાડે પાયેમાલ થઈ ગયો. પણ હવે માહારી વાત તહમને કહુંછું.

એક આદીતવારની સાંજે પાંચ કલાકે જડપથી માહારૂં ખાનું ખાઈ હું માહારા કીમીઆ કરવાના ઓરડામાં હાથમાં બતી લઈ દાખલ થયો જે ઓરડામાંથી અરધો કલાક અગાઉજ હું ઉપલાં કારણસર ઉઠયો હતો. પણ દાખલ થતાંજ ઘણીજ અજાએબી અને ઘભરાટથી મેં જોયું કે એક ફીકા ચેહેરાની ઘરડી ડોસી રાતો જભો પેહેરી કમરમાંથી વાંકી વલી ઉભીછે. એક લાકડીની ઉપર ત્રેણીએ પોતાના બેહુ હાથ ટેકાવેલા હતા. માહારી અને તેણીની વચે એક ટેબલ હતી તે ઉપર મેં માહારી બતી મેલી અને તેણીને પુછયું. મહને કાંઈ જવાબ પાછો વલયો નહી. મેં જમીન ઉપર પગ અફાડયો—ટેબલ ઉપર હાથ અફાડયો—ટેબલને ખુબ હીલવી—તેણીને પોકાર મારી પુછયું—પણ શઘલું ફોકટ. તે નહી હીલી કે નહીં ચાલી. આગલ બરાનડીની બાટલી અને પાણીનો કુજો પડેલો હતો તેનો મેં તરત ઉપયોગ કરી હીમતને તાજી કીધી. હું વીચારવા લાગો કે કદાચ માહારી આંખમાંજ ઠગાઈછે. આંખને મેં ચોલી ચોલી રાતી કીધી પણ પેલી ડોસી સાંમેજ ઠરી ઠામ થઈ ઉભેલી હતી. હું હીંમત ધરી તેણીની આગલ ગયો પણ તેના બદનમાંથી હું આરપાર ચાલી ગયો અને જાહારે હું ખુરસી ઉપર બેઠો તાહારે વલી તે માહારી સામેજ આવી ઉભેલી હતી. હું ઉઠયો અને તે હટટી ગઈ. મેં માહારો હાથ ધમકીથી ઉંચકયો અને પેલી ડોસીએ ખીચ પાડતી હોય તેમ પોતાનોબી ઉંચકયો. જેમ હું ચાલતો ગયો તેમ તે પાછલે પગે હટટી ગઈ અને અંતે વલી તેની અને મારી વચે ટેબલ આરી પડી. હું વધારે ઉશકેરાયો. પણ જાહારે તે ડોસી ટેબલની આરપાર થઈ માહારી સનમુખ આવી ઉભી તાહારે મહને ચકર આવી ગયા અને માહારી ખુરસીપર બેસી જઈ બેશુધ થઈ ગયો. જાહારે હું ઉઠયો તાહારે ડોસી ગુંમ થઈ ગઈ હતી.

ફરીથી મેં એવો બનાવ જોયો નથી. મોટા અભેઆશીઓ જેઓ આકડા મીજાજના હોયછે તેઓને વારેઘડીએ ભુતમામા ભેટ આપેછે. હું એક પુરવીન બેરોનેટને ઓલખુંછું જે પોતાના અભયાસ કરવાના ઓરડામાં કુડીબંધ ભુતમામાઓને જોયછે અને જાહારે તેઓ હાજર હોયછે તાહારે તેને ઘણુંજ ચેન પડેછે !

હું છું પેયારા સાહેબ તહમારો વીસવાસુ સેવક,

જી.

ઉપલા બે હેવાલો ઉપરથી નેક બાનુઓ પુરતો ધ્યાન કરો અને ધીરજથી વીચારો કે જેઓ તહમારી આગલ ભુતમામાને નજરે નજર જોયા એમ છાતીએ હાથ મુંકી વાત કરેછે તેઓની નજરમાં ઈયા બદનમાં શું ઉપર મુજબ ફેરફારો ન થયા હશે ?

---

## દુરગંધી વાસો.

ઈશવરે નાખની રચના કરીછે તેમાં પણ તે દાદગર કરીમના અપાર ગ્નાનની શાહાદત મલેછે. નાકને માતર શોભા ખાતર તે સરજનારે બનાવયું નથી. તે તેની નેઓમાંની એક નેમછે. નાકથી હવા ફેફસાંમાં લેવાઈ તેમ પાછલ બાહાર કાહાડી શકાયછે.

હવા વગર જીંદગીનો આતશ બુજાઈ જાયછે અને ખરાબ હવાથી માણસને અનેક તરેહના દરદો ઊતપન થાયછે. ચોખી અને ખાલેશ હવા ફેફસાંમાં લેવી એ ઊપર જીંદગીનો મુખય પાયોછે અને આપણા પેદા કરનારે આપણા નાકમાં એવી શકતી મેલીછે કે ચોખી અને ખરાબ હવાને તે તરત પકડી પાડેછે. તરેહવાર ચીજોમાંથી નીકળતા દુરગંધી વાસો હવામાં ચોમેર ફેલાઇ જાયછે અને નેમનો અટકાવ કરવાને યોગય ઊપાયો રસાયણીઓએ પોતાની વીદયાના બલથી જાહેર કરયાછે જે દરેક જણને પોતાની સુખાકારી માટે જાણવાને અગતયછે.

એવું અખતરા ઊપરથી માલમ પડયુંછે કે બેહદ થંડીમાં મુવેલાં પરાંણીઓના બદન કોહાતાં નથી. દરૂવ તરફના દેશોમાં ગોશ અને મછીને થંડીથીજ બચાવવામાં આવેછે. સાઇબીરીઆના કોશટા ઊપર એક વખત એક મુંવેલો હાથી માલમ પડયો હતો જેના કદ તથા રૂપ ઊપરથી વીદવાંનોએ કહયું કે અસલી જમાનામાં જે હાથીની જાત હતી તેમાંનો તે એકછે. એ હાથી બરફમાં ડટાઈ રેહેવાથી કાહાડયો તાહારે એટલોતો તાજો લાગો હતો કે કુતરાઓ તરત તેને ખાઈ ગયા. ગરમી, ભીણાશ અને હવાથી પદારથો કોહેછે અને ઊપલી તરણ અસરથી જો પદારથને દુર રાખયો હોયતો તે તાજોને તાજો રહી શકેછે. જાહારે એક પદારથને થંડીમાં રાખીએ છઇએ તાહારે તેની ગરમી આપણે દુર કરીયે. છઈએ. જાહારે સુકવીએ છઇએ તાહારે તેનો ભીણાસ દુર કરીએ છઇએ અને જાહારે બાટલીમાં ભરી ચપટ બંધ કરીયે છઈએ તાહારે હવાને દુર કરયે છઈએ. ગોસને મીઠાંમાં આથીએ છઇએ તેની મતલબ એજ કે માસના આંધરાં પુરાઈ જયાથી તેમાં હવા લાગુ પડી શકતી નથી. વલી નીમખથી માંસના સાકા ખેંચાઈ જાયછે અને તેથી આંધરાંમાંથી જે રસ હોયછે તે નીકલી જાયછે. રસાયણીઓ પરાંણીઓને બચાવવા દારૂનો અરક, સોમલ, રસકપુર અને બીજી વસતુઓ વાપડેછે, પણ જે પરાંણીઓ માણસના ખોરાકને માટે બચાવવાં હોય તેમાં ઊપલી ચીજો મુતલગ આવી શકતી નથી.

તરતનો બરેલો કોયલો દુરગંધી વાસને દુર કરેછે; જો તેનો ભુકો કરી સારીપેઠે કોઈ પદારથ ઊપર ભભરાવયો હોયતો થોડું શુધી તેને કોહાવા દેતો નથી હવે દુરગંધી વાસ બે રીતે દુર કરી શકાયછે. એકતો એકે તેની હસતી એકદમ નાબુદ કરવી અને બીજો એકે એક સુગંધી વાસ સાથે તેને એવી રીતે ભેલવી નાખવો કે તે નાખને અનગમતો ન પડે. પાછલી રીત ઘણીજ ખરાબછે કારણ જોકે નાખને બદબો લાગતી નથી તોયપણ ફેફસાંની અંદર ખરાબ હવાનો પેસારો થાયછે અને જીંદગીને ખરાબ કરેછે. બેહેતર એકે પાછલી રીતથી એકદમ પરેહેજ રેહેવું કે નાખને દુખ થયાથી તરત ખાલેશ હવા શોધવાની ફરજ પડે. ગટરનો દુરગંધી વાસ જાંહાં નીકલતો હોય તાંહાં અતરથી તર કીધેલો રૂમાલ નાખે લગાડી ઊભા હોઇયે તો નાખને ખુશ લાગે તોય પણ બદનમાં જેહેર ફેલાયછે. તાહારે હવાની અંદરથી દુરગંધીની હસતી એકદમ ખતમ કરવી તેના ઊપાય કામે લગાડવા જોઈએ. ઊપર કહયા મુજબ કોલસો એક ઊપયોગી પદારથછે. કોલસો જીણા છીંદરો ઈયાને નાકાંથી ભરેલો હોવાથી તે ખરાબ હવા ચુસી લઈ પોતામાં જમાવ કરેછે. બીજી કોલસામાં એવી ખુબીછે કે જલદ વાસવાલી કોઈ પણ પદારથ સાથે મલી જઈ તેનો વાસ નાબુદ કરેછે. જો તરતના બલેલા કોલસાનો ભુકો પાંચ છ ચમચા ભરી ગટરના બો મારતાં પાંણીની એક પેંટમાં નાખયો હોય અને તે પાંણીને ખુબ હોલવયા પછી ગાલયું હોયતો વાસ તથા સવાદ તથા રંગ વગરનું તે નીકલશે. એજ પરમાંણે જો ગટરના પાંણીને બદલે પોરટવાઈન લીધો હોયતો પોરટવાઈનનો વાસ, સવાદ અને રંગ નાબુદ થશે. કોલસાની આવી ખુબીથી ડાકટર ઈસટેનહાઊસ નામના એક વઈદે એક જાતનો ઊપયોગી બુરખો બનાવયોછે. સોદાવાટર બનાવવાના કારખાણામાં જેઓ ગયાં હશે તેઓએ જોયું હશે કે સોદાવાટરને સાંચામાંથી બાટલીમાં ભરવા બેઠેલા મજુરો પોતાના મોહોડાં ઊપર લોહોડાંના તારનો એક બુરખો પેહેરેછે. ડાકટર ઇસટેનહાઊસનો બુરખો ઊપલીજ જાતનોછે પણ તે માતર નાક અને મોહોડાંનેજ ઢાંકેછે. બુરખાને અંદરથી કોલસાનું પડ આપેલું હોયછે. ગટર ખોડનારા તથા બીજી ગંધીલી જગોએ કાંમ કરનારા મજુરો એ બુરખો પેહેડયાથી પોતાની તંદરોસની જાલવી શકેછે. હવા તેમના મોહોડાંમાં જયા અગાઊ કોલસાના પડમાંથી પસાર થાઇ ખાલેશ થાયછે. મઠીમાં પણ કોલસા સરખો ખવાસછે.

વાની હીમત કરેછે. એવી રાંણી કોણછે વારૂ ? અ લખતાં આપણી ચશમોને ઠંડક આપનાર માહાતાબ ! અપાર ખુબશુરત માહબોખતાર ! કે જેની નુરાંની આ ગલ શરવે ખુબશુરતી જાંહાંખી થાઈ જાયેછે, અને જાંહાં જાંહાં તે જાયેછે તાંહાં તાંહાં અજવાલું થઈ જાયછે. તેણીની હજુર સરવે ખુસીથી ઊભા રેહેછે, તેણીને બારે માસ જોવા લોકો આતુર હોયછે, અને તેણીનાં રાજમાં લોકોને મજા, ખુસી અને સંતોશ ઊપજેછે. પણ ચોરો તેણીને કહુવા દેછે. લુછાઓ તેણીને ગાલો દેછે. ફાંસીગરો તેણીને સદા સતાવે છે. બદફેલીવાલાં હેવું વીચારેછે કે કીઆરે એ રૂપ સુંદરી પોતાના મેહેલ તરફ પાછી ફરે કે હમો હમારાં કરપીન કાંમો કે જે બજાવવા થોડોજ વખુત રહે છે તે કરી લઇએ. પણ એક રખલતો અને થાકી ગએલો અને ભુલો પડેલો ગરીબ મુસાફર તેહની ઊપર હજાર સદહજાર દુવા ગુજારેછે. સારા દાહાડાની મેહનતથી અને ઘરબારની જંજાલથી કંટાલેલો તેણીને જોઇ ખુસ ખુસ થઈ જાયેછે. રીસે ચહડેલો માણસ તેણીને જોઈ સરમીંદો થઈ જાયેછે અને એ બધામાં અતીસે સુખ અને આરામ ખરા પીઆરમાં લપટાએલાં એક જોડાંને મલેછે. તારે હેવી બખતાવર રાણીની રઈએત થવા કોણ આંચકો ખાયે ? હેવી પુતલીને પુજવા કોણ ના પાડે ? એ રાણી હેવી તો બાહોશછે કે પોતાના નાજ અને નખરાંથી સરવે લોકોના દીલ હરણ કરી લેછે અને શરવે ઊપર પોતાની મરજીમાં આવે તેહવી અશર કરેછે અને પોતાને મન પસંદ અખતીઆર ચલાવેછે. જીવજંત ઈઆ જીવ વગરની એ ગરવે પદારથો ઊપર એ રાંણી હાકમાઈ ભોગવી શકેછે.

એ રાંણી પેહેલી અશરતો પાંણી ઊપર કરેછે. જે દરીઆવ પોતાના આશમાન સાથ જઈ લાગતાં મોજાઓ ઊપર મગરૂર રહી ખુનખાર આંખે સદા પોકારેછે, તેજ ભારી દરીઆવને જો એ પુતલી ચાહેછતો નરમ અને કાંઇબી હીલચાલ વગરનો કરી નાખેછે. એ વતરોગે એ ચાંદ હજારો તહરેના દુનીઆમાં ફેરફાર કરી નાખેછે. એથીજ કરી ભાજીપાલામાં સજીવન કરતો રસ ફરેછે. એથીજ કરી અનાજનો પાક સરસ ઊતરેછે. એ જારે બીરાજે તારે એનીજ હજુર આગલ મોહોટા લાકડાંના ઝાહડો રોપવામાં, ઊગારવામાં અને કાપવામાં આવેછે. એણીનાજ ઊપરીપણા હેઠલ કાપણી થાએછે. વલી આપણ શરવેનો વીચાર હેવો છે કે માણસોના દરદોનો સરદાર ઇઆને તેઓને પેદા કરનાર અને તારાજ કરનાર એ માહાતાબછે. દરએક દરદીના ઓરડામાં ચાંદ રાણી રાજ ચલાવેછે. એટલુંજ નહી પણ માણસોની અકલ બાજે વખતે એણીની ફરમાબરદાર થાઈ રેહેછે અને એથીજ માણસો પોતાની સુધ બુધ ખોઈ દેછે.

## લાફીંગ ગેસ ઈઆને હસાવતી હવા.

રસાએન શાસતરની અમુલીઅ મદદથી કરીને તહરેવાર ઊપયોગી અને ચમતકારીક ચીજો આપણને જાહેર થાઇછે. જે વસતુઓ હજારો વરસં સુધી ગુપત પડી રહેલી હતી તે સોહોધી કાહાડવામાં આવીછે અને જે નવી નવી રમુંજી ચીજો બનાવીઆમાં આવીછે તેમાંની મોહોટી મેહેનતથી બનેલી પણ અતી રમુજી પદારથ "હસાવતી" હવાછે. જે પરમાંણે નાઈટરોજન ઓકસીજન તથા બીજી ઘણીક હવા ખુદરતી બનેલીછે તેમ લાફીંગ ગેસ બનેલી નથી; પણ એ ગેશ ઓકસીજન અને નાઈટરોજન એ બંનેની મેલવણીથી મેહનત સાથ બનાવીઆમાં આવીછે. ઊના પાંણીની મદદથી એ હવા એકઠી કરવામાં આવેછ, કાંએક થંહું પાંણી એ હવાને ઘણીજ જહડપથી સોસી લેછે. વલી બે તરણ દાહાડા કરતાં વધારે વખત સુધી એ હવા રહી શકતી નથી, અને એને બનાવતાં નજદીક અરધો દાહાડો લાગેછે. પણ જે રમુજ એ હવા આપણને આપેછે તેહની નજદીક એટલી મેહેનત કુચ નથી. એ હવાને એક પક્ષીની પતલી ચાંમડીની કોઠલીમાં ભરી માણસોને પાવામાં આવેછે અને એ પીધેથી પીનારના મન ઊપર ઘણી ખુસ અશર થાયછે. વઇદો એમ કેહેછે કે એ પીધાથી માણસો પોતાની ખરી ખાસીએત અને ખુદરતી સવભાવ દેખાડી દેછે. પીનાર ઘણી બાજે વખતે હશેછે, રડેછે, મારામારી કરેછે. મોહોમાંથી મરજી પડે તે બકેછે લવેછે અને તહરેવાર ચાલા બતાવેછે; અને એવી વખતે જે રમુજ મલેછ તે હાંશલ કરવાને એક સારી તક હમને મલી હતી. આસરે તરણ ચાર વરસ થયાં ડાકટર જીરોડ એલફીનસટન તેમજ ગરાંટ કાલેજના વીદીઆરથીઓને એક

દાહાડો એકઠા કરી ઊપલી હવાથી ઊપજતી રેમુજ કરી બતાવી હતી. એ વખતે સર જંમશેદજીની હાસપીટલમાં એક અગતના દરદની તપાસ થનાર હતી તે મારે મુંબઈના ઘણા દેશી તથા ઈંગરેજી વઈદો સાથે મલીઆ હતા, તેઓ પણ આએ હસતી હવાના અખતરા જોવા ગરાંટ કાલેજના હાલમાં આવી ઊભા. પેહેલાંતો ઊપલી હવા પીવાને મારે નજદીક પચાસ વીદીઆરથીઓ તઈઆર થયા; પણ બધાને તે હવા પુરી નહી પડે મારે સોરતીની માફક ચીઠી કાહાડી માતર દશ જણાને પસંદ કીધા. પેહેલો પીનારો એલફીનસટન કાલેજનો એક ફીરંગી વીદીઆરથી હતો. ઊપલી હવા જેવી તેહને માફકસર પાઈ ડાકટર જીરોડે હવાની કોઠલી તેહના મોહોમાંથી કાહાડી તેવોજ તે નાચવા મંડી ગીઓ અને જાંણે પાસે એક પીઆનો હોય તેમ હાથ ઠોકી ગાવા મંડી ગીઓ, એ જોઈ સરવે જોનારાઓને ભારી ખુસી ઊપજી. એકની અશર નરમ પડી એટલે એક બીજા હીંદુને તે પાઈ. એ હવાનો કાંઈબી સુગંધી વાસ ઈઆ સવાદ હોતો નથી તોબી પીતી વખતે ઘણી લેહેજત આપેછે એથી કરીને તેણે તે કોઠલી મોહામાંથી કાહાડી નહી. અંતે જોર જુલમથી તેહના મોહામાંથી કાહાડવી પડી કાંએક ચોકસ હદ સુધી પીધેલી એ હવા માફક આવેછે, પણ તે ઊપરાંત તેહની ઘેરશએદા ભરેલી અસર થાયછે. જેવી કોઠલી તેહના મોહામાંથી કાહાડી તેવોજ તે પોતાની પાઘડી નાખી દઈ બાલની ચોટલી વીખરી નાખી ધુંડવા મંડી ગીઓ. એ જોઈ સરવે લોકો કલેજાં પકડી પકડી હશવા લાગા. પીનાર ઘણીઓની હાવી ફજેતી જોયાથી જે દશને ચુંટી કાહાડીઆ હતા તે નાહાસવા લાગા, અને છુપા ભરાઈ બેસી પીવા ના પાડી કે રખે તેઓની ફજેતી થાય. એ હવાની અશર હેવીછે કે આપણે કહેવાં કહેવાં ચેરાં ઘેલાં કાહાડીએછ એવું આપણે સારીપેઠે સમજીએછ પણ તેમ કરવાથી આપણે અટકતા નથી. આમણે જાંણીએછ કે આપણે બેધરક હશીએ છઈએ પણ તેમ કરવા વતરોગ રેહેવાતું નથી. થોડો વખત જવા પછી એક બીજા વીદીયારથીની વારણ આવી. લોકોને તે હશતો હતો પણ હવે બધા તેહને હશશે હેવા વીચારથી તે ગભરાવા લાગો, પણ સારાં નશીબે પેલી કોઠલી ખાલી થવા આવી હતી તેથી થોડીક હવા જે રહેલી હતી તે તેહને પુરી પડી નહી, અને તેહની પુરતી અશર તેહના ઊપર ન થવાથી તે કેહેવા લાગો કે કોઈએ મહને અરધી ઊંઘમાંથી ઊઠાડીઓ હોય એવી રીતે માહારૂં માંથું દુખેછે. બીજી ઘણીક ગંમત મલીઆ પછી અંતે એક પારસી વીદીઆરથીને તે પાવામાં આવી. તે સારી રીતે ઘણીજ ખુસીથી પીવા લાગો અને તાહાર પછી આસતે રહી આસપાસ જોઈ દગલાની બોહે ચહડાવા લાગો. લોકો જે ભીડમાં ઉભાં રહી મોજ મારતાં હતાં તેઓ હેવું વીચારવા લાગા કે આએ છેલા માણસથી વધારે મોજ મલશે પણ જરા વારમાં ઘણાજ જોસથી તે સરવે ઊપર દોડવા લાગો, અને સરવેને મુકી દઈ બધા હીંદુઓને મારવા લાગો. કોઈની પાગરી ઊરાડી નાખી, કોઈનુ ધોતીઊ છોડી નાંખીઊ, અને કોઈની દગલી ફાડી નાંખી, અને એક ઘેરાએલા વાઘની માફક એનીમેરથી પેલીમેર એટલાતો જોરથી દોડવા લાગો કે જરાવારમાં ગરાંટ કાલેજનો નીચલો હાલ જે ભરાઈ ગએલો હતો તે તદન ખાલી થાઈ ગીઓ. અંતે જહનુનમાં ડાકટર જીરોડ ઊપર મુંકી ચહડાવી તે દોડીઓ પણ તેવામાં ઠેકર લાગવાથી જમીન ઊપર પડીઓ. સરવે ડાકટરો ગભરાઈ તેહની આગલ દોડી આવીઆ; અને છેરાએલા વાઘને નરમ પડેલો જોઈ બધા નાહાસેલા પાછા એકઠા થયા. પેલા વીદીઆરથીએ પોતાની સુધીમાં આવી સરવે લોકોમાં પોતાની હાવી હાલત જોઈ તેથી તે ઘણોજ સરમાયો અને જે જરાવાર અગાઊ એક વાઘ જેવો હતો તે હાલ ચેંટાની માફક ગરીબ થાઈ પોતાના દોસતોમાં ભરાઈ બેઠો. એટલાં બીઆન ઊપરથી જોવું શેહેલુછે કે કેહેવી તહરાંની અશર સરવે ઊપર એ હવા કરી શકેછે. એ હવાનો મુખીઅ ગુણ એછે કે માંણસનુ લોહી તાજું કરેછે, તથા તેમાં ઊમેરો કરી ઘણા જોસમાં ફેરવેછે. ઘણાક વખણાએલા વઈદો ધારેછ કે કોલેરાની વખતે એ એક ઘણો અગતનો ઊપાય થાઈ પડે. એ હવા જે લોહી પાણી જેવું થઈ ગીઊ હોયછે તેહને પાછુ લોહીના આંકારમાં લાવી માણસને નવી શકતી આપેછે, પણ એ હવા કોલેરા વાલુ માણસ પાધરી રીતે પીતું નથી. તે છતાં એ હવા સેહેલાઈથી બની શકતી નથી અને લાંમબી મુદત સુધી રહી શકતી નથી.

# જેપાંન.

એશીઆખંડના નકશા તરફ નેગાહ કરતાં ચીન દેશની ઉતરે આવેલાં તારતારી દેશની પુરવે જેપાનના ટાપુઓ નજરે પડેછે. જેપાન બોલ ચીની બોલ 'જીપન કુઓ' એ ઉપરથી નીકસેલોછે જેનો અરથ સુરજનું રાજ એવો થાયછે. જેપાન ઘણા નાના નાના ટાપુઓથી બનેલુંછે પણ તેમાનું સરવેથી અગતનું અને મોટું ટાપુ "નીપોન" છે. નીપોન આસરે ૯૦૦ માઈલ લાંબું અને ૧૦૦ માઈલ પોહોલુ છે. ઈંગલંડ અને ઈસકાટલંડથી જાહારે તે મોટું ગણાયછે તાહારે આપણી નાની મુંબઈથી તે કેટલું મોટું હશે ! નીપોનની દખ્ખણે કીઉસીઉ ટાપુ આવેલુંછે અને ઉતરે ઈઆસોછે. જે જે નાના ટાપુઓથી જેપાન બનેલુંછે તેની સંખ્યા હેજાર ઉપરની ગણાઈછે. એ ટાપુઓમાંના કેટલાંએક તમામ ખડકના અને તે સબબથી વનસપતી વગરનાછે, પણ કેટલાંએક ઘણુંજ રસાલછે. એ ટાપુઓના કોસટા તરફ પાણીની તાન અને દરામણા તુફાનો વારેઘડીયે થાયછે જેથી તે કોસટાને વાહાણ વાલાઓ ઘણી દેહેસતથી ખેડેછે. યુરપમાં એ ટાપુઓનું જેણે પેહેલું ગ્નાન આપયું તે વખણાયલો મુસાફર મારકોપોલો હતો. એક મુસાફર એવું કહેછે કે ખુદરતે જેપાનના કોસટાઓ ધાસતી ભરેલા કરયાથી અને તમામ માણસની હાજતો પુરી પાડનારી વસતુઓને તાંહાં પેદા કરયાથી જેપાનને ગોયા આપણી દુનયાંથી એક તદન હેલાએદી દુનયાં બનાવીછે.

જેપાનની હવા સાધારણ રીતે બોલીએતો નાદરછે. તેનો દખ્ખણી ભાગ ઈંગલંડને એ બાબદમાં મલતો આવેછે. જુલાઈ અને આગસટ પાકા વરસાદની રૂતુછે પણ બારે માસ વરસાદના જાપતાં પડયા કરેછે. જાનેવારી અને ડીસેમબરમાં જમીન હીમથી ઘંકાઇ જાયછે અને કોઈ વખતે બરફ પણ પડેછે. હુનાલામાં દહાડામાં ઘણી ગરમી પડેછે પણ નજદીક દરયાની ખુબીને લીધે રાતના શીતલ લેહેકી નીકલેછે.

નીફોનનું પાએતખત જેદો શેહેરછે. એ શેહેરમાં ફુસી નામે એક મોટો પાહાડછે જે આગલ બલતો પાહાડ હતો. નીપોનના ઉતર ભાગમાં કેટલાએક બલતા પાહાડો હજુ લગી હસતીમાંછે. કોઇ બીજાં દેશમાં જેપાનમાં વારેઘડીએ થાય તેવા નાશકારક ધરતીકંપ થતા ન હશે. ૧૫૮૬ માં જેદો શેહેરમાં ધરતીકંપના આંચકા ૪૦ દીવશ શુધી રહયા હતા જેથી શઘલું શેહેર પાએમાલ થઈ ગયું હતું અને બે લાખ માણસ મરણ પામયા હતાં. ૧૭૮૩ મા એક પાહાડ ફાટવાથી ૨૭ ગામડાંઓનો સમુલો નાશ થયો હતો. ૧૮૫૫ માં પાછો જેદો શેહેરમાં એક ધરતીકંપનો આંચકો લાગો હતો જેથી દસ હજાર ઘર, ૫૪ દેહેડાં અને ૩૦૦૦૦ માંણસોનો નાશ થયો હતો.

જેપાનમાં નદીઓછે પણ તેઓ વાહાણ ખેડવા લાયક નથી.

જેપાનના ઘોડા વધમાં ટુંકા પણ હાડે મજબુત હોયછે. જેપાનીસ લોકો ઘેટાં મેંઢાને ખાતા નથી તેથી એ પરાણીઓની તયાંહાં થોડીજ સંખ્યા જોવામાં આવેછે. ડુકરો તેઓ સંખયાબંધ પાલેછે કારણ તેમનો ચીન સાથે વેપાર ચાલેછે. બાલાબીછ, કોહાલાં, વાંદરો, હરણ, અને સસા જંગલી અવસથામાં દીઠામાં આવેછે. ઉંદર તયાંહાં ઘરેવર નજર પડેછે કારણ જેપાનીસ લોકો તેમને પાલેછે. જંગલી હંસ, બતક અને મુરઘી પણ તયાંહાં હોયછે. તાંહાંનાં નદી નાલાંમાં પુશકલ મછી મલેછે જે જેપાનીસોનો મુલ ખોરાકછે. જેપાનીસો ઘણી હીંમતથી મછી પકડવા દરયા ખેડેછે. કોઈબી જાતની મછી તેઓને સવાદ આપેછે. મગરની પણ પુંઠ પકડવા જેપાનીસો ડરતા નથી. ઓરત અને મરદો અછાં તરનારાં હોયછે અને ઓરતો પાંણીમાં ડુબકી મારી સીપની મછી કાંઠા ઉપર પકડેછે.

જેપાનીસો કદે મધયમ, બાંધે મજબુત, અને મનથી ચબરાક લોકોછે. તેઓની આંખો નાની પણ ખાંનામાં ગલી ગયલી હોયછે. તેઓના માથાં મોટાં, ગરદન ટુકી અને બાલ કાલા શીહાં હોયછે. તેઓના નાખ જાદાં અને ટુકાં છતાં ચીનાઓના ચપટાં નાખ સરખાં બદસુરત લાગતાં નથી. ઓરતો પણ ખુબસુરત હોયછે અને ચહડતે વાગેના લોકોની ચાંમડીનો રંગ યુરોપીઅનોના સરખો સફેદ હોયછે. પરણેલી ઓરતો દાંતને કાલા રંગેછે. ચીનીઓ ઉપર અથવા મહમદીઅન ઓરતો ઉપર જેમ બંદી છે તેમ જેપાનીસ ઓરતો ઉપર નથી. કુંવારી કનયાઓ ઉપર જરા આંકસછે પણ પરણેલી ઓરતો યુરપની ઓરતો જેટલુંજ છુટાપણું ભોગવેછે. તેઓ મરદો સાથે ખાના પીનામાં અને ફરવા હરવામાં પુર છુટથી સામેલ થાયછે. ધારાની નજરમાં તેઓ મરદથી ઉતરતાંછે કારણ તેઓથી જમીનનું માલેકપણું ધરાવી શકાય નહી ઈયા ઈનસાફની દરબારમાં સાખશી પણ અપાઈ શકાય નહી.

જેપાનીસ લોકો ચીનાઓને ધીકારેછે અને તેમની સાથે પોતાનો મુકાબલો કરવો એ અપમાન ગણેછે. ચીનાઓની અને જેપાનીસોની ભાશામાં ઘણો ફેરછે જેથી ચીનાઓએ જેપાન વસાવયું એવું જેઓનું મતછે તેને ટેકો મલતો નથી.

જેપાનની વસતીનો બરાબર અંડસરો કોઈએ કાહાડયો નથી. પણ જુદા જુદાં મુસાફરોથી જે અટકલ થઈછે તે ઉપરથી માલમ પડેછે કે જેપાનમાં બેહદ વસતીછે.

જેપાનીસ લોકો ઘણા ઉદપોગીં છે. ઘહું, ચોખા, બાજરી, જવ, મકાઈબુટા, પપેટા, સલગમ, ગાંજર, કોબી, મુલા, સાલીદ, દોધી, તરબુજ, કાકડી, લીંબુ, પીમ, અંજીર, પેરં, અને એ વતરોગે બીજો મેવો તેઓ ઘણી અછી રીતે ઉગાડી શકેછે. કાફી, ચાહા, અને તંબાકુ પણ પાકવવામાં આવેછે. ઉતર ટાપુઓમાં રૂ અને સણ ઉગેછે. સેંહેતુરના ઝાડ પણ રેસમના કીડા સારૂં ઉગાડેછે. લાકડું તયાંહાં ઘણું કમતરછે અને ઝાડને સરકારના હુકમ વગર કાપવાની સખત બંદીછે.

જેપાનીસો રૂના વસતર બનાવેછે પણ હીંદુઓના જેવી કારીગરી અને કલા તેમનામાં જોવામાં આવતી નથી. કોડીકામની કેટલાએકો એવીતો તારીફ કરેછે કે ચીનાઓની ઉપર જેપાનીસોને સરસાઈ આપેછે. કાચ પણ તેઓ બનાવેછે પણ હજુર ખારી ભરેલી રીતે નહી. જેપાનીસો સેંહેતુરના ઝાડની છાલમાથી કાગલ બનાવેછે. જેપાનીસો બાંધકાંમ ઉપર ધયાન આપતા નથી કારણ ઘર

તોફેંપની ધાસતીથી જેમ બને તેમ તેઓ સસતાં ઘર બાંધેછે.

જેપાનીસ લોકો માહોમાહે પુસકલ વેપાર કરેછે, અને વેપાર ચલાવવા માટે તેઓ પાસે સુધરેલાં હથીયારોછે. તેઓ સુંના અને રૂપાંના સીક્કા વાપરેછે અને હુંડીથી પણ વહીવટ કરેછે. થોડાંક વરસની અગાઉ જેપાનનો દેસાવર ખાતેનો વેપાર ચીનાઓ અને વલંદાઓ સાથેજ હતો. એઓ સાથે પણ ઘણોજ ટુકરો વેપાર હતો. ૧૫૪૨ મા તેઓએ ફીરંગીઓ સાથે વેપાર ઉંઘાડયો પણ ૧૬૩૫ પછી તેમની સામે બંદી થઇ અને કેટલાએક પોરટુગીસોને વલંદા લોકોની ઉશકેરનીથી મારી નખાવયા. ઈંગલંડ અને અમેરીકા સાથે થોડાંજ વરસ થયાં વેપારના કોલ થયાછે પણ હજી શુધી જેવો જેપાન સરખાં તવંગર દેશ સાથે વેપાર મોકલો થવો જોઇએ તેવો થયો નથી.

જેપાનના રાજાની સતા પુર આપખુદછે. આગલ એક ધરમગુરૂને રાજા મુઆફેક નેમવામાં આવતો હતો જેને 'દાઇરી' કેહેતા પણ પાછલથી દાઇરીની હકુમત એક જોરેમંદ સરદારે છીણવી લીધી; અને દાઇરીની હકુમત માતર નામની રાખી. દાઇરી પછી થયલા રાજા 'કુબો સામા' ને નામથી ઓલખાયછે. 'દાઇરી' ને થોડું દેશ આપવામાં આવયુંછે જેમાંથી તે પોતાનું ગુજરાન કરેછે. પણ 'કુબોસામા' જેપાનના મુખ્ય શેહેર જેદોમાં વસેછે. એ રીતે જેપાનમાં બે સાનશાહ ગણાયછે. રાજપાટમાં દાઇરીનો મુતલગ ભાગ નથી. દાઇરી મોટો ધરમગુરૂ ગણાયછે અને તેણે આજે પેહેરેલાં કપડાંનો કાલે નાશ કરવામાં આવેછે કે તેના પવીતર લુગડાં કોઇને હાથ જાય નહી. વલી 'કુબો સામા' ના હાથ તલે જુદા જુદા નાના રાજાઓ પોતપોતાની જગા ઉપર ખંડણી આપી હાકમી ભોગવેછે. એ હાકમોને છ મહીના પોતાના કુટંબ સહીત જેદોમાં રેહેવું પડેછે અને છ મહીના પોતાના કુંટંબને જાંમીનગીરી દાખલ મેલી પોતપોતાની જગાએ જવાનો હુકમ મલેછે.

જેપાનીસો ચીનાઓની માફક બુધ ધરમ પાલેછે પણ તેઓમાં ચીનસીઉ કરી એક ટોલોછે જેઓ બીજા ઘણા બોદાઓને માણેછે.

## તાફી નામના એક ચીતારાની વાત—શીકશક ઉપર નીશાલીઓ ફાવીઓ.

ઈસવી સને ૧૩ મી સદીમાં ઈટાલી દેશ મધે તાફી નામનો એક વખણાએલો ચીતારો રેહેતો હતો. એ ચીતારાની વખાણ એટલીતો પંથરાઈ ગઈ હતી કે સારાં સારાં માણસો તેહના હાથ તલે સીખાઉ થાઈ તેહનાજ ઘરમાં રેહેતા હતા. એ ચીતારાને હેવી તબે પડી હતી કે જારે રાત લાંબી હોય તારે પાછલી રાતના ઊંઘમાંથી ઊઠી પોતાને કાંમે લાગવું. તે પોતે એખલો કાંમે વલગતો, એટલુંજ નહી, પણ પોતાના નીસાલીઓને પણ ઊંઘમાંથી ઊઠાડીને કાંમ કરાવવાની ફરજ પાડતો. હેવું બનીઉં કે "બોનો માઇકો" નામનો એક શખસ તાફીના હાથ તલે શીખવા રહીઓ. એને પસંદ નહી હતું કે તેહની મીઠી ઊંઘમાંથી તેહનો શીખશક ઊઠાડે. એનો અટકાવ કરવાને માટે તેણે એક તાલ સોહોધી કાહાડી. તાફી જાને જરા વેહેમી હતો અને ભુત પલીદી વીશે સેહલાઇથી માણતો હતો. બોનો માઈકોએ નજદીક વીશ કારા ભમરા એકઠા કીધા અને દરએકના બરદા ઉપર મીનની જોત મુકી તે સલગાવી અને તાફીના સુવાના ઓરડામાં એક ફાટ હતી તે વાતે જેવો પાછલી રાતના તાફી ઊઠીઓ તેવાજ પેલા ભમરાઓને એકપછી એક છોડી મુકીઆ. આએ ઊડતી બતી જોઈ તાફી ઘણોજ ગભરાઓ અને હીલ ચાલ વગર પડી રહયો, પણ સહવાર ઊગતાંજ તે બોનોમાઈકોના બીછાના આગલ દોડી ગીઓ અને તેહને પુછવા લાગો કે તેંબી આજે રાતના ભુત જોયા કે? બોનોમાઈકો કાંઈ જાણતો નહી હોય તેમ વાત ઊડાવા લાગો અને બોલીઓ કે આજે તમે મહને જલદી કેમ નહી ઊઠાડીઓ? તાફી કેહેવા લાગો કે આજે ચીતારવામાં માહારૂં ધીઆન નહી હતું પણ ભુતોથી હું તદન ભયભીત થાઇ ગીઓ હતો. મેં ઠેડાવ કીધોછ કે વધુવાર આએ પલીદોના મકાનમાં નહી રેહેવું. બીજી રાતના પણ બોનો માઈકોએ એજ યુકતી લગાડી અને તરણ ભમરાઓને તાફીના ઓરડામાં છોડી મુકીઆ. આએ વખતેબી તાફી ઘણોજ બીધો અને જેવી સવાર પડી કે ઘેર છોડી જતો રહીઓ. બોનોમાઇકોને આવા બનાવમાં ઘણી ગમત મલતી હતી. તે પોતાના શેઠને ઘણીક રીતે સમજાવી પાછો ઘેર તેડી લાવીઓ અને તેહને સમજાવીઉં કે તું જે ચીતારો રાતના પાડેછે તેથી જે દેવો અને ભુતો હમેસાં રાતના બાહાર ફરવા નીકલેછે તેઓને ભારી અડચણ થાયેછે માટે તું પાછલી રાતના ઊઠવાનું મુકીદે અને સહવારનાજ ચીતારવાનું સહરૂ કર. બીચારા તાફીના મનમાં વેહેમનોજ વીચાર પેવશ થયલો હતો તેથી પેલા ઠગારા નીશાલીઆનું કહીઉં તરત માંની ઠેડાવ કીધો કે હવે પાછલી રાતના ઊઠવું નહી અને બીજાઓને ઊઠાડવુંબી નંહી.

# અફીંમ.

દુખને મટાડવાને અને નીંદને આંણવાને માટે અશલી જમાંનાથી શફેદ 'ખશખશના ગુણ આશકારા થએલાછે. ઈંગરેજીમાં ખશખશને “પોપી” અને લેટીન ભાશામાં “પાપાવર” કહેછે; જે શબદો ખશખશને એ કારણશર આપવામાં આવયા કે નાહાના છોકરાંઓને શુવાડવા માટે તેમની “પાપા” ઈઆ રોટીમાં ખશખશ ભેલવામાં આવતી હતી. પણ ખશખશનો જે જડ થએલો રશ તેનો હાલ જમાનામાં બોહાલો ઊપયોગ અને ગેરઊપયોગ થાએછે. એ જડ રશને ઈરાનીઓ “અફીઊન” અને આરબો “અફીઊમ” નામોથી ઓલખેછે. એ શબદોં ઊપરથી આપણો બોલ અફીમ અને ઇંગરેજી બોલ “ઓપીયમ” નીકલેલાછે.

ખશખશના ઝાડની ફાલ વરશ દાહાડે આવેછે. તેની સીધી ડાહાલીઓ ૩ થી ૪ ફીટ ઊંચી ઊગેછે. ખશખશનો શફેદ દુધ જેવો રશ તેને ૨૪ કલાક સુકવવાથી અફીમ બનેછે. અફીમ ભુરા રંગનું હોયછે. તેનો વાશ ઘણો જલદ અને અનગમતોછે અને શવાદે ઘણું કડવું અને ઊબકો લાવે હેવુંછે. એશીઆખંડના તુરકી, ઈરાંન અને હીંદુસતાન એ દેશમાં અફીમ મલી શકેછે.

અફીમના તરણ રીતે ઊપયોગ કરવામાં આવેછે. અફીમની ગોલી બનાવી ખાધામાં આવેછે ઈઆ અરક કાહાડી પીધામાં આવેછે ઈઆ તંબાકુની માફક બીડીમાં તેની ધુંઇ લીધામાં આવેછે. લાડેનમ જેને આપણા લોકો “લાજલમ” કહેછે તે અફીમનો અરક છે. પેહલી રીત તુરકી અને ઈરાંનના મહમદનોમાં, બીજી યુરપના ખરીસતીઓમાં, અને તરીજી ચીનાઓમાં આમેજછે. ચીનાઓ કેમ અફીમના ગુરગુરા ચહડાવેછે અને તેમાંથી કેહવાં માઠાં પરીનામ ઊપજેછે તેનો હેવાલ હમે ગએ શાલ ચીનાઓના ચંદુલખાંનાંના ચીતર સાથે આપયો હતો. ઊપલી તરણે રીતથી અશરતો એકજ રીતે ઊતપન થાએછે. માફકસર પરમાંણમાં અને ઘટટે પરશંગે લીધાથી અફીમ મનને ઊશકેરેછે અને ખુશ મીજાજમાં માણસને લાવેછે. કેટલીક વખતે અફીમ માણસના જોરને ટેકો આપેછે અને ગમે હેવી થાકથી સુસત થવા દેતું નથી. હીંદુસતાંનના હલકારાઓ અફીમની ગોટી ચહડાવી નહી મનાય તેવી લાંબી મંજલો કરેછે. અફીમ વલી માંણસ ઊપર હેવી રીતે અશર કરેછે કે તેને બેશંમ હાલતમાં નાખેછે અને તેથી તાસવીશ કરતા અને ઊંઘથી બેકરાર દરદીને આપવામાં આવેછે. અફીમ જેટલી પેહલાં સકતી વધારેછે તેટલીજ પાછી તોડી પાડેછે. તે તરસને વધારેછે, ઊંઘને ઘટાડેછે, અને ઝાહાડાને કબજ કરેછે. વધારે અફીમ લીધાથી માંણસ એકદમ બેહોસીમાં પડેછે, નાડ ધીમી થાએછે, માશના લોચા નરમ પડેછે અને વખતે મોત નીપજેછે. માણસનો બાંધો, અફીમ ખાવાની ટેવ, અને અફીમનો જથો, એ તરણ ચીજથી ઊપલાં પરીણાંમો વધુ ઓછાં નીપજેછે જેને અફીમ ખાવાની ટેવ હોયછે તેનું બદન તવાઈ જાએછે, ચાંમડી પીલાસ પકડેછે, તે ચાલતાં ઠોકર ખાએછે, કમરમાંથી વાંકો વલેછે અને આંખમાં ભુખમરાના જેહવા ખાડા પડેછે. પાચન સકતી તબલી પડી જાયછે, ખાવા મુતલગ ભાવતું નથી અને અઠવાડીયાંમાં એકવાર પણ શાફ ઝાડો આવતો નથી. એજ પરમાંણમાં તેની મનની સકતી કમતર થાએછે અને એકવાર અફીમ ખાવાની ટેવ પડેછે તો તે ભંજાઈ શકતી નથી. અફીમ ખાનારાના આવરદા ઘણા ટુકા થાએછે અને નાહાનપણથી જો લેવા માંડીયુંતો કદાચજ ૪૦) વરસની હઈઆતી ભોગવી શકેછે.

કોલરીડજ અને ડીકુવીનસી નામના ઈંગરેજી નામીચા લખનારાઓ અફીમની બુરી ટેવને આધીન હના અને જે કંગાલીયતપણું તેઓએ ભોગવેલુંછે તેમનો તેઓએ ઘણો અશરકારક ચીતાર આપયોછે. કોલરીડજ લખેછે કે “શરવેથી કંગાલ; લાચારી અને નીરાસી જે હોય તેનો તમે વીચાર કરો અને પછી 'માહારી હાલતનું ભાગુ તુટું શાન તમને આવશે.”

આસતે આસતે એ બુરી ટેવ એ બેઊં માહાબારદ પુરૂશોએ છોડી હતી.

પુરૂથવીમાં ચીન દેશ સરખું અફીમ ખાનારૂં બીજું એકે નથી. હીંદુસતાંનના રજપુતોમાં પણ અફીમ ખાવાનો પુશકલ ચાલછે. હીંદુ લોકોની ગરીબ ઓરતો કાંમ ઊપર જાય તારે પોતાના છોકરાંનો કંટાલો મટાડવા તેમને અફીમ પાઈ નીંદમાં નાખી જાયછે, પણ એ કમઅકલી માતાઓની મુરખાઈથી તેમના છોકરાં તરેહવાર રોગને આધીન થઈ જલદી ઘોરવાસી થઈ પડેછે. ઇંગલંડના લેનકેશાએર નામના કસબા

માં વણકર ઓરતો પોતાના છોકરાંને એજ મુઆફક
અફીમ આપતાં હતાં તેથી પુશકલ મોત નીપજવા લા
ગયાથી ૧૮૪૩ માં મોટો સોહોર મચી રહો હતો અ
ને પારલયામેંટે એ બાબદ ઊપર તલાસ ચલાવી હતી.

રસાંઅણીઓએ શોધી કાહાડીયુંછે કે અફીમ
ઘણી વસતુઓથી બનેલુંછે, પણ તેમાંની ઘણી અગત
ની એ મોરફીઆછે. શારા અફીમમાં એ વસતુ સેંકડે
૧૦ ટકા હોયછે. એ વસતુ ઘણી ઝેરીછે અને ઘણી
બેહોસી ઊતપન કરેછે. વઈદો ઘણા થોડા પરમાંણમાં
એ ઊપયોગી વસતુ તરેહવાર દરદ ઊપર વાપડેછે.

## પાદરી ઠગાયો.

રશીઆ દેશના પાએતખત શેહેર સેંટ પીતરસ
બરોનું એક દેવલ એક પાદરીના હસતકમાં હતું. એ
પાદરી ઘણો દોલતમંદ હતો અને જે લોક આવે તે તે
ની દોલત દયા ઊતમ-સલાહનો લાભ લીધા વગર
જાય નહી.

એક દાહાડે પાદરી સેહેજ માંદગીથી બીછાણા
ઊપર પડેલો હતો તેવામાં એક ઓરત આવી અને કા
કલુદી કરી કેહેવા લાગી કે માહારો ભરતાર એક સો
નીછે અને હમારૂં બેહુનું આબરૂ દરકારથી પોશન ક
રી શકેછે પણ માહારી ઊપર કોણજાણે શા સબબ
થી તે મારમારીને શેતમ ગુજારેછે.

પાદરીએ કહ્યું કે બાઈ હું દીલગીરછું કે માહા
રી માંદગીથી તાહારે ઘર માહારીથી અવાઈ શકાતું ન
થી. પણ જા તાહારા ભરતારને હીયાં લઈ આવ.

પેલી ઓરત બોલી કે "અરે તેને લાવવો કાં
ઈ સેહેલ નથી. તે જાણસે કે તહમે તેને આ કારણ
સર તેડોછો તો તે કદી ફટકનાર નથી. પણ જો તેને
એમ કહીશ કે તમે કાંઈ સોદો કરવા તેને બોલાવોછો
તો તે જીવ નાખતો હીયાં આવશે."

પાદરી બોલયો કે "વીચારનો મહને ઘણોજ દ
રૂસત લાગેચ. અરે પણ હું એક રૂપાંનો ચાહનો સટ
વેચાતો લેનારજછું."

"માહરા ભરતારે એક હમણાજ ઘણો ખુબસુ
રત સટ બનાવયોછે."

બીજે દાહાડે પેલી ઓરત એક સોનીને લઈ
પાદરી આગલ આવી ઊભા. પાદરી મનમાં આચં
બો પાંમયો કે પેલી ઓરત શું કરવા પોતાના ભરતાર
સાથે આવી હશે ? પેલો સોની નમયો અને પાદરીને
તેણે કહયું કે "મેહેરબાન સાહેબ જે દાગીના તહમે મં
ગાવયા તે લાવયોછું."

પાદરી બોલયો કે "ઠીકછે સાહેબ, પણ જરા મેહે
રબાંની કરી પાસેના ઓરડામાં ચાલોતો માહારે તહમ
ને કાંઈ ખાંનગી વાત કેહેવીછે. જારે તેઓ બેહુ એ
ખલા રહયા તારે પાદરીએ ઘણાજ અસરકારક બોલો
માં લગણનો ગાંઠ તે કેહેવો પવીતરછે તેને માટે સોની
ને બોધ દીધો." સોની ઘબરાઈને વચમાં બોલવાની
તજવીજ કરે પણ પાદરીએ તેને વીનંતી કરી છેડે શુ
ધી સાંભલવા કહયું. બોધ પુરો કરી રહયા પછી પાદરી
બોલયો કે "ભાઈ આવી ચલગતનું તારે કારણ શું ? મા
હીરા દોસત તું આવા સારા અને મીઠા સવભાવનો દે
ખાયછે પણ ભરતાર દાખલ કેમ બુરી ચાલ ચલાવેછે?"

"સાહેબ મહને એક બોલ બોલવા દઓ; હું—"

"તું શું બોલવા જાયચ તે હું સમજુંચ. કોઈ
વખતે તારો મીજાજ જતો હશે; પણ એટલાવેર કે તા
રો કોલ આપેલી ઓરતને મરતેહાલ મારવી એ—"

"પાદરી સાહેબ તમે ભુલોચ—"

"શું તું ના પાડશે ?"

"હા સાહેબ હા, કારણ કે હું પરણયો નથી."

"તારી ઓરત આ ઘડીએ પાસેના ઓરડામાં
ઊભીછે."

"કોણ ? મારી ઓરત ? તેતો તમારા ઘરની
દાસીછે. આજ સહવારે મારે તાંહાં આવી તે કેહેવા
લાગી કે મારા સેઠ રૂપાંનો ચાહનો સટ માગેછે માટે હું
તેણીની સાથ તે દાગીનો લઈ તમારે તાંહાં આવયો."

પાદરી માંથું ધુંનાવીને બોલયો કે "તે કાંઈ મારી
દાસી નથી. ઓરત ઘેલીછે કે શું ?"

સોની બોલયો કે "અરે ચોરનો નહી હોય ?"

તેઓ તરત પાસેના ઓરડામાં દોડયા અને
જોયછેતો તે ખાલી હતો. પેલી ઓરત પેલા રૂપાંના
દાગીના લઈ પોબારા કરી ગઈ હતી અને પોલીસે શં
શં મારયાં તે ફોકટ ગયાં.

પાદરીની ફરમાસથી એબાહેલ ઓરડામાં જતાં
સોનીએ તે દાગીના પેલી ઓરતને ઘરની દાસી જા
ણી સોંપયા હતા; અને પાદરીએ તેમને તે ઓરતને સો
નીની ઓરત જાણી સોંપયા હતા. જો એ બાબેનો

વાંધો અદાલતમાં જાતતો ચુકાદો કરવો ઘણો મુશકેલ પડત. પણ પાદરી તવંગર હતો અને સોની ગરીબ હતો તેથી સઘલી ખોટ પાદરીએજ ખમી.

## બેહેસતમાં વસનારા એક ફરેસતાની આએ દુનીઆમાં મુસાફરી.



હું એક આકાસી ફરેસતો છેઉં; માહારો જનમ બાગે બેહેસતમાં થયો હતો. સુખ માહારી બચપણની રમત હતી. નીરદોસપણું માહારી જુવાનીનો સાથી હતો. ખોદાઈ ગાયણો માહારી દરરોજની જુજ્જાન હતી. ખુસી ખુરમીમાં હું અને માહારૂં નાહાનું કુટુંબ રેહેતા હતાં, પણ માહારી બેહસતવાસી માતાએ મહને આએ દુનીઆમાં થોડા દીવશ મુસાફરી કરવા મોકલીઓ. આએ દુનીઆમાં આવી વસતાં હું માણસાઈ અવતારમાં આવીઓ અને એ દુનીઆંની ખટપટમાં ઘણાક વરસ કાહાડી શરવે રીતે માહીતગાર થાઈ પાછો માહારે વતન જવા તઇઆર થયો. કાંએકે ઘણાક વરસ સુધી માહારા ખુસખુસાલ કુટુંબથી જુદો પડવાથી હું સદા બેચેન રેહેવા લાગો. પણ કેહેવી રીતે હું આકાસમાં જઈ લાગો ? માણસ હોવા છતાં ઉપર પોહોચવા કેહેવા ઉપાયે કામે વગાડીઆ ? નહી કે ઉંઘમાં પડી, નહી કે ખોવાબગાહાની કુસલાવતી બેરીમાં કેદ પડી, નહી કે બેફાંમ થાઈ, પણ માહારા નાસ પામતા સરીર ઉપર માહારો પુરતો અખતીઆર હતો. આએ દુનીઆની હલકી ચીજો ઉપર રાજ ભોગવવાની માહારામાં માહારા જનમથીજ શક્તી હતી. મેં જરા માહારી આંખ બંધ કીધી અને એક પલવારમાં હું માહારાં પીઆરા માહારાં કુલ આલમમા વખણાએલાં માહારાં ગેબી વતનમાં જાઈ લાગો જે પરમાંણે પાંજરામાં કેદ પડેલું પખશી પોતાના પુર જોસ સાથ જો તક મલીતો ઉડી જાયે તેજ મુઆફેક માહારો બંધ થયેલો, કંટાલેલો જીવ આએ નકામું તથા નહી બરદાસત લઈ સખાયે હેવું માહારૂં બદન છોડી ચાલતો થયો. કોઈ કમબખત વખતે આએ દુનીઆની મુસાફરી કરવા હું નીકલીઓ હોવશ. કાંએકે માહારી મુસાફરીની સહરૂઆતથીજ હું કાહેલી પડીઓ, દરોજ બેચેનીનાં, નાસીપાસીનાં, દલગીરીનાં, અને જંજાલનાં ભારી દુખો પેદા પડવા લાગાં; પણ અંતે મહને ગેબી એસારત થાઈ કે તાહારે માટે એક આકાસી વઈદ તઈઆર કીધોછ વાસતે જલદી નીકલી આવ આએ સલાહ સંપજવાલા દવાખાનામાં તું આવવા નીકલશે એટલામાંજ તાહારાં દુખો ઉડી જશે.

અરે કેહેવો ખુસી ભરેલો વીચાર ! હવે માહારે ઘેર પાછો ફરૂછ એવો જાહારે મહને ખીઆલ આવીઓ તાહારે એકદમ હું કુદીઓ. માહારૂં બદન હલકું થયું. તરત હું ઉડીઓ, અને વીજલીનાં જોસથી માહારી રાહા કાપવા લાગો.

આંટલી બધી ખુસીનું શું કારણ વારૂ ? કાંએકે આએ દુનીઆની કોઈબી સરસમાં સરસ આસાએ, મીઠામાં મીઠા પીઆરે ઈઆ અદલમાં અદલ કામકાજે માહારી ખાતરી કીધી નહી, ઈઆ કોઈબી દાહાડે માહારા જીવને ધીરજ આપી નહી. દરરોજ હું પોકારતો કે કેવો કમબખત કે હાવા હલકાં રેહેઠાણને માટે એક બાગનું મકામ છોડી આવીઓ. ખરા ગુલાબનો વાસ છોડી જંગલી ફુલોનો સુગંધ લેવા આવીઓ. એ હલકા મકાન ઉપર ઘણા દાહાડા વાસો કરી મેં વીચારીઉ કે લોકો મોતને બાજે વખત જલદી પસંદ કરેછ તે દેખીતુંછે. ઘણાક હેવું ધારેછ કે કંઈબી દુખનો છુટકારો મેલવવો હોય, કોઈબી રીતની ગુલામગીરી તજવી હોયતો મોતને આપણનો આસનાવ પસંદ કરવો એવું ધારવું બરોબર અને વાજબીછે.' હવે મેં જાણીઉ કે સરવે લોકો હઈઆતીમાં આંધલાં હોયછ. જે કામ તેઓને માટે નેમેલુ હોયછે તે પુરૂ કરતાંતો નથીજ પણ તે કેટલું સુધી, બજાવીઉછ અથવા તેમાં શું ખુબી છે તે કદી પીછાનતા નથી માતર મોતજ તેયોની આંખ આગલથી પરદો ખીસાડેછ. મોતજ તેઓની આગલ ગ્નાનની બતી ધરેછ. મોતજ તેઓને વાકેફ કરેછ કે તેઓની હઈઆતીમાં શું સું ફરજ હતી અને તે કેવી રીતે અથવા કાંહાંસુધી બજાવીછ. મેં ઉપર કહીઉ કે હું માહારે વતન ગીઓ પણ કીઉં વતન ? જાંહાં સરવે માણસો પોતાનું ખોખુ છોડી પોતાના ચુકાદાને માટે જાએછ તાંહાં ? નહી. જાંહા ખરાબ, પાપી, ખુની, લુછા, અને બદ ખસલતનાં, માણસો સદાની સજા ખમવા અંધારા ગારમાં જાયેછ તાંહાં ? નહી, તાંહાંબી નહી. પણ બાગે બેહેસત કે જાંહાં ફરેસતાઓ સદાનુ વસવું કરેછ તાંહાં હું ગીઓ. અને તાંહાં શું કરવા ગીઓ ? માહારી માતા, માહારી ફરેસતાને ખસલતની માતાને મલવાને કીજે. એ પીઆરી માતા પોતાનાં બચાં સાથે એક હેવી જગામાં રેહેતી હતી કે જે જગામાં સીહા ચીજ કેહેવી થાયછે તે કોઈ જાણતુંબી નથી, જાંહાં સદા કાલ રોસણીની મસાલો બલતીછે. જાંહાં ચલકતાં દેહેડાંઓ હાંમેકામ દીશેછ અને જેમાંથી ગ્નાનનાં બલતાં ધુમધુકાર બલતાં માલુમ પડેછ, જે જગાના પાહાડો અને ખીનો અને નદીનાલાંઓ એ સરવેમાં ખોદાઈ ચીતાર દેખાયંછે એ શરવેમાં ખોદાઈ નુર દીપેછ. જે જગા ઉપર હમેશાં ખુસી ભરેલું સાંતપણું રાજ ચલાવેછ જે જગા ઉપર સદાની ખુબસુરતીનો બાહાર નીકલી રહીઓછ તે જગીઆને તે માણસોની કલપનાંમાં નહી ઉતરે હેવી જગીઆને કીઆ બોલો, અરે કીઆ અખશરોમાં જાહેર કરૂં ? કદીબી તમો એક આંધરાનાં મન ઉપર સુરજની પરકાસતી રોશણ ચેરાગ તથા સુગંધી ફુલની ખુમસુરતી અથવા નુરમંદ ખલકત ઠશાવી શકશો ? કદીબી તમારી બંદગીથી, તમારા વીલાપથી તથા તમારી કલાપીતથી તમારા મુવેલા દોસતોને ઉઠાડી શકશો ? કદી કોઈ બેહેરા આદમીને મધુર ગાએણથી ખુસ કરશો ? અરે તાહારે નીચ માનવી ખોદાઈ દરગાહનો કેમ ખીઆલ લાવી શકે ?

હવે હું છુટો, હેવા વીચારથી અતીઅંત ખુસીમાં આવી હું બેધરક માહારે વતન જવા મંજલ કાપતો.' માહારા છેલા વીચારો દુખનાં તંગીના, દુનીઆઈ જંજાલનાં દરીઆવનાં તોફાની મોજા સાથ બાથ ભીડતા. હવડાં મા

હારૂં મગજ ખોદાઈ ગાએણુતાં સરોદમાં ચકચુર થવા મા
ડયું. હું મનમાંતો તહરેવાર રીતે મઘન થતો, પણ કે
વો એઅફલી, મહુને એટલી ખબર નહીં હતી કે માહારા
માં એક મોહોટો તફાવત પડીઓછ. માહારી સવદેશની
જગામાં નહી સમાએ હેવી હોસથી હું દાખલ થયો. પણ
જાંહાં જાંહાં ફરવા લાગો તાંહાં તાહાં સરવે બેદરકારપણે
મહુને જોવા લાગાં. કોઈએ મહુને પીછાનીઓ નહી. હું
શરવેને ઓલખતો, પણ કોઈ મહુને નહી ઓલખતું. પણ
અજાએબીથી સરવેની નજર માહારી તરફ પડતી. તેઓ
સાથે દોસતી કરવાની, તેઓ સાથે ઓલખાણ કાહાડવાની,
તેઓ જોડે બે બોલ વાત કરવાની માહારી હીમત ચાલી
નહી. તેહનુ શું કારણ વારૂ ? હું પાપમાં અને દુનીઆ
નાં ફીતુરમાં વાસો કરી આવીઓ હતો. માહારાં કપાલ
ઉપર બદીનો દાહામ હતો. હું "માણુસ જાતમાં રહી આ
વીઓછ" હેવી માહારાં કપાલ ઉપર છાપ હતી. અરે હે
વો મામલો જોઈ હું કેહેવો ધ્રુજીઓ, હું કેહેવો પસતાવા
લાગો, કેહેવી જહડપથી હું એણીમેરથી પેલીમેર દોડવા લાગો
કે કોઈ ભરાવાની જગા મલેતો છુપાઈ બેશું ? કેહેવા વીલાપ
સાથ હું રસતામાં ચાલવા લાગો ? કેહેવી ધાસતીથી હું
માહારી માતાને સોધવા લાગો ? અરે પણ તે મહુને ઓ
લખશે કે નહી ? તે મહુને ચાહાશે કે નહી ? અરે તે માહા
રૂ શાંભલશે કે નહી ? હેવા વીચારો મહુને આવવા લાગા,
પણ અંતે તે ચલકતા, તે ચોખ્ખા, તે આબવાલાં મોતી
ને મેં દુરથી આવતાં જોઈઉં. તેણીની સાથે એક બીજું
મોતી ચાલતું હતું જેની રોસણીથી આફતાબ સરમીંદા
થતો હતો. અરે હવડાં માહારા મગજમાં તહરે તહરેના
વીચારો પેદા થયા કે હેવીજ રીતે નીરદોસ હું માહારી મા
તા સાથ ચાલતો હતો, હેવીજ રીતે હું ખુસીથી તેણીનાં
નેક કલાંમો સાભલતો હતો, હેવીજ રીતે તેણીનાં રૂપેરી હા
થ માહારી આંખે લગાડતો, પણ માહારી જગા ઉપર આ
એ વખતે માહારી બેહેન બીરાજી હતી. જે દાહાડે માહા
રી માતાએ મહુને દુખનાં દરીઆવમાં મંજલ કરવા તરક
ટી વાંહાણુ ઉપર ચહડાવીઓ, અને તે વખતે જેવી રીત
તેણે મહુને કલાંમો શીખવીઆ તેવીજ રીતે હવડાં તે પો
તાનાં બાકી રહેલા બીજા બાલકને પણ જંજાલ અને ફીતુર
નાં દરીઆવને અરપણ કરતી જણાતી હતી. તરતજ વી
જલીની ઝહડપે એક ભારી જોસાએ માહારૂં મગજ વીધી
નાખીઉં, ફીતુરી દુનીઆં ઉપર મેં સરદ હાએ મારી અને
માહારી એકપુરી ખુબસુરત અને નીરઅપરાધી બેહનને
પાપનાં પંજામાંથી બચાવવા તઈઆર થયો. તેણીને બચા
વવાના ભલા વીચાર આગલ માહારી પોતાની ફજેતી હું
ભુલી ગીઓ અને હીમતથી આગલ આવી બોલીઓ; મા
તા, પીઆરી માતા, રૂડી માતા, આએ કુમલી નીરદોસ બે
હનને ના હેરાન કર ! તરત તેણીએ મહુને જોયો, બધાં લો
કો મહુને ભુલી ગીઆં હતાં પણ તેણીએ મહુને પીછાની
ઓ. બધાં લોકો ધીકારથી મહુને જોતાં પણ તેણીએ પોતા
ની મેહેરબાંન ચશમ માહારી તરફ ફેરવી અને મહુને એ
કદમ ગોદમાં પકડીઓ. હા કેહેવી મીઠી તે બગલગીરી,
કેહેવો બાએગશાલી તે વખત કે લાંબી મુદત પછી હેરા
ન અને ખુવાર થયેલો માહારાં આંખના રતન કરતાં પી
આરાંને હું ભેટીઓ. માહારા ચેહેરા તરફ તીકીતીકીને
જોઈ માહારી માતા બોલી કે માહારાં બચાં જોકે તાહારી
મુદત પુરી નથી થાઈ તોબી તું હઈઆં આવી લાગોછ પ
ણ કાંઈ ફીકર નહી, હવેથી આએ તાહારી બેહન જે જગા
ઉપર મુસાફરી કરવા તું ગીઓછ તાંહાંજ જનારછે વાસતે
તું તેણીનો વાલી થજે. એણીની આગલ તું તે જગાનું
બીઆન કર કે આગમજથીજ એ તે વીશે માહીતગાર થાએ.

અરે કોએ મોહોને તે નજીસ જગોનુ હું બીઆન ક
રૂં ? કઈ જુબાનમાં તે ભયભીત જગાનો ચીતાર આપું ?
માએ તે એક વેરાંન અને બીહામનું જંગલછે કે જાંહાં
પાણીનું એક ટીપુંબી નહી મલતું. અરે તે સદાનું બલતું,
તે હમેશનું ગરમ રાંણછે કે જાંહાં છાયાને માટે હજારો ગા
ઉ સુધી એક ઝાહાડ પણ દીશતું નથી. તે એક ગંજાવ
ર મેદાંનછે કે જાંહાં કાંઈક લખો ફાડી ખાનારાં જનાવરો
પોતાનું રેહેઠાણ કરેછ. જાંહાં હમેશાં તોફાની પવન ફુકે
છ. બેહન, વાહાલી બેહન, માહારી નીરદોસ બેહન, જો
તે જંગલમાં દાખલ થવાની તું તજવીજ કરશે તો તાહારા
જેવી કમબખ્ત બીજી કોઈ ઓરત નહી મલશે. તુંને તા
હારી સાથની વંણજાર તે વેરાંન જંગલમાં એખલી નાવા
રેસ છોડી જતી રેહેશે. જો તું તેઓ આગલ તાહારી ના
ચાર હાલતનું, તાહારાં દુખનું વરણન કરવા જશે તો તે
ઓ તુંને હસી કાહાડશે, તાહારી મશકેરી કરશે. તું તંગી
માં આવી કોઈની મદદ માગશે તો તું કમનસીબ તરફ કો
ઈ નજરબી નહી કરશે. અરે તાંહાં પાપનું મુકામછે, અ
રે તાંહાં બેવફ્ફી સદાનો પોહોરો ભરેછ. અરે તાંહાં કરપી
ન ગુનાહાનું રાજછે. તરકટ, અદેખાઈ અને લુછાઇ તાંહાં
નાં અધીકારીઓછે. ખુન અને બુતપરસતી તાંહાં સરદા
રોછે. તાંહાંની દરબારોનાં ઇનસાફ કરનારા તારાજ અને
ફનોનાં સદા સબદો ઓચરેછ. આએ બીઆન સાંભલી મા
હારી માએ બોલી કે તેં કેમ આટલું બધું ખમીઉં ? અરે
કેમ ખમીઉ ? માહારી છાતી વીધાઈ ગઈછ. માહારૂ હઈ
ડું પાકી રહીઉછ અને ફુટી જવાની તઈઆરી ઉપર હતું
તે વખતે હઈઆં આવવા મેં ડેડાવ કીધો. તરત તે માહા
રી આગલથી ફરી જઈ બોલી ખરેખર તું હીચકારોછે, તું
તાહારા નામને એબ લગાડેછ. તાહાર પછી તે માહારી બે
હનને કેહેવા લાગી કેમ બેટી તું માણસોનાં રેહેઠાણુમા જ
વા ઇછેછ કે નહી ?

બીચારી પેલી અગ્નાન છોકરી બોલી હા માએ. તાં
હાં માહારે જરૂર જવું જોઈએ. હું તરત તેણી તરફ અ
જબ થાઈ જોવા લાગો. હું બોલીઓ ગાફેલ બેહન તું
તાંહાંની વાત શું જાણે ? તું તાંહાંનાં ફરેબો કેમ શમજી શ
કે ? તાંહાં જવા પછી તુંને શું મલશે ? જે લોકો ઉપર તું પુર
વીશવાસ રાખશે તે લોકો લુછાઈ અને તરકટ તેના બદ
લામાં તાહારી ઉપર મોકલશે. નાદાન બચાં બદીનું, તરકટો
નું, દગલબાજીનું, ગરીબાઈનુ, કંગાલીઅતપણાનું, અને
ગુલામગીરીનું હું કેહેવી રીતે બીઆન કરૂ ? અરે તું તે
સમજનાર નથી, અને માહારાથી તાહારો ઉપર કાંઈ અ
શર થનાર નથી. હેવાં હેવાં દુખો સરવે માણસો ઉપર પ
ડેછ. વાસતે રે માએ એ બાલકને માણસોમાં મોકલી એ
નો નાંસ નાં કર. માહારી માએ ગુસાથી બોલી કે ચુપ

એ મુરખ! તું હઈઆં આએ વખતે પાછો આવીઓજ નહી હોતતો બેહેતર થાતે. તેં તાંહાં આટલાં વરસ રહી શું કીધુ! ભોલાઈ મારગે ચાલવાને, સારાં કાંમો કરવાંને, લોકોનું ભલું ચાહાવાને તેં તાહારો વખત કાહાડીઓ હોતતો તુને હાવા નાસીપાએસીનાં વીચારો નહી આવતે. પણ સાફ માલુમ પડેછ કે તેં તાહારો વખત આલસાઈમાં કાહાડીઓછ.

મેં તરત કહીઉં કે માએ એમ નાં બોલ. એવો ઠપકોં નાં આપ. મેં ઘણીબી મેહનત કીધી, ઘણોબી સેતમ ભોગવીઓ, ઘણીબી જેહેમત આખો આખો દાહાડો મેં ચી, બાલી નાખનાં સુરજનાં તડકામાં ભુજાતો સારા કાંમોનાં બીઆં વાવવા રોકાતો હતો. પણ એ બીઆંમાંથી શું નીપજીઉં? કેહેવા જાહાડ ઉગીઆં? અરે કેહેવાં ફલ નીપજીઆં? માતર કઈજ નહી પણ વેરાન, તારાજ અને નાશુકારક જમીનમાથી જે ફલ નીપજે તેવાં મહને મલીઆં.

આએ સાંભલી માહારી બેહનની છાતીમાં એક નવોજ જોસો પેદા થયો. તે સુરમાં આવી બોલી, અરેં હું તાંહાં જવશ ને ફરે જવશ. દર ઘડી હજારો વખત તે જગા વીશે હધીરી પડશ. કાંઈક સેંકડો વખત તેહને ઈઆદ કરશ અને અંતે તાંહાં જવશ. જે ગુલામગીરી, જે તરકટ, જે દગલબાજી અને જે કંગાલીઅતપણાંનું એટલું બધું તું બીઆન કરેછ તે શુંછે? માહારે મનસે કાંઈ નથી. હું જરાબી તેથી દરતી નથી. જરાબી પાછી હટતી નથી. હું હેવા ઉપાયો લેવશ કે એ સેતાનીઅત ખાસીએતોને જરાવારો દાબી નાખશ. માહારાં નાહાનાં પગતલે કચરી તેઓનો નાંસ કરવા રાત ને દાહાડો તે દુસમનોનાંજ વતનમાં એખલી અને નાવારેસ ભારી મેહનત કરશ. જે પાપનું તું બીઆન કરેછ તેહની સામે થવશ. માહારા નાનાં હાથો તેહને પકડી ઘડીમાં મરડી નાખશે. કેમ હવે હું પાર પડશ કે નહી. ભાઈ આજશુધી તેં કદી એટલી હીમત અને કાલજી દેખાડી હતી? માહારી નાહાની બેહનની જબાં કાતરની માફક હાવી રીતે ચાલતી જોઇ હું તો તદન ગભરાઈજ ગીઓ અંતે ધીમે અવાજે બોલીઓ, નહી, બેહન હેવી હીમત મેં કદી નથી કીધી.

સમજુ વાંચનાર કદાચ કોઈ તમોને હેવો સવાલ પુછેતો તેહનો તમો શું જવાબ વાલશો?

# સીંહ.

## તરણ લશકરી અમલદાર શેકારીઓ.


સીંહને વન અથવા જંગલનો રાજા કરી કહીએછે તેમાં કાંઈજ ખોટું નથી. એ સઘલાં જાનવરોની ઊપર સરદારી ભોગવેછે. આફ્રીકાનાં માહેલાં જંગલોનો તે મુખીઅ કરીને રેહવાસીછે; તોએ એસીઆખંડના ગરમ ભાગો તરફથી પણ તે મલી આવેછે.

મોટામાં મોટા સીંહની તેના નાંખથી તે પુછંડી સુધીની લંબાઈ આસરે આઠ ફુટની અને તેની પુછડી આસરે ચાર ફુટ હોયછે. તેની ચાંમડીનો રંગ ઘણું કરીને પીલાસપર કાલો હોયછે અને નીચેનાં ભાગની ચાંમડીનો રંગ વધારે ફીકો સફેદને મલતો દીસેછે. માથું મોટું, અને કાંન ગોલ રેહછે અને તેનો ચેહેરો ગુચદાદાર બાલથી ધંકાઈ ગયલો હોયછે. માંથાની ઊપરનો ભાગ, ગરદન તથા ખભાંની ઊપર ખભરાએલા ઝુલતા બાલ જથાબંધ હોયછે.

એવું કહેછે કે દીસનાં સીંહ ઊંઘેછે અને રાત પડેથી પોતે સેહેલગાહ કરવા નીકલેછે. જારે તે શેકાર શોધવા નીકલેછે તારે તેનો પોકાર, દુરથી આવતા ગગડાટનાં જેવો સંભલાયછે, અને એવા આવાજથી આખું જંગલ ધ્રુજાવી નાંખેછ, જેથી બીજાં જાનવરો ચેતવણી લેઈ નાહસ ભાગ કરેછે. જેવો શેકાર તેની નજરે પડેછે તેવોજ તે લાંબી છલાંગ મારી પોતાના મજબુત પંજાનો ઊપયોગ કરેછે. કેહેછે કે તેનું જોર એટલુંતોછે કે એક જોરાવર ઘોડાની પીઠ ઊપર તે જો પંજો મારેતો તેની પીઠ ભાંજી કકડે કકડા કરી નાંખે, અને જેમ એક બીલાડીં ઊંદરને મોહોમાં પકડી શેહેલાઈથી દોડી જાયછે તેમ એ વનરાજા મોટી ભેંસ અથવા હરણને મોહોમાં મારી દોડી જાયછે ઘણીવાર તે શેકાર કરી એટલુંતો ખાયછે કે બે તરણ દાહાડા સુધીની ગરજ સરેછે, અને તારબાદ તે ગોશેનશીન થઈ બેશેછે. તેનાં દાંત એટલાનો મજબુત હોયેછ કે હાડકાંનો એક સેહેજામાં તે ચુરો કરી નાંખેછે અને ઘણીવાર માસની સાથે તેને ખાઇ જાયછે.

જો એને છેડીઆ હોયછેતો પેહેલાં વગર દરકાર કરવે ધુરતો ધુરતો ચાલેછે, પણ જો તેની પુઠ તમો મુકો નહી અને વધારે છેડતી લેવોતો પછે તે ચીરડાઈ તમારી સાંમે ધાયછે. શેકારીઓ એને બંદુકથી મારતાં ઘણીજ સંભાલ લેયછે કેમકે જો ગોલી તેને લાગીઆ વગર પસાર થઇ ગઈ હોયછેતો તે શેકારી ઊપર પોતાનાં પુર બલથી તુટી પડેછે અને ઘણીવાર હાથીપર બેઠેલા શેકારીને તથા હાથીને એક સેહેજામાં જમીનદોશત કરી નાંખેછે.

આ બાદશાઈ જાંનવરનું ચીતર પાસેનાં પાણાંપર આપીઊંછે. વાંચનારની સાંમે આ વખત એ વ



સહી.

આશરે ૮૦ વરસની ઊમરની એક ઇંગરેજ સ્ત્રી લકવાના શપાટામાં આવી ગઆથી એક હાથ તથા જભાંના ઊપયોગથી રદ થઇ ગઈ. થોડા દાહાડા વઈદના ઓશદ તલે તેની તનદોરસતી પાછી આવતી ગઈ. ગઈ ગુજરેલા બનાવો તથા ચોપડીઓમાં વાંચેલી બાબદોની ઇઆદદાસત જેવી હતી તેવી તેને પાછી મલી, પણ ઇઆદદાસતનો એક ભાગ હ્યોતો નાબુદ થઓ હતો કે વાંચવા અથવા લખવાનું તે ભુલી ગઈ અને તે એટલાવેર કે ઈંગરેજી મુલા અક્ષરો તે કેહવા થાય તેની પણ તેને ભાંણ રહી નહી, પણ તે ઓરતે હીમતથી વાંચવા લખવાનું નવેશરથી સીરૂ કીધું અને જોકે ધરમ પુસતકના ફકરાઓના ફકરા તે મોહોડે બોલી જતી તોય પણ પોતાની દાસીની મદદ વગર એક શબદ પણ ઊકલાવી શકની ન હતી. તેના મનમાં વીચારો ઘણા ભમતા પણ કલમ પકડી લખવા બેશેકે એક હરફ પણ લખાઈ શકાતો ન હતો.

વલી ફરાંસ દેશના નોરમંદી નામના કશબામાં એક ધારાના હીમાએતીની ઓરત રાતરે ઊંઘમાં ચાલતી તથા કાંમકાજ કરતી હતી; એવા દરદીઓને ઇંગરેજી વઈદો 'શોમનેમબીયુલીશટશ" ને નામે ઓલખેછે. એક વેલા તેણીનો ભરથાર બાહેર ગાંમ ગઓ તેથી તે ઘણી આરજુમંદ રહી અને પોતાના એક નોકરને શેહેરમાં મોકલયો કે તેના ભરથારે લખેલાં કાગજ હોયતો લઈ આવે. ઘણી ફીકર તથા ચીંતાથી તે ઊપલા મરજની લેહેરમાં પડી, હેવામાં તેનો ભરથાર આવી લાગો; તેણીએ તેની શાથે ઘણા હેત તથા પરીતથી વાત કીધી અને તેને માટે ખાંનું તઈઆર કરાવવાને હુકમ કરી આવી, પણ તેનો ખાવંદ બાહાર ગઓ કે તે દરદના પંજામાંથી છુટી થઈ અને ઘણી ખંતીથી પુછવા લાગી કે પેલો નોકર જે કાગજ લેવા ગઓ હતો તે પાછો ફરીયો કે નહી. તેની ઘણી પણ ખાતરી કીધી કે એક અરધા કલાક અગાઊ તેણીએ તેના ખાવીંદની ભેટ લીધી હતી પણ શઘલું ફેકટ. એ બનાવ તેણીની ઈઆદદાસતમાંથી તમાંમ ભુશરાઈ ગએલો હતો; જો તે કાંઈ કાંમ કરતી હોય અને તેવામાં તે દરદ તેને ઊભરાઈ આવયું હોયતો તે દરદના જોરમાં જે કાંમ કરે તે તમાંમ ભુલી જઈ પાછું પેલુ હધુરૂં પડેલું કાંમકાજ પુરૂં કરે. તેની જાગરૂત હાલતમાં જો તેના દોસતો માંથું કુટી મરેતો તે કદી ગાંણુ ગાએ નહી પણ તેની બેશંમ હાલતમાં તરેહેવાર ગીતોથી આશપાશનાઓને ખુશી કરે. કોઈવાર તે શોય દોરો લઈ શીવવા બેશે પણ જાગરૂત થઆ પછે તેની જરાએ ભાંણ રાખે નહી. કોઈ વેલા રાતે તે બચાંની મુઆશેક છેરાએ અને વગર શબબે રાતે ગાડી જોડાવવા ચાકરોને હુકમ કરે.

વલી એક તરીજો દાખલો એક જુવાન ઓરત નોછે જે એક સમએ નદીમાં અકશમાતથી પડી ગઈ અને મરતેહલ હાલતમાં તેણીને બાહાર કાહાડી; થોડા દાહાડા શુધી જોકે તે ઘણી બીમાર હતી તોયપણ તેની શઘલી ઇંદરીઓ શાબુત હતી, પણ આશરે દશ દાહાડા પછી તે એકાએક ઘણી બેમાર થઈ. દેખવાની તથા ઈસપરશ ઇઆને લાગવાની ઇંદરીઓ વગરે બીજી શઘલી ઇંદરીઓ નાબુદ થઇ ગઈ. તે નહી બોલે, નહી સાંભલે, નહી ચાખે, એટલુંજ નહી પણ તમાંમ ઇઆદદાશત પણ તેની ગુમ થઈ ગઇ. તેની પોતાની માને પણ તે ભુલી ગઈ. ઘણા દાહાડા પછી તે ફુલ ઊપર શોખ દેખાડવા લાગી કારણ તેઓ તેને ઘણા પીઆરાં હતાં. પેહેલો જે તેણીએ શબદ કાહાડીઓ તે પોતાની માની દલગીરીનું કારણ પુછવાનું હતું. પછી તે ફુલોને નામથી ઓલખવા લાગી. તેની શાથે પરણવાને બંધાએલો એક જુવાન પુરૂશ જો તેની આગલ ન રહેતોતો તે ચીચીઆરી પાડી દુખ જણાવતી હતી અને એક દાહાડો તે પુરૂશને એક બીજી ઓરત શાથે ઘણા હેતથી વાત કરતાં જોઈને પાછી એકાએક ઘણી બીમાર થઇ ગઇ, પણ એટલો ફાએદો થઓ કે પોતાની અશલી ઈઆદદાસત શાથે તે પાછી ઊઠી; પણ પોતાની છેલલી બીમારીની તેને ઇઆદદાશત ન હતી. તે શઘલાંને ઓલખવા લાગી અને બોલાવવા પણ લાગી. આશતે આશતે તે શાંભલવા લાગી અને અશલ પોતાનો જે સીવવાનો ધંધો હતો તે પણ ચલાવવા લાગી.

## આપ જાતે થયલા પુરવીન પુરૂશો.

ઘણાએક માહાભારત પુરૂશો જેઓ એલમ, વીદીયા અને હુનરમાં બહુ મશહુર થઆછે તેઓ આપ જાતે પરકાશીત થઆછે અને લખેલું વાંચતાં શીખવા શીવાય વધારે કેલવણી પોતાના ગુરૂઓ પાશેથી તેઓએ લીધી નથી. વીદીયાશાગર પાર કરી જતાં અગણીત હરખનો નડેછે, જેમાં કંગાલીયત સરવેથી બી

કરેછે, અને તે છતાં સંખયાબંધ દાખલાઓ દેખાડવા ને મોજુદછે કે ઊતંશાહ અને ઊદીયોગ આગલ એ હરખતો સુરય આગલ દવ તેમ ગુમ થાએછે.

એપીકતીતસ નામનો ગીરીક ફીલસુફ અશલ એક ગુલામ હનો; પણ નસીબ સંજોગે તેને છુટાપણું મલયાથી તે એક નાહાની ઝુપડીમાં જઈ વસયો અને ખાવા પીવાના વાંધા પડે તે છતાં ફીલસુફીનો અભીઆશ કરી મોટો પંડીત થઓ.

પરાચીનકાલના યુનાની અને રૂમીઓ ઊપર ગરંથ લખનાર વીનકલમેન નામનો ઈંગરેજ રાતના મોંહોલાઓમાં ગાઈને પોતાનું પોશણ કરનો હનો.

ઈંગરેજોના ધરમ પુસતકનો તરજુમો કરનાર સીબાસરીયંન કેસટેલીઓ ઘણા વરશ સુધી હેવીનો કંગાલ હાલતમાં હનો કે આખો દાહાડો ખેતરમાં મેહેનત કરવી પડતી હતી અને તે છતાં તે રાતરે અભીઆશ કરતો હતો.

બીજા ચારલસના રાજમાં ઈંગલંડની મોટી અદાલતનો વડો નયાયધીશ સર એડવરડ શાનડરસ નાનપણમાં કાગલ પતર લાવ લઈજાવ કરવાની નોકરી કરતો હતો.

ડાકટર જાન પરીડો જે પાછલથી વીનચેસટરમાં મોટો પાદરી થવા પાંમયો તે જયારે નાહાનો હતો તયારે તેના મા બાપ એટલાં દલદરી હાલતમાં હતાં કે તે નીશાલમાં જરા વાંચવા લખવા સીખયો કે તેને ઊઠાડી મેલયો. પણ તે સીખવાને એટલોતો ખંતી હતો કે તે પગે ચાલતો પોતાને ગાંમથી ઓકસફરડ શેહેરમાં ગઓ અને તાંહાંની એકસીટર નામની પાઠશાલાનાં (બુબરચીખાનાંમાં) નોકરી રહો પણ તાંહાંથી તે વધીને તેજ પાઠશાલામાં શીક્ષકને દરજે ચહડીઓ.

બેનજાંનશન નાંમનો નામાકીત કવી અને નાટક ગુરૂ ઘીનપેડો હતો તે ગજવામાં ચોપડી રાખી કામ કરતો હતો કે ફુરશદને વખને અભીઆશ કરવાને બની આવે.

બીજા જારજ પાદશાહાના વખતમાં વોરશેસતર શાહેરનો વડો પાદરી ડાકટર આઈશાક મેલોકસ પેહેલે એક બબરચીના હાથ તલે હતો.

જાન હંટર નાંમનો સરીરની અંદરની રચના જાંણનાર મોટો વીદવાન. ગલાસગો શેહેરમાં લાકડાં ઊપર નકશી કરવાનું કાંમ કરતો હતો તે વીશ વરશની વયનો થઓ તાંહાંશુધી તેને કેલવણી મલેલી નહતી.

જેમસ હોગ નાંમનો પંકાએલો ગવઈઓ મેંઢાં ચરાવનો હનો તાંહાં જાતી મેહેનને લખવા શીખયો, તે ચઊદ વરસનો હનો તીયારે તેને હડી રૂપીઆ બચાવીયા જે રકમ ખરચી તેણે એક તંબુરો વેચાતો લીધો. તે રાતરે તબેલામાં ઊંઘતો હતો અને તાંહાં પોતાના ગાયનની તાલીમ લેતો હતો.

બાશાઓની માહીતગારી ધરાવનાર જાન લેડન બચપણમાં નહી બોલાય હેવી કંગાલીયતમાં હતો. કકડતી થંડીમાં અને ભુખથી મારેલો તે એડીનબરો શેહેર ગઓ જયાં તે એક ચોપડી વેચનારને તાંહાં પુસતકો વાંચવામાં કલાકોના કલાક કાહાડવા લાગો. ૧૯ મે વરસે તે ગરીક અને લેટીન બાશા હેવીતો સરસ રીતે જાણવા લાગો કે એડીનબરોના પંડીતો અચરત રહા.

વીલીયમ કોબે નામનો રાંજનીતી ઊપર લખનાર જયારે લશકરના શીપાઈની નોકરીમાં રોજ પાવલો કમાતો હનો, તીયારે પોતે રંજ ખેંચી ઈંગરેજી બાશાનું વીયાકરણ સીખીયો.

જેમસ ફરગુશંન નામનો જયોતીશ, ભરવાડનુ કાંમ કરતો હનો, જયારે તેના બીજા સોબતીઓ ઊંઘાઇ જાય તીયારે તે રાતરે જંગલમાં જઈ તારાઓની સોધ કરતો હતો.

સર હંમફરી દેવી નામનો ફીલસુફ લાંકડાં કોતરનારનો છોકરો હતો.

ઊપલા દાખલા દેખાડવાને બશછે કે નાંમાંકીત નાટક ગુરૂ શેકશપીયરનુ કેહેવું ખરૂછે "કે તનને તવંગર કરનાર મનછે" દોલતથી ફીલશુફોના વરગમાં જવાતું નથી. દોલત તેના રાખનારને તવલનો મેલી જતી રહેછે, પણ ખેડેલું મગજ પોતાના ધણીને હેવી ચુશત રીતે વલગી રહેછે કે કોઈબી પરસંગે તેને છોડતું નથી અને પોતાના અમૃત.ફલ તેને શદા ચખાડતું રેહેછે.

## છોકરાંઓની કેલવણી—એક નકલ કરવાજોગ દાખલો.

ઈંગલંડની એક નીશાલનો શીખ્શક એક દીવશે પોતાના વરગમાં દાખલ થઓ અને બોલયો કે "આ ગોંધાટ કોણે કરયો ?"

શઘલું ચુપાચુપ થયું, તરીશ છોકરા એક ટગરે શીખ્શક શામુ જોવા લાગયા અને જોકે તરણ ચાર છોકરાઓ તકશીરવાર હતા તોપપણ કોઈએ શીખ્શકને જવાબ વાલયો નહી.

શીખ્શકે વધારે નરમાશ પકડી ફરીથી પુછ્યું કે "છોકરાઓ એ ગોંધાટ કોણે કીધો ? તમારામાંના ઘણાએકો એ બાબદ જાંણોછો, અને વરગમાં શારો બંદોબસત જાલવવાને જેઓ ખંતીછે તેઓ ઉપર હું આધાર રાખુંછું કે તકસીરવારને પકડી આપવાને તેઓ ભેગા થશે."

પણ કોઈએ હજી જવાબ વાલયો નહી.

એક છોકરો બીજાના કાન ઉપર પડે કે હું કાંઇ ચાડીઓ થનાર નથી અને બીજો તરીજાના, એમ આખા વરગમાં ચાલયું. શીખ્શક, જવાબ કોઈથી નહી વલયો તેથી પાછો પાશેના ઓરડામાં ગઓ જયાથી તે પોતાનું કામ અધુરૂં મેલી વરગમાં આવયો હતો, પણ જેવી તેણે પીઠ ફેરવી કે જે ગોંધાટથી તે દોડી આવયો હતો તે બમણો થઓ.

તે તરત પાછો વરગમાં દાખલ થઓ અને બોલયો કે "જેઓએ ગોંધાટ કીધો હોય તેઓ હાથ ઉંચા કરો."

કોઈએ ઉંચકયો નહી.

"હવે જેઓ બીનતકસીરવાર હોય તેઓ હાથ ઉંચા કરો."

દરેક છોકરાએ તરત હાથ ઉભો કીધો.

શીખ્શકે દીલગીર ચેહેરે છોકરાઓને કહું કે "જાહારથી હું નાહાનો હતો તારથી મેં જુઠાઇ ઉપર એક ઘણો નીચ ધુનાહછે એમ જોયુંછે, જે માણુસ પાશે કોઇબી કાળુ કરતુક કરાવી શકેછે તેથી મહને ઘણોજ ખેદ થાએછે કે માહારા વરગના નીશાલીયા આ બદીથી પહરેજ નથી. નીશાલના કાએદા તોડવા એ ખોટુંછે પણ તે તોડીને જુઠાઈથી બચાવ કરવો એ હજારઘણું વધારે ખોટુંછે, જે પુરૂસો, જેની નેકી અને ઉપયોગીપણું કબુલ કરેછે તેમના છોકરાઓને માહારી શાંમે હું જોઉછું; જેઓ હું દીલગીરછું કેહેવાને કે નીશાલના કાયદા તોડી તેમનો જુઠાઈથી બચાવ કરવાના પાપમાં ફસયાછે, કારણ શઘલા જયારે એકશંપીલી રીતે ચાલે તાહારે તકસીરવાર અને બીન તકશીરવાર તે કેમ માલમ પડે ? જયારે હું તકશીરવારોને હાથ ઉંચા કરવા કહુંછું તારે કોઇ ઉંચકતું નથી અને બીન તકશીરવારોને કહુંછું તારે શઘલા હાથ ઉંચા કરી પોતાનું નીરદોશપણું બતાવેછે, હવે એકવાર હું ફરીથી કોશેશ કરૂંછું.

"જેઓ તકશીરવાર હોય તેઓ હાથ ઉંચા કરો."

કોઈએ હાથ ઉંચકીયો નહી.

"હવે જેઓ નીરદોશ હોય તેઓ હાથ ઉંચા કરો."

દરેક હાથ પાછો ઉંચકાયો.

"જે છોકરાએ જુઠાઈની ગોવાહી પુરવા પોતાનો હાથ ઉંચો કરીઓ તે છોકરા જેવો દુશટ દુનીઆંની આખી દોલત મને શપુરદ કરેતો હું થાઉં નહી."

આટલા શબદો બોલી શીક્ષક પાછો ગઓ અને જોકે તે દશ મીનીટ શુધી બાહાર રહ્યો તોપપણ કશો ઘોંગાટ તેના વરગમાંથી નીકલીઓ નહી.

એક છોકરો પોતાની પાશે બેઠેલા છોકરા તરફ ધીકારની નજરથી જોઈ બોલયો કે "જેમશ હારકર તું તેઓમાંનો એક હતો."

"હું દરકાર નથી કરતો; હતો તે શું તેણે જાંણીયું કે ?"

"પણ જે કાંમ તેં કીધું તેને માટે બીજાઓને ઠપકો મલે એ મહને ઠીક લાગતું નથી."

હારકર ટચકો કરી બોલયો કે "તારે શું તું ચાડયો બારીઓ થવા માગેછ કે ?"

"નહી અમશથો ચાડીઓ નહી. પણ જો તું હીમતથી તારી તકશીર શીક્ષક આગલ આપોઆપ કબુલેતો મારે તેમ કરવાની મરજી નથી."

"અરે, ચાડયા ! ચાડયા ! ચાડયા ! છોકરાઓ ટોમ જોનશ ચાડીયો થાએછ શાંભળજો" એમ જેમશ હારકર શઘલાઓને શંભલાય તેમ બોલયો અને જોનશ તરફ ઘણા ધીકારની નજરથી જોવા લાગો.

એક બીજો છોકરો જે પાસે બેઠેલો હતો તે પણ દમઝરાવીને બોલીયો કે "શેઠ મારીબી ચાડી તમો ખાવાનાછો કે ?"

"મેં તમને ઘોંગાટ કરતાં જોયા નથી પણ જો હમે જાંણુતે કે તમે ઘોંગાટ કરવામાં શાંમેલ હતા અને તે છતાં તમે નાકબુલ ગયા તો દરેક પરમાંણીક છોકરાની ફરજ કે તમને ઉઘાડા પાડે."

"જેની માએ શુંઠ ખાધી હોય તે એમ કરે." હેવો રોકડો જબાપ મલયો.

નીશાલ છુટા પછી શઘલા નીશાલીઆઓએ ટોમશ જોનશને ઘેરી લીધો અને તેને શમજાવયું કે ચાડી ચુગલી કરવી એ દુનીઆમાં ઘણું નીચ કરતુક ગણાયછે.

પણ જોનશ બોલયો કે "હું ધારૂછ જે નીશાલના કાયદા તોડવા અને ઉપરથી જુઠું બોલવું એ કરતુક કરતાં તે અરધે દરજે ખરાબ નથી."

જેમશ હારકર પોતાના જાતી ધીકારથી બોલયો જે એક ચાડયા કરતાં પુરથવી ઉપર વધારે નીચું પરાંણી જીવતું નથી."

જોનશ બોલયો કે "જેમશ કયું ખરાબ—જે એકને માટે શાચી હકીકત કહે તે કે જે બીજા ઉપર જુઠાં તોહમત મેલાવે તે ?"

"તે તાહારો જીવ જાંણે. ચાડીઆઓને હમે જવાબ આપતા નથી."

"જેમશ હારકર હવે શાંભલ ! જો કાલે તું આપણા શીખ્શક આગલ જઈ તાહારી તકશીર કબુલ કરશેતો હું મુગો રહીશ, પણ જો તે રસતો તું નહી ધરશેતો હું કદી પણ માહારી ઉપર જુઠાઈનું તોહોમત રેહેવા દેનાર નથી; જારે હું જાંણુંછું કે હું નીરદોશછું અને જારે આખા વરગ ઉપરથી એ બટો ફીટાડવાને હું શામરથવાનછું તાહારે તેમ હું ન કરૂં તે મહને દુરશત લાગતું નથી."

હારકર બોલયો "હું હમેશ ધારતો હતો કે તું એક નીચ કુતરોછે અને તેની મેં આજે ખાતરી કીધીછે."

એક બીજો તકશીરવાર બોલી ઉઠયો કે "જો એ એમ કરેતો આખી નીશાલની એની ઉપર લેઆનત પડશે.

તરીજો બોલી ઉઠયો કે "હેના ધન ભાગ્યેગ હોયતો માહારીથી દુર રેહે."

"જો ટામશ, માહારી શાથે ચાલ" એમ એક છોકરો બોલી ટામશને બગલગીરી કરી ચાલયો. ચાલતાં ચાલતાં તે છોકરો બોલયો કે "જો તાહારી જગાએ હું હોઉંતો એ કાંમ કરૂં નહી, કારણ એથી તું શઘલા છોકરાઓમાં અણગમતો થઈ પડશે અને તું જાંણેયતો ખરો કે એક ચાડયા ઉપર કેવાં સુંથણા પડેછે."

"જાન, માહારા બાપે મહને વારેઘડીએ બોધ કીધોછે જે નીશાલમાં જે ચાડયાને નામે ઓલખાયછે તેમા અને જે શઘલાંનાં ભલાને કાજ બીજાઓના કુથટ કરમો ઉઘાડાં પાડેછે,તેમાં બોહોલો તફાવતછે. જો બીજાઓને ફકત શીખશાજ થાએ હેવા હેતુથી જો વારેઘડીએ હું શીખશક પાશ નકામી ફરીઆદો લઈ જાઉંતો હું ચાડીઓ કેહેવાઉં, જેવા શખશનો ખરેખર ધીકાર થવો જોઈએછે પણ આ સામયમાં હું હેવા હેતુથી ચાલતો નથી. જેમશ હારકેર નીશાલના કાયદા તોડી વરગનો બંદોબસત તોડીઓ એટલુંજ નહી, પણ પોતાની તકશીર નાકબુલ જઈ આખા વરગને કાયદા તોડવાનો અપરાધ લાગુ પાડયો અને જુઠું બોલવાની તકશીરનો બટો લગાડયો. મારી બચગીથી જુઠાઈનો તીરસકાર કરવા મને શીખાડવામાં આવયુંછે અને હું કદી પણ તે દાધ માહારે શીર રેહેવા દેનાર નથી."

"તાહારે શીક્ષક પાશે જઈ તાહારૂ નીરદોશપણું જાહેર કર."

"તેથી શું ફાયદો થાય? દરેક છોકરાએ કહુંછે કે હું નીરદોશછું તાહારે શીક્ષકને હું કેમ કહુંકે માહારૂ બોલેલુ ખરૂછે?" હું માહારો ઠરાવ અમલમાં કાં નહી આંણુ, તેનુ પુરતુ કારણ જોન દોસત તેં મને આપયુ નથી."

"હું કહુછુ કે તું આખા વરગનો અનગમતો થઈ પડશે."

"તે કારણ એટલું પુરતું નથી કે એક શારૂં કાંમ કરતાં માહારા હાથને અટકાઉં."

આ રીતે વાત કરી બેહુ દોસત છુટા પડીયા અને ટામશ જોનશ જેવો ઘર ગયો તેવો પોતાનો હેવાલ પોતાના બાપ આગલ મેલીયો અને તેની શલાહ માંગી.

બાપે શઘલો ખુલાશો શાંભલી દીકરાને પુછયું કે,

"તારે તેં ઠેરાવ કીધોછે કે આવતી કાલે તાહારા શીખશકને જાહેર કરવુ કે જેમશ હારકર તકશીરવારછે?"

"જો તહમે દરૂસત ધારો કે હું કરૂછુ તે ખરૂંજછે."

"હું માહારા દીલોજાંનથી તાહારા ઠરાવને પસંદ કરૂં પણ ધીયાન ધરજે કે તાહારા શોબતીઓ તુંહને ઠપકો આપશે અને તાહારા હેતુઓને ઉલટાવશે."

"હું જાંણુંછ તે બાવાજી, પણ તમે મને વારેઘડીએ કહુંછે કે દરેક અગતનું કાંમ શાચી મનશાનીથી કરતાં લોકોના મતની દરકાર કરવી નહી."

"અને જે કાંમ તું હાલ કરવા માંગેચ તે ખરાબ હેતુથી છે એમ તારી ખાતરીછે."

"હા છે."

"જેમશ હારકરને તેની ચાલને મારે ઠપકો મલે તેને મારે તું ખુશી હશે નહી."

"ખરેખર નહીજ એ વીચારથીજ માહારૂં મન ધચુ ધચુ થાયછે."

"તારે તારી હેમાં મકશદ શું?"

"મારી મકશદ એજકે મહને તેમજ બીજા વરગના નીરદોશી છોકરાઓને નીશાલનો કાયદો તોડવા અને જુઠાઈના બટાથી મોકલા કરવા."

"મહને એમ લાગેછે કે જે તકશીરવારથી શઘલાની ચાલને કાલી ટીલી ચોહોટે તેને ઉઘાડો પાડવાની દરેક છોકરાની ફરજછે. બુરાઈને ખુલી કરવી એ નીચ વીદયાછે હેવા ખોટા ખયાલથી શું નેકીને ખજાલત પુગવા દીજીએ?"

"મારા છોકરા તુંને તારા શોબતીઓ ચાડીઆનો એલકાબ આપે તેથી તારો ઠરાવ બજાલાવવાને પાછો હઠતી ના. ઘણી વખતે હેવું બનેછે કે જેને દુનીઆં ચાડીઓ કેહેછે તે રૂપ લેવું પડેછે, અને તેમ નહી કરતાં ખોટું કાંમ થાયછે અને હાલના આપણા દાખલાને એ કાયદો લાગુ પડેછે. પણ હું તને ભલામણ કરૂછું કે તારા શીકશકને લખીને તારા ખરા નામથી જાહેર કર અને તેના કારણો આપ, કારણ હેવી બાબદમાં આપણા કારણો જણાવયાથી આપણા હેતુ પરખાઈ આવેછે."

બીજે દાહાડે નીશાલ શાંજે બંધ કરવાનો નજદીક વખત આવયો તાંહાંશુધી જોનશ થોભયો કે કદાચ જેમશ હારકર મોટું મન કરી પોતાની તકશીર કબુલ કરે, પણ તેણે એમ નહી કરીઆથી તે શાબુત પગલે શીકશકની બેઠક આગલ ગયો અને તેને એક ચીઠી આપી પાછો પોતાની જગોએ બેઠો શીકશકે ચીઠી વાંચી અને થોડીક પલ શુધી વીચાર કરી નીશાલીઆઓને ધીઆંન ધરવા હુકમ કરીયો.

પછી શીકશક બોલયો કે "મારા હાથમાં આ ચીઠી છે જે વાંચતાં મહને થોડો આનંદ ઉતપન થયો નથી, હેના લખનારની નીતી વખાંણવા લાયકછે અને તેની ફરમાશ મુજબ તે હું શદાબરી તમને વાંચી શંભલાવુંછું.

"શાહેબ—ગઈ કાલે આપણા વરગમાં ધાગાટ થયો હતો જેના કરતાને શોધવાને તમારી મેહેનત ફોકટ ગઈ. તકશીરવારને જે રીતે તહમે શોધી કાહાડવા માગયો તે રીતે નીરદોશો પણ નીશાલના કાયદા તોડવાના વાંકમાં ફસયા અને હજાર ઘણું વધારે ખરાબ એકે તેમની ઉપર જુઠું બોલવાનો પણ અપરાધ લાગુ પડયો. મેં એક છોકરાને ધાગાટ કરતો જોયો અને પોતાની તકશીર કબુલીયાથી તે પોતાના શોબતીઓને ઉપલા બટામાંથી મોકલા કરશે એમ તેની ખાતરી કરવાને માહારી શઘલી કોશેશો વેયરથ ગઈ; પછી મેં તેને અંતે કહું કે જો તે પોતાની તકશીર જાહેર નહી કરશેતો શઘલાના ભલાને મારે મહને તેમ કરવાની ફરજ પડશે, જે ઉપરથી, [illegible] મહને [illegible] અને નીચ હેવા શબદો બોલેછે. હું [illegible] કરૂછું કે એ છોકરાને ફકત શજા [illegible] [illegible] ભરથ નથી પણ માહા

રી તેમજ શઘલા વરગ તરફની ફરેજથી મહને એ કાંમ કરવાની ફરજ પડીછે. તે છોકરાનું નાંમ જેમશ હારકરછે. મેરબાંની કરી આ કાગલ વરગને વાચી જણાવજો.

ટામશ જોનશ."

શીખશકે ચીઠી ટેબલ ઉપર મુકી કહ્યું કે "જેમશ હારકર આગલ આવ."

જેમશ માથું નીચું નાખી વચમાં આવી ઉભો.

"જે ગોંધાટને મારે મેં ગઈ કાલે ફરીઆદ કીધી તે ગોંધાટ તેં કીધો કે!"

"હા શાહેબ."

"કાએ કીધો?"

"બીલ ગરાઈમશ, હેનરી પીટરેસ, અને થાંમશ પરાઈશે પણ શાહેબ કીધો."

"ગેરાઈમશ, પીટરશ, અને પરાઈશ આગલ આવો."

તરણે છોકરા બાહાર આવયા અને શીખશકના પુછવા ઉપરથી તેઓ તકશીર કબુલ થઆ.

શીખશક બોલયો કે "જે ચાર છોકરાઓએ આખા વરગને નઠારૂં લગાડયુંછે તેઓ માહારી શનમુખ ઉભાછે.

એક મોહોટાં મનનો છોકરો કાંઇ તકશીરવારને ઉઘાડો પાડવાને પોતાની ફરજ શમજે તેમાં અને એક બાડયામાં શું તફાવતછે તે હવે તમે શઘલા જુવો. પેહેલા વરગનો ટોમશ જોનશછે, પાછલા વરગનો જેમશ હારકરછે, જેવી પાછલાની તકશીર માલમ પડી કે પોતાના બચાવમાં તે પોતાના શોબતીઓને વગર પુછવે જાહેર કરેછે કે તેઓને પણ શીખશા થાયતો હેને શંતોશ મલે, અને હવે ટામશ જોનશને આ કારણશર ઠપકો આપતા હોય તે પોતાનો હાથ ઉંચો કરો."

કોઇએ ઉંચકયો નહી.

હવે જેવો હેના કાંમને પસંદ કરતા હોય તેઓ પોતાનો હાથ ઉંચો કરો.

શઘલાઓએ ખુશીથી હાથ ઉંચા કરીયા.

શીખશકે વરગને છોડયો અને પેલા તકશીરવારોને રેહેવા દીધા કે તેમને તથા નીશાલને ફાયદો થાય હેવી રીતે તેમને શીખશા થાય.

ઉપલી વાત ખરેખરી બનેલીછે અને વાંચનાર બાનુંઓ ટામસ જોનસના મા બાપની કેલવણી તહમે કેહેવી રીતે પીછાણોછો? તેના મનની ઉપર તેના માબાપે નાનપણથીજ સચાઈનો છાપ ઉડાડયો હશે, કારણ જુઠાઈ ઉપર તેનો એટલો ધીકાર માલમ પડેછે કે પોતાના સોબતીઓની દુશમની લઈ તે પોતે જુઠાઈના તોહોમતમાંથી મોકલો થવાની યતન કરેછે. તહમારાં બચાંઓને તરબીએત આપવાની રીત ટામસ જોનસના માબાપ કરતાં ઓછી નથી!! જે બચાંને તહમે કહો કે બાવા પુછેતો કેહેજે કે દવા પાઈ હતી જોકે તેમ ન હોય, અને બાવા તેને કેહે કે ફલાણો પુછેતો કેહેજે કે હુંતો બાહાર ગયો તે બચું ટામસ જોનસની માફક જુઠાઈ સાથે કેમ વેર ધરાવે તે તહમારેજ જાણવું જોઈએ.

## વેહેવાઈને તાંહાં પાંટી ભરી માંછલી તથા કથરોટ ભરી જલેબી.

**જીલાઈ**—જોવો શાવકશા એક થોડા રૂપીઆની મેહેરબાંની કરો કે આટલી આફતમાંથી હું છુટી જાંઊ.

**શાવકશા**—વલી જીલાઈ તમે એ શો પોંગ લાયાં છે, વલી રૂપીઆ શાનાં જોઈએછ અને આફત શીછે?

**જીલાઈ**—આએ આપણી દીનીને શાશરે હજુર સુધી કાંઈ માંછલી અને જલેબી અને બીજી તીરથોનુ કશું મોકલીઊ નથી અને બીજાં વેહવાઈઆને તાંહાંથી દીનીને શાશરે મલુખનુ જાયેછે તેથી આપણી છોકરી ઊપર એની શાશુ હજારો ચુંથણા પાડેછે અને વારેવાર મીનાહ મારેછ કે મારી ફલાંણી વહુને ઘેરથી આવી આવી રીતો આવેછ અને અહીઆંતો બધી વાતની ડાનડી મારીએ છઈએ. એવું કરી મારાં નાંધલાં બચાંને મુંજાવેછ અને હાલતાં ને ચાલતાં આપણને ગાલ દેઈ છોકરીને ખીજવેછ અને આપણે છોકરીના મા બાપ થયલાં તે નીચી મુંડીએ શઘલું શાંખવું પડેછે. જોતો શાવકશા એક વખત પાંટી ભરી માંછલી અને કથરોટ ભરી જલેબી મોકલી આપીશું તો બધી રીતનું હરખું લાગી જશે.

**શાવકશા**—ખરેખર એ આફતતોછે ખરી અને હું સારીપેઠે જાંણુછ કે આપણી છોકરીને બીજી ઘણી રીતે તેઓ સતાવેછ પણ શું આપણે છોકરીનાં મા બાપ થયાં તે કાંઈ ચોરી કીધી અથવા એવું શું હલકુ કાંમ કીધું કે નીચાં કેહવાઈએ. મને કાંઈ એક વાતનો બલાપોછે, એકતો હું પગારદાર માણસ, મારી કાંઈ બીજી આવક નહી અને ખોદાની આપેલી પાંચ છ છોકરીઓછે તારે બધીઓને માંથે હું એટલો ખરચ કરતો બેશુંતો કયે જમાંને હું કરજમાંથી મોકલો થાંઊં: તે કરતાં મારી મોટી આશાતો ભંગ થઇછે. દીનીનો વર લુચો નીકલેઓછ, શીખવા ભણવાનુ મુકી બેઠોચ અને મોહલે મોહલે અતીઆરથી રખડતો ફરેછ તારે મારે ઠેકાંને એના મા બાપને લજવાવું જોઇએછ કે છોકરો તો આવો નંગ નીકલેછ અને તેઓને વધારે રીતનો હાંફરોછે, હવે મારી ગરીબરી છોકરીનો આગલ ચાલતાં શો રશતો.

મેં જારે મારી છોકરી આપી તારે સાફ જણાવીઊ હતું કે મારી કાંઇ એવી જોગવાઈ નથી કે હું ગાં

રમાં ચાલતા આવેલા રેવાજ મુજબ કાંઈબી તીરખો કરી શકશ. તે છતાં હવે વેહેવાણ મારાં ખર્ચા ઊપર એવી તાણાંજાંણી કરેછ તો ખેર. જીલાઈ હું શાચું કહું છ કે મારી હાલત ઘણીજ ખર્તગછે, આજના મુંમઈના ખરચ મારેથી ઊઠાવી શકાતા નથી, તેમાં ચાલતા આ વેલા ખોટા રેવાજો મુજબ વેહેવાઈઓનાં મોહોડાં બંધ કરવાને પઈસા આપવા એ માહાલ થઈ પડીઊંછ.

જીલાઈ—જારે પેટે એવા પથરા પરે તારે શં શારમાં ચાલતા આવેલા રેવાજ મુજબ નહી ચાલીએ તો ગાંમલોક આંગલી બતલાવે અને ટુપી નાંખે તે સાથે છોકરીને શાશરાંમાં હાલતાં ને ચાલતાં ટુપે તે કાંઈ ખબરછે.

શાવકશા—જીલાઈ તમારૂ બોલવું જરાએ વજનદાર નથી, ગાંમલોક આંગલી બતલાવે અને ટુપી નાંખે તેની હું એક રેસભાર દરકાર કરતો નથી, કેમકે ગાંમલોક કાંઈ મને પુરૂ પાડવા આવતું નથી અને મેં કાંઈ એવૂં નથી કીધું કે મને ગાંમલોકની સાંમે લજવાવું પડે. મને જે દુખ લાગેછ તે સાંભા માણસો ને વાસનેછે કે તેઓ અનસમજુની પેઠે કાંઈબી બાબદનો ખોલાગો આપણી સાથ કરવાને બદલે નાહાના બચાંને સતાવેછ અને બાલપણથી તેનાં દીલમાં શાશરાં વીશે એક ઘણોજ ખરાબ અને હલકો વીચાર બેસાડેછ; હવે હેવી હાલતથી શાશરે ઊધરતું બાલક શાશુ શશરા ઊપર શારો વીચાર તે કાંહોથી લાવે અને એકવાર મગજમાં તેવો વીશ બાલપણથી હલકો વીચાર લેઇ બેશે તો મોહટપણે પછે ગમે એવાં તેઓ લાડ લડાવે તોય તેણીનાં દીલમાં શારૂ લાગે નહી તેમાં નવાઈ શી. જીલાઈ હું જરૂર કરી આપણાં વેહેવાઈ નાગરશાહ સાથે એ વીશે વાત ઊપરથી વાત કરશ અને મને આશાછે કે તેનાં દીલમાં હું કાંઈ જરારતીબી ઊતારી શકશ. હવે મારે તમુને એક વાત કહેવીછે તે શાંભલો—આપણી વહુ નાજાં ઊપર તમો જે હેતં તથા માયા રાખોછ તે પુરતાં નથી અને આશા રાખુછ કે આપણી છોકરીઓ સમાંન તેને ગણી માવતર માંફક ચાહાતાં રેહેશો અને આએ કેહેવત હમેશાં ઈઆદ રાખજો કે "જેવુ તમે ઈછો કે બીજાંઓ તમારી સામે ચાલે તેવીજ રીતે અને ચાલથી તમો તેવો સામે ચાલજો."

હાલતો મને વધારે ખરચ કરતાં રોકલો રાખો.

# પરચુટણ.

કોઈબી વાંધાનુ શેત્રટ લાવવું હોયતો તમારા પોતપોતામાં ચુકાદો કરી નાખો; પણ જો તેને વધારવો અથવા લંબાવવો હોયતો વચમાં વકીલને બોલાવો.

---

એક ચાલાક ફરેનચે રબરની પાંખો બનાવવાનું શોહોધી કાહાડીઊંછ, જે પાંખ જલદીથી માણસ પોતાના શરીરની બાજુએ બાંધી શકેછ અને માછલીની પેઠે વગર અડચણે પાણીમાં પડી રેહી શકેછે.

---

હાલ હીંદુસતાંનની વસતી વીસ કરોડની ગણાએછે.

---

એક આલસુ છોકરાને તેના બાપે કહેઉં કે બાવા હુ હો કેટલોવાર બીછાનામાં પડી રેહેશો, જો સુરજ વટીક તારી કેટલો આગમચ બાહેર આવી પોતાનું કામ કરેછ અને તુ જ આલશું બીછાનામાં પડી રહુએછે."

છોકરાએ આંખ ચોલી બેસરમ રીતે જવાબ આપીઓ કે બાવા સુરજને આપરા કરતાં ઘણો લંબાંન બકરાવો ફરવોછે તેથી તે શકારે ઉઠી કાંમ કરે તેમા શી નવાઈછે.

---

ગરમી ગરમીને મારછે—દારૂ દારૂને મારેછે !!! જો કપરાંની ઉપર પોરટવાઈનનો દાઘ પડીઓ હોય અથવા ઘોરાપો હોયતો તે કપરૂ ભીનું હોય એટલામાંજ શેરીવાઇનમાં પોતું અથવા વાદલું ભીનવરી તુરત તે ભાગ ઉપર લગાડવું જેથી તે કપરૂ જારે ધોવાજાય તારે શેહેજમાં તે દાઘ નીકલી શકશે પણ જો તેમ નહી કીધું હોયતો ઘણીવાર દાઘ બેસી જાયછે અને પાછો નીકલતો નથી

---

બારી આંખનો ઈલાજ—એવું કેહેછે કે જેની આખ નાનપણમાંથી બારી હોય તેને એક ચોકસ જાતનો નાચલી વીગતનો ચસમો પેહેરાવો જોઈએ જેથી એ ખોડ આગલ જતા નીકલી જાયછે. બારી આંખવાલાં હમેશાં એક ખુણેથી જોવછે તેથી જે આંખમા એ ખોડ હોય તે આખ આગલ ચસમાની ફરેમમાં કાચને ઠેકાણે એક સીંગડાંનો પતલો સફાઈદાર કટકો બંધબેસતો બેસાડવો અને તેની બરાબર વચે એક સુરાખ પાડવું જેથી પેલાં બચાને એક ખુણેથી જોવા જતા કાંઈજ દીસતું નથી તેથી પેલાં સુરાખમાંથી જોવાને તેને ફરજ થઈ પડેછે જેથી તેની આંખની કીકી પોતાની મેળે પેહેલાં જરા શકતીથી વચોવચ આવેછે અને એમ કરતાં રફતે રફતે આગલી ખોડ નીકલી જાયેછે. ચસમાની ફરેમનો બીજી શોજી આંખનો ગાલો હમેસાં ખાલી રાખવા માં આવેછે.

---

એક ચોરેલો કુતરો—ઈંગલંડમાં એક ગરહસથને તાંહાં એક ભરવાડી કુતરો હતો, કે જે વાત કરીયા વતરો ગે પોતાના ઘણીનું બધુ કાંમ કરતો હતો. જો દરએક છોકરો અને છોકરી પોતાનુ કામ કરવામાં ઈમાનદાર નીવડે તો દુનીઆને પુસકલ ફાએદો થયા વગર રહે નહી. એ કુતરાનું નામ કોલી કાંને હતું. એક દાહાડે એ ભરવા

કે એ કુતરાના સેઠની પાસેથી એક ઘેટાંનું તોલું ખરીદ કી ધું, કે જે ટોલાંને તે ભરવાદનાં ઘેરઘેર હાંકી જવાને કોલી ના શેઠે તેને ફરમાવીયું. તે ભરવાડનું ઘેર તે શેહરથી ૩૦ માઇલને અંતરે હતું. કોલીના શેઠે તે ભરવાડને જતી વ ખતે અરજ કીધી કે જાહારે તમે તમારે ઘેર જઈ પુગો તા રે આએ કુતરાને સારી માહાવજતથી ખવારીને પાછો ઘે ર જવાને ફરમાવજો. એ ટોલાને આટલી લાંબી મુસાફ રીવેર બરાબર હાંકી જવાને ઘણાએક ચપલ માણસો અને છોકરાઓ જોઇતે તેજ કામ એક વીશવાસું કુતરાએ કીધું. પેલો ભરવાડ કુતરાની ચતુરાઇથી એટલોતો ખુસી થયો કે તેહેને પોતાને ઘેર રાખી મુકવાનો ઠરાવ કીધો. તે ભર વાડને તે ગાંમ છોરી બીજે ગાંમ જવાનુ હતું, તેથી પેલા કુતરાને એક જગાએ બંધ કીધો, અને તેના જુનાં શેઠનો પે યાર વીસરાવીને પેતાનો પેયાર લગાડવાની તજવીજ કીધી. પણ તેહેની બધી મેહેનત ફોકટ ગેઇ. કોલીને જે સારો ખોરાક આપવામાં આવતો હતો તે એક ચેવાના કુતરાની પેઠે ખાતો હતો, પણ પોતાના છુતકારાના વખતને ઘણી ચ પલાઇથી તપાસતો હતો. પણ ઘણાએક દાહાડા સુધી તે બીચારો નીશફલ થયો. દેવજોગે તેને એક તક મલી કે જે નો લાભ લેવાને કોલી ચુકીયો નહી. તે પોતાના મનમાં કે હેવા લાગો કે "આએ માણસે મને ચોરવાની વેતરન કી ધી, તેમજ ઘેટાંનીબી ચોરી કીધી હોએ એમાં કંઇ શક ન હી. હુંતો ખરો કે એ બધાં ઘેટાને એકઠાં કરીને માહારા શેઠને તાહાં પાછા લેઇ જાવુ." કોલી એવો વીચાર કરીને જાંહાં તેને બંધ કીધો હતો તાંહાં એક ખાતર પાડીને બા હાર નીકલયો, અને બધાં ઘેટાંને એકઠાં કરીને તે અંધા રી રાતને સમે એક વાત ખાડા ચોરની પેઠે પોતાના જુ ના શેઠનાં ઘેર તરફ તે ટોલાને હંકારી ચાલયો. કોલીનો જુનો શેઠ તેને ઘણે દાહાડે પેલાં ઘેટાના ટોલાં સાથે પાછો આવેલો જોઈ ઘણો અજબ થયો!

## રમુજે ફુરસત.

૧ લું—મારૂં નામ તરણ અખશરનું બનેલુંછે. મા રા આખા નામનો તમે અરથ કરોતો હું આ દુનીઆમાં માંણસ જાતને ઘણો ઉપયોગીછું. તમે મારી ઉપર સવારી કરોતો તમે મારૂં સવરૂપ જોઈ ડંક થઇ જાવો. મારો પેહે લો અને છેલો અખશર લેવોતો હું બીજો એક શબદ થાંઉ, જે સમજીઆ વનાં આ દુનીઆનો કારોબાર ચાલેજ નહી. વલી તમે મારો પેહેલો અને બીજો અખશર લેવોતો હું એ ક હુનરમાં વપરાતો ચીજ થાઉંછ જે વનાં હુનરનાં કામમાં હીંદુસતાંનને હાથ જોડી બેસી રેહેવું પડતે, પણ મારે લીધે હાલ હીંદુસતાંન મગરૂરછે અને ઇંગરેજો પણ પોતાને મુલક મહને લેઇ જઈ ઉપયોગમાં લેછે. વલી તમે મારો બીજો અને તરીજો અખશર લેવોતો હું એક મીનનું નામ થાંઉ જે ઘણી જાતની મીનનાં પેટામાં હોવીજ જોઈએ.

(મલેલું.)

૨ જું—ધમણ ધમતી રહી ગઈ, બુજી ગયો અંગાર,
એરણ ટબકતી રહી, ઉડી ગયો લુહાર.

૩ જું—કાલો જેસી ઓરત હે, કાલે દરમે રેહેતી હે,
કયુંબી પાંણી પીતી હે, બાદશાહકુ જવાબ
દેતી હે.

(સત્યોદય.)

## ખોલાસો ગઈ વેલાનો.

૧—સરકસ.

લા ર ન સ
ફ રી આ ર
ક લા ર ક
હેસટીંગસ

૨—૧૫૦૦)

## મરણના ભયથકી પ્રભુને ભજવા વિશે.

"કઠણ થયા માધવ મથુરા જઈ કાગળ ન
લખીયો કઠકોરે," એ રાગનું.

હરી ભજન કો કરવા સારૂં, તતપર કાં ન થાયે રે
કાયા કાચી જગ નહી સાચી, જાન જોતામાં જાશેરે.રેક ૧
તન દઇને ધન મેલવેલું, સાથે નહી આવનારૂં રે
જોબન જાઈ જરા આવશે, કેવું લાગશે અકારૂં રે.હરી ૨
સ્મર્ણ કરતાં વાર ન લગાડો, ચીત હરીમાં રાખો રે
દુખ દુનીઆનાં મટી જાયજો, હરીનામજ ભાખોરે.હરી ૩
સ્વપનરૂપી આ સંસારની, મીલકતમાયા ખોટી રે
સઘલુંરે સવઠામે પડયે ને જમની ખાશે સોટી રે.હરી ૪
પામશે જેવું કરયુ હશે તે, નહીજ કદી મટવાનુ રે
બીજ જેવાં ફલ નિપજશે, શું રેહેશે કાંઈ છાનું રે.હરી ૫
ઘડી જાય તે કદી ન ગુમાવો, ભજી હરી વખાણો રે
સદાઅવસર સરખો નહી આવે, ભટ કહે સૌમાનોરે.હરી૬

## પોંહોંચ.

સુરત મધે પરગટ થતા વીદીઆ વીલાસ ચોપાનીઆનાં બે અંક તથા "દુભાશીયો" નામના નવા ચોપાનીઆના જાને વારી તથા ફેબરવારીના સાથે બાધેલા બે અંકો, ભરૂચ પરદર શનં વરણન, દેશી શેઠોને બે બોલ તથા કાઠીઆવાડમાના સ વસથાન ગોંડલની રઈઅતમાંના કેટલાએક વાંણીઆઓએ માહ જનને નામે છાપાવેલાં રીતુરની હકીકત તથા સી ગ્નાન દીપક એ નામની ચોપડી તથા ચોપાનીઆઓ તેઓના બનાવનારો તરફથી મલીઆછ તેની પોંહોંચ માન સાથે કબુલ રાખીએ છઇએ.

એક બાઇ હમોને એવી અરજ કરેછ કે બચાને હાલે રૂં ગાવા લાયક આ જમાનાને શોભે તેવાં એકાદ બે ગીતો જોડા વી હમારા ચોપાનીઆમા પરગટ કરવાં. એ ઉપર હમો હમારા કવી તા લખનારાઓને ધ્યાન પોહોંચાડવાની ભલામણ કરીએ છઇએ.

# સ્ત્રીબોધ.

પુસતક ૧૩ મું. ફેબરવારી ૧૮૯૯ આંક ૨ જો.

## ધરમશાળા

અથવા

### ''જંગલમાં કહેલી ચાર વાતો.

યુરપખંડનાં જરમની દેશનાં એક ગીચ જંગલમાંથી એક દીવસે બે મુસાફરો પોતાનો રસતો લેતા હતા. એક ઉંમરે ૧૮ વરસનો હતો અને ધંધે લુહાર હતો. બીજો એક કાવલી કાઠીનો તેનો શોબતી જે જનમમાં પેહલુજ બાપીકુ ઘર છોડી નીકલયો હતો તે ૧૬ વરસની ભરતીમા હતો અને તે એક જહવેરીને તાંહાં શીખાઉ હતો. સુરજનાં છેલવાં કીરણ અંધારાં સાઉં લડાઈ કરતા ગુંમ થવા લાગાં, પક્ષીઓ પોતપોતાનો માલો ધરવા લાગાં, અને જંગલે ઘણો ડહરામણો આકાર ધરયો.

લુહવારનો છોકરો ગાનું ગાતો ગાતો સાબુદ કદમ મેલતો હતો અને હીંયાં તીયાંહ ઉભો રહીને પોતાના કુતરાને મમતાંનાં શબદો બોલતો હતો. ધરમશાળા હજુર ઘણી દુર હતી અને રાતનો સમય થવાથી તેઓને ઘણી ચીંતા ઉતપન થઈ.

જહવેરીનો છોકરો જેનું નામ ફેલીકસ હતું તે દરેક પલે ઉભો રહી આજુપાસ ધાસતીથી જોતો હતો. પવનનું ફુંકવું, અને પાડદાંઓનું ખરવું તેના મનમાં કરપીનોનાં કદમ અને ફાંસીગરોના ફાંસાના ખેયાલ પેદા કરતા હતા. ફેલીકસ પોતાના વતનમા બાહાદુરીમાં નામ ખપાવતો હતો પણ આ વેલા પોતાની દેહેશત દબાડવાની તેનામાં તાકાત રહી નહી. મુસાફરીપર નીકલયા અગાઉ તેના સોબતીઓને મોહોડેથી એ જંગલમાં થએલી લુટ અને ખુનોનાં એવા ભયંકર હેવાલ સાંભલયા હતા કે તેનાં કરતાં એવડી ઉમરનો માંણસ, આવું એકાંત જંગલ, જે રાતનાં સબબથી ભયભીત થયલું, અને જેમાં તરેહવાર અવાજ શંભલાય, તે પણ કંપેતો તેનો વાક નીકલે નહી.

"આપણે તો બેજ જણા છઇએ અને પગથી માથાં સુધી હથીયાર બંધ લુટારાઓ આપણી ઉપર તુટી પડેતો આપણો બચાવ કેમ થાય" એ વીચાર ફેલીકસનાં મનમાં ભમયાજ કરતો હતો. તે ઘણોજ પસતાવો કરવા લાગો કે તેના સોબતીનું કહયું માની તેઓ મધ બપોરે જંગલ પસાર કરવા નીકલયા અને રાતનાં સંકટનો ખેયાલ વટીક કીધો નહી. તે પોતાના દોસતને બોલયો કે "જો આપણો જાન આજ બરબાદ થયેતો તે સઘલો તાહારો વાકછે. તું જો મહને બોહોસ કરતે નહીં તો આ કીઆમતને દાહાડેની મુસાફરી કરવા હું નીકલતે નહી"

લુહાર બોલયો કે "છટ; એટલો પોચે હઇયેનો ધાના. મુસાફર બચાએ કોઇબી ચીજથી ડરવુ જોઇતું નથી, અને હીંયાં ડરવા જેવુ છે શું? માહારા ફુટા તુટા ડગલાના ખીસામા ચાર પાંચ રૂપરડી પડેલીછે તેનો લોભ કરી તું શુ ધારેચ કે આ જંગલનાં લુટારાઓ આપણો જાન લેશે! એમ ધારવુંજ સરતાપા મુરખાઇછે. ચાર ઘોડાની ગાડી દમક મારતી જતી હોએ, અંદર અમીર ઉમરાવ જવાહેરથી લાધેલા બેઠા હોય તેવો લુમકો ખાવા લુટારાઓ પોતાનાં ભાઇબંધનો જાન લોએ. નહી કે માહારા સરખાની દોલત લેવા જે બજારમાં લઇ જાયતો ખાવાને જેહેરબી નહી મલે.

ફેલીકસ એકદમ ચાલતો અચકીને બોલયો કે "વારૂં શું આ કોઇ શીશોડી વગાડતું નથી!"

"અરે ગધેડા એતો પવન ઝાહાડ પાનમાંથી પસાર થાય તાહારે એવોજ શોહેર કરે. ચાલ હવે પગલાં ઉંચક એક કલાકમાતો પેલી પાર થઈ જશું"

"હા બા તેં તાહારા સબબો જણાવયા તે ઉપરથી તું ચોરોથી નહી બીહે પણ માહારી વાત ઓરજછે. માહારા જોહોલામાં સુંના મોતીના દાગીનાછે."

લુહાર બોલયો "પણ તેઓ તુંહને મારી શું કરવા નાખે? જાણે ધાર કે વાટપાડાઓની ટોલકી આ સામી જાડીઓમાંથી ભરેલી બંદુકો સમેત આપણી સંમું દોડી આવે અને કેહે કે 'ઘરસથો અમુને પુછવાની રજા આપશો કે સાહેબોનાં હાથમાં શુંછે? જો કોઈ ભારી બોજો હોય તો મેહેરબાની કરી હમુંને તે હલકો કરવા દઓ' અથવા એવીજ મતલબનું બોલેતો આપણે કરવું એટલુંજ કે આપણી માલ મતા તેમની આગલ મેલી આપણો જીવ વેચાતો લેવો."

જહવેરી બોલયો "અરે ભલા માંણસ ઘણે વરસે માહારી ગરીબ માતાને માહારી ગુંજાસ મુજબ થોડા દાગીનાં આપવા જાઉંછું તાહારે તું મહને આવી સલાહ આપેછે! નહી; એમ કરૂં તેની અગાઉ પેહલે હું માહારો જીવ આ

પીશ. જે માતાએ મહને પાલયો, પોશયો, ઉધારયો તેનું દસ વરશે મોહોડું જોતી વખતે હું માહારી કારીગરીનાં નમુનાં તેણીને દેખાડું નહીતો હું કેહવો નગુંનો ગણુાઉં ? નહી; હું કહુંછું કે માહારી હલાલ મેહેનતનાં દાગીનાં જે માહારી માતા બદન ઉપર જોવાને હું ઈંતેજારછું તે હરામખોર વાટપાડાનાં હાથમાં જાંહાંસુધી માહારી નાડી ચાલશે તાંહાંસુધી જવા દેનાર નથી."

બોલીમાં એ વાત મીઠી લાગેછે. તાહારો જાન જાયતો પછી એ દાગીનાં તાહારી માના હાથમા જનારછે કે ? તેણીની શધલી અશકેઆમત ફના થાય પણુ તુંને જીવતો જોયતો તે ખંગ વલેલી શમજે.

ફેલીકસે પાછો ઉતર દીધો નહી. રાત એવી અંધારી થવા લાગી કે પાંચ ડગલાં આગલ શુંછે તે આ જુવાન મુસાફરોને દીસયું નહી.

જહવેરી દરેક પલે મોતની ચુંગાલમાં પડવા બીહતો હતો. તે લુહારની બાજુએ બાજુ અઠડીને ચાલતો હતો અને જરા જરામા પાછલ ફરી જોતો હતો. એક કલાક મુંગા મુંગા ચાલયા બાદ દુરથી એક બતી એક ચલકતા સેતારા માફક પરકાશવા લાગી. જહવેરી આ બતી જોઈ ખુશી થયો નહી કારણુ તે ડરવા લાગો કે એજ ઘણુંકરી લુટારાઓનું મથક હશે. પણુ લુહાર તેના બીહીકના સોબતાને હીમત આપી બોલયો કે " એ તો પેલી ધરમશાલાછે જેને માટે આપણે જંગલમાં પેવશ થયા તેની અગાઉ શાંભલયું હતું. લુહારનું બોલવું ખરૂં પડયું કારણુ થોડાવારમાં બેહુ મુસાફરો એક મોટી પણુ પડી ભાગેલી ઈમારત આગલ આવી પુગા. બારણુા આગલ એક છોડેલી ગાડી ઉભેલી હતી અને થોડે દુરથી ઘોડાના ખંખારનો અવાજ આવતો હતો. એક બારી ઉંઘાડી હતી જે માંથી લુહારે અંગોઠા ઉપર ઉભો રહી અંદર ડોકાવયું. એક લેટવાની ખુરસી ઉપર એક શખસ ઉંઘાતો હતો જે તેના પોશાક ઉપરથી પેલી બાહેર ઉભેલી ગાડી હાંકનાર લાગો અને તેની સામે બેસી એક બુટી ઓરત અને એક છોકરી કપડાં સીવતી હતી. એક ટેબલની ઉપર દારૂનું ગલાસ પડેલું હતું અને તેની આગલ એક પુરૂશ બેઠેલો હતો જેના મખમલના પોશાક ઉપરથી લુહારે તેને કોઈ નામાકીત મુસાફર ધારયો.

પણુ લુહારને જોઈને કુતરો ભોકયો જેને લુહારના કુતરાએ હુંકારો દીધો જેથી પેલી છોકરીએ ફાણુસ હાથમાં લઈ બારણું ઉઘાડયું અને તેના પરોણુાઓના મોહોડાં તપાસયાં.

જેવુ પેલા મુસાફરોએ આ છોકરીને મોહોડેથી શાંભલયું કે તેઓ ધરમશાલા આગલ ઉભાછે અને તેમને રાતનું ખાણુ તથા સુવાને બીછાણુા મલશે તેવાજ તેઓ અંદર દાખલ થયા અને પોતાનો સામણુ એકમેરે મેલી ટેબલ આગલ બેઠા. પેલો મખમલના કપડાં પેહેરેલો જુવાન મુસાફર ઉઠયો અને પેલા નવા મુસાફરોની સલામ પાછી ફેરવી થોડોવાર પછી પેલો જુવાન મુસાફર બોલયો કે "ભાઈઓ તહમને ઘણું મોડું થયું. આવી બીહામણી રાતે આવાં અઘોર જંગલ પસાર કરતાં તહમે ડરયા નહી ? માહારીતો હીમત ચાલી નહી તે હીંયાં આજ રાતનો વીસામો કરી ભરી બામદાદ જંગલની પેલેપાર નીકલી જવાનો વીચાર કરયોછે."

લુહાર બોલયો કે "તહમેતો સાહેબ બેહેતર કીધું. ઘોડાના પગલામાં સાહેબ એક જાતનું એવું મધુર ગાયનછે કે બતી ઉપર પતંગીયું મોહીત પડી દોડે તેમ લુટારાઓ તે ઉપર દોડેછે. પણુ સાહેબ હમારા સરખા મજુર પાંઉં પેયાદાઓ હમારી બીશાદ શું કે હમારો દમ નીકલે અને વલી તે ઉપર લુટારાઓ લલચાઈ આવે ?"

હમારા આવવાથી ગાડીવાલો ઉઠયો હતો અને માહારૂં બોલેલું શાંભલી તે બોલયો કે "વાતતો સાહેબ તહમારી ખરીછે; પણ માહારી જાણુમાં દાખલા બનેલાછે કે એવા ગરીબ રાહાદારીઓને પણુ લુટારાઓએ ગમત ખાતર મારી ઠાર કરયાછે ઈયાતો તેમને પોતાની નોકરીમાં જબરદસતીથી લીધાછે."

જહવેરી બોલયો કે "જો એવુંછે તો આ ધરમશાલામાં કાંઈ સલામતી મલે એવું હોયજ નહી. જો હમણુા એક ધાડ઼ં આપણી ઉપર તુટી પડેતો આપણો બચાવ થાય કેમ ? અને હાલતો આપણી પાસે શું સાબેતીછે કે આ ધરમશાલાના રખેવાલ પરમાણીક માણસોછે ?" આ પાછલો વાકય જહવેરી ઘણે ધીમે અવાજે બોલયો હતો. જોકે પેલી ડોસી અને છોકરી પોતાના કામસર ઉઠી બાહાર ગયા હતા.

ગાડી હાંકનાર બોલયો કે "એ બાબદ ઉપર તહમારે ચીંતાતુર થવું નહી. આજ દસ વરસ થયાં હું હીંયાં આવજાવ કરૂંછું અને હીંયાં કોઈનો બાલ વાંકો થયલો શાંભલયામાં આવયો નથી."

પેલો પેહેલો મુસાફર બોલયો કે "પણુ તું આ વાત ભુલી જાયછે કે થોડુંક થયું એક મુસાફરોની નાની ટોલકીના ગુંમ થવાના સમાચાર ફેલાયા હતા અને આજશુધી તે ખોટા ઠરયા નથી. તેઓ મુસાફરી નીકલયા તેની અગાઉ એમ બોલતા હતા કે હમે રાતનો વીસામો આજ ધરમશાલામા લઈશું હીંયાં તેમના ખેશાવંદોએ ઘણી ખબર કાહાડી અને કાઈપણુ પટો તેમને હાથ લાગો નહી. એથી આ ધરમશાલા વીશે માહારા મનમાં ખતરોછે."

લુહાર બોલી ઉઠયો કે "બેહેતર તારેતો કે કોઈ ઝાડ તલે વીસામો લઈએ. આ ચોમેર ફરતી દેવાલ કદાચ આપણું બંદીખાંનુંજ થઈ પડે અને હીંયાંથી પછી નાંહાસવાનો રસતો મલનાર નથી."

ઉપલી વાતથી મુસાફરોમાં ઘભરાત ઉઠયો અને તેઓ ધાસતી રાખવા લાગા કે ધરમશાલાના માલેકો લુટારાનીજ સંકેતાછે.

ગાડી હાંકનાર બોલયો કે "ઘરસયો જાહારે તહમે એવીજ ધાસતી રાખોછો તાહારેતો બેહેતર કે આપણે ઉંઘાઈએ નહી કે વખત પડતાં કશું હોયતો આપણા જાનની તકેદારી થઈ શકે."

શઘલાઓ કબુલ થયા અને રાતનો વખત સેહેલાઈથી પસાર કરવા એક મતે શઘલાઓએ દરેકને આવડતી કોઈબી વાત કરવા ઠરાવયું. પેહેલી વારી લુહારની આવી જેણે એક દારૂના ગલાસથી શારીપેઠે ખંખાર મારી હરણના સીકાની વાત શીરૂ કીધી.

## ભાગ ૧ લો.

### *હરણના ફ્લારીનની વાત.

ઘણાએક વરસની વાત ઉપર આપણા દેશમાં એક નામીચો ઠીયો હતો જેમાં એક મગજથી અરધો ખીસેલો અમીર રેહેતો હતો. તે દેખાવમાં કઠોર હતો, બોલીમાં પાજી હતો, અને મરજીમાં આપખુદ હતો. જો કોઈ ગરીબ ખેડુત તેને નમીને સલામ આલેકુંમ કરેતો તે "હું લુચા તાહારી ખબર લેઉંચ" એવી રીતે તાજીમ તવાજ કરે. આવી ચાલને લીધે લોકોં તેને ભુત મામાને નામે ઓલખતા.

અમીરની એક અમીરજાદી હતી તે તેનાં ખવાસથી તદન ઉલતીજ હતી. તે જીંદગીની ખીલતી બાહારમાં હતી. મધુર તેની જબાન હતી, શીરીન તેની આંખો હતી, અને મોમ તેનું દીલ હતું. તેણીના ભરતારની જમીન ઉપર જે ખેડુતો ભારે રેહેતા હતા તેમને દીલાશાના શખુનો કહી તેણીના ભરતારનાં કવડા બોલોનુ જેહેર દુર કરી આપતી હતી.

પરણ્યા પછી એક વરસે અમીરજાદીને તાંહાં પુતરની વધી થઈ જેનું નામ કીપુનો કરી રાખ્યું. આવે ટાકણે પણ અમીર પોતાની ઓરત તરફ હંમેશ મુજબ મમતાથી વેગલો રહયો. ખાવા અને ઉંઘવા સીવાય શઘલો વખત તે પોતાના ઘર બાહાર શેકારમાં ગુજારે. દર આતવારે તે બપોરે ખાણું ખાય કે તે વખતે તેના હુકમ મુજબ દાઈ તેના પુતરને તેની આગલ લઈ જાય અને અમીર તેને બે ઘડી હાથમાં લીએ, તેની સાઉું ટગર ટગર જોય, ને નહી સંભલાય તેવા શબદો બોલી પાછું તે બાલકને દાઈને સવાધી ન કરે. એક દાહાડે તે બાલકના ગુલાબી હોથમાંથી ફાટી "બા, બા" એવો મધુર અવાજ નીકલયો તાહારે અમીરે હરખાઈને દાસીને એક સુંનેરી સીકો આપયો પણ એ હેત વગર અમીરની તેના બાલક તરફ દીવસોજી ઉશકેરાઈ નહી

કીપુનોની તરીજી સાલગરીના દીવસે અમીરે બે ઘોડા મંગાવયા. કીપુનોને તમામ જરીનો પોશાક પેહેડાવી અમીરે તેને કેડ ઉપર મારયો અને દાદર ઉતરી નીચે આવયો. અમીરજાદી પણ તેની પુંઠે ઉતરી અને જોકે તે કોઈ પણ દીવસે પોતાના ભરતારને પુછતી ન હતી કે તહમે કયાહ જાઓછો તોયપણ આ વખતે પોતાના છોકરાને ખાતર તેણે તે સવાલ અમીરને નાખયો.

"પેયારા ભરતાર કીપુનોને કયાંહ લઈ જાઓછો ? આજ એને માહારી સાથે હું લઈ જાઉંછું."

"છટ" એટલું બોલી અમીર આગલ ચાલયો અને જાંહાં પેલા બે ઘોડા ઉભેલા હતા તાંહાં આવી ઉભો. એક ઘોડાની જીન સાથે તેણે કીપુનોને ચામડાંના પટાએ બાંધયો અને બીજા ઘોડા ઉપર પોતે ફલાંગ મારી કીપુનોનાં ઘોડાની લગામ પણ પોતાનાં હાથમાં ધરી તે બેહુ ઘોડા દપટાવી કીલલાની બાહાર પડયો. અમીરજાદી ફેકેફોક રડતી પાછી અંદર ગઈ.

જેમ જેમ ઘોડો દોડે તેમ તેમ કીપુનો તાલી પાડવા લાગો, હસવા લાગો અને ઘોડાની ઈયાલને વલ દેવા લાગો કે તે કદમ વધારે. અમીર એ જોઈને ઘણો હરખાઈ ગયો. તે બોલયો કે "સાબાશ, સાબાસ, બચા સાબાશ. હજી તહને હું શેર બચો કરી શકોશ."

પણ થોડો વખત વધારે ગયો કે કીપુનો કંટાલવા લાગો અને પોતાના બાપને કાલા વાલા કરવા લાગો કે જરા ઘોડો ધીમે ધીમે હંકાલવો. પણ અમીરે ઉલટો ઘોડાને કાંટો મારયો અને લાચાર કીપુનો ડચકાં ખાઈ ખાઈને રડવા લાગયો.

અમીર બોલયો "છટ, છટ; એ પેહેલીવાર એમજ લાગે જરા સબુરી ધર."

પણ એવામાં એક જોકાથી અમીરનાં હાથમાંથી કીપુનોનાં ઘોડાની લગામ છટકી પણ તરત તે અમીરે પાછી ઝાલી અને જોયછેતો ઘોડા ઉપર પોતાનું બાલક મલે નહી. અમીરનું લોહી જોરથી દોડવા લાગું. તેણે ઘોડાને થોભાવયો. "માહારો છોકરો મારયો ગયો" એમ તે મોટેથી બોલી ઉડયો અને દાહાડીનાં બાલ પીખતો પીખતો તે ચોમેર ઘોડાને પોતાના બેટાની શોધમાં ફેરવવા લાગો. તે વીચારવા લાગો કે માહારો છોકરો એક પાણીની ખાઈ જે તેઓ પસાર કરી અવયા તેમાં પડી મુવો હશે પણ એવામાં કોઈ બાલકનો મીઠો અવાજ તેને કાને પડયો અને તે બણી દોડતા તેણે પોતાના કીપુનોને એક ઝાડ તલે બેઠેલી ઘરડી ઓરતનાં ખોલામાં બેઠેલો જોયો.

જે પેહેલું મલે તેની ઉપર પોતાનો કેહેર કાહાડવા અમીરે પેલી ઘરડી ડોસીને તુંદ મીજાજમાં કહયું કે "બોલ ડાકણ આ બાલક તુંહને કયાંહથી મલયું ? લાવ, એ માહારૂં છે."

પેલી ઘરડી ડોસી બોલી કે "નામવર અમીર એટલા કફા ના થાઓ. તહમારા ઘોડા દોડતા આવતા હતા તેવામાં મેં આ બાલકને જીન સાથે લટકતાં જોયું અને તેના બાલ જમીન સાથે અડડતા હતા. ભોગ ચોઘડયે એવાંમાં તેનો પાવરો તુટી ગયો અને મેં તેને પડતાં જોઈ માહારા હાથમાં જાહાલી લીધો."

અમીર ગુસાથીજ બોલયો કે "બસ કર, તરડી બસ કર એ બાલક મહારે સવધીન કર"

ડોસી ઘણીજ કાકલુદી કરી બોલી કે "એક હરણી સીકકોતો વારૂં મહને દીઓ !"

અમીરે તરાંબાના સીકકા તેના આંગ ઉપર ફેંકી કહયું કે "ચુપકીદી પકડ. લાવ માહારૂં બાલક"

"નહી, નહી સાહેબ; એક ફલોરીન,——એકજ હરણી ફલોરોન હું માગુંછું. હું ઘણી લાચારછું સાહેબ."

"શું એક હરણી ફલોરીન ! અરે ડાકણ તુંને આખી વેચેતો તેના એટલા પઈસા ઉપજે નહી. જો માહારૂં બાલક મુંગી મુંગી આપજે નહીતો હમણા માહારા કુતરા તારી ઉપર વલગાડી મેલીશ."

"શું મહને વેચેતોબી એકં ફલોરીન નહી ઉપજે ! તાહારા સરખા અમીરતી ગણતરીમાં એક ફલોરીનની બીશાદ શું ? તોબી હઈપે ગોખી રાખ કે એક દાહાડે એવોબી આવશે અને તે દાહાડો કાંઈ દુર નથી કે જે અમીર મહ

* એક જાતનો સીકો જે ઊપર હરણના આકારનો છાપ ઊઠાવેલો હોયછે

ને હમણા એક ફલોરીન આપવા ના પાડેછે તેની આખી
દોવત એક વધારે લાએકીવાલા ધણીના હાથમાં જશે—અને
પછી તે એક ફલોરીનની કીંમતે અંકાશે. લે આ તારી બે
રાત; તારી પાસેજ તેમને રાખ મહને તેની ગરજ નથી."
એ શબદો બોલી પેલી ડોસીએ અમીરના આપેલા તરાંબા
ના સીકકા એવીતો ચાલાકીથી પાછા ફેંકયા કે તેઓ આ
બાદ જઈને અમીરની કોઠલી જે તેના હાથમાં હજી ઉંઘાડી
હતી તેમાં જઈ પડયા.

આ હાથ ચાલાકીથી અજાએબ થઈને અમીરે મોહો
ડેથી એક વધુ શુખન ઓચરપો નહી; પણ પોતાની નાની
બંદુકનો ગોલો ચહડાવી પેલી ડોસીના માથા તરફ નેમ ટા
કી. ડોસી જાણે કાંઈ થતું ન હોય તેમ પેલાં બાલકને ચું
મીઓ લઈ નચાડવા લાગી અને તેને એવી રીતે ધરયું કે
પોતાના માથાં તથા અમીરની બંદુક વચે તે ઢાલ હોય.

તે બોલી કે "ગુલાબી ફરેરાતા ! હંમેશ એવો રેહેજે
અને ઈશવરની પનાહમાં તું રેહેશે" પછી અમીરને આં
ગલાંની ઈશારતથી ધમકી દેખાડી તે બોલી કે "જીંદગી તુ
લીક એક હરણી ફલોરીનનો તું મહને દેવો રેહેશે." એમ
કહી તેણીએ બાલકને જમીન ઉપર મેલયું અને પોતે જંગ
લમાં પોતાની કુબડીના આધારે ચાલતી થઈ. અમીરે તે
બાલકને પાછુ ઘોડા ઉપર ધુજતે હાથે મેલયું અને પોતાના
કીલલા તરફ રસતો ધરયો જે સવારી ખુશબખતીથી શરૂ
થઈ હતી તે ગમગીનીમાં અંત આવી અને જારથી ફીયુનો
એ ઘોડા ઉપર રડવા માડયું તારથી અમીરે વીચાર ફેરવયો
કે એ છોકરા ઉપર મેહેનત ખરચેલી વેપરથ. તે દીવસથી
અમીરનો ફીયુનો ઉપરનો રહયો સહયો પેયાર પણ હવામા
ઉડી ગયો. તે જો પોતાના બાપ આગલ પરીતથી દોડી જા
યતો અમીર પોતાની મુછને ટાવ દઈ "છટ છટ" કરીને બોલે.

જાંહાંશુધી પોતા તરફ તેણીનો ખાવંદ ધીકારની નજ
રથી જોતો હતો તયાહ શુધી અમીરજાદીને ઘણો ખેદ થયો
નહી પણ પોતાના પશુ બાલક તરફ અમીરની આવી ઘાટ
કી ચાલ જોઈ તેણીનું કાલજું વીંધાઈ ગયું, ભુતમામાં
કોઈ વખત છેરાયનો તે પશું બાલકને નજીવા વાંકસર એવો
તો કઠણ માર મારે કે અમીરજાદી ધાસતીથી બેશુધ થઈ જા
ય આવી આવી જંજાલી ભોગવી અમીરજાદી દુખની
મારી ઘણીજ ટુકી વયમાં મરણ પામી અને પોતાની પાછલ
પોતાના બાલકને લાચાર મેલી તથા શઘલાં ગામને રડતાં
મેલી પેલી દુનયામાં હંમેશનો આરામ લેવા ગઈ

પોતાની ઓરતનાં મરણ પછી અમીરની પોતાનાં બ
ચાં તરફ ચાલ વધારે ઘાટકી થવા લાગી. અમીર ફરીથી
પરણયો અને તેની બીજી ઓરતને પેટે જાહારે બે જોડ છો
કરા અવતરયા તાહરે ફીયુનોએ ૧૪ વરસ પુરાં કીધાં હતા.

જે ગરીબ ડોસીએ તેનો જાન બંચાવયો હતો તે
ડોસીને તે પોતાની પાકી ઉમરમાં કદી ન ભુલયો
તે ઘરડી ડોસીના છાપરાની રોજ ભેટ લેતો હતો અને તે
ણીને પોતાની મા સરખા પેયારથી ચાહાતો હતો. ફીયુનો
નાં ચાકરો તે ડોસી ડાકણછે એમ કહી તેને તાંહાં જવાથી
ભડકાવતા હતા પણ ફીયુનોને તેના બાપનાં ઘરનાં પાદરી
એ નાહાનપણથીજ સમજાવયું હતું કે ભુત ડાકણોની વાતો
માણસ મનની કલપનાઓછે.

ડોસી ઘરમાં તરેહવાર પાલાઓનો અરક કાહાડતી
હતી પણ તેણીએ ખુદરતની પોઠી ઉઠલાવી મેલવેલું ગ્યાન
કમઅકલી લોકોને પીછાનવાની તાકાદ ન હતી. ડોસીનાં
હાથ તલે ફીયુનો ખબરદાર થયો અને શેકાર અને મછી
પકડવાનાં કેટલાએક ભરમથી એવોતો વાકેફ થયો કે જે તે
ણે પોઠીઓમાં વાચયું હોતતો મલત નહી.

જેમ જેમ ફીયુનોનાં જોડયા ભાઈ ઉગતા ગયા તેમ
તેમ તેની કમબખતી થવા લાગી. તેઓ ઘોડા ઉપર પેહેલે
બેઠા તાહારે રડયા નહી તેથી ભુત મામાનો સારો વીચાર
તેઓ વીશે ઠસી ગયો અને તેથી તેઓ ઉપર તે મમતા રા
ખી તેમની પદવી મુજબ તેમને હોંશ રાખી શીખાડવા લાગો.

વાંચવા લખવાનું અમીરને મનશે ગરહસથને લાયક
ની કેલવણી ન હોવાથી એ બાબદો સાથે માથું કુટવાથી તે
ણે પોતાના બેટાઓને પહરેજ રાખયા. ૧૦ વરસની વયે
તેઓ બાપનાજ જેવો સવભાવ દેખાડવા લાગા અને ફુક
તા પવન સાથે લડાઈ કરતા. તેઓ એકમેક સાથે દરેક
બાબદમાં મરાતા પણ જો ફીયુનોને ફસાવવાનો અથવા તે
નાં ઠઠા કરવાની ટક આવે તાહારે બેહુ દોસતીનો હાથ મે
લવી એક બોરડુ થઈ જતા.

અમીરનાં મનમાં પેલી ડોસીની અગમચેતી હમેશ
ડહરામનાં વીચારો બાધતી હતી. એ દેહેશતને લીધે તે
ણે પોતાના કીલલાની સામી બે ઉંચી ટેકડી હતી તે ઉપર
બે કીલલા બંધાવયા. અમીરે પેહેલે પોતાનો બાપીકો કીલ
લો પોતાના વડા બેટા ફીયુનોને આપવાનો ઠરાવ કરયો પ
ણ અમીરની ઓરતે રમખાન મચાવી અમીરનો વીચાર
ફેરવાવયો અને 'હરસબરગ' નામનો જે સરવેથી નાહાનો
કીલલો હતો તે ફીયુનોને અપાવયો તેના વાલફ નામના
બેટાને નસીબે અમીરનો બાપીકો કીલલો ગયો અને શાક
સબરગ નામના તેના જોડયા ભાઈને 'શાક' નામનો પેલા
બે નવા કીલલાઓમાંનો મોટો અને વધારે સારી જગાએ
આવેલો કીલલો મલયો. ઉપલી મુજબનું વશીએતનામું ક
રયા પછી થોડી મુદતે અમીરની બદ પહરેજીથી તે માંદગી
ને બીછાણે પડયો અને વઈદ કહે તેને "છટ, છટ" બોલી
દરકાર કીધી નહી તેથી મોત તેને લઈ ચાલતું થયું.
એકગમ અમીરે છેલલો દમ ખેંચયો કે બીજીગમ ફીયુનોને
તેના ભાઈઓએ કીલલામાંથી હાંકી મેલયો. જે જગામાં
તેણે પોતાનો જનમ લીધો હતો અને જે તેની માતાના છેલ
લા મુકાંમની પવીતર જગા હતી તે જગાને છેલલી સલામ
કરતાં ફીયુનો જાર બેજાર રડયો

દુનયાંમાં કોઈ બેશાવંદનો હમતો બોલ તેને માટે ર
હયો નહી તેથી ફીયુનોએ પોતાના બાપના પાદરીને તથા
પેલી ઘરડી ડોસીને પોતાના નવા 'હરસબરગ' ના કીલલા
માં રાખી.

જારે પેલા જોડ ભાઈઓએ ઉપલી ખબર શાંભલી તા
રે તેઓ ફીયુનોને તરેહવાર ગાલોથી ધોઈ નાખવા લાગા.
તેમની મા બોલી કે "ખરેખર અમીરના નામને તેના મો
ત પછી જેબ મલેછે ! ડાકણનેતો તેણે પોતાની મા કરી
રાખીછે ! જેવી એની મા ગરીબોને બેરાત આપવાનું બા
હાનું કાહાડી પોતાની નીચ ઘુનીઆદને લીધે કંગાલ બે

ડુતોમાં ભેલાતી હતી અને મોજ મારતી હતી તેવીજ ખશ હતનો એ ડુકતો પણછે."

પણ નાપેકાર અમીરજાદી અને તેણીના નાપેકાર બેટા ઓ જેમ ધારતા હતા તેથી એકદમજ ઉલટું ગામના લોકો નું મત હતું. જે ઘરડી ઓરતે તેને જાન બચાવયો હતો તેની નીમખહલાલીથી આવી રીતે કદર બુજ્છે તેથી કયુનો ની દરેક જાણથી તારીફ થવા લાગી. એ છતાં પો તાના ભાઈઓ સાથે હલીમલી જવા કીયુનો દરેક કોશેશ કરતો હતો અને જાહારે તેના ભાઈઓ તેને મલે તાહારે અવલું મોહોડું કરી ચાલી જાય તેથી તેને ઘણોજ ખેદ થતો હતો. પણ કીયુનોને પોતાની મુરાદ હાં શલ કરવાને એક ટક શુજી. તેના કીલ્લાની હદમાં એક મોટો સરોવર હતો જેમાં પુશકલ માછલી પેદા થતી હ તી. એ સરોવર તેમના બાપે તેમને નહી આપયો તે કા રણસર તે જોડયા ભાઈઓ રોજ બલાપો કરતા હતા. પણ તેઓની એટલી અભીમાની હતી કે તેઓએ મછી મારવા ની તેમની ઘણીજ વાહાલી અને દીલપસંદ ગમત બરબાદ થવા દીધી પણ પોતાના ભાઈની રજા માંગી નહી. એ અ ભીમાની કીયુનોએ જોઇને પોતાના બેહુ ભાઈઓને સરોવર માં મછી મારવા નોતરું દીધું."

## જેપાંન.

હમારા ગયા આંકમાં હમે જેપાંનની લુંમી ત થા તેમના લોકનું થોડુંક વરણન કરયું હતું. આજ હમો જેપાંનીશોના ખોરાકને માટે થોડું લખીએ છઇએ.

જેપાંનીશો, હમે આગલ કહું તેમ જાંનવરોનું મા શ ખાતા નથી. જે બોહાલો માહાશાગર તેમની આ શપાશ ફ્રરી વલેલોછે તે તેમના ખોરાકનો ભંડારછે. જ યારે એક દોસત બીજાને કાંઈ પણ ચીજ શોગાદ મો કલેછે તીયારે તે હંમેશ શાથે શુકી મછીનો એક કટકો કાગલમાં લપેટી તેને એક રાતી અને એક શફેદ દોરી બાંધી મોકલેછે અને ઊપર એક તેઓમાં માંન પાંમેલી કેહવત લખેછે જેનો અરથ હેવો થાએછે કે "શુખીછે તેઓ જે પોતાના વડાઓના ડાહાપણની રૂહે ચાલેછે." એ રશમની મતલબ એછે કે શદા તેમને ઇઆદ રહે કે તેઓ મછીમારોની ઓલાદનાછે અને માહાશાગર ઊપ ર તેમના પોસણનો આધારછે.

ચીનાઈ રકાબીઓમાં જેપાનીશો ખાયછે. તે ઓની ખાવાની ટેબલ ૯ ઈંચથી વધારે ઊંચી હાતી નથી જમતી વખતે તેઓ અકરૂં બેશેછે અને ચીનાઓ ની બુઆરેક શોટીથી ખોરાક ખાયછે. સુકી મછી, રાં ધેલી કોલમી ઇયા છોલ્લા, ખેદાંના અચાર, આથેલું આ દુ, બાફેલા ચાવલ, કંદ મુલા અને બીજી તરકારી એ જે પાનીશોની મુખય વાંણીછે. મગરમછ, શારક અને બી જી કોઈબી જાતની મછી તેઓ ખાયછે. દરીઆમાં ઊ ગતા કેટલાએક પાલા પણ તેઓ ખાયછે.

જેપાનીશો ફ્રુટ, ઝાડ ઊપરથી કાચી તોડેછે; દરા ક્ષ ઘણી લેહેજતદાર થાએછે જે આરારૂતના બાકશમાં પેક કરી દેશાવર મોકલેછે. કુમલા બાંમણુનો તેઓ મુ રબો ભરેછે જે તેઓ ઘણા શાકથી ખાયછે.

જેપાનીશો ઘણુ કરી બાફેલો ખોરાક લીએછે. તેઓની ખાવાની સલી, હાડકાં, હાથીદાંત અથવા લાક ડાંની હોયછે, અને તેઓ ૯ થી ૧૦ આંગલ લાંબી હો યછે, એ સલીઓથી ખાવાને ઘણી ચાલાકી જોઈએછે; બેહુ સલીઓ જમના હાથના આંગલામાં અજાએબ રીતે પકડેછે અને ધાંનતુ તનખે તનખુ ઘણીજ રમુજ જડપથી ઊંચકી લીએછે. એજ સલીઓ વડે તેઓ ગો શ, મછી તથા તરકારી ખાયછે. શુધરેલા ઈંગરેજી રાજ ના આશરા તલે રહી જો હીંદુશતાંનના વતનીઓ જે પાનીશોથી શુધરેલામાં ખપવાનો દાવો કરતા હોયતો, જેપાનીશોની કઢંગી પણ હીંદુશતાંનની હાથે ખાવાની જંગલી રીત કરતાં હજાર ઘણી બેહેતર રીતથી તેઓ એ શરમાવવું જોઈએ.

જેપાનીશો તેમનો દારૂ ચોખામાંથી બનાવેછે જે "શાકીને" નાંમે જણાયલોછે. સાકી તરેહવાર ખવાશનો આવેછે તે ગરમ ગરમ જેપાનીશો પીધામાં લીએછે; કે ટલીએક જાતના શાકીનો રંગ ઈંગરેજોના શેરીના રં ગને મલતા આવેછે. ઓરતો તેમજ મરદો શાકી ખુબ પીએછે અને રાતના કેટલીએક જગાએ ઘણા મોટા ફી તનાં થાયછે. પીચ ફ્લમાંથી એક જાતનો દારૂ નીકલેછે જેનો મોટા લોકોજ ઊપયોગ કરેછે. ચાહનો વલી જે પાનીશોમાં અછો ખપ થાયછે; તેઓ ચાહ, સાકર ઈઆ દુધ વગરે પીએછે. ગાય ઢોરને તેઓ દુધને માટે ન હી પણ ખેતીને માટે રાખેછે, જેપાંનમાં ચાહનો રોપો શારીપેઠે ઊગેછે અને ચાહાના પાંદડાંઓને શુકવીને દે શાવર ખાતે મોકલવાને હજારો ગરીબ ઓરતોનો રો જગાર ચાલેછે.

## સોમલ.

વઈદક શાસ્ત્રમાં સોમલ એ એક કવડાં ઝેહેરમાં ગણવામાં આવયુંછે. મોટા પરમાણમાં લીધાથી તે પરાંણનો ઘાટ કરેછે પણ વઈદની શલાહથી, નાના પરમાણમાં લીધાથી તે બાંધાને મજબુત કરેછે, લોહીને સમારેછે અને ચાંમડીને તેજ તથા જહલે આપેછે જેથી તે ચાંમડીના દરદો ઊપર અશરથી વાપડવામાં આવેછે. આશતરીઆ, રશીઆ, તથા હંગરીમાં કેટલેક જગોએ લોકોમાં શોમલ ખાવાનો ચમતકાર ભરેલો સરેસતોછે. સીસું, તરાંબું અને બીજી ધાતુઓને લાગતાં, સોમલ બાફના આકારમાં ઊડેછે અને ધુમાડી યાંઓમાં બંધાઈ કટકા થાયછે જાંહાંથી તેમને એકઠા કરી રસતે રસતે ઊપલી જગોએ લોકોને વેચવામાં આવેછે.

સોમલ બે કારણસર વાપડવામાં આવેછે. એ કતો એકે તે બદનને જાડું કરેછે, ચાંમડીને નરમ અને જહલેદાર કરેછે અને આકારને ખુબસુરતી આપેછે. બીજું એકે તે માંણસને સાચા દમવાલું કરેછે જેથી તે ઊંચા ઊંચા પાહાડો ઘણી હાંશનથી કાયર થઆ વગર પાર કરી સકેછે.

ઊપલા મુલકોના જુવાંન ખેડુતો મરદ કે ઓરત સોમલની અસરથી બહુ ખુબસુરત બનેછે. એક વઈદ લખેછે કે એક વગર ખુબસુરતીની જુવાંન ઓરત એક મરદ ઊપર મોહીત પડી જેથી તેને પોતા તરફ લલચાવવા માટે તે સોમલનો ઊપયોગ કરવા લાગી. થોડા વખતમાં તેના ગાલ ઊપર ગુલાબી રંગ ચહડયો અને દીન ઊપર દીન ખુબસુરતીમાં વધતી ગઈ, પણ થોડાજ દીવસમાં તે રીબી રીબીને મરણ પાંમી.

દમને ઓસતવાર કરવા માટે એ ખેડુતો સોમલનો નાહાનો કટકો મોહોમાં રાખેછે અને તેનો સેજાર લયા કરેછે અને પછી પોતાની પાહાડો ઊપર ચહડવાની મુશાફરી ઊપર નીકલેછે જે તેઓ ઘણી સેહેલાઈથી બજા લાવેછે. બાપદાદથી એ ખેડુતો ઊપલી ટેવને યોગયછે જેથી સોમલ પોતાની ઝેહેરી અસર તેઓ ઊપર ચલાવતું નથી; તેઓ આસતે આસતે ઘણાજ નાહાના પરમાણમાં ખાયછે અને કદી પણ એક ચોકસ હદથી તેઓ બાહાર પડતા નથી કારણ તેમ કરયાથી તેઓ પણ તેના ઝેહેરી ખવાસના ભોગ થઈ પડે છે. પણ એક અજાએબ વાતછે કે જો એ ખેડુતો થોડુંક સુધી એ અમલ તજી દીએછે તો સોમલ તેહેની ઝેહેરી અસર બતાવેછે. દીલ સુસત થાયછે, દુનીઆ અકારી પડેછે, જીવની કાલજી રહેછે, અજીરણ થાયછે, ભુખ ઊડી જાયછે, થુક ગલયા કરેછે, ગલું અને હોજરી આંગથી બલેછે, આડો કબજીયત થાયછે અને દમ જોરથી ચાલેછે. સઘલાં એ સોમલનાં ઝેહેરના ચીનહો દખાયછે જે પાછુ સોમલ જારી કરયાથીજ નાબુદ થાયછે. ચંડુલ અથવા તંબાકુ પીવાની જેહવી તલપ થાયછે તેમ આ ખેડુતોને હોતી નથી પણ એકવાર સોમલ ખાવાની ટેવ પાડી કે ફરીથી જીંદગીના અંત સુધી તે મેલાતી નથી. જલજો એવી બુરી ટેવ જે જીંદગીનો ભોગ આપી પલવારની ખુબસુરતી હાંસેલ કરેછે.

જાંનવરો ઊપર પણ સોમલ માંણસનાજ સરખી અસર કરેછે, તે ઘોડાને માતેલો અને રૂપદાર કરેછે. ઊપલી જગોએ ઘોડાવાલાઓ ઘોડાને ચણા ચહડાવતી વખતે સોમલની ઘણીજ થોડી ભુકી તોબડામાં ભભરાવેછે ઇઆતો સોમલનો ચણા સરખો દાંણો કપડામાં વીટાલી તેની લગાંમની બીટ સાથે બાંધેછે જે તેના વગોલયામાં આવેછે. ઘોડાને મોહાડે જેમ ફીન ચહડે તેમ તે વખણાયછે અને એ સોમલથી થઈ સકેછે. વલી પાહાડ ઊપર મુસાફરી કરનાર ઘોડાઓને પણ તે આપવામાં આવેછે. વરસનાં વરસ સુધી સોમલ માંણસ કે ઘોડો ખાયછે પણ થોડુંક સુધી તે માંડી વાલયુંતો, માંણસના જેમ ઊપર દેખાડયા તેમ, તેના બુરા હાલ થાયછે જે પાછું સોમલ ખાધાથીજ દફે થાયછે.

ફેફસાંમાંથી "કારબાનીક એસીડનો" નીકલતો જથો સોમલ કમતર કરેછે, એ કારણને લીધે ઓકસીજન હવા દમમાં લેવાની અગત થોડી થાયછે જેથી દમ જડપથી લેવો પડતો નથી જે ઊંચી જગા ચહડતાં માલમ પડેછે. વલી ફેફસાંમાંથી કારબાનીક આસીડ બાહાર પડે તાહારે ચરબી તેનો ખંગ વાલી આપે છે, સોમલથી ઊપર જોયું તેમ ચરબીનો ઘણો ઊપયોગ પડે નહી તેથી તે ચાંમડીની નીચે રહેછે અને બદનને માતેલુ કરેછે તથા તેને રૂપ આપેછે પણ ફેફસામાંથી કારબાનીક આસીડનું નીકલવું સોમલ કેમ કમતર કરેછે તે ખુદરતનો બનાવ માલમ પડતો નથી.

પણ ખુદરતની સાંમુ થઈ એક વસતુ જે આખરે માંણસની હસતીને જલદી ખતમ કરે તેવી ચીજ

થી રૂપ લાવવાની કોશેસ કરવી એ સદનતર ગુરખાઈ છે. સોમલ થોડુંક સુધી બદનને રૂપ આપે પણ પાછલથી તેની અસર પોતાનો કાબુ ચલાવવાને ભુલતી નહી, તે માંણસનો જમ થઈ લાગેછે. જો કસો સોમખથી તે સેવાની ટેવ જાયતો તેનું જેહેર ઊભરાઈ આવેછે અને માંણસનો પરાંણ લીએછે. વલી હવાની ઊપર તથા ટેવ ઊપર એ બહુ આધાર રાખેછે. ઊપલા મુલકોની રસમ જો કોઈ હીંદુસતાંનમાં ચલાવવા જાય તો બેશક સઘલાનો નાશ થાય. તે બેહુતો બચગીથી સોમલની ટેવ સીરૂ કરેછે અને બાપદાદથી તે ઊતરી આવેલી હોવાથી તેમના બદન ખમીર થાયછે. વઈદક શાસતર જે આપણને ઊપયોગો બતાવેછે તે અને બીજાં કારણો જે હજી આપણને માલમ પડયાં નથી, પણ જે તે ઇશ્વજદાંનેજ ખબરછે તે કારણોસર, સોમલ બનાવયુંછે, નહી કે દુસટ માંણસોને પોતાની હસતીનો જલદી અંત લાવવાને મારે. એક હથીઆરસર સોમલ ઘરમાં રાખવું ઘણું ધાસતીનું કાંમછે, મારે કોઈ પણ બાઈએ પોતાના ઘરમાં એ વસતુ ઊંદર મારવાકાજ પણ રાખવી નહી, કારણ ઘણા દાખલા મોજુદછે કે ઊપલી વસતુ ઘરમાં રાખયાથી અકસમાતે ઘણા પરાંણ ઘાત થાયછે.

---

## ઈંગલંડ દેશ ઊપર સપાનીઅરડોનો હુમલો.

ઈંગલંડની રાંણી મેરી તેણીના પરજાના અવાજની શાંમુ થઈ, ઈસપેનના રાજા ફીલીપની શાથે લગનના ગાંઠમાં બંધાઈ, લોકોની બતરીસીમાં આવેલું જોરૂં સુખ પાંમયું નહી, કારણ તવારીખ ઊપરથી માલમ પડેછે કે લગનની ધુમધાંમ અને મોહેમાર ગઆ પછી ફીલીપ રાજા પોતાની રાંણી ઊપરથી પરીત ઊઠાડી બેઠો અને બેહુ પોતપોતાને દેશ એક મેકથી હલાયદાં રાજ ચલાવવા લાગાં. રાંણી મેરીના પછી તેણીની બેહેન જનમ શુધી કુંવારી રહેલી રાંણી ઈલીજાબેથ ગાદીએ આવી. મેરીના બાપ ૮ મા હેનરીએ રૂમના વડા ધરમગુરૂની ઈછેરપ ઊપર આપખુદ સતાનો અંત આંણયો હતો અને હેનરીના બેટા વડા એડવરડના વખતમાં ઈંગલંડમાં કથેલીકો ઈયાને રૂમના ધરમ પાલનારાઓ ઊપર ભારે જશ ગુજરી હતી અને પરોટેસટંટ ધરમ દાખલ થઓ હતો, પણ મેરીની માતા ઈસપેનની શાહાજાદી હોવાથી, નાંનપણમાં તેના મનમાં કથેલીક ધરમના કાનુન મજબુત ઠસીયાં હતાં અને તેણીએ પરોટેસટંટો ઊપર જશ ગુજારી અને પોતાનો ધરમ પાલનાર ઈસપેનના બાદશાહ સાથે કદખુદાઈ કીધી, પણ ઇલીજાબેથ તખતે આવી કે તેણીએ પાછો કથેલીક ધરમ ઈંગલંડમાંથી મારી કાહાડયો અને પરોટેસટંટ ધરમનો સીક્કો રજુ કીધો. એ ઊપરથી અને બીજાં કારણોને લીધે ફીલીપે પોતાની મરનાર ઓરતના રાજ ઊપર ચહડાઈ કરવાનો ઠરાવ કરયો. હવામાં હોલંડ દેસના ટાપુઓ જે સપેનને તાબે હતાં તેઓએ કથેલીક ધરમની શાંમુ અવાજ કાહાડયો અને ઈંગલંડે તેમને ટેકો આપયો અને એજ સમયમાં ઇસકાટલંડની રાંણી મેરીને ઇંગલંડના રાજ સાંમુ ફીતુર કરવાને મારે મારી નાખી એ સબબોએ ફીલીપના મનમાં પજરતા આતસનો ભભુકો ઊઠાવયો, અને તેણે લડાઇના બારકસો તઈયાર કરયાં. રૂમના પોપ પાસેથી તેણે નાંણું મેલવયું અને તે ધરમગુરૂએ એકવાર ફરીથી ઇંગલંડને નયાતબાહાર મેલી બીજા રાજાઓની ફીલીપની તરફેનમાં દીલસોજી ઊસકેરી. પણ એ વેલાએ ઈંગલંડમાં સર ફરાંસીસ દરેક નામનો ચુંનંદો ખલાસી પોતાના દેસની સેવા બજાવનાર તયાર હતો અને પોતાની રાંણીના હુકમથી તે ૩૦ વાંહાણને લઈ ઈસપાનીઅરડોના કેદીજ બંદરમાં તા૦ ૧૯ મી એપરેલ ૧૫૮૭ ને દીને દાખલ થયો અને એક લેહેજામાં દુશમનના ૩૦ વાહાણોનો નાશ કરયો. એ ફતે મેલવી તે, ટેમસ નદીમાં પેવસ થયો અને ઈશપેનના વડા દરીઆઈ સેનાધીપતી મારકુઈસ આવ સાનતાકરૂઝના હાથમાંથી તેનું શરવેથી મોટું વાંહાણ નાંમે સેંટ ફીલીપ જે ઊંચા માલથી ભરપુર હતું તે જીતી લીધું. દુશમનના ઘરમાંજ આવી મારામારી થઆથી ઇલીજાબેથને પોતાનું આંગણું તપાસવાને વધારે અવકાશ મલયો. ઇંગલંડના વેપારીઓ પોતાના વાંહાણ પોતાના દેશના બચાવ મારે બાહાર કાહાડવા તયાર થઆ અને લોરડ હાઊવરડ નામનો ઊમરાવ સઘલાં મલી ૧૯૧ વાંહાણ લઈ ઈસપાનીઅરડોની જબરી ફોજ શાંમુ લડવા નીકલયો. તરેહવાર ઝઘડા ચાલવા લાગી, લોકો તરવાર ઘસવા પડયા. ઈસપેનીઅરડોની ફોજના તરેહવાર અડસતા નીકલવા લાગા. હમણા આવયા, પેલા આવેછે, તાંહાં દેખાયછે એમ લોકોમાં દીન

રાંત વાતો ચાલી. જરા ગરબર કે સંસારાથી સઘલા મોહોલા જાગરૂત થાય અને લોક કાંન પકડી તરેહવાર ભુમાટા સાંભલે. વખત ઘણો બારીક આવયો. ફીલીપની ફોજ ઈંગલંડ હાથ કરેતો તેમનું બાપીકું વતન પોતાની ઈજત ખોય, તેમનો ધરમ સઘલો ધુલ મલે અને તેમની દુનીયામાં રાજકરતી કોમ દાખલ, હસતી ખતમ થાય. એ સઘલા વીચારોથી ઈંગરેજો ઘેલા બનતા અને પોતાના છેલલા દમ સુધી પોતાની સરજમીનનો બચાવ કરવા તેઓએ કરાર કરયો. લોરડ **હાઊવરડના** હાથ તલે, **દરેક હાકીનશ ફ્રોબીસર અને સેમોર** નાંમના ખલાસીઓ શાંમેલ થયા જેઓએ પોતાની દલેરી તથા સમય સુચકતાથી ઈંગલંડના પેહલવાનોમાં પોતાના નાંમની ઇયાદગારી મેલી ગયાછે. **ડીયુક આવ પારમાં** ૩૦ હજાર માંણસ સમેંત ઈસપેનથી નીકલી ચુકોછે એ સાંભલતાંજ ૨૦ હજાર ઇંગરેજોએ લશકરમાં સાંમેલ થવા પોતાના નાંમ આપયાં અને તીલબરીના કીલલા આગલ રાંણી ઈલીજાબેથે ઘોડેસવાર થઈ તેમની કવાએદ લીધી. રાંણીએ પોતાના લોકો આગલ નીચે પરમાંણે એક સુભાખીત ભાશાણ કરયું:—

"લોકો, આ વેલા હું હીયાં મારી ગમત ખાતર આવી નથી—પણ ઠરાવ કરી આવીછું કે લડાઈની ઠાકનો બોજો તહમારી શાથે ઊંચકું અને આ રાજને બચાવવા તહમારીજ શાથે જીવું ઇયા મરૂં—(જુગજુગ જીવજો રાંણી! હુરે, હુરે! હેવા પોકારો લોકોમાંથી નીકલયા)—માહારી નેકબખત પરજા હું તહમુને જણાઊંછું કે એક નાતવાંન ઓરતનું માહારૂ બદનછે પણ એક પાદશાહનું માહારૂ જીગરછે—અને તે ઇંગલંડના રાજાનું. ઇશપેનનો વાવટો આ કીલલા ઊપર ઊડે તે વીચારનેજ ધીકારૂંછું."

એક માસ સુધી રાહ જોઈ ૨૮ મી, ૨૯ મી, અને ૩૦ મી મે ૧૮૫૮ ને દીવસે લીસબંન બંદરથી ૧૩૦ વાહાણનો ગંજાવર કાફલો ૩૦ હજાર માંણશનું લશકર તથા ૩૧૬૫ તોપ લઈ ઇંગલંડને કબજામાં લેવા ઊપડયો. ફીલીપે પોતાની ફોજનું નાંમ "ધી ઈનવીનસીબલ આરમે" ઈઆને કોઇથી નહી જીત થાય હેવો કાફલો એવું મંગરૂબ નાંમ આપયું એક દાહાડે, અચીતા, પોરટસ માઊથના બારાંમાં એક વેપારી બારકસ આવી લાંગડયું જે દુશમનની પુઠમાંથી છટકો સારાં ભાએગે તેમની આગમચથી ખબર આપવા સર જયું હતું. આ ખબર પડતાંજ ઈંગરેજી કાફલો દુશમનની શાંમું નીકલયો. પણ દઈવજોગે ઇંગલંડના વાવટાની હસતી હજુર દુનયામાં રેહેવાની તે એક મોટુ શુકન થઈ આવયું. દુશમનના વાહાણ એક મેકની નજદીક તેથી અઠડી અઠડી કેટલાંએક ભાગી ગયાં, કેટલાંએક ખડક ઊપર અઠડયાં અને બાકીના ઘર તરફ સઢ હંકારી ઈસપેનમાં પોતાની બેઆબરૂની ખબર લઈ ગયાં. ઇંગરેજી વાંહાંણોએ કેટલાએકોની ફતે શાથે પુઠ પકડી અને ૩૦ હજાર માંણસ જેઓએ પોતાનું વતન છોડયું હતું તેમાંના માતર ૧૦ નાં પગલાં પાછાં પડયાં. નજદીક દરેક જાંણીતાં કુટંબમાં કોઈના મરણથી શોક પલાતો હતો અને આખા શેહેરની દલગીરી દુર કરવા એક પાદશાહી ધંધેરો ફરયો કે શેહેરમાંથી ગમીને દુર કરવી. જે કાફલો સારાં ઈંગલંડને હાથ કરવા આવયો હતો તે ઈંગલંડનો એક નાનામાં નાનો મછવો લીધા વગર સાંમું પોતાનુ બલ ગુમાવી સરમીંદગીથી પાછો ફરયો. જો આશમાંનનું ચકર બીજીજ રીતે ફરતેતો આજે ઇંગલંડની હાલત કદાચ ઓરજ હતે. ઇંગલંડમાં જગેજગ ખુશાલીના અવાજ નીકલવા લાગા અને પોતાનુ વતન પાછું પોતાને મુબારક રહું તેથી દરેક જણના જીગર સંતોશથી તર રહયાં. ઈસવરની જાહેર સતુતી કરવા એક દીવસ ઠરાવયો અને રાંણી ઇલીજાબેથ પોતે પોતાની પરજા સાથે દેવલમાં ગઈ, પછી એ નાંમીચા બનાવની ઇયાદગારી માટે એક સીકો પાડવામાં આવયો અને એ બનાવ ઈંગરેજોની તવારીખમાં ઘણો નાંમાંકીત અને નોંધી રાખવા જોગછે.

---

## તરવાની કસરત.

બદનની અવસથા ઉપર મનની ઈસથીતી કેટલી આધાર રાખેછે તે વારંવાર આ ચોપાણીઆમાં જણાવવામાં આવયુંછે. મનનું કઉવત બદનના કઉવત ઉપર આધાર રાખેછે અને જો બદન નાતવાંન હોયતો મન દુબલું હોયછે. એ કારણસર સુધરેલા દેશોમાં જેમ મનને કસરત આપવા શારૂ મોટી મોટી પાઠશાલા હોયછે તેમ તંનને કસવા મોટી મોટી કસરતશાલાઓ હોયછે અને એ બહુ જગાએ ઉંચી કીસમના કેલવણીખાતાં ગણાંયછે.

બદનને તરેહવાર રીતે કસવામાં આવેછે, જેમાં પાંણી

માં તરવું એ પણ એક ઘણી સરસ રીતીછે. તરવાથી છાતી ખીલેછે, બદન શાફ થાયછે અને લોહી અછી રીતે ફરેછે. વલી એ કસરત ઘણી રમુજ આપેછે એટલુંજ નહી પણ અગત વેલા પોતાનો ઈયા કોઈ કમનસીબ ભાઈબંધનો જીવ ઉગાડવાને એક અતી ઉતમ હુંનર હાથ મહડાવેછે.

ઉંટ વગર સઘવાં પરાંણીમાં તરવાની શકતી ખુદરતે મેલીછે. જો માંણુશ પાંણીમાં પડે અને પોતાની બુધી ઠેકાંણે રાખી ધાસતીથી બદન હલાવયા વગર પડી રહેતો ખુદરતના કાયદા પરમાંણે તે સપાટી ઉપર તરતો રહે, પણ માંણુસ પોતાનો જીવ બચાવવાની કાલજીથી હાથ ઉંચા નીચા કરેછે અને બદનને હીલવેછે જેથી તે ભારી થઈ ડુબી જાંયછે. બીજાં પરાંણીઓ પાંણીમાં પડયાં કે માથું ઉપર રાખેછે અને પગ અંદર રાખેછે જેથી તેઓ સેહેલાઈથી તરી સકેછે. જંગલી લોકો નાનપણથી પોતાના બચાંને તરવાની કસરત સીખવેછે જેથી તેઓ સખત બનેછે અને જનમ સુધી સારી સુખાકારી ભોગવેછે.

ખુદરતે જે તરેહવાર રલીઆમણી નદી, સરોવર અને નાલાં પેદા કરયાંછે તેઓ ગોયા આદમને નોતરૂ દીએછે કે તાહારા દાહાડાની ઠાક હમારાં નીરમલ પાંણીમાં ધોઈ નાખ અને કાલના દાહાડાને માટે નવું જોર એકઠું કર. એ તેડાંનો ઈનકાર કરવો આપણને લાજમ નથી પણ ઘટતે પરસંગે તે ઉપકાર શાથે કબુલ કરવું જોઈએછે.

ઈંગલંડના લોકો જોકે દરયાવરધી ગણાયછે તોયપણ યુરપનાં બીજાં કેટલાએક દેશોમાં દરયાની સવારી ઉપર ધેયાન આપવામાં આવેછે તેટલું તેઓ આપતાં નથી. અસલના રૂમી લોકોમાં એક માણસ વીસે એમ બોલવું કે તે તરવાના હુનરથી બેનશીબછે તો તે તેની ગીબત કરયા દાખલ ગણાતું હતું. કેરાકિલા સાનશાહે નાહાનીઓ બનાવી હતી જે દરેક ૧૫૦૦ ફીટ લાંબી અને ૧૨૦૦ ફીટ પોહોલી હતી અને તેમાં ૧૫૦૦ જણા તરતા હતા. દાઓકલીસીયન પાહાદશાહની નાહાની એક વખતે ૧૮૦૦ પુરૂસોને સમાવતી હતી. તરવાનો હુનર દુનીયામાં એક જછે જે એકવાર હાથ આવીયો તો પછી કોઈકાલે ઉતરી જતો નથી. પેહેલાં તરનારને દરયામાં કોસેસ કરવી જોઈએ કારણ ખારૂ પાંણી મીઠાં કરતાં માણસને વધારે ઉપર રાખી સકેછે. પેહેલી કોશેશ કરનારાઓએ ઘણાજ સાવધ માંણસો જેઓ એ હુનરની પકી ખબરદારી ધરાવતા હોય તેઓની નજર હેઠલજ શીરૂં કરવું, કારણ, અછી મદદ હાથ ન હોયતો પરાંણઘાત થવાની ધાસતી ઘણી વધેછે. ફુકા, રબરના પટા, પાટીયાં અને હેવાં બીજાં સાંધણો સીખાઉને આપવાં જોઈએ નહી, કારણ તેથી તેની ખુદરતી હીંમત કોતા પાયછે. આઠ નવ કોશેશ કરયાથી એ ઉતમ હુનરનો ભરમ હાથ લાગેછે; પછી તે હુનર વધારવો એ રોજની કસરત ઉપર આધાર રાખેછે. ચીન તથા જેપાન તથા યુરપના કેટલાંક દેસની ઓરતો તરી જાંણેછે, પણ હાલ તરત વાંચનારી બાંનુઓને હમો તેમ કરવા કેહેતા નથી પણ તેમના છોકરાંઓને એ હુનર સીખાડવાની હમે ભલાંમણ કરીએ છઈએ. તરતારાઓએ ઈઆદ રાખવું કે જમીન ઉપર કસરત કરી પરસેવાથી ગરકાવ થઈ અને પછી જરા વીસાંમો લઈ કદી પણ ઘંડા પાંણીમાં જોકાવવું નહી કારણ તેથી ઘણા મોહોત નીપજેલાંછે, હેવા દાખલા વઈદો આપણને આપેછે. પા કલાક ઈઆ ૨૦ મીનીટથી વધુ ઘંડા પાંણીમાં તરનારે રેહેવું જોઈએ નહી, કારણ નહીતો તંદોરસતી આપવાને બદલે તે અવગુણ કરેછે. ખાધા પછી પણ તરત નાહાવું નુકશાનકારકછે. વલી ડુબકી મારવામાં પણ ઘણી મજાહ શાથે ફાયદાકારક રીતે બદન કસાયછે. કુવાને તલીએ કોઈ માતાનું ઘરેણું જઈ પડયું હોય તે તેનો બેટો બાહાર કાહાડી લાવે એ માતાને કેટલો આનંદ? તરવું કેહેવી રીતે તેની પણ એક વીદયા કેહેવાયછે જે તરનારે જાંણવી ઘણી જરૂરનીછે.

આપણી જાણીતી કસરતસાળામાં થોડાંક વરસ ઉપર સેઠ કાવસજી જાંહાંગીર રેડીમનીને ખરચે તરવાની નાહાનીઓ બાંધવાને ઠરાવ થયો હતો તે શા સબબ ઉપરથી માંડી વાલયોછે તે હમારા જાણવામાં હજીશુધી આવયું નથી. અગરજો એ સખી શેઠ એ વાત ધેઆંન ઉપર લેઈ પોતાનો સખી હાથ લંબાવેતો ગાંમડીઓનાં બચાંઓને એક કીમતી હુનરનો વારશો આપીઓ એવું કેહેવાય અને એવોની ઈઆદગારી દરએક જુવાંનીઆની સાથે જોડાએલી રહી જાય. પારસી મા બાપો પોતાના છોકરાંઓને તરવાના અમુલય હુંનરથી બેનસીબ રાખે એ દીલગીરીની વાતછે. હાલતો વખત એવો આવયોછે કે છોકરો સાત કલાક નીશાલે જાય અને વલી સહવાર સાંજ મલી બીજા ચાર પાંચ કલાક "પરાઈવેટ" ઈયાને બીજા શીક્ષક આગલ નીશાલના ધડા લે તો માતા પીતા હરખી જાયછે. બાર વરસના છોકરાને બારીસટર બનાવવો હોય એટલું હાલ શીખાડવામાં મા બાપોને ઘેલાપણું લાગુંછે. એ રીતની સામું હમે અગાઉ બોલયા છઈએ તે ઉપર હમે ફરી મા બાપોનું ધેયાન ખેંચીએ છઈએ અને તેઓને ઓનરખાઈથી ઓલતેમાશ કરીએ છઈએ કે તરવાની, ઘોડે બેસવાની, મછવા હંકાલવાની, શેકાર જવાની, દડાદાવ રમવાની અને બીજી તરેહવાર કસરતો જે કસરતશાલામાં શીખાડવામાં આવેછે તે તેમના બચાંને શીખવી ભણેલાની સાથે પેહેલવાંની ખવાસના બનાવવા જોઈએછે. બાઈઓ એવી કસરતથીજ તહમારાં બચાં તહમે આશા રાખોછો તે કરતાં વધુ શીખશે, એટલુંજ નહી પણ તને સુખી રહી આયુશયમાં વધારો કરશે. નીશાલમાં મોટા મોટા પોઠા વાંચી જે છોકરો દીવા થયા બાદ રસતા ઉપર જવાને બીહે તેવા છોકરાની માતા થવા તહમને ગમેછે? કસારીથી બીહે અને ઉંદરથી નાહાસે એવા મકોરી પેહેલવાન તહમને તહમારાં છોકરાઓને બનાવવા ગમેછે? વીસ વરસનો એક ગભરૂ જવાન જે વાત કરતાં ઘોડાની પીઠ ઉપર ફલાંગ મારી સેંકડો કોશની મંજલે નીકલે, જટ કોઈ ભાઈબંધનો જાન બચાવવા કુવા તલાવમાં જીભલું દીએ, એક ક્ષણ વારમાં બંદુક લઈ વાઘની પુંઠે દોડયો જાય એવા જુવાનોની માતા થવાને તહમારે હોંસ રાખવી ઘટેછે! તાહારે તહમારાં બચાંઓને કસરતના લાભ ચખાડો, જો કસરતશાલાને અછી મદદ મલેતો બેશક તેઓ હજી બીજી ઉંચી કીસમની તાલીમ ઉપર ધેયાન આપે અને પછી તહમારાં બચાંઓને કસરતશાલા ઈસથાપક મંડલીના આસરા હેઠલે આપયાંતો તહમારે કશી વાતની ચીંતાથી બેફીકર રેહેવું.

કેટલાંએક મા બાપો બીહેછે કે, કસરતશાલામાં જવાથી તેઓનાં બાલકો લુચાઈ, હેંગાઈ શીકશે ઈંયા તરવા જતાં અચક્યારી કરી પોતાનો જાન બરબાદ કરશે. હમારે કેહેવું જોઈએ કે તેમની ધાસતી કાંઈ ખોટી હોતી નથી, પણ તેઓએ એક વીચાર કરવો જોઈએછે. નીશાલમાં જતાં બાલકો વાંચવા લખવા શીખી આડે મારગે પોતાનું મનનું કઈવત વાપડતા નથી. તેનું કારણ એ કે તેમના શીક્ષકે તેમના કુમલાં મન ઉપર પેહેલેથીજ નેકીની અસર કરીછે જેથી તેઓ કદી પણ બદીમાં પોતાનું માથું ઘાલતા નથી. તેજ પરમાણે આપણા આબરૂદાર અને લાએકીવાલા કસરતશાલાના અધીકારીઓનાં તાબા હેઠલની એક બદન કસવાની શાલામાં છોકરાઓને પોતાનું બલ અછી રીતે વાપડવાને બોધ મલેછે જેથી માબાપોની ધાસતીનું મુતલગ કારણ રેહેતું નથી. છોકરાઓ ચોકસ આંકસ સાથે પોતાની કસરતો કરેછે અને જેમ નીશાલમાં મનની કેલવણી ફાયદાસર લેવા જાયછે તેમ કસરતશાલામાં તનની કેલવણી ફાયદાસર લીએછે. અને કસરતશાલાના તાબા હેઠલ જો તરવાનો હુંનર શીખાડવામાં આવેતો એટલી તો ખાતરી રાખવી કે પુરતી ચોકશી અને પુરતી શંભાલ વગર તેઓ કદી પણ કરનાર નથી. કસરતશાલા એ હુંનર શીખવે તેની અગાઉ કદાચ ચોકસ નાણાની રકમ જરૂર જોઈએ, જે દરેક મા બાપે પોતાની ગુંજાસ મુંજબ કરી આપવી જોઈએ. જો પોતાના છોકરાના પાછલના ફાયદાને મારે તેઓ મહીને દાહાડે પાંચ સાત રૂપીયા નીશાલમાં તથા બીજા શીક્ષકોને રાખવામાં ખરચેતો પોતાના છોકરાંઓને તેમની જીંદગી પાણીમાં ગુંગલાઈ જવાના ડરામના મોહોતમાંથી બતચાવવાને દર મહીને બે રૂપીયા ખરચેતો તેમાં મુંજાખો શુંછે ? કોઈ પણ રીતે તરવાનો હુનર પારસીઓએ હાથ કરવો ઘટેછે.

## સર ચારલસ ફારબસ બારોનેટ.

આએ ટાપુનાં ગાંમઠી રેહેવાસીઓનો બેગરજ મુરબી.

આજ નજદીક ૭૬ વરસની વાત ઉપર મુંબઈમાં આવી વસેલા અને પોતાને વતન જઈ ૭૬ વરસની વએ પોંહોંચી મરણ પાંમેલા, અને વીસ વરસની ઉમરમાં આ ટાપુ ખાતે આવેલો અને આજ બરાબર વીસ વરસ થયાં જે ગુજરી ગયો તેવા એક નામીચા વેપારી તથા ગાંમઠીઓના બેગરજ મુરબીનો જાણવાજોગ હેવાલ આગલા વખતનાં પતરો તથા ચોપાંનીઆમાંથી મેલવી ઉતારી હમારા વાંચનારાઓની સાંમે ધરીએછ તે ખરેખર જાણવાજોગ તથા દરએક ગાંમઠી શેઠીઆઓને નકલ કરવા જોગછે.

સર ચારલસ ફારબસ જેનું બાવલું આપણી મુંબઈની ટાઉનહાલમાં મરહુમ સર જમશેદજી જીજીભાઈનાં બાવલાંની સાંમે જમના હાથ ઉપર મુકેલુંછે તે ધણીનો જનમ શને ૧૭૭૩ માં વેલાયતમાં થયો હતો. એનો બાપ એક પાદરી હતો અને એને પોતાના ભાઈ મી૦ જાંન ફારબસનાં અખતેઆરમાં આપયો હતો. એ કાકો તે વખતે હીંદુસતાંન ખાતે મોહોટો વેપાર ચલાવતો હતો અને અતરેની નામીચી ફારબસ કુંપનીની પેહેડી સાથે સંબંધ ધરાવતો હતો. મી૦ ચારલસ ફારબસ જેને પાછલથી "સર" તથા "બારોનેટ" નો ખેતાબ મલીઓ. તે પોતાના કાકાના હાથ હેઠલ વેપારમાં માહીતગાર થયો, અને હીંદુસતાંન ખાતેનાં વેપાર ઉપર તે વધારે ધ્યાંન આપવા લાગો. તે ઉપરથી વીસ વરસની વયની અંદર એક પંતીયાલા તરીકે મુંબઈ ખાતે આવી વશીઓ હતો. સને ૧૮૦૦ માં મંદરાજ ખાતાંના લશકરના મેજર જાંન કાટગરેવની છોકરી શંગાથે લગંન કીધાં. ૧૮૦૯ માં અતરેની ફારબસ કુંપનીનો તે વડો પંતીયાલો થયો.

આજ સાહાઠ વરસની વાત ઉપર ગાંમઠીઓ તથા ઈરોપીઅનો વચે લેવડ દેવડ તથા મીતરાચારીની રસમ જુદીજ રીતની હતી. ગાંમઠીઓમાં અગત કરીને દુબાસનો ધંધો તે વખતે મોહોટો ગણાતો હતો.

મી૦ ચારલસ ફારબસે ગાંમઠીઓમાં લપેટાઈ જઈ તેઓનો પેઆર હરી લીધો હતો અને પોતાના 'કેટલાએક જાતભાઈઓની પેઠે ગાંમઠીઓ વીશે હલકો વીચાર રાખી દુર રેહેતો નહી હતો. સરવેને પોતાના ભાઈબંધ કરી ગણતો હતો અને ઘણી વખત પોતાના ગાંમઠી મીતર શેઠ હોરમજજી બમનજી વાડીઆ વીશે "મારો દોસત" અથવા "મારો માન પાંમેલો દોસત" કરી લખતો હતો. વેપાર વનજમાં સારી અને ચોખી આંત રાખવાને સરવે કોઈને ભલાંમણ કરતો અને તેમ ચાલીઆથી વેપારમાં બરકત થાયછે અને માંન વધેછે એવું તે પોતાના સરવે ગાંમઠી મલતીઆઓને વારંમવાર કેહેતો હતો. ગાંમઠીઓની ચાલાકી તથા હોશીઆરી તેણે શારીપેઠે પીછાંણી લીધી હતી તેથી ઘટતી વખતે માન આપવા તથા તેઓની આબરૂ વધારવાને તે કવચીત પછાત રેહેતો નહી હતો.

એનો દાખલો લેઈ ગાંમઠીઓ ઈંગલંડ અને બીજાં દેશો સાથે વેપાર ચલાવા લાગા અને જારે સને ૧૮૧૪ માં ઈસટ ઈનડીઆ કુંપનીનો પટો બદલાયો તે વખતે તે વેપારમાં ઘણાએક ગાંમઠીઓ તવંગર થઈ ગયા અને તેથી લોકો જે દુબાસી ધંધો ઉતમ સમજી બેસી રેહેઆ હતા તેવોને પોતાને હીશાબે વેપાર ધંધો કરવાની ખાહેશ થઈ,

મી૦ ચારલશ ફારબસ ગાંમઠીઓનો એક ખાશ મીતર થઈ પડીઓ. તેઓની ચાલ, રસમ, હોશીઆરી તથા એકીનદારી વીશે પુરતી રીતે વાકેફ થઓ અને જેમ બને તેમ ઉદીઓગી અને વીચારવંતોને ઉતેજન આપતો હતો.

આપણા આ મીતરનું સને ૧૮૧૧ માં પોતાને વતન જવું થયું અને તે વખતે એની ઉમર ૩૮ વરસની હતી. એટલી મુદતમાં તે હીંદુ, પારસી, મુસલમાંન તથા બીજી ગનેઆતનો એક મોહોટો દોસત થઈ પડીઓ હતો અને ચાંમરી વચેનો ફરક તે બીલકુલ રાખતો નહી હતો. પોતાની હઈઆતીની છેલી ઘડી સુધી તે ગાંમઠીઓનો ઉપકાર ભુલીઓ નહી હતો કેમકે તે ગાંમઠીઓની મદદથી વેપાર ધંધામાં વધી માતબર થયો હતો.

અતરેથી રવાને થતી વખતે ગાંમઠીઓએ તેને એક માંન પતર આપીઉં અને ઈઆદગારી દાખલ રૂપાંના વાશનોનો સટ ભેટ કીધો હતો.

એ માંન પતરનો ઉતર મી૦ ફારબસે આ પરમાંણે લખયો હતો.

મુંબઈનાં ગાંમઠી વેપારી તથા શરાફો જોગ—

ઘરહસથો,

એક વેપારી દાખલ મારી આંત અને ચાલચલણ વીશે તમોએ મને ઘણુંજ માંન મલે એ રીતનો દાખલો બતલાવીઓછે તથા તમારી છેલી સલાંમ મધે મારા ઉપર મીતરાચારી તથા પેઆરનાં જે શબદો વાવરીઆછે તેને માહરા દેલમાં એવીતો મજબુત રીતે અસર કીધીછ જે (તમારી મેહેરબાની) હું કદી ભુલનાર નથી તે વીશે મારા દેલનો વીચાર જાહેર કરવાને મને શબદો મલી આવતા નથી.

બાવીશ વરસ શુધી તમોએ મને અજમાવેઓ તે વીશે તમો બોલીને મહુને માંન આપોછ તે ઉપરથી મને પણ મોહોટાં માંનથી અને મારાં દીલની પતીજથી તમુને કેહેવાને જોગવાઈ બનેછે જે મુંબઈનાં ગાંમઠી વેપારી તથા શરાફો શંગાથે જે કાંઇ હુંએ વેહેવાર ચલાવીઓ તે મધે શખાવત, આબરૂ ભરેલાં અને શચાઈનાં એટલાંતો નેક કાંમો હુંએ જોએઆંછે કે તે કરતાં કોઈ બીજા દેશના લોકો શરશ નથી અથવા શરશ થંઇ શકશે નહી. હેવાં લોકોમાં મેં લાંબી મુદત ગુજારી તેથી જે કાંઇ મને ફાએદો થએઓછે તે હું કદી ભુલનાર નથી અને હેવાં લોકોના મારે ઉપર વીશવાશ તથા પેઆર રહેઓછે તેથી જે મને મોહોટું માન મલેછ તે માહારી હએબાતીની છેલી ઘડી શુધી હું વીશરશ નહી.

માહારી લાયકી કરતાં વધારે કીમતની તમારી દોશતીની ઇઆદગીરીની નીશાંન જે મને આપીછ જેથી આપણ બંધે વચે એકશરખી ચાલનો નમુનો રહી જાએછ તે હું હમેશાં મોહોટાં પેઆરથી ગણસ અને મુંબઈનાં ગાંમઠી વેપારી તથા શરાફોને જે હું મોહોટું માંન આપુંછ અને તેવોનો ઓશીઆલોછું, તેની આએ પાકીજે ઇઆદદાશત મારાં બચાંઓને હું આપી જવશ.

જે દેશમાં મારો જનમ થપો તે ઉપર કુદરતી પરીતને લીજે તમારીથી હું જુદો થનારછું. તોપણ હીંદુસતાંન સંગાતે હેવાતો મજબુત શંબંધો હજુર વલગેલાછે કે જેથી મારો પેઆર આએ દેશ ઉપર હમેશાં ચાલુ રેહેશે. તમારાં દેશમાં હું એટલીતો ટુક ઉમરમાં આવીઓ જે (નાહાનપણમાં) ઈનસાનનાં દીલમાં કેટલાએક પેઆર ભરેલા વીચારો જડ બેસી જાયછ તેવા વીચારો મારા દીલમાં મુંબઈનાં ટાપુ વીશે બેઠાછે.

તમારી સારી આબરૂની ઇઆદદાશત સાથે માહારી હએબાતીનાં સઘલા ખુશી ભરેલા દાહાડા એકઠા જોડાયા છે અને તમારી આબરૂ તથા તનદરોશતીને લીજે મારાં દેલની ચીંતા હમેશાં કાયમ રેહેશે.

મોહોટી આબરૂ સાથે મને માંનછે

ઘરહશથો,

તમારો ખરો અને ઉપકાર પાંમેલો

દોશત રેહેવાને

(શહી) ચારલસ ફારબસ.

સને ૧૮૨૩ માં મી૦ ફારબસને "બારોનેટ" નો એતાબ મલીઓ અને દસ વરસ પછે ઈસકાટલંડના પાંચ તખત આબરદીનની મધરેશાઓનો "વારડ રેકટર" તરીકે તેને ચુટી કાહાડેઓ હતો.

ઈસટ ઈંડીઆ કુંપનીનાં બંડોલમાં સર ચારલશ એક નાંમીઓ ભાગીદાર હતો અને ગાંમઠીઓ તરફની તેની સુચના એટલીતો સારી હતી અને પેઆરની નજરથી જોતો હતો કે કેટલીએકવાર તેઓની હીમાયત કરતાં પોતાની તારફેનવાલા તથા અતલગીઆઓની શાંમણે થવાને તે જરાએ અચકાતો નહી હતો.

સર ચારલસ પારલામેંટની સભામાં વીસ વરસ કરતાં વધારે મુદત સુધી એક મીજલશી રહેઓ હતો અને તે અરસામાં આપણાં ગાંમઠીઓને વાસતે વાજબી ઈનશાફ અને હક મેલવવાને હમેશાં મેહેનત કરતો હતો.

પારલામેનટની સભાએ ઈસટ ઈંડીઆ કુંપનીને કેટલાએક ધારા ઠેડવી આપયા હતા તેમાં એવી એક બાબદ હતી કે કુંપનીની ચાકરીના શનદવાલા અમલદારો વગર બીજા કોઈબી શખસને શુલેહનો અમલદાર (જસટીસ આવ ધી પીસ) ઠેડવવો નહી અને ફોજદારી મુકરદમાંઓની તપાસ કરવામાં "ગરાંડ જુરી" મધે ખરીશટી સવાએ બીજી કોઈબી ગનેઆતના શખસને દાખલ કરવો નહી. એવી ગાંમઠીઓને શરમ પોહોંચાડનારી તથા અપમાંન ભરેલી કલમો કાહાડી નખાવવાને માટે સર ચારલસે પોતાના બીજા વગવાલા મલતીઆઓને સાથે લેઈ તે પારલામેનટની સભામાં લડીઓ અને આખેરસ તેમાં પારપડીઓ. એ ખબર સર ચારલસે પોતાના ગાંમઠી દોશતોને લખતાં પોતાનો ભારે હરખ જણાવીઓ હતો.

શને ૧૮૩૯ માં લંનડનના તે વખતના બીશપે પારલામેનટની સભામાં કાંઇ બાબદ ઉપર બોલતાં હીંદુઓની ઉપર તેવોની એકીનદારી વીશે ઘણુંએક હલકું બોલી ગીલલો કીધો હતો. એ બીશપે હીંદુસતાનમાં કોઈ દીવસે પગ વટીક મુકીઓ નહી હતો તે છતાં તે બીજાઓને આધારે હલકું બોલવાને અચકાયો નહી, તેવે વખતે ગાંમઠીઓનો આ નાદર દોશત તેજ મીજલશમાં બેસી આ તકરાર શાંભલતો હતો, તેનો પીતો ચોબીઓ નહી, તેને ઉઠી આ બાબદનો રદ જુઆબ ઘણીજ ખાતરી ભરેલી રીતે આપીઓ અને તે બાબદને પુરતો પુરાવો આપવાને માટે નજદીક ૬૬ હીંદુસતાંન ખાતે આવી ગપલા લશકરી તથા બીજા અમલદારો તઇઆર થપા અને પોતાની શહી શુધાંનો એક દશતાવેજ બાહેર પાડી ગાંમઠીઓની આબરૂનો શંભાલ કીધો અને બીશપના બોલવાને બેવજન ઠેડવી આપયું.

ઉપર જણાવેલા તથા એવાજ બીજા ભારે ઉપકારોને માટે અને આ અમીરી ખવાયશના સખીવજીદ શાહેબની ગાંમઠીઓ વચે ઇઆદગારી કાયમ રાખવાને માટે શને ૧૮૩૯ ના વરસમાં અતરેના પારસી, હીંદુ તથા મુશલમાન શેઠીઆઓએ એક ઉઘરાંણું ઉભું કીધું, તે મધે ચાલીસ હજાર રૂપીઆ કરતાં વધારે રકમ ભરાઈ હતી, તે સાથે ગુજરાતી, ફારસી તથા ઈંગરેજી જુબાનમાં એક માન પતર ઘડી તઇઆર કીધું અને તે ઉપર આ ટાપુના સઘલે પંથે

ના લોકોએ શહીઓ કીધી હતી. એ માન પતરના એક ભાગમાં ગાંમડીઓ લખેછે કે—

"તમો હમારી તરફથી રવાંને થાયા તે મુદતને આ જ ૨૭ વરસ થયાં પણ તમારી ઈઆદગારી હમારાં દીલમાં મનગુતીથી કાયમ રહેલીછે. હીંદુસથાનના રેહેવાશીઓને લાભ ભરેલી અને તેવોનું ફલેઆંણુ થાય તેવી બાબદ ઉપર તમો હમેશાં ધેઆન પોંહોચાડોછો અને આએ દેશ શંબંધી શઘલી વાતમા તમો શાંમેલ રેહોછો તેથી એવું જણાએછે જે ગોએઆ તમો હમારી શાથેજ વશોછો અને હમારા હક અને હાલત શુધારવાને ગોએઆ (એક જગા ઉપર રહીને) હમારી સાથે તમો ચીનતાતુર થાવોછો.

"તમારી ખુબી તમુને ઘણી આબરૂ ભરેલીછે અને તે પરમાંણે શરવે કોઈમાં મલી આવતી નથી. જે કોઈ શખસો આ દેશમાં આવી ગયાછે તેવો પાછા પોતાને વતન શીધારેછ તેવારે પોતાના ઉગ્રમણ પરાંતના મીતરોની ઘણીજ થોડી ઈઆદદાશત રાખેછે તે હમોને અનુભવથી માલુમ છે. તેવો નવી દોશતી અને નવી હાલતમા પડેછ અને જે હમુને તદન વીશરે નહી તોપણ હમારાં દેશ શંબંધી બાંજ ગડોથી અલાહેધા રેહેછે, પણ તમો શાહેબે એ પરમાંણે નથી કીધું. જો પણ તમો હમારેથી જુદા થાવાને મુદત ગુજરી ગઈછે તોપણ કમતી થયાને બદલે તમારો પેઆર હમારી ઉપર હમેશાં વધતો જાએછે."

ઉપલાં માન પતરમાં ગાંમડીઓએ જે ચાલીશ હજાર રૂપીઆનું ઉઘરાણું કીધું હતું તે વીશે તેઓએ એવો ઠરાવ પશાર કીધો હતો અને સર ચારલસને લખી પણ વાલીઉં હતું કે તેણે મેહેરબાંની કરી ઈંગલંડના નામીચા કારીગર સર ફરાંશીશ ચાંનતરીની આગલ બાહાવલું ઉતરાવવાને માટે હાજર રેહેવું.

એ માન પતર અતરેના શેઠીઆઓએ સર એલેકજાંનડર જાંનશટન, જાંન રોમર અને કપટાન રાબરટ કોગંન ઉપર બીડીઉં અને તે ગાંમડીઓની તરફથી ઘટતા આદરમાંન સાથે જાહેર રીતે આપવાની અને તાંહાં હીંદુસથાનની બાબદમાં ભાગ લેનારા ધરહસથોને નોતરવાની ઈછા જણાવી હતી.

આપણા લાયકીવાલા દોસતને ધાંમધુમ અને દબદબો કરવાનું પસંદ નહી લાગાથી તેણે આ માન પતર જાહેર રીતે લેવાને ના પાડીઉં, તેથી તા૦ ૬ ઠી એપરેલ ૧૮૪૦ ને દીને તેના રેહેવાના ઘરમાં સર એલેકજાંનડર જાનશટને કેટલાએક મીતરોની હજુર આપીઉં હતું એ વખતે ઈંગલંડમાં ચાર પારસી ગરહસથો શેઠ અરદેશર ખરશેદજી, જાંહાંગીર નવરોજજી, હીરજીભાઈ મેરવાંનજી અને દોરાબજી મનચેરજી જેવો કેલવણીને અરથે ગયલા હતા તેવો આ પરસંગે હાજર થયા હતા. એ માન પતર શેઠ અરદેશર ખરશેદજીને હાથે વંચાવામાં આવીઉં અને તારબાદ સર જાંનસટને એક નાદર ભાશણ કરી શંભલાવીઉં. તેના ઉતરમાં સર ચારલસ ફારબસ બોલીઓ કે "મુંબઈના ગાંમડીઓએ મારી ઉપર માન પતર મોકલેઉંછે અને તે સાથે મારૂં બાવલું બનાવાનો જે ખરચ માંથે લીધોછ તેથી હું નીશચે દલગીરૂં. જે કાંઈ તેવોના ફાયદાને વાશતે મેં ટુક મેહેનત કીધીછે તે તેવોને ઘટારત હતી. ગાંમડીઓની ચંચલાઈ, નીમખહલાલી અને આબરૂને ઘટારત કરતાં મેં કાંઈજ વધારે મેહેનત કીધી નથી. હું ગાંમડીઓનો મોહોટો ઉપકાર માંનુછ કાંએજે હાલ જે કાંઈ હું શંનશારનું શુખ ભોગવુંછ અને આપઅખતેઆર થએોછ તે સઘલું મુંબઈના ગાંમડીઓની મદદથી થએઉંછે અને મારા ઉપર તેવોના પેઆરનો આએ દાખલો જોઈ હું થોડો મગરૂર નથી."

એ માન પતરનો સર ચારલશે લખેલો ઉતર ગાંમડીઓને મોકલેઓ હતો અને તેમાં પણ તે એક ઠેકાંણે બોલેછે કે "મેં મારાં બચાંઓને નાનપણથી પોતાના હીંદુસથાનનાં ગાંમડી ભાઈબંધો ઉપર પેઆર રાખવા તથા તેઓની સારી ચાલ તથા ગુણો શમજવા અને તેઓને આબરૂ આપવાને શીખવેઉંછે અને મારી એવી મોરાદછે જે (ખોદા કરેને) જાવેદાન શુધી હેવો વીચાર માહારાં કુટુંબમાં કાયમ રેહે."

નામીચા કારીગર સર ફરાંનશીશ ચાંનતરીએ આપણા દોશતનું જે બાહાવલું કરી આપયુંછે તે આજે આપણી શાંમે ટાઉનહાલમાંછે અને આપણા દોસતના છવતાં કાંમોની શાહાદત આપેછે. એ બાહાવલાંની ઉપર નીચે પરમાંણે લેખ કોતરેલોછે.

સર ચારલસ ફારબસ બારોનેટ,<br>
આએ ટાપુના ગાંમડી રેહેવાશીઓનો બેગરજ મુરબી<br>
તથા શ્રી હીંદુસતાનના ગાંમડીઓનો અજ<br>
માવેલો અને વીશવાશી મીતર<br>
તેહેની ઈઆદગારીને શારૂ<br>
બનાવેલું.<br>
શ્રી મુંબઈના ગાંમડી રેહેવાશીઓએ<br>
પોતાના પેઆર તથા વફાદારીની<br>
ધીાંની રાખવા સારૂં<br>
ઈસવી સને ૧૮૪૧.

સર ચારલસ પોતે એક વેપારી છતાં રાજવંસીની માફક તે શખી દીલ ધરાવતો હતો તે સાથે તે પરોપકારી અને ધરમાતુ હતો. એ મરનારની શખાવત ઘણી કેહેવાયછે. પોતાની પેહેડીનાં માણસો ઉપર હમેશાં મેહેરબાંન હતો અને જુના તથા પુરાતન માણસોને કદી ભુલતો ન હતો.

૧૮૪૦ નાં મુંબઈ શંમાચારમાં લખેછે કે "હમારા ગાંમડી ભાઈબંધોને વાંચેઆથી ખુશાલી લાગશે કે આપણા ગાંમડીઓના મીતર તથા પોતાના માણસોની કદરને જાણનારા અને આકરીને પછાણનારા મોટી આબરૂવાલા સર ચારલસ ફારબસે પોતાની આફીસમોના ગાંમડી કારભારી તથા લખનારાઓને શારૂ પોતાની ઈઆદદાશત શરવ કોઈની પાએરી મુજબ મોકલીછે તેની ટીપ આપીએ છઈએ." એ ટીપ લંબાંનછે.

એ વગરે પોતાના માણસોને વરસ દાહાડાનો પગાર ભેટ કીશે હતો. અને ચાર છોકરા અને એક છોકરીની વરખી થઈ હતી. એ આપણો મીતર તા૦ ૨૦ મી નવેમબર શને ૧૮૪૯ ને મંગલવારની રાતરે શવરગવાસી થયો અને તારપછે આઠ દીવસે એ મરનારની લાસને ફેનાંવામાં આવી હતી કેમકે સર ચારલશનાં લનડનથી ૬

ર રેહેનાર ઘણુંએક દોશતો હતા તેઓ પોતાના મીતરનો ચેહેરો છેલીવાર જુએ અને તેના દરશન લેએ એટલા માંટે મુલતવી રાખીઉં હતું.

લંનડન ટાઈમસ નામનાં નામીચાં પતરમાં એ મરનાર વીશે એક ટુક ફકરો લખોછે તેમાં એક જગાએ આ પરમાંણે લખેછે કે "સર ચારલસ ફારબસ કોઈથી કાંઇ તકસીર થઈ હોયતો હમેસાં તે ઉપર રેહેમદીલથી નેગાહ કરતો હતો અને જે કોઈ શખ્સ પોતાની નાદાનીથી દુખ ભોગવતો હોય તોએ તેની ઉપરથી માયા કમતી કરતો ન હતો. એ મરનારની એવીજ ચાલ હતી જે બીજાની ભલમનસાઈની વખાંણ કરવી અને પોતા વીશે કાંઇજ વીચાર લાવવો નહી.

આવા નામીચા અને ખરેખરા શોદાગરી—રાજવંસી તથા હાતેમ દીલનાં ગુણો ધરાવનાર આપણાં બેહેશત નશીન થયલા મીતર સર ચારલસ ફારબસ વીશે પારસીઓનાં જાણીતા અને પરખેઆત મરહુમ દશતુરજી શાહેબ એદલજી દારાબજી શંજાણાંએ તેહેની સેફતમાં જોડેલાં ફારસી બેતોમાંથી કેટલીએક બેતોનો તરજુમો હમો નીચે આપી આ બાબદ ખતંમ કરીએ છઈએ.

અએ (ફારબસ) શોદાગરીનો પોશાક તાહારાં બદન ઉપર જેબદારછે, અને તારી અકલની રોશનીથી તારૂ એકબાલ તથા દોલત નાંજ કરેછે.

બુજોરગીનાં લેબાશમાં તારા જેવી જાહોજલાલી તથા ગમભીરાઇ અને પાદશાહતને જેબ આપનારી દાનાઈ સાથેનો શોદાગર હુંએ નથી જોયો.

તાહારૂં નાંમ ફારબસ કરી મશહુર થાએલુંછે અને હીંદુસતાંન તથા રૂમનાં મુલકમાં તારી ખીશાલનો સખાવત તથા બખશેશ અને અહેશાંન કરવામો કોઇ બીજો નજર નથી આએઓ

**હાતમ તથા નોશેરવાંન** સખાવત તથા બખશેશ કરવામો નામદાર થઈ ગયાછ પણ હું રાશત કહુંછ કે (હાલ જમાંને) જાંનને ખુશી બખશનારી તારી શખાવતને કોઈ નહી પોંહોંચે.

પાદશાહ-સેકંદર (આબે હઈઆતનું પાંણી મેલવવા સારૂ), પરથવીના આખા ગોલા ઉપર ફરી વલેઓ તોપણ તે તેને મલીઉં નહી પણ તે પાંણી તારી મેહેરબાંનગીની વધારનારી જાંમ મધેનો એક કતરો હતો.

તુંને તારે અસલ વતન જવું મોબારેક હોજો અને હમેશે ખુશી ખોરમી તાહારૂં મુબારેક જેવર થાજો.

શફરના દરમેઆનમો પાક ઈઅજદાંની ઈઆરી તાહારી સાથે હમરાહ થાંજો; કે તે તુંને તારા સઘલા સાથીઓ સાથે તાહારાં વતંનમો જલદીથી પોંહોંચાડે.

તારી બખતાવારીના બાગમો હમેશાં તાજગી ઉતરજો અને તે બાગમો તારી મુરાદ તથા દાંનાઇને ઝાંકના નવાં ઝાડો હમેશાં લીલાં રેહેજો.

કેહી મોરાદ તું નથી પાંમેઓ કે જે મોરાદ બજાલાવવા વીશે એદલ પાક ખોદાતાલાથી ખાહેશ કરે.

તાહારાં દાંનાઈ ભરેલાં દેલ સાથે તાહારો મદદગાર તથા જાંની દોશત રોશંન અકલનો હોરમજજીછે તેજ મુજબ તમો શાહેબોનો જાંન અને દેલ મલતું રેહેજો.

અએ હકતાલા (ફારબુસનું) રાત દાહાડો અને વરસ ખુબી ભરેલું કરજે કેમકે તે હમેશે તાહારા ગરીબ બંદાઓની નેકી ચાહેછ.

એ દાહાડે અકટોબર મહીનાની પાંચમી તારીખ હતી તથા એહેનો શને તાહારી દાંનાઈએ કરી ગેનજાદ અને ઈઆ જયેથી જાંણ.

હાલમાં એ મરનાર સર ચારલસનો ખેતાબ તેના વડા દીકરાનો દીકરો ચારલસ જે. ફારબસ ધરાવેછે, અને મરનારનો જીઆરજ એસ. ફારબસ નામનો છોકરો મુંબઇ તથા ઈંગલંડ મધે ફારસબ કુંપનીને નામે જે પેહેડી ચાલેછે તેમાં ભાગીઓછે. મરનારની એક છોકરી હાલ હયાતછે અને તે મી૦ કારલાઈલ નામના એક ગરહસથ સાથે પરણેલીછે.

## પાદશાહાનાં નવાં કપડાં.

(એક વારતા.)

ઘણાએક વરસોની વાત ઊપર એક પાદશાહ થઈ ગયો જે નવાં કપડાંનો એટલોતો શોખી હતો કે તે પાછલ પઈસાની ધુલ કરતો હતો, તે દર કલાકે નવો નવો પોશાક પેહેડતો હતો અને બીજાં કાંમકાજ ઊપર એટલોતો કંટાલતો હતો કે જો કાંઈ કવચીત કાંમ પડયુંતો તે તકે પણ પોતાના પોશાકનો દબદબો દેખાડવાને ભુલતો ન હતો.

એક દાહાડે કોઇ બે ઊઠાવગીરો પાદશાહના ગાંમમાં આવી લાગા, તેઓ પાદશાહ આગલ જઇ કેહેવા લાગા કે હમો વણકર છઈએ અને ભાત ભાતના રંગીલા અને નાદર કપડાં વણવાનો હમારાંમાં કસબછે પણ હમારી વણતમાં એટલો ભેદછે કે જે કપડું હમો વણયે તે જે મુરખ હોય ઇયા પોતાની પદવીને લાયક નહી હોય તેની નજરે દેખાય નહી.

પાદશાહ બોલયો કે "સાબાસ બચાઓ! તમારો હુનર મહને દેખાડો, માહારે માટે એક જલદી પોશાક બનાવી તઈયાર કરો કે મને માલમ પડે કે મારી નોકરીમાં તેમની પદવીને લાયકના કોણ કોણછે અને મુરખ અને ડાહયા તે કોણછે" રેસમ અને કસબ ભારોભાર પેલા વણકરોને મલયું જે તેઓએ ગજવામાં મારયું અને ખાલી સાલના કટકા સાંધુ સાંધુ ગોઠવી હવાની ઊપર ભરત કરવાનો સોંગ લઈ બેઠા.

પછી પાદશાહે પોતાના વજીરની તપાસ લેવા માટે તેને વણકરો પાસે મોકલયો અને જોઇ ખબર લાવવા કહયું કે કાંમ કેટલું આગલ વધયુંછે.

વજીરે ખાલી સાલ જોઈ મનસે વીચાર કીધો

જે માહારી નજરેતો આ લોકો સાંની ઊપર ટાંકા મારેછે તે માલમ પડતું નથી. જો પાદશાહને એમ કહેવસતો મારી નોકરી જશે.' હવામાં પેલા લુચાઓ મોટેથી બોલી ઊઠયા કે "કેમ સરદાર આ રંગ તમને કેવા પસંદ પડેચ?" વજીરતો આંખ ચોલી ચોલીને જોય પણ સાલની વચે કાંઈબી દીસે નહી. હવે વજીરે જોયું કે હુંતો મુરખમાં ઠરૂંચ ઇયા માહારી વજીરાતને નાલાયક થાશીંચ તો હવે બેહેતર કે "કશીંમીઆં ચાંદ દેખાતો ભલા જી હા"

વજીર તેથી બોલચો કે "આહા ! બાગે બેહેસતં ! સું આ વણોતની તારીફ કહું હમણાને હમણા હું પાદશાહને એ ખુશ ખબર કહુંછું."

પેલા લુચાઓ દમ બાંધીને રેસમ અને કસબ લેતા ગયા અને હવામાં સોય ભોકવાનું જારી રાખયું.

વજીરના ઊપલી લધનના જવાબથી પાદશાહે એક બીજા અમલદારને વણકરો આગલ મોકલચો. એ અમલદારે પણ કસું જોયું નહી તોયપણ તેણે પાદશાહ આગલ જઈને કપડાંની ખુબ તારીફ ગાઈ. સારા ગાંમમાં પાદશાહના નવા પોશાકની વાખવાખી થવા લાગી અને હવે એક દાહાડે પાદશાહે પોતે પોતાનો પોશાક જોવા વણકર પાસે જવા ઠરાવયું. પોતાના વજીર તથા પેલો અમલદાર તથા બીજા દરબારીઓને લઈ પાદશાહ વણકરો આગલ જઈ પુગો. વણકરોએ પોતાનું હવામાં સોય ભોકવાનું જારીજ રાખયું હતું.

વજીર બોલચો કે "કેમ જાંહાંપના આપણા ધીઆંનમાં આ બાગે બેહેસતનો ચીતાર કેમ આવેછે ! આ ફરેસતાઓનો પેહેરવાસ આપણે માટે ઊપરથી ઊતરી આવચોછે."

પાદશાહે મનમાં વીચારયું કે "અરે હુંતો ગમાડછું. હું માહારા તાજને લાયક નથી. વજીરની આંખે એ પોશાક કેહેવો દીપક જેવો બેસેછે. પણ હુંતો તમાંમ ખાલી જગા જોઊંછું" અંતે વીચાર કરી કરી તે મોટેથી બોલી ઊઠયો કે "સાબાસ મારા વણકરો ! તહમને હીરા મોતીથી લાધુંતો તમારી મેહેનતનું દાંમ મસે નહી." એમ બોલી તે લોકોને જણાવવા તેનુ કલપીત કપડું હાથે ચોલવા લાગો અને તેનો કુમાસ વખાંણવા લાગો. સઘલા આસપાસ ઊભેલા પણ પોતાને મુરખ સમજી પાદશાહના તારીફના અવાજભા પોતાના અવાજ ભેલવા લાગી અને પેલા બે ઊઠાઊગીરો મનમાં સઘલાંની મુરખાઇ ઊપર હસવા લાગા. બીજે દીવસે રાજાની મોટી સવારી નીકલનાર હતી તે વેલા પાદશાહનો પોશાક તયાર થાએ હવી મતલબ દેખાડવાં પેલા વણકરો ચરાગ મેલી સારી રાત પોતાનો સોંગ લઈ બેઠા અને રેસમ અને કસબ ગજવામાં મેલતા ગયા. બરીબાંમદાદ તેઓએ લોકોની ઠકમાં પેલું વણેલું કપડું કાતરતા હોય તેમ પોતાની કાતર ચલાવી. પાદશાહ તયાંહાં આવી પુગો અને પેલા ઊઠાવગીરોએ જુઠો જુઠો હાથ ઊંચો કરી કરી રાજાને તેનાં વસતરો દેખાડયાં જે તે મુરખે ન જોયાં તોયપણ વખાંણયાં. પાદશાહને જેમ નચાવચો તેમ તે નાચચો; ખરેખર વસતરો પેહેડતો હોય તેમ પેહેડવા લાગો અને મેહેલમાં પાદશાહના નવા પોશાક માટે શોહોર મચી રહો. પછી પાદશાહ પોતાના હાથી ઊપર બેસવા મેહેલમાંથી નીચે ઊતરયા અને દરબારીઓ ખાલી હાથ ઊંચા કરી પાછલ ચાલતા હતા, સઘલાઓને દેખાડવાને કે તેઓ પાદશાહનો નવો પોશાક ઊંચકી ચાલેછે, જેમ જેમ સવારી ચાલતી ગઈ તેમ તેમ લોકો પાદશાહના કલપીત પોશાક ઊપર ખુશાલીના પોકારો મારવા લાગા, પણ ભીડમાં એક નાહનું બાલક ઊભું હતું તેણે પોતાના બાપને પુછયું કે "બાપા પાદશાહનો નવો પોશાક કયાંહછે ? એતો રોજ પાદશાહ પેહેડછે તે છે" નીરદોશ બાલકની બોલી સરવેને ખરી લાગી અને દરેકે જે મુરખમાં ખપવાની ધાસતીથી ચુપકીદી પકડી હતી તેઓ હવે એક એકને ખુલાસાથી પોતાના વીચાર જાહેર કરવા લાગયા. એક એકના કાનપરથી વાત ખુબ જાહેર થઈ ગઈ અને સઘલા પોકાર મારવા લાગા કે પાદશાહના દીલમાં નવો પોશાક નથી. 'પાદશાહ તથા તેના વજીર તથા દરબાંનોની પણ આંખ ઊઘડી અને તેઓની પણ ખાતરી થઈ કે વણકર ઊઠાવગીરોએ આખા શેહેરની અકલ વેચીછે.

પાદશાહે તરત તે વણકરોની ખોલ કરાવી પણ તે હવા પાકા હતા કે એકગમ પાદશાહની સવારી નીકલી કે બીજીગમ તેઓ વટેણા વાવી ગઆ હતા.

## એક ઓરતનો અપવાશ.

ઈંગલાંડના રોસ સાએર નાંમના કસબાંમાં કેથેરાઇન મેકલાઊદ નાંમની એક બેહેનનો ૨૫ વરસની

પણું કુવારી છોકરી તાપની માંદગીમાં પડી; જે પછી તે બેહુ આંખે અપંગ થઈ. તેણીના બાપે પોતાની બેટીની આંખને રોશની અપાવવા તરેહવાર વઈદોના અઊશડ કીધાં પણ કાંઈ ફેર પડયો નહી; આ જોઈ તેણીના બાપે એક ઓરત જે પાસેના ગાંમડાંમાં લોકોની દવા કરતી હતી તેનો હાથ પકડયો, જેણે હેતું મત આપયું કે આંખનાં પાંપણ નબલાં પડી ગઆથી કથેરાઈન આંખની પીડા ભોગવેછે. કથેરાઈનના કપાલ ઊપર આ ઓરતે જોરથી એક ગારટરનાઈટ બાંધયું અને તે સાથે બીજી દવા આપયાથી કથેરાઈનને એટલો ફરક પડયો કે તે પોતાના બાપના ખેતરનું કાંમ કરવા લાગી. હવી હાલતમાં તે ચાર પાંચ વરસ રહી અને બદનની જોઈતી શુખાકારી ભોગવી. એ મુદત પછી તે ફરી તાપથી હલાક થઈ અને એ તાપના પંજામાંથી તે પુરતી રીતે છુટી શકી નહી. એ તાપથી તેના ચાવણયાં બેઠાં, તેનાં પાપન બંધ થયાં અને તેની લુખ ગુમ થઈ; તેના માબાપ કેહવા લાગાં કે પોણા બે વરસ સુધી તેના પેટમાં અંન કે પાંણી ગયું ન હતું. એ મુદત શુધી તેણીને ઝાડો પણ થઓ ન હતો અને જોર જુલમથી તેના મોહોડાંમાં કાંઈ રેડવામાં આવતું તયારે તે ગુંગલાઈ જતી હતી અને સઘલું મોહોડાંની બાજુએથી નીકલી જતું હતું, પણ અજાએબ જેવુ એ છે જે જયારે એમ જોર જુલમથી તેણીના મોહોડાંમાં ખોરાક રેડવામાં આવતો તાહારે તે પછી થોડા દાહાડા સુધી તેનાં ચાવણયાં ઊપડતાં હતાં અને તે બોલતી હતી, પણ તાહારપછી તે પાછી પોતાની આગલી હાલતમાં પડતી હતી, ને ઘણી જોરમાં ઊંઘતી હતી અને વારેઘડીએ તેના મોહોડાંમાંથી લોહીના રેલા ઊતરતા હતા, દર રોજ તેને ઘરના બારણાં આગલ એક વખત લઈ જવામાં આવતી હતી અને જો તેમ નહી કરવામાં આવતુંતો તે હાથની ઈશારત કરી દુખ જણાવતી હતી.

ઊપલો હેવાલ થોડાંએક વરસની અગાઊ બનયો હતો અને હાલ તે ઓરતનું શું થયું તે જાંણવામાં આવયું નથી.

---

## ઓચીંતી ખુશાલીની નાશકારક અશર.

મનુશ તથા જાંનવરો ઊપર ધાસતી ખરેખર ઘણી માઠી અસર કરા ધાસતો અરેવાં પરીણામો ઊપજાવેછે; તોપણ અકલ અને વીચાર જે બેમુલ તતવો ઊપર માણસની બાહાદુરી આધાર રાખેછે તે દરાંમના મોહોતની દેહેસત સાંમુ વટીક લડી સકેછે. પણ ઓચીંતી ખુશાલીના સપાટા સામુ માણસથી લડત થઈ સકતી નથી. જે નવાંમરદો મોહોતના પંજામાં દોડી જઈ જાન સાથે શહીસલાંમત ફરેલા તેઓ ખુશાલીની મીઠી અસર તલે કચડાઈ મરણ પાંમયાછે. મારકસ જુવેનકસ તેલસ નામનો રૂમી સરદાર જારે કોરસીકાનું ટાપુ જીહીતી પોતાના દેશીઓ શું બોલેછે તેની રાહા જોતો બેઠો હતો, તેવામાં રૂમ દેશથી કાગલ આવયાં કે તેની ફતે મારે જાહેર રીતે ખુશાલીનો દીવસ ગુજારવામાં આવનારછે, જે ખબર વાંચતાંજ તેનો ચેહેરો જરદ મારી ગયો. તેની આંખનું તેજ ગુમ થઈ ગયું અને તે જમીન ઊપર પડી તરત મરણ પાંમયો.

વલી મોટા મોટા ફીલસુફો જેઓએ દુનીઆનું શુખ બોશાદ વગરનું ગણી પોતાના હવસોને પુરતા કાબુમા રાખેલા તેઓએ ખુશાલીના હવસને હાથે હાર ખાધીછે.

એવું કેહેછે કે ગરીક કવી સેફોકલીસે બીજાઓ સાથે હરીફાઈ કરી એક કીસસો લખયો હતો જે કીસસા મારે તેને જાહેર ઈનામ મલયું, એ ખુશાલીના સમાચાર સાંભલતાંજ તેણે આંખો વીચી જે ફરીથી ઉઘાડવા તે પાંમયો નહી.

વલી હેવું કહેછે કે એક મજુરને સોરતીમાં તેણે સપનામાં પણ કદ્દચીત ન ધારેલા એટલા પઈસા મલયાની ખબર મલી તાહારે તે હસવાની તાંનમાં પડી થોડા વખતમાં મુરદું થઈ પડયો.

ઘણી ગમી પછી ઘણી ખુશાલીનો ઝટકો વધારે ધાસતી ભરેલોછે. થરેસી મીનના સરોવર આગલ રૂમી લસકર પરાજય પાંમયું તયારે બે રૂમી ઓરતોને ખબર મલી કે એકનો ખાવીંદ અને એકનો છોકરો જેઓ લશકરમાં સાંમેલ હતા તેઓ મારયા ગયાછે, પણ જારે લશકર પાછું ફરયું તયારે પોતાના વાહાલા જેઓની જુદાઈના વીલાપ માટે તેમની આંખો હજુ ભીણી હતી તેઓને જીવતા જોઈ તરત બેહુએ ઓચીંતી ખુશાલીથી પોતાના પરાંણ તજયા.

અને ઉપલીજ અસરથી એક બીજો નીચે લખેલો દુખદાયક બનાવ બનયો હતો ! ઈટલી દેશમાં ફલોરીઓ નામનો એક જુવાંન શખસ જે પોતાની બાપીકી દોલત ઊપર મુસતાક હતો તે ફાઈડીલીયા નામની એક જુવાન સ્ત્રી ઊપર મોહીત પડયો. ફાઈડીલીઆ પણ ફલોરીઓને ચાહાવા લાગી અને અંતે કાયદાસર ફલોરીઓએ ફાઈડીલીઆના મા બાપ પાસે તેણીનો હાથ લગનમાં માંગયો.

પણ હેવામાં મેવવોલીઓ નામનો એક પુરૂશ જે ફલોરીઓ કરતાં વધારે તવંગર હતો પણ જેનામાં જેટલા સારા તેટલા નરસા ગુણ પણ હતા, તે ફાઈડીલીયાને પોતાનો વીચાર જાહેર કરવા લાગો, પણ ફાઈડીલીઆનો બાપ ફલોરીઓના નેક ગુણથી વાકેફ હતો અને તેથી મેવવોલીઓને એકદમ નાશીપાએસ કરવા કાજ તેણે ફલોરીઓની માંગણી કબુલ કરી અને વતતો દાહાડો બેહુના નેકા માટે ઠરવયો.

આ ખબર સાંભલતાંજ મેવવોલીઓએ પરણનાં જોડાંની રંગમાં ભંગ કરવાને એક કાલું કરતુક કરયું જે રસતે ફલોરીઓ ફાઈડીલીયા એકમેકના સુખમાં સમાઈ પોતાના દીલ ધરમના કવાંમોથી એક કરવા દેવલ તરફ ગાડીમાં બે

સી પધારયાં તે રસતાની અધવચ્ચમાં મેલવોલીઓએ ઉભા રાખેલા ૧૦ હથીયારબંધ ખુનીઓએ ગાડી ઉપર હુમલો કીધો. ફલોરીઓએ મરદાંનગીથી પોતાનો અને પોતાની કબુલેલી મોહોરદારનો બચાવ કીધો અને ૪ જણાને પોતાના પગ તલે નીરજીવ નાખ્યા, પણ આંખરે તેના સઘલા ચાકરો મારયા ગયા અને તે પણ જમીન ઉપર મુએો હોય એમ પડયો. આ ચીતાર જોઈ ફાઈડેલીયા બેસુધ થઈ ગઈ અને તેની બેહોસ હાલતમાંજ તેને તે ચંડાલો એક વાહાણ ઉપર લઈ ગયા જાંહા પેલા હેવાનીઅતી મેલવોલીઓએ તેણીને પોતાના કબજામાં લીધી અને વાંહાણને ફરાંસ તરફ હંકારયું. ફરાંસમા જઈ મેલવોલીઓએ ફાઈડીલીઆના હાથની માંગણી કરી પણ તેણીએ ધીકાર અને ફીટકારથી તે પાછી ફેરવી અને તેને કહું કે મારા ખાવીંદના ખુનીની ગોદમાં જઈ પડું તે જબુન કરમ માટે હજાર મોતે મરૂ તેટલી સીકશાને લાયક થાયું, તે કરતાં એકજવાર મોહોતને તાયબે થાઉં તે બેહેતર. વલી ફાઈડેલીઆ જે ગુસસાથી તેને ગાલો આપતી હતી તેથી મેલવોલીઓ એટલોતો કફા થયો કે તેણીને તરણ દાહાડાની મેહેતલ આપી કે જો એટલા વખતમાં તું માહારૂં માગેલું કબુલ નહી રાખસેતો જે હું આજ આજીજી કરી માંગુછું તે જોર જુલમથી લઈશ.

ફાઈડીલીઆની કાકલુદી, તેણીની વીનંતી તથા તેણીના રૂદંને મેલવોલીઓ ઉપર જરાએ અસર કીધી નહી. તેની દીલગીરીમાં તરણ દાહાડા વીતે તેની અગાઉ પોતાનો જાન બરબાદ કરવાનો તેણીએ વીચાર કીધો, પણ તેણીની નેકીએ આવા અધમ પાપથી પહરેજ રેહેવા તેણીને ફરમાવયું, પણ તેણીએ મેલવોલીઓના માણુસને દાંમથી ફુસલાવી પોતા તરફ ખેંચીઆં અને એક યુકતી ચલાવી. તેણીએ એકજાતની દવા પીધી જે માંણસને મુરદાં સરખી બેહોસીમાં નાખ્યા છતા બીજી ઈજા કરતી નથી. માલવોલીઓએ જોયું કે તેણીએ જેહેર ખાઈ આપધાત કીધો અને પોતાના માથા ઉપરથી તેણીના ખુનની કાલી ટીલી દુર કરવા તેણીને જેમ બને તેમ છુપાછુપ દફનાવવાને પોતાના માણસોને હુકમ કીધો. નોકરોએ પોતાનું કાંમ સરમજામ પોહોચાડયું. જેવી ફાઈડીલીઆ હોસમાં આવી તેવીજ તે રાતોરાત ફરાસમાંથી નીકલી હોલંડ તરફ કુચ કરી ગઈ.

જે પોતાના ભાઈબંધના લોહીમાં પોતાના હાથ બોરે તે પોતાના દેશ તરફ કેમ પરીત દેખાડે ? મેલવોલીઓ ઈંગલંડ જાયતો તેનું હઈયું ડખે તેથી તે ફરેંચ લસકરની એક ટુકડી જે ફલાંડરસ તરફ ઈંગરેજોની સાંમે બચાવ કાવા ઉપડનાર હતી તેમાં નોધાયો.

હવે આપણે ફલોરીઓની ખબર લઈએ.

કેટલાએક રાહાદારીઓ જાંહાં ફલોરીઓ તથા તેના કમનશીબ ચાકરોનાં લોહીની રેલ ચાલતી હતી તયાંહથી પસાર થયા; તેઓએ પાસેના ગાંમમાં ખબર ફેલાવી અને લોકોની મદદથી ફલોરીઓ તથા તેના નોકરોને એક નજદીકની ધરમશાલામાં નાખયા. તરત વઈદને બોલાવવામાં આવયો જેણે મત આપયું કે નોકરો સઘલા મરણ પાંમયા છે પણ ફલોરીઓમાં હજુર જીંદગીનો આતસ બલતોછે. તરત વઈદે ઉપાય લીધા અને ૧૪ દીવસના અરસામાં તે એટલોતો સુધરયો કે પોતાની વાહાલી ફાંઈડીલીયા અને મેલવોલીઓને માટે પુછવા લાગો, જેવી તેને ખબર પડી કે તેઓ ફરાંસછે તેવાંજ તેણે તે તરફ કાગલો બીડયાં અને ખબર મંગાવી પણ તેની શું દીલગીરી હશે. જારે તેને જવાબ ફરયા કે મેલવોલીઓ ફરાંસના લસકરમાં સાંમેલછે પણ ફાઈડીલીઆની હસતીની કોઈને ખબર નથી, પોતાની વાહાલીની લાજ લુટી તે કરપીણે તેણે મારી નાખી હસે હેવોજ તેને ખયાલ ગયો. પોતાનું વેર લેવા માટે તેણે ડીયુક ઓવ મારલબરોના હાથ તલેના ઈંગરેજી લસકરના એક અમલદારની નોકરી ખરીદ કીધી. તે ઘણી બાહાધુરીથી ફરેંચો સાંમુ લડયો અને જે ચંડાલને સીકસતે કરવા તેણે કમર બાધી હતી તેજ ચંડાલને તે મલયો. ફલોરીઓમાં તે કરીમ દાદગરે ઓરજ શુર મેલયું અને જોકે મેલવોલીઓથી સુરા સીપાઈમાં ગણાતો હતો તોયપણ ફલોરીઓની તલવારના જખમથી મરતતોલ ઘાયલ થઓ અને મરતાં મરતાં ફલોરીઓ આગલ પોતાની તકશીર કબુલ કીધી, તેની માફી ચાહી ફાઈડીલીઆના આપઘાતની વાત કહી પણ તેની ખાતરી કીધી કે તે પોતાની ઈજત અને પાક દાંમાંન સાથે દુનીઆમાંથી ગઈ હતી.

ફાઈડીલીઆ હોલંડ પોહોતી અને તક મલેતો ઈંગલંડ જવાની રાહા જોતી રહી, તે પોતાના ભરતારના વીરહથી બહુ દુખી થઈ હતી પણ તેણીએ ઈંગલંડ પોતાના બેશાવંદોને કાગલ લખયાં અને પોતાનું ઠેકાંણું જણાવયું. ઈંગલંડથી ફલોરીઓ અને ફાઈડીલીઆ બે ઉપર ખુશાલીના કાગલો ગયાં પણ કમનસીબે તે તેમના હાથમાં ગયાં નહી.

મેલવોનીઓએ મરતે દમે કહેલી વાતની સચાઈમાંની પણ પોતાની ફાઈડીલીઆ કદી મલનાર નથી એ ખયાલથી ફલોરીઓ લસકરી નોકરીમાંજ શાંમેલ રહો અને પોતાના દેશની શેવામાં પોતાનો જાંન બરબાદ કરવાનો ઠરાવ કરયો. શીઆલાની રૂત બેડાથી લશકરના શરદારે સરવેને રેહેવાને મુકાંમ કરી આપયું. ફલોરીઓ પોતાના નવા મુકાંમમાં પગ મુકેછે તેવીજ તેની નજરે તેની પીયારી, તેની વફાદાર, તેની જુદી પડેલી મોહોરદાર પડી ! બેહુની ખુશાલી અને બેહુની અચરતીનો પાર ન રહયો ! તેઓ થોડી પલ સુધી હીલચાલ વગર ઉબાં પછી એકાએક દોડી એકમેકની કોટીમાં ભરાયાં અને એક શબદ એક બીજા શાથ બોલયા વગર એકમેકની કોટીમાંજ મરણ પાંમયાં.

---

## ઈશવી સને ૧૮૬૮ નું સંપુરણ સુરજ ગરહણ.


**શુનાબાઈ**—વલી નાદરશા તમે ચોપરી પકડીને બેઠા ને હું એકલી ઝુરીઆ કરૂંછ તેથી મને તમારા વાંચવામાં ભાગ આપો.

**નાદરશા**—જોવો શુના એકવાર એવો વખત હતો કે કાંઈબી શેકટ તાહેલાં શવાએ તમોને બીજી સરવે વાનોનો કંટાલો હતો; અને તેમાં અકસર કરીને ચોપરીઓ વાંચવી તથા વંચાતી સાંભલવી એતો તમને

ઝેર સરખું લાગતું હતું. તે વખત ફેરવાઈ-આજ તમે મને ઊલટીજ રીતનો કંટાલો આપોછો ઈઆને જે બી હું વાંચુછ લખુંછ તે સમજવા માંગોછો. એથી હું ખરેખર ખુસીછું.


આ મારા હાથમાં ચોપડીછે તેમાં સને ૧૮૬૮ ના આગસટ મહીનાની ૧૮ મી તારીખે જે મોટું સુરજ ગરહણ થયું તે ઊપર વીદવાનોએ કીધેલી સોધ વીશે લખુંછે. અલબતાં એ બાબદ એટલીનો ગુંચવણ ભરેલીછે કે એનાં અલીઆસી વગર બીજાને સમજવાને તે દીકટ પડેછ; પણ જારે તમારી ખાહેસજછે કે તમને એ વીશે થોડાં ઘણાં વાકેફ કરવાં તો હું જેમ બનેછ તેમ સાધારણ રીતે સમજ પાડીશ.

પેઆરી શુનાઈ, ગરહણ વીશે તમારા મનમાં હવે કાંઈ વેહેમ જેવું રહેશેં નથી, કેમકે મેં તમોને વારંમવાર સાબેત કરી દેખાડી આપુંછે કે ગરહણનો આધાર પુરથવી, ચંદર, અને સુરજની ચાલ ઊપરછે. જો એમ નહી હતેતો આપણે આગલથી કહી શકતે નહી કે આવતાં ફલાંણાં વરસોમાં ચંદર, અથવા સુરજ ગરહણ અને તેબી વલી સંપુરણ અથવા અપુરણ થનારછે અને તે કયાં કયાં દેશોમાં દેખાશે. ગરહણ થવાનું કારણ આગલ તમુને વીસતારી સમજાવીઊંછે તેનો ટુકમાં ફરી સારાંશિસ કહુંછ જેથી આ નવી બાબદ સમજતાં તમને કાંઈ હરખત નડે નહી. પુનમ ઊપર જારે સુરજ અને ચંદરની વચે પુરથવી આવેછ તારે તેની છાયા ચંદર પર પડેછે અને તેથી ચંદર ગરહણ થાયછે. જુવો આ ચીતર એમાં સુરજ, પુરથવી તથા ચંદર



એકમેકની બરાબર સામાંસામી આવી ગયાંછે. પુરથવીનો પડછાયો જે કાલો ભમર સરખો પરાના આકારમાં પડેછે તેમાંથી ચંદરમાહ પોતે પસાર થાયછે અને એમ પસાર થતી વખતે તે ઢંકાઈ જાયછે અને એ ચંદર ગરહણ હમેસાં પુનેમેજ થાયછે.

જારે સુરજ અને પુરથવીની વચે ચંદર આવેછે તારે ચંદર સુરજનાં અજવાલાંને પુરથવીનાં ચોકસ ભાગો તરફ પડતાં અટકાવેછે એથી સુરજ ગરહણ થાયછે. સુરજ અને પુરથવીની વચે ચંદર સામાંસામી આવેછે તે બનાવ હમેસાં અમાસની વખતેજ બનવો જોયે અને તેમ થાયછે. જુવો આ સુરજ ગરહણનું ચીતરછે.



ચંદર પુરથવીની આસપાસ ફરતાં કોઈ વખતે વધારે પાસેથી અને કોઈવાર વધારે છેટેથી પસાર થઇ જાયછે. જારે વધારે પાસે હોએ તારે જો ગરહણ થાયતો તે સંપુરણ થાય કેમકે ચોકસ પુરથવીનાં ભાગોની ઊપર સુરજનાં અજવાલાંની તે બરાબર વચે આવી પડેછે અને અંધકાર કરી નાંખેછે.

તા૦ ૧૮ મી આગસટ ૧૮૬૮ ને દીને જે સંપુરણ સુરજ ગરહણ થયું તેની, આગમચથી યુરોપખંડનાં વીદવાંન જોતીશોએ તપાસ કરવાની પુરતી તજવીજ રાખી હતી, કેમકે એવાં ગરહણ વારંમવાર થતાંનથી. એવાં સંપુરણ ગરહણ ઈસવી સને ૧૮૪૨,૫૧, અને ૬૦ માં પણ થયાં હતાં અને જોતીશોએ તેની તપાસ લીધી હતી; પણ જે વખતે ગરહણ સંપુરણ થાયછે તે વખત તપાસ કરવાને એટલો તો થોડોછે કે વીદવાંનો એવાં પાંચ દસ ગરહણ જોઈ પોતાની તપાસ પુરી કરી નહી શકે. બીજાં સંપુરણ ગરહણો કરતાં આ વખતનું ગરહણ વધારે વખત તકીશેં હતું અને તેથીજ વીદવાંનો વધારે આતુર હતા. એટલો વખત તકી રેહે એવું સંપુરણ ગરહણ આજ સાડી ચારસો વરસની વાત ઊપર થયું હતું, તારબાદ બીજું કોઈ વખત એવું નહી થવાને લીવે સુધરેલી દુનીઆમાં એને વાસતે એટલો બધો ઘોંઘાટ થઈ રહેઓ હતો.

એ ગરહણ દુનીઆના કયા ભાગોથી શરૂ થયું અને કાંહાં ખતમ થયું તેની ગણતરી આ ચોપડીવાલો આ પરમાંણે આપેછે.

આ ગરહણ એશીઆખંડની દક્ષીણે અને આફરીકાના પુરવ કોસટાથી તે આસટરેલીઆ સુધી નજરે પડીશેં હતું. આસટરેલીઆના પુરવ કોસટા તરફ ગરહણ સુરજ અસત થતે ખતમ થયું હતું.

દાહાડો ઊગતાં પડછાયો પેહેલ વેહેલો હાલમાં એબીશીનીઆની લડાઈ થઈ તાંહાંનાં ગેનડાર નોમનાં શેહેરમાં દેખાયો. તાંહાંથી એદન તરફ અને અરબસતાંનથી હીંદુસતાંન તરફ અને તાંહાંથી તેનેસરીમ, મલાઈકોસટો, સેઆંમ, બોરનીઓ, સીલીબીસ, નીઊગીની થઇને નીઊહેબઅદીસ તરફ ખતમ થયો.

આગલા વખતો ઊપર જારે એવાં સંપુરણ ગરહણો થતાં અને તે વખતે તેના કારણો જારે માલમ નહી હતાં તારે લોકો તે વીશે તરેહવાર વેહમો રાખતાં હતાં. એવાં સંપુરણ ગરહણોનું પુરાતન પુસતકોમાં બયાન આવેલુંછે તે ઊપરથી આજના જોતીશો ગણતરી કરી તે જમાનાનો વખત તેહકીક કરી શકેઆછે.

આ ૧૮૬૮ નાં ગરહણની વખતે શું શું દેખાવો નજરે પડેછે અને તેનું કારણ શું ને સીધ કરવાનાં હેતુથી જુદે જુદે મુલકોથી વીદવાનોની ટોલીઓ તપાસ કરવા નીકલી હતી. એ ટોલીઓએ નીચલા કોઠા મુજબ જાગે જાગ વેહેંચાઈ જઈ સંપુરણ ગરહણ ચોકસ વખત સુધી જોયું હતું.

| લોકોની ટોલી. | જુદી જુદી જગાનાં જુદા જુદા ભાગો તરફ. | કેટલો વખત સંપુરણ ગરહણ નખી રહેલું જોયુ તેની ગણતરી. | |
|---|---|---|---|
| | | મીનીટ. | શેકંડ |
| આસટરીઅન ટોલી .... | એદન ... .... | ૭ | ૨૬ |
| જરમન ટોલી.... .... | એદન.... .... | " | " |
| લફટેનંટ હરસચલ, (નામીચા હરસચલ જોતીશનો છોકરો.... ...... | જંમખંડી.. .... | ૫ | ૨૦ |
| ઊતર તરફની જરમન ટોલી | બીજાપોર ...... | ૫ | ૨૪ |
| મેજર ટેનેનટ.... .... | ગનતુર.... .... | ૫ | ૪૭ |
| ડાકટર જાનસેન .. .... | મસલીપતમ .. .. | ૫ | ૪૯ |
| ફરેંચ ટોલી.. .. .... | કોચીન ચીનના કોશટા તરફ...... | ૬ | ૪૨ |

આ વખતે કેટલેએક ઠેકાણે વાદલાં હતાં તેથી જોતીશો નીરાશ થએલા માલમ પડેછે. કેટલાએકોએ ફોટોગરાફ ઈઆને સબી પારવાનાં હુનરની મારફતે આ વખતનાં સુરજની સબી લીધીછે અને તે ઊપરથી હલ જુસતેજો ચાલેછે.

**સુનાબાઈ**—વાહાલા નાદરશા હું કેટલી તમારી ઊપકારી થઈછું ? જો આવી શેહેલી રીતે તમો મને બીજી બાબદોબી સમજાવોતો હું ખરૂં કેહુંછ કે હાલ જેવી હું બેસમજછું તેવી રેહું નહી. ઓરતોને કેટલી જરૂરછે કે કુદરતનાં બનાવો થોડાઘણાં પણ સમજવા જોઈએ જેથી મન ચપલ થાય અને વેહેમ જાય.

**નાદરશા**—હું ખુશી સાથે તમોને વાકેફ કરવાની તજવીજ કરીશ, તે સાથે તમો પણ વાંચવાનો અભીઆસ ચાલુ રાખોતો ઘણે દરજજે તમારી નેમ પાર પડશે.

## શીરીનબાઈનાં હાથનું દાઝવું—ગરમી ઊપર એક ધડો.

એક દીવસે સાંજને સમે સીરીનબાઈ અને તેમના ખાવંદ સાવકશા પોતાના બંગલાના ચોકમાં ખુરસી માંડી સામે ટેબલ ઉપર પગ અઢેલી બેઠાં હતાં એવામાં ચાકરે ટેબલ ઉપર ચાહની ટીપાટ લાવી મેલી. સીરીનબાઈ ચાહ કરવા ઉઠયાં પણ ટીપાટનો લાકડાંનો હાથો ઘણો ગરમ હોવાથી જેવાં તેવણ તેને ઉઠાવવા ગયાં તેવીજ ચીચારી પાડી ટીપાટ છોડી દીધી. ચાહ ઘોલાઈ ગઈ, ટેબલકલાથ ભીંજાઈ ગયો અને અંદરથી ઉંની ઉંની વરાલ નીકલવા લાગી. સીરીનબાઈના હાથ ઉપર છાંટા પડયા જેથી તેવણને અગન પણ બલવા લાગી. ફરીથી ચાહ મંગાવી જે પીધા પછી સાવકસા બોલયા કે "પેયારી સીરીન ! આજે, જે અકસમાત બનયો તે ઉપરથી તુંને એક ધડો શીખાડવાને મહને જોગવાઈ મલેછે. આજે ફુરસત પણ છે તેથી એ તક હું હાથ ધરૂંછું, જાહારે તેં ખખડતી ટીપાટના હાથાને હાથ લગાડયો તાહારે તાહારી ચામડીને અગન બલી તેનો સબબ શું હશે ?

**સીરીન**—વલી એમાં શબબ શાના બરપાય ? ઉકલતું પાણી હોય તે હંમેશ હાથને દઝાડે.

**સાવકશા**—પણ એ હાથ દાજયો શાથે ?

**સીરીન**—વલી ગરમ પાણીથી.

**સાવકશા**—એટલે શું પાણીનેજ ગરમ કરયેતો હાથ દાઝે ?

**સીરીન**—વલી હાસતો.

**સાવકશા**—તયાહરે જો લોખંડને અગનીમાં તપાવી તે તાહારા હાથ ઉપર મેલુંતો તાહારો હાથ દાહાજે નહી ?

**સીરીન**—નહીં, નહીં, પાણી અથવા લોખંડને તપાવયેતો હાથ લગાડતાં દાહાજે.

**સાવકશા**—તયાહરે જો લાકડાંને ગરમ કીધું હોયતો તાહારો હાથ દાહાજે નહી ?

**સીરીન**—નહીંરે નહીં સાવક માહારાં માથાંની કહડી ના કરો. હુંતો એમ કેહેવા માગુંચ કે કોઈબી ચીજને આતસ ઉપર મેલી હોય અને પછી તેમાં કકરા ફરે ને તેને હાથ લગાડયો હોયતો હાથ દાહાજે.

**સાવકશા**—પેયારી સીરીન આ માહારૂં રૂપાંનું બટન એક થોડોવાર આ ટેબલકલાથ સાથે જોસથી ઘસ અને પછી તાહારા હાથ ઉપર તાબડતોબ મેલ.

**સીરીન**—હા હું જાણુંચ કે તે માહારા હાથને ગરમ લાગશે.

**સાવકશા**—પણ તુંતો હમણા મહને એમ કેહેતી હતી કે જે ચીજ આતશ ઉપર મેલયે અને ગરમ થાય તેથીજ હાથ દાહાજે અને ગરમ લાગે.

**સીરીન**—નહીં નહીં, હું ભુલી જે ચીજ આતસ ઉપર અથવા એક બીજી ચીજ સાથે ઘસડી ચામડી ઉપર લગાડયે તો તે દાઝે.

**સાવકશા**—પેયારી શીરીન તુંને ઈયાદ હશે કે ગયે આતવારે મેં તુંહને પેશા માહારા કાચની મદદથી સુર

જના કીરણોએ રૂઉ બાલી આપયો હતો. હવે તાહારી ચામડી ઉપર તે અજમાશ લેતાં હું ભુલયો. વારૂં તું ધારેછે કે તેથી તાહારો હાથ દાહાજતે?

સીરીન—હા હું કહુંછું કે દાહાજતે. સાવકશા હું કહુંછું કે કોઈબી ગરમ ચીજથી હાથ દાહાજે.

સાવકશા—પણ તે ચીજને ગરમ કરનાર કોણ?

સીરીન—વલી ગરમી.

સાવકશા—હં. હવે તહમે ઠેકાણે આવ્યાં. વારૂં તહમે કહોચ કે ગરમીથી હાથ દાહાજે. મહને મેહેરબાની કરી કેહેશો કે દાહાજે એટલે શું?

સીરીન—પેયારા સાવક તહમેબી પેટમાનું પાણી હોહોવાય એવા સવાલ તે શું કરતા હોશો? વલી દાહાજે એટલે ચામડી લાલ થઈ ફોફઈયા બંધાએ.

સાવકશા—તયાહારે તાહારા કેહેવા મુજબ જેથી ચામડી લાલ થઈ ફોફઈયા ઉઠે તેને ગરમી કહીયે.

સીરીન—વારૂં ચાલો તાહારે એમ કહો કે ગરમી એ કે જેથી ચામડી લાલ થાય.

સાવકશા—તે દાહાડે આપણે નાટકશાલામાં ગયાં હતાં અને તુંને પંખો નાખવાની અગત પડી. તાહારી ચામડી મુતલગ લાલ થઈ ન હતી તાહારે તેનો સબબ ગરમી હોય નહી.

સીરીન—નહી, ગરમી પડી તેથી મેં પવન ખાધો.

સાવકશા—તાહારે ગરમી એટલે શું? હરેક ચીજ કયાહારે સમજ પડે કે જયાહારે તેનું ચોકસ વરણન આપણે કરી શકયે. જુવો તયાહારે હું કહુંછું તે શાંભલો—ગરમી એટલે તે, જેથી શરીરને ગરમીની લાગણી ઈયાને ગરમીનું ગ્નાન થાય. ટીપાટના હાથાને અડકયાથી તાહારાં શરીરને ગરમીનું ગ્નાન મલયું જેથી ગરમી તેનો સબબ હોવો જોઈએ. કોઈ પણ ગરમ વસતુથી ન દેખાય એવી રીતે શરીરના ગ્નાનતંતુ ઈયાને નેસો ઉપર ગરમીની અસર પેદા થાયછે. હવે ગરમીની મુખય ઉતપંતી શામાંથી છે?

સીરીન—આતસમાંથી.

સાવકશા—તાહારે જો એક જંગલમાં ભોગ ચોગડયે આતસ બુજાઈ જાયતો માણસને ગરમી મલેજ નહી કે?

સીરીન—તડકાંથી થોડીઘણી મલે?

સાવકશા—થોડી ઘણી? વીચાર કર અને પછી બોલ. થોડી ઘણીજ? તડકું શાંમાંથી નીકલયું?

સીરીન—સુરજમાંથી.

સાવકશા—તયાહારે આતસ તું ધારેછે કે ગરમીનું મુલ કે સુરજ?

સીરીન—અલબત સુરજ.

સાવકશા—વારૂં ગરમીનાં કાંઈ બીજાં મુલછે? જો તુંને ખબર ન હશે, શાંભલ. વીજલી, રસાયણ સંયોગ, અને યંતર સંયોગ એબી ગરમીના મુલછે જેનો હું તુંને પુરતો ખુલાશો કરીશ.

હવે સુરજ શાનો બનેલોછે, તેની ગતી કેહેવીછે, તેને માટે હું કોઈ બીજે સમયે સમજાવીશ. હાલ તુરત તુંને એટલું જાણવાને બસછે કે સુરજ ગરમીનું મુખય ઠામછે. તેમાંથી આપણી ગરમીનો મુખય ભાગ મલેછે. જો તે દાદગર કરીમ એક સેહેજવાર પોતાના નુરાની ગોલાને છુપાવે તો કોણ જાણે આપણા શા હાલ થાય. શઘલાંજણા ત્યાંહીથી એકદમ મરણ પામે. વનસપતી તારાજ થાય અને પરૂથવીની તમામ પેદાયશનો અંત આવે. વારૂં તે દાહાડે પેલા ગલાસને તડકાંમાં ધરી મેં રૂને સલગાવી દેખાડયો તેનું કારણ શું હશે?

સીરીન—ઘણી ગરમી થઈ તેથી.

સાવકશા—ઘણી ગરમી એટલે! મે મહીનાની રૂતમાં ભર બપોરના તડકામાં ચાલયેનો તે ઘણી ગરમીમાં ચાલયા એમ કેહેવાય કેની?

સીરીન—હા હું તો ધારૂંચ. વલી એથી વધારે ગરમી કાંહાં હોય.

સાવકશા—તયાહરે હું એવાં તડકાંમાં હાથમાં એક સેર રૂ લઈને ચાલુંતો સલગી ઉઠે ખરો.

સીરીન—એમ મેંતો શાંભલયું નથી. વારૂં તયાહરે તહમેજ મેહેરબાની કરી તહમારા સવાલનો ખુલાશો કરોની?

સાવકશા—જુઓ આગયા કાચમાંથી જાહારે સુરજનાં કીરણ પસાર થાયછે તયાહરે તેઓ એક ટોંચ ઉપર આવી ભેગાં જમાવ થાયછે જે ટોંચ ઈયા બીંદુને ઈંગરેજીમાં 'ફોકસ' કરી કેહેછે. એ ટોંચ આગલ ગરમી અને રોશની બેહદ થઈ જાયછે જેથી રૂ સલગી ઉઠેછે. જાંહાંશુધી કીરણને આગયા કાચથી એક ટોંચ ઉપર જમાવ કીધાં નહી હોય તયાંહાંશુધી તેઓ કોઈ પદારથને સલગાવતાં નથી. જો એ ખુદરતી કાયદો ન હોયતો આફ્રીકા જયાંહાં પુશકલ તાપ પડેછે તયાંહાં શઘલી ચીજો બલી ભશમ થાય.


હવે ગરમીનું બીજું મુલ મેં કહયું તે શું?

સીરીન—વીજલી.

સાવકશા—તેઓ આપણો ગરબડયો ફરાંમરોજ ફરી આવયો. એજ સામેથી રમતો રમતો આવેય. ચાલો હવે એ બાબદ બીજી જોગવાઈએ તહમને સમજાવીશ પણ માહારૂં સહમજાવેલું કયાહારે કારગત લાગે કે તહમે હું જે કહું તે ઈયાદ રાખો અને દરરોજ બનતી દરેક ચીજના સબબો શોધી કાહાડવા યતન કરો ઈયા માહારીથી ખુલાશો માગો.

સીરીન—પેયારા સાવક હું આજે ખરેખરી આનંદ પામી, હું તહમે જે કેહેશો તે હંમેસ ઈયાદ રાખશ.

## ઘડીઆલની જાંણવાજોગ તવારીખ.



અગાઊના લોકો કે જેઓમાં ઘડીઆલ જેવી ચીજની શોધ નહી થઈ હતી, તેઓ વખતની ગણતરી ખુદરતી બનાવો પરથી કરતા હતાં. સુરજનાં ઊગવા અને અશત પાંમવા અને ચંદરનાં ફેરફાર પરથી, માણસ અગાંઊ પેતા

નો મેહેનત અને ગમતનો વખત ઠેડવતો હતો. અગાઊના વખતનાં ભરવાડો પુનમ પંરથી પોતાનો વખત ઠેડવતા હતા. શુરજ ઊગવા અને અશત પામવાની વચેનો વખત, ખડક, ઝાડ અને પાહાડોનાં ટુંકા અને લાંબા થતા છાયા પરથી જણાતો હતો; અને છાયા યંતરનો પેહેલો ખીઆલ પણ એવીજ રીતે આયો હશે. આએ છાયા યંતર અથવા છાયાથી દાહાડાનો વખત બનાવનાર યંતર અથવા જેને ઇંગરેજીમાં "શનડાએલ", કહેછે તે, બાદશાહ આહાઝ, કે જે કરાઈશતની ૭૪૨ વરશ અગાઊ થઇ ગયો, તેની પાશે પેહેલું હતું; ઘણુજ શરશ છાયા યંતર પણ જે વખને હવા વાદલાંઓથી ભરઈ જતી હતી, તે વખતે નકામું જેવું થઈ પડતું હતું એથી કરીને આશતે આશને પાણીનાં તીપાવા પરથી અને રેતીનાં પડવા પરથી વખતની ગણતરી થવા લાગી. રેતીનાં ઘડીઆલો કરાઈશતનાં જનમીઆ અગાઊ ૧૪૯ વરશ પર "અલેકઝાનદરીઆ" શેહેરમાં શોધી કાહાડીઆં હતાં ' કલેપશીદરા" અથવા પાણીથી વખત દેખાડનારૂં ઘડીઆલ, "કાલીફ હારૂન અલરશીદ," કરાઈશતનાં જનમીઆની ૮૦૦ વરશ પછી, ફરાનશનાં બાદશાહ શારલામેનપર મોકલીઊં હતું તે તાંબાનું હતું અને તેની ઊપર આશપાશ કલાકો માંડેલા હતા. દરએક કલાક પુરો થવા પછી, જેટલા કલાક થયા હોએ, તેટલા પીતલનાં દડા, ઊપરથી એક એક પછી નીચે એક પરગમ જેવા પીતલનાં વાશન ઊપર પડતા હતા અને તેટલાજ ઘોડેશવારો ઘડીઆલની આશપાશની નાંની બારીઓમાંથી નીકલતા હતા. વેનીશ શેહેરમાં ૧૬૯૮નાં વખતમાં એક એવું ઘડીઆલ હતું, કે જારે વખત થતો હતો, તારે બે શીધીનાં આકારો ટકોરા મારતા હતા અને તરણ બાદશાહઓ એક બારણામાંથી નીકલીને કરાઈશત અને તેની માને નમતા હતા, અને શામેનાં બારણાંમાંથી પાછા જતા હતા. શતરેતશબરગનાં ઘડીઆલનું બીઆન ઘણું અજાએબ જેવુ છે. ૧૫૮૦ નાં વખતમાં તેને વાશતે લખેછે કે તેની ઊપર શુરજ, ચાન અને બીજા ગરેહોની ગતી બતાવામાં આવતી હતી; તેની શાથે એક જાશુકનું પંચાંગ હતું, તે પરની તારીખ એક બાવલું દેખાડતું હતું. પેહેલો પા કલાક એક બચું શેપષ્લથી વજાડતું હતું, બીજો પા કલાક એક જુવાન તીરથી, તીજો પા કલાક એક આણશ પોતાની લાકડીની અનીથી અને ચોથો પા કલાક એક બુઢો પોતાની કાખ લાકડીથી વજાડતો હતો. આખો કલાક એક ફરેશતો ઘાંટપર વજાડતો હતો અને બારણું ઊઘાડીને તાંહાં કરાઈશટની માને નમતો હતો, તેની પાશે એક બીજો ફરેશતો ઊભો હતો કે જે જારે કલાક વાગતો પુરો થતો હતો તેવોજ તરત પોતાનાં હાથમાનું રેતીનું ઘડીઆલ ઊંધું વારતો હતો. વલી એક શુનેરી મરઘો જેવો વખત થતો હતો કે તરત પોતાની પાંખ ફફરાવતો અને પોતાની ડોક લંબાવી બે વખત વાશતો હતો. છેલી શદીને છેડે એક જીનીવાનાં કારીગર નામે ડરોશે એક બીજું ઘડીઆલ બનાવીઊં હતું તેની ઊપર એક શીધી, એક ભરવાડ અને એક કુતરો એવા તરણ આકાર બનાવીઆ હતા. જારે ઘડીઆલ વાગતું હતું તારે ભરવાડ છ ગીત પોતાની વાંશલી ઊપર ગાતો હતો અને કુતરૂં તેની આગલ આવીને લાડ કરતું હતું. જારે આ ઘડીઆલ શપેનનાં બાદશાહને દેખાડવામાં આવીઊં, તારે તે કારીગરનાં કહયા પરથી પાદશાહે ભરવાડની જમીનમાંથી એક શેપષ્લ ઊંચકીઊ. લેતાનાં વાર કુતરૂં તરત ચોંકી ઊઠીઊં અને એટલુંતો જોરથી ભોંશવા લાગું કે બાદશાહનો કુતરો જે તેજ ઓરડામાં હતો તે તરત ભોંસવા લાગો "કલારકનવેલ" થી ચીનનાં બાદશાહ ઊપર બે ઘણાં નામીચા ઘડીઆલ ગીઆં હતાં તે ઘડીઆલોમાં શીપાઇઓની હાર ચાલતી હતી, પક્ષીઓ ગાતાં હતાં, અને જારે દેખાવ આંખને શારો લાગતો હતો, તારે કાણપર ઘાંટનાં, ચંગનાં અને બીજા મીઠા શરોદો આવતા હતા.

## ગગડાત.

ગગડાત ગબડેછે! વીચાર કર એ આદમ તે ભયંકર શોહાર કોણ મચાવેછે! કોણ વીજને વાદલમાંથી ફેંકેછે? તે જગતનો સાહેબ છે, શરવ સકતીમાંન ઇશવરનો તે હાથ છે જે વીજલીના તીરને ઘુમાવેછે.

ખુદરત તેના હાથમાં વીસાંમો લીએછે. તેના હુકમે આકાશ ભશમ થશે અને પરૂથવી ખાખ થશે.

ગગડાતના ધડાકા સંભલાયછે. તુફાંનનાં વમલમાં આકાશ ઘેરાયુંછે. વીજ ચમકેછે અને વાદલ ગબડેછે. મોટોછે આપણો દાતાર અને બેહદ તેની શકતી છે! શાહેબ તેના તખતપરથી નીચે જોયછે અને તેની

વીજના ચમકાટથી આપણા પગ તલેની આપણી ઘોર નજરે ખુલી પડેછે.

જાહારે આકાશી ઈશવર વરોલીઆ ઊપર સવાર થાએછે તાહારે આદમ હેબતથી કંપેછે. જાહારે તેના ચેહેરા પરથી તે પોતાનો બુરખો ઊતારેછે તાહારે તમાંમ જગત જરદ મારેછે અને તેની નુરાંની કોઇ આંખથી નીરખી શકાતી નથી.

પાપી તેનો અવાજ શાંભલેછે અને તેનો આતમાં હેબતની ગારમાં ગરક જાયછે. જે શાહેબના ફરમાંનો તેણે તાડયાંછે તેની શનમુખ તે ઊભો રહી શકતો નથી. અંશો માણસ વગર દેહેશતે ઇશવરનો પરતાપ ધેયાન લગાડી જોયછે અને તેનો આતમાં તુફાનના પુકારમાં અને વરોલીયાના શોહોરમાં શાંતી પકડેછે. જે તીરથી પાંપીનું જીગર વીધાયછે તે તીરથી તે શાહેબ નેક આદમીનો બચાવ કરેછે.

આપણા આકાશી બાપની એવીજ મરજીછે કે શઘલાં આપણી આ ટુંકી મંજલ કાપી આપણા ઊપલાં ઠાંમે પધારયે નેક માંણશ ખુશીથી તેના છેલલા દમે પોતાનો આતમાં તેના બનાવનારને શોપેછે. શું પરવાછે જો જીવતાંમાંથી મહને ઊપાડી લઈ તે મહને જાવેદાંનની રોશની અને કીરતીના મુકાંમમાં મેલે જાહાં સુખના નીરમલ જહરાનું અમરત હું જાવેદાંન સુધી પીતો રહું ?

જાહારે આકાશ શાંત હોયે અને પવન પોતાના ગુફામાં ભરાયો હોય તાહારે જે પોતાના પેદા કરનારને ખુશીથી ભજેછે અને તેના ઊપકાર માંનેછે તે જાહારે પાપી ગુંગતાં તુફાંનથી ભરાતો બેસેછે તાહારે શાંત અને નીરાંત જીવે રહેછે.

મણ પાપી કયાંહાં ભરાય ? ગેબના જાંણનાર ખુદાની આંખથી શું તે છટકે ? તેની નાહાસવાની કોશેશ ફોકટછે; વીજલી તેની પુઠ પકડી તેના છુપામાં છુપા ગુફામાં તેને ઠાર કરેછે.

એ પાપી ! નાહાસવાના ફોકટ ફાંફાંથી પહરેજ રેહેજે ! તાહારી ચુકો સુધારી તાહારા સપના ઊરાડી દે; કારણ તાહારો પેદા કરનાર જે દરેક જગાએ હાજરછે તેની નજરથી તાહારાથી છુપાઈ સકનાર નથી. જાહારે ગગડાટ ગરબડે તાહારે તાહારૂં હાડેહાડ ધુજેછે; પણ ખુદરત પાછો સલલાહ સંપજ.ભરેલો અને રમણય દેખાવ લીએ એટવે જે મોજની કેફમાં તાંહારી અકલ ગુમાવીછે તે મોજની પંરછો તું ભેટ લીએછે.

પણ જો નહી ખુટે હેવી મોજ ભોગવવા માંગતો હોયતો તાહારા કીરતારના તખત આગલ જંમીનદોસ્ત થઇ નમસકાર કર; માંગ તેની માફી જે તેની આગલ પશચાતાપ કરે તેહને તે બખશેછે; અને તાહારા દુખના કાલમાં અને સંકટના સમયમાં જે વચનો તું દીયે એને કબુલાતો આપે તે કદી ભુલતો ના.

તે શાહેબ અપાર રેહેમથી ભરપુરછે. નાફરમાંનીને તે માફી બખશશે પણ તે ઘડી ઘડી નહી. તે અદલછે અને તેની પવીતર અદાલતમાં આપણ સઘલાને એક દીવસે હાજર રેહેવુંછે. કયામતનો દાહાડો જાહારે જગત તેની સઘલી પેદાયશ શાથે અગનીથી બલી ભસ્મ થશે તે દાહાડાની આફત શાથે જે ગગડાટ આપણા માથાં ઊપર ગબડેછે તેનો સું મુકાબલો થાય ?

—III—

## પરચુટણ.

એક ફુકરો જવાબ—૧૭૯૦ ના શાલની ૧૯ મી મેનો દીવસ લંડન શેહેરમાં ઘણો અંધારો ગયો જેનું કારણ જાણવા એક જુવાન સ્રીએ ડાકટર બાઈલસને નીચે મુજબ લખ્યું—"પેયારા ડાકટર, આજના અંધારાંનો સબબ શું ?" ડાકટરે જવાબ વાલયો "પેયારી બાઇ, તહમે જેટલાં અંધારાંમાં છો એટલો હું છું."

---

એક મોંઘી લાકડી—પેરીસ શેહેરમાં ફરનાર એક મુસાફરે એક દુકાનમાં એક લાકડી ટાંગેલી જોઇ જે ઉપર નહી મનાય એવી કીમત માંડેલી હતી. તેણે ઘણી સંભાલથી લાકડીને તપાસી પણ તેની મોઘી કીમતને લાયકની કરાંમત તેને માલમ પડી નહી. એ ઉપરથી તેણે દુકાંનદાર પાસેથી ખુલાસો માગયો, જેણે કહયું કે "સાહેબ આ લાકડીની અજાએબી (એ) તેની ઉપર માડેલી કીમતજછે."

---

ખબુતરો—યુરપમાં ખબુતરોને કાસદનું કામ શીખાડવામાં આવેછે. બરસલસ અને કોલોનની વચેનો ૧૧૦ માઇલનો તફાવત એ ખબુતરોએ ૩ થી ૫ કલાકમાં કાપયોછે.

---

વખાણ—હાઉસ આવ કામનસમાં એક હમનબરદની સામે બોલતાં એક આઈરીશ ધારસય બોલયો કે "માહારો દોસત વખાણનો એટલો પેયાસોછે કે માહારી ખાતરીછે કે તેના મરણ પછી તેના અખતેઆરમાં હોયતો બીજે દાહાડે ભુત થઇ બાહાર આવે કે પોતાની કબર ઉપર શું લેખ કોતરાયાછે તે વાંચી ખુશ થાય.

**સકાચમેનોની સખાવત**—એક સકાચમેને એક અમ ઈરીશમેનને પુછ્યું કે "ઈંગલંડ ફારધીંગના સીકા શું કર વા પાડેછે ?" પાછલાએ જવાબ દીધો જે "ધરમખાતાંઓ માં નાણું ભરવાની સકાચમેનોને તક આપવા." એક ફા રધીંગની કીંમત આપણી દુકાંનીની બરાબરછે.

---

**એક અચ્છું ઘરાક**—મરનાર લારડ દલલી જાહારે ત બીબની સલલાહ લેતા તાહારે જે પોતાના ગજવાંમાં તે વ ખતે હોય તે તબીબને આપતા હતો; પછી કુંચીનો જુંમ ખો હોય, તપખીરની દાબડી હોય કે સુંનાના સીકકાની ભરેલી કોઠલી હોય.

---

**ગટાપરચા**—ગટાપરચામાંથી વીજલી પસાર થઈ શક તી નથી. આજ શુધી એવી વસતુ જણાઈ નથી જે ઉપ લી ખાશીએતમાં ગટાપરચાથી સરસ ગણાય. એ કારણને માટે તેને દરયા નીચેના તારના દોરડાં ઉપર લપેટવામાં આવમોછે.

---

## રમુંજે ફુરસત.

૧ લું—ઉંછ લાંબું પુંછ ટુંકું, પતર જેવું લુંગલી, આંશુ પાડવા કામ લાગે, ઉખાણું કેહે પુતલી.

૨ જું—ઉંચ મુંચ ગુંછલું—સાપ પણ નહી. લાક ડીથી હાંકીએ—ઢોર પણ નહી. આપે જુદી જાતના ફલ— ઝાડ પણ નહીં. ચકર ચકર તે ફરે—ચકડોલ પણ નહીં.

૩ જું—કાગલ પેઠે કડકડે—મધીએ ઝોલા ખાએ,
રાજા પુછે રાણીને—એ કયું જનાવર જાએ.
(સતીઓ દપ.)

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—સાગર.
૨ જું—સવાસ (દમ).
૩ જું—તલવાર.

---

## શાણપણું શિખવા વિષે.

દોહરો.

શાણપણું સમજાવવા, વિગતે કરી વિચાર,
સખીઓને સારી સતી, શીખામણ દે સાર.

---

"વિઠલ વાળુ કરવાને વેહેલા આવજોજે"
એ રાગની ગરબીછે.

સખી શીખો તો શાણપણું શિખવું જો,
સંપી જંપી સંસારમા સુખી થવું જો સખી૦ ટેક.
સાસુ સસરો કેહેતે સરવ સાંખીએ જો,
કલેશ લેશતો રૂદેમાં નહિ રાખીએ જો. સખી૦
મીઠા મીઠા મોઢેથી બોલ બોલીએ જો,
ખોટાં વેણતો કદાપિ નહિ બોલીએ જો. સખી૦
દાસ દાસી સુધાંને માન દીજીએ જો,
કદી કોઈને તુંકારો નહી કીજીએ જો. સખી૦
આપણી સંગતે ચડે તેને સુધારીએ જો.
બોધ ને વિરોધ ન વધારીએ જો. સખી૦
જીવ રાખવો જરૂર કામકાજમાં જો,
વાંચે લેખાંનો લાભ લેખો લાજમાં જો. સખી૦
છેક છાની પગવાટે નહી પેશીએ જો,
બુરાં બાઈરાંની પાસે નહી બેશીએ જો. સખી૦
ગણી તુચ્છ કાળ વ્યર્થ નહી ગાળીએ જો,
ભરત ચિત્ર તથા ચોપડી સંભાળીએ જો. સખી૦
ખોટી થઈને નકામાં નહી ખેલીએ જો,
મેલાં ઘેલાં રેહેવાની રીત મેલીએ જો. સખી૦
રૂડી રીતે ઘરબાર સાફ રાખીએ જો,
ભાવા જાડી કે આડી નહી ભાખીએ જો. સખી૦
ક્રોધી સામાં ક્રોધી નહિ થૈ જવું જો,
આગ દેખીને આપણે પાણી થવું જો. સખી૦
ઉંડી આપદામાં ધીરજતો ધારીએ જો,
હૈએ હરબડીને હિંમત ન હારીએ જો. સખી૦
જ્ઞાન દાતા ને માતા પિતા માનીએ જો,
પણ બુદ્ધિ નહિ રાખીએ પાતીએ જો. સખી૦
આડી ચોરીમાં ચીત ન ચોટાડીએ જો,
ઘણું ખર્ચવાની ટેવ તે ઘટાડીએ જો. સખી૦
સારૂં થાવા આગળથિ સુરત સાંધવી જો,
બેહેનો પાણીથી પેહેલી પાળ બાંધવી જો. સખી૦
વધે લાજ આજ કાજતો એવાં કરો જો,
સદા રાખી સંતોષ દોષથી ડરો જો. સખી૦
ખાન પાન તણું દાન દેવું દીનને જો,
આપી સુખ પાળો આપણા આધીનને જો, સખી૦
ધર્મ કર્મનો તો મર્મ દિલે ધારીએ જો,
ઝેર વેર તણી વાતતો વિસારીએ જો. સખી૦
ભત પ્રેત તૂત જાણિ ભરમ ભાગીએ જો,
જરૂર સુરજ ઉગાથી પ્રથમ જાગીએ જો. સખી૦
જાદૂ ટોણાં વગોણાં જેવાં જાણજો જો,
બાધી આખડીમાં આશા નહિ આણજો જો. સખી૦
રૂડી રીતે રસોઈ શીખો રાંધતાં જો,
સારૂં શીખો વળી શીવતાં ને સાંધતાં જો. સખી૦
થવું ઠીક થૈ ઠરેલ રાખી સ્થીરતા જો,
ગુણવંતાં થૈ રાખવી ગંભીરતા જો. સખી૦
સો ના કેરો શણગાર નથી શોભતો જો,
લેજો લાયકી લેવાનો ઘણો લોભતો જો. સખી૦
શોધી લેવો તે સ્વર્ગ સુખ સાનને જો,
રટી રાજાધિરાજ મહારાજને જો. સખી૦
રૂદે રાખો રૂડી દલપતરામની જો,
કહી શિક્ષા તેછે તમારા કામનીજો.
સખી શીખોતો શાણપણું શીખવું જો.

# સ્ત્રીબોધ.

પુસતક ૧૩ મું. માર્ચ ૧૮૬૯ અાંક ૩ જો.


## † ભુતમામાની ભેલાભેલ.

નાટક પાત્ર.

| | |
|---|---|
| સોદાગર શેહેરીઆર........ | એક તવંગર વેપારી. |
| બાજરચી.............. | શેહેરીઆરના નોકરો. |
| ખીદમતગાર............ | |
| સવાર................ | |
| ઘોડાવાલો............. | |
| જંદલ............... | એક મોચી. |
| વધદ............... | એક જાદુગર. |
| મેહેરંગીજ........... | શેહેરીઆરની બાનુ. |
| મેહેતાબ............. | મેહેરંગીજની દાસીઓ |
| પીરજાન............. | |
| તેહેમીના............ | જંદલની ધણીઆણી |
| શેહેરીઆરના ભાડુતો, ગવઇઓ વગેરે. | |

### પ્રવેશ ૧ લો.

### દેખાવ ૧ લો—જંદલ મોચીનું ઘર.

જંદલ અને તેહેમીનાં દાખલ થાયછે.

તેહેમીના—ઓ પેયારા જંદલ આજ રાત ઘરમાંજ રેહે અને માહારા દીલગીર જીવને ખુશ કર.

જંદલ—હટ, હટ; તું માહારા ઘરની ગુલામડી. મુંગી મુંગી રેહે; ટંટો કાંટ નહીતો એમજ જાણ જે તાહારા ઘુંકલે ભુકલા કરીશ.

તેહેમીના—બલયાં માહારાં નસીબ. કે હું તાહારે બર પડી. સારી રાત તું પીડે પીડે ભટકે, અને હીયાં ખાધાનાં વાખા પડે તાંહાં તું તાહારી ધુલ જેવી કમાઇ હેવા નીઅતી છાકટપણામાં ગુમાવી આવે અને પછી માહારી ઉપર લાત મુકીતો વરસાદ વરસે.

જંદલ—તાહારી જનાં ઘર. એ ગોલામડી તું જાણતી નથી કે હું ઘરનો હાકમ છું અને હાકમની સાસું બોલવું એ એવું ફીતુરછે કે તું ફાંસીની સજાને લાયક થઇ!

તેહેમીના—તો જો. દરબારીબી એવો કે વલી હાકમીની આશા રાખેચ. અરે હાકમનાંજ જોડા તું સાંડી પાંચ પઇસા મેલવતો હોયતો દીપી નીકલે. પછી માહારી બી છાતી ખીલે કે બહમન પાદશાહનાં બજારની ધણી આંણી! ઓ પેયારા જંદલ તાહારી ખરાબ સોહોબત મેલી દે અને એક મહીનોતો ઘરનું સુખ અજમાવ? ઓ તાહારા હાથ પગ નાતવાનીએ ધુજેછે અને તાહારૂં દરદ જોતાં માહારી આંખો દુખેછે.

જંદલ—હું તુંને હવે ફરીથી કહુંચ કે હું આજે હીયાં ઠોબનાર નથી. તું જાણેચ હું આજે કયાંહાં જનારછું?

તેહેમીના—ગામની ગટર શોધવા.

જંદલ—અરે મુરખ! અરે મુરખ! અરે આજેતો મહને સોદાગર શેહેરીઆરનાં ખીદમતગારે નોતરૂં દીધુંછે તાંહાં જનારછું. શરાબની સુંનાની જામો આજે એવી ફરશે કે જાણે પરૂધવીનાં પાદશાહો સુફરા ઉપર બીસાણાછે.

તેહેમીના—મનમાં છલકાતો ના. મુંગો મુંગો હીઆંજ બેસી પીને માહારી આગલ રેહે. સોદાગરની નવી બાનું મેં આજેજ સાંભલયું કે એવીતો કજાતછે કે કોઇ પારકાની તાકાદ નહી કે દરવાજાની અંદર પગ મેલે.

જંદલ—તે બીચારા સોદાગરને ધુલનાં ફાકા ખવડાવેમ ખરી, પણ તે કાસરતો આજે કોઇ સગાંને તાંહાં મેજબાનીછે તાંહાં પતીછે. ચાર ગવઇયાનાં રાગથી તો કાનને ખુશ કરીશું; અને એવીતો મજાહમાં ચકચુર થનાર છઇએ કે હમારા મેહેમાને બે ગાડાં તઇયાર રાખેલાંછે કે બામદાદ પડતાં શલવાંને અંદર નાખી સઉ સઉને ઘેર રેંકવામાં આવે.

તેહેમીના—ઓ પેયારા જંદલ તે મેજબાનીમાં મહને લઇ જા?

જંદલ—કોઇ જાણી જોઇ પોતાની જુને સાથે લઇ ફરતું હોશે? નીકલ માહારી આગલથી. તાહારૂં કાંમકાજ કર; નહીતો હમણા આએ ચાબક તારી પીઠ ઉપર વીંઝાલસ. વારૂં આએ લે. આએ બે આનાનો ખુરદોછે. સહવારે મહને ઉજાગરાને વાસતે શરબતની ગરજ પડશે. એક બે ટમબલર માહારે માટે તઇયાર રાખજે અને તું પણ પીને માહારા હકમાં દુવા માગજે. એક નાની પુડીંગની રકાબી

† આ રમુજ નાટક એક ઇંગરેજી ગરંથ ઉપરથી લીધોછે.

માહારે માટે કરજે આપો દાહાડો મહને બીજું કાંઈ જોઈશે નહી કાલેતો અપવાસ કરવોછે તેથી એકજ બીરનું ગલાસ ચાલશે. એટલું માહારે વાસતે તઈયાર રાખજે અને બાકીના પઈસા તાહારે ગમે તેમ ખરચજે. પણ જો મુરખ; હજામના હાથમાં દાહાડી આપી તે તેના બાપની નહી કેહેવાય કરકસરથી ખાચ કરજે અને બેંકમાં જો તું કાઈ મેલશેતો ખાશું વેપાજનું વેપાજ આવશે.

તેહેમીના—પણ જારે એટલો ખરચ કરવા બેઠો તારે તો એક હવેલીજ લેવા દેની ?

જંદલ—અરે ચંદરોકાલમાં તેબી બનશે. તારા જેવી ઓરત હોય તેના નસીબજ બંધના બંધ.

[પરનુ બારણું બંધ કરી જાયછે.

---

## દેખાવ ૨ જો—સોદાગર શેહેરીઆરનું ઘર.

ખીદમતગાર તેના સોબતીઓ સાથે સુફરા ઉપર ખાય છે તેવામાં શેહેરીઆર અને મેહેરંગીજ દાખલ થાયછે.

મેહેરંગીજ—અરે આ ઘરમાં શું રમખાણ ? કયા દેવોએ આ જગાને દોજખ બનાવીછે ? લુચા બોલ ?

શેહેરીઆર—પેયારી મેહેરંગીજ ! માહારે બાપદાદેથી ઉતરતો આવેલો રેવાજછે કે જે ઘરના માણસો હોય તે વરસમાં એકવાર આજને તેહેવારને દીવસે પોતાના દોસતો સાથે બેસી એક રાત ખુશાલીમાં ગુજારે.

મેહેરંગીજ—માહારા ઘરની હું હાકમછું અને કોણ તાકાદ ધરાવેચ જે માહારાં રાજપાટમાં ખલલ કરે ? કોણ તાકાદ ધરાવેચ, બોલ, કોણ તાકાદ ધરાવેચ કે માહારા ચાકરોને માહારી મરજી ઉપરાંત લાહરો આપે ?

સોહેરીઆર—બાઈ, આ ઘર માહારૂંછે અને મહને કેહેવા દઓ કે જેઓ વીશે તહમે બોલોછે તેઓ માહારા નોકરો અને ગરીબડા ભાડુતોછે.

મેહેરંગીજ—હું તુંહને પરણી આવી અને તાહારા ખોલામાં માહારો બાપીકો ખજાંનો રેડપો તે એ વાસતે કે માહારાં માણસો આગલ માહારી હુરમત લીએ અને માહારો અખતેયાર નાબુદ કરે ? તહમારાં કુતરાં બીલાડાં ઉપર તહમારો જોર ચાલશે પણ માહારી ઉપર ચાલનાર નથી. એ લુચા વરેમારગુ ! કપે મોહોડે તાહારા કદરબીહામણા રફીકોને લઈ માહારી સામું ઘુરેછે ? માહારૂં ઘરબાર લુટટાં તું નીચને શરમીંદગી ઉપજતી નથી ? ઉઠો હીંયાંથી, કંગાલ લોકો નહીતર આજ ઘડીયે તહમને બેહારમતીથી લાકડીએ હંકાલી મેલીશ.

ખીદમતગાર—નામવર બાંનુ હમે હમારા કદીમ રેવાજ મુજબ હમારા મુરબીની પરવાનગીથી તેનું નીમખ ચાખવા આ સપરમે દાહાડે બેઠા છઈએ ?

મેહેરગીજ—સપરમો દાહાડો ! કંગાલ કુતરા શું તું એવું સહમજાવા માગેછે કે એક દાહાડો બીજા કરતાં વધારે પવીતરછે ? અને પવીતર દાહાડે શરાબ બાજીમાં મકસુર થઈ તાહારીજ જબાંને જુઠી પાડેછે ? (તેની સામું ટમબલર ફેંકેછે) એ કસરેવદજાદી મેહેતાબ આ બેઈજત ધોનફોડાઓમાં તાહારી લાજ લુટાવતાં તુંહને શરમ લાગતી નથી?

[મેહેતાબના કાંન એ ચેછે.

મેંહેતાબ—ઓ બાપરે માહારા બેહુ કાન છુટા પડયા.

સોહેરીઆર—મેહેરંગીજ ! અબલા જાતને તાહારી ચાલ ઘણી બેજાલત પોહોચાડનારીછે.

મેહેરંગીજ—ઘરમાં ચુટા પેહેડી ચુહુલાવાટી ઉપર ચહડી બેસો. નીકલો પીંડારાઓ અબ ઘડી (શઘલાંને મારી હંકાલેછે). તાહારી તાન હું હમણા તોડુંછું. (તંબોરા વાલાને) લે આએ તાર તાહારા મસતક ઉપરજ તુટશે.

[તમ્બુરો ફુટો મારેછે.

તંબોરાવાલો—મુવો, મુવો રે બાપરે !

શેહેરીઆર—મેહેરંગીજ આજીજી કરી કહુંછું કે માહારી હુરમત બચાવ. એ ગરીબ દોસત (તંબોરા વાલાને) લે આ હેલી. એવા દજન તંબોરા તું વેચાતા લેજે.

[તંબોરા વાલો જાયછે.

મેહેરંગીજ—આવી રીતે શું લોકોને પઈસે તહમે ખેરાત કરોચ ? જીવતા રહો જીવતા !

શેહેરીઆર—તાહારા પઈસા તુંહને દમડીએ દમડી હવાલે કરૂં જો તું આ તાહારા ઘંગ છોડી દીએ. તું આવી તે અગાઉ કાંઈ હું ભુખે મરતો ન હતો. જે આ બરૂ હાલ ભોગવુંછું તે કરતાં સરસ ભોગવતો હતો. તાહારી દમડી માહારા લાખમાં એવીતો અટવાઈ ગઈછે કે મહને તેની ભાણ પણ નથી. જા, જા, મહને એબ લાગેચ. જઈને પરારથનાં કર ઈશવરની કે તુંહને વધારે અકલ બખશે. જોરે બાહાર કોણ બારણું ઠોકેછે ?

[ખીદમતગાર જાયછે.

મેહેરંગીજ—તાહારાજ જેવો કોઈ ભાભરલુજો હશે.

ખીદમતગાર પાછો આવેછે.

ખીદમતગાર—સાહેબ, શેહેરે સમગાનનાં હકીમ લુકમાન આવયાછે. વઈદાં સાથે તારા એવાતો વરતેછે કે માણસનું ભવીશ કહી શકેછે અને ગરીબ લોકનો ખોયલો માલ શોધી આપેછે.

વઈદ દાખલ થાયછે.

વઈદ—સલામ સાહેબ; સોંજનો હું આ જગા તરફ ગોતાં ખાઉંછું પણ માહારો રસતો સુજતો નથી. તહમારી સદાની ગરીબોની મદારત ઉપર કમર બાંધી હું હીંયાં આવયોછું કે મજને એક ખુણું આ મુકામ ઉપર આપશો તો માહારાં થાકિલા બદનને વીસામો આપી મરી ફજર તમારા હકમાં દુવા માગતો માહારે મારગે ચાલયો જઈશ.

મોહેરંગીજ—કાલું કર હીયાથી લુચા જાદુગર.

વઈદ—(મનમાં) ઠીકછે, ઠીકછે કોઈટ ઠીકછે. તતકાલમા તુંહને મસકા સરખી નરમ બનાઉંછું.

શેહેરીઆર—દોસત ! હાલ મામલો એવો ફરયોછે કે માહારા ઘરનો હું માલેક નથી; તેથી માહારી ઉપર ઉપકાર કરે, જો તુ હીંયાથી એક મઈલને તફાવતે એક માહારા મોચીનું જુહુપકુંછે તયાંહાં જઈ ઠોભે. તાહારી પુઠે હું એક નોકરને મોકલુછું જે તુંને તયાંહથી એક માહારા ગરીબડા ભાડુતને તાંહાં તુંને ઠામ પાડી આવશે.

વઈદ—મજ ગરીબ ઉપર તમ સાહેબનો મોટો આભાર ચહડયોછે; પણ તહમારી ખાનુંને માહારે જણાવવું જોઈએ કે આજ રાતે માહારૂં વેર લઈશ.

[જાયછે.

ણ દર ઘડી હવાથી જાંણીતા રહીએ છઈએ અને તે શુંછે તે જાંણવાની યતન કરતા નથી તોયપણ તેની બનાવટ અને તેમાં તે કરૂપાલુ દાતારે વાપરેલું ડાહાપણ ઘણાજ ધેયાનથી જોવા લાયકછે. હવા, આતસ, જમીન અને પાંણીને પુરાતંન લોકો મુલ તતવ ઈયાને જે ચીજ ભેલ વગર બનેલી હોય એમ માનતા હતા. એ ચાહારે ચીજ મુલ તતવ નથી એ અરવાચીન વીદવાનોએ પુરવાર કીધુંછે.

હવા ચાર જુદા જુદા પદારથોની બનેલીછે. એમાંના બે મુખય ઓકશીજન અને નાઈટરોજનછે. બાકીના બે કારબાનીક આશીડ અને પાંણીના બાફનો ઘણોજ જુજ મેલાવરોછે.

ઓકશીજન એ પોતે એક જાતનો વાયુછે. હવા વીગરેના જે વાયું તેને ઈંગરેજ રસાયણીઓ ગાસને નાંમે ઓલખેછે. ઓકશીજન ગાસ હવાની માફક રંગ, સવાદ અને ગંધ વગરનીછે. એ ગાસમાં દીવો હવા કરતાં વધારે તેજથી બલેછે. પરાંણીઓ ખુસીથી તેમાં દમ લીએછે, પણ તે તેમને ઊશકેરેછે; લોહીને જોશથી ફેરવેછે, તાપ બદનમાં લાવેછે અને અંતે મોહોત નીપજાવેછે.

એ ગાસ બનાવવી સેહેલછે. "કલોરેટ આવ પોટાસ" માં થોડી રેતી ભેલી એક સીસીમાં નાખી તે સીસી દીવા ઊપર ધરવી. ઈસપીરીતનો દીવો હોય તો વધારે સારૂં. થોડા વારમાં ધુંવો નીકલશે અને શીશી તેથી ભરાઈ જશે. એ ગાસ આંખે દેખાતી નથી ઈયા કોઈ બીજી ઈંદરીથી માલમ પડી સકતી નથી. પણ જો કાકડો સલગાવી સીસીમાં ઊતારયો હોય અને તે ઘણાજ તેજથી બલેતો જાંણવું જે ઓકશીજન ગાસ હાજર છે.

નાઈટરોજનબી એક જાતની ગાશછે અને તે પણ રંગ, સવાદ અને ગંધ વગરનીછે. પણ બતી એ ગાસમાં મુકી હોયતો બુજાઈ જાયછે અને પરાંણીઓ તરત મરણ પાંમેછે. એક પાંણીના ભરેલા બોલમાં એક નાની પેયાલી તરતી રાખવી અને તે પેયાલીમાં ફાસફરસ નામના પદારથનો એક કટકો મેલી તેને સલગાવવો. પછી એક પોહોલે મોહાડેની બાટલી પેયાલી ઊપર ઊંધી વાલવી, એવી રીતે કે પેયાલીને ઘાંકી નાખી તે બાટલીનું મોહોડું પાંણીમાં ડુબેલું રેહે. જારે ફાશફરસ હોલવાઈ જાય અને બાટલી થંડી પડે તાહારે તદબીરથી તેને બુચ મારી બાહાર કાહાડવી. એ બાટલીમાં જો બલતો કાકડો ઊતારયો હોયતો તરત તે બુજાઈ જસે અને નાઈટરોજનની હસતી માલમ પડસે.

કારબોનીક આસીડ એ પણ એક જાતની ગાસછે જે ઊપલી બે ગાસોની માફક વગર રંગનીછે. પણ એ ગાસની થોડી ગંધ આવેછે અને સવાદમાં ખાટીછે. બતી અંદર બુજાઈ જાયછે અને પરાંણીઓ મરણ પાંમેછે. તે આપણી સાધારણ હવા કરતાં અરધોઅરધ ભારીછે અને તેથી કરી તે એક વાસણમાંથી બીજા વાસણમાં રેડાઈ શકાયછે. ચુનાના પાંણીમાં એ ગાસ નાખી હોયતો તેનૈ દુધ સરખો રંગ આપેછે અને ચુના સાથે મલી ચાક બની જાયછે. ચમપીન, બીર અને બીજા ઊભાતા દારૂઓ તથા સોડાવાટરમાંથી જે ધુવો નીકલેછે તે એ ગાસછે. સોડા ખાર ઊપર સરકો નામયાથી કારબોનીક એસીડ શેહેલથી ઊતપન થઈ સકેછે. એ ગાસ ભારી હોવાથી નીચે ઠરી બેસેછે પણ જેમ જેમ તેનો જથો વધેછે તેમ તેમ તે હલકી હવાને ઊપર ચહડાવી ઊરાડી દીએછે અને જો વાસણમાં સમાતી નથી તો પાંણીની માફક ઊભાઈ વાસણની બોરદુએ પડેછે. એ ગાસની હસતીની તપાસ આએ મુજબ કરવી. સોડા ખાર ઊપર સરકો નાખી તે વાસણમાં થોડે વખત પછી એક બલતી બતી મોહોડાં આગળ વેરજ ઊતારવી અને એક બલતી બતી તલીએ વેર ઊતારવી. ઊપલી બલયા કરશે અને નીચલી બુજાઈ જસે, કારણ બાટલીના મોહોડાં આગલ હજુર હવા મોજુદછે અને કારબાનીક આસીડ ભારી હોવાથી તલીએ ઠરીછે.

પાંણીનો બાફ એટલે જે ધુંવો પાંણીને ખોલું હવામાં મેલયાથી ઊપર જાયછે તે. જમીન ઊપર પાંણી ઘોલીએ છઈએ તે તરત સુકાઈ જાયછે તેનું કારણ એકે તે નહી દેખાય હેવી રીતે બાફના આકારમાં ઊડી જઈ હવામાં ભેગું થાયછે. એ ચાર પદારથો હરદમ અને દરેક જગાએ હવામાં હાજરછે કારબાનીક આસીડ અને બાફને બાદ કરીએતો ૧૦૦ ગાલન હવામાં ૭૯ ગાલન નાઈટરોજન અને ૨૧ ગાલન ઓકશીજનછે. કારબાનીક આસીડ એટલીતો થોડીછે કે ૫૦૦૦ ગાલન હવામાં ૨ ગાલન તેનાછે. પણ જેમ જેમ દરયાની સપાટીથી ઊપર ચહડચે તેમ તેમ કારબાનીક આસીડનો જથો વધેછે. આપણે ઊપર જો

ચુંકે કારબાનીક આસીડ ઓકસીજન અને નાઈટરોજન કરતાં ભારીછે તયારે એ જેહરી હવા પરૂથવી ઊપર નીચે કરવી જોઇયે અને સઘલાંનો નાશ થવો જોઇએ. પણ એમ નથી, તે દાદગર કરીમે હેવું કરયુંછે કે એ ચાર પદારથો પોતાના જુદાં જુદાં વજન છતાં એકમેકમાં એકંદર ભેલાઈ જાયછે. એ કાયદાથી નાઈટરોજન જે હલકીછે તે ઊપર રેહતી નથી તેમ કારબાનીક આસીડ સરવેથી ભારીછે તે નીચે રેહેતી નથી પણ દરેક જગાએ ઊપલા ચાર પદારથો પોતાના ઊપર કહયા તે પરમાંણમાં ભેલાઈ રહેછે.

બાફ વલી, ગરમી, ઠંડી ઊપર આધાર રાખેછે. ગરમ દેશોની હવામાં તે થંડા દેશોની હવા કરતાં વધારે હોયછે. ચુંનાનું પાંણી ખોલી જગાએ ઊંઘાડું મેલયું હોય અને તે ઊપર જો ચાકનું પડ બંધાયતો જાંણવું જે હવામાં કારબાનીક આસીડ હાજરછે. ગરમીના દાહાડામાં ટંબલરમાં જો આઇસ પાણી નાખયું હોય અને ટંબલરની બાહારની બાજુએ જો પાણીના ટીપાં બંધાયતો જાણવું જે હવામાં બાફછે.

દરેક દમ જે માણસ ફેફસામાં લેછે તે સાથે તે હવામાંથી ઓકસીજન લીએછે. ઓકસીજન એ પરાંણીનો ઘણોજ અગતયનો ખોરાકછે; અને તે તેને દર પલે જોઇએછે. એ ખોરાક તેને બીજી કાઇ કુદરતી રીતે મલી સકે નહી. એ અગતનો ખોરાક કેવી સેહલાઈથી કેહવી-અડચણ વગર આપણ લઇ સકયે છઇએ ?

વલી ઓકસીજંન વગર કદી આતસ બલે નહી. કોયલો, લાકડું અને બીજા પદારથો માણસને ગરમી આપી શકે નહી જો હવામાં ઓકસીજન હોય નહી.

પણ જો હવાં ફકત ઓકસીજનનીજ બની હોતતો એકવાર એક ચીજ સલગાવી તો તેને બુજાવવાને માણસની હાથમાં ઊપાય રેહત નહી,એટલુંજ નહી પણ પરાંણીઓની થોડાવારમાં દુનયામાં હસતી ખતમ થાય. એ સબબસર આકસીજનને પુશકલ નાઈટરોજન સાથે ભેલી નરમ કીધીછે.

દરેક પાંદડુ જે ઝાડ ઊપર દેખાયછે તે હવામાંથી કારબોનીક આસીડ ચુસેછે. જેમ માંણસને ઓકસીજન અગતનીછે તેમ ઝાડને કારબાનીક આસીડછે. જો હવામાંથી કારબાનીક આસીડ દુર કીધીતો એક પણ ઝાડ જીવતું રહે નહી. પણ કારબાનીક આસીડ પરાંણીઓને જેહેર છે. એજ સબબથી તેનો હવામાં ઘણો થોડો ભાગછે. વલી બીજા હાથ ઊપર ઝાડોને ઊપલા થોડા જથામાંથી પુરતો ખોરાક મેલવવા સંખયાબંધ પાંદડાં આપવામાં આવયાંછે. એ પાંદડાંઓની સપાટી ઊપર ગણાઈ ન શકાય એટલાં છીંદરોછે જે કારબાનીક આસીડ હવામાંથી છુટી પાડી તેને ચુસેછે. એ પરમાંણે પાંદડાં ગોયા ઝાડના ફેફસાંછે. વલી ઝાડો તેમના આખા વજનનો પોણો ભાગ પાંણીથી બનેલાંછે, અને પાંદડાંઓની સપાટી ઊપરથી પાંણી બાફના આકારમાં નીકલી જાયછે.

જો હવા એકદમ સુકી હોય અને તેમાં પાંણીનો ભાગ હોયજ નહીતો ઝાડને જમીનમાંથી પાંણી મલે તે કરતાં વધારે જલદી તેમાંથી પાંણી જતું રહે અને તેઓ જલદી કરમાઈ જાઈ.મરણ પાંમે.

પરાંણી પણ ઝાડની માફક પાંણીનું બનેલુંછે. ૧૫૪ રતલ વજનમાં ઊતરતાં માંણસમાં ૧૧૬ રતલ પાંણીછે. તેની ચાંમડી અને તેનાં ફેફસાંમાંથી પાંણી બાફના આકારમાં ઊડતું રહેછે. જો હવા તદન સુકી હોયતો તેની ચાંમડી કોરડી થઈ ચીમડાઈ જાય અને ખોખાર અને તરસથી તે હેરાંન રહે. વલી એકદમ સુકી હવા દમમાં લીધાથી તે પણ કરમાઈ જાય. એજ કારણસર આફરીકાના રેતીના રાંનોમાં જે ગરમ પવન ફુકેછે તેની અસરથી મુસાફરો વારેઘડીયે મરણ પાંમેછે.

## એક ઉજડ ટાપુ.

એક અસો અને તવંગર માણસ જેની પાસે સંખયાબંધ ગુલામો હતા તેણે તેમાંના એકને ઘણો સુખી કરવાનો ઠરાવ કરયો. તેથી તેણે તે ગુલાંમને છુટાપણું બખશયું અને તેને એક વાંહાંણ વેપારની જીણસોથી ભરપુર કરી આપી બીજે દેશ વેપાર કરવા મોકલયો. ગુલાંમ વાંહાંણ લઈ પવનના સપાટા ઊપર નીકલી ગયો; પણ થોડા વખત પછી એક ભયંકર તુફાન નીકલી આવયું જેણે વાહાણને ખરાબા ઊપર અફડાવી તેના ફુરચે ફુરચા ઊરાડી નાખયા. માલ સઘલો દરયાને તલીએ ગયો. ખલાસીઓ સઘલા દુબી મરણ પામયા અને તે એકલો ઘણી જેહેમતે એક ટાપુ ઊપર જવાને સામરથવાન થયો. ભુખે વસતર વગરનો અને લાચાર તે કાંઠે બેઠો અને પોતાના કમનશીબ ઊપર રૂ

દન કરવા લાગો. પણ હવામાં લોકોનું એક ટોલું તેની આગલ આવી લાગું; જેવો "સલામત પાદશાહ! સલામત પાદશાહ!" હવા પોકારો મચાવી રહી તેને ઊંચકી એક ભપકાદાર ગાડીમાં બેસાડી એક મનોરંજક સેહેરમાં લઈ ચાલયા. તેને એક મેહેલમાં ઊતારયો જયાંહાં તેને તખતે બેશાડવાની તથા તાજ પેહેડાવવાની કીરીયા થઈ. અમીર ઊમરાવો તેની આગલ ધું ટણમંડી બેઠા અને આખી પરજાની તરફથી વફાદારીના વચન નીકલયા.

પેલો નવો પાદશાહ વીચાર કરવા લાગો કે તે એક સવપનો જોયછે. પણ જે જાથુક રીતે તે જાહોજલાલી ભોગવવા લાગો તેથી તેના મનમાં જરાક પણ તે માટેનો શક રહયો નહી:

તે મન સાથે બોલવા લાગો કે "હું સમજી સકતો નથી કે આ અજાએબ લોકોની આંખને જાદુઈના જોરમાં કોણે લીધીછે? મજ સરખા એક મરવાતોલ મુસાફરને તેઓએ પોતાનો રાજા બનાવયોછે. તેઓ જાંણતા નથી કે હું કોણ છું, પુછતા નથી કે હું કયાંહાંથી આવયો, અને તે છતાં પોતાના મનમોહન દેશની પાહાદશાત મહને આપેછે!"

એ વીચારનો ખુલાશો માંગવા તેણે એક દીવસે પોતાના વજીરને પુછયું કે "વજીર, મહને તહમો લોકોએ તહમારૂં તખત કેમ બખશયુંછે? તહમે કેમ જાંણયું કે તહમારા ટાપુ આગલ હું આવી લાગોછું? વારૂ એ શઘલાનું પરીણાંમ શું નીપજશે?" વજીરે જવાબ દીધો જે "પાહાદશાહ સલામત! આ ટાપુ જીનોથી વસેલુંછે. ઘણાં વરસની વાત ઊપર તેઓએ પરવરદેગારને વીનંતી ગુજારી કે આદમની ઓલાદના એક પુરૂશને દર વરસે આ ટાપુ ઊપર પાહાદશાહત ભોગવવા મોકલી આપવો. પરવરદેગારે તે વીનંતી કબુલ કીધી અને દર વરસે એક ચોકસ દાહાડે આ ટાપુ ઊપર તે એક માંણસને મોકલી આપેછે. સઘલા રેહેવાશીઓ તે દાહાડે ખુસાલીના પોકાર મારતા તેમના પાદશાહની ભેટ લેવા આવેછે. નવો પાદશાહ તખને બેઠો કે જુનાનું રાજ ખતમ થાયછે. એ જુના પાદશાહને તે દીવસે ફાટાં તુટાં કપડાં પેહેડાવી સઘલા જોર જુલમથી કાંઠે મેલી આવેછે. પછી તેને માટે એક કીસતી તઈયાર પડેલી હોયછે, તેમાં તેને હંકારી દીએછે. એ કીસતી એક ઊજડ ટાપુ આગલ આવી લાંગડેછે. જે સખસ થોડા દીવસની વાત ઊપર લખો માંણસો ઊપર હાકમી ભોગવતો હતો તે હવી જગા ઊપર આવી લાગેછે કે કોઈને તે તેની પરજા કરી સકતો નથી. જો તેણે પોતાની આગલી પાહાદશાત દાહાપણથી ગુજારી ન હોયતો તે આ જંગલમાં ઘણી કંગાલ જીંદગી ગુજારેછે. નામવર શાનશાહ એ હમારા મુલકનો ધારોછે. જે કોઈપણ પાદશાહથી રદ કરી શકાતો નથી."

પાહાદશાહે સવાલ કીધો જે "માહારી આગમચ થઈ ગએલા પાહાદશાહોને શું ખબર હતી કે તેઓની પાહાદશાત ઘણી ટુંક મુદતની છે?" વજીરે ઊતર દીધો જે "પાહાદશાહ સલામત! એ બાબદથી કોઈ અણજાંણયો ન હતો પણ કેટલાએકો પોતાની જાહોજલાલીના તેજથી આંધલા થઈ હાલની મોજમાં પાછલનો વીચાર ભુલી ગયા. બીજાએ મોજની ભાણમાં ચકચુર રહી ઊજડ ટાપુની દરાંમની ઈયાદથી રખે તેમના એક પોહોરના અમરતના પેયાલાંમાં કડવાસ ઊતપંન થાય તેથી બનતા સુધી તેની ઇયાદ તજતા હતા, અને છાકટ માણસની માફક તેઓ એક મોજ ઊપરથી બીજી અને બીજી ઊપરથી તરીજી એમ શુંશું મારતાં વરસને છેડે આવી જટ ઊભા રહેતાં; જારે ફાટી આંખે અને બગાસતે ડાચે તેઓ કીસતી ઊપર સવાર થઈ ઊજડ ટાપુ તરફ ઊપરી જતા. જારે ઊજડ ટાપુ તરફ વગર તઈયારીએ તેઓ જતા તારે કપાલ કુટટા હતા કે જારે તેમના અખતયારમાં હતું તારે દુરઅંદેશો કરયો હોતતો આવે શમયે તેમને પસતાવું પડત નહી."

આ વાતથી રાજા દેહેસતથી ભરાણો. થોડા અઠવાડયાં તેની વરસની પાહાદશાતના ગુજરી ગયાં તે તરફ નેઘાહ કરી તે ધાસતીથી ધ્રુજયો અને બાકીના દાહાડા પોતાની તઈયારી કરવામાં ગુજારવાને નીશચય કરયો.

તેણે ફરી વજીરને પુછયું કે "હે ડાહાપણ ભરયા વજીર! મેહેરબાંની કરી મને કેહેકે આગલા બાહાદશાહોની ફેજથી બચવાને હું શું ઊપાય કાંમે લગાડું?"

વજીર બોલયો કે "નામવર પાહાદશાહા વીચાર કરો કે આ જંગલમાં તમે કેહવા નાગા અને લુખા આવી લાગા. એજ પરમાંણે તહમને આ કીનારો છોડવો પડશે. એક ઊપાય તહમારે હાથછે જે તહમારી મોટી ગરજ ઊજડ ટાપુમાં સારસે તે એકે તે ટાપુ

ને પસાવો અને ફલવંત કરો. હમારા દેશનાં ધારા એ કાંમ કરવા તહમુને અટકાવનાર નથી. વલી તહમારી પરજા તહમને એટલીતો તાબેછે કે પરૂથવીને છેડે જઇ ઊભા રેહવા કહેશોતો તેઓ તહમારો હુકમ બજા લાવશે: તેથી તે ટાપુ ઊપર પુશકલ મજુરોને મોકલો અને ઊજડ વેરાનને ફલદરૂપ બનાવો. ઘરો બંધાવી શેહેર મચાવો અને જોઇતી ચીજોનો તેમાં સંઘરહ કરો. થોડા બોલોમાં કહુંતો એક નવાં રાજપાટને માટે તઇયારી કરો કે જાંહાંની તહમારી પરજા તહમે તે ટાપુ ઊપર પગ મેલતાં તહમને હેત અને પરીતથી મલે. પણ વખત ઘણો ટુકછે તેથી એક પલખી ખોવી જોઈતી નથી. તહમારાં નવાં રેહાંણ ઊપર જેટલી મેહેનત ખરચશો તેટલી તહમારી હવે પછીની જીંદગી શુખવાલી થસે."

પાહાદશાહ અકલમંદ હતો અને તેને વજીરની શલલાહ સુનાના મુલ સરખી લાગી. તેણે તરત ઊજડ ટાપુ ઊપર પુશકલ મજુરો મોકલયા જેઓએ છ માસની મુદતમાં તે વેરાનને ગુલજાર શેહેર બનાવી નાખયું.

પાહાદશાહના રાજની હસતીનો અંત નજદીક આવતો ગયો. જે સમયે તેની આગમચ થઈ ગયલા પાદશાહો સુકકાં પાંદડાંની માફક ધ્રુજતા હતા તે સમયે આ નવો પાહાદશાહ જે રાજ તેણે પોતાની મેહેનત અને ડાહાપણથી ઈસથાપયું હતું તે તરફ પધારવાના વખતની રાહા ખુશીથી અને ઊલટથી જોતો બેઠો. અંતે તે દાહાડો આવયો. પાહાદશાહને તેના મેહેલમાં ઘર ચો, તેનું તાજ અને તખત છીણવી લીધું, અને તેને વાંહાંણમાં બેસાડી ઊજડ ટાપુ તરફ હંકારી મેલયો. જેવો તેણે ઊજડ ટાપુ ઊપર પગ મેલયો તેવાજ દોડતા અને નાચતા તાંહાંના રેહેવાશીઓ પોતાના બાહાદશાહને એસતેકબાલ લેવા આવયા. એક વરસની લેહેજાની પાહાદશાહાતને બદલે તેને હરદંમનુ તાજ મલયું, કારણ પરવરદેગારે તેહેનું ડાહાપણ જોઈ તેને તેની પરજાના જેવી અમર કાયા બખશી અને તે ગુલજાર શેહેરનો જાવેદાનનો હાકમ કીધો.

પેલો અશો અને તવંગર માંણસ તે ખોદાછે. ગુલાંમ તે તરતનો જનમેલો **માંણસછે.** જે ટાપુ ઊપર તે પેહલે ઊતરયો તે **પરૂથવી છે.** જે રેહવાશીઓએ તેની ખુશીથી લેટ લીધી અને માવજત કીધી તે તેના **સાખાપછે.** વજીર જેણે ઊતમ સલલાહ આપી તે **ડાહાપણછે.** એક વરસની પાહાદશાહાત તે માંણસની જીંદગી દેખાડેછે. ઊજડ ટાપુ તે **હવે પછીની દુનયાંછે.** જે મજુરો તેણે ઊજડ ટાપુ ઊપર મોકલયા તે તેના **સારાં કાંમછે.** જે પાહાદશાહો તેની આગલ થઈ ગયા તે **મુરખ માંણસોછે** જે મોત પછીની જીંદગીના વીચાર વગર દુનયાંની મોજમહજામાં પડેછે. હરદંમ કંગાલીયતપણામાં તેઓ વસેછે કારણ તેવો પરવરદેગારની આગલ ખાલી હાથે જઈ ઊભા રેહેછે.

---

## લારડ બેકન.

આ દુનયાંની લાલચ અને લોભના ચીકલમાં આદમ કેમ ફસેછે તેનો જો પંકો ધડો શીખવો હાયતો તે અરવાચીન ફીલસુફોના પાહાદશાહ લારડ બેકનના જ નમ ચરીત્ર ઊપરથી થઇ સકશે. એ ધડો સીખાડેછે કે જો ખુધી જે નેમ માટે ઇશવરે મેલીછે તે પડતી મેલી બીજી નીશાન ઊપર જાયતો આકબત ખેજાલત પાંમી કંગાલીયતપણા અને નાઊમેદીમાં વાસો કરેછે.

ઈંગલંડની રાંણી ઈલીજાબેથની મોહોર રાખનાર સર નીકોલસ બેકન નામના એક મોટા અમલદારને તયાંહાં ૨૨ મી જાંનેવારી ૧૫૬૧ ને દીવસે ફરાંસીસ બેકન જનમયો હતો. ફરાંસીસ એ સર નીકોલસનું સરવેથી નાનું બચું હતું. પનોતો પુત પાલણામાંથીજ માલમ પડે, તેમ ફરાંસીસ નાહાનપણમાંથીજ પોતાની ચબરાકી દેખાડવા લાગો. તે જારે હજી રમતીયાલ છોકરો હતો તારે રાંણી ઈલીજાબેથે તેને પુછયું કે "છોકરા તારી ઊમર કેટલી ?" જે સવાલનો ફરાંસીસે જટ ઊતર આપયો કે "તહમો નામદારના ભાએગશાલી રાજ કરતાં હું બે વરસ નાનોછું" આટલી ટુક વયે તેણે એક બુદા દરબારી સરખો ઊતર ફેરવયો. ૧૩ મે વરસે તે કેમબરીડજની તરીનીતી કાલેજ નામની મોટી પાઠશાલામાં દાખલ થયો. જારે તે કાલેજમાં અભયાસ કરતો હતો તારે તેને એરીસતોટલ નામના એક ગરીશીયન પરાચીન માહાન ફીલસુફના ગરંથ સીખાડવામાં આવતાં હતાં. પણ ફરાંસીસને એરીસતોટલની ફીલસુફી પસંદ પડી નહી. જે મોટા ઊસતાદના ગરંથો વાંચતાં પાકી ગયલા બાલના પંડીતોએ પોતાની આંખોનુ તેજ ગુ

માવેલું તે ગરંથો હજીતો જે જુવાનની ડાહાડી ફુટેલી નહી તેના મને કબુલ કીધાં નહી. એ સમયે તેણે પોતાની ફીલસુફીનો પાયો નાખયો જે ઊપર આજ પરૂ થવી હેરત પાંમે તેવી ગંજાવર ઇમારત તેણે પોતાની જીંદગીના પાછલા ભાગમાં ઊભી કરી. પાઠશાલા છોડી તે યુરપના જુદા જુદા શેહેરોમાં મુસાફરી કરવા ગયો જયાંહથી ૧૫૮૦ ના શાલમાં તેને પોતાના બાપના મોતના શમાચાર સાંભલવાથી પાછું ફરવું પડયું. તેના બાપના મોહોતથી તેની આશા ઝાંખી થઈ. રાજપાટની અંદર પડવા તેનો ઘણો શોખ થયો. એ કારણસર તેણે તે વખતના શીશીલ ખાંનદાંનના વરધાંનો જે તેના સગપણમાં હતા તેમને એકાદ નોકરીને માટે વારેઘડીયે અરજીઓ કીધી પણ તે સઘલી ફોકટ ગઈ. એ રીતે નીશફલ થઈ તેણે ધારાનું ગાંન પરાપત કરવાનો ઠરાવ કરયો. એ કારણસર તે ગરેસ ઇન નાંમની એક ધારા સીખાડનારી મદરેસામાં દાખલ થયો. ૧૫૮૨ માં ઇયા ૨૧ વરસની વયે તે બારીસટર દાખલ પસાર થયો અને ૧૫૯૦ માં પરધાંનોએ તેને એક અદાલતનો દફતરદાર ઠેરવયો. જાહારે સોલીસીટર જેનરલની ધારાને લગતી જગા જે રાજમાં ણી એતેબર ગણાયછે તે ખાલી પડી તારે તે બેકનને પાવવા તેના મુરબી અને દોસત અરલ આવ ઇસેક્ષ નાંમના અમીરે પરધાનો સાથે ફોકટ ફાંફાં મારયાં. કનને નાશીપાશ નહી થવા દેવા સારૂં ઇસેકસે રેહેમદીલીથી તેને એક જાગીર ખેરાત આપી જેની વરસ દાહાડે ૧૮૦૦૦ રૂપયા આવક હતી. ઇસેકસે જારે રાંણીની સાંમું બંડ ઊઠાવયું અને તે કેદ પકડાયો તારે બેકને રાંણીના હુકમથી પોતાના દોસતના આગળા ઊપકાર ભુલી જઈ તેની શાંમુ અદાલતમાં બારીસટર દાખલ દેખાવ દીધો. એટલુંજ નહી પણ ધીકાર ભરેલી અને નીચ યુકતીઓ વાપડી તેણે ઇસેકસને ગુનેહગાર ઠરાવયો. વલી જેહેરનું જોર વધારવા તેણે એક ચોપાંનયું લખયું જેમાં ઇસેકસની આબરૂ ઊપર સખત હોમલા કરી તેની નાલેસી કરી હતી.

ઈલીજાબેથ રાંણીનો વારસ પેહેલો જેમસ પાહાદશાહ બેકનની મનશકતીની અછી પીછાંન ધરાવતો હતો. તેણે બેકન ઊપર પુશકલ ઊપકારો વરસાવયા અને તેમાંનો પેહેલો તેને નાઇટનો બખશેલો ખેતાબ હતો. ૧૬૦૪ માં તેને "કીનગસ કાઊનશલ"નો ખેતાબ મલયો, ૧૬૦૭ માં સોલીસીટર જેનરલની અને ૧૬૧૨ માં એટરની જેનરલની ઊંચી પદવી મલી. પણ બેકન પોતાના પાહાદશાહની મેહેરબાંનગી લેવા પોતાની ઊતમ કેલવણી ગેર રીતે વાપડવા લાગો. પીચમ નામના એક બુઢા પાદરીએ એક વાયાજ લખી હતી જેમાં પાહાદશાહની શાંમે લખેલું જણાવયામાં આવયું હતું. જે લખાંણ બાહાર પડેલું નહી તેની ધારાની રૂહે ખબર લેવાઇ સકાય નહી, પણ બેકને તે બુઢા પાદરીને છુપી રીતે માર મરાવી તેનો અનયાય કબુલ કરાવયો અને નયાયધીસોને સમજાવી ફુસલાવી તેને ગુહનેગાર ઠરાવયો. અને તેને મોહોતની શીખશાની ટેપ મરાવી. પણ નયાયધીસો પોતેજ એ ચુકાદા ઊપર સરમથી જોવા લાગા અને તેઓએ તે બુઢા પાદરીને જનમ કેદખાંનું આપયું. બેકને પછી પાહાદશાહના જાંની મીતર ડીયુક આવ બકીંગહામનો પેયાર ખેંચી લીધો જેની મેરબાંનીથી તે લારડ ચાનસેલર ઇયાને ઈંગલંડના વડા નયાયધીસની પવીતર પદવીએ ચહડયો. જે નીશાન તરફ બેકને નાહાનપણથી મજરો માડયો હતો તે નીશાન તેણે હાથ કીધો. લોકની નજરમાં તે આવી ગયો. આખી ઈંગલંડની પરજાની જીંદગી, આબરૂ, અને દોલત તેના હાથમાં હતી. પણ રાજપાટની ગરબડમાં બેકન પોતાનો વીદયા અબયાસ ભુલયો ન હતો. ૧૫૯૬ માં જુદી જુદી બાબદો ઊપર તેના લખેલા રસાલા બાહાર પડયા જે કાબેલીયત, દુરઅંદેશી, અને દુનયાદારી ડાહાપણ માટે પુશકલ આશકારા થયાછે. ધારાની બાબદો ઊપરના તેના નીબંધ હજુર ધારાના હીમાયતીઓ માન સાથે વાંચેછે. પણ તેના નાંમને જેબ આપનારાં અને તેની ઈયાદગારીને અમર કરનારાં તેની ફીલસુફી ઊપરના લખાંણોછે. પરાચીનોની ફીલસુફીને તેણે રદ કરી આપીછે અને એક નવી ફીલસુફી ઊભી કીધીછે જેમાંથી નીપજતાં અમરત ફલો બેકન પછીના આપણા વડાવાઓએ ચાખયાંછે, આપણ ચાખીએ છઇએ, અને આપણી પછી આવતી ઓલાદ ચાખશે. લારડ ચાનશલરની પદવી સાથે તેને વાઈકાંઊંટ સેંટ આલબનશનો અમીરી ખેતાબ મલયો.

પણ હવે બેકનની જાહોજલાલીનો સુરજ નમતો થયો. ૧૬૨૧ માં પઈસાની તાંણને લીધે જેમસ પાહાદશાહે છ વરસને લાંબે અંતરે આમની સભા ભેગી કરી.

લોકો પાદશાહની જુલમાતનો પોકારો મચાવી રહયા હતા અને આ તર્ફે તેમના વકીલોએ રાજપાટના ગુચવારા મોટલા કરવાનો ઠરાવ કરયો. આંમની શભા પુછપરછ ચલાવતી ધારાની અદાલતો તપાસવા બેઠી અને તેઓને જોસતેજો કરતાં માલમ પડયું કે બેકને પોતાના અદલ હાથને લાંચ રૂસવટથી દાઘ લગાડયોછે. આમની સભાને એ બાબદ ઊપર કેટલીએક ગુવાહી મલી જેમાં એક આબરી નામના ગરહસથની ગુવાહી પુરેપુરીછે. આબરી બેકનની આગલ પોતાનો કજીઓ લડતો હતો. એ કજીઓ ચાલતાં બેકનના મારફતીયાઓએ તેને સલાહ આપી કે તું જો જડજ શાહેબનુ ભજન કરેતો હમે તારો કજીયો જીતાવી આપયે. આબરીએ એક વીઆજખોરા પાસેથી હજાર રૂપયા ઊછીકા લીધા અને બેકનને આપયા. પણ જાહારે બેકને ચુકાદો કીધો તાહારે તે તદન આબરીની વીરૂધ ગયો જેથી તે એટલો ગુસે થઓ કે તેણે સઘલું ભોકારૂં જાહેર કીધું. જાહારે બેકન ખોલો પડયો તાહારે તેણે ઊમરાવની સભાને કાગલ લખી પોતાનો ઘુનાહ કબુલ કીધો. પણ એ કાગલ તેણેજ લખયુંછે તેની ખાતરી કરવા થોડાક ઊમરાવો તેહેને ઘર પધારયા. બેકન તેઓ આગલ બોલયો કે "માહારા લારડો એ પતર માહારા પોતીકા હાથનુંછે. હું વીનતી કરૂંછું કે એક ભાગેલા બરૂને વધારે મરડશોના." બેકનને ઊમરાવોએ લંડનના ટાવરમાં જનમ કેદખાંનું તથા ૪ લાખ રૂપયાના દંડની મોટી સીખસા કરી. થોડી મુદત પછી તેને છોડવામાં આવયો અને તેના દંડના પઇસા મેલી દીધા. એ રાજાની મેહેરબાંનગીથી થયું હતું.

છુટાપણું મેલવયાબાદ તે તેની બાપની હવેલીમાં જઇ રહયો જે હવેલીમાં તેણે પોતાની બચગી ગુજારી હેતી. જોકે તે જાહાવજલાલીની ટોંચ ઊપરથી સરમીંદગીની સપાટ ઊપર પડયો હતો તોયપણ તેના કેટલાંએક મીતરોએ તેને છોડયો નહી. એ-તેના મીતરોની સચાઇએ તેને હમેશ ઇસેકસ તરફ તેણે બતાવેલી બેવફાઇની કડવી ઇયાદ આપી હસે. પોતાની આબરૂનો ધુલ થઆ પછી બેકને ફરી જાહેરમાં દેખાવ દીધો નહી. તે ઘરમાં ઘંકાઈ બેસી અખતરાઓની મદતથી પોતાના ફીલસુફીને કુવત આપતો ગયો. બેકનને હેતું અનુમાંન થયું કે પરાંણી પદારથને ટાહાડો અટકાવવા સારૂ બરફ ફાયદાકારક રીતે વપરાઈ સકાય. એ અખતરો અજમાવવા કાજ એક દીવસે ઘણી થંડી પડતી હતી તે વેલાએ તેણે એક મુરઘીને મારી નાખી તેની અંદર પોતાના હાથે બરફના કટકા ખીચોખીચ ભરયા. આ અખતરો તેણે હાઇગેટ નાંમની જગામાં ફરતાં ફરતાં કીધો હતો. તરત તે ધુજવા લાગો અને તે ચાલવાને અશકત થઈ પડયો. હાઈગેટમાં અરલ આવ આરનડલ નાંમના ઊમરાવનું એક ઘર હતું તયાંહ તે ગઓ જયાંહ જોકે અમીર હાજર નહતો તોયપણ તેના નોકરોએ તેની અછી ખીદમત કીધી. એ જગાએ એક અઠવાડયાંની માંદગી ભોગવી તે ૧૬૨૬ માં ૬૫ વરસની ઊમરે મરણ પાંમયો.

---

## ધરમશાળા

અથવા

### જંગલમાં કહેલી ચાર વાતો.

(સાધણ સફે ૨૭ થી)

એક ખુશનુમાં વસંતરૂતુની બામદાદ તરણે ભાઈઓ એકજ વખતે ઠેડવેલી જગોએ આવી ઉભા.

શાક બોલયો કે "આપણ ઘણા વખતસર છઈએ. જેવા સાત વાગા કે મેં માહારો કીલલો છોડયો."

કીયુનો બોલયો કે "મેં પણ તેજ વખતે છોડયો."

ઉલફ બોલયો કે "અજાએબ જેવુંછે જે હું પણ તેજ સમે નીસરયો."

શાક બોલયો કે "તે ઉપરથી એવું સાબેત થાયછે કે આ સરોવર આપણા કીલલાઓની બરાબર મધમમાં આવેલોછે. આહા, કેહેવો સારો પાણીનો ચશમોછે !"

કીયુનો બોલયો કે "એજ સબબને લીધે મેં તહમને અતરે તેડયા. હું સારીપેઠે જાણુંછ કે માછલી પકડવાનો તહમને ઘણો શોકછે અને જોકે હું હીયાં વારેઘડીએ ગલ નાખુછું તોબી મહને માલમ પડયું કે તરણડે કીલાઓને પુરતી પડે એટલી એમાં મછીછે. આ ઘડીથી હું તહમું બેહુને મછી મારવાનો માહારી સાથે એકસરખો હક આપુછું અને આશા રાખુછું જે ભાઈબંદીનાં પેયારમાં આપણ વારેઘડીએ આ જગાએ ભેટટા રંહીશું."

શાક જરા ટચકો કરીને બોલયો કે "આજે આપણો વડો ભાઈ ઘણા ખુશ મીજાજમાંછે. પણ બેકુતની કેહેવત છે કે 'કાંઇબી ચીજ તેના બદલા વગર મલતી નથી' તેથી તહમે શું બદલો હમારી પાસથી લેવા માંગોછો ?"

કીયુનોએ જવાબ વાલયો જે "તહમો મહને હીયાં વારેઘડીએ ભેટટા રહો એજ હું મોટો બદલો ગણુંછું. આપણ એક બાપનાં બેટા છઈએ અને શું કરવા એકબીજા સાથે પુરતા પેયારથી નહી રહીએ ?"

શાક વલી ટચકો કરી બોલયો કે "એ બોલવામાં લાજેબ તો ઠીક. પણ મારૂં મત હું જાહેર કરૂછું કે મહને કોઈની સાથે માછલી મારવા ગમતી નથી તેથી હું એ

વી દરખાસત કરૂછું કે આપણે દોસતીથી મલપે ભેટપે એવી સોગની વાત મેલી દઈ દરેકે પોતપોતાની વારીએ આ સરોવરમાં મછી મારી ચાલતી પકડવી."

ઉલફ બોલપો કે "મોહારે કોઈની મેહેરબાંનગી જોઈતી નથી. આ સરોવરમાં મછી મારવાનો આપણુને હક આપવાને કીયુનોનાં હાથમાં નથી. આપણો સઘલાંનો સરખો હકછે તેથી ચાલો આપણે પાસા નાખીએ અને જે જીહતે તે એ સરોવરનો આપખુદ ધણી થાય."

પોતાના ભઈઓનાં મેલાં દીલથી કીયુનો ભીતર સુધી જખમી થઈ બોલપો કે "હું પાસાથી ખેલતો નથી."

શાક બોલપો કે "વારૂ એ દરખાસત પસાર નહી થઈતો આપણે આ ઠરાવ કરપે કે આપણે શઘલા એક વખતે ગલ નાખપે અને જેવો દેવલપરથી બારનો ટકોરો થપો કે સઉ સઉએ પોતાની માછલો ગણવી અને જેની સંખ્યા ઘણી હોય તે એ સરોવરનો માલેક થાય."

કીયુનોએ ઉતર દીધો જે "જે ચીજ માહારી પોતાની તેને માટે હું હાથે કરી ભાંનગડ ઉઠવા દેઉં એ માહારી સુરખાઈ કેહેવાય, પણ ખોદા જાણેય કે માહારા દીલની મોટી ખાએશ એછે કે તહમારા લોકો સાથે સલાહ સંપજથી રહું, તેથી છેલી દરખાસતને હું કબુલ કરૂછું."

કીયુનોએ પોતાના ભાઈઓને સરવેથી સરસ જગા ચુંટવા દીધી અને પોતે છેલો ગલ નાખપો. કીયુનોનો ગલ પેલી ઘરડી ડોસીએ બનાવેલો હતો અને તે ગલ ઉપર દરેક માછલી કુડી કુડીને આવવા લાગી. ઠેડવેલે વખતે શઘલાઓએ પોતાની સંખ્યા ગણી. કીયુનોએ સરવેથી મોટી બસો ઉપર માછલી પકડી હતી. શાક અને ઉલફ મે બેની એકંદર સંખ્યા વીસથી વધુ ન હતી. ઉલફે એ જોઈ કીયુનોનો ગલ પાણીમાં નાખી દીધો અને કહયુંજે એ ઘલા જાદુઈના જોરથી તું ફાવપોછે. જેનું દેવોની સંફમાં નામ નોધાયુંછે તે ડાકણની શીખામણ તું લીએછે એ તુંને ધીકારછે. કારણ વરસ દાહાડો હમે ગલ સાથે માથું ફોડ્યા તે સમેમાં જેટલી મછી મારીએ તે કરતાં વધુ તું બે કલાકનાં ટુંક સમેમાં કાહાડે એ ભુત ડાકણની મદદ વગર તું કેમ કરી શકે ?"

કીયુનો બોલપો કે "જાઓ હીયાંથી બેશરમ લોકો; ઈશવર કરેને જેમ જેમ તહમારી છેલલી ઘડી નજદીક આવે તેમ તેમ તમારામાં તે નેક ઓરતની નેકીનો અંશ આવે, જે નેક ઓરતને તમે 'ડાકણનું' દોજખી નામ દઈ આજ ઓલખીછે."

શાક પોતાના સરેસતાનો ટચકો કરી બોલપો કે "શું એક ચોપાંકણ કરી કહયું ? તારેતો આપણે ચુકા. ડાકણ વીશ કેહે. પણ થોડા ઘઘેડામાં જેટલો તસખત હોમલા કર્યાં અને ડાકણમાંછે. આપણા મરહુમ ઈલીજાબેથ રી કેહયું હતું કે તાહારી દોલત એક હ હાદશાહ બેકનની મારી ! જા, જા, કીયુનો ! બારબરા મોતો હતો. તેણે બેકન ઉપર બીજુ તું જીવે તોબી તું હા પુરા. વયા અને તેમાંનો પેહેલો તેને નાઈટનાખરાપો અને રતાબ હતો. ૧૬૦૪ માં તેને "કીનગસ કાઊડીકપી તેઓ

કીયુનો પોતાના કીલામાં પાછો ફરપો પણ તેનાં ભાઈઓની બીનકદર ચાલથી તેણે એટલો દીલે દાઘ ધરપો કે તે ઘણો કાહેલી પડપો અને બુઢા પાદરી અને ઘરડી ડોસીની માહાવજતથી તે મોહોતને બીછાણેથી ઉઠપો.

જાહારે તે જોડયા ભાઈઓએ સાંભલયું કે તેમનો ભાઈ ઘણોજ આજારીછે તયારે તેઓએ સાથે ભેગા થઈ મેજબાનીઓ લીધી અને દારૂનાં ગલાસો તેના મોહોતની માંગણી કરી પીવા લાગા. બે વરસનાં અરસામાં શાક અને ઉલફે પોતાના બાપની આપેલી પાદશાહી દોલત ઉડાવી દીધી અને ઇયાઉધીઓ અને વેપારખોરાઓ પાસેથી એટલી રકમો ઉછીકી લીધી કે તેનું વેપાજ ભરવાને તેમનાં કીલાઓ વેચાપ તોબી પુરતું પડે નહી. એવામાં કીયુનો જો નાવારેસ મરી જાપતો તેમને તડાકો પડે તેથી તેઓ ઘણી ખાએશાથી તેનાં મોહોતની રાહા જોતા બેઠા અને જો પોતાના કાબુમાં હતેતો કીયુનોને ખંજર ઇયા જેહેરથી મારવાને તેઓ આલસ કરતે નહી. તે ઘાટકી ભાઈઓ સુફરા ઉપરથી એવો ઠરાવ કરી ઉઠયા કે જે કીયુનોનાં મોહોતની ખબર પેહેલી શાંભલે તેણે પોતાના કીલામાંથી તોપ ફોડી ખુશાલી જાહેર કરવી અને કીયુનોનાં ભોંયરામાં જે સઉથી સરસ દારૂનું પીપ મલે તે તેણે લેવું. શાકે કીયુનોનાં ચાકરને લાંચ આપી કે તેના સેઠનાં મોહોતની ખબર તેને પેહેલી લાવી આપવી. ચાકરે ધીકારથી તે ના પાડી અને કીયુનો જાહારે ઘાસતીમાંથી વેગલો થપો તારે તે વાત તેને જાહેર કીધી. કીયુનોએ તે વાત માની નહી પણ બારબરાની સલાહથી પોતાની ખાતરી કરવા તેણે તે ચાકરને હુકમ આપપો કે તેનાં મોહોતની ખબર ફેલાવે. એ ખબર ફેલાતાંજ તોપોના ગગડાત આવવા લાગા જેથી કીયુનોની ખાતરી થઈ કે તેના ભાઈઓ માણસનાં આકારમાં દઈતોછે. બેહુ ભાઈઓ મલકાતા મલકાતા કીયુનોનાં કીલા તરફ તેની પુંજી લેવા ચાલયા. બેહુ આખે રસતે પોતાના ભાઈની અસકેઆમત પોતપોતાને મનગમતી રીતે વેંહેંચતા ચાલયા હતા. જાહારે તેઓ કીલામાં દાખલ થયા તાહારે કીયુનો દાદર ઉપરથી ઉતરી આવપો અને જેમ ભુત ઘેરે તેમ તે બે ભાઈઓને ઘેરયા. ઘણાજ ગુસાથી કીયુનો બોલપો કે "હેવાનો ! આ ઘડીથી આપણી વચે જે સગપણનો ગાંઠ હતો તે તુટોછે. પણ ઈયાદ રાખજો કે હરસબરગનાં કીલામાંથી પણ તોપો ફુટી શકેછે. જલદી હીંયાંથી તહમારૂં કાલું કરો નહીતો માહારી ગોલીઓ તમને વીંધી નાખપે."

બેહુ ભાઈઓ નીચાં મુડાં કરી પોતાના ભાઈ ઉપર ગાલનો વરસાદ વરસાવતા પોતાને ઠામે પધારયા.

થોડા મહીના બાદ ઘરડી બારબરા સો વરસની બુજરગ ઉમરે પોહોચી મરણ પાંમી અને તેની પછી તરતજ બુઢો પાદરી પણ ઘેરવાસી થપો.

એ વખત પછી કીયુનો અતીઅંત દીલગીરીમાં પડપો. એક દાહાડે તે પોતાનાં સવાર સાથે ઘોડેસવાર થઈ જંગલમાં નીકલી ગપો. રાતે તેનો ઘોડો તેના કીલા આગલ તેના સવાર વગર પાછો આવી લાગો. તે ધ્રુજતો હતો, તેના મોહોડાં ઉપર ફીણ ચહડયું હતું, તેની લગામ નીકલી ગપલી હતી અને તેના પાવડા જતા રહેશા હતા. તેના સવારનું શું થયું હતું ? જંગલમાં શઘલે ખોલ થઈ અ

ને એક ઉંડી ખાઈ આગલ લોકનાં પહેલાં પગલાં માલમ પડયાં. આસપાસનાં ઝાડની ડાહાલીઓ ભાગી ગયલી હતી જે ઉપરથી એવું અનુમાન થયું કે તાંહાં મારામારી થઈ હશે. વલી ફીયુનોનાં સવારનો જભો એક ડાંખલીને ઓલવેલો હતો પણ ફીયુનોની જરાબી ઈંધાંણી મલી આવી ન હતી. શઘલી ખોલનું પરીણામ એ નીપજયું કે ફીયુનો અને તેના સવારને વાટપાડાઓએ ઠાર કરયા એમ સઘલા માનવા લાગા.

પેલા જોડ ભાઈઓએ આ ખબર શાંભલી તોપની સલાંમતી મારી પોતાની ખુશી જાહેર કીધી નહી પણ તેમનાં ભાઈની મીલકત કબજામાં લેવા તેઓ તેના કીલા તરફ ચાલયા.

જેવા તેઓ કીલલા આગલ આવી પુગા તેવાજ તેઓએ એક ઘોડેસવારની ટોલકીને સામેથી આવતાં જોઈ. તે ટોલકીનાં સરદારને ફીયુનોનો એક મીતર જાણી તે ભાઈઓએ સલામ કીધી, અને પોતાની જીંદગીમાં પેહેલીજ વખત ફીયુનોની તારીફનાં શુખનો કાહાડયા. શાકેતો એટલાવેર દીલગીરી દેખાડી કે જારબેજાર આંસુ પાડયાં. શઘલા માલા ઉપર ચહડયા અને હાલમાં એક સંગેમરમરની ટેબલ હતી તેની આસપાસ બેઠા. થોડી આશાએશ લીધા બાદ અને પુરતી ઓલખાણ થયાં પછી પેલા શીપાઈઓનાં સરદારે ગજવામાંથી એક રૂપાંનો સીકો ટેબલ ઉપર નાખી ધીરે અવાજે કહયું જે "સાહેબો આ હરણી સીકો તમારા ભાઈએ તમને વારસામાં આપયોછે તે લઓ."

બેહુ ભાઈઓ એકમેકનું અજાએબીથી મોહોડું જોવા લાગા. પેલા સરદારે એ જોઈ એક કાગજ બાહાર કાહાડયું જે ફીયુનોએ સહી સાખ સુધાંનું કીધેલું વશીઅતનામું હતું.

એ વીલની રૂહે ફીયુનોએ પોતાના મોહોત બાદ પોતાની માના જહવેરાત વગર શઘલી અશકેઆમત વરતેમબરગનાં શેહેરને એક હરણી સીકાને બદલે વેચવા પોતાના વકીલોને ફરમાવયું હતું. જે હરણી સીકો તે પોતાના હકદાર વારેસો શાક અને ઉલફને મેલી ગયો હતો. વલી તેની માના જહવેરાતો જાહેર લીલાંઉંથી વેચી જે રકમ ઉપજે તેમાંથી બેલીનજન શેહેરમાં એક ઈસપીટાલ બાંધવાને તેણે ફરમાવયું હતું. વરતેમબરગ શેહેર તરફથી પેલા સરદારે જારે ઉપલી મતલબનું ફીયુનોનું વશીએતનામું વાંચયું તારે બેહુ ભાઈઓ દાંત કકડાવવા લાગા. હરસબરગનો કીલલો તથા તેને લગતાં ખેતરો અને નદી નાલાં અને પેલો ઝીનીતો સરોવર મેલવવાના તેમના ખેયાલ ધુલ મલી ગયા અને તેને બદલે બેહુને એક હરણી સીકકાની ભીખારી પુંજી મલી હતી !

એક શબદ ઓચરયા વગર ઉલફે તે સીકકો હાથમાં ઝાલયો અને પોતા પાછલ પોતાના ભાઈને તેડી ચાલતો થયો. તેઓએ રસતામાં વીચાર કીધો જે તેમના ભાઈની તરફ ધીકાર દેખાડવા તેઓએ તેનો વારસો બેલીનજનના પીઠાંમાંજ ખરચવો. તેઓએ એક પીઠાંમાં દારૂ પીધો અને ઉઠતી વખતે ટેબલ ઉપર તે હરણી સીકકો ફેંકયો. પીઠાં વાલાએ તે તપાસયો પણ તેમને કહયું કે "ભાઈ માહારે બીજો સીકકો જોઈએ કારણ વરતેમબરગથી પાહાદશાહી ઢંઢેરો પીટાયોછે કે ગઈ કાલથી હરણી સીકકાનું ચલણ ખોટુંછે."

જોડયા ભાઈઓ એકેકનું મોહોડું જોવા લાગા કારણ એક ફલોરીન આપવાની તેમનામાં તાકાદ ન હતી, તેથી તે રકમનું કરજ માથે ચહડાવી તેઓ રસતો કાપવા લાગા. ઉલફ બોલયો કે "ભાઈ શાક, પેલી બુઢી ડાકણની અગમચેતી ખરી પડીછે. એક ફલોરીનનું કરજ ફોટાડવાની આપણામાં તાકાદ નથી."

એક વરસ હવે પસાર થયું તોયપણ ફીયુનોની ખબર હજી અંધારામાંજ રહી.

બેહુ ભાઈઓની બુરી ચાલથી લોકો એટલાતો માહીતગાર હતા કે ફીયુનોનો જાન તેઓએ લીધો હોય એમ લોકોને મોટો અંદેશો રહયો. પઈસે ટકે પાએમાલ થયાથી તેઓએ જીવપર આવી લુટફાંટનો ધંધો માંડયો. તેઓ એક નાની સરખી ટુકડીની સરદારી ભોગવતા હતા. તેઓએ એક દીવસે એક ગામડાં ઉપર મોટી ધાડ પાડી જેથી પાહાદશાહને તેઓની સામું એક નાનું લશકર મોકલવાની ફરજ પડી. બેહુ ગમ જોસ ભરી લડાઈ થઈ અને બેહુ જોડયા ભાઈઓ ગોલીથી વીંધાઈ મરતતોલ જમીન ઉપર પડયા. એવામાં પાહાદશાહી લશકરના સરદારે દોડી આવી પોતાનો બુરખો ઉંચકી તે મરતા જોડયા ભાઈઓને દીલગીર આંખે જોયા તેજ વખતે પેલા ઘાયલ થયલા ભાઈઓના મોહોમાંથી "ફીયુનો" એવો સબદ નીકલયો. એજ શબદે તેમની હસતીનો અંત આણયો.

પાદશાહી સરદાર જે ફીયુનો પોતે હતો તેણે આંસુ નાંખી કહયું કે "તહમારા રૂહનું મુકામ બેહેસતમાં થજો."

પોતાની મા સરખી વાહાલી બારબરા અને તેના પીતા સરખા પેયારા બુઢા પાદરીના મોહોતથી તથા પોતાના ભાઈઓની કરપીણ ચાલથી પોતાની માલ મીલકત તજી દુનયાંને અકારી કરી તે પાદશાહી ફોજમાં સામેલ થયો હતો અને જાંહાં લડવું પડે તાંહાં પોતાના જાનની દરકાર વગર તે પોતાના દેશને માટે લડતો હતો. તેની બાહાદુરીથી તે એક લશકરી ટુકડીના સરદારને મરતબે ચહડયો હતો જે ઓધાની રૂહે તેણે પોતાના મરનાર ભાઈઓની ભેટ લીધી હતી. એ બનાવ પછી ફીયુનોને શઘલી તેની બાપીકી મીલકત પાદશાહે ભેટ કીધી જે આજ શુધી તેની ઓલાદ ભોગવેછે.

લુહવારે પોતાની વાત પુરી કરયા પછી પેલા વીદયારથીએ કહયું કે "ભાઈ તમારી વાત તહમે કહોછો કે ખરી છે; પણ તે એકબારગી ખોટી હોય તોયપણ રસથી ભરપુર છે. એ વાત શાંભલી મહને એક વાત ઈઆદ આવેછે જે જો શઘલાની મરજી હોયતો કહું."

લુહવાર અને જહવેરીએ પોતાની ઘણી ખુશી દેખાડી જે ઉપરથી ઉપલો પોતાની વાત શીરૂ કરતો હતો પણ તેવામાં ઘર ધણીઆંનીએ ટેબલ આગલ આવી શઘલાંને કહયું કે "ચાલો સાહેબો હવે સુવાનો વખત થયો. નવ કલાકનો સમોછે અને આવતી કાલે પેટ ભરી વાત કરવાને તમને પુશકલ અવકાશ મલશે."

લુહાર બોલયો કે "ભલી બાનું તમારે જોઈએ તે વખતે તમે આરામ કરો. એક દારૂની બાટલી મેલી તહમે જાઓ. હમારી મરજીમાં આવશે તારે ઉઘાઈશું."

ઘર ધણીઆની ચીરડાઈને બોલી કે "એમ કદી બનનાર નથી, જાંહાંસુધી આ ઓરડામાં મુસાફરો હોય તાંહાંસુધી હું ઈયા માહારા ચાકરો સુનાર નથી. આ ધરમશાળામાં એવો કાયદોછે કે નવ વાગા પછી દારૂ આપવો નહી.

પેલો વીદ્યારથી બોલયો કે "પણ એ ઘેલી; હમણે ઉંઘ નહી આવેતો તેમાં તુંને કેટલો જોખમ ? હમે સુના કરતાં વાતો કરયા બેઠાતો તહને શી અડચણ ? શું હમે ચોર છઈએ કે તાહારા પઈસા આપયા વગર રાતે વટેણા વાવી જઈશું ?

ઘર ધણીઆની માથું ધુનાવી બોલી કે "છત, છત, તહમારા જેવા ઢોલીઆઓના બે પઈસા કમાવવા શું હું માહારાં ઘરની સો વરસની આબરૂ ધુલ મલાઉં ? ફરીથી હું તમને કહુંછું કે માહારા ઘરનો ધારોછે કે રાતે નવ કલાક પછી સઉ સઉએ બીછાણે જવું અને તે ધારો હું જીનહાર બદલનાર નથી"

રીકઝીક કીધા બાદ અંતે શઘલા માળ ઉપર સુવા ગયા. બારણું બંધ કરયા પછી વીદ્યારથીએ કહ્યું કે "જાંહાંછે તાંહાં આપણે છટકામાં ફસેલા છઈએ. જબરદ્દસતીથી આપણને ઉપર મોકલવા અને તેબી વલી બતી વગર તેનું કારણ હું સમજી શકતો નથી."

જહવેરી બોલયો કે "ભાઈઓ ચાલો સામાં જંગલમાં જઈ પડીયે. આ જગા કરતાં તે બેશક વધારે સલાંમતી ભરેલુંછે." વીદ્યારથી બોલયો કે "પણ હવે હીયાંથી બાહાર જવું મુશકેલછે. બારીઓને ગરાર જડેલીછે અને રસતા ઉપર જવાનું બારણું બંધછે જે હવે આપણી ડોસી મરી જાયતો ઉઘાડે નહી."

ગાડીવાલો બોલયો કે "દાદર ઉપર ચહડતાં મેં એક બારણું જોયું તેની અજમાયશ હું જઈ લઈ આવું."

દાદર ઉપર ખખડાત થાય નહી તેથી પોતાના બુટ ઉતારી તે અંગોઠા ઉપર પગનો આધાર રાખી ઉતરયો. જેવો તે નીચે ગયો તેવો એક મોટો કુતરો ઘોંઘાટ કરતો તેના અંગ ઉપર ધસયો. કમનસીબ ગાડીવાલો આગલ ઈયા પાછલ હટી શકયો નહી કારણ તેમ કરતાં તે કુતરાએ તેને ગરદનમાંથી ધરી મારી નાખયો હોત.

"કોઈ આવોરે, કોઈ આવોરે" એવો પોકાર તેનો શાંભલી ઘર ધણીઆની દોડી આવી અને ગાડીવાલાને આ સમે નીચે આવવાનું કારણ પુછ્યું. જેવું ડોસીએ બારણું ઉઘાડયું તેવુંજ ગાડીવાલાની નજરે આતસની સગડી આગલ લુચા દેખાવનાં પુરૂશોની એક નાની ટોલકી પડી. આ દેખાવ જોઈ તેનું હાડકે હાડકું ધુજવા લાગું. તે તોતરી જબાંએ બોલયો કે "માહારી ગાડીમાં હું કાંઈ ભુલી આવયોછું તે માહારે લેવુંછે." ડોસી ચીરડાઈને બોલી કે "આતંસ પડો તાહારી ગાડી ઉપર કે આવી રીતે શઘલાંની ઉંઘ તું એ લીધીછે ! ચર્પ ફેસન (કુતરાને) ચુપ; જેકબ ! આ સખસને તેની ગાડી આગલ લઈ જા."

કુતરો ચુપકીદો થઈ પડયો અને જેકબ ચાકર હાથમાં ફાણસ લઈ ગાડીવાલાને તેની ગાડી આગલ લઈ ગયો.

ગાડીવાલાએ જોયું કે નાહાશવું એતો સર્તાપા મુરખાંઈછે કારણ જો પેલી સગડી આગલ બેઠેલી ટોલકી ઉતરી પડેતો તેને પકડવાને વીલમ કેટલો ! તેથી તે ગાડી તપાસવા મંડી ગયો જાણે કાંઈ ગુમાવેલી ચીજ જોતો હોય. એવામાં તેને ઈયાદ આવી કે ગાડીમાં થોડી મીનબતીની સલીઓછે. તેઓના ઓરડામાંનો દીવો અરધો બુજાઈ જવા આવેલો હતો તેથી એ વસતુ તેમને આસીરવાદ થઈ પડશે એવા હેતુથી ગાડીવાલાએ તે સલીઓ જેકબ જોય નહી તેમ બાંહુમાં સેરવી દીધી. પછી પોતાનો જભો ખાંધ ઉપર નાખયો અને ચાકરને કહ્યું કે ઘણી થંડી હોવાથી એ જભા વગર તેનીથી રાતે સુવાઈ શકાત નહી તેથી તેને એટલી તજદી આપવી પડીછે.

ઉપર આવતાંજ ગાડીવાલાએ પોતાના સોબતીઓને કહ્યું કે "આજે આપણી રાત છેલલીછે. આવતી કાલનો સુરજ આપણી ઉપર ઉગનાર નથી." પછી તેણે માડી મેલો પોતાની હકીકત કહી સંભલાવી.

વીદ્યારથી બોલયો જે "આપણ ચાર જણા પાસથી જે નજીવી લુટ મલે તેને માટે તેઓ આપણા જાન કબજ કરે એ વાતને હું માંનતો નથી. જો ગરજ પડેતો હું માહારો ઘોડો, માહારાં કપડાં અને માહારી કોઠલી આપવા તઈયારછું."

ગાડીવાલો બોલયો કે "ભાઈ તહમારા સરખા સોદાગરને એટલી ચીજ આપતાં મુંજાબો શું ? પણ માહારી ગાડી અને બે ઘોડા એ માહારૂં શઘલું દરવયછે અને તે જાયતો હું ભીખારી હાલતે પોહોંચુ"

બીજી બીજી ભાંજગડ થયા પછી ગાડીવાલાએ પેલી નાની મીનબતીઓમાંની એક સલગાવી અને કહ્યું કે "ઈશવર ઉપર ભરૂસો રાખી બેસો, અને સારી રાત આપણ એકઠા રહી આપણી વાતો કરતા રહીયે.

વીદ્યારથીએ કહ્યું કે "કબુલછે અને હવે માહારી વારીછે તેથી હું માહારી કઠણ દીલની વાત શીરૂ કરૂંછું તે શાંભલો."

## જેપાંન.

જેપાંનીસોમાં લગણ કરવાની અસાધારણ રસમોછે. એક પદવી વાલો શખસ ઊતરતી અથવા ચહડતી પદવીની ઓરત સાથે નેકા કરી સકે નહી. પાદશાહ પાદશાહની છોકરી સાથે—સુથાર સુથારનીજ છોકરી સાથ પરણી સકે. જેપાંનીસો નાની ઊમરે પરણેછે. જો એક જુવાન પોતાનીજ પદવીની એક નાજની ઊપર મોહીત પડેતો એક ચોકસ ઝાડની ડાહાલીને તે તેણીનાં મા બાપનાં ઘરના દરવાજા ઊપર જડી જાએછે. જો તે નાજનીને તે જુવાન પસંદ પડતો નથી તો તે ડાહાલીને કરમાવા દીએછે. જો બીજા હાથ ઊપર તેની સાથે શીઆદી કરવાને તે રાજી હોએછે તો પોતાના દાંત કાલા રંગેછે. ઊપલી નીશાન જોઈને સરવે જાણેછે કે તે છોકરીનું કારજ થયુંછે.

બેહુ બારદુનાં દોસતો પછી ભેગા મલેછે જેઓ લગન નું સારૂ પકું કરેછે અને મહુરત જોઈ બે સારા દાહાડા ચુંટી કાહાડેછે. એક દાહાડો તે જોડાંની મુલાકાત કરાવવા મારે અને બીજો લગણનો. પછી વર રાજો પોતાની ઓરતને તરેહવાર ભેટ મોકલેછે જે તે પોતાના મા બાપને સવાધીન કરેછે. પછી છોકરીનાં મા બાપ જમાઇને પોતા તરફની ભેટ મોકલેછે. લગનનો દાહાડો નજદીક આવતો જાએ તેમ ઓરત પોતાના નાનપણનાં રમકડાંઓ બાલી નાખેછે જે એવું દેખાડે છે જે બાલ અવસથા પસાર કરી તે હવે જીંદગીની જંજાલમાં આવીછે. તેણીના મા બાપ તેને સારા સારા પોશાક આપેછે અને રીતમાં એક ચરકો, એક સાલ અને થોડાં રાંધવાનાં વાસણ આપેછે જે લગનને દાહાડે ઘણી ધુંમધામથી વરરાજાને તયાંહાં લઈ જવામાં આવેછે. બેહુ તરફના ધરમના ઊપાધીયાઓ લગનને દીવસે તે જોડાંને લગનના પવીતર ગાંઠમાં બાંધેછે. ઈશવરની સતુતી કરવામાં આવેછે, જોડાંને આશીરવાદ નાખવામાં આવેછે અને મોટી મોટી મશાલો સલગાવવામાં આવેછે. ઓરત તમામ સફેદ પોશાક પેહેરેછે અને પરણતી વખતે મોહોડાંપર એક બુરખો નાખેછે, જે કીરીઆ તમાંમ થઆ પછી ઓરત પોતાના મરણ સુધી જાલવી રાખેછે. એ બુરખો તેણીના મુવેલાં બદન ઊપર નાખવામાં આવેછે.

લગન થઆ પછી ઓરતને એક ખુરસી ઊપર બેસાડી તેણીના સગાં વાહાલાં તેણીને તેના નવા ઘરમાં મેલવા જાયછે. બે છોકરીઓને સાથે લઈ તે પોતાના ઓરડામાં જાયછે જયાંહાં વરરાજો તેના મા બાપ અને દોસતો સાથે બેઠો હોયછે. ઓરડાની વચોવચ એક ટેબલ ઊપર એક સનોબરનું ઝાડ, એક આલુનું ઝાડ, એક બગલો અને એક કાચબો એટલી વસતુઓના લાકડાના આકાર ગોઠવેલા હોયછે જે ચીનહો માણસનું જોર, ઓરતની ખુબસુરતી અને લાંબી અને શુખી જીંદગી દેખાડેછે.

બીજી એક ટેબલ ઊપર કેટલીક બાટલીઓ અને પેયાલાં ગોઠવેલાં હોયછે. પેલી ઓરત ઊઠીને એ ટેબલ આગલ જાયછે અને પેયાલાંમાં બાટલીમાંથી સાકી નાંખી સઘલાંને પાયછે અને એ પરમાંણે પોતાની અસતરી દાખલની ફરજ અદા કરવા શીરૂ કરેછે. તરણ દાહાડા પછી વરરાજો પોતાની ઓરતને લઈ પોતાના સાસુ સસરાને ભેટ દેવા જાયછે. એકથી વધારે ઓરત કરવાનો જેપાનીઓમાં રવાજ નથી, પણ પોતાની હકદાર ઓરત ઊપરાંત બીજીઓ સાથે તેઓ વગર શરમે મોહોબત રાખેછે. ઓરતો પોતાના ભરતારોના ધંધામાં છુટથી ભાગ લીએછે અને મરદો સાથે ખુલાસાથી આમેજ થાયછે.

## હીંદુસતાન ઊપર ઈંગરેજોની ફતેહ.

હીંદુસતાનમાં ઈંગરેજોએ કેમ પગપેસારો કરયો તેની ટુક તવારીખ લખીઆ અગાઊ હીંદુસતાન આગલ કેવી હાલતમાં હતું અને તે ઉપર કયાં કયાં લશકરો વખતનાં દોરમાં પસાર થઈ ગયાંછે તે જણાવવાની અગતછે. જાહારે ગરીસ અને રૂમ સરીખાં મોહા બલવાન દેશો કુચ બીશાદમાં ન હતાં તાહારે હીંદુસતાન જે ભરતખંડને નામે પણ ઓલખાએછે તે દરવચ અને લપકાતું ઠામ હતું. ઉદીઓગી લોકો એ સરજમીન ઉપર વસતા હતા; અને હીંયાંના અસલી વણકરોનાં કામ કરતાં ૧૯ મી સદીમાં સંચાની મદદથી થતું કામ વધારે સરસ નથી. હીંયાંના કારીગરોએ કોતરેલા ગોફા અને બાંધેલી ઈમારતો હાલતી ઈજનેરોની સુધરેલી વીદીઆ આશચરયપણાથી જોય છે, જે ગોફા અને ઈમારતો હજારો વરસનાં ફેરફાર સામું લડી હજી પોતાના બનાવનારાઓની ચંચલાઈની ઈયાદ દીએછે. જાહારે આપણા હાકમોનાં અસલી વડાવાઓ પોતાના તાના ટાપુમાં રહી બદનને રંગથી ઢાંકતા હતા અને જંગલી લોકોની હાજતો પુરી પાડવા સીવાય તેમની પાસે સુખ મેલવવાનાં બીજાં સાંધનો ન હતાં તાહારે આ દેશનાં બાદશાહો અને અમીરો મોટા મોટા મેહેલમાં રેહેતા હતા, સુંદર જરી કસબના પોશાકો પેહેરતા હતા, અને સુના હીરાથી પોતાના આંગને સનગારતા હતા. એવી આ દેશની અને તેના અસલી રેહેવાશીઓની પરથવીમાં ચહડતી દશા હતી. વખતના સમેમાં ઈરાની, ગરીશીઅન અને તુરાંની લોકો પોતપોતાનો દોર હીંદુસતાન ઉપર ચલાવી ગયા પછી આસરે ઈસવી સન ૧૦૦૦ નાં શાલમાં ગીજનીનો મહમદ હીંદુસતાન ઉપર ચહડી આવયો અને ઘણી લડાઈઓની હારજીત થયા પછી ગંગા નદીની પશચમથી તે ગુજરાત દેશ સુધી મુસલમીન દસત કાયમ કીધો. દીલ્લી શેહેર મુસલમીનોની રાજધાની થયું અને મહમદની ઓલાદે ૧૩૯૮ શુધી હીંદુસતાન ઉપર હકુમત ભોગવી. એ શાલમાં મોગલ સરદાર જંગીઝખાનની વંશનો એક સરદાર નામે તેમુર તુરાનને જીહીતી લઈ હીંદુસતાન ઉપર ઉતરયો અને સીંધુ નદી પસાર કરી દીલ્લીને દરવાજે આવી ઉભો. દીલ્લીને બાલી ભશમ કરી એક હજાર બંધવાઓનાં લોહીની રેલ ચલાવી તથા હીંદુસતાનની દોલતનો ગંજ લુટી તે પાછો તુરાન ગયો. તેના જયા પછી તેની હકુમત તુટી. જુદા જુદા ભાગમાં જુદા જુદા રાજયો ઉભાં થયાં અને દીલ્લીની આસપાસની થોડી જગા તેમુરનાં તાબામાં રહી.

પણ ૧૫૨૬ માં તેમુરની ત્નોખમનાં પાદશાહ બાબરે પોતાના વડાવાની હીંદુસતાનની ગાદી પાછી મેલવી. બાહાર દેશ શુધી તેણે પોતાનો જુનદો ઉરાડયો પણ શરાબની મોજમાં તે જલદીથી અસબાબ ઉઠાવી પેલી જેહાન સ્રાલયો ગયો. તાહાર પછી તેનો છોકરો હુમાઈયુન તખતે આવયો જેને એક સીખ સરદારે હાંકી મેલયો પણ ઘણા હાદેશા ખમયા બાદ તેણે પાછું રાજપાટ મેલવયું અને તેના મોહોત પછી તેના બેટા અકબરને હાથ આવયું. અકબર પાદશાહ તવારીખમાં મોટું નામ મેલી ગયોછે. તેણે હીંદુસતાન ઉપર પોતાની હાકમી મજબુત કીધી અને ઘણો ભાગ જે તેના વડવાઓએ પડત નાખયો હતો તે પોતાને સવાધીન લીધો. વીદયાને વધારવાને તેણે ઘણું ઉતેજન આપયું હતું અને જુદા જુદા ધરમના આચારો સમજવાને તેણે ઘણી મેહેનત લીધી હતી તથા પુશકલ દામ ખરચયું હતું. એ પાદશાહની જીંદગીનો હેવાલ વાંચવા જોગછે પણ આ ટુક તવારીખમાં તે આપવાને હમારીથી બની શકતું નથી.

અકબર પછી તેનો છોકરો સલીમ હકુમતે આવયો જેણે જાંહાંગીર ઇયાને દુનયાંનો જીહીતનાર એવો એલકાબ લીધો. એક તુરાની સીપાહીની ખુબશુરત છોકરીને પોતાની રાણી કરવા એ પાદશાહે કીધેલા કાવાદાવાનો એક આખો કીસસો બનયોછે. એ છોકરીને તે આકેબત પરણયો અને તેનું નામ નુર જીહાન ઇયાને દુનયાની રોશની એવું આપયું.

એ રાણીના મુવાબાદ જાંહાંગીરે તેની ઘોર ઉપર તાજ મેહેલનો એક મીનારો ઉઠાવયોછે જે આખાં હીંદુસતાનમાં પંકાપલોછે અને આજ સેંકડો વરસ ગુજરયાં તોપણ યુરપના લોકો તે ઉપર ઘણી હેરતથી જોયછે. એ પાદશાહને તાંહાં ઈંગલંડના રાજા પેહેલા જેમસે સર થામસ રો નામના એક એલચીને હીંદુસતાન અને ઇંગલંડ વચે વેપારના કોલકરાર કરવા મોકલયો હતો પણ એ મુલાકાતનું કાંઈ ફલ ઉપજયું નહી.

જાંહાંગીર પછી તેનો છોકરો શાહા જીહાન તખતે આવયો. એ બાદશાહે દખશીણ તરફ પોતાનું રાજ વધારયું અને ગોવલકંદા અને બીજાપુરના રાજાઓને ખંડણી આપતા કીધા.

એ પાદશાહના વખતમાં ફીરંગીઓએ હીંદુસતાનમાં દેખાવ દીધો. એ ફીરંગીઓ પોરટુગાલના દેશીઓ હતા અને જે યુરોપીઅનોએ હીંદુસતાન સાતે પેહેલો વેપાર ઉઘાડયો તે એ લોક હતા.

૧૪૧૮ માં એ ફીરંગી લોકોએ આફરીકાનો પશચીમ કોસટો ખેડયો હતો અને કેપ આવ ગુડહોપ શુધી તેઓ આવયા હતા. પુરવ તરફના દેશો સાથે વેપાર રાખી વેનીસ શેહેર ફાવી નીકળયું હતું અને આસપાસના દેશો તેની તરફ અદેખાઈની નજરથી જોતાં હતાં. વેનીશીઅન લોકો કાંહાંથી દોલત મેલવેછે તેની તલાસ કરવા પોરટુગાલના રાજાએ ૧૪૯૭ માં વાસકોદી ગામાને એક વાહાણોનો કાફલો આપી હીંદુસતાન મોકલયો. વાસકોદી ગામાએ વેપારની કુંચી મેલવી અને પોરટુગાલના લશકરે ગોવા તથા મલબાર કોસતા તરફની નાની નાની જગાઓ હાથ કીધી.

હુગલી નદીને કાંઠે પણ તેઓ જઈ વસયા અને તેઓ અવાર નવાર લુટફાંટ કરવા બેઠા તેથી બંગાલના નવાબની ફરયાદ ઉપરથી શાહા જીહાને તેમને હંકાલી મેલવાને હુકમ મોકલયો. તેઓની કોઠી મોગલ લોકોએ લુટી અને ઘણી મુશકેલીએ તેઓના જાન સલામત રાખયા. એક સદી શુધી હીંદુસતાનનો વેપાર પોરટુગીસો એકલે હાથે કરવા લાગા. પણ એ મુદત બાદ વલંદા લોકોની નજર ઉંઘડી અને તેમનો દાખલો થોડા વખતમાં ઈંગલંડે નકલ કીધો. પોરટુગીજ અને પાછલ આવનારી કોમો વચે મોટા જઘડા ઉડયા અને નસીબનું ચકર એવું ફરયું કે ઉપલાઓ જડમેખથી હીંદુસતાનમાંથી ઉખડી ગયા.

ફરાંસ હવે હીંદુસતાન ઉપર ઉતરયું અને પાનદીચેરી અને ચનદરનાં ગોરમાં પોતાનો ઉતારો લીધો. ઉપલી કોમોના વેપારથી હીંદુસતાનની રસાલ જગા જે ચીજો પેદા કરતી હતી તે ઇયુરપને મલવા લાગી.

શાહા જીહાનના તરફ હવે નેઘાહ પોંચાડીયે. દારા, શુજા, મોરાદ અને આઉરંગજીબ નામના તેના ચાર છોકરા હતા. એ છોકરાઓની માહોમાહેની લડાઈથી શાહા જીહાન પાછલી જીંદગીમાં બહુ હલાક થયો અને તેના રાજમાં બહુ ઘભરાટ ઉતપન થયો. બાદશાહના કાહેલીપણાની ખબર શાંભલી દરેક છોકરાએ પોતપોતાને હાથ ગાદી કરવાનો વીચાર કરયો. શુજા મોટું લશકર લઈ દીલલી તરફ ધસયો પણ દારાએ તેને હાર ખવડાવી. આઉરંગજીબ શઘલા ભાઈઓમાં પોંહોંચેલો હતો તે બંદગીમાં મશગુલ થવા લાગો, કલાંમો પઢવા લાગો, મકામા હજ કરવાની તઇયારી કીધી અને ટુકમાં એવુ દોલ દેખાડવા લાગો કે તે આ દુનયાથી હાથ ઉઠાવવા માંગેછે. એ રીતે તેણે પોતાના ભાઈઓના શક દુર કરયા. તેણે મોરાદને સમજાવયું કે ગાદીને તે વધારે લાયકછે અને તેને કબુલ કીધું કે હીંદુસતાનની લગામ તાહારા હાથમાં આપી હું સાધુનો વેશ લઉંછું. મોરાદે ભોલાપણાથી પોતાનું માથું તેના હાથમાં આપયું. તે પોતાનું તથા મોરાદનું લશકર ભેગું કરી દારાં સામું લડયો. ઘણી સખત લડાઈ થયા પછી આઉરંગજીમ ફતેહ પામયો.

પછી એક નીચ કાવેદાવો રમી પોતાના પીતાને તથા તેની બેહેનને દગાથી કેદ કીધાં. મુરાદને તેણે જઈ મુબારકબાદી આપી પણ તે ઉતર દે તેની અગાઉ આઉરંગજીબના સવારોએ મુરાદને કેદ પકડગો અને બંદીખાને નાખયો. હવે સાધુનો સોંગ દુર કરી બાપોકારથી આઉરંગજીબે હીંદુસતાનની હાકમી હાથ કીધી.

ગરીબ દારાં જેને શાહ જીહાનના હકદાર વારેશ દાખલ ગાદી ઘટટી હતી તે હીયાંથી તાંહાં નાહાસવા લાગો. શુજા લશકરને લઈ દીલલી તરફ ધસયો પણ તે લડાઈમાં હારયો અને કેદ પકડાયો. આઉરંગજીબે પોતાના ભાઈઓને ઘણા ઘાટકી રોતે મારી નાખવાનું જબુન કરતુક કરયું જેથી તેના નાંમ ઉપર હજુર ફીટકાર નાખવામાં આવેછે.

આઉરંગજીખ ઘણો બળવાન હતો. તેણે ઉતર તરફ કાશમીરથી તે દખચીણ તરફ કેપ આવ કામરીન શુધી પોતાની સતા વધારી.

પણ એવામાં દખણ તરફ એક નવું રાજ ઉભું થયું જેથી હીંદુસતાનમાં પુશકલ ફેરફારો થયાછે. એક વાટપાડાઓની ટોલકી જે લુટફાંટ કરી પાહાડી ખીણોમાં ભરાઈ જતી હતી તે ટોલકીને માથે થઈ શીવાજી નામના એક મરાઠા સરદારે મહરાઠાઓનું રાજ ઉભું કરયું.

શીવાજીએ પોતાની લુટફાંટથી દખણ તરફનાં રાજગઢ, શીંહગટ અને બીજા કીલાઓ હાથ કીધા અને પોતાનો દસત એટલો તો મજબુત કરતો ગયો કે આઉરંગજીબને ચીંતા પેદા થવા લાગી. અફજુલખાન કરી એક સરદાર તેની સામું લડવા આવયો. શીવાજીએ જોયું કે સામેનાં લશકર આગલ મારૂં વલનાર નથી તેથી પેગામ મોકલયો જે જેતું એક ઠરાવેલી જગાએ વગર હથીઆર અને સીપાઈએ હું પણ હથીયાર અને સીપાઈ વગર આવું ને જાહારી ભેટ લીએતો તુંહને તાબે થાઉં. એ અફજુલખાંને કબુલ કીધું. શીવાજીએ પોતાના હાથનાં પંજામાં વાઘ નખ નામનું હથીયાર નહી દેખાએ એમ બાંધયું અને પેલા મુસલમીન સરદાર સામું ગયો. જેવો શીવાજી અફજુલને મલયો તેવી તેને કોટી કીધી અને જેવી કોટી કીધી તેવી વાઘ નખ મારી તે સરદારનું પેટ ફેડી નાખી તેને પોતાના પગ આગલ મુરદું બનાવી નાખયો. મોગલ અને હીંદુ લશકરોમાં એક ખામીછે કે સરદારનાં મુવા પછી તેઓ નાહીંમત થઈ તાયબે થાએછે ઈયા નાહાસેછે. અફજુલનાં મારયા ગયાથી તેનું લશકર નાઠું અને શીવાજીની ચીંતા દુર થઈ. હવે શીવાજીને હાથ કરવા આઉરંગજીબે એક તાલ લગાડી જેમાં તે ફાવી શકયો નહી. તેણે ઘણા પરીતનાં કાગલ લખી શીવાજીને દીલલી બોલાવયો. શીવાજી ગયો પણ તેને માલમ પડયું કે તે તથા તેનો બેટો બેહુ આઉરંગજીબનાં બંધવા થયાછે. હવે છુટવાની કોશેશ કેમ કરવી? બંદીખાનામાં પેહેરેગીરોની હાર લાગેલી હતી તેઓની નજર કેમ ચુકાવવી? તેણે એક યુકતી કીધી. તે ઢોંગ કરી બીમાર પડયો અને બંદીખાનામાં નેતરનાં કરંડયા મંગાવી મીઠાઈ ભરી ગરીબોમાં ખેરાત કરવા લાગો. રોજ પેહેરેગીરો કરંડયા તપાસી બાહાર મોકલે. ઘણા દીવસ સુધી કરંડયા તપાસતાં પોહોરેગીરો થાકા તેથી તેઓ વગર તપાસવે તેમને પસાર થવા દેવા લાગા. તાંહાંના કેટલાએકોને લાંચ આપી પોતાને હાથ કરી તે એક દીવસે એક કરંડયામાં ભરાયો અને બીજામાં પોતાના બેટાને બેસાડયો. કરંડયા મીઠાઈનાં જાણી પોહોરેગીરોએ વગર પુછપરછે પસાર કીધા અને થોડે દુર ઘોડા તઈઆર હતા તે ઉપર સવાર થઈ શીવાજી અને તેનો છોકરો આઉરંગજીબનાં તાબામાંથી નાઠા અને પોતાને વતન આવી લાગા.

પણ અંતે તેણે આઉરંગજીબ સાથે દોસતી કીધી. રાજાનો ખેતાબ જે શીવાજીએ લીધો હતો તે આઉરંગજીબે બાહાલ રાખયો. શીવાજી એટલો તો વધતો ગયો કે ઘણા દેશો પાસથી તેણે ચોથાઈ કહડાવી. વલી તેણે એક વાંહાણનો કાફલો તઈઆર કરાવયો અને ચાંચીઆનો ધંધો શીરૂ કીધો જેથી તે જાહારે ૧૬૮૦ માં મરણ પાંમયો તારે મોહોટી આમદાનીની મલે એટલું દખન તરફ રાજ મેલી ગયો.

પણ શીવાજીનું નામ તેના છોકરા સમભાજીએ ખોયું. તે મોજ મજા અને એશ આરામમાં ચકચુર હતો અને સેહેલાઈથી તે આઉરંગજીબના હાથમાં શેકાર થઈ પડયો. સમભાજીની રાજધાની સેતારાને આઉરંગજીબે સેહેલાઈથી હાથ કીધી. પછી મહરાઠાઓ આઉરંગજીબ સાથે ઘણીક બીજી લડાઈઓ લડયા જેમાં બેહુગંમ હાર જીત થઈ હતી. પણ ૧૭૦૭ માં અરધી સદી શુધી રાજ કરયા પછી અને ૯૪ વરસની બુજરગ ઉમરે પોંચી આઉરંગજીબ મરણ પામયો. આઉરંગજીબે મોગલાઈ ઠાણુને તેના વડાવાઓએ સપનો ધારયો ન હશે એટલી મોટાઈએ ચહડાવયો.

આઉરંગજીબ પછી દીલલીની ગાદીએ તેનો બેટો શાહા આલમ આવયો જે પાંચ વરસની ટુંક કારકીરદી પછી મરણ પામયો. તેની પછી ઘણા નબલા પાદશાહો થોડી થોડી મુદતે આવતા ગયા જેઓએ રાજની ધુલધાની કીધી. પછી મહમદશાહ નામના બાદશાહની વખતે મોગલાઈ વંશને એક નામાંકીત સખસે ઉખેડી નાખયું. એ સખસ નાદરશાહ હતો.

• નાદરશાહ ખોરાસાનના એક મોંચીનો છોકરો હતો. તેણે પોતાના બાપનો ધંધો છોડી દઈ એક લુટારી ટોલકીની સરદારી પકડી હતી. તે પછી ઈરાની લશકરમાં ચાકરી કરી ઈરાનની ગાદીએ બેસવા પામયો. ૧૭૯૩ માં અફગાનો સાથ લડતાં તેને માલમ પડયું કે દીલલીની દરબારે તેના એક એલચીનું ખુંન કરયું હતું. એ વેર લેવા તે દીલલી તરફ આવયો. મહમદશાહની નબલી ફોજ તેની આગલ હટી ગઈ અને દીલલીના દરવાજા તેને માટે ઉઘડી ગયા. બે દાહાડા સલાહ સંપજના ગયા પણ લોકોએ બલવો ઉઠાવયો તેથી નાદરશાહે શેહેરમાં કતલ ચલાવી. શેહેરને બલતાંમાં જલાવી દીધું અને થોડા કલાકના અરસામાં આઠ હજાર માંણસો તેમા મગોલ, હીંદુ, અને અફગાનો ઠાર થયા. પછી શેહેરની તીજોરી ઉપર નાદરશાહે હાથ નાખયો અને ૮૭ કરોડ રૂપયાની ગંજાવર દોલત લઈ લાહોરને રસતે ઈરાન ફરયો. વલી ૨૫ કરોડની તેના લશકરે મેલવેલી લુટ જુદી. એ વતરોગે નાદરશાહ પોતાની સાથે ૧૦૦૦) હાથી, ૭૦૦૦) ઘોડા, ૧૦૦૦૦ ઉંટ, ૧૩૦ લખનાર, ૫૦૦) ઘોનફોડા અને ૨૦૦) સુતારો લઈ ગયો. એવી ગણતરી થઈછે કે પાંચ મહીના નાદરશાહ દીલલીમાં રહયો તેટલાં તેણે બે લાખ માંણસોનો નાશ કરયો અને બાબરથી તે આઉરંગજીબ શુધીના બાદશાહોએ જે અડાગ મેહેનતથી જાહોજલાલી મેલવી હતી તે એ પાદશાહે ધુલ મેલવી. નાદરે મોગલાઈ પાદશાહીને રેહેવા દીધી પણ તે પાદશાહી ખાલી નામ હતું. નાદરને તેનાજ સીપાહીઓએ બલવો કરી મારી નાખયો પણ તેના મોહોત છતાં મોગલાઈ પાદશાહાતે એવી લચક ખાધી હતી કે તેનીથી પાછું તરૂં થઈ શકાયું નહી.

દખનનાં, બંગાલનાં અને આઉદનાં નવાબો આપએખતીઆર થયા. અફગાન લોકોએ પોતાની સરહદ તરફની જગા ધરી અને શીખ લોકોએ પંજાબનો થોડો ભાગ હાથ કીધો. જાત અને રોહીલા લોકો પણ સવતંતર થયા અને મરાઠા લોકોએ પણ આ તક છોડી નહી. એ રીતે હીંદુસતાનમાં નાના નાના રાજો ઉભાં થયાં જેઓ એકમેક તરફ

અદેખાઈથી જોવા લાગાં. અઢારમી સદીની અધવચમાં આવી હીંદુસતાનની હાલત હતી. મોગલાઈ વંશની આ પખુદ હકુમતને બદલે શધલો અખતેઆર વેહચાઈ ગયો અને એકમેકનાં કજીયાથી તે અખતેઆર એટલો નબળો પડયો કે ઈંગરેજને પોતાનો પગપેસારો કરવાને જગા મળી.

(સાંધણુંછે)

---

## ખોરાક વીશે સાદી સહમજ.

**ખોરાકનો જથો**—ખોરાકના જથા અને ખાશીઅત ઉપર તંદરોસતી અને જીંદગી એ બેહુનો આધારછે. કેટલો જથો ખોરાકનો લેવો તેને માટે કાંઈ ચોકસ કાયદા બંધાઈ સકે નહી, કારણ તે બાબદ માંણસની ઉમર, જાતી, જોર, કદ અને ટેવ ઉપર આધાર રાખેછે. પણ એ છતાં અંદાજાથી ખાવું એ સુનેરી કેહેવત હમેશ ધયાંનમાં રાખવી. દરેક માંણસને ખુદરત પોતે સીખવેછે કે કેટલી હદ સુધી ખોરાક લેવો. એ હદ ઉપરાંત જાઈ જે ઢોર માફક ખાયછે તે પછી તરેહવાર દરદોને આધીન થઈ પડેછે.

**ખાશીઅત**—માંસનો ખોરાક મોડો વેહેલો કોહોયછે, અને કોહોયલો ખોરાક માંણસની તનદરોસતીનો બગાડ કરેછે. જે પરાંણી રોગીશટ હોય અને જેઓ ખુદરતી મોહોતથી મરણ પાંમે તેઓને ખાવાથી તદન પહરેજ રેહેવું. એજ સબબને લીધે મુસલમીનોનો ધરમછે જે જાનવર હલાલ કરયા વગર ઈયાને કાપવા વગર ખાવાં નહી. જેઓ અકસમાતથી મરણ પામે તેમને પણ ખાવાં નહી કારણ તેમનું લોહી માસમાં જમાવ થયાથી જલદી કોહોવાટ નીપજાવેછે. જે જાનવરને બરાબર કસરત મળતી ન હોય અને જે દુરગંધ જગામાં રહેતું હોય તેનું પણ માસ ખાવા લાયક નથી. હલકો ખોરાક જથાબંધ ખવાડયાથી જાનવર હોંગું થાયછે પણ તેનું ગોસ ખાધા લાયક નથી. શેકાર કરતાં જો એક જાનવરને ઘણું દોડાવયું હોય, હેવી રીતે કે તે દોડતાં દેવાતું થઈ ગયું હોયતો તેવાં જાનવરને ખાવું જોઈતું નથી, કારણ લોહી ઉકલવાથી તેને તાપ ચહડી આવેછે અને હેવી હાલતમાં જો તેને મારયું હોયતો લોહી માસમાં ભેગું થઈ જાયછે, એટલા વેર કે તે છુટું થઈ સકતું નથી. ખાટકીઓ કેટલીએક વખતે માસમાં પવન ફુકી તેને ઉપસાવેછે તેથી લેનારને જાનવર ફરબે લાગે. એ ચાલને જેટલી ધીકારીએ તેટલી થોડી. માણુસનાં જેહેરી દમથી માંસ ઉપર ખરાબ અસર થાયછે અને તે ખાવા લાયક થતું નથી. વઈદોએ જે ખુલાસા કરયા છે તે ઉપરથી શીધ થાયછે કે માસ અને ભાજી પાલો એ બેહુ ખોરાક ઈશ્વરે માણુસને માટે સરજીયાછે. ભાજી પાલા કરતાં માસમાં વધારે પુશટી આપવાનો ગુણછે. માસ ખાનારા લોક ભાજી પાલા ખાનાર કરતાં બાધે મજબુતછે અને તેના જો પરસીધ દાખલા જોવા હોયતો યુરપ અને હીંદુસતાનનાં લોકોછે. જો સરીરને માફક આવતા હોયતો એ બેહુ ખોરાકની ભેલ ઘણીજ સારીછે નીમખ દઈ સુકવેલું માંસ તાજાં માંસ કરતાં વધારે વીલમે પાચન થઈ સકેછે. ઘણી વાંણી એક વખતે ખાવાથી તનદરોસતીમાં બીગાડ થાયછે. એક અથવા બે વાંણી આપણા ખાધાને વધારે માફક આવેછે.

**પકાવવાની રીત**—માંસ સારૂ નરસું વલી તેની પકાવવાની રીત ઉપર આધાર રાખેછે. ઉકાલેલું માંસ તેનો પુશટીકારક રસ ખોયછે, કારણ તેમાં જે જેલી જેવો પદારથછે તે રસમાં ઓગલેછે. પાછલ કહેલો રસ ખરેખર પુશટીકારકછે. માંસને રોસટ કરયાથી તેનો રસ જુદો પડી સકતો નથી અને તેની ઉપર જે પોપરો બંધાયછે તેથી કરી તેમાંથી જે પુસટીકારક રસ હોયછે તે નીકલી જતો નથી. એ ઉપરથી માલમ પડશે કે ઉકાલેલાં માંસ કરતાં રોસ કીધેલાં માંસમાં વધારે પુસટીછે.

**ભુખ**—ખુદરતે માંણસમાં ભુખ મેલીછે તે જણાવેછે કે સરીરને ખોરાકની અગતછે. આસતે આસતે ખાધાથી હોજરી આસતે આસતે પોહોલી થાયછે એટલુજ નહી પણ ખોરાકને પુરતી રીતે ચાવવાને બની આવેછે. બરાબર ચાવેલો ખોરાક જલદી જરપત થાયછે અને અરધો ચાવેલો અરધો આખો ખોરાક હોજરીથી હજમ નહી થઈ શકવાથી બદહજમીઅત અને તેને લગતાં દરદો ઉતપન કરેછે. જે જલદી ખાયછે તે થોડાવારમાં સંતોશ પાંમેછે કે મેં પુરતો ખોરાક મેલવયો પણ તેને કદાચ ખબર ન હશે કે તેણે ખાવી હોજરીમાં ફોકટ બાર મેલયોછે જે તયાંહાંથી લોહીમાં મલી જવાને બદલે કોહીને સરીરને નુકશાંન પોહોંચાડેછે. દરરોજ માફકસર કસરત મનને તેમ તનને અગતનીછે. સારો દીવસ વાંચવું, લખવું મનને દુરબલ કરેછે; સારો દીવસ મેહેનત કરી પરસેવો ઉતારવો બદનને દુરબલ કરેછે. વલી એકદમ વાંચવું લખવું પડતું મેલવાથી મન ઉપર કાટ ચહડેછે અને એકદમ શાહેબ શોખે ખુરશી પલંગ ઉપર પડી રેહવાથી હાડકાં જડ થઈ જાયછે.

ઘણોજ થોડો ખોરાક શરીરને નબલું કરેછે. ઘણી ભુખ મારયાથી મોહોમાંથી બો નીકલેછે અને શરીર ઉપર તાપ ગલબો કરેછે. જાહારે કોઈ ભુખમરાથી ઘણો નાતવાંન થઈ ગયો હોય તાહારે તેને એકદમ ઘણો ખોરાક આપવો નહી કારણ હોજરી ચીમરાઈ ગયાથી તે જલદી ખોરાક હજમ કરતી નથી; તેને થોડો થોડો પરવાહી ખોરાક આપવો અને તેની ખુબ માવજત લેવી. હેવા બીમારને માંસ થોડો વખત સુધી મુતલગ આપવું નહી પણ રફતે રફતે ભાજી પાલો આપવો.

**ખાવા પીવાની પસંદગી**—જેઓ ઘણો લોહીઆર હોય તેઓએ ઘણો પુશટીકારક ખોરાક લેવાથી પહરેજ રેહેવું, જેવું કે પુશકલ ગોસ, ઉંચી ઉંચી અને લેહેજતદાર વાંણી વીગરે. ભાજી પાલો અને પાણી એ તેમનાં ખોરાકમાં વધુ જવું જોઈએ. જેવો નબલાથી હેરાંન હોએ તેઓએ જાને મરબદાર ખોરાક દુર કરવો અને ઝાડો સાફ રાખવાને ભાજી તરકારી ખાવી. જેઓ બેસીને કાંમ કરતા હોય તેઓને પહરેજી રાખવી જરૂરછે. રોજનો રોજ એકજ જાતનો ખોરાક અને એકજ જાતનું પકવાંન ખાધાથી દુર રેહેવું. જો કોઈ નીતપ રોજ નાના પીવાંના રસ ઉપર ગુજારો કરેતો પોતાની હોજરીને હેવીતો ખરાબ કરે કે તે કરતાં વધારે ભારી ખોરાક તેનીથી હજમ થઈ સકે નહી.

ખાવાનો વખત—નીયમસર અને ચોકસ વખતે ખાવું ઘણું ફાયદાકારકછે. જો એ કાયદો નહીં ધેઆનમાં રાખ્યો હોયતો ઉધરતાં માણસોની વધમાં ઉમેરો થતો અટકેછે. વલી વધુ ઓછે તફાવતે ખોરાક લીધાથી હોજરીમાં નો ખટાસ વધેછે જે ખોરાક લીધાથી મટી શકે, વલી એ કાયદાથી વીરૂધ ચાલવાથી પેટમાં પવન પેદા થાયછે. વલી એકદમ ખોરાકમાં ફેરફાર કીધાથી માઠા પરીણામ નીપજેછે. જે માંસનો ખોરાક રોજ ખાતો હોય તેણે તરત લાંબી મુદ્દત સુધી ભાજી પાલા ઉપર ઉતરી પડવું નહી.

ખાધા પછી ઉંઘ—ખાવા પછી ઉંઘ લેવાથી ખોરાક જલદી હજમીઅત થાયછે કે નહી એ તકરાર ઉપર બે તડાં પડયાંછે. કેટલાંક દેશોમાં અને ઘણુંકરી સુસતી લોકો ખાધા પછી પુશકલ ઉંઘ લીએછે. ખાધા પછી ઉંઘ લેવીતો પંદર વીસ મીનીટથી વધુ લેવી નહી. નબલાં માણસોને એ ઉંઘની જરૂરછે પણ બીજાઓએ એ ખરાબ તથેથી હાથ ઉઠાવવો. ઘણા જણે અનભાવ્યું હસે જે બપોરે પેટ ભરી ખાધા બાદ એક બે કલાકની ઉંઘ લીધા પછી તેઓનો જીવ કેવો મોલાયછે અને તેમને કેવા ખાટા અટકાર આવેછે. ઘણી ઉંઘ એવી રીતે લીધાથી સરીર દુબલુ થાયછે અને ભેજાંનું દરદ થવાની ધાખતી રહેછે. જેઓને ખાધા પછી ઉંઘવાની અગતજ હોય તેઓએ પીઠ અઢેલી માથુ ઉંચું રાખી સુવું અને લાંબા થઈને સુવું નહી કારણ તેથી લોહી માંથા તરફ જોરથી દોડેછે.

પાંણી—જે પાંણી નીરમલ, હલકુ અને ગંધ સવાદ અને રંગ વગરનું હોય તે પીધામાં સરસછે. જાંહાં હેવું પાણી મલી ન સકે તાંહાં તેને ઉકાળી ગાલીને પીવું. ૬૦ બાટલી ખરાબ પાણીમાં એક આઉંસ ફટકી નાખી હોયતો બે કલાક ઠરાવીને ગાલવાથી તે નીરમલ થશે. કોલસામાંથી પાણીને ગાલવું એ પણ ઘણી સુતરી રીતછે. સરકો નાખવાથી પણ એ ગરજ કેટલી રીતે ટલેછે.

દારૂ—જલદ દારૂ પીધાથી પાચનશકતી કમતર થાયછે અને લોહીને તપાવીને તરેહવાર દરદ પેદા કરેછે થંડા મુલકોમાં દારૂ લેવામાં ગરમ દેશો કરતાં વધારે અગતછે. મુશલમીનો અને હીંદુઓમાં દારૂ પીવાની ધરમની મનાઈછે. દારૂ પીવો કે નહી પીવો એ ઉપર જોશ ભરી તકરારો ચાલેછે અને વધુ પીવાનાં દુખ ભરયા દાખલા એટલા બનેલાછે કે તેમની ફરી ઈયાદ આપવી હાલ તરત અગતની નથી.

પરવાહી પદારથનો જથો—ગમે તે જાતનો પરવાહી પદારથ લીધો હોય પણ તે ખોરાકની મુઆફેક માફકસર જોઈએ. જો ખુદરતનાં કાયદા પરમાંણે ચાલવું હોયતો જાહારે આપણને તરસ લાગે તારેજ પીવું જોઈએ. પાંણી હેવી મીનછે કે જે ગરજ કરતાં વધારે પીવા ગમતી નથી. દારૂ, ભાંગ અને બીજા કેફ ઉતપન કરનારા પરવાહી પદારથો તરસ મટાડવા નહી પણ એક ભુડી આદતને લીધે હેવાનીયતીથી લીધામાં આવેછે જે સરીર ઉપર ઘણીજ માઠી અશર ઉપજાવેછે. ખાધા અગાઉ તુરત પાંણી પીવું ઠીક નથી, કારણ તેથી હોજરી ફુલી જઈ ખોરાક બરાબર પચાવી સકાતો નથી. વલી તેથી હોજરીમાં જે રસ પેદા થાયછે અને જે ખોરાકને જરપત કરેછે તે પાણી સાથે કોહોવાઈ નબલો થાયછે અને તેથી પાચન કીરીઆ બરાબર ચાલી સકતી નથી. વલી ખાતાં ખાતાં પણ ઘણું પાણી પાવું ઠીક નથી; કારણ તેથી હોજરીમાં જોઈતો ખોરાક જઈ શકતો નથી.

નીમખ—ખોરાકમાં નીમખ નાખવાથી તે જલદી જરપત થઈ સકેછે. ગોસમાં નીમખ ભેલવાથી તેની ચરબી તાવી નાખેછે અને જેથી તે વધારે જરપત થઈ શકેછે.

ખટાસ—ઉનાલાનાં દીવસોમાં લોહીને કોહોવાની ધાસતી રહેછે તેથી ભાજી પાલાનો ખોરાક વધારવો અને સરકો, આંબટ, લીંબુ, મીઠાં લીંબુ અને હેવી જાતનાં ફલ ખાધામાં લેવાં. જેઓને હોજરીમાં ખોરાક કોહોવાથી અટકાર આવતો હોય તેઓએ હેવી જાતનો ખટાસ ખાવો. પણ જેઓની હોજરીમાં ખટાસ થતો હોય તેઓએ તે લેવો નહી પણ માંસનો ખોરાક લેવો. અતીશ ભુખ વારેઘડીયે લાગે જેથી થોડું દરદ પણ થાય તારે જાણવું જે ઘણુંકરી ખોરાક હોજરીમાં ખારો થએઓછે હેવા લોકોએ ગરમ પકવાનોને બદલે થંડાં પકવાનો લેવાં.

---

## અદેખા ભરથાર.

જે ધણી હેવું વીચારેછ કે જેટલા પીઆરથી હું માહારી ઓરતને ચાહુંછ તેટલા ઈઆ તે કરતાં વધુ પીઆરથી તે તેહને નથી ચાહાતી તો તરત તેહના અધુરાં મગજમાં અદેખીનો બળતો આતસ સળગેછે. તરતજ દરએક ખરાબ જુસસાને તે આધીન થાએછે અને સારો દાહાડો વેહેમમાં અને ચીરમાં કાહાડેછે. પોતાની ઓરતની ખાંમી ઈઆ ખરાબ ચાલ શોધી કાહાડવામાં તે સારો દાહાડો ને રાત ગુંતાએલો રેહેછે અને અંતે જારે પોતાના કામમાં તે નીસફળ થાએછે તારે જરા તેહની અદેખીનો આતસ બુજાએછે, તેહનો શક જરા દુર થાએછે.

એક અદેખો ભરથાર હેવું વીચારેચ કે તેહની ઓરત પોતાની ખુબસુરતીથી ઈઆને તે સાથ મીઠાસ ભરેલી જુબાનથી જેટલો તેહને ખુસી કરી શકેછે તેટલોજ તે પારકા સખસને પણ કરતી હશે. માટે જેવા પીઆરથી હું તેણીને ચાહુંછું તેવાજ પીઆરથી બીજાઓ પણ તેણીને ચાહાતા હોશે ખરા. જેવી છુટ હું ભરથાર તરીકે તેણીની સાથ લેઉંછું તેવીજ કદાચ બીજાઓ લેતા હોશે, તારે હાવા વીચારથી તે ઘેલો દીવાનો બની જાએછ અને પોતાની બાઈડી તેહને ઘણાજ પીઆરથી ચાહાતી દેખાએછ તોજ કદાચ તેનો જીવ જરા નીરાંતે રહેછે, તોબી પોતાની મોહરદાર

ને કોઈ મરદની સામું ઘણા ધંખત જોયા કરતાં ઇઆ પોતાના કોઇ ખેસી સાથ ઘણા વખત સુધી વાત કરતાં જોઇ તે અધીરો પડવાનો અને ભારી ગુસસાને આધીન થવાનો.

જુદી જુદી જાતનો ખોરાક એક ઓરત તરફથી તેણીના ભરથારને મલેછતો તે પોતાની અદેખીની ભુખે ખાઈ જવાનો અને જેરવી શકવાનો. જો તેહની ઓરત તેહની તરફ ઘણો દેખીતો પીઆર નધી બતાવતી તો તે હેવું વીચારેછ કે માહારી ઓરત મહને ચાહાતી નથી અને બીજાને મારે વીચારમાંછે. જો તે તેહને હદથી જીઆદે મમતાથી ચાહેછ તો વલી તે હેવું વીચારેછ કે તેહની ઓરત માતર ઢોંગ કરેછ અને માતર ખોટો પીઆર મહને દેખાડવાનાં મકરો કરેછે. જો તેણીનો ચેહેરો ખુસ મીજાજમાં દીશેછેતો તે હેવું વીચારેછે કે કોઈ બીજાજ ધણીની ઇઆદમાં તે બેઠેલીછે. જો તે દલગીર દેખાઈતો તે હેવું ધારેછ કે હું તેણીને પસંદ પડતો નથી. એટલુંજ નહી પણ તેણીની દરએક નજીવી હીલચાલ તેહના મનમાં સંદેહ ઊતપન કરેછે અને તેહની આખી જીંદગી દુખનો ભોગ થાઇ પડેછે. એથી કરીને તે હેવુંજ ચોકસ કરેછ કે બસ માહારી ઓરત માહારા સુખને લાએકની નથી. એમ નકી કરી તે તેણીને ધીકારવા માંડેછે. એ જો સઘલું તેહની ઓરતને જાહેર થયું અને તે ઓરત જરા ગરમ મીજાજની ઈઆ ખરાબ ચાલની હોયછતો પોતાના ભરથાર તરફની બધી સરમ છોડી દેછે અને જે કાંમ તે છુપી રીતે કરતાં અચકાએછ તે કદાચ જાહેરાંત કરવાને નીરાસપણાથી હીમતવાન થાએછે. મરદ કરતાં ઓરતનું હઇડું નરમ હોવાથી તથા મગજ જરા હલકું હોવાથી તેણીનાં ઘણા સારા ગુણો છતાં કોઈ કમબખત વખતે તેણીથી ઘણું બદકામ થાઈ જાએછે અને એવાં કાંમમાં તેણીને ઊતેજણ આપવાને ખરી રીતે જોઈએતો તેણીનો અદેખો, બેવકુફ અને કમસમજ ભરથારજછે. એક દાહાપણવાલા મરદની દરએક ધણીને હેવી સીખામણ છે કે "તું હરગેજ તાહારી પીઆરી અને નીરદોસ ઓહોરદાર વીશે કદી શક લાવતો નાં! તેની તરફ અદેખો થાઈ તેણીને મારે અધીરો પડી કદીબી તેહને બેફરમાન થવાનો ખરાબ ધડો શીખવતોનાં!"

વલી એક અદેખા મરદના હકમાં મોહોટો ઘેરશઅદો એછે કે કોઇબી પારકો મરદ ઈઆ તેહનો દોસત તેહની ખરાબ તબે વીશે માહીતગાર થાઇ માતર તેહને ચીરડવવાને કાજેજ તેહની ઓરત વીશે તેહની આગલ ઈઆ તે સાંભલે તેમ કોઈની આગળ કાંઈક સંદેહ ભરેલી વાત કરેછે, તાહારે તે બેવકુફ વધારે ચીરડાવા માંડેછે.

જે જે સંદેહ ભરેલી વાતોના તે આગલ અખાડા કરી ગીઓ હોયછ તે પાછી તલાસ કરવા માંડેછ અને ખાલી નાહેકમાં ખોટા સકમાં આવી પડેછે. તે એક સેખચલીની માફક હેવુંજ વીચારેછ કે અરે માહારી બાઈડી એક પરી સરખીછે અને તેહની ઊપર માહારા દોસતો ઇઆ પારકા મરદો નજર ફેરવે એ માહારાથી કેમ શાંખી શકાએ. એવા વીચારથી તે બલેછ અને મારફાર કરવાને ચુકતો નથી.

આએતો ખુદરતી કાએદોજછે કે જે માંણસોમાં વધારે પીઆરનો જહડો વેહેતો હોયછે તેનામાં અદેખાઈનું ઝાહાડ જહડપથી ઊગી નીકલેછે. પણ જો એવો માણસ કદાચ દુબલો. જરા અધીર, ઈઆ ખોરખાપણવાલો હોયછેતો અદેખીની તેહની ઊપર ઘણી માંઠી અશર થાયેછે. તે એમજ સમજેછે કે માહારી ખાંમી જોઈ માહારી ઓરત ખરેજ નારાજી થઇછે, અને હવે મહને જરૂર તે છોડી દેવાની. એથી કરી ઘડી ઘડી તે આરસીમાં જુવેછે અને પોતાનાં મોહો ઊપર કોઈબી ખામી હોયછેતો તે ઘણોજ બલેછે કે અરેરે હવે માહારૂં શું થશે. માહારાં કરતાં જુવાન સોહામનો અને લાએકીવાલો મરદ જરૂર માહારી બાઈડીની નજરમાં પસંદ પડતો થાઈ પડશે. એવું વીચારી કોઈ એસકી જુવાન અને ગબરૂ મરદને તે જુવેછ તો ઘણોજ બીહેછે કે રખેને માહારી ઓરતની નજર તેહની ઊપર પડે.

જે પરમાણે અદેખાઈનો તેજ જહડો બેવકુફ ભરથારમાં વેહેછ તેજ પરમાંણે તેટલી બલકે વધારે જહડપથી તે લુછા ઠગબાજ અને મીંધા ભરથારોમાં વેહેછે. તેઓ પોતાની અદેખી ખુલી રીતે બોલી ઇઆ પોતાના ચેહેરાના આકાર બદલી જાહેર કરતા નથી, પણ જે હોયછે તે મનમાંજ રાખેછે અને એક ભુખા વાઘની માફક મીંધાઈથી દરએક વખત સાહાવધપણે જોયછે કે કીઆરે તક આવે કે પોતાના શીકાર ઊપર તુટી પડે. તેઓમાં મોહોટી ખાંમી એછે કે જે પરમાં

ણે તેઓ બુરા કરતુકો કરેછ તેજ પરમાંણે તેઓ પો
તાની ઓહોરદારો વીશે બુરો વીચાર લાવેછે. પોતે
બુરી અને લુછી ઓરતોની સાથે આમેજ થાએછે તે
થી તેઓ હેવું વીચારેછ કે તેઓની ઓરતોબી તેવું
જ કરતી હશે. પણ તે બેવકુફોને એટલી સુધ નથી
કે નીરદોશ અને પાક દામનની અબલાંઓને વાસતે
માતર ખરાબ વીચાર લઈ જવાથીજ કેટલો મોહોટો
ઘુના તેઓ કરેછ અને નેક ઓરત જાત તરફ કેટલી ઘે
રઈનસાફી ગુજારેછ. જાહારે તેઓ સરવે ઓરતોને
એકજ લાકડીએ હાંકેછ તાહારે તેઓ હેવું નહી વીચા
રતાં કે એક જંગલમાં સુગંદી કુવો અને અણીઆરા
કાંટા સાથે ભેલાએલા હોયછે.

વલી આએતો ખુદરતી કાએદોછે કે ગરમ દે
શોમાં ઠંડા દેશોનાં કરતાં પીઆરનો જથો વધારે હોય
છે. ગરમીવાલા દેશોમાં ભરથારો ઊપર અદેખી ઘ
ણીજ જહડપથી ગલબો કરેછે. તારે એટલા ઊપર
થી વીચાર પેદા થાએછ કે ગરમ દેશોની અબલા ખ
રેખર જરા અભાગીઆ નશીબનીછે કે જરા જરામાં
પોતાના ભરથારોનો પીઆર ખોઈ દેછે અને તેઓની
અદેખીનું મુલ થાઇ પડેછે.

## નાટક

### બેજન અને મનીજેહ.

સાએર ફીરદોસી તુસીનાં બનાવેલાં શાહાનામાનાં આ
ધાર ઉપરથી વીકટોરીઆ નાટક મંડલીને સારૂ મી૦ કેખુ
શરો નવરોજજી કાબરાજીએ બનાવેલા બેજન અને મનીજે
હનાં નાટકની ચોપડીની એક નકલ હમોને મલીછે તે ઉપ
કાર સાથે કબુલ રાખતાં તે ઉપર થોડુંક વીસતારીને આ
જોગવાઈએ બોલવા માંગીએછ..

ગુજરાતી ભાશાની હાલની હાલત તરફ જોતાં તેમાં
સારાં લખાણથી જે કાંઈ ઉમેરો થાય તે તરફ ઘણીજ
સંતોશની નજરથી જોવું જોએછે. જેમ એ ભાશામાં પુશ
કળ લખાણ થતાં જશે અને ભાશાને તર કરતાં જશે તેમ
આપણા ગામડીઓ અલીઆરામાં આગલ વધતા જશે અ
ને લોકોની કેળવણીમાં વધારો થતો જશે. એવી આપણી
હાલની હાલતમાં ગુજરાત પરાંત વાલાઓ કેટલેએક દરજજે
એ ખુટ પુરતા જાયછે; પણ માહાં ભાએગે તે તરફ કેળવણી
નાં પુરતાં કીરણો પરકાશેઆં નથી તેથી મુંબઈ ભણી આપ
ણને વધારે આશા અને ઇનતેજારીથી નજર કરવાની ફરજ
થઈ પડેછે. આ વખતે આટલુંબી કબુલ કરવું જોએછે કે
ઘણીએક વખત ચોપડી લખનારાઓને કાંઈબી સારૂં ઉતેજ
ન મલતું નથી તેથી છતી કેળવણીએ તેઓ કાંઈબી વધારો
કરી શકતા નથી.

નાટક રૂપી લખાણ ઉપર બોલતાં એટલું જણાવાની
જરૂરછે કે એવાં લખાણ ઘણાંજ અસલી વખતથી અને તે
બી દુનીઆની ઘરવે પરજામાં થયેલાંછે. એ અસલી નાટ
ક રૂપી લખાણ તથા દેખાવોમાં ઘણુંકરીને ધરમ સંબંધી
બાબદો રચેલી તથા દેખાડેલીછે. ગરીસ મધે એવાં લખા
ણો પુશકલ થયાંછે અને તવારીખ લખનારા એ બાબદમાં ગ
રીશને સરવેથી પેહેલો દરજજો આપેછે; પણ તે કેટલે દરજ
જે પાયદારછે તે કહી શકાતું નથી. ગરીક લોકો નાટક ખો
લી જગામાં અને દીવસમાં કરી દેખાડતા હતા.

એ દીવસ પછે દુનીઆની બીજી સરવે પરજામાં જુ
દી જુદી રીતથી નાટક રચાતા અને દેખાડવામાં આવતા
હતા. આ ચાલુ સદી સુધીમાં એવાં લખાણોમાં મોટા મો
ટા નામીચા લખનારાઓએ ભાગ લીધેછે તેથી આજ યુ
રોપખંડનાં ઈટાલી, ઈસપેન, ફરાંનસ, જરમની અને ઈંગ
લંડ દેશોમાં ઘણાંજ નામીચાં લખાણોનો જમાવ કીધેછે
જે હવે પછેની ઓલાદોને હજારો વરસ પછે આ વખતનો
આબેહુબ ચીતાર દેખાડી આપશે.

માણસ જાતને તેની ખુબી અને ખાંમીઓ દેખાડવા
ને વાસતે ગમે એવાં ભાશાંણો કરો, ગમે એટલાં લખાણ
કરો અને તેથી જેટલી અસર તે લોકો ઉપર થશે તેનાં ક
રતાં તેજ ખુબી અને ખાંમીઓ નાટકનો તખતો જે એક
જાતનો આઇનોછે તેમાં તે દેખાડો તો તેથી હજાર ઘણી વ
ધારે અસર લોકો ઉપર થશે અને તે ખુબી અથવા ખાંમી
સાધારણ સમજનાં માણસનાં ધેઆનમાં પણ તુરત ઉતરશે.
એવી અસર ઉપજાવવાને માટે નાટક કરનારાઓ ઉપર વધા
રે આધાર રેહેછે.

હાલ મુંબઈમાં જેટલા ગુજરાતી નાટકો થાયછે તેનાં
ખેલાડીઓ સમજમાં અને એ હુનરમાં એટલાતો કમતર રહે
છે કે તેઓ પાસેથી કોઈબી ઉંચી કીશમનાં નાટકોની ઉમેદ
રાખવી ફોકટછે. એવા વખતમાં વીકટોરીઆ નાટક મંડલી
નામની જે એક ટોલી ઉભી થઇછે અને જેને સાથે કેટલા
એક આબરૂદાર અને કેળવણી પાંમેલા ગરહસથોની એક
કમીટી થઇછે જેવોનાં ઉપરીપણાં હેઠલ તેવો પોતાનાં નાટકો
કરેછે તેથી કાંઇબી સારા નાટકો થવાની આશા રેહેછે. એ
નાટક મંડલી જાહેર ખબરો છપાવી લોકોમાં હરીફાઈ અ
ને સરસાઈ કરાવી ઇનાંમ આપવાની બોલીથી નાટક રચા
વી માંગેછે અને તે નાટકની પોતાની કમીટી પાસે તપાસ
કરાવેછે અને તારબાદ પસંદ કીધેલાં લખાણ કરનારાઓને
ઇનાંમ આપી તે નાટક પરજાની સાંમે કરી બતલાવેછે. એ
એક સુબ શરૂઆત થયલીછે અને એમ ચાલુ રેહેવાથી આ
ગલ જતાં એ ટોલી પાસેથી વધારે સારૂં વકી રખાયછે. એ
ટલું છતાં એક કસાએલા અને એ કામમાં સારી સમજ
ધરાવનાર કોઇએક ધણીનાં ઉપરીપણાંની ઘણીજ જરૂરીઆત
છે જે વગર નાટક મનમાનતા થાય અને ગમે એવું સારૂં
લખાણ મનપસંદ નીવડે એ બનવું માહાલછે. આ
ટોલીની આગલી કેટલીએક કોશેશો જે વકી રાખ
વા મુજબ કેટલેએક દરજજે હલકી નીવડી હતી તે સર
વેનો ખંગ બેજન અને મનીજેહના નાટકની વખતે તેઓ

એ વાલી આપેઓછે. બેજન અને મનીજેહનો નાટક લોકોને પસંદ કરવાને એકથી વધારે કારણો દીધેછે. પેહલું એકે એ નાટકની બાબદ જે પારસીનાં અસલી પેહલવાનો અને વડવાઓની ખુબીનું દાશતાંન જેથી સરવે નાહાની મોટી આલમ થોડે ઘણે દરજજે માહીતગાર અને તે જોવાને ઇનતેજાર તે તેનાં રચનારે પસંદ કરવામાં ખરચેલું દાહાપણ. બીજું એકે નામીચા સાએર ફીરદોશી જેની કલમથી શાહનાંમુ લખાએલું અને જેનાં લખાણમાં ત્રીહાસ અને મધુરતા દર લીટીએ મલી આવે તેનો તરજુમો જાંહાં બની આવીઉંછ તાંહાં આખોને આખો રાખેઓછ તેથી નાટકને વધારે રસ કસ ભરેલો અને દીલપસંદ કીધોછે. તરીજું એકે જેટલી ગંભીરાઈ કવેશરની એક આખી કવીતાનાં બાબ અથવા ચોપડીમાં ચાલે તે આખા નાટકમા તેમને તેમ ચાલુ રખાય નહી તાંહાં રચનારે દાહાપણ ખરચી કેટલીએક શબદોની રચનાં અને બાંધણી ઉપર મશખરીઓ જોડીછે અને ગંભીરાઈના ચાલુ કંટાલામાંથી લોકોને મોકલા કીધાછે. એ ઉપરાંત બીજાં કેટલાંએક કારણોછે જે અહીઆં વીશતારવાની કશી જરૂર નથી, એટલું છતાં એ નાટક ખેલ ખાંમી વગરનો નહી હતો. એકાદ બે નાહાના ખેલાડીઓ કેટલીએક વખત બોલતી વખતે પોતાના કુદરતી બોલવાની વલાંણ છોડી દેઈ બીજી વલાંણ પકડવા જતાં સારો દેખાવ આપતા નહી હતા અને બોલવામાં કોઈ કોઈવાર વાકીઅની રચનાની બેખબરી રાખતા હોય એવું દીસતું હતું.

હવે એ નાટક ટોલીને એક હમારી મજબુત ભલાંમણ એ છે કે હલકા દરજજા તથા લખાવટનાં નાટકો કરવાથી ખુબ પરહેજ રેહેવું. નહીતર એકવાર મેળવેલી આબરૂ ખોઈ બેસી લોકોનો વીસવાસ ઉઠી જશે. અગત કરી સ્ત્રીઓને માટે જારે નાટક કરવામાં આવે તારે ખુબ ચોકશી રાખી આબરૂદાર અને લાયકી વાલા માણશોને દરવાજા આગલ ઉભા રાખવા અને સ્ત્રીઓને માટે સરવે રીતનો ઘટતો બંદોબસત કરવો જોઇએછ. બેજન અને મનીજેહનાં સ્ત્રીઓનાં પેહેલી વારના નાટક વખતે પુરતો બંદોબસત તથા જોઈતી જોગવાઈ કીધી ન હતી અને તેથી ઘણીએક રીતની અડચણ તથા હાલ વેહેલા ભોગવવામાં આવી હતી જે વીશે એ નાટક ટોલીના મેનેજરોને સખત ઠપકો ઘટેછે. એવી રીતની બેપરવાઈ એ નાટક ટોલીને માથેની આબરૂદાર કમીટીને જરાએ જેબ દેનારી નથી કેમકે લોકો તેવોનાં આબરૂદાર નામ એ ટોલી સાથે જોડાએલાં હોવાથી પોતાની માતા, બેહેન અને બાયડીઓને વગર અડચણે તાંહાં બેધડક મોકલેછે અને તે વખતે પુરતી આશા રાખેછે કે શરવે રીતનો પુરતો અને લાયક બંદોબસત હશે. બીજી ટોલીઓ જેઓ પોતાની આબરૂ વીશે કાંઈબી આલમને ખાતરી આપેલી અથવા આપે નહી તાંહાં સ્ત્રીઓ દોડી જાએ અને પછે કાંઈબી બેપરવાઈ થાએ તથા તેવોને અપમાન મલે તેમાં તેઓનોજ મુખીઅ વાંક ગણાવો જોઇએછે કેમકે જાંહાં આબરૂ અને ગરહસથપણાનાં કાયદા ને વાએક કાંઇબી જામીનગીરી નહી તાંહાં સ્ત્રીઓને જવુંબી સજાવાર અને મુનાસેબ નથી.

આ વીકટોરીઆ નાટક ટોલીની એક બીજી ખાંમી હમો બતલાવા માંગીએ છઈએ અને આશા રાખીએછ કે તે ઉપર તેવો ધેઆંન પોંહોંચાડશે.

બેજન અને મનીજેહના નાટક વખતે આ ટોલીએ એકાદ બે "સીનેરી" અથવા નાટક પ્રવેશ ઘણીજ નાદર રીતના બનાવીઆ હતા પણ બીજા પ્રવેશો જાંહાં નાટક રચનારે જંગલો તથા મેદાનો મુકીઆંછે તાંહાં સઘલી વખતે એકને એકજ જાતના પરદા મુકીઆમાં આવીઆ હતા. મનીજેહ જંગલમાં બેજનને માટે ભમતી હતી; બેજન જે જંગલમાં શેકાર કરતો હતો; અને ભરવારન જે જંગલમાં કાપણી કરતી હતી તે સઘલાં એકજ હોવાં નહી જોઇએ. પઈસાની સેહેજ કસરને ખાતર આવી ખાંમી રાખવી દરશન નથી. તેમાં અગતકરી જારે આ નાટક સાત વખત ફરી ફરીથી થએો તેમાં એવી ખાંમી રાખવી નહીજ હતી.

હવે મી૦ કેખશરૂનાં રચેલા નાટક વીશે હમારે એટલુંજ બોલવુંછ કે એ ધણી સાફ પોતાનાં દીબાચામાં લખેછે કે ફીરદોસીનાં બેજન અને મનીજેહનાં દાસતાંનને શાહનામામાથી એક પાયા તરીકે લીધુંછે અને તે ઉપરથી નાટક રચીઓછે. એટલા એકરાર સાથે આપણાથી ફીરદોશીનાં લખાણ સાથે એ લખાણ બધી રીતે બંધબેસતું નહી બેસે તે ઉપર જરાબી ટીકા કરાએ નહી. તેમજ કવીતા તથા ગાએણને વાસતેબી રચનાર પોતે એકરાર કરી ચુકોછે કે તે કાંઇ કવેસર નથી પણ તોએ સાંભલનારનાં કાનને કાંઈબી કઠોર લાગે એવું બીલકુલ તેમાં નથી. ઓર તેથી ઉલટું રચનારે સાંભલનારનાં કાનને ખુશ લાગે એવી રસ કશ ભરેલી રીતે કવીતા ગોઠવીછે. એને કવીતાનું નાંમ જોઇએ તો નહી આપીએ તોએ એની ખુબી તેથી કાંઇ ઓછી થતી નથી.

નાટકના તખતાને માટે આજસુધી ઘણાખરા જે ખેલ લખાતા હતા તેમાં નાટક તરીકે સારી રીતે લખવા ઉપર પુરતું ધેઆન આપવામાં આવતું નહી હતું; પણ બેજન અને મનીજેહના લખનારે ધેઆંન, સંભાલ તથા અભીઆસથી આ નાટક રચીઓછે માટે તેની લખાવટ આ જે પેહેલા વરગમાં મુકી શકાય. ફકત ફીરદોશીનાજ લખાંણને ઉતારી લેઈ આ નાટક રચીઓ નથી; પણ તેમાં આખા પ્રવેસના પ્રવેસ નવાછે અને ફીરદોશીએ પોતાનું વખાણ નાટકના તખતાને માટે નથી કીધું તેથી રચનારે પોતાની તરફથી જુદી જુદી ગોઠવણ લાગુ પાડીછે અને એમ જોતાં આ ચોપડીના પાંચ ભાગ લખનારના પોતાના અને એક ભાગ ફીરદોશીમાંથી લીધેલો માલમ પડેછે તેથી એ ખેલને "ઓરીજીનલ" અથવા અસલ કહીએતો ચાલે.

મી૦ કેખશરૂ એક જાહેર લખનારછે તેટલા માંટે તે ધણી બધીજ બાબદમાં પુરવીણ જોઇએ એવું બનેજ નહી, પણ એક નાટક રચનાર તરીકે એ ધણીએ સાધારણ નાટકોને એક કોરે મુકવા ઉપરાંત ઘણીજ સારી કાબેલીઅત તથા શકતી દેખાડીછે એટલા માંટે તેને પરજાની તરફથી શાબાશી તથા પુરતો આશરો ઘટેછે. એ ચોપડીની કીમત રૂ૧) રાખીછે. એ ધણી એક જાહેર લખનારછે એ તરીકે નહી પણ બેજન અને મનીજેહના નાટકના રચનાર તરીકે હમોએ આ વીચાર બાંધીઓછે કે જે કાંઇ મેહેનત તથા રંજ એ ઉપર ખેંચીછે અને ગુજરાતી ભાશાની ચોપડી

માં ઉમેરો કીધોછે તેને માંટે નાટક ટોલી તરફથી જેબી કાંઈ ઇનાંમ તથા પરજા તરફથી જેની આશરો મલે તેને એ ચોપડી પુરેપુરી લાયકછે. હમો હમારાં સરવે ઘરાકોને એ ચોપડી વાંચવાની પુરતી ભલાંમણ કરીએ છઈએ.

આ રચનારના લખાણમાં હમોને નીચલાં લખાણો ઘણાંજ મનપસંદ લાગાંછે અને તે ધેઆન પોંહોંચાડવા જોગછે. એ ચોપડીને પાંને (૫૫) મે મનીજેહ (ઘણીજ ગંભીરાઈ તથા જુસાથી બોલેછે) તે મનીજેહનાં મોહમાં રચનારે એક અસરકારક બોલી મુકીછે. પાંને (૬૫) મે કેખુશરૂ પાંદશાહ ફીરદોસીનાંજ બોલોમાં ગુરગીનને ચુપ રાખી બોલેછે તે પાદશાહી દબદબા અને દરજાને ગંભીરાઈ સાથે બરાબર છાજતુંછે. પાંને (૭૫) તથા (૭૬) મે બેજન સુલીએ ચહડતી વખત ફીરદોશીનાં બોલોમાં અને બીજી વાર રચનારનાં બોલોમાં ગુરગીન વીશે બોલી બોદાની હજુર જે બંદગી ગુજારેછે તે ઘણાજ અસરકારક તેમજ દીલનું રૂહે રૂહ•ઉલું કરવાને બશછે. પાંને (૮૦) મે અફરાશીઆબ બેજનને સુલીએથી ઉતરાવી બીજી સજા કરેછે તે વખતે તે ફીરદોશીનાં બોલોમાં બોલેછે તે એક પુર કરોધમાં લપેટાઇ ગયલા પાદશાહનાં ફરમાંનનાં વજનદાર બોલોછે.

છેલે આ ચોપડીનાં રચનારે કેટલેએક ઠેકાંણે ઇગરેજી (ઇડીઅમ) ગુજરાતીમાં એમનેએમ મુકીછે તે વીશે કેટલા એકોનો વીચાર સારો નથી પણ તેને હમો ખાંમીમાં ગણતા નથી.

---

## પરચુટણ.

આબરા કાદાબરા—જુદી જુદી જાતની તાવ અને બીજાં કેટલાક દરદોની ઉપર એક ઘણા અસરકારક ઓસડ દાખલ આ બોલ અસલનાં વેહેમી જમાનામાં વાપડવામાં આવતો હતો. એક કાગજનાં કટકા ઉપર આ બોલ નીચેનાં આકારમાં લખતા હતાઃ—

આબરા કાદાબરા
આબરા કાદાબ
આબરા કાદા
આબરા કા
આબરા
આબ
આ

આ તરીકોણ આકારમાં લખીને તે કાગજનાં કટકાને દોરા સાથે બાંધી ગળામાં પેહેડવામાં આવતો હતો. જો આ પેહેડીઆ પછી પેહેડનારને તાવ આવતો તો આ ભરમ ભરેલા બોલો ગોઠવવામાં તેની કાંઈ ભુલ થઈછે એવું તે માનતો; અને જો તે તાવ તથા બીજા દરદોમાંથી છટકતો તો તે આ જાદુઈ અક્ષરોનાં બળનો એક ખાતરી ભરેલો પુરાવો ગણાતો હતો. પણ આપણા જમાનામા વેહેમે વીદીઆ હુનરને પોતા ઉપર સરસાઈ ભોગવવા દીધીછે, અને તાવના એક ઉપાય દાખલ આબરા કાદાબરા શબદ, કુવીનાઈનનાં કડવા પાવાને પોતાની જગા

કારબોન—ખરો હીરો કારબોન નામની એક પદારથનો બનેલોછે. ખરો હીરો આપણે દીવામાં પડતી મેસ જોઈએછ તે સીવાએ બીજું કાંઈ નથી પણ તે વધારે કઠણ અને જુદા આકારનોછે. જો કોઈબી ખરા હીરાને આતસમાં મુકસોતો તરત તે કોલસો થાઈ જશે કારણ કે જે પદારથમાંથી તે ઉપજીઓછે તેમાં જલદી તે બદલાઈ જાએછે. માટે જે બાનુઓ હીરાનાં ઘરેણાં પેહેડી મગન થાએછે તેઓએ જાણવું જોઈએ કે જે હીરા તેઓનાં ગલામાંછે તે દરપલે જે કારબોનીક આસીડ ગેસ નામની હવા જે તેઓ દમમાંથી પાછી કાહાડેછે તેમાનાં એક તતવ શીવાએ બીજું કાંઇ નથી.

---

દુધનું વજન—ગાએનું દુધ પાણીનાં કરતાં બતરીસ ઘણું ભારીછે. માણસનું દુધ વીસ ઘણું. ગધેડાંનું દુધ ઓગનીસ ઘણું અને બકરીનું પાંનરીસથી તે પેતાલીસ ઘણું ભારીછે. આ ઉપરથી માલુમ પડેછ કે બકરીનું દુધ શરવેથી ભારી અને ગધેડાંનું શરવેથી હલકુંછે જેથી વઈદો માણસોને ગધેડાંનું દુધ પીવાને વારેઘડીએ ભલામણ કરેછે.

---

એક ઠગ સબીવાલો—ફરાંસ દેશનાં લોકો હમેશાં પોતાના બાદસાહાને ઘણા ચાહેછે ઈઆ જો કોઇને રાજા નાપસંદ હોયછે તોબી તાંહાંના ધારા પરમાંણે તેહને ચાહાવાનું અને તેહની સામું નહી બોલવાનું દોલ ગાલવું પડેછે. આએ વાતનો લાભ લઈ પેરીસ સેહેરના એક સબીવાલાએ નીચે પરમાંણે ઠગ વીદીઆ કરવા માંડી.

બાદસાહાનાં રાણીનાં અને તેઓનાં છોકરાંની સબી પરબીરાંમાં બીરી દરએક સખસને મોહોટી કીમતે વેચતો અને એવું કેહેતો કે જો તમોને એ સબીઓ નહી પસંદ પડેતો બેલાસક પાછી વારજો. લોકો જેવું પરબીરૂ ઉંગાડતા કે બાહાદસાહી ખાનદાનની સબી નીકલી આવતી તેથી બીચારા મુગા મુગા તે ખરીદ કરતાં. જો તે નાપસંદ છે એવું કહી પાછી વારેતો પોતાના બાદસાહાને તેઓ ચાહાતા નથી એવું ઠરે.

---

એક ચંચલ છોકરો—એક દાહાડે મરનાર સાહાજાદો "આલબરટ" એક નીશાલમાં જાઈ લાગો. આએ વખતે સાહાજાદાની હજુર સકુલના સીખશકે છોકરાઓને ઉલત પાલત તહરેવાર સવાલ પુછીઆ અને તે સવાલોમાં એક સવાલ હેવો હતો કે તમારામાંથી કોઈ ગરમીનો કાએદો જાણોછો. કોઇ છોકરો સાહાંજાદાથી સરમાયો. કોઈ તેહના બપકાથી બીયો તેથી અને કોઇને તે સવાલ નહી આવડીઓ તેથી મુગો રહીઓ. બધાને ચુપ જોઈ તેઓમાં એક સરવેથી નાહાનો છોકરો હતો તે તરત ઉઠી બોલીઓ કે હા સાહેબ, મહને ખબરછે. "ઠંડીથી સરવે ચીજો સોસાએછ અને ગરમીથી ફુલેએછ." જહારે શીખશકે તે છોકરા પાસે એ કાએદાનો દાખલો માંગીઓ તાહારે તે વેહેલો ઉઠીને બોલીઓ કે ઉનાલાનાં દાહાડા મોહોટા હોએછે અને શીઆલાનાં દાહાડા ટુકા હોયછે. આએ જવાબ સાંભલી સાહાજાદો આલબરટ ખુસી થાઈ ગીઓ અને

કેહેવા લાગો કે આગલ ચાલતાં એ છોકરો ઘણો અબરાક નીકલશે.

બીર દારૂ—૧૮૬૬ માં યુરપના જુદાં જુદાં દેશોમાં દરેક માણુસે સરાસરી આ દારૂનો ખપ નીચે પરમાંણે કીધો હતો—

બવેરીઆમાં ૧૩૪ બાટલી; ઈંગલંડમાં ૧૧૩; વરટેમબરગમાં ૧૦૪, બેલજીઅમમાં ૮૦; બરનસવીકમા ૬૮; થુરીનજીઆમાં ૬૦; સેકસનીમાં ૩૯; હોલંડમાં ૩૯; બેદનમાં ૩૧; આસતરીઆમાં ૨૨; સવીતઝરલાંડમાં ૨૦; પરસીઆમાં ૧૯; ફરાંસમાં ૧૫; સવીદનમાં ૧૧ા; સપેનમાં ૨; રસીઆમાં ૧ા; ઇટલીમાં ૧; અને પોરટુગાલમાં ૦ાા.

૧૦ ગીનીની સલલાહ—બોઆનદી પાબા નામના એક તવંગર ઇઆવથીનો છોકરો એક ફરીશચન ઓરત સાથે નેકા કરવા તઇયાર થયો. છોકરીના ધરમ ઉપરથી બોઆન્જે વાંધો ઉઠાવયો નહીં પણ તેના છોકરાને વારયો કે સો છોકરી પાસે પુરતું નાણું નથી. છોકરો એટલોતો પેપારમાં ગીરફતાર થયો હતો કે તેણે બાપને ધમકી આપી કે હું તહમારી રજા વગર પરણુંછું બાપે રોકડો જવાબ આપયો કે બચા હું તુંને એક અરધી આપનાર નથી. દીકરાએ બાપને ધમકી આપી કે હું વટલી જાઉંછું કારણ તે વખતે ઈંગરેજી ધારો એ હતો કે જો કોઈ ઇઆવથી બાલક ખરીસટી ધરમ એખતેઆર કરેતો તેના બાપની અરધી પુંજી તેને મલે. બોઆજ ધબરાયો તે લાગલો ફીલડીંગ નામના નામીચા લખનારને તાંહાં દોડયો. ફીલડીંગે કહયું કે ધારો તો છોકરાની તરફછે પણ જો તું મહને ૧૦ ગીની આપે તો એવો રસતો બતાઉં કે તાહારો છોકરો લાઇલાજ થઇ જાય બોઆન્જે તરત તે રકમ કાહાડી આપી અને ફીલડીંગે તેને સલલાહ આપી કે તાહારો ઉપાય એજ કે તું ખરીસતી થઇ જા.

## રમુજે ફુરસત.

૧ લું—ગરિબ જીવડો એક, ત્રણ અક્ષરનો કા'વે;
પ્રથમ અક્ષરમાંની ચીજ, દૂર દેશોથી આવે;
બીજો ત્રીજો મળી, અંગનો ભાગ સુહાવે,
પે'લો બીજો મળી, ચીજ લખવાની થાવે;
વળિ પેહલો ને છેલો મળી, ઢોર ખાય તે ચીજને;
ગંગાશંકર કે, કથી, નામ કહે શું તેહને.

૨ જું—કોઈ નર નારી મારગે, વાતો કરતાં જાય,
ત્રીજાએ પૂછયું 'તહિં, શું સગપણ કે'વાય.
ત્યારે વનિતા ત્યાં વદી,'આનો સસરો જેહ,
મારા સસરાને વળી બાપા કે'છે તેહ.
હંસ ચાતુરીમાંથી.

૩ જું—જલમાં તેતો નીપજે, જલ દેખી મર જાય,
ચાર દીવસ અગની મરે, તેતું હરદય ઠડણ થાય્યે
સત્યોદય.

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—પીઆજ (કાંદો).
૨ જું—કુંભારનો ચાક.
૩ જું—વીજલી.

## ઈશ્વરની સ્તુતી કરવા વીશે.

૫૬.

તારો અમુલખ અવસર જાય રે ગોવિંદ ગારે;
ગોવિંદ ગા ગોપાળ ગા ગોપીજન વલ્લભ ગારે;
જેને ક્ષણે ક્ષણે હાની થાય ગિરવરધારી ગાને, ટેક.
મૂરખ તું સમજે નહીં, આયુષ ઓછું થાય;
જયમ સરોવરની માછલી, સમજે નહિ સલિલ સુકાય રે;
ગોવિંદ. ૧
તેનું તે ભાસે તુને, ભોર બપોર શરીર;
વહી જાતું જાણે નહીં, જયમ નદિયોનું નીર રે; ગોવિંદ ૨
અમુલખ લટકું લાળનું ચેત્યા તે પામ્યા પાર;
ચારદિવસની ચાંદની, જાતાં નહિ લાગે વાર રે; ગોવિંદ. ૩
માયાની મધ-લાળથી, કોણ ઘરાયું તું ધરાશે,
દુગધામાં બન્ને જશે, પાછળથી પસ્તાશે રે; ગોવિંદ. ૪
ઢાલાં થોથા કુટતાં, ખુટયું દીપક તેલ;
મનના મનોરથ રહિ જશે, ઓચીંતો તુટી જાશે ખેલ રે;
ગોવિંદ ૫
માયા મેવો મીઠડો જયમ જવરમાં ઘીજ;
હરી રસાયણ ગુણ ઘણો, ઔષદ જાણીને પીજરે; ગોવિંદ. ૬
પ્રભુ પાખે હે પ્રાણિયા, કોઈમાં પ્રીત કરીશ;
તારૂં હાંક્યું અંતર ધીકશે, ટટળીને તલશિ મરીશરે; ગોવિંદ ૭
અતે આવી પળ નહિ મળે, જો કરે કોટી ઉપાય;
વિચાર વીઠ્ઠલ વણ ભજે, વૃથા વહ્યું સૌ જાય રે, ગોવિંદ. ૮
તને અનેક વાતની એક કહું, સમખાઈ મા બાપ;
દયા નામ શ્રીકૃષ્ણુથકી, સમશે સૌ પરિતાપ રે; ગોવિંદ. ૯

## પોંહોંચ.

અમદાવાદ જાતેથી "હંસ ચાતુરી" નામનું કવીતાનું એક નાહાનું ચોપાનીઊ તેના બનાવનાર મોહનલાલ દલપતરામ તથા ગંગાશંકર હરગોવીંદની તરફથી મલુછે તેની પોહોંચ માન સાથે કબુલ રાખી તેમાંથી આ વખતે બે સમશીઆ હમોએ ઊતારી લીધીછે

## ચુક.

જાનેવારી માસના આ સી બોધ ચોપાનીઆમાં "દુરગંધી વાએ" એવાં મહાંશાની એક બાબદ લખીછે તેમાં સફે ૪ થે હવા, આકસીજન અને હાઇદરોજનની બનેલીછે કરી લખુછે તે આકસીજન અને નાઇટરોજનની બનેલી વાચવું.

# સ્ત્રીબોધ.

પુસતક ૧૩ મું. એપરેલ ૧૮૯૯ આંક ૪ થો.


## ભુતમામાની ભેલાભેલ.

### નાટક પાત્ર.

| | |
|---|---|
| સોદાગર શેહેરીઆર | એક તરંગર વેપારી. |
| ખબરચી | શેહેરીઆરના નોકરો. |
| ખીદમતગાર | |
| સવાર | |
| ઘોડાવાલો | |
| જંદલ | એક મોચી. |
| વઘદ | એક જાદુગર. |
| મેહેરંગીજ | શેહેરીઆરની બાનું. |
| મેહેતાબ | મેહેરંગીજની દાસીઓ. |
| પીરજન | |
| તેહેમીના | જંદલની ધણીઆણી. |

શેહેરીઆરના ભાડુતો, ગવઇઓ વગેરે.

### પ્રવેશ ૨ જો.

#### દેખાવ ૧ લો—જંદલનું ઘર

જંદલ જોડા સીવતો માલમ પડેછે.

જંદલ—આજે રાતે ભુતમામાં ઉલટપા એવું લાગે. પચાસ વરસની ભરતી થઇ પણ આવોતો મામલો આજે જ જોયો. જાણે વાદલતો ફાટીને તુટીન પડે. પણ હમણાતો તાહાડકછે. પવનબી જુજછે. કામ કીધેલું થઇ જાય. આટલો અધુરો જોડો પુરો કરૂતો કાલનું કરજ ટલે.

(બબડેછે.)

માહારા ઘરનો રાજો,
મેહેલે બેઠો;
બાયડી સુતી પલંગેરે,
હુંતો માહારા ઘરનો રાજો.
સવા કમાપો,
સવા ખરચાયો;
બાયડી સુખે ઉંઘે રે,
હુંતો માહારા ઘરનો રાજો.

મેહેરંગીજ—(પલંગપર સુઇને) એ કોણ ભીખારી ગધેડાં માફક ભોંકી માહારી ઉંઘમા ખલલ પોંચાડવાને તાકાદ ધરાવેય ?

જંદલ—એ છાકટ ! હજી તાહારી કેફ ઉડી નથી ?

મેહેરંગીજ—મેહેતાબ, પીરજન ! ક્યાંહાં ગઇ માહારી દાસીઓ ? આ ગધેડાના કાન કાપી માહારી આગલ હાજર કરો.

જંદલ—અરે હજી તાહારી ઉંઘ ઉડતી નથી ! સોટાની જરૂર હોયતો કેહે. ખરે, ખરે ! હું ભુલપો. એતો પેલા જાદુગરે એનું નસીબ વરતયું તેનો સપનો જોતી હશે.

(બબરેછે.)

જાહારે કાચો કુંવારો ફરતો,
તાહારે અમન ચમનથી રેહેતો.
હીંયાં ખાતો હીંયાં પીતો,
હીયા તરતો હીયાં ડુબતો.
માહારે મનસે હુંતો લેહેરી,
પણ ડસપો સારૂં જેહેરી.
બાયડી વસ પડી કલાંત,
ન આવે ઉંઘ દીન કે રાત.
ગાલો વરસે સાંજ સહુવાર,
ઘરમાં મલે નવ કરાર.
પીઠે પીઠે શોધે ફરે,
જાંહાં જાઉં તાંહાં પુંઠે વલગે.
જુહતે હાથથી શરાબ જામ,
દોસતોમાં કરે બદનામ.
ભાગે વાંસો પડે લાત,
લમન ગાંઠમાં પડે ફાત.
તતકાલ પાપે પડે.
એ કૌતુક દેખીએ.
બાયડી જેને વશ પડી કલાંત,
તેને ન આવે ઉંઘ દીન કે રાત.

મેહેરંગીજ—શેહેરીઆર, શેહેરીઆર ! શું આ મજને મલતું અપમાન તહમે સાંખોચ ?

જંદલ—અરે તાહારા અવતાર બલેરે ! મહનેતો આજે માહારી બાનુંએ સોદાગર બનાવયો. અરે હજી સપનામાંથી ફારેગ થ[illegible] ?

મેહેરંગીજ—અરે માહારો શેહેરીઆર કહાંયછે ? હું કહાંછું ? અરે આ ખરાબ બદબો માહારાથી કેમ ખમાય ? આ મેલું ખાર બીછાણું કયાંથી આવયું ? હું જાગતી છું કે ઉંઘુંછું ? એ લુચા તું કોણ ? તું કોણછે ? મહને કોણ હીંયાં લાવયું ?

જંદલ—એ લે જો ! માહારી વાહાલીતો માટીનેજ ભુલી ગઇ.

મેહેરંગીજ—બેઅદબ ગુલામ ! તું માહારિ મારી ? હું ઉમરાવજાદીને તું બે બદામનો નોકર બદ બોલે ? એ ચંડાલ જાણ કે તાહારાં મોહોતે શેતાબી કીધીછે કારણ સુરજ અસત પામે નહીં તેની અગાઉ તુંહને હું ફાંસી લાકડે લટકેલો જોઇશ. મહને કેફી વસતુ પાઇ તું હીયાં લઇ આવયોછે ? બોલ કુતરા માહારા મેહેલમાંથી તું મહને હીયાં કેમ લઇ આવયો ?

જંદલ—હા, હા, હા ! જાદુગરેતો માહારી બામડીની આગરી ખીસાડી ખરી. જો તેહેમીના ઉઠીને કામ કર ન હીંતો સત જાણ કે તાહારાં હાડકે હાડકાં હું ચીરી નાખશ. હું કામ કરૂં ને તું હજુર સુઇ રહી રાતના સપના જુએ ? કદી નહી.

મેહેરંગીજ—બેશરમ નકટા માહારી હજુરથી નીકલ ( તકીયા તેના આંગ ઉપર નાખેછે.)

જંદલ—તાહારે એમ કેહેની કે તુંને ગરમી જોઇએ મ ( ચામડાંનો કોરડો મારેછે અને મેહેરંગીજ બુમ પાડી નાહાસેછે.)

મેહેરંગીજ—કોઇ આવોરે ! ખુંન ! ખુંન ! ( મેહેરંગીજ ઘરમાંથી બાહાર દોડેછે અને જંદલ પાછલ દોડેછે.)

---

### દેખાવ ૨ જો—શેહેરીઆરનું ઘર.

તેહેમીના પલંગ ઉપર સુતીછે.

તેહેમીના—કેવા સારા સપના સારી રાત આવયા ! જાણે હુંતો બેહેસતમાં જઇ લાગી અને પમરતાં ફુલોના બીછાણા ઉપર સુતી ! પણ આએ શું ? આહા ! શું નરમ બીછાણુંછે ? એ કયાં ફુલનો વાસ હોસે ? આ ચાદર ! આ કુરતની ! આ કપડાં ! અરે કેવો ખુશાનુમાં સપનો છે ! રખે તેમાંથી હું ફારગ થાઉં !

મેહેતાબ દાખલ થાયછે.

મેહેતાબ—( મનમાં ) હવે ગાવનું ગાયણુ મંડાશે તે રાતના દસ વાગા શુધી પુરૂં થશે નહી. પેહેલી હમાજોર તો 'ડાકણુ' બોલીનેજ લેશે ?

બાઇ ! બાઇ !

તેહેમીના—એ કોણછે ? બેહેન એ કોણછે ?

મેહેતાબ—(મનમાં) બેહેન ! બેહેન કહી ? કાંઇ ભુલ થવી જોઇએ.

બાઇ આજે કેઇ સારીં પેહેડશો ?

તેહેમીના—જે મેં કાલે પેહેડી હતી તેજ.

મેહેતાબ—(મનમાં ) આજેતો એક મોજેજાજ બનોયચ. બેહેન ! બેહેન !

પીરજન દાખલ થાયછે.

પીરજન—(એકમેરે મેહેતાબને ) બાઇ ઉંઘમાંથી ફારેગ થયાં ? મેહેતાબ તાહારાં કપાલ ઉપર બાઇની સપાટનો છાપ નથી.

મેહેતાબ—અરે આજેતો માહારી ગજ છાતી ખીલીછે. બાઇતો એવા મીજાજમાંછે કે પોતાના લગનને દાહાડેબી નહી હોય. જા વારૂં તુંતો અનમાએશ લે.

પીરજન—એક દાંત જતો રેહેશે તાંહાંશુધી અનમાએશ મલનાર નથી.

બાઇ ! બાઇ !

તેહેમીના—શું કેહેચ માહારી પેયારી ? (મનમાં) એ બાપ માહારા; એને શું જોઇએચ ?

પીરજન—બાઇ આજ શી ફરમાશછે ? જે કામ હોય તે નોકરને બજા લાવવા હુકમ ફરમાવો.

તેહેમીના—કામ ? આજ તેહેવારછે તેથી બીલકુલ કામછે નહી.

પીરજન—(મેહેતાબને એક બાજુ) શુગર ! શુગર ! આપણે બેહુ જણા સપનોતો જોતાં નહી હોઇએ ? આજતો આપણા ઘરેહજ બદલાઇ ગયલાછે.

મેહેતાબ—જો એવીજ ઘરેહની ચાલ સમી રેહેતો આપણા નસીબજ ફાટી જાય.

પીરજન—બાઇ ચોકોલેટ તઇયારછે.

તેહેમીના—(મનમાં) તે તે શું હશે ? કાંઇ નવી જાતની સાડી હશે.

પીરજન—ફરમાવો તો ગરમ ગરમ લાઉં ને ફરમાવો તો થંડી પાડીને લાઉં.

તેહેમીના—(મનમાં) અભાગ; સારૂં થયું જે કાંઇ પાટલો ફોરયો નથી. એતો કાંઇ ખાધા પીધાનું કેથું નીકલી આયું.

માહારી હમણા મરજી નથી હું પછી લઇશ.

બબરચી દાખલ થાયછે.

બબરચી—(મનમાં) પેહેલાંતો ગાલે ઘોવાઇને ઘોતો થઇસ તાહારે બાઇ સાહેબ મહને ખાનાનો હુકમ આપશે.

પીરજન—બાઇ આપણો બબરચી ખાનાની વરદી લેવા આવેલોછે.

તેહેમીના—ભલા માણસ હું હમણા ઘણું ભુખીછું; મારે એક નાનો પનીરનો ટુકડો અને એક પાંઉંની કાતરી લાવશેતો નેઆમતછે.

બબરચી—(મનમાં) આ હા ! આજે એમ કેમ ? દરીયાનીતો ભારી ઓટ થઇ ગઇ ! બાઇતો જેમ મીજાજમાં તેમ ખાવામાંબી બદલાઇ ગયાં ! રોજતો સહવારના પોહોરમાં, ચીકીનનો સેરવો પીવા માગે ને આજેતો વલી પનીરનો એક ટુકડો !

બાઇ નને કોઠે પનીર નહી ઠીક પડશે, પછીતો જેમ નામવરની મરજી. એક લેહેજામાં ચીકીનનો ખીમો બનાવી લાઉં, નહીતો ગરદનના ચાપ ખખરાવી કાહાડું તેનો નાસતો કરોતો બેહેતર.

તેહેમીના—જા જેમ તાહારી મરજી.

ખીદમતગાર દાખલ થાયછે.

બબરચી—આજે કોણનું મોહોડું જોયુંચ ? જા ખઆ હમેતો પાર પડયા. તું શીયાલ પામરી ઓઢેતો કોણ જાણે.

પીરજન—બાઈ ખીદમતગાર તહમારો હુકમ સાંભવવા ઉભોછે.

તેહેમીના—નેક ખીદમતગાર નાસતા ઉપર એક મોહોવરાંના દારૂનું ગલાસ હાજર કરજે.

ખીદમતગાર—(મનમાં) ભલા ખીદમતગાર ! બાઈના દીલમાંથી ભુત નાઠો ખરો હો ?

નામવર બાનું મોહોવરાં કરતાં શરાબે મોફીદનું એક ગલાસ નોકર હાજર કરે તે પસંદ કરશો ?

તેહેમીના—(મનમાં) બાપરે એ નામ કોણને મોહાડે ચહડે ? ભલા માણસ જેમ તાહારી નજરમાં ઠીક લાગે તેમ સુખેથી કર.

ઘોડાવાલો દાખલ થાયછે.

ખીદમતગાર—જા માહારૂં મોહીનું તુંને થાય.

પીરજન—બાઈ ઘોડાવાલો આવયોછે.

ઘોડાવાલો—બાઈ આજે કઈ ગાંડી જોરવીછે ?

તેહેમીના—મેહેરબાંની કરી પરમ દાહાડે જે ગાડી જોડી હતી તેજ આજે જોડજો.

ઘોડાવાલો—(મનમાં) ઘણું સવાબ થાય તારે પણ ધરતી ધ્રુજે. [જાયેછે.

તેહેમીના—હું જાગરૂતછું એમ હું હજી માનતી નથી. કેટલા જણા માહારી સાહારવાર કરવા ઉભાછે ! માહારાં સુખથી માહારાં માથાંમાં ઘુંમરી આવેછે. ઓ શુગર હકીમ તાહારા બોલ ઉપર. અરે આ કયાંલગી ચાલશે ? સામટું દુખ અને સામટું સુખ !

[સોદાગર સેહેરીઆર દાખલ થાયછે અને પોતાના ચાકરોને ભેટેછે.

ખીદમતગાર—અરે સાહેબ ! એક તલેસમતી ખબરછે !

પીરજન—એવી કે સપનામાંબી સાંભલી નહી હોય.

ખીદમતગાર—અરે સાહેબ ! અવલી ઘટી સવલી ફરવા માંડીછે ! હમારીતો અકલજ નાબુદ થઈ ગઈય એટલી ખુશઅખતીમાં હમે ગરકાવ થયાંછે !

પીરજન—અરે માહારાં સેઠાંણી ! માહારાં સેઠાંણી !

શેહેરીઆર—શું તાહારી સેઠાંણી મરી ગઈ ?

બબરચી—મરી ગઈ ! ખોદા ન કરે ! અરે સાહેબ તેવણતો હમારી આંખોનું તેજછે !

સેહેરીઆર—એતો ખરેખર તલેસમતીછે ! હું પોંતે એની તજવીજ કરૂં અને તહમારી ખુશબખતીનું ખરેખરૂં કારણ માહારી ઓરતજ હોયતો હું શઘલાંના મોહોડાં સાકરથી ભરીશ.

ખીદમતગાર—ફતેહ કરો સાહેબ ! જુગ જુગ જીવજો આપણા સેઠ સેઠાંણી !

શઘલા—હુરે ! હુરે ! હુરે ! [જાયછે.

તેહેમીના પાછી દાખલ થાયછે.

તેહેમીના—એટલાં આદરમાનથીતો હવે ખરેખર મહને શરમ લાગેચ ! મેં આરસીમાં મોહોડું જોયુંતો માહારૂં રૂપજ ફરી ગયલું. માહારે ઘેરની આરસીમાં માહારૂં રૂપ તદનજ જુદું દેખાતું હતું. કેહેચ કે મોટે ઘેરની આરસીઓ એવી હોયચ કે બદસુરત દેડકા જેવી ફુલેલી ઓરતો પણ પરીના જેવાં રૂપની દેખાયચ. ગરીબને ઘેરની આરસીતો દેડકો હોય તેને દેડકોજ દેખાડે !

મેહેતાબ પાછી દાખલ થાયછે.

મેહેતાબ—બાઈ સેઠ શેકારથી ફારેગ થઈ હમણાજ આવેઆછે.

શેહેરીઆર પાછો દાખલ થાયછે.

તેહેમીના—(મનમાં) આએ સોદાગર માહરો ખાવંદ !

શેહેરીઆર—માહરી વાહાલી મેહેરંગીજ માહારી અગન બલતી આંખોને પાછી તુંએ શીતલ કીધીછે. માહારાં માણસોને મોહોડેથી આ ખુશ સમાચાર શાંભલી માહારૂં ભીતર ખુશીથી તર થઈ ગયુંછે.

તેહેમીના—સાહેબ તહમારી આગ્યા પાલવા હું હંમેશ તઈયારછું અને જે ચીજથી તહમારૂં દીલ અમન ચમનમાં રેહે તે બનાવવાને હું માહારી ફરજ અદા થયલી સમજીશ.

શેહેરીઆર—ઓ માહારા પરાણ જેવી ગાજેચ તેહેવી વાસેતો આખી દુનયાના ખજાના કરતાં હું તુંહને વધારે ગણું.

તેહમીના—(ઘુંટણ મંડીએ પડેછે) ઈશવર માહારો સાહીદછે કે માહારૂં બોલેલું તમામ સતયછે.

શેહેરીઆર—ઉઠ માહારા હઈયાંના હાર ! હવે આ ભવનું સુખ મહને ખરેખર મલયું. [જાયછે.

મેહેરંગીજ મીઠરેહાલ દાખલ થાયછે.

મેહરંગીજ—એ લુચા ખીદમતગાર !

ખીદમતગાર—તું ડાકણ કોણ છે ?

મેહરંગીજ—બેઅદબ ગુલામ ! તાહારી સેઠાણીને ઓલખતો નથી (ગલાસ છુટું મારેછે.)

ખીદમતગાર—સેઠાણી ! કાહાડ રે બાહાર આ ઘેલી ઓરતને લાત મારી ચાર.

મેહરંગીજ—એ ગુનેહગાર મેહેતાબ શું તેંબી તાહારી સેઠાણીને વીસાડી મેલી ?

મેહતાબ—વીસાડી મેલી ! એ ઓરત મેં માહારા બાપ જનમમાં તાહારૂં મોહોડું જોયું નથી.

મેહરંગીજ—અરે મંડાલ કુતરી ! અબ ઘડી તાહારી ઈયાદદાસત ઠેકાણે લાવુંછું. (તેના બાલ ખીંચેછે.)

મેહતાબ—કોઈ આવો રે ! કોઈ આવો રે ! બાપરે !

સોદાગર શેહેરીઆર અને તેહેમીના દાખલ થાયછે.

શેહેરીઆર—એ શુંછે ? એ શું તુફાન માડયુંચ ?

મેહેરંગીજ—એ હરામજાદી પીરજન ! તુંબી અખાડા કરી બેઠીછે (તેને મારેછે.)

શેહેરીઆર—એ ઓરત આ નાલાએક કામ કરવાની તું કેમ તાકાદ ધરાવેછે ?

મેહેરંગીજ—માહારાં માણસો મહને વીસાડી મેલેતો મેલે પણ તહમે માહારા ભરતાર થઈને પણ એવું દોલઘાલો ?

શેહેરીઆર—એ ગરીબ ઓરતનું માથું ઠેકાણે નથી. એને હીંયાંથી લઈ જાઓ.

તેહેમીના—(મનમાં) કેવી અજાએબી ! આ ઓરતે શઘલાં કપડાં માહારાં પેહેરેલાંછે. એ કેમ બને ? હું એટલીતો ઘબરાઈ ગયલીછું કે માહારા ગરીબડા જંદલનીજ જુપડીમાં હોતેતો પરવરતે.

મેહેરંગીજ—અરે શેહેરીઆર ! તેંજ મહને આ ફેજે પોંહોંચાડીછે અને તાહારી પાસથી દાદ મલવી હવે કઠણ છે. કયાંહાં હું જાઉં ? કેઈ જગોએ હું આસરો લઉં ? એ ખુદા ! હું શું જોઉંછું ? કાલે જે સાડી મેં પેહેડી તેજ શું આ ઓરતના દીલમાં નથી ? એ કેમ બને ? એકજ વખતે હું બે જગોએ કેમ હાજર રહું ? શું હું આવી તેની અમાઉજ હીંયાં હતી ? માહારી આરસીમાંતો જોઉં. એ કીરતાર જો આ માહારો ચેહેરો હોયતો હું ધારૂંચ જે મેં આગલ કોઈ દાહાડે તે જોયો નથી.

શેહેરીઆર—કંગાલ ઓરત તાહારૂં ભેજું સાબુદ નથી.

જંદલ દાખલ થાયછે.

મેહેરંગીજ—આ રહયો શેતાન જેણે માહારૂં રૂપ ફેરવી નાખયુંછે.

જંદલ—અરે આ ચમરપટી જોઈકે. માહારી વાહાલીનોતો બરદોજ ઘણો ભારી થયલો. સાહેબને કેહેવું એટલુંજ કે ગઈ રાતે એક જાદુગર આવેલો તેનેતો એવી જુઠ મારી કે માહારી વાહાલીતો મહને કેહે કે હુંતો સોદાગરની ધણીઆની.

શેહેરીઆર—ભલા માણસ એની સંભાલ લે; એને મારતો રખે. દવાદારૂ કરયે તો પાછું તાહારૂં ઘર સમરસે.

જંદલ—અરે ખાવંદ હમણા એને તહમારી નજર સામું રાહપર લાઉં.

તેહેમીના—એ જંદલ મહને મારતો ના.

શેહેરીઆર—શું કેહેચ માહારા જાન ? આ ઓરતનું ઘેલાપણ તુંહને પણ ઉડયું કે ?

તેહેમીના—માહારો જીવ ઘબરાયછે; મહને અંદર લઈ જાઓ.

[તેહેમીના દાસીઓ સાથે જાયછે.

જંદલ—સોદાગર સાહેબ તહમે ખાતરી રાખવી કે ફરી માહારી ઓરત તહમને હેરાન કરનાર નથી.

શેહેરીઆર—ઘર જઈ એની ઘટતી મદારત કર.

સંવાર દાખલ થાયછે.

સવાર—સાહેબ, કાલ રાતે જે વઈદરાજ હીંયાં આવયા હતા તેવણ ખાવંદ સાથે એક ઘણાજ અગેતના કાંમ સર બે બોલ બોલવા માંગેછે.

શેહેરીઆર—વઈદરાજને કેમ આવવું પડયું ? અંદર બોલાવ.

વઈદ દાખલ થાયછે.

વઈદ—એ સરદાર માહારા ! તાહારાં પાંઉપર માહારૂં સર નાખી જે મેં કીધુંછે તેની તાહારી પાસે માફી માગુંછું અને માહારો પરાણ તાહારા હાથમાં સોંપુંછું.

શેહેરીઆર—હું બીલકુલ સમજતો નથી.

વઈદ—તહમારી ઓરત ઉપર મેં માહારો જાદુઈ ઈલમ ચલાવયોછે. તેણીનો ચેહેરો મેં મોચીની ઓરતના સરખો ફેરવયો અને મોચણને તહમારી ઓરતનો ચેહેરો આપયો. ગઈ રાતે તુફાન થયું તાહારે માહારા જીંનોએ એકમેકને બીછાને બદલી લીધાં.

શેહેરીઆર—અરે કંગાલ સખસ તુંએ મહને પાએમાલ કીધોછે ! માહારી આશા પાછી ભંગ થઇછે અને જે ખવીસ માહારી સાથે પરણી તાહારથી માહારો જમ થઈ લાગીછે તેની પડોસમાં પાછો હું આવી પડયો.

વઈદ—જો એવું હોયતો હું હજીએહુને તેવાંજ રાખું.

શેહેરીઆર—ગમે તે થાઓ હું તુંહને ફાંસી દેસ જો તેં તાહારી જાદુઈ ઉતારી નથી.

વઈદ—હમણા હુકમ બજા લાઉં સાહેબ; કદાચ સાહેબ તહમે પોતાને બાએગસાલી ગણસો કે એ બનાવ બનયો કારણ હું તહમને ખાતરીથી કહુંછું કે તહમારી ઓરત બહુ સુધરી ગઈછે.

જંદલ પાછો દાખલ થાયછે.

શેહેરીઆર—કેમ જંદલ તાહારી ઓરત કયાંહછે ?

જંદલ—સાહેબ બારણા આગલ ઉભીછે, પણ સાહેબ દીવાનખાનાંમાં પગ મુકતાંજ તે એવીતો બેશુધીમાં પડી કે મેંતો વીચાર કીધો જે આજે હું રંડાયો; પણ મેં જે નાખને તરણ ચાર વખત ચીમટયું અને દસ બાર ચમરપટીના ફટકા જે પીઠને લગાવયા તે પાછી ખખારીને ઉઠી.

મેહેરંગીજ પાછી દાખલ થાયછે.

કયાંહ જાયચ રે ડાકણ ?

ખીદમતગાર—(બતી ઉંચી ધરેછે અને હાથમાંથી વરત છોડી દીએછે.) એ માહારા બાપ ! આ શું આપણા બાઈ !

જંદલ—શું કેહેચ ? માહારી ઓરત તે તાહારી બાઈ થઇ ગઈ ?

મેહેરંગીજ—સાહેબ જે કાંઈ માહારામાં ભુંડાઈ હતી તે ચાબુકની ચીમકી વાટે ઉડી ગઈછે; મેં તહમને ઘણું દુખ આપયુંછે અને ઓરત દાખલની માહારી ફરજ બજાવી નથી. જો એકવાર મહને પાછી તહમારે હઈએ ધરોતો હું કસમ ખાઈ કબુલાત આપુંછું કે માહારી બાકીની જીંદગીના દાહાડા માહારી ફરજ બજાવવામાં અને તહમારી આગના પાલવામાં ગુજારીશ.

શેહેરીઆર—ઉઠ માહારી વાહાલી ઓરત ! હું તુંને દીલોજાનથી માફ કરૂંછું અને જો તું દીલોજાનથીજ આ કોલ આપતી હોયતો તમાંમ પરૂથવીના સુખથી હું ખુશી રહું તે કરતાં વધારે તાહારીથી રહું.

જંદલ—એ શું કમબખતી ! તારે વચમાંતો જતી રેહે માહારી બાયડી કે ?

મેહેતાબ અને પીરજન પાછાં દાખલ થાયછે.

મેહેતાબ—અરે સાહેબ એક મોજેજો બનયોછે. બાઈ એકાએક એટલી બેહોશીમાંતો પડયાં કે હમે જાણયું કે હમે સેકાંણી વગરના થઇ ગયાં.

પીરજન—પણ જારે બાઈ હોશીઆરીમાં આવયાં તારે જોઈએચતો બાઇને બદલે કોઇ બીજીજ ઓરત.

તેહેમીના પાછી દાખલ થાયછે.

તેહેમીના—માહારૂં માંથું ફરેય. મહને ઘર જવા દેઓ. અરે જંદલ શું તું હીંયાંછે ?

જંદલ—શું આ અમીરજાદી માહારી ઓરત ? એ શું થાયચ તેની મહને સમજણ પડતી નથી.

શેહેરીઆર—જંદલ આ ખુશબખ્તીનો દાહાડો તુંહનેબી આમીન થજો અને હું તુંહને પાંચ હજાર રૂપયા ભેટ આપુંછું તે કબુલ કરજે.

જંદલ—વાહાવાજી વાહાવાહા ! હું તો તાહારે મોચીઓનો બાદશાહ થયો. હીંયાં આવ માહારી લાડકવાઈ તેહેમીના, હું ફરીથી તુંહને કદી કદી મારીશ નહી.

તેહમીના—બાઈ આ તહમારાં બાદશાહી કપડાં લઈ માહારાં ઠીગરાં કાહાડી આપશો ? (મેહેરંગીજને.)

જંદલ—(એક બાજુએ) મુંગી રેહે બેવકુફ; એ કપડાં તાહારા દીકરાના લગનપર પેહેડવા કામ લાગશે.

મેહરંગીજ—નહી તે તાહારી સોડેજ રાખ; આ દાહાડાની ઈયાંદગારીમાં તાહારાં કપડાં હું રાખીશ.

જંદલ—બાઈ તહમને આટલી રોટલી મેં અગ્નાનપણામાં જમાડી માટે તહમારા ગુલામને દરગુજર કરવી.

મેહરંગીજ—માહારા જીગરથી. આ દાહાડાની ખુશાલીમાં શઘલી તકશીરને માફીજછે.

શેહરીઆર—ગઈ ગુજરી હવે શઘલા ભુલી જાઓ અને ખુશી અને મોજના દાહાડા સામાં આવેછે તેનોજ વીચાર કરો.

મેહેરંગીજ—હરખ હોયતો ખીલે મન,
હરખ હોયતો ખીલે તન,
હરખ હોયતો છાજે ધન,
હરખ ચડાવે જીવડો ગગન.
શેહેરીઆર—દુખથી મન દલીદર થાય,
દુખીઆરાનું તન તવાય,
હલાલ પઈસો હરામ થાય,
દોજખે પડયો કેહેવાય.
જંદલ———માફી આપોતો બોલું બોલ,
પુરતો મેં કરયોછે તોલ,
શેતાન હવાલો ચાબુક માર,
એજ તોડે કોકટનો ભાર.

(સમાપત.)

## હીંદુસતાન ઊપર ઈંગરેજોની ફતેહ.

ફકત ધંધાદારીઓ દાખલ ઇંગરેજોએ જે હીંદુસતાંનમાં પેહેલ વેહેલો દેખાવ દીધો તે ઉપરથી તેઓનું ચલકતું ભવીશ માલમ પડયું નહી. પેહેલી 'ઈસટ ઇંડયા કંપની' વેપારને ખાતર ઈલીજાબેથ રાણીના રાજમાં સથાપી હતી. કંપનીએ એક કોઠી મસલીપટામમાં રાખી, પછી આરમીગમમાં અને છેવલે મદરાસપટામમાં. પાછલી જગોએ ૧૬૩૯ માં એ કંપનીને એક કીલલો બાંધવાની પરવાનગી મલી જેને 'ફોરટ સેંટ જારજ' નું નામ આપયું. આજ શુધી મદરાજ ફોરટ સેંટ જારજને નામે પણ ઓલખાયછે. વલી તેગનાપટામમાં સેંટ ડેવીડ નામનો કીલલો બાંધયો અને આપણું મુંબઈનું ટાપુ જે બીજા ચારલસ રાજાને તેના સસરા પોરટુગાલના રાજાથી રીતમાં મલયું હતું તે પણ ભાડે રાખયું. વલી ૧૭૦૦ માં તેઓએ કલકતામાં એક કીલલો ઉઠાવયો જેનું નામ 'ફોરટ વીલીઅમ' રાખયું.

૧૭૪૪ ના સાલમાં ઈંગલંડ અને ફરાંસ વચે લડાઇ ઉઠી. એ સમેંમાં એક ફરેંચ કાફલો મદરાજ તરફ ધસી આવયો અને કંપનીની માલમતા જપત કીધી. કંપનીના માણસોને પાનદીચરીમાં પકડી લઈ ગયા જયાંહ ફરેંચ સરકારનું મુખય મથક હતું.

પણ ઇંગલંડ અને ફરાંસને સલાહ થતાંજ કંપનીએ ૧૭૪૯ માં પાછું મદરાજ હાથ કીધું.

હીંદુસતાનના રાજાઓ માહોમાહે લડાઈ કરી એટલા દુરબલ થયલા હતા કે કંપનીની મદદ દરેક જણ પોતપોતાના હુમનબરદની સામું માંગવા લાગયું.

એક મરાઠા રાજાએ કંપનીને દરખાસત કીધી જે તેનું તાનજોર ઉપરથી ગયલું રાજ જો પાછું મેલવી આપેતો કંપનીને મેહેનતના બદલામાં 'દેર કોટાનો' કીલલો બખશીશ આપે.

એ ઉપરથી કંપનીએ મેજર લારનસની હાકમી તલે તાનજોર સામું એક લશકર મોકલયું પણ તે હાર ખાઈ પાછું ફરયું. એ બટો કાહાડી નાખવા કાજ અને દેર કોટાનો કીલલો જે વેપારના બાબમાં ઘણો અગતનો હતો તે મેલવવા બીજે મરતબે તાનજોર ઉપર ઈંગરેજોએ ચહડાઈ કરી. દેરકોટાનો કીલલો તેઓએ હાથ કીધો પણ એ લડાઈમાં એક જુવાન ઈંગરેજે મરદાનગી દેખાડી હતી, જે ઈંગરેજે પાછલથી પોતાના બાદશાહને નજદીક આખું હીંદુસતાન હાથ કરી આપયું. એ ઈંગરેજ રાબરટ કલાઈવ હતો.

રાબરટ કલાઈવ ઈંગલંડના શરાપ શાએર નામના એક કસબામાં રેહેનાર મીશકીન સખસનો બેટો હતો. કલાઈવ નાનપણમાં એવો નઠારો હતો કે તેના મા બાપે તેને નાની વયમાં હીંદુસતાન મોકલી આપયો, એવી મતલબથી કે ઈયાતો સુધરી જઈ તે પોતાનું પોશણ કરે ઈયા તયાંહજ ઠાર થઈ જાય. કલાઈવ કંપનીની ચાકરીમાં એક લખનાર તરીકે આવયો, પણ જાહારે મદરાજ ફરેંચોને હાથ ગયું તાહારે કેદ પકડાયલા બંધવાઓમાં કલાઈવ પણ હતો. પણ કલાઈવ એક ગામડીનો પોશાક પેહેડી પોનદીચેરીમાંથી સેંટ દેવીડના કીલલામાં ફતેહમંદીથી નાહાશી ગયો હતો. લખવાનો ઓધો છોડી કલાઈવે એક રીજમીટમાં એનસાઈન ઈયાને સરવેથી ઉતરતા સરદારની પદવી મેલવી. આ પણે ઉપર જણાવયું તેમ દેરકોટા લેવામાં કલાઈવે મરદાનગી દેખાડી હતી.

એ પછી મદરાજ તરફ કેટલાએક બનાવો બનયા જેથી કલાઈવને પોતાની પેહેલવાની પુરબીસમાં દેખડાવવાને બની આવયું હતું. દખણના સુબેદાર નીજામઉલ મલકના મરણથી તેનું મોહું રાજપાટ ગુંચવારામાં આવી પડયુ. મુજાફરજંગ અને નાજરજંગ નામના તેના બેટા એકમેક સાથે લડી મુવા. આગલો જે વડો ભાઈ હતો તેણે ફરેંચોની મદદ લીધી અને પાછલો જે નાનો હતો તેણે ઈંગરેજોની બાંહેધરી લીધી. આરકટના નવાબની ગાદી ચંદા

સાહેબ નામના એક મુંસલમીને છીણવી લીધી હતી; એ સરદાર મુજાફરનો મવતયો થયો, અને ખરેપણ હાંકી કાહાડેલો નવાબ મહમદઅલી નાજરની તરફ થયો.

નાજરજંગને કાવાદાવાથી, ફરેંચોએ મરાવી નાખ્યો અને ચંદા સાહેબને આરકટમાં કાયમ કરયો, ફરેંચોએ વલી દખણની રાજધાની હેદરાબાદમાં પગપેસારો કરયો, જયાંહાંથી તેમને હાંકી કાહાડતાં ઈંગરેજોને થોડી જ હેમત ખેંચવી પડી નથી.

ઈંગરેજોએ મહમદઅલીનો તરીચીનાપોલીમાં એક મજબુત કોટ હતો તયાંહાં લશકર ભેગું કરયું. તે તરફ ફરેંચો ચંદા સાહેબને લઈ ધસયા. પાછલાઓની નીશચય ફતેહ થઈ હોત, પણ કલાઈવ જે તે વખતે કપતાનની પદવી ધરાવતો હતો તેણે એક ઈયુકતી સુજ પાડી જેથી તરાજુ બીજી તરફ જ ફરી ગયું. કલાઈવે દરખાસત કીધી કે આરકટ ઉપર ધસારો લઈ જવો, પણ ૩૦૦ સીપાઈ અને ૨૦૦ ઈંગરેજ સોલજરોથી વધુ લશકર તેને વાસતે ફાજલ રહી શકયું નહી કલાઈવના હાથતલે આઠ સરદારો આપયા જેમાના છએ કદી લડાઈમાં ભાગ લીધેલો નહી. એટલી નાની ફોજ લઈ કલાઈવ આરકટ શેહેર તરફ ધસયો જેને ૧૧૦૦ માણસો બચાવવાને તઈયાર ઉભાં હતાં. ૩૦ મી આગસટ ૧૭૫૧ ને દીવસે તેઓએ શેહેર આગલ આવી ઉભા. વરસાદ અને ગગડાટ અને વીજનું મોટું ભયંકર તુફાન થતું હતું. આવાં તુફાનમાં આટલું નાનું લશકર બેદરકાર રીતે આવતાં જોઈ આરકટનું લશકર એટલું તો દેહેશતથી થથરી ગયું કે તે કીલલો મેલી નાઠું. કલાઈવ મુંગો મુંગો શેહેરમાં પેઠો અને આરકટનો કીલલો હાથ કરયો. પણ કલાઈવ એટલી ફતેહથી મુંગો બેઠો નહી. તેણે દુશમનની પાસેની છાવણી ઉપર ૧૪ મી સપટેમબરે ધસારો કીધો અને પોતાના લશકરમાથી એકની પણ જાનની ઘાત કરયા વગર દુશમનને વીખડી નાખયા. એ પછી ચંદા સાહેબે મોકલેલું લશકર કલાઈવની સામું આવયું પણ તેની હાર થઈ. પણ પોનડીચેરીથી ફરેંચ લશકર આવી પુગું અને ૧૫૦ ફરેંચ અને ૧૫૦૦ ચંદા સાહેબના સીપાઈઓએ આરકટને ઘેરો નાખયો. ઘણા દાહાડા શુધી ઘેરો ચાલયો પણ કલાઈવ અને તેની બાહાદુર ટુકડીએ જવાબ આપયો. રાજા સાહેબ જે દુશમનના લશકરનો સરદાર હતો તેણે કલાઈવને માગણી મોકલી કે જો તું તાબે થાયતો તુને મોટી રકમ બખશીશ હું આપું નકીતર તાહારાં દરેક માણસનો હું જાન લઈશ. આ માગણી કલાઈવે ધીકકારથી રદ કરી. મોહોરમનો દાહાડો આવયો અને તે દાહાડે જે મુસલમીન કાફરો હાથે મરે તે બેહેશતમાં જાય. એ ખયાલથી દુશમનનું લશકર દેવાનીઅતપણાના જહનુનમાં આવી ગયું અને એ જહનુન તેમને ભાંગ પાઈ વધારવામાં આવયું. પણ દુશમનના હાથીઓ ઈંગરેજોની ગોલીઓથી વીંધાઈ દરદના મારયા પાછા નાહાસતા અને દુશમનોના જ લશકરને પગ તલે કચડી નાખતા. પણ બે દાહાડા જબર દસત ખુનરેજી ચાલયા પછી દુશમને અંતે હાથ ઉઠાવયો અને ૫૦ દાહાડાની ફોકટ રંજ ખેંચી ઘર તરફ કુચ કરી. કલાઈવે દુશમનના મેદાનમાંથી લુટ એકઠી કરી પોતાના કીલલામાં નાખી.

કલાઈવ આરકટનો ધણી થઈ બેઠો. તેના દરેક સીપાઈએ તેની નીમખહલાલીથી ચાકરી બજાવી હતી. એનો એક જાણવાજોગ દાખલો બનયોછે જે ગામઠી સીપાઈઓની વફાદારી બતાવી આપેછે. જાહારે કીલલામાં ખોરાક ઘટવા લાગો અને દુકાલની ધાસતી રહી તાહારે વગર માગવે દેશી સીપાઈઓએ કલાઈવને વીનંતી કરી જે ચોખાનો પેજ હમારે માટે બસછે અને ચોખા ઈંગરેજ સીપાઈઓને આપવા, કારણ હમારા કરતાં તેઓને ખોરાકની વધારે અગતછે. જેટલી તારીફ આ વફાદાર સીપાઈઓની આપણે ગાઈએ એટલી થોડીછે.

જે દાહાડે દુશમને કુચી કીધી તેજ રાનો મધરાજથી એક ટુકડી આવી લાગી. કીલલામાં પુરતાં માણસોને મેલીને કલાઈવ પાછો ૧૯ મી નવેમબરે ૨૦૦ ઈંગરેજ અને ૭૦૦ સીપાઈઓને લઈ મેદાન પડયો. ફરેંચો કુનજીવરાંમમાં ભરાઈ મધરાજ અને આરકટ વચેનો વેહેવાર બંધ કરતા હતા, તેથી કલાઈવે તે જગા ઉપર હેલ્લો કરી. તરણ દાહાડા ઘેરો નાખયા પછી ફરેંચો નાઠા અને કુનજીવરામ કલાઈવે હાથ કરયું.

(સાંધણછે.)

---

## ઈશવરના કાંમ તેનો દબદબો દેખાડેછે.

ઈશવરના દબદબા અને મોટાઈને મલનો કાંઈબી ખેયાલ કરવો બહુ મુશકેલછે. તોયપણ એક કોશેશ કરવી જોઈએ; તેથી મન સુધરેછે અને મોટે દરજે પોંચેછે. એ ખરૂંછે કે ઈશવરને પુરણ રીતે સમજવો એ હાથેલીમાં સમુદર પકડવો અને બીલસે આકાશ ધરવું એટલું અશકતછે. તે આપણને એકદમ જાણીતો છે તેમ આપણથી એકદમ છુપો પણ છે. તે આપણી નજદીક પણ છે અને આપણીથી અનંત અંતરે દુર પણ છે. તેની હઈઆતીનો વીચાર કરયેતો આપણી આગલ જણાયયોછે, જો તેની કુદરત અને તેની કરામતનો વીચાર કરયેતો આપણીથી અનંત તફાવતે છુપો છે. એ સબબ ઉપરથી જેમ આપણને અગત્યનુ છે કે જે આદરમાંનના વીચારો ખરેખર તેને ઘટતા છે તે મનમાં બાંધવા તેમ આપણી ફરજછે કે તેના દબદબાના વીચાર કરવા પાછલ પણ લાગવું.

પાદશાહોની સકતી તરફ આપણ અજાએબીથી જોઈએ છઈએ; મોટાં, મોટાં રાજયો, શેહેરો અને કીલલાઓને હાથ કરતાં, ગંજાવર ઈમારતો બાંધતાં અને આખી પરજાનું સુખ ઈઆ દુખ લાવી મેલતાં તેમને જોઈ આપણ આશચરય પાંમયે છઈએ.

પણ માંણસની સકતી, માંણસ, જે આકીબતે મરટી અને ખાખછે તેની શકતી, જે વલી બીજીજ શકતી ઊપર આધાર રાખેછે તેથી જો આપણે અજાએબ થઈએ તો કેટલા વધારે અજાએબ થઈએ; જોઈ ઈશવરની શકતી; જે ઈશવરે પરૂથવી પોતાને હાથે બનાવી અને આકાશ રચયું, જે સુરય ઊપર રાજ ચલાવેછે અને જગતની ગંજાવર ઈમારતને ટેક દીએછે!

વાજબી રીતે સુરજની ગરમીથી; પવનના ઝપાટાથી, સમુદરના ગુંગવાથી, ગગડાતના ધડાકાથી, અને વીજની ઝડપથી આપણ તાજુબ થઈએ છઈએ. પણ સુરજને ગરમીનો આપનાર, વાદલને ગજાવનાર, જે પવનને પોતાના કાસદો દાખલ અને વીજલીના રાતા ચમકારને પોતાના પરધાંનો દાખલ મોકલેછે, અને દરયાના મોજાઓને ઊછાલેછે અને શાંત કરેછે તે તે દાતારછે.

વાજબી રીતે જેઓ ગ્યાની અને અકલમંદછે તેઓને આપણે માન આપીએ છઈએ, પણ માંણસની ખુબી શી ગણતરીમાં, જાહારે તેને ઈશવરના ડાહાપણ સાથે સરખાવયે, જે ઈશવરની નજર દરેક ઢાંકણમાંથી પરવેશ થાય, જે આકાશના તારા અને દરયાની રેતીની ગણતરી જાંણે, અને જે વાદલમાંથી ગલતા દરેક વરસાદના ટીપાંની ખબર રાખે, જે ગુજરેલી હાલની અને આવતી બાબદો જુવે, જેનાં કાંમ એટલાં અનંત કે માંણસના લેજાંથી તેના વીસતારનો ખેયાલ ન થાય?

પાદશાહોના ખજાંના અને તેમના મેહેલોના ભપકાથી આપણી આંખો દીપાય, પણ એ ખજાંનાની કીમતનું ઈશવરના ખજાંના આગલ કેટલું મુલ જેનું બેહેશત તે તખતછે અને પરૂથવી તે પગ ટેકાવવાનું આસનછે!

પરૂથવીના પાદશાહો જેઓ ઘણા દેશો ઊપર હાકમી ભોગવેછે અને હજારો પરજાને હુકમ ફરમાવેછે તેમને આપણે માંન આપીએ છઈએ; પણ શી ગણતરીમાં પરૂથવીના એક ધાબાંની હાકમાઈ જારે વીચારમાં લઈએ આખી શરૂશટીનું રાજ, જેમાં આપણો આખો ગોલો એક પરગણુ ગણાય; એક રાજ જેના હાકમનાં જગતના હાકમો, શઘલા નોકર અને જેના તખનની આશપાસ ફરેસતાઓ પાંખોને બીછાવી તેના હુકમ બજા લાવવા ઢુલેલા?

માંણસોના કાંમકાજ ઊપરથી આપણે તેમની મોટાઈનો વીચાર કરીએ છઈએ; અને જે પાહાદશાહો એ શેહેરો બાંધયાંછે અને મોટા મોટા મેહેલો ઊઠાવયાછે, જેઓએ પોતાનાં રાજપાટ ઘણી સરસ રીતે ચલાવયાંછે અને ફતેહમંદીથી મોટાં સાહાશીક કાંમો બજાવયાંછે તેમનો આપણે વખાંણ ગાઈએ છઈએ; પણ તે કરીમ દાદગરના કાંમો કેહેવાંછે? શરૂશટીની ઊતપતી, તેમાંના જીવોનું સંરખશણ, અગણીત પરૂથવીઓનો અદલ અને ડાહાપણ ભરેલી રીતે રાજવહીવટ, માંણસોનું તારણ, નેકીને ઈનાંમ, અને બદીને શજા.

ઓ શાહેબ તાહારી બરાબર કોણછે? તું મોહોટોછે, તાહારા નાંમની તારીફછે અને તાહારાં કાંમ તાહારો દબદબો દેખાડેછે! દુનયાનો હંમેશનો હાકમ જેની કીરતી આપણી આશપાસ ફરી વલેલીછે તેની હાજરીથી શું આપણો જીવ પવીતર દેહેશતથી ભરાવો નહી જોઈએ? શેનારાનો જહલકાટ સુરીયનાં તેજ આગલ કરમાઈ જાયછે, અને તેજ પરમાંણે પરૂથવીની કીરતી, ડાહાપણ અને શકતી, શઘલી દોલત અને આબરૂ, ખોદાની નુરાંનીનાં તેજ આગલ તમાંમ ઘંકાઈ જાયછે. પરવરદેગારની મોહોટાઈનો વીચાર કરતાં આપણો જીવ ઘણો ઊંચે દરજે પોહોંચેછે, અને આપણુ જીગર ખુશીથી વીધાઈ જાયછે, જારે આપણા મન આગલ ખેઆલ લાવીએછે તે અનાદંત અને સરવ શકતીમાંન શાહેબનો, જેના નાંમ શાથે જોડાયલીછે જાવેદાંનની કીરતી અને વખાંણ!

## પાણી.

જે પાણી આપણે પીજીએ છઈએ, તે જે હવા આપણે દમમાં લેજીએ છઈએ તેથી બીજો દરજો ધરાવેછે. પરાંણી અને ઝાડ પાનનો પોણો ભાગ પાણીથી બનેલોછે. પરૂથવીની ઊપર તે સરવેથી મોટા જથામાં મલી આવેછે અને તેનો ઓછામાં ઓછો પોણો ભાગ તેથી ઘંકાયલોછે.

નીરમલ પાણી બે મુલ પદારથો નાંમે આકસીજન અને હાઈડરોજનથી બનેલુંછે. આકસીજન હવાનું બેયાન આપણે હવાની બાબદ તપાસી તયારે આપયુંછે અને હવે હાઈડરોજનની ખાસીએતો વીસે વીચાર કરયેછે.

હાઈડરોજન ગાસ ઈઆને હવા જાહારે ખાલેસ હોયછે તાહારે વગર રંગ, સવાદ, અથવા ગંધની હોયછે. દુનીઆના સઘલા પદારથોથી તે હલકીછે અને જો બતીએ સલગાવી હોયતો હવામાં બલેછે.

એક બાટલીમાં લોહોડાં અથવા જસદના થોડા કટકા નાખયા હોય અને તે ઊપર બે ભાગ પાણી એક ભાગ **સલફ્યુરીક આસીડ** સાથે ભેલીને નાખયું હોયતો હાઇડરોજન ગાસ બની સકેછે. ઊપલી ચેલવણી નાખયા પછી બાટલીને બુચ મારવો અને વચોવચમાં આંધરૂ પાડવું. સાધારણ હવા નીકલી જયા બાદ હાઈડરોજન નીકલવા માંડસે. હેવામાં કોઈ પણ વસતુની પોકલ નલી પેલા બુચના વેહમાં બરાબર બેસાડવી. નલી વાટે પછી હાઈડરોજન નીકલવા માંડસે જે જો સલગાવી હોયતો ખુબ ભભુકથી બલસે. જો એક કોરડુ તંબલર એ જોત ઊપર ધરયું હોયતો તંબલરની અંદર દવના કતરા બંધાતા માલમ પડસે, જે આ થોડાવારમાં પાણીના આકારમાં ટીપાઇને ગલસે. હાઈડરોજન બલતી વખતે હવાની ઓકસીજન સાથે મલી જઈ પાણી પેદા કરેછે જે તંબલરની ઊપર ટીપાતું માલમ પડેછે. હવે જોતને બુજાવી નાખી ઊપર જો એક નાહાનું બલુન મુકીને ઊપસાવયું હોયતો તે થોડાવારમાં હવા ઊપર ચહડવા માંડસે જેથી હાઈડરોજન કેટલી હલકીછે તે સીધ થશે. બલુંનમાં બેસી માંણસ હવામાં સેહેલ કરેછે તે હાઈડરોજનની મદતથી. પાંણી વગરે બીજી વસતુઓ જેવીકે કોલસો, લાકડું, તેલ, ચરબી વગરેમાં હાઈડરોજન હાજર હોયછે. જયારે હાઇડરોજન બલેછે તયાહરે હવાની ઓકસીજન સાથે મલી પાંણી પેદા કરેછે જે બાફના આકારમાં ઊડી જાયછે. દર નવ રતલ ખાલેસ પાંણીમાં આઠ રતલ ઓકસીજન અને એક રતલ હાઈડરોજન હોયછે. હાઈડરોજન અને ઓકસીજનને અમસથી ભેલી હોયતો પાંણી બનતું નથી. પણ રશાયણ યુકતીથી જેવીકે બલતી જોત ઇઆ વીજલીથી તેઓ સાથે મલી જઈ પાંણી પેદા કરેછે.

પાંણીને ગંધ અથવા સવાદ હોતો નથી તેમાં ખુદરતે મોહોટું ડાહાપણ ખરચયુંછે. કોઈ કોઈ વખતે શુગંધી વાસો નાખને બહુ ગમત આપેછે અને કોઈ કોઈ વખતે લેહેજતદાર પકવાંનો જીભને સવાદ આપેછે. પણ જે જગાએ રોજ ગુલાબ અને અતરથી હવા તર થાય અને જે ટેબલ રોજ સવાદીશટ પકવાનોના ભારથી નમે તયાંહ તનદરોસતો ઊભી રેહેતી નથી. એ સબબોને લીધે પાંણીને ઊપલી ખાસીઅતો આપી નથી કારણ તે નીતય રોજ માંણસની દરેક રગેરગમાં ભેલાઇ જાયછે.

વલી પાંણીમાં થંડક કરવાનો એક ગુણછે. સુકાં રેટાલ જંગલોમાં હીરાને મુલે પાંણીના ટીપાં અંકાયછે તેની અગત આ ઊપરથી નીકલેછે કે ફેફસાં અને ચામડીમાંથી હવી જગાઓમાં જે પાંણી જડપ જડપથી ઊડી જાયછે તેનો ખંગ બીજું પાંણી અંદર લઈ વાલવો જોઈએ. પણ કોઇબી જગાએ પાંણીની થંડક કરવાની ખાશીએત જતી નથી. તરસી જીભ કોઈબી વસતુથી પાણીની માફક તરૂપત થઈ સકયે નહી. વલી તપેલી ચાંમડીની ગરમી બીજા કોઈ પદારથો પાણીની માફક અસરકારક રીતે દબાઇ સકસે નહી. પાણી-દીલ ઊપર નાખયાથી થંડક ઊપજેછે તેનો સબબ એક આપણા દીલની ગરમી પાણીને બાફના આકારમાં ઊરાડી દેવામાં ગુંતી જાયછે અને તેથી બદનમાંથી ગુમ થાયછે અને જાહારે ગરમી ગુમ થાય તાહારે થંડક નીશચય લાગવી જોઇએ. હવે રશાયણીઓ હેવું કહેછે કે એક રતલ પાણીને એક દીગરી ચહડાવતાં જેટલી ગરમી જોઇએ તેટલી ગરમી ૩૦ રતલ પારાને એક ડીગરી ચહડાવી સકેછે. એ ઊપરથી માલમ પડેછે કે બદન ઊપર પાંણી રેડયું હોય તેને બાફના આકારમાં ઊરાડવા જેટલી ગરમી બદનમાંથી ખેંચી સકયે તેટલી કોઈ બીજા પદારથથી થઈ શકતું નથી.

વલી પાણી કેટલીક ચીજોને નરમ કરી શકેછે જેમકે દાર, અને કેટલીક ચીજોને પગલાવી સકેછે જેવી કે ખાંડ. એબી એક મોહોટી ઊપયોગીપખાશીએતછે. ખુદરતમાં પાણી એકદમ ખાલેશ મલી શકતું નથી. વરસાદનું પાણી હવાનો મેલ સાથે લીએછે અને ઝરાનું પાણી જમીનનો. નદીમાં પાણી ચોખું હોતું નથી તે નજરજ કહી આપેછે. સાધારણ રીતે બોલતાં પાહાડી જગાઓ ઊપર વરસાદનું જીલેલું પાણી સરવેથી ખાલેશછે. તેથી ઊતરતું નદીનું, તેથી ઊતરતું સરોવરનું, તેથી ઊતરતું ઝરાઓનું. કેટલાએક ઝરાઓમાં ધાતુનો ઓગાર આવેછે જે ઈંગરેજીમાં "મીનરલ વાટરસ" કરીને ઓલખાયછે. કેટલીએક જગાના મીનરલ વાટરસ, વઇદો કોઈ કોઈ જા

તના દરદીઓને પીવા ફરમાવેછે. કેટલાએક ઝરાનું પાણી સરવેથી સરસછે.

પણ જે પાંણીનો અથાગ જથો પરૂથવીમાં મળી આવેછે તે દરયાનું પાંણીછે. એનો કેટલો વીસતારછે તેનો અકલથી ખેયાલ પણ થઈ સકતો નથી. દરયાના ઊંડાં પેટ આદમના હથીઆરોથી મપાઈ સકાયાં નથી. એક દેશથી બીજે દેશ જવા અને વેપાર ચલાવવા દરયાની કેટલી મદદછે અને તે કેવી મોટી અને ઊમદા બખશેશછે તેનો વીચાર કરવો ઘેહેલ છે. એક ચીજને જમીન ઊપર ઘસડવાને જેટલું જોર લાગે તે કરતાં ઘણું કમતર જોર તેજ ચીજને પાંણીમાં ઘસડવામાં લાગેછે. એક નાહાના હોડકાંને જો જમીન ઊપર ઘસડવાને હડધો ડજન માંણસને ખભાં દેવા જોઈએ તો તેજ હોડકાંને પાંણી ઊપર તરતું મેલી એક નાહાનો બાલક જોઈએ તયાંહાં ફેરવી સકશે.

દરયાના પાંણીમાં નીમખ અને બીજા ખારો ભેલાયલા રહેછે. ખાલેશ પાંણી કરતાં તે વધારે ભારીછે અને માંણસને દરયાના પાંણીમાં તરવાને કુવાના પાંણી કરતાં વધારે સુતરૂં પડેછે તે એજ સબબથીછે. વલી કેટલાએક દરદીઓને એ પાંણીમાં નાહાવાથી પુશકલ ફાયદા પરાપત થાયછે તે સઘલાંને માલમ હશે.

## ધરમશાળા

અથવા

### જંગલમાં કહેલી ચાર વાતો.

(સાંધણ સફે ૫૭ થી.)

૨—કઠણ દીલ.

ઘણા વરસોની વાત ઉપર જરમનીના એક જંગલમાં બારબરા મંક નામની એક વીધવા રેહેતી હતી. તેણીનો ભરનાર ખાવંદ નાનપણથી તે મુવો તયાંહાં સુધી કોલસાનો ધંધો કરતો હતો જે ધંધો તેના પછી તેનો પીટર નામનો છોકરો જે તે વખતે ૧૬ વરસની વયનો હતો તે ચલાવવા લાગયો. પીટર ઘણો હીંમતી અને ચંચલ છોકરો હતો અને તે ખુશીથી પોતાનો બાપીકો ધંધો ચલાવી પોતાનું ગુજરાન ચલાવવા લાગો, પણ વખત જતો ગયો તેમ પીટર પોતાના ધંધાથી કંટાલવા લાગો. તે વીચાર કરવા લાગો કે "હા; માહારી જીંદગી કેવી કંગાલીઅતપણાથી ભરપુરછે! બલયો માહારો ધંધો. સારો દાહાડો કોયલાની મેસથી બદન કાલું કરવું! કેવા સુખીછે બીજા ધંધાદારીઓ! કાં નહી હું ઘડીયાલી થયો, કાં નહી હું ગવઈઓ થયો!"

જંગલમાં જેઓ લાકડાં કાપી વેચતા હતા તેઓની હાલત ઉપર પણ પીટર અદેખાઈથી જોવા લાગો. જાહારે એ ધંધાદારીઓ ગમતની વખતે ગજવાંમાં હાથ ઘાલી થેલરનો થેલર ખેંચી કાહાડે અને વગર દરકારે સરતમાં હારે જીત કરે અને પાંચ ફલોરીન અહીંયાં અને પાંચ ફલોરીન તીંયાં ફેંકે અને પીટરની વરસ દાહાડાની કમાઈ જેટલો રોજ જુગાર રમાય તાહારે પીટર બીતરમાંથી હાય મારી પોતાનું કપાલ કુટે અને તે લાકડાંવાલાઓને દુનીયાંમાં સરવેથી સુખી ગણે.

એ લાકડાંવાલાઓમાં તરણ સખસની પીટર ઘણી જ અદેખાઈ કરતો હતો. એક દીલે ઉંચો અને કદાવર પુરૂસ હતો જે જેવો માનેલો હતો તેવો પઈસાદાર ગણાતો હતો. તેનું નામ એજીકીએલ કરી હતું. વલંદાઓના દેશમાં તે બે વાર ધંધાસર મુસાફરીએ જતો હતો અને એટલો તો તડાકો મારી આવતો હતો કે તેના સોબતીઓ પગે રખડતા પાછા ફરે તાહારે તે ગાડી ઘોડે ઘર આવતો હતો.

ઉપલાથી ઉતરોતર બીજો સખસ હતો અને આખાં જંગલમાં સરવેથી લાંબો અને દુબલો ગણાતો હતો; તે માણસના કરતાં લાકડાંના સાટકાને આકારમાં મલતો આવતો હતો અને તેથી તેને તારસુરીઓ શલરકર કરી બોલખતા હતા. પીટર જે તેનામાં ગુણ વખાણતો હતો તે તેની જબાંદરાજી હતી. તે ગામડાંમાં કોઈનેબી જુદો પાડવાને બીહે નહી; કોઈબી દુકાનમાં જાય, સરવેથી સરસ ખુરસી બાહાર કાહાડી સામે બીજી મેલી પગ અઢેલી જાણે કાંઈ નહી બનયું હોય એમ બેસે અને ભલો ધનેતર પાછલ બેઠો હોય તેની જરાએ ખબર લે નહી. એજીકીએલ બી તેની સાથે બથકાં બાંધે નહી, કારણ તારસુરીઓ શલરકર ઘણો દરવપવાંન હતો.

તરીજે સખસ જે પીટરને ઘણો પસંદ પડતો હતો તે એક જુવાન ખુબસુરત સખસ હતો જે શથલી રમતોમાં ઘણો માહેર હતો અને નાચવામાં એક્કો ગણાતો હતો જેથી તેને 'નાચનો પાદશાહ' કરી કેહેતા હતા. એ સખસ એક તવંગર માણસને તયાંહાં ચાકરી હતો પણ પાછલથી પોતે તેના કરતાં તવંગર થયો હતો જેનો સબબ કોઈને માલમ ન હતો.

પીટર મંકના પેયાનમાં આ તરણે પુરૂષો હમેશ આવતા હતા, જાહારે તે પોતાની ભઠીની આગલ બેસી કાલા ધુંવાને એકટગરે જોયા કરતો હતો. પીટર સારીપેઠે જાણતો હતો કે એ તવંગર લોકો કેવા કરૂરછે અને કેટલી થોડી દાજ ગરીબોને માટે રાખેછે. પણ તે મન સાથ પાછો કેહેવા લાગો કે જોકે દરેક જણ અંદરખાંનેથી તે લોકોને ધીકારેછે તોયપણ બાહારથી તેમને પુશકલ આદરમાન આપેછે.

એક દાહાડે જંગલમાં મોટી મેજબાંની થઇ તયાંહાં પીટરે આ સખસોને ફરીથી જોયા. તેમને મલતું માન અને જે મોજ તેઓ ભોગવતા હતા તે હવે પીટરથી જોવાઇ શકાયું નહી. તેણે મનમાં ઠરાવ કીધો કે "ઇયાતો મારો ધંધો બદલું ઇયા જાસતીથી માહારી કંગાલ જીંદગી ખતમ કરૂં." એ ઉપરથી કેમ તવંગર થવું તેનો વીચાર પીટર કરવા લાગો. એકાંત બેસી મગજ ખુબ ભમાવયા

બાદ તેને નાનપણની વાતો ઈયાદ આવી કે અસલ લોકો વનના જીન માઈકલની મદદથી ઈયા નાના કાચનો માણસ જે જંગલના ખજાનાની કુંચી ધરાવેછે તેની મદદથી કેવા તવંગર થતા હતા. પીટરે વલી વધારે ઈયાદદાસતને તાજી કીધી જેથી તેના બાપની હઈયાતીમાં એક વખતે તેના કાને પડેલી વાત કે ચોકસ બોલો જો બોલયા હોયતો કાચનો માણસ આવી ઉભો રેહેછે તે તેને સજીવન થઈ. હવે તે ચોકસ બોલો તે કયા તે ઈયાદ કરવા તેણે ભેજાંને ઉઠલાવી નાખ્યું તાહારે નીચલો સાર નીકલયો.

"કાચ બનેલા ઝાડમાં બેઠા,
ખાઓચ હીંધોલે હીંચકે !
વનપતી લાગી વનની માયા—"

પણ એથી આગલ વધાયું નહી. કોઈ ઘરડા માણસને પુછી ખાતરી કરી લેવાનો તેનો વીચાર થયો પણ રખે પોતે ઉઘાડો પડે તેથી તેણે એ વીચાર ઝાડી વાલયો અને તેણે જોયું કે એ ચોથી લીટી જો કોઈને ખબર હોય તો આજે તે દલીદરી રહી જાય નહી. એક દાહાડે તેણે પોતાની માએને આસતે આસતે કાચના માણસની વાત માં બેંચી. તેની માનું ગાડું પણ તરીજી લીટીથી આગલ વધી શક્યું નહી; પણ તોબી તેણીએ એક ઘણી અગતની ખબર કહી. તે બોલી કે "માહારા બેટા જોઓ આ જંગલમાં આદીતવારને દાહાડે સહવારના ૧૧ અને બપોરના બે કલાકની વચેના વખતમાં જનમેછે તેઓનેજ એ કાચનું માણસ દેખાયછે. જો ભુલતી ન હોઉંતો બેટા તું પણ આદીતવારે ઉપલાજ વખતમાં જનમયોછે."

પોતાની માને મોહોહેના ઉપલા શબદો શાંભલી પીટરનો હરખ સમાયો નહી. તેણે અંતે ઠરાવ કરયો કે મહને જેટલી લીટી આવડેછે તેટલીજ બોલવી અને હું વખતસર જનમેલોછું તેથી એટલા એજ શબદોએ હું કાચના માણસની ભેટ લઈ શકીશ.

એક દાહાડે પોતાનો સરવેથી સરસ પોશાક પેહેરી પોતાની માને જુઠું સમજાવી તે કાચના માણસના ઠામ આગલ ચાલયો. એ ઠામ જંગલની વચોવચ હતું અને તયાંહાં કોઈ પણ આદમની હસતી જોવામાં આવતી ન હતી એટલું તે એલાએડું હતું. પીટર મનથી બીહીધો કારણ તયાંહાં શઘલું શુંમશામ હતું અને તેના પોતાના પગલાંના અવાજ શીવાય કોઈ પક્ષીનો પણ સાદ આવતો ન હતો; જારે તે એક મોટાં ઝાડ આગલ આવી ઉભો તારે પોતાની ટોપી કાહાડી તે નમયો અને ધુનતે અવાજે બોલયો કે "એ જંગલના ખજાનચી તમ આગલ આજીજી કરવા હું આવયોછું." કશો જવાબ ફરયો નહી તેથી તે પેલો દોહોરો બોલયો:—

"કાચ બનેલા ઝાડમાં બેઠા,
ખાઓચ હીંધોલે હીંચકે !
વનપતી લાગી વનની માયા—"

જેવા તે બોલો બોલયો તેવોજ પીટર જોઈને ધુનવા લાગો કે એક અજાએબ જેવો આકાર ઝાડની પેલી બોરડુથી નીકલી ડોકુ બાહાર કાહાડી પાછો ગેપ થઈ ગયો. પીટરે હીંમત ધરી બોલયો કે "કાચના માણસ સાહેબ, કાચના માણસ 'સાહેબ મહને બેઅકલ ગણતાના કે મેં સાહેબનાં દરશન કીધાં નહી." વલી કશો જવાબ વલયો નહી પણ કોઈ ઝાડમાં હસતું હોય એવો સાદ પીટરને કાને પડયો. પીટર એટલો હવે અધીરો પડયો કે તે દેહેશત છોડી દઈ એક જપાટે તે ઝાડની સાંમી બોરડુએ ફરીવલયો, પણ કાચના માણસને જોવાને બદલે તેણે એક ખલેરીને જોઈ જે તરત ઉપર ચહડી ગઈ. પીટરે માથું ધુનાવયું. "અરે જો ચોથી લીટી મહને ખબર હોય" તે બોલયો "તો હમણા હું કાચના માણસને બાહાર આવવાની ફરજ પાડું" વીસ વખત તે બોલયો પણ તે ગુંમ થયલી લીટી તેના મનને જડી નહી. પણ આવી ડરામણી જગાએ તે એખલો ઉભોછે તેનો ખેયાલ આવયાથી તે બહુ બીધો અને જેમ દોડાય તેમ તે દોડયો. દોડતાં દોડતાં તે એક જુહુપડાં આગલ આવી લાગો અને તારે તેને ભાન આવી કે હું બીજેજ રસતે નીકલી પડયોછું. જુહુપડાંમાં એક બાલ પાકેલો ઘરડો લાકડાંવાલો પોતાના છોકરાં સાથે રેહેતો હતો. પીટરે એક રાત ચોબવાની રજા માંગી જે તે લાકડાંવાલાએ ખુશીથી આપી. ખાધા પીધા બાદ એક મોટું તુફાન થઈ આવયું. કોઈ રાખસ મોટાં મોટાં દરખ્તોને કાપી નાખતો હોય તેવા ધડાકા આવવા લાગા. બુઢો બોલયો કે "બેટાઓ કોઈબી બાહાર જવાને હીંમત કરશોના અને કરશોતો પાછા ફરનાર નથી, કારણ આજ રાતે માઈકલ કાકા નવો તરાપો બાંધેછે." છોકરાઓએ પોતાના બાપને એ જીનની થોડી તવારીખ કેહેવાની વીનંતી કરી અને પીટર પણ એ બાબદ જાણવાને ખંતી હતો તેથી તે વીનંતીમાં તેણે પણ ભાગ લીધો. ઘરડાએ અરજ કબુલ કીધી અને નીચે મુજબ દાસતાન કરયું:—"માઈકલ આ જંગલનો પાદશાહછે. સો વરસની વાત ઉપર પરમાણીકપણામાં આ જંગલના રેહેવાશીઓની બરાબરી દુનયાંના કોઈ પણ લોક કરી શકતાં ન હતાં. હાલના જમાનામાં પઈસાની લાલચથી લોકો બગડી ગયાંછે, પણ માહારે કેહેવું જોઈએછે——હા કેહેવુંજ જોઈએછે——મગર તે રાખસ આ સાખી બારીએથી ચીમાતો કાં નહી હોય——કે આપણા આ જમાનાના ઘાટકીપણાનું મુલ માઈકલ પોતેછે.

"આસરે સો વરસની વાત ઉપર આટલામાંજ એક તવંગર લાકડાંનો વેપારી રેહેતો હતો જેને તાંહાં ઘણા માણસ ખપતાં હતાં. તેના વેપારમાં બોટ હતીજ નહી કારણ તે ઈશવરથી બીહીતો હતો. એક સાંહાંજે કોઈ પહરાણો તેને દરવાજે આવી ઉભો; તેનો પોશાક જંગલમાંના રેહેવાસીના જેવોજ હતો, પણ તે એટલો કદાવર હતો કે તે વેપારીને ભરમ આયો કે તે આદમ નથી. તે પરોણાએ ચાકરી માંગી અને વેપારીએ આવી સારી તક હાથથી જતી મેલી નહી. તેણે તેને ચાકરી રાખયો.

"અને ખરું બોલીએતો જેવી કઠણ ચાકરી માઈકલે કીધી તેવી કોઈથી બની શકતે નહી. તરણ માણસો જાંહાં કામ લાગે તાંહાં તે એખલો ટુક વખતમાં મોટાં મોટાં દરખતો કાપતો હતો અને તેમને ખાંધ ઉપર મેલી ઉંચકતો હતો.

"પણ ૭ મહીના ચાકરી કરવા બાદ તેણે પોતાના

શેઠની હોલંડ જવાની રજા લીધી જાંહાં તેના બીજા ચાકર ભાઈબંદો માલ વેચવા જનાર હતા.

"તરાપા બાંધીને હાલંડ લાકડાં લઈ જવામાં આવતાં હતાં અને વેપારીએ આ વેલાએ પણ મોટા તરાપા તઈયાર કરાવયા હતા, પણ ઉપરી જવાની એક સાંજ અગાઉ માઈકલે આઠ ગંજાવર લાકડાં જેવાં કોઈએ જોયલાં નહી તે લઈને વેપારીને તાંહાં દેખાવ દીધો. કયાંહાંથી આ રાખશી લાકડાં માઈકલ લાવયો તેની સેઠે પુછપરછ કીધી નહી પણ તે એટલાથીજ સંતોશ પાંમયો કે એ જો હોલંડમાં વેચાયેતો મહને પુશકલ નાણું મલશે.

"પણ જેમ માઈકલે જમીન ઉપર તેના સોબતીઓને અજાએબ કીધા હતા તેમ તેણે તેમને દરયા ઉપર કીધા. જડપ જડપથી તરાપો પાણી કાપવા લાગો; ગાંમડાં ઉપર ગાંમડાં સડસડાત પસાર થયાં અને નહી ધારેલા વખતમાં તેઓ હોલંડ આવી પુગા.

"હોલંડ જયા પછી માઈકલે પોતાના દોસતોને કહયું કે 'ભાઈઓ આપણા શેઠને ધટતો નફો મલે તે ઉપરાંત જે આપણને મલે તે ખરૂ પુછાવોતો આપણોછે અને તે આપણે રાખવો જોઈએ.'

"એક વગર શધલાઓએ એ દરખાસત કબુલ કીધી. લાકડાં તરણ ધણે નફે વેચાયાં અને જાહારે આ ગરીબડા લોકોએ આટલો નફો જોયો તાહારે તેમનો હરખ સમાઈ શકયો નહી. જે સખસ નફામાં ભાગ ન લેવા માંગતો હતો તેને માઈકલે છુપાછુપ વેચી નાખયો અને તેની ખબર સંભલાઈ નહી. શધલાઓ માઈકલની સોબતમાં પોંચખાનામાં ખાના પીનાની અતીઅંત મોજ ભોગવવા લાગા.

"તે વખતથી લાકડાંના વેપારીઓ હોલંડને બેહેસત ગણવા લાગા અને માઈકલ તેમનો રાજા થયો; અને તે વખતથી આજ શુધી પઈસો, બદી, દારૂ, અને જુગાર હીંયાંનાં વતનીઓમાં આમેજ થયાછે.

"વખત વેહેતો ગયો અને માઈકલ ગુમ થયો પણ તે કાંઈ મરી ગયો નથી. આજ સો વરસ થયાં તે આ જંગલમાં ભટકેછે અને લોકો એવું કેહેછે કે તેણે ધણા લોકોને તવંગર કંરયાછે અને તેમાના કેટલાક આજે હઈયાતછે; પણ એ દોલત પોતાના જીવનું દામ આપી તેઓએ ખરીદીછે. આવે તુફાનને સમે માઈકલ મોટાં મોટાં દરખતો કાપેછે અને તેમના તરાંપા બનાવી હોલંડમાં મોકલેછે. જો હું હોલંડનો રાજો હોઉંતો માહારા રાજમાં જે લાકડું માઈકલ મોકલી આપે તે સઘલું બાલી નાખું. કારણ તે લાકડાંનાં બાંધેલાં વાહાણ આકેબતે ખરાબા ઉપર ભાંગેછે. જેવું એક ઝાડ માઈકલ કાપેછે તેવુંજ એક વાહાણનું લાકડું નીકલી જઈ અંદર પાણી લીએછે અને વાહાણને તલીએ મોકલેછે.

"એજ માઈકલની હકીકતછે. એક ધડીમાં તે માણસને તવંગર કરેછે પણ હું તેની પાસથી એક કોડી પણ લઉં નહીં. દુનયાંના ખજાનાને વાસતે હું એંજીકીએલ ઈયા તારસુરીઓ શલરકર ઈયા 'નાચનો પાદશાહ થાઉં' નહી."

આ વાત પુરી થાઈ અને તુફાન પણ જરા નરમ પડયું; છોકરીઓએ પોતાના ઓરડાના દીવા સલગાવયા અને સુવા ગઈ અને છોકરાઓએ પીટરને પાતરાંનો ભરેલો તકીઓ આપયો અને તેને ઓટલા ઉપર સુવાડી સલામ આલેકુન કરી પોતપોતાને વગે ગયા.

---

## જોન હામપડન.

સપેન દેશના બીજા ફીલીપ નામના એક બેવકુફ અને મગરૂર રાજાએ, પોતે ભારી મેહેનત કરીને, તથા પોતાનો ધણોક ખજાનો તથા વખત બરબાદ કરીને, સને ૧૫૮૮ ના સાલમાં, ઈંગલંડ દેશ જીતી લેવાને જારે પોતાનો "નહી જીતાય એવો કાફલો" તે દેશ તરફ રવાના કીધો, તે વખતે વેલાતની ઉપર રાજ કરનારી ઓરતો માહેલી ઈલીઝાબેથ નામની તે વખતે રાજ કરતી સરવેથી ડાહી ઓરતે પોતાની હીમત અને ડાહાપણ પોતાના મોટાં દેશને આ ભયભરેલી આફતમાંથી છોડવવાને કેવી ફતેહમંદીથી કામે લગાડી, તેની યાદદાસત હજીતો આખી દુનીઆંના મનમાં તાજી હતી, થોડાંક વરસના અરસામાં, ઈંગલંડ દેશની હકુમત તેની સઉથી શીયાણી રાંણીના હાથમાંથી, તેની ઉપર જે તેના કમનશીબે કેટલાક સઉથી અનગમતા, પતરાજખોરા, અને દુરબલ રાજાઓ રાજ ચલાવી ગયાછે તેઓમાંના એકના હાથમાં જવાની હતી; જારે ઈંગલંડ દેશ અંતે તેના જેમસ રાજાની દુગરાજી અને હીચકારાપણાથી અને તેના દીકરા ચારલસ રાજાની હઠીલાઈ અને કમ અકલથી જે બખેડાની હાલતમાં થોડાક વખત શુધી આવી પડીઉં હતું, તે તરફ જવાનું મંડાણ કરતું હતું, તેવા વખતમાં, પોતાના દેશના બખેડા ભરેલી હાલતમાં પોતે એક ધણો મોટો ભાગ લેવાને સરજેલા એક માણુશે, બકીંગામશાયર નામના પરગણામાં જનમ લીધો હતો. ડાહાપણથી ભરપુર, સાંત મનનો, હીમતવાન, ધણી ઉંચી બુધી ધરાવનાર, સુધકેલીને ટાલનાર, નરમતા ભરેલો, આવા ગુણો ધરાવનાર એક માણુશ, છુટાપણાનો મોટો સાથી થવાને, પોતાના દેશ-અને દેશીઓનો સઉથી મોટો ભીતર થવાને, અને એક લોકના ખરા હકો ઉપર પાણી ફેરવનારાઓનો સઉથી કરડો દુશમન થવાને આ દુનીઆમાં સરજેલો હતો. આ મોટો માણુશ "જાન હામપડન" હતો.

સને ૧૫૯૪ ના સાલમાં આ શખસ જનમીઓ હતો. આ પછી તરણ વરસે એનો બાપ એને મોટી મીલકતનો વારેસ મુકીને મરી ગીઓ. ૧૫ વરસની ઉમરે હામપડન આકસફરડ મદરેસામાં દાખલ થયો અને ૧૯ વરસની ઉમરે તેને ધારાની માહીતી મેલવવાને "ઈનરટેમપલ" નામના ધારાની એક મોટી નીશાલ મધે દાખલ કીધો. તવારીખમાં વખણાઈ ગયલા વડવાઓથી, અને એક પઈસાદાર અને માન પામેલાં કુટુંબથી, ઉતરેલો, અને વગવાલાં માં બાપથી જનમ પામેલા આ જુવાન હામપડને પોતાની જુવાનીનો થોડોક ભાગ રમત, ગમત, મોજમજાહ અને લુછાઓની સોબતમાં કાહાડીઓ. પણ તે ૨૫) વરસની ઉમરે પુગો તારે ઈલીઝાબેથ સીમીયન નામની એક સ્રી, કે જેની ઉપર તેનો અસલથીજ ધણો ચાહા હતો,

ની સાથે તેનાં લગન થવાથી તેનામા એક દાખલો ધર ખોગ ફેરફાર થયો. તેણે પોતાના ખરાબ સાથીઓને અ. બદ ટેવોને છોડી દઇ, ઘણી નીયમીત ચાલ ઉપર રાહ ધી. તે પોતાની ઘણીજ સારી રીતભાંત, પોતાની મં લાઇ અને ખુશમીજાજ, અને બધાં લોકો તરફની પો ની નરમાસને લીધે બધેબધ આશકારા થઇ રહયો. આ ના સારા ગુણોથી વલી બધેબધ તે ઘણો વગવાલો થયો, અને તેની પાછલી કારકીરદીમાં જેવુ તેનું ડાહાપણ અ ને હીંમત કામ લાગાં તેવાજ આ તેના ગુણો પણ ઉપયોગી થઇ પડીઆ.

તેના લગન પછી ર) વરસે તેણે આમની સભામાં ગ ેમ પાંઉડ નામના કસબાની તરફથી પોતાની બેઠક લીધી; તેની મા, કે જે નામીચા આલીવર કરામવેલની કાકી લાગે, તે પોતાના દીકરાને અમીરનો ખેતાબ મલેલો જોવાને ઘ ણી આજુરમંદ હતી. અને હામપડનની ઉંચી કેળવ ણી, તેના વડવાઓની મોટાઇ અને તેનો પોતાનો મોટો વગ એ સઘલાંથી આ ઉંચી પદવીને વાસ્તે તે પુરેતી રી તે લાયક હતો; અને બીજુ વલી, જેમસ રાજાના ઉડાઉપ ણાથી તે પોતે જે પઇસાની તાણમાં આવી પડેલો હતો, તે તાણમાંથી પોતાને મોકલો કરવાને તે ચાહ્ના કીમતે ખે તાબો વેચતો હતો. આ ઉપરથી હામપડન જો ચાહાતેતો પોતાને સેહેલાઈથી અમીરજાદો બનાવી શકતે; પણ આ ૬ દવી જેમસ રાજાને લીધે જે ધીકારમાં તે વખતે આવી પડેલી હતી તે ધીકારમાં પોતે પડવાનો વીચાર તેના મો ટાં મગજે તુછકારી કાહાડીઓ અને બાદશાહની આ ચા લ નાપસંદ કરતાં, તેની સામે જે એક ટોલકી થઇ હતી તેની સાથ તે સામેલ થયો.

જે આમની સભામાં હામપડને પોતાની પેહેલી બે ઠક લીધી તે જેમસ રાજાએ પોતાના ઉડાઉપણાથી પઇસા ની જે તંગીમાં પોતે આવી પડેલો હતો તેમાથી પોતે છુ ટો થવાને બોલાવી હતી અને તેના રાજમાં એ સભા તી જી વખત મલી હતી. આ સભા માતર એક વરસ સુધી ચાલી હતી, જે અરસામાં જેમસ રાજાની બીજી સભા બ રખાસત થઇ અને તીજી સભા મલી, તેની વચે જે ૬ વ રસનો મોટો ગાલો પડીઓ હતો, તે વખતમાં જે જે લુ છા લોકોએ રાજાની મારફતે રઇયતને લુટી હતી, તે લો કોને ઘટતી સજાએ પોહોંચાડીઆ આટલુ કીધા પછી રા જાને પઇસા આપવાને બદલે યુરપની તે વખતની હાલત આ સભાએ તપાસવા માંડી, આથી રાજા ઘણો ચીરડાઈ ગયો, અને પોતાના નબલા મગજના જોરથી પોતાની આ મની સભાના હકો વીષે તકરાર કરવા લાગો. અંતે આ સભા તેણે બરખાસત કીધી, અને પોતાની સાંમી ટોલકી ના ઘણાક માણસોને, બંદીખાને મોકલીઆ.

પોતાના દીકરા ચારલસને સપેન દેશના તે વખતના રાજાની દીકરી સાથે પરણાવાની તજવીજ કરતાં તેણે તે દેશ સાથે એક લડાઇ સોધી. અને એ લડાઇ ચલાવવાને જે પઇસાની ગરજ પડી તે મેલવવાને તેણે પોતાના રા જમાં એક ચોથી વખત આમની સભા મેલવી. પણ આ તેના રાજની છેલી સભા મલીઆ પછી આસરે એક વરસ માં જેમસ રાજાની ઉડાઉગીર અને મગરૂરી ભરેલી કારકી રદીનો અંત આવીઓ. આ સભાઓમાં હામપડને કાં ઇ મોટો ભાગ લીધો નહીં; તોપણ તે રાજાની સામેની ટોલકીને પોતાનો આસરો આપતો હતો.

હવે જેમસ રાજાનો દીકરો ચારલસ તેના બાપની ગાદીએ આવીઓ. તે નીતીવાલો, સારીપઠે શીખેલો, અ ને સુધરેલા વીચાર અને રીતભાંતનો હોવાથી, તેનામાં અ ને તેના બાપમાં ઘણો ફરક હતો. પણ તેવોજ જુઠો અને હઠીલો, જે સાંકડા મગજને લીધે, પોતાની રઈયતના ખરા હકોની જે સામે થવાને લીધે, અને પોતા વીસે લોકોના વી ચારને માટે જે બેદરકારપણું દેખાડવાને લીધે, તેનો બાપ આખાં દેશમાં અકારો થયો હતો, તેજ સાંકડુ મગજ, તેજ પોતાના લોકોના ખરા હકની સામે થવું, અને પોતા વી શેના વીચારના તેજ બેદરકારપણાએ અંતે ચારલસ રાજાનુ માથુ ઠવખતમાં જલલાદની તરવાલને સોંફીયું.

આ નવા રાજની પેહેલી આમની સભા જે ૧૬૨૫ મા મલી હતી, તેમાં વેનડોવર નામના પરગણાની તરફથી હેમપડન બેઠો. ચારલસ રાજાએ પોતાના સભાસદો પાચે થી પઇસા માગીઆ, પણ આખાં દેશની અંદર જે જે જુ લમો અને ગેરવાજબીપણુ ગુજરતું હતું, તેની તપાસ કરી તેનો અંત લાવવાને સભા વધારેવાર ટકવી જોઇએ એવો સઘલાંનો વીચાર હોવાથી, રાજાને આમની સભાએ પાંચ હફ્તામાં પઇસા આપવા કહીયુ. રાજાને આથી ગુસો ઉ પજીઓ, અને તેણે પોતાની પેહેલી સભા એકદમ બરખા સત કીધી.

થોડાક મહીનામાં એક બીજી સભા ચારલસે બોલા વી, અને ફરીથી વેનડોવર તરફથી હેમપડને તેમાં બેઠક લીધી. રાજાને પઇસા આપવાની વાત કીધા અગાઉ ફરી થી આમની સભાએ દેશની ઉપર પડતા જુલમ ટાલવાને ચારલસને કહયું. બકીંગામ નામનો એક અણઘડ અને ફીસાદખોરો માણસ, જે ચારલસ રાજાનો અને તેના બા પનો વડો પરધાંન હતો, અને ચારલસ રાજાનું કાજ તેણે કીધાથી તેની ઉપર તે રાજા ઘણો ફીદા હતો, તેની ઉપર આમની સભાએ કેટલાક અપરાધો મેલીઆ. જેઓ તેની સામે અપરાધ મુકવામાં આગેવાન હતા, તેવોને ચારલસે બંદીખાને નાખીઆ. વલી સભાએ રાજે "ટનેજ" અને "પાંઉડેજ" નામનો એક જુલમગાર કેર નાખતો હ તો, તે નાખવાનો ચારલસને શું હક હતો તે વીષે પુછ પરછ કરવા માંડી આથી એક વખત ફરીથી ગુસામાં રા જાએ સભા વીખરી નાખી. હવે ચારલસને પઇસા જો ઇતા હતા તે મેલવવાને તેણે કરો અને એવી બીજી યુક તીઓ કામે લગાડી. હેમપડન જોકે પઇસાવાલો હતો, તો પણ તેની ઉપર જે ઠોકોક કર નાખવામાં આવીઓ, તેની એક પઇબી આપવાને તેણે સાફ ના પાડી. એટલા માટે તેને ગેટ હાઉસ નામના બંદીખાનામાં કેદ કીધો. પણ થોડાક વખતમાં ફરાનસ દેશ સાથે ચારલસને એક લ ડાઇ ઉઠાવવી પડી તેથી, અને બીજું વલી, જરમનીની અં દર પરધાન બકીંગામે જે ચઢાઇ કીધી હતી, તેમાં તે ઘણોજ શરમ ભરેલી રીતે નીશફલ થયો તે સબબથી, ૧૬૨૮ માં રા

જાને એક વખતે ફરીથી સભા બોલાવવાની ફરજ પડી.

હેમપડન અને બીજા કેટલાકોને રાજાએ કેદ કીધા હતા તેઓને તેણે છોડીઆ, અને પાછો હેમપડન વેનડોવરની તરફથી આ સભામાં બેઠો. આમની સભાએ રાજાને નાણા આપવાનો ઠડાવ કીધો, પણ તે આપીઆની અગાઉ "પીટીશન આવ રાઈટસ" નામના એક લખતની ઉપર તેની સહી માંગી. આ લખત માહેલી કેટલીક સરતો એ હતી કે, (૧) કધીબી રાજાએ આમની સભાની પરવાનગી વગર કર નાખવો નહી, (૨) રાજાએ કોઈબી શખસને બરાબર ધારા મુજબ તપાસ કરવા વના કેદ કરવો નહી, (૩) રાજાએ લોકોના ઘરમાં લડાઈને વખતે શીપાઈઓને રાખવા નહી. ઘણીક આનાકાની કીધા પછી ચારલસે ગરજનો મારેલો આ લખતની ઉપર પોતાની સહી આપી.

પણ જેવી આ પારલામેંટ બરખાસત થઈ તેવીજ, એક છુટા લોકના હકના આ બીજાં (કાંકે અગાઉ જોન રાજાના વખતમાં "મેગના ચારટા" નામનું એક વધારે સખત લખત થયું હતું) લખતની દરેક કલમની એકદમ વીરૂધ જતાં, ચારલસે લોકોની ઉપર સીપાઈઓનો, અને "ટનેજ અને પાંઉંડેજ" નો કર નાખીઓ. ૧૬૨૯ માં એક બીજી સભા મલી.

પણ તે મલી તેની અગાઉ એક ખુનીની બંદુકની ગોળી એક અનઘડ, ધડ વગરના અને ફુકરાજી મનની વીયરથ કારકીરદીનો અંત લાવી હતી. બકીંગામ આખી પરજાનો સરાપ, અને પોતાના રાજાઓનો બગાડનાર, આવી રીતે મરણ પામીઓ હતો.

જે નવી સભા રાજાએ મેલવી હતી તે તેની ખરાબ અને ધડ વગરની ચાલ ઉપર વીચાર કરવા લાગી. સર જોન ઈલીયટ નામનો એક નામીચો પુરૂસ અને હામપડનના એક મોટા દોસતદારે સભામાં ઉઠીને રાજાની ચાલ ઉપર ઘણુજ સખત ટીકા કીધા. સભામાં બધી ગડબડ મચી રહી હતી, અને સભાનાં સરનશીનની ખુશી ઉપરાંત ઈલીયટ જે બોલીઓ હતો તે પાછું વાંચી જવાની તેને ફરજ પાડવામાં આવી. આટલું કીધા પછી સભાને મુલતવી રાખવામાં આવી, મણ તે ફરીથી મલી તેવીજ ચારલસ રાજાએ આવીને તેને વીખરી નાખી, અને ઈલીયટ વગેરે બીજાઓને બંદીખાને નાખીઆ. હેમપડને આ બખેડામાં મોટો ભાગ લીધો નહી હતો. બીજી સભા મલી તેની અગાઉ ૧૧ વરસનો મોટો ગાલો પડીઓ, એટલો વખત હામપડને બકીંગામ શાયરમા પોતાના ખુબશુરત મકાનમાં માજીશટરેટનો ઓધો બજાવવામાં અને પોતાના દોસતદારોની સાથે અગત જોગ પતર વેહવાર રાખવામાં ગુજારીઓ. આ વખતે એની બાયડી, જેથી એને ૧૦ છોકરાં થયાં હતાં, તે ગુજરી ગયાથી એને એક મોટો જખમ થયો; પણ અંતે બીજાં રાજદુવારી કામમાં તે વધારે પડવા લાગો.

ચારલસ રાજે કેટલાક ખરાબ માણસોની મદદથી પોતાની રઈયત ઉપર સઘલી તરેહનો જુલમ કરતો ચાલીઓ. પોતાની આમની સભાની મરજી ઉપરાંત તે કર નાખતો હતો, અને ચોકસ ધંધાઓ એકજ માણસ ચલાવે એવો હક તે વેચતો હતો. "પીયુરીટન" નામની એક ધરમની ટોલી ઉભી થઈ હતી, તેની ઉપર તે ઘણોજ જુલમ પાડતો હતો. તે ટોલીના માણસોને તે ડાહોમ દેવાડતો હતો, અને કાન, નાખ, હાથ વીગેરે શરીરના બીજા ભાગો કાપી નખાવવાને પણ ચુકતો નહી હતો. પણ પોતાની ટોલી વીશે "પીયુરીટનો" ને એટલું તો ઝનુન હતું કે તેઓ આ સઘલું ભારી હીમતથી ખમતા હતા.

ફીનચ અને નોએ નામના બે સખશો રાજાની તરફથી લોકો ઉપર ઘણો જુલમ પાડવા લાગા. આથી કરીને ચારલસ હવે પુરેપુરો અકારો થયો. "પીટીશન આવ રાઈટસ" ના લખત ઉપર પોતાની સહી આપીઆથી જેજે શેહેરો ઉપર બંદર લાગેલાં હતાં તે શેહેરો ઉપર પણ વાહાણનો કર નાખવાનો તેને કંઈજ હક હતો નહી. પણ આ બે ખરાબ માણસોની સલાહથી, આખાં દેશના દરેક ભાગ ઉપર આ કર નાખવાનો ચારલસે ઠરાવ કીધો. હવે તેની સામે લોકોના મન ઘણા ઉસકેરાયાં.

આ કર હેમપડનની ઉપર નાખવામાં આયો તયારે માતર એક નજીવી રકમ આપી નીકાલ કાહાડવાને બદલે, તેણે તે આપવાને સાફ ના પાડી, અને એક મોટો ખરચ અને પોતાની ઉપર કેટલુક દુખ ખેંચી લેવાનું પસંદ કીધું. આ વીશેનો કજીઓ "એકસચેકર ચેમબર" નામની એક કોરટમા સન ૧૬૩૬ મા ઈંગલંડના બાર નયાયાધીશોની સામે આયો. હેમપડન જે પાયા ઉપરથી સામે થયો હતો તે એટલાતો મકમ અને ખરા હતા, કે જોકે નીયાયાધીશોને રાખવાનું કે કાહાડી મેલવાનું તદન ચારલસ રાજાના હાથમાં હતું, તોપણ બારમાથી પાંચ જણાએ હેમપડનની તરફ અને બાકીના સાત જણાઓએ રાજાની તરફ પોતાનો અભીપરાય આપીઓ. આ કજીઆથી હેમપડન, જે હમણા તુલીક કંઈ જાહેર કામને વાસતે ઘણો જાણીતો નહી થયલો હતો, તે બધેબધ આશકારા થાઈ રહયો. પણ "એકસચેકર કોરટ" ના ફેસલાથી રાજાના હાથમા તેની રઈયતનાં સઘલા લોકની માલ મીલકત ઉપર ઘણો હક રહયો, તેથી હેમપડને વધારેવાર વેલાતમાં રેહેવાનું દુરસત વીચારીઉં નહી. તેણે પોતાના મામાના દીકરા આલીવર કરામવેલની સાથે અમેરીકા જવાનો ઠેરાવ કીધો. તેઓ અને બીજા ઘણાક મોટા લોકો વાહાણમાં હંકારી જવાની તઈયારીમા હતા, તેવામાં રાજાની તરફથી એવો હોકમ આયો કે બારાંમાંથી કોઈબી વાહાણ બાહેર જઈ શકે નહી.

એવામાં સકાટલંડમાં એક મોટો બલવો ઉઠીઓ, જે બેસાડી દેવાને પઈસાની ગરજ પડવાથી, ચારલસે સન ૧૬૪૦ મા એક બીજી આમની સભા મેલવી. આમા હેમપડન બકીંગામ શાયર તરફથી બેઠો. ઘણેક વરસે મલેલી આ સભાએ રાજાને પુછી કરીને દેશમાના સઘલા બખેડાઓનો અંત લાવવાનો પકો ઠરાવ કરીઓ હતો. રાજાએ પઈસા માગીઆ, પણ તેની અગાઉ સભાએ દેશમાના તરેહવાર રીતના જુલમનો નીવેડો લાવવા તેને કહયું; આ ઉપરથી રાજા ઘણો રીશે ભરાયો અને એક વખત વલી પાછી સભા વીખરી નાખી. આમા હેમપડને ઘણો મોટો ભાગ લીધો હતો. સકાટલંડમા ફરીથી ઘણા જોરથી બખે

ડો નીકલીઓ; ચારલસ તાંહાં એક લશકર લઈ ગયો, પણ તદન હાર ખાઈ આવીઓ. તેની હાલત દયા ધરવા જોગ થઈ પડી. અંતે, તેણે સકાટલાંડના લોકો સાથે થોડો કવાર સલાહ કીધી; અને સન ૧૬૪૦ ની ૩ જી નવેમબરે પોતાના રાજની છેલી આમની સભા ભેગી કરી, જે સભાની યાદદાસત માતર આખી વેલાતની તવારીખની સાથેજ લોકોના મનમાથી ભુલી જવાસે. આ સભામા હેમપડત, વેનહોવર અને બકીંગામ શાયર એ બને તરફથી બેઠો. આ વખતે લોકોનો સઉથી પયારો અને આખી સભાનો પેહેલો આગેવાન એ હતો. આગલી સભાથી તદન ઉલટી જ રીતે; આ સભા ઘણી ગુસામાં આવી હતી, અને સઘલા જુલમોનો નીકાલ કાહાડવાને પકી રીતે ઠરાવ કીધો હતો. ચારલસના ઘણોક ખરાબ મલતીઆઓ અને બીજાઓની આ સભામાં તપાસ ચાલી અને તેઓને સકત શીક્ષા કરવામા આવી. લાડ નામના એક પાદરીને કેદ કીધો. અરલ આવ સટરાફરડ, જે પેહેલે રાજાની સામેની ટોલકીમા હતો, પણ પાછલથી ખેતાબ અને દોલતની લાલચમા ચારલસની તરફેણમા જઈ તેને ઘણીક તરાંહનો જુલમ ચલાવાની સલાહ આપી હતી, તેને ગરદન મારીઓ. ફીંનચ હાલંડ તરફ નાહાસી ગયો. કેટલાક સખશોને રાજાએ અમસથા કેદ કીધા હતા, તેઓને પાછા ઘણા ભપકાથી લંડન શેહેરમા લાવી છુટા કીધા. "સટાર ચેમબર", "હાઈ કમીશન કોરટ", અને "કાંઉસીલ આવ યોરક" નામનાં તરણ ખાતાંઓ, જેઓની મદદથી રાજા ઘણોક જુલમ કરી શકતો હતો, તેઓને બંધ પાડીઆં, અને એવો ઠેરાવ થયો કે તે વખતે મલેલી સભાને તેની પોતાની મરજી વગર બરખાસત કરાઈ શકાય નહી, અને ૩ વરસમા થોડામાં થોડી એક વખત પણ આમની સભા મલવી જોઈએ. "લોંગ પારલામેંટ" કરીને જે વખણાયલી સભા થઈ ગઈ તે એ હતી.

કેટલાક સમજુ માણસોએ વીચાર કીધો કે જેટલું રાજાની સાને, અને રઈયતને વાસતે કરવું જોઈએ, તેટલું બલકે તેથીબી વધારે થયું હતું. અને રાજાની ઘણી તરફ માળી નહી તેમ ઘણી વીરૂધબી નહી, એવી એક ટોલકી એઓએ સથાપી. રાજાની વીરૂધ વાલાઓએ એક મોટુ ધમકી પતર રાજા ઉપર મોકલવાને ઘડીયું. તેમાં ગયાં ૧૫ વરસની તેની જુલમગાર રાજનીતીનું લંબાણથી બયાન કીધું હતું; અને એવી અરજ કીધી હતી કે લોકોને અણગમતા પરધાનોની રાજાએ સલાહ લેવી નહી. પણ આ નવી સથાપેલી ટોલકી ઘણાજ જોસથી આ પતરની સામે થઈ. એટલીતો ગુસાથી તકરાર ચાલવા લાગી કે સભાસદો સામાસામી માતર મોઢાની નહી, હાથની નહી, પણ હથીઆરની મારામારીપર આવવાની તઈયારીમાં હતા, પણ તેવામાં હેમપડને ઉઠી એક ઘણુજ નરમાસ ભરેલું ભાસાણ કીધું, જેથી સભાસદો જરા ધીમા પડીઆ. માતર ૯ વધારે મત પડવાથી આ ધમકી પતર રાજાની ઉપર મોકલવાનો ઠેડાવ પસાર થયો.

પોતાની ઘણીજ બારીક હાલતમાંથી રાજાને છુટી જવાની આ ઘણીજ સરસ તક હતી. કોઈક વખત સુધી પેહેલાં તેણે એવું દેખડાવીઉં કે જાણે પોતાની હાલત સુધારવાને એ તકનો લાભ લેવાને તે ખંતી હોય; પણ ઘણાજ થોડા વખતમાં, આ સારા રસતા ઉપરથી પોતાની આગલી હાલતમાં પડવાનો તેના ખરાબ મગજમાં વીચાર આવીયો. કંઈબી આગમચથી જણાવીઆ વગર સન ૧૬૪૨ ની ૩ જી જાનેવારીએ લારડ કીમબોલટન, હેમપડન, પીમ, વતરોગે બીજા ૩ આમના સભાસદોની ઉપર રાજ તરફ દગાનો અપરાધ મુકી તેઓને પકડવાને રાજાએ પોતાના વકીલને મોકલીઓ. કોઈબી કામ; જે એકદમ આટલી બેવકુફી, આટલી બેહાઈ, અને એક છુટા લોકોના પઈસાથી પયારા હકનુ આટલું બેદરકારપણુ દેખડાવે, તેવાં એક કામને વાસતે ઈંગલંડની આખી તવારીખ સોધવી ફોકટછે. લેડી કારલાઈલ આ વીશેની ખબર આગલથી લઈ ગયાથી હેમપડન અને તેના સાથીઓને એક ઘરમાં ભરાઈ બેશવાને વખત મલીઓ હતો. અંતે સભામાં ચારલસ પોતે એક હથીઆરબંધ લસકર સાથે આવીઓ, પણ પેલા ગુનેહગાર સભાસદો તાહાં નહી માલમ પડીઆ એઠલા વાસતે ગુસામાં આવીને પુછપરછ કીધી. સભાસદોમાથી કોઈએ ખબર આપી નહી, પણ પછી રાજાએ હોકમ કીધો કે ગુનેહગારોને કોઈ પોતાના ઘરમાં સંતાડે નહી, અને હોકમ મલીઆ વીના કોઈ વાહાણ બારામાંથી હંકારી જાય નહી.

રાજાના જુલમથી લોકો હવે છેક કંટાલી ગયાં હતાં અને તેઓએ હેમપડન અને તેના સાથીઓ તરફથી જાહેરમાં મોહોટો ફીસાદ કરવા માડીયો. તેઓ જુદી જુદી ટોલકીમાં વેંહેંચાઇ લડવા તઈયાર થયા, અને પોતાની માલ મીલકત સરવે પોતાની તરફથી પારલામેંટમાં બેસનારા સભાસદોને હવાલે કરી દીધી. રાજાની દરકાર કરીયા વગર તેઓ તેને તુછકારવા લાગા. આ સઘલા બખેડાની હાલતમાં આવી પડેલા મામલાનો નીકાલ કાહાડવા સારૂં, આમની સભાએ એક તપાસ કરનારી કમીટી ઠેડવી. હેમપડન અને તેના સાથીઓના બચાવને માટે તેઓને બાડી ગારડા આપીયા, અને જાંહાંસુધી તેઓનો અપરાધ સાબેત નહી થાય તાંહાંસુધી, તેઓને આમના સભાસદો તરીકે પુરતું આદરમાન આપવાને હુકમ કરવામાં આવીયો.

ઉપર જણાવયા પરમાણે જે વચલો મારગ ધરનારી ટોલકી થોડી ઘણી રાજાની તરફેણમાં નીકલી હતી, તે રાજાની આ બેવકુફ ચાલને લીધે ઘણી શરમાવા લાગી. રાજાના એ કામનો કોઈ બચાવ કરી શકીયું નહીં, અને બચાવ કરવાની હીમત પણ કીધી નહી. આ વખતે રાજાની સામેવાલી ટોલકી ઘણીજ મજબુત થઈ પડી, અને તેઓએ હામપડન અને તેના સાથીઓને તેઓની બેઠક પાછી લેવાને તેરીઆ; એવો ઠેડાવ કીધો કે જાનેવારી મહીનાની ૧૧ મી તારીખે તેઓને ઘણીજ ધામધુમ અને ભપકા સાથે, અને બધાં લોકોના દેખતાં જાહેરાતમાં; પારલામેંટના ઘરના દરવાજામાં આદરમાનથી દાખલ કરવા.

નીચ આદમીઓ પણ રાજાને તુછકારવાને હીમત કરતાં; તે ઘણોજ નીચો પડી ગયો હતો, અને જે સખશોનો નાસ કરવા જતાં પોતાનો નાસ પોતા ઉપર ખેંચી લીધો હતો, તે સખશોને જે દાહાડે પાછા પોતાના અસલના

આમરૂવાલા હોધા ઉપર લાવનાર હતા, તેની એક રાત અ ગાઉ ચારલસ રાજા પોતાના મેહેલમાંથી નાહાઠો.

અને તા૦ ૧૧ મી જાનેવારીએ આખાં દેશમાં ભારી ધુમ મચી રહી. ઘણાજ આદરમાન સાથે, અને લોકોની બેહદ ખુશાલીના જાહેર પોકાર વચ્ચે, હામપડન અને તેના સાથીઓને પારલામેંટના ઘરમાં પાછા લીધા. લોકોની ખુશાલીનો પાર નહી હતો, અને આખાં લનડનના લોકોની ભારે ઠઠ આ દેખાવ જોવાને મલી હતી. આ સઘલી જાહેર હીમતને માટે, જેવા પારલામેંટના ઘરના ઉંબર ઉપર પેલા પાંચ સખશોએ પગ મુકયા, તેવાજ તેઓએ સઘલાં લોકોનો જાહેર રીતે ઉપકાર માનયો.

હવે એવું બનયું કે લોકોની તરફદારી કરનારી ટોલકી મા કોઈબી બાદશાહી ખાનદાન વાલો સખશ મુતલગ ભાગ લેતો નહીં હતો, અને એટલા માટે ચારલસ રાજાને તખત ઉપરથી ઉઠાડી મેલવાનું નહી બને એવું થયું. ગમે તેમ હોય તોપણ ચારલસજ રાજો રેહેનાર હતો—ખરેખર રાજા જાખલ નહીં, પણ માતર નામથીજ. આમની સભાએ એવો ઠેઠાવ કીધો કે દેશના લશકર ઉપરથી રાજાનો હક છીનવી લઈ પોતાનો હક રાખવો. આ દરખાસત રાજાએ કબુલ રાખી નહીં; અને હવે રાજાની અને લોકોની વચે નકી લડાઈ ઉઠે એવું થયું.

જોકે ઘણા લોકો રાજાની સામે હતાં, તોપણ રાજાની તરફથી લડવાને માટે લોકોની સંખયા ઘણી થોડી નહીં હતી. પારલામેંટની તરફથી એક મોટુ લશકર ઉભું થયું, અને તેઓના સરદાર તરીકે એસેકસ નામના એક ઉમરાવને નેમીયો. આ સઘલો વખત હેમપડન નકામો બેઠો નહીં, પણ પોતે કરનલનો ઓધો લેઈ પોતાના હાથ નીચે બકીંગામ શાયરમાથી એક લશકરી ટુકડી એકઠી કીધી. સલાહના વખતમાં બકીંગામ શાયરનો નામવર શબાશદ જેવો અતીઘણો નરમાસ ભરેલો અને ડાહાપણ વાલો આમની સભામાં દેખાતો તેવોજ હીમત વાલો અને તેવોજ ગતીલો લડાઈના મેદાનમાં બાહાદુર કરનલ હામપડન માલમ પડીયો. એની લશકરી કવાયદ અને ચંચલાઈ એવીતો સરસ હતી કે એના હાથ નીચેનું લશકર આમની સભાને ઘણુંજ કામનું થઈ પડયું. કોઈ દાહાડે પણ તેને લશકરી તાલીમ નહી મલી હતી તે છતાં, પોતાની સાથનાં ઘણાક સરદારો કરતાં તે વધારે સારી રીતે લડીયો.

પોતાની ઉપરના સરદારની બેસમજને લીધે, જે ધાસતી એને લાગતી હતી, તેજ અંતે એને નડી. રાજાની તરફનું લશકર એના લશકરને ચાલગરવ નામના મેદાનમાં અંચીતું મલીયું, અને હામપડન પોતે ઘણી બાહાદુરીથી તેઓની સામે સઉથી આગલ લડવા ગયો, તેવામા તેને ખાંધની અંદર બે ગોલી લાગાથી જખમી થયો. આ જખમો અંતે તેને નાશકારક થઈ પડયા.

જે લડાઇમા એ જખમી થયો, તે લડાઈ, પોતાની મોહોરદાર બાપડી ઈલીસાબેથ સીમીયનને તેણીના બાપનાં જે મોહોટાં મકાનમાથી પોતાને તાંહાં પા સદીની વાત ઉપર લાયો હતો, તેજ ઘરની નજદીકમા થઈ હતી. હવે એ કદમ નબલી હાલતમાં, પોતાના ઘોડાને તે ઘર તરફ ફેરવયો; પણ તે બાજુએ દુશમનો હતા. તબીબોની બેહદ મેહેનત અને બરદાસત છતાં, એના જખમોથી એ બચીયો નહીં.

મોહોતના બીછાના ઉપર પડેલો, પોતાના દેશના લાભને કીજે, હામપડને કેટલાંક કાગલો લખયાં અને મરતી વખતે તે બોલીયો કે "પેગંબર ઇસસ, માહારો જીવ લે, માહારાં દેશને બચાવ, ઓ ખોદા, તું મેહેરબાન થા—" અને પોતાના છેલા બોલો પુરા કરવા તે પામીયો નહીં. એનું મોહોત એની ટોલકીનું મોહોત સાથે લાવયું. પોતાના મરહુમ કરનલના મુરદાને દરેક પરકારનું માન આપવામાં લશકર અથવા આખી પરજા પછાત ન હતી.

આ પરમાણે ઈંગલંડનો સઉથી મોહોટાં માહેલો એક માણસ, સઉથી ખરા દેશાભીમાનીઓમાનો એક, આ દુનીઆથી કુચ કરી ગયો. આ પરમાણે, એક બોહોલી પરજાના ખરા હકોને બીનગરજે પા સદી સુધી અથાગ મેહેનત કરી જાલવનાર પુરૂશની રૂડી કારકીરદીનો કવખતે છેડો આવયો. આ પરમાણે વેલાતના લોકોના "બાપોનો બાપ" પોતાના દેશના, પોતાના દેશના છુટાપણાના, અને પોતાના દેશના ખરા હકોના બચાવમાં એક જેબ ભરેલાં મોહોતે પોંહાંચયો.

## સચાઈ—એક સપનો.

આખો દાહાડો મન ઇચ્છા તનને લગતી મેહેનતમાં કાહાડવા પછી દરએક શખસ સાંહાંજની થંડી લેહેકીમાં કાંઈક આસાએસ લેવા ધારેછે. દરએક જણ પોતાનાં કંટાલેલા અને ખાલી થએલા મગજને મનશકતીથી પાછું તાજું કરવાને અને પોતાના સરીરને પાછું નવું અંગબલ આપવાને માટે ખોલી હવા, દરીઆવ કીનારો, ખુસનુમાં બાગ બગીચા, કોઈ ઉંચી જગીઆ ઇચ્છા કોઇ નીચી વીલોતરી વાલી અને રલીઆંમણી ખીન સેવેછે. એ ઉપરાંત આખા દીવસની મેહેનત સાથ કોઈ અભાગીઆ શખસ ઉપર ઘેર સંસારનાં ઇચ્છા દુનીઆદારીનાં નહી સોસાઇ શકાએ હેવાં દુખોનો બોજો જો આવી પડેછ તો ખચીત તે સખસ વસતીવાલી દરએક જગો છોડી પોતાના કુટુંબ અને દોસતોનો ઈનકાર કરી કોઇ એકાંત જગીઆને પોતાનો સાથી કરેછે, કે તે સુપકીદી જગા ઉપર જાઈ પોતાના મનનું વેરાવણ કરે, ઇચ્છાતો બાગેબુલંદ પુકારી પોતાનાં દુખની ફરીઆદ માહે અને પોતાનુ દુખથી ભરીઉ હઇડું ખાલી કરી દીલાસો પામે.

એક દીવશ સારો દાહાડો કામ કરતાં હું વધારે થાકો હતો; માહારૂ સરીર તદન સુસત થઈઉં હતું અને આખો દીવશ ગરમી વધારે પડવાથી જીવ ગભરાતો હતો. એવું જોઇ તે દાહાડે સાંહાંજને વખતે કોઈ ખોલી હવામાં ફરી ઘેર નવું હેવો વીચાર મે કીધો. રસતામાં ચાલતાં બે માણસોને ભારી ગુસાથી એક બીજા સાથ કડણ સબદોમાં મરાતા મેં દીઠા અને તેમાનો એક સખસ બીજાને જુઠુ બોલવા વીષે ભારી ઠપકો આપતો હતો. મેં આ

ગલ ઘણી વખત વગર કારણે જુઠું બોલવાને અખતીઆર કીધું હતું અને તે દાહાડે વલી પાચ દસ વખત વધારે જુઠું બોલાવાથી માહારા મન ઉપર પેલા સખસનાં બોલવાની તરત અશર થાઇ. માહારા મગજમાં ગંભીર વીચારો તરત પેવશ થયા, અને હું માહારી ધાક ઇઆ કંટાલો લુલી ગીઓ, અને જુઠું બોલેલું કેવી રીતે માહારા મગજમાંથી કાહાડી આસાએસ લેઉં હેવા વીચારથી ભારી ખેદ થવા લાગો. આટલા દાહાડા ખોદાની બંદગી કરી ઇઆનેક અને નીતીનાં કલાંમો ઓચરવાને બદલે સાસું જુઠાથી માહારૂ મોહો દુરગંધ કરી નાખીઉં હતું તેહને કેમ સાફ કરવું એ મહને સુજે નહી. જરા વાર ઉભો રહી વીચાર કરતાં હેવો વીચાર આવીઓ કે જો ઘેર જવશતો કુટુંબ કબીલા તથા દોસતો સાથ ભેલાઇ સરવે ભુલી જવશ અને વલી પાછો કાલે પણ હેવાજ કામો કરવા તઇઆર થવશ. વાસતે ઘેરતો નહી જવું એવો ચોકસ ઠેરાવ કીધો અને ધારીઉં કે કોઇ એકાંત જગો શોહોધી કાહાડી એકદમ પુરતો પસતાવો કરૂ કે ફરીથી એવા ફાંદામાં નહી ફસું, ઇઆતો તે ચુપકીદી જગામાં મોહોટે અવાજે પુકારી તે 'કરીમે કારસાજની જનાબમાં હેવી અરજ ગુજારૂ કે એ પાપી અને બુરી આદત માહારામાંથી તો શું પણ તમામ ખલકતમાંથી નાબુદ કરે. ઇઆતો જીવતાં જીવત સરવે આદમ જાતને જુઠાની સજા થાએ કે ફરીથી હેવી ચાલ ચલાવા હીમત કરે નહી.

હેવા મકમ ઠેરાવ સાથ દરીઆવ કીનારા તરફ હું ચાલીઓ અને તાંહાં એક ઠેકાણે ઉભો રહી જાંહાંસુધી નજર પોહોંચે તાંહાંસુધી એનીમેર ઇઆ પેલીમેર જોઉછતો કોઇબી આદમજાત મહને દીસીઉં નહી. આએ વખતે સાંહાંજ પડેલી હતી તેથી દરએક ઠેકાણે જરા જરા અંધકાર થવા માડીઉં હતું. સુરજ જોકે પોતાના મેહેલમાં રવાનાં તરતનોજ થયો હતો તોબી તેહની પીઠનો ઝાંહાંખો ચલકાટ આસમાન ઉપર પંથરાઇ રહીઓ હતો. એક તરફથી માહાખોખતારે પોતાની રૂપેરી અને થંડી ચસમોએ એક સીહા વાદલમાંથી ડોકીઆં કરી જોવા માડીઉં હતું, કે જરાવારમાં બાહાર આઉછ અને માહારા તખત ઉપર બેસી આખી જીહાનને તુરમંદ કરી નાખું. વલી બીજી તરફથી ગંજાવન માહાસાગર પોતાના પુર તેજથી ભરારા મારતો હતો, અને પોતાના તોફાની મોજા એટલાતો ઉંચે ફેંકતો કે જાણે માહાતાબને બાહાર આવતાં અટકાવવાનો ઇરાદો રાખતો હોય.

જરા વારમાં સરવે ઠેકાણે માહાતાબની રોસનીથી રૂપેરી ચાદર પંથરાઇ રહી. એ દીલપસંદ ચાદર ઉપર હું એકદમ બેશી ગીઓ અને પલ વારમાં મીઠી નીંદરા દેવીને આધીન થયો. આએ ખુસ ખુસાલ પણ બેફાંમ દેવીની પુજા કરતાં ઇઆને ભર ઉંઘમાં પડી મેં એક અજબ જેવો ખોવાબ જોયો, તેની મતલબ કેહવાને હું હીમત કરૂંચ. એ ખોવાબથી મને અતીશે આનંદ થયો હતો અને તેહની અશર હજુર મારાં મગજમાંથી નાબુદ થાઇ નથી. માહારી આસપાસ ચોમેર નજર કરતાં મહને માલુમ પડીઉં કે એક બોલલું મેદાંન પંથરાઇ રહેલુંછે. તે મેદાંનમાં જુદે જુદે ઠેકાણે રંગબેરંગી ફુલોનાં ફીઆરા મચી રહેલાછે. સુરજ પુર તેજથી પોતાનાં કીરણો દરએક ઠેકાણે ફેંકતો હતો અને તેહનો ઉજાસ પેલાં ફુલો ઉપર પડવાથી પીલા રંગનાં ફુલોના ફીઆરા જાણે તમામ સુનાંથી ભરી નાંખીઆ હોય હેવો દીસતો હતો. લાલ ફુલોને ઠેકાણે બેકીમતી લાલ દીશતાં હતાં. આશમાની ફુલોની જગાએ કીમતી હીરા બીરાજીઆ હતા, અને દરએક ઠેકાણે લીલાં લેહેર થાઇ રહીઉં હતું. એવા મનપસંદ દેખાવ સાથ કોઇ સુગંધી ફુલની તેજ લપત માહારાં નાખને ફારી દાખલ થાતી હતી અને તેથી ખુસ મીજાજમાં આવી હું નજર ફેરવીને જોઉંછતો એક લીમરાનું જાહાડ મહને દીસીઉં. સરવે ઠેકાણે સુરજથી ઉજાસ થાઇ રહીઓ પણ તેજ ઠેકાણે જાહાડનાં પાતરાં છાંઓ કરી મહને તેહની નીચે આવી બેસવાને લલચાવતાં હતાં. હું તરત દોડીને તે ખુસ છાંયા તલે જાઇ બેઠો અને આસપાસનો ચકચકીત દેખાવ જોવામાં ચકચુર થયો. હેવામાં એકાએક સુરજ વાદલામાં છુપાઇ બેઠો. ઉતર તરફથી ભારે પવન જોસમાં ફુકવા લાગો અને સરવે ઠેકાણે અંધકાર મચી રહીઉં. તેજ વીજલી એકપછી એક જહડપમાં પડવા લાગી અને જાણે આસમાંન હમણાં તુટી પડશે હેવા તરાકા થવાથી થોડો વખત સુધીતો હું બપલીત થાઇ બેસુધની માફક પડી રહીઓ. પણ તેવામાં એક ભારી વીજલી પડવાથી માહારી નજર આગલનો થોડો ભાગ ઉજાસથી જ ઝકી રહીઓ તેવોન હું જહડપથી ફાર ખાઇ ઉઠીઓ અને માહારા બચાવને માટે જાહાડ ઉપર ચહડી ડાલીઓમાં છુપો થાઇ બેઠો. થોડા વખત પછી વીજલી ગુમ થઇ ગઇ, ગગરાટ બંધ પડીઓ, પવન ફુકતો નરમ પડીઓ અને આસમાનનાં એક ભાગ તરફથી એટલું બધું અજવાલું દીસીઉં કે જાણે આસમાન ઉપર મોહોટી આગ લાગીછે અને સરવે બલી જાયછે. એ અજવાલાના જોરથી સીહારાત કે જેણે તે મેદાનમાં વાસો કીધો હતો તે ઉઠી નાહાડી, અને સરવે ઠેકાણે રોસન દીસ થઇ રહીઓ. પેલું અજવાલું શું હશે, શું કાંઇ ખોદાઇ તલેસમાતછે, શું કોઇ આસમાની મોજીજો બનેછ ઇઆ શું આફતાબ કાંઇ નવા આકારમાં પરકાશેછ, એવું જોવા હું માહારી આંખો તીરની મીસાલે તે તરફ રાખી બેઠો. પણ અરે મેં કેહેવો ચમતકારીક દેખાવ જોયો. એક સોનેરી દેહેરૂં આસતે આસતે તે તરફથી ઉતરી પેલા મેદાંનમાં એક જગા ઉપર થંભ ઉભું. હા ! એ દેહેરાંની શું તારીફ કરૂં !.કાંઇક લખો જાતજાતના રંગબેરંગી હીરા અને પરચુરણ જવેહેરાતનો જડાવ તે ઉપર જડેલો હતો કે જે જોવાથી મહને ચકરી આવવા લાગી. શું શું જોઉં અને શું શું ઇઆદ રાખું તે મહને સુજીઉં નહી. તે એટલુંતો તારીફ ઉપરાંત હતું કે કદી માહારીથી તેહનું બીઆન આબેહુબ ચીતારમાં થાઇ શકશે નહી. વલી એક બીજો ચમતકાર એ જોયો કે એક આકાસી ફરેસતો તમામ સફેદ પોસાકમાં પેલાં દેહેડાંમાંથી બાહાર નીકલીઓ. એ ફરેસતાના હાથમાં એક સોનેરી ઘંટ હતો તે એટલાતો જોસથી વજાડવા લાગો કે આખું મેંદાન ગાજી રહીઉં. માહારા કાન તે સાહાથ થાંભલી નહી શકીઆ. મેં તરત મારી આંખ બંધ કીધી. પેલો અવાજ એકદમ બંધ થાઇ ગીઓ અને પાછી આંખ ઉઘાડી જોઉંછતો તે આખું મેદાંન માણસોનાં ટોલેટોલાંથી ભરાએ

લું, દીસીઉં. વલી કેટલાંક ચોતરફથી ભારી ઉતાવળમાં દો
ડતાં આવતાં મહને દીસીઆં. આએ ટોલાંમાં શું બુઢા
કે શું જુવાન, શું મરદ કે ઓરત, શું બાલક કે બધાં શર
વે એકમેક સાથ વગર કાએદે ભેરાઇ ગયલાં હતાં અને એ
ક મોહોટો ગભરાટ થાઈ રહયો હતો.

આએ ભારી કલાત અને ગભરાટને નરમ પાડવાને
મારે પેલા ફરેશતાએ પોતાના હાથમાં ધડેલી એક અકીકની
લાકડી ઉંચી કીધી. જે જોતાંવારમાં બધા મરદો એક
બાજુએ તથા બધી ઓરતો એક બાજુએ અને બધાં બાળ
કો એક બાજુએ એ પરમાંણે સરવે છુટાં છુટાં જાઇ ઉભાં.
એનું કારણ શું હશે તે હું શમજી શકીઓ નહી. થોડા
વારમાં એક તરીજો અને શરવેથી સરસ દેખાવ મેં દીઠો.
એકાએક એક ખોદાઈ વજનતર વાગવા લાગું અને તે બં
ધ પડતાંવાર પેલાં દેહેરાંમાંથી એક અપાર ખુબસુરત પરી
જાદ બાહાર આવી. તેણીનાં માથાં ઉપર હીરાનાં જડાવ
નું એક તાજ હતું, અને તે ઉપર એક સોનેરી તખતી હ
તી કે જેપર **સચાઈ** એવા મોહોટા અખશરો કોતરેલા હ
તા. અરેરે આએ આકાસી રંભાને જોઈ માહારા હોશ
કોશ ઉડી ગીઆ. સચાઈનું નામ આંખેઆંખ જોઈ મા
હારૂં સેકડોબંદ જુઠું તરત મહને ઈઆદ આવીઉં. હું ધુ
જવા લાગો કે રખેને આટલાં બધાં લોકોમાં માહારી બેઆ
બરૂ થાએ. ખચીત આએ વખતે માહારો પરાણ માહારા
સરીરમાં નહી હતો. પેલી પરીજાદે એક આરસી બાહાર
કાહાડી અને તે પેહેલાં સરવે મરદોની સામે ધરી. તે આ
રસીનો તેજ ચલકાટ આંખોને એટલોતો દીપાવતો કે કોઇ
બી મરદ તેની સાંમે નજર કરી જોવાને હીમત કરતો નહી
હતો. પેલા હજારો મરદોમાં કોઈજ હીમતથી ઉભો રેહે
તો હતો. બીજા બધા સર નમાવી ગુનેગારની માફક ઉ
ભા હતા. હાવી હાલતમાંબી તેઓ વધારેવાર ઉભા રહી
શકીઆ નહીં, કાંએકે તેઓના ગુનાની સજા તરતજ થ
નાર હતી. ધાસતીથી અને પેલી આરસીનાં ચમકાટથી
તેઓ ગોપા આંધલા થયા હતા તેથી પીઠ ફેરવી જીવ લઈને
નાહાસવા લાગા. નાહાસતાં નાહાસતાં એટલો બધો ગભ
રાટ ઉઠી રહીઓ કે તેઓ એક બીજા ઉપર ઠોકર ખાઈ પડ
વા લાગા. તેમાં કોઈ કોઇનોતો કમરગાહાન નીકલી જ
તો હતો.

આવો દેખાવ જોઇ પેલી ખુબસુરત પરીજાદ બેઅખ
તીઆર હંસતી, અને જરા વારમાં પોતાનો હસતો ચેહે
રો બદલી નાંખી ગુસા ભરી દીશતી હતી. જરા વખત ઉ
ભી રહી. પેલી ઓરતો તરફ તેણીએ પોતાની આરસીનો
ઝહમકાર ફેંકીઓ. આએ વખતે તેઓમાં મરદોના જેટ
લો ગભરાટ હતો નહી. કેટલીક ઓરતો પોતાનાં ખુબસુર
ત અને નીરદોસ ચેહેરાથી પેલી આરસી તરફ તીકી તીકી
ને જોતી હતી, જે જોઇ તે પરીજાદ ઘણીજ ખુસ દીસતી
હતી, અને પેલી નાહાસતી ઓરતો તરફ ધીકારથી જો
તી હતી. અંતે પેલી આકાસી રંભાએ નાહાના બચાં
તરફ પોતાની આરસી ધરી; પણ એ વખતનો દેખાવ કોઇ
જુદીજ તહરાંનો બની રહીઓ. તેઓ સઘલાં હસતાં હસ
તાં પેલી આરસી તરફ હોસ ભરીઆં દોડતાં કે હવડાં જા
ઇને તે આરસી આપણાં-હાથમાં લઈએ. કોઈ હસતું, કો
ઈ રડતું કે પેલી આરસી તેહુના હાથમાં આવે અને તે સાં
થ તે રમત કરે. આટલાં બધાં બચાંઓમાંથી કોઈજ પાછું
ફરતું કે જેની ઉમર બીજાં કરતાં જરા વધારે દીસતી હતી.
હાવો નીરદોસ દેખાવ જોઇ પેલી પરીજાદ ઘણીજ ખુસી
થાઇ અને કોઈ કોઇ ઘણાંજ ખુબસુરત બાળકને રમાડવા
લાગી. પણ જરા વારમાં પોતાનું મોહો કુમલાવી દઈને
બોલી કે નીરદોસ, અને બેસમજ કુવલાં બાલકો જેમ જેમ
મોહોટાં થશો તેમ તેમ તમો પણ આએ માણસોની મીસા
લ માહારા કરડા દુસમન જુઠાનાં તમો ભોગ થાઈ પડશો.
માટે તમારી ઉપર મહને ઘણી દયા આવેછે.

તારપછી જે મરદો તથા ઓરતો જેઓ આરસીની
સાંમે જોઈ શકતા હતા, અને ચુપ ઉભા હતા તેઓ આ
ગલ પેલી પરી જાઈ લાગી, અને સરવેને સાબાસી આપ
વા લાગી, અને દરએકને ઇનામો બખશીઆં અને બોલી
કે આટલાં બધાં લોકોમાં તમોજ એકલાં માહારા સવામીઓ
છેઓ. તમો દીલોજાંનથી મહને પુજોછ અને માહારી ફ
રમાબરદારી કરોછ, તેટલા માટે ગમે હેતું કીમતી ઇનામ ત
મોને મલેતો તે થોડુંછે. ખોદાવંદતાલા તમારા કામકાજો
થી ખુસ થયોછે અને તેણે તમારી ઉપર પરસન થાઇ મહ
ને આએ ઇનાંમો સાથે હઈઆં મોકલીછ કે જેને માટે ત
મો લોકોના અકારા થાઇ પડોછ. જે ગેબી પરીજાદને તમો
પુંજોછ તે પોતાના ખરા આકારમાં તમારી સામી ઉભી રે
હેતો તેહની સદાકાલ ઇઆદમાં તમો તમારૂં નેક કાંમ બ
જાવીઆ કરો.

એમ બોલી તે પાછી ફરી અને તરત પેલા ફરેસતા
એ પાછો પેલો ઘાંટ વજાડીઓ કે જેથી સરવે દોડતાં અ
ને જુઠામાં ફસેલાં લોકો ઉભાં રહી ગીઆં, જેઓની હજુર
બાગેબુલંદ અવાજે પોકારી તે ફરેસતો બોલીઓ કે તમો
જુઠાઓનું મોહો જોવાને આએ પરીજાદ ખુસી નથી. જો
હજુરબી તમો તમારા પાપનો પસતાવો કરશોતો એ નાજ
ની તમારો ગુનાહ માફ કરશે અને ખુસીથી પોતાની મેહેરબાં
નગી ભરેલી ચસમ તમારી ઉપર ફેંકશે, વાસતે જાવો આ
ટલી સીખશાથી સાહાવચેતીમાં રેહેજો અને હવે બાકીના દા
હાડા સાચો મારગ સોહોધવામાં ગુજારજો. એ શીવાએ
બીજી ઘણીક નસીઅત કઈને તેણે પોતાની પીઠ ફેરવી. પે
લી પરીજાદ પાછી દેહેરામાં દાખલ થાઈ. પાછી વીજલી સ
હરૂ થાઈ અને ગગરાટનાં વાજતાં ગાજતાં અવાજમાં પેલું
દેહરૂં પાછું ગુમ થાઈ ગીઉં. તે જોવામાં હું એટલો થ
કચુર થયો હતો કે આંચકો ખાવાથી પેલાં ઝાહાડ ઉપરથી
નીચે તુટી પડીઓ, અને પડીઓ પડીઓ હેવી બુમ
મારતો હું જાગી ઉઠીઓ તો જોઉશું કે નહી પેલું ઝાહાડ
કે નહી ખુસનુમાં મેદાન. પણ દરીઆવ કીનારે બેઠેલો
છેઉં, સહુવારનું પોહોર પહેલુંછે અને સુરજ તારતનોજ પો
તાની સોનેરી ગારીમાં સવાર થયેલોછે. હું જહડપથી ઉ
ઠીઓ અને માહારા ઘેર તરફનો રસતો લીધો અને તાહા
રપછી કોઈબી જુઠું બોલવાની મહને લાલચ થાએછે તા
રે પેલી પરીજાદ મહને ઇઆદ આવેછ અને હું બીહીકથી
જુઠાંનો ઇનકાર કરવાને તજવીજ કરૂછું.

## પાણીનો એક મોહોટો ધોત.

કનેડામાં નાયગરાના કીલલાની નજદીક અધા ર માઈલને તફાવતે એક મોહોટો પાંણીનો જરોછે કે જે તેહના જોસથી પડતા ધોતને માટે આંખી દુનીઆમાં જાંણીતોછે અને એ ધોત નાયેગરાના ધોતને નામે આળખાયછે. એ ગંજાવર ધોત તેના કાન ફાડી નાખતા પોકારથી, તથા તેહના જોસ ભરેલાં વેહવાથી એટલી ભય પેદા કરેછે કે દરએક માણસ તેહને એક રાખસ સમજી ઘણેક તફાવતે ઊભો રહી તેહની તરફ નજર કરવાની હીમત ચલાવેછે. એ ધોતને તલીએથી એક નદી વેહછે, અને જે ખડક ઊપરથી ઊપલું જહાબંધ પાંણી નીચે પડેછે તે ખડકનો આકાર દુરથી ઘોડાની એક નાળના જેવો લાગેછે. એ પાંણી પેહલાંતો ઘણીજ ધીમી ચાલે વેહછે. પણ આસતે આસતે એટલા જોરથી વેહછે અને હેવી જહડપથી નીચે પડેછે કે જાંણે આસમાન તુટી પડતું હોય હેવા અવાજો નીકલેછે. પણ એ ધોતનો દેખાવ જે પરમાણે ભયભીતછે તેજ પરમાંણે રલીઆમનોખી બાજે વખતે થાઈ પડેછે. દુરથી જોતાં જાંણે રૂપેરી લાથાને લાથા ગગરી પડતા હોય હેવું દીશેછે અને વલી બાજે વખતે પાંણી ઊંચે ફુવારાની મીસાલ ઊડેછે અને આસમાન સાથ વાત કરી આવેછે. એ પાણી બે તરણ બાજુએથી નીચે પડેછે અને કોઈ કોઈ તરફથી એટલા જોસથી વેહછે કે જાંણે એક ઘણોજ તીક્ષણ તીર ઘણીજ જહડપથી પસાર થતો હોય હેવું દીશેછે. જો કોઈબી શખસ દુરથી એ જરા તરફ નજર કરેછતો તેહને હેવું માલુમ પડેછ કે પાહાડની ઘણીક બાજુઓ સફેદ ચુનાથી રંગાએલીછે, પણ એ બધી બાજુનું પાણી સાથે મલી જઈ જે ઠેકાંણેથી નીચે પડેછે તે જગા ઊપર કેટલું પાણીછે તેહની કાંઈબી ગણતરી કાહાડી શકાતી નથી. એ ધોત જેટલી ઊંચાઈથી નીચે પડેછ તેટલી ઊંચાઈ ગણીત શાસતરની મદદથી તપાસતાં આસરે પચાસ વારની માલુંમ પડીછ, પણ એટલી ઊંચાઈથી પડવાનો એટલો અવાજ થાયછે કે નજદીક ચાલીસ માઈલ સુધી તે સંભળાએછે. એ ધોત કોઈ કોઈ વખતેતો હમેશાં કરતાં વધારે ગોંગાટ કરી મુકેછે અને તે ઊપરથી હેવો અટકલો કરવામાં આવેછે કે ભારી વરસાદ તથા વો વીજલું થશે. જે જગાએ ઊપલો ધોત નીચે પડેછે તે જગામાંથી દુરથી જોતાં જોતાં બેસુમાર ધુમારો નીકલી આસમાન સાથ જાઈ મલેછે જેથી અજાણીઆં લોકો હેવું ધારેછે કે આસપાસના જંગલમ આગ લાગીછ. આએ બાફ જે ધુમારા જેવો દુરથી દીસેછે તે વાદલાની માફક આસપાસ ઘણેક દુર પંકરાઈ જાયેછે અને તે જો કોઈ રાહોધારી ઊપર આવી પડેછેતો તહને એટલી ઠંડી લાગેછે કે થોડા વખતમાં તે અકરી જાયેછે. લોકો હેવું કેહછ કે ઘણાક પક્ષીઓ એ બાફના વાદલોમાં સપડાઈ જાયેછેતો ગુંગરાઈ તરત નીચે પાણીના ધોતમાં પડી મરી જાયછ. બીજા વલી ઘણા બરકાં હાંસ વગરેના પાણીમાં તરતાં પરાંણીઓ એ ધોતમાં નાહાવા ઊતરેછે અને પાણીના જોસ સાથે તેઓ ખેંચાએછ તેથી તેઓ ઘણી મોજ મારતાં માલુમ પડેછે પણ જારે તે પાણી પુર જોસમાં વેહછે તારે કાંઈક સેંકડો તરતા જનાવરો બીચારાં ઘસડાઈ મરણ પાંમેછે.

સપટેમબર અને અકટોબર મહીનામાં ઘણુકરી કાંઈક સંખીઆબંધ બરકાં તથા હાંસ કીનારે ઘસડાઈ આવેલાં માલુમ પડેછે અને તેઓ નાએગરાના કીલલામાં રેહેનારા સીપાઈઓને માટે સારો ખોરાક થાઈ પડેછે. વલી એ વતરોગે હરણ તથા સાબર તથા રીછના મુરદાં પણ તનાઈ આવેલાં માલુમ પડેછે.

કોઈ કોઈ વખતે કમનસીબ માણસો પણ એ રાખસી ધોતના ભોગ થાઈ પડેછે અને આએ નીચલો દાખલો આપણી ઊપર ઘણી અશર કરેછે.

એક વખતે એક કમતાલેનો તાંહાંના આસપાસના જંગલનો રેહેનારો કાલો માણસ પોતાના નાહાના મછવામાં છાકટપણાના બાહારમાં સુતો હતો. એ મછવો જે નદી થોડેક તફાવતે પેલા પડતા ધોતના પાણી સાથ મલી જાયછે તે ઊપર તરતો મુકેલો હતો, અને તે પાંણીના જોસથી ખેંચાઈ મહી જાયે તેટલા માટે તેહની સાથ એક દોરડું બાંધી તે દોરડું પોતાના હાથમાં પકડી તે છાકટા માણસની ઓરત કીનારે ચોકીને માટે બેઠી હતી. હેવું બનીઊં કે થોડેકવાર પછી એક વાહાણનો ખલાસી તેણીની આગલ આવી લાગો અને તેણી ઊપર બદફેલીની નજર દોડાવી જુલમ ગુજારવા લાગો.

આવી વખતે તે ઓરત ગભરાઈને પોતાના ધણીને ઊઠાડવા જતી હતી તેવામાં પેલા લુછા ખલાસીએ પેલીનાં હાથમાંનું દોરડું કાપી નાંખીઊં. એથી કરીને

પેલોં નાહાનો મછવો પાણીનાં જોસથી પેહેલાં આસતે આસતે તરવા લાગો, અને થોડીક મીનીટમાં જાંહાં પેલો ધોત ભારી જોસથી પડનો હનો તાંહાં આવી લાગો. પેલા બીચારા અભાગીઆ માણસ મોજાનાં ભારી અવાજથી જાગી ઊઠીઆ અને પોતાની હાવી ધાસતી ભરેલી હાલત જોઈ ઘણોજ ઘભરાયો, અને આ પણથી નહી જોવાઈ શકાએ હેવી રીતે ધાસતીથી પોતાની શીકલ બદલી નાંખી હલેસું પકડવા લાગો. પણ તરત તેહેને માલુંમ પડીઊં કે હલેસાથી તે મછવો ઊભો રેહેતો નથી. એ ઊપરથી તેણે આવાં ભયંકર મોહોતને તાબે થવાને માટે પોતાની ધાબરી પોતાને આખે શરીરે વીતાલી મુંગો મુંગો મછવામાં સુતો. થોડાકવારમાં તે પેલા ધોતમાં દાખલ થયો અને તાહારપછી ફરીથી દેખાયોજ નહી.

એ ધોત જે જગા ઊપરથી પડેછે તાંહાં બરોબર વચો વચમાં એક નાહાનું ટાપું હમેશાં દીશતું હતું પણ તાંહાં જવાની અને તેહની તપાસ કરવાની કોઈ હીમત કરતું નહી હતું. સરવે લોકો કેહેતાં કે તાંહાં જવાનો કાંઈજ મારગ નથી. એક દાહાડો હેવો બનાવ બનીઓ કે બે ઈનડીઅનો નદીની વચમાં આવેલાં એક ટાપુ ઊપર સીકારગાહાને માટે ગીઆ. ખાનું ખાવા પછી દારૂમાં વધારે ચકચુર થવાથી પોતાનાં મછવામાં સુઈ ઊંગાઈ ગીઆ એટલામાં પાણીનાં જોરથી જે ટાપુ પેલા ધોતની વચમાં દેખાતું હતું તાંહાં તે મછવો જાઈ લાગો. પાણીનાં ઘોંગાતથી તેઓ બંને જણા જાગી ઊઠીઆ, અને તેઓએ વીચારીઊં કે આએ રાખસનાં પંજામાં ફસી પડીઆ તેથી જરી તેઓને મોતને આધીન થવું જોઈએ પણ ઘણીક મેહેનત કરવાથી સારાં નશીબે તેઓ પેલા ટાપુ ઊપર ઊતરવાને શકતીવાન થયા. પાણીમાં તણાઈ જતા બચીઆ એવું વીચારી પેહેલાં તો તેઓ ઘણાંજ ખુસી થવા લાગા પણ જાહારે ધીરજથી તેઓએ વીચાર કીધો તાહારે તેઓને માલુમ પડીઊં કે મરતેતો બેહતર કાંએક આએ જગાએ ભુખે મરવા શીવાએ બીજો કાંઈજ એલાજ નહી હનો. પણ ગરજની વખતે તહરેવાર ઊપાએ કરીઆ વગર ચાલતું નથી તેથી તેઓએ તે ટાપુ ઊપરથી કેટલાંક લાકડાં એકઠાં કીધાં અને એક ઝાહાડની લીલી પણ ચીકત છાલ ઊખેરી કાહાડી તેહનો એક દાદર બનાવીઓ. એ દાદરનો એક છેડો પેલાં ટાપુ ઊપર એક ઝાહાડ ઊગેલું હતું. તેહની સાથે મજબુત બાંધીઓ, અને બીજો છેડો નીચે વેહેતાં પાણીમાં નાંખી તેઓ બંને નીચે ઊતરીઆ અને પાણીમાં જોંકાવી દીધું કે તરીને પેલે પાર જાય. પણ પાંણીનો જોર હેવો હનો કે તેઓને પાછા લાવી જાહાંથી તેઓ ઊતરીઆ હના તાંહાં પાછા અથરાવયા. આવી રીતે ઘણીકવાર શેકટ તજવીજ કરવા પછી તેઓ નાચારે પાછા પેલા ટાપુ ઊપર ગીઆ, અને તે ઊપર જતાં કીનારા ઊપર બીજા ઈનડીઅનસોને જોયા. પેલા કીનારા ઊપરનાં માણસો પોતાનાં બે સાથીઓને હાવી ધાસતી ભરેલી હાલતમાં જોઈ ઘણાજ ગભરાયા. પણ તેઓને કાંઈબી રીતની મદદ આપવા તેઓ અશકત હતા. તરત તેઓએ દોડી જાઈને નાએગરાનાં કીલલાનાં સરદારને એ વીશે ખબર કીધી, અને તેણે તેઓને બચાવવાની નીચલી યુકતી કીધી.

તપાસ કરતાં માલુમ પડીઊં કે એક બાજુએથી તે ટાપુ ઊપર જવાને માટે પાણી ઘણાંજ થોડાં હતાં. પેલા સરદારે બે લામબી લાકડાંની કાઠીઓ બનાવી અને તેઓને છેડે લોહોડાંની અણીદાર મેખ જડી કે પાણીમાં લાકડી મુકતાં સરી નહી જાય પણ જમીનમાં મજબુત પેસારો કરે. એ યુકતીથી જરા ઊશકેરાઈ બે કાલા માણસોએ પોતાનાં દોસતોને જઈ મલવા અને બચાવવાની હીમત કીધી. ઘણીક મેહેનતે તેઓ તાંહાં જઈ લાગા અને પોતાનાં ભુખથી હધમુએલા થયલા દોસતોને છોડવી લાવીઆ.

દર રોજ જાહારે સુરજ પરકાશેછે તાહારે એ ધોતનાં પાંણીને તલીએ વરસાદની રંગીન કમાનનો સુંદર આકાર દીશેછે. જેમ પેલી ધુમારા જેવી વરાલ વધારે નીકલેછે તેમ તેમ એ કમાનનો રંગ અને ચલકાટ ઘણો દીપી નીકલેછે. જેવો એ બાફ પવનથી વીખરાઈ જાયેછે તેવીજ પેલી કમાન પણ નાબુદ થાયેછે અને ફરીથી પાછો દેખાવ દેછે.

## જે કોબી ખાય—તે ઘધેડું થાય.

કાઈએક શેહેરમાં એક પારસી રેહેતો હનો જે એક દીવસે જંગલમાંથી હાથમાં બંદુક લઈ ચાલયો જતો હતો. તેવામાં તેને એક ડોસી મલી જેણીએ કાકલુદી કરી ભીખશા માગી જે તે સખસે ખુશીથી આપી. ડો

સીએ ઊપકાર માણ્યો અને કહ્યું કે "બેટા તાહારો બદલો વાલવાને માહારી પાસે એક ઊપાયછે તેમ તું કરશેતો જનમનો શુખી થશે. હજી એક મંજલ આગલ જા અને એક મોટું ઝાડ તહને નજર પડશે. એ ઝાડની એક ડાલી ઊપર એક પખશીનું ટોલું પોત પોતામાં એક ડગલા વાસતે લડેછે. એ ટોલાંમાંના વચોવચના પખશીને આ બંદુકથી ટાંકી મારજે અને તે પખશી નીચે પડે એટલે તેનું કાલજું તું ખાઈ જજે. જાંહાંશુધી એ કાલજું તાહારા બદનમાં રેહેશે તાંહાંશુધી દર સહવારે ઊઠતાંવાર તાહારાં બીછાણા ટલે એક સુનેરી સીકો તહને જડશે. વલી તે પખશીનું ટોલું વીખરાઇ જાય કે તે ડગલો તું લઈ લેજે અને તે તાહારા બદન ઊપર રેહેશે તાંહાંશુધી તું જે ઊમેદ બાંધશે તે બર આવશે." પેલો પારધી ડોસીનો ઊપકાર માની ચાલતો થયો અને પેલાં પખશીના ટોલાંમાના વચોવચમાનાને મારી તેનું કાલજુ ખાઈ ગયો અને પેલો ડગલો બદન ઊપર નાખી ઘર આવયો. બરી બામદાદ ઊઠતાં તેના બીછાણા તલેથી તેને એક સુંનાંનો સીકો જડયો અને એ પરમાંણે નીતય રોજ તેનું નસીબ જાગવા લાગયું.

એક દીવસે પારધી એક પારકે દેશ જવા નીકળયો. એક જંગલમાંથી પસાર થતાં. તેણે એક ઝુંપડું જોયું જેની બારીએ એક બુઢો ડોસી એક મનમોહન છોકરી સાથે ઊભી હતી. પારધી આ સુંદરીનું રૂપ જોઇ લલચાયો અને તે ડોસીને વીનંતી કરી કે હું ઠાકેલોછું માટે એક રાત ઊતારો આપવો. ડોસી એક ડાકણ હતી. તેણીએ પોતાની બેટીને કહ્યું કે આ પારધીના પેટમાં એક પખશીનું કાલજુંછે જેની ખુબી એવીછે કે જેના દીલમાં તે હોય તેના બીછાણા તલે રોજ સહવાર એક સુંનાનો સીકો આવી પડે માટે હું જે યુકતી કરૂં તેમાં તું સાંમેલ થજે. છોકરીએ માની બીહીકથી હા કહી. ખરેખર તે પારધીને કાંઈબી નુકસાન કરવા ઇછતી ન હતી કારણ તે તેની ઊપર ફીદા થઈ હતી. પારધીની માગણી તે ડાકણે કબુલ કીધી અને તેણીએ તેને એક જાતના દારૂનું ગલાસ પીવા આપયું જે પેટમાં જતાંજ પખશીએ ઊલટી કરી અને પેલું કાલજું બાહાર પડયું. પારધીએ તે જોયું નહીં પણ પેલી ડાકણે તે લઇને છુપાવયું. પારધી એક રાત કરતાં બે તરણ તે ડાકણને તાંહાં રહયો. પણ તે જુહુપડીમાં જે પેહેલી બામદાદ પડી તે દહાડે રાબેતા મુજબ પારધીના બીછાણા તલેથી પેલી સુંનાની મોહોર નીકલી નહી. પારધી સંતોશ ધરી બેઠો. હવે ડાકણે વલી પોતાની છોકરીને કહ્યું કે કાંઈબી યુકતીથી આ પારધીના આંગપરનો ડગલો કહડાવી લે. છોકરીએ માની બીહીકથી એક તાલ લગાવી. તે દીલગીર થઈને બારીએ ઊભી અને સામેના એક પાહાડ તરફ એક તગરે જોવા લાગી. પારધી તેની પાસે આવી તેની દીલગીરીનું કારણ પુછવા લાગો જેથી તે બોલી કે "આ સામાં પાહાડ ઊપર કેવાં કેવાં બેમુલાં રતનો પડેલાંછે પણ કોણ આદમની તાકાદછે કે તેના શીખર ઊપર જઈ શકે. હું કાં નહી ઊડતું પંખી થઇ કે માહારી આંખો તે રોશનીથી ચકચકીત કરતે?" આ ઊપરથી પારધીએ તે નાજનીની હોંસ પુરી પાડવાની કબુલાત આપી. પોતાના ડગલામાં તેણીને લપેટી તેણે મુરાદ ચાહી કે આ સામાં પાહાડ ઊપર જઈ ઊભો રહું. બોલ બોલતાં તે બેહુ જણ તે પાહાડની ટોંચ ઊપર જઇ બેઠાં. કાંઈ હીરા અને લાલોનોતો પારજ નહી. પોતાને મન પસંદ હીરાઓ તેણીએ ગજવાંમાં ભરયા અને બેહુ જણ ઊંઘાઇ ગયાં, પણ તે ઓરત ઘોંગ કરી આંખ મીચી સુતી હતી. પારધીએ આ વેલા પોતાનો ડગલો કાહાડયો હતો. તે ઓરતે પારધીને ઊંઘતો મેલી પોતે ડગલો ઓરઢયો અને મુરાદ ચાહી કે માહારે ઘેર જઇ બેશું. તરતજ તેમ થયું અને ડાકણે તે ડગલો ખુશીથી લીધો હવે પારધી ઊઠીને જુવેછેતો તેને માલમ પડયું કે તે ઓરત મહને વેચી ગઇછે. એવામાં સામેથી તરણ દઇતો તેણે આવતાં જોયા. તેમને જોઇને પારધી ઘોંઘ કરી સુઇ ગયો. એક આવતાંનેવાર પારધીને લાટ મારી અને કહ્યું કે "આ કોણ કીડો હીંયાં સુતેલોછે?" બીજાએ કહ્યું કે "એને આપણે પાહાડ ઊપરથી ગગડાવી નાખીએ." તરીજાએ કહ્યું કે "એવા જીવડાની દરકાર કરવી આપણને લાજમ નહી. હમણા વાદલ ચહડી આવશે તેમાં એ તણાયો જશે." એટલું કહી દઇતો જતા રહયા. પારધી પાછો ઊઠીને બેઠો અને થોડાવારમાં એક મોટું વાદલ ચહડી આવયું જેમાં પારધી ઊંચકાઇ ગયો. વાદલ આગલ ચાલયું અને એક ખેતરમાં જઈ વરસયું. પારધી પાછો જમીન પર પડયો અને જોયછેતો એક કોબીના ખેતરમાં પડેલોછે. પારધીને ઘ

ણી ભુખ લાગેલી હતી તેથી તેણે એક કોબીનું પાતરૂં ચાવયું, પણ તરતજ તે માણસનો આકાર મેલી દઈને ઘધેડો બની ગયો. તે બોલયો કે "હાએ, હાએ ! કોબી ખાય તે ઘધેડો થાય" થોડોવાર તે હીંયાં તયાંહાં ફરયો અને એક બીજાં કોબીનું પાતરૂં અલાતોકલ કરી ખાધું. પણ તે ખાતાંજ તે પાછો માણસ બની ગયો. "હા, હા," તે ફરી બોલયો "કોબી ખાય તે ઘધેડું થાય. હુંબી ખરો કે માહારો ખારં લઊં." એમ વીચાર કરી તેણે તે બેહુ જાતના કોબી તોડયાં અને ખેતરની બાહાર પડયો. તેણે પોતાના ચેહેરા ઊપર રાખ લગાડી એવી રીતે કે તેની પોતાની મા પણ તેને ઓલખી શકે નહી. એવે લેબાસે તે પાછો ડાકણને ઘર આવયો અને તેણીને અરજ ગુજારી જે મહને એક રાત હીંયાં રેહેવાદે, જે તેણીએ કબુલ રાખી. તેણે કહયું કે માહારા રાજાને માટે આખી દુનયાંમાં સઊથી નામી કોબી લાવયોછું પણ મહને ધાસતી લાગેછે કે રખે આ ગરમીથી કરમાઈ જાય. ડાકણે કહયું કે જરા મહનેતો એ તરકારી ચખાડ, નેથી ઘણી મેહેનતે પેલા નરસ દરો પારધીએ તેણીને આપયો. ડાકણે તે રાંધયો અને ખાવાનું કાહાડવા સારૂં પોતાની બેટીને પારધી સાથે વાતે બેસાડી પોતે બાવરચીખાનામાં ગઈ. ડાકણે તે કોબી થોડું ચાખયું પણ તેવામાંજ તે ઘધેડી બની ગઈ અને ભોંકતી ભોંકતી તબેલામાં ચાલી ગઈ. છોકરી ઘણોવાર લાગાથી માને પુકાર મારવા લાગી તેથી પારધી તેણીને માટે પોતે બાવરચીખાનાંમાં ગયો. તેણે જોયું કે માહારૂં કાંમતો બંધબસત થયુંછે તેથી એક રકાબીમાં થોડું કોબી કાહાડી તે પેલી નાજનીની હજુર લઈ આવયો અને તેની મા આવેછે એમ કહી તેને થોડી કોબી ચખાડી. તરત તે સુંદર ઓરત પણ ઘધેડી બની ગઈ. પછી પારધીંએ પોતાના મોહોડાંની રાખ ધોઈ નાખી એવી મતલબથી કે મા દીકરી તેને ઓલખી શકેછે; તે બંધેને દોરડાંએ બાંધી એક રોટી બનાવનારને તયાંહાં લઈ ગયો અને તેને કહયું કે આ ઘધેડાંને તાહારે તાંહાં રાખેતો હું તુંહને આટલા પઈસા આપીસ; પણ એવી સરતે કે મોટી ઘધેડીને દાહાડામાં એકવાર ખાવાનું અને દજન ફટકા મારે અને નાનીને દાહાડામાં બે વાર ખાવાનું આપે. રોટી બનાવનારે તે કબુલ કરયું. થોડા દીવસ પછી તેણે પારધીને જણાવયું જે મોટી ઘધેડી મરણ પામીછે અને નાની એટલી અશકત થઈછે કે તે પેણ દુખના દાહાડા કાહાડેછે. પારધીએ તે જુવાન ઓરત ઊપર દયા લાવી પેલા સારાં કોબીના દરામાંથી થોડું તેને ચખાડયું જેથી તે પાછી માણસના આકારમાં આવી ગઈ. તે પારધીને પાંયે પડી અને તેની આગલ પોતાની શઘલી તકશીર કબુલ કીધી, પણ તેને જણાવયું કે માહારી માની મરજી રાખવા મેં એવું કરતુક કરયું હતું એમ કહી તેણીએ પારધીને પેલો ડગલો અને પેલું કાલજું લાવી આપયું. પારધીએ તે ડગલો લીધો અને તે કાલજું તે ઓરતને ભેટ કીધું અને થોડા દાહાડા બાદ તેની સાથે નેકા કીધા જે પછી અમન ચમનથી તેઓએ પોતાના બાકીના દાહાડા પુરા કીધા.

(જોડી કાહાડેલી વારતામાંથી.)

---

## પરચુટણ.

ગંધક—સીસીલીમાં વરસ દાહાડે ૧૫૭૧૪૩ ટંન ગંધક નીકલેછે.

---

સગપણમાં લગણ—એક અમેરીકન વઈદ નામે ડાકટર બરનીસ કેહેછે કે, ઈયુનાઈટેડ ઈસટેસટસની ધરમ ખાતેની ઈસપીટાલોમાં દાખલ થયલા, બેહેરા અને મુંગાઓમાંથી સેંકડે ૧૦);—આંધલાઓમાંથી સેંકડે ૫), અને જનમથી કમઅકલો જેમને ઈંગરેજીમાં 'ઈડીઅટ' ને નામથી ઓલખેછે તેમાના સેંકડે ૧૫);—પીતરાઓની સગાઈના છોકરાં હતાં.

---

તારની હાફીસો—આખાં ગરેટ બરીટન અને આયરલંડમાં હાલ ૨૦૦૦) તારની આફીસોછે.

---

ગરમીની મોહોસમ—એક જણ ભલામણ કરેછે કે ગરમીની મોહોસમમાં કુતરાં અને ઘોડાઓને વારેઘડીયે પાણી દેખાડવું; અને પખશીઓના પીંજરાં ઉપર લીલાં કપડાંનો પરદો નાખવો.

---

એક મુરખ એક દીવસે એક પાદરીનું ભાશણ સાંભલવા ગયો. ભાશણ કરતા બોલયો કે "ભાઈઓ આસતે આસતે વધારો કરો. ઈયાદ રાખજો કે રૂમ શેહેર એક દાહાડામાં બંધાયું ન હતું. મુરખે પોતાના મનથી વીચાર કરયો કે 'તાહારે રૂમ શેહેર રાતે બંધાયું હશે.'

---

ઓરતોનાં થોભલાં—ઈંગલંડની વડી અદાલતના નીયાયધીશો વરસને ચોકસ વખતે લંડન સીવાય બીજા પરગણાઓમાં પોતાની અદાલતો ભરેછે. એકવાર વલે,જડ

જ લારડ એલનબરો પરગણામાં જવાની તઈયારી કરતો હતો તેવામા તેની ઓરતે તેની સાથે જવાને મરજી જણાવી. લારડ એલનબરોએ તેણીની મરજી બાહાલ રાખી અને કહયું કે "તહુમે માહારી સાથે એવી સરતે આવો કે ગાડીમાં નકામાં પોટલાં ભરો નહીં." લેડી એલનબરોએ કબુલ કર્યું અને માટી બઈએર મુસાફરીએ નીકલયાં. આગલ ચાલતાં લોરડ એલનબરોએ પગ લાંબો કીધો પણ તેણે કાંઈ કઠન ચીજ મેલેલી લાગી, જોયછે તો એક પતરાંનો પેટારો નીકલયો. તરતજ તેણે તે લઈ બારીએથી ફેંકી દીધો. ઘોડા વાલાએ ગાડી ઉભી રાખી કે એક બાકસ અકસમાતથી બાહાર પડી ગયો, પણ લારડ એલનબરોએ બુમ મારી કે "ફીકર નહીં આગલ ચલાવ." જાહારે લોરડ એલનબરોએ કોરટમાં બેઠક લેવા તઈઆરી કીધી તાહારે પોતાની બાલની ટોપી માંગી (કારણ ઈંગલંડમાં જડજો અને બારીસટરો બાલની ટોપી પેહેરેછે) પણ નોકરે જવાબ દીધો જે "સાહેબ તહમે જે બાકસ ફેંકી દીધો તેમાં બાલની ટોપી રહી ગઈ." લારડ એલનબરો મુંગોજ રહયો કારણ પોતાની તકશીર કોણ પુકારે?

---

**બારીસટર બંધાયો**—અમેરીકામાં એક બારીસટર સાખશીઓને ઉલટ પાલટ તપાસવામાં ઘણો હુશીયાર ગણાતો હતો. એક મોચીએ પોતાની ચાકરડી ઉપર ચોરીનો અપરાધ મેલયો હતો. બારીસટરે મોચીને પુછયું કે "સાહેબ તહમે કહોછો કે તહમારી ચાકરડી ચોરછે?"—"હા કારણ તે માહારી આગલ કબુલ થઈ"—અને તહને સોગંદ ખાઈને કહોછો કે તહમારી આગલ તેણીએ પોતાનો અપરાધ કબુલયા છતાં તહમે તેને નોકરીમાં રાખી—"હા સાહેબ"—"તાહારે તહમે એવું કેહેવા માગોછ કે ચોર લોકો સાથે તહમે જાણી જોઈને કામ પાડોછ"—"અલબત, નહીંતો હમુને ધારાની સલલાહ કોણ આપે?"

---

**અધીપતીની ચાલાકી**—એક વરતમાન પતરના અધીપતીએ પોતાના ઘરાકોને એક દીવસે જણાવયું કે "હમુને એટલું બધું તો આજ લખવુંછે કે હમારી કટાર કેટલીક ખાલી રાખવી પડીછે માટે વાંચનારાઓએ દરગુજર કરવું.!"

---

**લચકનો ઈલાજ**—એક મોટો ચમચો મધ અને તેટલુંજ નીમખ તેમાં એક ઈડાંની સરેદી મેલવવી. પછી એક કલાક તેને ઠરાવી દુખતા ભાગ ઉપર લગાડવું અને મજબુત પાટો બાંધી લેવો.

---

### રમુજે ફુરસત.

૧ લું—કાલો ઘોડો કચકાબરો, નગરી જોતો જાએ; પાંચ પટેલીઆ મુલ કરે, પણ તેનું મુલ ન થાએ.

૨ જું—બે અક્ષરનો એક નાહાનો બોલછું. એક રીતે જોવો તો સરવે પખસીઓને સોભા આપુંછ અને કાંમ લાગુંછ—બીજી રીતે લેવોતો હું પોતે પારકું થઈ જાંઉછ અને બધી રીતે પારકાંઓનેજ લાગુ પડુંછ—તરીજી રીતે લેવોતો હું નીચો પડવાને બદલે હમેશા ઉંચોજ બોલાઉછ અને જાંહાં મને એ રીતે લાગુ પાડીઓ હોએ તાંહાં તે સઘલી ચીજની ઉપરનીજ વાત કહુંછું. છેલે હું એક સંખીઆ થાઉછું જે વરસનો એક ચોકસ ભાગ ગણાએછે અને જેવો પોંહોચેલામાં ખપેછે તેઓથી એ સંખીઆ ચાર દરજે ઓછીછે.

૩ જું—હું તરણ અખશરનો એક બોલછું. આકાસનાં એક ચકરનાં ચોકસ ભાગ ઠેરવીઆછે અને જેમાંથી સુરજ દર વરસનો પોતાનો ફેરાવો લેછે તેમાનો હું એક ભાગ થાંઉછ. મને બીજી રીતે લોકોના ચરીતર વીશે બોલતાં વારેવાર વાપરેછ. મને તદન ઉલટાવી વાંચોતો મને પઈસા સાથે લાગુ પાડી તુરત તમે ઈછસો કે હું તમારા હાથમાં આઉંતો કેવું સારૂં. મારો બીજો પેહેલો અને તરીજો અખશર મલી શરીરનો એક ભાગ થાએછે જે વધારે પતલી દેખડાવા કેટલીક ઈંગરેજ સ્ત્રીઓ ઘણી આરજુમંદ રેહેછે.

---

### ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—ચાકર ઉતર એહુનો, સમજી મનમાં આણ,<br>
ચા કર, ચાક, પીછાણીએ, ચાર ચતુરાં જાણ.

૨ જું—સમસીઆ પુરૂં તાહરી, કરી ચીતમાં ખાતર;<br>
જાતાંતાં તેને કહું સાસુ અને જમાતર. †

૩ જું—નીમક.

---

### ઈશ્વરને ઓળખવા વીશે.

#### ૫૯.

કાયા માયા કુડીરે, રાખિ તારિ રહેશે નહી;<br>
જોને તું વિચારીરે, ઘેલા કેમ અકલ ગઈ. ટેક.

નંદરાજાને અણકળ નાણું, ભર્યા સંચી ભંડાર;<br>
કોડી અંતે કામ ન આવી, જાતાં ન લાગી વાર;<br>
ન ખાધી ન ખરચીરે, વેઠે મુઓ ભાર વહી; કાયા માયા.

રાવણે રિદ્ધિ સિદ્ધિ પુરણ પામ્યો, ઈંદ્ર અધિક અભિમાન;<br>
અજ્ઞાને અવરાણું અંતર, ભૂલિ ગયો મૃત્યુ ભાન;<br>
વાદળની છાયારે, જોતાં રહિ છેટે જઈ; કાયા માયા. ૨

ભજ ભગવાન માન તજ મેલી, બેલી કર બળવીર;<br>
લાલચ રાખજે લક્ષ્મીવરની, ધરજે મનમાં ધીર;<br>
અધમ ઉધારણ રે, અભેપદ આપે સહી; કાયા માયા. ૩

મૃગજળ ભરવા મુરખ માણસ, સઉ દોડયો સંસાર;<br>
વાત વિચારી વળજે પાછો, પામ્યા નથી કોઈ પાર;<br>
દેવાનંદ દેખીરે, વિવેકની વાત કહી; કાયા માયા. ૪

† જમાઈ.

# સ્ત્રીબોધ.

પુસતક ૧૩ મું. મેએ ૧૮૯૯ આંક ૫ મો.


## † કંજુસના કરમની કાહાણી.

### નાટક પાત્ર.

| | |
|---|---|
| બીદાર. | એક મેટો કનુસ |
| મેહેરનોશ | ઉપવાનો બેગ. |
| કામગાર | બીદારનો મેહેતો |
| કસરેવજ | મેહેરનોશનો ચાકર |
| તેહેમુર. | એક દનાવ |
| સામ. | ઘર સામન વેચનાર |
| હોમાન | એક જહુવેરી. |
| બાબક | રેસમવાળો |
| ઓશરૂ | એક દરજી. |
| ગજદુમ | એક વકીલ |
| પારસા | બીદારની છોકરી |
| શેહેરબાનુ | એક વીધવા ઓરત |
| ફરંગીજ | ઉપવાની છોકરી |
| શેહેરનવાજ | પારસાની ચાકરડી |
| તેહેમીના | ફર ગીજની ચાકરડી |

ચાકરો ઇતીયાદી.

દેખાવ શેહેરે ઇશફાહાંન.

### પ્રકરણ ૧ લું.

### દેખાવ ૧ લો—બીદારનું ઘર.

શેહેરનવાજ અને કસરેવજ.

શેહેરનવાજ—હું વધારેવાર સાંભલનાર નથી દગાખોર કુતરા ! એટલા વાસતે મેં ગસતમ પાહાદશાહના ઘોડાવાલાને પાછો ફેરવયો ? એટલા વાસતે બાંનુ ગોશસપનો મસાલ રડતાં આંધલો થયો ? એટલા વાસતે લુકમાન હકીમ બેજનનો ગોટી બનાવનાર જેહેર ફાકી મારગે લાગો કે તું નીચ મહને જાહેરમાં અપમાન આપે ?

કસરેવજ—માહારા હઇયાંના હાર જરા સાંભલ.

શેહેરનવાજ—શું કોઇ તુંને વાત કરનાર નહી મલી કે દારામ દલાલની ચાકરડીના વીવાહમાં તું મહને નીચું લગાડી બાલરસુજા જંદલ પીકાંવાલાની જહાડુ કાહાડનારી સાથે મોહો મલકાવી મલકાવી વાત કરવા લાગો ?

કસરેવજ—જલજો ઓરતનું નામ સવાય માહારી આંખની રોશની તું વગર !

શેહેરનવાજ—તહમારી ભટાઇ છોડી દ્યો. જો ફરી માહારી સાથે વાત કરવાની હોંશ રાખતા હોવો તો જે ઓરત સાથ તહમે હશીયા તેજ ઓરતને ભરમીજલશમાં ફજીઅત કરો તાહારેજ હું જાણુસ કે તહમે ખરેખરા મહને ચાહોછો. એજ સરતે હું તહમને માફી બખશું છું. પણ જો ફરી મહને કારણ મલયું તો——

કસરવજ—તહમારી મોહોબત બેંચી લઇ મહને ફનપાથી રદ કરજો

---

### દેખાવ ૨ જો—શેહેરનવાજ અને તેહેમીના.

તેહેમીના—ઓ પેયારી નવાજ ! તુંને જોવાને એટલી આરજુમદ હતી કે આજની ખુશાલીથી મહને ચકર આવેછે અને માહારાં બદનનો હરખ સમાતો નથી.

શેહેરનવાજ—શું કરૂં પેયારી તેહેમીના જરા પગ બાહાર કહડાઇ શકાતો નથી. આજે મહીનો થયો મેકાંણી ઘરમાછે અને રાત દીસ કાગને દોવે વાત જોઉં છું કે કયારે માહારો છુટક થાય કે માહ રી તેહેમીનાને જોઉં. માહારી ચાકરીથી તો હું કંટાલી ગઇછું. ઘરડો દાહાડે દાહાડે પઇસા વાસતે ગેલો બનેછે. પાણીના કુજા વટીક પેટીમાં રાખે છે. કાંઇ તુંને પુછાતું નથી તે પેહેલે માફ કરજો હો.

તેહેમીના—હું પેટ ભરતી કાફી પી આવેલીછું માટે મહને કમણા કશાંની હાજત નથી.

શેહેરનવાજ—નવી નવી ખબરોનું માહારી પામે એક દફતર ભરાયલું છે.

---

† આ ખેલ એક નામીચા ઈંગરેજ ગરથકારે રચેલો છે જે ઘણા ફેરફારો સાથે અંહીયાં રજુ કરયોછે.

તેહેમીના—મહને તરત કેહે બેહેન. માહારી વારી ફરતે માહારી સેઠાણીની વાત હું કહીશ.

શેહેરનવાજ—તું જાણેઅતો ખરી કે ગયા હુંના વામાં માહારી સેઠાણીનો મછવો અકસમાતથી ઉંધો વળી ગયો હતો. આજતો માહારી બાઇ ઉપર મરેડાંના ધગ વળયા હોત, પણ એક જુવાનીઓ જે પણ એક નાના મછવામાં લેહેર કરતો હતો તે તરત કુદી પડયો અને તેણીનો જાન ઉગાડયો. જાહારે તે જુવાન માહારી અરધી મેહેલી સેઠાણીને લઇ ઘર આવયો, તાહરે માહારા ધરડા સેઠે તેને પેટમાં ચાંપયો અને બોસા લીધા અને માહારો બેટો, માહારો દીકરો, માહારો બાપ, માહારો બપાવો, માહારો મમાવો, માહારો કુવો, માહારો કાકો, માહારો મામો અને બીજા એટલાતો શબદો લાગુ પાડયા કે તે જુવાનબી કોઈ કરકાબાસદ તે નેયું કે ડોસો ઘેરતો નજરૂ આપી દેસે તે લાગલા માહારા વાહાલાએતો પાઘડી બાગડી ઉતારી કે લખથમી માતાએ આનલો કીધો. પણ ધરડો બીધો કે રાતે ખવરાવવું મસારવું પડશે તેથી પોતાના મમાવા બપાવાને બગલગીરી કરી શેહેરી ઉપરથી ઉતારયો અને દરવાજા બાહાર લઇ જાઇ વાત કરવા પડયો. પછી કોઈ ઓલખીતો રસતા ઉપરથી ચાલયો જતો હતો તેને ઉભો રાખી મમાવા બપાવાને સલામ આલેકુન કરી પોતાના દરવાજાની બારી બંધ કરી દોસત સાથે ચાલતો થયો અને લાંબયો સપારો મારી પાછલે બારણે આવી ઘરમાં ભરાઇ ગયો અને મમાવા બપાવા વાપરં વખાતા થઇ ખારૂં પાણીબી આખયા વગર ઘેર ગયા, પણ માહારાં બાઇ એટલીતો રેડ તતરમાં પડયાં કે હાલો હાલ કાંઇ ઇયુકતી કરી તે જુવાનને ઘરમાં એક મેહેતાગીરી આપી રાખયોછે. એ વાત જો બુઢાના કાન પર ગઇતો રાતે બાર કલાકબી બાહાર રસતો મહને લેવો પડશે. બુઢાને પોતાના બપાવાની સુરત ઈયાદ નથી તે ઠીકજછે.

તેહેમીના—જાંહાં સેઠ રોજ સાથે કુંચી લઈને ફરે તે ચાકરી જાયતો તુંને કનવાર પણ હશે નહીં.

શેહેરનવાજ—તારાં કુંચીના શોધીના કાહાડનારને સેહેતાનનોજ હવાલો. ચાલ બેહેન આવ એટલી પીંજરાંની કુંચીઓ તે જરા મખવાસ કરીએ.

---

### દેખાવ ૩ જો—એક બાગ, કામગાર અને પારસા.

કામગાર—માહારી વાહાલી પારસા તાહારો ચેહેરો દીલગીર કેમ ? શું જે તાહારાં વચનથી તેં મહને આ જીહાનમાં બેહેસતનું સુખ આપયુંછે તે વચનનો પસતાવો કરેચ ?

પારસા—તાહારાં સુખને વાસતે મેં જે કાંઇ કીધુંચ તેનો હું પસતાવો કરૂંચ એમ જો તું માનતો હોયતો માહારાં ભીતરની વાતની મહને ખબર નથી. જો હું દીલગીર હોઉંતો એટલાજ વાસતે કે જેટલો તુંહને સુખી કરવા ઈચ્છુંછું તેટલું બનાવવાની હાલ માહારામાં શકતી નથી.

કામગાર—તાહારી મધ મીઠી જીભમાંથી જે પેયારથી ભરેલો દરેક બોલ ટપકેચ તે મહને એવા આભાર તલે દાબેછે કે તેનો ખંગ માહારાથી વલાઇ શકવાનો નથી. પણ જો તુંહને ચાહાવું, માહારો જીવ તાહારાં સુખને વાસતે પટકું, તાહારા મોહોમાથી હુકમ નીકલે તેની અગાઉ તાહારી આંખના સંસારાથી પામી જાઇ તેમને બજા લાઉં; એ જો માહારાં કરજનું મોટું ટીપરૂં થોડુંઘણું ફીટાડેતો વફાદારીથી માહારા હકતા ભરવા હું ભુલીશ નહીં.

પારસા—તાહારી વફાદારી ઉપર માહારા જીવની સરત મેલું.

કામગાર—એ માહારા જીગરના હાર તાહારી વફાદારીની હું શું કીમત કરૂં ? પણ માહારે વાસતે શું તું તાહારા બાપનો જાવેદાનનો ધીકાર તામોશ કરશે ? તાહારાં કુટંબનો ઠપકો અને દુનયાંની ગીબત ?

પારસા—દુનયાંની ગીબત કરતાં માહારા પગની આંટણ મહને વધારે દરદ કરેછે. ડાહાપણ મુરખાઇને ઠપકો આપે તેની અગાઉ મુરખાઇ ડાહાપણને ઠપકો આપેછે. હું ખરેખરીજ કમઅકલ હોઉં જો માહારી ખુદ નજરે દેખતાં ખરાં સુખને બગલગીરી કરૂં નહીં, કારણ લોકની નજરમાં તે આવતું નથી.

કામગાર—પણ જો પેયારી તાહારો ભાઈ બાગમાં આવયોછે !

પારસા—એને આપણી વાતથી વાકેફ કરવો શું તહમને દરૂસત લાગતું નથી ?

કામગાર—તહમારા બાવાનો મીજાજ સંભાલવા જુવાનોના ઉડાઉપણાની સાંમે બખારવાનું મેં એવું દોલ ઘાલયુંછે કે મેહેરનોશ મહને પોતાનો સતરૂ સમજેછે. એ બાબદ ઉપર તેને ખુલાશો પેહેલે કરવો ઘટેછે. બીજું બુઢા બાવાને તપાસવા હજી માહારે એની સામે ઘણું બોલવું પડશે જે એના સરખા તાતા મીજાજથી ખમાઈ શકાશે નહીં. તેથી હાલ તુરત એને આપણે વીસવાસ આપવો હું દરૂસત ધારતો નથી. હવે એ આપણને જોયે વાસતે હાલ તરત સલામ માહારી વાહલી પારસા !

---

### દેખાવ ૪ થો—મેરનોશ અને પારસા.

મેહેરનોશ—પેયારી પારસા સી તરબીએત ? તુંહને એખલી જોઇ હું ઘણો ખુશીછું, કારણ એવી એક બાબદ તુંહને જણાવવીછે કે જે માહારા પેટમાં વધારે રેહેયેતે હું ફાટી જવસ.

પારસા—તું જાંણેચ બાઈ કે હું તાહારા કેટલા વીસવાસને લાયકછું !

મેહેરનોશ—પુરેપુરા, પુરેપુરા ! પણ આએ એવીતો અગતની બાબદછે—એવીતાછે કે તું દસ વરસ વેર વીચાર કરે પણ તું અટકલ કરી શકે નહીં. હું——તું સાંભલીને હસસે હું——નહી હું નથી કેહેતો. હું——હવે ખરૂં બોલુંતો—હું પેયારમાં લપટાયલોછું.

પારસા—પેયારમાં !

મેહેરનોશ—એવા પેયારમાં કે હાલ જે આચાછે તેમાં જો જલદી વધારો નહી થયો તો તરણ દાહાડા બીજા જીવતા કાહાડવા માહ મુશકેલછે.

પારસા—શું એ પેયાર એકાએક તાહારામાં આવયો ?

મેહેરનોશ—નહી, ધણું થયું તે માહારામાં પજરેછે. હોલવતાં હોલવતાંતો થાકો અને હવે એવોતો ભાજુક નીકળી આવેલોછે કે ઇયાતો મહને માહારી માશુક મલે, ઇયાતો તહમે તહમારા ભાઇને ખોવો.

પારસા—પણ એ ઓરત કોણછે ?

મેહેરનોશ—પેહેલું એકે તે પેહેલા નંબરની કોકટછે.

પારસા—પણ એ ઓલખથી હું કેમ ઓલખું. તાહારેતો એમબી કેહેની કે તેની ધઉંના રંગની ચાંઝડીછે ?

મેહેનોશ—બીજું એકે, તે આખો દાહાડો પાંના રમેછે. તરીજું એજ તેની પાસે દોલતમાંતો તપકીરની દાબડી. પણ એતો સીકાની ઉલટી બાજુ જણાવી હો.

પારસા—તાહારે ભાઈ હવે અતી બાજુનું બેયાન કરની.

મેહેરનોશ—પેહેલું એજ ખુબશુરતી. બીજું એજ અકલ, અને તરીજું એજ હુશીયારી.

પારસા—તાહારે એવી, ઉલટી બોરદુઓના સીકાનું નામ શું ?

મેહેરનોશ—ફીરંગીન !

પારસા—ભાઈ સીકોતો તુંને ખોટો પાયો તું તેહેના હાથતો મેલવી શકે પણ બાવાનો બોલ તાહારીથી મેલવાઇ શકાનાર નથી અને પછી વારસાથી બાતેલ થયલો એક છોકરો આવા મીજાજની છોકરી સાથે કેમ પાર પડે તેની મુનસફી તુંનેજ સોંપુંછું.

મેહેરનોશ—હું જાણુંચ કે વાત ધણી અધરીછે પણ પેયાર આગલ કોઈબી ચીજ બનવી મુશકેલ નથી; અને જાંહાં ઓરતે પગ મેલયો તયાં પછી મુશકેલી શું ઉભી રેહેછ ? વાસતે પેયારી બેહેન જો તું અને શેહેરનવાજ માહારી તરફદારીમાં નીકલોતો માહારી આશા પાછી તાજી થશે અને તેના બદલામાં બેહેન——

પારસા—માહારી પણ એવીજ ગરજમાં તહમે મદદ કરશો !

બીદાર—(બાહારથી), લુચા ! ચોર !

પારસા—વલી શું બનયુંચ ?

મેહેરનોશ—પેલી ઠીંગરાંની સપાટ ખોવાઇ ગઇચ તે કાલની બેમાલ ચાલેચ. ચાલ બેહેન આ પાસેની ઝાડી તલે બેસી આપણી વાતો વીશે વીચાર કરીયે.

---

## દેખાવ ૫ મો—બીદાર અને કસરેવજ.

બીદાર—મહને સાંમો જવાબ દે ના; નીકલ માહારા ધરમાંથી.

કસરેવજ—સાહેબ, હું તહમારો નહી પણ તહમારા બેટાનો નોકરછું; અને જાંહાંસુધી માહારો પોતાનો સેઠ મહને કાહાડી નહી મેલશે તાંહાંસુધી હું ઘરથી બાહાર જનાર નથી.

બીદાર—કંગાલ તાહારા સેઠનેબી તાહારી પછવાડેજ મોકલી આપુંછું. માહારા ધરમાં એ દીવાલીઆને વલી ચાકર રાખવાની અગત શી પડી ? સારૂં કુટુંબ પેહેડે લેટલાં કપડાંતો તેના પોતાનાજછે. હું બરાબર સમજુચ કે શું મતલબથી તેણે તુંહને રાખયોછે, પણ માહારા ધરમાં હું ચાંચીઆ ચોરોને રાખવા માંગતો નથી.

કસરેવજ—અરે સાહેબ ! ફાલતુ શું પડે. જે વલી ચોરીએ. રાત દાહાડો તહમે ખાના પેટીપર ચોહોરો ભરો, તે હમારો બંગ તો વલી કે દાહાડે ફાવે.

બીદાર—(મનમાં) રખે એ જાણતો હોય કે માહારી પાસ પઇસાછે. અરે એ બાપુ હીયાં આવ. જો ગામમાં જઇને બુમ ના પાડતો હો કે મારી પાસે પઇસા સાંતેલાછે.

કસરેવજ—તાહારે શું સાહેબ તહમારી પાસે પઇસા સાંતેલાછે ?

બીદાર—નહી, માહારી પાસેતો ફુટી બદામ પણ નથી; પણ તું તે છતાં એવો બુમાટો ફેરવે તેથી કેહુંછું.

કસરેવજ—સાંતેલા હો કે ન હો તેમાં મહને કશી દરકાર નથી.

બીદાર—ચાલ હવે તાહારી આબરૂમાં જા. આ ધડીજ જા અને ફરીથી હીયાં પગ મેલતો ના.

કસરેવજ—આએ ચાલયો સાહેબ.

બીદાર—હીયાં આવ હીયાં આવ. જોઉં કાંઇ સાથે લઇ જતોતો નથી.

કસરેવજ—આએ સાહેબ લઇ જાઉંચ તે માહારૂં કપાલ.

બીદાર—આવાં મોટાં ગજવાંની શી જરૂર ! જે દરજીએ એ બનાવયાં તેનેજ ફાંસી દેવો જોઇએ. ગજવા બાહાર બેંચ જોઉં ! પણ કસાયલો ચોર તું એમાં કાંઇ સાંતે નહી. જોઇએ આ પોરટમાનટોમાં શુંછે ?

કસરેવજ—સેઠ એને, હાથ ન લગાડો, રખે માહારી ચોરી થાય તેની મહને હવે ધાસતીછે.

બીદાર—ચાલ બા બોલ, બોલ. જે માહારૂં હોય તે મહને આપ. જો કાંઇ ચોરી લઇ જશેતો તું જનમનો શ્રાપ ધાપો ભોગવશે પછી તું જાણ માહારો શ્રાપ જેને લાગો તે પાછો ફીટટો નથી.

કસરેવજ—સાહેબ તહમારી પાસથી સુકી, ડોસા વગરે જો બીજું કાંઇબી લીધું હોયતો હરામ.

બીદાર—તયાહરે તેં કાંઇજ ચોરયું નથી !

કસરેવજ—કાંઇજ નહી સાહેબ.

બીદાર—તાહારે હવે બા તાહારૂં મોહોડું શીહા કરીને જા.

કસરેવજ—આ સુકાં વનમાંથી કેથેબી સાહેબ.

બીદાર—એક મોટી પીડાતો ગઇ: હવે જઇ માહારી કોઠલીઓની ભેટ લઉં.

---

## દેખાવ ૬ ઠો—બીદાર, મેહેરનોશ, અને પારસા.

બીદાર—આએ તરણ હજાર ગીની જે મહને કાલે મલી તેને મુકવાની જગા કહાંહું કરૂં ! બોલરે જીવડા કયાંહ કરૂં ? તરણ હજાર ગીની ! આ, હા, હા ! તરણ હજાર ગીની ! અરે પણ એ કોણ ઉભુંચ ? કેમ, કેમ હીયાં કયાહરે આવયો ?

મેહેરનોશ—અબધડી સાહેબ.

બીદાર—હું જાહારે મોટે મોટે બંદગી કરતો હતો તાહારે કે ?

મેહેરનોશ—(મનમાં) જે મહને વેચવા માંગેચ તે ? નહીજી તહમે મુંગા મુંગા ઉભેલાં હતા તયારે.

બીદાર—બેટા હું આજે એવી બંદગી કરતો હતો કે આવા આપણા બતંગ વખતમાં તરણ હજાર ગીની મ લી જાયતો કેહેવાં સુખવાસી થઇએ. તરણ હજાર ગીનીનો સબક તહમારે કાને આવતાંવાર પડયો હશે તેથી એમ નહીં સમજવું કે માહારી પાસે ૩ હજાર ગીનીછે.

મેહેરનોશ—તહમારાં કાંમકાજની હમને બીલકુલ ક નવાર નથી.

બીદાર—અરે મહને ૩ હજાર ગીની આવા વખત માં મલે !

મેહેરનોશ—પણ સાહેબ એટલું નાણું તહમે ઘણું જલદીથી પેદા કરી શકો એતો આખી દુનયાં જાણેછે.

બીદાર—સેહેલાઇથી પેદા કરી શકું ? હું પેદા કરી શકું ? માહારાં છોકરાં માહારા મુદઇ થઇ લાગાંછે અને મોટી મોટી તેમની વાતોથી અને આંધલા ખરચોથી કોઇ નાહેક માહારૂં ગલું કાપશે કે હુંતો શઘલો ગીનીનોજ બ નેલોછું.

મેહેરનોશ—સાહેબ હું શું આંધલા ખરચ ચલાઉંછ ?

બીદાર—એ સવાલ તું મહને પુછવાનો ફાંકો રાખે છ ? અરે આ તાહારી તોપીમાંનું એક પીછ તોડી વેચુંતો હાથ શોભી રેહે તેવું વરસાણ કોઇ આપે. ટુકમાં કહુંતો તું મહને લુટીને આવું ઉડાઉપણું ચલાવેછે.

મેહેરનોશ—સાહેબ તહમારી કે દાહાડે મેં ચોરી કીધી ?

બીદાર—ચોરી કરે નહીતો આટલો ખરચ કેમ નીભાવે ?

મેહેરનોશ—સાહેબ માહારી ઓલખના પયાસ છો કરાઓછે જે માહારા કરતાં સરસ ખરચ રાખેછે અને તો બી કોઇ તેમને પુછતું નથી. બાપને લુટયા વગર એવે ખરચે રેહેવાના આ શેહેરમાં બીજા ઘણા રસતા ઉંઘાડાછે.

બીદાર—તાહારા દગલા ઉપર મેલેલી આ સુંનાની ફીતની અગત શું છે ? અને તેબી વલી કોઇની વાપરેલી નહીં. માહારા દરજી પાસે આવયો હોત તો જે રકમ તેં એને માટે આપી તેમાં તુંહને અરધો દજન દગલા લઇ અપાવત. શું ઘરમાં ઉકરડો રાખેલોછે કે આવાં અતરો વાપડેછે ? એક અતરની સીસીમાં હું મહીના દાહાડાનું બ જાર લાંઉં. એ બેહુ એક મેકને નોશાની શું કરોછ ? કોણ પેહેલું ગજવું લુટે તેનીની ?

પારસા—સાહેબ એક ઘણીજ અગતની બીના હમે તહમને જણાવવા આવેલાં છઇએ અને કોણે પેહેલે બોલવું તે ઉપર હમને તકરાર થાયછે.

બીદાર—અને માહારે લગતી એક અગતની બીનાં તહમને જણાવવીછે. બેટા તુંહને ઘણી ઓરતો સાથે ઓ લખાણછે તેથી તાહારૂં મત હું જાણવા માંગુછું કે ફરંગીજ નામની એક જુવાન ઓરત વીશે તાહરો કેવો અભીપરાએછે.

મેહેરનોશ—ફીરંગીજ સાહેબ !

બીદાર—હા. તેને માટે તાહારો કેવો વીચાર.

મેહેરનોશ—કેવો વીચાર સાહેબ !

બીદાર—માહારા બોલ કેમ પાછા બોલયા કરેચ. હું તાહારો અભીપરાય માંગુછ.

મેહેરનોશ—સાહેબ, આ દુનીયામાં સરવેથી મનમોહન તેહેને હું ગણુંછું.

બીદાર—ઘરબાર સંભાલનારીતો એકીજછે નહી વારૂ ?

મેહેરનોશ—બેશક સાહેબ.

બીદાર—એક ચીજથી હું નાખુશછું અને તે એકે તેની પાસે જોઇતું ધન નથી.

મેહેરનોશ—અરે સાહેબ પેહેલે તેની ખુબીનો વીચાર કરો; અને પછી તેની દોલતનો. તેની ખુબી આગલ દોલત સું બીસાદ ધરાવેછે ? સાહેબ ખોદાને વાસતે તહમારો ઠરાવ ફેરવતા ના.

બીદાર—પણ જો તાહારો ખરચ કમતર કરી નાખેતો વગર રીતની ફીરંગીજનો વખતના સમામાં ખંગ વલે.

મેહેરનોશ—માહારા પેયારા બાવા માહારો સઘલો ખરચ તહમે કહો તેમ કમતી કરવા હું તઇયાર છું.

બીદાર—જીવતો રેહેજે બેટા ! તાહારી તાબેદારીથી માહારી છાતી ગજ ઉંચી થઇછે. એવી તાહારી કબુલાતેજ હું ફીરંગીજ સાથે પરણીસ.

મેહેરનોશ—શું તહમે ફીરંગીજને પરણવા માંગોછ ?

બીદાર—હા, ફીરંગીજને.

પારસા—કોણ, તહમે, તહમે, તહમે ?

બીદાર—હા, હું, હું, હું.

મેહેરનોશ—માહારી આંખે ચકર આવેછે તેથી હું રજા લઉંછું.

---

### દેખાવ ૭ મો—બીદાર અને પારસા.

બીદાર—બેટી માહારો ઠરાવ મેં જણાવયોછે. તાહારા ભાઇનું, હું, એક વીધવા માહારી નજરમાંછે તેની સાથે ઠીક કરીશ; અને તાહારો હાથ માહારી પેયારી આપણા પડોસી ફરેદુન સાથે મેલવી આપીસ.

પારસા—હું ફરેદુન સાથે પરણું !

બીદાર—તે ઘણો ડાહયોછે. હજુતો ૫૦ વરસની વયનોછે અને પાસે મોટી દોલતછે.

પારસા—પેયારા બાવા તહમે રાજી થતા હોવો તો ફરેદુન સાથે મહને ના પરણાવો.

બીદાર—પેયારી બેટી માહારી એવી મરજીછે કે તું ફરેદુન સાથેજ પરણે.

પારસા—માફ કરો પેયારા સાહેબ.

બીદાર—માફ કર પેયારી બાઇ.

પારસા—પરૂથવીના બાપો એકઠા મલે પણ હું એ બાબદમાં તાબે થનાર નથી.

બીદાર—કોઇ બાપે પોતાની બેટીને મોહોડેથી આવા બોલો સાંભલયા હોશે ?

પારસા—કોઈ બાપે પોતાની બેટીને આવી ફાંસમાં નાખવાની પેરવી કીધી હોસે ?

બીદાર—મહને વધારે બોલી કફા કરીશ નહી. હું કહુંછ તેમજ બનવું જોઈએ.

---

દેખાવ ૮ મો—બીદાર, કામગાર અને પારસા.

કામગાર—સાહેબ કેટલાક જણા બાહાર તહમારી રાહા જોતા ઉભાછે.

બીદાર—નાખ બધાને ચુલહામાં. આ છોકરીએ માહારૂં માંથું ફેરવી નાખ્યુંછે. પારસા હું જેમ કહુંછ તેમ પરણ નહીંતો———

કામગાર—માફ કરજો સાહેબ મહને વચમાં બોલવું પડેછે. બાઈ શાને વાસતે તમારા પીતાનો કોફ ખેંચી લ્યોછો ?

બીદાર—કામગાર તુંતો ઘણો ડાહયોછે. તું જ ઈનસાફ કર. આ છોકરી, જે માણસ પોતે એટલો તવંગર કે એને દોહેડવાની રીત વગર લેવા માગેછે તેનો હાથ છટકાવી મેલેછ.

કામગાર—રીત વગર ! બાઈ પુખત વીચાર કરો. ઓઅેલી એવી તક પાછી ફરતી નથી.

બીદાર—એમ વીચાર કર કે એથી તાહારા બાપને કેટલો થોડો બોજ ખમવો પડે.

પારસા—હા; પણ જેની સાથે જીંદગી કાહાડવી તે મહને પસંદ નહી પડેતો બને કેમ !

બીદાર—એક દોકડાની રીત નહી !

કામગાર—તેતો ઘણુંજ દરસત સાહેબ. પણ એવી બાબદમાં એકબીજાંની ઉમર અને મીજાજનો તોલ કરવો પડેછ.

બીદાર—એક દોકડાની રીત નહી !

કામગાર—ખરી વાત સાહેબ. તમારી તકરાર એવી મોતબરછે કે સામાંનું મોહોડું ઉઘડેજ નહી. પણ એવી બાબદમાં છોકરીનો વીચાર મા બાપ વખતે ધેયાનમાં લઇ શકે.

બીદાર—શું કુતરા નહી ભોસતાં ? હા કોઈ લુચો હીયાં કાલુ કરમ કરવા આવેછ. હું હમણા પાછો ફરીશ [જાયછે

કામગાર—માહારી વાહાલી પારસા, તાહારે ખાતર હું કેટલો દીલગીર છું તેનું કેમ બેયાન કરૂં ?

પારસા—દીલથી ફીકર દુર કર અને માહારા પકા ઠરાવ ઉપર ઇતબાર રાખજે. માહારો બાપ આપણું શુખ થોડો વખત શુધી અટકાવી શકે પણ આખી દુનયામાં કોઈથી તાહારી આશાને ધુલ મલાવી શકાનાર નથી.

કામગાર—ઓ દીલદાર પારસા !

બીદાર દાખલ થાયછે.

બીદાર—શુગર દાદગરના. અમસથી માહારા દીલની દેહેસત હતી.

કામગાર—બેટીએ બાપની તાબેદારીતો કરવી જોઇએ વરની ઉમર કે રંગ કે ધતમ ઉપર તેનીથી કાંઈ બોલાઈ શકાય નહી અને જાહારે કોડીની રીત વગર કોઈ તેને લેવા તઈયાર થાય તારેતો તેણીએ તરત હા ભણવી જોઈએ પછી વર ગમે એવો હોય. કારણ તેથી બાપને ઉગારો પુશકલ થાય.

બીદાર—શાબાશ ભયા કામગાર. ધન તાહારી અકલ ઉપર. એક પા પા ઘડી રોજ મેહેરનોશને તાહારી દાનાઈના દાખલા સીખવ. સાબાસ, સાબાસ. કામગાર સહમજાવ પારસાને કે એની સુધ ઠેકાણે આવે. હું આ બાહાર લોકો ઉભાછે તેમને ભેટી તરત પાછો ફરીસ. [જાયછે.

કામગાર—એકવાર ફરી આપણે એખલાં મલયાં. આ ઢોંગ હું લઈ બેઠોછું તે માનજે પારસા કે માહારાં ભીતરને વીંધી નાખેછે. ઓ પારસા ! કયારે તે દાહાડો આવે કે,

લગનનો પવીતર ને મુબારક ગાંઠ,
બાંધે આપણા બનેના મોહોબતી હાથ.

પારસા—જયાંહાં આવી ભેટે એકમેકનો પેયાર,
તયાંહાં થઇ પડે પઈસો પણ બાબાર.

---

## નહાનપણમાં પરણાવીયાથી કેળવણીમાં થતી ખલલ.

હું જારે ઈસકોલમાં જતો હતો, હજુરતો હું ઘણો નાદાન હતો, મારી ઊમર માતરે ૧૨ વરસની હતી તે વખતે મારી સાથે મારેથી જરા વધારે ઊમરે પુગેલા ૧ અથવા ૧૯ વરસના છોકરાઓ એકજ વરગમાં સીખતા હતા. મને પકી ઈયાદછે કે હું અને મારા જેટલાજ નાહાના છોકરાઓ પેલા મોટા છોકરાઓ કરતાં વરગમાં ઊપર નંબર રાખતા હતા. એ વામાં હમુને ખબર પડી કે એક છોકરો જેને હમે દાકા લશુસને નામે ચીડવતા હતા તેને તાંહાં એક છોકરાનો જનમ થયો, એ ઊપરથી હમે તેની વધારે મશકરી કરવા લાગા હમે એમ ચીડવતા હતા કે " જા જા, હવે તુ બચાંનો બાપ થયો, હવે હમારા જેવા બચાં સાથે સીખીયા કરશે કે, જા હવે કાંઇ ચાકરી સોધ." એ બોલથી તે બીચારા ઊપર એવીતો અસર થઇ કે થોડા દાહાડામાં તેણે ઈસકોલમાં આવવાનું મુકી દીધું, અને હમે સાંભલીયું કે તે કેવે દશ રૂપીયાની ઊઘરાણીની ચાકરીએ રહયો. એ પછી એજ પરમાણે બીજા બે તરણ છોકરાઓ એજ કારણને લીધે ઊઠી ગયા. એજ વખતે મારી સાથે કેટલાએક માતબરના છોકરાઓ હતા, પણ તેઓ એટલાતો લાડકા અને તે સાથે એટલાતો ડબક અને એટલાતો નાજુક હતા અને પોતાના કપડાંની અને ચેહેરાની એટલીતો નકસી કરતા હતા કે તેઓ હમારી જેસતી, રમતમાં ભાગ લેવાના ન હતા અને તેથી હમે તે

ઓને "છોકરીબાઈ", કરીને ચીડવતા હતા. હું ધારૂંછું કે તેઓને હમારા જેવા ગરીબ છોકરાઓની સોબતી પસંદ હતીજ નહી, અને તેઓ પાંચ અને દશ રૂપીયાના મોટા પગાર આપીને ખાનગી ઈસકોલોમાં જતા રહેયા. જારે હું પેહલા વરગમાં ગયો તારે મારી ઊમર ૧૬ વરસની હતી અને ઈસકોલમાં મારી સાથે દાખલ થયેલા નજદીક ૪૦ છોકરાઓ માહેથી એ વખતે મારી સાથે માતરે તરણ છોકરા જોયામાં આવતા હતા; દાખલ થયેલા માહેનો મોટો ભાગ ઊઠી ગયો હતો અને થોડા મારેથી સીખવામાં પછાત રહી ગયા હતા. આજ મારી ઊમર ૩૦ ની થઈછે અને જારે હું તે વખતનો વીચાર કરૂંછું તારે મારા મનમાં તરેહવાર વીચારો ઊતપણ થાયેછે; અને કેટલીએક બાબદો સમજીને હું શુકરાના કરૂછું કે જો મારા મા બાપ પણ બીજાઓની માફક ભુલ કરીને મને નાહાન પણથી પરણાવતે અથવા જો તેઓ કદાચ માતબર હોતે અને મને લાડમાં ઊધારતે અને મારી કેળવણી પછવાડે થોડું અથવા કાંઇ પણ ધીયાન આપતે નહીતો આજે મારા હાલ જુદાજ થતે; વખતસર પઈસા મલતે, પણ હાલ જે કેળવણીથી મારામાં જે હરખ ઊતપણ થાયેછે તેથી હું તદન બેનસીબ રેહતે. પઈસાથી માતબરનો હરખ સમાઈ શકતો નથી, પણ જે હરખ ગરીબને કેળવણીથી મલેછે તેની આગલ એ હરખ કુચ નથી. આજે મને એવું લાગેછે કે, દર સેંકડે ઓછામાં ઓછા ૧૦ છોકરાઓ નાહાનપણમાં જારે હજુરતો કેળવણી લેવાની શીરૂઆત થાયેછે તેવામાં બચાંના બાપ થઇ નીકલીયાથી તેઓની કેળવણીમાં ખલલ થઈ પડેછે.

જારે હું પંદર વરસનો હતો તારે પેહલ વેહલાં છોકરીઓની નીશાલો સથાપવામાં આવી; તારે હું મનમાં વીચાર કરતો હતો કે રખેને છોકરીઓ સીખી જાયે અને તેઓ પોતાના વગર કેલવાયેલા ભરતાર તરફ ધીકારની નજરે જુવે. પણ થોડી મુદતમાં મને માલમ પડીકે છોકરીઓને કેલવણી જેવું કાંઇ મલતું નથી, પણ એટલો ફાયેદો થયો કે તેઓ ધોબીનો વાગો અને કલઈગરનો કલઈનો હીસાબ ગણવા સીખીયાં, બાકીનું કાંઈપણ સીખેલું સઘલું પાણીમાં ગયું. અને તેનું કારણ જલદીથી સમજ પડીયું કે છોકરો દશ વરસની થઇ એટલે તેને નીશાલેથી ઊથાડી લેવામાં આવતી હતી, અને ઘરમાં સારી પેહરાવીને ઘરબારનું કામકાજ, રાંધવું સીધવું એ પછવાડે માએ પોતાની છોકરીને કેલવણી આપવા મંડી જતી હતી, અને એમ કેહતી કે હવે સાસરે જવાનો વખત આવયો-અને હજુરતો રાંધવા સીધવા જાણતી નહી. આજે પણ એથી કાંઇ હાલત વધારે સુધરી હોયે એવું મને લાગતું નથી. ઈસકોલમાં છોકરીઓ વધારે જાએછે ખરી પણ કોઈપણ દશ વરસથી ઊપરની માલમ પડતી નથી, અને જારે એ છોકરીઓ ભાગું તુટું સીખીને ઊઠી જાયેછે અને પોતાની માએને તથા કાકી, ફુઈને વગર સીખેલી જુવેછે અને તેઓને વાંચતાં લખતાં નથી આવડતું એવું જોઈને મનમાં પોતા વીશે મોટો વીચાર લેઈ જાયેછે; તેઓ વીશે હલકુ મત બાંધેછે, શેયણી પોતે જછે એમ સમજેછે અને હઠીલી કજીઆખોર થવા સીખેછે. ઘરબારનું કામ કરવું, રાંધવું સીધવું એ હલકુ કામ સમજેછે. એ પરમાણે અધુરો કેલવણી લેઈને એક છાલકી છોકરી બનેછે અને તેનું કારણ પણ એજછે કે હજુરતો છોકરો કેલવણી લેવાની ઊમરે પુગેછે એટલામાં માબાપ ઈસકોલમાંથી તેને ઊઠાડી લેછે.

પણ માબાપનો વાંક શું કરવા કાહાડીએ. હજુર લગી ઈસકોલો ઘણાજ હલકા પાયા ઊપરછે. જાંહાંસુધી ઓરતો સીક્ષકો થાએ નહી (જે વીશે હાલ સીરૂઆત થવા માંડીછે) તાંહાંસુધી એ વીશેની આશા રાખવી તદન નકામીછે, પણ માબાપોએ પોતાની છોકરીઓને કેલવણી આપવાની પોતે જાતે કોશશ કરવી જોઈએ એક ટોલી ઊપર સઘલું કામ માથે નાખવું અને તેઓ ઊપરજ હમેશાં આશા બાંધવી ખોટીછે.

એટલા માટે કેલવણીમાં જે આજે ખલલ પડેછે, છોકરાઓ હજુરતો કેલવણી શુંછે તે સમજતા નથી એટલામાં બાપ થઈ નીકલેછે, અને છોકરીને હજુરતો ઈસકોલમાં મુકવાનો વખત આવેછે તેટલામાં મોહોટી ખઈરી થઇ અથવા સાસરે જવાનો વખત આવીયો, એનો અટકાવ કરવાને માટે મા બાપની પેહલી ફરજ એછે કે પોતાનાં બચાંને પુરતી ઊમર થાએ નહી તાંહાં લગી કદી પણ પરણાવવાનો ખેયાલ કરવો નહી. ઘણીવાર પરણેલા છોકરો ઈસકોલમાં કાંઈ સીખતો નથી અને તે હમેશાં બેઠકમાં ખપેછે, વગર પરણેલા છોકરાઓ ચંચલ હોયછે. એજ બાબદ કહી શકેછે કે કુમલી ઊમરમાં પરણાવવાથી મન ઊપર કેટલી ખરાબ અસર થા

એંછે. ઈંગરેજ લોકો પોતાના બચાંને પરણાંવવાની પછી તે છોકરી કે છોકરો હોયે, તેની કાંઈપણ આતુરતા રાખતાં નથી, તેમાં છોકરાનીતો કાંઈપણ પરવાહ તેઓને હોતીજ નહી. છોકરી ૧૬ વરસની થાએછે તાંહાંસુધી પરણવાનો પવીતર ગાંઠ શુંછે તે સમજતી નથી. ઈંગરેજ લોકો પોતાના છોકરા અથવા છોકરીને મારે જોડું સોધવા જતાં નથી. એ બાબદ છોકરા અથવા છોકરીને પોતાની પસંદગી ઊપર રાખીયુંછે, અને તેઓ જારે પોતાનો સાથી પસંદ કરેછે તારે તેની ખબર પોતાના માબાપને આપીયા વગર પરણતાં નથી, જો મા બાપને સામણેના શખસ વીશે વાંધો હોયે છેતો તે પોતાના છોકરાંને આગલથી સમજાવેછે અને તેથી હમેશાં જોડું મા બાપને પસંદ પડતું, તેમ એક મેકને ગમતું બનેછે. ઈંગરેજ લોકોમાં જાંહાંસુધી છોકરો પોતાનું ગુજરાણ પોતે કરી શકેછે અને બાપ ઊપર આધાર રાખતો નથી તાંહાંસુધી પરણવાનો વીચાર કરતો નથી. ૧૪ વરસની છોકરી ઈંગરેજ લોકોમાં હજુરતો બચુંછે એમ ગણાયેછે અને ૧૬ વરસ પછી તેને પરણવાનો વીચાર આવેછે. એવી રીતે ઊમરે પુગીને પરણવાથી છોકરાને તથા છોકરીને બેઊને કેલવણી લેવાનું બની આવેછે, આપણા લોકોમાં બચાંને પરણાવવું એક પુનનું કામ સમજેછે અને જેમ જલદીથી પરણાવવું તેમ મોટી બડાઈ અને ભલાઇ સમજેછે તેમાં મુખીય છોકરીને નાહાનપણથીજ પરણાવી દેછે, કાંએકે મોટી થયા પછી તેનો ઊઠાવ થવો ભારી પડેછે. જો છોકરી ખુબસુરત હોયેછે તો માબાપ જરા ઠીક ઘર જોવાને મારે વીલમ લગાડેછે, પણ જો કમનસીબે છોકરી સાંમરી હોયેછે તો પછી જેમ તેમ તેને બચપણમાં હોમાવી દેછે. છોકરો કારો હોયે ઇયા ગોરો હોયે પણ તેને મારે ગોરી છોકરી સોધવા મંડી જાયેછે. વલી જો મા બાપ એવો ઠેરાવ કરે કે જાંહાંસુધી છોકરો પોતે જાતે કમાતો થાયે નહી અને પોતાની બાયડી અને હવે પછી થતાં બચાંઓનું પાલણ પોશણ કરવાને શકતીવાન હોયે નહી, તાંહાં લગી તેની સાથે પોતાની છોકરીને લગનમાં આપવી નહી, તો પછી પોતાની મેલેજ નાહાનપણમાં થતાં લગન દુર થઇ જાયે અને છોકરા તથા છોકરીને કેળવણી લેવાનુ બની આવે.

## બોનચરચમો મેહેતાજી.

ઈંગલંડની દક્ષીણે ઈંગલીશ ચાનલ નામની ખાડીમાં આઈલ આવ વાઈટ નાંમનું એક રમનય ટાપુ આવેલુંછે, એ ટાપુમાં બોનચરચ નામનું એક સુંદર ગામડું વસેલુંછે, એ ગાંમડામાં એક મેહેતાજી રેહેતો હતો જે છોકરાઓને ભણાવતો હતો અને પોતાને તયાંજ રાખતો હતો. ઈંગલંડમાંની નીશાલોમાં ઘણુ કરીને છોકરાઓ જાયુક રેહેછે અને વરસમાં ચોકસ મુદત સુધીજ પોતાના મા બાપને તયાંહાં જાયછે, એવી નીશાલોને "બોરડીંગ સકુલ" ને નાંમથી ઓલખેછે, ઉપલા મેહેતાજીની પણ "બોરડીંગ સકુલ" હતી. આપણા મેહેતાજી જેઓ છોકરાઓને માતર આકના પાશ સહવારથી સાંજ સુધી સીખવવામાંજ કેળવણી સમજેછે, તે વરગમાંનો આ મેતાજી ન હતો, તે ઘણો ભણેલો અને ઉતમ કેળવણી પામેલો સખસ હતો, છોકરાઓની મનશકતીજ સુધારવી એટલુંજ આ મેહેતાજી કરી છુટદો ન હતો, પણ તે તેમને નીતીના ધડા તથા બોધ નીતય રોજ આંપતો હતો, તે છોકરાઓને ધરમની કેળવણી આપતો હતો અને તેની નેમ એટલીજ હતી કે તેમને પાછલી જીંદગીમાબનતું સુખ મલે એટલી કેળવણી તથા નીતી આપવી.

કોઈ ચંચલ અને કોઈ ઠોઠ હોય તેમ આ મેહેતાજી દરેક છોકરા સાથે વધુ ઓછુ માથું ફોડતો હતો, પણ તેનો એક નીશાલીઓ હતો જે ઘણો ચંચલ હોવા છતાં ભણવા ઉપર મુતલગ લક્ષ દેતો ન હતો, તે મસતી તુફાનનુંજ ધરાક હતું અને તેની ચાલથી તેના ભલા શીક્ષકને બહુ ખેદ થતો હતો કે આગલ ચાલતાં હેનું થયેશું ? તે મા બાપ વગરનો હતો અને કાકાને આશરે પડેલો હતો.

એક દાહાડે મેહેતાજીએ દમ ભરાવીને તેને કહ્યુંકે, હેરી માહારી સાંમુ જો ?

હેરીએ હસવા સરીખો મોહોડાનો આકાર કરી મેહેતાજી સાંમુ જોયું.

"હેરી બોનર ગઈ રાતરે તું ખેડુત ઉવાટસનના સેફલો ચોરતોતોની" ?

"મેહેતાજી શાહેબ હું"

તે હેવી લઢણમાં બોલયો કે આખો વરગ હસી પડયો. મેહેતાજીએ ભવાં ચહડાવી કહ્યુંકે,

"હા તુંજ તુંજ જો બચા હેરો આવે વારે જો પડસે તો તાહારો કેહેવો અંત આવસે તેની મહને સમજ પડતી નથી."

"સારોજ આવશે શાહેબ."

મેહેતાજીએ ચાંમડાંનો કોરડો મંગાવયો અને હુકમ કરયો કે,

"હેરી હાથ બાહાર કાહાડ."

"નહી શાહેબ માફ કરો તસદી પડસે."

"કાહાડ હાથ બાહાર."

"જો શાહેબ તહમને રુમાં ફાંયદો નહી હોયતો આ મસયડી મેહેનત શી લીઓછો."

"હેરી હું કહુંછું તે કોકર ?"

"હેરીએ હાથ બાહાર કાહાડીઓ અને મેહેતાજીએ જપાટા લીધા."

"મેહેતાજી મરી ગચ્યોરે, મેતાજી મરી ગચ્યોરે, એવો પુકારો કરી ધુનતો ધુનતો તે બાનટ ઉપર જઈ બેઠો, જેથી પાછો સઘલો વરગ હસી પડયો."

નીશાલનો વખત પુરો થયા પછે મેહેતાજી પોતાની એક દુખપારી બેહેન જે દરદના સબબથી સારો દીવસ એક ખુરશી ઉપરજ પડી રહી સીવયા કરતી હતી તેની આગલ બોલયો કે "હેરી સરખા છોકરાને રાહા ઉપર લાવવાનો એ ઉપાય નથી પણ તાહારે હેને ઠેકાંણે લાવવા હું કરૂ શું! તે હેવોતો ઝીંઢાછે કે દરેક જણ તેને વાસતે અતીયારથી મત બાધેછે કે તે કેહેવો નીવડસે શીક્ષાની તે દરકાર રાખતો નથી. ફટકા લગાઉ છું હેવી રીતે કે મહને મારતાં બાચકો લાગેછે તે એ ધુત્રની માફક પખોડી નાખેછે. તેની પાસે મસકરીનો એટલોતો ખજાનોછે કે ઈંગલંડના સઘલા મસકેરા છોકરાઓને તે પુરતી રીતે આપતાં પોતે ખુટે નહી. આ ગામડાના દરેક માંડવાની ભેટ તેણે લીધી હોશે, ચોરીને વાસતે નહી પણ એક લોકટ કાંમ બજાવવું તેવા વીચારથી તે હાવી લુટફાંટ કરતો ફરેછે"

મેતાજીની બેહેન બોલી કે "તહમારા કોરડાથી કાંઈ અસર થવાની નથી"

"તાહારે સાથી થાય."

"દયા, ધીરજ, સીખામણ અને વખતથી."

"શું હેવુંછે કે તે જાણતો નથી કે હેના કાકાને સાંમા પઈશા આપી હેને માહારી નીશાલે લઈ આવયોછું અને દર સહવારે માહારા બાગમાંથી તેને તાહાહો મીઠો રાખવા ભાજી તરકારી મોકલુંછું?

"હેરી જાણેછ કે તહમે તેના ખરાજ ખેરખાછેઓ પણ તહમારા શો ફટકા કરતાં એક પીઆરના બોલનો વધારે તોલ કરેછે, તેના કાકાના ઘરમાં પીઆર જેવી ચીજથી તે બેનશીબછે."

"તહમે કોહોય તે ખરૂછે એ વાત માહારા ધયાંનમાં ઉતરેછે."

તેવણે કહ્યું કે અરે માહારા બેટા આટલી ચાલાકી મસતી તુફાન ઉપર ફેંકી દેવાને તહને કેમ ગમેછે?"

હેરી સરમાઈ જઈ લાલ લાલ થઈ ગયો, તેની આંખોમાં આંસુ ભરાઈ આવયાં, તે બોલવા જતો હતો પણ અટકી ગયો અને તરત પીઠ ફેરવી પોતાના લખોટીએ અને બીજા મસતીખોરા છોકરાના સાંમનથી ભરેલાં ગજવામાં હાથ ઘાલી તે ચાલતો થયો. એક તલાવ આગલ જારે તે આવી પોહોતો તારે તેને આસપાસ ફરી જોયું અને કોઈની નજર એક નહી થવાથી તેણે પોતાનું ગજવું તલાવને સપુરદ કરયું. "હવે હું દેખાડુંચ માહારા મેહેતાજીને ને શઘલાંને કે હું શું બજાલાવવાને શામરથવાંનછું. હું ૧૩ વરસનો થઓ અને હવે ટુંક વખતમાં માનશાઈમા આવીશ અને મેહેતાજી કેહેચ કે હું હુશીઆરછું તે હવે હું માહારી અકલનો ઉપઓગ કરૂં."

તે મન શાથે વાત કરતો આગલ ચાલયો અને તરત હુભો રહી વીચાર કરવા લાગો કે "મહને માહારો કાકો શાને માટે ધીકારેચ તે હું જાંણવા માગુચ? મેં હેને શું ખરાબ કીધું? મહને શાંને વાસતે તે મારેચ? હા જો માહારી પાશે પઈશા હોય?"

હવે પોતાને ઘર જાઈ લાગો, કાકાના ચુહલા આગલ પપેટાની છાલ અને તમામ કચરો પડેલો હતો જે જગાએથી તે આવયો તેની પોતાના કાકાના ઘર સાથે મુકાબલો કરવા બેઠો, તાહારે તેને ધીકાર ઉતપન થઓ. વલી તેના મેતાજીની દુખી પણ સુઘડ બેહેનને જોઈ પોતાની ફુવડ કાકી જે ચીથરેહાલ બેઠેલી હતી તેને જોઈ તે મરાપો કરવા લાગો. પોતાની ચલગત સુધારવાની હોશ હેરીની છાતીમા ઉછલવા લાગી. તેણે પોતાની કાકીને કહ્યું કે,

"કાકી મહને થોડા પઈશા ધીરશો."

"પઈશા! શું કરવા તુંહને પઈશા જોઈએ?"

"તેહની તહમે દરકાર કરોના, જો એક દાહાડે તહમને હું ચારઘણા મેલવી આપીશ."

પછવાડેથી હેરીને જે એક મુકી પડી તેથી તે દેવાલ ઉપર જઈ અઠડાઓ. તેનો છાકટો કાકો જે એક લુહવાર હતો તે બીજી મુકી તઈયાર કરી તેની શામુ ઉભો હતો.

"લે બચા આએ પઈશા" એમં બોલી તેણે લાત મુકીથી [illegible] નાખયો.

એક બપોરે હેરી બોનર ચોપડી સલેટને તેને વગે મે
ાં આ જહારે સઘલા તેના સોબતીઓ પાઠ વાંચતા હતા તા
ા કિળવણીએ ઉભો રહી સાંમે કાંઠે એક મનવાર ઉભી હતી
બાપ થઈ નીકલીે તે જોતો હતો, કારણ હેરીએ સાંભલેલું હ
ઈ પડેછે. ે ઈંગલંડને જે જઘડો ઉભો થઓ
અને ઓ

જારે હું પંદર વરસનો હતો તારે પેહેલ વહેલાં છોકરીઓની નીશાલો સથાપવામાં આવી; તારે હું મનમાં વીચાર કરતો હતો કે રખેને છોકરીઓ સીખી જાયે અને તેઓ પોતાના વગર કેલવાયેલા ભરતાર તરફ ધીકારની નજરે જુવે. પણ થોડી મુદતમાં મને માલમ પડીકેં કે છોકરીઓને કેલવણી જેવું કાંઈ મલતું નથી, પણ એટલો ફાયેદો થયો કે તેઓ ધોબીનો વાગો અને કલઈગરની લક્ષણનો હીસાબ ગણવા સીખીયાં, બાકીનું કાંઈપણ સીખેલું સઘલું પાણીમાં ગયું. અને તેનું કારણ જલદીથી સમજ પડીયું કે છોકરી દશ વરસની થઈ એટલે તેને નીશાલેથી ઊથાડી લેવામાં

છોકરાઓ હજુરતોાની વચોવચ આવી ઉભો અને હીમત
ટલામાં બાપ થઈ નીકુરા બાપના મોહોત પાછી તમે માહા
ણ શેતમ ગજારયોછે, મેં તહમાર ક
સકોલમાં મુકવાનો વખત ને હવે વધારે વાર તહમારો જુવ
ઈરી થઈ અથવા સાસરે જ
અટકાવ કરવાને માટે મા બાલઈ હેરી આગલ જુમાવી કહુ
કે પોતાનાં બચાંને પુરતી ઊમરે નહી; તેથી તહમારી તકેદ
કદી પણ પરણાવવાનો ખેયાલ
પરણેલો છોકરો ઈસકોલમાં કાંઈ; કાંતો તાહારા બદનનુ દ
હમેશાં બોઠડમાં ખપેછે, વગર ૫
ચલ હોયછે. એજ બાબદ કહ્યું બનનાર નથી." એમ બોલી લુહાર હેરી
માં પરણાવવાથી મન ઊપર ચાવ કીધો અને કાકા ભત

રીજા હાથોહાથ થઈ ગયા. પણ હેવામાં મેતાજી દાખલ થયા. મેતાજીના મરતબાંથીજ ડબાઈને બેહુ જણે એક બેકને છોડયા. મેતાજી બોલયા કે "આ જોઈને હું દલગીરછું; આરે શી બીનાંછે ?"

લુહાર કાંઈ બરખડયો અને તેની ઓરતે તેના હાથમાંથી લાકડી છીણવી લીધી.

તે ઓરત બોલી કે "એઓ હમેશ કંકાશ કરેછ."

હેરી બોલયો "હેમાં માહારી શું તકશીર ! પણ મેતાજી શાહેબ હેનો કશો અંદેશો તહમને કરવો નહી. તહમે માહારા શાગ્રા મીતર છેઓ પણ આ કંગાળને માહારા જીતરથી ધીકકોરૂંછું અને આજ પછી હેનું હું પેટમાં અન લેનાર નથી ઈયા હેનું મોહોડું જોનાર નથી."

એક પલવારમાં હેરી બાહાર જતો રહો.

થોડા કલાક પછી મેતાજી ઘર આવયા અને આવતાંનેવાર ચાંમડાંનો કોરડો આતશમાં મેલી દીધો. તેની બેન હશી પણ એક શબદ બોલી નહી. મેતાજીએ બેન આગલ શઘલી હકીગત કહી અને હેરીએ જે છેલલા શબદો ઓચરયા હતા તેથી તેની શલામતી વાસતે ધાસતી દેખાડી અને એ ધાસતી દીન ઉપર દીન વધતી ગઈ જાહારે ગામડાંમાં શોહોર મચી રહો કે હેરી ઓનરનો પટટો હાથ લાગતો નથી.

શઘલે શોધાશોધ થઈ, કુવા તલાવ અને નાલાંઓમાં ગલ જઈ પડયા. તે કાંપાંહ ગઓ હશે ! એ શવાલ રહો, જેની પાસે ફુટી બદાંમ નહી, બદન ઉપર હોય તે વગર પોશાક નહી, પેટમાં જે અન હોય તે વગર ખોરાક નહી, પોતાના જીવ વગર બીજો કોઈ પોતાનો દોસત નહી, તેવા છોકરાનું થાય શું ?

હેરીના કાકાની બોલ બંધ પડી પણ ભલા મેહેતાજી નીતય રોજ થોડો વખત તેની શોધમાં ફરતા. અંતે તેવણે પણ આશા છોડી કે હેરી કેથે ઠાર થયો.

વીસ વરસ ઓન ચરચ ઉપર ફરી ગયાં અને હેરીની ઈયાદ ભલા મેહેતાજી વગર શઘલાના મનમાંથી ગુંમ થઈ.

લુહાર એ શમાંમાં દારૂના વયશનમાં મરણ પાંમમો અને કોઈએ હેવા માંણુસની હાય દાય કીધી નહી. મેહેતાજીના બેહેન પણ મરણ પાંમયાં અને હેરીના ઘણાક નીશાલના દોશતો પણ વગેવગ થઈ ગયા. સઘલું બદલાઈ ગયું પણ મેહેતાજી તેજ જીહુપડાંમાં હજી પોતાની નીશાળ ભણાવતા હતા. બુઢી અવસથા અને નાતવાંનીથી તેવણ મેહેનતને આપોગય થતા હતા, અને મુશકેલીથી ગુજરાંન જોગુ પેદા કરતા હતા.

પોતાની ભતંગ અને દુરબળ અવસથાનો અને પોતાની મરનાર બેહેનનો વીચાર કરતાં એક શાંજે શુરીઅ અશત પાંમતો હતો તે વેલા દરયા કીનારા તરફ નજર કરી મેહેતાજી પોતાની બારીએ ઉભા હતા. તેવણુની નજરે હેવામાં એક ગંજાવર મનવાર પડી જે બારાંમાં લંગડવાર થઈ હતી. મેહેતાજીને તરત હેરી ઓનરની વાત ઈયાદ આવી કે વીસ વરસની વાત ઉપર આજ બારીએથી આવી એક મનવાર જોતાં મેં તે ચપલ પણ કમનશીબ છોકરાને જોયો હતો. ઘણોવાર સુધી તે વાંહાંણ તરફ તેણે જોયા કીધું જયાંહસુધી અંધારાંએ તેની આંખો આગળ પરદો ધરયો અને પવનનો વરોલીયો એકાએક નીકળી આવયો જેથી તેને બારી બંધ કરવાની ફરજ પડી પણ પીઠ ફેરવીને પાછો ફરે એટલાંમાં મેહેતાજીએ જે બાંકડ ઉપર બેસી હેરી ઓનરે પોતાનો બેવડો પાઠ તરત કરી આપયો હતો તેજ જગોએ એક માંણસનો આકાર જોયો. અંધારૂં હતું તેથી તેનો ચેહેરો બરાબર દેખાયો નહી. બુઢી અવસથાથી મેતાજી ઘણા દુરબલ થઈ ગયા હતા તેથી આવે સમે આ આકાર જોઈ તેવણ ચીંતાતુર થયા અને પુછયું કે "હઈયાં કોણ બેઠુંછે" ?

સાંમેથી જવાબ વલયોજે "એતો હું છું હેરી ઓનર."

એવામાં વીજલીનો ચમકાટ થયો અને મેહેતાજીએ એક દરયા વરઘી ખાતાનો અમલદાર જોયો જેની છાતી ઉપર જીહરાબંધ ચાંદો ચલકતા હતા જેથી તેની મોટી પદવી માલમ પડતી હતી.

પાછું અંધારૂ થઈ ગયું અને ઉપલા અમલદારે ઘણા જ હેતથી મેહેતાજીનો હાથ દાબયો અને પછી બેઉ જણા મુંગા મુંગા ઉઠી નીશાલમાંથી જીહુપડામાં ગયા.

મેહેતાજી ઘણાજ ઘબરાઈ ગયા હતા. જીહુપડીમાં જઈ ઘણા ધેયાનથી તેવણે તે અમલદારનો ચેહેરો જોયો અને જોકે સુરજનાં અમલથી અને લડાઈનાં ઘાહથી તે બદલાઈ ગયો હતો તોપણ પોતાના આગલા નીશાલીયાના ચેહેરાનો છાપ તે ઉપર દીઠો.

તે અમલદાર ફરી મેહેતાજીનો હાથ મજબુત ધરી બોલયો કે "માહારા વાહાલા અને બુજરોગ મેહેતાજી સાહેબ." મેતાજી એક બોલ પણ બોલી શકયા નહી. એટલું તેમનું રૂહદય ધાઈ આવયું હતું. હેરીએ મેહેતાજીને જે ખુરશીમાં તેવણનાં બેહેન બેસતાં હતાં તેહમાંજ બેસાડયા.

મેહેતાજી માથું ધુનાવી દીલગીર અવાજે બોલયા કે "તેવણ હીયાં નથી. છેલલે સુધી તેવણે કહું કે કોઈ દાહાડે તહમારો હેરી તમને મલશે પણ તે દેખાવ જોવાને તેવણ હઈયાત રહયાં નહી."

"શું તારે તેવણ ગુજરી ગયા ?"

"હા."

થોડોવાર પછી મેહેતાજી બોલયા કે "પણ બેટા આટલાં વરસ તું સા વાસતે છુપાઈ રહો ?"

"આગલ ગુમાવેલા વખતનો બંગ વાલવા હું પડયો હતો. દીલના ચીડરાં ઉનારી આ પેહેડવાંને હું યતન કરતો હતો." એમ કહી તેણે પોતાની ખાંધ ઉપરનો સુનેરી શણગાર તથા છાતી ઉપર જીવતા ચાંદને હીલવયા— "અને આ એકઠું કરવા પડયો હતો"—પોતાની સુનેરી સીકાઓથી ભરેલી કોઠલી હીલવીને—"કે વાકડી અને મંમરપટા ઉપર વેર લઉં અને તમ સરખા માહારા બુજરોગ મુરબીના પાછલા દાહાડા શુખેતાથી કરી શકું.

"તહમે અજાયબ પાઓ તેમાં જવાઈ નથી. હું પોતે અજાયબ થાઉંછું ! પણ એ શઘલું તહમારાં પુનથી, તહમારી સાચી સલાહ—મહને શુધારવાની તહમારી કોશેશ—મારી મનશકતીની તહમે કીધેલી વખાણ—માહારી ઘાટકી ચાલ ઉપર કીધેલો બોધ—સઘલું માહારા જીગરવેર ગયું અ

ને દરયાની નોકરી કરી મારી જીંદગી સુધારવાની ઉલટ માહારામાં ઉતપન થઈ. બારીએથી મેં જોયલી મનવાર અને માહારા કાકાએ મહને છેલલો મારેલો માર એ બે ચીજથી માહારો ઠેરાવ પકકો થયો. હું લાગલો કાંઠે દોરયો માહારી વાત મેં એક ખલાશીને જાહેર કીધી અને એક ચાકર દાખલ હું નોકરી રહયો. વાંહાંણ ઉપડી ગયું, વફાદારીથી માહારૂં કાંમ હું બજાવા લાગયો, કદમ કદમ હું વધયો, ઘણી લડાઈઓ મેં જોઈ, અને જે મનવાર તહમે આજ શાંજે તહમારી બારીએથી જોઈ તે મનવારનો શેનાપતી થવા હું પાંમયોછે."

મેહેતાજી બોલયા કે "વાહાલા હેરી હું આશા રાખું છું જે જે કીરતારે આવા સંકટમાંથી તહને ઉગારયોછે તેનો પુરતો આભાર માંનેછે."

"હા અલબત; વારૂં માહારો કાકો હજી જીવેછે?"

"તાહારાં કાકા કાકી બેહુ પંદર વરશ થયાં મરણ પાંમયાંછે."

"હું દીલગીરછું, તેમની અને માહારી બેઉની તકદીરો ઉપર શાથે બેશી વીચાર કરવાની ટક મળતેતો હું ખુશી થતો તેઓને મારે કાંઇ કરતેતો મહને હરખ થતે અને જે શબદો તેઓએ મહને વાપડીયાછે તે પાછા ખેંચતાં શાંભળી હું શંતોશ પાંમતે. જાહારે આ ગામડામાં પાછો આવયો તાંહારે મહને બહુ આનંદ થયો. હું તહમને જીવતા હોવાતો જોવાને એટલો ખંતી હતો કે કેયે શબર કરયા વગર હીંયા દોડતો આવયો અને માહારૂં વાંહાંણ જોતાં મેં તહને દીઠા."

"હેરીની બદી ગુમ થઈ ગઈ પણ તેનુ દીલ તું તાહારીજ શાથે લાવયોછે."

"તહમારાં શુખ અને તંદરોશતી માટે પઇશો જે પે[illegible] કરે તે માહારા વાહાલા આ ઘડીથી તહમને હું હાજ[illegible] કરવા તઈયારછું!"

આવી ભેટ પુરી થઈ. મેહેતાજી અને નીશાલયો પાછા મળયા.

"જો બચા હેરી આવે વારે પડશેતો તાહારો કેવો અંત આવશે તેની મહને શમજ પડતી નથી."

"શારોજ આવશે શાહેબ."

નાહાનપણમાં બોલાયલા આ શબદો પાછા તાજા થયા અને મેહેતાજી શંતોશ પાંમયા કે અંતે હેરીજ ખરો પડયો.

## આપણી ફરજ.

ઓ બેહેશતી બાપ, શરૂશટીના શરજનાર, અને દરેક જીવતા પરાંણીનું સંરક્ષણ કરનાર તાહારો દબદબો કેહેવો મોહોટોછે! માણસની આંખોને કેટલી અજાએબીઓ તું ઊઘાડી પાડેછે! તાહારા હાથે આકાશ બનાવયુંછે અને તેમાં સેતારાને ગોઠવયાછે. ખુદરતને શજીવંન કરતાં અને ભરબપોરે પુરતેજથી પરકાશી સરવને ચકચકીત કરતાં સુરયને આજ જોઉં છું; પણ કદાચ કાલનો પોહોર ફાટયા આગમચ આ મેદાન અને આ લીલોતરી અને આ પક્ષીઓના સુંદર ગાયન આગલથી હું ગુમ થઈશ; હું સમજુછું કે જમ એક દાહાડે મહને ઘસડી જશે, ખેતરના ઘાસ માફક મારૂં જોર કુમલાશે અને સુકાં પાંદડાંની માફક કરમાઈ પડશે. આપણામાં સરવેથી જોરેમંદ જાંણતો નથી કે તે ડરાંમનું તેડું કયારે આવશે કે **આદમ પાછો ખાખ થઈજા!**

જયારે ઘોરની અંદર શુઈશું કે જયાં અંધારૂં અને શાંતી બેહુ રાજ કરેછે, અને જારે આપણા એક વખત શોભીતાં સરીરનો પક્ષી અને જીવડાઓ ભક્ષ કરશે તયારે કેટલો દુનયાઈ ખજાંનો આપણી શાથે રેહેશે? સઘલી આપણી ખાયશો પુરી પડી હોય અને શુખનું પયાલું જીંદગી તુલીક ઊભાઈ ગયું હોય તોયપણ શું તે આપણાથી દુર થવાનો નથી?

કેવી સરતાપા સુરખાઈછે કે દુનયાની ફના થતી ચીજોને વલગી રેહેવું! મોહોટી દોલત ઊપર તરાપ મારવી, ખાલી આદરમાનના તરશયા રેહેવું, અને તેમના ખોટા જહલકાતથી આંખોને દીપાવી નીરદોશપણું અને મનની શાંતી આપી અદેખાઈ મગરૂબી અને ઠગાઈ વેચાતી લેવી.

જો દોલત અને દુનયાઈ ચીજો ઊપર ઘટટા કરતાં વધારે પેયાર લગાડયો હોયતો આપણા પેદા કરનાર આગલ શર નમાવી જે શીક્ષા તે ફરમાવે તે આપણને ખમવી સજાવરછે.

આદમ તેની મગરૂબીથી અંધાપો ધરી તેના પેદા કરનારને ફરમાંનો આપવા જાયછે અને તેના હુકમ શાંમુ હરફ કાહાડવાને હીમત ધરેછે, પણ તે શરવ શકતીમાંન અને મેહેરબાન શાહેબ માણસની બેવકુફી ભરેલી ઈચછાઓ નહી તરૂપત કરીને માણસ પોતાને ચાહે તે કરતાં તેને વધારે ચાહેછે.

આપણી ખુશ આંખો આગલ જાહરે બામદાદ, લીલાં ખેતરો, અને દવથી ચલકતાં ખીલતાં ફુલો ઊઘારાં પાડેછે અને જારે રાતની પાંખોએ દીવશની ગરમીને થંડી પાડી હોયછે તાહારે ડાહાપણ આપણને પુછેછે કે શા વાસતે તાહારી છાતીમાં ભવીશના ઊદાશ વીચારો ઊછાલેછે અને દીલ તવાઈ જાય હેવી ફીકરોને તાહારામાં ઘર માંડવા દીએછે? શું ખોદા આ

પણો પીતાં નથી અને આપણે તેનાં છોકરાં નથી ? જેણે આપણને પેદા કીધાં તે શું આપણું પોશણ ન કરશે ? આપણી હઈઆતી આ પરૃથવી ઊપરજ ખતમ થતી નથી, પણ તે બેહેશત તરફ પણ જાયછે. આપણી હાલની જીંદગી એક ઘડીનીછે; અને શરવેથી મોટું સુખ એ એક સપનાથી વધારે નથી. બીજીજ જીંદગીને માટે આપણને નેમેલાછે જે જીંદગી અમરછે.

અમર કાયામાં જઈશું તેનાં વીચારથી આપણો જીવ ચહડેછે, દુનયા અને તેની શઘલી ચીજોથી ઊપર, કુલ આકાશી દુનીયાં, કુલ શરૃશટીની ઊપર, જાંહાં તે હમેશગીની કીરતી અને રોશનીનાં ફુવારામાં ભેલાઇ જાયછે.

ખોટી મોજ મજાહ જાહરે નેકીના રસતા ઊપરથી આપણને લલચાવી બીજે મારગે પાડેછે અને જાહારે દીલથી શહમજીએ છઈએ કે ખરી મોજ તે એક જે આપણો વખત અને આપણી અકલ સચાઈ અને નેકીના વધારામાં ગુજારયાથી મલેછે તાહારે ઊપલી રીતીના વીચારો આપણા જીગરમાં આપણી ફરજનો ખેયાલ ઊતપન કરેછે! ઘાતકીઓ મેલવેલું માન જલદીથી ફના થાયછે, અને દીલનો દંખ તેમને શદાઈજા દેતો રેહેછે.

તીરથ કરવા એક દેશમાંથી પસાર થતા એક મુશાફરના શરખી આપણી હાલતછે, જે દેશના અંતના છેડા ઊપર કીરતીના કીરણો સેહેજ દેખાયછે. એ હદ તરફ જવાને આપણી હરદમની નેમ જોઈએ; અને અમર શુખ મેલવવાને જે ખરો રશતોછે તયાંહાંથી લભાવવાને મોજ દોલત અને માંન ઊભાંછે તેમનો તીરશકાર કરીને, નેકીનો કલામ જીગરમાં રાખી, તે દાદગર કરીમની બંદગી કરતા જવું કે જે શાહેબ ખુશી અને મા બાપ શરખા પીયારથી આપણી બરદાસત કરેછે તે તેની અપાર રેહેમથી આપણું હઈયું નરમ કરે કે આ મરૃતીયું દેશમાંથી પસાર થતાં જે લાલચો મલે તેમાં ભેલાઈ કફણ થઈ જાય નહી, અને આપણા શઘલા વીચારો ધરમ અને ખેરાતથી ગલાઈ ખાલેશ થાય, હેવી રીતે કે બાહારનો ભપકો તયાગ કરી આપણી હાલની હાલત ઊપર શુકર ગુજારીએ અને આપણી ફરજ વફાદારીથી અદા કરતા રહીએ.

## મજાખમાંથી મોહોત.

કેટલાએક જુવાંનીઆઓની મંડલીમાં એક દીવશે મજાખ મશકરી ઊપર તકરાર ઊઠી તેવામાં એક જુવાંન જેના ચેહેરા ઊપરજ દીલગીરીએ તખત કીધું હતું અને જે ગીરફતારીને લીધે પોતાની ઊમર કરતાં વધારે બુજરગ લાગતો હતો તેણે નીચે પરમાંણે પોતાની વાત જાહેર કીધી—

હું નાહાનો હતો તાહારે કોઈબી પરકારની મશકરી કરવાને પછી શામાં ઘણીને નુકશાન જાય કે નહી તેની દરકાર વગર કોઈબી ટક હાથથી જવા દેતો ન હતો.

માહારો માબાપ વગરનો પીતરાઇ રોબરટ માહારાથી ઊલટાજ ખવાશનો હતો. તે ઘણોજ શરમાલ હતો એટલાવેર કે તે તેની એબ ગણાય. માહારા ખુશ મીજાજ ઊપર તેનો મીજાજ ગોયા એક આંકસ હતો. અને ઘણી મુશકેલીથી તે માહારી ગમતમાં શાંમેલ થતો હતો. અરે ગરીબડા રાબરટ! તાહારા કવખતના મોહોતનું કારણ હીયાં પોતાની મુરખાઈનો પશચાતાપ કરતો બેઠોછે અને તું નીરાતે જાવેદાન સુખીની ઊંઘ લેતો સુતોછે!

શપટેમબર માશની એક શાંજે હું માહારા પીતરાઈ શાથે ગામ ગપાટા મારતો હતો. એ વેલા માહારી પાસે એક પેહેરવાનું મોહોડું હતું. તે મેં તેને દેખાડયું જે જોઈ તે બોલયો કે "લોકો કેહેવા બેવકુફ હશે કે હાવા ડહરાંમણા મોહોડાં ખુદરતી ચેહેરાની ખુબશુરતી ઢાંકવા વાપરેછે?"

હું ઘણા ખુશ મીજાજમાં તે દાહાડે હતો અને માહારો પીતરાઈ પણ તે દાહાડે ખુશીજ હતો. આ બુરખાથી કાંઇ મશકરી કરવાનો માહારો રાબેતા મુજબ શોખ થયો અને માહારા પીતરાઈ આગલ મેં માહારો પીયાર જાહેર કરયો.

હમારા ઘરની પાસે એક તવંગર શખસ રેહેતો હતો જેની છોકરી સાથે માહારા શરમાલ પીતરાઈએ મન બાંધયું હતું. રાબરટ તેની સઘલી છુપી વાત માહારી આગલ કેહેતો હતો અને જુલીઆ સાથે તેણે રાખેલી મીતરાચારીથી મહને અણજાંણયો રાખયો ન હતો.

શેતાનથી ઊશકેરાઈને જુલીઆને ખરચે હશવાનો માહારા મનમાં ખેયાલ પરવેશ થયો. માહારી યુક

તી એ હતી કે માહારા પ્રીતરાઈએ ઊપલું મોહોડું ત થા તે દહરાંમની ચીજને મલતાં આવે હેવાં કપડાં પેહે ડવાં અને જુલીઆનું બારણું ઠોકવું. જેવી જુલીઆ બારણું ઊંઘાડે કે રાબરટે તેણીને બીહરાવવી અને હું આગલ ઊભો રહી તે મજાહ મારૂં.

રાબરટે આ ઠરાવ શાંભલી પોતાનું માંથું નીચે નાખયું અને શાફ ના પાડી. મેં ધારયું તે કરતાં રાબ રટ વધારે માંથા ફેરાવન થઇ પડયો. મેં પછી તેને ધમ કી આપી કે તાહારી મોહોબ્બત અને જે હીચકારી ચા લ તું ચલાવેછે તે સઘલા આગલ હું ખુલલી પાડીશ. ૫ કટ બીહીકથી રાબરટે માહારી માંગણી કબુલ કીધી. હુ માહારી ફતેહથી છાતી ખીલવવા લાગો. અરે ! તે વખતે માહારા હાથ વલગી ગયા હોતતો એક પ્પવીતર જોડાંનો નાશ નહી વલત.

જેમ મેં કપડાં પેહેડાવયાં તેમ ગરીબડા રાબરટે પેહેડયાં. તે જરા નાખુશ દેખાતો હતો અને હું તેની નાખુશીનું કારણ થઇ પડયો તેથી હું માહારા મનશે પસતાવા લાગયો. પણ એટલાજ પસતાવા સાથે હું થો બયો હોતતો આજે જીંદગી તુલીકનો પસતાવો કરવો નહી પડતે.

જાહારે રોબટ તઈઆર થયો તાહારે તેને મોહો હું પેહેડાવી હું આરશી આગલ લઇ ગયો. તે આરશી માં જોતાંજ પાછો હઠયો અને પોતાનો હાથ તે મો હોડુ કાહાડી નાખવા ઊંચકયો પણ મેં તેને અટકાવ યો. તે પછી એટલા વેર બોલયો કે જોઈએતો માહારો ભેદ સઘલાને ખુલો કર પણ હું એ કાંમ કરનાર નથી પણ મેં પાછી ઘણી આજીજી કીધી અને તે રાહા ઊ પર આવયો.

ચોરો પોતાની લુટ ઊપર જાય તેવે દબાવેલે પગલે હમે જુલીયાના ઘર આગલ રાતને શમે ગયા. રા બરટ તેના બારણા આગલ ઊભો અને હું એક બારી આગલ જયાંહાંથી સઘલુ મહને દેખાઈ શકાય મેં બા રીમાંથી છુપાઇ જોયુંતો જુલીયા પોતાના ઓરડામાં એખલી હતી. તે એક ટેબલની આગલ બેશી એક ચો પડી વાંચવામાં બહુ મશગુલ થયલી હતી. તેના નાજુક હાંથ ઊપર તેના માથાનો ભાર ટેકાયલો હતો અને તે ના શુનેરી કેશ દીવાની રોશનીમાં ચકચકીત થઇ રહ યા હતા. તે માહાતાબરૂપી સુંદરીને અરે કયાંહાંથી વી ચાર આવયો હોય કે જમ માહારી પુઠે ઊભોછે!

મેં રાબરટને ઈશારત કીધી અને તેણે બારણું ઠોકયું. તે ચમકી ઊઠી અને ચોપડી એક બાજુ મેલી બારણા આગલ આવી. જેવું બારણુ ઊંઘડયું તેવોજ રોબરટ અંદર પેઠો. શું બેયાન કરૂં તે દેખાવનું ? આટ લે વરશે તે ઇયાદ કરતાં માહારામાં ધ્રુજરી છુટેછે. જટ તેણીનો રંગ ઊડી ગયો. તેણીએ એક ચીચાડી પાડી અને ધપકારાથી તે જમીન ઊપર પડી. વીજ શ રખી જહડપથી તેણીની પાશ જઇ હું ઊભો. મેં તેણીને કમરમાંથી પકડી. તેણીનો દમ બંધ પડે લો હતો ! તેણીના રૂહદય ઊપર હાથ મુકયો—પણ તેનો ધપકારો બંધ પડયો હતો ! જુલીઆ મરણ પાં મી હતી !

તે રાતે બીજું શું થયું તેની મહને ખબર નથી. ચાકરો જે પાસેના ઓરડામાં હતા ને તેમની શેઠાંણી ની ચીચાડી સાંભલી દોડી આવયા. દીલગીરી અને પશચાતાપથી માહારી જીભ ટાલવે વલગી ગઇ હતી અને માહારીથી એક હરફ પણ બોલી શકાયો નહી. રો બરટે બુરખો કાહાડી નાખયો હતો અને જમીન ઊપર તે તવલતો હતો.

દાહાડા ઊપર દાહાડા પસાર થયા અને સનેપા તની જુહમમાંથી હું ખલાશ થયો તાહારે મેં રોબરટ ને વાસતે પુછયું. રોબરટને માહારા બીછાંણા આગલ લ ઈ આવયા; પણ અરે તેનામાં કેટલો ફેરશાર ! તેની મા ફી માગવા મેં માહારા બેહુ હાથો તેની આગલ આજુ જીથી ધરયા પણ તે બોલયો નહી. અરે તે વેલા મહને માલમ પડયું કે માહારો નીરદોશ પીતરાઇ ભાઈ મગ જથી ખશી ગયો હતો !

આ બનાવ બનયાને આજ પંદર વરસ થયાંછે. ઇશવર પાસે માહારા પાપની માફી હું માંગુછું પણ હું માહારા જીવથી મહને માફ કરી શકતો નથી. કેટલી ખરાબીનું કારણ હું થઇ પડયોછું ! તે દાહાડા થી કોઇ "મોહોડાંની" વાત કરેછેતો માહારૂં રૂવેરૂ વું ઊભું થાયછે અને એ માહારા દોસતો ! તહમારા ક મનશીબ ભાઈનો દાખલો પકડી હેવી મશકરીથી પ હરેજ રેહ જો કેતેનાં કડવાં ફલ જાવેદાંન સુધી ચાખ વાં નહી પડે.

# ધરમશાળા

અથવા

## જંગલમાં કહેલી ચાર વાતો.

(સાંધણ અંક ૭૭ થી.)

### ૨—કઠણ દીલ.

ગરીબ પીટર મંકની ઉંઘમાં તે રાતના થયલા સપનાઓથી ખલલ થઇ તેટલી કોઇ વેલા થઇ ન હશે. ઘડીમાં તેની નજરે માઇકલ સુનાના સીકાથી ભરેલી કોઠલી હીલવતો માલમ પડે અને ઘડીમાં કાચનો માણસ સુનાની ભોંએ ઉપર નાચતો માલમ પડે પણ એકવારતો તેને કાને નીચલા શબદો પડયા.

"એ ગધેડા મંક! એ મુરખ કોલસાવાલા! આદીતવારે બાર કલાકે જનમયો તોયપણ ચોથી લીટી તાહારા ભેજામાંથી નેહી નીકલતી! એ કમનસીબ પીટર એટલી તાલ બેસાડી જાવેદાનનો સુખી થા!"

પીટર ઉંઘમાંનો ઉંઘમા હાથ મારવા લાગો અને રૂદન કરવા લાગો પણ દોહેરો સમપુરણ થઇ શકયો નહી.

સહુવાર પડતે પીટર ઉઠયો પણ રાતના સપનાઓએ તેના ભેજા ઉપર પોતાના પગલાંના મેલેલા આકાર જેવાને તેવા રહયા. તેણે માથે તોપી મેલી, હાથમાં લાકડી લીધી, અને પોતાના જજમાનોનો ઉપકાર માણી પાછો દેવસથાન તરફ ચાલયો. પણ રસતામાં તેને એક લીટી ઇયાદ આવી જે ખરીજ લીટીછે એવું અનુમાન કરી તે હોસ ભરયો દોડયો.

પણ જંગલમાં પસાર થતાં પીટરે એક ગંજાવર કદનુ માણસ જોયું. તેની ખાંધ ઉપર એક હલેસું હતું જે કોઇ મોટા વાંહાણના દોલ કરતાંબી મોટું હતું. એ દેખાવજ જોઇને પીટર કાંપવા મંડી ગયો.

આ માણસ પીટરને જોઇને બોલયો—અને તેનો સાદ જાણે વાદલનો ગગડાત—કે "પીટર મંક આ જંગલમાં શું કરેછે!"

"સાહેબ, સા—હે—બ, હું—જંગલ—માંથી—ઘર સા—હેબ—જાઉંછું—સાહેબ.

રાખસ ભવાં ચહડાવી બોલયો કે "પીટર મંક ઘર જવાનો આ તાહારો રસતો નથી"

"નહીં, નહી, સાહેબ, આજ—ઘણોજ—તાપ—પડે—છે—તેથી—હું—આ રસતે—જાઉં—છું—કે—"

"જુઠું ના બોલ, નહીતર આ હલેસાંનો સવાદ તુંહને ચખાડીશ. શું હું જાણતો નથી કે તું કાચના માણસની શોધમાં જાયછે! પણ જાણ કે તું બાગ્યેગસાલીછે કે તુંને દોહેરો ઇયાદ આવતો નથી. તે પોતે જાતે દલીદરીછે અને તેનો પઇસો જે ચાખેછે તે તેનું થોડું ઘણું દલીદર પણું લીએછે. તાહારા સરખા હીંમતી છોકરાએતો તાહારો નજીસ ધંધો મેલી દઇ દુનયાંમાં નામ કાહાડવું જોઇએ. તાહારી હાલત શુધારવાને માલ આવ હું તુંહને મદદ કરૂં. તાહારા સરખા ઘણાએએ માહારી સખાવત ચાખીછે વાસતે બોલ કેટલા હજાર ડોલરથી દુનયાંમાં પડવાને તું શામરથવાન થશે!"

એમ કહી તેણે પોતાંનાં ગંજાવર ગજવાં એવીતો રીતે ખખડાવયાં કે તેને રાતના સપનાની ઇયાદ તાજી થઇ. દોલતનો ગંજ પોતાની આગલ જોઇ મંકની છાતી હરખથી ધપકવા લાગી પણ તરત તેના બદનમાં તાહાડ વાગી, જાહારે તેને પોતાના બુઢા જજમાનની વાત ઇયાદ આવી કે લોકો માઇકલ પાસેથી દોલત પોતાના જીવનું દામ આપી ખરીદેછે.

એ વીચારથી તેણે માઇકલની બખશીશ—કારણ તે રાખસ કોઇજ નહી પણ તે હતો—ઘટટા હેશાનથી પાછી ફેરવી અને જીવ નાખી જેમ દોડાય તેમ દોડવા માડયું; પણ માઇકલ એક બે ફલંગ મારી પાછો તેની આગલ ઉભો અને બોલયો કે,

"પીટર! પાછલથી પસતાતો ના કારણ તાહારાં કપાલમાં લખેલુંજછે જે તું અંતે મહનેજ તાએબેછે. માહારાં રાજમાંથી તું જાય તેની અગાઉ માહારી એક અકલની વાત સાંભલ."

પીટરની નજર એવામાં એક પાસે નાની ખાઇ હતી તે ઉપર પડી. પોતાના પુર બલથી તેણે એક કુદકો મારયો અને પેલીપાર થઇ ગએઓ. એવામાં એક મોટો ધડાકો થયો અને માઇકલના હલેસાંના હજારો કકડા થઇ પીટરની આસપાસ પડયા. પીટર તેના કબજામાંથી છટકી ગયો તેથી તરેહવાર શરાપોના વાદલ વરસાવી માઇકલ જંગલમાં ગુમ થઇ ગયો. જોકે થાકી ગયો હતો તોયપણ પીટર જંગલનાં ખજાનચીનાં ઠામ આગલ ગયો. તે ઝાડને આદરમાનથી નમયો અને પછી પોતાનો દોહેરો બોલયો—

"કાચ બનેલા ઝાડમાં બેઠા<br>ખાએોચ હીંધોલે હીંચ કે ?<br>વનપતી લાગી વનની શોભા<br>દેશો રંકને ભીખ કે ?"

"દોહેરો હજુર સમપુરણ નથી. તોયપણ પીટર મંક તુંછે તેથી એ ઉપર હું અખાડા કરૂંછું."

એક ધ્રુજતાં ઘાટામાંથી નીકલતા ઉપલા શબદો પીટરના કાને પડયા. તરત તેની પછવાડે એક બીજાં ઝાડ તલે તેણે એક ઠીંગણા બુજરોગ શખસને બેઠેલો જોયો. એક કાલો જભો તેના આંગ ઉપર નાખેલો હતો અને તેની બરફ સરખી દાહાડી કમર તુલીક લટકતી હતી.

એક અજાએબ જેવો દેખાવ હતો! એક બલુ કાચની નલીથી તે હુકો પીતો હતો અને પીટર જેમ આગલ ગયો તેમ તેણે જોયું કે આ બુઠાનો દગલો, તોપી, બુટ અને સરવે બલુ કાચના બનેલાં હતાં અને વલી એવા નરમ કે જાણે રેશમનાં બનાવયા હોય

તે બુઢો બોલયો કે "તાહારે પીટર તું ઘણો બાગ્યેગશાલી કે માઇકલના હાથમાંથી તું આવી સેહેલાઇથી છુટી આવયો."

"હા સાહેબ, પણ મોહારૂં બાગ્યેગ વધારે ખુલયુંછે એમ હું સમજુછું, જાહારે સાહેબે માહારાં ગરીબ તેડાંને ધેયાનમાં લઇ તમારા દરશન કરવાની મહને ટેક આપીછે. સાહેબ તમારી પાસે સલાહ લેવા કાજ આવેલોછું, કારણ માહારી જીંદગી ઘણા કંગાલીઅતપણાથી ગુજરેછે.

કોલસાથી હું કંટાળી ગયોછું અને હજુર જુવાનછું તેટલાં બીજી રીતે જીંદગીનો ઉપયોગ કરવાનો મહને રસતો દેખાડવા તમારી આમલ અરજ ગુજારૂછું. કેવા સાહેબ શલરકર અને તેના બીજા દોસતો સુખીછે કે પઈસો કાંકરાની માફક વેરેછે."

"પીટર ! તે માણસોનાં નામ મહને સંભલાવ ના. દોલતથી તેઓએ શું મેલવયુંછે ? હવે પછીનું સુખ વેચી ઉડાઉપણાથી મલતી થોડાં વરસની આલસાઈ તેઓએ મેલવી છે. તાહારી હાલતથી નામુરાદ થતો ના પીટર તાહારા બાપ બપાવા પરમાણીકપણે પોતાના ધંધાથી પોતાની રોટલી પેદા કરતા હતા અને તું આલસાઈ મેલવવાને કાજ મારી પાસે આવયો નથી એવી હું આશા રાખુછું."

એવી ગંભીરાઈથી કાચનો માણસ બોલયો કે પીટરનું હઈયું જોરથી ધપકવા લાગું.

"નહી, નહી, ખજાનચી સાહેબ ! હું સારીપેઠે જાણુંછ કે આલસાઈ એ શઘલી ખરાબીનું મુલછે. પણ ખજાનચી સાહેબ, ગુસે થતાના જાહારે તહમને જણાઉં કે માહારો ધંધો હું બદલવા માગુંછું. બીજા ધંધાદારીઓને આબરૂછે પણ કોલસાવાલાને ઈજત નથી. તેની શીહા સુરતથીજ તેનું કોડી બરાબર મુલ થાયછે."

"'અંધારા ગારમાંજ થાય મગરૂબી ઠાર' તે કેહેવતને પીટર ભુલતો ના. કોઈબી આદમને મેં જોયો નથી જેણે પોતાની મલતી રોટી ઉપર શુકર ગુજારયા હોય કાચવાલો ચકીવાલો થવા માગે; ચકીવાલો લાકડાંનો વેપારી થવા માગે; લાકડાંનો વેપારી જંગલનો ઉપરી થવા માગે; જંગલનો ઉપરી સોદાગર થવા માગે અને એ મુજબ નાનાની નજર કદી નીચે નહી પણ ઉપરજ જાયછે. વારૂ એટલું છતાં તું જો મહને કબુલાત આપે કે તુંછે તે કરતાં વધારે ઉદ્યોગી થાયનો તાહારો ધંધો બદલવામાં તુંહને મદદ આપું. આદીતવારને દાહાડે જનમેલો માણસ જે માહારી આગલ આવે તેની તરણ મુરાદો હું બર લાઉંછું. પેહેલી બે માહારાથી કદી ના પડાય નહી, પણ તરીજી જો માહારા ધ્યાનમાં નહી આવી તો હું આપનો નથી. ચાલ માગ પીટર હવે જે તાહારાં મનને ભાવે તે, પણ એવુ માંગ જે પાંચે દાહાડે તુંહને કારગત લાગે."

ખુશાલીથી પીટરના પગ જમીન ઉપર ઠરે નહી

"હુરે ! ખજાનચી સાહેબ આ દુનીયામાં તહમે માહારા મોટામાં મોટા દોસત છેઓ. વારૂં, નાચના પાદશાહ કરતાં સરસ નાચું અને એન્જીકીએલનાં ગજવામા હોય તેટલા હમેશ પઈસા માહારી પાસે રેહે એ કરતા બીજી સારી મુરાદ માહારીછે નહી."

કાચનું માણસ ગુસે ભરાઈ બોલયો કે 'અરે હેમક ! હેમક ! કેવી હેમકાઈ ભરેલી મુરાદ ચાહીછે ! અરે વાંદરાની કાંતી નાચતાં આવડયું તેમાં તાહારી ગરીબ માની શી દલીદરી ફીટી ? અને પોંચખાને પોંચખાને પઈસા ફેંકયા તેમાં તેં શી મોજ તહને મલી ? ચાલ માંગ વારૂં બીજી મુરાદ માંગ પણ એવી માંગ કે તુંહને પાછલથી પસતાવો કરવો નહી પડે."

પીટરે કાન ખવડયો અને કહયું કે "માહારા હાથમાં સરવેથી મોટું કાચનું કારખાનું આવે તે ઈછુછું અને તે ચલાવવાને માટે પુરતા પઈસા."

"બીજી કાંઈ ફરમાસછે ? બીજું કાંઇછે પીટર મંઠ ?"

"તાહારેતો સાહેબ—એક ઘોડો અને ગાડી."


ખજાનચી સાહેબે પોતાની હુકાની નલી ગુસાથી આડ સાથે અફાડી જેથી તેના હજારો કટકા થઈ ગયા અને પછી કહયું કે "અરે મુરખા પીટર ! ઘોડો અને ગાડી ! અરે મુરખ, માંગવી હતી સાદી સમજ અને નહી ગાડીને ઘોડા ! તાહારી બીજી મુરાદ ઠીકછે. એ કારખાનામાંથીજ તું ગાડી ઘોડા પેદા કરતે."

"સાહેબ તાહારેતો હું સાદી સહમજ માગુંછું !"

"નહી હવે તાહારીથી મંગાય નહી. પકડ પીટર આ ૨૦૦ ફલારીનની કોથલી. એથી તાહારૂં કારખાનું હાર પડશે. પણ ઈયાદ રાખજે કે ફરી હીંયાં પઈસા માગવા આવતોના. જો આવશેતો આ ઝાડ સાથેજ તુંહને લટકાવી દઈશ. હવે સાંભલ હું કહુંછું તે. તરણ દાહાડાની વાત ઉપર ધરડો 'વીનક ફરીટજ' જેના હાથમાં સરવેથી મોટું કાચનું કારખાનું હતું તે મરણ પામયોછે. કાલને કાલ જઈ તે ખરીદ કર, ઉદયોગ અને પરમાણીકપણાથી તે ચલાવ અને વખત વખતે તુંહને સલાહ આપવા હું ચુકીશ નહી. પણ માહારે તુંહને કેહેવું જોઈએ કે પેહેલી મુરાદ માંગતી વખતે તાહારૂં માથું ઠેકાણે ન હશે. પોંચખાણાથી પહરેજ રેહેજે કારણ તેથી કોઈનુ શારૂ થયુ નથી."

તરત કાચનું માણસ ગેપ થઈ ગયું અને પીટર પોતાના ઘર તરફ ગયો. ઘરમાં તેની મા કાગને ડોલે તેની વાટ જોતી બેઠી હતી. પોતાની માને તેણે કહયું કે "મા જંગલમાં એક મહને દોસત મલયો તેણે મહને માહારો ધંધો છોડી દઈ કાચ બનાવવાનો ધંધો પકડવાની ભલામણ કીધીછે અને માહારૂં કામ શીરૂ કરવા નાણાની મદદ પણ આપીછે". ડોસીએ ખુશીથી તે સમાચાર સાંભલયા અને બીજેજ દીવસે પીટરે ઉપલું કારખાનું વેચાતું લીધું અને તેમાં ખપતાં માણસોને પોતેજ રાખયાં.

પણ જે નવાઈ હતી તે ગુંમ થઈ ગઈ આજ તેવું કાલ અને કાલ તેવું પરમ કારખાનું વાહાલું લાગું નહી. રોજ કારખાનામાં જવાનું પીટરે માંડી વાલયું અને બેગારીઓ જેમ ગમે તેમ હાજરી આપવા લાગા. પીકાંની મુલાકાત પીટરે શીરૂ કીધી તેમાં આ ડાત વલવા લાગયો. પોતાની મુરાદ મેલવયા પછી પેહેલે આદીતવારેજ તેણે જે પોંચખાનાને નાચનો પાદશાહ અને એન્જીકીએલ આસરો આપતા હતા તેની ભેટ લીધી પીટરે ગજવામાં હાથ ઘાલયો કે ખજાનચી સાહેબે મેહેરબાની કીધીછે કે નહી અને તરતજ સુનાની થેલીઓ તેના હાથને વલગી. વલી તેજ વખતે તેના પગ જાણે ઉડવા માંગતા હોય એવું પીટરને લાગું. પીટરે એક સોબતીને શોધી કાહાડયો અને નાચવાનું શીરૂ કીધું. નાચનો પાદશાહ જે હવામાં તરણ ફીટ કુદતો પીટર ચાર કુદવા લાગયો નાચનો પાદશાહ પણ પીટર આગલ એક કોરે થઈ ગયો. અને જાહારે શઘલાઓએ જાણયું જે 'ઉવીનક ફરીટજ' નું કાચ બનાવવાનું કારખાનું



રેતીના રણમા મરવા પડેલુ ઉંટ અને તેનો સવાર.

પીટરે વેચાતું લીધુંછે તયાહરે તેને ચોમેરથી આદરમાન મલવા લાગું અને તેને નામના સાનશાહનો એલકાબ આપયો.

વલી મોટા જુગારી એજીકીએલ કરતાંબી પીટર એકો નીવડેયો! કારણ તેણે ખજાનચી સાહેબ પાસેથી માગી લીધું હતું કે માહારા ગજવાંમાં હંમેશ એજીકીએલના જેટલા પઈસા રેહે, અને એજીકીએલ જાહારે જીહીતે તાહારેબી તેટલાજ પઈસા પાછા પીટરનાં ગજવામાં આવતા હતા!

આસતે આસતે તે એટલીતો ખરાબ સંગતમાં પડયો કે લોકો તેને જુગારી પીટર વગર ઓલખવા લાગા નહી. એવામાં તેના કારખાનાની ધુલધાંની થવા લાગી અને તેણે બનાવેલો કાચ તેના બેગારીઓનાં રોજ ભરવા પીટરે અરધેઅરધ ભાવે વેચી નાખયા. પોતાની આવતી ખરાબીનો ગમ વીસરવા દારૂથી તઈયાર થઈને તે એક સાંજે ઘર આવતો હતો તેવામાં એકાએક તેની બાજુએ કોઈ માણસ ચાલતું તેની નજરે પડયું જે કોઈ નહી પણ નાનું કાચનું માણસ હતું.

છાકટો પીટર ઘણો ઉશકેરાયો અને કાચના માણસને ઠપકો આપવા લાગો કે તું માહારી ખરાબીનો પાયોછે.

"શું કામના માહારાં ગાડી અને ઘોડા! શું નફો મેલવયો મેં માહારા કાચના કારખાનામાંથી! અરે કોલસોજ વેચતાં હું સુખી હતો. મોસતર થાય કે કોઈને પગાર આપવાની મહને દેહેસત ન હતી. હવે હમણા વાર જોઉં છું બેલીફની કારણ તે આવી માહારા માંગનારાઓને માટે માહારો સામાણ જપટ કરશે"

ખજાનચી સાહેબ બોલયા કે "પણ જો તું અભાગયો નીકલયો તો તેમાં માહારો વાંક નથી. માહારી સખાવતનો આએજ બદલો! એવી હેમકાઈ ભરેલી મુરાદો તેં શા વાસતે ગુજારી! મેં તુંને ચેતવણી નહી આપી હતી કે માંગે તે અગાઉ દરીયાફત કરજે! પીટર, સાદી સહમજ—ડાહાપણ—એ તુંને જોઈએછે."

પીટર વધારે ઉચકેરાઈને બોલયો કે "સાદી સહમજ! ડાહાપણ! ખજાનચી સાહેબ હું તહમને દેખાડુંચ કે માહારામાં ડાહાપણ કેટલુંછે."

એમ કહી કાચના માણસને પીટરે ઘાંટીમાંથી પકડયો.

"હાં, હા! બોલો હવે ખજાનચી સાહેબ કે માહારામાં ડાહાપણ કેટલુંછે. માહારી તરીજી મુરાદ તરત બર લાવો. મહને બે લાખ થેલર અને એક સુંદર રેહેવાનું ઘર જોઈએછે. અરે, અરે, બાપરે, બાપરે!" એમ બોલી પીટરે હાથ છોડી દીધો કારણ કાચનું માણસ બદલાઈ જઈ ઉકલતા કાચનો પોત બની ગયો જેથી પીટરને દઝાડી તે ગુંમ થઈ ગયો.

જેમ જેમ તેનો હાથ દુખવા લાગો તેમ તેમ પીટરને તેની નીમખહરામી ઉપર વીચાર થયો; પણ વલી પાછો જેમ જેમ ઘાહ રૂજાતો ગયો તેમ તેમ તેની મુરખાઈ વીસરતો ગયો.

હવે એવામાં એવું બનયું કે ઈજીકીએલ પોતાની પુંજીનો રોકડે રોકડો જુગારમાં ખોઈ બેઠો જેથી પીટરના ગજવાં ઉપર પણ તેવીજ અસર થઈ.

એક રાતે પીઠાંમાંથી ઘર જતાં એક ઓલખીતો સાદ તેને કાને પડયો. "પીટર મંક! હવે તાહારી પાએમાલી થઈ ચુકી. જે દાહાડે તું માહારી પાસેથી નાહાસી પેલા એબલગામના ઠીંગુજી પાસે દોડયો તાહારે મેં તુંને કહયું નહી હતુ કે તું ખતા ખાશે! વારૂં થાલ હું તાહારી ઉપર દયા લાઉંછું. કાલે માહારે ઠામે આવી મહને બોલાવજે અને તું જે માગશે તે આપીશ."

પીટરે તે સાદને સારીપેઠે ઓલખયો પણ એક બોલ બોલવા વગર તે દેહેસતથી કાપતો અને દાંતો કકડાવતો ઘર જાઈ લાગો.

બીજે દાહાડે જાહારે પીટર કારખાનામાં ગયો તયાહરે તયાંહ એક બેલીફને પોતાના માણસો સાથે બેહેલો જોયો. બેલીફે પીટરને સલામ કીધી અને પોતાના ગજવામાંથી એક લાંબો દસતાવેજ બાહાર કાહાડી તેને પુછયું કે "આ દસતાવેજમાં લખેલા માંગનારાઓને તહમારૂં કરજ આપવાને તહમે રાજીછો"?

પીટરે પોતાની તાકાદ જણાવી નહી જેથી બેલીફ સામાણ ઉઠાવવા લાગો. પીટર મન સાથે બોલયો કે "આ ગરજના સમેમાં જાહારે ખજાનચીએ મહને વીસારયોછે તાહારે ફીકર નહી હું માઈકલ પાસેજ દોડું." એવો વીચાર કરી તે જેમ દોડાય તેમ જંગલ તરફ દોડયો. માઈકલના ઠામ આગલ જઈ તે બુમ પાડવા લાગો કે "માઈકલ, માઈકલ" અને તરતજ તે રાખસ હાજર થયો.

"તાહારે અંતે તું માહારી પાસે આવયો. પીટર દોસત હું ધારૂંચ કે તાહારા માંગનાર તુંહને કાચોને કાચો ખાવાબી માંગતા હશે? પણ હીમત છોડીશ નહી. ચાલ આવ માહારે ઘેર માહારે તાહારી સાથે કાંઈ કામ છે!"

પીટર મનમાં બોલયો કે "કામછે! એનો અરથ શું હશે? મહને ફસાવવા માગેચ કે શું!"

---

## ઈજીપટ અથવા મીસર દેશ અને આફ્રીકાનાં રેતીનાં રણ.

હજીતો દુનીઆની સપાટીની હદ માણસ જાતની જાણમાં ઘણી થોડી આવી હતી હજીતો દુનીઆના થોડાક જણાયલા ભાગો અગ્યાનપણાનાં અંધારામાં પડીઆ હતા. હજીતો માણસ જાત પોતાની હેવાન ઉપરની સરસાઈ વીશે બરાબર વાકેફ નહી હતું. હજીતો આદમ પોસે પોતાનું આ દુનીઆમાં પેદા થવાનું શું કામ તેથી બેખબર હતું. હજીતો એક જગાએથી બીજી જગાએ જવાને પગ સીવાએ કોઈ બીજા હથીઆરની ગેરહાજરીને લીધે, જુદે જુદે ઠેકાણે એક નાહાના વીસતારમાં ફરીઆ સીવાએ, એક દેશથી બીજું દેશ શું તે માણસ જાત જાણતું ન હોવાથી, પોતાના દેશને આખી દુનીઆ સમજતું હતું. હજીતો સુધરાઈનાં, કેળવણીનાં, ખેતીવાડીના, શોધોનાં, વીદ્દીઆ હુનરનાં વીચાર નહીતો ખીઆલ પણ કોઈનાં સવપનામાંબી પેવશ થઈ શકતા ન હતા. તે વખતે, તેવા સઉથી જંગલી જમાનામાં, આજ હજારો વરસોની વાત ઉપર, એક મહાભારત દેશ—સુધરાઈ, કેળવણી, આબાદાનીનું, સઉથી સુખીએ સપાન, વીદવાનોનું અને બલવાન રાજાઓનું પેહેલું રેહેઠાણ. આ દુનીઆની સપાટી ઉપર, એક મોહોટી નદીની રેલમાં

વરસો વરસ ધોવાઇને ફલવંત બનતું હતું; હજીતો ઝાવલાંની અને કાંકરાની કોટડીઓ દુનીઆંનાં બીજા ભાગોનાં રેહવાશીઓને માલમ નહી હતી. તે વેલાએ, એજ આબાદ દેશના રાજાઓ, પોતાના મગજનાં બલથી અને પઇસાનાં જોરથી પોતાની યાદગારી હમેશ કાયમ રાખવા સારૂં પાછલા જમાનાઓને અચરતીનાં ગારમાં નાખવા સારૂં—દુનીઆનાં છેડાની સાથેજ માતર અંત આવે એવા ભારે મોહોટા મીનારાઓ અને સથંભો ઉઠાવતા હતા; હજીતો હાલનાં શુધરેલાં અને બલવંત દેશો સઉથી જંગલી હાલતમાં હતાં, હજીતો તેઓની પુર હસતીબી ન હતી. હજીતો ખુદરતની બખશેસનો ઉપયોગ તેવો કરી જાણતા ન હતા, અને તેની કદર બુજવાને અશક્ત હતા, તે વેલાએ આજ ચાર હજાર વરસથી વધારેની લાંબી મુદત ઉપર એજ દેશ મોહોટા રાજાઓનાં અમલ તલે, ખુદરતની બખશેસોથી ભરપુર, પુર આબાદીનાં બાહારમાં, વીદીઆ હુનરના લાડમાં, આખી જગતની અંદર એકલી સરસાઇ અને મોહોટાઇ ભોગવતું હતુ અને આ દેશ ઇજીપટ અથવા મીસર દેશ હતુ. આવાં એક અશલનાં જાહોજલાલ દેશની ભુગોલ, તવારીખ વીગેરેનું જ્ઞાન અલબતાં, ઘણું લાભકારક હોયછે, અને તે જાણવાની સઘલામાં ખાહેશ હોય એતો ખુદરતીજછે; માટે એ વીશે એક ટુક અને થોડુ બયાન કરીએ છીએ

આ દેશ આફ્રીકાખંડના પુરવ ઉતર છેડા ઉપર આવેલુંછે. એની બરોબર ઉતરે ભુમદીઅ સમુદર લાગેલો છે; નીયુબીઆ નામનુ શેહેર એની દક્ષીણેછે; આરબસથાન, અસલનુ વખણાયલું યાહુદી લોકોનુ શેહેર પાલેસટાઇન, અને રાતો સમુદર એની પુરવ તરફની હદ પુરી કરેછે; અને એની પસચીમે સાહારા નામનુ રેતીનુ મોહોટું બીઆબાન રણ આવેલુંછે જાંહાં આએ પાસેના પાના ઉપર આપેલાં ચીતરનો દેખાવ મુશાફરને ઘણીવાર નજરે પડેછે.

હમણા ખીલારોકા લેખોની ઉપરથી માલમ પડેછે કે મીસરદેશનુ સાથી અસલ નામ કેમ અથવા હમ કરી હતુ, આ શબદોનો અરથ કાળું કરા થાયછે; અને એવું ધારવામાં આવેછે કે એ દેશની ખેતીવાડી લાયકની જમીનનો રંગ જે કાળો હતો, તે ઉપરથી આ નામ તેને આપીઆમાં આવીયું હશે. યાહુદીઓના ધરમ પુસતકોમાં એ દેશને મીઝરેમના નામથી ઓલખવામાં આવીયુછે, અને બાઇબલમાં એને મેઝોર દાખલ જણાવીયુંછે. પણ એનુ અરબી નામ **મીસર** છે, જે નામથી આપણે હમણા એને ઓલખીએ છીએ. આ શબદનો અરથ રાતો કાદવ કરીને થાયછે, અને એ દેશની જમીનનો રંગ ઘેરો રાતો જરા કાળાશપર હોવાથી આ નામો એને આપીઆમાં આવીઆં હશે, એવું અટકળી શકાયછે અને શહાબ જેનો અરથ મગરૂરા ભરલું કરી થાયછે, તે નામ પણ એને આપીઆમાં આવીયું હતુ. એના હાલના નામ ઈજીપટ થી અસલના યુંનાની લોકો એને ઓલખતા હતા.

એજ અને બીજા લોકો મીસર દેશને એશીઆખંડમાં આવેલો ધારતા હતા, અને કેટલાક બીજાઓ એને લીબીઆ અથવા આફ્રીકા ખંડનો એક ભાગ ગણતા હતા. આ ફરકને માટે બે કારણો જણાયલાંછે. એકતો એકે ઇજીપટ, જો કે ઘણુ કરીને આફ્રીકા ખંડમાં આવેલું હતું, તોયપણ એના દેશીઓ આફ્રીકાના તથા એથીઆના લેલાયલા લોક હતા, અને વળી તાંહાંનાં લોકોની રીતભાંત, અને સરવે પરકારની ચાલચલણ એશીઆખંડના લોકોની રીતભાંતને તદન મલતાં આવતાં હતાં; અને બીજું કારણ એકે નાઇલ નદી, જે આફ્રીકા અને એશીઆ ખંડની હદ કેહેવાતી હતી, તે પોતાનો રસતો મીસર દેશની બરાબર વચમાંથી કાપતી હતી, જેથી કરીને એ દેશનો અરધો ભાગ આફ્રીકામાં અને બાકીનો અરધો ભાગ એશીઆમાં આવેલો હોય, એમ લાગતું હતું. આ કારણથી આપોતીપન લોકોનુ એવું મત હતું કે, નાઇલ નદીની એક બાજુનો ભાગ આફ્રીકાનો, અને બીજી બાજુનો ભાગ આરબસતાનનો, એમ બે જુદા દેશ દાખલ મીસર દેશને વેહેંચી નાખવું જોઇએ; પણ નાઇલ નદી એક ઠેકાણેથી બે ભાગોમાં વેહેંચાઇને વચમાં એક ઘણીજ રશાલ જમીનનો તરીકોણુ આકારનો કટકો રાખેછે, જેહેને ડેલટા કરી કેહેછે, તે કટકાને આ દુનીયાના એક જુદાજ ખંડ દાખલ ગણવો જોઇએ, એવું તેઓનુ મત હતું. આ ભાગને ડેલટા કરી કેહેવાનુ કારણ એકે તે એક યુનાની મુલાક્ષર △, જેનો ઉચાર ડેલટા કરી થાયછે તેને મલતો આવેછે, પણ હાલમાં એ શબદ નદીઓ આગલની બધી એવી જગાઓને માટે વપડાયછે. બરાબર રીતે જોતાં નાઇલ નદી પોતેજ મીસર દેશછે, કાકે જેને આપણે દેશનુ નામ આપીએ છીએ, તે નાઇલ નદીની આસપાસ બે છુટા કીનારા શીવાયે બીજું કંઇ નથી.

મીસર દેશનો સાધારણ દેખાવ ઘણોજ સીધો અને એકસરખો લાગેછે. એનો ઉપર જણાવેલો ડેલટા નામનો ભાગ ઘણોજ રશાલછે, અને તાંહાં પુશકલ ખેતીવાડી થાયછે. એ મેદાન પણ ઘણું સીધુંછે, પણ કોઇ કોઇ ઠેકાણે અસલના કેટલાંક પડી ભાગેલાં શેહેરોના મોહોટા ટગલાઓ છે; અને એ ટગલાઓની ઉપર નારીએલીના ઝાડોથી ભરાઇ ગયલા નાહાના ગામડાઓ આવેલાંછે. એ શીવાએ બીજાં નારીએલીના ઝાડો અને તાડો ઘણે ઠેકાણે જોવામા આવેછે, પણ બીજી જાતના ઝાડો ઘણાં થોડાંજછે. ઇજીપટના ઉતર તરફના ભાગની ઉપરની જમીન ઘણી રશાલછે, પણ એ બાજુએ એની આસપાસ નાહાનાં પાહાડો આવીને એને એક ટુંક જગામાં ઘેરી લેછે આખા દેશનો દેખાવ અને રંગ ઘણુકરીને એકસરખોછે. તોયપણ એના ખેતરોનો ભભુકદાર લીલો દેખાવ, એની મોહોટી નદીનો જરા ભુરો તથા લીલો રંગ, એના ખડકોની પીલી છાંટ, અને એના આસમાનનો ઘેરો બલુ પરકાશ, એ સઘલાં સાથે મલી એક ઘણોજ ખુશનુમાં ખુદરતી દેખાવ આપેછે. મીસર દેશની છેક દક્ષીણની હદ ઉપર ફીલી નામનુ એક નાહાનુ ટાપુ આવેલુંછે આસપાસ આવેલાં રેતીના બીઆબાન રણની સાથે આ ટાપુની લીલોતરી ભરેલી જમીન સરખાવતાં, પુરવ તરફના લખનારાઓ આ ટાપુનો સુનાની વીંટીમાં જડેલાં એક અમુલીય પાનાની સાથે મુકાબલો કરી ગયાછે આ મુકાબલો નાઇલ નદીની આખી ખીનને લાગુ પડી શકેછે. આસપાસ રેતીના તોફાની મેદાનની સાથે સરખાવતાં આખી ખીણ ઘણીજ ખુબશુરત અને લીલોતરી ભરેલો દેખાવ આપેછે.

આ ઉપર જણુવેલાં આફ્રીકાખંડના રેતીનાં રણોમાં મુસાફરી કરનારાઓને રેતી અને તપતાં તડકાં સવાએ બીજું કસુ નજરે પડતું નથી. પેહેલાં બે તરણ દાહાડા સુધી તો જંગલી ઝાહાડનાં નાહાના છોડવા અહીં તહીં માલમ પડેછે, પણ તારબાદ રેતીના બીઆબાંન જંગલ સવાએ કાંઈજ મલતું નથી. કેટલીએક વારતો, આઠ દાહાડા ઉપર જે જગા સપાટ હોય તે, તોફાનથી રેતી ઉડી, એક ખીણ થઈ જાયછે, અને તેમાંથી મુસાફરોને પસાર થવું પડેછે. એવી જગામાંથી વેપાર અને બીજા કારણોને અરથે સેંકડો માણસોની વનજાર, ઉંટો ઉપર બેસી પસાર થાયછે. એ વખતે મોહોટી ધાસતી ભુખ, તરસ, અને જેહેરી પવનની હોયછે. એવાં જંગલોમાંથી માંણસને પોતાની પીઠ ઉપર લેઈને મુંગે મોહોડે ચાલનારૂં, અને તપતા આતસ સરીખા તાપની જંજાલ સોસનારૂં, ધીરજવાળું જાનવર ઉંટછે; એ જાનવર વગર એવાં જંગલો પસાર કરવાં માહાલછે. ગોએઆ તેને આ જંગલોને ખાતરજ તે ખુદરતનાં સાહેબે પેદા કીધું હોય એવું લાગેછે. તેનાં પગનાં ગુડણ ઉપર જારી ચામડીનુ ઉપસી આવેલું એક કડણ થડ નજરે પડેછે, જેથી રેતીની જમીન ઉપર તેની ચામડીને ઈજા પોંહોંચાડવા વગર ગુડણ મંડીએ બેસી આસાએસ લેવાને તથા પોતાની ઉપર માલ લાધવા દેવાને તેને બની આવેછે. તેનાં મજબુત ચીમતા જેવા દાંતથી જંગલી કડણ લાકડાં સરખા રોપાને તે ઉખેડી કાહાડી જંગલમાં ખાયછે. તેનાં નાંખના ફીફરાં એવાં બનેલાંછે કે ઉડતી રેતી અને પવનનાં ઝપાટાની વખતે તે બંધ રાખી શકેછે. સરવેથી અચરત સરીખા તેનાં પગછે જે તેના ભારથી પોહોલા થઈ રેતીની અંદર ગરી જયા વગર તેને ચાલવાને શકતીવાંન કરેછે. તેની પાંણી પીઈને બાકીનુ પાણી ઓજરીમાં રાખી શકવાની શકતી એ સરવે ગોએઆ એમજ બતલાવેછે કે તેને એવાં જંગલોને માટેજ પેદા કીધુંછે.

એટલું છતાં હજારો માણસો અને ઉંટો આ રેતોના રણોમાં તોફાંનથી દતાઈ જાયછે, હજારો, પાંણીની પીઆસથી અને નહી ખમી સકાય એવી ગરમીથી બતંગ આવી જઈ ચાલતાં ચાલતાં વડી મરણ પાંમેછે. એવાં ઉંટ અને માણસના મુરદાંઓ મુચાફરની નજરે ઘણાં પડેછે. સકત તાપથી તેઓ સુકાઈ થોડા વખતમાં છોડાં જેવાં થઈ જાયછે અને પૃછે હાંડકાઓ જથાબંદ નજરે પડેછે. એ દુખદાયક મુસાફરીનો દેખાવ પાસેના ચીતર ઉપરથી વાંચનારનાં દીઠામાં બરાબર આવસે અને તેનો ખેઆલ પણ તે જોવાથીજ કરી શકાશે કે એક ઘોડા ઉપર જનારો આરબ મુસાફર પાંઉથી આરો થઈ અચરતી સાથે એક ઉંટ અને તેનો સવાર પાંણી અને તાપથી બતંગ આવી જઈ મુરદાં થઈ પડીઆછે, તેવો તરફ જુએછે. વાંચનાર એ જગા ઉપર પાંણીની શું કીમત આંકશો!

આ ઉંટ અને રેતીના રણો વીશે આ ચોપાનીઆ મધે આગલ એટલુંતો લખાયલુંછે કે એ વીશે વધારે બોલવાની કશી ગરજ રહી નથી.

મીસર દેશને ઉપરનું, વચમાનું અને નીચેનું એવા તરણ ભાગમાં વેંહેંચી નાખીયુંછે. નીયુબીઆથી કેરો નામના પરગણાવેરનાં ભાગને "ઉપરનું ઈજીપટ કરી નામ આપીયુંછે; આખું કેરોનું પરગણું અને તેની બાજુઓનાં બીજા શેહેરો મલીને વચલું ઈજીપટ બનેછે; અને ભુમદીપ સમુદર, સુએજની સઈઓગી ભુમી, લીબીઆ અને કેરોનો કેટલોક ભાગ, એ સઘલાઓને નીચલા ઈજીપટ દાખલ આલખવામાં આવેછે. આગલ જણાવીઆ પરમાણે ઉપરનું ઈજીપટ બે પાહાડોની વચે એક ખીણ હોય એમ આવેલું છે. આગલ ફેરોહો, ટોલમી, અને એનટોનાઈનીની ઓલાદનાં જે મોહોટા રાજાઓ એ દેશની ઉપર રાજ કરી ગયાછે તેઓના પીરામીડને નામે ઓલખાતા ગંજાવર સથંભો, જેઓએ હજી સુધી મીસર દેશની છેક પડતી હાલતમાં પણ એ દેશને એક અજાએબ મુલક બનાવીયુંછે, તે સથંભોજ માતર બનાવાને માટે નહી, પણ યુરપખંડની અંદર આવેલા ઈટાલી દેશના જાહેર બાંધકામો, જે હજી અસલનાં રોમન બાદશાહોની ઉદારતા, અને તેઓનાં દેશનાં કારીગરોની ખુબીની પુરતી સાહાદતોછે, તે બાધવાને માટે પણ મીસર દેશનાં પાહાડોમાંથી પથરો વીગેરે સામાનનો ઉપયોગ કરવામાં આવીઓ હતો, તે ઉપરથી પણ એ દેશ ઘણો જાણવા લાયક અને ધીયાન આપવા જોગછે. કેરોની સાંમે, અને નાઈલ નદીથી ૬ ગાઉ દુર, આ પાહાડો માતર એક નાહાની ટેકડીની ૪૦ થી ૫૦ ફીટ ઉંચી હાર જેવા લાગેછે, અને લીબીઆનાં મેદાંનથી ઈજીપટ દેશને છુટું પાડેછે, અને જેમ એક નદીની રેલને અટકાવાને દેવાલ અથવા પાર બાંધી લીધી હોય, તે પરમાંણે નાઈલ નદીની પાસે ઘણો દુરવેર આ પાહાડોની હાર લાગેલીછે.

ઉપર જણાવેલો ઈજીપટનો ડેલટા નામનો એક ભાગ, તેનેજ નીચલું ઈજીપટ કરીને કેહેછે. આ ભાગનો વીસતાર આસરે ૧૦૫ ગાઉછે. આ ડેલટાના મોહોટા મેદાન વીશે હાલનાં, અને ઘણા અસલના લોકોનો પણ એવો વીચારછે કે નાઈલ નદીની રેલોમાં ઘસાડાઈ આવતા કાદવથી એ બનીયુછે. હીરોડોટસ નામનો એક યુનાની લખનાર કેહેછે, કે આજ ૩૫૦૦ વરસથી વધારેની વાત ઉપર ડેલટાનુ મેદાન ઘણુજ નાહાનુ હતું, અને માતર આઠ હાથ ઉંચું પાણી એની ઉપર ફરી વલતું હતું. પણ હમણાના વખતમાં ૧૮ હાથ ઉંચું પાણી એની ઉપર ફરી વલી શકેછે; અને કોઈ કોઈ વખતે કાદવનો મોહોટો ઢગ એકઠો થયાને લીધે પાણીને ૨૨ હાથ ઉંચું ચડવુ પડેછે. આ ઉપરથી માલમ પડેછે કે સાડી તરણ હજાર વરસની મુદતમાં ડેલટાનુ મેદાન ૧૪ હાથ ઉંચાઈમાં વધીયુછે

માતર સુરજના ઘણા તપનાં તડકાંથીજ નહી, પણ ઈજીપટમાં વરસાદ પડતો નથી તેને લીધે, અને વલી એની દખણોણે આવેલાં રેતીના મોહોટાં રણને લીધે, એ દેશ ઘણો ગરમછે. પણ કેટલાક માસ સુધી તીયાંહાં ઘણી થંડી પડેછે, અને એટલા માટે એ દેશની અંદર માતર ગરમીની અને થંડીની એવી બેજ રૂતુ હોયછે આખાં વરસમાં મારચ મહીનાથી તે નવેમબર શુધી ઉનાલાની રૂતુ હોયછે, અને ફેબરવારી માસના છેડાથી એટલો તો તાપ પડવા માડેછે કે, સહવારના ૯ વાગેનુ તડકું પણ ખમવાને મુ

શકેલ પડેછે. આ રૂતુમાં આખો વખત આસમાન ઘણુ જ ચલકતુ રેહેછે, અને ઘણા હલકાં કપડાં ઓલવીઆં હોય તે છતાં, જરાબી મેહેનત કીધા વગર, અતીશ પરસેવો છુટેછે. પણ નાઈલ નદીની રેલથી અને રાતના દવથી, થંડીના દીવસોમાં એટલીતો થંડી રેહેછે કે કોઈ વખતે યુરોપીયાન લોકો પણ તે ખમી શકતા નથી. વરસના તરણ મહીના શુધી નદીની રેલથી આખાં દેશમાં જે પાણી ફરી વલેછે, તેના કોહોવાટથી અને જથાબંધ બાફના આકારમા ઉડી જવાથી એ દેશની હવા અતીસે ખરાબ થવી જોઈએ, પણ તાંહાંની હવા ઘણી સુકી હોયાને લીધે એમ મુતલગ બનતું નથી. આ હવા એટલી સુકી હોયાને લીધે, શીઆલામાં પણ ગોસત કોહી જતું નથી, પણ કહણ લાકડાં જેહેવું બની જાયછે. જંગલોમાં મુવેલાં જાનવરોના ખોખાં આવી રીતે શુકાઈ ગયલાં ઘણા જોવામાં આવેછે, અને તે એટલાતો હલકાં થઈ જાયછે કે, કોઈ એક માહોટાં ઉંટનું ખોખું પોતાના હાથમાં ઉંચકી શકે. હવા ઘણી શુકી હોયાને લીધે, વરસાદ, કરાં, બરફ, ગગડાટ, વીજલી, અને ધરતીકંપો એ દેશમાં કદાચજ જોવામાં આવેછે. પણ કોઈ કોઈ વખતે તાંહાં ધરતીકંપ થાયછે, અને સન ૧૧૧૨ નાં સાલની અંદર જે થયો હતો, તેથી કરીને આખાં દેશનો એકદમ નાશ બનીયો હતો. ડેલટાની અંદર ઉનાલામાં તો કોઈબી વખતે નહી, અને શીયાલામાં કદાચ જ વરસાદ વરસેછે. પણ આખા મીસર દેશનું ફલદરૂપ પણું નાઈલ નદીની રેલો અને તેના રાતના દવને લીધેછે.

ઈજીપટ દેશની હવા તનદરૂસતીને માફક આવે એવી હોયછે. જોકે યુરોપીઅન લોકો પોતાના થંડીનાં મુલકમાં જે પરમાંણે રેહેછે તેવી રીતે રેહેવું આ મુલકમાં માફક નથી આવતું, તોપણ ઠંડક રાખીયાથી આ દેશમાં રેહેવાતું ખુશનુમાં લાગેછે. એક જાતની મરકી હીઆં ફેલાયછે, પણ તે એ દેશને પોતાને નહી, પણ એના રેહેવાશીઓની રીતને લીધેછે યુરપમા કાનસટાનટીનોપલમાં એજ જાતની મરકી ચાલેછે, અને તાંહાંથી મુવેલા માણસોનાં કપડાં, અને એવો બીજો કેટલોક સામાન વોહાંણો ભરી ઈજીપટનાં બારામાં આવીયાથી એ રોગ થાયછે. મીસર દેશનાં લોકોનાં વારેઘડીએ અતીશ ગરમ પાણીથી નાહાવાથીબી વલી આ રોગ ફેલાયછે. ભીસતીઓ, જેઓની પીઠ હમેશ થંડા પાણીથી ભીંજાયલી રેહેછે, તેઓને આ રોગ લાગુ પડતો નથી.

આ દેશની અંદર એક ઘણોજ નાશકારક રોગ સાધારણછે અને તે આંધલાપણુંછે. કેરો શેહેરની અંદર આ રોગ એટલો તો સાધારણછે કે મોહોલાઓમાં ફરતાં સો આદમીની અંદરથી, ૨૦ તદન આંધલાં, ૧૦ એક આંખે આંધલા, અને બીજા ૨૦ ઘણા દરદી ચઢી આવેલી આંખવાલાં માલમ પડેછે; અને ઘણુંકરીને દરેક આદમીની આંખ ઉપર, દરદને લીધે, નાહાનો પરદો અથવા પાટો જોવામાં આવેછે. મીસર દેશનાં લોકોની ખોલી અગાસી ઉપર સુવાનીટેવને આ દરદ લાગુ પાડવામાં આવેછે. વલી તેઓની પનીર, ખાટું દુધ, મધ, દરાક્ષ અને બીજા મેવાઓ, કાચી તરકારી, અને પુશકલ કાચા કાંદા ખાવાની ટેવ, શીતલાનાં દરદનો ઘણો ફેલાવો, રેતીની ઉડતી ભુકી કરચો, અને રેતીનાં રણની ઘણી ગરમીથી આ રોગ પુશકલ ફેલાયછે.

મીસર દેશની ખેતીવાડી વાલી જગા ૧૩,૩૩,૩૩૩ એકર છે અને નીચે આપેલા કોઠા પરમાંણે તેની ખેતીવાડી થાયછે.

| | | |
|---|---|---|
| રૂ ......... | ૬૬,૬૬૬ | એકર જમીન. |
| સણ......... | ૬૬,૬૬૬ | " |
| ગુલી......... | ૩૩,૩૩૩ | " |
| ચોખા......... | ૩૩,૩૩૩ | " |
| શેરડી......... | ૩૩,૩૩૩ | " |
| ખજુર વતરોગે ... | ૧,૬૬,૬૬૬ | " |
| | ૩,૯૯,૯૯૭ | " |

બાકીની આસરે ૯,૩૩,૩૩૬ એકર જગા ઉપર જણાવેલી વસતુઓ વીગેરે ઘઉં, બાજરી, મકાઈ જુઠા, તરબુચ, ખાંડ, કાંદા, અફીમ, તમાખુ, કાકરી, અને બીજી ચીજોનાં પાકથી ભરી નાખવામાં આવીછે; અને બાગ બજીચાઓનાં કામમાં પણ તે ઘણી રોકાયલીછે. કેટલાક પરગણાઓમાં એક વરસમાં તરણ વખત પાક ઉતરેછે. ઉપર જણાવેલી ચીજો આખાં મીસર દેશમાં પાકેછે, પણ નીચેનાં ભાગમાં અથવા ડેલટામાંજ મેવાનો પાક ઘણો બોહોલોછે. તરકારી ઘણી જુજ થાયછે. સાગ અથવા બીજાં લાકડાં જથાબંધ મલી નથી આવતાં; પણ એક જાતના બરાં, જેમાંથી પેહેલે કાગજ બનાવીઆમાં આવીયું હતું, તે બધેબધ ઉગેલાં માલમ પડેછે.

મીસર દેશનાં જીવજંત પરાણીઓમાં એક જાતના ઘાટકી તરસ, વરૂઓ, સાબરો, થોડાક વાઘો, વાંદરાઓ, કાંલાં ઢોરો, ઘોડાઓ, સોસવાટો, એક જાતનાં મોટા ઘથેડાઓ, સરડાઓ, મંગુસ જાતનાં જાનવરો (જેઓ મગરનાં ઈંડા ભાંજી નાખેછે) અને દરીઆઈ ઘોડાઓ મલી આવેછે. વલી શાહામુરગ, પાણીમાં રેહેનારા પખસીઓ, હાક, અને ગરૂડ પખસીઓ જથાબંધ જોવામાં આવેછે. પણ એ દેશમાંજ ઘણુંકરીને મલી આવે, અને અજાએબ જેવાં જાનવરોમાં આઈબીસ નામનું એક પખસીછે, જેને અસલનાં ઈજીપશીઅનો ઘણું પવીતર ગણતા હતા અને બીજો એક જાતનો અતીસ જેહેરી સરપ નાઈલ નદીના કીનારા ઉપર મલેછે, જેના ડંખથી જરા ખબર થઈને તતકાલ મરણ નીપજેછે.

ઈજીપટમાં ઉન, રૂ, સણ, અને રેશમના ઘણાક કારખાનાઓ તથા સંચાઓછે, પણ તેઓને સંચાઓનું નામ છાજતું નથી, અને તેઓ યુરપના સંચાઓની સાથે બરોબરી કરે એતો ફોકટછે.

મીસર દેશનાં હાલનાં રેહેવાસીઓ ભેળાયલી જાતનાં છે; તેઓમાં અસલનાં રેહેવાશીઓની ઓલાદનાં કોપટ લોકો, આરબો, યાહુદીઓ, ટરકો, અને આરબ ખેડુતોછે, અને એ સઘલાની સંખીયા ૨૬,૬૭,૦૦૦ નીછે પણ એ સઘલામાં આરબ ખેડુતોની સંખીયા ૨૨,૫૦,૦૦૦ છે.

અગાઉ ઈજીપટ ટરકીનાં તાબામાં હતું, અને એ દેશમાં રાજ ચલાવવાને ટરકીનો સુલતાન પોતા તરફથી એક પાશા અથવા વાઈસરાયને નેમતો હતો.

પણ હમણાં મીસર દેશ મુદલ ટરકીના તાબામાં નથી, તોપ પણ અમસથુ નામને ખાતર એને એમ ગણવામા આવે છે, અને હવે જેકે તેની ઉપર રાજ કરનારો હાકમ નામને ખાતર માતર પાશા અથવા વાઈસરાયનો ખેતાબ રાખેછે, તોપણ તે એક રાજા દાખલ એ દેશની ઉપર પોતાની ખુશી માં આવે એમ હાકમી ભોગવેછે. બધી જાતની પેદાશ મ ળીને આખા મીસર દેશની આવક વરસ દાહાડે ૬૮૬૦૦૦૦૦ પીઆસટરસ (એક જાતના સીકા) અથવા ૧૪૫૦૦૦૦૦૦ રૂપીઆનીછે. પણ એમાથી કેટલોક ખરચ વીગેરે બાદ કર તાં ઈજીપટના પાશાની તીજોરીમાં વરસ દાહાડે ૪૦૦૦૦૦૦૦ રૂપીઆની આવક થાયછે.

પાશા પોતે ઈજીપટના પાયતખત કેરો શેહેરમાં રેહેછે. શુધરેલાં દેશોની માફક મીસરમા સરકારી પગારદાર અમલ દારો ઠેડવવામાં આવેછે, જેઓ એ દેશનો કારોબાર ચલા વેછે. ઈનસાફનો પણ સારો બંદોબસતછે. ઈજીપટના વા ઈસરાય ઈબરાંમ પાશાએ ૧૮૬૩ ના સાલની અંદર મી સર દેશના રાજની લગામ પોતાના હાથમાં લીધા પછી એ દેશમાં ઘણોક શુધારો દાખલ કીધોછે, અને રૂનો પાક ઘણો બોહોલો કરવાથી પોતાની આવક ઘણી વધારીછે.

## જાંન લા.

### પઈશાનુ દેવાંનાપણું—મીસીસીપી કુંપનીને નાંમે ચાલેલો સટો.

જેમ આજ ચાર પાંચ વરસની વાત ઉપર મુંબઈ ખાતે શેર બજારે લોકોને એકદમ તવંગર થવાનું દેવાના પણું લગાડીઉં હતું અને તેમાં હજારોની પાયમાલી થઈ હતી તેને મલતાંજ બલકે તેથીબી ચહડતે દરજ્જેનું દેવા નાપણું આજ સેહોડસો વરસની વાત ઉપર ફરાંનસ મધે લાગુ હતું. એ વખતનો જાણવાજોગ તથા નશીઅત પક ડવા જોગ હેવાલ હમારા વાંચનારાઓને માટે હેઠલ આપી એ છઈએ.

આં મીસીસીપીનાં શેરોમાં લોકો તારાજ અને પાય માલ થઈ ગયાં તેનો હેવાલ જાણવા આગમચ તેને ઉતપ તી આપનારા ધણીની જીંદેગીનો થોડોક હેવાલ જાણવા જોગછે. એ ધણીનું નાંમ જાંન લા હતું. તવારીખ લખ નારાઓ એ ધણીને દેવાનો અથવા લુચો કેહેવામાં જુદાં જુદાં મત ધરાવેછે. લોકો પાયમાલ થઈ ગયાં બાદ જારે આ સટોરીઆ કુંપનીની વાત તેઓનાં દીલમાં તાજી હતી તે વખતે આ ધણીને તેને છાજે તે કરતાં ઘણુંજ ભુંડું બોલવા માં આવીયુંછે. પાછલી ઓલાદ તેને લુચો અથવા દેવાં નો કેહતી નથી પણ લોકો કરતાં તે પોતે વધુ ઠગાયો એવુ માંનેછે. નાણાં સંબંધી બાબદ અને આંટ અને સાખ ઉપર લેણ દેણ કરવાની બાબદના નીયમો તેના વખતના બીજા કાબેલો કરતાં તે વધારે સમજતો હતો તે છતાં તે ની ઉભી કીધેલી કુંપનીએ પડી ભાગતાં લોકોને તારાજ કરી નાંખીઆ તેમાં એનો ઘણો વાંક કહડાતો નથી. લો કો મેંઢાંની પેઠે એકની પછવાડે એક દેવાંના થઈ કુદી પડ શે એવી વકી એ ધણીએ બીલકુલ નહી રાખી હતી. જે વારે એણે શીરૂઆત કીધી તેવારે ગોઆઆ જે નદીમાં એ ણે પોતાની બોટ ચલાવી તે ઘણીજ પોહોલી અને સમાંધા ન હતી. એની બોટનું વધનું ઉતાવલુ અને ખુશનમાં હતું. એવામાં આગલ કાંઈબી અટકાવ આવી પડવાની જરાએ વકી રાખી નહી હતી. અફસોસ કે પાંણીનો એ ક મોહોટો ધોત એક કઠણેથી પડતો હતો તે નજર સારું નહી હતો. જે પાણીનો રોહ અને જોર ભરતી તે નો બોટને સડસડાટ તાંણી લેઈ જતો હતો તે ઘણેજ અસુ રેથી માલમ પડીઉં કે પેલા મોહોટા ધોતની મોહોકાન હ તી. હવે બોટ પાછી ફેરવવાને અનેક જોર અજમાવેઆં તે પેલા રેલાતા રોહ આગલ કાંઈજ નહી ચાલીઆ પણ બોર તે એક ખડકની બોહમાં ઘસડાતો ચાલીઓ જેવી તેની બોટ ખડકને અથડી તેવોજ તે ઉંચે મસતક ખડક ઉ પરથી ઉડી જઈ તુકડે તુકડા થઈ ગયો. એવામાં પેલાં ઉ છલતાં પાણી અહડી અહડી આગ મીસાલે ગરમ થઈ ગ યાં અને પરપોટા પેઠે ફુટવા લાગા. થોડા વારમાં રોહ ન રમ થતો ચાલીઓ. પાણી ઘંડાં થયાં અને પોતાને રાહે ચાલવા લાગાં. એવો હેવાલ જાન લાનો હતો, તેને પેલો બો ટ વાલો ગણો અને ઉછલતાં પાણીને દેવાનાં થઈ ગયલા ફ રેંચ લોકો કહેતો તે ચાલશે.

ઈ૦ સ૦ ૧૬૭૧ માં ઈસકાટલંડ ખાતેનાં એડીનબ રો શેહેરમાં જાન લાનો જનમ થયો હતો. એનો બાપ થો નારનો તેમજ નાંણાં ધીરધાર કરવાનો ધંધો કરતો હતો. એ ધંધામાં તેણે સારૂં નાંણું પેદા કીધું હતું અને લારીસટ ન અને રાનડલસટન નામની નામીચી જગાઓ વેચાતી લે ઈ તેની પેદાસ ખાતો હતો. એ દીનથી એને લોકો લારી સટનનો લા કરી ઓલખવા લાગાં. જાન લા જેનું ના મ આ નામીચી મીસીસીપીની બાબદ સાથે જોડાયલુંછે તે એ નાણા ધીરધાર કરનારનો વડો દીકરો હતો. એને ચ ઉદ વરસની વયમાં બાપે પોતાની સાથે એ કામમા સાંમેલ કીધો હતો. એ વયમાંથીજ હસાબ કેતાબમાં તેણે પોતા ની પુર અંચલાઈ બતલાવી હતી અને "બેંક" નું કામ કેવા નીયમોથી ચલાવવું તે ઉપર તે અતીશે ધેઆંન આપ તો હતો. સતર વરસની ઉમરે તે ઉંચો, મજબુત બાંધાનો અને તનદરોસત દીસતો હતો; અને તેના ચેહરા ઉપર જો કે સીતલાનાં ચાઠાં ચેહેજ હતાં તોએ તે ખુશનમા અને ચતુરાઈ વાલો દીસતો હતો. આ વખતથી તેને ધંધા ઉપ રથી મન ઉતારીને પોતાની ખુબસુરતી ઉંચા પેહેરવાસથી વ ધારે સરસ દેખાડવાને આખો વખત રોકતો હતો. સ્ત્રીઓ નો તે વધારે માનીતો થતો ગયો અને ૧૬૮૮ માં તેનાં બા પનાં મરણ પછે તદન પોતાનો ધંધો છોડી દેઈ બાપીકી મી લકતની પેદાસ ઉપર રેહેવા લાગો; અને તારબાદ દુનીઆ દારી જોવાને તે લંડન ગયો.

આ વખતે તે વયે તેમજ અનુભવે નાહાનો, ખુબસુ રત ચેહેરાનો, મધીઅમ રીતનો પઈસાવાલો અને કોઈનાં કાબુમાં નહી હતો. એવી હાલતમાં તે ઉડાઉ નીકલેઓ એ માં કાંઈજ અચરત સરીખું નથી. ઉડાઉપણાં સાથે તેવી

જ મોટી પેદાસ જોઈએ તેથી તે એક જુગારખાનામાં દાખલ થયો અને થોહોક વખત બખતાવરીથી તે જે ગણતરીથી રમે તેમાં જીહત મેળવતો હતો. તે એટલા સુધી ચાલીઉં કે બીજા એના સોબતીઓ એની જીહત જોઈ અદેખી નજરથી એની ઉપર જોતા અને જે સરત એ સામાં સાથે નાખે તેમાં એની તરફ બીજાં ઘણાંઓ સાંમેલ થતા. નવ વરસ સુધી એ લખમાં તે પડીઓ અને પછે તેમાંથી નીકલવું મુશકેલ થઈ પડીઉં. જેમ તે એ લખમાં વધારે પડતો ગયો તેમ તે દાહાપણથી વધારે દુર થતો ગયો અને કેટલીએક વખત એવા સીકનજામાં આવી ગયો કે બાપીકી મીલકત ઘરેણે મુકવા વગર તેનો છુટક નહી રેહુઓ. સીઓમાં તે પોતાના જાતી સારા દેખાવથી એટલીતો ઓલખ તથા પીછાનમાં આવતો હતો કે એક વખતે તેમાં આગલ પગલાં ભરતાં કોઈએક વીલસન નામના સખસ સાથે અથડી પડી

ાં ~.ઓ અને તે વખતના એક ચાલુ દીવાનાંપણાના રેવાજ મુ
એટલાબ વીલસને તેની સાથે બંદુકથી લડવાની લડાઇ માંગી.
ાખું પોતાન્નાઈમાં લાના હાથ ઉપર વીલસન મારોઓ ગયો અને
લીધે, વરસાદ માંટે લાને પકડી કેદ કીવો અને તેની ઉપર વાં
રતીકંપો એ દેશમાંથી તેને મારી નાખવાનો હોકમ થયો હતો પ
કોઈ વખતે તાંહાં ...ક કારણસર તે હોકમ રદ કરી તેની ઉપ
ાં સાલની અંદર જે લાગુ પાડી. વીલસનનાં સગાંઓએ
શનો એકદમ નાશ ...આદ ઉડાવી તેને પાદશાહી અદાલ
ાંતાલામાં તો કોઈબી વખતે · તે કાંઈક હીકમત કરી અમલદારો
ર વરસાદ વરસેછે. પણ અ...ી ગયો, અને તેથી શેરીફની સા
ાણું નાઈલ નદીની રેલો અને તે... પકડી લાવનારને મોટુ ઈનાંમ

ઈજીપટ દેશની હવા તનદરૂસતા...વી.

ત્રી હોયછે. જોકે યુરોપીઅન લોકો પોતાના...
માં જે પરમાંણે રેહેછે તેવી રીતે રેહેવું આ મુલકી તે યુરપખંડ નથી આવતું, તોપણ ઠંડક રાખીયાથી આ દેશનો અને એ પર ખુશનુમાં લાગેછે. એક જાતની મરકી હીઆં ફેલએ અરસામાં ણ તે એ દેશને પોતાને નહી, પણ એના રેહેવાશંણા સંબંધી રીતને લીધેછે. યુરપમા કાનસટાનટીનોપલમાં એજ રે આમસટની મરકી ચાલેછે, અને તાંહાંથી મુવેલાં માણશોનાં કપડાં શેહે અને એવો બીજો કેટલોક સામાન વાંહાંણો ભરી ઈજીપટનાં બારામા આવીયાથી એ રોગ થાયછે. મીસર દેશનાં લોકોનાં વારેઘડીએ અતીશ ગરમ પાણીથી નાહાવાથીબી વલી આ રોગ ફેલાયછે. ભીસતીઓ, જેઓની પીઠ હમેશ થંડા પાણીથી ભીંજાયલી રેહેછે, તેઓને આ રોગ લાગુ પડતો નથી.

જ
નાં
ઓ
ઉપ
ણ

આ દેશની અંદર એક ઘણોજ નાશકારક રોગ સાધારણછે અને તે આંધલાપણુંછે. કેરો શેહેરની અંદર આ રોગ એટલો તો સાધારણછે કે મોહોલાઓમાં ફરતાં સો આદમીની અંદરથી, ૨૦ તદન આંધલાં, ૧૦ એક આંખે આંધલા, અને બીજાં ૨૦ ઘણા દરદી ચઢી આવેલી આંખવાલાં માલમ પડેછે; અને ઘણુંકરીને દરેક આદમીની આંખ ઉપર, દરદને લીધે, નાહાનો પરદો અથવા પાટો જે વીરોમાં આવેછે. મીસર દેશનાં લોકોની ખોલી અગાસી અને ર સુવાની ટેવને આ દરદ લાગુ પાડવામાં આવે મલણ કા તઓની પનીર, ખાટું દુધ, મધ, દરાક્ષ અને ...ખી નથી; તેઓ, કાચી તરકારી, અને પુશકલ કાચા કાંદા

મ
છ
૬
ાં

આંવી રીતે તે નાશીપાશ થયો અને વીલસનના ખુનની માફી મેલવવાની પેરવીમાં તે નહી ફાવેઓ તેથી પાછો પોતાની સલાંમતીને વાસતે બાહેર ગાંમ નીકલી ગ્યો અને પાછો જુગારી લખમાં પડીઓ. તે ઘણાં વરસ શુધી દેશેદેશ ભટકીઓ તેમાં ફલાનડરસ, હાલંડ, જરમની, હંગારી, ઈટલી અને ફરાંનસ ખાતે લાંબો વખત રહીઓ અને તાંહાંના વેપાર વનજની એટલીતો પકી માહીતગારી મેલવી કે તે પોતાના મનમાં દરરોજ વધારે મુશતકીમ થતો ગયો કે દુનીઆનું કોઈબી મુલક કાગજી (નોટનો) ચલણ વગર કદીબી આબાદ થાય નહી.

જાંહાં જાંહાં તે ગયો તાંહાંનાં સરવે નામીચાં જુગારખાનાઓમાં તે પરશીધ થતો ગયો તે એટલા સુધી કે કેટલાંએક દેશના માજીસટરેટોએ પોતાના દેશનાં જુવાંનીઆઓને જુગારી લખ લાગુ પડવાની ધાસતીથી તેને શેહેર બાહેર હાકી કહડાવીઓ. પારીસ ખાતે પણ તેના એજ હાલ થયા; પણ તેમ થવા આગમચ ડીઉક ડે વેનડમ, પરીનસ ડે કોનટી અને મોજીલા ડીઉક આવ આરલીઅંનસ સાથે તેણે ગમતખાના અને ઉંચા જુગારખાનાઓમાં સારી રવેસની પીછાણ કરી લીધી હતી અને જેમી તક તેને મલી તે તકે આ નામીચા અને હવેપછે રાજકારોભારમાં ભાગ લેનારાઓનાં મનમાં પોતાનાં મનમાં ગોઠેવી નાંણા સંબંધી અને કાગજી (નોટનાં) ચલણ સંબંધી રીત પધેષણે ઠસાવી.

ચઉદમાં લુઈ રાજાના મરણની થોડું એક આગમચ ફરાનસનાં ડેસમારેટસ નામનાં ખજાનચીને એક નાંણા સંબંધી ઈઉકતી લાએ બતલાવી પણ લુઈએ તે વાત ધીઆન પર લેવા આગમચ પુછપરછ કીધી કે તે કેથોલીક ધરમનો છે કે નહી અને તે નહી હોવાથી તેની ઈઉકતીનો ઈનકાર કીધો. એ બાદ લા ઈટલી તરફ ગયો અને તાંહાંના રાજમાં એ ઈઉકતી વાપરવાની ભલાંમણ કીધી પણ તે ઘણાં થોડાં રાજમાં ફાવેઓ નહી તોપણ તેને તાંહાંથી એવી સલાહ મલી કે ફરીથી એકવાર ફરાંનસ ખાતે એ વાત કાહાડવી અને તાંહાના લોકો એવી નવાઈની તથા પઈસો પેદા કરવાની વાતથી જલદીથી લલચાશે. એટલામા લુઈ રાજા મરણ પાંમીઓ અને ગાદીનો વારેસ બાલક હોવાથી ડીઉક આવ આરલીઅનસનાં હાથમાં રાજની લગાંમ તે બાલક વઈ પુગે તાંહાંસુધી આવી. એ બનાવથી લા ઘણોજ ખુશ થવા લાગો અને વીચારવા લાગો કે ઘણાં વરસનો હાલે અને જંજાલી કમતર થવાનો તથા લાંબા વખતની તેનાં મગજમાં ઠસેલી નાંણાં સંબંધી ચલણને અમલમાં લાવવાનો વખત હવે નજદીક આવી પુગોછે; કેમકે ડીઉક આવ આરલીઅનસ સાથે તેને સારી પીછાન પડી હતી અને લાને તે સારી રીતે ચાહાતો હતો. (સાંધણછે.)

# પરચુટણ.

કોલસો—ઇયુરોપમાં કોલશાની ખાંનોમાં ૭ લાખ માંણસ ખપેછે તેમાં ગરેટ બરીટનમાં ૩ લાખ બેલજીયમ અને ફરાંસમાં ૧ લાખ ૨૦ હજાર, પરશીઆમાં ૮૦ હજાર અને બાકીનાં દેશોમાં બે લાખ.

**એક ઘડીયાલની કીંમત**—એક ખલાશી એક ઘડીયાલીને તીયાંહાં પોતાનું નાંનુ ઘડીયાલ લઈ ગયો અને તેને પુછ્યું કે એ સંમાડવાને તું શું લેશે ? ઘડીયાલીએ જોઈને કંહું જે "ભાઈ સુંના કરતા ઘડામણ મોંઘી એવું કાં મછે. ઘડીયાલની કીમત કરતાં બેવડા પઈસા સમારવાને જોઈશે." ખલાશી બોલયો કે "તેની કાંઈ ફકર નહી કે હુંતો તેની અશલ કીમતથી તરણ ઘણી આપું, એક ફટકો મગજ ઉપર મારી મેં આ ઘડીયાલ વેચાતું લીધુંછે અને તું જો એ સમાડી આપેતો તુહને બે આપવાને રાજીછું."

---

**એક લાંબી બંદગી**—ઓહાયોના એક પાદરી પોતાની નેકીને માટે ઘણો વખણાયલો હતો તે પોતાના કુટંબ સાથે લાંબો વખત સુધી રોજ બંદગી કરતો હતો. એક દાહાડે સહવારે પોતાના શબેતા મુજબ નાસતા પછી તે પોતાની ઓરત સાથે બંદગી કરવા લાગો, પણ તે દાહાડે ઘણુ કાંમ હોવાથી પાદરીએ એક ટુકીજ બંદગી કીધી અને તે ખલાશ થયા બાદ પોતાનો દુધનો તાંબરો લઈ પોતાના ખેતરમાં ગયો. પાદરીની ઓરત બેહેરી હતી અને પોતાનો ભરથાર ઓરડામાંથી ગયો તેની તેને ખબર ન હતી પણ તે ઉલટી એમ શમજતી હતી કે હજી લગી તે બંદગીમાં મશગુલછે. પાદરી પોતાની ગાયનું દુધ લઈ પાછો આવયો અને પોતાની ઓરતને ઘુટન જડીએ પડી રહેલી જોઈ તાજુબ થયો તેથી તે તેણીની આગલ જઈ મોટે અવાજે બોલયો "આમીન" જે સાંભલી તે ઉઠી અને કશુ બનયુ ન હોય તેમ પોતાનું કાંમકાજ કરવા લાગી.

---

**એક કરામતી દુરબીન**—એક આઈરીશમેન એક દીવસે પોતાના દોશતને કેહેવા લાગો જે માહારી પાશે એક સરસ દુરબીનછે. દોસતે પુછ્યું કે "તેથી સાસુ દેવલ તહમે જોઈ શકોછો ?" જવાબ દીધો જે "ખુલલી નજરેતો દેવલનો આકાર પણ દેખાતો નથી પણ જાહારે માહારી દુરબીનમાંથી જુઉંછું તાહારે તે એટલુતો પાશે આવેછે કે તેમાં વાગતુ વજંતર પણ મહને શંભલાયછે."

---

**બારીશટરને જવાબ**—એક પંકાયલો બારીશટર એક ઓરતને ઉલટ પાલટ તપાસતો હતો જેમા તે બોલયો કે બાઈ હેવી તહમે મહને ભુલથાપ ખવાડોછો તે ચાલશે નહી. "ઓરત બોલી કે શાહેબ ભુલથાપ તે શું તે મહને શમજ પડતી નથી પણ જો કોંઈ ઓરત તહમુને કેહે કે તહમે ખુબશુરત છઓતો તે ભુલથાપ તે ખરી એમ હુ શહમજુંછું."

---

**ખાતી દશાક**—ઉમરે પુગેલી કુમારી કનયા બોલી "તાહારે તહમે આટલી ટુકી વયે પરણોછોની ? વારૂ સારૂં માહારો વીચારતો એછે જે હજારમાં નવસોને નવાણું જોડાંમાં અનબનાવજ રહેછે પણ અલબત સઉ સઉના વીચાર સઉ સઉને પીયારા."

---

**એક વફાદાર બેટો**—એક નાટકના તખતા ઉપર કેટલાએક ખેલાડીઓ એક નાટક બનાવતા હતા, સઘલા તમાસગીરો ઘણા ધીયાંનથી તે સાંભલતા હતા, એક માં એક ખડક ઉપરથી પડી જતી હતી તેવામાં તેના છોકરાએ તેનો હીમતથી જીવ ઉગારયો એ દેખાવથી એટલી અસર થઈ કે લોકો ડચકાં ખાવા લાગયા અને છોકરા ઉપર આફરીન કરવા લાગયા, હેવામાં સઘલા તમાસગીરોનું ધયાન ગાલરી ઉપર ખેચાયું જયાંહાં બેઠેલી એક મા પોતાના પાસે બેઠેલા છોકરાને મારતી હતી. તે બોલી કે "તેં એટલુ માહારે વાસતે કાં નહી કીધું, જાહારે તાહારા છાકટ બાપે મહને બારીવાટે ફેંકી દેવાને તજવીજ કીધી."

---

**એક હેતનો કટકો**—ચેલસી કાલેજના દાકટર મનશીને પોતાની ઓરત સાથે નીતય રોજ કજીઓ થતો હતો. કુલહાંમથી આવતાં તેને રસતામાં તુફાન મલયું, હેવામાં એક ગુરડાંની ગાડી ગુરડાંને દફણાવી ચેલસી તરફ પાછી ફરતી મલી. તુફાંનના સમામાં કોઈ પણ બંદર ડાકટર ગાડીમાં મહડી બેઠો. ચેલશી આવયા એટલે ગાંડી તેના ઘર આગલ ઉભી, ડાકતરની ઓરત બાહાર નીકલી આવીને પુછ્યું કે કોચમેન કોણછે ! "ડાકટર બાઈ" અતે મારો વર પોતાના છેલલા ઘરમાં ગયો ખરો"—ડાકટર તરત બાહાર નીકલીને બોલયો "હજારો હજાર તાહારા ઉપકાર માહારી પીયારી તાહારા હેતને માટે."

---

**મેહેનત**—મેહેનત એક જાતનો તલેશમાત છે, મેહેનતથી માણસ પોતાની જંગલી હાલતમાંથી સુધરીને હાલની અવસથામાં આવીયુંછે, મેહેનતથી કરીને ઉજડ જગાઓ તથા બીઆબાન જંગલો ખેતીવાડીને લાયક થયલાંછે, અને મેહેનતનાજ તલેશમાતથી આપણ જમીનપર આબાદાની ભરેલાં શેહેરો તથા ઘર જેવાં મોટાં વાંહાણો અને આગબોટો જોઈએછ, ટુકમાં કંગાલીઅત અને જંગલી હાલતમાંથી નીકલીને જે શુખ અને આબાદાની આપણ ભોગવીએછ તે કશાંથી નહી પણ મેહેનતથીજછે.

---

**નાઉમેદી**—અગરજો તમો તમારા કંઈ પણ કામમાં નીશફલ થાવો, અને તમારી સાથના બીજાઓ પાર પડે, તો તે પરથી તમો હીમત છોડશોના. તમો કંઈ પણ કામ માથે લેવો તેમાં ન ધારેલી અડચણો આવશે, અને તમારી ગણતરીમાં કદાચ તમે ભુલશો, અથવા વખતે તમે એક ચીજની આશા રાખો અને તેમાંથી તદન જુદીજ નીકલે, અને તે પરથી તમુને જે કંઈ પરીનામ નીપજે તે શોશવું પડે તોપણ તમુને એકદમ નાહીમત થવું નહી જોઈએ. આટલુંતો દરએક વાંચનારે ધીઆનમાં રાખવું કે સંસારમાં બનતા બનાવો જરા જરામાં બદલાતાં આકાસની માફકછે કે જે આકાશ કોઈ કોઈ વખત વાદલથી ઘેરાએલું હોયછે અને વલી કોઈ કોઈ વખત સાફ અને ખુશનુમાં દીશેછે અને આજે દાહાડો તોફાની હોયાથી આફતાબને કોઈબી દાહાડે જોવાની આશા છોડવામાં જેટલી મુરખાઈછે તેટલી મુરખાઈ દુનીઆઈ બનાવોના ચકર તલે એક વખત આવીઆ પછી એકદમ હીમત છોરી દેવામાં તથા નાઉમેદ થવામાંછે. વાશતે આપણને એવી આશા રાખવી જોઈએ કે સદાકાલ ઘેરાયલું વાદલ આપણે માંથે રેહેનાર નથી અને એક દાહાડો એવોબી આવશે કે આપણી ન ધારેલી ઉમેદો શેહેજમાં પાર પડશે, અને એવીજ આશાથી આપરૂં જેબી કાંઈ કામ હોય તે પર ઉલટથી મંડવું જોઈએ.

**વીચારવું અને કરવું**—લોકો જે જોરાવર થાયછ તે ખાધાથી નહી પણ ખાધેલું જેરવીઆથી, તેઓ દોલતવાન થાયછ તે પઈસા મેલવીઆથી નહી પણ પઈસા બચાવીઆથી; તેઓ ભણેલા થાયછ તે માતરૂ વાંચીઆથી નહી પણ વાંચેલું યાદ રાખવાથી; તેજ પરમાણે તેઓ નીતીવાન થાયછ તે મોઢેથી બોલી દેખાડયાથી નહી પણ ખરેખરી નીતીની રાહ ઉપર ચાલીઆથી.

---

**એક ઉમરાવનો કુતરો**—એક ‘ઉમરાવ પોતાના કુતરા સાથ આગબોટમાં મુસાફરી કરતો હતો. એક દીવસે તેનો કુતરો દરીઆમાં પડી ગયો. પેલા ઉમરાવે કપતાનને કહયું જે "ભાઈ, તારી આગબોટને ઉભી રાખવાનો હોકમ કર કે હું મારા કુતરાને બચાંઉ" કપતાને જવાબ દીધો કે "મેહેરબાન શાહેબ, કોઈ માણસ દરીઆમાં પડયું હોય તોજ માહારી આગબોટ અટકાવવાનો મને હોકમ છે," પેલો ઉમરાવ બોલીઓ "ઠીકછે તારે" અને તરતજ પાણીમાં કુદકો મારયો, કારણ જે તે એક અઠંગ તરનાર હુતો. પેલા કપતાને હવે પોતાની આગબોટ અટકાવી, અને એક પાંચ મીનીટમાં પેલો ઉમરાવ પોતાના કુતરા શાથ પાછો આવીયો.

---

**બાર કોશનો માંડવ**—એક છોકરાને ઈંડા ખાવાનો ઘણો શોખ હતો. તેને વીશે તેની માએ પોતાના એક ભાઈ આગળ નીચે મુજબનો હેવાલ કહયો. "ભાઇ, મારો છોકરો ઈંડાનો કેટલો શોખીલોછે તે તમે શારીપડે જાણોછ" એક દીવસે હમો ગાડીમાં ફરવા જતાં હતાં; કેટલું એક આગલ ચાલીયા પછી હમુને ભુખ લાગી, તેથી એક ઠેકાંણે વાસો લીવો તે વખતે મારો છોકરો બોલવા લાગો કે "માએ, હું હઈઆં કંઇજ નહી પણ થોડાં બાફેલાં ઈડાંજ ખાઇને મારી ભુખ મટાડશ" તે બારી આગલ ઈંડાની એક તોપલી લઈને બેઠો અને ખાઇને બારી વાટે કોટલાં નાખતો હતો, અંતે હું ઘણોવાર ખોટી રેહેવાથી કંટલાઈ ગઇ અને જોરથી બોલી "કેમ, આખો દાહાડો હંઈ બેસીને ઈંડાજ ખાયા કરવાંછ કે ઘેર જવુંછ?" મારો છોકરો તરત ઉઠયો અને હમો ગાડીમાં બેઠાં અને જારે તેણે ગાડી ફેરવી તારે એક પઈડું ઈંડાના કોટલાંના એક ઢગપર ચટી ગયું અને તે ટગ એવડોતો મોટો હતો કે હમારી ગાડી તરત ઉંધી વલી ગઇ."

---

## રમુજે પુરસત.

૧ લું—હું ચાર અક્ષરનો એક બોલણું. જો બરાબર કહોતો મારામાં ચાર જુદા જુદા અક્ષરને બદલે બેજછે. મને આખો લેવોતો હું માથું ખાઇ જાઉંછ. હું આગલથી અને પાછલથી જુદી જુદી રીતે વંચાઉંછ તોએ માથુ ખાવાની રૂપને ભેજાંનો ખીમો કરવાનીજ મતલબ ધરાઉંછ. મારીથી સાજાં મગજ ઘેલાં થઈ જાએ એવો મારો કંટાલોછે.

૨ જું—બે અક્ષરનો હું એક બોલણું. હું માણસનાં દીલમાં વાસો કરૂંછ અને દલગીરી અને શોક વગર બીજું કાંઇજ દેખાડતો નથી. મને બીજી રીતે વીચારો તો હું કાંઇબી બાબદ અથવા જગાની બાજુ અથવા તરફ દેખાડુંછ. જો મને તરીજી રીતે લેવોતો મારો અરથ સમજનો થાયછે. મને ઉલતાવી વાંચોતો ગાંમડીઓનો એક ખોરાક થાઉંછ.

૩ જું—હું તરણ અક્ષરનો એક બોલણું. જો આ ચોપાનીઉં તમો શરૂઆતથી વાંચતા છેક અહીં સુધી આવી પુગા હપોતો મારે વાસતે એક નાંદર બીના તમોએ આજ વાંચી હશે મને ઉલતાવી વાંચોતો પારસીના એક ટોલાંને હલકું લગાડનાર બોલણું.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—આંખની કીકી.
૨ જું—પર.
૩ જું—મકર.

---

## હરી ભજવા વીશે

પદ.

ભજને શ્રીહરીને કરી કલ્પના પરી,
તારી કલ્પનાપે વાત કહે કશી સરી; ભજને શ્રીહરીને. ૦
નાણી જોયું નિત્ય તોપે શિદ મથે મરી,
આ અમુલ્ય જન્મ ગયો નહિ આવે ફરી; ભજને શ્રીહરીને. ૧
દુઃખ મૃત્યુ કોણ માગવાને જાયછે,
જો સમે આવી તે સહેજ પ્રાપ્ત થાયછે; ભજને શ્રીહરીને. ૨
એજ રીતે સૂખ સર્વ શાસ્ત્ર ગાયછે,
માની હું પણ તું શીદ દુઃખમાં દળાય છે; ભજને શ્રીહરીને. ૩
જેનું નિમિત નીરમ્યું જ્યાં તેહ ત્યાં જશે,
પૂર્વ ભવે સંચ્યું તે પ્રમાણે પામશે; ભજને શ્રીહરીને. ૪
ધાર્યું ધણિપે તેજ થયું થાયછે થશે,
વૃથા વિટંબના કરીશ તેજ ઉગરશે; ભજને શ્રીહરીને. ૫
કરવો ઉદ્યમ કહ્યોછે પણ રૂડિ રીતીનો,
તું તો છેક ભજન ભૂલી કરે અનીતિનો; ભજને શ્રીહરીને. ૬
એકો અંશ પ્રભૂ વિષે તુંને ન પ્રીતનો,
ભજનો વિચાર ચિત રાખ્ય જીતનો; ભજને શ્રીહરીને. ૭
રાખ્ય દ્દઢ ભરૂંસો એક નાથજીતણો,
અવળું સવળું કરશે જન જાણી આપણો; ભજને શ્રીહરીને. ૮
દીનવત્સળ દેવ તે દયાળુ છે ઘણો,
ટેક-ધર દયા બહુ શ્રીકૃષ્ણથી ભણો; ભજને શ્રીહરીને. ૯

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૩ મું. | જુન ૧૮૬૯ | આંક ૬ ઠો.

## કંજુસના કરમની કાહાણી.

### નાટક પાત્ર.

| | |
|---|---|
| ખીદાર. | એક મોટો કંજુસ |
| મેહેરનોશ | ઉપલાનો બેટો. |
| કામગાર | ખીદારનો મેહેતો |
| કસરેવજ | મેહેરનોશનો ચાકર |
| તેહેમુર | એક દલાલ |
| સામ. | ઘર સામન વેચનાર. |
| હોમાન | એક જહવેરી. |
| બાબક | રેસમવાલો. |
| ઓશરૂ | એક દરજી. |
| ગજદુમ | એક વકીલ |
| પારસા | ખીદારની છોકરી |
| શેહેરબાનું | એક વીધવા ઓરત |
| ફેરંગીજ | ઉપલીની છોકરી. |
| શેહેરનવાજ | પારસાની ચાકરડી. |
| તેહેમીના | ફેરંગીજની ચાકરડી. |

ચાકરો વગેરે.

### પ્રકરણ ૨ જું.

#### દેખાવ ૧ લો—મેહેરનોશ, કસરેવજ.

મેહેરનોશ—એ ખુબખ તું આટલોવાર થયો હીયાં શું કરેછે?

કસરેવજ—સાહેબ, કરમની કાહાણી શાંભલોતો તહમારા બાવાએ માહારા હાથમાં આજ લીંબુ નાલીએર આપયું.

મેહેરનોશ—પછી પેલા પઈસાનું શું કીધું?

કસરેવજ—સાહેબ હેરેમંદને તયાંહાં જવું અને સરાફને તયાંહાં જવું એકસરખું છે. તોબી સાહેબ તહમારો આસરોછે એટલે સેતાનને બારણેબી જવાને મહને ડર લાગતી નથી. સીકા ચેહેલીમાં તેહેમુર નામે એક દલાલ રેહેછે તે સાહેબના નામ ઉપર કુરબાનછે. તે તહમને પાંચ હજાર રૂપયા કોઈ સરાફ પાસે ધીરાવા તઈયારછે પણ કેટલીક સરતો કરવા માંગેછે તે સાહેબનું ધેઆન હોહેતો કબુલ કરવી.

મેહેરનોશ—પણ તે સરાફનું નામ તેં સાંભલયુ હશેની?

કસરેવજ—સાહેબ દલાલીઆઓનું કામ વળી ઓર તરેહનું છે. સરાફના નામપર તેઓ લપોટાની લાખ મારેછે. સરાફ સાથે આપણુને શું કામછે? તહમારા હાથમાં રૂપયા આવયા એટલે બસ પછી તે કાલા ચોરને તાંહાંથી આપયા.

મેહેરનોશ—વારૂં શી સરતથી તે સરાફ રૂપયા આપવા માગેછે?

કસરેવજ—આ કાગલ ઉપર મેં લંબાનથી ઉતારી લીધીછે. સરતતો પાંચ હજાર રૂપયા પરમાણે ઘણી સસતીછે. બીચારા દલાલે તહમારો દયા ખાધી તેમાં નહીંતો તેણેતો એવી સરતો લખેલી હતી કે તહમને રૂપયા મલી શકતે નહીં.

મેહેરનોશ—ચાલ તાહારો ટપકો વાંચની જોઈએ.

કસરેવજ—(વાંચેછે.)

સરત ૧ લી—તહમારી ઉંમર ૨૧ વરસથી ઉપર જોઈએ.

સરત ૨ જી—તહમારા બાપની ઉંમર ૬૦ થી ઉપર જોઈએ.

સરત ૩ જી—તહમારા બાપની મીલકતના તહમે દેખીતા વારેસ હોવા જોઈએ.

સરત ૪ થી—તહમારા બાપની મીલકત એવા અખતેઆરમાં નહીં ગયલી હોય કે તહમે તેના મરણ પછી રદબાતલ થાઓ.

સરત ૫ મી—તહમારા બાપ ડટાયાબાદ ૨૪ કલાકેનાના ચુકતે હસાબે ભરવાં.

સરત ૬ ઠી—૫૦૦૦) રોકડા લઈ ૧૦૦૦૦) નો હાથ મચકડો લખી આપવો.

સરત ૭ મી—દર માસે રૂ૫૦૦૦) ઉપર દર વરસે ૪૦ અંકે ચાલીસ ટકા લેખે વેપાજના ચુકવી આપવા.

સરત ૮ મી—તહમારી હઈયાતીનો ૧૦૦૦૦) નો વીમો ઉતારવો.

સરત ૯ મી—દલાલને હાલ તુરત સેંકડે ૫) ટકાની દલાલી આપવી ને બાકીની હકસાઈનો રૂ૫૦૦) અંકે પાંચસેનો હાથ મચકડો લખી આપવો તથા તે ઉપર દર મહીને ચુકતે સેંકડે વરસ દાહાડે ૧૨ ટકાનું વેપાજ આપવું

સરત ૧૦ મી—નાણું ઉપ્પત પછી ૧ મહીને આપવામાં આવશે અને તરત જોઈશેતો સેંકડે ૪ ટકાનો ડીસકાઉંટ લઈ આપવામાં આવશે.

સરત ૧૧ મી—૫૦૦૦) માંથી ૨૦૦૦) નો માલ આપવામાં આવશે જેની ટીપ તહમને આપીશ.

મહનેતો લાગેછે સાહેબ જે આ સરતો ઘણી વાજબીછે. પણ એક ફરમાસ સાહેબ તે તહમો મેહેરબાંને કબુલ રાખવી. જાંહાં નવાણું તાંહાં ભરયા સો. લખાનની કલમ ૧૨ મી એજે તહમારા નોકરને સેંકડે ટકા ૨ ની હકસાઈ આપવી.

મેહેરનોશ—અરે કમબખ્ત આવી સરતોને તું વાજબી સરતો કેહેછે ? વારૂં પેલા સામાંનની ટીપ વાંચ જોઉં.

કસરેવજ—એક પીતલનો ઘોલીઓ. એક વરસ તીરંદાજ ગવઈઆએ વાપડેલો. એક પગ ભાગેલોછે બાકી કશી પાંતીએ ખામી નથી. બે રૂના ગોદડાંછે. નીચેનું તુવાઓએ ખાયેલુંછે બાકી શઘલી વાતે નવાં કોરાછે. ઘોલીઆને નવી કુરતનીછે પણ ઉપરનું 'ટાપ' ઘોઆીએ કાહાડી લીધેલુંછે.

અરધો દજન નકસીદાર ખુરસી. એને ગાદીછે, ૩ને નેતરછે અને એકને ખાલી પાટયુંછે. ગાદી ઉપર જરા તેલના દાઘ પડેલાછે અને બેની નેતર જરા ઘીલી પડીછે બાકી બીજી રીતે ખામી વગરનીછે. એ ખુરસીઓમાંની એક ઉપર તીરંદાજ ગવઈઆએ પાદશાહ ખોશરૂના મેહેલમાં ગાતું ગાયું હતું.

૩ શુંનાના અને ૨ રૂપાંના બટન. ઉપલામાનું એક સુંનાનું બટન પાદશાહ ખોશરૂએ તીરંદાજ ગવઈઆને ભેટ આપયું હતું. બટનનાં આંધરાં તુટી ગયાંછે બાકી બીજી રીતે પેહેડવા લાયકછે. એક રૂપાંનું ઘડીયાલ જેની કમાન માતર જોખમાઈછે બાકી સેકંડનો પા ભાગ પણ ઓછું વધતું જતું નથી.

એક સુંનાની તપકીરની દાબડી જેમાંથી ખોશરૂ પાદશાહે ચમટી ભરી સુંધી હતી. દાબડીને દાબી ઓરડુએ એક ગોબો પડયોછે બાકી બીજી રીતે ઘણીજ ઉતમછે.

ઈરાનનાં છ પાદશાહોની તશવીર નામીચા ગમતખ ચીતારાએ ચીતરેલી. એ ઉપર ફકત પાણીનાં દાઘ ૫છે બાકી બીજી રીતે અમીરના દીવાનખાનાને જેમ અમ એવી ચલકેછે. ચારની ફરેમ જરા જોખમાયલીછે.

મેહેરનોશ—શરાપ, શરાપ તાહારી સરત અને ઉપર. ઉંધો બીજી ચોવીસ સરતોથી મહને ખ... ...એ. બાપોનાં લોભથી દીક... ...ારે તેમનાં મોહોતથીજ તેમ... તેમનું મોહોત નહી થાય... રમુજ કુરા ટપકાને કે જરા ... ...ચરનું બેયાન જોઉં ?

૧ લું—હું ચાર અક્ષરનો... ...ખર કહોતો મારામાં ચાર જુદા જુદા ...જને આખો લેવોતો હું આયું ખાઈ જ... ...થી અને પાછલથી જુદી જુદી રીતે વંચાય ઉડાઉ છોકરોછે ખાવાની રૂપને ભેજાંનો ખીમો કરવાનીજ ...મે જેમ નથાછ. મારીથી સાજાં મગજ ઘેલાં થઈ જાએ એ... ટાલોછે. ...ે. નાણા

...ની રકમ પડી મોટી. કાંઈ આપયે તો ઘાસતીનો નહી ? તેના નામ ઠામથી કાંઈ વાકેફછો ? ચાર આપયે તે અગાઉ ચાર વખત ગણીયે. પઈસા કાંઈ ઝાડપર પાકતા નથી.

તેહેમુર—તે જુવાનને હું ઓલખતો નથી. પણ તેનો માણસ મહને કેહેતો હતો કે જો તેના ઘરડા બાપને કોઈ લુટારો આજે ફાસી દીએતો તહમારા ઘરમાં બેવડી રકમ આવીને પડે. કેહેછે કે બુઠા પાસે ઘણું દરવયછે પણ એટલો કંજુસછે કે એક અરધી પેટે ખાતો નથી અને તેના બચાં તેના મરવાની કાગને દોલે વાત જુવેછે.

બીદાર—જે કમ અકલી છોકરાઓ ઘરના વાંસા સલગાવી તાપનું કરેછે તેઓ ઘરડા માણસો જેઓ દુનીયાદારીથી વાકેફછે અને પઈસાની કદર પીછાણેછે તેમને એવી જ ગાલો દીએછે.

તેહેમુર—આ જુવાન તેના બાપનો એકપુરોજ બેટોછે અને તહમે જો માંગો તો એવો પણ કોલ કરે કે બુઢો આઠ મહીનામાં જરૂર પોતાની હમેશની આસાએશ લીએ.

બીદાર—એવુંછે તાહારે મેં જે તહમને સરતો કહી તે સરતે નાણું ધીરવા કબુલછું. આપણા પડોસીની ગરજને વખતે મદદ જરૂર કરવી જોઈએ જાહારે તેમ કરયાથી આપણને દોહોડયાંનો જોખમ લાગતો નહી હોય.

તેહેમુર—ખરૂં સાહેબ.

કસરેવજ—સાહેબ આપણો દલાલ તહમારા બુઢા બાવા સાથે ગોફતેગો કરેછે તેનો અરથ શું ?

તેહેમુર—ઓહો સેઠીયાઓ ! તહમે હીંયાં કેમ આવી લાગા ? બીદાર સાહેબ આ ઘરસથ તહમારૂં ઘરાક થવાની ખાએશ રાખેછે.

બીદાર—અરે લુચા તું આવાં ઉડાઉપણાનાં ફેલમાં ફરેછે !

મેહેરનોશ—અને તહમે બાવા લોકોને નીચવવાના ફેલમાં ફરોછો ?

બીદાર—શું તું આવાં ભયંકર વેપાર ભરી નખોત વાલવા માગેછે ?

મેહેરનોશ—શું તહમે તાહારે આવાં ભયંકર વેપા... ...તી છતાં માહારી સતયુ... ...કરેછે ? ...ફ જેતી છતાં કુસપાંની આ... ...કેમ હીમત કરોછો ! ...જર આગલથી દુર થા ...ણ મહને કેહેવા દયો કે— ...શાંભલવા માગતો નથી. હું ... તાહારીથી ફરીથી ઉડાવ... ...ીર નથી કારણ મહને અ... ...મ તાહારા હાથમાં ખીલી ...ાયછે.

...ઘરનો એક ઓરડો. ...રંગીજ.

...આ વધારે ના ખોવ. તાહા

કસ...—૫૦૦૦) ઉપર દર વરસે ૪૦ ...વાજ ...ના આપવા. ...૧૦૦૦૦) તો ...

ફરંગીજ—...વ્યાજ ... સેંકડે ... રૂ ૫૦૦) ... ઉપર ... આપવો ... સેંકડે દર વરસ ...

રો દરેક બોલ માહારા દીલમાં તાહારા ભાઈએ પાડેલા જખમને નવેસરથી દુખાવેછે. પથર કરતાં વધુ કઠણ જો માહારૂં હઈયું ન હોતતો આ વખતે તું હને માંહારી બેહેન કરી હાક મારત.

પારસા—પણ બેહેનને બદલે હવે બેટી કરી હાક મારવાનો વખત આવયોછે. માહારો બાપ તાહારા પેયારમાં દેવાનો બનયોછે.

ફરંગીજ—તાહારો બાપ પારસા! હા! હા! હા! વારૂં માહારાં નસીબ જોરાવર કે એવું ધન મહને મળયું. તેની અરધોઅરધ ઉમરના કોઈ સખસે મહને આજદીન સુધી માન આપયું નથી.

પારસા—વાહાલી ફરંગીજ મેં અને શેહેરનવાજે એક છટકું માંડયુંછે. મેહેરબાની કરી તું બાહારથી આ હારા બુઢા બાપને આશા ભરયો કર.

ફરંગીજ—શું કરવા બાહારથી! માહારા ભોતરથી તેને ચાહુંછુ; તું કેવી ધુરજણમંડી પડી તાહારી માના આસીરવાદ માંગશે? બોખરી છાતીએ ખંખારતો, પવનથી ધુજતો, તરણ પગે ચાલતો, આજુ બાજુ થુંકતો, ફુંફારા મારતો, કમરથી વલેલો, ફલાનવમા વીંટલાએલો, કાંને બંધાએલો, માહારા કાન મોહોબતના કુનપાઈ શબદોને બદલે નેકીના શલોકો, જે માહારા મોટાં આએને પણ ન ખબર, તેથી ભરે તયારે કાં નહી માહારૂં હેત તેની ઉપર રોડે? કાં નહી એવું સુખવાસી જોડું મીતરાચારીથી રેહે?

પારસા—પણ અરે ઘેલી બેહેન! તું તેને મોહોબત દેખાડે? કેટલીક ઓરતો બાહાર ધણીની તારીફ ગાય પણ ઘરમાં તેને ગાલોથી ધોય.

ફરંગીજ—આપણી વયનાં માટી જંગલી બાલાબીછે. ધરાવલા ધરાય નહી, પકડેલા પકડાય નહી. ઘરડા માટી નાના કુતલયાંછે જેઓ ગેલ કરે તેટલાં ખુશ લાગે પછી કંટાલો આપે કે ઘરમાં બાંધી રાખીએ.

[મેહેરનોશ દાખલ થાયછે

પારસા—આવ ભાઈ. તાહારા વકીલ દાખલ મેં માહારૂં બનતું કરયુંછે પણ હવે તું તાહારો કજીયો તાહારે હાથે ચલાવ.

મેહેરનોશ—વકીલ વગર ધરાક લડે તો કજીયાની જરૂર હાર થાય.

ફરંગીજ—જેઓનાં ધરનો પાયો લુલો તેઓએ બાહાર રોણુક આપવી જોઈએ. કજીયો જો લુલો હોયતો જબાંદરાજ વકીલ જોઈએ.

મેહેરનોશ—પણ શેયાનાં નયાયધીશ આગલ વકીલનું વલતું નથી.

ફરંગીજ—હેવો જાહારે સમોછે તાહારે તહમે તહમારા દાવાથી હાથ ઉઠાવો.

મેહેરનોશ—નહી ભાઈ આગલ વધવાનો માહારો પકો ઠરાવછે. જાહારે દાવો એવો કે તે સાબેત કરીએ તોજ જીવેલું જીવતર ભલું તો મેહેનત કે અંત સુધી લડવું.

ફરંગીજ—સાંભલયું તેં પારસા? હું ધારૂંછ તાહારો ભાઈ અચ્છો વકીલ નીવડશે. હું નોંધયછું કે જાહારે એ માહારો છોકરો થશે તાહારે એને ધારાનો અભયાસ કરવા મોકલીશ. જોકે વખત ઘણો ગયોછે તોયપણ ઉદીમોગથી તે મોટું નામ કાહાડશે. પેયારી પીરસા ચાલ જરા બાગમાં ફરીયે.

મેહેરનોશ—બાઈ તહમારી સાથે ફરવાની રજાછે?

ફરંગીજ—માહારી રજાતો નથી પણ જો તહમે આવો તો તહમને અટકાવવાને માહારામાં તાકાદ નથી.

---

## દેખાવ ૪ થો—કસરેવજ, શેહેરનવાજ.

શેહેરનવાજ—ખચીત ઘણોજ માઠો બનાવ બનયો. પણ હું તાહારી સાથે સરત મારૂંછું કે જે રૂપીયા કહડાવવાને તું ફાવયો નહી તેમાંના થોડાએક હું નીચવી લઈશ.

કસરેવજ—માહારી પેયારી તાહારી ચાલાકીથી હું નાવાકેફ નથી; પણ જો તેના હાથમાંથી એક ફુટી બદામ તું છોડવી શકેતો સેતાનને તું શીકશને કરી શકે એમ માહારી ખાતરી થાય. નાસતીક પાસેથી ધરમ, વકીલ પાસેથી પરમાણીકપણું, વઈદ પાસેથી તનદરોસતી, દરબારી પાસેથી સચાઈ, ઈયા કવી પાસેથી નમરતાઈ મેલવવાની હજી આશા રાખું પણ તેની પાસેથી એક અરધી મેલવવાની આશા નહી.

શેહેરનવાજ—પણ એવા હાથમાંથીબી નાંણું છોડાવવાની તદબીરછે. જે પેટમાં પરાયું અન મેલે અને બદન ઉપર પારકાં કપડાં નાખવા લજવાય નહી તેવાં માણસ પાસથી સુંનાની ઠેલી કહડાઉ એવો એક હુનર મારે હાયછે.

કસરેવજ—પેયારી મહને તાહારા હુંનર ઉપર એકીન નથી. એવી કોઈ ચીજ નથી જેની ઉપર તે પઈસો રેડે. માંગનારનું મોહાડું જોઈ તેને ફીક્કરૂં થઈ આવેછે. અરધી માગી કે તેને તાન થઈ આવેછે, તેનું જીગર વીધાયછે, તેને કેઆમત ઈયાદ આવેછે. જો તું ફાવેતો વગર રીતે તુંહને પરણવા હું તઈયારછું.

---

## દેખાવ ૫ મો—બીદાર, શેહેરનવાજ.

બીદાર—સઘલું બરાબરછે. હજી શરમ આબરૂ રહીછે. માહારા પઈસા સલામતછે. ઘડપણની લાકડી મજબુતછે. પણ નખોત જસે પઈસાનું માહારા જાહારે દેલા વીચાશે તાહારે. સીતેર વરસે મેલવેલું ધન સીતેર કલાકમાં નાબુદ થશે. અરે માહારા પઈસાની કોણને દાજ રેહેશે, કોણને આગ બલશે, કોણને કદર લાગશે! કેવા ઠેકાણે પડેલાછે. કેવા પારકે બારણે જશે. લેનારના હાથ જલજો, લેનારના હાથ ભુલજો. પણ આએ કોણ? શેહેરનવાજ.

શેહેરનવાજ—એ કોણ? નામવર બીદાર! સાહેબ એટલા તહમે જુવાન અને ગમરૂ દીસોછો કે—

બીદાર—હઃ હ હું જુવાન દીસુંચ? જુવાન દીસુંચ હઃ!

શેહેરનવાજ—જેમ દીવસ વધેચ તેમ તહમે પાછા હટોચ. આવા પઠાન સરખા તહમે કયારૂકે બનયા? વીસ પચીસ વરસના ખીલતા જુવાનો માહારી ઓલખના ઘણા બીછે પણ તહમારા કરતાં તેઓ બુઢા લાગેછે.

બીદાર—એમ હોય, એમ હોય; જાહારે તેઓ કઈ પેરેની જીંદગી ગુજારેચ તેનો વીચાર કરીએ. સાઠાઠ વરસની ઉપર હવે માહારી અવસથા થઈ.

શેહેરનવાજ—પણ સાહેબ તેનો શું ગુજાબો ? સાહાઠ વરસતો માણસની ખીલતી બાહારનો વખત.

બીદાર—તેતો બધું ખરૂં. જે મનથી શીખ્યાનો હોય તે સહમજે. પણ જો માહારાં વીસ વરસ છટકાવી નાખ્યાં હોયતો લોકોમાં ઠીક લાગે. કેમ ફરંગીજની કાંઇ વધારે ખબર ? આપણું કાંમ કેમ ચાલેય ? તેની મા શું આપનારછે તેનો કાંઇ વાત લાવી ? આજે જે ફકત સારી પેહેડી વરને ઘર આવે તેવી ઓરતને કોઇ પરણતું નથી. સાથે થોડુંઘણુંબી જોઇએ.

શેહેરનવાજ—અરે સાહેબ, વરસ દાહાડે દસ હજારની આએપત લેતી આવશે.

બીદાર—દસ હજાર ! સો વખત દસ હ :

શેહેરનવાજ—જુવો સાહેબ હું તહમને ગણતરી દેખાડું. પેહેલુંતો સાહેબ એકે તેની હોજરી ઘણી નાનીછે. સારે દાહાડે ભાએગે અરધી રોટલી ખાઈ શકે. મીઠાઈનો તે સતરૂજછે. દારૂતો જનમમા ચાખેલોજ નહીં. તેથી ખાવાનો વરસ દાહાડે બે હજારનો ઉગારો થયો. બીજું એ કે સાદામા સાદા પોશાક શીવાય બીજું તેનો પેહેરવાનો શોકજ નહીં. તેથી જાણે બે હજાર બીજા બચયા. તરીજું એજે ઘરેણા જોઈ તેને ધીકાર ઉતપન થાયછે. આજે કોઈ ફાકડી ઘણીઆનીને જરીઆન કરેતો હજાર રૂપયા તો નાખી દેતાં વરસ દાહાડે જોઈએ : તો જાણે એટલા ફાજલ પડયા. છેલું સાહેબ એજે પાના ઉપર જુગાર રમવાના તેણે સોગન લીધેલા, તહમારા જેવા સકરમી સેઠની સેઠાણીને એ ઉપર વીસ હજારનોતો ખરચ જોઈએ. એનો પાન ભાગ લઈએતો વાત કરતાં પાંચ હજાર ઉભા થાય. તાહારે એમ સાહેબ જુવોતો તહમારા ઘરમાં દસ હજારનો ગુણ થયો તે જાણે તહમારી ઓરતની રીતજ ગણવી.

બીદાર—શેહેરનવાજ એને જો તું રીત કેહેતો સરતાપા મશકરીછે. શીકેમાની ઓરતને છાજેજછે કે થોડું ખાવું, સાદું પેહેરવું, અને કારકસર કરવી. જે એથી ઉલટી ચાલે તેને ધારા સજા કરે. ખાવંદને તલાક મલે કારણ તેની ઉપર નહીતો મોટો સેતમ ગુજરે. વર ખાયડી કરેછે સા વાસતે કે થોડું ધન મલે, નહી કે તે આવયાથી ધન જાય. માટે શેહેરનવાજ એવી રીત જોઇએ કે હાથને વાગે, કાનને વાગે, ને જીગરને આનંદ થાય

શેહેરનવાજ—સાહેબ ફકર ના કરો તેવુંબીછે. તેની બાપીકી થોડી જમીનછે તેના તહમે માલેક થશો.

બીદાર—એવીકે માહારી લાકડી સાબુત વાગે. પણ એક ચીજ પરને ડરવું પડેછે તે છે જુવાન અને જુવાંનોને રમુજે ગમે. પણ માહારાં ઘરમાં રોજ તેની સ[illegible] કારા સવભાવથી તદન ઉલટુંછે. હું [illegible] લું—હું ચાર અક્ષરનેમહને ખલલ પોંહોંચાડેતો માહારીતો મારામાં ચાર જુદા જુદા દાનાવો રસતાની રોસની આખો લેવોતોહું માથું ખાઈ પાડેછે. રસતે સેહેડીએ અને પાછલથી જુદી જુદી રીતે વંચોટ લેવી જોઈએ નહી. [illegible]વાની રૂપને લેજાનો ખીમો કરવાનીજ . મીજાજથી તહમે [illegible]મારીથી સાજા મગન પેલાં થઈ જાએ એદ. પરાણુ કાહાડી [illegible]છે. [illegible] હું તહમને [illegible]નો દેખાડ

વી નહી.' તેતો કેહેછે કે માહારા માટીની ઓછામાં ઓછી છપન વરસની વય જોઇએ.

બીદાર—આફરીન એવી ઓરત ઉપર. એની અકલપરજ ધનયછે. જો હું ઓરત થઈ હોતતો જુવાંનીઆઓને ઓલેખી નહી જાત. ઘરડા કાંઇ ઓછા સુંદર હોતા નથી. ઉંમરને ખુબશુરતી સાથે બીલકુલ તાલુકો નથી.

શેહેરનવાજ—તહમારી દાનાઇના બોલો મોતીની કીંમતનાછે. જો સાહેબ તહમારો સબી કોઈ કીસબી ઉતારેતો હોંસથી શઘલી નાજનીઓ પોતાના સંણગારના ઓરડામાં તે ટાંગે. સાહેબ જરા ફરોતો વારૂં જોઉં. વાહા ! કેવું સુંદર તહમારૂં રૂપછે. જરા સાહેબ જોઇએ ચાલોની! વાહા ! કેવા કદાવર, તરા પેહેલવાનની ધપછે ! કશી રીતનું તહમને દુખ દરદ નથી એજ મોટી વલી બીજી ખુબી.

બીદાર—કશું નહી, કશું નહી. ખોદાની બખશેશથી કાંઇજ નહી. સરદીમાં કમબખત નજલો પગને ભારી કરે, થંડીમાં ખાંસી થાય, ને ગરમીમાં બદહજમીઅત થાય એ વગર બીજું કાંઈ દુખ દરદ મહને નથી.

શેહેરનવાજ—અરે એ સાહેબ કાંઈ દુખ નહી કેહેવાય. એથીતો ઉલટી તહમારી હીમત દેખાએછે કે કેવી સબુરીથી તહમે સોસોછો.

બીદાર—પણ શેહેરનવાજ ફરંગીજ માહારે વાસતે કેવું મત ધરાવેછે ?

શેહેરનવાજ—સાહેબ તે હમેશ હરખથી તહમુને યાદ કરેછે અને તેવામાં તહમારા ગુણ વીસતારીને બોલવામાં હું બકાત રાખતી નથી.

બીદાર—તેથી હું તાહારો મોટો ઉપકારી થયોછું.

શેહેરનવાજ—પણ સાહેબ એક અરજ માહારે તમ નામવર આગલ ગુજારવીછે. હું એક કજીયો લઉંછું ને માં જો થોડાં નાંણાંની મદદ નહી થઇતો હું જનમની દુખી થવસ [તે ભવાં ચહડાવી બોલેછે] અને તહમે મા બાપ માહારા તેથી તહમારો નહીતો કોણનો આસરો ધરૂં ? સાહેબ ફરંગીજ તો તહમારૂં નામ દીધું હોયતો હરખમાંની હરખમાં સુઇ જાય. [તે મલકાયછે] સાહેબ આ કજીયા ઉપર માહારી જીંદગીનો આધારછે. [તે વલી ભવાં ચહડાવેછે] અરે સાહેબ તેનો હરખ તહમારી નજરે જોવો જોઇએ! [પાછું મોહોડું મલકાવેછે] મેં સાહેબ તેના મન ઉપર એવીતો અસર કીધીછે કે તે લગનનાં દાહાડાનીજ હવે રાત દીવસ રાહા જુવેછે.

બીદાર—શેહેરનવાજ માહારી ઉપર તાહારી ઘણી મેહેરબાંની થઇછે અને હું તાહારો દીલોજાનથી ઉપકાર માનુંછું.

શેહેરનવાજ—સાહેબ હું વીનંતી કરૂછું કે આટલી કરમ બક્ષીશ કરવી. 'માહારા ધ્રુજતા પગ પાછા સાબુદ થશે અને જનમની તહમારી કરજદાર રેહેવસ [તે ડાચું વકાસેછે].

બીદાર—તાહારે હવે હું રજા લઉંછું. માહારે થોડું કામછે.

શેહેરનવાજ—સાહેબ હું ઘણી ગરજાઉંછું.

બીદાર—માહારો દરજીબી હમણા આવશે. વારૂં શેહેરનવાજ આ દગલાનું પડ ફેરવાવી નવાં બટન મુકાવીએતો લગનનો સણગાર નહી થશે ?

શેહેરનવાજ—સાહેબ હું તહમને એટલા કાલાવાલા નહી કરતે જો માહારો આવો પડતો દાહાડો નહી હોતે.

બીદાર—માહારો દરજી હાંક મારેછે.

શેહેરનવાજ—સાહેબ એકસોજ રૂપીયા; પચાસ, પ ચીસ, દસ, અરે એક રૂપયેબી માહારી ગરજ સારસે. [તેને અટકાવેછે.

બીદાર—મહને જવું જોઈએ. માહારીથી થોભાય નહી. જો કોઈ મહને તેહેછે. તાહારો હું મોટો ઉપકારી થયોછું, ખરેખર ઘણો મોટો. [જાયછે.

શેહેરનવાજ—ફાંસીને લાકડે મહડજે. દોજખમાં જજે. તાહારા પઈસા ફના થજો. તાહારી દોલત તારાજ થજો. કસરેવજ અંતે ખરોછે. તોબી હું એની પુઠ મેલ નાર નથી. એની પાસથી નહીતો બીજી ઓરડુએથી મોહો માંગ્યું દામતો છેજ. મુરખ વકીલનું કુલ એક પણ ડાહ યાના બે. જે પડયો તે મુદઈ રહયો તે દોસત. [જાયછે.

## દુખી થવાના ઉપાય.

સુખી કેમ થવું એ વીશેં વારંમવાર આપણાં વાંચવામાં કાંઈને કાંઈ આવેછ; પણ દુખી કેમ થવું એ વીશે જુવાંન છોકરીઓ તથા છોકરાઓને કેટલુંએક જાંણવું જરૂરીઆતછે.

દુખી કેમ થવું ! આપણે કાંઇ દુખી થવા માંગતા નથી એમ બોલવામાં આવેછ, તારે વાંચનાર દુખી થવાને માટે તું એટલી બધી રંજ શું કામ ખેંચેછ ? જે જુવાનોને માથે કાંઈ બોજ નથી અથવા જેવા ખુશ અને મોજીલા રહી શકે તેવા પોતા ઊપર કાંઈબી જે હેમત ખેંચી લેવા વગર તે દુખી કેમ થાય ? પણ જારે દુનીઆમાં કેટલાએક પોતે દુખી થવાને અને આસ પાસનાઓને દુખી કરવાને ખંતી આપણે જોઇએછ તે વારે તેઓ કેમ દુખી થાયછ અને કરેછ તે વીશે જાંણવું સઘલાંને જરૂરીઆતછે

જો પેહેલ વેહેલાં તમોને દુખી થવું હોયતો એ ખલપેતાં અને આપસવારથી થાવો. આખો વખત તમારે પોતા વીશે અને તમારીજ ચીજો વીશે વીચાર કરો. બીજા કોઈની દરકાર નાં કરો. કોઈનેબી માટે મનમાં દયા ના લાવો અને પોતાનેજ વાસ્તે દયાલુ જુસસો રાખો. બીજાંઓને સુખી જોઇ તમો ખુશ થવાનો વીચાર ના રાખો; પણ તેથી ઊલટું જો કોઇનો હસતો મુખરો જુવોતો જે, તમારામાં નથી તે સામાંમાં હસદ અને અદેખી નજરથી જુવો. જેઓ તમારાં કરતાં કોઈબી રીતે સરસ હોય તેવોની અદેખી કરો, તેવો તરફ કડવી નજરથી જુવો અને તેવો વીશે હલકી રીતે બોલતા ફરો. તમારા હક કોઈ છીનવી લેશે એવી હમેશાં ફીકર રાખતા રેહેવો, અને જો કોઈબી તમારી ચીજોની નજદીક આવતો માલમ પડીઓ તો તેની ઊપર હરખાયલાં કુતરાંની માફક દોડી જાવો. જો તમારી ચીજ એક દમરીનીબી પારકે હાથ જતી હોયતો તે વીશે હમેશાં લડતા રેહો અને જો બનેતો કોર્ટ દરબાર જઈ તેથી દસ ઘણાં પઈસા તે ઊપર ખરાબ કરો અને વકીલોનાં ખીસાં તર કરો. કોઈ બી બાબદમાં સરણ થવું નહી પણ મુશતકીમ રહી હમેશ હુજત કરીઆ કરવી, અને તમારો બોલ હલ્કો પડવા દેવો નહી.

કોઈ હસવા બોલવામાં કાંઇબી કેહ તેને ગંભી રાઈથી ગોખવું અને તે ઊપર આખો વખત ગોહર કરીઆ કરવો. જો તમારા દોસતો તમને ભુલતા હોયતો તે ઊપર ખોટો ખેઆલ કરી તેવો સાથે મોહોડું ચહડાવો.

જરા જરામાં વહડકણાં થઈ લડવા નીકલો અને પાજી થઇ મીજાજ ખોહી દેવો; તમારો મીજાજ આસતે આસતે બગાડતા જાવો. તમારેથી બને તાંહાંસુધી સારો ખવાસ દેખાડશોનાં. કાંઈબી ચીજ અથવા હાલતથી ધરાસોનાં પણ ઓર હમેશાં ચીઠડાં કરતા રેહેજો. માં બાપની સાથે તરકડા થઈ વાત કરજો, ભાઈ બેહેનો સાથે સેહેજમાં વહડી પડજો. પણ જો તમો એખલા હોવતો પછે તમારી ચોપડી અથવા તમારાં કાંમ અથવા રમત સાથે વહડકનાં થજો. કાંઈબી ચીજ ખુબસુરત અથવા સારી હોય તે ઊપર નજર કરશોનાં અને જો નજર પડીતો તેને વખાંણશોનાં. દરએક ચીજની ખાંમી ભરેલી બાજુ તરફ જો જો કાંઈબી બાબદ અથવા ચીજની ખાંમી કાહડવામાં આગેવાંન રેહજો, અને કાંઈબી ખોડખાંપણ જરેહું આસપાસ જોતાજ રેહજો અને તે ઊપર પછે ટીકા ચલાવજો.

જો તમો ઊપર કહેશું તેમાંનું અરધુંબી કરશો તો જોઇએ તેવા તમે દુખી થઈ શકશો. આ રસતો તમારી સાંજે ચોકસો મુકાશે જો સારૂં લાગેતો એ રસતેથી ઘેર આવજો નહીતર બીજો રસતોબી તમને માલમજછે.

## જાંન લા.

### મીસીસીપી કુંપનીને નાંમે ચાલેલો સટો.

(સાંધન ગયા આંકથી.)

ફરાંનસ દેશની નાંણાં સંબંધી હાલત એના ભારે ખ રચાલુ અને દુરઅંધારની રાજ મંડળમાં લુઈને અને તેનાં દાખલો ધરી ચાલનારા દરએક કારભારીઓને લીધે એટલી તો નબલી પડી ગઈ હતી કે કરજે કાહાડેલાં નાંણાંનું વી આજ ભરવા જેટલી તાકાત રેહી નહી. એથી લુઈની પ છેના બાલક રાજાનાં રાજ કારોબારીએ દેશની હાલત ફેરવ વાના હેતુથી રાજ સભા બોલાવી અને તેમાં નાંણાં શંબં ધી હાલત ઉપર જુદી જુદી રીતે વીચાર અપાયા. ડીઉ ક ડે સેંટ સાઈમને એવો વીચાર આપો કે રાજ, કરજમાં એટલું તો ગરકાવછે કે, તેથી એકજ બાકી રહેલો પણ ઠીક ટ ઉપાય અમલમાં લાવવો; તે એમ કે ઢંઢેરો કરી આલ મને જણાવવું કે રાજ નાદારછે અને દીવાલું કાહાડવું પ ડેછે અને નવેસરથી કારોબાર ચલાવીશું. આ વીચાર સ રવેને ભારી લાગાથી છોડી દીધો. છેલે સીકકો બદલી નાખ વાનો વીચાર પસાર થયો. તેમાં, જો કોઈ, એક હજાર શીકકા જેટલું સુનુ અથવા રૂપું ટંકસાલમાં લેઈ જાયતો તેને તેટલા જ નવા કરી આપવા પણ તે અસલમાંથી પાંચમો ભાગ શુનું અથવા રૂપું કાહાડી લેઈ બીજી હલકી ધાતુ ભેલવી. એ રીતે રાજે કેટલુંક નાંણું મેલવીઉં ખરૂં, પણ તેથી વેપા ર વનજની હાંની થઈ અને તેમાં ઘણી રીતનો ગુંચવારો આવી પડીઓ. આવી રીતના તુરતનાં ફાયદાને માટે આવતા મોહોટા ફાયદાઓ ઉપર તેઓએ જરાબી ધ્યાન આપીઉં નહી અને લોકોનો બુખારો નરમ પાડવા શેહેજ શાજ કર ઓછા કીધા.

આવી રીતે ફરાંનસની હાલત ઘણીજ માંડી થતી ગ ઈ. બાલક રાજાની સંભાલ કરનાર વડા રાજ કારભારી ને સુજે નહી કે શું ઉપાયો લેવા. તે એટલો તો અઈ આસી હતો કે તેને કાંઈબી આઈતી સેહેલી રીત બતલાવી હોયતો રાજી, પણ મેહેનત તથા વીચારની વાત આવેતો અરધ ગાઉ નાહસતો.

આ તકે લાએ રાજ કારભારી પાસે જઈ એવું સમ જાવીઉં કે કાગજના ચલણ વગર દેશની હાલત સુધરનાર નથી અને તેની તરેહવાર શાહેદતો બતલાવી. એ ઉપરાં ત રાજના આસરા હેઠલ એક બેંક ઉઘાડવાની તેણે પર વાનગી માંગી અને રાજની આમેપતનું નાણું એ બેંકમાં રાખવાની અરજ ગુજારી.

એ બાબદ ઉપર રાજ સભામાં તકરાર ચાલતી હતી એટલામાં લાએ પોતાનો "નાંણાં અને વેપાર" વીશેનો વીશય ફરેંચ ભાશામાં પરગટ કીધો અને એ રીતે લોકોમાં તે આશકારા થવા લાગો. વલી રાજકારભારીનાં ફાલતુ દોહો બાંહે વાલાઓએ તેની તારીફનું બાંકુ ફુકવા માંડીયું તેથી લોકોમાં વધારે જાણીતો થતો ગયો.

ઈ. સ. ૧૭૧૬ ની તા૦ ૫ મી મેએ એક બાદશા હી ઢંઢેરો પરગટ થયો કે લા અને તેનો ભાઈ મલીને લા ની કુંપનીને નામે એક બેંક રાજના આશરા હેઠલ ઉઘાડ શે, અને તે બેંકની નોટો સરકારી કર તથા કરજને પેટે લી ધામાં આવશે.

એ બેંકની થાપણ સાહાડ લાખ ફરેંચ ચાલુ સીકા ની રાખી અને પાંચસો પાંચસોનાં બાર હજાર શેર અથવા ભાગ પાડીઆ.

લાને તરીસ વરસનો અનુભવ અજમાવાની પુર ત ક હવે મલી, અને નાંણાં પેદા કરવાનો તેનો વખત આવીઓ. એણે પોતાની નોટોનું નાંણું તુરત પગાર કર વાનું રાખયું અને ચાલુ સીકા જેમાં સુનું અથવા રૂપું એ છું તે નોટોને પેટે આપવાથી બેંકને ફાયદો પ્રમો અને એ રીતે સીકાનો ભાવ બજારમાં પડતો રહેઓ. નોટોનો ભાવ જેમનો તેમજ રહેઓ. લોકોનો વીશવાશ લાની ઉ પર વધતો ગયો અને એક વરસની મુદતમાં લાની નોટો ઉપર સેંકડે પંદર ટકા વધીઆ અને સરકારી નોટો જે રા જનાં કરજને પેટે કાહાડેલી તેનાં સેંકડે ૭૮ા ટકા ઓછા થયા. એથી દીનપર દીન લાની બેંકની આંટ વધતી ગઈ અને વેપાર વનજ ખીલવા લાગો અને એ બેંકની શાખા ઓ ગાંમેગાંમ નીકલી.

આ બનાવ જોઈ મોટો રાજકારભારી અજબ રહેઓ; અને એવો ખોટો ખેઆલ પોતાનાં મનમાં લાવીઓ કે કા ગજનાં ચલણથી આટલો ફાયદો થયોછ તો રોકડ નાંણું કા હાડી નાખી કાગજનુંજ ચલણ રાખીઉં હોયતો રાજની આબાદાંની એકદમ વધી પડે.

એ અરસામાં લાએ એક નવી બાબદ ધ્યાંનપર લી ધી જેથી તેનું નામ આજે દુનીઆમાં મહસુર રહી ગયું છે. એ બાબદ વીશે રાજકારભારીને એક અરજ ગુજારી કે તેને એક કુંપની કાહાડવાની રજા આપવી તે એકે મીસી સીપી નદી અને તેની પશચીમે આવેલા લુસીઆનાં નાંમના શેહેર તરફ વેપાર કરવાની ફકત તેજ કુંપનીને છુટ આપવી. આ મુલકો તરફ જવાહીરો અને ઉંચી ધાતુ પુશક લ મલી આવેછ એવો તેનો વીચાર હતો તેથી તેને એવી બી અરજ ગુજારી, કે સીકા પાડવાનું અને કર વસુલ કર વાનું કામ પણ તેનેજ સોંફવું.

આ વખતે લાની દશા એવીતો ચહડતી હતી કે તે ની કાંઈબી અરજ રાજ કારભારી રદ કરે એવી જરાએ વ કી નહી હતી. એથી ઈ. સ. ૧૭૧૭ ના આગશટ મહી નામાં સરકારની પરવાનગીથી એ નવી કુંપની લાએ ઉં ઘાડી. પાંચશો ચાલુ શીકાના બે લાખ શેરો કાહાડીઆ અને સરકારી નોટોનો બજારમાં અતીઅંત ભાવ ઓછો હોવા છતાં મોટા રાજ કારભારીની ઉશકેરનીથી અસલ ભા વે શેરના નાણાને પેટે તે લેતી કીધી.

એ વખતથી સટાનું જોર વધવા લાગું કેમકે લાની બેંકથી લોકોનો વીશવાશ તેની ઉપર પુરતો આવીઓ હતો. એ અરસામાં લા પોતાની ફતેહ જોઈને તરીસ વરસનો અનુભવ વીસારી મુકીઓ કે કાગજી ચલણ સાથે નાણાંનું ચલણ પુરતું રાખવું જોઈએ. એ વખતે બેંકે ખાંનગી રૂપ છોડી દેઈ બાદશાહી બેંકનું રૂપ પરવાંનગી સાથે પકડીઉં અને એ સટાનો અને ફતેહનો વખત જોઈ મોટા રાજકા રભારીએ કરોડો ઉપરની નોટો ઉભી કરી ચાલુ કરી મુકી, જેનો ઠપકો લાને અંગે લાગુ કરી શકાતો નથી કેમકે જ

હાંસુધી તેના હાથમાં લગાંમ હતી તાંહાંસુધી તેણે કાગળ તથા નાણાંનું ચલણ સમતોલ રાખીઉં હતું. લા એ વીશે રાજકારભારીની સાંમે થયો કે નહી તે માલુમ નથી પડતું પણ તોએ એ ખરાબીનું પેહેલું બી રાજકારભારીએજ વાવ્યું. એમાં લાએ પોતાને માથે થયલા મોટા રાજકારભારીને મદદ આપી એમાં સાંમેલ રહેઓ એ પણ કોઈથી નાખુ નાકેર જવાતું નથી. તે આ બાબંદની ખટપટમાં એટલોતો ચકચુર થઈ ગયો હતો અને તેની આંખ ઉછળતા પઈસાના તેજથી એટલીતો દીપાઈ ગઈ હતી કે આગળ પાછળની હાલત વીષે કાંઈજ તેને ગનેઆન રહેઉં નહી.

ફરાંનસની પારલામેંટ લાને એક ઈંગરેજ તરીકે પોતાના મુલકમાં આટલો બધો વગ વાગ ધરાવતો જોઈ તેની તરફ હસદ અને અદેખી નજરથી જોતી હતી. નાણા સંબંધી તપાસ રાખનાર એક મોટા પરધાંનને આ પુશકલ કાગળી ચલણની બાબદમાં રાજકારભારીની સાંમે થવાથી એકદમ બાતલ કીધીમાં આવીઓ હતો; અને તેની જગાએ એક કમસમજ ધણીને રાખવામાં આવીઓ. એણે આવતાંવાર ચાલુ સીકામાંથી કીમતી ધાતુ વધુ ઓછી કરી તેના નાહાના સીકા વધારી ચાલુ કરાવાઆ.

પારેલામેંટના ધીઆનમા આ ધણીએ નાણાં સંબંધી કીધેલો ફેરફાર ઘણોજ ખરાબ દીસેઓ અને તેઓએ દુરઅંદેશીથી જોયું કે એ રીતથી આખર સઘલી રીતની પાયમાલી અને ખરાબી થનારછે. એથી તેવોએ રાજકારભારીને ઘણીએક રીતે સમજાવીઓ પણ તેણે પોતાનો વીચાર ફેરવીઓ નહી. અંતે પારલામેંટે એક જાહેર ઢંટેરો કરી જણાવીઉં કે આગલા સીકકા વગર, બીજા નવા કોઈએ લેવડદેવડમાં લેવા નહી. રાજકારભારીએ તેની સાબે એક બીજો ઢંઢેરો કીધો અને બંધોની વચે ઝઘડો ઉઠીઓ. પારલામેંટે અગત કરી એવું જાહેર કીધું કે રાજની નાણાં સંબંધી બાબદમાં ફરેંચ વગર કોઈબી બીજી કોમના શખસે વચે હાથ નાખવો નહી. તેઓ એવું માનતા હતા કે લા આ બધી ખરાબીનું મુળછે અને તેઓ તેની તરફ જે દુશમેની ધરાવતા તેથી એવો ઠરાવ કીધો કે તેની ઈનસાફની અદાલતમાં તપાસ કરવી અને જો ગુનેહગાર ઠડેતો તેને ફાંસીની સીખશા કરવી.

આ હોકમ શાંભલતાંવાર લા બારે બીહીકથી નાશી મોટા રાજકારભારીના મેહેલમાં જઈ ભરાયો અને પારલામેંટના હોકમંને કોઈબી રીતે રદ કરવાની એલતેમાસ કીધી. રાજકારભારીને પારલામેંટ સાથે બીજી કેટલીએક બાબદનું કથવાંન હતું તે આ તક લેઈને પોતાનું વેર લેવાનું ઠીક ધારીઉં અને તે પરમાંણે પારલામેંટના વડાને તથા બે તેમાંનાં મોટા ઓધેદારોને દુરના બંદીખાંને મોકલાવીઆ.

આ ભયનું વાદલ લા ઉપરથી ફડી ગયાથી તેણે મીસીસીપી કુંપની ઉપર ફરી ધીઆંન આપીઉં અને દીનપર દીન બજારમાં તેનો ભાવ વધતોજ ગયો. ઈ. સ ૧૭૧૯ ના સાલની શરૂઆતમાં તેણે આ કુંપનીને માંટે રાજકારભારી પાસેથી એક નવો હક મેલવીઓ. એ હકથી આ કુંપની વગર, ફરાંનસ ખાતેથી બીજા કોઈએબી હીંદુસતાન, ચીન અને દક્ષીણ તરફના દરીઆ આગલના મુલકોમાં વેપાર કરવો નહી; એથી એ કુંપનીને આખા હીંદની કુંપની કરી તથા એલકાબ લાગુ પાડી સટો વધારીઓ અને તેમાંહાંને બાજા પચાસ હજાર સેર નવા કાહાડીઆ અને દર પાંચપો સીકકાના શેર પછવાડે વરસ દાહાડે બસો સીકાની વેંહેચણી આપવા જેટલો ફાયદો થશે એવી ગણતરી બતલાવી.

આ પચાસ હજાર નવાં શેરોને માટે લોકો તરફથી તરીસ લાખ અરજીઓ ગઈ. લાના ઘર આગલ હજારો માણસો અરજીઓ લેઈ સવારથી સાંજસુધી આવતા, અને તેઓ સઘલાને રાજી કરવાને બની શકે નહી તેથી અરજદારોનાં નામ ઉપર શેર મુકરર કરવાને નજદીક એક અડવાડીઉં થયું. એટલામાં એ નવા શેરોને બજારમાં એટલોતો સટો ચાલીઓ કે લોકો એક લેહેજામા લખશાપતી થવા લાગા. એથી લાના ઘર આગલ મોટા મોટા ડીઉક, મારકુવીસ, કાંઉનટ અને તેવોની બાયડીઓ સવારથી સાંજસુધી તેની મુલાકાતને માટે રખડતા અને હજારો લોકોની ઠઠ થાય તેમાં રોજ કાંઈને કાંઈ અકસંમાત થતો અને લોકોને ભીડમાં હાંની પોહોંચતી.

એ પરસંગ જોઈ બીજાં તરીસ લાખ નવા શેર કાહાડવાની વાત ચલાવી અને તેમાંથી જે નાંણું વસુલ થાય તે રાજનાં કરજને પેટે રાખવાનો મોટા રાજકારભારીએ મનમાં વીચાર રાખો. જો સરકારી જાંમીનગીરી હતેતો એથી તરણ ઘણા શેરો લેવાઈ જાય એટલું લોક દીવાનું બની ગયું હતું આખાં ગામમાં ડીઉક ડે સેનટ સાઈમન અને મારશલ વીલરસ સવાએ અદનાથી તે આલા સુધી લખશાપતી થવાનાં દીવાનાપણામાં ગરક થઈ જઈ સટો કરતા હતા. રોજ ભાવતાલને ખાતર લાના ઘર આગલ એટલીતો લોકોની ઠઠ મલતી કે ઉભું રેહેવાની જગા મલે નહી. એ મોહોલામાં લોકો રાતનાં વટીક મલતાં અને તેથી આસપાસની જગા એટલીતો મોંઘી થઈ કે જે ઘરોનાં ભાડાં મહીને દાહાડે ૮૦ રૂપીઆ હતા તેનાં ૧૨૦૦ શેહેજમાં મલવા લાગા. એક ઠીંગરી મારનાર મોચીની એજ મોહોલામાં એક નાહાની દુકાંન હતી જાંહાં લોકોને બેસાડી તથા ખડીઓ કલમ આપી રોજનાં તે બહુસો સીકા પેદા કરવા લાગો. એક ખુનડો જેની ખુંધ મોહોટી હતી તેની ઉપર લોકો કાગળો મુકી સહી સાખ કરતા તેણે પોતાની ખુંધથી નાંણાંની મોહોટી રકમ મેલવી અને એવી ભીડમાં ચોર તથા ખીસાં કાતરૂઓને એટલીતો તક મલતી કે તેવો તાંહાં તડાકા મારતા હતા. લોકો આ રમુજ જોવાને પણ પુશકલ ભેગાં થતાં અને સરકારને રીજમીટનાં માંણસો રાખી બંદોબસત રાખવો પડતો હતો.

લાને આ જગા બસ નહી પડવાથી વેનડોમ નામની એક મોટી જગા ખાતે જઈ રહેઓ. તાંહાં દીવાની બની ગયલી આલમ તેની પછવાડે દોડી અને લોકોએ તંબુઓ નાંખીઆ અને ખાવા પીવાના હાટેલો નજદીકમાં ઉઘાડીઆં. વારી ગાડી જનારા અને ફરનારાઓએ મોજમજાહ છોડી દીધી અને રાત અને દીન વેનડોમ તરફનાં તંબુઓ અથવા તેં વીજ બીજી જગાઓ લેઈ પડી રેહેવા લાગા. એ જગા ઉપર લોકોના પોકારો તથા કલમલાટ એટલોતો હતો કે તેની નજદીકમાં આવેલી અદાલતનાં નીઆઓધીસોથી વકીલો તથા બીજાઓને શાંભલી શકાતું નહી હતું. એથી તેણે રાજકારભારી ઉપર ફરીઆદ લખી મોકલી. એ વા

ત લાના વેચાંન ઉપર લાવીઆ તારે તેણે એક બીજી જ
ગા ઉપર ખાલી કરી નવાની ઇછા જણાવી.

કારીગનનનાં શાહજાદાની મોટી ઇમારત નહી મના
ય એવી કીમત આપી લાએ લીધી અને તેની આસપાસ
એજ ધણીની બોહોલી જગા ખાલી પડેલી હતી તે ઉપર
તેણે પોતે પાંચશો તંબુઓ તથા જીહુપડાં નખાવી તેનું મ
હીને દાહાડે એક લાખ રૂપીઆની ઉપરતું ભાડું પેદા ક
રવા લાગો.

પેશો સટાથી દુર રહેલો ભલો અને બુઠો સોપાહ મા
રસલ વીલરસ લોકોની બેવકુફીથી એટલોતો મનમાં ખીજ
વાતો હતો કે એક દીવશે પોતાની ગાડીમાં બેસી તે રસતે
થી જતાં ગાડી ઉભી કરી લોકોની ભારે ઠઠની સાંમે આ નુ
કશાંનકારક અને બોબી સટાથી દુર રેહેવા નજદીક અરધો
કલાક બોલીઓ. તેના જવાબમાં લોકોએ મશકેરી અને
ઠઠાનાં પોકારો ઉડાવીઆ અને છેલે તેની ગાડી તરફ દુર
થી કાંકરા અને એવીજ વસતુ ફેકાવા લાગી જેથી તાંહાં
થી તે ગાડી હંકાવી ચાલતો થયો.

એ વખતનાં બેશમજુ અને પુર શીકેલા ફીલશુફો
ડે લા મોટ અને આબી ટેરેશન એકબીજાને દીલાસો દે
તા કે તેવો આ નાશકારક દીવાનાપણાંથી દુર રહેલાછે. થો
ડા દીવસ પછે બજાર જાહારે ઘણુંજ ઉશકેરાઉ તારે આબી
ટેરેશન, જેવો લાના ઘરમાંથી શેર હાથમાં લેઇ બાહેર નીક
લેછ એવામાંજ તેણે પોતાના દોશત ડે લા મોટને જહડપથી
અંદર જતાં દીઠો. આબી હશીને બોલીઓ "આહ!
ડે લા મોટ તમે છોકે?" ડે લા મોટ હશતાં હશતાં બો
લી ચાલતો થયો કે "આ સું તમે પોતેજકે." જારે આ
દોસતો બીજી વખત સાથે મલીઆ તારે એ વીષે પેહેલાંતો
એક હરફ પણ વાત કીધી નહી પણ પોતાની વીદીઆ હો
નર સંબંધી વાતો ચલાવી પછે અંતે તેઓ બોલીઆ કે
". દૈ એટલું આપણે દેખીતી નુકશાંનકારક ચીજથી દુર રેહે
ને સુજ ::ીએ પણ લોભ ફીલસુફોને પણ તે તરફ ખેંચી શકેછ.
આસી હતો કે વખતે આખાં દેશમાં લાનું નામ પરશીધ થયું
હોયતો રાજી; પણ મેં જે કાંઇ કરી નહી સકે તે લા કરી શ
અરધ ગાઉ નાહસતો. 'જદાદથી તે છેક મોડી રાત સુધી ઉ

આ તકે લાએ રાજ કારભા પાદરીઓ, લશકરી અને દ
જાવીઉં કે કાગજના ચલણ વગર તેની સાથે એક બે મીની
નથી અને તેની તરેહવાર શાહદતો ખુંડા ભટકતા. લાએ
ત રાજના આસરા હેઠલ એક બેંક ઉઘો નહી હતા. પર
વાનગી માંગી અને રાજની આએપતનું નાણું એ બેંકમાં
રાખવાની અરજ ગુજારી.

એ બાબદ ઉપર રાજ સભામાં તકરાર ચાલતી હતી
એટલામાં લાએ 'પોતાનો "નાંણાં અને વેપાર" વીશેનો
વીશય ફરેંચ ભાશામાં પરગટ કીધો અને એ રીતે લોકોમાં
તે આશકારા થવા લાગો. વલી રાજકારભારીનાં ફાલતુ
દાંહે બાંહે વાલાઓએ તેની તારીફનું બાંકુ ફુકવા માંડીયું
તેથી લોકોમાં વધારે જાણીતો થતો ગયો.

ઈ. સ. ૧૭૧૬ ની તા૦ ૫ મી મેએ એક બાદશા
હી ઢંઢેરો પરગટ થયો કે લા અને તેનો ભાઇ મલીને લા
ની કુંપનીને નામે એક બેંક રાજના આશરા હેઠલ ઉઘાડ


તાની ગાડીમાં રોજ બાહેર નીકલતી અને ઘોડાવાલાને એવો
હોકમ કીધો હતો કે લાની ગાડી જેવી પસાર થાય તેવીજ
તેણીની ગાડી બતીનાં થાંભલા અથવા બીજા કોઇબી સાથે
અફડાવી ઉંધી વાલવી. તરણ દીવસ સુધી તે સ્રી એ પર
માણે પોતાની ગાડીમાં રખડતી ફરતી અને ચોથે દીવસે
લાની ગાડી સાંમેથી આવતાં જોઈ તેણીએ કોચમેનને ચે
તવણી આપી, જેવી ગાડી અઠડી તેવીજ મોટેથી બુમ પા
ડી. લાએ તુરત ઉતરી તેણીને પોતાની ગાડીમાં લીધી
અને પોતાનું ઘર નજદીક હતું તાંહાં લેઇ જઇ હુશીઆર
કીધી. તેણીએ પોતાની ઇઉકતી જાહેર કીધી અને શેરો
માંગી લીધા.

એક બીજી સ્રીએ એવી ઇઉકતી ચલાવી કે લા જાં
હાં એક દીવસે ખાવા ગયો હતો તાંહાં જઇ "આગ" ક
રી બુમ પાડી. સઘલાંઓ બાહેર નીકલવા દોડવા લાગા
તેવામાં પેલી સ્રીને અંદર આવતાં લાએ દીઠી તેવોજ સમ
જી જઈ બીજી બાજુએથી દોડી ગયો.

એક દીવસ મોટો રાજકારભારી પોતાના એક બે અ
મલદારો આગલ વાત કરતો હતો કે બોડેના ખાતે મારી
છોકરીની તકેદારી સારૂ ડચેસના એલકાબની કોઇ મોહોટે
વાયેની સ્રી ચોઉંછ, પણ કોઇની મુલાકાત થતી નથી. તે
ને તુરત જવાબ મલીઓ કે સાહેબ સઘલી મોહોટે વાયેની
સ્રીઓને મલવું હોયતો લાના ઘરના આગલા ઓરડામાં જ
ઇ બેસવું તાંહાં તમોને એકેએક મલી આવશે.

ડે ચેરાક નામના તે વખતના નામીચા અને પંકા
એલા ડાક્ટરે કેટલાએક શેર મોટી કીમતે લીધાં હતા તે
બાદ ભાવ પડતો ગયો તેથી તે વેચી નહી શકીઓ અને તે
માં પોતાની સકમાઇની મોટી પુંજી રોકાઇ ગઇ તેથી વીચા
ર અને અંદેશામાં બેઠો હતો; એવામાં એક સ્રીને માટે
કોઇ તેને બોલાવા આવીઉં. તેની સાથે તે વીચારમાંને
વીચારમાંજ ગયો. પેલી બાઇને શેહેજ દુખ થયું હતું.
તેની નાડ હાથમાં ધરી વીચારમાંજ બોલીઓ કે "અરે!
ખોદા એ શું બનાવ! તે પડેછ તે પડેછ અને હવેતો છેકજ
પડેછ" પેલી બાઇ આ બોલો સાંભલી થંભ પથર મીસા
લ થઈ જઈ તગર તગર પેલા તબીબની સાંમે જોવા લાગી
જરા હીમત ધરી બીછાના પર ઉઠી અને મદદને વાસતે ઘંટ
વગાડીઓ અને બુમ પાડવા લાગી કે હું મરૂંચ, હું મરૂંચ,
નામા ૨ હવેતો પડતીજ જાયછે.
ઘાડી. પા ા તબીબ તાજુબ થઇ પેલી બાઇ તરફ જોઇ બોલ્યો
અને સરકારો મોટાનો ઘભરાવોછ કેમ તમને કાંઇજ નથી
હોવા છતાં મોટા રાજ કાર નાડ પડતી જાયછ એમ તમે બો
વે શેરના નાણાને પેટે તે લેતી વી બનીઉંછ. તબીબ તુરત બો

એ વખતથી સટાનું જો ભરાશો ના, કદાચ મારેથી બો
બેંકથી લોકોનો વીશવાશ તેની ઉછ તેના ભાવ પડતા જાયછે તે
એ અરસામાં લા પોતાની ફતેહ રે ખોટ થઇછે.
અનુભવ વીસારી મુકીઓ કે કાગ વખતમાં મોટો ફરક પડતો
ચલણ પુરતું રાખવું જોઇએ. એ સટોરીઓ એકાએક કાહેલી
છોડી દેઈ બાદશાહી બેંકનું રૂપ પર એક ચાકરને ૨૫૦) શેર વે
અને એ સટાનો અને ફતેહનો વ શેરના આઠ હજાર રૂપી
રભારીએ કરોડો ઉપરની નોટો ઉભી જઇ પરપુછ કરવા લાગો
જનો ઠપકો લાને અંગે લાગુ કરી હજારનો ભાવ તે વખતે



"જોઆન આવ આર્ક."

થઈ ગયો હતો તેથી તુરત વેચી નાખી શેઠને આઠ હજારને હશાબે ચુકવી આપી પાંચ લાખ રૂપીઆ ગાંઠે બાંધેઆ અને તેજ સાંજરે શેઠની રજા લેઈ બીજે ગાંમ નીકલી પડેઓ.

(સાંધનછે.)

---

## "જોઆન આવ આરક."

આ ઓરત વીશે શું વીચારશો ? "લોરેન" નાં જંગલો અને ટેકડીઆંથી નીકલી, એકદમ પોતીકું શાંત બાંપીકું ઘર છોડી, જીંદગીનાં બચાવની બેદરકાર કરી, લશકરોની હરોલમાં જઈ વધનારી અને બાદશાહોને મદદ આપી તેમનાં જમનાં હાથપર બીરાજનાર આએ ભરવાડન છોકરી વીશે શું ધારીઉં ! "દોમરેમી" ગામડેની છોકરી ! જયારે તારા બાદશાહ અને તેના વારેશોની વફાદારી જાગશે, તયારે તું તો ઘોરનાં શાંત બીછાનાંપર ઉંઘતી હશે. ફરાંનશનાં બાદશાહનો એતાબ પણ તુંને જગાડનાર નથી. તારી કીરતી આખા ફરાનશનો ગગરાટ પાછલથી જારે પોકારી જાગરૂત કરશે,—તું એકે જેને જીંદગી, ઘર અને શરવે પોતાનાં દેશ ખાતર મુકીઆ, તારેતો તારા પાંચ શદીનાં બેહેરા થયલા કાનપર તે ગગરાટ એક પલવાર અશર કરનાર નથી. "બજાવવું અને ખમવું" એ તારી જીંદગીનો નીઅમ. કોણને ખબર આકેબત તારી એવીજ સરજત હશે.

"જોઆન આવ આરક" અથવા "ઓરલીઅનશની કનીઆ," જેને આ પાછલું નામ તે શેહેરનાં પેહેલવાની બચાવ ઉપરથી આપીઉં હતું તે ઈશવી શન ૧૪૧૦ અથવા ૧૧ માં "દોમરેમી" નાં નાંનાં પરગણાંમાં, "મીઉશ" નદીની પાશે અને "વાકુલીઅરશ" થી ૯ માઈલને છેટે "ગ્રેમપેન" ની હદ આગલ જનમી હતી. તેનાં માબાપ ગરીબ પણ એકીનદાર ખેડુત હતાં. આ પરગણું તેનાં પવીતર ભોલાપણા અને તુરંગી વહેમો વીશે જણાયલું હતું. બચપણથી "જોઆન" નું મન આ ચીજોથી ઉશકેરાએલું હતું. આ વખતે ફરાનશમાં તેનાં રાજ વીશે "બરગનડી" અને "ઓરલીઅનશ" વાલાએ વાંધો ઉઠાવીઓ હતો. "દોમરેમી" નું પરગણું "ઓરલીઅનશ" તરફ અને ઈંગરેજો (હેનરી પાંચમો) "બરગનડી" ની તરફ હતું. આવા કજીઆઓથી "જોઆન" નાં પેહેલેથીજ ઉશકેરાએલા મન ઉપર અશર થઈ. "એક ફરાનશની કનીઆ તેનાં દેશને દુશમેનથી છોડવશે," એવી એક અગમ ચેતીએ લોકોનાં મનપર શારી અશર કીધી હતી. "જોઆને" તે કનીઆ તે પોતેજ હતી એવું ધારીઉં. જયારે તે ૧૩ વરશની હતી તારે તેને એક શપનો જોયો. એ શપનામાં તેનીને એક મોટો ચમકાટ દેખાયો, તે સાથ એક "આવાજે" પવીતર થવા કહીઉં, અને આશમાની બાપ વીશે કબુલાત આપી. "જોઆને" હમેશલેર કુમારી રહેવાની માનતા કીધી. આ વેલા એક બરગનડીઅનની ટોલકી "દોમરેમી" નાં પરગણાને લુટવા ફરતી હતી, જેથી કરી "જોઆન" ને તેનાં માબાપ શાથ એક પાશેનાં શેહેરમાં આશરો લેવો પડીઓ. લુટારાઓની ટોલકી કુચ કરીઆ બાદ જયારે તેઓ પાછા "દોમરેમી" આવાં તારે તાંનું દેવલ બલીને રાખ થયલું તેઓની નજરે પડીઉં. આવા બનાવથી "જોઆન" નાં મનમાં એક હાથપર ધીકાર અને બીજે હાથપર ઝનુન ચડીઉં. આ વખતે તેનાં મા બાપે તેણીને પરણાવવાને જોર કીધો, તે વાત ઉડાવવા તેનીનાં એક કાકાને મલવા જવાને બાહાને જોઆને "દોમરેમી" છોડીઉં. તેનીએ પોતાના કાકા સાથે "વાકુલીઅરશ" નાં હાકેમ "બાદરીકારટ" આગલ જવા ઠેરાવ કીધો. "બાદરીકારટે" તેનીની મુલાકાત લેવા પેહેલે નાં પાડીઉં; પણ મુલાકાત લીધા પછીતો તેનીનાં વીચારને તેણે ધીકારથી હશી કાહાડીઆ.

આ વખત "ચારલશ" નું કીશમત ઘણીજ નબલી હાલતમાં હતું; "ઓરલીઅનશ" નાં છેલા રહેલા કીલાપર ઘેરો નખાયો હતો, અને "હેરીંગશ" ની હારે આએ શેહેરનાં બચાવની શઘલી આશા ભંગ કીધી હતી. આવા તકીતકનાં વખતમાં "બાદરીકારટે" વધારેવાર તેનીની નવાઈ જેવી મદદને ધીકારી નહી, અને "જોઆન આવ આરક" ને પાદશાહ પાશે જવાની પરવાનગી મલી. "જોઆને" ૧૩ મી ફેબરવારી ઈશવી ૧૪૨૯ નાં વરશમાં "વાકુલીઅરશ" છોડીઉં. ૧૧ મે દીને તે શીનોન ખાતે જયાં "ચારલશ" રાજ પોતાની કચેરી તે વખત ભરતો હતો, તાંહાં જઈ પોંચી. કચેરીમાં રાજા તથા દરબારીઓ એકજ પોશાકમાં બેઠેલા હતા, પણ "જોઆને" તેમાંથી રાજાને તરત પીછાનીઓ.

આ શાતમાં ચારલશે દુશમેનની ધાકને લીધે તેનીને આશરો આપવા પેહેલે ધારાતી બતાવી; તેનીનું કાંમ પેહેશત અથવા દોજખને આશરેછે એવું ચોકશ કરવા તેનીની પરીક્ષા તેને પાદરી અને ધારાનાં વકીલો પાશે લેવાડી; કારણ માણશ તરફથી આવું કામ આવે એ વાત તે વખત માં નવાંમાં આવી નહી. વારેઘડીએ જોઆનની શકતી અજમાવા તેનીને મોજેજા બતાવા કહ્યું, પણ તેનીનો એકજ ઉતર આ હતો. "અને 'આરલીઅનશ' પાશ લઇ જાઓ અને તમે જોશો; ઘેરો ઉઠાશે અને રહીમસ" ખાતે બાદશાહને માથે તાજ મુકાશે."

આખરે તેઓએ તેનીની માંગણી કબુલ રાખી, અને તેનીને એક લશકરી અમલદાર ઠેરવી. તેનીને વાશતે એક બખ્તર કરવામાં આવીઉં. ચોકશ જગા તલે "ફરીએએ" નાં દેવલની નીચે એક દાટેલી તલવાર લાવવા તેનીએ ફરમાવીઉં અને તે કહેલી જગોથી તલવાર મલી આવી આથી લોકોનાં મનમાં મજબુત એકીન બેઠું.

"જોઆન" ની મરજી ઈંગરેજ દુશમેનનાં કીલલાપર શાર કરી ખુશકીને મારગે "ઓરલીઅનશ" માં દાખલ થવાની હતી, પણ "ડુનોઈ" અને બીજા શરદારોનાં કહ્યાને લીધે તેનીને પાણીને મારગે તે ઘેરાએલા શેહેરમાં જવાની ફરજ પડી આખરે તે ખોરાક સાથ, શેહેરમાં દાખલ થઈ. "આરલીઅનસ" માં જોનું પગલું જ માતર એક ફતેહ હતી. "જોઆને" તેનીનાં આવી પોંચવાની વાત દુશમનને એક કાશદની મારફત જણાવી તે શાથે એવું જણાવીઉં કે અગરજો ઈંગરેજ શરદારો તે જગો તરત કુચ નહી કરી જાયેતો તે તેઓની ખુનરેજી કરશે. ઈંગરેજ લોકોનો ગુશમો આએ ધમકીથી ઘણો ઉશકેરાયો, અને કાશદ

ને આગમાં બાળી નાખવાની ધમકી આપી. તેણીનાં વાપરાં તોપે "ઓરલીઅનસ" નાં ઘેરો ઘાલનારા યોદ્ધાઓએ એક પછી એક કીલ્લા ઉપર હલ્લો કીધો. "ટૌરે ડ્યુપ" નો કીલ્લો પહેલો હાથ પડ્યો; બીજે દીને તેણીએ બીજા કીલ્લાઓ ઉપર હલ્લા કીધા. વચમાં ફ્રેંચ યોદ્ધાનાં એક પલટનમાં હારવાથી ઈંગરેજોનાં દીલમાં હીંમત આવી, અને પોતાનાં દુશ્મનો ઉપર ધસારો કીધો. પણ પાછા તેઓને ઘભરાટમાં નાખી નસાડવા "જોઆન" નો ખાતર મેહેરેમ બચ હતો. પણ ઈંગરેજો કીલ્લામાં ભરાઈ બેઠી હઠ ઘણા જોરાવર હતા, પોતાનાં લશ્કરને થોડીવાર ઉશ્કેર્યા પછી "જોઆને" એક કીલ્લાપર ચઢવા નીસરણી હાથ કીધી; પણ તરત એક દુશ્મનની તીરે તેણીનું ખભું ઉતારી પાડીઉં, તેણીનાં આંસુઓ જારે તેણીને એક બાજુની જમો ઉપર લઈ ગયા તે વખત તેણીએ થોડીકવાર પોતાની જાતની નબળી ખાસીએત દેખાડી રડી પડી. પણ તરત પોતાનો વાવટો હાથનીમાં જોતાં પોતાનો જખમ વીસરી

જીને ઉમરાવોનાં વરગમાં દાખલ કીધું, અને "દોમરેમી" નું પરગણું કર તથા ખંડણીથી છુટું થયું. વસંત ઋતુમાં ઈંગ્લેંડ અને બરગનડીઅન લશ્કરે "કોમ્પીન" પર ઘેરો નાખીઓ. જેમ "જોઆને" પહેલે "ઓરલીઅનસ" બચાવીઉં હતું તેમ આ વેળાએ તે શેહેરમાં પશી. થોડા કલાક નહી ગયા તેટલામાં તેણીએ "બરગંડીઅનો" ની સામે ધસારો કીધો; પણ તેમાં તે કમનસીબે પકડાઈ ગઈ. "બરગનડીઅનો," થી તે તેઓનાં સરદાર "જોન ઓવ લક્ષમબરગ" ને હવાલે થઈ અને તેણીને "ડ્યુબરે" આગળ પોતાનાં "બોરીવોઆર" નાં કીલ્લામાં બંધ કીધી. ઈસવી સન ૧૪૩૦ ની ૨૨ મી ફેબરવારીને દીને "જોઆન ઓવ આર્ક" દુશ્મનનાં હાથપર બંદીવાન પકડાઈ.

નાસવાનાં ઘણાએક ફાંફાં મારીઆ પછી તેણીને ઈંગરેજોનાં સવાધીન કીધી, જેઓ તેણીને "રૂઆં" લઈ આવ્યા. આખરે તેણીની ઉપર દેવલોકોમાં વસવાનો આરે જાદુંનુ

થી માલમ પડેછે કે ૧૧ મી સદીની સરૂઆતે મોજાં પેહેડવાની રસમ ઈંગલંડમાં સરૂઆત પાંમી.

વલી તવારીખ ઊપરથી માલમ પડેછે કે બીજા હેનરીના રાજમાં જારે ડરહામનો વડો પાદરી લંડનના "ટાવર" ઈયાને મોટા બંદીખાનામાંથી નાહસી ગયો તારે પોતાના મોજાં પેહેરતાં ભુલી જવાના સબબથી દોરડાં ઊપરથી સેરી પડીને ઊતરતાં તેહના હાથના ચાંમડાંની ખોલ નીકલી હતી. એ ઊપરથી જણાયછે કે તે વખતે મોજાં પેહેરવાનો સરેસતો પુરતો આમેજ થયો હસે. ફરાંસની અંદર એ વખત ઊપર મોજાં માતર પાદરીઓનેજ પેહેરવાની પરવાનગી હતી.

તેજ પરમાંણે ૧૨ મી સદીમાં એક ગરંથકારે જોડેલા કીસસામાં હેવી બનાવટ ઊભી કીધીછે કે એક સાહાજાદીને મોજાંની જોર મલી જે તેના વગર બીજા કોઈને બંધ બેસે નહી. આ મોજાં અને તેનું નાહાનું બાલક એક દાહાડે ગુમ થયાં અને ઘણે વરસે જારે તે મોજાં મલયાં તયારે તે સાહાજાદીને પોતાનું ફરજંદ સેહેજથી મલયું હતું.

અસલી વખતોમાં જારે જમીન વેચવામાં આવતી હતી તીયારે વેચનાર હાથે મોજાં પેહેરી લેનારને તેની મીલકત સવાધીન કરતો હતો. વલી પાદશાહા જયારે પોતાની રઈયતને ખેતાબ આપે તયારે પણ હાથે મોજાં પેહેરવાની ચાલ હતી જે આજ સુધી ઈયુરપમાં આમેજછે.

ઈયુરપમાં ૧૩ મી સદીમાં ઓરતો કાપડયાં સુઉં હતું.બાં મોજાં પેહેરવામાં સોભા ગણતી હતી.

વલી અસલના વખતમાં જારે "ડીયુએલ" ઈને તે પીસતોલથી બે દુશમનોને લડવાનો ચાલ હતો તાં. જારે જમીનપર પોતાનાં મોજાં નાખી એક હમનબ મીજાંને પોતાનો લડવાનો ઈરાદો જાહેર કરતો હતો અને તે જો ઊંચકી લીયેતો લડત થતી હતી; જે મોજો નહી ઊંચકે તે હીચકારો ગણાતો હતો.

રાંણી એલીજાબેથના વખતમાં અમીરો લોકો ઘણી મોઘી કીમતના મોજાં પેહેરતા હતા.અને રાંણી પોતે પણ તે સણગારને આધીન હતી. મોજાંની ઊપર હીરા માંણેક જડવામાં આવતાં હતાં અને હેવાં મોજાંની એક એકને ભેટ થતી હતી જે ઘણી ઊતમ ગણાતી હતી.

નયાયધીસો તેમની દરબારમાં લડતાં કુલો પાસેથી મોતી જવાંવથી ભરેલાં મોજાં કબુલ કરવામાં લાંચ રૂશવત સમજતા ન હતા. વલી મોટાં માંણસો પોતાના નોકરોને મોજાંમાંસીકા ભરી ભેટ આપતા હતા.

૧૭ મી સદીમાં ઈંગલંડમાં એક મોજાંની જોડ પંદર રૂપયે વેચાતી હતી અને એક અમીરના લગણ માટે મોજાંની જોર બનાવતાં ૧૦ હજાર રૂપયા લાગા હતા.

થોડુકની વાત ઊપર ઇનસાફની દરબારમાં કોઈને મોજાં પેહેરવાની બંદી હતી પણ હવે તે કાયદો બદલાઈ ગઓછે. કારણ ઈંગલંડમાં જારે એક નયાયધીસ ગુનેહગારોની તપાસ કરી ઊઠેછે અને કોઇને શંસીની સીક્ષા થતી નથી તયારે તાંહાંનો શેરીફ નયાયધીસને એક મોજાંની જોર ભેટ કરેછે.

ચોકસ વખતે મોજાં પેહેરવાનો ઇંગરેજોમાં અને ઈયુરપના સુધરેલા દેસોમાં આજ દીન સુધી ચાલછે. તેમજ મોજાં કેટલીક ટકની વખતે કાહાડી નાખવાનો પણ રેવાજછે. જે ઊપલી માહેતગારી ધરાવતો નથી તેને ઘરસથપણાના કાયદાથી નાવાકેફ એમ ઈંગરેજો ધારેછે.

## આરબસતાનના ઘોડા અને તેમને વીશે ચમતકારીક વાતો.

અરબી ઘોડા હીંદુસથાનમાં સરવેથી શરસ ગણાયછે. દોડવામાં અને વફાદારીમાં તે સઘલા દેસોના ઘોડાની ઊપર સરદારી ભોગવેછે. આરબસતાનના ઘોડાઓની તરણ જાત હોયછે. આટરબી, કાદીશી અને કોલાની; આટરબી અને કાદીશી એ વેકના પરાંણીઓછે. કોલાંગી પાહાદશાહી જનાવરછે અને તે પેગમબર મહમદની ઘોડીની ઓલાદથી ઊતરેલોછે. એવું કહેછે કે એક વખતે મહમદ તરણ દીવસ સુધી લડાઇના મેદાંનમાં રહયો હતો જે વેલા તે પોતે અને તેના સાગરીદો ભુખા અને તરસયા હતા અને એક ઘડી પણ પોતાની ઘોડીઓ ઊપરથી ઊતરયા ન હતાં. ઘોડીઓએ પણ પોતાના સવારોની માફક સબુરી અખતેયાર કરી હતી. તરીજે દીવસે એક નદી કાંઠે સઘલા આવી લાગા જે વેલાંએ મહમદે હુકમ કીધો કે સઘલી ઘોડીઓને છુટી મેલવી. પાંણીની પેયાસના દેવાનાપણાથી હેરાંન રહેલી દસ હજાર ઘોડીઓ નદી કાંઠે દોડી પણ

ને આગમાં બાલી નાખવાની ધમકી આપી; તેનીનાં વા વટા નીચે "ઓરલીઅનશ" નાં ઘેરો ઘરાયલા લોકોએ એક પછી એક કીલલા ઉપર હુમલો કીધો. "શેંટ લુપ" નો કીલલો પેહેલો હાથ થયો, બીજે દીને તેનીએ બીજા કીલલા ઉપર હોમલા કીધા. વચમાં ફરેંચ લોકોનાં એક પલવારનાં હારવાથી ઈંગરેજોનાં દીલમાં હીમત આવી, અને પેતાનાં દુશમેનો ઉપર ધશારો કીધો. પણ પાછા તેઓને ઘભરાટમાં નાખી નસારવા "જોઆન" નો માતર ચેહેરોજ બશ હતો. પણ ઈંગરેજો કીલલામાં ભરાઈ બેશી હજી ઘણા જોરાવર હતા, પોતાનાં લશકરને થોડોવાર ઉશકેરીઆ પછી "જોઆને" એક કીલલાપર ચહડવા નીશરાની હાથ કીધી; પણ તરતજ એક દુશમેની તીરે તેનીનું ખલું ઉતારી પાડીઉં, તેનીનાં માંણશો જ્યારે તેનીને એક બાજુની જગો ઉપર લઈ ગયા તે વખત તેનીએ થોડોકવાર પોતાની જાતની નબલી ખાશીએત દેખાડી રડી પડી. પણ તરતજ પોતાનો વાવરો ધાશતીમાં જોતાં પોતાનો જખમ વીશરી જઈ તે ઝટ પાછી દોડી. તેટલામાં તેનીનાં લશકરે ઈંગરેજી લશકર ઉપર ઘણા જોરથી ધશારો કીધો, અને તેઓનો કીલલો જપત કરીયો. અંગરેજ શરદાર તેનાં બાહાદુર શીપાઈઓ સાથ "લોઈર" નદીમાં મુઓ. આખરે અંગરેજોને ઘેરો ઉઠાવવાની ફરજ પડી. તે દીન આતવારનો હોવાથી "જોઆને" પોતાનાં શીપાઈઓને દુશમેનનાં હારી ગયલા લશકરને વધારે દુખ આપવા ના ફરમાવીયું. આ પરમાણે તેણીને "ઓરલીઅનશ" આવા પુગવાને એક અઠવાડીઉં નહી થયું તેટલામાં તેનીએ શેહેરને દુશમેનનાં કબજામાંથી છોડવીઉં અને એકજ અઠવાડીઆમાં પોતાનો વચન પાલીઓ. આ બનાવ પછી તેનીને "આરલીઅનશની કનીઆ" અથવા "મેદ ઓવ ઓરલીઅનશ" બોલાવામાં આવી.

પરધાનો અને બીજા શરદારોનાં વીચારની વીરુધ પણ જોઆનનાં મજબુત કહેવા ઉપર તેનીને એક તુકડીની વડી ઠેડવી "જારજીઓ" આગલ ઈંગરેજોપર હુમલો કરવા મોકલી. ઈંગરેજોએ ઘણી મજબુતીથી પોતાનો બચાવ કીધો અને ફરેંચોને હટાવીઆ. પણ તરતજ "જોઆન" નાં દેખાવે ઈંગરેજ શીપાઈઓના દીલને ઠંડા કરી નાખીઆ. આ ફતેહ પછી તેનીએ "પાટે" ખાતે એક બીજી ફતેહ મેલવી, જેમાં તેણીએ ઈંગરેજોને હરાવીઆ અને તેનો બાહાદુર શરદાર "ટાલબોટ" લડાઈમાં પકડાએઓ ... રોઈશ" નું મજબુત શેહેર પણ તેણીનાં ધાકને ... "૨ ... ચોને સવાધીન થયું. છેલલે "રીમશ" ... ફરે "જોઆન" ને "ચારલશ" ની નબલી ... જીતાયું. દાખલ થવાને ૩) માશ નહી થયા ... ધપલી ટોલકીમાં શર દુશમેનોનાં રાજની વચચે તાજ ... સાં તે શાહજાદાને તે તેણીની આગમ ખરી થઈ. ... યું. આવી રી ... તેજ વરશનાં શપટેમબર મહીનામાં ... પરાંત "પેરીશ" પર ઘેરો નખાયો, તેમાં ... ણીની મરજી ઉ ... વા કહયું. આ વખત ફરેંચ લશકર હારીને શામેલ થ ... તીરે "જોઆન" ની જાંગ ચીરી નાંખી. અને એક ... ની પેહેલીજ હાર હતી; જોકે એ બોનાં તેણીની એ તેણી ... પરાંત થઈ. આ વખતે એક બાદશાહી હુકમે તેણીએ ઉ ...

ટું અને ઉમરાવોનાં વરગમાં દાખલ કીધું; અને "દોમરેમી" નું પરગણું કર તથા ખંડણીથી છુટું થયું. વસંત રુતુમાં ઈંગરેજ અને બરગનડીઅન લશકરે "કોમપીન" પર ઘેરો નાખીઓ. જેમ "જોઆને" પહેલે "આરલીઅનશ" બચાવીયું હતું તેમ આ વેલાએ તે શેહેરમાં ધશી. થોડા કલાક નહી ગયા તેટલામાં તેણીએ "બરગંડીઅનો" ની શામે ધશારો કીધો; પણ તેમા તે કમનશીબે પકડાઈ ગઈ. "બરગનડીઅનો" થી તે તેઓનાં શરદાર "જોન ઓવ લખઝેમબરગ" ને હવાલે થઈ જેને તેણીને "ક્રેમબરે" આગલ પોતાનાં "બોરીવોએર" નાં કીલલામાં બંધ કીધી. ઈશવી શન ૧૪૩૦ ની ૨૩ મી ફેબરવારીને દીન "જોઆન ઓવ આરક" દુશમેનનાં હાથપર બંદીવાન પકડાઈ.

નાશવાનાં ઘણાએક ફાંફાં મારીઆ પછી તેણીને ઈંગરેજોનાં શવાધીન કીધી, જેઓ તેનીને "રુઆં" લઈ આયા. આખરે તેણીની ઉપર દેવલોકોમાં વશવાનો અને જાદુઈનું તોહોમત લાયા, અને તેણીને જીવતી બાલી નાખવાની શજા થઈ.

તેણીને "રુઆં" ની પરાંચ આગલ લાયા અને "બોવાએ" નાં પાદરીએ તેણીને જીવતી બાલી નાખવાની શજા વાંચી શંભલાવી. આ વાત સાંભલતાંજ "જોઅન" ની હીમત તુટી ગઈ, પોતાને બચાવાની આજીજી કીધી, અને પશચાતાપ કરવા કબુલ થઇ. આથી તેણીને જનમવેર બંદીખાનું ભોગવવાની શજા મલી. બે દીન બંદીખાનું ભોગવીઆ પછી તેણીનો ધરમ-જોશ પાછો બધા જોરથી ઉલાયો, અને વધારેવાર પશચાતાપ કરવા ના કહ્યું. તે બોલી "ભીતરના દુંખ કરતાં એકદમ મરવું બેહેતર."

છેલે ઈશવી શન ૧૪૩૧ માં ૩૧ મી મેએને દીને તેણીને "રુઆં" ના બજાર ... એક લાકડાની ચેહે ... આગલ લઈ આયા. આ વખત તેણીના દીલો ભરાઈ આ ... ને તે ... રડી પડી. પણ આ ખુણી પથર ... આનાં ... તેણીને વીશે કાંઈ પણ ... જી નાણશોનાં દીલમાં ... ઉપર એક તાપી મુકી ... આઈ. તેણીનાં માથાં ઉપર એક તાપી મુકી ... ગ શલગાવામાં આવી અને તેણીનું નાજુક ... તન આગમાં ભસમ થયું. તેણીની રાખને પણ ... પીણ શખશોએ "શીન" નદીમાં ફેકી દીધી. આ ... તે એક બાહાદુર ભરવાડન છોકરીનો અંત આયો. ... ડાએક શીનુ ચીતર પાસેનાં પાના ઉપર દીઠામાં ...

---

## મો જાં.

હવાની અસરને લીધે યુરપના ઊતર ... રેહેવાશીઓને મોજાંની શોધ કરવાની જરૂરયાત હતી. ઈંગલંડના રાજા બીજા એધવરેડને જ ... ના કેટલાએક વેપારીઓએ જે મોટું દામ આ ... તાના વેપારની સલાંમતી ખરીદી તેમાં પાંચ ... જોર એક અગતયનો ભાગ ગણાયો હતો. એ

અને કેટલાએક ઘોડેસવાર ચોખદારો તેની પુઠે ચાલતા હતા, હેવામાં તે રસતેથી એક દરવા વાલો એક ઘરડા ઘોડા ઊપર બેસી જતો હતો જે તેના સેઠે મેલામાંથી ખરીદયો હતો. હેવામાં એકાએક ઘોડાએ પોતાના સ વારને ફેંકી દીધો અને તેના ઊપર લાધેલી આટા ની કોથલી હીલવીને નાખી દીધી અને દોડતો પેલા ચોખદારોની હરોલમાં જઈ ભરાયો. પાછલથી માલમ પડયું કે એ ઘોડો અસલ તે ચોખદારોના હાથમાં હતો પણ બુઢાપાને લીધે તેને વેચી નાખવામાં આવીયો હતો. પોતાના અસલી દોસતોને જોઈ ઘોડાના મનમાં તે ની આગલી લડાએક જાહોજલાલી તાજી થઈ હતી.

૧૮૧૨ માં નેપોલીયને જાહારે રૂશીયા દેશના મોશકો શેહેર ઊપર ધસારો કીધો તાહારે રસયનોએ પોતાનુ દેશ એક પારકે હાથ જાય તે કરતાં બાલી ના ખવાનુ દરૂસત ધારયું. આસકો શેહેરમાં ભભુકા ઊઠયા તેમાં ઘણુ ફરેંચ લશકર ઠાર થયું અને બાકીના પાછા ફરાંસ તરફ કુચ કરવા લાગા, હવે સમએ એક ફરેંચ સી પાઈ તેના ઘોડા ઊપર પાછો ફરતો હતો, સીપાઈ પો તાના ઘોડાને પોતાના જાન બરાબર ચાહાતો હતો અ ને વારે ઘડીયે બોલતો હતો કે "જાની દોસત આપણે બેહુ ફરાંસ પોહોચીએ કે બેહુની હઈયાંજ મટી થાય." ભુખ અને થાકની દરકાર કરયા વગર ઘોડો પોતાના શેઠને લઈ ચાલવા લાગો. એક દાહાડો સવાર પોતાના દોસતોથી અકસમાતથી છુટો પડી ગયો અને બરફના ઢગલામાંથી તેને એખલાને રસતો લેવો પડયો. હેવામાં ઘોડાએ ઠોકર ખાધાથી સવાર નીચે આવયો અને તે નું ઘુટન લચકાઈ ગયું, એટલુનો દરદ થવા લાગુ કે સ વારથી ઘોડાની પીઠ ઊપર પાછું બેસવાને બની શકયું નહી. તે બરફની સરદીમાં ગોતાં ખાતો સુતો હતો અને તયાંહાંજ મરણ પાંમવાની ભય રાખતો હતો, પણ એ સમયમાં તેના પશુ દોસતને જ્ઞાન આવયું, તેણે જોયુ કે માહારી ઊંચાઈથી માહારા શેઠથી મારી પીઠ ઊપર બે સવા બનતું નથી તેથી તે ઘુંટન ગંડીએ પડી જેમ બ ને તેમ લાંબો થઇ પડયો કે તેના શેઠથી તેની પીઠ ઊ પર બેસવા શકે; અને જાહારે પેલો દરદથી બીમાર થ એલો સરદાર પીઠ ઊપર બેસવા પામયો તાહારે તે ઘો ડો આસતે રહીને ઊઠયો અને ઘર તરફ ચાલતો થયો અને પોતાના ઘાયેલ થયેલા શેઠને તેના સોબતીઓમાં લાવી મેલયો જયાંહાં તેની પુરતી બરદાસત થઈ.

એક આરબ ટોલકીએ દમાસકસ સેહેરથી જ તી વનજાર ઊપર હુમલો કરયો. આરબો પુરતી રીતે ફતે પામયા અને પોતાના દુશમનોની લુટ એકઠી કરે છે એવામાં એકરના પાહાદશાહની એક ટુકડી આવી લાગી, જેઓએ કેટલાએક આરબોને મારી નાખયા અ ને કેટલાએકોને જખમી કરી પહરેજ પકડયા. આરબ લોકોનો અબુલ નામનો સરદાર પણ કેદી થયો હતો, તેનો હાથ ગોલીથી વીંધાઇ ગયો હતો જેથી તેને ઘ ણુ દરદ થતુ હતું. કેદીઓને લઈ એકર જતાં તુરકીઓ એ "સફ્ત" ના પાહાડમાં છાવણી કીધી. અબુલના પ ગ ચમરપટાથી બાંધી તુરકીઓએ તેને પોતાનાજ તં બુમાં નાખયો હતો, પોતાના જખમને લીધે અબુલ જા ગરૂત હતો. મધરાતે પોતાનો ઘોડો જેને તંબુની બા હાર બાંધયો હતો તેનો તેણે ખંખાર સાંભલયો, પોતા ના જીંદગીના દોસતની એક છેલ્લી મુલાકાત લેવાને અબુલની મરજી થઈ, તે ફસરયાં મારી તંબુની બાહાર ગયો, જોકે તેમ કરયાથી તેના જખમમાં વધારે દરદ થ તું હતું, તે એવીજ રીતે અંતે પોતાના ઘોડા આગલ આવી પુગો.

તે બોલયો કે "માહારા ગરીબ દોસત તુરકીઓ સાથે તુંને કેમ પરવડસે? પાહાદશાહના સેંકડો ઘોડા ઓમાં તુંને કયુ ખુણું મલસે? હવે કયાં બચાં છોકરાં તું ને ઊટનું દુધ પાસે અને પોતાને હાથે ચણા ખવડાવ સે. ઈજીપટના પવનની મીશાલે જે જંગલોમાં દોડ તો હતો તે કેમ બનશે અને જારદનના પાંણી તાહારી છાતીએ જુદાં પાડતો હતો તે હવે થશે નહી. જો હું ગુ લાંમગીરીમાં રહુંતો તું છુટાપણું ભોગવજે. તાહારા જાંણીતા તંબુમાં જા, માહારી બાયડી છોકરાંને જઈ કહે કે અબુલ હવે પાછો ફરનાર નથી, અને માહારા બા લકોનાં બીછાંણામાં માથુ ઘાલી તેમના નાજુક હાથ ઊપર તાહારી પરીય જીભ ફેરવજે". એટલું બોલી ને અબુલે ઘોડાને જે નરમ દોરીથી બાંધેલો હતો તે પોતાને દાંતે કરીને તોડી અને તેને છુટો કીધો, પણ પોતાના શેઠને બાંધેલો જોઈ તે અસીલ જનાવરને સ મજ પડી, તેણે માથુ નીચુ કરયું, પોતાના શેઠ ઊપર ફું શારા મારયા અને પછી તેની કંમરે વીંટાલેલા ચાંમડા નો પટો પોતાના દાંતમાં લઇ તેને ઊંચકયો અને પુર જોસે દોડતો પોતાનાં સેઠના તંબુ આગલ આવયો. જે વો પોતાનાં શેઠને તેની બાયડીના પગ આગલ ઊતારે

યો તેવોજ તે જમીન ઊપર પંડી ગયો અને પોતાનો છેલલો દમ તેણે પોતાંના શેઠની જમોન ઊપર લીધો. આખી આરબની કોમે એ શુનયાદ પશુ વીશે માહેતમ કીધી. કવીઓએ તેની ઊપર બેહેનો જોડી અને જરીકોના આરબો હજી તેની વખાંણ ગાયછે.

—oooo—

## ધરંમશાળા

અથવા

### જંગલમાં કહેલી ચાર વાતો.

#### ૨—કઠણ દીલ.

(સાધણ સુરે ૧૦૧થી)

મુંગો મુંગો પણ મનમાં ભરાંતી રાખી પીટર માઈકલની પુઠે ગયો, ચાલતાં ચાલતાં તેઓ એક ખો આગળ આવી લાગા જેની ઉંડાંણનો ખેયાલ પીટરથી થઈ શકયો નહી. એક ફલંગે માઈકલ છેક તલીએ ગયો અને આસતે આસતે એટલોતો લાંબો થતો ગયો કે ખોની બાહાર તેનું મોહોડું પાછું આવયું, તેના હાથનો ખોબલો એક ટેબલ કરતા મોહોટો થયો હતો જેની ઉપર તેણે પીટરને બેસાડયો અને તેને ફરમાવયું કે માહારા અંગુઠાને મજબુત વલગી રેહેજે. હાવી રીતે બેશીને પીટર નીચે ઉતરવા લાગો, પણ જેમ જેમ ઉંડાંણમાં જતો ગયો તેમ તેમ તેની આંખે અંધારાને બદલે રોશનીનો ચમકાટ પડયો, અને તે ચમકાટ એટલો વધયો કે પીટરની આંખથી તેનું તેજ બરદાસત થઈ શકયું નહી. અંતે તેઓ એક જગા આગલ આવી લાગા જયાહથી માઈકલનું કદ નાહાનું થતું ગયું અને જાહારે તે પોતાના અસલી કદ માફક થઈ ગયો તયાહરે પીટરની નજરે એક રોણકદાર બાંધેલું ઘર પડયું.

આ ઘર માઈકલનું પોતાનું હતું, જંગલનાં ઘરોમાં જે શાંમન જોવામાં આવતો હતો તેવો આ ઘરમાં ગોઠવેલો હતો. માઈકલે પીટરને ટેબલ આગલ બેસાડયો અને સરાબની જાંમો અવાર નવાર ફરતી થઈ. માઈકલ જીંદગીની મોજ ઉપર તરેહવાર વીચારો આપવા લાગો અને મુશાફર કેટલી નેઆમત ભોગવેછે તેનું બેયાન કરવા લાગો. પરાઈ ધરતી ઉપર જોવાની તરેહવાર નવી ચીજો અસલી રાજો, માહાભારત નદીઓ, ગંજાવર પાહાડો અને રમણુપ સરોવરો ઉપર હેવાતો સુભાખીત ભારાણો કરવા લાગો કે પીટર સઘલો અંદેશો ભુલી જઈ મુશાફર થવાના ખેયાલો બાંધવા લાગો; જેમ જેમ માઈકલ પીટરને પોતાની જાલીમાં સપડાતો જોતો ગયો, તેમ તેમ તે પોતાની જબાં દરાજી વધારતો ગયો તે આગલ ચાલતાં બોલયો કે—

"પણ જે મોજ ભોગવવાને તું હાય મારેછે તે કોણુથી ભોગવાય કે જેઓ સુરા પેહેલવાંન હોય. દુનયાની અંદર બેધડક ચાલવું જોઈએ અને જે ચીજોને મુરખો નેકીને નામે ઓલખેછે તે ચીજોથી હંઠી જવું નહી જોઈએ. પીટર તું ઘણો બીહકણુ અને નજીવી ચીજોથી પણ ધુજેછે. તાંહારી આબરૂ જાલવવાના ખોટા ખેયાલો રાત અને દીવસ તને ચીતાતુર કરેછે. હજારો ફલોરીન તુંએ ભીખારીમાં વેરયાછે પણ તેહનો બદલો તુંને શું મલયો? તુંને તેઓએ આસીરવાદ દીધા પણ એ આસીરવાદોની કીમત કેટલી? કોઈબી ભુખે મરતો વાંકો વલી સવાંમ કરે કે તું તારા ગજવાનો ભાર ઓછો કરતો હતો તે સાથી! પેલા પીટર તારાં મુરખ દીલથી"

પીટર બોલયો કે "પણ તેનો ઉપાય કેમ કરૂ! જે તે હમણા કેહેવું ધપકેછે. તેનો સાદ બંધ કરવા બનતી તજવીજ કરૂછું, પણ તે ચુપકીદી પકડતું નથી અને હેવી રીતે ધપકેછે કે હમણા ગોયા ભીતરમાંથી કુદી બાહાર પડે."

રાખસ હસીને બોલયો કે "ગરીબડા પીટર તેમાં તાહારો વાંક નથી ચાલ! જે નાહાનો સાંચો તારી ડાબી બોરફુએ ચાલેછે તે મહને આપ અને પછી જોકે તુંને કરાર વલેછે કે નહી."

પીટર ઘભરાટથી બોલી ઉઠયો કે "શું માહારૂં દીલ, માહારૂં રૂહદય, માહારૂં હઈડું, માહારૂં અંતઃકરણ માંગેછે! વાહા! તારેતો હું જલદીથી મરણ પામું!"

માઈકલ બોલયો કે "મરસે એમ તું ધાસતી ખાના જો તે સાંચો કાહાડી લેવાને વઈદો યતન કરેતો તેજ જગાએ તું મરણ પામે, પણ હું જો કાહાડી લઉતો તાહારા જાનને બીલકુલ ધાસતી થનાર નથી. તેની ધાસતી કરવી હોયતો ચાલ માહારી પુઠે અને તાહારી નજરેજ જો."

આ શબદો બોલી માઈકલે એક બારણું ઉંઘાડયું અને પીટરને પોતાની પાછલ આવવાની ઈસારત કીધી.

જે ઓરડામાં પીટર ગયો તયાંહ પગ મુકતાંજ તેના લોહીનું પાંણી થઈ ગયું. દેવાલ ઉપર ટાંગેલી હારેદાર હભરાઈઓ ઉપર પાંણી સરખી દવાથી ભરેલા સીસાઓ મેલેલા હતા જે દરેકમાં માંણુસનું દીલ મુકેલું હતું. દરેક સીસા ઉપર એક કાગજની ચીપ વલગાવેલી હતી જે ઉપર નાંમ લખેલાં હતાં, પીટરે આ સઘલાં નાંમો ઘણી દેહેશતથી વાંચયાં

ગાંમના કોટવાલનું, એજીકીએલનું, નામના શાંનશાહનું અને જંગલોમાં રેહેનારા બહેબડે માંણુસોનાં દીલ આ શીશીઓમાં માલમ પડતાં હતાં.

માઈકલ બોલયો કે "જો આ રૂહદયના માલેકો જનમ સુધી પોતાની કાસરથી છુટા થયાછે એથી તેમની જીંદગીની ફીકર ચીંતા અને દીલગીરી નાપેદા થઈછે."

પીટરે ઘણી આરજીમદીથી પુછયું કે "પણ તયાહરે તેને બદલે તે લોકો પોતાની છાતીમાં શું રાખેછે?"

"આ તેઓ રાખેછે." એમ કહી માઈકલે એક પથરનું રૂહદય પીટરને દેખાડયું.

પીટર આ જોઈ ગુંગવાઈ જવા લાગો, તેનાં દીલમાં ધ્રુજરી છુટી આવી, તે ધ્રુજતી જીભે બોલયો કે "શું! પથરનું હઈડું! માઈકલ શાહેબ એ શું ઘણું કઠણ નથી?"

"હું એમ નથી કેહેતો કે એ કઠણ નથી પણ કોઈબી રીતે એ ઘણું થંડું છે. શીયાલાના દાહાડા જો હું એક જાતનું પાંણી આપું તે પીએતો તાહારા બદનમાં તાહારા ખુદરતી રૂહદય કરતાં વધારે ગરમી આવશે અને ઉનાલાના દાહાડામાં તાહારાં પથરનાં દીલથી તાહારી છાતી એ તાહાડક વલશે."

"એને વાસતે શું તયાહરે તહમે મહને હીયાં લાવયા ? હું શેનું માગુછું અને તહમે મહને પતથર આપોછો !"

"જરા ધીરજ ધર, એક લાખ ફલોરીન આપુંતો તે અછી શરૂઆત કે નહી ?"

હરખથી ગાંડો થઈ પીટર બોલયો કે "એક લાખ ફલોરીન ! માઈકલ શાહેબ તહમે એક લાખ બોલયાની ? ચાલો-શાહેબ શાટું નકી કરો; પથર અને પઈસા માહારા, અને જે રૂહદયથી હું આટલો હેરાંનગતી ભોગવુંછું તે તહમારૂં."

"પીટર તું ઘણો ડાહેઓછે, ચાલ હું તાહારા પઈસા ગણુ તેટલાં તું થોડો સરાબ લે."

એમ બોલી બેહુ બાહાર આવયા અને પીટરે એટલો તો સરાબ પીધો કે તેની કેફમાં તે ઉંઘાઈ ગયો.

ઘોડાવાલાના રણસીંગડાંના ખુશનમાં સરોદથી પીટર ઉઠયો અને જોયછે તો ચાર ઘોડાની શુંદર ગાડીમાં તે બેઠો છે જે ધમક ધમક કરતી વીજલીની ઝડપથી દોડેછે. તેણે બાહાર ડોકું કાહાડયું પણ જુવેછેતો જંગલ આસતે આસતે નજરેથી ગુમ થતું હતું.

"હું કયાંછું ? હું ખરેખરો કોલશાવાલો પીટર મંક કે ?" એમ પીટર મનથી બોલવા લાગો. એક સાંજ અગાઉ જેતા ગજવામાં ફુટી બદાંમ નહી તે પાદશાહી ગાદીમા સવાર થયેલો. એ વીચારથી પીટરે ફરી ફરીને પોતાની ખાતરી કરી લીધી કે તે સપનો જોતો નથી. તે પોતેજછે કે નહી તેનો ખતરો તેને એમજ પડયો કે તેના હંમેશના પોશાકની એક પણ નીશાંન તેના કપડાંમા દેખાતી ન હતી.

ગાડી જેમ દોડતી ગઈ તેમ તેને સઘલા વીચારો તાજા થતા ગયા. માઈકલને તયાં ગુજારેલો દીવસ તેને ઈયાદ આવયો, તેની મા તેની ગેરહાજરીમાં કેવી કંગાલ થઈ હશે તેનો તેને મનથી દાઘ લાગયો નહી. તે બોલયો કે—"ઠીકજ થયું આસું અને હાય દાય રૂહદયમાંથી નીકલેછે અને જીંદગીને કંગાલ કરેછે. ભલું થજો માઈકલનું કે મારૂં પથરનું દીલ કથી રીતે હેવી આબદામાં મહને નાખશે નહી." એમ બોલી તેણે પોતાનો હાથ ડાબી બારફુએ મેલયો પણ કચો ધપકારો તેને લાગો નહી, એટલી ખાતરી કરી લઈ પીટર પોતાના સીક્કાની ખોલ કરવા લાગો. ગાડીની અંદર પેટીઓ મેલેલી હતી જે ઉંઘાડતાં ભપકાદાર પોશાકો અને ઉમદા જવાહેરો હાથ લાગાં. વલી એક પેટીના વકોરામાં સુનાના જથાબંધ લાથા અને આખા યુરપની નામીચી બેંકો ઉપર ભલાંમણ પતરકો મલયાં.

પોતાનો ખજાંનો જોઈ તેની આખો ચમકવા લાગી અને તે બોલયો કે "અંતે માહારાં જીગરની હોંસ પુરી પડી ! હું માતબર થયોછું અને શુખીછું, હવે મહને બીજું વધારે શું જોઈએ ?"

બે વરસ સુધી પીટર એક તવંગર મુસાફરની માફક ફરયો, એક શેહેરથી બીજે અને બીજેથી તરીજે તે દોડયો પણ એ રીતની જીંદગી ગુજારતાં પીટરને મોજ પરાપત થઈ નહી.

ખાવું પીવું અને ઉંઘવું એ ફકત મોજ પીટરને ગમતી હતી અંતે તેણે પોતાના ઘર તરફ રસતો ધરયો, જયાહરે પોતાની નાનપણની ઈયાદદાસત પાછી તાજી થતી ગઈ તયાહરે તે આંજુઓ વરસાવવાની તઈયારી ઉપર હતો પણ પીટર મંકનું દીલ પથરનું તે રડે કયાંહથી કે હસે કયાંહથી ?

તેણે પેહેલી મુલાકાત દચ માઈકલની લીધી. પીટર બોલયો કે "માઈકલ શાહેબ મેં ઘણીબી મુસાફરી કીધી પણ મનથી મોજ ઈયા ધરવ મલયો નથી ખરૂંછે મે તહમારી પથરની ભેટ દીલગીરીને માહારી ઉપર ગલબો કરવા દેતી નથી, પણ બીજા હાથ ઉપર ખુશી ખુરમીથી હું બેનશીબ રહોછું. અરધો મુવો, અરધો જીવતો એવી માહારી હાલતછે; વારૂં આ કઠણ દીલને જરા નરમ કરી નહી શકો કે જરા માહારા જીવને ઉલટ મલે ? જો તેમ નહી બનેતો માહારૂ અસલી હઈડું માહારે સવાધીન કરો ને તહમારી આપેલી બખશીશ પાછી લઓ."

રાખશ હશી હશીને બોલયો કે "પેયારા પીટર હવે નકી કીધેલું શાટું પાછું રદ થઈ શકે નહી. જયાહરે તું મરણ પાંમશે તયાહરે તાહારૂં અસલી દીલ તુહને પછું મલશે, જીવતા જીવતતો નહી. મુશાફરીથી બેજાર થયો હોયતો પાછું તાહારૂં ઘર અખતેઆર કર. લગણ કર અને તાહારી દોલતથી મોજ માર, નાચ, ગા, કુદ, અને હશ, માહારી એ સલવા પરમાણે ચાલ અને તું તાહારા કબાલાથી કદી પશચાતાપ કરશે નહી."

જંગલના ફઈતના શબદોથી પીટર પાછો હોશીઆર થયો. તેણે કસમ ખાધા કે આખા જંગલમાં હું શરવથી માતબર થાઉં તયાંહસુધી સટો અને જુગાર રમીશ; એ ઠેરાવ ઉપર માઈકલે પોતાની પસંદગી આપી અને બીજા એક લાખ ફલારીનની પીટરને ભેટ કીધી.

પીટરને માટે ગાંમમાં હો હા મચી રહી, તેની ગંજાવર દોલતથી સઘલાં આંગલાં કરડવા લાગયાં. અરધોઅરધ લોકો તેના દેવાદાર થયાં. જે બેલીફથી તે દસ ગાઉ નાહાસતો હતો તે બેલીફને તે હવે રોજ તેડવા લાગો અને જે કરજદાર પોતાની કબુલાત પુરી નહી પાડે તેનો સાંમન જપત કરાવતો હતો. રડતી ઓરતો અને તવલતાં બાલકો તેના બારણાને ઘેરો ઘાલી ઉભાં રેહેતાં હતાં, પણ પથરની છાતીના પીટરે તેમનો નીકાલ લાવવા બે મોટા કુતરાને રાખયા હતા જેઓ તેમના ઘણીનું બારણું મોકલું કરતા હતા.

જે કંગાલો તેના બારણા આગલ આજીજી કરતાં હતાં તેમાં એક બુટી ઓરત હતી જે કોઈજ નહી પણ પેલી ગરીબડી બારબારા મનક પીટરની માં હતી.

કાંચનું કારખાનું પડી ભાગવા પછી આ ગરીબ ડોશીના બુરા હાલ થયા હતા. લોકોની શખાવતથી તે જીવતી હતી અને જારે તેનો બેટો તવંગર થઈ શેહેર વેર આવયો તયારે આ ડોશીએ પોતાના વલતા દાહાડા આનંદ અને ચેનમાં ગુજારવાની પકી આશા રાખી હતી, પણ તેણીની આશા ભંગ થઈ. પીટરે તેહને દાદ આપી નહી, તેણીના ધ્રુજતાં બદનને લાકડી ઉપર ટેકાવતી તે પીટરને બારણે ભીખ માંગે, પણ પીટરનું દીલ કઠણ પથરનું તે તેણીની ઉપર કુતરાઓને છોડી દીએ.

દીન ઉપર દીન પીટર તવંગર થતો ગયો. પઈશામાં પઈશો વધતો ગયો પણ આગલ કરતાં તે વધારે શુખવાશી ન હતો.

હવે તેણે લગણ કરવાનો ઠેરાવ કરયો. સારા જંગલમાં તે ફરી વલયો પણ કોઈ પણ નાનજનીના નખરાંના ફાંદામાં તે સપડાઓ નહી. જે કનયાએ તે જોતો તે તેહેને લાયકની નહી. હેવામાં તેને ખબર પડી કે એક ખેડુતની મનમોહવન પુતરી તેની બાનુ થવાને પુરતી રીતે લાયકછે આ ખબર શાંભલી તે ઘોડા ઉપર બેશી એક શહવારે તે ખેડુતને બારણે ઉતરયો; ખેડુત હરખાઈ ગયો, જારે તેણે જાંણયું કે માહારી બેટી લીસબેથનો હાથ પીટર મંક શોદાગર આગેછે. અંતે કોલકારાર નકી થયા અને લીસબેથ પીટરની બાનુ થઈ.

જેમ પુંનમના ચાંદ શરખી શુંદર તેમ ગુલાંમ સરખી તાબેદાર લીસબેથ હતી. ગરીબાઈમાં ઉછરેલી તે પઈસાની કદર પુરતી રીતે બુજતી હતી અને પોતાના ધણીને રાજી રાખવાને પોતાથી બનતી યતન કરતી હતી પણ તે પથરના રૂહદયના પીટરને રાજી રાખી શકી નહી.

નેક લીસબેથનું નાજુક હઈડું ગરીબના દુખથી તવાઈ જતું અને તેમની કાકલુદીની પીટર દાદ નહી લીયે તારે તેના જીગરમાં જેહેરી તીરો ભોકાતા હતા. પેહેલે તે થોડી રકમ ભીખારીઓમાં વેંહેંચતી હતી પણ પીટરને એ જણાયાથી તેના ગુશાની હદ રહી નહી, તે લીસબેથને ધમકાવી બોલયો કે "કોણે માહારો પઈસો હેવી રીતે વેરવા તહને સતા આપીછે ? હું તુહને હીયાં લઈ આવયો તે માહારી ખરાબી કરવા નહીં; એટલી મોહોટી તું રીત લઈ આવી નથી કે શાહાજાદીની માફક જે ભુખે મરતો બારણે આવી હાથ લાંબો કરે તેને ખેરાત આપે. એ કારબારમાં ફરીથી જો તુહને જોઈશતો માહારા ગુસસાનો સવાદ અછી રીતે ચખાડીસ."

આવા સખદો શાંભલી ભલી લીસબેથ પોતાના ઓરડામાં જઈ, જાર બેજાર રૂદન કરવા લાગી અને પોતાના ભરથારની કઠણ છાતી ઉપર અફસોસ ગુજારવા લાગી.

એક વખતે લીસબેથ પોતાના બાગમાં બેઠી હતી તેવામાં એક ઘરડો માણસ જેની પીઠ ઉપર ઘણો ભારી બોજો લાધેલો હતો તે આવી લાગો અને હાકથી જમીન ઉપર પડી ગયો. લીસબેથને જોઈ તે બોલયો કે "ઉમરાવજાદી થોડું પાંણી પીવા આપ, કારણ હું તરસથી એટલો બેજાર થયોછું કે હું બેહોશ થઈ પડીશ."

આ બોલો લીસબેથના જીગર સુધી પોચયા તે મુંગી મુંગી ચાલી ગઈ અને તરત એક ગલાસમાં વાઈન દારૂ નાખી તે તરસયાને હાજર કીધો અને એક રોટીનો કટકો સાથે આપયો.

તે બુઢા મુશાફરની આંખમાં આ ઉપકારથી પાણી ભરાઈ આવયાં, તે બોલયો કે "હું હાવો ઘરડો થયોછું પણ તોબી માહારી જીંદગીમાં કોઈએ હાવી મહારત માહારી કીધી નથી પણ એ ઉપકારનું ફલ બાઈ તુંહને જરૂર મલશે."

"કદી નહી મલે, કદી નહી મલે" એમ પોકાર મારતો પીટર મંક બેહું આગલ આવી હાજર થયો. તે બોલયો કે "કંગાલ ઓરત ! ભીખારીઓને ભીખજ નહી પણ તેમને માહારાજ ગલાસમાં માહારો નાંમીચો વાઈન પાવાને પણ તું હીમત ચલાવેછે ? લે આ તાહારી મહારતનું ફલ !"

એમ કહી પીટરે પોતાના ચાબકનો હાથો જોરથી ઘુમાવી લીસબેથને લગાવયો જેની અસરથી તે ખુબીવંતી નાર બેશુધ થઈ પેલા ઘરડા માંણસના બદન ઉપર પડી. પીટર વાંકુ વલી જોવા લાગયો કે તે જીવેછે કે નહી. હેવામા પેલો ઘરડો માંણસ બોલયો કે "પીટર મંક હવે સઘલું ઠેકઠછે. સરવથી સુગંધી અને સુંદર ફુલ તેં કચડી નાખયું છે અને હવે તે ફરીથી ખીલવાનું નથી."

ઘરડાનો સાદ સાંભલી પીટર સફેદ બરફ સરખો થઈ ગયો કારણ તે સાદથી તે અંજાણયો ન હતો.

"એતો ખજાંનચી સાહેબ તહમે હીંયા પધારયાછો ! પણ હવે થયું તે થયું ! હું આશા રાખુંચ જે તહમે મહને ફસાવસો નહી."

કાચનું માંણસ બોલયું કે "કંગાલ ! તાહારૂં બદન ફાંસીના લાકડાં ઉપર લટકે તેમાં મહને ફાયદો શું ? માંણસની નહી પણ એક બીજીજ ભયંકર શીક્ષાથી તું ડર, કારણ તેં તાહારૂં હઈડું સેતાંનને વેચયુંછે."

અને જો મેં માહારૂં હઈડું વેચયું હોયતો તે વાંક કોણનો ? શું તહમે મહને પેહેલાં લાલચમા નાખયો નહી ?"

હેવામાં કાચના માંણસનું ગંજાવર કદ થઈ ગયું તે પીટર ઉપર ધસયો અને તેને જમીન ઉપર પટકી ગગડાટ સરખા અવાજે બોલયો કે—

"કંગાલ કીડા ! તાહારો જાંન કબજ કરવા માંગુતો આ ઘડી કરી શકું; પણ નેક અને અશો લીસબેથને ખાતર તહને પસચાતાપ કરવાને આઠ દાહાડાની મેહેતલ આપું છું. જો તે વખતમાં તાહારી ચાલ સુધારશે નહીતો જે શીક્ષા ઘટેછે તે શીક્ષાએ તહને પોહોંચાડીશ."

## હીંદુસતાન ઉપર ઈંગરેજોની ફતેહ.

(સાંધણ સફે ૭૧ થી)

એવામાં ચંદા શાહેબ અને તેના ફરેંચ સાગરીદો તરીચનાપોલી હાથ કરવાને જુદાં ફાંફાં મારતા હતા. મહમદ અલીએ માઈસોરની દરબાર પાસે મદદ માંગી જે તેને ખુશીથી બખશવામાં આવી. માઈસોરનો દાખલો ધરી તાંનજોરના રાજાએ પણ પોતાનુ લશકર મહમદને ટેકો દેવા મોકલયું. આટલા લશકરની શાંમુ દુશમનનો પાયો ધસયો તેઓએ આરકટની આસપાસના ગાંમડાં વેર લેવા ખાતર આગમાં ભશમ કરયાં અને કંપનીના જુના મદ્રાસ કીલલા તરફ ધસારો લઈ જવાની દેહેસત આપી

એ સબબને લીધે તરીચનાપોલીને માટે ભેગાં કરેલાં ઈંગરેજી લશકરે આરકટ તરફ વલાંણ લીધી; ૧૭૦૦ સીપાઈઓથી બનેલું એ લસકર હતું જેમાના માતર ચારસો ઇયુરોપીઅનો હતા. કલાઈવના હાથમાં એ લશકરની હકુમત હતી. કેવરીપાંનકના ગાંમડા આગલ કલાઈવ આવી પોચયો કે આંબાના મોટાં દરખતોમાં છુપાયલાં દુશમનના લશકરે બંદુકનો મારો તેના લશકર ઉપર ચલાવયો.

કલાઈવના લશકરે તરત જવાબ વાલયો અને હેણ પરીણાંમ નીપજયું કે ચંદા સાહેબનુ લશકર કલાઈવના હાથ

પરે પરાજય પાંમયું. આવી રીતે દુશમનનો ડાટ વાલી ક
લાઈવને હુકમ થયો કે લશકરને લઈ સેંટ દેવીદના કીલલા
માં પાછુ ફરવું. આ કીલલામાં લશકર તરીચનાપોલીને
બચાવવા કાજ કમર બાંધવા લાગ્યુ, મેજર લારંનસને સરદા
રી આપી અને કલાઈવને તેનો મદદનીશ ઠેરવયો.
૧૭૫૨ ની ૨૮ મી મારચે ઈંગરેજી લશકરે તરીચનાપો
લીનો કીલલો જોયો. પણ તેમને માલમ પડયું કે ફરેંચો
એ ઘેરોઘાલી તે કીલલાને હાથ કરવાની તેમની કોશેશને
નીશફલ થયલી જોઈ થોડા દાહાડા અગાઉ શીરીન ગાંમના
ટાપુમાં પોતાની હારની ફજેતીને કાજ મોહોં છુપાવયું હતું.
પણ સીરીન ગાંમનાં ટાપુમાં ખોરાકી પોશાકી પોહોંચાડવા
નો એકજ રસતો હતો તેથી તે બંધ કરી નાખવાને ઈંગ
રેજોએ ઠરાવ કરયો. એ સબબથી કલાઈવે ૪૦૦ યુરોપીય
ન, ૧૨૦૦ સીપાઈ અને ૮ ટોપનો અસબાબ લઈ આરક
ટ અને પોનદીચેરી જવાના રસતાની અધવચ કીલલો કી
ધો. ફરેંચ સરદાર ડુપલેને એ બાબદની ખબર પડતાંજ
તેણે એક લશકર, આ કીલલો તોડવા મોકલયું. કલાઈવ
સંસારો સાલવતાંજ તે પોતાના હમનબરદોની ભેટ લેવા
સાંમુ દોડયો; પણ તેમની મુલાકાત થઈ નહી તેથી તેઓ
પાછા ફરયા હશે હેવા ખેયાલથી કલાઈવ પાછો પોતાની છા
વણીમા આવયો, હેવામાં સીરીન ગાંમમાં બંધ પડેલા સરદા
રે વીચાર કરયો જે કલાઈવની ગેરહાજરીમાં પોતાનો છુટક
કરવો, એ હેતુથી તેણે ૮૦ ફરેંચ, ૭૦ દેશી સીપાઈઓ અ
ને કંપનીના લશકરમાંથી નાહાસીને ફરેંચ વાવટાને વલગે
લા ૮૦ ઈંગરેજી સીપાઈઓને સીરીન ગાંમની સરહદ બા
હાર મોકલયા.

ઈંગરેજી છાંવણીમાં ફરતા પોહોરેગીરોએ ઉપલાઓને
સવાલ કીધો, જેનો તેઓએ ઉતર દીધો જે મેજર લારંનસે
કલાઈવ સાહેબના લશકરની મદદે હમને મોકલેલાછે જે
૮૦ ઈંગરેજી ફીતુરીઓ સાથે હતા તેથી ભુલથાપ ખાઈને
કલાઈવના પોહોરેગીરોએ દુસમનના લશકરને પોતાની છાવ
ણીમાં બેધડક દાખલ કરયું, પણ જે તંબુમાં કલાઈવ સુતેલો
હતો તયાંહ જાહારે તે લસકર આવી પોચયું તયારે તાં
હાં ફરતા પોરેગીરોએ તેમને સવાલ કીધો, એ સવાલનો
જવાબ તેઓએ બંદુક ફોડીને આપયો. કલાઈવના પગ આ
ગલ એક પેટી ઉપર એક સીપાઈ ઉંઘતો હતો તેનો દુશમ
નની એક ગોલીથી તતકાલ પરાંણ ગયો. આ ધબરાટથી ત
રત કલાઈવ જાગરૂત થયો અને પોતાના સીપાઈઓ ખોટી
દેહેસતથી એબતપાછે એવો સબબ ધારી તે એખલો તંબુ
બાહાર આવયો પણ હેવામાં દુશમનના એક સીપાઈએ મે
મ ધરી તેને એક ગોલી લગાવી જેથી તે ઘાયલ થયો. દુશ
મનો કીલલાના માલેક થયા. આ બનાવથી કલાઈવની મ
રદાંનગી પાછી ઉછલી આવી, જખમી થયલા બદને પણ તે
ણે પોતાના સીપાઈઓને હીંમત આપી અને કીલલાનો
દરવાજો ઉસાડી નાખવાને હુકમ કીધો, પણ કીલલામાં જે
ઈંગરેજી ફીતુરીઓ હતા તેઓ ઘણી હીંમતથી લડયા અને
બીજી તોપો મલે નહી તાંહાંસુધી કલાઈવના લશકરે પોતા
નો કોશેશ મોકુફ રાખી

બીજે દાહાડે બાંમદાદ પડતાં ફરેંચ સરદારે ધસારો
કરી બાહાર નીકલી આવવાની પેરવી કીધી પણ તે વેયરથ
ગઈ. ઉલટું તેથી ફરેંચોને નુકસાંન ગયું કારણ તે જધડા
માં તે પોતે અને તેનાં ઘણાએક સીપાઈઓ મારયા ગયા,
બાકીના પાછા કીલલામાં બરાઈ ગયાં અને કલાઈવ તેમને
તાબે થવાને ભલાંમણ કરવા જતો હતો હેવામા તેનો જાન
ખતમ કરવાની એક નીચ ઈયુકતી કરવામાં આવી. પેહેલે
થી ઘાયલ થએલો તેથી પોતાના બે સીપાઈઓની ખાંધ ઉપ
ર ટેકો દઈ તે ચાલતો હતો. તે સીપાઈઓ હારે ટુકા અને
કલાઈવ કદે ઉંચો હોવાથી કલાઈવનું બદન વાકું વલી પ
છાત પડેલું હતું. હેવામાં દુસમનની ટોલકીમાંથી એક આ
ઈરીશમેન નીકલી આવયો જે આગલ ઈંગરેજી વાવટાના
સાહાય તલે હતો તેણે કલાઈવને મોહમાંથી ગંધીલી ગાલો
દીધી અને ખાપોકારી કહયું કે તતકાલ તાહારો જાન લઈશ,
તેના બોલો પુરા થયા નહી તેટલાં તેની બંદુકમાંથી ગોલી
નીકલી ચુકી હતી. ગોલી આબાદ પેલા બે સીપાઈઓ જે
ઓની ખાંધ ઉપર કલાઈવે ટેકો લીધો હતો તેમના સરીરને
વીંધી ચાલતી થઈ અને કલાઈવ જેનું બદન ટીંગાઈને પા
છલ પડેલું હતું તે ઈંગરેજોના ચલકતા સેતારાને લીધે સ
લામત રહો.

રખે આ સબબથી જીવતદાંન ન મલે તેથી ધબરાઈને
કીલલામાં સોંચાઈ રહેલા ફરેંચોએ પેલા આઈરીશમેનની ચાલ
ઉપર નાખુશી બતાવી અને સઘલા તાબેબે થયા. સીરીન ગાંમ
મા પડેલા ફરેંચો, ઉપલો બનાવ બનતો હતો તેવામાં સવાં
મતીથી બાહાર નીકલી આવયા, પણ વાંઘનાં પંજામાંથી ની
કલી તેઓ વરૂનાં વીકરાલ મુખમાં ફસયા. મરાઠા ઘોડેસ
વારોનું હેવામાં આવવું થયું જેઓએ આ લસકરની એવી
તો પુઠ પકડી કે ૭૦૦ માણસમાંથી એક પણ પોતાનો જી
વ બચાવી સકયો નહી.

ફરેંચોએ હાર ખાધાથી ચંડા સાહેબનો લખચમી
માતાએ હાથ છોડયો. ચંદા સાહેબ વમલમાં પડયો કે કો
ણને જઈ શરણ થાઉં. તાનજોરનાં રાજાનો સેનાધીપતી ના
મે મોનાકજી તેણે ચંદાને દોલાસો દીધો જે તું માહારા હા
થમાં આવી પડેતો માહારી દેવીનાં સપતછે કે ચોકી પેહેરા
સાથે તુકને ફરેંચોનાં રાજમાં મોકલી આપું. ચંદા સા
હેબ આવી મીઠી બોલી ઉપર પરેમ કરી મોનાકજીની છા
વણીમાં ગયો, પણ તાંહાં પગ મેલતાં વાર તેને હાથે પગે બે
ડી નાખી કેદ કરવામાં આવયો. થોડા વખત પછી મોના
કજીનો એક રફીક ચંદા આગલ ગયો. કરનાટીકની ગાદી
નો ઉમેદવાર તન અને મનના દુખથી હલાક થતો તાનજો
રનાં રાજાનાં એક નોકરનાં હાથ તલે સપડાઈ બંદીખાનું સે
વતો હતો. ચંદાએ વીનંતી કરી કે ભાઈ મોનાકજીનો મા
હારી સાથે મેલાપ કરાવ,કારણ એક અગતીયની બાબદ મા
હારે તેહને કેહેવીછે, પણ ચંદાની સાંમે તેનો જમ ઉભો હ
તો પોતાની મેયાનમાંથી શમશેહેર ખેંચી ને ચંડાલે ચં
દાનું જીગર વીંધી નાખયું અને તેના મોતની ઈધાંણી દાખ
લ તેનું ધડ કાપી પોતાની સાથે લીધું.

ચંદા સાહેબ મારયો ગયો અને ફરેંચો હાર પામયા.
એટલે ભરતખંડમાં ચાલતી લોહીની રેલનો ઘોત થોડો વખ
ત બંધ પડયો. કલાઈવ ઈંગલંડ ગયો જાંહાં તેને ઘણું
માન મલયું, પણ ઈંગલંડથી સેંટ ડેવીડનાં ગવરનરની નેમ

નુક મેલવી તે પાછો હીંદુસથાન' તરફ ફરયો જાંહાં વલી તેને પોતાની બાહાદુરી દેખાડવાને તક મલી.

બંગાલનાં સુબેદાર અલીવરદીખાંનના મરણ પછી સુરાજાદઉલા ગાદીએ આવયો હતો. સુરાજા, મને દુરબલ અને બદીઓમાં ચકચુર હતો, તેના દોસતો ઘણા નીચ હતા અને તેમની સાથે બદફેલીમાં મશગુલ થઈને પોતાના હરાંમ હવસો પુરા પાડતો હતો. સુરાજા ઈંગરેજો તરફ પેહેલેથી મીતરાચારી દેખાડતો ન હતો એક વેલા તેણે કલકતે ઈંગરેજોને કાગલ લખયો કે તહમારા કીલલા મજબુત કરોછો એવી ખબર માહારે કાને પડીછે માટે તે જો ખરી હોયતો તેથી પહરેજ રેહેજો. ઈંગરેજોએ ઉતર વાલયો જે તહમે સાંભલેલી ખબર ખોટીછે અને હમે જે ઉપાય લીજીએ છઈએ તે ફરેંચોની ધાકથી હમારી સલામતીને માટેછે.

આ કાગલ વાંચતાં સુબેદારને જાહાલા ઉઠી તે લશકરને તઈયાર કરી કલકતા તરફ આવયો અને ઈંગરેજોની કાસમ બજારમાં કોઠી હતી તેં હાથ કીધી.

કાસમ બજારનું ભાગી પડવું સાંભલી કલકતામાં ઘભરાટ મચી રહો. જે સેહેર હીંદુસતાનની રાજધાની થવા સરજેલું તે સેહેરમાં આવે સમે ૨૦૦ સીપાઈઓનુંજ લશકર પહેલું હતું. મધરાજ અને મુંબઈ કાસદો દોડયા પણ તેટલાં સુરાજાની તોપોનો સોહોર કલકતામાં સંભલાયો. દરેક જણ સલાહ આપવા માથું કાહાડે પણ એક પણ હેવો ન હતો જેની સલાહ કારગત લાગે. કલકતામાંથી નાહાસવાનો ઈંગરેજોએ ઠરાવ કરયો. કલકતાનાં ઈંગરેજોએ આ વખતે બતલાવેલી નામરદી તેઓની હીંદુસતાનની કારકીરદીને વલગેલું કલંકછે. ૧૭૫૬ ની ૧૮ મી જુને હેવો ઠરાવ થયો કે ઓરતોને નદીમાં પડેલાં એક વાંહાંણ ઉપર મોકલી દેવાં અને મરદોએ રાતે ચહડી બેશી સુરાજાનાં હાથમાંથી છટકી જવું. બે સનદી અમલદારો નામે મેનીગહામ અને ફાકલંડ એઓએ દોલ ઘાલયું જે ઓરતોને વાંહાંણ ઉપર પોહોચાડવા હમે તકેદારી કરીશું, પણ તેઓ વાંહાંણ ઉપર પોહોતા એટલે પાછા ફરવાને તેઓએ ના પાડી. આ હીચકારાઓની પુઠે બીજા તેમનાં વરગના ચાલયા અને સાંજ પડતાં વાંહાણે લંગડ હલેસી ચાલવા માડયું બીજા વાંહાંણોએ પણ લંગડ ઉચકયા અને સહવાર પડતા કલકતાનો ગવરનર મી૦ ડરેક અને લસકરનો સરદાર કપતાંન મીનચીન પણ વાંહાંણ ઉપર ચહડી બેઠો.

આવી રીતે કલકતા શેહેર જેઓને હાથે બચવું જોઈએ તેઓને હાથે વેરાંણ પડયું જે સુરા નરો પાછલ રહેલા હતા તેઓએ ઈંગરેજી વાવટાની બનતાં સુધી જાહોજલાલી બચાવવાને ઠરાવ કરયો. ગવરનરની કાઉનસીલના એક સભાસદ નામે મી૦ હોલવેલે સઘલાની મરજીથી હકુમત અખતેઆર કીધી કલકતાને બંચાવવાની તો સઘલાઓએ અંતે આશા મુકી પણ કંપનીનું એક વાંહાંણ બાહાર પડયું હતું તે ઓરામાં આવી તેઓને ઉંચકી લીયે તાંહાંસુધી બચાવ કરવાનો તેઓએ ઈરાદો કરયો

વાંહાંણને જેમ બને તેમ જલદી લાવવાને હુકમ મોકલવામાં આવયો, પણ પાયલટની બુધ ઘભરાટમાં ઠેકાંણે ન રેહેવાથી તેણે વાંહાંણને ખરાબે ચહડાવયું અને ગવરનર હાલવેલ અને તેની નાહાની પરજાની આશા ભરસટ થઈ.

# ખાંડ.

આપણા જીવની હાજતો પુરી પાડવામાં મીઠાસ એ પણ એક ઉપયોગી તતવછે. એ અરવાચીન રશાયણીઓએ સીધ કરયુંછે, પણ શઘલી ચીજો જેમાં મીઠાસ આવે તે માણસને ખાવા યોગયછે એમ ધારવું નહી. કેટલીએક ધાતુઓમાં મીઠાસ આવેછે પણ તે માંણસના જાનનો ઉલટો ઘાટ કરેછે. "સુગરલેડ" જેને ઈંગરેજીમાં "સુગર આફ લેડ" કરી બોલયેછે તે શઘલાંને જાણીતું ઝેરછે ઈંગરેજીમાં ખાડને "શુગર" અને સીશાને "લેડ" કરી કહેછે તેથી શુગરલેડને શીશાની ખાંડ કરી નામ આપયુંછે તે તેના મીઠા સવાદને લીધે આપયુંછે રૂપાંની કેટલીએક મેલવણીઓ સવાદમાં મીઠી હોયછે પણ માંણસના સુખ સારૂ જે મીઠાસ કાંમમાં આવેછે તે જે ભાજીપાવામાંથી નીકલેછે તેછે.

મીઠાસની બાબદમાં હાલના લોકો અસલના લોકો કરતાં વધારે ભાયગશાલીછે. મધ, દરાક્ષ અને ચોકસ મેવામાંથી મલતો મીઠાસ પરાચીન લોકોને ખબર હતો પણ અરવાચીન લોકો સેરડી, બીટ મકાઈ, તાડ, પટેટા, અને દુધ વગરે ચીજોમાંથી મીઠાસ કાહાડી સકેછે. દરયે કાંઠે ઉગતા પાલાઓ અને લાકડાંના વેહેરમાથી પણ ગરજ વખતે ખાંડ મેલવી સકયાછે. ખાંડ હાલના વખતમાં જીંદગીની હાજત થઈ લાગીછે. લખો ટનનો તેનો ખપ થાયછે અને હજારો વાંહાંણ તેના વેપારમાં રોકાયછે. લખો માંણસો ખાંડના રોપા ઉગાડવા ગુંતાયછે અને લખો રૂપીયા દરેક સરકાર તેના જગાતમાંથી વસુલ કરેછે. રૂ વગરે ખાંડ સરખી બીજી કોઈ વનસપતીથી ઉપજતી ચીજ નથી, જે માંણસના સુખ અને તેની હાલત ઉપર આટલો કાબુ ધરાવેછે.

દરાક્ષની ખાંડ—લીલી પાકેલી દરાક્ષને જારે સુકવવામાં આવેછે તારે ખીસમીસ દરાક્ષ બનેછે. જેનો પુશકલ વેપાર ચાલેછે ખીશમીશ દરાક્ષને ઉભીને ઉભી સરખી કાપીએતો સફેદ પાસાદાર બરડ દાંણાંઓ માલમ પડેછે જે સવાદને મીઠા લાગેછે. એ દાંણા તે દરાક્ષની ખાંડછે. તેઓ પાંણીમાં જલદી પગલેછે અને એ ઓગાલમાં જો થોડું ખમીર નાખયું હોયતો ને જલદીથી ઉભરાઈ આવેછે.

ઉભરાઈ આવયા પછી તેમાંથી એક જાતનો નરમ વાઈન દારૂ બનેછે, અને જેમ જેમ જોસ વધારે ફેલાયછે તેમ તેમ તેનો સરકો થતો જાયછે.'

મધની ખાંડ—ઉદીયોગને માટે મધમાંખી પરખેયાત છે અને તેનું એકઠું કીધેલું મધ માંણસ પોતાના સુખને વાસતે લુટી લીયેછે. ફુલોમાંથી મધ જમાવ થાયછે અને તેમાંથી મધ પોતાની સુંઢ વાટે ચુસી લીયેછે. ફુલમાંથી મેલવી મધમાંખ મધને પોતાની કોઠલીમાં નાખેછે અને પછી તેને જઈ પોતાના પુડામાં ખાલી કરેછે, એથી કરી માંખીના મોહોમાં જે લબ છુટેછે તેની સાથે મધ ભેલાયછે અને તેથી પુડામાંનું મધ ફુલના ખાલેસ મધ જેવું હોતું નથી.

મધ પરવાહી આકારમાં માંખી મેલવેછે પણ થોડોવાર તેને ઠેરવયાથી બંધાઈ જાયછે. જડ થયેલા મધને કપડામાં નાખી જો દાબયું હોયતો તેની ખાંડ બે આકારમાં જુદી પડેછે. એકતો કપડાંની અંદર જીણા જીણા પાસાદા

ર દાંણા રહી જાયછે અને બીજો ખરો સીરો કપડાંમાંથી બાહાર વેહેછે. ઘણા દાહાડાનાં મધમાં સીરો ઘણો કમતર હોયછે, કારણ સીરાની ખાંડ પાસાદાર દાંણાના આકારમાં બદલાઇ જાયછે. મધની જડ અને પરવાહી ખાંડમાં ગુણ, ખાશીએતો નજદીક એકસરખાંછે. બેહુ સવાદે એકસરખી રીતે મીઠીછે અને બેહુ પાંણીમાં પીગલયા પછી ખમીર સાથે ભેલાઇને ઉભરાયછે. મધની જડ ખાંડ દરાક્ષની ખાંડને બરાબર મલતીછે. મધની પરવાહી ખાંડ અને દરાક્ષની ખાંડમાં એ ફેર કે આગલીના પાસાદાર દાંણા બનતા નથી અને કેટલાક રંગ તેમજ સુગંધી પદારથોની તેમાં મેલવણી આવેછે. એ રંગ અને સુગંધી પદારથ ફુલોનો હોયછે, એ સબબને લીધે જુદા જુદાં મધનો જુદો જુદો રંગ સવાદ અને ખુશબો હોયછે. ભુમધ્ય સમુદ્રમાં આવેલાં કરીટ નામના ટાપુમાં આઇદા નામનો પાહાડ છે તયાહનું મધ ઇયુરપમાં ઘણું પંકાયલુંછે. ફરાંસના નારબોરન નામના સેહેરમાં અને આલપસ પરવતની સાંમુની નાંમની એક ખીણમાંથી મલતું મધ તેના પમડાટને માટે વખાણાયલુંછે. એજ પરમાંણે હીંદુસતાંનમાં જુદે જુદે ઠેકાંણેથી મલતા મધમાં ફરક હોયછે. મુંબઇમાં મામલેશરનું મધ પરસીધછે. ચોક માથેરાંન અને નવસારીનું પણ મધ ખાસેશ ગણાયછે. એડનથી વલી આવતું તુમરીનું મધ ઘણું સરસ હોયછે, એ સઘલું પાસાદાર દાંણાઓથીજ ભરાયલું આવેછે. રંગુનનું મધ પણ મુંબઇમાં જણાયલું છે. વલી કોઇ મધ ઘણું જેહેરી આવેછે તેનો સબબ એ જે જેહેરી ફુલોમાંથી તે મેલવેલું હોયછે. જેનોફન નાંમનાં એક ગરીશીયન સરદારના લસકરના ખાધામાં હેવી જાતનું જેહેર આવ્યું હતું જેનો હેવાલ તે નીચે પરમાંણે પોતાની તવારીખમાં લખી જાયછે.

"ત્રેબીજાનદના ગાંમડાં આગલ પુશકલ મધમાંખના પુડા હતા. જેટલા સીપાઈઓએ તેમાંનુ મધ ચાખ્યું તેઓ બેફુંખ થઇ ગયા અને જાહાડો અને ઓકારીને આધીન થયા. જેઓએ થોડુ ખાધું હતું તેઓ છાકટપણાની નીસાણી દેખાડવા લાગા. કેટલાએકો દેવાના થઇ ગયા અને કેટલાએકો મરતનોલ બીછાંણે સુતા. લડાઇમાં મારયા ગયા હોય એમ ચોકાન મેદાંનમાં સીપાઇયો સુતા. ઘણો ઘભરાટ મચી રહયો પણ એક પણ મરણ નીપજયું નહીં. ચાર દાહાડે સઘલા હુશીયાર થયા તોયપણ કેટલાએકોને વધુ દીવસ અસર રહી."

મેવાની ખાંડ—ઘણીએક જાતના મેવા કાચા હોય છે તયાહરે ખટાસ મારેછે પણ પાકયા પછી મીઠાસ મેલવેછે. કેરી, આપલ, પેર, જાંબુર, લીંબું, બોર વગરે દાખલા છે, એ મેવામાં મીઠાસ આવવાનું કારણ એકે પાછલથી તેમાં દરાખશની ખાંડ એકઠી થવા માંડેછે.

પટેટાની ખાંડ—અઘલી જાતના ખલ અથવા હારનો સરેસનોછે કે થોડાં પાણીમાં પગલી સકતો નથી, પણ ખખડતાં ગરમ પાંણીમાં તે ગલી જઇ જેલી અથવા લાહી બની જાયછે, પણ જો "સલફીયુરીક એસીદ" ના થોડાં ટીપાં તે ઉકલતાં પાંણીમાં નાખયાં હોયતો હારનું પાંણી આસતે આસતે મીઠાસ પકડેછે અને અંતે તેની દરાખસની ઇયા મધની ખાંડ બની જાયછે. એક રતલ સલફયુરીક આસીદ સો રતલ પાંણીમાં મેલવી હોયતો ઘંણાએક રતલ ધઉં, પટેટા અથવા સાબુચોખામાંના હાર ઇયા કાંજીને ખાંડ બનાવી સકેછે. પછી સલફયુરીક આસીદને ચુનો નાખી છુટી પાડી હોય અને પાંણીને બાલી નાખયું હોયતો નકી ખાંડ મલી સકસે અથવા સલફયુરીક આસીદને બદલે દર સો રતલ હારે બારથી પંદર રતલ જવ નાખી પુરતાં પાંણીમાં ગુતો કીધો હોએ અને તાણ કલાક સુધી ૧૬૦ થી ૧૭૦ દીગરીની ગરમી આપી તેને ઉકાલયો હોય અને પછી તે રહેલા સીરાને ગાલી પાડો બાલી નાખયો હોયતો નકી નકી ખાંડ મલી સકે. હારમાંથી બનાવેલી ખાંડ દરાખશની ખાંડના શરંખીજ સઘલી ખાસીએતો ધરાવેછે, પણ તેના જલદીથી પાસાદાર દાંણા બનતા નથી અને એ બાબદમાં તે મધની પરવાહી ખાંડને મલતી આવેછે. હારમાંથી નીકલતી ખાંડ સાધારણ મીઠાઇમાં સેરડીની ખાંડ સાથે ભેલ કરવામાં અને દારૂ બનાવવાના કામમાં આવેછે. ઇંગલંડમાં એ જાતની ખાંડ બનાવવાની બંદીછે

સેરડીની ખાંડ—જે મેવામાં ખારો રસ હોય તેમાંથી દરાખશની ખાંડ નીકલેછે, પણ જે મેવાના રસમાં ખટાસનો ઘણોજ થોડો ભાગ હોય તેમાંથી સેરડીની ખાંડ નીકલેછે, સેરડી ગરીક અને રૂમી લોકોને માલમ ન હતી. જાંહાં પારો ૭૫ થી ૭૭ દીગરી લગી હોયછે તે દેસોમાં સેરડીની ઉતપંતી ઘણીજ સરસછે. ઇયુરપમાં સીસીલી અને ઇસપેનમાં સેરડીનો પાક ચાલેછે. અમેરીકામાં તેનો પુશકલ પાક થાયછે અને હીંદુસથાંનમાં પણ તેમજ મલી આવેછે. સેરડીમાં પણ જુદી જુદી જાતછે. જાડી, નરમ અને મીઠી સેરડી સરવેથી લેહેજતદારછે. કેટલાંએક દેશોમાં શેરડી એ તયાંહના લોકોનો મુખ્ય ખોરાક હોયછે. સેરડીનાં રસમાં પુસતીકારક ગુણછે તેનો સબબ એજે ખાંડની સાથે તેમાં ચીકાશ અને ભાજીપાલાના મુખ્ય ખોરાકમાં જે ધાતુના પદારથો આવેછે તે હાજર હોયછે. શેરડીમાં ખાલી ખાંડ હોયતો તેથી જીવતું રખશણ થઇ સકત નહી.

સેરડીનો રસ કેમ કાહાડેછે તે જેઓએ ગુજરાતમાં સેહેલ કીધી હશે તેઓએ વારંવાર જોયું હશે. શેરડી પીલવાની ઘાણીને કેહેલુ કરી કહેછે. લોખંડના અથવા લાકડાંના બે રોલરો જે હાથથી અને ઘણુંકરી બલદથી ફેરવવામાં આવેછે તે વચે સેરડીને પીલી તેનો રસ કાહાડવામાં આવેછે. એ રસમાં ચુનો અને બીજી એકાદ વસતુ જે ખાંડ બનાવનારા જાણેછે તે નાખી તેને નીરમલ કરવામાં આવેછે ચુનાની બે અસર નીપજેછે તે રસમાં ખટાસ ઉતપન થતો અટકાવેછે અને રસનાં ચીકાશ સાથે મલી જઇ તેને નીચે બેસાડી નાખેછે. ચીકાસ ખમીરની માફક સેરડીનાં રસને ઉભરાવેછે તેથી તેને કાહાડી નાખવાની ઘણી અગતછે. આ રીતે રસને ચીકાસથી મોકલો કરયા બાદ ગલવામાં આવેછે અને પછી તેને ઉકાલી લાકડાનાં પોહોલાં વાસણોમાં થંડો પાડવામાં આવેછે અને જેવા તેમાં પાસાદાર દાંણા બંધાયછે કે છોદર પાડેલા પીપોમાં તેને બારવામાં આવેછે. પીપમાં જે રહેછે તે સાકર અને જે બાહાર નીપરાઇ પડેછે તે ગોલ.

કાગલ ઉપર લખવાનેતો સેહેલુંછે. પણ સેરડીમાથી ખાંડ બનાવવી એ કાંઇ સેહેલું નથી, બનાવવામાં એટલો

બીગાડ થાયછે કે સો રતલ રસમાંથી ૬ રતલ ખાંડ નીકલે છે. જાવા અને કીયુબામાં વધારે રસ હથીઆરોથી ખાંડ બનાવેછે જેથી બાર રતલ ખાંડ નીકલી શકેછે. થોડાં વરસની વાત ઉપર ઈસતોલ નામના એક શખ્સે ગણુતરી કરી હતી કે તે વખતે આખી પરૂથવીમાં ૪૫૨૭૦૦૦૦૦૦) રતલ ખાંડ બની હતી.

દરાખસની ખાંડ કરતાં સેરડીની ખાંડમાં વધારે મીઠાસછે. વલી પાણીમાં સેરડીની ખાંડ જલદીથી પીગલી સકેછે. ૧) રતલ થંડુ પાણી ૩) રતલ સેરડીની, ખાડ, પણ ૧) રતલ દરાખસની ખાંડને પીગલાવી સકેછે. વલી સેરડીની ખાંડના જલદીથી પાસાદાર દાણા બનેછે જે સાકરને નામે ઓલખાયછે અને તે જલદીથી ખટાસ મારતી નથી.

બીટની ખાંડ—બીટરૂટ ઈયાને બીટના ઝાડના મુલયાં એવે નામની એક તરકારી આવેછે. જે ઈંગલંડમા પુશકલ મલી શકેછે તે આપણી સલગમની તરકારીને ઘણું કરી મલતી આવેછે, તેને એક જાતનો મીઠો કંડ કહીએતો ચાલે તેનો ઘણો સોબીતો રાતો રંગ હોયછે. એ પાલામાંથી પણ ખાંડ નીકલી શકેછે, તેના વજનનો દસમો ભાગ ખાંડથી બનેલોછે હેવું રસાયણીઓ કહેછે; એ પાલાને દાબીને તેના રસમાથી ખાડ કાહાડવામાં આવેછે. પેહલે એ ખાંડ ઘણી બેસવાદ લાગેછે પણ જારે સવચ્છ કરેછે તારે સેરડીની ખાંડમાંથી તે ઓલખાઈ સકાતી નથી. ફરાંસ, બેલજીયમ, જરમની અને રસીયામાં એ જાતની ખાંડ પુશકલ બનાવવામાં આવેછે. પરૂથવીમાં ખપની ખાંડના સેંકડે ૭ ટકા બીટરૂટમાંથી કાહાડયામાં આવેછે હેવી ગણતરી થઈછે.

તાડીની ખાંડ—વલી ખજુરીની તાડીમાંથી ખાંડ નીકલી શકેછે. બંગાલની અંદર તે "જાગરી" ને નામે ઓલખાયછે. બંગાલમા એ ખાડનો ઘણો ખપછે. વલી તડખુજ અને નાલીએરમાંથી પણ ખાડ નીકલી સકેછે, પણ એ જીણસનો વેપાર ચાલતો નથી મકાઈના લીલા દીટામાંથી એક જાતનો મીઠો રસ નીકલેછે તેમાથી પણ ખાડ કાહાડી સકાયછે. એ ખાડ સેરડીની ખાડના જેવીજછે. અમેરીકાના યુનાઈટેડ ઈસટેટમા તેનો રોજગાર ચાલેછે પણ એટલો નહી કે દેશાવરના બજારમાં આવી સકે.

મેનાની ખાંડ—દરાક્ષ અને સેરડીમાંથી નીકલતી ખાંડથી એક જુદીજ જાતની ખાડ મેના નામના ઝાડના રસમાથી નીકલી શકેછે. એ ખાડ મીઠાસમાં કમછે અને ખમીર સાથે મેલવયાથી ઉભાતી નથી. મેના ઝાડ યુરપના સીસીલી ટાપુમા ઉગેછે. કેલેબરીયામાં પણ તે મલી આવેછે. મેનાનું ઝાડ ઉંચાઈનાં ૨ થીતે ૨૫ ફીટ હોયછે જુલાઈ અને ઓગસટમાં જારે પાંદડાં ફુટતાં બધ પડેછે તારે તેમાં ઘાટા કરી રસ કાહાડવામાં આવેછે. એ ખાંડ તાજી હોયછે તાહારે સવાદદાર તેમજ પુશટીકારક હોયછે, પણ તે જુની થતી જાયછે તેમ તેનામાં જુલાબ લાવવાની ખાશીએત આવેછે, એ ગુણને માટે તે દવામાં વપરાયછે વલી લીકોરીસ નામના એક પાલાના મુલયામાંથી નીકલતી ખાંડ પાસાદાર બનતી નથી તેમજ ખમીર સાથે ઉભરાતી નથી. ઠાંસાની ઉપર જે વેચાતી જેઠીમધની લાકડી આપવામાં આવેછે તે આલીકોરીસનાં રસની બનાવેલી હોયછે.

દુધની ખાંડ—દુધની અંદર પણ એક જાતની ખાંડછે. છાંસને જો ઘણો વાર ઉકાલી પછી થંડો પાડયો હોયતો નીચે ઠેરવેલી પાસાદાર ખાંડ મલી આવશે. એ ખાંડ ઘણી ચીપટ અને સેરડીની ખાંડ કરતાં ઓછી મીઠાસ વાલી હોયછે. સવીટરજરલાંડમાં એ ખાંડ બનાવવામાં આવેછે પણ તેનો ખપ ઘણોજ જુજછે.

---

## એક પાદશાહાનો ભયંકાર ચીતાર.

દાનેશમંદ બાઈઓ ! નીચે ટાંકેલો એક પાદશાહની જીંદગીનો ટુંક હેવાલ વાંચજો, પણ વાંચીને દરીઆફત કરજો કે કેઇ પેરનો ધડો તે તહમને શીખાડેછે. દુનયામાં સુખ તે શી ચીજમાંછે તે શોધી કાહડજો, કારણ તહમને માલમ પડશે કે ધંન દોલત અને માલ ખજાંનામાં સુખ સમાવયું નથી.

ઈસપેનનો પાદશાહ ૬ દો ચારલશ સરવથી કમબખત પુરૂશ હનો, જનમથી તેના તન અને મન ઊપર સરાપ ઊતરેલો હનો, ઘણી મેહેનતથી તેની જીંદગીની ચીંગાડીમાંથી બલતું પાડવામાં આવયું હતું. દસ વરસનો થયો તયાંહસુધી ઓરતોના ખોલામાં તે બેસતો હનો અને તેના દીવાસલી સરખા પગ તેના બદનના બોજા તલે વલી જતા હતા. રસતે રખડતા ભીખારીના ચીઠડયા છોકરાઓ કરતાં આ ૨· કરોડ વસતીના હાકમમાં વધુ કેલવણી ન હતી. તેના રાજની તવારીખ અને તેની હકુમત તલેના દેશોની તેને બીલકુલ ખબર ન હતી. અમેરીકાની સોધ તે કોણે કીધી અને ઈંગરેજોનો ધરમ તે શું તેથી આ પાદશાહ બીનખબર હનો. ઈઆવધીને આતશની ચેહમાં બલતો જોઈ અને લોહીમાં ગરક થયલાં પરાંણીઓને જોઇ તે મોજ મેલવનો હનો. બે સાહજાદીઓને તે પરણયો પણ તેની પછી ઈસપેનની ગાદીનો વારેસ જોવાને લોકોએ આશા રાખી નહી. જેમ તે ઊમરે વધતો ગયો તેમ તેના દીલમાં ઊદાસી ઊતપન થતી ગઈ. ઈઆવધીનું રૂદન અને ગોધાઓના મરતા પોકાર તેને જેહેર જેવા લાગવા લાગા. કેટલીક વખતે ઓરડાઓમાંજ ભરાઈ રેહનો, કેટલીક વખતે સુરજ ઊગે તેથી તે અસત પામે તયાંહશુધી જંગલોમાંજ ભટકતો. ઘડીમાં ભુખો રહે, ઘડીમાં બંદગી કરે અને બદન ઊપર અજાબ ગુજારે હેવી હાલતમાં રેહતાં તેની પાચનશકતીમાં બીગાડ થયો, તેના સાંધેસાંધા દુખવા લાગા અને મોહોત હમણાં પોંચશે એમ તેના રોગી મનને

ડેર લાગવાનું શીરૂ થયું ને વલી ભુત અને ડાકણના વીચારો લઈ બેઠો તેઓ તેને ભસવા આવેછે એમ તે બીહવા લાગયો એથી પોતાના બીછોણા આગલ તે સાધુઓને મંતર પઢવા આખી રાત બેસાડતો હતો. દાહાડે દાહાડે તેના ખેયાલ વધતા ગયા અને તે શીઘ કરીને જાંણવા લાગો કે તેનામાં સેતાંન ભરાઓછે અને સઘલા ભુતો તેની આસપાસ ભમેછે. જાદુ મંતરનો ઢોંગ કરવામાં આવયો અને માંણસનાં ભેજાં અને ગુરદામાંથી અઊશડ બનાવયુંછે હેવું સમજાવી તેને ચાકોલેટમાં કોઈ જીણસ પાવામાં આવી. દીનપરદીન ચારલશનું મન કુરબલ થતું ગયું અને અંતે ખરાં દેવાનીયતપણાએ તેને પોતાના તાબામાં લીધો.

ખાઈઓ કેવો ભયંકર ઊપલો ચીતારછે. સુંનાના તખત ઊપર હીરા માંણેકનું તાજ પેહેરી બેઠેલો તરણ કરોડ માંણસોનો હાકમ ચારલશ સુખી કે કંગાલ જુહુપડીમાં સારો દીવસ કોસડો મારી પેદા કીધેલું બે બદાંમનું મીઠું ભોજન જમતો બેગાડી ?

## પરચુટણ.

**એક ગુણગારી કેહેવત**—ઈસપાનીયરડોમાં એક કેહેવતછે કે "જેની દોલત જાય તેનું ઘણું જાય. જેનો દોસત જાય તેનું તેથી વધારે જાય, પણ જેની હીમત જાય તેનું સઘલું જાય માટે દીલને ચીંતાતુર કરવું નહી."

**તનદરોસતીનો તાબેદાર**—ટશકનીના ડીયુક બીજો ફરડીનાનદ પોતાની તનદરોસતીની હદથી જાદે દરકાર કરતો હતો. તેના ઓરડામાં બે મોટાં "ઠરમામીટર" ઈયાને હવાની ગરમી દેખાડવાના યંતરો રાખતો હતો. જેમ તે યંતરોમાં ફેરફાર થાય તેમ તે પોતાને માંથે વધુ ઓછી ગરમ ટોપીઓ પેહેરતો હતો. જાદુગર પઈશો હાથમાંથી ગેપ કરે તેમ એક પછી એક ટોપી માથાં ઉપરથી ફેરવવાને ફરડીનાનડને હાથે ચાલાકી આવી હતી. હાવો વેહેમ તેણે પોતાના મરણ સુધી છોડયો નહી, તે ૧૬૭૦ માં મરણ પાંમયો હતો.

**ઓરતની ખુબસુરતી**—એક ગરંથકાર લખેછે કે ઓરતની ખુબસુરતીની બરાબર તારીફ લખવી હોયતો વરસાદની કમાનનાં રંગમાં કલમ બોરી પતંગીઆનાં પાંખના બનાવેલાં કાગજ ઉપર લખવું.

**એક વેહેમ**—એક અમીરજાદીએ એક વેલા ડાકટર હેમીલટનને તેડું મોકલયું કે મારો માનીતો વાંદરો કાયલી પડયોછે, તેને આવી ઓશડ આપવું. વઈદરાજ તેડાંને માન આપી આવયા અને તરણ જણને ઓરડામાં જોયાં. અમીરજાદી પોતે, તેણીનો દસ વરસનો એક છોકરો જે પચરંગી પોશાકથી ઘણો એનીયલ દીસતો હતો અને કાયલી પડેલો વાંદર, ડાકટરે આ દેખાવ જોઈ થંડે પેટે અમીરજાદીને પુછયું કે "બાઈ તમારો વાંદર તે કયો ?"

**ટુંકી લીટી**—નીતી અને લુમીતી એ બેહુ વીદયામાં સીધી લીટી એ સરવેથી ટુંકીછે.

**વશીયતનાંમાંમાં ખાલી જગા**—એક ઘુઠા ખેડુતે એક વકીલને તાંહાં જઈ પોતાનું વશીએતનાંમું ઘડાવયું. વકીલે પુછયું જે ભાઈ તાહારી ઓરતનું નામ શું ? ખેડુતે જવાબ દીધો જે ભાઈ માહારી આયડીનું નામ હું જાણતો નથી. એકે હું ચાલીસ વરસ થયાં પરણયોછું. હું હમેશ તેને માહારી બુઠી કહી હાંક મારૂછું. વકીલે એ ઉપરથી તેના વશીએતનામામાં ખાલી જગા રાખી અને ખેડુતને કહું જે જયાહરે તારી બુઠીનું નામ તહને જડે તયાહરે તે આ જગામાં લખજે.

**કોરટે ચહડવાનો ખપ જોગો શામન**—જે કોરટે ચહડે તેને નવ ચીજની અગતછે. પેહેલું પુશકલ પઈસા. બીજું પુશકલ ધીરજ. તરીજો ખરો દાવો. ચોથો સારો વકીલ. પાંચમો સારો બારીસટર. છઠી સારી સાક્ષી. સાતમી સારી જુરી. આઠમો સારો નયાયધીસ અને નવમો સારૂં નશીબ.

**જુની પીડાનો નીકાલ**—જે જુનો દોસત ઘણી પીડા થઈ પડે તેને ખેરવવાનો રસતો એકે જો તે ગરીબ હોયતો તેને થોડું નાણું ધીરવું; અને તવંગર હોયતો તેની પાસે નાંણું માંગવું; બેહુ રસતા સસતાછે.

## રમુજે ફુરસત.

૧ લું.—વનસપતી સઉ વીચાર કરે.
રહીસું સુરદાલ જો નહીંજ પડે.
સાદતો આવેછ નાની મોરવીનો,
દમાંમ દેખાયછ આકાશથી ઘોડાનો.
વીજેરૂંબી થાયછ કાંઈ અતી ઘણું,
જહપક દીપેછે બહુ ઝલકાટપણું.
લીલાં કનયન થાય હાળ અને પાંખડાં,
વા વાઝરડું થઈ ખેરવે ફુલ ને ઝાંખરાં.
ડરાંમના દેખાવ સાથે, ગગડાટ.
વાંબેથી આવેછ દોડતાં ફેરફાર.
(આઈસાચે.)

૨ જું—તરણ તરણ અક્ષરના એવા છ બોલો સોધી કાહાડો કે જેના પેહેલા અક્ષર ઉભાને ઉભા વાંચી જઈએતો મુંબઈમાં પરગટ થતું એક ચોપાંનીઆંનું નામ વંચાય અને

બીગાડ થાયછે કે સો રતલ રસમાંથી ૬ રતલ ખાંડ નીકલે છે જાવા અને ક્યુબામાં વધારે રસ હથીઆરોથી ખાંડ બનાવેછે જેથી બાર રતલ ખાંડ નીકલી શકેછે. થોડાં વરસની વાત ઉપર ઈસતોલ નાર્મના એક શખસે ગણતરી કરી હતી કે તે વખતે આખી પરૂથવીમાં ૪૫૨૭૦૦૦૦૦૦) રતલ ખાંડ બની હતી.

દરાખ્સની ખાડ કરતાં સેરડીની ખાંડમાં વધારે મીઠાસછે. વલી પાણીમાં સેરડીની ખાંડ જલદીથી પીગળી સકેછે. ૧) રતલ થંડુ પાણી ૩) રતલ સેરડીની, ખાંડ, પણ ૧) રતલ દરાખસની ખાંડને પીગલાવી સકેછે. વલી સેરડીની ખાડના જલદીથી પાસાદાર દાણા બનેછે જે સાકરને નામે ઓલખાયછે અને તે જલદીથી ખટાસ મારતી નથી.

**બીટની ખાંડ**—બીટરૂટ યાને બીટના ઝાડના મુલ્યાં એવે નામની એક તરકારી આવેછે. જે ઈંગલંડમાં પુશકલ મલી શકેછે તે આપણી સલગમની તરકારીને ઘણું કરી મલતી આવેછે, તેને એક જાતનો મીઠો કંદ કહીએતો ચાલે તેનો ઘણો સોભીતો રાતો રંગ હોયછે. એ પાલામાં થી પણ ખાડ નીકલી શકેછે, તેના વજનનો દસમો ભાગ ખાંડથી બનેલોછે હેવું રસાયણીઓ કહેછે, એ પાલાને દાબીને તેના રસમાથી ખાંડ કાહાડવામાં આવેછે. પેહેલે એ ખાંડ ઘણી બેસવાદ લાગેછે પણ જારે સવચ્છ કરેછે તારે સેરડીની ખાંડમાથી તે ઓલખાઇ સકાતી નથી. ફરાંસ, બેલજીયમ, જરમની અને રસીયામાં એ જાતની ખાંડ પુશકલ બનાવવામાં આવેછે. પરૂથવીમાં ખપની ખાંડના સેંકડે ૭ ટકા બીટરૂટમાંથી કાહાડયામાં આવેછે હેવી ગણતરી થઇછે.

**તાડીની ખાંડ**—વલી ખજુરીની તાડીમાંથી ખાંડ નીકલી શકેછે. બંગાલની અંદર તે "જાગરી" ને નામે ઓલખાયછે. બંગાલમા એ ખાંડનો ઘણો ખપછે વલી તડબુજ અને નાલીએરમાંથી પણ ખાડ નીકલી સકેછે, પણ એ જીણસનો વેપાર ચાલતો નથી મકાઇના લીલા દીરામાંથી એક જાતનો મીઠો રસ નીકલેછે તેમાથી પણ ખાંડ કાહાડી સકાયછે. એ ખાડ સેરડીની ખાડના જેવીજછે. અમેરીકાના યુનાઇટેડ ઇસટેટમાં તેનો રોજગાર ચાલેછે પણ એટલો નહી કે દેશાવરના બજારમા આવી સકે.

**મેનાની ખાંડ**—દરાક્ષ અને સેરડીમાંથી નીકલતી ખાંડથી એક જુદીજ જાતની ખાંડ મેના નામના ઝાડના રસમાથી નીકલી શકેછે. એ ખાડ મીઠાસમાં કમછે અને ખમીર સાથે મેલવયાથી ઉભાતી નથી. મેના ઝાડ યુરપના સીસીલી ટાપુમાં ઉગેછે. કેલેબરીયામા પણ તે મલી આવેછે. મેનાનું ઝાડ ઉંચાઇમાં ૨ થીતે ૨૫ ફીટ હોયછે જુલાઈ અને ઓગસટમાં જારે પાંદડાં ફુટરાં બંધ પડેછે તારે તેમાં ઘાટા કરી રસ કાહાડવામા આવેછે. એ ખાંડ તાજી હોયછે તાહારે સવાદદાર તેમજ પુશટીકારક હોયછે, પણ તે જુની થતી જાયછે તેમ તેનામાં જુલાબ લાવવાની ખાશીએત આવેછે, એ ગુણને મારે તે દવામા વપડાયછે વલી લીકોરીસ નામના એક પાલાના મુલયામાથી નીકલતી ખાંડ પાસાદાર બનતી નથી તેમજ ખમીર સાથે ઉભરાતી નથી. ઠાંસાની ઉપર જે વેલાતી જેઠીમધની લાકડી આપવામાં આવેછે તે આલીકોરીસનાં રસની બનાવેલી હોયછે.

**દુધની ખાંડ**—દુધની અંદર પણ એક જાતની ખાંડછે. છાંસને જો ઘણો વાર ઉકાલી પછી થંડો પાડવો હોયતો નીચે ઠેરવેલી પાસાદાર ખાંડ મલી આવશે. એ ખાંડ ઘણી ચીપર અને સેરડીની ખાડ કરતાં ઓછી મીઠાસવાલી હોયછે. સવીટઝરલાંડમાં એ ખાંડ બનાવવામા આવેછે પણ તેનો ખપ ઘણોજ જુજછે.

## એક પાદશાહાનો ભયંકાર ચીતાર.

દાનેશમંદ બાઈઓ ! નીચે ટાંકેલો એક પાદશાહની જીંદગીનો ટુંક હેવાલ વાંચજો, પણ વાંચીને દરી આફત કરજો કે કેઇ પેરનો ધડો તે તહમને શીખાડેછે. દુનયામાં સુખ તે શી ચીજમાંછે તે શોધી કાહડજો, કારણ તહમને માલમ પડશે કે ધંન દોલત અને માલ ખજાંનામાં સુખ સમાવયું નથી.

ઈસપેનનો પાદશાહ ૬ ઠો ચારલશ સરવથી કમબખત પુરૂશ હતો, જનમથી તેના તન અને મન ઊપર સરાપ ઊતરેલો હતો, ઘણી મેહેનતથી તેની જીંદગીની ચીગાડીમાંથી બલવું પાડવામાં આવયું હતું. દસ વરસનો થયો તયાંહસુધી ઓરતોના ખોલામાં તે બેસતો હતો અને તેના દીવાસલી સરખા પગ તેના બદનના બોજા તલે વલી જતા હતા. રસતે રખડતા ભીખારીના ચીઠડયા છોકરાઓ કરતાં આ ૩ કરોડ વસતીના હાકમમાં વધુ કેલવણી ન હતી. તેના રાજની તવારીખ અને તેની હકુમત તલેના દેશોની તેને બીલકુલ ખબર ન હતી. અમેરીકાની સોધ તે કોણે કીધી અને ઇંગરેજોનો ધરમ તે શું તેથી આ પાદશાહ બીનખબર હતો. ઈઆવધીને આતસની ચેહમા બલતો જોઈ અને લોહીમાં ગરક થયલાં પરાંણીઓને જોઇ તે મોજ મેલવતો હતો. બે સાહજાદીઓને તે પરણયો પણ તેની પછી ઈસપેનની ગાડીનો વારેશ જોવાને લોકોએ આશા રાખી નહી. જેમ તે ઊમરે વધતો ગયો તેમ તેના દીલમાં ઊદાસી ઊતપન થતી ગઈ. ઈઆવધીનું રૂદન અને ગોધાઓના મરતા પોકાર તેને જેહર જેવા લાગવા લાગા. કેટલીક વખતે ઓરડાઓમાંજ ભરાઈ રેહેતો, કેટલીક વખતે સુરજ ઊગે તેથી તે અસત પામે તયાંહસુધી જંગલોમાંજ ભટકતો. ઘડીમાં ભુખો રહે, ઘડીમાં બંદગી કરે અને બદન ઊપર અજાબ ગુજારે હેવી હાલતમાં રેહેતાં તેની પાચનશકતીમાં બીગાડ થયો, તેના સાંધેસાંધા દુખવા લાગા અને મોહોત હમણાં પોંચશે એમ તેના રોગી મનને

# સ્ત્રીબોધ.

પુસતક ૧૩ મું. જુલાઈ ૧૮૮૯ આંક ૭ મો.

## કંજુસના કરમની કાહાણી.

### નાટક પાત્ર.

| | |
|---|---|
| બીદાર ................ | એક મોટો કંજુસ |
| મેહેરનોશ ................ | ઉપલાનો બેટો. |
| કામગાર ................ | બીદારનો મેહેતો |
| કમરેવજ ................ | મેહેરનોશનો ચાકર. |
| તેહેમુર ................ | એક દલાલ. |
| મ્રાગ ................ | ઘર સામન વેચનાર |
| હોમાન ................ | એક જહવેરી |
| બાબક ................ | રેસમવાલો |
| બોશરૂ ................ | એક દરજી. |
| ગજદુમ ................ | એક વકીલ |
| પારસા ................ | બીદારની છોકરી |
| ચેહેરબાનું ................ | એક વીધવા ઓરત |
| ફરંગીજ ................ | ઉપલીની છોકરી. |
| શેહેરનવાજ ................ | પારસાની ચાકરડી. |
| તેહેમીના ................ | ફરંગીજની ચાકરડી. |

ચાકરો ઈતીયાદી.

### પ્રકરણ ૩ જું.

#### દેખાવ ૧ લો—પારસા, મેહેરનોસ, કામગાર.

મેહેરનોસ—સાહેબ, મારી બેનને તમે ખરાં જીગરથી ચાહોછો તેની ખાતરી, હું ધારૂંછું કે, તમે આપીછે; અને તમારા જેવા સારા માણસની એવી ભલાઈ છતાં જાણે હું તમારો દુશમન હોઉં એવી તમારી ધારણા જોઈ હું ખરેખર દલગીરછું.

કામગાર—મારી કમબખતીના વખતમાં તમારા આ બોલો ઉપકાર ભરેલાછે, જે પાછો વાલવાની મને થોડીજ આસાછે.

મેહેરનોસ—સાહેબ, તમારા દરેક બોલ ભોલી રીતે દેખાડી આપેછે કે, હજી તમારા મનમાનો ઓછો વીચાર બદલાયો નથી, પણ હું તમોને ખરાં દીલથી કેહુંછું કે હું તમારો એક મીતરછું, અને તમોએ તેમજ મને ગણવો.

પારસા—બસ, બસ, મેહેરબાની કરીને તમારી એ વાત હાલ બંધ કરો, મારા બાપનો ઠોંસવાનો સાદ આવેછે, અને તેઓ આણીગમ આવતા માલમ પડેછે.

#### દેખાવ ૨ જો—બીદાર, મેહેરનોસ, કામગાર, પારસા.

બીદાર—ઠીક ! ઠીક ! આતો જેવું મને જોઈતું હતું તેવુંજછે. છોકરાંઓ, આ એવણ ઘણા ડાહાપણવાલા માણસછે; અને આ નાદાનની અંદર બાપ મરે બજણાની મોલીએ નાંણાં કહડાવવાનીજ ફકત અકલછે, તેના કરતાં બીજી ઘણી સારી અકલ એને આપશે, અને જો તું, દીકરી, એનુ કહેલું સાંભલશે તો તુને પણ ઘણી સારી સલાહ આપશે.

મેહેરનોસ—સાહેબ, જીઆંવેર તમો હમારે માથે સલાંમતછો, તીઆંવેર કોઈની સીખામણની હમુને અગત નથી.

બીદાર—પારસા, અહી આવ. તું જાણેછે કે, આપણા પડોસી અને મીતર કાઉસને આજે રાતે આપણા ઘરમાં જમવા બોલાવીઓછે. અને તેથી હું ધારૂંછું કે આજે આપણે એક કાંમમાં બે કરી લઈએ. અંજે સાથેલાગાં ફરંગીજ અને તેની માએને પણ બોલાવીએ, કે બીજી વખત તેમને વાસતે જુદો ખરચ નહી કરવો પડે. આજે આપણે એક જનને વાસતે ખાવાનું કરાવશું, તેમાં બીજાં બે જણતો સેહેલાઈથી સમાઈ જશે; અને ધરાઈને ઉઠશે !

પારસા—ને જો ભુખાં રહેઆંતો તેઓ કેહેવાનાંછે કે, હમે ભુખાં રહેઆં ?

બીદાર—એમ થાયતો તેમાં તેઓનેજ ફાયદો ! ભાણા પરથી જરા ભુખું ઉઠવું એ જેવું તંદોરસતીને સુખાકારી આપનારૂં બીજું કાંઈ નથી ! વાસતે, પારસા, તું જા, ને તેઓને તેડું કરી આવ. પાછી તેઓનીજ ગાડીમાં તું આવજે, કે ભાડાંના પઈસા બચે !

પારસા—હાજી. હું તમારા હોકમને તાબેછું. આ હું ચાલી.

બીદાર—હવે ડાહી છોકરી ! મેહેરનોશ, હું તુને કેહુંછું, કે જો, ખાનાની વખતે સારી રીતે ચાલજે.

મેહેરનોશ—સાહેબ, મારીપર એટલો બધો શક શાનો રાખોછ ?

બીદાર—તું તે માએ દીકરીઓની તરફ કેવી નજરથી જોએછે તે વાત હું જાણુંછું; વાસતે તારી છેલી માહી ચાલ

ની જો તું મારી માંફી ચાહાતો હોયતો, આજે ખાનાંપર તેઓની સાથે ઘણી નમનતાઈથી અને હેત પરીતથી ચાલજે.

મેહેરનોશ—સાહેબ, તેઓને જોઈને હું ઘણો ખુશી થઈ જવાનો નથી, પણ તેઓ સાથ સારી રીતે ચાલસ, એ ટલી કબુલાત હું તમુને આપુંછું.

### દેખાવ ૩ જો—બીદાર, કામગાર, જોરાબ.

જોરાબ—સાહેબ, તમે મને બોલાવા મોકલીઓ હતો?

બીદાર—મેં તુને એક કલાક થયો બોલાવા મોકલીઓ હતો, તું તીઆરનો કાંહાં હતો?

જોરાબ—પણ સાહેબ, તમે કોણને બોલાવા મોકલીઓ હતો? તમારા ઘોડાવાલાને કે તમારા બબરચીને, કારણ કે તે બેઉમાં હું એકજણું!

બીદાર—મને હાલ બબરચીનું કામછે.

જોરાબ—હા સાહેબ, હું જાણુંછું કે હાલ તમોને ઘોડાવાલાનું કામ પડેજ નહીં, કારણ કે તમારાં બંને ઘોડાં ભુખમરાથી એવાં માંદી મરઘી જેવા થઇ ગયાછે, કે તે મને ગાડીમાં જોડી શકાયજ નહીં. તેથી સાહેબ, હાલ બબરચી તરીકે તમારે હોકમને તાબે તઇઆરછું.

બીદાર—તારે સાંભલ, આજે મેં ઘરમા ખાનું કરાવીઉંછે.

જોરાબ—ખાનું સાહેબ! વલી આજે એ શું તમોને સુઝ પડીઉં! રહી રહીને વરસેક દાહાડે આજે ખાનું કરાવાની કાંહાંથી ઇચ્છાદ આવી!

બીદાર—ચાલ, ચાલ, લુચા; તારી એવી ટક ટક છોડી દે, ને હું કેહુંય તેમ કર. ખાનું ઘણું સારૂં કરજે.

જોરાબ—ખાનું સાહેબ તમે કેહો તેવું કરૂં, પણ પઇસા ઘણા જોઈશે તે?

બીદાર—કેવા સેહેતાનીઅત ભરેલા તમે માણસ છેઓ. પઇસા અને પઇસા! જાહારે જોઇએ તાહારે પઇસા? જેને જોઇએ તેને પઇસા! મારા ચાકરોને પઇસા! દીકરા દીકરીને પઇસા, સગાવાહલાને પઇસા, ને બધાંનેજ પઇસા! બીજી વાત મલેજ નહીં!

કામદાર—પણ એ! સારૂં ખાનું ઘણા પઇસાથી થાય કે સારૂં પકાવવાથી થાય?

જોરાબ—તમે કેહોછો તે સાહેબ ખરૂંછે, પણ તપીલીનાં તવીઆંમાં ગમે એવું સારૂં રાંધીને કેટલા જણને ખવાડીએ? પેહેલાં પુછોની સાહેબ, માણસ કેટલાં થશે?

બીદાર—અલબતે બધાં મલીને દશ બાર થશે, પણ ખાનુંતો ફકત આઠ જણને ચાલે એટલુંજ પકાવવાનું. કારણ કે તેટલું ખાનું દશ બાર જણને બોશીઆર થઈ પડશે, અને વલી તેમાંથી વધશે!

જોરાબ—વારૂં સાહેબ ઠીકછે, આઠ જનને ચાલે એટલું તઇઆર કરૂં, પછે તમોને ગમેતો આઠસો જનને લાવીને બેસાડો, તેમાં મારા બાપનું શું જાએય; પણ વાની શું શું કરૂં? ગોરખરના કવાબ કરૂં?

બીદાર—અરે ઓ બેવકુફ! શું પાદશાહાનો વજીર બજીરે જમવા આવવાનોછે કે, એવા મોટા બોલ બોલેય તે.

જોરાબ—તારે સાહેબ સાથે ઉંચા પલાવને પુરીઆં ની કરૂં?

બીદાર—અરે નખોદ ગેલા! શું પલાવ ખવારીને મારી બોલ ઉતારવા માગેછે કે?

જોરાબ—તાહારે સાહેબ શું કરૂં? તેની સાથે મોરગ રોશ કરૂં, ને ઘણી લેજતદાર બોટી કરૂં?

બીદાર—અરે ચપરે તારૂં ખાનું ખરાબ થાય! તું શું મને બીખારી બીખારી કરવા બેઠોય કે? અરે ઓ બુબખ! તું કંઇ સમજેછે કે, એવી એવી વાનીઓ કરતાં મારા જેમ તેમ જાલવેલા પઇસા કેટલા ખરચાઈ જશે તે? જા હેમક, જા? જે રોજ ઘરમાં ખાઇએછે તેવુંજ કરીને મેલ, પણ ઘણું સવાદદાર પકાવ, પણ ઘી ઘણું ના નાખતો, ને મશાલો બધો ના વાપરી નાખતો!

જોરાબ—લેઓ! ઘણુ સવાદદારમી કર, ને—

કામગાર—એ, એ, બેવકુફ, તું શું બકેય? શું તું કઇ શેઠને તાંહાં જમવા આવેલા માણસોને બેધીબેધી સમજેછે કે? એવું ઘણું ઉંચું ઉંચું ખાવામાં શું ફાયદો છે! શું માણસ થયા માટે બરેહવાર દબાવીઆજ કરવું કે? જો, બેવકુફ, કેહેવત છેકે, "જીવવાને વાસતે ખાઓ; ખાવાને વાસતે જીવો ના."

બીદાર—સાબાસ! સાબાસ! કામગાર તું મજેનું બોલીઓ; તારા બોલ ઘણાજ ડાહાપણ ભરેલા છે. મેહેરબાની કરીને એ કેહેવતને મને કાગલ પર લખી આપ, હું તેને રૂપાનાં ને સુનાંનાં પતરાં પર કોતરાવીને ઘેરમાં રાખું. "જીવવાને વાસતે ખાઓ; પણ ખાવાને વાસતે જીવો ના;" વાહ. સુ મજાની શીખામણછે! એવી શીખામણ પેહેલી કાહાડનારને મોટું ઇનામ આપવુ જોઇએ. આ બધા એવુંજ સમજતાં હોય તો આ મારા હાથી જેવા ખરચમા કેટલો ઘટાડો થાય! ને આ મારા ઉડાઉપણાનો કેટલો અટકાવ થાય?

જોરાબ—તારે સાહેબ હું રજા લેઉંછું; મને અવારૂં થાયછે, હજીતો ચુહુલો ફુંકતાં એક કલાક થશે, કારણ કે એક સીવાય બધા ચુહુલા ઠંડાગાર બની રહેલાછે!

બીદાર—જા, જા, જલદી જા, ને મજેનું જેવું ખાનું તઇઆર કર; પણ એવું કરજે, કે પઇસા ઘણા નહી ખરચાય, ને બધા મેમાનો મથત થઇને ઘેર જાય?

જોરાબ—ઠીકછે સાહેબ ઠીક, ખાનુંતો મજેનું પકાવસ ને માહે મરી મસાલો સઉ સારીપેઠે નાખશ; પણ તમારા કોઇ મેમાનનું હોજરૂ અરધું કોરકું રહી જાય, ને બીચારાને આખી રાત સુઇને પેહેરીઆં ગણવા પડે, તેની વાત હું નહી જાણું હં. [જાયછે.

### દેખાવ ૪ થો—કસરેવજ, શેહેરનવાજ—રસતામાં મલેછે.

કસરેવજ—કેમ, શેઠાણી, કંઇ પાર પડીઆં, કે મેં કહીઉં હતું તેમજ થયું? એ કમબખત કંજુસની કોથલીમાં કંઇ હાથ પેસેઓ કે, મારીજ અગમચેતી ખરી પડી?

શેહેરનવાજ—અરે, બાઈ, મેં એના જેવો માણસતો વલી મારા જનમમાં જોયેતો નહી. એની આગલ જાહારે બઈરીની વાત કરીએછે તાહારે તે ખુશી ખુશી ને મધન મધન થઈ જાયછે; પણ જેવી પઈસાની વાત કાહાડી, કે કોહેલા કુદા જેવું મોડું કરી નાખેછે, ને જીભતો જાણે તદન ખંધાઈજ જાયછે.

કસરેવજ—પણ તમે બઈરીની વાત કેહેછો તે શું વરૂં?

શેહેરનવાજ—તું જાણતો નહી કે ? તારા શેઠ જેની સાથે પરણવાને તઈઆર થયાછે, તેનીજ સથે પરણવાને તારા શેઠના બુઢા બાવાજી પણ તઈઆર થય છે!

કશરેવજ—એ શું કેહોછ ! વાહ: ! તારે તો ઠીક !

શેહેરનવાજ—ઠીક તો ખરૂંજ તો, પણ કંઈ બીજી વાત સમજેય ! ગાહેથી એક અરધીબી ખરચતા તો તેનો દમ હોલમાં આવેછે, ને વલી જુવાનને ખુબસુરત બઈરી પણ પરણવાને જોઈએછે !

કશરેવજ—પણ તેની પર ડોસાનો પીઆર છે કે ?

શેહેરનવાજ—અરે પીઆરતો એટલો બધોછે, કે જહારે તેની આગલ તેની વાત કરૂંછું તાહારે તેનાથી હસાઈ હસાઈ જાયછે, ને આંખ પલપલાવેછે, દાત કકડાવેછે, પગ હીલાવેછે, ને જાણે ઘેલો ગાંડો બની જાયછે !

કશરેવજ—પણ ફરંગીજ સમજશે કે ?

શેહેરનવાજ—અરે તું જોતો ખરો; તેને સમજાવતાં વાર કેટલો ને જહારે એવી કોઈ વીસનખી આવશે, તાહારેજ એ બુઢાની કોથલીનું મોડું પણ ઉઘડશે, ને જાહારે તેની કોથલીનું મોડું ઉઘડશે તાહારે આપણા ગજવાંબી તાજાં થશે. [જાયછે

---

## દેખાવ ૫ મો—બીદારનું ઘેર—બીદાર, મેહેરનોશ, પારસા, શેહેરબાનુ, ફરંગીજ.

બીદાર—બાઈ, જુવાન સાથ પરણવું તે કેવુંછે ? જુઓ પેલા બે છોડવા કેવા એક બીજાની શામણે ઉભાછે, પણ તેઓની વચે જડીઆને ઘાસ એટલું બધું ઉગેલુંછે, કે તેઓથી એક ડગલું પણ જરા આગલ ચલાતું નથી.

શેહેરબાનું—સાહેબ, દીકરા દીકરી જાંહાંવેર ઘરમાં હોયછે, તાહાવેર તેઓ હમેશ એવો કંટાલો આપેછે; જહારે મોટાં થઈ જુદાં પડેછે, તાહારે તેઓ એક બોલ પણ નથી બોલતાં.

બીદાર—પણ બાઈ, તમે તમારો ચસમો પેહેરોની, તેને સું કરવા ઉતારો મેલીએછે, તે તમારાં મોડાપર ઘણો શોભેય !

ફરંગીજ—ખરેખર પેલો માણસછે (પારસાને કેહેછે.)

બીદાર—ફરંગીજ શું કેહેય, પારસા ?

પારસા—સાહેબ, એઓ કેહેછે કે જહારે તમે તમારાં નાખપર ચસમો ઓલવેલો, તાહારે તમેબી બહુ શોહામણા લાગેછો.

બીદાર—હા ! એવા મેહેરબાનીભરેલા બોલોને મારે મારે કેટલો ઉપકાર માનવો જોઈએ !

ફરંગીજ—પારસા, તું ના બોલ, મને ઘણી ચીડ લાગેછે.

બીદાર—ઘણીજ મેહેરબાની, ઘણોજ ઉપકાર.

ફરંગીજ—પારસા, જો તું એમ વાત ચલાવશેતો હું અહીંથી ઉઠી જવસ.

મેહેરનોશ—નહીં, ફરંગીજ, જાહારે મારા બાવા આવા મીઠા બોલો બોલેછે, તાહારે તમારે ગુસો કરવો નહીં જોઈએ.

ફરંગીજ—સાહેબ, તમારા જેવા દીકરાએ જો એવા બાપને શીખામણ દેતા હોયતો તેઓ એવી ભેહુંદી વાતને પોતાના મનજમા લાવે નહી.

મેહેરનોશ—નહીં, ફરંગીજ તમારે તેઓને પાછા તેવાજ મેહેરબાની ભરેલા બોલો કેહેવા જોઈએ

બીદાર—હા, લુચા, હું તારી ગત સમજુછું.

મેહેરનોશ—ફરંગીજ, આ મારા બાપની આંગલીએ વીંટીછે તે જોઈ

ફરંગીજ—હા જોઈ.

મેહેરનોસ—એમા જે નંગછે તે ઘણુજ ઉંચું ને કીમતીછે. તમે જરા જોવતો ખરા. (કાહાડવા જાયછે.)

ફરંગીજ—કંઈ નહી, કંઈ નહી, મેં જોઈ, તે ઘણીજ ઉંચીછે.

મેહેરનોસ—તમે જરા હાથમાં ધરીને જોવતો ખરાં (હાથમાં મેલેછે) જોયા વગર એની ખુબી તમોને માલમ પડવાનીજ નથી.

ફરંગીજ—હા જોઈ, ઘણીજ ઉંચીછે (પાછી આપવા જાયછે )

મેહેરનોસ—(હાથ પાછો ખીસાડીને) મારા બાવાજી કેહેછે કે, એ વીંટી તમોને ભેટ કીધીછે, વાસતે તમે રાખો.

ફરંગીજ—મને ભેટ કીધી, મને ?

મેહેરનોસ—હા તમોને, તમોને ભેટ કીધીછે.

ફરગીજ—ના, હું કદી લેવાની નથી,

મેહેરનોસ—નહી, તમે રાખો

ફરગીજ—મારી આંખના સમ, જો હું રાખુંતો.

મેહેરનોસ—નહી, એમ કરશો તો મારા બાવાજી ઘણા દલગીર થશે, ને બલી જલીને કબાબ થશે !

શેહેરબાનું—લે, દીકરી, એમ નહેરાઈ નહી કરીએ, જાહારે એઓ ચાહીને આપેછે, તાહારે તે ના કેહેવી નહી જોઈએ

બીદાર—હું જાણુય આ લુચાનાં કારસતાન ! એનીજ, એનીજ શીખવણીથી એ એવી બેહોસીલી થાયછે

મેહેરનોસ—જોવ ફરંગીજ, આ મારા બાવા કેવા દલગીર થાયછે !

બીદાર—લુચા, નીકલ અહીંથી, બાહાર જા.

શેહેરબાનું—દીકરી, તારી આ ચાલથી મને શરમ લાગેછે, ને નીચું જોવું પડેછે. રાખ રાખ, એ વીંટી, જાહારે બીદારની એવીજ ખુશીછે, તાહારે તેઓને અમસથા દલગીર કરવા નહી જોઈએ.

ફરંગીજ—તારૂં માએજી, હું તમારા હોકમને તાબે છું; હાલ તરત હું રાખુંછું.

## દેખાવ ૬ ઠો—જોરાબ આવેછે.

જોરાબ—સાહેબ, કોઈ માણસ તમોને પુછેછે.

બીદાર—તેને કેહેકે હમણાં હું ઘણો કામમાંછુ; બીજી વખતે આવજે.

જોરાબ—તાહારે સાહેબ, તે સાથે નાણાં લાવીઓછે તેથી તે હાલ તરત પાછાં લઈ જાય કે.?

બીદાર—નહી, નહી, સબુર કર ! તેને કેહેકે હું આએ પલમાં આપો; તેને અંદર બોલાવ. શેહેરબાનુ, મને માફ કરજો હં: હું હમણા આઉંછું. [જાયછે

મેહેરનોશ—તમે બધાં જન પેલા ઓરડામાં આવશો ? તાંહાં જરા મોડું સમારવાતું મેં તઈઆર કરાવેલુ છે.

ફરંગીજ—મેંતો હમણાજ જરા સુકો મેવો ચાવીઓ છે, તેથી મનેતો કંઈ જરૂર નથી.

શેહેરબાનુ—ચાલો, મનેતો જરૂરછે.

પારસા—ચાલો હું તમારી સાથે આઉંછુ [જાયછે

## દેખાવ ૭ મો—મેહેરનોશ—ફરંગીજ.

ફરંગીજ—તમારી બેહેન નરી તમારા જેવીજછે હં:.

મેહેરનોશ—હા તેમછે; ને હું તેને ઘણી ચાહું છું. પણ વાહાલી ફરંગીજ, હવે તારાં મોડાંમાંથી તું અપાર સુખ ભરેલો બોલ કાહારે કાહાડશે; ને મને સદાનો સુખી કરવાની વાત તારાં ધીઆનમાં કાહારે આવશે.

ફરંગીજ—હું જાણુંછું કે જાહારે તારી સાથે કે તારી બેનની સાથે હું એકલી વાત કરવા બેસસ, તાહારે તમે બંને જન એજ વાત કહાડવાનાં; બીજું કશું કરવાનાં નહી.

મેહેરનોશ—વાહાલી ફરંગીજ, કાએ, તું આજે એટલી આકલી થઈને કાંએ વાત કરેછ ? શું તેં તારો બધો વીચાર ફેરવી નાખીઓ કે કેમ ? આખર કોઈ દદાની કે કોઈ કશરેવજની વાત તારા ધીઆનમાં ઉતરી કે ?

ફરંગીજ—મેહેરનોશ, તું શું બોલેછ ? મેં તુને કોઈ દાહાડે કશું કહીઉં નથી

મેહેરનોશ—ખરી વાતછે કે, તેં મને કોઈ દાહાડે કહીઉં નથી, મને કહેવાની પણ નથી, પણ મારી બેને તુને શું કહીઉં હતું, અને તેં તેની આગલ શું કહીઉં હતું ?

ફરંગીજ—તે હું કંઈ જાણતી નથી, મેં કંઈ કહીઉ નથી, હું મારા માએજીના હોકમની ઉપરવારી કદી થનાર નથી.

મેહેરનોશ—હું તુને નથી કેહેતો કે, તું તારાં માએજીના હોકમની ઉપરવારી થા; હું તુને એવી સલાહ કદી આપવાનો નથી, જે છોકરી મા બાપના વાજબી હોકમનો ઉપરવારી થઈ માથું ઉંચકે તે છોકરીને હું કદી સારી છોકરી કરીને કહેતો નથી. પણ તારાં માએ સમજુછે, અને તેઓને પોતાની ઉમર પરમાંણે. વીચાર રાખી આખર અકલનેજ તાબે થવું પડશે. પણ તારીજ માફક તેઓ પણ તારી મરજીની વીરૂધ ચાલવાનાં નથી, તેથી પેહેલી'તારી મરજીની અગત મોટીછે. [પારસા આવેછે

પારસા—કેમ બંને જન શું ગપસપ ચલાવોછો ! કેમ ફરંગીજ, તારૂં મોડું જરા ગુસા ભરેલું કેમ લાગેછે ? જે વેલાએ તારૂં મોડું હસતું ને સાથે દલગીરી ભરેલું જોવાની હું વકી રાખું; તે વખતે તારાં મોડાંપર ગુસો અને કઠણાઈ કેમ દેખાયછે.

ફરંગીજ—મને અહીં ખુશી થવાનુંબી કારણ નથી; અને દલગીર થવાનુંબી કારણ નથી.

પારસા—વાહાલી બેન ! તારામાં અનચીતો એ સાને ફેરફાર થઈ ગયો ? શું મારા ભાઈએ તુને કંઈ કહીને ગુસે કીધી કે ? હુંતો તુને ખાતરીથી કહુંછું કે તેણે પોતાનો વીચાર જરા બદલેઓ નથી.

ફરંગીજ—મને ખાતરીબી નથી જોઈતી, ને વીચારબી નથી જોઈતો; મને કંઈ જોઈતું નથી. તું કંઈ બીજી વાત કર નહીંતો મને અહીંથી જવા દે.

પારસા—ફરંગીજ, તારા મોડાંમાંથી આવા બોલો નીકલતા જોઈ મને ખરેખર અજાયબી ઉતપન થાયછે, મારા ભાઈના સઘલા ગુણ છતાં જો તારા મનમાં કંઈ વાત ઉતરતી નહીં હોયતો તે ખરેખર દલગીરી ભરેલુંછે.

ફરંગીજ—તારા ભાઈમાં હજાર ગુણ હોય, પણ તેની પાસે એક દોલતનો ગુણ નથી, એટલે તે સઘલા નકામા છે ! એક મરદને વાસતે તું કેહે કે, તે જવાનછે; ખુબસુરતછે; મીઠા સવભાવનોછે; ભણેલોછે; અકલવાલોછે; કલાવાલોછે; આબરૂવાલોછે; તો અલબતે એક કનીઆની છાતી, તે સાંભલી, હરખથી ઉભરાઈ જશે; પણ પછે છેલે કેહે કે તે ગરીબ છે, તો જેમ કકરામાં ઠંડા પાણીના બે છાંટા નાખતાંજ તે બેસી જાયછે, તેમ તેનો સઘલો ઉભરો બેસી જવાનો. તેમજ એક કનીઆને કેહે, કે ફલાણો મરદ બરડોછે, બેદોલછે, બેવકુફછે, તો તે સાંભલતાંજ પોતાનું મોડું કચવાવવાની, પણ છેલે કેહે કે, તે મોટો દોલતવાલોછે, તો તુરત તે હરખથી હસી પડવાની.

પારસા—ફરંગીજ, ફરંગીજ, આ બધું તુને કોણે શીખવીઉં ? તુને કોણે પોપટ બનાવી ? પણ વાહાલી સહી, પોપટ કરતાં પણ તું ઉતરતી અકલની જાલમ પડી, કારણ કે પોપટતો જે સાંભલેછે તે ફકત બોલીજ જાણેછે, પણ પોતાનાં મનમાં ઠસાવતો નથી; પણ તેંતો બોલવા સાથે તારાં દીલમાં પણ ઠસાવી દીધીછે !

ફરંગીજ—વારૂ બાઈ, આ તમારા બોલોને માટે હું તમારો ઉપકાર માનુછું. તમે મને એક જાનવર કરતાં પણ કમઅકલ ગણી એ તમે મને મોટું માન આપીઉં (રડી પડેછે)

પારસા—મેં તુને જે મને વાજબી લાગ્યું તે કહીઉં છે, પછે તું તારે ગમે તે વીચાર કર.

શેહેરબાનુ ને બીદાર આવેછે.

શેહેરબાનુ—કાંય દીકરી, શું કીધું ? તારી આંખમાં આંશુ શાનાં આવીઆં ? હું ધારૂંછું કે આ બંને જને તુને કંઈ ફકરાવી હશે.

બીદાર—હા, હા, હું ધારૂંછું શું ! એઓએજ એને કુડાવી; એઓને ઘણીજ અદેખાઈછે; કંઈબી સારૂં થતું

એ બંનેની આંખે જોવાઈ શકાતું નથી. જા, લુચા નીકલ મારી આગલથી; તું મોઢું કજીઆનું કાલબુદછે; જા, તારૂં મોઢું કાલું કર, ને ફરીથી મારી આગલ ના આવતો. પારસા, તુંબી બગરી ગઇ; તુંબી જા મારી આગલથી.

[જતાં રેહેછે.

બીદાર—હું તમારી બંનેની પાસે માફ માગુંછું. એ ઘણાંજ ખરાબ દુખતાંછે. આજનો વખતજ એવો આવીઓછે કે, દીકરા દીકરી માબાપને શીખામણ દેવા નીકલે! પણ એમ નહીં જાણતાં કે ઘરડાંઓની આગલ તેઓનું શું ચાલવાનુંછે! જો ઉતાવલેથી આપણાં લગન થઈ જાય, તો પછે એઓથી એક બોલ પણ બોલાવાનો નથી; અને જો જરા ચવરીઆં તો પછે આ સામબો રસતો બતાવી દેશું.

શાહેરભાનું—ફરંગીજ, તુંને સમજાવાને મેં કશું બાકી રાખીઉં નથી, ને શેહેરનવાજના બોલો તો તેં હઇઆમાં કોતરી રાખવોને કહીઉંછે; તાહારે હવે હમણા હા કહી દેતો બધું ઠીક થઇ જાય.

ફરંગીજ—માએજી, હું તમારા હોકમને તાબેછું.

બીદાર—હા! હા! શેહેરબાનું બાઇ, આ વખતે જે મને ખુશી ઉપજીય તેનું બયાંન મારોથી કદી થવાનું નથી. હા, બઇરીતો મલી, પણ સાથે મોટી દોલતબી મલી; હા! દોલત! દોલત! ને વલી આ જુવાન છોડ જેવી છોકરી! હું કેવો ભાયગસાલીછું! ઘણીજ, ઘણીજ વાહાલી ફરંગીજ, ચાલ આપણે જરા બાગમાં ફરીએ, પછે જમવાનો વખત થશે.

[જાયછે

---

## સ્ત્રીઓની ખુબશુરત થવાની કોશેશ.

### યુરોપીઅન સ્ત્રીઓનાં ફાંફાં.

દરેક સ્ત્રીએ ખુબશુરત થવાની અને ખુબશુરત દેખાવાની કોશેશ કરવી જોઈએ એ વાતતો ખરીછે. સ્ત્રીઓ ખુબશુરત દેખાવાને તરેહવાર જાતના સીનગાર કરેછે; પણ જો તેમ કરતાં પોતાની જાતી ખુબશુરતીને સમારવાને ભુલી જાયતો તેવો સઘલો સીનગાર લગભગ નકમો થઇ પડેછે. એ બાબતની અગત યુરોપખંડની સ્ત્રીઓ જેટલી સમજેછે તેટલી હાલ આપણી દેશી સ્ત્રીઓ સમજતી નથી. દેશી સ્ત્રીઓ પોતાનાં, તેમજ પોતાની દીકરીઓનાં રૂપ સુધારવાને કોઇ રીતની ઇનતેજારી ધરાવતી અથવા કોશેશ કરતી આપણા જોવામાં આવતીઓ નથી. એમ એ બાબતમાં બેપરવાહ રેહેવાનાં મુખીઅ બે કારણો છે: એક એકે, તેઓ એમજ જાણેછે કે, રૂપ તો જે ખોદાએ આપીઊં તેજ રેહેવાનું, અને તેને માટે હજાર કોશેશ કરોએ તોપણ તે બદલાવાનું નહી. એ વાત ખરીછે. કાલી ચામડીને કોઇબી ઊપાયથી ગોરી કરી શકાતી નથી, અને ગોરી ચામડીને કોઇ રીતે કાલી કરાતી નથી; અને હમો તેમ કેહેતાબી નથી. પણ એટલું બની શકેછે, કે ગમે એવા વરણની ચામડીને સુધારી સફાઇદાર કરી શકાયછે; અને તેથી રૂપમાં કેટલોક ફેરફાર જણાયછે. જો કે ચામડીનો અસલ રંગ બદલાતો નથી, તોપણ અતીશ સફાઇને લીધે મોહોડું સોહામણું લાગેછે. એ સફાઇ લાવવાનો સેહેલો ને સુતરો ઊપાય એજછે, કે ચામડીને સાબુ અથવા એવીજ બીજી મેલ કાપનારી વસતુઓથી ચોલી પાણીથી બરોબર સાફ કરવી. મોહું હાથ વગેરે ભાગો, જે આખો દીવસ ખુલા રહેછે, અને તેથી થોડા વારમાં મરોડાંથી, પસીનાથી, તડકાંથી અથવા એવાંજ બીજાં કારણોથી મેલા થઈ જાયછે, તેમને એક કરતાં વધારે વાર એવી રીતે સાફ કરવા અને બરોબર નુછવા. આટલી સેહેલી વાત ઊપર બરોબર ધીઆન આપવાથી, અને પોશાક ગમે એવો ઊંચી જાતનો કે હલકી જાતનો હોય પણ તે બરોબર કરવાથી હરેક સ્ત્રી જેટલી ખુબસુરત દેખાઇ શકે એટલી દેખાતી થાયછે.

ખુબસુરત દેખાવાની બાબતમાં ઘણી ખરી દેશી સ્ત્રીઓ જેમ આવા સેહેલા અને સુતરા ઊપાયોથી હજી કેટલીક પાછલ રહેલીઓછે, તેમ યુરોપીઅન સ્ત્રીઓ તેમાં એટલી આગલ વધીઓછે કે, તેની જેટલી હદ જોઈએ તેનાં કરતાં ચાર ગણી આગલ ચાલી ગઇઓછે. તેઓએ આજ કેટલાંક વરસ થયાં છેક અતેરૂં કરવા માડીઊછે, અને સમજુઓની ઠઠા મશકરી અને કોપમાં આવી પડીઓછે. યુરોપીઅન સ્ત્રીઓ પોતાની ચામડીને સુધારીને, તરેહવાર જાતના પોશાકો કરીને અને નવા નવા ચાલો કાહાડીને ખુબસુરત દેખાવાને જે કોશેશો કરેછે તેમાં તેઓની મોટી ખાંમી એજછે, કે તેઓ સદા છેક હદની બાહર જાયછે, અને તેથી કુદરતના નીયમ પરમાણે તેમાંથી જે ફાયદા પોતે મેલવવાની તથા બીજાઓને કરવાની જે આસા રાખી હોયછે, તે નીશફલ જાયછે, અને શામણા ઘણાક ગેરફાયદાઓ જનમ પામે છે. જેમકે, તેઓમાં એકવાર એવો ચાલ નીકલીઓ કે, ઘાઘરાનો ઘેરાવો જરા મોટો રાખવો; તો પછે એક બીજીના કરતાં મોટો રાખીઓ, બીજીએ તરીજીના કરતાં મોટો રાખીઓ, અને એ પરમાણે વધતાં વધતાં આજે તેઓ એવા મોટા ઘાઘરા પેહેરવા લાગીઓ

છેકે, જે જોઈ આપણે ખચીત હસવું આવીઆ વગર રહેવું નથી. હાલ પેરીસમાં અને બીજે ઠેકાણે તેવી એસકી સ્ત્રીઓ એવા મોટા ઘાઘરા પેહેરેછે, કે આપણા જેવી ગલીઓમાં તેવી એક ચાલેતો બીજા માણસથી તેનો ઘાઘરો ખીસાડીઆ વના આગલ ચલાય નહી ! તેઓમાં એકવાર એવો ચાલ નીકલીઓ કે માથાંના અંબોરા જરા મોહોગ કરવા, તો પછે ધીમે ધીમે—ખોટા બાલની મદદથી—તેમને આજે એટલા મોટા કરી મેલીઆછે કે, દરેક સ્ત્રીના માથાં પછવાડે બીજું એક તેના કરતાં મોટું માથું ઊગીઊં હોય તેવું દેખાયછે ! પેરીસમાં હાલ ઊંચી એડીના ને લાંબી અણીના બુટ પેહેરવાનો ચાલ નીકલીઓછે; જેને પણ તેઓએ એટલો વધારી મેલીઓછે કે, બુટની તલે બે આંગલ પોહોલી અને ચારથી છ આંગલવેર લાંબી એડીઓ મેલાવેછે, અને તેમજ અણીઓ પણ ઘણી લાંબી કરાવી, તેવાં બુટો પેહેરી ફરેછે, જેનો દેખાવ એક બરીએલને પણ હસાવે તેવો લાગેછે !

એજ પરમાણે ખુબસુરત દેખાવાની બાબતમાં, એટલે વધારે ગોરાં ને ગોલાબી દેખાવાની બાબતમાં પણ તેઓએ ખરી હદને ઘણી પાછલ મેલીછે. જો કે આ ચાલ હાલ નવો નથી નકલીઓ, તોપણ કોઇવાર તે જરા ધીમો પડેછે અને કોઈવાર ઊછલી નીકલેછે. તેમાં કોઈ ધુતારો મરદ કે ઓરત નીકલી આવેછે, અને સ્ત્રીઓને ખુબસુરત બનાવવાની ખબર આપેછે, અથવા તે કેમ થાયછે તે તરતીબ તેમનાં જાણવામાં આવેછેતો એકદમ તેની પાછલ તેઓ મંડી જાયછે. એમ કરતાં હજારો રૂપીઆનો ખરચ થઈ જાયછે તેની પણ તેઓ દરકાર કરતીઓ નથી. એકવાર પેરીસમાં તેઓના જાણવામાં એવું આવીઊં કે જો સઘલાં દુધમાંજ નાહાવામાં આવેતો ચામડી ખુબસુરત થાય; તો પછે એટલી બધી જણીઓ, એટલાં બધાં દુધમાં નાહાવા મંડી ગઈઓ, કે આખાં પેરીસમાં દુધનો દુકાલ પડીઓ, ને ખાવાનેતો નહી, પણ ચમચો ચાહમાં નામૂવાને પણ દુધ મલવા નહી લાગ્યું. જો એક સાબુના ગોલાની સો રૂપીઆ કીમત માગવામાં આવે; અને જો તેઓ એવું જાણે કે તે ચોલવાથી ખુબસુરતી વધશે, તો તેના સોને બદલે બસો આપવાને પણ રાજી થશે. થોડુંકની વાત પર મેડેમ રેચેલ નામની એક સ્ત્રીએ લનડનમાં એક હમામખાનું કાહાડી સઘલી સ્ત્રીઓને ખુબસુરત બનાવી દેવાનું અને ઘરડીઓને જવાન કરી દેવાનું, ડોલ ઘાલી લોકો પાસ હજારો રૂપીઆ ઓકાવા માંડીઆ હતા. તે સ્ત્રી એક એક વખત નાહાવાનું ચોકસ દવાથી બનાવેલું પાણી અથવા અકશીરથી બનાવેલા (!) સાબુ અથવા ઓટણાના પાંચ પાંચ સો ને સાત સાત સો રૂપીઆ લેતીહતી, અને તેવી સ્ત્રીઓ ખુબસુરત થવાની લાલચે એ પરમાણે એક વખત નાહાવાની એટલી મોટી કીમતો આપતી હતી ! તેમાં એક સ્ત્રીતો એટલી બધી ખોવારે થઈ ગયલી માલમ પડી, કે તેણે પોતાના જીવણગાલાના હજારો રૂપીઆ તેમાં ખોઈ દીધેલા. આખરે તે બાબત બાહાર આવવાથી અને તેમાં બીજા કેટલાક કાવા દાવાઓ માલમ પડવાથી તે સ્ત્રીને સરકારથી પાંચ વરસ દેશનીકાલની સજા થઈ હતી. હાલમાં વીયેના ખાતે એક મોટાં ખાનદાનની જવાન સ્ત્રી કાયદાના હાથમાં સપડાઇછે. તેને વીશે એવું જણાયુંછે કે, તેને એવો વેહેમ હતો કે, જો જવાન છોકરીની રગમાનું લોહી લઈને મોડાં ઊપર તથા ગરદન ઊપર રગડીએ હોયતો, ખુબસુરતીમાં ઘણો વધારો થાયછે. આ વેહેમને લીધે તે અવાર નવાર ગરીબ ગુરખાંની છોકરીને લાગમે લઈ તેને સંગરાહ મેલી દેતી, અને જે લોહી નીકલે તે મોંડે ચોપડતી !

એ પરમાણે યુરોપીઅન સ્ત્રીઓ ખુબસુરત થવાની બાબતમાં ઘેલાંઓના કરતાં વધારે માઠો દેખાવ કરેછે, જે જોઈ શીઆંના યુરોપીઅનો ભારે દુખી થાયછે. પણ માઠાં ભાયગે તીઆંની તેવી સ્ત્રીઓ એવીતો લાડકી અને હઠીલીઓછે, કે તેમને એવી એવી ગુરખાઈઓમાંથી બાહાર કાહાડવાને એક મોટા ડુંગરને જમીનમાંથી ઊખેડી બાહાર કાહાડવા જેટલું મુશકેલ કામ થઈ પડીઊંછે. તેટલા માટે, દેશી સ્ત્રીઓને અમો ભલામણ કરીએછે કે પોતાનું રૂપ સમારવામાં અને પોશાકને સુધારવામાં મેહનત લેવી ખરી પણ તેમ કરતાં કોઈ રીતે આ બેવકુફ સ્ત્રીઓનો વા પકડવો નહી; અને જગમાં હાલ જેવી તેમની હસી થાયછે, તેવી તેઓએ પોતાની કરાવવી નહી.

## કેથરાઈન મેકોલે.

દેશી સ્રીઓને કેળવણી આપવાને, અને વીદ્યા હુનર શીખવી ગનાની કરવાને જોકે આ દેશ મધે આજ કેટલાંક વરસ થયાં કોશેશ ચાલેછે, તોપણ અતીઆર વેરમાં એક પણ સ્ત્રી એવી નીકલી નથી, કે જેણે એક નાહનો જેવો અને સેહેલો જેવો પણ ગરંથ લખીઓ હોય. એટલુંજ નહી, પણ એક નાનું ચોપાનીઊં વટીક લખેલું જોયામાં આવતું નથી. એથીબી આગલ વધીને બોલીએતો જાહેર લખનારાઓને પાંચ લીટીની પણ મદદ થતી જોવામાં આવતી નથી. પણ ઈંગલંડમાં તેમ નથી. તીઆં સ્રીઓ ગરંથ કરતા બનીઓછે અને બનેછે એટલુંજ નહી, પણ જવાન છોકરીઓ વટીક તેવી પરકારની નામદારી જાહેર આલમમાં મેલવેછે. જોકે ઈંગલંડની કેળવણી, અને તેની શરૂઆત સાથ આ દેશની કેળવણી અને શરૂઆતની કોઈ રીતે સરખામણી થઈ શકતી નથી; તોપણ, તે સઘલું ધીઆનમાં લેતાં અતરે જેટલું થવું જોઈએ તેટલું પણ થયલું આપણા જોવામાં આવતું નથી. એનાં મુખીઅ કારણો એજછે કે, આ દેશમાં સ્રી કેળવણીનું કામ ઘણા નબલા પાંયાપર ચાલેછે, અને જે કેળવણી મલેછે તે ફકત નામનીજ મલેછે. વલી તે સાથે ઘરમાં માબાપોનું બાલકો ઊધારવા સંબંધી અગનાનપણું: છોકરી નાની હોય તીઆરથી તેને ઘેરમાં વાંચવા લખવા કેમ શીખવવું, વાંચવાની ટેવ કેમ પાડવી, તેની હોંસ કેમ વધારવી ઈતીઆદી બાબતનું તેમને એટલુંતો થોડું ગનાનછે, કે જેથી પોતા આગલનાં કુમલાં બાલક જાણે કુંડામાનાં નાના રોપા હોય, ને તેને નીત રોજ પાણી પાઈનેજ બેસી રહે, તેમ તેઓને ફકત દાહાડામાં બે તરણ વાર ખવાડી, પાણી પાઈ બેસી રહેછે, અને તેમનું શરીર દનપર દન વધતું જાયછે તે જોઈ સંતોશ પામેછે. પણ તેમનાં શરીરની સાથે તેમનું મગજ પણ વધેછે કે નહી તેની તેમને થોડીજ દરકારછે. નીચે લખેલી કેથરાઈન મેકોલેનાં ચરીતર ઊપરથી દેશી બાનુઓ જોશે કે એવી એક ચંચલ છોકરી અતરેનાં કેટલાકનાં જેવા દેશી મા બાપોનાં ઘરમાં જનમી હતે તો પોતાનાં મગજનો જે ચલકાટ તેણે આલમને બતાવીઓછે તે તે પોતાની સાથે અમનો એમ ઘોરમાં લઈ ગઈ હતે.

કેથરાઈન મેકોલે કેમટનાં પરગણામાં ૧૭૩૩ નાં વરસમાં જનમી હતી. એ એના બાપની સઊથી નાની છોકરી હતી. માઠાં ભાયગે કેથરાઈન નાનું બચ્ચું હતું તીઆરથી તેની મા મરણ પામી હતી; જેથી પોતાની માની તરફથી મલતું એક બેમીસાલ સુખ, તેનાં તરફથી મલતી ખરી દરકાર ભરેલી કેલવણી અને ખરાં જીગરની સંભાલ, એથી તે બીચારી તદન બેનસીબ હતી. એટલું છતાં જીઆરે એ છોકરીએ આટલી નામદારી મેલવીછે, તો પછે તેની પોતાની માનાં આસરો તલે ઊછરી હતે તો કેટલી મેલવતે! એ પરમાણે કેથરાઈન બચપણથી મા વગરની થવાથી તેને, તેની બીજી બેહેનની સાથે, ઘરમાં તેઓને કેળવવા રાખેલી સ્રીને સોંપવામાં આવી હતી. અલબતે કેથરાઈનની પછવાડે તેની માંના જેટલી સંભાલતો આ સ્રી લઈ શકતીજ નહતી; અને એમ બનવુંતો અશકીઅજ છે, તોપણ સારાં ભાયગે, કેથરાઈનને બચપણના આંધલાંપણામાં જે રસતો મલીઓ તે તેના મગજની વલણ પરમાણે ખરોજ હતો. એક બાલક તરીકે રમતાં રમતાં કેથરાઈનનું ધીઆન તેના બાપના પુસતકખાંનામાં ભરાયું. તીઆં જઈ તે બધી ચોપડીઓ ચુંથવા લાગી; અને જેમાં ચીતરો હતાં, તે બધાં પાંને પાંને જોવા લાગી. અલબતે એક વગર સમજના બાપની ચોપડીઓ તેની નાની છોકરી રોજ એમ ખોલેતો તે તેને ધમકાવીઆ કે ઠોકીઆ વગર રેહે નહી; ને ઓરડામાંથી બાહર કાહાડી બારણાને ટાલું મારીઆ વગર રહે નહી. દેશી મા બાપો પણ ઘણુંકરી એમજ કરેછે. પણ કેથરાનનો બાપ ઘણો સમજુ અને બાલકોની તરબીયત સંબંધી સારું ગનાન ધરાવનારો હતો, તેથી તેણે કેથરાઈનને જરા પણ છેડી નહી, પણ તેને ગમે તેમ રમવા દીધી. ચોપડીઓમાંના તરેહવાર અને રંગબેરંગી ચીતરો જોવામાં કેથરાઈનનું મન એટલું લાગું, કે સઘલી રમત છોડી આખો દાહાડો પુસતકખાંનાના ઓરડામાંજ કાહાડવા લાગી, અને એક પુરી થાય કે બીજી એમ એક પછે એક સઘલાં પુસતકો જોવા લાગી. એમ કરતાં આખરે સઘલી ચોપડીમાંના ચીતરો જોવાઈ રહીઆં પણ હવે કેથરાઈનને તે ઓરડો અને તે પુસતકો એવાં વાહલાં થઈ પડીઆં, કે તેને તેમાંથી ખીસવાને ગમીઊ નહી. તીઆરે હવે કરવું શું તેનો તે વીચાર કરવા લાગી. [illegible]ચોપડીઓમાં જે ચીતરથી ભરેલી

ચોપડી પાછી હાથમાં લઈ જોવા લાગી; પણ તેમાંના
ચીતરોતો સઘલાં જોઈ મુકેલી. પણ તેને હાથમાંથી
મેલવા ગમી નહી, તીઆરે તેણે તે વાંચવાને કોશેશ કી
ધી. થોડુંક વાંચીઊં એટલે તે તેને એવું પસંદ આ
વીઊં કે, આગલ વાંચવા લાગી. સારાં ભાયગે તે પુ
સતક બચાંઓનેજ લાયકનું હોવાથી; તે તેને એવું સમ
જ પડવા લાગીઊં, અને તેમાં તેને એવો રસ પડતો
ગયો, કે થોડા દાહાડામાં તે આખી ચોપડી પુરી કીધી.
હવે તેને ચીતરો જોવાને બદલે વાંચવાનું ચેટક લાગું,
અને તેથી એક પુરી કીધી કે બીજી એમ એક પછે એ
ક તરેહવાર જાતની ચોપડીઓ વાંચવા લાગી. અલ
બતે જેટલા વખતમાં આખાં પુસતકખાંનાની ચોપડી
ઓના ચીતરો જોવાઈ રહે તેટલા વખતમાં કંઇ તે સઘલી
ચોપડીઓ વંચાઈ નહી રહે; તોપણ લાંબા વખતવેર એ
જ માહાવેરો ચાલુ રાખી કેથરાઈને લગભગ સઘલી ચો
પડીઓ પુરી કીધી. એ પરમાણે જેમ તે વાંચવામાં
આગલ વધતી ગઇ તેમ તેની ઊમર પણ મોટી થતી
ગઇ. એમ કરતાં જીઆરે તે જવાનીની અને બુધી
ની ઊમરે આવી તીઆરે તેનામાં વીદીઆ હુનર સં
બંધી, તવારીખ સંબંધી અને એવીજ તરેહવાર બા
તો સંબંધીનો એક મોટો બંડોલ તેનામાં તઇઆર
થો. પણ આ સઘલાં વાચણમાંથી તવારીખે તેના મ
ન પર જેટલી અસર કીધી તેટલી બીજી બાબતે કીધી
નહી. રોમનાં સવતંતર રાજની તવારીખનો તેણે એ
ટલો અભીઆશ કીધો, અને રાજની એવી વલણ તેને
એટલીતો પસંદ આવી, કે તે પોતે પણ એક મજબુત
સવતંતર રાજની તરફ મત ધરાવનારી થઈ. એવામાં
કેથરાઈન પુરતી રીતે પરણવાને લાયકની થવાથી તે
ડાકટર મેકોલે નામના એક પરખીઆત તબીબ સાથ
પરણી. આ પરમાણેનો તેની જીંદગીની વલણમાં ફે
રફાર થવાથી તેની ખટપટમાં કેટલાક વરસ ગુજરી ગ
યાં. આખરે તેણે ઈંગલંડની એક મોટી તવારીખ લ
ખવા માંડી, જેને પાંચ ભાગમાં આઠ વરસે પુરી કીધી.
એ તવારીખની એબારત, તેમાં આપેલા તેણે પોતાના
વીચારો એ સઘલું વાંચનારી આલમને ઘણું પસંદ
આવીઊં, અને તે પુસતકોનો મોટો ઊઠાવ થવા લાગો,
તથા કેથરઈનને ઘણું માન મલવા લાગું. એ પછે તે
ણે ગરંથો લખવા માંડીઆ, ને થોડાં વરસમાં કેટલીક
તેવી નામીચી ચોપડીઓ અને ચોપાનીઆં લખી બા
હાર પાડીઆં. એથી કેથરાઈન એક સરસ ગરંથકર
તા તરીકે ઘણી વખણાઈ ગઈ. એકવાર તે અમેરીકા
ગઈ, જીઆંના લોકોએ તેને ઘણું માન આપીઊં; અ
ને અમેરીકાને સવતંતર કરનાર, અને તેથી પોતાનું
નામ અમર મેલી જનાર વાસીંગટને હમેશ વેર રાજદ
વારી અને એવીજ બીજી બાબતોનો પતર વેહવાર
રાખીઓ, જે ઓછું માન નહી સમજવું. એ પરમા
ણે પોતાની બુધીબલ અને ઊદીઓગીપણાથી આ
નામીચી સ્રી અંગરેજી વાંચનારી આલમમાં મોટું મા
ન મેલવી અઠાવણ વરસની ઊમરે મરણ પાંમી. કેથ
રાઈન એક સરસ ગરંથ કરતા હતી એટલુંજ નહી, પ
ણ તે સાથે સ્રીને છાજતા બીજા પણ સારા ગુણોથી ભ
રેલી હતી. તે એક સારી મા, સારી સ્રી, સારી પડો
સન અને સારી શેઠાણી હતી, એવું જેઓ તેને પીછાનં
તાં હતાં અથવા જેઓને તેની સાથ કામ પડીઊં હતું
તેઓ તેના મરણ પછે બોલતાં હતાં.

## એક બલતી સાસુનાં પેટમાંનો બલાપો.

**હીરાં કાકી**—મુઆંને બધાંને મારી સુનાબાઈ
નેજ નામે દુખી આવેચ. ને પેલી મહીરાં મુઇને તો
તેને જોઈને આંખમાં ઝેરજ ચહરી આવેચ. મારી દી
કરી કેટલે દાહારે બે દાહાડા મુઆનાં જુલમમાંથી ની
કરીને ઘેર આવીચ તાહારે મુઆંની બધાંની આંખમાં
ખુંચેચ. પણ એ પેટબરીઓનાં તો ડોરાજ કાહાડી
નાખું. માંએ સુનાબાઈ, મરરે તુંતો ભુખી થઈ હોશે;
જોની ઓએ અગીઆરબી વાગશે, ને સહવારનું જરા
પાંઊ ને માખણજ ખાઇને ચાહ પીધેલીછે, તેતો કાહા
રનું જરી ગીઊં હોશે, ને મુઆં બે ઈંડાં નો ડાહવી
ડાહારમાં અટવાઈ ગીઆં હોશે. ચાલ આવ, પેલી હેઠે
મુએલીછે તેટલે હુનું હુનું બે બુક જમી લે; આવ માએ
સુરતથી આપરાં ધણા કાકીએ સોજું ઘી મોકલેલુંછે તે
જેમ તેમ કરીને જીવ બારી બારીને તાહારે વરે સાંતી
રાખેલુંછે, તે બે દાહારા અહીંછે તેટલે જરા જરા કું
લીઊં ભરીને દાહારામાં બે તન વખત ખા, કે જરા કો
ઠે તાહારક પરે; ને મદઈ હરકાં દોરડાં જેવી થઈ ગઈચ
તે જરા દીલપર ચામરૂં આવે. મરરે, તારાં સાસરાં મ
રેરે, મુઆંઓએ મારી દીકરી પાસે વહીતરૂં કરાવી ક
રાવીને કોઈ વેરી દુશમનને મારી નાખી; ને વરી પેટ

માં કંઈ મલે નહી, તાહારે વાંજીઆ હાથ પણ તે શાને ચાલે, તે મુઆંના કલેજાંએ ? મરેરે, મને શંસમાનાં નાખતાંનું પેટ બરેરે; મને શું ઘરાએ ઘેરી કે મુઆંનું એવાંનું બારણુ શોધી કારીશ. મારી સુના જેવી દીકરી દુખમાં પરી. પણ તે મુઓ "રાઘવજી" સમજતો નહી તે; જો બધી રાંડોને ચોટલા ધરીને ઘેરમાથી બાહાર કાહારી મેલતો હોય કેની, તો આ મારી હીરા જેવી દીકરી આવું દુખ નહી વેઠે, ને કોઈ મદઇ આવી ગરાઇને ગુરો નહી થઇ જાય. કે નંહીતો બલાવેતો બધીઓને રાંડોને પરતી મેલી આપરા ઘેરમાં આવીને રેહેનો હોએ કેની તો જીભરૂં આ મારી મોતીના દાના જેવી છોકરી બધાં દુખમાંથી મોકરી થાએ. જોની તારૂં રૂપાંનાં પતરાં જેવું રૂપ ઊતું તે કેવું બરીને કથીર જેવું થઈ ગીઊં ! મને થાએચ તો કેવું જો, કે તે મુઆંને બારણે તારૂં સાહાવું ખાસરૂં બી નહી ચહરાઊં; પણ ધારાનાં કાહારતા મરેરે! તે મુઆઓએ એવું કીધુંચ કે જો એમ કરીએ તો તે મુઆં કોરટને બારણે ચહરાવે; ઓ ઓવારૂંરે કોરટમાં જવાને મારાં નામ નખપરથી. ને વરી માએ તારો ભાઈ જોની બોલેચ તે ! કેહ્યું કે, "શું છે સુનાબાઇને ? તેને સાસરે શું દુખછે ? તાંહાં ખાએચ, પીએચ, મોજ કરેચ; વારીવંનર જાએચ; પેહેરેચ ઓઢેચ; ને વરી દુખ શાનું પરીઊં ? વરી બીજું શું તેઓ કરે ? શું સુનાબાઈને પાલકીએ બેસારીને આખો દાહારો ફેરવેઆ કરે કે ? કે શું સાસુ, નરન, વર, બધાં આખો દાહારો માથે ફુલ ગુથેઆ કરે કે ? શું દુખછે કે તમે તેને ઘેરમાં રાખી મુકવા માગોચ ? આજના ધારા જાણોચ કે ? અમથી ફજેતી કરશો." આ એમ માએ રોજ ઊઠીને કેહેચ. જોની માએ, જીભરૂં ને માએ ઓવરાઊ કાવસા એવો નહી ઊતો જો, પણ આએ મહીરાં મુઈએ તેને સીકવી સીકવીને એવો કરી મેલેઓ. ને વરી પેટબરાઓ એની માએ માસોઓ શીકવેચ તે જુદું. જોની માએ; જાહારે એ મહીરાં મુઈએ કારૂં કીધેલું હોએચ કેની તાહારે એ જીભરૂં રોજ જેવો આફીસમાંથી છુટેચ નેવો તેને ઘેર જઇને બેસેચ; ને પછી બધી પેટ બરીઓ વચમે લઈ બેસીને તેના જેમ કાન ભરાએચ નેમ ભરેચ. તેથી એ માએ મરૂં રોજ ઘેરમાં આવીને મારી સાથે મરાએચ ને કહેચ કે "તમે તો મારી બહેંરીપર દુખ પારોચ; તમે તો તેની અદેખાઈ કરોચ." ઊ શું દુખ પારૂંચ માએ ? દુખનાં પારતાંપર દુખજ પરેરે; ને મારી પછવારે બોલતાને જમ વરગેરે; ઊતો એ મહીરાં મુઇનું નામબી કોઈ દાહારે લેતી નથી; એ ભાઈ ખાઇને એક દાહારે એક બોલબી ઊ કેહતી નથી. પણ માએ જાહારે માહારૂં ભરાઈ આવેચ તારે તો બોલુંચ. એ કોણ ? એ એક આપરા ઘેરમાની લોનડી ! વહુ તે એક ઘેરમાની ગોલામરી ! તેની તાકાત શું કે જરા ડોરા ઊંચકીનેબી આપરીસાંમબે જોએ, કે જરા જીભ હીલવીને સામબે એક બોલબી બોલે. એમ કરે તો ઊનો છાતીની મોહે લાત મારૂં; ને ધોઇને ઢેરને પેટે ઘાલું. પણ માએ, આપરૂં બચું ભુરૂં તાહારે કેની. તે તેને આગલ રહીને છકાવેચ ને માથે ચહરાવેચ તાહારે કેની; પગમાનું ખાસરૂં પગમાં રાખતો હોએ કેની તો એ મહીરાં મુઇ મારીપર એટલાં છાણાં નહી થાપે. એ દુખ નીકરીને તો ખાસરાંને તલીએ રાખવી જોઇએ; તેને બદલે માએ તેની સાથે હસવાં, ને બોલવાં, ને થાથા, ને થીથી કરે ! ઓડામાં ભરાઇ, બાનું ઢાંકીને પોહોરના પોહોરવેર ખુરસીપર બેસીને તેની સાથે વાતો કરે ને એક એકના દીલપર ચોપરીઓ ઊડારે ! એ તે કંઈ રીત હોય માંએ ? મારી બઈએરે સાથે હસવાં કેવાં ! ને બોલવાં કેવાં ! ને એક એકની મજાક મશકેરી કેવી કરવી ! હમેબી કંઈ દાહારા કાહારેઆ કેની; હમેબી કંઇ વર વાપરેઆ કેની; પણ મરે હમેતો કોઇ દાહારે હસું નહી કીધુતું, ને જોઈ ઊંતું; હાં તો વરને જોઈને સરમાઈ સરમાઈને મરી જતાંતાં; ને જેવો ઘેરમાં પગ મુકે કે માથે સોર કરીને એક ગેમ ભરાઇ જઈએ; ને જો જરા ચુંકે ચાં ચવરેઆં હોયનો પગમાંથી ખાશરૂં કાહારીને છુટું મારે ! બેહેસ તેવણને જાહાં રૂવું પરીઊં હોએ તાંહાં, તે જો એના બાપ જો આજે હોએ, ને એટલું આજે જોએ, તો કોણ જાણે શું કરે, ને ખાશરે ખાશરે દાંતને લટીઆં તોરી નાખે. પાસેના જાંકજી કેહ્ય કે "એતો માએ આજ કાલના સુધરેલા છોકરાઓ તે એમજ કરે, વાસને આપરે બોલીએ નહી. જોવની જીભરૂં મારો પોરોશો અખઇ રહી શોરીનબાઇને બુટ પેહેરાવેચ, ઈસતાકીન પેહેરાવેચ, પોલકા પેહેરાવેચ, માથે સેંથા પરાવેચ, ને વરી રોજ સાંજ સોંજનાં સાથે લઇને ફરવા જાએચ; તે ઊં કંઈ બોલુંચ ? એતો અ. અંગરેજી શીખેલા છોકરાઓ એમજ

કરવાનાં; તેથી આપરે કંઇ બોલીએ નહી; ને અમથો ઘેરમાં રોજ ઊઠીને કંડાસ કરીએ નહી. જોવની હું કંઇ નથી બોલતી તાહારે મારા ઘેરમાં કોઇ દાહારે કંડાસ થાએચ? ને જોવની; જી ભરૂં શીરીનબાઇ મને કેવા કોઈ વેરો દુશમેનના બધા જીવ આપી દેચ! ને એમ આખો દાહારો સાસુજી, સાસુજી, કરતી ફરેચ; ને જરા જીવને ગમતું નથી નો બધી હોરાઇ પંથરાઇ જાએચ." મેં કહીશેં કે માએ હોશે; તમારા ઘેરમાં એવું ચાલતું હોશે; મારા ઘેરમાં તો ઊં એવું નહી ચાલવા દેવાની ને એ મહીરાં મુઈ જાંહાંવેર એમ ચાલશે તાંહાંવેર એને કાપીને કટકા કરવાની. ને પછી તેદારની ઊ તેની સાથે બોલતી નથી. જે મુંઆં એવું બોલેચ તે મને એવાં દાહારાં ઝેર જેવાં લાગેચ કે તેઓનું મોનુબી ફરીથી જોવા નહી ગમતું. એ મુઆંની બધાંનો ગુજસુજ એકછે. એ મુઆં જાહાર તાહાર એકઠાં બેસીને અમસી માએ મમાઇને વગોવેચ ને પેટ ભરીઓ મનેં વહરકણીમાં ખપાવેચ; પણ જોશેંચ એક દાહારે જરા કંઈબી છીટું હાતમાં આવે તો એ બધીઓને રાંડોને ધોઈ નાખુચ, કે ફરીથી અમસી માએ બેનોને એવું બોલશે નહી. ચાલ માએ ચાવ, આવ બે ણુકા ઊનું ઊનું જમી લે પ. તાહારૂં પરી જશે; ને પછી બે ઘરી પોહારી ઊઠ; કુટેંશા બરેખા; બોલવાનું તો એટલુંછે કે દાહારાના હારા નીઠે પણ પુરૂં નહી થાય.

## જાંન લા.

### મીસીસીપી કુંપનીને નાંમે ચાલેલો સટો.

(સાંધન ગયા આંકથી.)

થોડા વખતમાં લાના કોચમેન પાસે એટલા બધા પૈસા થયા, કે તેણે પોતે ગાડી ઘોડા કીધા, અને પોતાની ચાકરી છોડવાની રજા માગી. આ માણુસ લાની નજરમાં ઘણો સારો હતો, તેથી તેણે તેને જણાવીઉં કે, તેણે પોતાની ચાકરી છોડવાની આગમચ તેનાજ જેવો બીજો સારો કોચમેન મેલવી આપવો. સાંજના તે કોચમેન બે માણસોને લાની આગલ લાવીઓ, જેઓ તેના આગલા તબેલાના સાથીઓ હતા, અને જણાવીઉં કે તે બેમાંથી એક તેણે પસંદ કરવો, અને એકને તે પોતે પોતાની ચાકરીમાં રાખશે. એજ પરમાણે લાના ઘરમાંના ચાકરો અને ચાકરડીઓ પણ સજડ તાજાં થઈ ગયાં હતાં, અને પઈસાની ધુનમાં ને મગરૂબીમાં તેઓ મોટાંઓની ચાલ ચાલવા જતા હતાં, પણ તેમ કરતાં તેમનો ખવાસ તથા બોલવા ચાલવાની ધપ વારેવાર વચે આવતાં, મશકેરાઓમાં તેમના ભારી ઠઠા થતા હતા, અને સમજુઓ તે જોઈ દલગીર થઈ દયાની નજરે તેમની તરફ જોતા. કેટલાક ભુખરીબારસો અને રખડતાઓ પાસે ઘણી દોલત થવાથી તેઓ એટલાતો છલકાઈ ગયા હતા, કે પોતાની આગલી હાલત અને ઉતપતી વીશે ઘણા શરમાતા હતા, અને બનતાં સુધી પોતે મોટા લોકમાં ખપવાની વેતરણ કરતા હતા. તેનો એક દાખલો સેંટ સીમોનનો ડીઉક આપેછે, જે ઉપરથી માલમ પડેછે, કે તે વખતે ફરાનસમાં પઈસાથી કરીને અને પઈસાને ખાતર માણુસ કેવું પોતાનું માન મુકતા હતા. રખડતી હાલતનો એનડરી નામનો એક સખશ સટાબાજીમાં થોડા વખતમાં એટલો બધો પઈસાવાળો થઈ ગયો, કે તેની દોલત બેશુમાર ગણાવા લાગી. સેંટ સીમોન તો એવું કહેતો કે "તેણે પઈસાનો પરવત કીધોછે"! જીઆરે તેની પાસે એટલી બધી દોલત થઈ તીઆરે તે પોતાની હલકી ઉતપતીથી એટલો બધો શરમાવા લાગો કે તે બનતાં સુધી કોઈ અમીરી ખાનદાન સાથે જોડાવાની કોશેશ કરવા લાગો. તેની એક તરણ વરસની નાની છોકરી હતી, જેને માટે તેણે ડીઓઈસી નામના એક મોટા પણ તંગ હાલતના ઉમરાવની સાથે એવો સંધેશો ચલાવીઓ કે, કેટલીક ચોકસ બોલીઓએ તે પોતાની છોકરીને તેના કુટુંબમાં પરણાવાને રાજીછે. આ માગણીને મારકુઈસ ડી ઓઈસીએ કબુલ રાખી એટલુંજ નહી, પણ પોતે તે છોકરી સાથે પરણવાને તઇઆર થયો! તેણે એનડરીની સાથે એવી શરત કરવા માગી કે તેણે તેને પેહલા હડી લાખ રૂપીઆ આપવા, અને પછી તેની છોકરી બાર વરસની થાય તીઆંવેર દર વરસે તેણે તેને વીશ હજાર રૂપીઆ આપીઆ જવું અને તે તેની છોકરી સાથે તે ઉપલી ઉમરે આવીઆ પછે પરણે. આ વખતે એ ઉમરાવની ઉમર તેતરીશ વરસની હતી. આ સરત એનડરીએ કબુલ રાખી, અને તે બાબે આમન સામણ લખતો થયાં; વળી એ રકમ ઉપરાંત કેટલા લાખ રૂપીઆની રકમ લગનની વખતે પોતાની છોકરીની રીત દાખલ આપવાને પણ એનડરીએ કબુલ કીધું. આ જાતનાં કાજે લોકોમાં ઘણી અચરતી અને હુસાહસ પેદા કીધી. પણ એ સઘલું થવાને થોડાક મહીના ગુજરીઆ નહી એટલામાંતો એક મોટો ફેરફાર થઈ ગયો, અને લા તથા તેની સાથે તેનો સઘલો સટો પડી ભાગો, અને તેની સાથે એનડરી સાહેબ પણ જમીનદોસત થઈ ગયા. તેની સાથે ઉપલી સઘલી ચલકતી આસાઓ અને સરતો પણ પાણીમાં ગઈ, પણ પેલા આપેલા હડી લાખ રૂપીઆની રકમ મારકુઈસ ડી ઓઈસીને પચી ગઈ.

આ સટાનાં હીગામમાં લોકની દીઆનતદારી એટલે વેર બગડી ગઈ હતી, કે ધોરે દીવસે અને ધોરી રસતાઓ ઉપર જબરી લુટફટો ચાલતી હતી, અને ખુનો થતાં હતાં; કારણ કે તે વખત એકબી માણુસ એવું નહી નજર આવે કે જેનાં ગજવામાં મોટી કીમતનાં કાગજીઆં નહી હોય; અને એવાં નીચ કામોમાં એવા માણસો વટીક સામેલ થતા જણાયા હતા, કે જેમને માટે કવચીત પણ તેવી વકી નહી રખાય. એકવાર એવા એક બનાવે આખાં ફરાનસ



લડાઈમાં જતી વેનાની મુલાકાત.

ને અમરતીમાં નાખીઉં; તે તેમાં થપલા મોટા ગુનાહને માટે નહી, પણ તેમા સાંમેલ થપલા એક મોટા માણસને લીધે હતું. પરીનસ ડી હોરન નામના સાહાજાદાનો ભાઈ કાઉનટ ડી હોરન નામનો ઉમરાવ, જાતે જવાન અને ઘણો ઉડાઉ હતો. તેણે, તેનાજ જેવા બીજા બે શખસોની સાથે એક ઘણા પઈસાવાલા દલાલને લુટવાનો ઠરાવ કીધો, કારણ કે તેઓને એવી ખબર હતી કે તે હમેશ પોતાની પાસે ઘણી મોટી કીમતનાં કાગજીઆં રાખેછે. આ પોતાની નીચ મતલબ પાર પાડવાને કાઉનટ ડી હોરન એક દાહાડે તે દલાલને મલીઓ, અને જણાવીઉં કે તેને ઘણાક શેરો તેની પાસેથી ખરીદવાનાંછે, માટે તેણે તેને એક નીરાંતની જગાએ મલવું. એને માટે તેઓએ એક હલકાં પોહોંચખાનાની જગામા મલવાને ઠરાવીઉં. ઠરાવેલે વખતે, તે જગાએ તે દલાલ આવી લાગો, જીઆં કાઉનટ ડી હોરન પોતાના ઉપલા બે સોબતીઓની સાથે તેની વાટ જોતોજ બેઠો હતો. તે બે જનને વાસતે તેણે તે દલાલને જણાવીઉં કે તેઓ તેના મીતરોછે. થોહોક વાર બેસીને વાત કરવા પછે કાઉનટ ડી હોરને અનચીતો ઉઠી તેની છાતીમાં પોનીઆર્ડ નામનાં હથીઆરથી તરણ સખત જખમો કીધા. આથી તે દલાલ પછાડ ખાઈને જમીનપર પડીઓ; અને તેવોજ કાઉનટ ડી હોરન એક ગમથી તેનાં ગજવામાંથી શેરોનાં બંડલ કાહાડવા લાગો, અને બીજી ગમથી તેનો એક સોબતી તેને બેથેમધ જખમો કરતોજ ગયો, કે તે જીવતો નહી રહે. પણ તે કમનસીબ દલાલે તેમને સલામત છટકી જવાની તક આપી નહી. જેવો તેને પેહેલો જખમ થયો તેવીજ તેણે એક એવી બરાડ મારી, કે કાઉનટ તેનાં ગજવામાંથી બધા શેરો કાહાડી નહી રહીઓ એટલામાં પાસેનાં ઓરડામાંથી માણસો દોડી આવીઆં, અને સુડા સહીત કાઉનટને અને તેના સોબતીને પકડી લીધો. ધોરે દીવસે, અને ભર વસતીની અંદર આવેલી જગામાં આવું બનવાથી પારીસમાં રેહેનાર એકે એક માણસનાં દીલમાં ધાસતી પેઠી, અને ધોરે દીવસે પણ રસતામા ચાલતાં બીડીક લાગવા લાગી. આ મંડાલાની તપાસ બીજે દીવસે શરૂ થઈ, જે વેલાએ શાહેદીઓ એવીતો સાબુત પડી, કે એકદમ તે બંનેને ફાંસી દેવાનો હોકમ થયો. પણ કાઉનટ ડી હોરનનાં સઘલા સગાં વાહાલાઓ, જેઓ સઘલાં ઘણા મોટા અને વગવાલા અમીર ઉમરાવો હતા તેઓ વડા રાજકારોબારી સાથે ઘણો વગ ચલાવવા લાગા, અને તે કમબખત છોકરાનું માથું ઠેકાણે નથી એવું જણાવી તેનાપર દયા કરવાને તેનીપર ચોમેરથી ભારે દબાણ કરવા લાગા. વડા રાજકારોબારીએ બનતાં સુધી તેઓની મુલાકાત કરવાનાં અખાડા કીધાં, કારણ કે આ તકશીર એવીતો મોટી હતી, કે જે માફ કરવાને તે જરા પણ રાજી નહી હતો. આખરે પેલા વગવાલા ઉમરાવો, પોતાથી બનતી કોશેશ કરી વડા રાજકારોબારીને મલીઆ, અને તેને ઘણું સમજાવવા લાગા. તેઓ તેની બધી સગાઈ દેખાડવા લાગા, અને છેલે તે ગુનેહગારને તેની સગાઈમાં પણ મેલીઓ, અને જણાવીઉં કે તેને ફાંસી દેવાથી તેનાં અને બીજા બધાઓનાં કુટુંબ ઉપર એક મોટો ડાઘ રહી જશે. એવી સઘલી ફુસલાવણીનાં રોકડા જવાબ તે રાજકારોબારી પેલા ઉમરાવોને આપતો ગયો. આખરે તેઓએ થાકીને સેંટ સીમોનનાં મોટા ઉમરાવને વચે નાખીઓ, પણ તેબી તે ગુનેહગારને છોડાવવાને રાજી નહી થયો; પણ રાજકારોબારીને એટલી ભલામણ કીધી કે, તકશીરવાર એક રાજખાનદાનનો છોકરોછે માટે તેને ફાંસી દેવાનાં કરતાં તેને ગરદન મારવામાં જરા આબરૂ રહેશે, કારણ કે આખા યુરોપમાં એવાં કુટુંબનાં માણસોને એજ રીતે મારવામાં આવે છે. પણ રાજકારોબારીએ એટલી વાતબી કબુલ રાખી નહી. જીઆરે કાઉનટનાં સગાં વાહાલાંઓ છેક થાકીઆ તીઆરે તેઓએ તેને બંધીખાનામાં ઝેહેર આપીને છુગો છુગો મારી નાખવાને ઠરાવીઉં. તે પરમાંણે અથાગ મેહેનત કરી એક તેનો સગો ઝેહેરનું પીઆલું લઈ બંધીખાનામાં દાખલ થયો, પણ કાઉનટ ડી હોરનની તે પીવાની છાતી ચાલી નહી ને તે પીધું નહી જીઆરે. એમ પણ કંઈ નહી વલીઉં તીઆરે આખરે સંધા થાકીને બેઠા, અને તે ખુન થવાનાં છઠા દીવસે તે બંને કમબખતોને ફાંસી દીધા.

## લડાઈમાં જતી વેલાની મુલાકાત.

### મારી વફાદાર ઓરત.

તઈઆરીના નગારાં થયાંછે આજ,
કુચનાં રણસીંગડાંનો થાયછે આવાજ.
જવું મારે જોઈએ હવે સઘલું છોડી,
પીઆરને મોહોબતની દોરી પણ તોડી.
ન છાજે મારા જેવા મરદને એક,
ઓરતને વલગી રહી છોડી દેવો ટેક.
બાહાદુર પેહેલવાન ને ખરી માંના પુત,
દુશમનના જાનપર ચલાવેછે લુટ.
બીહીકણ બાયલા ને બુખ ઢોર,
ભરાઈ રહે ઘરમાં એ વખત જેવા ચોર.
જવાલા મુખીમાંથી જેમ ખલતું ઉબાય,
તેવાજ જુસા મરદની છાતીમા થાય.
સાંભલે જીઆરે તે જંગની વાત,
ચલકતાં હથીઆરોથી કરીને ઠાટ;
છલાંગ મારી દે ડે તે વાઘની મીસાલ,
દુશમનના તનપરની ઉખ ડે ખાલ.
માયા ને મોહોબત એ સુલેહના ફુલ,
જંગને વખતે બતાવવુંછે બલ.
મોહોબતખીછે બાહાદુર પરજ ફીદા,
બીહીકણ તેની આંખમાં દેખાએછ જેવા ઠ
ઓરત સરજી છે મરદનેજ માટે,
ને મરદ તે એજ કે જાય બીકટ વાટે.
માટે, જે છે બીહીકણ તેજછે ઓરત,
તીઆરે, ઓરતને સાની જોઈએ ઓરત ?
માટે ઓ પીઆરી, ધીરજ તું રાખ,
મોતીના કતરા જેવાં આંસુ ના નાખ.
હાથ તારા લાગેછે ઠંડા બરફ,
[illegible]કેલીથી [illegible] મોહોમાંથી હરફ.

ગાથાંથી પગસુધી તન તારૂં ધ્રુજેછ,
પરસેવાના મોતી કપાલપર છુટેછ.
ધરતીનો પોપડો ધરતીકંપ વખત,
ઉંચકાઇને બેસેછ ભારી શકત.
તેમ તારી છાતી ઉંચકાયછ ને પડેછ,
જાણે સઘલા પેહેલવાનો તેમાંજ લડેછ !
તે જોઇ, ઓ પીઆરી ! આ જીગર ફાટેછ,
જુદાઇની તલવારના ઝટકા લાગેછ.
લડું છ જાણે અહીંઆંજ દુશમનોની સાથ,
ઘાયલ જાણે થઇ ગીઓછ હું તેઓને હાથ.
પણ તું જાણેછ પીઆરી, જમે એવો ઘાએલ
સીંહ, નથી છોડતો પોતાનો શતરૂ જાહેલ.
તેથી, જોકે જાઉંછ હાલ જખમી શકત,
પણ બની જશ તાજો તે જંગને વખત.
હમેશ તારી સુરતને આંખમાં રાખશ,
હમેશ તારાં નામને જબાંપર આખશ.
જો ખોદા આપશે મને ફતેહનો ગંજ,
તો વલી રેહેશે તારી બધી બેચેલી રંજ.
પણ અગરજો હું મારીઓ જાઉં દુશમનને હાથ,
તો તે જેહાનમા મલશું આપણ બંને સાથ.
વાસતે, થોડા વખતની જુદાઇને ખાતર,
ના પાડતી જફા તારા તનની ઉપર,
ના નાખતી એક પણ આંસુનો કતરો,
ના મેલતી છાતીપર ગમનો પથરો.
ધીરજથી ખોદાપર એકીન ધરી,
ગુજારજે વખત તેની બંદગી કરી.
એક બચું છે તેની લેજે સંભાલ,
જાણજે તે બેટોછે હીરો બેમીસાલ.
તેનામાં હમેશ તું જોજે મને,
થશે મારા જેવોજ તે મને ને તને.
માઓની સાથે તેનો બાપ પણ થજે
તુંજ, ને શીખવીને શીઆનો કરજે.
કરજે એવો કે રાખે મારૂં નામ,
દુનીઆમાં નામદારીના કરીને કામ.
હવે છેલી સલામ ! છેલી સલામ ! ઓ જીવથી પીયારી,
વફાદારમાં વફાદાર થઇછ તું ઓરત મારી.
ખોદા તારો હમેશ મદદગાર હોજો,
તારે ખાતર જીંદગી મારી સલામત રેહેજો.

## કેરોસીન આઇલ અથવા ગીઆસનું તેલ વાપરવામાં સંભાલ.

ઉપલાં નામનું તેલ, જેને દેશી સ્ત્રીઓ ઘણુકરી ઘાસ લાઇટના તેલને નામે ઓલખેછે, તે વાપરવાનો ચાલ હાલ આપણા લોકમાં ઘણો વધી ગયોછે. પારસીઓને ઘણેખરે ઘેર હાલ એ તેલના દીવા બલના જોયામાં આવેછે. આગલ કરતાં હાલ એ તેલનો ભાવ કમતી થવાથી તે કોપરેલ કરતાં સસતું પડવા જાયછે, અને સાથે એનો દીવો બાલતાં વારેવાર કાકડા સારવા વગેરેની કડાકુટ જરા કમતી હોયછે; અને વલી એના દીવામાંથી જે રોશની નીકલેછે, તે વધારે સફેદ અને તેજસવી હોયછે. એથી કરીને એ તેલના દીવા બાલવાનો ચાલ પારસીઓમાં વધીઓછે. પણ એ તેલના સઘલા ફાયદા સાથે એમાં એક મોટો ગેરફાયદો એછે કે, તેનામાં તુરત સલગી ઉઠવાનો તથા ફાટવાનો ગુણછે. એ તેલને જો બતી લાગેછે તો તે સઘલું તુરત સલગી ઉઠેછે, અને જો તેના બાફને હવા લાગેછેતો તે એકદમ ઉડેછે, અને જે વાસણમાં હોય તેને ફાડી નાખી આસપાસના માણસને મોટી નુકશાની કરેછે.

પારસીઓના ઘરમાં જીઆં એ તેલ વપરાયછે તીઆં તે દીવામાં પુરવા વગેરેનું કામ ઘરમાંના ચાકર કરેછે, કે ન હોતો ઘરમાંની સ્ત્રીઓ કરેછે. તેઓ મધેના ઘણાકો એ તેલના નાશકારક ગુણથી એટલાંતો અજાણ્યા માલમ પડે છે કે, જેમ કોપરેલને ઢોલ નાખી કરી દીવા કરે તેમ એણે પણ કરેછે. એથી કરી કેટલીક વાર કેટલાક ઘરોમાં ધાસતી ભરેલા અકસમાત બનીઆછે કોઇ ઘરમાં આસપાસની ચીજો સલગી ગઇછે, પણ ઘર સલગતું બચીઉંછે; કોઇ ઘેરમાં માણસોનાં હાથ પગ દાઝી ગયાછે પણ તેમનાં શરીરને કોઈ તેવી ધાસતી ભરેલી નુકશાની થતામાંથી બચી ગયાછે; અને કોઇ ઘરમાં તે ફાટવાથી કેટલીક નુકશાની થઇછે. જોકે સારાં ભાગ્ગે અતીઆર વેર કોઇ ઘણો માઠો બનાવ બનીઓ નથી, તોપણ તે બનવાનો સંભવ નથી એમ નહી કેહેવાય. એમાંથી એટલે વેર બની શકે, કે ઘરનાં ઘર બલી જાય, અને માણસનાં માણસ જખમી થાય તથા મરણ પામે. જેમ એ તેલનો જથો વધારે હોય તેમ એમાંથી વધારે ખરાબી થવાની ધાસતી. જો એની એકાદ મોટી વખાર કાંઇ અકસમાતથી સલગી ઉઠી હોયતો આસપાસ ઘણે દુર વેર જાન માલની મોટી ખરાબી કરી નાખેછે; તેટલા વાસતે એની વખારોને ઘણી વસતીવાલા ભાગમાં સરકાર રાખવા દેતી નથી. આગલ પારસીઓનાં ઘરમાં ઘણીખરી બાટલી ભરાઇ આવતી ને તે બલી રહેતી કે બીજી આવતી તીઆરે તેને માટે ઝાઝી ફીકર નહી હતી, પણ હાલમાં એ તેલ ઘણું સસતું થવાથી લોકો તેના આખા ડબાજ ઘરમાં લાવીને મેલેછે; જેથી તેનાપર વધારે સંભાલ રાખવાની જરૂરછે. કેટલેક ઠેકાણે ઘરમાનાં મરદો તેમજ ઓરતોનું એ તેલ સંબંધી એટલું તો અગનાનપણું અને બેસંભાલ હમારા જોવામાં આવીઆંછે, કે એ તેલનાં ડબાને કોપરેલની બરણીની માફક રાંધણીમાં અને ચુલાની નજદીકમાં મુકી રાખેલા, અને તીઆંજ તેઓ તેના દીવા કરે, અને તેમ કરતાં જમીનપર કે દીવાપર ઢોલાયતો તેને, જેમ કોપરેલને લુછી લે તેમ લુછી લે પણ ખચીત એ ઘણું ધાસતી ભરેલું છે. એ તેલનાં વાસણને બનતાં સુધી આતશ અને દીવાથી ઘણું વેગલું રાખવું જોઇએ; અને તેની નજીક આતશ કે દીવો લઇ જતાં ઘણી સંભાલ રાખવી જોઇએ. તેમાં ભરેલાં વાસણ કરતાં અધુરાં અથવા ખાલી વાસણ આગલ દીવો લઈ જતાતો ઘણીજ સાવચેતી રાખવી જોઇએ; કારણ કે જો ભરેલું વાસણ સલગશે તો તેમાથી બલતાંનો મોટો બલુકોજ નીકલશે, પણ જો અધુરું અથવા ખાલી સલગશે તો તે એકદમ ઉડીને ફાટશે, અને

આંગલનાં માણસને મોટી નુકશાની કરી નાખશે. એક ઘરમાં એ તેલનો એક ડબો ખાલી થવાથી બઇરાંઓએ તેને ચુહુલાપર મેલીઓ; કે ઘી અથવા કોપરેલની માફક તેને વલગી રહેલું તેલ તવાઇને નીકલી આવે! પણ ઉપર લખવા પરમાણે, તે ખાલી હોવાથી, ચુલાપર મેલતા વારજ તે એટલાતો જોરથી ઉડીઓ કે, ઉપરના પેહેડીઆં સાથ અઠડાઈ, વલી જઈ, નીચે પડીઓ. એ ડબો જેટલા જોરથી પેહેડીઆં સાથ અઠડીઓ તેટલા જોરથી જો તે આગલ ઉભેલાં બઇરાંઓને અઠડીઓ હતેતો, ખચીત તેમાંથી એક બેની ઘાત થતે. એટલા માટે એ તેલની બાબતમાં પારસી સ્ત્રીઓને ઘણી સાવચેત રહેવાની જરૂરછે. અને જે મરદો ઘરમાં એ તેલ બાલવાને લાવે તેઓએ પેહેલાં એના ગુણથી પોતે વાકેફ થઇ બઇરાંઓને તેથી વાકેફગાર અને સાવચેત કરવાં જોઇએછે; અગર નહીતો એ તેલ ઘરમાં લાવવુંજ નહી જોઇએછે એ તેલ કેમ સલગેછે તથા ઉડેછે, અને કેમ અકસમાત બનેછે; તથા ભરેલાંના કરતાં અધુરૂં વાસણ વધારે ધાસતી ભરેલું કેમ છે, તેનો ખોલાસો નીચે કરીએછે.—

પરથમ હમારે જણાવવું જોઇએછે કે, એ તેલ હમેશ ધાસતી ભરેલુંછે, અને એને વાપરવું નહીંજ જોઇએ એમ હમો કહેતા નથી. હમારો મતલબ એજછે કે, એ તેલ વાપરવામાં જોઇતી સંભાલ રાખવી, કારણ કે જે અકસમાતો બનેછે તે તેને લગતી ગેરસંભાલથીજ બનેછે: અગર નહીંતો તેમાં ધાસતી જેવું કંઇ નથી. એ તેલ બાલનારાઓએ સઉથી પેહેલે તેલ ખરીદતી વખતે તપાસવું કે તેલમાં ભેલભાલ કીધેલી નહીં હોય; તથા ભેલભાલ નહીં હોય તો પણ તેલ બરાબર બનાવેલું હોય; કારણ કે ભેલેલું અથવા બરાબર નહી બનાવેલું તેલ જલદી સલગી ઉઠેછે. એને ફાટવાનું મુખીઅ કારણ એછે કે એ તેલ દીવામાં ભરવા પછે એમાંથી બાફ પેદા થાયછે, અને તેલ અધુરૂં હોવાથી અથવા થવાથા જેટલી ખાલી જગા હોય તેટલીમાં તે બાફ એકઠો થઇ રહેછે. હવે જીઆંવેર એ બાફને હવા નથી લાગતી તીઆંવેર તેને ગમે એટલી ગરમી લાગે તોપણ તે જેમનો તેમજ રહેછે; પણ જેવી તેને હવા લાગી કે તે મોટા જોરથી અને અવાજથી ઉડેછે, અને વાસણને ભાંજી કકડા કરી નાખેછે, જે કકડા આસપાસનાં માણસને નુકશાન કરેછે. તેટલા માટે એ તેલના દીવા બાલતી વખતે આટલી વાતની સંભાલ રાખવી.—

૧—દીવા કરવાનો કાચનો ડબો દરરોજ બરાબર ભરીને પછે દીવો સલગાવવો. કારણ કે એમ થવાથી તેમાં બાફનો જમાવ હોતો નથી, અને તેથી તે ઉડતો નથી. જો અધુરો ડબો હોય ને સલગાવીઓ હોયતો, ઉપર લખવા પરમાણે ડબામાની ખાલી જગામાં બાફ જમાવ થઇ રહેલો હોયછે, અને તે હવા સાથ મલેલો હોયછે, જેથી તેને જરા ગરમી લાગતાંજ તે ઘણીવાર ઉડેછે.

૨—તેમજ, દીવો મોડી રાતે અથવા થોડો વખત બાલી મેલવીઆ પછે થોડે વારે પાછો સલગાવવો નહી, કારણ કે ઉપર લખવા પરમાણે તેમાં બાફ એકઠો થએલો હોયછે. વાસતે જો સલગાવવો પડેતો પેહેલાં તેને તેલથી ભરવો, એ સલામતી ભરેલુંછે.

૩—મોડી રાતનાં, જીઆરે એના ડબામાનું તેલ લગભગ બલી રહેવા આવેલું હોય, તીઆરે તેને ઉંચકીને બીજી ગમ અથવા ખોલી કે ઠંડી હવામાં લેઈ જવો નહીં. કારણ કે, તેલ બલી રહેવા આવવાથી ખાલી જગામાં બાફ હોયછે, જે જીઆંવેર દીવો બલતો હોયછે તીઆંવેર તે ગરમ હોવાથી તે સઘલી જગામાં ખીચોખીચ રહેછે, જેથી માહે હવાને આવવાનો વગ હોતો નથી, અને તેથી તે સલગતો નથી. પણ જેવો તે દીવાને ઉંચકીઓ, કે માહેનો બાફ ચરવચર થાયછે, અને તેવામાં તેને ઠડો પવન લાગાથી તે બાફ કઠણ થાયછે, અને કઠણ થવાથી તે થોડી જગામાં સમાયછે, જેથી બાકી ખાલી પડેલી જગામાં હવા ધુસી જાયછે, અને તેમ થતાં તે બાફ ઉઠેછે અને દીવાનો ડબો ફાટી જાયછે.

૪—સાધારણ સંભાલ એ રાખવી કે, દીવામાં એ તેલ પુરતાં તે બાહાર લાગે નહી, અને લાગેતો તેને બરાબર લુછી નાખવું; અગર નહીતો તેમાથી ઘણો ખરાબ વાસ આવતો રહેછે, અને માણસને કંટાલો આપેછે. વખતે તેને બતી લાગતાં તેનો સંબંધ અંદરના તેલવેર હોવાથી તે સલગી પણ ઉઠેછે.

આટલી વાતની સંભાલ રાખી હોય, તો પછે એ તેલના દીવા બાલવામાં કશી ધાસતી નથી. માટે જેઓ એ તેલના દીવા બાલતાં હોય તેઓએ એ બાબત ઉપર મજબુત ધીઆન રાખવું.

# ધરમશાળા

અથવા

## જંગલમાં કહેલી ચાર વાતો.

### ૨—કઠણ દીલ.

(સાંધણ સફે ૧૨૬ થેથી)

પીટર મંક બેશુધ હાલતમાં પડેલો તેના ઘર આગલથી જતાં કેટલાક વટેમારગુઓનાં જોવામાં આવીઆથી તેઓએ તેને હુશીઆર કીધો. જેવો તે હુશીઆર થયો, તેવોજ તે પોતાની આંખ ઉંઘાડી ગભરાઇને પુછવા લાગો કે, તેની સ્ત્રી લીસબેથ કાહાછે.

પણ તેણીને કોઇએ જોઈ ન હતી, કે તે કીઆંછે. પછે જરાક વારમાં પીટર ઉપર આ સઘલું શું બની ગયું તેના વીચારની હાર તેના મનમાં શરૂ થઈ. તેને માલમ પડીઉં કે, આ ભયંકર બનાવ કંઈ સવપનો નહી હતો, પણ એક ખરેખરો બનાવ હતો; અને ખરેખર પોતાની સ્ત્રી લીસબેથનું ખુન કરનાર તે પોતેજ હતો.

આ વીચારોથી પીટર ઘણો બેચેન થઇ ગયો; પણ કોઈ રીતે દલગીરીમાં કે પસતાવામાં પડીઓ નહી, કારણ કે તેનું દીલ 'પથરનું' થયેલું હતું. પણ તેની સ્ત્રીનાં મોહોતથી કરી તેને પોતાની આખર ઉપર વીચાર કરવાને સુઝીઉં, અને તેથી તેના મનમાં હજારો તુરંગ ઉઠવા લાગા. ગરીબોનાં જે આસુ તેણે પડાવીઆં હતા; દુખી થતાઓના પોકારને જે તેણે પોતાના કાનો બંધ કીધા હ

તા; પોતાની માંને જે નાસીપાશ કરી હતી, અને પોતાની સ્રીનું જે લોહી રેડીઉં હતું, તે સઘલાં જાણે તેની ઉપર વેર લેવાને તેની આગલ ઉભાં રહી પોકાર મારતાં હોય તેમ તેને લાગવા લાગીઉં.

મોડી રાત સુગી પીટર આવા દુખદાયક વીચારમાં ગુંગલાયા કીધો, પણ આખરે તેની આંખમાં જરા ઉંઘ આવી, તેવામાં એક મીઠાસ અને નાજુકાઈ ભરેલો આવાજ આસ નેથી તેના કાનમાં આવીઓ કે, "પીટર હજી તારાં દીલને જરા નરમ કર." આ આવાજથી તે ભડકીને જાગી ઉઠીઓ, પણ આંખ ઉઘાડી જેવાની તેની હીમત ચાલી નહી, કે રખેને તેની ભલી લીસબેથ, જેનો આ આવાજ હતો, તેની તરફ જેવાઈ જાય.

એવી હાલતમાં ૭ દાહાડા નીકલી ગયા, અને દનપર દન પીટરને થતો ખેદ વધતો ગયો; પણ આખરે સાતમે દાહાડે તેણે પોતાના કોમલ શીકશકની શીખામણ પરમાણે ચાલવાનો ઠરાવ કીધો.

રવીવારની સહવારના પોતાના આગલા સુખીઆરા દહાડાના જેવો પોશાક તેણે પેહેરીઓ, અને ઘોડેસવાર થઈને પેલાં ઝાડની જગા આગલ ચાલીઓ. જેવો તે મનમોહન જગા આગલ આવી પોહોંચીઓ, તેવોજ તે ઘોડા ઉપરથી નીચે ઉતરીઓ, અને તેને એક ઝાડ સાથે બાંધી પેલાં ઝાડ આગલ ચાલીઓ. તીયાં જઈ તે ખજાનચીની આગલ પોતાનું મંતર ભણવા લાગો, જે વેલાએ આકાશ જરા ઘેરાયલું હોવાથી તે ઝાડની જાડી અને ઘીચ દાંખલીઓમાંથી સુરજનું અજવાલું તેને બરોબર પડતું નહી હતું, અને તેવામા પેલું કાચનું માણસ ઝાડમાથી બાહાર નીકલીઉં પણ તેણે આગલની માફક પીટરનો મીતરાચારી ભરેલો આવકાર કીધો નહી. તેનું મોડું ગુસા ભરેલું દેખાતું હતું; અને તેણે માથાંથી તે પગ સુધી કાલા કાચનો શોકનો પોશાક પેહેરેલો હતો આ જેઈ પીટર સમજી ગયો કે, તેણે કોણને ખાતર આ શોક ધરીઓછે.

તે તેને જેઈ ગંભીરાઈથી બોલીઓ, "પીટર મંક, તુંને મારી સાથ શું કામ છે ?"

પીટર ગુંગલાતે આવાજે બોલીઓ, "ખજાનચી સાહેબ મને હજી એક આસાછે."

ખજાનચીએ જવાબ દીધો, "શું પથરનાં દીલના માણસની આસા બર આવે કે ? તારા પાપી વીચારથી જે તેં માગીઉં તે તને મલવા જેટલું મલી ચુકું; હવે તને કંઈ વધારે મલશે નહી."

"પણ ખજાનચી સાહેબ," પીટર બોલીઓ, "તમે મારી તરણ જાતની ઉમેદ પાર પાડવાની કબુલાત આપી હતી, તેમાં બે પાડી ને એક રહીછે, તે હવે પાડશો કે નહી ?"

કાચના માણસે કહીઉં, "જેકે મને ગમેતો હું તને ના પાડી શકું, પણ હાલ હું તેમ કરવાને ઈછતો નથી; માટે બોલ તું તરીજું શું માગેછ ?"

"ઓ ખજાનચી સાહેબ !" પીટર કલવાઈને બોલીઓ, "ગમે તે કરીને મારી છાતીમાનું પથરનું દીલ કાહાડી લઈ મને મારૂં આગલુ ગરમ, થપકતું અને જીવતું દીલ પાછું આપો."

"તીઆરે શું હું ડચ મીકાયલછું કે મારી પાસે તું તારૂં દીલ માગેછે ?" કાચનું માણસ બોલીઉં, "જા, જા, બેવકુફ પીટર મંક, જેને તેં તે વેચીઉંછે, તેની પાસે જઈને માંગ."

"હા !" પીટર હાએ મારી બોલીઓ, "તે કરી લીધેલી કબુલાત કદી ફેરવવાનો નથી."

"તું કેવો પાપી માણસછે" ! કાચનું માણસ બોલીઉં, "મને તારીપર ઘણી દયા આવેછે, પણ હુ તારી એ માગણી પુરી પાડી શકતો નથી, તોપણ એ વાતમાં હું તને મદદ કરી શકશ. જે સાંભલ; જબરી કીધાથી તારૂં દીલ તારા હાથમા આવવાનું નથી, પણ તાલમેલથી તે આવી શકશે. અને એ વાતને તું ઘણી મુશકેલ સમજતો ના, કારણ કે ડચ મીકાયલ ગમે એવો પાપીછે, તોપણ બેવકુફછે, માટે તેને ઠગવાની યુકતી હું તને બતાઉંછું. આ તલેસમાત તું લે, અને એને તે રાખશસની સામે ધરજે, ને સાથે બંદગી કરજે, એટલે તે તને કોઈ રીતે હેરાન કરી શકશે નહી, તથા તેના ગોકામાંથી બાહાર નીકલતો તને અટકાવી શકશે નહી. વાસતે હવે જા, અને તારૂં કામ બજાવી તુરત આ જગાએ પાછો આવ."

આ બોલો કહી તે ખજાનચીએ તેને એક ચકમકનો કરાંસ આપીઓ, જે તુરત છાતીમાં બોસી પીટર પેલા રાખશસનાં રેહેઠાણ આગલ આવીઓ; અને તેને તરણ સાદ મારીઆ એટલે તે તેની આગલ આવીને ઉભો.

પીટરને જેતાંજ તે રાખશસ બીહામણા આવાજે હસીને બોલીઓ, "તારી બઈરીથી તેં તારો એ પરમાણે છુટકારો કીધો ખરો; ઠીક કીધું તેને મારી નાખીતો, અગર નહીતો તે પોતાની સખવતે કરી તને ખરાબેહાલ કરી નાખતે. પણ હવે તને થોડોક વખતવેર તારૂં દેશ છોડી દેવું જેઈએ, અને હું ધારૂંછું કે તું મુસાફરીના ખરચને માટે થોડાક પઈસા મારી પાસે માગવા આવીઓ હશે"

"તમે કહોછો તે બરોબરછે," પીટર બોલીઓ, "પણ જે પઈસા તમારી પાસે હું માગવા આવીઓછું તે કંઈ નાની રકમ નથી, કારણ કે અહીંથી અમેરીકાવેર જવાનો ખરચ થોડો નથી લાગતો."

પેલો રાખશસ પીટરને પોતાના મકાનની અંદર બોલાવી લઈ ગયો, અને તેની આગલ તેને આપવા માટેનાં ડાલરનો એક મોટો ઢગલો કીધો, જે તેણે લઈ લીધો, અને બોલીઓ, "મીકાયલ, તું બી ઘણો હુશીઆર તજર આવેછે; તેં મને કહીઉં કે મારૂં માગનું દીલ તેં લઈ, તેની જગાએ મારી છાતીમાં એક પથરનું મેલીઉંછે, જે નીરજીવની માફક પડી રહેશે, પણ હુંતો કંઈ તેમ જેતો નથી"

એ સાંભલી મીકાયલ અચરત થઈ બોલીઓ, "શું એમ નથી ? શું તારી ડાબી બાજુએ તને હજી ધપકારો લાગેછે, અને તને દલગીરી અફશોશ વગેરે લાગેછે ? ના, એમ હોય નહી. જે, આવ ને તારી ખાતરી કર," એમ કહી મીકાયલ તેને અંદરના ઓરડામાં લઈ ગયો, જીઆં અભરાઈની ઉપર હારેડેર બાટલાઓ મેલેલા હતા, જેમાં બધાઓનાં દીલ અરખમાં મેલેલાં હતાં. તેમાથી એક બાટલો ઉંચકી પીટરને દેખાડીઓ, જેની ઉપર એક ચીઠી મારેલી હતી, કે "આ દીલ પીટર મંકનુંછે." એ બાટલો દેખાડી મીકાયલે પીટરને પુછીઉં કે, હવે તેં તારૂં દીલ જે

યું ?" તે સાંભળી પીટર બોલીઓ, "હું કેમ જાણું કે એ દીલ મારૂં જછે ?" "અલબતે એ દીલ તારૂં નહે, બેરકુફ," મીકાપલ બોલીઓ, "તારાંજ માસને લોહીથી બનેલું છે. ले. નહી માનેતો થોડોવાર તારી છાતીમાં મેલી જો, કે તારી ખાતરી થાય "

મીકપલ એટલું બોલીઓ કે, તુરતજ પીટરની છાતીમાં ધપકારો ચાલવા લાગો; એ જોઈ તે અકબઈને પેલા બાટલામાં જોવા લાગોતો તેમાં કંઈ મલે નહી !

પીટરને આ પરમાણે અજાયબીમાં ગરકાવ થયલો જોઈ, મીકાપલ હસતો હસતો પુછવા લાગો કે, "કેમ, હવે તને લાગેછેકેની કે આ બાટલામાંનું દીલ તારૂંજ હતું !"

"હા, હા, ખરૂં, પીટર પોતાની છાતી ઉપર હાથ દાબીને બોલીઓ, એ મારૂંજ દીલછે, અને હવે મને ઘણો કરાર થયોછે, અને એને છોડવા ગમતું નથી."

"ચાલ, ચાલ પીટર, "રાખશસ બોલીઓ," મારી સાથે એવી મશકરી ચાલવાની નથી. મારે તારૂં દીલ પાછું લેવુંજ જોઈએ;" એમ કહી તે જેવો પીટરના આંગ ઉપર જાપછે, તેવોજ પીટરે પેલા કાચનાં માણુસે આપેલો તલેસમાતીક કરાપ કાહાડી તેની સામણે પકડીઓ; અને તેવોજ પીટર રાખશસની આખમાં નહી દેખાય એવો થઈ ગયો. આ તકનો લાભ લઈ પીટર પાછલ પગે બાહાર નીકલવાના દરવાજા આગલ હઠવા લાગો, અને રાખશસ તેને પકડવાના ફાંફાં મારવા લાગો. તે આણીગમથી પેલીગમ હાથની ઝપાટો મારવા લાગો, પણ તેના હાથમાં હવા વગર બીજું કશું આવતું નહી હતું. પણ વલી તે સાથે પેલા તલેસમાતથી બીજો ચમતકાર એ થયો, કે તે રાખશસનું શરીર ધીમે ધીમે એટલું નાનું થતું ગયું કે થોડાવારમાં તે એક મોટા કીડા જેટલો થઈ ગયો ! વલી તે સાથે પેલા બાટલાઓમાંના બધાં દીલો તેમની અંદર ઉછલવા અને તલે ઉપર થવા લાગાં. આ સઘલું જોઈ પીટર મંક એટલોતો ગભરાયો, કે એકદમ જીવ લઈને તે જગાએથી નાઠો.

જેમ જેમ પીટર જંગલમાં આગલ ચાલતો ગયો, તેમ તેમ તે આંધો જવાથી પેલા તલેસમાતનું જોર કમતી થતું ગયું; અને તે રાખશસ જરા જરા પેતાની આગલી શકતીમાં આવતો ગયો. તે આ સઘલા બનાવથી એટલો તો ચીરડાઈ ગયો, કે પીટરનો જંગલમાં નાશ કરવા માટે, તેણે એક જબર તોફાન ઉઠાવીઉં. પવન જોરમાં ફુંકવા લાગો, આકાસમાં મોટા ગગડાટ થવા લાગા, અને ચોમેર વીજલી ચમકવા લાગી અંને ધોધબંધ વરસાદ પડવા લાગો. પીટર તેમાંથી બચવાને આણીગમથી પેલીગમ જંગલમાં દોડવા લાગો, પણ કેથે તેને બચાવ મલીઓ નહી તોપણ તે હીમત પકડીને આગલ દોડતોજ ગયો, જેથી આખરે પેલા ખજાનચીનાં મકાન આગલ આવી પોંહોંચીઓ, જીઆ આવતાંજ સઘલું તોફાન નરમ પડી ગયું.

પણ આ પરમાણેનાં શકત તોફાનમાંથી બચવાથી તથા પોતાનું દીલ પાછું મલવાથી તેને જેવી ખુશી ઉજવી જોઈએ તેવી ઉપજી નહી, કારણકે હવે તેનું ખરૂં દીલ તને પાછું મલવથી, તેણે અતીઆરવેર જે ઘાતકી અને પાપી ચાલ ચલાવી હતી, તે સઘલી તેને ઈઆદ આવવા લાગી, અને તેને માટે તેના દીલમાં ઘણું લાગવા લાગું. તેણે તેની માંની સાથે, સ્રીની સાથે અને એજ પરમાણે બધા સથે જે ઘાતકી ચાલો ચલાવી હતી, તે બધી તેને એક પછે એક ઈઆદ આવવા લાગી; અને તેથી તે પોતાને એવોતો ઘાતકી અને પાપી સમજવા લાગો, કે તેની આંખમાંથી બોર બોર જેવાં આંસુ પડવા લાગાં.

(સાધણછે.)

## કુવામાંનો ભુત.

દેશી સ્રીઓના, અને બરોબર બોલીએતો ઘણાક દેશી મરદોના વટીક વીચાર પરમાણે ભુત ઘણી જગામાં વસેછે. તે ઝાડમાં વસેછે, ઘરોમાં વસેછે, અને કુવાઓમાં પણ વસેછે. તેઓ કહેછે કે, જે ભુતના સપાટામાં આવેછે, તેનુ કલેજું તે ભખી ખાયછે, અને તેથી માણસ મરણ પામેછે ! પણ આ ભોલાં લોકો સદા બીચારા ભુતમામાને એવો ઘાતકી કહેતા નથી. કેટલીક વાર તેને ઘણો રમુજી બનાવેછે. તેઓ કહેછે કે કોઈવાર ભુત ભોલવેછે, તેથી માણસને પોતાનો રસતો ભુલાવી ખુબ રખડાવી મારેછે. પણ વલી કેટલીકવાર તેને એવા મશકેરા કરતાં પણ ઘણો સરસ અને ઘણો ઊપયોગી બનાવેછે. કેટલાકો કહેછે કે, જો ભુતની ચોટલીના બાલ હાથમાં આવે તો પછે તેને જે કહે તે કરે, અને જે માગે તે લાવે ! ઢગલાબંધ સુનું લાવે ! ટોપલાબંધ હીરા લાવે ! અને ગાડાંબંધ મોતી લાવે ! હમો ઈછીએછે કે એવો ભુત હમોને અને હમારી વાચનારી બાઈઓને પણ મલે !

પણ હાલ તુરત એવા વાહાલા ભુતને મુકી ઘણા અનગમતા ભુતની વાત કરીએ; કે જે માણસનાં કલેજાં ખાઈ જાયછે ! એવી જાતના ભુત ઘણીવાર જુનાં ખાલી પડેલા ઘરોમાં તથા પડત પડેલા અથવા કીચલ ભરેલા કુવામાં જોવામાં આવેછે. એની સાબેતી એછે કે, તેવાં ઘરમાં પેસતાંજ કે તેવા કુવામાં ઊતરતાંજ એક તનદરોસત અને મજબુત માણસ એકદમ ભમરી ખાઈ નીચે તુટી પડેછે, અને તુરત પોતાનો પરાણ છોડી દીએછે. "એમાં ભુતનું કામ નહી હોય તો બીજા કોણનું ?" મુઆ સુધરેલાઓતો, ગમે તે કહે, પણ આમાં "ભુતનો ચારો નહી હોય તો બીજા કોણનો" ? અલબતે, એ વાત ખરીછે. એવી જગાઓમાં એક જાતનો ભુત વસેછે ખરો, પણ જેવો ભુત આપણી વેહમી સ્રીઓ અને તેવાજ પુરૂશો માનેછે તેવો નથી. તેમજ

જે કેટલાકો વાંદરાની માફક ફકત જોઈનેજ શીખેલા બનેલાછે, પણ જાતી ભંડોલતો હોતો નથી, તેઓના કહેવા પરમાણે તે તદન ખોટુંબી નથી. એવા શીખેલાઓ ! ઘણીવાર હીમતથી બોલેછે કે, લાવો, તમારી ભુતવાલી જગા દેખાડો, હમે તેમાં જઈ આવીએછે, અને જોયે કે, હમોને શું થાયછે. પણ તેવાઓને હમો મજબુત ભલામણ કરીએછે કે, એવી વેલાએ સઘલી વખતેજ હુલરાઈ કરવી નહી, અગર નહીતો તેવાં ઘરમાના કે કુવામાંના ભુતમામા તેમને પણ વલગવા વગર રેહશે નહી, અને તેમનાં કલેજાંને પણ છોડશે નહી !

થોડાક દીવસની વાતપર અતરેના ભીંડીબજારના લતાપરના એક પારસીનાં ઘરના એક કુવામાં એવા ભુતની વસતી માલમ પડી હતી. તે કુવામાં કાદવ ઘણો થયોછે એમ જાણી તે ઘરનાં માંણસોએ એક માણસને તે સાફ કરવા માહે ઊતારીઓ. તે અંદર ગયો, અને કાદવમાં જેવો એક પાવડો મારીઓ, કે તુરત તેને તલીએ સુતેલા ભુતમામા છેહયા, અને તે બીચારાનું કલેજું ભખી ખાધું ! ઊપરનાં માણસોએ તેને અંદર બેસુધ સરખો અથવા મરણ પામેલો જોઈ તુરત બીજાને ઊતારીઓ, પણ તેનેબી ભુતમામાએ ભખી ખાધો ! તેની પછવાડે તરીજો ઊતરીઓ, તેના દીલમાંબી ભુતમામા ભરાઈ ગયા; અને એ પરમાણે ઊપરા ઊપરી પાંચ છ માણસ અંદર ગયાં, ને જતાંવારજ લોથ થઈ એક એકની ઊપર પડીઆં. એવા વખતમાં જો ઊપર લખવા પરમાણેના શીખેલાઓમાંના પણ એક બે ઊતરીઆ હતે, તો બેશક તેમને પણ તે ભુતમાંમા જતા મેલતે નહી, પણ પેલા બીચારાઓની સોડમાં સુવાડતે.

આ સઘલો બનાવ ખરોછે, અને તે આપણી આંખ આગલ બનીઓછે. એ કુવામાં જે માણસ પેહલો ઊતરીઓ હતો તે બીચારો મરણ પામીઓ, અને તેની પછવાડે ઊતરેલાઓ એવી બેશુધ હાલતમાં આવી ગયલા હતા કે તેમને મોટી મુશકલીથી હુશીઆર કીધા. પણ વાંચનારી બાઈઓએ જાણવું કે આ બનાવ જે બનીઓ, અને એવાંજ જે વારેવાર બનેછે, તે તેઓ ધારેછે તેવા ભુતના વસવાથી અને તેમના ભખી ખાધાથી નહી, પણ તદન જુદાંજ કારણથી બનેછે. પડત અને બંધ ઘરોમાં તથા પડત કુવાઓમાં હવા લાંબો વખતવેર ઘેરાઈ રહેવાથી તે ઝેરી બની જાયછે; અને તે માણસના દમમાં એકદમ જતાંજ તેનાં લોહીને ખરાબ કરી તેના જીવની નુકશાની કરેછે. ઊપર લખેલો પારસીના ઘરનો કુવો પડત નહી હતો, તોપણ તેમાં એવો બનાવ બનીઓ, અને પેહલો પાવડો કાદવમાં મારતાંજ બનીઓ, તેનું કારણ એજછે કે, તેનાં તલીઆંમાં કાદવ ઘણો થયલો હતો, અને તે કાદવની અંદર ઝેરી હવા પેદા થઈને જમાવ થઈ રહેલી હતી, જે પેહલો પાવડો મારતાંજ એકદમ બાહાર નીકલી આવી, અને પેલા માણસના દમમાં ગઈ, અને તેથી તે મરણ પામીઓ. બીજાઓ તુરત બેસુધ થઈ ગયા, પણ સલામત રહીઆ તેનું કારણ એકે, તેમના દમમાં તે ઝેરી હવાનો થોડો ભાગ ગયો. જે સંઅસ છેલો ઊતરીઓ હતો તેનાપર ઘણીજ થોડી અસર થઈ હતી, કારણ કે તેના દમમાં તેનો ઘણોજ થોડો ભાગ ગયો હતો.

એટલા માટે, એવી જગામાં જવાને સઘલાઓએ ઘણી સંભાલ રાખવી જોઈએ. એવી પડત જગામાં જવું હોયતો, તેમાં ઝેરી હવા જમાવ થયલીછે કે નહી તે પેહલાં તપાસી જોવું જોઈએ. તેમ કરવાનો સેહેલો ઊપાયછે; પરથમમાં એક મીનબતી સલગાવી તેને ફાનસમાં મુકી તેવા કુવામાં ઊતારી જોવી; અથવા તેવા ઘરમાં તેવી બતીનું ફાનસ અથવા હરેક દીવો દુર રહી મુકી જોવો. જો તે જગાઓમાં ઝેરી હવા હશેતો દીવો ઝટ બુજાઈ જશે, અગર નહીતો જેમનો તેમ બલતો રહેશે માટે, જો દીવો થોડીવાર વેર બરોબર બલતો પછે બેધડક અંદર જવું અથવા ઊતરવું અગર નહીતો પેહલાં તે ઝેરી હવાને બાહાર કહાડી નાખવાની કોશેશ કરવી. તેમ કરવાનો સેહેલો ઊપાય એછે, કે સુખડ, લુબાન, બોએ વગેરે ખુશબોદાર ચીજો આતશપર મેલી તેનો ખુબ ધુમાડો કરવો. એમ કરવાથી જેટલી ઝેરી હવા હશે તેટલી બધી સાફ થઈ જશે. પછે ફરીથી દીવો મેલી જોવો. જો હજી તેમાં ઝેરી હવાનો ભાગ હશેતો તે ફરીને બુજાઈ જશે. એમ થાંયતો ફરીને વધારે ધુમાડો કરવો. અંતે તે જગા સાફ થશે, અને પછે માણસથી વગર ધાસતાએ અંદર જવાશે. એવી જગાઓમાં અથવા દરરોજ ઘરમાં સહવાર સાંજ લુબાન ધુપાવાની મતલબ પણ એજછે કે, તીઆંની અથવા ઘરમાની ખરાબ હવા સાફ થાય.

## એક બેગુનાહ માતા પર ગુજરેલો બેવડો સેતમ.

ફરાનસ દેશમાં લાનસેલોટ ડી મોઈન નામનો એક શખસ રહેતો હતો, અને તે કાંઇક સરકારી ઓધા પર હતો. તે ૧૬૪૦ નાં વરસમાં જેન નામની એક આબરૂદાર સ્ત્રી સાથ પરણીઓ હતો. તેણે ૧૬૪૫ માં એવું વીલ કીધું કે, તેનાં મરણ પછે તેની સઘળી મીલકતની માલેક તેની સ્ત્રી થાય, અને તેમાંથી તેનાં બચાંનું અને પોતાનું પાલણ પોશણ કરે, અને તેમને સારી કેલવણી આપે. આવું વીલ કરવા પછે ૧૬૪૯ માં તે મરણ પાંમીઓ, અને તે પરમાણે તેની સ્ત્રી તેની સઘલી મીલકતની માલેક થઇ. એક ખરી માતા તરીકે, અને પોતાના ધણીના કોલ પરમાણે તેણીએ પોતાના છોકરાઓ, જે તરણ હતા, તેમને ઘણા પીઆરથી ઊછારવા અને સારીપેઠે કેલવવા લાગી. મરનાર લાનસેલાટનાં કેટલાંક ખેતરો હતાં, જેનું ભાડું ઘણું ચહડી જવાથી જે ગામો તરફ તે હતાં, તીઆં તે વસુલ કરવાને તેને જવાની ફરજ પડી. તેથી જેન પોતાના સઊથી નાના છોકરાને સાથે લેતી ગઇ, અને વડાને તથા વચલાને પોતાની મા અને એક દાસીને સાંપી ગઇ. પણ તે ગયા પછે તેના બે બંને છોકરાઓ પોતાની મમાઈ અને દાસીની સાથે રેહેતાં કંટાલી ગયાં, અને તેથી કુટારડ નામના એક ધંધાદારી શખસનાં છોકરાઓની સાથે છુપાછુપ નાહાસી ગયા. કુટારડના છોકરાઓનેનો રસતામાં એક શખસે જોયા, જેણે તેમને ઓલખીઆ અને તુરત પાછા લાવીઓ, પણ બીચારી જેનના બંને છોકરાતો કેથે ચાલી ગયા. આ વાતની ખબર જેનને પડવાથી તે બીચારી મોટા ગભરાટમાં પડી અને રડતી ને ટવલતી પોતાના વાહાલા દીકરાઓને શોધવા નીકલી, જીઆં જીઆં શોધાયું તીઆં તીઆં તેણે શોધવાને જરા પણ બાકી રાખીઊં નહી. રસતામાં જે મલીઆ, તેમને ભારે કાકલુદીથી ખબર અંતરો પુછી, પણ કોઈ તેના બંને દીકરાઓની કશી ખબર આપી શકીઊં નહી. તે પોતાના બચાંના ગમમાં બાહાવરી બની ગઇ, અને રાત અને દાહાડો તેમનીજ શોધમાં ભટકવા લાગી. એમ કરતાં તે એક દાહાડે જીરી નામના પોહોંચખાંના આગળથી જતી હતી, તેવામાં એક ભીખારીને તેની સીડી ઊપર ભીખ માંગવા બેઠેલો જોયો. તેની સાથે એક છોકરો પાસે બેઠેલો હતો, જેની સુરત દુરથી તેના વચલા છોકરા જેમસના જેવીજ દેખાવા લાગી. જેન અધીરી પડીને તેની તરફ દોડી, પણ પાસે આવીને જોતાં તથા તપાસતાં તે છોકરો તેનો નહી માલમ પડીઓ. તે બીચારી નીરાસ થઈને રડી પડી, અને પેલા ભીખારીને પોતાના છોકરાઓની નીશાની આપી મોટા કાલાવાલાથી કહીઊ કે, ઠારેઠાર ભટકતાં તેના જોવામાં જો તેના દીકરાઓ આવેતો તેમને તુરત તેની પાસે લાવવા, જેના બદલામાં તેને મોટું ઇનામ મલશે. એટલું કહી, તથા તે ભીખારીને કાંઈક પઈસા આપી પાછી પોતાને મકાને ગઈ. આ વાતને કેટલાક મહીના ગુજરવા બાદ પેલો ભીખારી, જેને જેન એક બીજાં ગામમાં મળી હતી, તે વરનન શેહેર, જેમાં જેન રહેતી હતી, તીઆં આવીઓ, અને પેલો છોકરો, જે તેનો પોતાનો હતો, તેની સાથે, રાબેતા પરમાણે ભીખ માંગવાને તીઆંના દેવલની સીડી ઊપર બેઠો. આગલ લખવા પરમાણે તે ભીખારીના છોકરાને જોઈ જેમ જેન ઠગાઈ હતી, તેમ વરનનના બીજા લોકોબી ઠગાયા: એટલે તેઓનેબી તે છોકરો જેનના ખોવાયલા છોકરા જેવોજ દેખાયો. તે ઊપરથી બધા લોકોમાં ગડબડ ઊઠી કે જેનનો છોકરો તો આ ભીખારીની સાથે છે. તુરતે કેટલાંક જણ જેન પાસે દોડીઆ, અને તેને તે વાતની ખબર પાડી. પણ જેને તેમને જણાવીઊં કે, તે કંઇ તેણીનો છોકરો નથી. પણ લોકોનેતો એટલી ખાતરી આવી ગઈ, કે એ છોકરો જેમસ સોવાય બીજો કોઈ નવી એવું ખચીત માનવા લાગા, અને તેથી જેનને તેને માટે ના પાડતી જોઈ તેઓ તેના પર શક લાવવા લાગા, અને બટો મેલવા લાગા. અંતે જેનની ઊપર તે બાબેનું ઘણું ભયંકર તોહોમત આવીઊં. વરનનની અદાલતનો સીંઓર લુઈસ નામનો એક અમલદાર હતો, જેના ખેતરો જેનના ખેતરોની પડોસમાં આવવાથી, પોતાની કાંઈક સગવડને ખાતર તેને જેનના ખેતરો મધેનું એક જોઈતું હતું; જે ઘણીબી રીતે માગવા છતાં જેને આપીઊં ન હતું. આથી કરી તે અમલદારનું તેના પર શકત વેર હતું. આ તકનો લાભ લઈ તેણે પોલીસખાતાંના વડાને જણાવીઊં કે, જેનનો છોકરો ખોવાઈ ગયો નથી, પણ તેને તેણે એક ભીખારીને આપી દીધો છે, અને તેની સાબેતી એકે તે છોકરો હાલ વરનનમાં છે, અને બધું ગામ તેને ઓલખેછે, પણ જેન ના પાડેછે.

આવી ઘાતકી અને એક માતાને નહી ઘટતી ચાલ ચલાવવાનું કારણ પેલા વેરી અમલદારે એવું જણાવીઊં કે, જેનનો તેના નાના, છોકરા ઊપર અતીશ પીઆર છે, અને તેથી સઘલી દોલતનો ઘણી તેને કરવાને માટે તેણે પોતાના મોટા દીકરાઓને આ પરમાણે ભીખારીઓને આપી દીધાછે, અને તેમને મહા દુખોમાં નાખીઆછે. આથી કરી બીચારી જેન ઊપર એક તરફથી ધડપકડ ચાલી, અને બીજી તરફથી ગામના લોકોના ફીટકારનો તેના પર વરસાદ વરસવા લાગો. પોલીસ ખાતાંનો વડો, જીઆં પેલો ભીખારી બેઠેલો હતો તીઆં તુરત ગયો, અને તેને પેલા છોકરા સુધાં પકડી લાવી નીઆય કરતાની આગલ લાવીને ઊભો કીધો. નીઆય કરતાએ એકદમ, જરા પણ પુછપરછ કીધા વગર, તે ભીખારીને બંધીખાને મોકલી દીધો, અને છોકરાને એક રાખવાની જગામાં મોકલી દીધો. તેની પછવાડે તેણે જેનને પકડવાનો હોકમ કાહાડીઓ, અને તે પરમાણે તે બીચારીને જબરીથી ઘરમાંથી બાહાર કહાડી કોરટમાં ઘસડી લઈ ગયા. આ વખતે તેના ઘરથી તે કોરટના દરવાજા સુધી રસતાની બંને બાજુએ લોકોની ભીડ થયલી હતી, અને જીઆરે બીચારી જેનને સીપાઈઓ તેમની વચેથી લઈને ચાલતા હતા, તીઆરે તેઓ તેના પર લીઆનત, ફીટકાર, ધીક્કાર અને ગાલ એટલાંતો વરસાવાં લાગાં, કે બીચારી જેને જાણે એક હજાર ખુન કરીઆં હોય ! એવી હાલતમાં જેનને નીઆય કરતાની હજુરમાં ઊભી કીધી. તેની સામે પેલા ભીખારીને પણ તેના છોકરા સાથે ઊભો કીધો, અને તેમની જબાની લેવા માંડી. એ વેલાએ તે ભીખારીએ મજબુત રીતે જણાવીઊં કે, આ છોકરો તેનો પોતાનો છે, અને જેનનો નથી. જેન સાથે તેને પેહલવેહલો જીઊનાં પોંહોંચખાંના આગલ જે મેલાપ થયો હતો, અને તે વખતે તેઓ વચે જે વાતચીત થઈ હતી, તે સઘલી તેણે વીસતારીને કહી. તેણે પોતાના હેવાલમાં જણાવીઊં કે, તેની સ્ત્રી બલોનડ નામની હતી, અને તે એક મોચીની છોકરી હતી. તેના મરણ પછે તે ઘણો માંદી હાલતમાં આવતો ગયો, અને છેલે ભીખારી થયો. તે સ્ત્રીથી તેને એ છોકરો થયો હતો, એવું તેણે ખાતરીથી જણાવીઊં, પણ નીઆય કરતાના મનમાં એ વાત ઊતરી નહી. તેણે જેનને ઘણાક સવાલ કીધા, જેના તેણીએ બરાબર ઊતરો આપીઆ અને સઘલી વખતે ખોલી રીતે જણાવીઊં કે આ છોકરો તેનો ખોવાયલો દીકરો જેમસ નથી. અંતે જેનને નીઆય કરતાએ પોતાના ઓરડામાં બંધ કરાવી, અને તીઆં આખો દાહાડો રાખી તેને સમજાવી તથા ઘણી બીહીવાડી કે તેણે તે છોકરાને કબુલ કરવો. પણ જે છોકરો પોતાનો નહી, તેને પોતાનો કરી કહેવાને જેને જીવ જાય તોપણ ના પાડીઊં. આખરે સાંજ થતાં તેને છોડી મેલવાની નીઆય કરતાને ફરજ પડી.

અહીંથી છુટી જેન જેવી પોતાના ઘરમાં ગઈ તેવીજ તે તે તકનો લાભ લઈ તીઆંથી પારીસ ખાતે નાહાસી ગઈ. બીજે દાહાડે સહવારના ઘણાક ઊસકેરાયલા, અને ઝનુની લોકોનું એક મોટું ટોલું તેના ઘર આગલ આવીઊં, અને તેનાપર પથરનો મારો ચલાવીઓ. છેલે બધા એકદમ હલાં કરી તે ઘરમાં ઘુસી ગયા, અને જે જે તીઆં હતું તે સઘલાંને ભાંજી ભુકા કરી નાખીઆ. આ વખતે જો બીચારી જેન તેમનાં હાથમાં આવી હતેતો તેના તેઓ કકડા કરી નાખતે, પણ તેમ નહી થવાથી સઘલા હાથ ઘસીને રહી ગયા. એ પછે પેલા નીઆયકરતાએ એવો હોકમ કાહાડીઓ કે, જેનની જે મીલકતછે, અથવા આવપતછે, તે આ છોકરાની ગણવી, અને તે પોતાની વયમાં આવે તીઆંવેર તેના તરસટીઓ ઠરાવી, તેને તેનાં ગુજરાણને માટે દર માસે સો રૂપીઆ તે માંથી આપતા કરવા. આ કઢંગા હોકમની ખબર જેનને પારીસમાં પડતાંવારજ તેણે તીઆંની મોટી કોરટમાં અરજી કીધી, અને તે હોકમને અમલમાં લાવતાં અટકાવવાનો હોકમ વરણનની કોરટપર મોકલાવીઓ. પણ તે હોકમને તે કોરટે માન નહી આપીઊં, અને તેના કારણમાં એવું જણાવીઊં કે, તે કોરટ પારીસની કોરટને તાબે નથી, પણ નારમંડીની કોરટને તાબેછે. એમ જણાવી તેઓએ તે હોકમને અમલમાં મેલવા માંડીઓ. જેને ફરીથી મેહેનત કીધી, અને પારીસની કોરટથી બીજો હોકમ કહડાવીઓ. તેનો પણ વરનનની કોરટે તેવોજ જવાબ આપીઓ. આથી કરી કોરટોની હદ બાબેનો એક મોટો જઘડો ઊભો થયો. અંતે એવું ઠરીઊં કે, એ વાંધાને પરીવી કાઊનસીલ નામની પાદશાહી કોરટમાં લઈ જવો.

અહીઆં એ કજીઓ ચાલુ થયો. બંને બાર

દુના વકીલ બારીસટરો ઊભા થયા, અને કજીઆની લંબાણથી તપાસ ચાલવા લાગી. એવામાં અનચીતો એવો બનાવ બની ગયો, કે જેનનો પીટર નામનો વડો છોકરો, જે વચલાની સાથે નાહાસી ગયલો હતો, તે આવી લાગો. તેને જોતાં અને મલતાં જેનનો જતો રહેલો જીવ પાછો આંવીઓ. તેની છાતી હરખથી પુરાઈ ગઈ, અને ખોદાનો મોટો ઊપકાર માનવા લાગી. પણ થોડાવારમાં તેને પીટરે મોટી નાઓમાસી ભરેલી ખબર કહી, કે તેનો વચલો ભાઈ જેમસ સેંટ વાસટ નામના ગામમાં મરણ પાંમીઓછે તેણે પોતાની હકીકતમાં જણાવીઊં કે, જેવા તેઓ ઘેરમાંથી નાહાસ તેવા વારનન રહીને સેંટ વાસટ નામના ગામમાં આવીઆ. અહીં આવીઆ પછે તેમની પાસે કંઈ ખાવાનું અથવા પઈસા નહી હોવાથી તેમને તીઆં ભીખ માંગવી પડી. મોનગ્રાડ નામના એક ગરહસથે તેમના મોડાં જોઈ પારખીઆ કે, તેઓ કોઈ સારાં માણસના બચાંછે; તેથી તેણે તેમને પોતાના ઘરમાં રાખીઆ. અહીં જેમસ માંદો પડીઓ, અને બાર દાહાડા રહીને મરણ પામીઓ. તેને જે જગાએ ડાટીઓ હતો તીઆંના રખેવાલની, તે ગામના પાદરીની અને જે ભલા ગરહસથના ઘરમાં મરણ પાંમીઓ તેને હાથની, તેના મરણ બાબેની સરટીફીકેટ તેણે દેખાડી. એ પછે પીટર તેનું ઘેર છોડી બીજીગમ ગયો, પણ તેના પર મારી દુખ પડવા લાગું; અને અધેબધ ભીખ માંગવી પડી. આખરે કંટાલી તે પોતાની માંની પાસે આવીઓ.

આ બનાવથી જેનના કજીઆને મોટો ટેકો મલીઓ અને તે કેટલાક દીવસવેર ચાલવા પછે છેલે જેનની તરફેનમાં ચુકાદો થયો. પેલા ભીખારીના છોકરાને તેના બાપને સવાધીન કીધો, અને જેનની સઘલી મીલકત પાછી તેને સવાધીન કીધી. બેગુનાહ બીચારી જેન બેવડા જખમોથી હેરાન થઇ, પોતાનું એક ફરજંદ ખોહી, પોતાનાં બે વાહાલાં જે સલાંમત રહેઆં તેમની સાથે, ખોદાનો પાડ માની પાછી પોતાને ઠેકાંણે પડી, અને આ સઘલા માંદા અને વગર ધારેલા બનાવનો છેડો આવીઓ.

## મરઘાંનો નાચ!

આ મથાલું જોઇ અગત કરી હમારી પારસણ વાંચનારી બાઇઓ અજબ થઈને બોલશે કે "મરેરે! મરઘાંઓ નાચતાં હોશે કે?" હમો તેમને કહીએછે કે, હા: સઘલા ટોલાનાં માણસો નાચેછે એટલુંજ નહી, પણ મરઘાં ને કબુતર વગીક નાચેછે.

ઊપર લખેલાં નાચતાં મરઘાં અમેરીકાની ઊતર પશચીમે આવેલી મોટી પાહાડોની હાર આગલનાં મોટાં મેદાનમાં થાયછે. એ મરઘાં આપણા મરઘાં કરતાં દેખાવે ઘણા સુંદર હોયછે, અને રોસટ કરીને ખાવામાં પણ ઘણાં સવાદદાર હોયછે. નીરદયાલુ માણસને કોઈને ખાતાં આચકી લાગતી નથી. મી૦ લારડ નામનો એક નામીચો વીદવાન એમનાં નાચની ભારી તારીફ કરેછે. તે કેહેછે કે, તે જાણતો હતો કે, એ મરઘાં ઘણો સરસ નાચ કરેછે, પણ જીઆંવેર તે તેણે જોયો નહો હતો, તીઆંવેર તે તેની ખરી ખુબીથી અજાણો હતો. પણ એકવાર તેના જોવામાં તે આવીઓ, અને પછે તે તેની ભારે વખાણ કરવા લાગો. એ વીદવાન કેહેછે કે, એ મરઘાં ઘણા શકત મેહેનતુ અને ઘણી ઠંડીમાં રેહેનારાંછે. તેઓ અનાજ અથવા બીઆં ખાઈ તે ઊપર જીવેછે.

એ પકશીઓ વસંત રૂતુમાં જોડાં બનેછે. જોડાં બનવા પછે તેઓમાં આ નાચો કરવાનું શરૂ થાયછે. એ નાચોમાં તે જોડાં એકબીજાનાં પીઆરથી ઘણી મોજ મેલવેછે. પારસીઓમાં કીઆં જોડાં એવી મોજ મેલવેછે? તીઆરે શું તેઓ આવાં મરઘાંઓ કરતાં પણ ઊતરતાંછે? એ મરઘાંઓ સહવારનાં પોહોરમાં અથવા સમી સાંજનાં નાચવાને નીકલેછે. એને માટે તેઓ ડુંગરને મથાલેની અણીદાર જગા પસંદ કરેછે. વખતસર સઘલાં જોડાં તીઆં આવી લાગેછે, અને પછે તેઓ નાચેછે. નાચી રહીઆ કે ઘણાજ હરખથી સઊ સઊ પોતપોતાના માલાની જગાએ જાયછે. એઓ કેમ નાચેછે તેને માટે મી૦ લારડ કહેછે કે વસંતરૂતુની એક સહવારનાં તે ડુંગરોનાં ઢોલાવપર ફરતો હતો, તેવામાં તેને કાને ચક, ચક, એવો આવાજ સંભલાયો. તે ઊપરથી તે સમજીઓ કે અહીઆં કોએ મરઘાંઓનો નાચ ચાલતો હશે. તે ઊપરથી તેણે પોતાના

ઘોડાને એકગમ બાંધીઓ, અને પોતે જે તરફ તે સાદ આવતો હતો તે તરફ ચાલીઓ. જેવી દુરથી તેની નજર તે મરઘાંઓ ઊપર પડી, કે એક ઝાડનાં ઓથામાં ઊભો રહી તે તેમની તરફ જોવા લાગો. તીઆં બધાં મલીને અઢાર કે વીશ મરઘાં હતાં. તેમના પીછાં એવાં એકસરખાં હતાં, કે તેમનામાં નર કીઆ છે અને માદાઓ કઈ છે તે બરાબર ઓલખાતું નહી હતું, પણ તેમની હીલચાલ ઊપરથી તેમનો તફાવત કાંઈક દેખાતો હતો. એ બધાંમાં ચાર મરઘાં બરાબર નાચમાં લાગેલાં હતાં. તેમાં બે નર અને બે માદા હતી. તેઓ, જેમ મરઘા લડાઈ કરતી વખતે આમણે સામણે ડોક ચઢાવીને ઊભા રહેછે, તેમ ઊભાં રહી, ગરદન પરના પીછાં ઊભાં કરી, તથા પુછડીઓ ઊંચી કરી પુર જોરથી એકએકની આસપાસ ગોલ નાચતાં હતાં. પરથમ તેઓ ધીમે ધીમે ફરવા લાગાં, પણ પછે આસતે આસતે પોતાની ઝડપ વધારતાં ગયાં, અને ઝડપની સાથે પોતાનું ફરવાનું કુંડાલું પણ મોટું કરતાં ગયાં. એમ કરતાં કરતાં એક આગલ દોડવા લાગું અને તેની પાછલ બીજું તેને પકડવા લાગું. એમ કરતાં નજીક આવી જતાં બંને જન આમણે સામણે તાકીને ઊભા રહેતાં, અને પછે અનચીતા કુદકા મારી છેલે બંને જન સાથે થઈ એકએકની આગલ, જાણે એકએકની હરીફાઈને હસતાં હોય, તેમ ઊભાં રહેતાં. કેટલાંકો એમ જોરમાં દોડવાને બદલે પોતાની ડોકી અને પુછડી જેટલી ઊંચી થાય તેટલી કરી ઘણા ઠણકાથી ચાલતાં હતાં; અને કેટલાંકો અમથાંજ આણીગમથી પેલીગમ દોડતાં જ હતાં. આ અમથાં દોડતાંફરતાંઓને માટે મી૦ લારડ એવું ધારેછે કે, તેઓ એકબીજાથી નાપસંદ થયલાં એકલાં હશે. આ પકશીઓના આ નાચની સાથે વજંતરની જગાએ તેઓ ઊપર લખેલો ચક, ચક, જાતનો સાદ બરાબર નાચવાના પરમાણ પરમાણે કાહાડતાં હતાં.

આવા નાચ મી૦ લારડે ઘણી વખત જોયા હતા, અને તે કહેછે કે, તે દર વખતે તે જોઈ ઘણો ખુશી અને હેરત થયો હતો. ઘણો ધણીઆણીઓએ, થોડો વખત, પરવાર લઈ, કુદરતે જે તરેહવાર મોજના સાધણો આપીઆં છે તેનો નીરઅપરાધીપણે લાભ લઇ તેમાંથી મોટું સુખ મેલવવું એ વાત આપણા ઘણાક લોક કરતાં આવાં જનાવરો વધારે સારી રીતે સમજતાં દેખાયછે.

---

# પરચુરણ.

એક માણસ હાડકાનાં આકારમાં બદલાઈ ગીઓ—દબલીનના મોઉજીઅમમાં એક માણસનું ખોખું પડેલું છે અને તેહને જોઇ સરવે કોઈ અજબ થાયછે અને કેહેછે કે દુનીઆમાં સરવેથી નવાઈ ભરેલી ચીજોમાંની એ એકછે. એ ખોખું એક માણસનુંછે કે જે હાડકાની હાલતમાં ઘણાક વરસ સુધી જીવીઓ હતો. જાહારે એ માણસનાં સરીરમાં હાલો અજબ રારખો ફેરફાર થયો તારે જે લોકો તેહને ઓલખતા હતા તે કેહેવા લાગા કે આગલ એ માણસ ઘણોજ જોરાવર અને કદાવર હતો. એક આખી રાત એ માણસ છાકટપણાનાં બાહારમાં ખેતરમાં સુતો હતો પણ સહવાર પડતાં તેહની હાલત બદલાઈ ગઈ હતી. તેહની આખ, ચાંમડી અને આંટરડાં શીવાએ તેહનાં સરીરનો દરએક ભાગ હાડકાં જેવો બની ગીઓ. તેહનાં સાંધા પણ સાથે જોરાઈ ગીઆ કે જેથી કોઈની મદદ વગર તે હનીથી સુવાતું નહી હતું અથવા જો તે સુતો હોયતો પાછું ઉથાતું નહી હતું. જો તેહને ઉભો રાખીઓ હોયતો એક પુતલાની માફક તે ઉભો રેહેતો પણ જરાબી હીલચાલ કરવાની ઈચ્છા હાથ પગ હીલાવવાની તેનામાં શકતી નહી હતી. તેહનાં દાંતોબી સાથે જોડાઇ એક આખું હાડકું બની ગીઆ હતા તેથી તેહનાં પેટમાં કાંઈક પાણી જેવો ખોરાક ઉતારવાને તે દાંતમાં એક બાંખરૂં પાડવામાં આવીઉં હતું. તેનાથી બોલાતું નહી હતું અને તે મરી ગીઓ તેહની આગમજ તેહની આંખ પણ જતી રેહી હતી.

---

ચીન દેશની મોહોટી દેવાલ—દુનીઆમાં માણસ જાતની ઉમદા કારીગીરીના ઘણાક દાખલા આપણે સાંભલીઆછે અને જોયાછે તેમાંનો એક અછો નમુનો ચીન દેશની સરવે લોકોમાં પરસીધ થયેલી દેવાલછે. એ બાંધતાં કેટલી મેહેનત, ધીરજ અને અકલ ખરચવી પડી હશે તેહનો વીચાર આપણથી થાઇ શકતો નથી. એ દેવાલ આજે આસરે બે હજાર વરસની વાત ઉપર બંધાઈ હતી અને એ બાંધવાની મુખીએ મતલબ એ હતી કે દુસમનોને દેશ ઉપર ચહડી આવતાં અટકાવવા. કમનસીબ ચીનાઓની હેવી રસમછે કે પોતાનાં દેશની કાંઈબી રાહા રસમ ઈચ્છા નવાઈ જેવી ચીજ વીશે પારકા લોકોને વાકેફ કરવા નહીં. એથી કરો એ મોહોટી દેવાલ જોવાથી ઘણાક પછાત રેહેછે. એ દેવાલ વીશથી તે પચીશ ફીટ ઉંચીછે અને ૧૫૦૦) માઈલનો ઘેરાવો લઇ બાંધેલીછે. ઇંગલંડમાં તથા બીજા દેશોમાં દુસમનોને અટકાવવા ઘણીક દેવાલો બાંધવામાં આવેછે પણ આએ દેવાલ આગલ તેઓ કાંઈજ નથી એ દેવાલ ઉપરથી એટલીતો પોહોલીછે કે ૬ ઘોડેસવારો સેહેલાઇથી એકજ હારમાં ચાલી શકે. થોડે થોડે છેટે એ દેવાલ ઉપર મીનારા બાંધવામાં આવેલાછે. જાંહાંથી અંદર દાખલ થવાનો દરવાજોછે તાંહાંથી બેવડી ઈચ્છા તરણ દેવાલ બાંધેલીછે. આજ બે હજાર વરસ થયાં એ બાંધીછે પણ એનો એક કાંકરોબી ખીસીઓ નથી. લોકો કેહેછે કે મીસર દેશનાં મોહોટા મોહોટા પથરનાં મીના

રા ભારી મેહનતથી બાંધેલાછે. પણ જો બરોબર તપાસશું તો આપ્યે દેવાલમાં વધારે મેહનત અને અકલનો નમુનો માલુમ પડશે.

---

**સાંપની નજરબંદી!**—નીઉપારક સેહેરનો એક લખનાર કેહેછે કે આગલ જાહારે હું ઈન્જનેર હતો તારે રસતા તપાસવા મહને એક ગામથી બીજે ગામ જવું પડતું હતું. માહારા મારગમાં મહને વારેઘડીએ ઘણાક જેહેરો સાપ મલતા કે જેઓને દાવ ફાવતો તારે મારીઆ વગર હું મુકતો નહી હતો. એક દીવશે એક કાંટાની વાર આગલ ઉભો રહી કાંટાની દાહાલી સાથ ચેરાં કાહાડતો હતો તેટલામાં માહારી સાંમે એક ગુગરીઆ સાંપને આવી ઉભેલો મેં દીઠો. તે આસરે બે વાર લાંબો હતો અને તેહના સરીર ઉપર તરેહવાર ચીતારદાર પટા હતા તેથી તે રંગ બેરંગી દીશતો હતો, જેવી માહારી નજર તેહની ઉપર પડી તેવો જ જાણે કોઇ ભુતે મહને ભોલવીઓ હોય હેવો હવેરો બાહાવરો હું બની ગીઓ અને તેહની અને માહારી નજર સાંમેસાંમી થવાથી એક પુતલાંની મુઆફેક હું ઉભો રહીઓ. મેં થોહો વાર રહી જરા હીમત પકડી નાહાસવાની તજવીજ કરવા માંડી પણ સરવે ફોકટ. માહારી આંખો તેહની તરફથી ફેરવીને બીજીમેર લઇ જવા ઘણીબી તજવીજ મેં કીધી પણ તે સરવે ફોકટ. પણ સારાં ભાએગે જે કાંટાની દાહાલી મેં માહારા હાથમાં પકડેલી હતી તે ગભરાટમાં જમીન ઉપર પડી ગઈ અને તેથી ચોંકીને પેલો સાંપ ચાલતો થયો. હું તે ગયા પછી ઘણે વારે સુધીમાં આવીઓ અને જીવ લઇને નાહાસવા લાગો.

વલી એક દાહાડે માહારા તરણ દોસતો સાથે હું સેહેલ કરતો હતો તેવામાં હમારામાંનો એક સાથી એકાએક ઉભો રહી ગીઓ. હમો ભુલમાંને ભુલમાં આગલ ચાલીઆ કીધા અને થોહેક ચાલી જોઇએછ તો હમારો સાથી નહી મલે. પાછું ફરીને જોઇએછ તો થાંભલાની મુઆફેક તેને ઉભો રહેલો દીઠો. પાછલ ઉભું રેહેવાનું શું કારણ પડીઉં હેવું હમો પુછવા લાગા પણ તેણે કાંઇજ જવાબ આપીઓ નહી. હમો જરા ગભરાઈ આગલ જાઇ તેહને ખેંચવા લાગા પણ તે નહી હીલે કે નહી ચાલે. અંતે ઘણી ખેંચાખેંચ કરતાં તે બોલી ઉઠીઓ કે અરે સબુર—સબુર—મહને—મહમે—કરડશેરે. આસપાસ જોઈએછ તો એક ગુગરીઓ સાંપ તેહના સાંમુને સાંમુજ જોતો માલુમ પડીઓ પણ હમારો ઘોંગાટ તથા બુમ બરાડા સાંભલી તે તાંહાંથી ચાલતો થયો. કેટલેક વારે મોહો ઉપર પાણી છાંટવા પછી હમારો દોસત સુધીમાં આવીઓ તાહારે કેહેવા લાગો કે હીલવા ચાલવાને મેં ઘણાંબી ફાંફાં મારીઆં પણ માહારૂં કાંઇજ વલીઉં નહી અને જાણે એક જાદુગરનાં ફાંદામાં ફસીઓ હોઉં હેવું મહને લાગું.

---

**કજોડ લગન**—થોડુંક થયું નીઉપારક સેહેરમાં એક ઓગનીસ વરસનો છોકરો ઇઠીઆસી વરસની બુટી ઓરત સાથ પરણીઓ હતો. તે બાએડીને તાંહાં એક સાહાઠ વરસનો છોકરો હતો તે પોતાના મતરાયા ઓગનીસ વરસનાં બાપને જોઈ ઘણોજ બલતો હતો અને વારેઘડીએ ગુસામાં આવી પેલા જુવાન બાપને મારી નાખવાની તજવીજ કરતો હતો. એ વાત જાહારે સરકારમાં જાહેર પડી તાહારે તેઓનાં લગનનો ગાંઠ તોડવાની તેઓને ફરજ પાડવામાં આવી કે જેથી તે જુવાંન શખસનો જાંન ઘાસતીમાંથી મોકલો થયો.

---

**એક નવાં પરણેલાં જોડાંનો રકાસ!**—હાલમાં એક નવાં પરણેલાં યુરોપીઅન જોડાનો ઘણો હસવા જેવો રકાસ થયલો જાણવામા આવીઓછે. તેઓ પરણીઆ પછે સેહેલગાહે નીકલીઆં, તે રાતનાં એક પોહોંચખાનામાં ઉતારો લીધો. પણ તે દીવસે તેમાં એટલાં બધાં માણસો ઉતરેલાં હતાં, કે પેલા જોડાંને વાશતે એકબી ઓરડો ખાલી નહી હતો. તેમજ તેમને તે સીવાય બીજી કોઇ જગા વાસો લેવાને હતી નહી, જેથી તેમને નાહાવાનાં ઓરડામાં ઉતારો લેવાની ફરજ પડી. જમી રેહેવા બાદ બંને જન રાતે સુતાં. મધીઅમ રાત ગયા પછિ પેલી સ્રીને તરસ લાગવાથી તે બીછાનાં ઉપરથી ઉઠી, અને ચાકરને તેડવાનો ઘાટ વજાડવાની દોરી શોધવા લાગી; કારણ કે ઉંઘમાં તેને ઈઆદ નહી હતું કે તે એક સુવાનાં ઓરડાને બદલે નાહાવાનાં ઓરડામાછે. એવામાં, અંધારે ટટોસતાં એક દોરી હાથમાં આવી, જે નાહાવાનાં નલની હોવાથી તેને તાનતાંજ એકદમ ધોધબંધ તેની ઉપર ઠંડું પાણી પડવા લાગું. આથી તે ગભરાઈને બોસો પાડવા લાગી. તેની ચીચીઆરી સાંભલી તેનો વર જાગી ઉઠીઓ, અને ગભરાટમાં તેના હાથમાં એક દોરી આવી, જે ગરમ પાણીનાં નલની હોવાથી, તેને ઘાંટની દોરી જાણી તાણતાંજ તેના દીલપર ગરમ પાણીનો ધોત ટુટી પડીઓ, જેથી તે પણ ચીચીઆરીઓ પાડવા લાગો. આ બંનેની ચીચીઆરોઓથી આખાં પોહોંચખાનાનાં માણસો જાગી ઉઠીઆં, અને તીઆં ચોરો ભરાયલા જાણી જેના હાથમાં જે આવીઉં તે લઇને તે ઓરડામાં દીવા લઇ દોડીઆં. જોયછે તો બંને જન પાણીનાં ધોતમાં નાહેછે, ને બુમો પાડેછે! આ તમાશો જોઇ બધાંને ખુબ હસવું આવીઉં, અને પેલાં જોડાંનો ખુબ રકાસ થયો.

---

**મટોડું એક દવા!**—ફીલાડેલફીઆની ઇસપીટાલમાં ડાકટર હોઉસન આજ કેટલુંક થયું જખમો રૂઝવવામાં સુકું મટોડું વાપરેછે, અને તેથીજ ઘણા શકત જખમોને તેણે રૂઝવીઆછે. જખમો સીવાય, માંદી અને દાહાજેકું પણ તેણે સારૂં કીધુંછે. હવે તેને સીતલા ઉપર વાપરવાની તપાસ ચાલેછે.

## રમુજે ફુરસત.

૧—હુંકું અસતરી જાતની,
મારૂં પુછડું ને મોડું એક,
મારી ઉતપંતી બાત બાતની,
ગુણ છે મારા અનેક.

વાંખીછું ને ટુંકીબીછું,
 નાજુક ને વલી જબરી;
લીલી ને વલી સુકીછું,
 પીઉં પાણી કુવા ભરી.
કાપી મુજને કકડા કરો,
 પણ ન ધરૂં કદી કડવાસ;
છુંદી ગમેતો છુંછો કરો,
 પણ ન છોડું મારો મીઠાશ.
બેનીઓ કહો તમે મારૂં નામ,
 જોઈએ કોણછે ચતુર;
ખેતરમાંછે મારૂં ઠામ,
 કાહાડો વાણી મધુર. (આઈમાએ.)

૨—મારા શરીરના તરણ ભાગછે, માંથું, પેટ અને પુછડી. જે ધણી ધણીઆણીમાં મારો ગુણ નહી હોય, તે મની વ્રચે હંમેશ કંકાશ હોય મારાં માથાને કાપી નાખો મારી પુછડી આગલ સ્રી ઉમેરો તો મારૂં રૂપ બદલાઈ ત મારૂ રૂપ બતાવનાર બની જાઉં. જો માથું ને પેટ બંને કાપી નાખી પુછડી આગલ ણ મેલો તે એવી જગા થાઉં કે જ્યાં લોહીની નીખ ચાલે. જો ડોકું ને પુછડું બંને કાપી નાખી, પેટ આગલ ગ મુકો તો એક એવી આફત બની જાઉં કે થોડાવારમાં તમોને અન વસતર વગરના કરી મેલે (દારાબ)

૩—તરણ શબદ એવા આપો કે તેમને બંને ગમથી વાંચતાં અરથ જેનોતેજ થાય.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧ લું—એ ઉખીઆનાનાં પેહેલા અક્ષરો ઉભાને ઉ ભા વાંચવા. વરસાદ, વીજલી, વાદલાં.

૨ જું—અં ધુ રૂ
 સ રૂ પી
 તકીઆ
 રી ખ ત
 બો ખાર
 ધ મણ

૩ જું—બરમપુતરા (નદી)

---

## સાસરે જતી વખતે માની શીખામણ દીકરીને.

(વેનચરિત્રમાંથી)

"માતા જશોદા પૂછેરે રાઈવર કેમ પોંખ્યા રે"
એ રાગનું ગીતછે.

કન્યા કમળા ગોરી, ચોપે ચાલી સાસરેરે,
કહે સુનિધા માતા, પુરો જણાવી પ્યાર,
 મારી દીવની ડાહી દીકરી રે.
દિકરી લાડે કોડે, મેં તને લડાવી મહીરે,
દિકરી ચાલી તુંતો, રહિને દહાડા ચાર, મારી દીલનીo ૧.
દિકરી સ્વામીની તું, સેવા કરજે સર્વદારે;
દિકરી પતીને તું, ગણજે તારો પ્રાણ, મારી દીલનીo
દિકરી પોતાનો તું, ધર્મ પ્રીતે પાળજેરે;
દિકરી તેથી તારૂં, કરશે હરિ કલ્યાણ, મારી દીલનીo ૨.
દિકરી જે જોઈએ તે, જરૂર મગાવજેરે,
દિકરી હવે કદી તું, થઈશ નહીં હેરાન, મારી દીલનીo
દિકરી તારાં આંસુ, તેતો મારૂ લોહીછેરે;
દિકરી તન મન ધન મેં, કર્યાં તને કુરબાન, મારીo ૩.
દિકરી સ્વામીની આગ્ના લઈ મળવા આવજેરે;
દિકરી ઘડીએ નહીતો, જઈશ નહીં પર-ઘેર, મારીo
દિકરી સર્વેનું બોલ્યું તું સાંખી રાખજેરે;
દિકરી કોઇના ઉપર, કદી ન રાખીશ ઝેર, મારીo ૪
દિકરી કપટી લોકો, બોલે ત્યાં નવ બેશીએરે.
દિકરી શુણતાં ઉપજે, મનમાં મોટું શૂળ, મારી દીલનીo
દિકરી સ્વામીનો તું, સ્નેહ સદા વધારજેરે;
દિકરી તેછે તારા, સર્વે સુખનૂ મૂળ, મારી દીલનીo ૫.
દિકરી સદગુણ લેવા, શાસ્ત્ર સારા શીખજેરે;
દિકરી આળસ છાંડી, કરજે તું અભ્યાસ, મારીo
દિકરી દુષ્ટ જનોથી, દુરજ રહિએ દેખીનેરે;
દિકરી વિષધરનો જેમ, કરિએ નહિ વિશ્વાસ, મારીo ૬.
દિકરી મંત્ર તંત્ર, જંત્ર જુઠા જાણજેરે;
દિકરી એતો સર્વે ધુતારાના ઢંગ, મારી દીલનીo
દિકરી ઈશ્વનું ધારેલું એકજ નીપજેરે;
દિકરી ભ્રમણાથીતો, થાય ધરમમાં ભંગ, મારી દીલનીo ૭.
દિકરી દીલમાં દયા, સહુની ઉપર આણીએરે,
દિકરી પરઉપકારી કરીએ રૂડાં કામ, મારી દીલનીo
દિકરી વૃદ્ધ મનુષની, મરજાદ નવ મેલીએરે;
દિકરી લાજ તજીને, લડીએ નહિં કોઈ ઠામ, મારીo ૮.
દિકરી ગંભિરતાનો, ગુણ રૂદેમાં રાખીએરે;
દિકરી વહાલામાંહી, કરીએ નહિં વીરોધ, મારી દીલનીo
દિકરી સર્વેનું બોલ્યું સાચું નવ માનીએરે;
દિકરી સત્ય અસત્યનો, સદાય કરીએ શોધ, મારીo ૯.
દિકરી સંસારના, સુખછે સર્વે સંપમાંરે,
દિકરી કુસંપ તેતો, કષ્ટતણા કોઠાર, મારી દીલનીo
દિકરી હુંકારોતો, કદી ન કરીએ કોઈજેરે;
દિકરી અદબ તજીને, કરીએ નહિં ઉચ્ચાર, મારીo ૧૦.
દિકરી વસ્ત્ર ને વાસણ સ્વચ્છ રાખીએરે;
દિકરી સર્વે ચીજે, જોઇને કરીએ સોજ, મારી દીલનીo
દિકરી આનંદમાં, અવસર સઘળો ગાળીએરે;
દિકરી રીસ કરી નવ, રહીએ કોઈ રોજ, મારીo ૧૧.
એવી શીખામણ દઈ, ને કમળાને સૂની થાએરે,
ચુંબન લઈને ચાંપી, સ્નેહે છાતી સાથ, મારી દીલનીo
પડયાં પાંપણેથી, આંસુ પૂરા પ્રેમનાંરે;
માથે દીકરીને, માયે મૂકયો હાથ,
 મારી દીલની ડાહી દીકરીરે. ૧૨.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૩ મું. | આગસ્ટ ૧૮૯૯ | આંક ૮ મો.


## કંજુસના કરમની કાહાણી.

### નાટક પાત્ર.

| | |
|---|---|
| બીદાર. | એક મોટો કંજુસ |
| મેહેરનોશ. | ઉપલાનો બેટો. |
| કામગાર. | બીદારનો મેહેતો. |
| કસરેવજ. | મેહેરનોશનો ચાકર. |
| તેહેમુર. | એક દલાલ. |
| સામ. | ઘર સામન વેચનાર. |
| હોમાન. | એક જહવેરી. |
| બાબક. | રેસમવાલો. |
| બેશુર. | એક દરજી. |
| ગજદુમ. | એક વકીલ. |
| પારસા. | બીદારની છોકરી. |
| શેહેરબાનું. | એક વીધવા ઓરત. |
| ફરંગીજ. | ઉપલીની છોકરી. |
| શેહેરનવાજ. | પારસાની ચાકરડી. |
| તેહેમીના. | ફરંગીજની ચાકરડી. |

ચાકરો ઇતીયાદી.

### પ્રકરણ ૪ થું.

### દેખાવ ૧ લો—બીદારનાં ઘરનું દીવાનખાનું.

મેહેરનોશ, કશરેવજ.

મેહેરનોશ—શું, શેહેરનવાજ પણ મારી દુશમન થઇ ? અને તે શું ફરંગીજનાં લગન મારા બાપ સાથે કરાવવાંની કોશેશ કરેછે ?

કસરેવજ—સાહેબ, મારા જીવનાં સોગન લઇને કહુંછું કે એ વાત ખરીછે. તેણે મારીપર વીસવાસ મેલી એ વાત મને ઘણીજ હલુસેથી કહી હતી, અને કોઇની આગલ પણ બોલવાને શકત મના કીધી હતી. પણ તમારી સાથે જે મને જીવેજાનની દોસતીછે, તેનેજ ખાતર હું તમને એ વાત કહુછું.

મેહેરનોશ—સાહેબ, હું તમારો નમનતાઇ ભરેલો સેવક છું. તમારો મારી સાથની એવી દોશતીથી મારાપર બેહદ ઉપકાર થયોછે.

કશરેવજ—હા, સાહેબ, પણ તમે જાણતા નથી, કે એ કામમાં તમારી તરફેણ ખેંચતાં મને એક કેવી મોટી રકમ હાથમાં આવતી જતી મેલવી પડીછે. એ કામમાં મદદગાર થવાને શેહેરનવાજે મને ઘણું સમજાવીઓ, અને નાંણાંની એક મોટી રકમ આપવા કહી. પણ મેં તેમ કરવાને ના કહીઉં. મેં કહીઉં કે હું પઇસાનાં કરતાં મારી ઇમાનદારીને વધારે ચાહુંછું, તેથી પઇસા ખાતર હું તેને વેચનાર નથી. વલી મેં બીજું એ કહીઉં કે, મારા સેઠ એવા સખી અને ભલાછે, કે જે તેમનો નોકર તેમની તરફેણ કરે તેને તેઓ ખાલી હાથનો રાખતા નથી; અને તેમજ તેઓ મને પણ રાખશે નહી. મને મારી આવી એ કીનદારીને માટે તેઓ જે રકમ આપશે, તે બધા કરતાંને મોટી આપશે.

મેહેરનોશ—કસરેવજ, હમણાં નાંણાંની કંઇ વાત ના કર, જાહારે તે હાથમાં આવશે તાહારે થઇ રહેશે.

કસરેવજ—સાહેબ, મેંબી તેને એમજ કહીઉં. મેં કહીઉં કે શું પેલો બુઢો કંજુસ (આવા બોલોને માટે તમારી માફ માગુંછું) જીવી જીવીને જીવીઆજ કરવાનો કે ? હવે તે થોરા વખતમાં સધાવવાનો; અને પછી શું મારા મેહેરનોશ શેઠ, જાહારે તેની બધી દોલતનાં ધણી થશે તાહારે, પોતાના જુના દોસતદારોને ભુલી જશે કે !

મેહેરનોશ—પણ કસરેવજ, હમણાં તું એવી એવી વાતો મેલ દે, અને જા, ને શેહેરબાનુને અહીં બોલાવી લાવ; જોઇએ તે કંઇ સમજેછે.

કસરેવજ—શું સાહેબ ! શેહેરબાનુને અહીં બોલાવી લાઉં ? છટ; હું તેનો એક રતીભાર પણ દરકાર કરતો નથી. તેને અહીં બોલાવાનું ને છાપરે ચહાવાનું કંઇ કામ નથી. હું તેનો અને તમારા બાપનો ઘાટ ઘડવાને એ વાતો બાહાદરછું, કે એ કામ બને શું. તમારા બાપને જઇને બધું એવું ઉલટું સમજાવી આઉં કે, શેહેરનવાજના એકેએક બોલ ઉપરથી તેનો વીસવાસ ઉઠી જાય.

મેહેરનોશ—તારીથી એમ બનશે ?

કસરેવજ—ઓહઃ તેની સું બીસાદ છે. મારી પાસે એકકી એવી તાલમેલો છે, કે શેહેરનવાજની કોશેશ બધી ફોકટમાં જાય. પણ સાહેબ તમને કંઇ બીજી વાત કહું.

બોલો શું કેહોય, આજે તમે સુવા જાઓ તેની આગમચ તમને તમારા બાવાનાં કેટલાક હજાર રૂપીઆના ધણી બનાવી દેઉછ !

મેહેરનોશ—એમ કરવાની હજારો કોશેશ થઈ ચુકી પણ તે કશું સમજતો નહી, અને હવે સમજવાનોબી નહી, માટે હવે એમ બનવુંતો મુશકેલછે.

કસરેવજ—પણ સાહેબ, તમે શું કરવા ગભરાઓછ, હું તમને મેલવી આપુંતો ખરો.

મેહેરનોશ—કેમ કરશે તે ?

કસરેવજ—હવે છેલો ને સરવેથી સરસ ઉપાય એજ છે કે, તેનાં નાણાં તફરાવી લાવવાં. પણ જોવ, એ વાત સાંભલી તમે અફલાતા ના. આપણે કંઈ એવા ચોટા બાસામી નથી, કે ચોરી કરીને પઈસા વાપરીએ. એતો એક મશકેરીછે. હું નાણાની મોટી રકમ તફરાવીને તમારા હાથમાં લાવી આપું, તે તમે બધી ના રાખતા. જાહારે તમારા બાવા હાએ અફશોશ કરવા બેસે તાહારે તમે તેને કહી દેજો કે તે નાણાં તમારી પાસેછે; પણ મારૂં નામ ના દેતા હું ! અને પછી તમને જોઈએ એટલાં નાણાં તેમાંથી વઈને બાકીના તેને પાછાં આપજો. પણ મારો ભાગ રાખજો હું:

મેહેરનોશ—વારૂં જોઉં તાહારે, જા, જોઈએ તારામાં કેટલી કુરતાજ છે.

કસરેવજ—તમે જોવતો ખરા. તમે જરા ફીકર ના કરતા. જાંહાંવેર કસરેવજ તમારો દોસતછે, તાંહાંવેર તમારે નાણાંની જરા પણ ચીંતા કરવી નહી. (જાયછે.)

---

## દેખાવ ૨ જો—મેહેરનોશ અને કામગાર.

કામગાર—મેહેરનોશ ! તું કાંહાં છે ? હું તને તાહરના આખાં ઘેરમાં શોધતો ફરૂંછું. તને એક ઘણીજ અગતની ખબર કેહેવા આવીઓછું. જોકે તે ખબર મને અને તુંને બંનેને ઘણી દુખદાયકછે, તોપણ તે તુને કહેઆ વગર ચાલતું નથી. ફરંગીજે તારા બાપ સાથ પરણવાનો ઠરાવ કીધોછે.

મેહેરનોશ—શું તેણે ઠરાવ કીધોબી ? નહી, નહી, એમ કદી બનવું નહી જોઈએ. શું ફરંગીજની પણ સઘલી અકલ જતી રહી ? શું તે પણ ફકત પઈસાપરજ લલચાઈ ગઈ ? પીઆરા દોશત કામગાર, મને આએ વખતે મદદ કર. એવા લગન નહી થાએ એવું કંઈબી કર, અગર નહી તો તેના સંતાપથી મારૂં જીગર બલીને ખાખ થઈ જશે.

કામગાર—મારા કરતાં, જો પેરી સાંમણે આવેછે તે, તુંને વધારે સારી સલાહ આપશે, અને કંઈ નવી યુકતી શોધી કાહાડશે.

મેહેરનોશ—હા ! શેહેરનવાજ આવેછેની !

---

## દેખાવ ૩ જો—શેહેરનવાજ, મેહેરનોશ, કામગાર.

શેહેરનવાજ—વાહ: મેહેરનોશ; તું અદબ વાલીને ઘણા દલગીર ચેહેરાએ વીચારમાં ઉભોછે. જાણે ઘરમાં એક શાહાદીને બદલે કોઈનું મરણ થયું હોય તેમ.

મેહેરનોશ—ખરેખર બાઈ, એ લગન મારૂં મરણજ લાવશે અને તે તમે આગલ રહીને નકી કીધાંછે, તેથી તમારો મારી ઉપર ઘણો મોટો ઉપકાર થશે.

શેહેરનવાજ—અલબતે, જો તું બરાબર વીચાર કરે તો, મારો તારી ઉપર ઉપકારજ થવો જોઈએ. કારણ કે આ સઘલું જે બનેછે, તે તારાં સારાને કાજેજ બનેછે.

મેહેરનોશ—બાઈ, જે કામને તમે આગલ વધારીઉં છે, તેને તમે પાછું હઠાવો; જે લગન તમે નકી કીધાંછે તેને તોડી નાખો. અગર નહીતો, તમારા દીલમાં જે શેહેતાનો વસેછે તે બધા હું કાહાડી નાખશ.

શેહેરનવાજ—મારા ખોદાએ ! મેહેરનોશ, તું શું બોલેછે ? શું તું મને મારી નાખવા માંગેછે કે.

મેહેરનોશ—જે ઓરતની ઉપર હું મારા જીવ કરતાં વધારે ફીદા હતો, તેને મારા હાથમાથી લુંટી લેવાની, લુછાઈ કરવાની તુને શું અગત હતી ! મેં તારા આગલ મારા ભરમની બધી વાત કહી, મેં મોટાં વીઆજે નાંણાં કહડાવી, તુને લાંચો આપી; અને આખર તેં મને ઠગીઓ કે !

શેહેરનવાજ—સાહેબ, મેં તમોને ઠગીઆ નથી. જે કીધુંછે તે તમારાજ ભલાંને માટે કીધુંછે.

મેહેરનોશ—એ બધું તારૂં જુઠુંછે. આવાં લગન કરવાને તે બુઢાને તેં તારાં સઘલાં મકરથી લલચાવીઓછે.

શેહેરનવાજ—સાહેબ, એ બધું કીધુંછે, તે તમારાજ લાભને ધીઆનમાં લઈને કીધુંછે. એમ થવામાં જેટલો તમોને ફાયદોછે, તેટલો તેની સાથ પરણવામાં તમોને નથી.

મેહેરનોશ—તાહારે શું તું એમ કહેવા માંગેછે કે, મારો જીવ બચાવવાને મારી છાતી ચીરીને તેમાંથી મારાં જીગરને બાહાર કાહાડી નાખીઉંછે ! તું મારી ગરદનં વાહાડતી જાયછે, અને વલી મને કેહેતી જાયછે કે, તે તારા ફાયદાનેજ વાસતે કાપુંછું ? .

શેહેરનવાજ—સાહેબ, જરા તમે ધીમા થાઓ. ને મનેબી જે તમે ગભરાવી મેલીછે, તે મારો જીવબી જરા ઠેકાણે આવવા દેઓ, પછી હું તમોને બધી સમજણ પાડું.

કામગાર—મેહેરનોશ બરાબરછે, તું જરા ધીમો પડ. હું ખાતરીથી કહુંછું કે શેહેરનવાજ તારી દુશમન નથી. એણે જે કીધુંછે તે તારા ફાયદાનેજ માટે હશે.

મેહેરનોશ—પણ હવે એ શું કરશે ? શું બધું થઈ નથી ચુકું ?

શેહેરનવાજ—મારે હાથનું કોઈ એવું કાંમ નથી, કે જેને હું પાછું ઉઠલાવી નહી શકું ? મારા મોડાંમાં એક એવો બોલ નથી, કે જેને હું પાછો ફેરવી નહી શકું.

મેહેરનોશ—ઘણુજ સારૂં તારે, બાઈ, તમે મેહેરબાની કરીને એવા તમારા ઉતમ ગુણોનો લાભ આજે મને આપો. તમે જલદી અહીથી જાઓ, અને તમારીથી બને એટલી કોશેશ કરી એ વાતને બનતી અટકાવો વખત છેક ભરાઈ જાયછે, અને સાજ પડતાંજ લગન થઈ ચુકશે

શેહેરનવાજ—એમ કદી બનવાનું નથી.

કામગાર—તેણીએ કબુલાત આપી તે મેં મારે કાને કાન સાભલીછે.

શેહેરનવાજ—તમે કહોછો તે ખરૂંછે, પણ આજના આજ લગન થઈ શકવાના નથી.

મેહેરનોશ—તમે તેને કેમ અટકાવી શકશો !

શેહેરનવાજ—પણ સાહેબ, તમારે આટલી વાત ધીઆનમાં રાખવી જોઈએ કે, એ સઘલું લાભ વગર બનવાનું નથી, અને કોઇ માણસ પોતાના લાભ વગર કશું કામ કાતું નથી; તેનો તમારે પરથમ વીચાર કરવો જોઇએ.

મેહેરનોશ—લે, હાલ મારાં ગજવામાં જેટલાં નાણાં છે તેટલાં લે, અને જો તું મને ફરંગીજ સાથ લગન કરાવી આપશે તો તેજ વખતે એથી પચાશ ઘણાં તુને આપશ.

શેહેરનવાજ—બસ ત્યાહારે; તેઓ જો અતીઆર વેશમાં અરધાં પરણીઆ હશે, તો તેમાંથી પણ હું તેમને છુટાં કરી શકશ, અને સઘલું બાજી પાડી શકશ. (જાયછે.)

---

### દેખાવ ૪ થો—મેહેરનોશ, કામગાર.

મેહેરનોશ—કામગાર, તું ધારેછે કે, આ ઓરતનાં બોલવાપર વીસવાસ રાખીએ ?

કામગાર—મારૂં તો મતછે કે રાખવો; કારણ કે હુંતો જાણુંછું કે એ ઓરત એવીતો ફરેબબાજછે, કે ગમે એવા માણસને સીસામાં ઉતારતાં વીલમ લગાડતી નથી.

મેહેરનોશ—મને જરા ધીરજ આવેછે, અને મારા ઉડી ગએલા હોંસ જરા ઠેકાણે આવેછે.

કામગાર—ફરંગીજ ઘણીજ ઈતરછે, અને તેના ઈતરાટની સજા જો આ પરમાંણે થાયતો તેમાં કશું દલગીર થવા જેવું નથી.

મેહેરનોશ—હું તેમ ધારતો નથી. તે ઈતર નથી, પણ ઈતર અને મગરૂબ દેખાયછે તેનું કારણછે. તે ઘણી ખુબસુરતછે, તેથી ઘણાક કુમારાઓ તેની આસપાસ ભમતા ફરેછે. તેથી તેની ગરદન એટલીતો ઉંચી થઇછે, કે કોઈની આગલ વાંકી વલતી નથી. પણ જેવો તેણે એકને કબુલ રાખીઓ, અને તેનો હાથ પકડીઓ, કે તે પોતાનું સઘલું ઈતરાટપણું જે તુ કહેછે, તે છોડી દેશે, અને એક સઉથી સરસ સી થશે.

---

### દેખાવ ૫ મો—પારસા મેહેરનોશ, કામગાર.

પારસા—ભાઈ, તું કંઇ જાણેછે કે, બાવાએ કસર કરીને બે ખાનામાં એકજ કરવાનો, અને લગનનું જોડું ખાતું કાંડી વાલવાનો ઠરાવ કીધોછે.

મેહેરનોશ—પણ હું ધારૂંછું કે એકબી ખાતું નહી થશે. પણ મોટી અફશોશની વાતછે

પારસા—તાહારે તું માનેચ કે, એ લગન થશે ખરા ?

મેહેરનોશ—તેમ નહી માનવાને મને શું કારણછે ? હવે બાકી શું રહીઉંછે !

પારસા—હુંતો તે બંનેને પરણતાં જોઉં તોબણ નહી માનું.

મેહેરનોશ—ખોદા કરેને એમજ થાય.

પારસા—એમ થાય કે ફરંગીજ બાવા સાથે નહી પરણે ને કોઇ બીજા સાથે પરણી જાયતો હું ધારૂંછું કે તુને કંઈ દલગીર થવાનું કારણ નથી.

મેહેરનોશ—પારસા, તું મારી મશકરી કરાવેછે. તેના ઉપરની મારી અધીરાંઇ જોઇ તું મને ચીડવેછે..

પારસા—તુને ચીડવવા મને ગમેછે. પણ ચાલ કામગારને લઇને મારા ઓરડામાં આવ, હું તુને ગરમ ચાહેનું એક પોઆલું પાઉં, કે તારા દીલમાંની ટાંડી નીકલી જાય, અને તું જરા હુસીઆર થઇ જાય. ચાલ, ચાલ, તુને હાલ દલગીર થવાનું કંઇ કારણ નથી. જે રીતે ફરંગીજને તાહારા હાથમાંથી જવાની ધાસતી તું રાખેછે, તે રીતે તે જવાની નથી; પણ જો કોઇ બીજી રીતે જાયતો, તુને પોતાને બાયગસાલી સમજવો જોઇએ.

---

### દેખાવ ૬ ઠો—ફરંગીજ, શેહેરનવાજ.

શેહેરનવાજ—હા, હા, હા, તાહારે તું તારાં માએને કહી ચુકી કે તું તે બુઢા સાથેજ પરણવાને ચાહેછે !

ફરંગીજ—હું ખરેખર તેની સાથે પરણવાને ચાહુંછું.

શેહેરનવાજ—ખરેખર ! હા, હા, હા, તું તેના કીઆ ગુણપર એટલી બધી મોહી પડીછે ?

ફરંગીજ—તેના બધા ગુણપર. મેં તુને કાલે નહી કહીઉં કે, હુંતો તેની સાથેજ પરણવાની ?

શેહેરનવાજ—ના, તેમ બનવાનું નથી.

ફરંગીજ—કાંએ ! શું મારાં માએજી ના કહેછે કે અને તુને કંઇ મને સમજાવા મોકલીછે કે ?

શેહેરનવાજ—પણ હું તુને પુછુંછ તેનો જવાબ તું મને નહી દેતી. તું તેના કીઆ ગુણ જોઇ તેની સાથે પરણવાને રાજી થઇછે. તેના પઈસાપર કે ? જા, જા, જરા ખબર કાહાડ. મનેતો ખાતરીથી માલમ પડીઉં કે, તે તેના પઇસામાંથી તુને લાડ લડાવવાને બદલે તારા પઈસામાંથી પણ તુને ગમતી મોજો લેવા દેશે નહી. એની સાથે પરણીને ઉંચાં ઉંચાં કપડાં પેહેરવાને, નવાં નવાં ગાયનો સાંભલવાને, બાગ બગીચાઓમાં ફરવાને અને એવી એવી તરેહવાર મોજો જે તુને ઘણી વાહાલીછે તે બધાંને છેલી સલામ કરજે.

ફરંગીજ—શેહેરનવાજ, જો હવે તારે એવી મકર ભરેલી વાતો કરવી હોયતો બેહેતરછે કે, મારી આગલથી જા. મને તારી એવી શીખામણો નથી જોઇતી.

શેહેરનવાજ—જો તુને મારી શીખામણ નહી જોઇતી હોયતો હું તુને તે આપતી પણ નથી. તારી મરજીમાં આવેતો એથીબી ઘરડા સાથે પરણ.

ફરંગીજ—જો તુને આ સઘલું ડાહાપણ પારસાએ શીખવીને મોકલી હોયતો, તે મને ઘણીજ થોડી અકલની લાગેછે, જેને મારે, મને તેને, તેની મતરઇ થવા પછે પાછી ઈસકોલમાં મોકલવી પડશે.

શેહેરનવાજ—ઠીકછે, પણ તેને ઈસકોલમાં મોકલતાં તુનેજ ઘેરમાં ઈસકોલમાં નહી બેસવું પડે તેની સંભાલ રાખજે. [જાયછે

---

### દેખાવ ૭ મો—બીદાર અને શેહેરબાનું બાગમાં મલેછે.

બીદાર—મને જરા કરાર થતો નથી; હું ફરંગીજનનું કઇબી નામ પાડું તો મને ચેન પડે.

શેહેરબાનુ—હાલમાં તેમ કરવાની હું કંઇ અગત જોતી નથી, કારણ કે જાહારે તમો ગુજરી જશો, તાહારે તો તમારી બધી દોલત તમે એનેજ આપી જશો; તાહારે હમણા નામ પાડવાની અગત શુંછે.

બીદાર—તમે કેહોછ તે ખરી વાતછે; પણ એમ થવા પછે કોરટમાં કજીઆઓ ઘણા આવેછે, અને તેમનો ચુકારો થતાં બહુ તેમાં ઘસડાઈ જાયછે: વાસતે હું મારાં મરણ પછે ઘોરમાં પડીઓ પડીઓ એવું જોવા માગતો નથી, કે મારા શકત મેહેનતના અને જેમ તેમ બચાવી રાખેલા પઈસા, તે એવા કજીઆમાં થોડાક ખંધા વકીલ બારીસટરો જમી જાય.

શેહેરબાનુ—(મનમાં બોલેછે) હું જાણુછ કે આ બુઢો હમણા ઠીક તાલપર આવીઓછે; જેવો એ હમણાં થયો છે; તેવો વધારે વાર નહી રહેવાનો, વાસતે એવી તક હાથમાં જતી મેલવી નહી જોઇએ.

બીદાર—કેમ, તમે શું વીચાર કરોછ ?

શેહેરબાનું—બીદાર, તમે જાણોછો, કે આ લગતની વાતમાં તમે ઢીલ કરવામાં કેવી ભુલ કરોછ ? અને તે જોઈ લોક શું બોલેછે ? એ ઉપરથી સાફ માલમ પડેછે કે તમારૂં મન ઉતરી ગયુંછે અને જો તેમજ હોયતો તમે મને હમણાથી કહી દેઓ; કારણ કે હમણા મારી છોકરીની તરફ ચાર સારે ઠેકાણેથી માંગણી થાયછે; અને તે જો તમારે ભરોશે ના પાડીએ, અને પછી તમેબી ખસી જાઓ તો મારી અને મારી દીકરીની જગમાં હસી થયા વગર રેહે નહી.

બીદાર—અફશોશછે બાઈ, તમે એવો વીચાર કરોછ ? હું જેવી એને ચાહુંછ, તેવી પુરૂથવી ઉપરનાં એકબી માણસને ચાહાતો નથી. બોટી થવાની મતલબ એટલીજછે કે, બેઉની દોલતને બરાબર સરબર કરીએ; કારણ કે લોક જેટલા પઈસા મારી પાસે કહેછે તેટલા નથી.

શેહેરબાનું—ઠીકછે સાહેબ તાહારે, એક લખત હમણા તઈઆર કરીએ, અને તેપર તમે સહી કરો તો બધી અડચણ મટી જાય.

બીદાર—કેવાં લખતપર સહી કરવાની ?

શેહેરબાનું—તેમાં કંઇ તમોને અડચણ થવાની નથી, વાસતે તમે હમણાને હમણા સહી કરો.

બીદાર—નહી, શેહેરબાનું, તમે એટલીબધી ઉતાવલ ના કરો, પેહેલાં મને કેહો કે, તે લખત કેવી જાતનુંછે ?

શેહેરબાનું—ફકત તમારા લગન બાબેનું.

બીદાર—ઠીકછે તાહારેતો, તમે તમારા વકીલ પાસે તે તઈઆર કરાવો, અને મારો વકીલ તે તપાસી જોશે, પછે હું સહી કરશ.

શેહેરબાનું—ઠીકછે, મારો વકીલ હાં ઘરમાંજછે, તેની પાસે હું હમણા તઈઆર કરાવી લાઉંછું. (જાયછે.)

બીદાર—જાંહાંવેર એ છોકરી સાથે પરણવાની મારી મરજીછે, તાંહાંવેર એવાં લગન બાબતનાં લખત ઉપર સહી કરવાની મને કસી હરકત નથી. વલી તે લખત તેનો વકીલ તઈઆર કરશે, તેમાં મને કશો ખરચ બેસવાનો નથી, અને મારો વકીલ ફકત તેને તપાસી જોશે તેનું કંઇ મને આપવું પડવાનું નથી, અને હું મારી દોલતનો તરીજો હીસો જો આપવાને કબુલ થવશ, તો ખચીત બધાં જન ખુશી થયા વીના રેહેનાર નથી; અને હું મારી દોલત એટલી ઓછી, કેહેવસ કે ફકત દશમાં હીસાથી વધારે આપવું પડશે નહી.

### દેખાવ ૮ મો—શેહેરનવાજ, બીદાર.

શેહેરનવાજ—ઓ ખોદા ! હું કેવું કમબખત પરાણીછું, હવે શું કરૂં, ને કાંહાં જાઉં.

બીદાર—શેહેરનવાજ ! શુંછે ?

શેહેરનવાજ—અરે મારીથી કેવો વગર ધારેલો ગુનાહ થયો ! મારીથી એક સઉથી સરસ માણસ, મારા મુરબી અને મારા એક મીતરને મારીથી ઘણું દુખ દેવાયુંછે; મારીથી મોટો દગો થયોછે. અરે ! તે બધું મને કેમ માફ થશે. બલીઉં મારૂં જીવતર, હવે હું ખાઉંબી નહી ને પીઉંબી નહી.

બીદાર—શેહેરબાનું ! શુંછે શું બોલની, તું મને કાંએ ગભરાવી નાખેછ ?

શેહેરનવાજ—હા ! સાહેબ, હવે તમારોબી મારો નહી રહીઓ, ને મારોબી મારો નહી રહીઓ.

બીદાર—શું થયું, કોઈ મારા પઈસા લુટી ગયા કે !

શેહેરનવાજ—નહી સાહેબ, તમારૂં કંઈ ગીઉં નથી; પણ તમોને કંઇ મલીઉંછે.

બીદાર—શું ? શું ?

શેહેરનવાજ—બઈરી સાહેબ.

બીદાર—નહી, તે કંઇ હજી મને મલી નથી; પણ કેમ તેને શુંછે ?

શેહેરનવાજ—શું સાહેબ, તમે હજી પરણીઆ નથી ?

બીદાર—નહી.

શેહેરનવાજ—આ એક ઘણોજ ખુશાલી ભરેલો બોલ તમારા મોડાંમાંથી નીકલીઓ. હવે મને જરા કરાર થયો.

બીદાર—એક ચોકસ કારણને લીધે થોડાક દીવસ મેં મારાં લગન મુલતવી રાખીઆંછે.

શેહેરનવાજ—અને એક ચોકસ કારણને લીધેજ તમોને તે થોડાક વરસ વેર મુલતવી રાખવાં પડશે.

બીદાર—એ તમે સું બોલોછ !

શેહેરનવાજ—સાહેબ, હવે મને સમજ પડી. આ તમારી બાબતમાં મને એવીસ્સજડ ઠોકર પડીચ, કે ફરીથી કોઈનું કાજ કરવાનું માથે નહી લેઉં. સાહેબ આ બઈરીએ મને સજડ ઠગી. તેના કેહેવા ઉપરથી મેં તમોને સમજાવીઆ કે, એની પાસે મોટી મીલકતછે; પણ હમણા તપાસ કરતાં મને માલમ પડીઉંછે કે, એ બધી ઢોંગછે; અને તેની પાસેતો ખાખબી નથી.

બીદાર—શું તેની પાસે કંઇ પુંજી નથી ! તાહારે તેઓ પોતાનું પેટ કેમ ભરેછ ?

શેહેરનવાજ—સાહેબ જાણે કે કેમ બરેય! આજે ઘણાને આપણે જોઈએછે, કે તેઓ કેમ પેટ ભરેછ તે બીલકુલ માલમ પડતું નથી.

બીદાર—પણ એમ હોએ તો વલી તે વધારે સારૂં, કારણ કે, જે બઈરી પાસે કંઈ નહી હોય, અને તે છતાં જો તે પોતાનું પેટ ભરી શકતી હોયતો, તે તેનામાં એ એક સારો ગુણ સમજવો.

શેહેરનવાજ—નહી સાહેબ, નહી, તેમ નથી. વલી સાથે એતો ઘણીજ ઉડાઉ બઈરીછે.

બીદાર—શું તે ઘણી ઉડાઉછે?

શેહેરનવાજ—અરે સાહેબ, ઉડાઉતો એવીછે, કે નહી ખુટે એટલી દોલત હોય, તે પણ ચાર દાહાડામાં ખાઈ જાય!

બીદાર—તાહારે પેહેલાં તમે તેની વખાણ કરતાં હતાં તે શું!

શેહેરનવાજ—અરે સાહેબ હું ઠગાઈ. મારી આંખપર તેણે ગોપા ચાદર ઓટાડી.

બીદાર—પણ તું આવી ચતરા થઈને તેને હાથ ઠગાઈ કેમ? તે મને સમજ પડતી નથી.

શેહેરનવાજ—અરે સાહેબ, તે એવીતો ઠગારી બઈરીછે, કે મારા જનમમાં એવી કોઈ જોઈ નહી હતી. એ તો કેથી એવી દેખું, કે ભલા ધનેતરને ઠગે.

બીદાર—હું ધારૂંછું કે તે છેક એવી નથી.

શેહેરનવાજ—અરે મારો ખોદાય! આએ માણસ ખરેખર તેમાં ભોરવાઈ ગયોછે. અરે સાહેબ, તમે મારા મુરબી થાઓ તેથી બોલવું પડેછ. અરે ખોદાએ તમારો એવો શું નરસો દાહાડો બેહોછ, કે તમોને કંઈ સુઝ પડતું નથી. તમોને એવું ગલીઉંછે તો ગલીઉંછ, પણ જાહારે તેવી બલાથી છુટવાની હજુ તકછે તાહારે તેનો લાભ ની નથી લેતા. અરે સાહેબ, જાહારે હું વીચાર કરૂંછું તાહારે મને આકાશ ને ધરતી એક લાગેછે. અરે ખોદા! તમારા સી સી જેહમતનાં મેલવેલા પઈસા, અને કેવી કેવી છીવે કશટી દેખીને બચાવેલા, તે કેવી રીતે ખોવાર થઈ જવાના. એ પઈસા નાચોમાં, રાગોમાં, ખાનાઓમાં, અને ફરવા હરવામાં જતા રેહેવાના. તેમાંથી દરજીઓનાં, મોચીઓને, સોનીઓનાં અને એવાંજ બીજાઓનાં હજારો રૂપીઆનાં બીલો ચુકવાવાનાં, અને એ પરમાંણે બધા પઈસા થોરા વખતમાં ઘસડાઈ જવાનાં (આંખમા આંસુ લાવેછે) ને વલી કાયદા એવા ખરાબછે, કે ધણીઓ જોઈએ તો પાયામાલ થઈ જાય, તોપણ બઈરીઓનાં તો બધા લાડ પુરા પાડવા જોઈએ. નહીતો બીચારા કોરટે ઘસડાય, અને વલી તેના ખરચમાં તણાય તે જુદા. તમે કેહોછો કે, તેના ગોલાબને રંગનાં ગાલછે, તેના પરવારાં સરખા હોઠછે, તેની ચલકતી આંખોછે, પણ તે બધું તમોને સું કામનું. જારે તમારા બધા રૂપજીજ તેમાં ઘસડાઈ જાય, તાહારે તે તમોને શું ઉપીઓગનાં.

બીદાર—અરે મારા ગરીબ પઈસા! શું તાહારે તે બધા એમ ઘસડાઈ જવાના?

શેહેરનવાજ—તમારા કેહેવા પરમાણે તેના મોતી જેવા દાંત હોય પણ—

બીદાર—અરે મારો બધો જેમ તેમ એકઠો કીધેલો રૂપાંનો સટ ઘસડાઈ જવાનો!

શેહેરનવાજ—હું કબુલ કરૂંછું કે તેના મોડાંનો ઘટમબી ઘણો સારોછે, પણ—

બીદાર—અરે મારી કેવી વાહાલી જમીન અને તે ઉપરનાં ખેડુતો, શું તે બધાં વેચાંઈ જવાનાં?

શેહેરનવાજ—તેના ગાલ ગોલાબનાં જેવા હોય, અને તેની ડોક હંસના જેવી હોય, પણ—

બીદાર—અરે કેવી મારી સાહાડા તરણ ટકાની હીંદુસતાનની નોટો!

શેહેરનવાજ—તાહારે સાહેબ, જોવ; એવી બઈરી સાથે પરણવામાં એ ફાયદોછે, કે થોડા વખતમાં પાયામાલ થઈ જવું, અને ભીખારી હાલતમાં આવવું.

---

## દેખાવ ૯ મો—વકીલ, બીદાર, શેહેરનવાજ.

વકીલ—સાહેબ, મારાં કુલે લખત તઈઆર કરાવીઉંછે, અને તે ઉપર તમારી સહી માંગેછે.

બીદાર—નીકલ લુચા, હું કંઈ સેહી બહી કરતો નથી; અને હું કંઈ તેની સાથે પરણતો નથી. જા, તારાં કુલને જઈને કેહે કે, તારૂં તરકટ બધું મને જણાયુંછે, વાસતે જે તારે ઘેર બીજાઓની સારી માંગણી આવેછે, તાંહાં કર, હું કંઈ તારો હાથ ધરવાનો નથી.

વકીલ—ઓજા! સાહેબ, એટલા વારમાં ફરી ગયા કે? તમારા જેવું માણસતો મેં મારા જનમમાં જોયું નથી.

બીદાર—શેહેરનવાજ, તમારો મારીપર ઘણો ઉપકાર થયોછે. તમે મને આજે બચાવીઓછે.

શેહેરનવાજ—સાહેબ, મેં તમોને પાયામાલ થતા બચાવીઆછે, તાહારે તમે પણ, હું આસા રાખુછું કે, મને મારા ખાલી ગજવાથી પાયામાલ થતી અટકાવશો.

બીદાર—(જાણે એ બોલો સમજતોજ નહી હોય તેમ) તમારો ઘણો ઉપકાર થયોછે.

શેહેરબાનું—પણ સાહેબ, હું હમણા થોડાક પઈસાની ઘણીજ તાનમાછું.

બીદાર—તમારી મારીપર ઘણી મેહેરબાંની થઈછે.

શેહેરનવાજ—બલી ગીઉં તારૂં એવું મોડાનુંજ બોલવાનું. મોડું ચાલેછે, પણ હાથતો બંધાઈ ગયાછે. પણ તું મારા હાથમાંથી કાંહાં જવાનોછે (મનમા) પણ જોઈએ, ચોકડું તો ઠીક બેઠુંછે હવે મેહેરનોશ મને શું કરેછે.

[જાયછે

---

## દેખાવ ૧૦ મો—કસરેવજ, બીદાર.

બીદાર—કોણછે ઓ લુચા! તું મારા ઘેરમાં એકદમ કેમ ચાલી આવીઓ?

કસરેવજ—સાહેબ હું જાણુછું કે તમોને ને મને કોઈ [illegible]ની દોસતી [illegible]ી, તોપણ તમારી ઉપર મને એટલું

બધું હેત કેમ લાગેછે, તે મને સમજ પડતી નથી. સાહેબ, હમણાંજ તમારી આગલથી એક શેહેરનવાજ નામની સ્ત્રી ગઈ!

બીદાર—વારૂં, તેને શુંછે ?

કસરેવજ—સાહેબ, તાહારે સમજો, કે જે જે વાત તે તમોને સમજાવી ગઈછે, તે બધી જુઠીછે. તમોને જુઠુ સમજાવવાનો સંપ હમે બંને જને સાથેજ કરીઓ હતો, પણ પછે મારૂં દીલ એવાં જુડાથી એટલું બધું કમકમીઉ કે, બાતે તમારી આગલ મેં આવીને બધું કહી દીધું. વાસતે તેનો એક બોલ માનતા ના, અને હાથમાંથી સુના જેવી બઈરીને જતી મેલતા ના. એ બધી તમારા છોકરાંઓની શીખવણીછે.

બીદાર—હા, હા, હવે મને બધું માલમ પડીઉં તા હારે. મને અગાઉથીજ શક હતો, કે એ બઈરી જુઠીછે. હઃ હઃ. હું પેલા વકીલને બોલાવીને તરત કેહું કે હું પેલાં લખતપર સહી કરૂંછું.

---

## મોટા લોકના ઘરમાંથી ડાકટરો ખસતા કાંએ નહી?

હંમેશ આપણે જોઈએછે કે, ગરીબ ગામડાંઓ કરતાં તવંગર શેહેરોમાં ડાકટરો ઘણા હોયછે, અને તેમજ ગરીબ ઘરો કરતાં તવંગરોના ઘરમા ડાકટરોનો વધારે અથવા જાસ્તુક ખપ પડેછે. એનું કારણ કદાચ એમ ધારવામાં આવે કે ગરીબો પાસે પઈસા નહી હોવાથી તેઓ વારેવાર ડાકટરોને બોલાવી શકતાં નથી; અને તવંગરો પાસે ઘણા પઈસા હોવાથી તેઓ તેમ કરી શકેછે. જોકે એબી એક કારણછે ખરૂં, તોપણ એજ મુખીઅ કારણ નથી. જો એમજ હોયતો હજારો ગરીબો મારીઆં જાય, અને એમ કરતાં તેઓ બીચારાં પોતાની ગરીબાઈને માટે, એક રીતે ખોદાના કોપમાં આવી પડેલાં ગણાય. પણ તેમ થતું નથી, અને તેમાં તે સાહેબનું મોટું ડાહાપણ જણાયછે. એ કારણ માટે ખોદાએ એવો નીઅમ કરેલોછે, કે જેમ ખાવા પીવાનું સાદું અને જેમ રેહવાનું ખુલું તેમ તે તનદરોસતી ભરેલુંછે. તેમજ જેમ મેહેનત મજુરી કરવી પડે તેમ સરીર ઘસાઈ જવાને બદલે ઓર તે મજબુત અને ભરેલું થાયછે; અને એવાં શરીરમાં દુખના દરવાજા ઘણાખરા બંધ હોયછે. ફકત આજ નીયમથી તેવાં બીચારાં ગરીબડાંઓનો બચાવ થાયછે. માટે આ નીઅમ ઊપર આપણે આગલ ચાલીએ, અને એ બંને પરકારનાં લોકની એ બાબતની હાલત ઊપર વીચાર કરીએ.

પરથમ મોટા અથવા તવંગર લોકને, લઈએ. તેઓ મોટાં શેહેરોમાં અને મોટાં ઘરોમાં વસેછે તેઓ ઘણીજ લેહેજતદાર ઊંચી ઊંચી વાનીઓ દરરોજ સંખીઆબંધ જમેછે. તેઓ ઘણા ઊંચા દારૂઓ અને સરબતો પીએછે; ઊંચાં ફલો ખાયછે, અને તરેહવાર જાતની મીઠાઈઓથી પેટ ભરેછે. તેઓ આખો દાહાડો નરમ કોચોપર અને ખુરસીઓપર બેસેછે, અને અલેરેછે. તેઓ કામે કાજે કે ફરવા હરવા ગાડીઓમાં બેસીને જાયછે, અને ઘણાં નરમ બીછાંનાંઓ ઊપર સુએછે. આ તેમની હાલતનો ચીતાર એક ગરીબની આંખમાં કેવો અદેખાઈ ભરેલો લાગેછે? અને તેમનાપર ખોદાની કેવી મોટી મેહેરબાની તેની નજરમાં આવેછે! જેમ એક ગરીબ તેમને જોઈ એમ વીચારેછે, કે તેઓ કેવા સુખીછે, તેમ તે તવંગરો, જોકે પોતાને મોડે પોતાને સુખી કેહેતા નથી, કારણ કે ખરેખર તેઓ તેવા નથી, તોપણ એટલું તો માનેછે, કે ગરીબોના કરતાં તેઓ ખાવા પીવા વગેરેની હાલતમાં ઘણી સારી રીતે રહેછે. એટલું છતાં જીઆરે તેઓ, તેમજ બીજાઓ જોયછે કે, તેઓ એટલી બધી તજુમલ છતાં સદા આજારી જેવાં ચાલેછે, અને ડાકટરો ઘરમાંથી ખસતાજ નથી, તીઆરે તેમને ઘણી અજાયબી લાગેછે. વલી તેઓ જીઆરે એમ જોયછે, કે જેમને તેઓ એવી તજુમલથી કમનસીબ સમજેછે, તેમને એ બાબતમાં પોતા કરતાં વધારે સારી હાલતમાં જોઈ વધારે અચરતીમાં ગરકાવ થાયછે. પણ જો તેઓ તેનું ખરૂં કારણ જાણેતો, તુરત પોતાની એવી અચરતી છોડી દીએ, અને જેઓ તેમની અદેખાઈ કરેછે, તેમની અદેખાઈ, તેઓ કરેછે, અને કરે. તેનું ખરૂં કારણ એજછે, કે ઊપર લખવા પરમાણેનું, ખાવા પીવા, ફરવા હરવા વગેરેનું જે, તેમના વીચાર પરમાણેનું, સુખછે, તેજ તેમના દુખોનું મુલછે! તેઓ શરીરે મજબુત થવાને ઊંચી અને તરેહવાર વાનીઓ ખાયછે, પણ તેજ વાનીઓ પચાવવાને તેમના માદા અશક્ત હોવાથી તેમના શરીરને ઊલટું નબલું કરેછે. તેઓ પોતાના શરીરને ઘસારો નહી લગાડવાની મનસાથી ઘણીજ કમની મેહેનત કરેછે, પણ તેજ તેમના શરીરને રોગી કરી ઘસી નાખેછે. માણસ ખોરાક ખાયછે, તે પોતાના શરીરને ઊધારવા અને સાથે મજબુત કરવા સારૂ ખાયછે. પણ જો તે ખોરાક પરથમ માદામાં બરા

બર જરીઆજ નહી તો પછે તેથી તેની એ મતલબ બીલકુલ પાર પડતી નથી, અને ઊપરથી તન રોગી થાયછે. માટે ખોરાક લઈ, તેની મતલબ પાર પાડવાને તેને બરાબર જેરવવો જોઈએ. તેમ કરવા માટે મુખીય કરી બે વાતપર ધીઆન રાખવું જોઈએ. ખોરાક જેમ બને તેમ સાદો લેવો જોઈએ, અને આખો દહાડો શરીરને મેહનત વગેરેથી કશરત આપવી જોઈએ. ગોલા ડોલાને હાક મારવાને બદલે, પોતાના કામના ફેરા આંટી અથવા ચહડ ઊતર પોતેજ કરવું જોઈએ, અને શીગરામ અને ફાઈટીન જોડાવાને બદલે પોતાના પગને જ જોડવા જોઈએ: નરમ બીછાંનાને બદલે તે બનતાં શુધી શકત હોવું જોઈએ; અને સકારે સુઈ જઈ સકારે ઊઠવું જોઈએ. એમ નહી થવાથી, ઊપર લખવા પરમાણે તેમની સઘલી તજુમલ રદ જાયછે, અને તેથી ઊલટાં તેઓ રોગી થાયછે; અને તેથીજ તેમને ઘડી ઘડી ડાકટરોનું કામ પડેછે. આ સરવેથી મોટાં કારણ સીવાય એક નાનું સરખું બીજુબી કારણછે. તે એકે ઘણીક નાજુકડીઓનું જરા માથું દુખીશે કે આંગલું અકરશીશે તો તરત ડાકટરને બોલાવો! હાથમાંથી સીવવા ભરવાનું મેલી દેઓ, અને જઈને ઢોલીઆપર સુઈ જાઓ! ડાકટરની દવા આલી તે પાઓ અને કાંજીને શેરવો પીઓ! સુજની ઓઢીને દીલને ઢાંકો, અને બારી બારણાં બંધ કરી પવનને અટકાવો. સઘલો દેખાવ એવો થાય કે, જાણે છ મહીનાનાં આજારી! એ સઘલાં કારણોને લીધે મોટા લોકોના ઘરમાંથી દાકટરો ખસતા નથી.

ગરીબોમાં એમના જેવું કંઈ નથી. તેઓ બીચારાં બાફેલું ભાત, કે લુખી રોટલી કે એવોજ સાદો ખોરાક ખાયછે, અને આખો દાહાડો મેહનત કરેછે. સાદો ખોરાક અને સારી મેહનત એ બે મલવાથી તેમનુ ખાધેલું તેમને બરાબર પચી જાયછે; અને માદો પાછો બીજો ખોરાક લેવાને અને તે આવનાં વાર તેપર પોતાનું કામ ચલાવવાને તખત ગાણમય તઈઆર રહેછે. તરેહવાર જાતનાં કામકાજો ન હોવાથી તેઓ સકારા માહે સુઈ જાયછે, અને આખો દાહાડો મેહનત કીધેલી તેથી આખી રાત પુરતી ઊંઘ કાહાડી પાછલી રાત થતામાં તાજા થઈ ઊઠેછે. એથી કરી તેઓ દુખ દરદથી ઘણાં મોકલાં રહેછે. તેઓનું બદન રાત દાહાડો કસાઈ, અને તેમાંથી પુરતો પરસેવો નીકલી, અને નાહાનપણથી રીઢું થઈ એવું બની રહેલું હોયછે કે, તેમને સરદી નો કે ગરમીની માઠી અસર તુરત લાગતી નથી. તેઓ આખો દાહાડો વરસાદમાં ફરેછે તો તેમને સરદી થતી નથી, અને આખો દાહાડો તડકામાં ફરેછે તો લુ લાગતી નથી. વલી તેઓમાં કોઈ નાજુકડીઓ નથી, અને તેમનાથી જરા જરામાં ઘરમા પોઢી રહેવાતું નથી. એ સઘલાં કારણોથી ગરીબોને તાંહાં ઘડી ઘડી ડાકટરો આવતા નથી. માટે જેઓએ પોતાના ઘરમાંથી ડાકટરોને ખસાડવા હોય, તેઓએ ઊપલાં કારણોને ધીઆનમાં લેવાં.

## ડેરકા ખાઉ લોક!

ઊપલું મથાલું વાંચતાંવાર વલી હમારી પારસણ વાંચનારીઓ, સાથે મોહું કંચવાવીને, બોલશે કે, "મરેરે, ડેરકા તે કેમ ખાતા હોશે"! પણ હમો કહીએછે કે, ડેરકા ખાનારાઓ તેને ઘણી હોંસથી, અને ઘણો સવાદ લઈ લઈને ખાયછે, અને તેના સવાદની જે તેઓ તારીફ કરેછે, તે ઊપરથીતો હમો કહી શકીએ કે, હમારી પારસણોની આગલ, જો તેમને ચેતાવવા વગર, તે પકાવેલાની એક રકાબી મેલી હોય તો, હાંસે જમી જાય, અને વલી બીજું માગે! તેઓ કદાચ એમ ધારશે કે કોઈ તેવા નજીશ, અને લુખે મરતા લોક હશે, જેઓ એવાં નજીસ જાનવરને ખાતા હશે. પણ હમો તેમને કહીએછે કે, જે લોકો ડેરકાને સવાદ સવાદે ખાયછે, તેઓ દુનીઆં પર આજે સઊથી સુધરેલા, સઊથી ઊંચા પોશાક પેહરનારા, સઊથી ઊંચી વાનીઓ ખાનારા, અને સઊથી નામીચાં શેહરમાં રેહનારા છે. તેઓ ફરેંચ લોકોછે. પારીસમાં રહનારા ફરેંચ મરદો અને ઓરતો જેવાં ભપકાદાર અને મોજીલાં લોક દુનીઆંપર બીજાં કોઈ નથી. તેમના ખાનાં એટલાં તો ઊંચાં અને મોઘાં થાયછે, કે વખતે એક માણસ સો રૂપીઆ વેરનું ખાયછે! તેમનાં એવાં ખાનાંપર સેંકડો વાનીની વચે ડેરકાની વાની બીજીઓની સાથે, સરદારી ભોગવેછે!

ડેરકા ઘણી જાતના થાયછે, પણ તે બધા ફરેંચ લોકો ખાતા નથી. લીલા રંગના એક જાતના ડેરકા થાયછે, તેજ માતરે તેઓ ખાયછે. એ ડેરકાઓ પકડવાનો અને વેચવાનો ઘણાઓ ધંધો કરેછે. એમને બે રીતે પકડેછે. કેટલેક ઠેકાણે, લાંબી લાકડીની સાથે લાં-

બી દોરી બાંધી તેને છેડે માછલી પકડવાનો ગલ બાંધે છે, અને તે ગલ ઊપર લાલ ફલાનલ બાંધેછે. ડેરકા ઓ બીચારા કેથા તરેહવાર રંગના, મારી શોખીઓ દેખું ! તેઓ તે લાલ રંગ જોતાંજ તેનાપર તરાપ મારી તેને ગલી જાયછે, પણ બીચારાના ગલામાં અંદર ના ગલની અણી ખુંચી બેસેછે, તેવામાં આંચકો મારી માણસ ઊંચકી લઈ પોતાની ટોપલી, જેમાં તેના બીજા ભાઈબંધો કમબખતીમાં પડી હોય અફશોશ કરતા હોય, તેમની વચે તેને પણ પોતાનું કપાલ કુટવાને મેલી દેછે. કેટલીક જગામાં એ બીચારા ભોલાઓને એથી પણ વધારે ઠગાઈ ભરેલી લાલચમાં નાખી પકડે છે. એમાં પણ તેઓ પોતાના ઊપર લખવા સરખા શોખથીજ ભોગ થઈ પડેછે. એમને પકડવાને નાની છોકરીઓ રાતને વખતે લીલા રંગના પાટીઆં, અને દીવાના નાનાં શનસો લઈને નીકલેછે. જે તલાવ અથવા ખબોચીઆમાં તેઓ વસતા હોય તેમાં ઊતરી, પાણીની ઊપર પેલાં પાટીઆં તરતાં મેલેછે, અને એક એક પાટીઆં ઊપર એક એક દીવાનું શનસ મેલેછે. લીલા રંગના પાટીઆં પર દીવાનું અજવાલું પડવાથી તે પાણીપર તરતાં ઘણાં સોભાયમાન દેખાયછે. પણ આપણા કરતાં તેની શોભા ડેરકાઓને ઘણી લાગેછે. આ પાટીઆં તરતાં જોઈ તેમને જાણે તલાવમાં મોટી લાઈટ લાગેલી જણાયછે, અને બધા પાણીની ઊપર નીકલી આવી તેને જોવા મંડી જાયછે. પણ એટલા માંજ તે ડેરકાજીઓ ધરાતા નથી; જરાક વાર જોવા પછે તેઓ ડપોડપ કુદીને તે પાટીઆંઓ ઊપર બેસી જાયછે, અને ઘણા ખુશી ખુશી થાયછે ! પણ તેવામાં પેલી ડગાબાજ અને ઘાતકી છોકરીઓ અનચીતી આખાં પાટીઆં ઊપર એક જાલ પાંથરી દેછે, અને તેને આસપાસ લપેટી લઈ ઝડપથી પાટીઊં ઊંચકી લઈ જાયછે. આ મામલો જોઈ બીચારા ડેરકાજીઓના હોસ કોશ ઊડી જાયછે, અને આણીગમથી પેલી ગમ દોડાદોડી કરવા મંડી જાયછે. પણ પેલી સફેદ ઝભાવાલી ઠગારીઓનાં હાથમાંથી તે બાપડાઓનો કોઈ રીતે છુટકો થતો નથી. થોડા વખતમાં તેઓ મોહોતને તાબે થાયછે, અને પછે તે ઘણીજ નાજુક અને એસકી ફ્રેંચ લેડીઓનાં પેટમાં ચાલી જાયછે ! તેઓ તેને ચાવી ચાવીને ખાયછે, અને કેહેછે કે, એના સવાદની આગલ સઘલી વાનીઓ રદછે !

વલી હમારી સુગાંતરી પારસણોને એ સીવાય બીજી વાત કેહેવી પડેછે. જો આ ડેરકાજીઓની મેજબાનીથી તેમને પુરતો સવાદ નહી મલીઓ, હાયતો, હમો ધારીએછે કે, આ બીજી વાતથી મલશે ! તે એછે કે, ફ્રેંચો જેમ ડેરકા ખાયછે, તેમજ ગોકલ ગાએ પણ ખાયછે ! આ ગોકલ ગાએઓ ગામડાંઓમાં દરાખનાં વેલા ઊપર ઘણી થાયછે. તીઆંથી ગામડીઆંઓ તેમને એકઠી કરી ટોપલાઓ ભરી પારીસમાં લાવી વેચી જાયછે. જેઓ એને ખાવાને વાસતે તઈઆર કરે છે, તેઓ તેમને તે ગામડીઆઓ પાસેથી ખરીદેછે, અને તઈઆર કરીને પોંહોંચખાનાંઓ વગેરેમાં જઈને વેચેછે. એમને તઈઆર કરવાની રીત એવીછે કે, પરથમ બધી ગોકલ ગાએઓ, જે અતીઆર લેર જીવતી અને પોતાનાં કોટલામાં સવરીઆ કરતી હોયછે, તેમને ગરમ પાણીમાં નાખી દેછે. તેમાં તેઓ મરી જાયછે પછે તેમને તેમનાં કોટલામાંથી બાહાર કાહાડી મોટા તપીલાઓમાં પાણી, સરકો અને મીઠું નાખી, તથા માહે કંઈ તરકારી નાખી તેમાં મેલી પોણા કલાક લેર ચેરવેછે. પછે દરેકને પાછી એક એક કોટલામાં ભરેછે, અને ઊપરથી માખણનો ડાટો મારેછે. એમ કરી તેમને ઊપર લખવા પરમાણે પોંહોંચખાનાં વગેરેઓમાં વેચી આવેછે. પણ હજી તે ખાવા લાયક ગણાતી નથી. જીઆરે તેને ખાવાને વાસતે ટેબલપર મેલવાની હોયછે તીઆરે તેને પેણામાં મેલી થોડુંક માખણ નાખી તેમાં તલી કાહાડેછે, અને પછે રકાબીમાં ગરમ ગરમ લાવી ટેબલપર મેલેછે. તેને સઘલાઓ હાંસે હાંસે ખાયછે ! હમારી પારસણ વાંચનારીઓ પણ જો આ પરમાણે તજવીજ કરી કોઈ દાહાડે એ બંનેનો સ્વાદ લઈ જોશેતો કદાચ ઠગાશે નહી !!!

## જ્ઞાન અથવા અકલ.

માણસ ખોદાની સઉથી મોટી ને બુજરગ પેદાશછે. દુનીયામાં જે સઘલી ચીજો તેણે પેદા કીધીછે તેની ઉપર તેને સાહેબી બખ્શીછ. આખી સપાટી ઉપર સઘલાં પરાંણીઓમાં તે મોહોટાઈ બલકે રાજ ભોગવેછ. કુદરતી ઇલાજ ... એક છેડેથી બીજા છેડા સુધી ખુદરતી કોઈ એવી પેદાશ નથી કે જેના ફલ તોડવાને તેને મના હોય. સઘલાંનો તે ખુદ ધણીછે. જરાપે જો તેના ઉપીયોગ, સુખ અને મોજ માટે પેદા થયુંછ. એ સુ

ખતીયાર ધણી સાંમે બરોબરીનો દાવો કરનાર કોઈ નથી. બલવાંનમાં બલવાંન પરાંણી તેની આગલ શીર નમાવેછ. સુરો સીંહ, વીકરાલ વાઘ, ડુંગર સરખો હાથી, તેના મહતાં બલ આગલ તાકાત ધરાવતો નથી. તેની કલા અને હીકમતથી તે તરાહાય તરાહાય થાયછ. માણસ તેને લેજામાં પેચ કરેછ. જોરેમંદ અને કદાવર જાંનવર જેની આગલ પાહાડોના પાહાડ કુચ બીસાદ ધરાવતા નથી તેને તે જગતરાંની માફક મસરી નાખે તારે તેના બલનો શું પાર હશે ? જરા જમીન છોરી આસમાંન તરફ નેગાહ કરાપે. જમીનતો રેહી પણ આસમાંન સાધમી તે બાંહે ચહડાવવાને બાકી રાખતું નથી. પાતાલમાં ડોકી ઘાલેછ. બેધડક બીહાંમના પાહાડો અને ડુંગરોમાંથી સેહેલાઈથી અને જહડપથી ધાસતી અથવા પરવા વગર રાહા કાપેછ, અગની શાપ લડેછ, માહાસાગર સાથ બાંહે ચરાવેછ, એટલુંજ નહી પણ આકાશ સાથબી જંગ મચાવેછ એ કાંઈ જેવી તેવી વાત નથી. તારાઓની ગણતરી કરવી, સુરજ અને માહાતાબની માહેતગારી મેલવવી અને બીજા લખો આસમાંની ચમતકારીક બનાવોની આગાહી કરવી એ કાંઇ થોડું નહી થયું. પવન કેમનો અને કયારે ફુકશે, તોફાંન કહે વખતે થશે, એઓની તપાસ રાખી જાંન માલના રક્ષન સારૂં સાવચેત રેહેવું એ કાઈ થૈ ડું અજાયેબી જેવું ! જમીન પર જેમ ઘોડો ડપતાવે તેમ પાણી પર કરવું એ કાંઈ અચરતીથી થોડું ભરપુરછે ! પાંખ વગર ઉડવું અને ઉડતાં પક્ષીઓને પણ નીચે મુકી આસમાન સાથ વાત કરવી, બાફના ઘોડાપર સવાર થઈ ટુક વખતમાં પખી કરતાં પણ હજાર દરજે સરસ લખો માઈલની પાણીપર અને પાહાડો પર મંજલ કાપવી એ શું પેહ્લી આગલા જમાનાની પવન પાવરી સરખી મોજેજા જેવી અને સ્વપનામાં નહી બને એવી વાતો યાદ આપતું નથી ! થોડાક વરસ અગાઉ એવી વાત કોઈને કહી હોયનો માને ! કેહેનારને મગજથી ગયલો નહી સમજે ! પેલા જોતીશ શાસ્ત્રના કેવા હાલ થયા તે સઉને રોશનછે. તે વખતે જો કોઈને કહું હતે કે થોડાંક વરસ પછી માણસ લખો માઈલને છેટે બેસી એક બીજા સાથ ગોફતેગો કરશે તો શું ઉપલા માહાન પુરૂશના જેવી તેની વલે થતાં વાર લાગી હતે ? હવે વીચારો કે જારે માહા પરાકરમી માંણસે આવાં માહાભારત કાંમો સરંનજાંમ ઉતારીયા અને હજુર ઉતારતુ આવેછ તોપણ હજુ તે અપુરણ હાલતમાં ગણાયછે તો હવે પછી શું શું કરશે અને આંખી ખલકને હેરતના ઉંડા ગારમાં ગરકાવ કરશે તેનો વીચાર સેહેલથી થઈ શકે.

વારૂં તારે હવે ખીયાલ કરો કે આટલી બધી મોહોટાઈ, આટલી બુજરગી, આટલી પાદશાહી, આટલું બલ, આટલી જાહોજલાલી એ સઘળુ આથી ? શું તેના ખુદ અને ખરાં બલથી ? શું કઈ જાદુઈ જોરથી ? જાદુઈ શીરાપે પાંખ વગર ઉડે કેમ. લખો માઈલ પર બેસી વાત કરે એ જાદુઈ નહીતો શું. સીંહને વશ કરે તે માંની કેમ શકાય શું તે ખરેખર સીંહ કરતાં જોર વરાછે ? અને જો એમ નહી હોયનો માણસ કાય અને સીંહ કાંય નહી આ સઘલી પાહાદશાહી જાહોજલાલી ભોગવે ? નહી, નહી પણ એમ કાઈ નથી. માણસ કરતા બલવાનતો ઘણા જાનવરો પડયાંછ; એનું ખરૂં કારણ શોધવા જવું કાંઈ દુર નથી. તે સુતરૂં અને સેહેલુંછે, તેનો જવાબ માતર એક બોલછે તે અકલ અથવા ગ્યાનથી ઓલખાયછ. માણસ અને જાનવર અથવા હેવાંનમા એટલોજ ફરકછે કે એકમાં ઉપલો કીમતી ગુણછે અને બીજો તેથી બેનશીબછે. માણસ પાસથી અકલ છીનવી લેવો અને તુરતજ તે હેવાનની પગથી પર તુટી પડશે બલકે તેની હાલત હેવાંન કરતાં પણ નપેતર થશે. બેહેતર કે હેવાંનજ સરજતું. માણસ રૂપી હેવાંન એ કેમ ખમી શકાય. અકલ વગર જીવતર ફોકટ. તારે અકલ અથવા બુધીથી આ સઘળુંછે. ગ્યાન ખુદરતથી સઉ માણસને મલીઉછ જે પુખત થયા પછી, અકલ થાયછ પણ ગ્યાનની માફક અકલ સઉને સરખી નથી. અકલ એક ખોદાઈ નુરછે અને તે માણસને ઉમદામાં ઉમદા બખશીશછે. પઈસોટકો, રાજપાટ, બાદશાહી, જવેર, તાજ તખત, સઘલાં એની આગલ બીસાદ વગરનાછે. સઘલાંઓ એની આગલ ફરમાબરદારીમાં હાજર રેહેછ. સઉ ચીજ એની આગલ ગોલાંમ રહી ખાકને બોશા દેછ. અકલથી બલ, અકલથી પઈસો, અકલથી સઉછે. અકલથી પઈસોછે પણ પઈસાથી અકલ નથી. અકલ સઉને વેચાતી લેછ પણ તેને કોઇ વેચાતી લઈ શકતું નથી. પઈસો આજેછે ને કાલે નહી, તેને ફના થતાં વાર નથી લાગતો. બાદશાહી આજે હસતીમાં તો કાલે નાબુદ. પણ તેમ અકલ નથી તે જાશુક સુધી કાયમ રેહેછ બલકે તેનો સુધારો અને વધારો થાયછઃ પઈસો ચોર ચોરી જાય, રાજપાટ ફના થઈ જાય, પણ અકલ ફના થનાર નથી કે તેને કોઈ ચોરી જઈ શકનાર નથી. મજબુતમાં મજબુત તીજોરીમાંથી પઈસો ચોરઈ, લુટઈ જશે, પણ મગજના નબલાં ખોખાંમાં અકલ જાવેદાંન સુધી સાબુત રેહેશે. અકલ વગર માણસ નહી, માણસ વગર અકલ નહી. અકલના હીરા અને બુધીના નુરના માહાતાબ સરખા ચલકાટથી, અંધારાંનો પરદો આખ આગલથી ફાટી જાયછ અને સારૂં, નરસું, મીઠું, જેહરી, ઉપયોગી, નીરઉપયોગી માણસ પારખી શકેછ. અકલ, કલા, વીદયા અને હુનરથીજ માણસ ઉપર જણાવેલાં સાહાસીક કાંમો કરવાને શકતીવાંન થાયછ. અકલથીજ સઘલી ચીજોને પોતાના ઉપયોગ, સુખ અને ખીદમતગારીમાં તે લાવી શકેછ. સઘલી વસતુઓ આલમના થોક ઉપયોગને માટે પાંથરી નાખીછ ખરી પણ તે હેવી હાલતમાં કે જો અકલની કારીગરીનો હાથ તેને સફાઈ આપવા મદદ જાય નહીતો તે તદંન નકામી થઈ પડે. માણસના પોશન સારૂં ઝાડ પાંન પેદા કીધાંછ ખરાં પણ જાંહા લગી અકલ તેને ઉધારવાનું અને પાણી શીપવાનુ દેખાડે નહી તાંહા લગી તે શું ઉપયોગનું ? શું—મુલીયા અથવા લાકડાં કડવાના, જમીનની અંદરની ખાનો અકલે નહીતો કોણે શોધી કાહારી અને કોણે તેનો ઉપયોગ સમજાવીયો. વલી અકલ ન હોય તો તેજ ધુર અને માટીથી ભેલાયલી ખાનના આડાં અવલાં, કઢગા, ચોસલાને ઘટઘટંમ. રૂપ રાનક કોણ આપે. અકલ વગર તે જમીનમાંજ રોમીયા કરે અને તેની ઉપર કોઈ નજરખી કરે નહી. અગંની અને લોહોડું, પવન અને, વીજલી ઈતીઆદી ઓજોની મદદથી આગ ગાડી, વીજલીક તાર, વરાલ યંત્ર, વીમાન ઈતીયદી. અકલ અને તેન

છોકરાંઓ—વીદીયા, હુનર, ઓલંમથી થયું કે બીજાંથી. અકલથી કેવી રીતે માણસ જંગલીઓ પાસથી ધુરૂને બદલે સોનું મેલવેછ. અકલથી માણસનું તોલછે. વધારે અથવા ઓછી અકલ તેનાં પરમાણમાં મોટો અથવા નાનો દરજો રાજાનો નહી એટલો મોતેબાર અકલનો દરજજોછે. અકલ વગરનું માણસ આપદાની માફક તેના બઇમંધોમાંજ હારમાર થાયછ. ગરીબને ગુજરાન સારૂં અકલની જરૂરછે, પણ માલદારને તો તેના બેહદ ખજાનાનો રખેવાલ અને વધારનારછે. અકલથી બાક્ટ જેવા રાજકારબાર ચાલેછ. અકલથી રાજ બનતાં જેમ વાર નથી લાગતો તેમજ તે ઉધાં વલતાંબી વીલંમ નથી લાગતો.

હવે અકલ જે ખુદરતી પેદાશછે તે બીજી ચીજોની મદદ વગર નકાંમીછે. અકલના જે જાતી ગુણોછે તે કાઇ પોતાની મેલે એકદંગ બાહાર નીકલી નથી આવતાં એક ઝાડના જાતી ગુણો ફલ આપવાનાછે પણ જો તેના પોશન માટે તેને મદદ મલે નહી અને માણસ તેની માવજત કરી તેને ઉધારે નહીતો તે કેવું કરમાઈ જાયછ અને તેના ફલ આપવાના ગુણો કાંહાં જતા રેછ, તેજ પરમાણે અકલને પણ પુખ્ત કરવા માટે કેલવણીની જરૂરછે. એક બાલક જેને જનમથીજ અકલ મલીછ તેને જો કેલવણીનો પરકાશ દેખાડીયો ન હોયતો તે મોટપણમાં કેવું નકામુંછે, એથી ઉલટું જો તેને કેલવણીનું પાણી સીંપી ઉધારીયું હોયતો તે કેવાં નીયામત ફલ આપેછ પણ કેલવણી કાઈ એક દાહાડો આપી સંતોશ પાંમવું નહી. વપરાતી કુંચી ઉજલી, તેમ અકલ અથવા ગ્યાનની કુંચીને કેલવણીના વપરાસમાં હમેશ રાખવી. વલી આપણે જોયું કે અકલથી માણસની બુજરગીછે અને હવે જારે કેલવણીથી અકલછે તારે તે બુજરગી જાલવી રાખવી એટલુંજ નહી પણ તેને સુધારવા માટે જે એકજ સાધન કેલવણીનો માહાસાગરછે તેમાં બુડકી મારી બેકીમતી મોતી હાથ કરવાને વાત કોણની જોવા, કોણ એવો અભાગીયો કે આવી ગફલતીથી પોતાના પગમાં કોહારી મારી ઘર બેઠાં આવેની લક્ષમીને લાત મારે. સેહેજ મેનતથી જે ચીજ હાંસલ થાય અને તેના બેસુમાર ફાયદાનો તો પારજ નહી તારે તેમાં આલસ કરે એવો કોણ હેમક. એવા-અપટ થોડાજ હશે.

—◦◦◦◦—

## લુસી હચીનસન.

ધણીનાં મરણ પાંમવા પછે ધણીઆંણીઓએ શું કરવું તે વાત જેટલી યુરોપખંડની સ્ત્રીઓ બરાબર જાણેછે તેટલી આ દેશની સ્ત્રીઓ જાણતી નથી. તેમાં હીંદુ ઓરતો તો સરવે કરતાં કમઅકલ માલમ પડેછે, કારણ કે પોતાના ધણીની પાછલ, તેનાં બચાંની, તેની મીલકતની અને તેની કીરતીની સંભાલ કરવાની જે તેની ફરજછે, તે ભુલી જઈ, ઘણીઓ તેનીજ સાથે બલી ભશમ થાયછે. જોકે અંગરેજ સરકારની પુનાઈથી આ પાપ ભરેલી બેવકુફીનો આજકાલ અંત આવેલો જણાયછે, તોપણ હજી કેથે કેથે એવી વાતો સંભલાયછે. એમ કરવાથી તેવી સ્ત્રીઓ, અને તેમને ઉતેજન આપનારા તથા મદદ કરનારા મુરખ મરદો બે જાતનાં પાપમાં પડેછે. એક પોતાની ખરી ફરજને ભુલેછે, અને બીજું ખોદાની મરજી અથવા તેના હોકમ ઊપરાંત પોતાનો અંત આંણેછે. જે હીંદુ સ્ત્રીઓ એવું મોટું પાપ નથી કરતી તેઓ તથા પારસી સ્ત્રીઓ, જેઓ, ખોદાની મેહેરબાંનીથી એવી જાતની મુરખાઈથી સદાનાં અજાણાંછે તેઓ, પાછલથી પોતાની ફરજોને ઘણીવાર ભુલી જાયછે. થોડાક ખરાં દીલથી અને ઘણાક લોકને દેખાડવા માટે ઘણાક દીવસો વેર રડે કુટેછે, અને ઘરમાં ભરાઈને શોક પાલેછે. એમ કરતાં ધણીની મીલકત લુટાઈ જતી હોય, કે તેનાં બચાં રવડી જતાં હોય, તેનો વીચાર તેઓ કરતીઓ નથી. તેમજ ધણીની હઈઆતીમાં તેનાપર જો કાંઈ મોટી આફત આવી પડી, તો હીમત રાખી તેમાંથી તેને મોકલો કરવાને બદલે ઓર હીમત મેલી દઈ, તેને વધારે દુખી કરેછે. એ સઘલું પરીણામ વગર કેળવણીનુંછે. જો તેમને બરોબર અને પુરતી કેળવણી મલેતો, બેશક તેઓ પોતાની ફરજો સમજે. યુરોપખંડની સ્ત્રીઓને એવી કેળવણી મલેછે, જેથી તેઓ પોતાની ફરજો બરાબર સમજેછે, અને તેથી તેઓ સરસ બાઈડી અને સરસ માતાઓ થઈ શકેછે. નીચે લખેલી વાત ઊપરથી વાંચનારી બાઈઓને માલમ પડશે કે, યુરોપખંડની એક સ્ત્રી પોતાના ધણીનાં સંકટનો વેલાએ તેની કેવી સરીગત થઈછે, અને તેનાં મરણ પછે તેને અને તેનાં બચાંને કેવી ઊપયોગી થઈછે.

લુસી હચીનસન સર અલાન એપસલીની છોકરી હતી, અને તે ૧૬૨૪ નાં વરસમાં જનમી હતી. તે અઢાર વરસની થયા પછે, કરનલ હચીનસન નામના એક લશકરી અમલદાર સાથ પરણી હતી, જે ઈંગલંડનાં રાજા પેહેલા ચારલસ અને તેની પારલામેંટ વચે ચાલેલી મોટી લડાઈમાં ઘણો પરખીઆત થઈ ગયોછે. આ બન્નેનું જોડું એવું મલીઉં હતું કે, જેમ લુસી એક સઊથી સરસ બાઈડી હતી, તેમ હચીનસન એક સઊથી સરસ માટીડો અથવા ભરથાર હતો. જોકે તે લુસીને પોતાના જીવ કરતાં વધારે ચાહાતો હતો તોપણ તે તેની એકબી ખાંમીને ઢાંકતો ન હતો. તે

તેને સઘળો લાડ લડાવતો હતો, તોપણ તેમાં હમેશ એવી સંભાલ રાખતો હતો કે, એ છગારી બાઈડી હોયતો તે જરા પણ છગી નહી જાય. તે હમેશ તેને કેહતો કે, તે તેણીનાં ચેહેરાને ચાહાતો નથી, પણ તેણીનાં ગુણ અને નીતીને ચાહેછે. કરનલ હચીનસનનું, બીજાઓની માફક આ ફકત બોલવાનુંજ નહી હતું, પણ તેમજ કરતો હતો, અને પોતાના એવા વીચારનો સઊથી સરસ નમુનો તેણે પરણતીજ વખતે આલમને બતાવીઓ હતો.

એ બંને જન વચે પરણવાની સઘવી વાત નકી થવા પછે લગન સારવાનો એક દીવસ મુકરર કરવામાં આવીઓ. તે દીવસે સઘલાં જણ વખતસર દેવલમાં હાજર થયાં, પણ કીરીઆ સરૂ થાય તેની આગમચ લુસીનો જીવ બગડી આવીઓ, અને એવી માંદી થઈ ગઈ, કે સઘલું પડતું મેલી તેને ઘેર લઈ જવી પડી. બીજે દાહાડે તેને સહીયડ નીકલી આવીઆ! આ ભયકર બનાવ જોઈ લુસીએ પોતાની ખુબસુરતીની સદાની આસા મેલી, અને તેણે તેમજ બીજાં બધાંઓને શક પડીઓ કે કદાચ હવે કરનલ હચીનસન પણ તેની બદસુરતીને લીધે ખસી જશે; અને લગન કરવાને ના પાડશે. પણ કરનલ હચીનસન એવોતો ભલો અને દાહાપણવાલો હતો, કે સઘલાઓ પોતાના વીચારમાં ઠગાયાં. જોકે કરનલ હચીનસન પણ જાણતો હતો કે હવે લુસી બીછાનાંપરથી જુદુજ મોહડું લઈને ઊઠશે, જેને પસંદ કરનારા થોડાજ હોયછે, તોપણ તે એટલીજ રાહા જોતો હતો કે તે જરા ખુરસીપર બેસવાને શકતીવાન થાય, તો તેની સાથ તે લગન કરી દે. તેમજ લુસીને જેવો જરા ફેર પડીઓ કે, તેણે પોતાની આ ઊતાવલ તેને જણાવી, અને તે પરમાણે તેમનાં લગન થયાં. પરણતી વખતે લુસીનો દેખાવ એવોતો બેડોલ લાગતો હતો કે લગન સારનાર પાદરી વધીક અજાયબ થયો, અને કરનલ હચીનસન તરફ અચરતીથી જોવા લાગો.

આ દુનીઆંમાં જે માણસો હમેશાં ડાહાપણથીજ કામ લીએછે તેઓ તેમાં કોઈવાર ઠોકર ખાતા નથી, અને કોઈવાર તેમને પસતાવું પડતું નથી. તેમજ કરનલ હચીનસનને પણ આ કારણ માટે કોઈ દાહાડે ખખરવું પડીશે નહી. પણ વલી જે માણસ ખોદાનો ડર કરી ચાલેછે, તેમે તે સાહેબ પણ તેનો બદલો આપીઆ વીના ચુકતો નથી. તે પરમાણે કરનલ હચીનસને પોતાના ખોદાથી ડરીને પોતાનો વેચન તોડીઓ નહી, તેથી તેને બીજી બાબતમાંથી પસતાવું પડીશે નહી, એટલે લુસીને જે બદસુરત થવાની ધાસતી હતી, તે કંઈ બનાશે નહી, પણ થોડા વખતમાં તેનું મોહડું ને ચાંમડી સાફ થઈ ગયાં, અને તે જેવી આગલ હતી તેવીજ પાછી ખુબસુરત થઈ. અંદરથી તો તે ખુબસુરત હતીજ, તેથી કરનલ હચીનસનને તેડીને વલગી રહેતાં બાહારથીબી ખુબસુરત અને અંદરથીબી ખુબસુરત એવી સ્રી મલી, અને એવી સ્રીથી જે ફાયદા તેને અને તેનાં બચાંઓને મેલવા જોઈએ તે તેને તેની હયાતીમાં અને તેનાં મરણ પછે પણ મલીઆ.

ઊપર લખવા પરમાણેની ઈંગલંડમાં રાજા અને રયત વચે ચાલતી લડાઈનો અંત આવવા પછે તથા બીજો ચારલસ ગાદીએ આવવા પછે સઘલો મામલો ફેરફાર થઈ ગયો, અને જે અમલદારો તથા બીજાઓ એ લડાઈમાં રાજાની સામે હતા તેમને સજાઓ કરવાનું શરૂ થયું. કરનલ હચીનસન પણ રાજાની સામે લડીઓ હતો, જેથી તેને પકડીને એક બંધીખાનામાં નાખીઓ. આ વખતે લુસી કેટલાંક છોકરાંની મા થયલી હતી. પોતાના ધણીને આવાં સંકટમાં જોઈ, આપણી સ્રીઓની માફક ઘરમાં બેસીને રડવાને બદલે, તે તેના ધણીનાં બંધીખાનાં આગલ ગઈ, અને ઘણી મેહેનતે તેમાં દાખલ થવાની પરવાંનગી મેલવી, તેની આગલ રહી તેને દીલાસો દેવા, અને તેની ચાકરી કરવા લાગી. થોડો વખત રહીને કરનલ હચીનસનને બીજાં એક દુરનાં બંધીખાનામાં મોકલવામાં આવીઓ. તેની સાથે જવાની અને તેની સાથે બંધીખાનામાં રેહેવાની પરવાંનગી મેલવવાને, આ વખતે, લુસીએ ઘણી મેહેનત કીધી, પણ સઘલી ફોકટ ગઈ. તીઆરે તે બંધીખાનાથી થોડેક દુર એક ગામ હતું, તીઆં એક જુદુપડું બાંડે લઈ તેમાં પોતાના છોકરાઓને લઈને, જઈને રહી. અહીથી તે રોજ લાંબી મંજલ ચાલીને બંધીખાનાં આગલ જતી, અને પોતાના ધણીને મલીને તથા તેની જોઈતી માવજત કરીને સાંજને છેડે પોતાના બચાં આગલ પાછી આવતી. આ ભલી સ્રી આટલુંજ કરીને બેસી રહી નહી હતી, પણ પોતાના ધણીનાં છુટકારાને માટે તેનાંથી જેટલી મેહેનત થઈ તેટલી કીધી, પણ તેમાં તે બીચારીનું કંઈ વલીશે નહી. આખરે બંધીખાનાંની ખરાબ હવાને લીધે, અ

ને તે સીવાય બીજી આપદાઓને લીધે કરનલ હચીનસન આજારી પડીઓ, અને થોડા વખતમાં તે બંધીખાનાંમો જ પોતા પાછલ આઠ છોકરાંનો લુકો મેલી મરણ પાંમયો.

આ વખતે, કરનલ હચીનસનનાં છુટકારાનાંજ કારણને લીધે લુસી બાહાર ગયલી હતી, જેથી તે બી ચારી પોતાના વાહાલા ધણીની આંખ વીચાતી વખતે તેની આગલ હોઈ નહી શકી; તેમજ બીચારો કરનલ હચીનસન પણ પોતાની આવી ઊતમ બાઈડીને પોતા ની આંખ હમેશ વેર વીચવાની આગમચ જોઈ શકી ઓ નહી. તે પોતાનાં મરણ અગાઉ પોતાની આ વાહાલી સ્ત્રીને કેહેવાને બોલીઓ કે, "તે જેવી તેની સ રસ બાઈડી થઈછે, તેવીજ સરસ હવે તેણે પોતાનાં બ ચાંઓની મા થવું."

લુસીએ તેમજ કીધું. પોતાનાં બચાંઓની તે સઊથી સરસ મા થઈ. રંડાપાનો શોક ધરી બેસી રે હેવાને બદલે પોતાનાં લુકા બચાંઓને પાલવાને અને સારી કેળવણી આપવાને તેણે ભારી કોશેશ કરવા માં ડી. તેમાં તે પાર પડી, અને પોતાનાં સઘલાં બચાંઓ ને તેણે મરવાની આગમચ સુખી અને સારી હાલત માં જોયાં. બચાં પાછલ આટલું કરવા છતાં, અને પોતાનો ભરથાર મરણ પાંમવા છતાં પણ લુસી તેને ભુલી ગઈ નહી, અને તેની સેવા બજાવતી અટકી ન હી. તેણે ઘણી મેહેનત કરી પોતાના ધણીની જીંદગી નો હેવાલ લખીને ચોપડીનાં આકારમાં બાહાર પાડી ઓ, અને તેમાં તેના સઘલા કામોને જરા પણ રંગ લગાડવા વગર, વાંચનારી આલમની સાંમે એવા આ કારમા મેલીઆં, કે તેથી તેનું નામ અને કીરતી આ જવેર રહી ગયાં. આ પરમાંણે એક ભની સ્ત્રીથી એ ક વેરાઈ ગયનું કુટુંબ પાછું એકઠું થયું, અને સાથે મોટું માન પાંમોઉ.

## છેક હાથથી ગેઈઓ!

રૂપાંબાઈ—મરેરે, આવોની ધનાબાઈ, કુવરબા ઈ, પીરોજ આવની તમુને કાલના કોતકની વાત કેઊં.

ધનબાઈ—મરેરે વરી તમે શું કોતક જોઓઆં, રૂપાંબાઈ.

રૂપાંબાઈ—અરે માઓ બોલનારે તું, કોતક તે કે વાં ? કંઈ જેવાં તેવાં કે ? સુઆં જોએલાં જોવાએ નહી તેવાં, અને સાંભરેલાં સંભરાએ નહી તેવાં. માંએ, માં એ, હુંતો જોઇને અજબ અજબ થઈ ગેઈ, કે મરેરે આ એ શું જમાનો આએઓચ, મરેરે આએ રાંડોતો છેક જ હાથથી ગેઈઓ!

પીરોજબાઈ—મરેરે, રૂપાંબાઈ બોલોની શું એ વું જોઈઊં ?

રૂપાંબાઈ—અરે શું કેહુ માએ, મરેરે ચપની મા રીથી બોલ તુંબી નહી. મને હસવુંબી આવેચ ને મ રેરે ચીરબી લાગેચ. જોવની માએ, કાલે મારાં કુવરા ઈને ઘેર ગેઈતી, તેવને બોહાશ બોહોશ કીધી કે ચાલો આજે ચાંદરાતછે તે જરા આવાંઈજત જઇએ, ને કશ તી કરીને ગોટ પાણી લાવીએ. મેંતો માએ નાજ ક હીઊં જો, કે ઊંતો કાંઈ દાહારે જતી નથી તેથી ઊંતો આવનીજ નથી; ને વરી મારો જીભરૂ ભીખાજી જાણે તો મને કોણ જાણે શું કરે, પણ માએ બોહાશ બોહાશ કીધી, ને સમને સોગન ખાધા, તાહારે પછી શું કરૂં મા એ ઊંતો ગેઈ. પેહલાંતો માએ કામાના મોહોલાની ગલીમાંથી બાહાર નીકરીને જરા આગલ ચાલેઆં કે મા રીતો નજર ચતને ભમ થઈ ગેઈ! માએ કંઈ એમ જો ઊ તોબી રસતા ને એમ જોઊં તોબી રસતા. મરે એમથીબી ગારી આવે ને એમથીબી આવે; ને જાણે એક એકપર દોરી જતી હોએ તેમ ચોમેરથી દોરે. મરેરે ઊંતો માએ ગભરાઈ ગેઇ, ને રસતા વચે ઊભી રેહી ગેઈ. પછી જીભરૂં મારાં કુંવરાઈની છોકરી સાથે ઊતી, તેણે મારો હાથ ધરેઓ, ને ક હીઊં કે રૂપાઇજી, ચાલો મારી સાથે, તમે બીહોનાં હું તમોને બરાબર પેલીગમ લઇ જાઊં. માએ તે નો હાથ પકરીને બીહીતી બીહીતી ચાલી કે રખે પેટ બરી એકુ ગારી આવીને કચરી નાંખે. મા એ તેવામાં પેલી આમલીઓટ આવી, તો માએ જાણે એક મોટો ડુંગર ચાલી આએઓ. અંદરબી બધાં માટીડા ને હરવાયા ઊપરબી બધા માટીડા ચહરી બે ઠેલા, ને માએ તન તન ઘોરા જોરેલા ! મરે એબી જુ ની આંખે નવાં કોતક જોઆં. પણ માએ તે જોઇને મને ઘણી બીક લાગી કે રખેને જીભરૂં મારા ભીખા જીની એમાં બેસતો હોએ. તે માએ મેંતો ઘેરમાં આ વતાં વાર કહીઊં કે બા, કોઈ દાહારે એ પેટ બરી આમલાઓટમાં ના બેસનો હો. તે જીભરૂં બોલીઓ કે નહી માએજી ઊં કોઈ દાહારે તેમાં બેસતો નથી.

**પીરોજબાઈ**—પણ તમે કોતક શું જોએઆં તે કેહાની ?

**રૂપાંબાઈ**—અરે માએ ચપની, તેબી તુંને કેહું ચ, પણ આએ તે વરી કોતક નહી કે ? પણ ઊભી રે હે તેબી કેહુંય. પછી માએ હુંતો જેમ તેમ વેહેલી વે હેલી ચાલી ગેઈ. જાહારે બીજી કોરપર આવી, તાહાં રે જરા મારો જીવ ઠરીઓ. પછી માએ આગલ ચા લીઆં, તો રસતાની બેઊ બાજુએ બાજઠો મુકેલા, ને તેપર બધા માટીડા ભરાઈને બેઠેલા, તે માએ મારૂં તો જાણે મોંહાત થઈ ગીઊં. જીભરૂં જરબાઈ મને હાથ ધરીને તાનીઆ કરે કે, રૂપાઈજી ચાલો તેનું કંઈ નહી, અહીં તો રોજ માટીડા બેસેચ, ને રોજ ઘણા બઇરાં અહીંથી જાએચ. માએ હુંતો હેઠેવેર સોર કરીને, નીચું જોતી જોતી ચાલી ગેઈ. પછી માએ દરીઆ કીનારા આગલ આવીને જોઊંચ તે પેલી રેતીબી ન હી મલે ને કંઈ નહી મલે; મરે તાંહાં તો મુઆઓએ મોરો મટોરાંનો ને પથરનો ડુંગર કરી મેલેલો. મને કેહે કે ચાલો આપરે હેઠે ઊતરીને હાથ મોનું ધોઇને કસતી કરીએ. મેંતો કહીઊં કે, નારે માએ, મારીથી કંઈ ઊતરાએ નહી. ગગરી બગરી પરૂં તો ઓજા, પછી જીભરૂં જરબાઈ ઊતરીને કસલી ભરી લાવી. માએ જરબાઈ ઊતરી તાહારે માહારા પેટમાંનો હોંસ કોશ રહઆ નહી, કે રખેને તેની મમાઇ બપાઇ ગબ રી પરે. પણ મરેરે, બીજી બઇરીઓ અને છોકરી ઓબી ઘણી ઊતરતી ઊતીઓ, અને હેઠે જઇને કસતી કરતી ઊતીઓ, ઊંતો માએ તે જોઇને અજબ અજ બ થઈ ગેઈ. પછી જીભરૂં જરબાઈ પાણી લાવી તે જરા આંખે લગારી, જરા મોનાં હાતપર લગારી કસતી કીધી, ને બે થાઊવેરીઆ ભણી. પછી મેં કહીઊં કે મા એ ચાલો હવે શાંહાંજ થાએચ. કુંવરાઈબી બોલેઆં કે હા ચાલો. પણ થોરેક ચાલી રસતાપર આએઆં કે જી ભરૂં જરબાઈ કેહકે આવો હજીતો સકારૂં છે, જરા આએ પારપર બેસીએ. મેં કહીઊં કે નારે માએ, બરોઊં પારપર શું બેસે, બધા માટીડા આવે જાએ તાંહાં. તાહારે જીભરૂં જરબાઈ બોલી કે જોવની પેલાં બધાં બઈરાં કેમ બેઠાંચ. તેના કેહવાપરથી મેં જરા નજર લાંબી કરીને જોઈઊં તે ખરાર માએ, બધાં ટો લે ટોલાં બઇરાં બેઠેલાં! ને નેબી વરી કમ જો, કે એક ગમ માટીડા બેઠેલા અને તેઓથી થોરેક દુર બઇરીઓ બેઠેલી, વરી તેઓની આગલથી થોરેક દુર માટીડા બે ઠેલા. મરેરે મેં કહીઊં કે પેટ બરીઓને જરા શરમબી નથી આવતી, પણ જી ભરૂ જરબાઇએ ઘણીજ બોહો સ કીધી, ને કુવરાઇબી બોલેઆં કે રૂપાઈજી આવો, અહી કઇ નહી, અહીતો બધાં બેસેચ, ને ઊંબી જાહા રે ચાંદરાત ચાંદરાતે અહી આઊંચ તાહારે બેસુંચ. ચાલો માએ તાહારે, મેં કહીઊં કે જરાક વાર બેસીએ. માએ ઊંતો બેઠી ખરી પણ મને બોએબી ભારી પરી માએ કંઇ માટીડાઓ ચાલતા ને ભારીમાં આવે ને જા એ, ને મારૂંતો મોત થઇ જાએ. ઊંતો મોને શેર કરી ને એમની એમ થામલાંની કાંની બેઠી રેહી. પણ મુ આં કોતક એવા જોવા પરીઆં, કે બોલેઆની વાત ન હી. હરવાએઆ પારસીના પોરેઆઓ તે જાને નરા જાગલા ! ડગલાઓ પેહરેલા, બુટો પેહરેલાં, ને બબે ચ ચાર જન બગલમાં હાથ લઈને ધપર ધપર ચાલે; ને વ રી આવે, ! વરી જાએ, ને વરી આવે ! ને વરી હરવા યા બધી વાત કરે તે ગોટપીટ સોટપીટમાંજ. એતો જાણે હરવાએઆ માટીડાઓછે તે ચાલીઊં, પણ તાંહાં તો કેથી રાંડોબી એમ ઈતરાતીઓ દેખુ માએ ! જુવા ન જુવાન છોકરીઓ, સેંથા પાટલી પારી, સોરો ઊં ચી કરીને ચાલે ને વરી માટીડાઓને જોઇને નીચી ન હી વરી જાએ જો માએ, હરવાઈઓ તેઓનાં મો નાં તરફ જોએઆ કરે, ને હશેઆ કરે. મરેરે ઓ વારૂં એવાંને; ને બરીઊ એવું ચાલવાનું પેટબરી આટલી સરખી પોહારી જગા, તેમાં બઈરીઓબી ચા લે, માટીડાબી ચાલે ને જાંગલા મડમોબી ચાલે, ને મું આ એક એકનાં દીલ સાથે અથરતાં જાએ ને અથરતાં આવે ! ઓ! રોગ જાણે એવાં ફરવાનાને, પેટ બરીઓ છેક ચરી ગેઇઓચ. પણ જોવની માએ હજુતો આ કોતક જોઊંચ ને બબરૂંચ તેવામાં અંગેથી એક મા ટીડાપ નજર પરી. તેની સાથે એક બઈરીબી ચાલ તીતી. મરેરે, હું બોલી કે જોઇઊં કે પેલી પેટબરી પે લા માટીડાની સાથે કેવી તેની પાંસે ભરાઇને ચાલેચ. જી ભરૂ જરબાઇએ કહીઊં કે રૂપાઇજી એ બંને જન તો વર બઇએરછે. મેં કહીઊં માએ વર બઇએ ર હોએ તેથી એમ પાસામાં લસઈને ચાલેકે ? પણ માએ તેવામાં તેઓ જરા આગલ ચાલેઆં ને જો ઊંચ તો માએ મુઆંઓએ તો બગલમાં હાથ લી ધેલા ! ઓ! માએ! ઊંતો જોઇને કંઈ અજબ અ

જખ થઈ ગેઈ ને બોલી કે, તારા ધણી દીકરા મરેરે, પેટ ખરી ખીશતી ચાલ, બધી પારસીની જાતને એબ લગારેચ!! ને વરી બીજું સું જો; માથાપર ગેરો સેચો પારી ને અરધે માથે માંથુઆનું મુકેલું, ને પાંમાથે સોર મુકેલી! મેં કહીઊં કે, પેટ ખરી બધીજ સોર કાંની કારી નાખતી. વરી દીલમાં પેલો શું કેહય, પોલકો, શેલકો! તે પેહરેલો, ને પગમાં બુત ઈસતાફરી પેહરેલાં; ને વરી હરવાએઆ માટીની સાથે હસતી હસતી ને વાત કરતી કરતી ચાલે: મરેરે કોતક! માએ છેક હાથથી ગેઇઓ જો; છેક હાથથી ગેઇઓ! મરેરે! સું જમાનો આએઓચ. પણ માએ જો જો, એ પેતખરીઓ કોઈ દાહાડે શું કરશે. ને મરે ઊં બોલું કેની, તાહારે હમારી પાસેથી તન ચાર બીજી બઈરીઓ બેઠેલી ઊતી, તેમાં તો એક રાન ઘડીબી ઊતી પણ પેટખરીઓ મને એમ બધું બોલતાં જોઇને એમ અમસી માએ મમાઇને હસે, માએ મમાઈને હસે, કે જાણે હાએને ખરી. પણ મેંતો તે ધણી ખાઇઓને જરા પણ કોકું આપીઊં નહી. પછી તે પેટખરીઓ કેહે, આઈ, હવે તમે ઘેર જાઓ, ને બીજી વખત અહીં આવતા નાં, અહીં તો પેટખરીઓ બધીઓ છેક હાથથી જતી રહેલીઓછે! મેં કુંવરાઇને કહીઊં કે ચાલો માએ, ચાલો, અહી બેસવામાં સોભા નહી; એતો ઊલટાં આપરા વસા ગુમાવવાની વાત. પછી હમે વેહલાં વેહલાં ઊઠેઆં ને ઘેર આએઆં. આએ માએ એ કોતક જોએઆં એ કંઈ થોરાંછે માએ? એ બરેઓ જમાનોજ બગરી ગીઓ; બાકી આગર એમ કોણ કરતુતું? એક ઘેરમાંથી બીજા ઘેરમાં જતાં જરા રસતામાં ચાલવું પરેતો લજવાઈ લજવાઇને મરી જતાં, ને કોઈ માટોડાને સાંમણે આવતાં જોતાં તો ભીતમાં ભરાઈ ભરાઈ ને ચાલતાં. મુઆંઓ હાતે કરીને બગારેચ તાહારે કેની? ચાલો માએ, એ મુઆં; મને રોટલી કરવાનું અવારૂં થાએચ. પેલી વહુ થતી તો ગગરી મુઈચ તે તેવનને તઈઆર ભોનું કરીને જમારવું પરશે. ચાલો માએ બેસો.

**પીરોજબાઈ**—આવજો માએ (ખુબ હસી પડે છે, ને બધાં પોતાનાં મારપર જતાં રેહછે.)

---

# ધરમશાળા

અથવા

## જંગલમાં કહેલી ચાર વાતો.

### ૨—કઠણ દીલ.

(સાધણુ સફે ૧૪૭ થેથી.)

પેલો કાચનો માણસ એક હીરાની નલીમાં બીડી પીતો પીટર મંકની વાટ જોતો બેઠોં હતો. આ વેલાએ જોકે તેણે પીટરને ઘણો મીતરાઈ ભરેલો દેખાવ દેખાડીઓ નહી, તોપણ તે કોઈ રીતે ગુસામાં હોય તેવો પણ દેખાયો નહી.

પીટર મંકને જોઈ તે કાચનું માણસ બોલીઉં, "કેમ તું રડેછે કેમ? શું તુંને તારૂં દીલ પાછું મલીઉં કે નહી? શું હજી તારી છાતીમાં પથરોજછે કે?"

"હા? ખજાનચી સાહેબ," પીટર ડસકું ખાઇને બોલીઓ, "જીઆરે મારી છાતીમાં પથરનું દીલ હતું તીઆરે કોઈ દાહાડે મને રડવું આવીઉં નહી હતું; અને મારી આંખ ઉનાલાની સુકી જમીનના જેવી કોરડી રહેતી હતી. પણ અફશોશ! હવે મને બધું ઈઆદ આવેછે."

"પીટર મંક," ખજાનચી બોલીઓ, "તું ખરેખર ઘણો પાપી થયોછે, તારી બદીથી મેલવેલી દોલતથી કરી, જીઆંવેર તારૂં દીલ ઘાતકી, દયા વગરનું, અને બદ થઈ ગયું, તીઆવેર તુંને કસો વીચાર આવીઓ નહી. તોપણ પસતાવો કરવાથી તારાં કેટલાંક પાપનું નીવારણ થશે. અને તારાં મગજની હાલની સુધરેલી હાલત જો થોડોક લાંબો વખત એમની એમ ચાલુ રહીતો તારે માટે હું પણ કંઈ કરી શકશ."

"હું હવે મારા છુટકારાની કંઈ આસા રાખતો નથી," પીટર નાસીપાસ થઈને બોલીઓ, "મને હવે મારી જીંદગી જરાપણ વાહાલી નથી. હું હવે દુનીઆંમાં એકલો શું કરૂં? મારી માએ ઘોરમાં જઈ ચુકીછે, અને તેની સાથે જે મેં અનઘટતી ચાલ ચલાવીછે તેની તે મને કદી માફ કરનાર નથી. અને મારી ભલી ઓરત લીસબેથ જેને મેં મારી નાખી, ઓ! કોઈ મને હમણાને હમણા મારી નાખો; ખજાનચી તમે મને હમણાજ મારી નાખો કે આ બધાં દીલનાં દુખમાંથી હું મોકલો થઈ જાઉં."

"પીટર મંક," કાચનું માણસ બોલીઉં, "સારાં માણસોએ હમેશાં મરવાને તઈઆર રેહેવું જોઇએ, પણ તેણે તે માગવું નહી જોઈએ. વાસતે પીટર, જે તેં પાપ કીધાં છે તેમનું નીવારણ કરવાને તારે જીવવું જોઈએછે. હવે પછે તુંને સારો અને ઈમાનદાર માણસ થવું જોઈએ. જો, આ હમણા તોફાન ફુંકતું હતું, અને તેની પછવાડે હાવ કેવું સથીર દેખાયછે, માટે મારા બેટા, જા તારે ઘેર જા, અને તું નીરાંતથી રેહે."

તે પરમાણે પીટર તીઆંથી પોતાને ઘેર જવાને તઈઆર થયો. તે પોતાને આવતાં ડસકાં, અને આંખમાંથી પડતાં આંસું જેમ તેમ અટકાવતો તે તીઆંથી ચાલીઓ. પણ તે દશ બાર ડગલાં આગલ ચાલીઓ નહી એટલામાં તેના ગલામાંથી એક ચીચીઆરી ભરેલો આવાજ નીકલી

ઓ, તે સાંભળતો અટકી ગયો, અને તેની આંખના ડોળા જાણે પથરના થઈ ગયા હોય તેમ થમ થઈ ગયા, અને એ કજ ગમ તાકી જોઇને બોલીઓ, "લીસબેથ ! માએ ! તમે લોક જીવોછો કે ?" પણ આ બોલો તેનાં મોઢામાંથી પુરા થયા નહી એટલામાં તે બંને જન તેને ભેટી પડીઆં.

તે જોઈ પીટર હરખાઇને બોલીઓ, "શું તમે મને બધું માફ કીધું ?" તેવામાં કામનું માણુસ તીઆં આવી લાગીઉં, અને તુરત બોલીઉં, "હા, તુંને બધું માફ કીધું. ગઈ વાત બધી વીસરાઇ ગઈ. તારી ગરીબાઈમાં જઈને પાછો વસ, અને જે તારા બાપનો ધંધો તું કરતો હતો તેજ ધંધો તું પાછો પકડ, અને જો તું બરાબર દીઆનતદારીથી ચાલશે તો, તારા પડોશીએ તુને, જીઆરે તારી પાસે સુનાનાં ઢગલા હતા તેના કરતાં, વધારે ચાહાશે." એટલું બોલી તે કામનું માણુસ તીઆંથી અલોપ થઇ ગયું.

પીટર મંક, તેની માં અને સ્ત્રી એ બધાંએ એકઠાં પોતાના ઘર તરફનો રસતો લીધો. જેવો તે પોતાને ઝકાં ને ગયો તેવોજ તે જોયછે તો; તેણે જે પોતાને રેહેવાને માટે એક ગંજાવર ઈમારત ઉઠાવેલી હતી, તે આગલી રાતે, વીજલી પડવાથી સઘલી નાશ પામી ગયલી હતી. પણ જે જુહુપડાંમાં પીટરનો જનમ થયવો હતો, અને જેને તેણે પેલી મોટી ઇમારતની પાસે પડત નાખેલું હતું, તે સારાં ભાયગે એમનું એમ ઉભેલું હતું. તેથી પીટરે તેમાં જઈને ઉતારો લીધો, પણ જે જુહુપડી પીટરે તદન ખાલી અને ભાગી તુટી હાલતમાં નાખી મેલી હતી, તેને તે સારી પેઠે સમારેલી, અને ઉંચો સામન નહી, પણ જુહુપડીને છાજતો સઘલો સામન અને સીનગાર સાથે જોઈને અજબ થઈ ગયો.

તે જોઇ પીટર બોલીઓ, "ઓ ભલા ખજાનથી, હું તારો કેટલો બધો આભારી થયોછું" "આ સઘલું કેવું રલીઆમણુ દેખાયછે," લીસબેથ બોલી, "જે મોટાં ઘરમાં આપણે કેટલોક વખતવેર રહેઆં, તેનાં કરતાં આ નાની જુહુપડીમાં આપણે કેવાં સુખ ચેનથી રહીશું !"

આ પરમાણે બધાં જન પોતાની અસલ જુપડીમાં પાછાં ઠેકાણે પડીઆં, અને પીટર પાછો પોતાને ધંધે લાગો, અને તે દીવસથી ઘણી નમનતાઈથી અને દીઆનતદારીથી ચાલવા લાગો. થોડા વખતમાં પોતાના ધંધામાં પાછો ઠેકાણે પડીઓ, અને પોતાની દાલ રોટલીથી સુખી થયો. કોલસાનાં જંગલમાના બધા તેના પડોસીઓ સાથે તેને પાછી દોસતી થઈ, અને બધા તેની સાથ પાછા આગલની માફકજ ચાલવા લાગા. તેણે કોઈ દાહાડે પોતાની સ્ત્રી સાથ કજીઓ ટંટો કીધો નહી, અને પોતાની માએને હંમેશ માન આપવા લાગો. જે ભીખારી તેનું બારણું ઠોકતો આવતો તેને હવે તે દોડી જઈને ભીખ આપતો.

આવી સુખી હાલતમાં, તેના બાલ છેક સફેદ થયા તીઆંવેર તે જીવીઓ અને જીઆંવેર તે જીવીઓ તીઆંવેર તે હમેશ બોલતો રહીઓ કે, "મોટી દોલત મેલવવાની કોશેશ કરવા કરતાં સુખથી પેટ ભરાય એટલાં થોડાં ઉપર સંતોશ પામવો એ સારૂં છે."

## સુનાબાઈ સાંજના સાસરે કેમ ગીઆં !

સુનાબાઈ નીકલીઆં સાસરે જવા,
સહવારનાં આવેલાં હતાં તેઓ ઘેર;
ઘણી સાથ જઈને બે વાતો કરવા.

સાસુ તેહ સુસવાટનાં જેવી સેતાન,
કરાવા માંગે આખો દાહાડો તે કામ;
બલા જાણે તેને, નહી જીવમાં જાન.

તેથી સહવારના મહીરે ને રાતનાં સાસરે,
સુનાબાઈ જાય આવે ને જાએ;
જે કેહે કે હસે તેને બાંધીને ખાસરે.

સુકરવારને દાહાડે સમીસાંજ વખત,
સુનાબાઈ નીકલીઆ જવાને સાસરે;
બીહી બીહીને રખે તીઆંજ મંડાય તખત.

ચાર વખત સારી છોડીને પેહેરી,
ચઉદ વખત બાંધીઉં માથુંબાનું;
માએજી કહે દીકરી તું ઘણીજ ઘેરી.

વારણીસની સપાટપર દેખાપો ડાઘ,
ને મખમલની સપાટતો થઈ ગઈ જુની;
સાટીનની સપાટમાં શોભી રહીઓ પગ.

આકાશમાં હતો વરસાદનો ઘેરો,
તેથી લીલું એરીંગ દેખાશે ઝાંખું !
તીઆરે લાલ પેહેરીને શોભાવીઓ ચેહેરો.

બની ઘનીને તઈઆરતો થયાં,
પણ એક વાતે થઈ ગયાં દલગીર;
એક ગારી નહી રાખતાં કોઇબી સુઆં.

બાવાને પેટે ઘરમાં બમાં ઘણાં,
ઘણીનો પગાર આફીસમા થોડો;
બેહુ કહે કાંહાંથી ઘોડાને આપીએ ચણા.

માએજી હું જાઉંચ એમ કહીને ઉતરીઆં,
માથાપર ખેંચીને સાડીની સોર;
સુનાબાઈ સાસરાં ઘર તરફ ચાલીઆં.

દોહોડ દોહોડ વેહેંતનું ડગલું ભરે,
આસતે ઉંચકી પગ આસતે મેલે;
ને હાથનો લટકો બમે ગજનો કરે.

ચાલ લાગે મોર ને તીતરનાં જેવી,
ફરી ફરીને સહુ લોકો જોય;
આ તે સુનાબાઈની ચાલણ કેવી !

તેમ તેમ સુનાબાઈ મનમાં ફુલાય,
કે કેવી શોભુંચ હું રસતાની વચે !
મારા જેવી કોઇ બીજી નહી હોય !

સપાટ રહી પછવાડે ને પગ જઈ આગલ,
ખંચ દઈને કાદવની અંદર પડીઓ;
ચોંકીને સુનાબાઈ જોયછે પાછલ.

સપાટતો કીચલમાં એવી ગલી ગઈ,
કે વાંકાં વલીને કાહાડવી પડી;
સુનાબાઈની અકડ બધી જતી રહી.

લોક સઘલાં પડીઆ ખડખડ હસી,
ને સુનાબાઈનો થઈ ગયો સઅડ રકાશ;
જોયું કે રસતાની વચે ગઈ ફસી.

પણ ઉંચકી સપાટ ને જાયછે પેહેરવા,
તો પંજો જુદો ને તલીઉં જુદું !
હવે કહાં જાય મોચીને તેડવા.

સુનાબાઈએ જોયું કે આતો સઅડ ફસીઆં,
હવે કંઈ નહી મલે બીજો ઉપાય;
બેઉ સપાટ મેલીનૈ આગલ ચાલીઆં !

પણ પગમાં ઈસટાકીનને સપાટ નહી !
તેની ઈઆદ પછવાડેથી આવી,
ગભરાઈને સુનાબાઈ તો ઉભીજ રહી

આવતા ને જતા સહુ હસતા જાય,
જોઈને ફેસતો રસતાની માહે;
સુનાબાઈ સરમાઈ પાણી પાણી થઈ જાય.

અંતે ઈસટાકીન કાહાડીને ખોલામાં ખોશીઆં !
ને સોડને તાણીને આગલ કીધી;
ને હવે સુનાબાઈ ઝડપ ઝડપથી ચાલીઆં.

ઘર જઈને ખાધા કઠણ સોગન,
હવે નહી જાઉં રોજ રોજ મહીરે;
રસતામાં નહી અકડું જાય જોકે જાન.

---

## જાંન લા.

### મીસીસીપી કુંપનીને નાંમે ચાલેલો સટો.

(સાંધન ગયા આંકથી.)

આવા કરપીણ તકશીરવારોને સજાએ પોંહોંચાડવાને આવા ઉતાવલા અને શકત ઉપાયો લીધેલા જોઈ પારીસના લોકોને સંતોશ ઉપજીઓ; પણ તે છતા ચોરીઓ, લુટફાટો અને ખુનો થતાં અટકીઆં નહી જીઆરેબી કોઈ મોટા સટોરીઆને લુટવામાં આવતો તીઆરે તેના ઉપર જરા પણ દયા કરવામાં આવતી ન હતી.

અતીઆરવેર વચલે વાયેનાં લોકો બંને તરફના લોભથી મોકલાં હતાં; તેમના કરતાં ચહડતા વરગના લોકના જેવો સટાનો અને જુગારનો લોભ તેમને જાહજો લાગો ન હતો, તેમજ તેમના કરતાં ઉતરતા વરગના લોકોના જેવી લુટફાંટ અને ખુનો કરવાનો લખ પણ તેમનામાં દાખલ થયલો ન હતો. પણ હવે તેમની દીઆનત પણ બીગડવા લાગી, અને તેઓ પણ એમાના એકાદા ઈલખમાં પડીઆ. એ પરમાણે સઘલા વરગના લોકોમાં સટાનો લપ એટલો બધો ફેલાઈ ગયો, કે તેની આગલ સઘલી દીઆનતદારી અને સાવચેતી અલોપ થઈ ગયાં.

જે વખતમાં લોકોનો વીસવાસ ટકી રહેલો હતો તે વખતમાં એ ધંધાને ખુબ જોર આપવામાં આવીઓ પારીસની અંદર દેશેદેશાથી હજારો માણસો આ ધંધો કરવા, અને પઈસા મેલવવા—બરોબર બોલીએતો પઈસા ખેવા—આવીઆ. એ વખતમાં પારીસ મધે એવા પરદેશીઓની ૩૦૫૦૦૦ તરણ લાખ પાંચ હજાર માણસની સંખ્આ હતી. લોકોના ઘરોમાં પરોણાઓ એટલાતો આવીને ઉતરીઆ હતા, કે જગાની કોતાઈને લીધે તેમને સુવાંનબીછાંનાંઓ બબરચીખાનાઓમાં, ચાલોમાં, અને તબેલાએ વટીકમાં કરવામાં આવીઆં. રસતાઓ ઉપર ગાડી ઘોડની એટલી તો ગરદી વધી ગઈ, કે ઘોરી રસતાઓ ઉપર, અકસમાત નહી બને માટે, બધાઓને ગાડીઓ ધીમે ધીમે ચલાવવી પડતી. નવા પઈસાવાલા લોકોને ઉંચી બનાતો મખમલો, સાટીનો વગેરે ઉંચી ઉંચી જાતનાં કપડાંઓ, જેના બદલામાં વણકરો અને વેપારીઓને મોટી મોટી કીમતનાં કાગજીઆંઓ મલતાં હતાં, તે વણવાને માટે, કોઈ દહાડે નહી ચાલીઆ હોય એવી ઝડપથી અને ઉલટથી વણકરોનાં કારખાનાંઓ ચાલવા લાગાં. ખોરાકીની વસતુઓનો ભાવ પણ ઘણો વધી ગયો. ગોશ, રોટી, તરકારી વગેરે એટલા તો મોંઘાં વેચાવા લાગાં, કે પારીસમાં તેવા કોઈ વાર વેચાયાં ન હતાં. મેહેનતુ માણસોની મેહેનતનો દર પણ તેવોજ વધી ગયો; જે કારીગરોને દરરોજ પંદર સોઉસ મલતા હતા, તેમને દાહાડાનાં સાહાઠ મલવા લાગા. નવી નવી ઈમારતો હારેહાર બંધાવા લાગી; અને ખીઆલી આબાદાની શેહેરમાં એટલીતો વધી ગયલી લાગી, કે તેતા ચલકાટથી સઘલાઓની દીપાઈ ગયલી આંખે, તેમનાં માથા પર ટંગાઈ રહેલાં અને એએ તુટી પડે એવાં તોફાંની કાલાં વાદલાં બીલકુલ દેખાયાં નહી.

લા પોતે, કે જેની જાદુઈ ભરેલી લાકડીથી પારીસ શેહેરમાં આ સઘલી અજાયબી હારેહાર ફેલાઈ રહી હતી, તે પોતે પણ આ અનચીતી આવેલી આબાદાનીમાં ભાગ લેવાને પાછલ પડીઓ નહી. તેની અને તેની બઈરી તથા છોકરીની દોસતી કરવાને મોટા મોટા અમીરો અને ઉમરાવો કોશેશ કરતા. લાની છોકરી સાથે પરણવાને મોટા ઉમરાવો, અને શાહાજાદાઓ તઈઆર થયા, અને ફાવવાને ફાંફા મારવા લાગા. ફરાનસના જુદા જુદા ભાગ ઉપર બે ઘણી નામીચી મીલકતો લાએ ખરીદ કીધી. અને તરીજી એક ઘણી કીમતી મીલકત ખરીદવાને તેના માલેક સુલી નામના ઉમરાવ સાથે સંધેશા ચલાવવા માંડીઆ રાજદરબારી ઉંચા ઓધા ઉપર જવાને લાને તેના ધરમને લીધે ઘણી અડચણ પડતી. વડા રાજકારોબારીએ, એ અડચણ દુર કરવા માટે લાને જણાવીઉં કે, જો તે છગોક રોમન કેથોલીક ધરમ કબુલ કરે તો તે તેને સરકારી ખજાનચીનો સરવેથી મોટો ઓધો આપે. લા, જેનો મુખીઅ ધરમ એજ હતો કે પઈસા મેલવવા, તેણે આ વાત કબુલ કીધી, અને તુરત તીઆંના મોટાં દેવલમાં હજારો લોકોની હજુર

તેણે કેથોલીક ધરમ કબુલ કીધો. તેને બીજેજ દાહાડે તેને એક માન ભરેલો ઓધો મળીઓ, જે પોતાને અસતક લેતી વખતે તેણે પાંચ લાખ રૂપીઆની સખાવત કીધી. એ સખાવતો પણ ઘણી મોટી મોટી કરતો અને ઘણું કરીને તે છુપી કરતો. કોઈનોબી ગરજાઉ પોકાર તેના કાનમાં પડતાં તે ફોકટ જતો ન હતો.

આ વખતે લાના જેવો વગવાલો પુરૂશ આખાં ફરાનસમાં બીજો કોઈ નહી હતો. વડો રાજકારોબારી તેની આ કામની અંદરની ચંચલાઈ અને તેની બતાવેલી રીતીઓની ફતેહ ઉપરથી તેને માટે તેને એટલો તો ઉંચો વીચાર હતો, અને તે તેનાપર એટલો બધો તો વીસવાસ રાખતો હતો, કે દરેક અગતની વેલાએ તે તેની સલાહ લેતો. આટલું છતાં લા જેવો સાદો, મીલનસાર અને ડાહાપણવાલો હતો તેવોજ, જરા પણ છગી જયા વગર રહેઓ. તે દોસતોની વચે આગલનીજ માફક હસતો બોલતો અને મળતો ભેટતો રહેતો. જો તે કોઈનીબી સાથે જરા મીજાસ કરતો, તો તે ઉમરાવો સાથજ, કે જેઓ તેની તેના મોહોડાંપર-ઘણીજ વખાણ કરતા, અને તેને સાતમે આસમાને ચહડાવતા. એવા મોટાઓને એકકાં કામને વાસતે પોતાની આગલ જુલાવવામાં તે વારેવાર ઘણી મજાહ લેતો હતો. પણ તેથી ઉલટું, જો તેનો કોઈ સવદેશી તેને મલવા માંગતો, તો તે જરા પણ તેને ખોટી કરીઆ વગર ઘણી મીલનસારીથી મલતો. એક વેલાએ આરચીબાલડ કે મબેલ નામનો મોટો ઈંગલીશ ઉમરાવ લાને તેના મેહેલમાં મલવા ગયો, તીઆરે તેણે ઘરનાં દીવાનખાનામાં એવા મોટા લોકોની મોટી ભીડ જોઈ હતી, કે જેઓ લાને મલવાને તીઆં ખોટી થઈ રહેલા હતા, અને દરેક જન પોતાનું નામ પેહેલું મોકલવાને કોશેશ કરતા હતા; અને લા પોતાનાં પુસતકખાનામાં નીરાંતે બેસી પોતાના બાપની ઈંગલંડ મધેની વાડીમાં કોબીઓ રોપવાને તેના માલી ઉપર કાગલ લખતો હતો ! તેની સાથે ઉપલા ઉમરાવે લાંબો વખતવેર ગપસપ ચલાવી, રમતનો એક દાવ રમીઆ, અને પછે તે ગયો; અને પેલા બધા ફરેંચ ઉમરાવો વગેરે બાહાર ખોટીજ થઈ રહેલા હતા ! આ પરમાણે જે તેઓ કરતા હતા, તે ફોકટ નહી હતું.' લાની પુનાઈથી, સટાની અંદર કેટલાક મોટા ઉમરાવો અને શાહાજાદાઓ, જેઓ આગલ તારાજ થઈ ગયલા હતા; તેઓ ઘણા તાજા થઈ ગયા હતા. તેમાં ડીઉક ડી બોરબોન નામનો ફરાનંસના પાદશાહા ચઉદમા લુઈનો બીજી ઓરતને પેટનો શાહાજાદો એટલોતો પઈસાવાલો થઈ ગયો, કે તેણે પાછલથી ફરાનસમાં ધુમ મચાવી મેલી:

જીઆરે આ પરમાણે લાની પુનાઈથી લોકો દોલતના ડુંગરો મેલવતા હતા, તીઆરે તેને લોકો એક દેવતાની માફક પુંજે તેમાંબી નવાઈ નહી ગણાય. આ વખતે લાની જેટલી સતુતી લોક કરતા હતા, તેટલી કોઈ પાદશાહાની પણ થઈ ન હતી. તે વખતના સઘલા કવીઓ, અને લખનારાઓ, લાનીજ વખાણ ગાતા અને લખતા. તેઓ કહેતા કે તે ફરાનસનો રકશન કરતાછે, તે ફરાનસને માથે એક મોટો ફરેસતો ઉતરી આવેલોછે, તેના બોલોમાં સઘલી મધુરાઈજછે; તેના દેખાવમાં સઘલી ભલાઈજછે, તેના કામોમાં સઘલું ડહાપણજછે. જીઆરે તે બહાર ફરવા નીકલતો, તીઆરે તેની ગાડીની આસપાસ લોકોની એટલીતો ભીડ થતી, કે તેને ખીસાડી તેની ગાડીનો રસતો કરવા માટે, વડા રાજકારોબારીએ તેને ઘોડસવાર સીપાઈઓ આપેલા હતા.

એવું કેહવામાં આવેછે કે પારીસ શેહેર આ વખતે જેવું રેલ ચેલથી ભરપુર થઈ ગયું હતું, તેવું કોઈવાર તે થયું નુ હતું. દેશેદેશથી બાહાવલાંઓ, ચીતારો, ગાલીચાઓ વગેરે વેચાવાને જથાબંધ આવતા, અને તે સઘલું ઝટોઝટ ખપી જતું. ફરાનસ દેશમાં બનતી ઘરસીનગાર વગેરેની શોભાયમાન વસતુઓ જે અતીઆરવેર માતરે અમીર ઉમરાવોનાજ ઘરમાં જોવામાં આવતી, તેઓ હવે ધંધાદારીઓ, અને વચલે વાંધેનાઓને તીઆં ઘેરેઘેર જોવામાં આવતી. ઘણી મોઘી કીમતનું ઝવેરાત તે બોલ બોલતામાં વેચાઈ જતું, અને એજ બાબતમાં વડા રાજકારોબારીએ, ફરાંનસના ખજાનાને લાંબો વખતવેર જેબ દેનાર હીરો વીસ લાખ રૂપીએ ખરીદીઓ હતો. એ હીરો વડા રાજકારોબારીને અપાવવાને પણ સઘલી કોશેશ લાએજ કરી હતી, અને તેની જામીનગીરી પણ પોતેજ લીધી હતી.

આ પરમાણે દોલત મેલવવાની રીત ૧૭૨૦ નાં વરસની શરૂઆત સુધી પુર જોરમાં અને પુર આબાદાનીમાં ચાલી. કાગજીયાંમાં લોકોની આટલી બધી દોલત રોકાવાથી મોડે વેહેલે આખા દેશને દીવાલું કાહાડવું પડશે, એવી જે ધાસતી પારલામેંટ આપતી હતી, તેની દરકાર કોઈથી કરવામાં આવતી ન હતી. વડો રાજકારોબારી, જેને મોટી નાંણાં સંબંધી બાબતની થોડીજ સમજ હતી, તે એ વાતને માનતો નહી હતો, કે જે રીતથી લોકોની દોલતમાં આ રીતનો વધારો થાયછે, તે રીત તેમને દીવાલીઆં કરે. તે કેહતો કે, પાંચ કરોડનાં કાગજીઆંથી આટલો નફો થાયતો, તેમાં બીજા પાંચ કરોડ રોકાવાથી તેનો બમણો નફો થાય. એ બાબતમાં વડા રાજકારોબારીની સરવેથી મોટી ભુલ એજ હતી, પણ તે દુર કરવાને લા હમેશ અખાડા કરતો હતો. વગર છેડાના લોકના લોભને લીધે, આ મહાભારત ઠગાઈ ટકી રહી, અને જેમ જેમ વધારે કાગજીઆં નીકલતાં ગયાં, તેમ તેમ વધારે નાણાં તેમાં તેઓ રોકતા ગયા. જેમ શીઆલામાં બાંધેલો બરફનો મેહેલ ભભકાદાર રીતે ઉભો રહી દુરથી બીલોર અને હીરાનો બાંધેલો હોય તેવો ચકચકીત દેખાયછે, પણ જેવી ઉનાલાની મોસોમ શરૂ થઈ કે એકજ જરા ગરમ પવનને ઝપાટે તે એવો જમીનદોસત થાયછે, કે પછે તેનો એક કકડો પણ સઘલો, બરફ પીઘલી જવાથી, હાથમાં આવતો નથી; તેમ માફકની આ લાની નાણાં સંબંધી રીત હતી. જીઆંવેર લોકોનાં દીલમાં વીસવાસ હતો, તીઆંવેર આ સઘલું ચાલીઉં અને ટકી ઉભું રહીઉં, પણ જેવો તેને તેમનાં નાખમાંનો બેવીસવાસપણાનો લગાર ગરમ ફુંફારો લાગો, કે સઘલું એવું જ જમીનદોસત થયું, કે તે પાછું ઉઠીઉં નહી તો નહી, પણ તેની કરચ પણ કોઈનાં હાથમાં નહી આવી.

## ઈદનના બાગમાં આદમ અને ઈવ.

પાસેનાં પાનાપર જે ચીતર આપીઉંછે, તે ઈદનના બાગમાં બેઠેલાં આદમ અને ઈવનુંછે ખીરીસટીઆંન લોકોમાં એવું મતછે કે ખોદાએ પરથમ પુરથવી, ચંદર, સુરજ, તારા, ઝાડપાન, પાણી, હવા વગેરે પેદા કરી તે સઘલું લોગવવાને છેલે માણસને પેદા કીધાં. એને મારે તે સાહેબે પરથમ એક મરદ અને એક ઓરતનું જોડું બનાવીઉં. તે જોડાંનાં મરદને આદમ અને ઓરતને ઈવ અથવા હવા કહેછે. જુદા જુદા લોકો એમને જુદે જુદે નામે બોલાવેછે. આ પુરથવી જીઆરે માણસને મારે ઈશવરે તઈઆર કીધી, તીઆરે તેનો ઘણોક ભાગ ઝાડપાનોથી ખુબ ભરપુર કરેલો હતો. તેમાના એક સરવેથી સરસ ભાગમાં ઊપલાં જોડાંને રાખીઉં. તે અતી રલીઆમણી ઝાડપાનોથી ભરેલી જગાને ઈદનનો બાગ કરી કેટલાકો કહેછે. એ બાગમાં વસતાં એ જોડાંથી માણસની ઓલાદ વધતી ગઈ, અને તે આજે કરોડો કરોડની થઈ પડીછે. આજે આખી દુનીઆંની વસતી આસરે એક અબજ માણસની ગણવામાં આવેછે, જે સઘલાં ઊપલાં એક જોડાંનાં દીકરા દીકરીછે!

એવું કહેછે કે, ઈદનના બાગમાં ઘણાજ ભાત ભાતનાં ફલોનાં પુશકલ ઝાડો હતાં. તેમજ તેમાં અમરત સરખાં પાણી હતાં, અને તરેહવાર જાતનાં જાનવરો હતાં. એ સઘલું એ જોડાંનેજ વાસતે પેદા કીધેલું હતું. જીઆરે એ જોડાંને ઈશવરે એ બાગમાં મોકલીઉં, તીઆરે તેને એવું ફરમાન આપીઉં હતું કે, એ બાગમાંનાં બધાં ફલ તેણે ખાવાં, પણ એક ચોકસ ઝાડપરનું ફલ ખાવું નહી. તે સીવાય એ બાગમાં જે મોજ તેમને મલે તે લોગવવી. તે પરમાણે આદમ અને ઈવ તે બાગમાં રહીઆં; અને પેલાં મના કીધેલાં ફલને અડકવા વગર, ખુબ સુખ ચેનમાં તરેહવાર જાતનાં ફલો ખાઈ દાહાડા ગુજારવા લાગાં. અતીઆરવેર તેઓ સરવેથી સુખી, અને પવીતર હતાં. અનીતી અથવા પાપ જેવું કશું તેમનામાં હતું નહી, અને પુરથવીની સપાટી ઊપર પણ હતું નહી. તેઓ બંને, તેમ સુલેહ સંપજથી વસતાં; તેમ તે બાગમાંનાં સઘલાં પરાણીઓ પણ વસતાં હતાં. ચીતરમાં જોતાં માલમ પડશે કે, આદમના પગ આગલ એક મોટો વાઘ અરેટાઈને પડેલોછે, અને તેની પાસે એક બકલીઉં નીરાંતે બેઠેલુંછે.' એજ પરમાંણે ઈદનના બાગમાં સઘલું સુખ ચેન અને સલાહ સંપેજ ભરેલું હતું.

'એવું કહેછે કે, આ સઘલું સેહતાનથી જોઈ શકાયું નહી, તેથી તેણે કાઈબી પરકારે આદમ અને ઈવને ભુલાવામાં નાખી પેલું મના કીધેલું ફલ તેમને ખવાડવાની અને ખોદાનું ફરમાન તોડાવવાની કોસેશ કરવાનો ઠરાવ કીધો. એક દીવસે સેહેતાને સાંપનું રૂપ લીધું અને પેલાં મના કીધેલાં ઝાડપરનું એક ઘણુંજ સરસ રંગદાર ફલ પાતરાં સુધાં તોડીઉં. તે ફલને તેણે પોતાનાં મોડાંમાં પંકડીઉં, અને ઘણીજ છટાથી આ નીરદોશ જોડાંની આગલ ચાલીને આવીઓ. સાપના મોડાંમાંનું ફલ આદમ અને ઈવને ઘણુંજ રલીઆમણું લાગું, અને ઈવને તે ખાવાનું મન થયું. આદમે તેને તેમ નહી કરવાને સમજાવી, પણ તેનું મન તેમાં એવું ભરાયું કે તેના ધીઆનમાં તે વાત આવી નહી. આખરે તે ફલ ઈવે સાપના મોડાંમાંથી લીધું અને થોડું પોતે ખાધું અને થોડું આદમને ખવાડીઉં. પેલો સાપ, અથવા બરોબર બોલીએતો શેહેતાન તીઆંથી ખુશી થતો થતો ચાલી ગયો; પણ ખોદાનો કોપ આ નાફરમાની કરનારાં જોડાં ઊપર ભારી થયો. ખોદાએ તે બંને પાપીઓને તુરત આ અથાગ સુખના બાગમાંથી કાહાડી મેલીઆં, અને તે દીવસથી તેમને એવું સરજીઉં કે, તેઓએ મેહેનત મજુરી કરીનેજ પોતાનું પેટ ભરવું, અને તન ઢાંકવું. તે દીવસથી દુનીઆંપર પાપ શરૂ થયું, અને ચાલવા લાગું. તે દીવસથીજ દુનીઆંપર સઘલી જાતની અનીતીઓ પેદા થઈ. તે દીવસથી જબરો નબલાંને ગલી જવા શીખીઓ, અને બકરૂં વાઘને જોઈને નાહાશવા લાગું.' એવી રીતે શરૂઆતપીજ માણસ પાપમાં ગીરફતાર થયું અને પોતાનું સઘલું સુખ ખોયું એવું ઘણાઓ કહેછે.

## પેહલી લખમી કોણ લે!

લખમી અથવા લક્ષમી પઈસાની દેવીને કહેછે, અને જેના ઘરમાં એ લખમી આવે તેના ઘરમાં પઈસા અથવા દોલત આવે એમ ઘણી પારસણો માનેછે. જોકે પારસણો એમ માનેછે ખરી, પણ એ દેવી તેમની નથી. એતો હીંદુઓનીછે અને હીંદુઓના દેવોને તથા દેવીઓને પારસણોએ માનવું અથવા તેમને કાઈબી




એદનના બાગમા આદમ અને હવ.

પરકારે આરાધવું એ તેમના ધરમથી ઊલટુંછે,' અને જીઆરે તે તેમનાં ધરમથી ઊલટુંછે, તીઆરે તે તેમને પાપ ભરીઊંછે; એમ કહેવામાં કશી અડચણ નથી. એ પરમાણે જોતાં પારસણોએ પકડેલા એવા બીજા ઘણાં વેહેમોને છોડાવી દેવાની જેમ કોશેશ થાયછે. તેમ આ વેહેમને માટે પણ કરવું જોઈએ, એમ પેહલા વીચારે લાગશે; પણ જીઆરે એ વેહમને માટે તેમને શી શી જાતની કીરીઆઓ કરવી પડેછે, અને તેમાંથી તેમને શું શું પરીણામો મલેછે, એ વાતને જીઆરે ધીઆનમાં લઈએછે, તીઆરે એને માટેનો એવો વીચાર જતો રહેછે; અને એમ લાગેછે, કે એ બાબતને ખરા આકારમાં તેમનામાં રહેવા દેવી એ ઠીકછે.

પરથમ, જે કીરીઆથી આ લખમી મેલવવાની ઘણીક પારસણો કોશેશ કરેછે, તે કીરીઆ તેમના ધરમની રૂએ જોતાં કાંઈ રીતે તેથી ઊલટી રીતની અથવા પાપ ભરેલી લાગતી નથી, પણ તેથી ઊલટું તેમના ધરમને મલતી અને તે કરનારને ફાયદો પેદા કરનારી નજર આવેછે. પારસણો કહેછે—અથવા કરેછે કે—સહવારના પોહોરમાં શકારેથી ઊઠવું અને—આગણું—ઓટલો ખરડી ઓરડા વગેરે વાલવાં, ઓટલા ચોક વગેરેને ધોવા; ઓરડાઓમાં પાણી છાંટવાં; ઊંબરો ધોઈ તે ઊપર ચોક પુરવા; અને છેલે લુબાન ધુપાવવું; એટલે લખમી સીધી ઘરમાં ચાલી આવે! એજ માફક સમીસાંજે પણ કરવું; અને તે વખતે પણ સહવારનીજ માફક લખમી આવે! લખમી મેલવવાને આ સીવાએ બીજી કાંઇ કીરીઆ પારસણો કરતીઓ નથી. તેઓ કાંઈ તેની મુરતીને ઘરમાં બેસાડી તેની પુંજા કરતીઓ નથી, કે કાંઈ તેનાં દેહડાંમાં જઈ તેની આરાધના કરતીઓ નથી. ઊપલી કીરીઆમાં સઘલી રીતે સફાઈ કરવા અને રાખવા વગર બીજું કસું નથી; અને તનની ને જગાની અતીશર સફાઈ રાખવી, એતો જરથોશતી ધરમનું મુખીઅ ફરમાનછે: તેમજ લુબાન ધુપાવવું, એ પણ જરથોશતી ધરમના ફરમાનને મલતુંજ એક કામ છે. જરથોશતી ધરમમાં ખુલી રીતે જણાવેલુંછે કે, જીઆં આતશ હોય, અને જીઆં તે ઊપર ખુશબોદાર વસતુઓ બલતી હોય, તીઆંથી પલીદી અને અહરેમંદી દુર રહેછે. એ સઘલી વાતને ધીઆનમાં લેતાં એ બાબતને હુમોએ ઊપર જે ટેકો આપીઓછે, તે ખરો પડેછે.

હવે એમ કરવાથી ખરેખર લખમી, એટલે પઈસા કેમ આવેછે, તે જોઈએ. પઈસા ન મલવાના અથવા તે ઘટાડવાના જે સાધણોછે, તે દુર થાય એટલે પઈસો મેલવવાના અને તેને વધારવાનાં સાધણો મલી ચુકાં એમ કહેવાય. આલસાઈ એ પઈસા ન મલવાનું સાધણછે, અને ખરાબ તનદોરસતી એ પઈસા ખોવાનું એક સાધણછે. એ બને માઠાં સાધણો ઊપલી કીરીઆથી દુર થાયછે. જે માણસ આલસુ હોય તેનાથી સકારે ઊઠાતું નથી; અને જે માણસ સકારે ઊઠતું નથી તેનાથી ઊદીઓગ થતો નથી; અને જેનાથી ઊદીઓગ થતો નથી તેને પઈસો મલતો નથી. પણ ઊપલી કીરીઆથી એ આલસાઈપણું દુર થાયછે. તેને માટે ઓરતોને અને છોકરાંઓને સકારે ઊઠવું પડેછે; અને તેમને લીધે મરદોને પણ ઊઠવાની જરૂર પડેછે. વલી ઊઠીને ઊપર લખવા પરમાંણેનું સઘલું કામકાજ કરતાં શરીરને સારી કશરત મલેછે. આ તનદોરસતી મેલવવાનો એક ઊપાય થયો. સહવારના પોહોરમાં ઘરમા સઘલી જગા વાલવાથી ઘર સાફ થાયછે, અને એ તનદોરસતી મેલવવાનો બીજો ઊપાય થયો. પાણી છાંટી ચોક પુરવાથી, અને છેલે લોબાન ધુપાવવાથી ઘરમાંની આખી રાતની બંધ રહેલી અને ઝેરી થયલી હવા નીકલી જાયછે, અને જેમ જમીન સાફ થાયછે, તેમ ને હવાબી સાફ અને ચોખી થાયછે. આ તનદોરસતી મેલવવાનો તરીજો ઊપાય થયો. એવીજ પરકારનું કામ સમીસાંજે પણ થાયછે, અને તેમાંથી પણ પાછા ઊપલાજ ગુણો મલેછે. વલી સકારામાં ઊઠવાથી ઘર અને શરીર સમારવાના કામમાથી જલદીથી પરવાર મલેછે, અને તેથી પેટ ભરવાના કામને માટે વધારે વખત મલેછે. વલી તે વખતનો દેખાવ, જગાની સફાઈ, અને શરીરની સફાઈ એ સઘલું એવું રલીઆંમનું લાગેછે અને તે સાથે મન એવું ચંચલ અને ઊલટ ભરીઊં લાગે છે, કે તે વખતે જે કામ હાથમાં ધરીઊં હોય, તે ઘણી સેહલાઈથી અને સફાઈથી પુરૂં થાયછે વલી સહવારના પોહોરની એ સારી અસર આખો દહાડો મનપર રહેછે, અને તેથી આખા દહાડાનો ધંધો અને ચાકરી સારી રીતે કરી તથા બજાવી શકાયછે.

જીઆરે જે ઘરમાં હમેશ એવું થાય, તીઆરે તે ઘરમાં પઇસો આવેબી, અને બચેબી. ઊદીઓગી

અને ચંચલ થવાથી પઈસો આવે, અને તનદોરસત રહેવાથી પઈસો બચે. પઈસો બચે તીઆરેજ પઈસો વધે. તીઆરે જેના ઘરમાં પઈસો અને તનદોરસતી, તે માણસો સુખી કાંએ નહીં રહે? આ સુખીઆરાપણું તેજ લખમી; બીજું કંઈ લખમી નહી.

પણ આ લખમી લેવામાં કેટલીક પારસણો એક જાતની આડી ચાલ ચલાવેછે, જેનો અટકાવ થવો જોઈએછે. ખરેખર લખમી ઘેરમાં કેમ આવેછે તે ઊપર સમજાવીઊંછે. તે જો એવી પારસણો બરાબર ધીઆનમાં લેશેતો તેઓને પોતાની તે આડી ચાલ છોડવાને પોતાની મેલે સમજ પડશે. તે ચાલ એછે કે, કેટલીક પારસણો, પોતાનાજ ઘરમાં લખમી લાવવાની કોશેશ કરેછે! તેવીઓ એમ માનેછે કે, જે પેહેલું ઓટલો કુવો વગેરે ધોઈને તે જગા પર લુબાન કરે, તેનાજ ઘરમાં લખમી ચાલી જાય! અને બીજાં એમના એમ રહી જાય! તેથી એમ પેહેલી લખમી ઘરમાં લાવવાની કોશેશ કરતાં તેઓ બાહુત દાખલ એક બીજા સાથે મરાઈ મરેછે. એ કજીઆ ઘણા લાંબા થાયછે, અને લાંબો વખત વેર ચાલેછે. કોઈવાર તો તેવાં બેમાથી એકને ઘર ખાલી કરવું કે કરાવવું પડેછે. તેવી બેસમજ પારસણોને હમો જણાવીએછે કે, તેઓએ એ પરમાણે શેકટ મરાઈ મરવું નહી. જે લખમી તેઓ શોધેછે તે કોઈના ઘરમાં પેહેલી ને કોઈના ઘરમાં છેલી જતી નથી. તેમજ એકનાજ ઘરમાં જાય, ને બીજાનામાં નહી જાય એમ પણ નથી. જે તેને બોલાવેછે તેના ઘરમાં તે જાયછે, અને જીઆરે તેને બોલાવે તીઆરે તે આવેછે. વાસતે જેને લખમી જોઈતી હોય, તેણે પોતાના ઘરમાં અથવા ઓરડામાં ઊપર લખવા પરમાણે સાફસુફ કરવું અને લુબાન ધુપાવવુ એટલે તે તીઆં આવશે. પણ જો તેઓ કજીઓ કરશે તો તે કદી આવવાની નથી, કારણ કે લખમી માતાને કજીઓ મુદલ ગમતો નથી!

## પરચુટણ.

**બઈરીઓનાં વેચાણ!** આલજીરીઆના મુલકમાં બઈરીઓનાં વેચાણ બાબત મોનીટીઉર નામનું પતર લખેછે કે, બઈરીઓની કીમતનો ઘણોખરો આધાર તેમની બજારમાં છત અથવા અછત ઉપર રહેછે. તેના કરતાં વધારે ભાવ એક બઈરીના બાપના નામ ઉપર આધાર રાખેછે, અને તેથીબી વધારે ભાવ ખુબશુરતી અથવા ઘરકામના લાયકપણા ઉપર આધાર રાખેછે. પણ વલી એમની કીમતનો આધાર અનાજના પાક ઉપર પણ રહેછે! જો પાક સારો થયો હોયતો, ઘણાંઓ બઈરીઓ ખરીદવા તઈઆર થાયછે, જેથી તેમનો ભાવ ઉપર જાયછે; અને જો પાક બરાબર નહી ઉતરીઓ હોય તો, ખરીદી નરમ પડી જાયછે, અને ઘણાંઓ વેચવા નીકલી પડેછે, જેથી ભાવ ઉતરી જાયછે. એ મુલકમાં એક બઈરીની કીમત સીતેર રૂપીઆથી બારશો રૂપીઆ વેરની થાયછે.

---

**અજાયબ ફેરફાર**—આરગાઈલ શાયરનાં પરગણા માહેલાં લારજી નામના ગામમાં એક બુઢો સખશ હાલ મરણ પામીઓછે, જેણે, એ પરગણામાં, વપરાશને માટે ગાડું પેહેલ વેહેલું દાખલ થયલું જોયું હતું! તે વાત કરતો કે, જીઆરે પેહેલ વેહેલું ગાડું એ ગામમાં આવીઉં તીઆરે તીઆંના બધાં રહેવાશી ઢગલે ઢગલા મલીને તેને જોવા લાગાં અને અજબ થવા લાગાં. જે ધણીનું એ ગાડું હતું તે તેને એક મોટી નવાઈ દાખલ એવું તો સંભાલતો હતો કે, દરરોજ રાતનાં તેનો માટો, પઈડાં, ધરી વગેરે છુટાં કરી એક જગામાં મેલી બંધ કરતો હતો. જે માણસે આ પરમાણે ગાડું પેહેલ વેહેલું વપરાતું જોયલું, તેજ માણસે, પોતાનાં મરણની આગમચ રસતામાં આગની ગાડીઓ દોડતી જોઈ, ખેતરોમાં બાફથી ચાલતાં હલો જોયાં! તારમાં બોલ બોલતાં દુનીઆંને એક નાકેથી તે બીજે નાકે સંદેશાઓ આવતા જતા જોયા, અને હવામાં બલુનો ઉડતાં દીઠાં! થોડા વખતમાં વીદીઆ અને હુનરે આ અજબ ફેરફાર કરી નાખીઓછે.

---

**એક બાહોશ તલવાર માર**—એક વેલાએ એક હથીઆરબંધ સીપાઈ ઘોડેસવાર થઈને એક ગામડાં આગલથી જતો હતો, તેવામાં તીઆંના પારીઆ કુતરાઓ તેનાપર ભોંસવા લાગા. તેમને પેલા સીપાઈએ ધમકાવીઆ, જેથી તેમનામાનો એક ચીરડાઈને તેના ઘોડા પાછલ દોડીઓ, અને પછવાડેથી કુદીને તેની જાંગપર બચકુ ભરીને વલગી રહીઓ. આ જોઈ પેલા બાહાદુર સીપાઈનો મીજાજ ગયો, અને કમરમાંથી તલવાર ખેંચીને એવી તે સફાઈથી અને ચાલાકીથી કુતરાની ગરદન ઉપર મારી કે ઘોડાનું પુછડું સાફ કપાઈને હેઠે પડીઉં, અને કુતરૂં તે મોડામાં લઈને દોડી ગયું!

---

**પારીસમાં શુધારો**—પારીસ શેહેર શુધારવા પાછલ તીઆંના લોક ગોયા દીવાના બનેલા લાગેછે. તીઆં નવી ઈમારતો બાંધવાનો વગ કરવાને; અને રસતાઓ તથા ચોકો પોહોલા કરવાને માટે તા૦ ૧ લી અકટોબર ૧૮૬૭ થી તે તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૬૮ સુધીમાં એટલે બરાબર એક વરસમાં ૧૭૬૪ ઘરો ભાંજી નાખીઆં હતાં; અને બધાં મલી ૩૬૮૫ ઘરો નવાં બાંધવામાં આવીઆં હતાં. છેક ૧૮૫૨ નાં વરસથી તે ૧૮૬૮ નાં વરસ સુધીમાં એટલે સોલ વરસનાં અરસામાં એ શેહેર મધે બધાં મળીને ૨૩૭૧૧ ઘરો પાડી નાખવામાં આવીઆં હતાં.

**એક અજાયબ હથીઆર**—ઈંગલંડમાં એક એવું હથીઆર શોધી કાહાડવામાં આવીઉંછે કે, જેની મદદથી એક સેકંડનો એક લાખમો ભાગ મપાઈ શકેછે અથવા મા લમ પડેછે. લનડન ટાઈમસે આ ખબર જીઆરે પેહેલવે હેલી આપી હતી, તીઆરે તેના લખનારને લોકોએ થોડો વાર દેવાનાંપણાની અસરમાં આવેલો ગણીઓં હતો. એ હથીઆરને તોપમાંથી ઉડતા ગોલાની દોડવાની ઝડપ ગણી કાહાડવાને મારે બનાવવામાં આવીઉંછે. એની ઉપર ઘ ણા અખતરાઓ કરી જોવામાં આવેછે.

---

**ખરૂ કારણ**—ચોમાસાના દહાડાઓમાં દુરનાં ઘર અ થવા ડુંગરો વગેરે ઘણા સફાઈદાર અને લગાર નજીક આ વેલા હોય તેવા દેખાયછે. એ બનાવને મારે કેટલાંક કાર ણે જણાવવામાં આવેલાંછે; પણ એક જરમન ડાકટર હા લ તેનું ખરૂં કારણ એ બતાવે છેકે, સુકા દહાડા હવામાં હમેશા મરોડાંની કરચો ઉડતી રહેછે, જે ચોમાસાંમાં ધોવા ઈ જવાથી હવા નોરમલ અને વધારે પારદરશક થાયછે, જે થી દુરની વસતુઓ એ પરમાણે ખુલી અને નજીક આવે લી દેખાયછે.

---

**એક ભીખારીનો મીજાજ**—ફરાનસમાં કેટલાક મો ટા ઘરના ભીખારીઓ હોયછે, જેઓ જે ઘરને લગતા હોય છે તેઓ, દરરોજ તીઆં સહવારના પોહોરમાં જઈ તીઆં થી ભીખ માગી લાવેછે. એવાં એક ઘરનો એક ભીખારી એક દહાડે રાબેતા પરમાણે શહવારના પોહોરમાં બારણા આગલ આવીઓ, પણ તેની ધણીઆણી આગલી રાતે મો ડી સુવા ગયલી હોવાથી, સકારે ઉઠી ન હતી, તેથી બારણું બંધ હતું. પેલો ભીખારી કેટલેક વાર તીઆં ઉભો, કેટલેક વારે ચાકરે બારણું ઉઘાડીઉં, તીઆરે ભીખારીએ પુછીઉં; શેઠાણી કીઆરે ઉઠશે ? ચાકરે કહીઉં કલાક કે દોહડ કલા ક લાગશે. એ સાંભલી ભીખારી બોલીઓ, "તારી શેઠા ણીને મારે નામે કહેજે, કે તમે હાવથી બીજો ભીખારી શો ધી લેજો !"

---

**છાકટપણાની નીશાન**—એક ગાંમડયાને કોઈએ પુ છ્યું કે તેં, કેમ જાણીયું કે મીo અ——છાકટ હતો ? ગાં મડીયાએ જવાબ આપયો જે પોતાની ટોપી પેહેરવા "ગુહા રન" અંગુ઼વું. તાહરે વલી તે છાકટ નહીતો બીજો કોણ ?

---

**એક રોકડો જવાબ**—એક તકટકી ઓરતે એક ત બીબને કહ્યું કે ડાકટર સાહેબ માહારા દાંત શા શબબથી પડી ગયા ? ડાકટરે જવાબ દીધો જે "તહમારી જીભથી તે ઓ ઘસાઈ ગયા."

---

**એક સેહેલો ઉપાય**—પાદરી મેથીઉસ જાહારે મરણ ને બીછાને સુતો હતો તયાહરે તેના એક દોસતે તેને ભુલ થી દવાને બદલે લખવાની શાહી પાઈ. દોસતે પોતાની ભુ લ જોઈ કહીયું કે "એ ખોદા ! મેથીઉસ મેં ભુલથી તુને શા હી પાઈ." મેથીઉસ બોલયો કે "ફીકર નહી બેટા, ફીકર નહી, બલાર્તીંગ પેપરનો કટકો મહને ગલવા દે."

**વખતસર ઠપકો**—એક અમીર જે ઘણો અગનાની હતો તે એક વેલા ફીલસુફ 'દીકારટી' સાથે ટેબલ ઉપર જ મવા બેઠો. ફીલસુફને તરેહવાર વાંણી જપાનપ ખુશીથી ખાતાં જોઈ અમીર બોલયો કે ફીલસુફોને સવાદીશટ પકવા નોમાં હાથ ઘાલવાને શું હકછે ? 'દીકારટી' બોલયો કે "કાંય નહી ? શું તહમે હેવું ધારોછો કે ઇશવરે સારી ચી જ માતર મુરખોનેજ મારે કીધીછે ?"

---

**એક ખરતો તારો ફાટો**—કોઈ કોઈ વાર આપણે અહીં આકાશમાં જાણે તારો ખરીને કેયે ચાલી ગયો હો ય એવું જોઈએછે, તેહું પુરૂથવીનાં બીજા ભાગો ઉપર પણ જ ણાયછે, પણ કેટલેક ઠેકાંણે તો જે આપણે જોઈછે તેના કર તાં વધારે નવાઈ ભરેલું દેખાયછે. ગયાં વરસનાં ડીસેમબ ર મહીનામાં ચીન તરફ એક એવોજ પણ ઘણો નવાઈ જે વો તારો ખરતો દેખાયો હતો. આકાશ તદન ખોલું હો યા છતાં, પરથમ તેમાં એક ખણખણાત ભરેલો આવાજ થયો, અને તેની પછવાડે ગગડાટનાં કડાકા જેવો એક ઘ ણો મોટો આવાજ થયો. આ આવાજથી કરીને સઘલા લોકો આકાશ તરફ જોવા લાગા; તો તેપર એવું દેખાયું કે એક મોટી વસતુ એકગમ ભારી ઝડપથી દોડી જતી ફાટીને તેના કકડે કકડા થઈ ગયા હતા, જેનો દેખાવ નીચે થી ધુમાડાનાં લીટી જેવો લાગતો હતો.

---

**સાદી વાતમાં ઠગાઈ**—ડુમાસ નામના જાણીતા ગ રંથ કરતા વીશે એવું કેહેછે કે, એક વેલાએ એક ઠેકાંણેથી તેને જમવાનું તેડું આવીઉં હતું. તે વખત થતે તે ઘરમાં ગયો, પણ જતાં વાર તેને માલમ પડીઉં કે તે ઘણો મોડો આવીઓ હતો, અને સઘલાંઓ જમવા બેસી ગયલાં હ તાં. એ જોઈ ડુમાસે ટેબલ આગલ જવાનું દરૂસત ન ધા રવાથી તે મુગો મુગો બેઠકનાં ઓરડામાં ચાલી ગયો, અને તીઆંના એક કોચ ઉપર બેઠો. અહીં ડુમાસ એકલો હો વાથી વખત ગુજારવાની કાંઈ યુકતી શોધતો હતો તેવામાં તેની નજરે એક પોપટ પડીઓ. આ પોપટને તે રમાડવા ને હાથમાં લેવા ગયો, પણ તેણે તેના અંગોઠામાં એવું બ મકું ભરીઉં કે, ડુમાસે ચીરડાઈને તેની ડોકી મરડી નાખી કોચની તલે નાખી દીધો. બીજે દાહાડે સહવારનાં પોપટ તે જગાએથી મરેલો મલી આવવાથી ઘરનાં ધણીએ તે મજ બીજાઓએ મોટી અચરતીથી એમજ માનીઉં કે, આ પોપટ, પોતાનું મોત આવતું જોઈ, પીંજરામાંથી નીકલી કો ચ તલે જઈ મરણ પાંમીઓછે. આ નવાઈ સરખી વાત બધે ચાલી, અને ઘણાઓએ તે માની.

---

**કુદરતી ગીઆસ**—હાલમાં મુંબઈમાં આપણે ગીઆસ નાં દીવા બલતા જોઈએછે. એ ગીઆસ કોલસાની અંદર થી બનાવવામાં આવેછે. પણ અમેરીકા મધે કેટલેક ઠેકાં ણેથી એ ગીઆસ જમીનની માહેથી પોતાની મેલે નીકલેછે. અમેરીકનો એને કોલસાની જગાએ બાઈલર તલે બાલી તે વડે બાફ પેદા કરી હાલ કેટલાક નાનાં કારખાનાઓ ચલાવે છે. જીઆરે કારખાનું ચાલતું બંધ પડેછે, તીઆરે ગીઆ

રાંને બંધ કરી રાખવાને બદલે એક નલીની મારફતે છાપરાંની ઉપર કાહાડી તેને સલગાવેછે જેથી આસપાસ મોટી રોશણી થઈ રહેછે. જે જગામાંથી કોલસો અથવા તેલ નીકલેછે તે જગામાથી એ ગીઆસ નીકલી શકેછે. આ એક હજી નવી શોધછે, અને તેનો ઉપલો ઉપયોગ એક તપાસ છે. એમાં જો પુરેપુરા પાર પડીઆ, તો દુનીઆમાં લોકને કેટલીક વાતનો મોહાભારત ફાયદો થશે.

---

બેવડું ઈંડું!—દુનીઆમાં જેમ કોઈ કોઈ વાર અજાયબ સરખાં બાલકો અવતરેછે, તેમજ ઈંડાં વીશે પણ જણાયછે. હાલમાં એવું જાણવામાં આવીઉંછે કે, કેટલાક જનાનાં જોવામાં બેવડાં ઈંડાં આવીઆંછે; એટલે એક ઈંડું ભાંગવા પછે તેમાંથી બીજું આખું ઈંડું નીકલીઉં છે! એવું ઈંડું દેખાવમાં ઘણું મોટું હોયછે, અને વજનમાં પણ ભારી હોયછે.

---

હાથે બનાવેલું કુઈનાઈન—તાપની ઉપર કુઈનાઈન દવા આબ હાલ જેવી અકશીર ગણાયછે, તેવી બીજી કોઈ નથી. એટલા માટે એ દવા ઘણી અગતની ગણવામાં આવેછે, અને તે જેમ બને તેમ પુશકલ મલે, સસતી મલે, અને કોઈ દાહાડે અટકાવી નહી મેલે એવા મુલકમાંથી મેલે એવું કરવાને હાલ ઘણી કોશેશ ચાલેછે. અતીઆર લગી એ જીનસને એક જાતના ઝાડની છાલમાંથી બનાવવામાં આવેછે, પણ હાલમાં, એવું જણાયુંછે કે, પારીસ શેહેરનાં એક જવાન રસાએણીએ તેને બીજી જનસોની મેલવણીથી બનાવીઉંછે, અને તે આંતરાની તાપ ઉપર તપાસતાં અસરકારીક માલમ પડીઉંછે. એ કુઈનાઈન પેલાનાં કરતાં અરધી કીમતે પડવા જાયછે, અને તે સેહેલાઈથી બની શકે એવું જણાવવામાં આવીઉંછે. જો એમ હોયતો આ શોધ ઘણી ઉપયોગી થઈ પડશે, પણ એના શોધી કાહાડનારે પોતાનું નામ છુપું રાખવાથી તેની ઉપર કેટલોક શક રાખવામાં આવેછે.

---

## રમુજે પુરસત.

૧. હું એક એવી વસતુ છું કે, મારો આકાર નથી અને રંગ નથી, તોપણ ચલકતીછું. એક પલમાં હું જનમ પામુંછું અને બીજી પલમાં મરણ પામુંછું. એટલા ટુંકા વખતનો મારો રસતો હું ઘણી ચુપકીદીથી કાપુંછું, અને તેની જરા પણ નીશાની પાછલ મેલતી નથી. જીઆરે ખુશાલીનું દેખાવ થાયછે, તીઆરે સુખ લાવવાને હું ઝડપથી દોડુંછું. પણ જેવું દુખ આવતું જણાયું કે હું તતકાલ તીઆંથી નાહાસુંછું.

૨. તરણ તરણ આંકડાની તરણ હાર એક એકની નીચે એવી રીતે ગોઠવો, કે દરેક હારનો ગમે તે બાજુથી સરવાલો લેતાં પંદરજ આવે.

---

## ખોલાસો ગઈ વેલાનો.

૧—શેરડી.

૨—પીઆર, આરસી, રણ, આગ.

૩—કલાક, કનક, કરક.

---

## જગતમાં સમજીને ચાલવા વીશે.

(ઓધવજી સંદેશો કેહજો સાંમને) એ રાગે.

સમજીને ચાલેરે સજની સર્વમાં,
જગે જગે આ જગમાં વસે જંજાલ જો;
છુટે ના કોઈરે તેનો પાસથી,
છુપી તેની જબરી એવી જાલ જો—સમજીને૦

ઠોકરથી થણકાતું સુણું માનવી,
અજવાળાંમાં અંધારે અથડાય જો;
સુઝે ના મારગડો, સીધો વેહલો,
આડે અવલે ચાલી ઝટ જવાય જો—સમજીને૦

સાધું-કરતાં આડું પણ થઈ જાયને,
કહેતાં શું કહેવાએ વાણી મુખજો;
"ધરમ કરતાં કરમ નડે" કોઈ વાર પણ,
સુખની આસા આપે ફલમાં દુખ જો—સમજીને૦

હસવામાં આંસુ પણ આવે કોઈ દી,
કોઈ દી હસવું આંસુમાં પણ હોય જો;
સરખી ધડકે છાતી બંને વાતમાં,
શોક હરખમાં, હઈડું એકજ જોર જો—સમજીને૦

કરમતણી વાતો ચાલે સૌ લોકમાં,
લખ્યા લેખ ના મીટે એમ કેહવાય જો;
પણ કરનારો જગકર્તા સાચો એકલો,
નહી દીઠેલું એનાથી દેખાય જો—સમજીને૦

કુદરતની સ્થિરતા પણ હાલે એક દી,
સુતાં જાગે જબકી પ્રાણી વૃક્ષ જો;
વર્ષાની અસ્તિ ખોઈ દે પલ ધારમાં,
ન રહે કોઈનું કોઈના ઉપર લક્ષ જો—સમજીને૦

જગ કેરો મહિમા છે એવો નિતનો,
સમજીને સૌ ચાલો ડહાપણવાર જો;
મનને મોટું રાખી સમાવો સર્વને,
નાનાભાઈ કહે થાયો રૂડી નાર જો—સમજીને૦

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૪૩ મું. સપટેમબર ૧૮૯૯ આંક ૯ મો.


## કંજુસના કરમની કાહાંણી.

નાટક પાત્ર

| | |
|---|---|
| બીદાર. | એક મોટો કંજુસ |
| મેહેરનોશ | ઉપલાનો બેટો. |
| કામગાર | બીદારનો મેહેતો. |
| કશરેવજ | મેહેરનોશનો ચાકર |
| તેહેમુર | એક દલાલ. |
| શામ | ઘર સામન વેચનાર. |
| હોમાન | એક ઝવેરી. |
| બાબક | રેસમવાલો. |
| ઓશરૂ | એક દરજી. |
| ગજદુમ | એક વકીલ |
| પારસા | બીદારની છોકરી |
| શેહેરબાનું | એક વીધવા ઓરત |
| ફરંગીજ | ઉપલીની છોકરી |
| શેહેરનવાજ | પારસાની ચાકરડી. |
| તેહેમીના | ફરંગીજની ચાકરડી |

ચાકરો વગેરે.

પ્રકરણ ૪ થું.

### દેખાવ ૧૧ મો—દીવાનખાનું—મેહેરનોશ અને શેહેરનવાજ.

મેહેરનોશ—ભલી શેહેરનવાજ, તેં જે કામ કીધુંછે તેને માટે હું તુંને જેટલું ઇનામ આપું તેટલું થોડુંછે.

શેહેરનવાજ—મને જેટલું કરવાનુંછે તેનું મેં હજીતો ફક્ત અરધુંજ કીધુંછે. તમારા બાપની સાથ લગન થતાં તો ભાંજી પાડીઆછે; પણ હવે તમારી સાથ કરાવવાનું કામ રહીઉંછે.

મેહેરનોશ—વાહાલી બાઈ, હવે એટલુંબી બનાવી નાખ, કે મને હમેશનો કરાર થાય.

શેહેરનવાજ—હવે તેની કંઇ ફીકર રહી નથી. જે મુશકેલ કામ હતું તેતો બજાવીઉં. દશનાં લગન કરાવવા કરતાં એકનાં થતાં ભાંજી પાડવાં એ ઘણું મુશકેલછે; પણ એવું કામજ મને ઘણુ ગમેછે. એમ કરીને બે લાયકને પરણાવી આપવાં એ કામ મને ઘણુ પસંદ આવેછે. તમે ને ફરંગીજ બંને પરણોતો તે કેવું ખુબશુરત અને સરસ જોડું થાય! પછે તમારે તીઆં માએનાજ જેવાં મોડાંની એક છોકરી આવેતો તે જોઇ મારૂં હઈડું કેવું હરખાઈ જાય! અને વલી તમારાજ જેવા મોડાંનો એક છોકરોબી આવે તો તમારી બઈરીનું હઈડું કેવું હરખાઈ જાય! આહા! એવો વખત હવે કેવો પાસે આવીઓછે.

મેહેરનોશ—ઓ મારા ખોદાએ! શેહેરનવાજ, તું મારી છાતીમાં એટલો હરખ પેદા કરેછે, કે તે હમણા ફાટી જશે.

શેહેરનવાજ—પણ હજી આ ઉભાં કીધેલાં તોફાનને મને આગલ વધારવું જોઇએછે, અને ચાલુજ રાખવું જોઇએછે અગર નહીતો કદાચ તેમાં વલી કઈ નવું જુનું થઈ જાય.

### દેખાવ ૧૨ મો—કશરેવજ, મેહેરનોશ, શેહેરનવાજ.

કશરેવજ—ઓહો! શેહેરનવાજ! મેં થોડુંજ ધારીઉં હતું કે તું અહીંઆં મારા શેઠના સાથે હશે.

મેહેરનોશ—કશરેવજ, સઘલું કામ મનમાનતું ઉતરીઉંછે, શેહેરનવાજે હાલ જેવી મારાપર મેહેરબાની કરી છે, તેવી કોઇએ કરી ન હતી.

કશરેવજ—હા સાહેબ, બધું મનમાનતું ઉતરીઉંછે ખરૂં, પણ તેમાં કંઈ શેહેરનવાજનો ઉપકાર થયો નથી. હુવા મામો સાહેબ, કે તમોને મારા જેવો સરસ ચાકર મલીઓછે. સાહેબ, તમારૂં બધું કામ હું પાર પાડી આવીઓછું. તમારા કેહેવા પરમાણે શેહેરનવાજે જે જે તમારા બાવાને સમજાવીઉં હતું તે બધું બરાબર ઉંધું વાલી આવીઓછું.

શેહેરનવાજ—અરે તારૂં સતીઆનાહાશ જાયરે તારૂં! તું શું કરી આવીઓ!

મેહેરનોશ—અરે તારૂં ખાનુ ખરાબ થાય તારૂં! એ તેં શું કીધું! લુચા! કમબખત!

**કશરેવજ**—એ શું થયું! એ ધાર શાની આવી! સાહેબ, તમારા કહેયા પરમાણે મેં કીધું. તમે મને ફરમાવીઉં કે શેહેરનવાજ જે જે મારા બાપને સમજાવીઉં હોય તેને ઉંધું ઝારી આવ તે હું તેમ કરી આવીઓ. તેમાં મેં ખોટું શું કીધું!

**મેહેરનોશ**—અરે કમબખ્ત, તેતો જુદી વાતને વાસતે હતું. હમણા જે વાત તું ઉંધી વાલી આવીઓ તે તો મારા લાલની હતી.

**કશરેવજ**—સાહેબ, તે હું શું જાણું, અને એમાં મારો શું વાંક? •

**મેહેરનોશ**—ખરેખર એમાં તારો વાંક કંઈ નથી; અને કોઈનોબી નથી. બધો વાંક મારા નસીબનોછે. મારૂં નસીબજ મારી ઉપર રૂઠીઉં છે. પણ ફીકર નહીં; જીઆરે મારીપર આફતેજ કમર બાંધીછે, તો હુંબી તેનો સામે થવાને તઈઆર થાઉંછું.

---

## દેખાવ ૧૩ મો—શેહેરનવાજ અને કશરેવજ.

**શેહેરનવાજ**—વાહ, કશરેવજ, વાહા! તેંતો ઘણું મજેનું કામ કીધું. તારા શેઠનું કામ તું એમજ કરતે રેહેજે, અને એવીજ કમબખ્તોમાં તેને નાખતો રેહેજે; એથી કરીને તારી નામદારી એવી વધશે કે તુંને ચાકર શોધવાની જરા અગત નહીં પડશે.

**કશરેવજ**—હું શું કરૂં એમાં? હું શું જાણું કે તે એક ઘડીમાં પાસો કેવો ફેરવી નાખીઓછે. તારા જેવી પલેપલ ઉથલ પાથલ કરનારી બઈરોતો મેં મારા જનમમાં જોઈ ન હતી

**શેહેરનવાજ**—પણ જે વાત મેં તારી આગલ હલુસે કહી હતી, તે વાત તેં મેહેરનોશને કાંએ કહી દીધી? જો તું એવું લુતરૂં કરતે નહીં તો આવું બધું ઉંધું ચતુ થતે નહીં, અને તારાજ શેઠનો ઘાણ આ પરમાણે બગડતે નહીં.

**કશરેવજ**—શેહેરનવાજ મારાં અંતકરણે તેને કહી દેવાને ઉસકેરાઓ. હું જે કામ કરૂં છું તે મારૂં અંતકરણ જેમ મને કહેછે તેમ હું કરૂં છું. મારા શેઠના હાથમાંથી આવી મજાની બઈરો જતો રહે એ વાત મને ઘણી નાપસંદ લાગાથી મેં તારાં તરકટની બધી વાત તેને કહી દીધી.

**શહેરનવાજ**—ઠીક તાહારે, આ તેં તારા શેઠને બઈરી અપાવી! જા, લુચા મારી આગલથી જા. હવે હું તારી સાથે કશી વાત કરવાની નથી અને કશો વેહેવાર રાખવાની નથી. જે મેં તુને કબુલાત આપીછે તે હું તદન પાલવાની નથી. હવે મારા પીઆરની તું જરાબી આશા રાખતો ના. હવેથી ગામમાં જે કોઈ બીજી મલે તેને શોધી લેજે. હવેથી કોઈ દહાડે તું મારી આગલ આવતોના, અને મને તારૂં મોડું દેખાડતો ના, અને મારૂં તું જોતોબી ના.

**કશરેવજ**—તારી એવી બીકથી હું કંઇ બીહીવાનો નથી. મેં ઘણાને જોયલાંછે, અને બઈરી જાતોને ઘણી વેઠીછે. • તેઓ એમ ગુસે થાય તેથી હું એકદમ બીહીતોબી નથી, અને તેઓ ખડખડ હશે તીઆરે હું એકદમ હરખાતોબી નથી. કારણ કે બઈરીઓને હસતાં અને ગુસે થતાં વાર નથી લાગતો; અને તેમજ તે બંને વીસરી જતાં પણ વખત નથી લાગતો. પણ હવે મારે અહીં વધારે વાર ખોટી થવું નહીં જોઇએ અને મારે માથે લીધેલાં કામને મારે જવું જોઇએ હું જાણુંછું કે એ બુઢાએ પોતાનું બધું વાડીમાં કેયે ઠારેલુંછે, તે જઈને તાલમેલથી શોધું અને જો હાથમાં આવી જાયતો, લઈને તીઆંથી વરેણા વાવી જાઉં, અને બધું લઈ જઈને મારા શેઠને આપી તેને નેહાલ કરી નાખું.

---

## દેખાવ ૧૪ મો—બીજા ઓરડામાં—મેહેરનોશ. શેહેરબાનુ, ફરંગીજ.

**મેહેરનોશ**—નહી, શેહેરબાનું, હું તમોને કશું નઠારૂં બોલીઓ નથી, અને કદીપણ બોલનાર નથી.

**શેહેરબાનુ**—સાહેબ, તમોને તમારા બાપનું માન રાખવું જોઇએ, અને તેટલા માટે તમોએ તમારી ચાલ ઘણી બલમણસાઈ ભરેલી રાખવી જોઇએ. જો એમ કરશો તો કદાચ તમારૂં નસીબ ફરશે.

**ફરંગીજ**—મારાજી ખોદાને વાસતે તમે વલી એવો બોલ મેહેરનોશ આગલ ના બોલો. એ જે બધું બોલેછે, અને દેખાડેછે તે બધો ઢોંગ છે.

**મેહેરનોશ**—આ તમારૂં બોલવું ઘણુંજ કઠંગુછે. જે માણસ તમારા વગર દીવાનું બનેલુછે તેની ઉપર મશકેરીનો વાંક મેલવો એ જેવું અપમાન અને ઘાતકીપણુ બીજું કંઈ નહીં હોય.

**ફરંગીજ**—નહી, નહી, મેહેરનોશ, જેવો દુખી તું પોતાને ધારેછે તેવો તું વધારેવાર નથી રહેવાનો. થોડા વખતમાં આ તારા ઘરમાં એક એવો ફેરફાર થશે, કે જે તારા જેવા સવભાવના માણસને ગમીઆ વગર રહેવાનો નથી.

**મેહેરનોશ**—હવે આ ઘરમાં ગમે એવો ફેરફાર થાય પણ મનેતો સઘલું સરખુંજછે. જીઆરે મારા હાથમાંથી તુંજ લુટાઈ ગઈછે, અને જીઆરે તેંજ મારો તીરસકાર કીધોછે, તીઆરે મને હવે બધું સરખુંજછે.

**શેહેરબાનુ**—મેહેરનોશ, તારે ધીરજ રાખવી જોઈએ અને જરા ડહાપણ ભરેલા બોલો બોલવા જોઈએ.

**મેહેરનોશ**—તમે કહોછો તે બરોબરછે, પણ મારાથી ધીરજ કેમ રખાય? જે પીઆર ભરેલુ મોડું હાલ મારી સામે જોઉંછું, તે કાલે મને દેખાવાનું નથી. કાલ સવાર થતામાં તે બીજાની આંખેજ હમેશનું દેખાવાનું.

**ફરંગીજ**—તાહારે હજી તું મારે વીશે શક રાખેછે. તું મારા બોલો પર હજી ઈતબાર લાવતો નથી.

**મેહેરનોશ**—એવા બોલો તેં અને તારી માએ મને ઘણીવાર કહીઆ હતા, પણ તે સઘલા એક કરતાં વધારે વાર હવામાં ઉડી ગયા. હવે તારા બોલોપર મને જરા ઈતબાર આવતો નથી.

શેહેરબાનુ—ચાલ, ફરંગીજ ચાલ, જાહારે આપણા બોલો ઉપર એને વીસવાસજ નથી તાહારે, હવે એની સાથે વધારે બોલવું સજાવાર નથી.

---

### દેખાવ ૧૫ મો—કશરેવજ, મેહેરનોશ.

કશરેવજ—સાહેબ મારી પછવાડી દોડતા આવો, ચાલો, ચાલો, જલદી !

મેહેરનોશ—શું છે ! શું છે !

કશરેવજ—મારી પછવાડે દોડતા આવો સાહેબ, વેગે ! ઠીક તાલ બેસી ગયોછ; મજેનો તડાકો પડી ગયોછે.

મેહેરનોશ—શું થયુંછ શું !

કશરેવજ—આ મારી બગલમાં જોવ ! આગ્યે જોવ !

મેહેરનોશ—એ શું છે ?

કશરેવજ—એ તમારા બાપનો જીવ ! તમારા બાપની દોલત ! દોડો સાહેબ, જલદી દોડો આપણે અહીંથી નીકલી જઈએ, અગર નહીતો હમણા પકડાઈ જઈશું. દોડો સાહેબ.

મેહેરનોશ—હા હવે મારૂં નસીબ ઉઘડશે ખરૂં; હવે મારૂં કામ બનશે ખરૂં.

---

### દેખાવ ૧૬ મો—બીદાર એખલો.

બીદાર—ચોર ! ચોર ! ખુન ! ખુન ! મારૂં સતીઆનાશ ગયું ! મારા બધા પઈસા ગયા ! એ ચોર કોણ છે ? તે લુચો કાંહાં ચાલી ગયો ? તેને કાંહાં શોધું ? ઓ લુચા ! ઓ ચોર ! લાવ મારા પઈસા ! મારા પઈસા લાવ ! લાવ ! અરે, અરે ! હવે હું શું કરૂં ? મને કંઈ સુજ પડતું નહી. હું કાંહાં છેઉં તેબી હું જાણતો નહી. હું કોણ છેઉં ને શું કરૂં છેઉં તેબી મને ખબર નથી. અરે મારા પઈસા ! મારા પઈસા ! અરે અહીંઆં કોઈ નહી મલે ? કોઈ દોડતું નહી ? કોઈ તેને પકડતું નહી ? હા ! હા ! તે લુચાએ સજડ દાવ સાંધીઓ. તે કેવો જુજીઆન કીધેલો. જે વખતે હું પેલાં કબબખત લખત ઉપર સહી કરવાને ગુતાપો તે વખતેજ નવરૂ જોઈ તે લુચો દાવ મારી ગયો. અરે ! બલી ગયું તે લખત અને તેવા લગન. મારા પઈસા ! મારા પઈસા ! હું સરકારમાં જઉં ને ફરીઆદ કરૂં. હું સોગન ખાઈને કેહું કે મારા પઈસા ચોરા યાછે. હું મારાં ઘરના, સામનના, ચાકરોના અને બધાંના સોગન ખાઉં. મારાં આખાં ઘેરના, અને આખાં શેહેરના માણસોને પકડાઉં, અને આખી દુનીઆંના માણસોને ફાંસીએ ચહડાઉં ! તોબી જો મારા પઈસા નહી મલશે તો હું પોતે ફાંસી દઈને મરી જશ !

---

## પ્રકરણ ૫ મું.

### દેખાવ ૧ લો—દીવાનખાનું—બધા ચાકરો.

એક ચાકર—બાઈતો મજેના આવીઆંછ હું: આ આવતાંને વાર ઘરમાં તો ધુમ મચાવી મેલીછ ! આજે જે ખાનું કરાવીઉંછે તે એટલું બધું તો છે, કે આખા શેહેરના લોકને ચાલશે, પણ બીદાર સાહેબના બાર કોણ જાણે કે જ વાગશે.

બીજો ચાકર—બાઈનો સવભાવબી ઘણો સારો છે હું: અને વલી જીવના ભોલાબી ઘણા દેખું. કર ને કુંચીનુંબી ઠેકાણું નહી મલે.

પેહેલો ચાકર—આજનો જેવો બાયગસાલી દહાડો આ ઘરમા મેં કોઈ દહાડે જોયો ન હતો. જેવું ખાનું પુરૂં થાય કે હાથમાં બાટલી લઈને ખુબ તરેહથી બાઈની સલામતી લેઉં, ને બાટલીની બાટલી ખાલી કરી જાઉં.

બીજો ચાકર—હવે અહીં દારૂની શું ખોટ છે. હું જણા મોટા દશ કેરબાશા ભરીને ઘણો સરસ દારૂ આવીઓછે, અને તે પેલીગમ પડીઓછે.

પેહેલો ચાકર—એ બાઈને ખોદા સલામત રાખે પણ જેવા બાઈછે તેવાજ શેઠબી થાયતો કેવું સારૂં !

બીજો ચાકર—તેની હવે કંઈ ફીકર નહી. શેઠના પઈસાની કોડલી જાંહાંવેર બાઈના હાથમાંછે તાહાંવેર કશી ફીકર નથી.

તેહેમીના—એ બંને જન અહીં શું વાતે લાગાછ. એક જણ જાઓ, ને આપણા શેહેરમાના પેલા મોટા દારૂવાલા દારાબજને કહો કે છ જાતના ઘણા ઉંચા દારૂના મોતેર કેરબાસા મોકલી દે, અને તે આપણાં બાઈને નામે ચોપડામાં લખે ને પછે બે ચાર દાહાડામાં આંકડો મોકલાવી દે. પછે બતીવાલાને એજ પરમાણે મીનબતીની એક પેટી મોકલી દેવાને કહે. પછે માહીઆર મીઠાઈવાલાને તાંહાં જઈને ઘણીજ ઉંચી જાતની મીઠાઈના પચાશ ખુમચા મોકલાવી દેવાને કેહે પછે નામદાર ગવઈઆને તાંહાં જઈને કેહે કે એકસો ઘણીજ સરસ ગાનારીઓને મોકલી દે. ચાલ જલદી જા; અને બધું કામ બરાબર કરીને જડપથી આવ.

પેહેલો ચાકર—બાપરે! તેહેમીના બાઈ, એ બધું શું ? આ જોઈનેતો મારી આંખે ચકર આવી જાયછે.

તેહેમીના—હજી બધી વરદીઓ પુરી કાંહાં થઈછ ઘણીક વાતોતો હજી ઇઆદબી નથી આવતી, તે બાઈ કેહેછે કે જે વાત જેને ઇઆદ આવતી જાય તે મારા પુછવા વગર કરતાં જાઓ, અને તેને માટે જે જોઈએ તે મારે નામે મંગાવતા જાઓ.

પેહેલો ચાકર—એઓ સઉથી સરસ બાઈછે તાહારે.

તેહેમીના—અરે હજીતો જેમ દાહાડા જતા જશે તેમ માલમ પડતું જશે. પણ જો પેલાં બાઈ આવેછે; જા તું બબરચીખાનામાં દોડ અને જો કે બધું બરાબરછે કે નહી.

---

### દેખાવ ૨ જો—ફરંગીજ, તેહેમીના, શામ, શેહેરબાનુ.

ફરંગીજ—તેહેમીનાં, મારા હોકમ પરમાણે ચાકરોને બધે મોકલીઆ કે !

તેહેમીના—હા બાઈ.

ફરંગીજ—શામ, જે બે ઢોલીઆ મેં પસંદ કીધાછે

તેમની ઉપર ઘણીજ મેહેનત લઈ તેમને તઈઆર કરો કાલના કાલ મોકલાવી દેવા

**શામ**—બાઈ સાહેબ, મારૂં બધું કામ એક કોરે મેલી હું તેમને તઈઆર કરશ.

**ફરંગીજ**—જમવાના ઓરડામાં જે ઝાલર ટાંગેલીછે તે મને બીલકુલ પસંદ આવતી નથી.

**શામ**—તમે કહોછ તે બાઈ બરોબરછે. એવા ઓરડામા એવી ઝાલર કોઈ ટાંગતું નથી, એ ચાલ હવે તદન જતો રહીઓછે.

**ફરંગીજ**—મને ઝાલરનો ઘણો શોખછે, વાસતે એ કાહાડી નાખી બીજી ઘણીજ ઉંચી જાતની તું ટાગી આપ. તેને વાસતે તારી પાશે સરસ જાત હોય તેના મને પેહેલાં નમુના દેખાડ.

**શામ**—હા બાઈ, મારી પાસે ઘણી ઉંચી જાતની ઝાલરોછે, પણ તેની કીમત ઘણી મોટીછે.

**ફરંગીજ**—કીમતની ફકર નહી, મને ઘણી ઉંચી જાતની હોય તે દેખાડ.

**શેહેરબાનુ**—ફરંગીજ, હું કહુંછ કે હમણા એ ઝાલર બદલવાનો કંઈ જરૂર નથી

**ફરંગીજ**—વાહાલાં માએજી, મને જે ગમેછ તે મને કરવા દેઓ. એ ઝાલર તો શું પણ એ ઘરમાની બધી ચીજો બદલવી પડશે. આખા ઘરમા એકબી વસતુ એવી નથી દેખાતી કે જે ઘણા જુના વખતની નહી હોય; અને તે જોઈને મારી આંખને તો ઘણોજ કંટાલો આવેછે. વાસતે જાંહાવેર આખાં ઘરમાનો બધો સામન ઘણો ભપકાદાર અને હાલના સોખને મલતો થશે નહી તાંહાવેર બધુ બદલવું પડશે.

**શામ**—તમારૂં બોલવું ઘણું વાજબીછે બાઈ. જો તમે ભપકાથી રહેવા માગતાં હોય, તો દર વખતે તમારા ઘરનો સામન બદલવો જોઈએ, અને જેવી એક ચીજ નવી નીકલી કે લાગલી તે લઈ જુનીની જગાપર મેલવી જોઈએ.

**શેહેરબાનુ**—એ બધી ઉડાઉપણાની વાતછે. મારો વીચાર એવોછે કે જાંહાવેર એક ચીજ ઘસાઈ જાય નહી, તાંહાવેર તેને બદલવી નહી.

**શામ**—હા! હા! બાઈ, તમારા વીચાર જુદાછે, પણ આપણા આ બાઈના વીચાર વાજબીછે.

---

### દેખાવ ૩ જો—કાપડીઓ અને ઝવેરી આવેછે.

**ફરંગીજ**—ઓહો, બાબક, તમે આવીઆ કે? કેમ તમે કસબી તાકા લાવીઆ કે?

**બાબક**—હા બાઈ, સઉથી ઉંચી જાતના, અને નવી તરાંહના તમારે વાસતે લાવીઓછું

**ફરંગીજ**—કેમ હોમાન, તમે નેકલેશ અને એરીંગ લાવીઆ કે?

**હોમાન**—ને એવાતો સરસ લાવીઓછ. કે જો કોઈ બીજો ઝવેરી તેમની જોડી લાવે, તો કેહેને કરો આપુ તેમાનું દરેક નંગ ઘણુજ પાણીદારછે અને ઘણુંજ કીમતીછે.

**ફરંગીજ**—પણ તેમાના એકુમાંઓ કાઈ ખાપણછે કે?

**હોમાન**—જો જરાબી ખાપણ હોયતો હું તમને તે મુફત આપી દેઉં. મેં તે બધાં નંગ ઘણી મોટી કીમતે ખરીદેલાંછે.

---

### દેખાવ ૪ થો—બીદાર, ફરંગીજ, શેહેરબાનુ, ઝવેરી, કાપડીઓ, અને લેનીનવાલો.

**બીદાર**—તે ગીઆ, હાથમાંથી ગીઆ; તે હવે કદી પાછા આવવાના નહી; તેને હું ફરીથી હવે કદી જોવાનો નહી.

**ફરંગીજ**—તાહારે એ નેકલેસ અને એરીંગની ઓછામાં ઓછો કીમત શું તે હવે કહી દેઓ.

**ઝવેરી**—બાઈ, તમે મારાં પોતાના બેહેન હોય, તોપણ તરણ હજાર ગીનીમાં એક પઈ પણ ઓછી લેઉં નહી

**બીદાર**—હે! શું! તું તરણ હજાર ગીનીની શું વાત કરેછ? લુચા! શું તારી પાસે મારી તરણ હજાર ગીનીછે કે?

**શેહેરબાનુ**—બીદાર સાહેબ, શું છે? એટલા ગભરાટમાં કેમ છો?

**બીદાર**—હું નાચાર થયો! હું ખરાબેહાલ થયો! મારા પઈસા ચોરાઈ ગયા! મારી ઘણીજ પીઆરી તરણ હજાર ગીની જે મને કાલેજ મલી, તે કોઈ ચોરી ગીઉં; અને તે પાછી હવે મારા હાથમાં આવવાની નહી.

**ફરંગીજ**—પણ તેથી તમે એટલા બેચેન કેમ થઈ ગયા? ચોરાઈ ગઈછ તો તે કેયેથી મલશે; અને જો નહી મલીતો તેમાં બીસાદ કેટલીછે!

**બીદાર**—બીસાદ કેટલી! તમે તરણ હજાર ગીનીની બીસાદ કેટલી કહોછ!

**શેહેરબાનુ**—અરે સાહેબ, એતો તમોને ઘણા ફીકરમંદ જોઈ તમોને જરા દીલાસો દેવાને એમ બોલેછે.

**બીદાર**—મને દીલાસો એમ દેછે કે? મારી તરણ હજાર ગીનીને બીસાદ વગરની ગણી મને દીલાસો આપેછે કે? પણ ભાઈ, અહી આવ; તું તરણ હજાર ગીનીની સું વાત બોલતો હતો? મને કેહેની તેં તે કેથે જોઈછે?

**ઝવેરી**—સાહેબ તમે મને શું કહોછો તેની મને મુદલ સમજ પડતી નથી. હું તો આ બાઈ મારી પાસેથી એક ગલાનો હાર અને એક જોડી એરીંગ ખરીદેછે તેની ઓછામાં ઓછી અને ઘણી સસતી કીમત તરણ હજાર ગીની કહુંછું.

**બીદાર**—શું! શું! શું!

**ફરંગીજ**—એ કીમતે તે કંઈ ઘણાં સસતાં નથી, પણ તે લેવાનાંજછે, તાહારે હું તેટલી કીમત આપવાને કબુલ થાઉંછું. વાસતે સાહેબ, મેહેરબાની કરીને એને તરણ હજાર ગીની ગણી આપો.

**બીદાર**—હું ધારૂંછું કે હું કંઈ સપનામા છું!

**ફરંગીજ**—સાહેબ, તમારાં નાણા થોડા વારમાં તમોને આપવામાં આવશે. કેમ બાબક, તમારા કસબી તાકાની હવે શું કીમત કહોછો?

**બાબક**—બાઈ, તેના ઓછામાં ઓછા એક વારના સવાસો રૂપીઆ પડશે

ફરંગીજ—ડીકછે; એમાંથી મારો એક ઝભ્ભો અને બદીઆન થાય એટલું કપડું વેતરી આપો.

બીદાર—પેહેલાં મારૂં ગલું વેતરી નાખો ! એ તમે શું કરોછ ? કંઈ ઘેલાંખેલા થઈ ગયાંછ ?

ફરંગીજ—તમારી બઈરી તરીકે પેહેરવાને છાજતો પોશાક માતરે તઈઆર કરૂંછું.

બીદાર—બેવકુફ ! પોસાક પેહેરવાને બાને મારૂં ગજવુંજ ખાલી કરવા બેઠીછ કે ?

ફરંગીજ—બીદાર ! મને કેહેવાની રજા આપો કે તમારી આ ચાલ ઘણીજ ઓર તરાંહની મને લાગેછે. તમારી એવી ચાલની મેં જરાપણ આસા રાખી નહી હતી.

બીદાર—તીઆરે તમારી તે આ સારી ચાલનો નમુનો કે ?

ફરંગીજ—સાહેબ, હું તમોને આ ખોલી રીતે જણાઉંછું કે, એક બઈરી તરીકેના સઘલા હક હું તમારા ઘરમાં છુટથી ભોગવશ. મારે કેવાં કપડાં પેહેરવા તેને માટે તમારે વચ્ચે બોલવાની કંઈજ અગત નથી. હમેશા જેવા કપડાં મને ગમશે તેવાં હું લેવાની અને પેહેરવાની. એમ કરતાં જો તમારી કોથલી જરા વધારે ખાલી થાયતો તેમા કંઈ હરકત જેવું નથી, કારણ કે તે તમારીજ આબરૂને ખાતરછે. હું ઘણા ભપકાદાર કપડાં પેહેરીને બાહાર નીકલશ, તાહારે લોકો કેહેશે કે આ ફલાણાની બઈરી ! તેમાં તમોનેજ સારૂં લાગશે.

બીદાર—શેહેરબાનુ ! તમે આએ બધું મુગાં મુગાં સાંભલીઆ કરોછ ?

શેહેરબાનુ—સાહેબ, મારી દીકરી ઉડાઉ થાયતો તેને હું જરા પણ ઉતેજન આપવાને રાજી નથી, પણ જીઆરે ઉંચાં કપડાં પેહેરવાથી તમારી અને મારાં કુટુંબની આબરૂ જલવાયછે, તીઆરે તે વાતમાં હું એને અટકાવી શકતી નથી તમે ઘણાજ કસરીઆછો તે ગામ લોક જાણેછે, અને તેઓ તમારે વાસતે સારૂ બોલતા નથી. તેથી ખોદાનો ઉપકાર માંનો કે તમોને એવી સમજુ બઈરી મલીછે, કે જેથી હવે ગામમા તમારી આબરૂ વધશે. પણ એ ઉપરથી હું એમ નથી કહેવા માગતી કે મારી દીકરી તમારા બધા પઈસા પોશાકમાંજ ઉડાવી દેશે તમે જો એને પુરતાં કપડાં અને જનસ કરી લેવાને હમણા એકઠા પચાશ હજાર રૂપીઆ આપશો તો પછી થોહોક વખતવેર એને કપડાંને માટે એક રૂપીઓ પણ ખરચવો પડશે નહી.

ફરંગીજ—હા, જો એવણ મને કપડાંનાં એટલા રૂપીઆ હમણા આપે તો પછે આએ આખું વરસ હું એમની પાસે કંઈ માગશ નહી.

બીદાર—અફશોશ ! આતો હું બેવડી લુટમાં પડીઓ ! એકે એમ લુટીઓ અને બીજી એમ લુટવા માગેછે. આ આફત કંઈ થોડી નહી થઇ. પણ તોબી એક વાતનો સંતોશછે. સારૂં થયુંછ કે મેં હજી એની સાથે નેકાહ બાંધીઆ નથી, પણ ફકત લખત કરીનેજ વર થયોછું

ફરંગીજ—તેની કાંઈ તમારે ચીનતા કરવી નહી તમે જોઇએ તો લગન કરો ને જોઇએ તો ના કરો, તેની તમોને લખતમાં છુટછે. આપણે કંઈ એવું લખત નથી કીધેલું કે તમારે પરણવુંજ જોઈએ.

શેહેરબાનુ—હા લખતમાં તમોને કોણે બાંધેલાછે ? તેમાં માતરે એટલુંજ લખેલુંછે કે, જો તમો પાછલથી પરણવાને ના પાડો તો તમોએ ફકત એક લાખ રૂપીઆ આપી છુટા થવું !

બીદાર—પણ તોબી મારા હાથમાં એક રસતોછે. ગુનેહગારીની એ રકમ આપવાને મેં મારા વારેસ વકીલને લખતમાં બાંધીઆ નથી; તેથી જો હું મારે હાથે મારા ગલામાં ફાંસી દઈને મરી જશ તો તમારૂં લખત રદ થયા વગર રહેવાનું નથી; કારણ કે મારા વારસ વકીલ પછી એક અરધી આપવાના નથી. પણ એમ કરવાની આગમચ જોઉછ કે કંઈ બીજો ઉપાયછે ? તેટલે તમે બધાં મારા ઘરમાંથી નીકલો નીકલો, લુચાઓ ! ચોટાંઓ ! લુટારાંઓ ! નીકલો !

ઝવેરી—બાઈ, મને નાણાં આપો કે નહી તો મારૂં ઝવેરાત પાછું આપો

બીદાર—આપી દે, તેના કાંકરા પાછા આપી દે.

ફરંગીજ—હું ખચીત કહુંછ કે હું તેમ કરવાની નથી. હોમાન તમે કંઈ અકલાઓ ના. બીદાર જરા ગુસામાંછે તેથી એમ બોલેછે; વાસતે તમે મેહેરબાની કરી કાલે આવીને નાણાં લઈ જજો.

બીદાર—એ શેહેતાન ! તું કોણછે ? વલી તું શું માગેછ અહીઆં ?

શામ—હું સાહેબ આ ઘરમાં બધો નવો સામન પોંહોંચાડનારછું.

બીદાર—નીકલ અતર ઘડી મારા ઘરમાથી, અગર નહી તો આ તારાં ધડપરથી તારાં માથાંનો સામનજ ઉંચકી નાખશ ! તારૂં ભેજું છુંદી નાખશ !

શેહેરબાનુ—ખચીત, સાહેબ, તમે ઘેલા બનીઆછો !

બીદાર—ખચીત, જાહારે મેં લખતપર સહી કીધી તાહારે હું ઘેલોજ બનેલો હતો અરે ખોદા, જો હું મારૂ નામ પણ લખવા નહી શીખીઓ હતે તો ઘણુ સારૂ.

## સેતરંજની રમત શોધી કાહાડનાર એક સ્ત્રી હતી !

ફરશુદને વખતે એક ગમ બેસી ગમતને ખાતર રમવાની જે રમતોછે, તે સઘલીનો સરદાર સેતરંજની રમત છે. એ રમત એટલી ખુબી ભરેલીછે, કે જેઓ તેને જાણેછે અથવા સમજેછે, તેઓ તેના ઊપર ફીદા રહેછે. આજ સેંકડો વરસો થયાં એ રમત પોતાની હઇઆતીમાં રહીછે, અને જમાંનાના ફેરફારની જે અસરો બીજી બાબતોને લાગીછે, તેઓ એને બીલકુલ લાગી નથી. જે વેલાએ દુનીઆંપર આજના વખતના કે

સુધારો ન હતો, તે વખતે પણ એ રમત હતી, અને તે હાલ પણ રહીછે. રહીછે એટલુંજ નહી, પણ જે માન અને સરદારી તે આગલા જમાનામાં ભોગવતી હતી, તેવુંજ માન અને સરદારી—બલકે તે કરતાં વધારે—તે આ જમાનામાં પણ ભોગવેછે. જોકે એ રમત રમતાં દરવનો ખરચ થતો નથી, તોપણ એ મોહોટાઓમાં ઘણી વપરાતીછે, અને શાહાનશાહો વટીકની મુખીઅ રમત એજ છે. એ રમત દુનીઆના સઘલા સુધરેલા ભાગ ઊપર આજે ફેલાઈ ગયલીછે. યુરોપ ખંડમાં તે એટલીતો રમવામાં આવેછે, કે તેની હારજીત શેહેરો, દેશો, બલકે ખંડો વચે થાયછે. એમ કરવાની રમત વરતમાન પતરોમાં અને ચોપાનીઆંઓમાં ચીતારની મારફતે ચાલેછે. એ રમત રમવામાં સરસ તરીકે જેઓ જણાયલાછે અથવા જણાયછે, તેઓએ મોટાં માન ભોગવેલાંછે અથવા ભોગવેછે, અને કોઈ કોઈતો સરવેની મોટી અચરતીની આંખ પોતા તરફ ખેંચી ગયાછે એ રમતમાં ગમત મલવા સાથે બુધીબલનો ઘણો વધારો થાયછે; અને મનશકતી મજબુત થાયછે. જોકે એ રમત લડાઈના રૂપમાં ગોઠવેલીછે, તોપણ તેમાં આ દુનીઆઈ વેહેવાર સંબંધી ઓછી ચાનક નથી. જેમ તેમાં રણનાં મેદાનની લડાઈ લડવીછે, તેમજ તેમાં દુનીઆંનાં વેહેવાર રૂપી મેદાનની લડાઈ પણ લડવીછે, અને તેથી એ રમત રમનાર જેવો ઊપલી લડાઈઓની વલાણથી માહીતગાર થાયછે, તેવાને નીચલી લડાઈઓનો વલણથી પણ થાયછે.

આવી જે ઊમદા રમત, તેને શોધી કાહાડનાર એક સ્ત્રી હતી, એમ જીઆરે આપણને માલમ પડેછે, તીઆરે ખરેખર આપણે અજાયબીમાં ગરક જઈએ છે. એમાં વધારે અજાયબ થવાનું અને વધારે મગરૂબ રહેવાનું હાલના વખતના હીંદુઓનેછે; કારણ કે આ શોધ કરના સ્ત્રી એક હીંદુ હતી. જોકે સઘલાઓ આ વાત કબુલ રાખતા નથી; જુદા જુદા લખનારાઓ એની શોધનું માન જુદા જુદા લોકોને આપેછે, પણ હીંદુઓ તરફ બધા કરતાં વધારે વલણછે, કારણકે તેમ કહેનારાઓ ઘણા દાખલાઓ દેખાડેછે. એમ કહેનારાઓમાનો મુખીઅ, નામીચો લખનાર સર વીલીઅમ જોનસછે. એનું કહેવું એટલુંજછે કે, એ રમત હીંદુઓએ શોધી કાહાડેલીછે; અને હીંદુઓ એની શોધનું માન ઊપર જણાવવા પરમાણે એક સ્ત્રીને આપેછે. સંસકરૂત ભાશામાં એ રમતનું નામ "ચેતરંગ" કરીછે, જેનો અપભરંશ થઈ હાલનો "સેતરંજ" શબદ થયોછે.

આ નામીચી રમતની શોધ કરતા મંદોદરી નામની સ્ત્રી કેહેવાયછે, જે લંકાનાં રાજા રાવણની રાણી હતી. તેણીને આ રમતનો શોધ કરવાનું કારણ એવું જણાવવામાં આવેછે કે, રાવણ લડાઈમા ભારે શોખી હોવાથી, અને વારેવારે તે તેમાં ગુતાવાથી, મંદોદરીને જે વીયોગ થતો હતો, તે મટાડવાને, અને રાવણને ઘણોખરો પોતાની નજીક રાખવાને તેણીએ ભારે મેહેનત લઈ, પોતાની તીકશણ બુધીનો ખુબ ખરચ કરી આ લડાયક રમત શોધી કાહાડી હતી, અને તેમ કરી પોતાના શુરા ભરતારનું ધીઆન એક પાટીઆનાં રણનાં મેદાન ઊપર ખેંચીઊં હતું; અને તેમાં તેની લડાઈ કરવાની ઘણી હોંસ તેણે પુરી પાડી હતી.

પોતાના ધણીને સલામત અને સુખી રાખવાને મંદોદરીએ જે આ કોશેશ કીધી તે ઊપરથી તે બુધીવાન સાથે ઘણી નીતીમાન સ્ત્રી પણ જણાયછે. મંદોદરીએ પોતાની નીતી અને ભલાઈનો દાખલો એક બીજી વાતમાં પણ ઘણો સરસ બતાવેલો જણાયછે. એવું કહેછે કે, રાવણ જીઆરે સીતાને ચોરીને લંકા તરફ લાવીઓ, તીઆરે તેણીને તેણે અશોકવનમાં ઘણી શકતીમાં બંધ રાખી હતી. આથી મંદોદરીને સીતા ઊપર ઘણી દયા આવતી હતી, અને તેની એવી હાલતથી તેને ઘણો ખેદ થતો હતો. તેથી તેની ઊપરની એવી જબરી કાહાડી નાખવાને તેણે રાવણને જેટલું સમજાવાય તેટલું સમજાવીઓ હતો, પણ તેણે તે પર માણે કીધું ન હતું. સીતા એક બીઆબાન જંગલમાં આવું સંકટ વેઠતી હતી, પણ રાવણની પાપી મતલબને તાબે ન થતી હતી, તે જોઈ મંદોદરી તેની ભારી સતુતી કરતી હતી.

મંદોદરી જેમ પોતાના આવા સદગુણો અને બુધી બલને માટે વખણાયલી હતી, તેમજ તે પોતાની ખુબસુરતીને માટે પણ જણાયલી હતી. કહેછે કે એ સ્ત્રી એવીતો રૂપાલી હતી, કે તેની બરોબરી થોડીંજ સ્ત્રીઓ કરી શકે. રાવણ અને તેના દીકરાઓ મારીઆ ગયા પછે ઘણુંવેર મંદોદરી જીવી હતી, અને તેના ધણીની ગાદી જેને રામે આપી હતી તેના આસરા તલે, મરણ સુધી, એક વીધવા અને વાંઝણી સરખી રહી હતી !

## ચીન દેશની સ્ત્રીઓ.

માણસ જોકે એકજ પુરૂશવાંની ઊપર, એકજ મા બાપને પેટે જનમીઊંછે, અને એકજ જાતના ઘાંટ તથા અવયવો ધરાવેછે, તોપણ દરેક ખંડના, દેશનાં, શેહેરનાં બલકે ગામનાં લોકનાં વીચાર તથા રીતભાત માં એક એકથી એવો તદન જોદો તફાવત માલમ પ છે, કે જે જોઈ ભારે તાજુબી પેદા થાયછે. ઓરતો ની સાથની વરતનુક બાબે જોતાં આજનાં વખતમાં એ ક બીજા દેશના લોકો વચે જે તફાવત જણાયછે, તે ખ રેખર અચરતી ભરેલોછે. યુરોપખંડના લોકો, જેઓ એ પોતાની શરૂઆતથી તે અતીઆંર સુધી સુધારાની અને વીવેકની અંદર ગબડતો આકાર રાખીઓછે, તે ઓ આજે પોતાની ખરી સમજ ઊપર આવેલા દેખા યછે. પણ એશીઆખંડ, જે પોતાની જુની અને બા પદાદાઓની રસમને વીચાર કરીઆ વગર વલગી રહે વામાં આજવેર અજાયબ શકતી બતાવેછે, તેઓ હજી ખરાપણાથી ઘણા વેગલા રેહેલા લાગેછે. યુરોપ અ ને અમેરીકા ખંડમાંથી જીઆરે પારકી ઓરતો પાસ ગુલામગીરી કરાવવાનો ચાલ નીકલી ગયોછે, તીઆ રે એશીઆખંડમાં પોતાની ઓરત પાસ ગુલામગીરી કરાવવાનો રવઈઓ હજી ચાલતો રહીઓછે. જોકે મરદ ઓરત ઊપર માલેકપણું ધરાવનારોછે, પણ તે માલેકપણું એવું નહી હોવું જોઈએ કે, ઓરતો તેમને તેમના બલદ અને ઊંટની જગાપર કામ લાગે.

આજના વખતમાં, આગલા રવઈઆ પરમાણે ઓરતોપર મોટી બંધી રાખનાર, અને તેમનાપર મો ટો સેતમ ગુજારનાર અને તેમને એક નજીવાં પરા ણી, દુનીઆનાં વઈભવનો લાભ લેવાને તદન નાલાયક ગણનાર લોક મુસલમાન અને ચીનાઓંછે. આ બે ટોલાનાં લોકો પોતાનાં ઢોરને જેટલું છુટાપણું આપે છે, તેટલું પોતાની ઓરતોને આપતા નથી, અને જેટ લી દયા તેમને ઊંદર બીલાડાંની આવેછે, તેટલી તેમ ની ઓરતોની આવતી નથી. એક દીકરીને ગમે તે તેની સાથે પરણાવવાને બાપ તદન મુખતીઆ ર હોયછે; અને એક ઓરતને ગમે એવી જેહ મતમાં નાખવાને, માર મારવાને અને તેમ ક રવાની જરૂર તેની આંખમાં લાગીતો ઠાર મારી નાખ વાને ખાવંદ મુખતીઆર હોયછે! આવાં લોકોને વકુ ફ વગરના કહીએતો તેમાં જરા ખોટું નથી, કારણ કે જેમનામાં વકુફ હોય તેઓ એવું કવચીત કરે નહી; કા રણ કે જેમનામાં વકુફછે તેઓ આજે એમ કરતા નથી.

ચીન દેશની અંદર બીચારી સ્ત્રી જનમતાં વા રજ કમબખતીની જાલમાં ફસેછે, જેમાંથી જીઆરે તેના તનથી તેનો જીવ છુટો પડેછે, તીઆરેજ તે છુટી થાયછે. પરથમમાં તેમના પગ નાના કરવાને તેમાં લાકડાંના જોડા ઠોકી ઘાલેછે; અને તેમ કરી તેમ ને સદાનાં લંગડાં, બેડોલ અને બંધીવાન કરેછે. તી આર પછે તેમને કેલવણીના મીઠા ઝરાનાં પાણી વગર સુકાં લાકડાં જેવાં ઊછેરેછે, અને એમ કરી તેમને જે મ આ દુનીઆંના વઈભવથી વેગલાં રાખેછે, તેમ પેલી દુનીઆંનાં સુખથી પણ દુર રાખેછે. એ પછે બાપ ના ધીઆનમાં જે આવે તેની સાથ તેને, આંખે અ ને મોડે પાટા બાંધીને, પરણાવેછે. તે બીચારી પરણી કે સદાની ગોલામગીરી અને વેઠમાં પડી. ગમે એ વા વરગમાંની તે હોય તોપણ તે વરગનું જે કઠણમાં કઠણ કામ હોય તે ઓરતે કરવું જોઈએ! અને સેહેલા માં સેહેલું કામ, બલકે કંઈજ નહી કામ, મરદે કરવું જોઈએ! ખેડુતોની ઓરતો ખેતરમાંની કઠણમાં કઠણ મજુરી કરેછે. તેઓ જમીન ખોદેછે, ખેડેછે, અને એ વી રીતની જંજાલી ભરેલી મેહેનત કરી તે ખેતર ત ઈઆર કરી આપેછે, તીઆરે તેનો ધણી તેમાં જરા પોતાના હાથ હીલવી બી છાંટેછે. કુંભારની ઓરત મ ટોડું ખણી લાવી, તેનો ગાર કરી, તઈઆર લાંદો પો તાના ધણીના હાથમાં આપેછે, તીઆરે તે બેઠો બેઠો પોતાનાં આંગલાં અને અંગુઠા વડે ચાકપર વાસણ ઊ તારેછે; એજ પરમાણે સઘલા કારીગરોને કઠણ કામ તે મની ઓરતો કરી આપેછે.

વચલે વાંધેની ઓરતો, જેમને બહાર નીકલી એવી મજુરી કરવી પડતી નથી, તેમને ઘરમાં શકત વ હીતરૂ, શકતીની અંદર, કરવું પડેછે. તેમને ઘરમાં એ ક ઓરડો આપવામાં આવેલો હોયછે, જેમાં તેઓ સદા સઘલું બંધબસત કરીને ભરાઈ રેહેછે. અહી તેઓ આ ખો દહાડો ચીકનો ભરવાનું, ચીતારો પાડવાનું અને એવું એવું કામ કરેછે. એમાંથી જે કમાઈ થાયછે તે પઈએ પઈ તેમને પોતાના ધણીઓને આપી દેવી પડેછે આ બંધીખાનાં સરખા ઓરડામાંથી તેમને કે યે જવાની કે જરા બારી ઊઘાડી બહાર જોવાની છુટ

હોતી નથી. કોઈની મુલાકાત તેઓ લઇ શકતી નથી તેમજ કોઇ તેમની પણ લઈ શકતું નથી. એમને બાહાર જવાની જે તક મલેછે, તે ફકત દેવલમાંજ જવાની છે. પાલકીમાં કે હાથે ઘસડવાની ગાડીમાં બેસાડીનેજ તેમને તીઆં મોકલવામાં આવેછે. એ પાલકીઓ તથા ગાડીઓ પણ બારણાં તથા પરડદાથી બંધ રાખવામાં આવેલીઓ હોયછે.

ઊપર લખેલી મજુરી કરનાર ઓરતોની સઘલી મજુરી છતાં, તથા આ મેહેનતુ ઓરતોની આ સઘલી મેહેનત છતાં, તેમને ઘરમાં રાંધવા સીંધવા વગેરેની મેહેનત કરવી પડેછે. વલી તેની સાથે બચાં છોકરાંની માહાવજત કરવી પડેછે એ સઘલું છતાં, જેમ એક કરડા મેહેતાજીની આગલ બીહીકણ છોકરૂં રહે, તેમ તેમને પોતાના ધણીઓની આગલ રહેવું પડેછે, અને જો જરા કંઈ કશુર થઇતો તે બીચારીઓને .શકત માર ખાવો પડેછે !

આ બધીઓમાં પાદશાહી ખાનદાનની ઓરતો અથવા છોકરીઓ જરાક ભાયગશાલી માલમ પડેછે. તેમને પાદસાહી બાગોમાં ફરવા હરવાની છુટ મલેછે, અને તેમની ચાહેની ટેબલપર સહીઓ સાથે મલવાની અને તેમની સાથે તરેહવાર વાતો કરવાની છુટ મલેછે. પણ એ તેમનું સુખ થોડોજ વખત રહેછે, જેવો તેમનો પરણવાનો વખત આવીઓ, કે તેમને રાખશી કદના, અને બીહામણા મોડાંના તારતાર શાહાજાદાઓ સાથ પરણાવેછે, જેઓ પરણતાંવાર તેમને તારતરીનાં ઊજડ અને લુખાં જંગલોમાં પોતાને ઘર લઈ જઈ ઘાંધી રાખેછે. આ વેલાએ પેલી જવાન અબલાઓને એવુંજ લાગેછે કે, તેઓ બેહેશતમાંથી નીકલી એકાએક આ ઊંડાં દોજખનાં ગારમાં આવી પડીઓછે. આવી હાલતમાં બાપડી ચીનાઈ સ્રીઓ આજ સદીઓ થઈ રહેતી આવેલીઓછે.

## માણસોને ધીકારનાર માણસ.

તુરાંન દેશ કે જાંહાં ભએ ભરેલા અને ગંજાવર પાહાડો પોતાના રાખસી કદનાં સીખરો આસમાન સાથ લગાડેછે. અને જાંહાં ચુપકીદી અને બીઆબાન સદાકાલ રાજ ચલાવેછે તાંહા તેરસ નામનાં ભએભીત પાહાડનાં એક ગુપત ગોફામાં "એસેમ" નામનો એક મરદ રેહેતો હતો.

એસેમે પોતાની જુવાનીનાં દાહાડા માણસોની સાથે કાહાડીઆ હતા. તેઓની મોજમજામાં તેણે પુરતો બાગ લીધો હતો. પોતાના જાતભાઈઓને ઇઆને દરએક આદમ જાતને ઘણાજ પીઆરથી ચાહાવાને બચપણથી તેનાં માબાપોએ તાલીમ આપી હતી. એસેમ એક મોહોટી દોલતનો વારેસ થયો કે જે દોલત દરએક દુખી માણસને આરામ આપવા તથા દરએક તંગીવાન સખસની પુરતી હાજતો પુરી પાડવાને તેણે પોતાના નરમ અને માઆલુ સવભાવનાં જોરથી ખરચી નાંખી હતી. કોઈબી હાજતમંદ સખસ એસેમની આગલ જતો તો તે ખાલી હાથે પાછો નહી ફરતો હતો. કોઈબી થાકી ગીએલો મુસાફર કદીબી આરામ પામીઆ વગર તેહના ઘર આગલથી ચાલી નહી જતો હતો.

સરવે લોકોની હાવી રીતે ખીદમત કરતાં એસેમની મોહોટી દોલતનો થોડા વખતમાં અંત આવીઓ. એસેમ હવે વીચાર કરવા લાગો કે જે હજારો સખસોને માહારા સારા વખતમા મેં મદદ કીધીછ તેઓમાનો અરધો ભાગ પણ હાવા ખરા નબલા વખતમાં મહને જરૂર સહાએ થશે. એવા વીચારથી તે દરએકને ઘેર મલવા ગીઓ, પોતાની તંગીનાં વખતમાં થોડી ઘણી પહનાહ માગવા લાગો પણ કોઈએ તેહની ઉપર પુરતું ધીઆન આપીઉં નહી. અંતે તે હાથ જોરી આંજીજી કરવા લાગો અને તેના બદલામાં કઠણ સખુનો અને ધીકાર સીવાએ તે બીજું કશુંબી લેવા પામીઓ નહી. નીમખહરામ દુનીઆએ પોતાનું બેઢંગી મોહો તેહની સામેથી ફેરવીઉં. તે બીચારો આસરા વગરનો થાઈ પડીઓ. હાવો મામલો જોઈ એસેમનાં મનમાં ઘણો ખેદ થયો. તેહનાં મગજમાં માણસજાત વીશે હાલ શુધી જે ઉમદા વીચારો હતા તે એકદમ ઉડી ગીઆ, અને હવે તે સરવે આદમજાતને જુદીજ રૂપમાં જોવા લાગો. તેઓનો જે જે ખામીઓ અને બુરાં કરતુકો વીશે તેણે આગલ કોઈ વખતે જરા વીચાર પણ નહી કીધેલો તે સરવે હારબંધ આએબ ચીતારમાં તેહની નજર આગલ આવી ઉભાં જાંહાં જાંહાં તે નજર ફેરવીને જોતા તાંહાં તાંહાં ખંદાઇ નફટાઈ અને નીમખહરામીનુ રાજ તેહને દીશતું. આએ દેખાવથી તેહનાં મગજ ઉપર ઘણીજ માઠી અસર થાઈ. જે દુનીઆને અંતકરણથી ધીકારવાને એસેમને આટલાં બધાં કારણો મલીઆં હતાં જાંહાં માયાના બદલામાં ઘાટકીપણું, મેહેરબાનીનાં બદલામાં તુછકાર, પીઆરનાં બદલામાં ધીકાર મલતો હતો તે કરૂર દુનીઆમાંથી એકદમ નાબુદ થવા ઇઆને તેહનાં વસતીવાલા ભાગો છોડી દેવાને તેણે ઠેરાવ કીધો. પોતાની છાતી ભરાઈ આવી હતી તે ખોલી કરી દીલ ખાલેસ કરવા તથા પોતાના નીરદોસ જીવને દુનીઆનો ખરો સાથી બનાવવા તે ઉપલા પાહાડનાં ગુફામાં જાઈ ભરાઓ.

ભારી તોફાનથી ઘહસડી જતા વંતોલીઆથી અને સુરજના ભસમ કરતા તેજ પરકાસથી બચવાને એક પથરનાં દર સીવાએ બીજુ કાંઈ હતું નહી. જે ફલો નરસા ઈઆ સરસા નસીબ સંજોગે ઘણાંક રખડ રજડથી પાહાડની આસપાસની જગો ઉપરથી મલતાં તે એસેમનો ખોરાક હતો, અને જે તોફાની અને ગોધાટ કરતો ધોધ પાહાડના

સીખર ઉપરથી ઉધે મસતક પડી એક સરોવરમાં આરામ લેતો, તે સરોવરનું પાણી તે ભારી મુશકેલીથી મેલવી પોતાની તરસ છીપાવતો હતો. હાવી હાલતમાં ઘરબાર છોડી માણસોની ખુસબખત નુરાનીનો ઈનકાર કરી ખાડાઓ અને પથરોમાં પડી બાજે વખતે ગમગીનીનાં સોહોર બાહાર કાહાડતો. પણ કોઈ કોઈ વખતે એકદમ દીવાનાની માફક ખુસ મીજાજમાં આવી હસતો અને પુકારતો કે હાલ જે બધુ માહારી આસપાસ હું જોઉછ તેહનો હું રાજા છેઉં. માહારા હક ઉપર કોઈબી તરાપ મારનાર હઈઆં દીસતું નથી.

જે સરોવર પાહાડની એક બાજુએ ખુદરતી પાણીનાં જમાવથી મચેલો હતો અને જેનાં પાણી સરબત સરખાં મીઠાં લાગતાં તે સરોવરને બાજે વખત એસમ પોતાનો સાથી ગણતો. તેના પાણી એટલાંતો નીરમલ હતાં કે પાહાડનો આખો દેખાવ સરોવરની અંદર દીશતો હતો. આએ પાણીની આરસી આગલ એસમ વારેઘડીએ જતો હતો અને તે સરોવરનાં ખડકવાલા અને ખભરાએલા કીનારાને અધેલીને વીચારમાંને વીચારમાં પાણીની અંદર નજર રાખી કોઈ કોઈ વખત કલકોનાં કલાક સુધી ઉભો રેહેતો હતો. ઘણો વાર સુધી અંદર તાંકી તાંકીને જોયા પછી એકદમ જોસમાં આવી બોલતો કે હા ! ખુદરત કેહેવી સુંદરછે ? ખુદરતનાં શરવેથી જંગલી અને વેરાન થએલા દેખાવોબી કેહેવા રલીઆમનાંછે ? જે જમીન માહારા પગ તલે દબાએલીછે અને જે પાહાડ એક પોરાગીરની માફક તેની ઉપર ઉભો રહી આસમાનની ચોકી કરેછે તે બંને વચે કેહેવો અશરકારક તફાવત માલુમ પડેછે. હા ! આએ પરવતમાં બે ખુબીછે, દુરથી કેહેવો રલોઆંમણો લાગેછે. આગલથી કેહેવો ભયંકાર દીશેછે. તે સાથે દુનીઆની આબાદાંની અને વેપાર વનજનાં વધારાનું એ અને એનાંજ બીજા ભાઈબંધો મોહોટાં મુળછે. જે બોહોલી નદીઓ માહારા દેશને આબાદ કરેછ. જે નદી નાલાં જંગલોમાં દુખી અને કંટાલેલા મુસાફરોને આરામ આપેછ. જે નેહરો વેપાર વનજને માટે મગરૂબછે તે સરવે આએ પાહાડ ઉપરથી પોતાની મુસાફરી સહરૂ કરેછે. દુનીઆનો દરએક ભાગ ખુસી, અદલ અને દાહાપણ વાલોછે. પણ અરે ! માણસ, નીચ માણસ, કંગાલ માણસ, ખુદરતની એક દેખીતી એબછે. દુનીઆમાં પેદા થએલો જે એકજ રાખસ છે તે માણસછે. આબાદાની અને દબદબાને તારાજ કરનારા ભારી તોફાંન હજારો કાફલાને પાણીમાં ઈઆ રેતીનાં જંગલમાં ડુબાવી નાખનારા વંટોલીઆ ખરેખરા કામનાં છે. પણ માતર માણસજ ખુદરતની સોનેરી ચોપડીનાં બરફ સરખા સફેદ પાના ઉપર એક મોહોટો અને કાલો દાગછે. અરે જે જાત તે પાક ઈઅનદાનાં નામને હીનું લગાડેછ, જે ઓલાદ તે સાહેબનાં દાહાપણને નરસ લગાહેછ તે ધીકાર ભરેલી ઓલાદમાં શું કરવા હું જનમ પામીઓ ? જો માણસ બદીથી પરેહેજ રેહેતો આએ દુનીઆ સહલા સંપજ, એકદીલી, અને સાંતપણાનું મથક થાપે. અરે ખોદા શું કરવા મહને હેવા નાપેકારોમાં પેદા કીધો. ઈઆ કીધો તો માહારો ભેદ માહારોથી શું કરવા તું છુપાવેછ વારૂં.

આએ બોલ બોલતાંજ એસેમનાં મનમાં એકાએક એવો વીચાર પેદા થયો કે બસ દુનીઆનો ભરમ જાણવા સારૂં આએ સરોવરમાં ઝીપલાવી દેવું અને જેવો અંદર કુદકો મારવા જાએછ તેવોજ દુરથી એક કદાવર અને દબદબાવાલો ફરેસતો પાણીની સપાટી ઉરર તેહની તરફ કીનારે ચાલી આવતો એસેમને દેખાયો. આએ અચણુચ બેખી બનાવથી તે પોતાનું ઉનડાઈનું કામ કરતાં અચકી ગયો.

એક પલવારમાં તે ફરેસતો તેહની આગમજ આવી લાગો અને પોકારીને બોલીઓ કે ઓ માનવી નાદાન અને ઉલર ના થા, અને આએ શરોવરમાં ભુસકો મારતો અટક. ખોદાવંદે ઈનસાફને જોખ દે હેવી તાહારી ચાલ, તાહારી ચુસત એકીનદારી અને તે સાથ હાલની તાહારી કંગાલ હાલત જોઈ લીધીછે અને તહને મદદ કરવા તથા દુખમાંથી છોડવવાને કાજે મહને હઈઆં મોકલીઓછ. ચાલ તાહારો હાથ મહને આપ, અને કાંઈબી બોલીઆ વગર માહારી પાછલ આએ પાણીની સપાટી ઉપર ચાલીઓ આવ. જે લોકો ભુલાવાનાં ગારમાં ઘડીભર ફસી પડી પોતાની આખી જીંદગીની ધુલ મેલવેછે. તેઓની ભુલ સુધારવા અને તેઓને સારો મારગ દેખાડવા ખોદાવંદે મહને નેમીઓછે, માટે ચાલ ગભરાએઆ વગર માહારી પાછલ ચાલીઓ આવ, કાંએકે એમ કરવામાં તાહારૂ દાહાપણ જણાશે.

એસેમ તરત સરોવરમાં ઉતરીઓ અને ચુપાચુપ પેલા ફરેસતાનો પાછલ ચાલવા લાગો. બંને જણા અધવચમાં જાઈ પાણીની અંદર ડુબવા લાગા અને કાંઈક સેંકડો ગાઉ નીચે ઉતરીઆ. એસેમ ઘણોજ ઘભરાવા લાગો અને તેણે નીસચય ધારીઉં કે હવે પાણીમાં ગુગરાઈ માહારો જાન કબજ થાઈ જવાનો. પણ એટલામાં તો જમીન સાથ તેહનો પગ અઠરીઓ, અને આંખ ઉઘાડીને જોયછ તો નીચે ધરતી અને ઉપર આસમાન એસમે જાહારે સુરજ પરકાસતો, ખોલલાં મેદાંન લીલોતરીથી ભરાઈ ગએલાં ખેતરો અને ઘણીખરી દરએક ચીજ જે દુનીઆમાંથી તે નીચે ઉતરી આવીઓ હતો તેહને મલતી જોઈ તાહારે તેહની અજાએબીનો કાંઈ પારજ રહીઓ નહી. એ ઉપરથી પેલો ફરેસતો બોલીઓ કે આએ દુનીઆનાં રેહેવાસી દરએક બદીથી વેગલાછે અને જેવા તુંને જોઈએછ તેવાજ પેદા કીધા છે. બધી રીતે એ દુનીઆં તાહારી દુનીઆં સાથ મલતી આવેછ, માતર તફાવત એટલોજ કે બદ કરતુકોનો પગપેસારો કોઈબી દાહાડો હઈઆં દીઠામાં આવીઓ નથી. જો તપાસ, અને અગર એ દુનીઆ તહને પસંદ પડેતો બેલાસક તું તાહારા બાકીનાં દાહાડા હઈઆં ગુજાર, પણ થોડાં દાહાડા માહારી સાથે ફર કે હું તહને હઈઆંનાં રેહેવાસીઓની ચાલચલણ અને રાહાધાટથી વાકેફ કરૂ.

એ ઉપરથી ખુસ કેફમાં આવી એસેમ કુદીને બોલીઓ કે બદી વગરની આએ દુનીઆં ? અકલવારાં માણસો ? સદા નેકીનું હઈઆં રાજ ! ઓ ખોદા હું તાહારો ઉપકાર માનુછ અને તાહારી પહનામાં રેહેવાને માટે દીલોજાનીથી આજીજી કરૂંછ કે તું માહારી દાદને પોહોચે અને મહને સાહાયત થાએ. હવે માહારા બાકીના દાહાડા તમામ ખુસી ખોરમીમાં આએ જગા ઉપર હું કાહાડશ

પેલો ફરેસતો તરત બોલીઓ. તાહારી ખુસી જરા નરમ પાડ. તપાસથી તાહારી આસપાસ જો, દરએક ચીજ


ને માટે તાહારૂ શું મતછે તે મહને જાહેર કર, જાંહાં જ
હાં ફરવું હોય તાંહાં તાંહાં ફર, હું તાહારો આઈઆં નેગેબા
ન અને પનાહ પોસતીનો કરનાર છેઉં. તેઓ બંને જ
ના આગલ ચાલવા લાગા અને ફરતાં ફરતાં ઘણીક જગો
એસેમને વેરાંન માલુમ પડી. જરાવાર રહી, કેટલાક ગો
સપંદનું ટોલુ જોઈ એસેમ બોલીઓ કે ખોદાએ આએ દુ
નીઆં પેદા કીધી ખરી પણ આએ ભખશ કરવા લાએક
ના ગોસપંદ શું કરવા પેદા કરાવીઆં. એ બીચારા નીરદો
શનો છઆન નાહાએક દરરોજ વગર લેવે દેવે જતો હશે,
અને અગર એકબારગી પેદા થયાંતો હઈઆંના લોકોએ
તેઓને મારી નાખી પોતાના ખોરાકમાં નહી લાવવા જો
ઈએ. પેલો ફરેશતો બોલીઓ કે હેવું કેહેવામાં તાહારી જ
રા ભુલછે. આએ વખતે તાહારામાં દાહાપણની મોટી
કોતાઈ માલુમ પડેછે. જો એ જાનવરો દરરોજ કોતા ન
હી થાએતો તેઓ એટલા વધી જાએ કે હઈઆં સમાવા મુ
શકેલ પડે. વાશતે એક ચીજની પેદાએસ જારી અને હ
સતીમાં રાખવા સારૂ પરવરદીગારનું આએ એક મોહોટુ
દાહાપણછે. પણ ચાલો હવે ઘેર તરફ ફરીએ અને વસ
તીવાલા ભાગોમાં ફરી તપાસીએ કે તે જોવાથી તાહારા મ
ગજમાં કેહેવા વીચારો ઉતપન થાએછ.

જે જગા ઉપર બધાં ભોલાં અને નેક માણસો વાસો
કરેછ તે જગા ઉપર હવે હું જાંઉછ અને તાંહાં ખુસખુસા
લ રેહેવસ. જરાવારમાં તઓએ એક માણસને ધાસતીમાં
અને ગભરાટમાં દોડતો જોયો, અને તેહની પાછલ ખસેરી
ઓનું એક મોહોટું ટોલું દોડતું હતું, એ ઉપરથી એસેમ
બોલી ઉઠીઓ. અરે આએ માણસ એટલો બધો સાનો ડ
કરેછ. આવાં નજીવાં પરાંણીઓથી એ શાને માટે બીહે
. એટલાવારમાં વલી એક બીજા માણસની પાછલ બે
તરા ચીરમાં આવી દોડતા હતા, જેથી પેલો માણસ આ
રો ગાભરો થાઈને દોડતો હતો. એ ઉપરથી એસેમ બો
લીઓ કે અરે આએ શું, મહને અજબ જેવું લાગેછે અ
ને કશી સમજ પડતી નથી. એ ઉપરથી તે ફરેસતો બોલી
ઓ કે હઈઆં દરએક જાતનાં જનાવર ઘણા મસતાન
બનેછે. કાંએકે હઈઆ વસનારા માણસો તેઓને સજાએ
મોહોમાડવાને દરૂશત ધારતા નથી અને તેઓને મારવામાં
મોહોટો ગુનાહ શમજેછે વાસતે એઓને ઈજા કરવી નહી
હેવો ઠેડાવ કીધોછે. હઈઆંનાં લોકોનો જાહારે હેવો ઠેડા
વ તારે એ જનાવરો શંખીઆબંદ વધે અને તેઓને ઈજા
કરે તેમાં શું નવાઈછે. એસેમ ચીરમાં બોલી ઉઠીઓ કે,
તાહારેતો એ જાનવરોને મારી નાખવાં હતાં. તમો જોવો
છો કે બીચારા ગરીબ લોકોને તેઓ કેટલું બધું દુખ દેછ. એ
ઉપરથી પેલો ફરેશતો તરત હશી પડીઓ અને બોલીઓ કે
કેમ કાંહાં ગીઓ તમારો પેલો અદલ અને નેક વીચાર ?
તમોતો કેવોછ કે ગરીબ પરાંણીઓને મારવા નહી જોઈએ,
અને આટલા વખતમાંજ તમારા સરવે નેક કલામો તમો ભુ
લી ગીઆ કે ? એસેમ સરમાઈ ગીઓ, અને અંતે તેણે
કબુલ કીધું કે હા, હું હમણાં માહારી ભુલ જોઉછું. જો
દુનીઆ આપણે સુખથી ભોગવવા માગતા હોઈએતો ખચી
તજ એવાં જાનવરોનો નાસ થવો જોઈએ, અને તેમ થવા
માં હું કસીબી રીતનું ઘાટકીપણું જોતો નથી.

એમ કહી તે પેલા ફરેશતા સાથ આગલ ચાલીઓ,
અને જોએછતો નહી કોઈ રોણકવાલી ઈમારત ઈઆ નહી
કોઈ હોનરના બાંધકામ, કે નહી કોઈ આબાદ અને દબદબા
વાલા શેહેરો તેહની નજરે પડીઆં. વલી એસેમ અજા
એબીમાં પડીઓ, તે જોઈ પેલો ફરેસતો બોલીઓ કે હઈઆં
ના લોકોને કોઈબી રીતનો ભપકો કરવા ગમતો નથી. જે
વી સાદી હાલતમાં તેઓ અશલ હતા તેવા હમણાં પણછે.
તેઓ પોતાના ઘર લોકોને દેખાડવાને માટે નહી પણ પો
તાની સગવડને માટેજ બાંધેછ, અને તે ઉપરજ તેઓ સં
તોસી રહેછે. ભપકો કરવા જતાં તેઓમાં હેંકાર પેદા થા
એ અને એક ખરાબ બદીનો ફેલાવો થાએ. એસેમ બોલી
ઓ કે જાહારે એવુંજછે તાહારેતો હઈઆં કોઈ વખણાએ
લા ચીતારા ઈઆ બાંધકાંમ બાંધનાર ઈઆ કલાકુશલથી ભર
પુર માણસો નહી હોશે ? તેઓ સાથે મેહને ઘણી ગરજ ન
થી, પણ જો તહમો આએ દેશના થોડાક દાહાપણવાલા
માણસો સાથ મહને ઓલખાન કરાવી અપાવશોતો તમારી
મેહેરબાની. હું અશલથીજ દાહાપણને ચાહુંછ અને દા
હીઆં માણસોની દોસતીમાં ખુસી રેહુંછ.

પેલો ફરેશતો જરા મશકેરીની રાહે બોલીઓ કે દાહા
પણ ? દાહાપણની હઈઆં શું જરૂરછે ? હઈઆંના લોકોનું
મોહોટું દાહાપણ એજછે કે પોતપોતાની શું ફરજછે અને
એક બીજા તરફ શું ફરજછે તે બધાં શારીપેઠે સમજેછ.
અગર તમો દાહાપણનો અરથ એવો કરતા હોવો કે ફીલ
સુફી ઉપર અને કલપનાની બાબદો ઉપર ઉંચા ઉંચા વીચા
રો આપવા અને તેમ કરતાં ટચાકપણાને અને મગરૂબાઈ
ને આધીન થવું એવુંજો દાહાપણ તમો શમજતા હોવોતો તે
હમારા દેશમા હમો દાખલ કરતાજ નથી.

એસેમે એ જવાબ સાંભલી જરા નીરાસ થાઈ ચુપ ર
હીઓ. વલી જરાવાર રહી બોલીઓ કે હઈઆંના લોકો
ની વરી એક નવીજ ખાસીએત મહને માલુમ પડીછે અને
તે એકે એક કુટુંબ બીજા કુટુંબ સાથ ભેલાઈને બેસતું ન
થી, તથા લોકો મંડલીના આકારમાં બેસી એક બીજા સાથ
વાતચીત કરી પોતાને ગમત પમાડતા નથી, પણ શરવે પોત
પોતાના ઘરમાંજ બેસીને મોજ મારેછે. પેલો ફરેસતો બો
લીઓ કે એ લોકો જે કરેછ તે વાજબીજછે. હઈઆં મં
ડલીનું શું કામછે. મંડલી ભરવાનું સુખીએ કારણ મહને
તો એ લાગેછ કે એક દેશના લોકોને માહોમાહે વસનારા
લોકોથી ઈઆ પારકા દેશના લોકોથી ધાસતી હોય ઈઆતો
દોસતીનો હક જાલવવા માંગતા હોય તોજ મંડલી કામની
છે, પણ હઈઆંતો કોઈને બીજાની ધાસતી નથી. કોઈબી
બીજા સાથ દોસતીનો ગાંઠ બાંધવા માંગતો નથી. હઈઆં
કોઈને દોસતીની ગરજ નથી, કાંએકે હઈઆંતો બધાંજ
લોકો નમાંના અને દોસતીને લાએકનાછે. એ ઉપરથી
એસેમ કેટલોકવાર સુધી વીચાર કરીને બોલીઓ કે જાહારે
આએ દેશમાં નહી મલે કાંઈ વીદીઆ હોનરનું નામ, ન
હી મલે દાહાપણને ફેલાવનારી મંડલીઓ કે નહી મલે દો
સતો અને જાહારે મેંતો હઈઆં રેહેવાને ઠેડાવ કીધોછ,
તાહારે માહારી સાથ કોઈબી હેવો માણસ જોઈએ કે જેની
સાથ હું દરએક બાબદ ઉપર વાત કરી શકું, માહારા વી
ચાર ખોલીરીતે જાહેર કરૂં અને તેહના ભેદથી વાકેફ થાઉં.



નગરેલ.

પેલા ફરેસતાએ જવાબ દીધો કે એટલું બધું કરવાની ગરજ નથી, કોઈબી બાબદસર ઈનતેજાર રેહેવું, કોઈબી ચીજની ચાબાચીબી કરવી, કોઈબી ધણીના ભેદની વાત પુછવી, કોઈબી ધણીને ખુસી રાખવા તેહની વખાણ ગાવી એ સરવે બદીના મુલછે અને તે કદી કાલે પણ હઈઆં દીઠામાં નહી આવશે.

એસેમ બોલીઓ કે તારેતો મહને હેવું માલુમ પડેછ કે હઈઆનાં લોકો પુરાંજ ભાગ્યેગસાલી હશે. દરએક ચીજે તેઓને જોઈતી તેઓ પાસ હાજર હશે; દરએક જણ પાસ પુરતી દોલત હશે, અને તે ઉપર તે મુસતાક હશે અને પોતા પાસે હોવા છતાં વધારે જર મેલવવાને અધીરાં પડતાં નહી હશે. તે સાથે જેઓ ગરીબ, નાચાર અને તંગીવાન હશે તેઓને જરૂર મદદ કરતા હશે: આએ બોલો એસેમ બોલેછ તેટલામાં એક ગરીબ કંગાલ મરદ રસતાની બાજુએ બેસી મોહોટે પુકાર કરી હાએ અફસોશ કરતો હતો. તેહનો શોક ભરીઓ અવાજ જેવો એસેમનાં કાન ઉપર પડીઓ તેવોંજ તે તેહની આગલ હેવા હેતુથી દોડી ગીઓ કે તે તેહને મદદ કરે. પેલો માણસ ભુખથી મરેહાલ થાઈ પડેલો હતો અને જીવ હમણાં તેહને છોરી દશે હેવું લાગતું હતું. એસેમ અજબ થાઈને બોલીઓ કે આએ શું ગજબ કે જાંહાં બદીનું નામજ નહી તાંહાં લોકો હાવાં દુખો વેઠે ? એ ઉપરથી પેલો ભુખીઓ શખસ ધીરજથી બોલીઓ કે ભાઈ અજબ થવાનું કાંઈ કારણ નથી. જે ઠેકાંણે દરએક જણ પાસ પોતે ખાઈ શકે એટલુંજ જાહારે હોય તાહારે તે બીજાને આપી શું પોતે ભુખે મરે ? તુંને ખબર હોવી જોઈએ કે હઈઆનાં કોઈબી શખસ પાસ અગત જોગ ખોરાક કરતાં વધારે હોતાજ નથી. અલબતાં તે પોતે વાપરે કે બીજાને આપે. એસેમ બોલીઓ કે તાહારે તો દરએક જણે બેહદ ખોરાક ભરી રાખવો. પણ અરે જાંહાં એક માણસને બીજાની કશી ગરજ નથી તાહારે આએ બધું કેહેલું નકામુછે. વારૂં બધુતો એક કોરે રહીઉં, પણ હઈઆનાં લોકો પોતાનાં દેશને તો ચાહાતા હોશે ખરાં. એ પીઆર એ લોકોમાં પેહેલો ઉતપન થએલો હશે ખરો.

આએ વખતે પેલો ફરેશતો જરા ચીરડાઈને બોલીઓ કે ચુપરે એટલી ટકટક ના કર. તાહારૂં દાહાપણ એક મેરે રાખ અને જાણ કે જે હેતુથી આપણે બીજાનાં સવારથ પડતા મુકીને આપણા સવારથ માટે મેહેનત કરીએછ તેજ હેતુથી આપણા દેશને બીજાનાં દેશ કરતાં વધારે ચાહાવાને આપણે લલચાઈએછ. હઈઆં દેશ તરફનાં પીઆરની શું ગરજછે અને તેમ કરતાં વલી એક જાતની બદી હઈઆં દાખલ થાએછે.

વલી એસેમ ગભરાઈ ગીઓ અને અંતે કંટાલીને બોલીઓ કે અરે આએ તે કહી જાતની દુનીઆં. હું કાંહાં આવી ફસીઓ. કોઈબી નેકી માહારા દીઠામાં હઈઆં આવતી નથી. હઈઆનાં લોકોમાં એક ચીજ હું જોઉંછ અને તે એકે દરએક બાબદમાં તેઓ પરેજી રાખેછ અને તેમ કીધાથી શું વલીઉં.- હેવાન કરતાં કાંઈ તેઓ સરસ ગણાશે નહી. કોઈબી ગમતમાં એવો મોજ મારતા નથી. હીમત, ઉદારતા, દોસતી, દાહાપણની વાત અને દેશનો પીઆર એવી બધી સારી ખાસીએતોથી હઈઆનાં લોકો બીનવાકેફછે. શું કોઈબી બદીથી અનજાણીઆ રેહેવું, એટલે કે કોઈબી નેકીની પીછાંન નહી કરવી ? વાસતે ઓ ભલા ફરેશતા જે દુનીઆને મેં ધીકારીઉં તાંહાં મેહેરબાંની કરી મહને પાછો લઈ જા, જે દુનીઆનો બનાવનાર ખોદાવંદછે. આએ દુનીઆતો માતર માહારા પેગમબરની ખાએસ પુરી પાડવાને માટે તે સાહેબે બનાવીછ, પણ પેલી દુનીઆતો કુલ ખલકતનાં માણસોને માટે બનાવીછ, અને તે બનાવવામાં મોહોટા દાહાપણની તેહને ગરજ પડીછ. તે દુનીઆમાં નીમખહરામી, ધીકાર અને ગરીબીનું રેહેઠાણછે તે હું બેદરકારપણે જોઈ શકશ. હું તે દુનીઆ છોડી ખોદાની સાંમખે થયો હેવું કહીઉંછ. મેં માહારી ભુલ જોઈ, હવેથી હું બદીથી વેગલો રેહેવશ અને જેઓ બદીમાં ફસેલાછે તેઓને જોઈ દયા કરસ.

જેવો એસેમ બોલી રહીઓ તેવોજ પેલો ફરેસતો એટલો ચીરમાં આવીઓ કે તાંહાં વીજલી અને તોફાન થવા લાગુ અને ભારી ગગરાટનાં અવાજ સાથ પેલો એકાએક ગુમ થાઈ ગીઓ. એસેમ ગાભરો પડી આસપાસ જોવા લાગો અને તરત તેહને માલુમ પડીઉં કે પેલા સરોવરનાં કીનારા ઉપર જેવા આકારમાં તે જીપલું દેવા ઉભો હતો તેવાજ આકારમા ઉભોછે.

એસેમ તરત સુધીમાં આવીઓ અને ખોલાસ દીલ સાથ કીનારા તરફથી પાછો ફરીઓ અને પેલું બીઆબાન જંગલ છોડી શીજેશતાંન કે જે પોતાનું શેહેર હતું તાંહાં પાછો ફરીઓ. તાંહાં જવા પછી વેપાર કરવાને એસેમે સહરૂં કીધું. થોડા વરસ સુધી કરકસર ખમીઆથી તે પાછો તવંગર થયો. એ વાત સાંભલી તેહનાં બધા આગલા દોસતો તેહની મોંજામત કરતા પાછા તેહને ઘેર આવીઆ. એ સઘલાઓને ઘણાજ આદરભાવથી એસેમે પોતાનાં ઘરમાં દાખલ કીધા અને જુવાનીનું દુખ બુઢાપણામાં બદલાઈને સુખ બની ગીઉં અને એસેમે બાકીનાં દાહાડા ખુસીખોરમીમાં કાહાડીઆ.

## જગરેલ.

ગયાં આંકમાં આદમ અને ઈવનું ચીતર આપીઉં હતું, અને તેની બાબતમાં જણાવીઉં હતું કે, પરથમ, જીઆરે તેઓ પેદા થયાં, તીઆરે તદન નીરદોશ અને ઘણાજ સુખી હતાં; પણ જીઆરે તેઓ શેહેતાનના ફરેબને તાબે થયાં, અને ખોદાના હોકમને તોડીઓ; તીઆરે તેઓ ઈદનના બાગમાંથી રખડતાં થયાં અને ખોદાની આગલ પાપી થયાં; અને તે દીસવથી દુનીઆં ઊપર પાપ ચાલીઉં. જેઓ આ વાતને માનેછે, તેઓ વલી વીશેશ એ કહેછે કે, આ પાપી થયલાં માબાપને પેટે જે છોકરાં થયાં, તેમાનો પણ એક મોટો પાપી નીકલીઓ, અને તેણે પોતાના ભાઈનું

ખુન કીધું: દુનીઆંપર પેહલું ખુન એ થયું. એ પરમાણે આદમ અને ઈવ પાપી થયાં, અને તેનાં છોકરાં પણ પાપી નીકલીઆં, અને તે પછે તેમને પેટની જે ઓલાદ ચાલી તે પણ બધી પાપી નીકલી. જેમ જેમ માણસની વસતી વધતી ગઇ, અને જેમ જેમ દાહાડા ગુજરતા ગયા, તેમ તેમ માણસો વધારે અને વધારે પાપી થતાં ચાલીઆં. ખોદાના હોકમોને તદન ભુલી ગયાં, અને સઘલી વાતે શેહેતાનની રાહા ઊપરજ ચાલવા લાગાં. જીઆં જોઇએ તીઆં ખુન, ચોરી, લુટફાંટ, અને જારી વગર બીજું કસું નજર પડે નહી. કોઈ ખોદાને ઈઆદ કરેબી નહી, અને કોઇ તેનાથી ડરેબી નહી.

આ વાત કબુલ રાખનારાઓના કહેવા પરમાણે, દુનીઆંનો આવો મામલો જોઇ ખોદાએ વીચાર કીધો કે, આ મારાં પેદા કીધેલાં માણસો મારીજ સામે થયાં છે; અને મનેજ મુનકર ગયાં છે. એમ થવું કદી નહી જોઈએ, અને દુનીઆં પર એવી નાશરમાંની અને ખરાબી વધારેવાર ચાલુ રાખવી નહી જોઈએ. ખોદાએ જોયું કે એ માણસો શેહેતાંની રાહા ઊપર એટલાં બધાંતો આગલ ચાલી ગયાંછે કે, હવે તેઓ તે ઊપરથી પાછાં ફરી શકવાના નથી. તેથી ખોદાએ એવો ઠરાવ કીધો કે, એકવાર એ બધાંનો સમુલો નાશ કરવો; અને પછે માણસ, જાનવર બધાં નવાં પેદા કરવાં, કે પછે તેઓ ખોદાઈ રાહાપર ચાલનારાં નીકલે. એ નાશ તેણે મોટી રેલથી કરવાને ઠરાવીઊં. સઘલાં માણસોમાં, તે વખતે, નોહા નામનો એક શખસ ઘણોજ પવીતર અને હમેશ ખોદાની રાહાપર ચાલનારો હતો. તેને, પાછી માણસની ઓલાદ ચલાવવાને માટે તેના કુટુંબ સહીત બચાવવાનો ખોદાએ ઠરાવ કીધો. તેમજ જનાવરની ઓલાદ પાછી ચલાવવાને દરેક જાતના જનાવરનું એક એક જોડું બચાવવાને ઠરાવ કીધો. ખોદાએ નોહાને એક વાહાણ જેવું બનાવવાને ફરમાવીઊં, અને તેમાં તેને તેના કુટુંબ સહીત જવાને, અને સઘલી જાતના જનાવરના એક એક જોડાંને લેવાને, ફરમાવીઊં. તે પરમાણે નોહાએ કીધું; અને સઘલી જાતનાં પશુ, પકશી વગેરેનાં જે જોડાંને ખોદાએ ફરમાવીઊં તે સઘલાં આવીને પેલાં વાહાણમાં ભરાયાં. એ વખતનું ચીતર આ પાસેનાં પાનાપર આપેલુંછે.

એ સઘલાં વાંહાંણમાં ભરાઇ રહેવા પછે ખોદાએ જબરો વરસાદ વરસાવવાનો શરૂ કીધો. એ વરસાદ ચાલીસ દાહાડા અને ચાલીસ રાતવેર લાગટ આવીઓ, અને તેથી પુરૂથવીપર એટલું બધું પાણી થઈ ગયું, અથવા એવી મોટી રેલ આવી, કે તે ઊપરની તમામ જીવતી પેદાએશ, ફકત જેઓ નોહાની સાથે તેનાં વાંહાંણમાં હતાં તેઓ સીવાય, નાશ પામી ગઈ.

જીઆરે ચાલીસ દાહાડા પુરા થયા, અને સઘલું નાશ પામી રહીઊં, તીઆરે ખોદાએ વરસાદને બંધ કીધો, અને રેલનું સઘલું પાણી પાછું ઓસરી ગયું, અને જમીન પાછી જેવી આગલ હતી તેવી થઈ. નોહાનું વાંહાંણ, જે જેમ જેમ રેલનાં પાણી ચઢતાં ગયાં તેમ તેમ તે તરતું ઊપર ઊંચકાતું ગયું હતું, તે જેમ જેમ પાણી ઓસરતાં ગયાં તેમ તેમ પાછું નીચે આવતું ગયું, અને છેલે જમીનપર ઊભું. તેમાંથી નોહાનું કુટુંબ અને બીજાં સઘલાં પરાણીઓનાં જોડાં બહાર નીકલીઆં, અને જમીનપર વસીઆં. તેઓથી પાછી માણસ અને જનાવરોની ઓલાદ ચાલી, તે અતીઆર વેર રહીછે એવું કહેવામાં આવેછે.

## સપારટન ઓરતો.

ગરીસ અથવા યુનાન દેશમાં આવેલો સપારટાનો મુલક આગલા વખતમાં બાહાદુરીને માટે ઘણોજ વખણાઈ ગયોછે. એજ સપારટનો, જેમના માતરે તરણસો માણસોએ એક પાહાડી ગલીના મુખ આગલ જરકસીસની નહી ગણાય એવી ફોજના મોટા ભાગને કાપી નાખીઓ હતો. એ સપારટનો જીઆરે લડાઇમાં ઊતરતા તીઆરે ભુખીઆ વાઘની મીસાલે લડતા હતા, અને મારવાને કે મરવાને જરાએ ડરતા ન હતા. તેમનામાં એવો ધારો હતો કે, લડાઇમાંથી પાછા આવતી વખતે પોતાની ઢાલને, જો એમનીએમ આખી નહીતો, તેનો એક કકડોબી પાછો લાવવો. એમ તેઓ કરીઆ વગર રહેતા ન હતા. જોકે એમ કરવાને તેમને તેમના દેશના કાયદાની રૂએ ફરજ પડતી હતી, પણ તેના કરતાં તેમની માતાઓ અને સ્રીઓના મોડાંમાંથી એ બાબતના જે બોલો નીકલતા હતા, તેથી વધારે ફરજ પડતી હતી. જીઆરે સપારટનો લડાઈ

માં જવા નીકળે તીઆરે મા પોતાના દીકરાને અને સ્ત્રી પોતાના ભરતારને એમ કહેતી કે "ઢાલની સાથે અથવા ઢાલની ઊપર પાછો ફરજે." એટલે બાહાદુરીથી ઢાલ બચાવીને જીવતો પાછો આવજે અને જો તેમ નહી બનેતો મરેલો ઢાલની ઊપર મેલાઈ ઊંચકાઈને આવજે. ઢાલ વગર પાછું દેશમાં આવવું અથવા હારીને આવવું એના જેવું હીચકારાપણું અને શરમ ભરેલું બીજુંકશુંસપારટન લોકોમાં ગણાતું ન હતુ. અને તેવાં હીચકારાપણામાં અથવા તેવી શરમમાં ગીરફતાર થયલા જોવા કરતાં તેમને મરેલાં મુડદાં થયલ જોવાનો તેમની મા બેનો તથા સ્ત્રીઓ હમેશ ખુશી હતીઓ.

ઓરતોનો ખવાશ આવો બાહાદુર હોવાથીજ તેમના મરદો પણ બાહાદુર હતા; અને મરદો બાહાદુર થવાથીજ તેઓ ઓરતોને બાહાદુર કરવાની કોશેશ કરતા હતા. જે વેલા એ ગરીસ દેશનાજ બીજા મુલકોની ઓરતો, તે વખતના રવઈઆ પરમાણે, ઘરમાં ભરાઈને બેસી રહેતીઓ. તે વેલાએ આ સપારટાના મુલકની ઓરતો પુરતું છુટાપણુ ભોગવતી હતીઓ, અને જાહેર મેલાવડાઓમાં તથા જાહેર તમાશાઓમાં ભાગ લેતી હતીઓ. તેઓની છોકરીઓને કશરતની જાહેર જગાઓમાં મોકલવામાં આવતી હતીઓ, અને તીઆં તેમને કશરતો શીખવવામાં તથા કરાવવામાં આવતી હતી. તેમની પાસ જાહેર મેલાવડામાં દોડવાની, કુદવાની, કુસતીની અને મુકાબાજીની કશરતો કરાવવામાં આવતી હતી. એ વેલાએ તેમને ઘણા સુંદર પોશાક પેહેરાવવામાં આવતા અને બાલોને સમારી છુટા મેલવામાં આવતા, અને તેની માહે ફુલો ગુંથવામાં આવતાં. એ સીવાય ધરમને લગતી જાહેર કીરીઆઓમાં એવી છોકરીઓને મોટો ભાગ આપવામાં આવતો હતો. તીઆંપણ તેઓ ઘણા સુંદર પોશાક જતી હતીઓ, અને તે કીરીઆમાં એકઠાં ગાવા વગેરેના કામ બજાવતી હતીઓ. મોજ શોખના મીજલસોમાં પણ છોકરીઓ થોડી કામનીઓ ન હતી. તીઆં તેઓ ઘણા મધુર સરોદ ગીતો ગાતી હતીઓ, અને ઘણી નાજુકાઈથી નાચતી હતીઓ.

સપારટન લોકોમાં જોકે સ્ત્રીઓના છુટાપણા વીશેની તથા તેમને એવી બાહાદુરો કરવા વીશેની રીત બાતો જોકે આવી સરસ હતી, તોપણ તેમનામાં બીજી વાને કેટલીક ખામીઓ જોવામાં આવેછે. તેમાં સરવેથી મોટી અને અજાએબ જેવી ખામી એ હતીકે, જે ઓરત ઘણીજ ખુબશુરત હોય, તેને એક, બેથી તરણ સુધી ધણીઓ કરવાની છુટ હતી ! એથી કરી તે તેમની નીતી કોઈ રીતે સારી ગણી શકાતી નથી. એક ઓરત એકી વખતે એક કરતાં બીજાની કે તરીજાની ધણીઆણી થાય, એ જેવું વીપરીત બીજું કંઈ નહી. વલી સંસારી બાબતમાં મોટો ગુંચવારો આવી પડે. એક ઓરત એક કરતાં વધારે કુટુંબની મા થાય. એક ઘેરના જુદાં છોકરાં, બીજાને ઘેરના જુદાં, અને તરીજાને ઘેરના જુદાં ! વલી વખતે એમાંથી એવું પણ બને કે, બે અથવા તરણમાંથી કીઊં છોકરૂં કોણનું તે બરાબર માલમ નહી પડે. એક મરદ એકથી વધારે ઓરત કરે એ જેવું નઠારૂં છે, તેના કરતાં સો ગણું આ નઠારૂં છે. પેહેલામાં નીતીનો કાયદોજ ટુટીને રહેછે, પણ છેલ્લામાં તો નીતીનો કાયદો ટુટતાં સાથે એવો ગુંચવાડો થઈ પડેછે કે, જેમાંથી ઘણા વીપરીત સંબંધો થઈ પડે.

એ લોકોમાં બીજો નઠારો ચાલ એ હતો કે હરેક મરદ ગમે એ વખતે પોતાની ઓરતને મેલી દઈ શકે. તેને માટે તેને કશી કીરીઆ કે પુછપરછ કરવાની અગત નહી હતી. તોપણ તેઓમાં જેઓ ડાહેઆં હતાં, તેઓ આ તેમજ ઊપર લખેલી ખામીઓને સમજતાં હતાં, અને વીવેકથી કામ લેતાં હતાં. આનાકસરદરાઈડીસ નામના એક એ લોકના પાદશાહાની રાણીને પેટે ફરજંદ ન થવાથી, આસપાસનાઓએ તેને ઘણો સમજાવીઓ કે, તેણે એ રાણીને છોડી દઈ બીજી કરવી, કારણ કે તેને વલગી રહેતાં, તેની પાછલ તેનું એકુ ફરજંદ ન હોવાથી તેની ઓલાદનો છેડો આવશે, અને કોઈ પારકી ઓલાદના ગાદીના વારેસ થઈ બેસશે. પણ આનાકશરદરાઈડીસે તેમ કરવાની સાફ ના પાડી. તે બોલીઓ કે એ ખોદાની મરજી પરમાણે બનેછે; એમાં રાણીનો શું વાંક છે, કે તેને હું છોડી દઉં ? એમ કરૂંતો તેના હકમાં મેં મોટી બેઈનસાફી ગુજારેલી કહેવાય. આખરે જીઆરે કેટલાંક વરસવેર તેને બધાંઓએ ઘણોજ કંટાલો આપીઓ તીઆરે તેણે એવો ઠરાવ કીધો કે, એ રાણીને કાયમ રાખી, બીજી કરવી. પણ તેમ કરવાની આગમચ તેણે રાણીની મરજી પુછી જેણે પણ પોતાની ખુશાલી બતાવવાથી તેણે તેમ

કીધું. પણ બનાવ એવો બનીઓ કે એમ થવા પછે પેહેલી રાણીને પેટે કેટલાંક છોકરાં થયાં !

સપારટનોમાં તરીજી નઠારી રીત એ હતી કે, તેઓ છોકરીઓને, ઘણી નાંનીબી નહી, તેમ પુરતી ઉમરમાં આવીઆ આગમચ પરણાવતા, અને તેમને રીતમાં મોટી દોલત આપતા. તે એટલેવેર, કે ઘણાકો તો પોતાના દીકરાને માટે એક અરધી પણ રાખીઆ વગર સઘલી દોલત દીકરીનેજ રીતમાં આપી દેતા ! એવી પઈસાદાર બાપની છોકરીઓને રાજા ઘણું કરીને ગરીબો સાથ પરણાવી આપનો, કે બધાની દોલત સરખી થાય ! એવાં લગન માટે જે મરદને રાજાએ તઈઆર કીધો હોય, તે પેલી છોકરીને પરણવાની આગમચ જબરીથી પોતાને ઘેર લઇ જઈને રાખતો. જબરીથી એટલે, ખરેખરી જબરી જેવી આપણે હાલ કહીએ છઈએ તેવી નહી, પણ તેમ કરવાની તેમની રીત પરમાણેની જબરી. એમ થવા પછે થોડેક દાહાડે તે છોકરીને પાછી તેના મા બાપને ઘેર મોકલવામાં આવતી, જીઆં તે કેટલોકવાર રહેવા પછે, તેના લગન કરવામાં આવતાં.

---

## જાંન લા.

### મીસીસીપી કુંપનીને નાંમે ચાલેલો સટો.

(સાંધણ ગયા આંકથી.)

પડતી થવાની સેહેજ ધાસતી ૧૭૨૦ નાં વરસની શરૂઆતમાં થઈ. પરીનસ ડી કોનટી નામના એક શાહાજાદાએ લા પાસે ઈનડીઆ સટાકનાં નવા શેરો શરભરને ભાવે માંગીઆ, જે તેણે આપવાને ના પાડીઆ; જે ઉપરથી તે શાહાજાદાએ તેની બેંકમાં નોટોનો એક મોટો જથો મોકલી તેનાં નાંણાંની માંગણી કરી, જે લઈ જતાં તરણ ગાડાં ભરાયાં હતાં. આ બાબતની ફરીઆદ લાએ વડા રાજકારોબારી આગલ કરી કે, જો એનું જોઈને બીજાઓબીએ પરમાણે નાંણું ઉપાડવા માંડશે તો, તેમાંથી મોટી ખરાબી થશે. એ વાતમાં વડા રાજકારોબારીની ખાતરી થવાથી તેણે પરીનસને તુરત પોતાની આગલ બોલાવીઓ, અને પોતાના ગુસાની ધાસતી આપી તેને ઉપાડેલાં નાંણાંનો બે તરતીઆંશ ભાગ પાછો બેંકમાં મોકલી દેવાને જણાવીઉં. આખરે પરીનસને આ જબરીને તાબે થવું પડીઉં. વલી તે સાથે એ પરીનસને માટે લોકોમાં સારો વીચાર ન હતો, જેથી તેણે ચલાવેલી આ ચાલને માટે તેઓ તેને ધીકારવા લાગા, અને લાની આંટને નુકશાન ભરેલી ગણવાને બદલે ઓર એવું કહેવા લાગા, કે તેની સાથે પરીનસે સારી ચાલ નહી ચલાવી. જોકે બધાઓ એમ બોલતા હતા ખરા, પણ ઘણાઓની આંખ એ ઉપરથી ઉઘડી હતી, અને તેઓ પણ આ પરમાણે કરવાની તઈઆરીમાં હતા. જેઓ ઘણા કસાયલા સટોરીઆઓ હતા, તેઓ હવે વીચારવા લાગા કે, શેરોનો ભાવ કાંઈ હમેશ ચહડતો જવાનો નથી. બોરડોન અને લા રીચરડીઅર નામના બે ઘણા મોટા સટોરીઆઓ ધીમે ધીમે થોડાં થોડાં કાગજીઆંઓ બેંકમાં મોકલતા ગયા, અને તેનાં નાંણા કરી બીજા દેશ ખાતે મોકલાવી દેવા લાગા. તે સીવાય, ઘણુંક ઉંચું રૂપાકામ તથા ઘણું કીમતી ઝવેરાત પણ ખરીદતા ગયા, અને ઈંગલંડ તથા હાલંડ ખાતે મોકલી દેતા ગયા. વરમેલેટ નામના બીજા મોટા સટોરીઆને આવતી આફતનો વાસ આવતાં વાર તેણે પોતાનાં કાગજીઆંઓનાં પઈસા કરી દીધા, અને તેના ઉપજેલા દશ લાખ રૂપીઆનાં સુનાનાં સીકાઓ લઈ એક ખેડુતનાં અનાજ ભરવાનાં ગાડામાં ભરીઆ, અને ઉપર ઘાસ તથા છાણ પાથરીઉં. પછે પોતે ખેડુતનાં જેવાં કપડાં પેહેરીઆં, અને જાણે એક ગરીબડો ખેડુત પોતાનો અનાજ કેથે લઈ જતો હોય તેમ, તે તે ગાડું બેલજીઅમ ખાતે હાંકી લઈ ગયો. તોઆથી તેણે તજવીજથી એ નાંણાં આમાસટરાડમ ખાતે મોકલાવી દીધા.

અતીઆર વેર પણ કોઈને નાંણાંની તંગી પડી નહી, અને લાગી પણ નહી તોપણ તેમ વધારે વાર ચાલી શકીઉં નહી. આખરે બધેબધથી બુમ પડવા લાગી. એમ થવાના કારણો શોધાવા લાગાં, અને છેલે તે માલમ પડી આવીઆં. એનો ઉપાય કરવાને કાઉનસીલમાં વીચાર ચાલીઓ, અને તેમાં સલાહ આપવાને લાને બોલાવીઓ. તેણે એવી સલાહ આપી કે નાંણાંનો દર કાંગજીઆંના દર પરમાણે સેંકડે પાંચ ટકા ઘટાડવો તે પરમાણે જાહેરનામાની મારફતે કરવામાં આવીઉં; પણ તેની અસર થવી જોઈએ તેવી થઈ નહી. તેથી તેની પછવાડે એવું બીજું જાહેરનામું કાહાડીઉં, અને તેમા સેંકડે દશ ટકા ઓછા આપવાનાં જણાવીઆ. વલી તે સાથે દર વખતે બેંકમાંથી અપાતાં નાણાંની હદ બાંધી, કે કોઈને પણ એકી વખતે સુનામાં સીકા એકસોથી વધારે નહી આપવા, અને રૂપાનાં સીકા એક હજારથી વધારે નહી આપવા.

આવા શકત ઉપાયો લેવા છતાં, ઉપર લખવા પરમાંણે નાંણું ઈંગલંડ અને હાલંડ ખાતે ધમકાઈ જતું અટકીઉં નહી. દેશમાં જે થોડું ઘણું નાંણું રહીઉં, તેને હવે બચાવી રાખવામાં અથવા સાંતી રાખવામાં આવીઉં. આવો મામલો જોઈ લાએ હીમત પકડી એક ઘણોજ ધાસતી ભરેલો અખતરો તપાસીઓ, તે એકે કોઈને પણ નાણાં આપવાનો અટકાવ કીરો. એ બાબેતું જાહેરનામું તેણે ૧૭૨૦માં ફેબરવારી મહીનામાં કાહાડીઉં. પણ આ અખતરામાં લા નીચફલ થયો. એથી કરી લોકમાંથી કાગજીઆં ઉપરનો તદન વીસવાસ ઉડી ગયો, અને સઘલાઓ હુલડ કરવાની તઈઆરી ઉપર આવી ગયા. એજ જાહેરનામામાં બીજું એવું જણાવવામાં આવીઉં હતું કે જે કોઈ શખસની પાસેથી બશેથી વધારે રૂપીઆ મલી આવશે તેને મોટો દંડ કરવામાં આવશે, અને તેની પાસેથી મલેલાં નાંણાં

જપત કરવામાં આવશે. તેની સાથે રૂપાકાંમ, ઝવેરાત અને એવુંજ બીજું કીમતી પણ ખરીદવાને શકત મના કરવામાં આવી, અને જેઓ તેમ કરતાઓને પકડી આપે તેઓને પકડાયલી રકમનો અરધો ભાગ આપવાને કબુલાત આપવામાં આવી. આથી કરી આખાં શેહેરમાં જુલમનો પોકાર ઉઠી રહીઓ. દરરોજ ઘણી કઢંગી રીતની ફરીઆદીઓ કોરટમાં આવવા લાગી. ખબર આપનારાઓ, સરકારી માણુસોની સાથે લોકોનાં ઘરોમાં અને ઓરડાઓમાં ઘુસવા લાગા. મોટામાં મોટી એકીનદારીવાલા અને આબરૂવાલા માણુસો ઉપર નાંણાં સંતાડવાનાં તોહોમતો આવવા લાગાં. ચાકરો પોતાના શેઠોનો, પડોસી પોતાના પડોશીનો, અને એક દોસત પોતાના બીજા દોસતનો ઘાણ કાહાડવા લાગા. ધરપકડ અને જપતીનુ કામ કોરટોને માથે એટલું બધું તો આવી પડીઉં કે, તે સઘલું કેમ બજાવવું તેનો મોટો ગુચવારો ઉભો થયો. ખબર આપનારને ફક્ત એટલુંજ બોલવું પડતું હતું કે, ફલાણા ધણીએ નાણાં સાંતીઆંછે એવો તેને શક જાયછે. બસ આટલા ઉપરથીજ તેને એકદમ જાહાડા લેવાનું વારંટ આપવામાં આવતુ હતું, અને એકદમ બધા તેના ઘરમાં ઘુસી જતા

આ વખતે રાજકારોબારી અને લાની ઉપર ધીકારનો વરસાદ વરસવા લાગો. કાગજીઆં ધરાવનારાઓને ખબર નહી રહી કે તેમના કાગજીઆઓ આજે આટલી કીમતનાછે, તો કાલે કેટલાનાં થશે. આવા ભયંકર અને ઉસકેરાયલા વખતમા રાજકારોબારી અને લા બંને જન લોકનાં હાથથી કેમ જીવતા રહીઆ, તે વાત હજુવેર અજાયબીની રહી ગઇછે. લોકો ઉપર બેવડો જુલમ અનચીતો આવી પડીઆથી; સઘલા ગાભરા બની ગયા, અને સઘલાની સુધ ઠેકાંણે રહી નહી; તેથી શું કરવું ને શું નહી કરવું તેની કોઇને ખબર રહી નહી. પણ થોડોક વખત જતાં લોકો આ નાશીપાશી અને આફતના દરીઆમાં અનચીતા પડવાથી નીપજેલા ગભરાટમાંથી નીકલીઆ; અને હવે શું કરવું તેનો વીચાર કરવા લાગા. આ વીચાર ફરેંચ લોકોને કેવો આવવો જોઇએ, તે તેમની તવારીખ જાણનારાઓથી અંજાણું નથી તે પરમાણે પછે લોકોની ટોલકીઓ થવા લાગી, અને છુપાં તથા જાહેર જાહેરનામાંઓ લોકોમાં ફરવા લાગાં, તથા ભીતેભીત ચોંહોંટાડાવા લાગા; અને તેઓમાં, સેંટ બરથેલોમીઉના તેહેવારની રાતે ફરાંનસમાં જે એક અતી ભયંકર કાપાકાપી આગલ ચાલી હતી, તેવીજ પાછી ચલાવવાની ધાસતીઓ અપાવા લાગી. એવી પરકારે ફરતાં હેંડબીલો પયીના એકની નકલ, જે એક આબરૂદાર કુટુંબની ઉપર મોકલવામાં આવી હતી, તે અતરે પરગટ કરીછે:—"સાહેબ, અને બાઇ આ લખીઆથી તમોને ચેતવણી આપવામાં આવેછે કે, જો હાલનો મામલો એકદમ નહી બદલાશે તો, શનવાર અને આતવારને દીને સેંટ બરથેલોમીઉનો તેહેવાર ફરીને કરવામાં આવશે. તેટલા વાસતે તમોએ એ દીવસોએ બાહાર નીકલવુ નહી. તમોએ તેમજ તમારા કોઇ ચાકર નફરોએ પણ બાહાર નીકલવું નહી. ખોદા તમોને બલતાંમાંથી સલામત રાખે! આ બાબેની ચેતવણી તમારા પડોશીઓને પણ આપજો. તા૦ ૨૫ મી મે ૧૭૨૦." આ વખતમાં દરેકની છુપી વાત જાહેર કરી દેનારા શેહેરમાં એટલા બધા તો લોક હતા, કે કોઇનો કોઇ ઉપર વીસવાસ હતો નહી. બે જન એક ચોકસ બાબતની વાત કરતા હતા, પણ મનમાં એક બીજાપર શક અને બેભરોશો રાખતા હતા આવાં બેવીશવાસીપણા અને શકને લીધે દરેક જન હાથ ખોંચી રહીઓ, અને તેથી આ ધાસતી પરમાણેનું જોરેમંદ હુલ્લડ થઇ શકીઉં નહી સાંજને વખતે એવી સેહેજ ગડબડમાં એટલા થોડા જન જણાયા કે તેમને સેહેજવારમાં દબાવી દીધા.

શેરોનાં ભાવ દનપર દન પડતા ગયા; અને મીસીસીપીની અથાગ દોલતની વાતપર પણ બધાઓને શક પડી ગયો આવો મામલો જોઇ લોકોનો વીસવાસ પાછો ખેંચવાને એક બીજી યુકતી કરવામાં આવી. સરકારથી હોકમનામાં કાહાડી શેહેરનાં રખડતા અને એવાજ માણુસોને, જેમ લડાઇમાં લઇ જવાને જબરીથી પકડવામાં આવે, તેમ પકડી એકઠા કીધા. એવા છ હજાર માણુસ જમા કીધા. તેમને કપડાં અને જમીન ખોડવા વગેરેનાં હથીઆરો આપીઆં, અને તેમને નીઉઆરલીઅનસ ખાતે તીઆનું સુનુ ખણી કાહાડવાને મોકલવાને તઇઆર કીધા. થોડા થોડા માણુસોને કોદાલી, પાવડા વગેરે ખાનપર આપી, દરરોજ મોહોલે મોહોલે ફેરવી, બંદરપર લઇ જઇ વાંહાણપર ચહડાવીઆ. એ પરમાણે બધા માણુસોનો તરીજોક હીસો વાહાણમાં ચહડાવવા બાદ, બાકીના બધા, ફરાંનસમાંજ બીજે ગામેગામ ચાલી ગયા, અને કોદાલી, પાવડા વેચી ખાઇ, પાછા પોતાના આગલ રખડવાનાં, અને તફડાવવાનાં ધંધાએ લાગી ગયા. તરણ અઠવાડીઆં ગયાં નહી એટલામાતો તેવા માણુસોમાંના અરધોઅરધ પાછા પારીસમાંજ રખડતા દેખાવા લાગા. આ કોશેશમાં અથવા બરોબર બોલીએતો તાલમેલમાં લા જોકે તદન નીશફલ થયો નહીં, તેમ તેના ધારવા અથવા ઇછવા સરખું પરીણામ નીપજીઉં નહી. થોડાક તેવા ભોલા અને અકલનાં દુશમન સરખાઓની આંખમાં, આ બનાવ જોઇ, પાછા મીસીસીપીનાં સુનાનાં લાઠા ચલકવા લાગા, અને તેથી શેરોનાં ભાવમાં કાંઇક વધારો થયો.

આ આફતને તોડવાને અને પરજાનો વીસવાસ કાગજીઆંઓ ઉપર પાછો ખેંચવાને રાજકારોબારી જેમ જેમ મેહેનત કરતો ગયો, તેમ તેમ લોકમાં વધારે અધીરાઇ અને બેદીલી આવતી ગઇ, કારણ કે જે રીતનાં તે ઉપાય લેતો તે તેમને એવાં સંકટમાંથી કાહાડવાને બદલે ઓર તેમાં વધારે ફસાવનારા હતા. તેણે એવો હોકમ કાહાડીઓ કે, લેવડ દેવડમાં નાંણાંની જગાએ કાગજીઆંજ આપ લે કરવાં. એ કારણ માટે તેણે સાહાઠ કરોડ રૂપીઆની નોટો બનાવી ફરતી કરી. પણ શેર કે નોટ, એ સઘલાં ઉપરથી કાગજીઆંને નામે જ લોકનો વીસવાસ ઉઠી ગયો હતો, તેથી કોઇ તેને પણ ખુશીથી હાથમાં ધરતું ન હતું. મોનશીઓર લામબરટ, જે પારીસની પારલામેંટનો પરમુખ હતો તેણે રાજકારોબારીને મોડાંપર કહીઉં કે, લોકનો તો શું, પણ તેનો પોતાનો વીસવાસ આજે કોઇબી જાતનાં કાગજીઆં ઉપર એટલો થોડોછે, કે એવી પચાસ લાખ રૂપીઆની નોટનાં બદલામાં એક લાખ રૂપીઆ રોકડા લેવાને તે વધારે રાજી થાય. સીકાઓની કીમત અને અગ

ને ઘટાડવી, અને કાગળીઆંની વધારવી, એવી મતલબ ી રાજકારોબારી જેમ જેમ આવી કોશેશ કરતો જતો હ ો, તેમ તેથી ઉલટું પરીણામ નીપજતું જતું હતું. આ મરે એક જાહેરનામાંની મારફતે એવું જણાવવામા આવી ું કે, જે નોટો સરકારની તરફથી ફરતી કરવામાં આવી છે, તેની જાંમીનગીરી સરકારને માથેછે, અને પાદશાહી બે ને એ કંપની સાથ જોડી નાખવામાં આવીછે, અને જે ીવસથી તેને લાના હસતકમાંથી લઈ લેવામાં આવીછે તે ીવસથી તેને થયલો સઘલો નફો એ કંપનીનાં ભાગીદારોને આપવામાં આવશે. આથી કરી લોકને જરા ધીરજ આવી મરી, પણ વીસવાસ પાછો બીલકુલ આવીઓ નહી, અને ોનાં કાંમકાજ ઈઆને ખરીદી નીકલી નહી. સરકાર ત ફથી કાહાડેલી નોટો એવડી મોટી રકમની થઈ પડી, કે ની અરધી કીમતની પણ રોકડ સરકારી બેંકમાં હતી ન ી. આથી તેમને ઘણો ગભરાટ થયો, અને તેનો ઉપાય ક વાને તરેહવાર જાતનાં વીચારો થયા પણ કશું વલીઉં નહી.

અંતે, તા૦ ૨૭ મી મેને દીને બેંકમાથી રોકડ આ તી બંધ કરવામાં આવી. લાને અને તેના એક મદદની ને તીજોરી ખાતાંમાંથી કાહાડી મેલીઆ. રાજકારોબા ીએ, આ ખરાબીનો સઘલો દોશ લાને માથે નાખીઓ; અને તે જીઆરે તેને મળવાને મેહેલમાં આવીઓ તીઆ તેને અંદર દાખલ કરવાને ના પાડવામાં આવી. પણ ાતની વખતે તેને રાજકારોબારીએ છુપી રીતે પોતાની આ લ બોલાવીઓ, અને પાછલે દરવાજેથી અંદર લીધો, અ ો તની સાથે સહવારનાં જે શકત ચાલ ચલાવવાની તેને રજ પડી હતી, તેને માટે તેણે પોતાની દલગીરી જણાવી, અને તેને ઘણો દીલાસો આપીઓ. પણ આ રાજકારોબા ી એટલો તો નબલાં મગજનો હતો, કે થોડા વારમાં એ ઘલું ભુલી ગયો, અને તરીજે દાહાડે લાને પોતાની સા ી લઈને આપેરામાં ગયો, અને તીઆં તેને બધા લોકનાં દેખતાં પોતાની પાસે બેસાડીઓ. આ દેખાવ જોઈ લોકો નું દીલ એટલું બધું તો ઉશકેરાયું કે, લા ઘેર આવતાં જે ો પોતાની ગાડીમાંથી ઉતરવા જાયછે તેવો તેનાપર લોકોએ બેવોતો પથરનો વરસાદ વરસાવીઓ, અને એવોતો હુમલો ીધો કે, જો તતકાલ તેનો કોચમેન હુશીઆરીથી ગાડી ફે ાવી નહી નાખતે, અને ચાકરો ઝટ બારણું ઉંઘાડી તેને અંદર નહી લઈ લેતે, તો બેશક તે વખતે તેનાં તેઓ કકડા કરી નાખતે. તેને બીજેજ દીવસે લાની બઈરી અને છોક ી, જેઓ સરતમાંથી આવતાં હતાં, તેમની ગાડી ઉપર હુ મલો કીધો, જેમાંથી તેઓ પણ ઘણી બારીકીથી બચી ગઈ ઓ. આ વાતની ખબર રાજકારોબારીને પડતાંજ તેણે એક જબરી ગારડ લાના ઘરની આસપાસ મેલી. એટલુ ંતાં લોક એની પુઠે એવા લાગા, કે લાને પોતાનું ઘર છો ડી રાજકારોબારીની સાથે જઈ રેહેવું પડીઉં.

## સોમલ.

ઘણાંઓને મોંડે બોલતાં આપણે સાંભલીએ છી એ કે, ખોદાએ સોમલ જેવી ઝેરી અને બુરી વસતુ શું કરવા દુનીઆમાં પેદા કીધી? એ વસતુથી કેટલા ઓનાં જાન ગયાછે? કેવા કેટલાક ગાફેલોએ ગફલતની થી એથી કરી પોતાના પરાણ છોડીઆછે, અને કેવા કેટલાક પાપીઓએ, જાણી જોઈ એથી પોતાના જીવ ખોયાછે! વલી એવાઓ જીવ ખોઈ ઊપરથી પોતાના ખોદાનાં ચોર થયાછે. એ ખરૂંછે કે, સોમલ સરખી વસતુંથી આવી રીતે થતી ઘણી ખરાબી વારંવાર આ પણા જોવામાં આવેછે, અને તે ઊપરથી સાધારણ વી ચારે, તથા વગર અનુભવે એવુંજ લાગેછે કે એવી વસ તુ દુનીઆમાં નહી હતે; અથવા ખોદાએ પેદા કીધીજ નહી હતેતો ઘણું સારૂં થતે.

એમ બોલવામાં ખોદાને એક જાતનો ઠપકો આપવા બરાબરછે, જે મહા પાપછે. ખોદા એવો ની રદયાલુ નથી, કે એવી ઘાતકી વસતુઓ માણસોનાં નાશને માટે પેદા કરે. સોમલ સીવાય બીજી પણ ઘ ણી એવી વસતુઓ આપણા જોવામાં આવેછે, કે જે વડે માણસ જાતની દેખીતી રીતે ઘણી ખરાબી થાય છે. પણ એ ઊપરથી એમ નથી વીચારવાનું કે ખો દાએ એવી વસતુઓને એટલાજ માટે પેદા કીધીછે. ધ રમ શાસતરો આપણને શીખવેછે કે, સઘલી વસતુઓ ખોદાએ માણસને માટે સરજીછે, અને તે માણસનાં સુ ખને માટેજ સરજીછે. જીઆરે એમછે તીઆરે સોમ લ સરખી વસતુમાં માણસનાં સુખનાં અરથનું સું હ શે ને જાણવાને ઘણાને આતુરતા પેદા થશે. એ જા ણવાની આગમચ, જગતના આ સાધારણ નીઅમો ઊપર ધીઆંન આપવું જોઇએછે કે, સઘલી વસતુઓ નો જે ખરો ઊપયોગ હોય તેજ કરવો, અને તેમ ક રવામાં હમેશ મધીઅમપણું અથવાં ઘણું તો બરાબર પણું જાલવવું. કદી કોઈ ચીજનો ગેરઊપયોગ કર વો નહી, અને ઊપયોગ કરતાં હદની બાહાર જવું નહી. સોમલ સરખો કડવી ને જેહેરી વસતુ મેલી મ ધ સરખી મીઠી અને પુશટીકારક વસતુ લો, અને તે માંથી જો એ નીયમો જલવાયા નહી તો, એ પણ સો મલનાં સરખીજ નુકશાનકારક થઈ પડવાની. એ ઊ પરથી હવે સમજ પડશે કે, સોમલ જાતે નુકશાનકારક નથી, પણ તેનો જે પરમાંણેનો ઊપયોગ થવો જોઈએ તે પરમાણેનો ન થવાથી તે એવો દુશટ ગુણ ધરાવના રો થઇ પડેછે. જે માણસે સોમલ ન લેવો જોઈએ તે ણે તે લેવો; અથવા તેવાએ કે જેને ન લેવો જોઇએ

તેણે, તે જેટલો અને જીઆરે લેવો જોઇએ તેટલો અને તીઆરે ન લેવો, એ એનો ગેરઊપયોગ થયો. સોમલ એ એક જાતની દવાછે, અને તે ચોકસ દરદો ઊપર ઘણી ગુણકારીછે. જે માણસને તેવું ચોકસ દરદ નહી હોય, અથવા હોય ને વઈદ તેની સઘલી તરખીયતથી આપે નહી તીઆંવેર તે કોઇએ લેવો ન જોઇએ. જેમ એ વસતુ દુનીઆંમો થોડી મલેછે, તેમ એનો ઊપયોગ પણ થોડો થોડોજછે; એટલે વઇદો જીઆરે એને દવા દાખલ આપેછે, તીઆરે દર વખતે એક કરચ જેટલોજ તેનો ભાગ આપેછે, અને તે પણ વલી બીજી દવાઓની સાથે ભેલીને આપેછે. તે છતાં તેની અસર વધતી કે ઓછી થાયછે, તેનાંપર તે મજબુત ધીઆંન આપેછે. આ એનો ખરો ઊપયોગ થયો, અને હવે માણસનો નાશ કરનાર નથી થઈ પડતો, પણ તેનાં નાશને અટકાવનાર, અથવા તેને મારનારને બદલે તેને જીવાડનાર થઈ પડેછે. પણ જીઆરે કેટલાંક અકલ વગરનાં, દુશટ અને પાપી માણસો, જરા પણ આગલ પાછલનો વીચાર કરવા વગર, જરા પણ ખોદાથી ડરવા વગર, અને જેની હજુરમાં તેઓ થોડા કલાકમાં જઈને ઊભાં રેહેનારછે, તે તેમનાંપર કેવો ગુસે થશે, તેની જરા પણ ધાસતી રાખીઆ વગર, તેનો એકદમ ફાકો ભરેછે, તીઆરે તેથી તેમનાં મરણો થાયછે. તીઆરે એ મરણો સોમલથી નહી, પણ સોમલનાં ખોટા ઊપયોગથી થયાં એમ ઠરેછે.

સોમલ જો વઈદ આપે તીઆરે અને તેમ લીધો હોયતો, તે ઘણાક રોગોને ટાલી માણસને તનદોરશત અને લોહીઆર કરેછે. શકતી પણ ઘણીજ આપેછે, અને દેહને પથર સરખો કરેછે. સોમલ ઘણી રીતે લેવાયછે. કાચો લેવાયછે, દવા સાથે ભેલીને લેવાયછે, તથા તેની ખાક કરીને લેવાયછે. કાચો સોમલ આપતાં શરૂઆતમાં વઇદોને ઘણીજ સંભાલ રાખવી પડેછે, કે તે વધારે નહી પડે; જો એમ થાયનો તુરંત માણસનું મરણ થાય, અથવા નહીતો તે વધારે દુખી થાય. એની શરૂઆત છેક કરચ જેટલા ભાગથી કરવામાં આવેછે, અને તેને ધીમે ધીમે વધારવામાં આવેછે. એ પરમાંણે પચતો પચતો વધારતાં કેટલાકો તોલાથી બે તોલાવેર લઈ શકે એવી તબેહ પાડેછે. એવા કોઈજ લોક હોયછે, અને તેઓ ફકત લોકોને અજાયબી દેખાડવા અથવા તેવા ચમતકાર ઊપર પોતાનું પેટ ભરવા એમ કરેછે. હીંદુસતાનમાં કેટલાક જોગીઓ એવા મલી આવેછે કે, જેમને સોમલનો એક મોટો કકડો આપીઓ હોયતો તેઓ તેને સાકરની માફક ચાવીને ગલી જાયછે. આ બનાવને આસપાસનાં વેહમી અને અંજાણા લોકો એક મોટો ચમતકાર ગણેછે; અને પેલા માણસથી ડરેછે, અથવા તેનાં કામો ઊપર વીસવાસ લાવેછે. એની શરૂઆત છેક જીણી કરચથી હોવાથી તથા તેમાં દર વખતે કરચ કરચ જેટલોજ વધારો કરવાનો હોવાથી, તેનું પરમાણ તોલથી રાખી શકાતું નથી; તેથી તેને માટે ઝીણી જાડી સોયો બનાવેછે, અને તે સોય, તેના ભુકામાં ખોસી ઊંચકતાં તેની સપાટીપર જેટલો ભાગ ઠરેછે, તેટલો લેવામાં આવેછે. પરથમ ઘણીજ બારીક સોયથી શરૂઆત કરવામાં આવેછે, અને પછે ધીમે ધીમે તે બદલતા જાયછે.

સોમલને કેટલીક દવાઓ સાથ મેલવી, તેની ખાક બનાવેછે. એ ખાક છાતીનાં દરદો ઊપર ઘણો ગુણ કરેછે, એવું દેશી વઈદોનું મજબુત મતછે. દમનો મરજ જે ઘણોખરો કોઈજ વાર સારો થાયછે તે એ ખાકથી તદન મટી જાયછે, એવું તેમનું મતછે. [illegible] જે તેવા ઊપાયો એવા કેટલાક વઇદો કરેછે, પણ તેથી એવો ફાયદો ઘણી વાર થતો નથી. તેનું કારણ એવું બતાવવામાં આવેછે કે, ખાક બરાબર બનાવવામાં આવેલી નહી. એની ખાક બનાવતાં ઘણી તજવીજ રાખવી જોઇએછે, અને તેમ કરવાની પકી માહીતગારી ધરાવવી જોઇએછે અગર નહીતો ખાક બરાબર બનતી નથી, અને જો તેવી ખાકને વાપરવામાં આવેતો તેમાંથી ધારેલો ફાયદો નહી નીપજતાં ઓર ઘણી વાર ઘણી ખરાબી થાયછે. માટે એવી ખાક આપનારાઓ, જેઓ આજે ઘણા મલી આવેછે, તે સઘલાઓ ઊપર એકદમ વીસવાસ મેલવો જોઇએ નહી, અને કોઈ દરદીએ એકદમ તે લેવી નહી.

હમણાજ યુરોપખંડનાં એક તબીબે પોતાની એ બાબતની તપાસનું પરીણામ આલમની જાણને માટે જાહેર કરીછે. તેમાં તે જણાવેછે કે તરણ ખહીનાં માણસોને સોમલથી કરી તેણે સારાં કીધાંછે. તે આલમને એવી હીમત આપેછે કે, આ બુરો રોગ કોઈ દવાથી નથી મટતો, તે સોમલથી મટી શકશે; અને તેને મારેની કોશેશ તેણે જારીજ રાખીછે. આ તેણે નવો શોધ કરીઓ હોય એવું તે બતાવેછે; પણ ઊ

પર લખવા પરમાણે સ્રીમલ્લનાં એ જાતનાં દરદો ઊપરનાં ગુણથી આ દેશનાં વઇદો ઘણાં વરસ થયાં જાણીતાછે. પણ તેઓમાનાં ઘણાઓ જેમ બીજી બાબતોમાં બેપરવાહ અને અધુરાછે, તેમ આ બાબતમાં પણ હોવાથી, અને તેમનામાં યુરોપખંડનાં તબીબોની માફક નવા નવા શોધો અથવા સુધારાઓ કરવાની ટેવ, ઊલટ તથા કોશેશ ન હોવાથી, આવી ઊપયોગી બાબત તેમની પાસે ખુણે પડી રહીછે, અને તેને શોધી કાહાડવાનું માન લેવાને યુરોપીઅનો આજે નીકલી આવીઆછે.

## વાંચવાની અગત.

એક વખત એવો હતો, કે વાંચવાની એક ચોપડીની કીમત સેંકડો રૂપીઆ આપવી પડતી હતી; મોટામાં મોટા માણસનાં ઘરમાં પાંચ પંદરથી વધારે ચોપડી ન હતી, અને ફીલસુફો અને એવાજ બીજાઓ, જેમનું હમેશનું કામજ વીદીઆભીઆશ હતું, તેઓજ માતરે ચોપડીઓ વાંચતા હતા. તેથી એવું હતું કે જેઓ એવા વીદવાન તેઓજ માતરે વીદીઆ હુનરની માહીતગારી ધરાવતા હતા, અને જેઓ મોટા ધરમગુરૂઓ હતા તેઓજ માતરે ધરમ ગનાનની માહીતગારી રાખનારા હતા. તેઓ સીવાય સઘલા વીદીઆથી અને ધરમ ગનાનથી અજાણ્યા રહેતા હતા, અને તેઓ તે બાબતો વીશે જે તેમને કહે, અથવા જેટલું તેમને કહે, તેજ અથવા તેટલુંજ તેઓ માનતા અને જાણતા. એથી કરી દેશનાં લોકનો લગભગ સઘલો ભાગ અગનાનપણાનાં અંધારામાં રેહેતા.

પણ ખોદાની મેહેરબાનીથી એવો વખત આજે તદન બદલાઈ ગયોછે. આજે વીદીઆ અને હુનર જેમ પોતાની તનદરોશતીમાં વધીઆંછે, તેમ પોતાના ફેલાવામાં પણ અતીશ વધીઆંછે. વીદીઆ હુનર મેલવવાને આજે એટલું સેહેલું થઈ પડીઊંછે કે, દરેક માણસ કાંએ નહી પંડીત થતો, એ વાત લગાર અજાયબીની લાગેછે. સેહેલું બંને રીતે થઈ પડીઊંછે. આગલનાં જેવો સઘલાને વીદીઆભીઆશ કરવાનો અટકાવ મરણ પાંમીઓછે, અને એક મજુર, મોચી, હજામ કે ગમે એવો હલકા ધંધાવાળો હોય અથવા તેનો છોકરો હોય, તોપણ જો તે માહાભારત કેળવણી લેવા માંગેતો તે પણ તે અને તેવી લઈ શકે. આગલનાં જેવો દરવનો ખરચ કરવાની પણ અગત જતી રહીછે. સસતામાં સસતીથી તે તદન મુફત સુધી આજે કેળવણી મલેછે. જે ચોપડીઓની કીમત સો, બસો ને પાંચશો આપવી પડતી હતી, તે ચોપડીઓની કીમત આજે એક, બે કે પાંચ રૂપીઆ આપવી પડેછે. જે ચોપડીઓ હજારો રૂપીઆ ખરચતાં પણ કોઈનાં હાથમાં નહી આવે, તેવી ચોપડીઓ આજે પાંચ દશ રૂપીઆમાં જે માંગે તેના હાથમાં આવે. જેટલી સંખીઆનું પુસતકખાનું કરવાને આગલ એક દોલતવનને પોતાની દોલતનો મોટો ભાગ ખરચવો પડતો હતો, તેટલી સંખીઆનું એક પુસતકખાનું કરવાને આજે એક ગરીબને પોતાનાં ગુજરાન જોગ મેલવેલા પઈશાનો થોડોક ભાગ ખરચવો પડેછે.

આવા સારા વખતમાં અને આવી સારી તકમાં આ દેશનાં મરદો વીદીઆભીઆશ કરવાથી, અને હમેશ વાંચવાની ટેવ પાડવાથી પોતે બેનસીબ રેહે, અને પોતાની ઓરતોને રાખે, એ જેવું વગર સમજ અને ગફલતી ભરેલું બીજું કંઈજ નથી. આ આખો દેશ મેલી ફકત આ ઈલાકાનીજ એ બાબતની હાલત જોઈ; બલકે આખો ઈલાકો મેલી ફકત આ મુંબઈ શેહેરનીજ હાલત જોઇએ, કે જીઆં સઘલી વીદીઆઓ, અને સઘલાં પુસતકો મેલવવાને ઘણી તકછે, તો તેમાં પણ આપણે નીશફલતા અને દલગીરી સીવાય બીજું કશું મેલવવાનાં નથી. મુંબઈની અંદર હીંદુઓ, પારસીઓ વગેરે પોતાની સંખીઆનાં પરમાણ પરમાણે કેટલી નાની સંખીઆ આજે કેળવણી લીધેલી, અને પોતાના છોકરાઓને તથા છોકરીઓને કેળવણી આપતી જોઈએછે તેમાં એવી હાલતની ઓરતો તો ઘણીજ થોડી દેખાશે. આ શેહેરમાં જેટલાં સારાં વરતમાન પતરો પરગટ થાયછે, તેટલાં સઘલા મલી એકનદર તેમની બે હજાર સંખીઆ પણ ખપતી નથી. આખાં મુંબઈ શેહેરમાં ફકત એકજ માસીક ચોપાનીઊં, અને તે આજ ચોપાનીઊં, જરા પોતાના પગ ઊપર ટટાર ઊભેલુંછે, બાકી કોઈ જરા મોટી ઊમરે, કોઇ જરા નાની ઊમરે, અને કોઈ છેક બચપણમાંજ મરણ પાંમીઆંછે, અને પાંમેછે. તેથી તેમની એટલી કીમત છતાં, કે દર માસે **ચાર આનાંથી** વધારે નહી !! ચોપડીઓનો ખપ એવો કંગાલ થાયછે, કે ઈંગલંડમાં

ચોપડીઓ કાહાડવી એ પઈસાવાલા થવાનો ઊપાય ગણાયછે, પણ અતરે ચોપડીઓ કાહાડવી એ બીખારી થવાનો ઊપાય ગણાયછે!

જેટલા સકુલનાં શીખેલા, અને ધંધો ચાકરી કરનારા આજે પારસીઓ તથા હીંદુઓ મુંબઈમાંછે, તેમાં સોએ પાંચ એવા નથી જણાતા કે રોજ સહવારનાં ઘરમાં નીઊજપેપર વાંચતા હોય, ને રોજ રાતનાં ઘરમાં ચોપડી ચોપાનીઆં વાંચતા હોય. જે ઘરમાં મરદો એવા તે ઘરની ઓરતો વાંચવા તે કીઆંથી શીખે? અને જીઆરે મરદો અને ઓરતો બંને નહી વાંચે તીઆરે તેમના મગજનો, અને તેમની ચાલચલણનો સુધારો કીઆંથી થાય?

આ કારણથી દેશીઓને ઘણું ખમવું પડેછે; અને ઘણા ગેરફાયદા ભોગવવા પડેછે. રાત દાહાડો વાંચવાથી કેવા ફાયદા થાયછે, તેથી તેઓ તદન અજાણ છે. તે ફાયદા એટલા બધાતોછે કે જેમને વીસતારીને લખતાં એક મોટું પુસતક થાય. વરતમાન પતરોનાં વાંચનારાઓની આગલ, દુનીઆનાં ચીઆરે ભાગ ઊપર શું શું થાયછે, તે સઘલું આવીને ઊભું રહેછે; અને ચોપડી ચોપાનીઆં વાંચનારાઓની આગલ દુનીઆનાં ચીઆરે ભાગની રીતભાત, હાલત, અને ગુણ અવગુણ, આરસીની માફક ચલકતા રહેછે. તેવા માણસોને સઘલાં સારાં નરસાંની પુરતી માહીતગારી, અને પીછાન હોયછે, અને તેથી તેઓ સારાં બનેછે અને રહેછે. સદા સુખમાં પોતાનાં દાહાડા કાહાડેછે, અને બીજાને રાખેછે. ઓરત એક લાયક બઈરી થાયછે, અને મરદ એક લાયક ધણી થાયછે. લાયક ધણી ધણીઆણીનાં છોકરાં પણ લાયકજ નીવડેછે, અને તેથી અંતે સઘલા સુખી થાયછે.

---

## ઊંઘમાં બોલતાં સાત વરશે પકડાયલો ખુની.

પાપ કદી છુપું રહેતું નથી, અથવા ખુન કદી છુપું રહેતું નથી, એવું નીતીની શીખામણોમાં હમેશ કહેવામાં આવેછે. જોકે હમેશાં બધાજ ખુનીઓ પકડાઈ આવેછે એમ નથી, તોપણ કોઈજ કોઈજ બચી જાયછે. એવાં કરપીણ કામ કરનારાઓને પકડનાર બે જાતના માણસછે. એક દેશની સરકારના માણસ અને બીજાં શરીરની સરકારનં માણસ. શરીરની સરકારનું માણસ તે માણસનું અંતકરણ: એવા કરપીણો પેહેલી જાતના માણસોના હાથથી ઘણીવાર બચેછે, પણ છેલી જાતના માણસના હાથથી કોઈજવાર બચેછે. એક ખુનીનું ખુન જોકે કોઈજ નહી જાણતું હોય, તોપણ તેનું અંતકરણતો જાણેછેજ; અને જીઆં વેર તે તે જાણતું રહેછે, તીઆંવેર તે પેલા કરપીણને તેના કામની ઇઆદ દેવાડતું રહેછે, અને સદા તેને એક મોટા ભય અને નાશીપાશોમાં ગરકાવ કરી રાખેછે. આખરે એકવાર તેનું સઘલું પાપ ઊઘાડું કરી તેને સપડાવી દેછે. નીચે જે ધણીની વાત લખી છે, તે સાત વરસે એજ પરમાણે પકડાયોછે. આ વાત કઈ ઘણી અજાયબીની નથી, કારણ કે એથીબી વધારે વરસ રહીને કેટલાક ખુનીઓ પકડાયલાછે, અને પોતાના કરતુકની સજાએ પોહોંચેલાછે.

એક શખસ એક દારૂ ગાલવાના કારખાંનામાં ચાકરી હતો. તેને એક દીવસે તેની સાથના એક બીજા ચાકર સાથે કાંઇ બોલાચાલી થઇ; તેમાંથી કજીઓ એવો વધી ગયો કે પેલાએ તેને શકત માર મારીઓ, અને તેથી તે બીચારો તેજ જગાએ મરણ પામીઓ. આ વેલાએ તે જગાપર તેબે જન સીવાય કોઇ તરીજું હતું નહી, અને કોઈએ આ ખુન વીશે જાણીઊં નહી. આ તકનો લાભ લઈ, સરકારના પંજામાંથી બચવાને, તે ખુનીએ પેલી લોથને ઊંચકી એક મોટી બલતી ભઠીમાં દાબી દીધી, જેમાં થોડા વખતમાં તે એવી બલીને ભશમ થઈ ગઈ, કે તેની જરા પણ નીશાન રહી નહી. બીજે દાહાડે તે મરનાર માણસનો શોધાશોધ પડી. તે વેલાએ ખુનીએ બધાઓને એવું કહીઊં કે, ગઈ કાલની સાંજના તેણે તેને શકત છાકરો થયલો જોયો હતો, જેથી તે પોતાને ઘેર જતાં વચમાં જે પુલ આવેછે તે પુલ ઊપરથી નદીમાં પડી ગયો હશે. આ વાત ઘણાઓના માનવામાં આવી.

આ વાતને સાત વરસ વહી ગયાં, પણ કશો સનસારો કોઈને માલમ પડીઓ નહી. વચગાલે પેલા ખુનીએ પોતાની આ ચાકરી છોડી દીધી હતી અને આ વખતે તે તરતનોજ પાછો રહેલો હતો. એક દીવસે તે પેલી ભઠી આગલ બેઠો હતો; તેવામાં તેને પોતાના કાલાં કરતુકની ઇઆદ આવી, અને તે ઊપર તેણે કેટલીકવાર બેસીને વીચાર કીધો. રાતના તે પોતાના એક સોબતીની સાથે એક બીછાંનાપર સુતો. ને ઊંઘા

ઇ ગયો, પણ તેનો સોબતી જાગતો હતો. ખુનીને પેલાં ખુનનો સવપનો આવીઓ; જેમાં તે (ઊંઘમાંજ) બોલીઓ; "બરોબર સાત વરસની અગાઊ." આ બોલો સાંભલતાં તેનો શોબતી ચોંકીઓ, અને તેને પુછીઊં કે, "સાત વરસ અગાઊં શું તે કીધું હતું ?" પેલાએ ઊંઘમાંજ જવાબ દીધો, "મેં તેને બલતી ભઠીમાં નાખી દીધો હતો." પછે તે કંઈ બોલીઓ નહી.

આ ખુનની વાત હજી ઘણાઓના મનમાં તાજી હોવાથી, પેલા સોબતીને શક ગયો કે, કદાચ પેલા માણસને એણેજ મારી નાખીઓ હશે અને ભઠીમાં દાબી દીધો હશે. તેથી સહવારને પોહોર તેણે રાતના શું સાંભલીઊં તે માજીસટરેટને જઇને કહીઊં. માજીસટરેટે તુરત ને શખસને પકડાવી મંગાવીઓ. તે પેહેલાંતો નાકબુલ ગયો, પણ પછે આખેરે તેણે બધું કબુલ કીધું, અને તેને ફાંસીની શજા કરવામાં આવી.

---

## પરચુટણ.

**સાંપનું ઝેર**—સાંપનાં મોડાંમાં તાલવાં આગલ એક વટેણા જેટલી નાની કોથલી આવેછે, તેમાં એક ટીપું જેહેર રહેછે. પણ તે એટલુંતો ઝલદછે, કે માણસનાં લોહીની સાથે મલતાંજ તે તેનો થોડા કલાકમાં જાન લીએછે. એ જેહેર વાલવાનો ઉપાય શોધી કહાડવાને આજ કેટલુંક થયું ભારે જોશથી કોશેશ ચાલેછે, પણ હજી તેમાં કોઇએ પુરતી ફતેહમંદી મેલવી નથી. એ જેહેર લોહી સાથે મલતાંજ તેને શું કરેછે, તેની શોધ મેલબોરન યુનીવરસીટીના પરોફેસર હાલફરડે કીધીછે. એક સાપના કરડવાથી મરણ પામેલા માણસનું લોહી તેણે તપાસીઊં, જેમાં બારીક અને રંગ વગરના કોટલાં સરખાં બધાં બંધાઇ ગયલાં માલમ પડીઆં. આ કોટલાંઓ જેવાં બંધાવાથી તેનું લોહી ફરતું અટકી ગયું, અને શરીરના જુદા જુદા ભાગોનું કામ પણ તેની સાથે અટકી જવાથી તે માણસ મરણ પામીઊં, એવું તેણે અનુમાન કીધું એ ઉપરથી તેણે ધારીઉં કે, એમા માણસને જો ઘણીજ જલદ દવા, જેવો કે આંલકોલ, અમોનીઆ વગેરે વધારે ભાગમાં આપવામાં આવે તો લોહીમાં આ કોટલાં બંધાતાંને અટકાવ થાય એની તે તપાસ કરીઓ જાયછે.

---

**તરેહવાર તરાંહ પાડવાની એક નવી રીત**—ગલાસગો શેહેરના એક રસાયણીએ. તરેહવાર જાતની તરાંહ લેવાનો એક નવો ઉપાય શોધી કહાડીઓ છે. એક મોટી કોરીની રકાબી લેવી, અને તેમાં પાણી નામવું. પાણી હીલતું બંધ થઇ ઠરી જાય, તીઆરે, સાલીડ તેલ, મીઠુ તેલ અથવા એવાં હરેક તેલનું એક ટીપું, ચાર ઇંચ હાય ઉંચો રાખી, પાણીની વચોવચમાં નાખવું. નાખતાં વારજ તે પાણીપર પંથરાઇ જશે, અને ચાર પાંચ ઈંચ ગોલ જગામાં ફરી વલશે. તરણ કે ચાર મીનીટ ગયા પછે તેમાં એક જાતનું કામ ચાલવા માંડશે. તેલ વાલી જગામાં આંધરાં પડવા માડશે, અને તેલ દાણાદાર આકારમાં છુટુ પડી, તે દાણા આણીગમથી પેલી ગમ તરત ફરવા લાગશે. એમ કરતાં તે દાણા જુદી જુદી રીતે એકઠા થઇ રકાબીમાં તરેહવાર જાતની તરાંહ પડેછે. એ તરાંહને કાગલપર લેવી હોયતો, એક સુમારા ચલકતાં કાગલને આસતે રહીને તે તરાંહ ઉપર ટાંકવું, અને તુરત ઉંચકી લઇને, એક બીજી રકાબી, જેમાં શાહી અથવા હરેક રંગનું પાણી આગમચથી તઇઆર રાખેલું હોય, તે ઉપર, ઢાંકી દેવું. જેટલા વગપર-પાણી લાગેલું હશે, તેટલા વગપર પેલી સાહી લાગશે, અને જેટલા ભાગપર તેલ લાગેલું હશે તે એમજ રહેશે, અને તેથી કાગલપર મજેની સફેદ તરાંહ પડેલી દેખાશે.

---

**તપીલીનું ઝેર**—એક લખતાર એવું જણાવેછે કે, તરાબાની રાધવાની તપીલીઓને જોકે આપણે કલઇ કરાવીએ છઇએ તોપણ આપણે ઝેરથી મોકલા રેહેતા નથી. ખાલી તરાંબાંમાં રાંધવાથી ઝેર લાગેછે, તેનો અટકાવ કરવાને તેને કલઈ ચોપડવામાં આવેછે. જોકે કલઇ જાતે તદન સલામતી ભરેલીછે, પણ બીજાં કારણથી તેનું વાસણ ઝેરી થાયછે. તે એકે, તપીલીમાં રાંધવાનું નાખવા બાદ તેમાં જોઈએ એટલું પાણી નાખવામાં આવેછે; તેથી ઘણીવાર તપીલીનો ઘણો ભાગ ખાલી રહેછે. નીચે જે બલતું કરવામાં આવેછે, તે ઘણીવાર તપીલી માહેલાં પાણી કરતાં ઉંચું જાયછે. તપીલીના જેટલા ભાગમાં પાણી છે તેટલા ભાગને તેની કાઈ અસર લાગતી નથી, પણ ખાલી ભાગની કલાઈ ઓગળેછે અને પાણી સાથ અથવા બરોબર બોલીએ તો તેમાં રાંધવા મેલેલા ખોરાક સાથ મલી જાયછે. તે ખોરાક પેટમાં જવાથી તેની સાથે ઝાદામાનો ખટરસ મલવાથી તેમાં ઝેરી ગુણ આવેછે, અને તેથી માણસોને બદહજમી અથવા એવીજ અડચણો થાયછે, અને તેમાંથી ઘણી જાતનાં દરદો પણ જનમ પામેછે. સધલા કરતાં લોહોડાંનાં વાસણ ઘણાં પસંદ કરવામા આવેછે, કારણ કે તેમાં એવી જાતનો કોઇ અવગુણ નથી.

---

**એક નરમ ગાદી**—ઇસવી ૧૮૪૪ નાં વરસમાં ઇંગલંડ દેસમાની હેસવેલ નામની, જગા આગલની કોલસાની ખાણમાં આગ લાગાથી ઘણાંક માણસો મરણ પામીઆં હતાં. તેમની તપાસ કરવાને જે જુરી બેઠી હતી, તેમની ઉપર દેખરેખ રાખવાને માટે સરકારની તરફથી મીo ફેરેડે અને સર ચારલસ લાયલ નામના બે ગરહસથોને મોકલવામાં આવીઆ હતા. જુરીમાં શાખશીઓ લેતી વખતે મીo ફેરેડેએ એક સાખશીને તપાસતાં એવો સવાલ કીધો કે, કોલસાની ખાણમાની હવામાં ભડકો ઉઠતાં કેટલો વાર લાગેછે. સાખશીએ ગજવાંમાંથી એક દાબડી કાહાડી, અને તેમાંથી જાણે તપકીર કાહાડે તેમ બંદુકના દારૂની એક ચમટી કાહાડી, અને ઝટ એક બલતી મીનબ

તી ઉપર તે નાખી બોલીઓ, આનો ભડકો ઉઠતાં કેટલો વાર લાગેછે, તે તમે તમારાં ઘડીઆલથી તપાસો, તેટલોજ વાર ખાણુમાની હવાને પણ લાગેછે. બંદુકના દારૂ જેવી ધાસતી ભરેલી વસતુને આ ગામડીઆઓ આવી બેપરવા રીતે રાખેછે એ જોઈ મી૦ ફેરેડેને અજબ લાગુ અને તે ઉપર તેણે તે સાખશીને પુછીઉં કે, "તમારી પાસે કેટલોક દારૂછે." ગામડીઆએ કહીઉં, "ઘણોછે." મી૦ ફેરેડેએ પુછીઉં, "તેને તમે કેમ રાખોછો." ગામડીઆએ કહીઉં, "કપડાંનાં કોથલામાં ભરી મોડું બાંધીને રાખીએ છે." મી૦ ફેરેડેએ પુછીઉં, "તેને મેલોછો કીઆં?" સાહેબ, હાલ તરત તો તમેજ તેની ઉપર બેઠેલા છો, કેમકે તમારે લાયક તેવું કાંઇ નરમ બેસવાનું બીજું ન હોવાથી એની એક કોથલી આપીછે!" મી૦ ફેરેડે તેની ઉપરથી કેવા ગભરાટમાં ઉઠી ગયો, તેનો વીચાર વાંચનારેજ કરવો.

---

**બસો રૂપીઆનો તડાકો**—બાવેરીઆ પાદશાહા નાટકનો ઘણોજ શોખી ગણાયછે, અને તે નાટકકારોથી ગમત મેલવવાને હમેશ ખુશી હોયછે. થોડુંકની વાતપર, તીઆંની પાદશાહી નાટક ટોલીની નામીચી સ્ત્રી નાટકકાર મેડેમ કરેમરને નાટકશાળામાં પેહેલો દેખાવ દેવાને પચાશમું વરસ બેસવાને દીવશે, પાદશાહે તેણીનાં બેનીફીટનો નાટક કરાવીઓ હતો, જે પુરો થવા બાદ તેણીને તેણીના સોબતીઓએ એક ખાનું આપીઉં હતું. ખાનાંની ટેબલપર બધાં બેઠેલાં હતાં, તેવામાં પાદશાહા તીઆં ગમતને ખાતર અચીતો આવીઓ, અને મેડેમ કરેમરની પછવાડે હલુસેથી આવી તેણીની આંખપર હાથ ઢાંકી દીધા, અને પુછીઉં કે હું કોણછું તે પારખ. મેડેમ કરેમર એક પોતાના ઢોંગી નાટકકાર સોબતીને સમજી બોલી કે, "વલી તું આ પાદશાહાની નકલ કરતો આવીઓ કે? તુંને હમેશાં પાદશાહાની નકલ કરતાં મજેની આવડેછે. આ બોલી સાંભળી, તે ખેલાડી તેની નકલ કેમ કરેછે તે જાણવાનું પાદશાહાનું મન થયું, અને તેથી તેને તેમ કરવાને ફરમાવીઉં. પરથમ તે ખેલાડીએ ઘણી આનાકાની કીધી, પણ આખરે પાદશાહે તેને ફરજ પાડવાથી તે એક જુદી ટેબલપર જઇને બેઠો, ને પછે નીચે પરમાણે તેણે પાદશાહાની નકલ કીધી:—

**ખેલાડી**—મારા ખાંનગી પરધાનને ફરમાવ કે જલદી અહીં આવે.

**પાદશાહા**—(સાંભલીને) વાહ! ઘણું મજેનું.

**ખેલાડી**—(પરધાનનાં જેવો નાખમાથી સાદ કાહાડી) શું હોકમછે સાહેબ.

**પાદશાહા**—(હસીને) મારા કરતાં મારા પરધાનનો સાદ તેં મજેનો કાહાડીઓ. ખરેખર તું ઘણો સરસ નકલીઅને ઢોંગીછે. તારા આ ઢોંગથી મને ઘણી રમુજ મલેછે.

**ખેલાડી**—(પરધાનને કેહેતો હોય તેમ) જો, સાંભલ, આ ખેલાડી (પોતાને વાસતે) ઘણો હુશીઆરછે, અને તેણે મને ઘણી રમુજ આપીછે, વાસતે કાલે સહવારને પોહોર એને વાસતે બસો રૂપીઆ એને ઘેર મોકલી દેજે!

**પાદશાહા**—(હશીને બોલીઓ) લુચા! આ તેં સઅડ તાલ મેલીને તારો ઢોંગ જોવાને ઘણો મોંઘો પડીઓ. જા, કાલે તુંને બસો રૂપીઆ તો મલશે, પણ ફરીથી તારો એવો ઢોંગ મારી આગલ ના કરતો.

આ તાલમેલ જોઈ બધા ખુબ હસી પડીઆં અને પાદશાહાને તથા બીજાને મોંઘી પણ ખુબ રમુજ મલી.

---

**પાંઉમાં ઝેર**—કોલોંગ શેહેરના એક રસાએણીને તપાસ કરતાં એવું માલમ પડીઉં કે, જે પાંઉ રોજ તેને ઘેર આવેછે, અને ખાવામાં વપરાયછે, તેમાં સીસાંનું, તરાંબાનું, જસતનું અને એક જાતના ખારનું મલી ચાર જાતનું ઝેરછે. અલબતે આવાં ઝેરો સોમલના ઝેરની માફક માણસનો એકદમ જાન લેતાં નથી, પણ ધીમે ધીમે, માણસને દરદી કરીને તેમનો અંત લાવેછે. આ જોઈ તેને ઘણી અચરતી પેદા થઈ, કે પાઉમાં એ જાતના ઝેરો કીઆંથી આવીઆં. એ બાબતની તેણે પોતે વધારે તપાસ કરવા માંડી એટલુંજ નહી, પણ એ વાત તે સતાવાલોઓને કાને લાવીઓ, અને અંતે તેની જાહેર તપાસ ચાલી. તપાસ કરતાં એવું માલમ પડીઉં કે, પાંઉ બનાવનારોઓ નવાં લાકડાં મોંઘાં પડવાથી, ઘરના કાટકુટના, રેલવેની ભાગેલી ગાડીઓના અને એવીજ જાતના લાકડાં બાલવામાં લેછે, અને તે લાકડાઓ ઉપર તરેહવાર જાતના રંગો ચોપડેલા હોયછે, અને તેમાંથી એ ઝેરો છુટાં પડી પાઉમાં પરવેશ પામેછે. આ પરીણામ જણાયા પછે એ શેહેરમાં પાઉંના પદરખાંનાઓ ઉપર એક ઉપરી રાખવામાં આવીઓછે, અને તે સઘલી વાતની તપાસ રાખેછે.

---

**એક પાદરીનો પસતાવો**—એક ગામડાંના પાદરીને તીઆં એક ઘરડો માણસ રોજ બાએબલ સમજવા આવતો હતો. તે બીચારાને વાચતા આવડતું ન હતું, અને બાએબલ સમજવાને ઘણો ખંતી રહેતો હતો, જેથી તે રોજ પાદરીને તીઆં જતો હતો. પાદરીએ તેને એવો ચુસત જોઈ તેને વાંચવા શીખવીઓ. તે બુઢાને વાંચવા શીખવવા પછે કાંઈક કામસર તે પાદરીને કેયે બહાર જવું પડીઉં. તીઆંથી તે થોડેક મહીને પાછો આવીઓ, અને પોતાના બુઢા ચેલાએ બાએબલનો ઘણોજ અભીઆશ કીધો હશે એવું જાણી હોસથી તેને મલવા ગયો. ઘરમાં જોયછે તો તે બુઢો મલે નહી, પણ તેની બઇરીજ એખલી હતી. પાદરીએ તેને પુછીઉં કે તારો ધણી કહાંછે? હું ધારૂંછું કે તેને મેં વાંચવા શીખવવાથી તેણે બાએબલનો ખુબ અભીઆશ કીધો હશે, અને તુને પણ ઘણી માહીતગાર કીધી હશે. એ સાંભલી તે બઇરી બોલી, "સાહેબ તમે વાંચવા શીખવીઉં તે ઘણું મજેનું કીધું. મારા બુઢાજીને વાંચવા આવડવા પછે નીઉસપેપરો વાંચવામાં તેમનું ધીઆન એટલું બધું તો લાગું છેકે, બાએબલ તો પેલાં ખુણામાં પડી ધુલ ખાયછે! આ જોઈ પાદરીએ ઘણો પસતાવો કીધો,

---

**હાથે બનાવેલું મગરમછ!** મગરમછ કદે કેવું મોટું હોયછે, તે વાતથી વાચનાર થોડાજ અજાણ હોયછે. એવું બલકે નવાઈ સરખાં મોટાં કદનું એક મગરમછ અમેરીકામાં કેટલાક ઢોંગી અથવા વાનખી બોલીએતો ઠગારા ઘ

ખસોએ હાથે બનાવીઉં હતું; અને તે મગરમછ પાસીફીક મહાસાગરમાંથી પકડવામાં આવીઉં છે એમ જણાવીઉં હતું. તેને એવીતો સરસ રીતે બનાવીઉં હતું કે દુરથી ઉભા રહી જોનારાઓને તે જરા પણ શક ભરેલું લાગતું નહી હતું. વલી તે જીવતું છે એમ જણાવવામાં આવીઉં હતું, અને તેને માટે તેમાં ચાર પાંચ માણસો યુકતીથી ભરાઈ રહી તેની બધી હીલચાલ દેખાડતાં હતાં તથા તેના નાખમાંથી પાણી ઉડારતાં હતાં. લોકો પાસેથી પઈસા લઈ દેખાડવાને માટે આ ઢોંગ કરવામાં આવીઓ હતો, અને તેપરમાણે ઘણા લોક તેને જોવા ગયા હતા. આખરે એ ચાર ચંચલ પુરૂષોએ આ બધો કારીગીરી ભરેલો ઢોંગ પકડી કહાડીઓ. ઠગીને પઈસા લીધા એવું જીઆરે બધા લોકોના જાણવામાં આવીઉં તીઆરે તેઓએ ચીડમાં આવી તે બીચારાં નીરજીવ મગરમછ ઉપર વેર લીધું અને તેના કકડે કકડા કરી નાખીઆ.

---

**લારડ પામરસટનની લખવાની રીત**—બોલવા અગાઉ તથા લખવા અગાઉ પુખત વીચાર કરવો એવી શીખામણ દરેક જવાન માણસને ડાહેઆઓ આપેછે, અને તેઓ તેમ કરે પણછે. પણ કેટલીકવાર એવું બનેછે કે, તેમ કરવાનો વખત રહેતો નથી, અથવા તેમ થતું નથી. જોરશોર ચાલતી તકરારમાં એટલી ઝડપથી બોલવું, અથવા જવાબ સવાલ કરવા પડેછે કે, આગમચથી વીચાર કરવાનો વખત રહેતો નથી. તેથી એક ડાહેઆ માણસે એ વખતને માટે એવી યુકતી કરી હતી કે, તકરાર કરતાં કરતાં તે જરા જરા વારે પોતાની બીડી તાનતો જતો હતો, અને તેટલા વખતમાં જે પોતાને વીચાર કરવાનો હોય તે કરી લેતો હતો. લારડ પામરસટન એ કારણ માટે, લખતી વખતે પોતાના ઓરડાને એક નાકે લખવાનું કાગલ મેલતો, અને બીજે નાકે ખડીઓ મેલતો. પછે તે ખડીઆમાં કલમ બોરી કાગલ આગલ જઈ લખતો, અને એ પરમાણે જે ચાલતાં વખત જતો હતો તેટલા વખતમાં તે વીચાર કરી લેતો હતો.

---

## રમુજે ફુરસત.

૧—હું એક તરણ અકશરનો શબદ છું. મારામાં કાલો રસખી ભરેલોછે, અને મારો સફેદ રસખી થાયછે. જે કોઈ મારામાનો કાલો-રસ પીએછે તેનું માથું મજબુત થાય છે, અને જે કોઈ મારો સફેદ રસ પીએછે તેનું શરીર મજબુત થાયછે. મારો છેલો અકશર કાહાડી નાખો તો એક જાતની ખરોડી થાઉંછું, અને એક જાતનાં જનાવરના પગનો એક ભાગ થાઉંછું.

૨—હું એક બે અકશરનો શબદ છું. અને આખો લેતો એવો થાઉંછું કે જેથી આખી દુનીઆં તોબા બોલે છે, અને નામ સાભલતાંજ થરથર ધ્રુજેછે. મારી પછવાડે ણો ઉમેરો તો સઉથી ફાવતો શરીરનો ભાગ થાઉંછું. મારી પછવાડે જો ધુ ઉમેરો તો એક એવું કામ થાઉંછું કે જે આ દુનીઆંપરનાં સઘલા માણસ જાનવર, જીવજંતુ સરવે દરરોજ કરેછે, અને જો કોઈ નહી કરેતો તે થોડા વખતમાં મરણ પાંમેછે.

## ખોલાસો ગઈ વેલાનો.

૧—આંસુ.

૨—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૬ | | ૪ | ૯ | ૨ |
| ૩ | ૫ | ૭ | અથવા | ૩ | ૫ | ૭ |
| ૪ | ૯ | ૨ | | ૮ | ૧ | ૬ |

---

## ધણી વિના બીજું કોણ હોય ?

મારો પતિ ગયો પરદેશ,
લાયો નહીં લેશ,
દયા કંઈ મનમાં;
શું કરશે સુંદર નાર મારી આ વનમાં ?

આ ઘેર બાર ને સહુ,
ભરયાં છે બહુ,
આસ ને પાસે,
પણ પતિ વિના કોણ પુરે મનની આસે ?

છે માએ બાપને સાસ,
સસરા ખાસ,
ભાઇ ને બેનો;
પણ પતિ વિના કોણ કરે માહરાં કેહેનો ?

છે સહીઅરોનો સાથ,
હિતની વાત,
કરે માયાલુ,
પણ પતિ વિના કોણ બીજું મને હોય વ્હાલું ?

છે જર પાસે બીસ્યાર,
સરવ તઇઆર,
જોઇએ તે પલમાં,
પણ પતિ વિના કોણ સુખ વસાવે દલમાં ?

છે સોલે સિનગાર,
હીરાના હાર,
માળા મોતીની;
પણ પતિ વિના કોણ જોય શોભા તેની ?

છે ડહાપણ ને ચતુરાઇ,
શાન સવાઇ,
શાન બહુ જેની;
પણ પતિ વિના કોણ જોય ખુબી તેની ?

છે દોલત દુનિયાં સર્વ,
ખોટો ગર્વ,
માયા ઠાલી,
નાનાભાઇ કોઇ નહીં હોય પતિ વન વાલી ?

---

# સ્ત્રીબોધ.

પુસતક ૧૩ મું. અકટોબર ૧૮૬૯ આંક ૧૦ મો.

## કંજુસના કરમની કાહાણી.

નાટક પાત્ર.

| | |
|---|---|
| બીદાર. ........ ........ | એક મોટો કંજુસ |
| મેહેરનોશ.... ......... .. | ઉપલાનો બેટો. |
| કામગાર..................... | બીદારનો મેહેતો |
| કમરૈવજ....... ..........., | મેહેરનોશનો ચાકર |
| તેહેમુર. .... ..... ..... | એક દલાલ. |
| સામ.......................... | ઘર સામન વેચનાર |
| હોમાન........................ | એક જહુવેરી. |
| બાબક......................... | રેસમવાલો |
| બોશરૂ.................. .... | એક દરજી. |
| ગજદુમ........................ | એક વકીલ |
| પારસા......................... | બીદારની છોકરી |
| શેહેરબાનું.................... | એક વીધવા ઓરત |
| ફુરંગીજ....................... | ઉપલીની છોકરી |
| શેહેરનવાજ ........ ........ | પારસાની ચાકરડી. |
| તેહેમીના...................... | ફુરંગીજની ચાકરડી |

ચાકરો ઇતીયાદી.

---

### પ્રકરણ ૫ મું.

### દેખાવં ૫ મો—શાપુર, બીદાર, ફુરંગીજ, શેહેરબાનું.

શાપુર—બાઈ સાહેબ, તમારો નોકર આવીઓ છું.

બીદાર—એ! તું કોણછે? તું સું માંગેછે.

શાપુર—સાહેબ, મારૂં નામ શાપુરછે.

બીદાર—તારૂં શું કામછે અહીં?

શાપુર—સાહેબ, મારી પાસે કેટલીક ઉંચી તપકીરની દાબડીઓ અને વીટીઓ મંગાવીછે તે લાવીઓછું. જરા મેહેરબાંની કરીને આએ દાબડી હાથમાં લઇને જોશો સાહેબ? એનાં જેવી બનાવનાર આ આખા ઇરાન દેશમાં બીજો કોઈ નથી. બાઈ સાહેબ, તમારે વાસતે બે ઘણીજ ઉંચી વીટીઓ દેખાડવા લાવીઓછું. આજે સરવેથી એસકીમાં એસકી બાઇઓજ એવી વીટીઓ પેહેરેછે.

બીદાર—કોણ નાપાકે તુંને તેડવા મોકલીઓ?

ફુરંગીજ—મેં તેડાવીઓછે.

શાપુર—હા સાહેબ, મને માણસે કહીઉં કે, તમુને બાઈ બોલાવેછે. બાઈ સાહેબ, તમે પેહેલાં દાબડી જુઓછો કે, પેહેલા વીટીઓ જુઓછો?

બીદાર—સાહેબ, પેહેલાં તમે તમારી મેલે જાહાનમમાં જશો, કે હું તમોને મોકલું?

શાપુર—સાહેબ, એ શું બોલોછો?

બીદાર—અતરઘડી મારા ઘરમાંથી જા, નહીતો હમણા આ તારી દાબડીઓબી ભાંજી નાખશ ને સાથે તારા હાડકાંનોબી ચુરો કરી નાખશ.

શાપુર—સાહેબ, મને બોલાવીઓ તેથી હું તમારે તીઆં આવીઓ, નહીતો તમારા જેવા ઘરાક વગર કોણ અટકી રહેલું હતું. શાપુર સોદાગર એમ બીજાઓની માફક લોકોને ઘેર ઢકેલા ખાતો નથી, પણ ઘરાકો ઘેર બેઠાં ચાલી આવેછે કે તેડું મોકલેછે. બાઈ, સાહેબ મેહેરબાન!

---

### દેખાવં ૬ ઠો—ફુરંગીજ, શેહેરબાનુ, બીદાર, તેહેમીના.

ફુરંગીજ—સાહેબ, તમારી આવી ચાલથી બાહાર ઘણી તમારી નામદારી વધવાની, ને બધા લોકોમાં તમારી ઘણી વાખવાખી થવાની.

શેહેરબાનુ—જે ઓરતે તમારી ખાતરને વાસતે સેંકડો સારા અને જવાન ગરહસથોની માગણી નાકબુલ કીધી તે ઓરતને તમે આવો બદલો આપોછો કે?

બીદાર—જો એમ કોઈ બીજા સાથે ગઈ હતેતો ઘણુંજ,સારૂં થતે. લાવો મારૂં લખત અને હમણા પાછું આપો, ને હું પછી એક બોલબી બોલું, નહી, ફરીથી તમારા લોકનું નામબી લેઉં નહી.

શેહેરબાનું—હવે તે વાતને ઘણું મોડું થઈ ગયું; તેમ થવાનો વખત હવે ગયો.

તેહેમીના—બાઈ સાહેબ, જે દરજીને તમે બોલાવા મોકલીઓ હતો તે આવીઓછે.

# સ્ત્રીબોધ.

| પુસ્તક ૧૩ મું. | અક્ટોબર ૧૮૬૯ | આંક ૧૦ મો. |
|---|---|---|


## કંજુસના કરમની કાહાણી.

નાટક પાત્ર.

| | |
|---|---|
| બીદાર. | એક મોટો કંજુસ |
| મેહેરનોશ. | ઉપલાનો બેટો. |
| કામગાર. | બીદારનો મેહેતો |
| કયરેવાજ. | મેહેરનોશનો ચાકર. |
| તેહેમુર. | એક દલાલ. |
| જામ. | ઘર સામન વેચનાર |
| હોમાન. | એક જહુવેરી |
| બાબક. | રેસમવાલો |
| ઓથરૂ. | એક દરજી. |
| ગજદુમ. | એક વકીલ |
| પારમા. | બીદારની છોકરી. |
| શેહેરબાનુ. | એક વીધવા ઓરત |
| ફરંગીજ. | ઉપલીની છોકરી. |
| મેહેરનવાજ | પારસાની ચાકરડી. |
| તેહેમીના. | ફરંગીજની ચાકરડી. |

ચાકરો વગેરે.

### પ્રકરણ ૫ મું.

#### દેખાવ ૫ મો—શાપુર, બીદાર, ફરંગીજ, શેહેરબાનું.

શાપુર—બાઈ સાહેબ, તમારો નોકર આવીઓ છું.

બીદાર—એ! તું કોણછે? તું સું માંગેછે.

શાપુર—સાહેબ, મારૂં નામ શાપુરછે.

બીદાર—તારૂં શું કામછે અહીં?

શાપુર—સાહેબ, મારી પાસે કેટલીક ઉંચી તપકીરની દાબડીઓ અને વીટીઓ મંગાવીછે તે લાવીઓછું. મેહેરબાંની કરીને આએ દાબડી હાથમાં લઈને જોઓ સાહેબ! એનાં જેવી બનાવનાર આ આખા ઈરાન દેશમાં બીજો કોઈ નથી. બાઈ સાહેબ, તમારે વાસતે મે ઘણીજ ઉંચી વીટીઓ દેખાડવા લાવીઓછું. આજે સરવેથી એસકીમાં એસકી બાઈઓજ એવી વીટીઓ પેહેરેછે.

બીદાર—કોણુ નાપાકે તુંને તેડવા મોકલીઓ?

ફરંગીજ—મેં તેડાવીઓછે.

શાપુર—હા સાહેબ, મને માણુસે કહીઉં કે, તમુને બાઈ બોલાવેછે. બાઈ સાહેબ, તમે પેહેલાં દાબડી જુઓછો કે, પેહેલા વીટીઓ જુઓછો?

બીદાર—સાહેબ, પેહેલાં તમે તમારી મેલે જાહાનમમાં જશો, કે હું તમોને મોકલું?

શાપુર—સાહેબ, એ શું બોલોછો?

બીદાર—અતરઘડી મારા ઘરમાંથી જા, નહીતો હમણા આ તારી દાબડીઓબી ભાંજી નાખશ ને સાથે તારા હાડકાંનોબી ચુરો કરી નાખશ.

શાપુર—સાહેબ, મને બોલાવીઓ તેથી હું તમારે તીઆં આવીઓ, નહીતો તમારા જેવા ઘરાક વગર કોણ અટકી રહેલું હતું. શાપુર સોદાગર એમ બીજાઓની માફક લોકોને ઘેર ઠકેલા ખાતો નથી, પણ ઘરાકો ઘેર બેઠાં ચાલી આવેછે કે તેડું મોકલેછે. બાઈ, સાહેબ મેહેરબાન!

#### દેખાવ ૬ ઠો—ફરંગીજ, શેહેરબાનુ, બીદાર, તેહેમીના.

ફરંગીજ—સાહેબ, તમારો આવી ચાલથી બાહાર ઘણી તમારી નામદારી વધવાની, ને બધા લોકોમાં તમારી ઘણી વાખવાખી થવાની.

શેહેરબાનુ—જે ઓરતે તમારી ખાતરને વાસતે સેંકડો સારા અને જવાન ગરહસથોની માગણી નાકબુલ કીધી તે ઓરતને તમે આવો બદલો આપોછો કે!

બીદાર—જો એમ કોઈ બીજા સાથે ગઈ હતેતો ઘણુંજ સારૂં થતે. લાવો મારૂં લખત અને હમણા પાછું આપો, ને હું પછી એક બોલબી બોલું, નહી, ફરીથી તમારા લોકનું નામબી લેઉં નહી.

શેહેરબાનું—હવે તે વાતને ઘણું મોડું થઈ ગયું; તેમ થવાનો વખત હવે ગયો.

તેહેમીના—બાઈ સાહેબ, જે દરજીને તમે બોલાવા મોકલીઓ હતો તે આવીઓછે.

**ફરંગીજ**—તેને અંદર બોલાવ સાહેબ, તમારે માટે હું કેટલી કાલજી રાખુછું તેનો આ એક નમુનોછે. આ દરજીને મેં તમારા ડગલા સીવવાને માટે બોલાવીઓ છે, કે તમે તમારા દરજ્જા-પરમાંણેનો પોશાક પેહેરીને બાહાર નીકલો તો તમુનેબી સારૂં લાગે, ને મનેબી લાગે. વાસતે તમે દરજીને તમારૂં દીલ ભરવા દેઓ, તેટલે હું ખાનાની બાબતમાં જરા તજવીજ કરી આઉંછું.

---

## દેખાવ ૭ મો—બીદાર, દરજી.

**બીદાર**—ઓ શેહેરનવાજ, શેહેરનવાજ ! જે તેં આગલથી કહીઉં હતું તે હવે બધું ખરૂં પડતું જાયછે.

**દરજી**—સાહેબ, અહીં શેહેરનવાજતો કોઈ નથી, પણ હું તમારો સેવક, દરજી ઉભેલોછું. સાહેબ, તમોને કોઈ ઘણા સારા માણસેજ, મારી ભલામણ કીધી હેશે, કારણ કે, આજે આખાં ઈરાન દેશમાં મારા જેવો કાબેલ દરજી બીજો કોઇ નથી, અને મારાં ઘરાક સઘલાં મોટાં માણસોજ છે. સાહેબ, જરા તરા ઉભા રેહેશો, હું તમારો બરડો લેરી લેઉં.

**બીદાર**—હું હમણા તારા બરડાનું માપ લેવેશ, લુચા ! એવા ગજવાં કાતરૂઓ તમે બધા કાંહાંથી આવોછો ! નીકલ મારા ઘરમાંથી, કાફર ! ચોર !

**દરજી**—એ શું સાહેબ ! એટલા વાસતે મને તેડવા મોકલીઓ હતો કે ? ફીકર નહીં સાહેબ, કંઇ નહીં તો આ મારા ફેરાનું બીલ પણ તમારીપર મોકલેશ.

---

## દેખાવ ૮ મો—બીદાર, ચાકર, હેલકરી.

**બીદાર**—કાંહાં જાયછ ? આ શુંછે ?

**ચાકર**—સાહેબ, ઘણો ઉંચો દરાખનો દારૂ, જે બાઇએ મંગાવીઓછે તેછે. પણ સાહેબ, બધી વાતતો રહી, પણ મારેથી બાર વાગતામાં ખાંનું તઇઆર નહી કરાશે હું: મને બીજા ચાર બબરચીખાના અને ચાલીસ મજુરો જોઇએ એટલું બધું ઘરમાં કામ આવી પડીઉંછે. ફકત એખલી મરઘીજ બાર ચુહુલાપર તો ચહડાવેલીછે, તાહારે બીજી બધી સેંકડો વાંનીઓને માટે ચુહુલા કાંહાથી લાઉં ?

**બીદાર**—અરે ! અરે ! આ શું જુલમ ! આતો મારા ઘરમા ઉડાઉપણાંની જાણે આંગ લાગીછે, જેને એકગમથી અટકાવા જાઉંછું તો બીજીગમથી ભડકો લેછે, અને બીજીગમ અટકાવા જાઉંછું તો તરીજી ગમથી ભડકો લાગેછે ! હવે શું કરૂં ! (એવામાં બારણા આગલ પરધંમના અવાજ થાયછે) એ શુંછે ! શું મારા ઘરપર ધાડ આવી ? કે શું સરકારની જપતી આવી ? શું મારાં ઘરને બધા આંગ લગાડવા આવીઆંછે કે ? અરે ખોદા, એ બધું શું થાયેછે ! (વલી પરધંમ થાયછે, અને સાથે પોકાર આવેછે કે) બીદાર સાહેબ અને તેમનાં નવા ધણીઆણીને ખોદા સલામત રાખે, લાંબી જીંદગી ને ઘણું સુખ આપે, તેમને ઘેર છોકરાં અને છોકરાને ઘેર છોકરાં થાય ! પાદસાહાને ખોદા સલામત રાખે (પરધમનાં આવાજા થાયછે) અં હં:! એ લુચાઓ લગનની ખુશબખતીની આસોદાદ માગવા આવીઆછે. પણ મુરખો જાણુતા નથી કે હાં મારાં અવડાં લગન નીકલેછે. ફોડવા દે માથું ! પોતાની મેલે થાકશે તાહારે પતશે.

---

## દેખાવ ૯ મો—બીદાર, ચાકર.

**બીદાર**—(બબરચીખાનાંમાં જોઇને) અરે! અરે! અરે! આ શું બધું ! આતો મને બે દાહાડામાં ખોવાર કરી નાખવાની. અહી આવ, એ! તું તાંહાં શું હકેલા ખાએછ. આ બધું જેનું છે તેનું પાછુ મોકલાવી દે, રાંધેલુંછે તેટલું નાખી દે, ને ચુહુલાઓમાં રાંખ વાલી મેલ, અને ઘરમાંનો એકે એક દીવો બુજાવી નાખ ! ચાલ જલદી કર.

**ચાકર**—સાહેબ, મારેથી એમ કેમ થાએ ? બાઈ સાહેબે મને હોકમ ફરમાવીઓછે તે કેમ તોડું ?

**બીદાર**—તાહારે હું તુંને હોકમ નથી ફરમાવતો કે ? તાહારે તું માહારો હોકમ તોડવા માગેછે કે ?

**ચાકર**—સાહેબ, એમજ બાઈઓનો હોકમ તોડતાં મારી તરણ ચાકરી ગઇછે, પણ શેઠોનો હોકમ જાંહા જાંહાં મેં તોડીઓછે, તાંહા તાંહાં મારી ચાકરીને બાઇઓની મેહેરબાનીથી જરાપણ અલવલ આવી નથી. વલી આપણા બાઈતો એવાં ભલાં ને સખી દીલનાંછે, કે તેમનો હોકમ તોડવાને પેહેલાંતો મારૂં દીલ પણ નથી ચાલતું.

**બીદાર**—તેનું સખી દીલ જાહાનમમાં જાય ! આ મારૂં બધું નખોદ વાલી મુકીઉં !

**ચાકર**—કાંએ સાહેબ, બાઇએતો ઘણુ કરકશરથી ખાનું તઇઆર કરાવીઉંછે. બધાં મલીને પાંચશો માણસને ઇજન કીધાંછે, જે હમણા એક અરધા કલાકમાં બધાં આંવી લાગશે, અને ખાવાનું એવું કરોકટછે કે એક બુક પણ વધવાનો કે બારણે પડવાનો નથી.

**બીદાર**—ઓ બાપરે ! પાંચશો માણસ ! હવે શું કરૂં !

---

## દેખાવ ૧૦ મો—શેહેરનવાજ, બીદાર.

**શેહેરનવાજ**—મારા ગરીબડા શેઠ ! તમારૂં ઉતરી ગયલું મોડું જોઇ મને ઘણું દુખ થાયછે. સાહેબ, મેં તમોને કેટલું બધું કહીઉંતું કે એ બઇરી ઘણી ઉડાઉ છે, અને તમારી જેમ તેમ જાલવેલી બધી દોલત બે દાહાડામાં ઉડાવી દેશે ? તમે આવા ઘરડા, ડાહેઆ, શેઆનાં થઇને એકદંમ કેમ આંખ વીચીને એવા ખાડામાં પડીઆ ? જરા વીચાર નહી કીધો ?

**બીદાર**—ભલી શેહેરનવાજ, જો હું તારીજ સલાહ પરમાંણે ચાલીઓ હતે, તો આજે આટલો દુખી નહી થતે.

**શેહેરનવાજ**—સાહેબ, તેમજ હુંબી આજે આટલી દુખી નહી થતે. તમારી આવી હાલત જોઇને મને કંઈ થઈ આવેછે, તમારૂં દુખ જોઇને મારૂં કલેજું કપાઇ જાયછે. તમે મારી ઉપરવારી થઇને પરણીઆ એ ઘણુંજ નઠારૂં કીધું.

બીદાર—હું હજુ પરણ્યો નથી, પરણ્યો નથી.

શેહેરનવાજ—હજુ પરણીઆ નથી !

બીદાર—નહી, નહી, નહી.

શેહેરનવાજ—તાહારે એટલા બધા ગભરામ્ણીછ શું કરવા તારે શાની ફીકરછે.

બીદાર—અરે, પણ મેં તેને લખત કરી આપેલુંછે; લખત ! લખત ! એક લાખ રૂપીઆનું લખત કરી આપેલુંછે. અરે ખોદા, મને એ શું સુઝ પડીઉં.

શેહેરનવાજ—તેને શુંછે, તાહારે, તેટલાં નાંણાં આપીને છુટા થઇ જાઓ.

બીદાર—શું, નાંણાં આપીને છુટો થાઉં ? મારાં નાંણાં ! મારૂં લોહી, મારી જીંદગી, તે એને આપું ! તેનાં કરતાં હું ઘોરમાં જઇને દટાઉં તો સારૂં. હું પેહેલાં એની સાથે પરણું, પણ તરત બીજે દાહાડે, મારા પઈસા બચાવવાને માટે, મારે હાથે ગલામાં ફાંસો દઇને મરી જાઉં ! મારા એક હજાર રૂપીઆ બચતા હોય, ને આ ઘડી મારો જીવ જતો હોયતો તે જવા દેઉં ! શું જીવીને પઈસા વગરનો થઇ જાઉં !

શેહેરનવાજ—અરે મારા ગરીબ શેઠ, મારા ગરીબ શેઠ, તમે તો કેથા સઝડ ફસી ગીઆ (ડીસકાં ભરેછે).

બીદાર—અરે ! હું એક વરસ અગાઉનો કાંએ નહી મરી ગયો. જો એક વરસ અગાઉ મુઓ હતેતો આજે મારા કેટલા પઈસાનો બચાવ થતે. (એવામાં બાહારથી કોઈનો આવાજ આવેછે) ઓ હો ! બધા લોક આવીઆ કે ? જોતો શેહેરનવાજ, જોતો, એ કોણછે ?

---

## દેખાવ ૧૧ મો—બીદાર, અને કામગાર ઊંચા પોશાકમાં.

બીદાર—એ શુંછે ! શું તમે બધા મને લુટી ખાવા જ આવીઆછ કે !

કામગાર—શું સાહેબ, તમે મને ઓલખતા નહી કે !

બીદાર—હું તુંને સારીપેઠે ઓલખુંછ. એ શું બધું ? આ બધું તેં કાહાંથી પેહેરીઉં ? હા ! મારા પઈસામાંથી, મારા પઈસામાંથી તું આ બધું પેહેરી ઓટી નીકલીઓછે. ઓ લુચા, નીચા, તુંબી એવી ચાલ ચલાવશે એ શું મેં કદી ધારીઉં ન હતું.

કામગાર—સાહેબ, તમારી આગલ હું ખરી વાતજ કેહેવાને આવીઓ છું; વાસતે જો તમે જરા ધીરા પડીને, અને અકલ રાખીને સાંભલશો તો તમે જેવો મને ધારોછો તેના કરતાં હું જુદો માલમ પડીશ.

બીદાર—તું જુદો ને ભલો માલમ પડશે ? અરે મારા પઈસા, મારૂં લોહી લઈ જઇને મારી આગલ તું ભલો માલમ પડશે.

કામગાર—સાહેબ તમારૂં લોહી કોઇ ખરાબ હાથમાં ગયું નથી; તમે મને બરો આપો તેની આગમચ વીચાર કરજો કે હું એક ગરહસથ છું.

બીદાર—આ લુચાઈ જોઇ વલી ! એ મારાં નાંણાંની ચોરી જાયછે, અને વલી ઉપરથી કહેછે કે, તપાસીને બોલ જો હું ગરહસથ માણસ છું ! પણ અહી આવ, અને સાચું કેહે તુંને એવી સલાહ કોણે આપી !

કામગાર—કેહું તમોને કોણે આપી તે ? પીઆરે.

બીદાર—પીઆરે !

કામગાર—હા, પીઆરે.

બીદાર—ઘણો સરસ પીઆર ! મારો ગીની સાથે તુંને એટલો બધો પીઆર બંધાયો કે !

કામગાર—સાહેબ હવે બધો વીચાર મેલી દેઓ, અને હાલ જે મારી પાસેછે તે સઘલું મારી પાસે રેહેવા દેવાને અને ખુશીથી હા કહો તો પછી કોઇ દાહાડે તમારી પાસે કશું નહી માગું.

બીદાર—ઓ બાપરે ! કોઇએ આવો લુચો જોયો હતો ! આવી માગણી કોઇએ કોઇ દાહાડે સાંભલી હતી !

કામગાર—તાહારેતો તમારાં નાંણાં તમોને મલી ચુકાં. વરસનાં વરસવેર ટકેલા ખાઓ તોબી એક પઈ મલવાની નથી તે ખુબ ઇઆદ રાખજો

બીદાર—હા, ખરેખર એ લુચો વચે આડો પડી મારા પઈસા મને પાછા મલતા અટકાવશે. વાસતે એને નારાજી નહી કરૂં એકવાર મારા પઈસાનેતો જોઉં એકવાર માહારી વાહાલી ગીનીઓને જોઇ મારી આંખતો ઠંડી કરૂં.

કામગાર—તાહારે સાહેબ, બધા મલીને તીશ હજાર રૂપીઆ મારા હાથમાં આવેલાછે તે મારી પાસે રેહેવા દેઓ.

બીદાર—ઠીકછે, ઠીક; પણ તે જરા મારી આગલ લાવતો ખરો, હું જરા તેને મારી નજરે એકવાર જોઉંતો ખરો, પછી તુંને તે હું બખશીનદા કરૂં.

કામગાર—સારૂં સાહેબ, તમારા બોલના વીસવાસ પર તમોને લાવીને દેખાડુંછું. (જાયછે)

બીદાર—આ કેવો લુચો ને ખંધો માણસ હશે. મારા પઈસા ચોરીને મારીજ આગલ કબુલ કરેછે, અને વલી તે પોતાના કરી મેલવાની રજા પણ મારીજ પાસે માગેછે; જાણે મારી બધી દોલત તેના બાવાનીજછે.

---

## દેખાવ ૧૨ મો—બીદાર, શેહેરનવાજ.

બીદાર—શુંછે શેહેરનવાજ, કેહેની બહાર શુંછે ?

શેહેરનવાજ—શું કેહું સાહેબ, મારીથી બોલાતુંબી નહી; ગામમાં બધાં લોકોમાં ખબર પડી કે તમે ફરંગીન સાથે પરણીઆ; તે ખબર સાંભલતાંજ ફરંગીનના બધા માગનારાઓ તમારીપર ઉલટી આવીઆછે; તેમાં સઉથી મોટો માગનાર એક વકીલછે, જે પચાસ હજાર રૂપીઆ માગેછે.

બીદાર—ઓ, હો, હો ! જા, તે બધાને કેહે કે આવીને મારૂં ગલું કાપી જાઓ.

શેહેરનવાજ—તમે બરોબર કેહો, તમે તેની સાથ પરણીઆછો કે નહી ?

બીદાર—હું પરણીઆ સરપોજ બોવાર થયોછું.

શેહેરનવાજ—સાહેબ, તાહારે શું તમારે તેને એક લાખ રૂપીઆ આપવાજ જોઇશે કે ? વીચારો સાહેબ વીચારો એક લાખ રૂપીઆ તે કેવી મોટી રકમ થઇ તેનો વીચાર કરો.

**બીદાર**—વીચાર શું કરૂં એમાં; મારી પાસેથી એને એક લાખ્નને બદલે એક પઈ-પણ મલવાની નથી, હું એને એક દોકડો પણ આપનાર નથી.

**શેહેરનવાજ**—હા સાહેબ, તે બરોબરછે, પણ આપણા દેશના ધારાથી તમે અજાણા નથી. તમે સારીપેઠે જાણોછો કે, જો તમારીપર ફરીઆદી આવી, અને તે ખચીત આવશેજ, અને જો તમે નાણાં તુરત નહી આપશો તો તમારીપર એક કરજદાર તરીકે કેવી જફા ગુજરશે તે તમે સારીપેઠે જાણોછ.

**બીદાર**—એક લાખ રૂપીઆ ! નહી, નહી, હું મરી જાઉં પણ એટલા રૂપીઆતો નહી આપું.

**શેહેરનવાજ**—વારૂ સાહેબ ધારો કે, જોકે એમ બનવું ઘણુ મુશકેલછે, તોપણ એમ ધારો કે, કોઈ એને ઓછું કરવાને સમજાવે અને એક લાખના પોણો લાખ લેવાને કબુલ કરાવેતો કેમ ?

**બીદાર**—પોણો લાખ રૂપીઆ ! તે કેવા થાયં તે તમે જાણોછ કે ? મારો જીવ જાય તોબી નહી આપું.

**શેહેરનવાજ**—પણ પીઆરા સાહેબ, જરા વીચાર કરો; જરા વીચાર કરો; જે ઘડી જાયછે તે ઘડીમાં તમોને એક લાખ રૂપીઆ ખોવા પડશે. સાહેબ, મારા વાહાલા શેઠ, હું તમુને કાલાવાલા કરીને કહુંછ, હું તમુને પગે લાગીને કહુંછ, હું તમારી આગલ હાથ જોડીને કહુંછ કે, તમે એવા બોહોશીલા ના થાઓ, ને હાથે કરીને તમારી ખરાબી ના કરો. તમે તમારૂં મન કઠણ કરો, મનમાં પકો ઠરાવ કરો. જુઓ હું તમુને ખરૂં કહુંછ કે આવા વખતમાં એક રૂપીઓ મારી સલાહ પરમાણે ખરચશો તો તેથી તમારા ઘરમાં એકસો રૂપીઆનો બચાવ થશે.

**બીદાર**—વારૂં તારે, તારે, તારે, જા, સમજાવ, તેને સમજાવ, ને જા ધુલ નાખી પોણી સાતસો રૂપીઆ આપીશ. પણ જો, બનતાં શુધી એમાથી પણ જેટલા ઓછા થાય તેટલા કરાવજે. અને તારી મેહેનતના બદલામાં તેની પાસેથી દલાલી લેજે, ને જા, જે તે તુને દલાલી આપશે તેનો વીશમો ભાગ હું તુને આપીશ.

**શેહેરનવાજ**—અરે સાહેબ, એ શું બકોછ, જો પોણા લાખેબી હું તમારો છુટકો કરાઉં તો તમારે મારે પગે લાગવૂં જોઈએ.

**બીદાર**—હું ઈછુંછ કે મારો એકદમજ છુટકારો થાય તો સારૂં.

**શેહેરનવાજ**—સાહેબ, હું જાણુછું કે તમે એમ નથી સમજતા, પણ જાહારે તમારી બઈરીના માગનારાઓ તમારીપર હોકમનામું લઈને આવશે, અને જાહારે અમલદાર તમુને કમરમાંથી આવીને ધરશે, અને જેલમાં ઘસડીને લઈ જશે, તાહારે તમે પોતાની મેલે સમજશો.

**બીદાર**.—અરે, હું મારી માએને પેટે જનમીઓજ કાંએ ! અરે ! મને-ઉધારાને મોટો કીધો કાંએ, મને પઈસો એટલો બધો વાહાલો થયો,' તેની આગમચ કોઈએ મારૂં માથું ભાંજી કાં એ નહી નાખીઉં ને મારૂં ભેજું છુદી કાંએ નહી નાખીઉં ! (એવામાં બારણું ઠોકાયછે.)

**શેહેરનવાજ**—ઓ હો; બધા મહડી આવીઆ ! સાહેબ તમે આ જગાપરથી ઉઠો, ને દીવાનખાનાંમાં જાઓ કે નહી તો બબરચીખાનાંમાં ભરાઈ જાઓ. હું ધારૂંછું કે હવે તમુને સમજ પડશે, ને તમારી શુધ જરા ઠેકાણે આવશે.

**બીદાર**—આ શું હોરત હું હોરી લાયો ! અરે આ બલાગત મારા ઘરમાં કાંહાંથી આવી ! હવે શું કરૂં ! પોણો લાખ રૂપીઆ કેમ આપું ! કંગાલીઅતપણું ! ખરાબી ! બંધીખાનું ! એ બધું શું ! એ બધી મારાપર શું આફત ! જો એટલા નહી આપતો તો એક ઉડાઉ, ને કરજદાર બઈરી કરમે લાગેછે; તેની સદાની ગોલામગીરી કપાલે ચોંહોંટેછે, અને તેના જુલમની બેડીમાં હાથ પગ સદાના શીકરાયછે. હવે શું કરૂં; વીચાર કરતાં કરતાં, મારૂં માથું ફરી આવીઉં, હવે હું ઘેલો થઈ જશ.

**શેહેરનવાજ**—હવે સાહેબ, ઘેલા થાઓ કે દીવાના થાઓ. પેહેલાં કહીઉં તાહારે નહી માનીઉં ને હવે ઘેલા થઈ જાઓ ! તોપણ હજી વીચાર કરો, જરા વીચાર કરો.

[જાયછે.

---

## નોશારીના પારસીઓના મોહોલાની સફાઈ.

પોતાનું શરીર, પોતાનું ઘર અને પોતાનું આંગણું સાફ રાખવાં એ દરેક માણસની પેહેલી ફરજ છે. એ વાતની અગત દરેક સુધરેલા દેશના લોક સમજેછે. સફાઈને અંગરેજો એટલી અગતની ગણેછે કે, તેને ઈશવરપણાથીજ ઊતરતી ગણેછે. સફાઈને જરથોશતી ધરમમાં એટલી બધીતો બુજોરગ ગણેલીછે, અને તેને માટે એટલી તો તેહકીક કરેલીછે, કે ગોયા માણસ જાતનાં સરવે સુખનું મુલ તેજ હોય. નહી સાફ રહેનાર માણસને મોટો પાપી ગણી ધીકારવામાં આવીઓછે, અને સાફ રહેનાર માણસને ધરમી ગણી તેને બુજરગી આપવામાં આવીછે: જેમ તેલને પાણી હમેશ જુદાંછે, તેમ જરથોશતી ધરમનાં ફરમાનો અને ગલીચી એ પણ હમેશ જુદાંછે. પશુઓ પોતાના દરને સાફ રાખેછે, અને પકશીઓ પોતાના માલા સાફ રાખેછે. મધમાખ અને કીડી જેવાં નાનાં જનાવરો પોતાની જગા જેવી સાફ રાખેછે તેવી માણસની બધે નથી. એ જોઈ માંણસે કેવું શરમાવું જોઈએછે ? હાલ હમો નોસારી સરખા કંસબાના મોહોલાની સફાઈને મુંબઈના કેટલાક મોહોલાઓની ગલીચી સાથ સરખાવીએછે, તેથી કહીએછે કે, એ જોઈ મુંબઈમાં તેવા ગલીચ મોહોલા રાખનારાંઓએ કેવું શરમાવું જોઈએ.

નોશારીના કરતાં મુંબઈના પારસીઓ અને પારસણો વધારે સુધરેલાં અને શીખેલાં ગણાયછે. એમ હોવાથી શફાઇના ફાયદા અને ગલીચીના ગેરફાયદા નોશાકરાઓ કરતાં તેઓ વધારે સમજવાવાલા હોવા જોઇએ. મુંબઈની અંદર મીઊનીસીપાલ ખાતું છે, અને તે મોહોલાઓ સાફ રાખવાનું તથા ગલીચી કરનારાંઓને અટકાવવાનું કામ કરેછે. એ ખાતાના હાથમાં કાએદાની રૂએ કેટલીક સતાછે, જેની મદદથી તે ગલીચી કરનારાઓની ઊપર નોટીસ કરી શકેછે, સમનસ કરી પોલીસમાં ઘસડી શકેછે અને શજા કરાવી શકેછે. એટલું છતાં મુંબઈમાં હદથી જાદા ગલીચી લોકના મોહોલાઓમાં જોવામાં આવેછે. પણ આ વેલાએ હમો આખી મુંબઈની વાત કરતા નથી; ફકત પારસીઓનાજ કેટલાક મોહોલાઓ તેવી હાલત માંછે તેમનેજ માટે બોલાએછે. એવા મોહોલાઓ સાફ રાખવાને આગલ મીઊનીસીપાલ ખાતાંએ ઘણી કોશેશ કીધી હતી, પણ તેમાં તે બરોબર ફાવીઊ ન હતું. ગલીચી કરનારાંઓ ઊપર ધરોધર સમનસો કાહાડીઆ હતા, જે જોઈ તેઓ તેના ઊપર ઘણા ચીર ડાઇ ગયા હતા, અને એક બે મોહોલાઓમાંતો એ ખાતાનાં માણસોને માર વટીક મારીઓ હતો. આ જોઇ તેવાં મુરખ લોકની મુરખાઈનો કશો પાર દેખાઓ ન હતો. જે સઘલું કરવામાં આવેછે તે તેમના પોતાનાજ ફાયદાને માટે છે એવો વીચાર તેમને મુદલ આવતો ન હતો, અને બીજા સમજુઓ તેમને એવો વીચાર આપતા તેઓ તેમની નજરમાં બેવકુફ અને ખુશામતીઆ લાગા હતા. એવા મોહોલાઓમાં મુખીઅ કરી ગલીચી એટલાથીજ થાયછે કે તેમાં રેહેનારી પારસણો પોતાના ઘરમાનાં કચરા તથા વાસણ ઊજારેલું પાણી અને એવીજ ગલીચ વસતુઓ પોતાની બારીએથી આખો દાહડો બહાર રસતાપર નાખેછે. એથી કરી આખો મોહોલો ભારી ગલીચીથી ભરેલો રહેછે, અને વાસ મારીઆ કરેછે. તોપણ એવા મોહોલાઓ મીઊનીસીપાલ ખાતાં તરફથી દાહડામાં બે વાર સાફ કરવામાં આવેછે. જો એમ નહી કરવામાં આવેતો થોડાંક વરસમાં એવા મોહોલાઓમાંનાં ઘરો કચરામાંજ ડટાઈ જાય એમ ધારવામાં ખોટું નથી. વલી તેમની આ માઠી ચાલથી તેવા મોહોલામાં થઈ આવતા જતા રાહદારીઓને ઘણુ ખમવું પડેછે. બારીએથી નખાતો કચરો અને ગંધાતું પાણી કોઈ કોઇ વાર તેના આંગ ઊપર પડેછે, અને તેના કપડાં ખરાબ થાયછે. તેમાં કોઈ ચીનચલાખીઆના તો એવા બાર વાગી જાયછે કે, તીઆંથી એક ડગલું પણ આગલ ભરવું મુશકેલ થઇ પડેછે. એવાં આલશુ અને બેસમજ માણસોને પોલીસમાં ઘસડી શકાયછે અને શજા કરાવી શકાયછે, પણ કેટલીક વાર તેઓ પાણી નાખીને એવાં ભરાઈ જાયછે કે ઊંચું જોતાં કીઆ માલપરથી કે કેઈ બારીએથી પડીઊં તે માલમ પડતુ નથી, અને તેથી તે નાખનાર જલદી પકડાતું નથી; અને કેટલીક વાર કેટલાક તેવા માણસો ગાલબેલ દઇને કે બબરી, ફફરી, ચટકીને અખાડા કરી ચાલી જાયછે. આ સઘલું એવી ચાલ ચલાવનારાંઓને ઘણું શરમાવા જોગછે. આ ચાલને માટે એવાં ઘરોની ઓરતો અને મરદો એ બંનેને ઠપકો ઘટેછે; ઓરતો એવી ચાલ ચલાવેછે, અને મરદો તેમનો અટકાવ કરીઆ વગર ચલાવા દેછે. એવાં માણસોની તરફેણમાં જો આજે કાંઈબી બોલવાનું હોયનો ને ફકત એટલુંજછે કે, તેઓએ એવી સઘલી ગલીચીને સગવડથી કીઆં નાખવી તેનો જોઈએ તેવો ઊપાય મીઊનીસીપાલ ખાતાં તરફથી હજુ લેવાયો નથી. આજવેર જે લેવાયાછે, તે ઘણીક બાબતમાં કઢંગા અને અગવડ ભરેલા લાગાછે. પણ તેથી મોહોલાઓમાં છેક આવી ગલીચી થવી જોઈએ એવું કાંઇબી કારણ નથી. એ બાબતમાં નોશારીની પારસણો શું કરેછે તે નીચે લખીએછે જે વાંચતાં અતરેની પારસણોને સમજ પડશે કે જો આપણે પોતે દીલ થકી સફાઇ રાખવા માગીએ તો કેવી રીતે રાખી શકાય.

ઊપર જે બધું લખીઊંછે, તેમાનું નોશારીમાં કંઈ નથી. તીઆં અતરેના જેવું મીઊનીસીપાલ ખાતું નથી, કે અતરેના જેવી સફાઈ કરવાની રીત અથવા ચોકસાઈ નથી, કે તીઆં ગલીચી કરનારને પકડી લઈ જઈ શજા કરાવવાના અતરેના જેવા કાયદા નથી. જો કે આજ એક બે વરસ થયાં એ શેહેરમાં મીઊનીસીપાલ ખાતાં સરખું કાંઈક કરવામાં આવીઊછે ખરૂ, પણ તેનૂં કામ એવી બચાંની રમત સરખી રીતે ચાલેછે કે, તેને કોઈબી રીતે મીઊનીસીપાલ ખાતામાં ગણવું જોઇતું નથી. વલી એવુંબી તો તીઆં આજ એક બે વરસજ થયાં થયુંછે, પણ જે તીઆંની

પારસણોમાં સફાઈ રાખવાની રીતછે. તેનો આજ ઘ
ણાં વરસોની ચાલુછે. તે રીત તેમને કોઈ મીઊનીની
સીપાલ ખાતાંએ શીખવી નથી, કે કોઈ કાએદાએ તેમ
ને તેની ફરજ પાડી નથી. તેમને શીખવનાર અ
ને ફરજ પાડનાર તેમનો ધરમ અને રવઈઓછે. નોં
શારીના પારસી મોહોલાઓમાં સહવારના પોહોરમાં
અથવા સમીસાંજના ફરીઆ હોયતો સફાઈની બાબ
તમાં તે એક ઘણો રલીઆમણો દેખાવ આપેછે. લ
ગભગ આખો મોહોલો વલાએલો, પાણી છંટાયલું,
અને ચોક પુરાયલા. કોઈના બારણા આગલ જરા
પણ કચરો નહી, કે એક પણ અતરેના જેવો ગંધાતો
ખબોચીઓ નહી. એ સઘલું કેમ થાયછે, તે જાણ
વાને ઘણાઓને ઈનતેજારી પેદા થશે જે ભાંજવી જો
ઈએ. પરથમ, કચરાની બાબતમાં તેઓમાં અજ
બ જેવો અને ઘણો વખાણવા જોગ રવઈઓ આજ
વરસોનાં વરસો થયાં ચાલતો આવેલોછે. આખા
પારસીના લતાને લગતા તીઆં કેટલાક ઊકરડાઓછે.
એ ઊકરડાઓ મોહોલાઓથી દુર ખાલી જગામાંછે.
મોહોલાઓથી એવા ઊકરડા ઘણામાં ઘણા પા માઇ
લ દુર હોયછે. નોશારીની પારસણો પોતાના ઘર
નો સઘલો કચરો ટોપલીઓમાં ભરી રાખેછે, અ
સહવારનાં, બપોરના કે સાંજનાં તે ટોપલીઓને હા
થપર ઊચકી છેક તે ઊકરડાઓપર જઈ તીઆં તેમા
નો સઘલો કચરો નાખી, ખાલી ટોપલી લઈ ઘરમાં
આવેછે. આ તેમની ચાલ કેવી વખાણવા જોગછે!
વલી વધારે વખાણવા જોગ એછે કે, કોઈબી અમલ
દારના કે કાયદાનાં દબાન વગર, પોતાની મેલેજ તે
ઓ એ પરમાંણે કરેછે. વલી તેઓ દાહાડામાં બેવાર
સહવારના પોહોરમાં અને સમીસાંજના પોતાની ખ
ડકી, ઓટલો અને આંગણાં વાલેછે, અને તરણ ચાર
ઘાઘરો ભરી તે ઊપર પાણી છાંટેછે. પછે લીપેલી
ઓસરીઓ ઊપર અને ધોયલા ઊંબરો ઊપર ચી
તરણના સાથીઆ નાખેછે, એટલે છલ્લાંની રાખના ચો
ક હાથે પુરેછે. દરેક પોતાનું આંગણું વાલેછે અને
છાંટેછે, તેથી આખો મોહોલો લગભગ સઘલો વલાયછે,
અને છંટાયછે. એવો મોહોલો, અને છાણથી લીપે
લી ઓસરીઓપરના ચોક, એ સઘલું એવો રલીઆ
મણો દેખાવ આપેછે કે, જે જોઈ મુંબઈના તેવા મોહો
લાઓને માટે અફશોશ પેદા થાયછે.

નોશારીના એ મોહોલાઓ અતરેંનો મોટો મો
હોલો, કવરી મોહોલો, વાંકો મોહોલો, વાણીઆવાડી,
મરઘા શેરી, ગોલવાર, બે તરણ પોલો અને એવાજ
બીજા કેટલાક મોહોલાઓ કરતાં સોગણે સારાછે, અને
તે મોહોલાઓમાં રહેના ઓની તનદરોસતી આ મોહો
લાઓમાં રહેનારાંઓના કરતાં સોગણે સારીછે. એવા
મોહોલાઓમાં મોટાં મોટાં ઘરોછે, અને તેમાં બુટ ઇ
સટાકીન ને ડગલાવાલા મરદો, અને સપાટ ઈસટાકી
ન ને ચલકતી બાંગરી ને લટકતાં એરીંગવાલી ઓર
તો રહેછે, જેમને એવી ગલીચી કરતાં અને કરવા દે
તાં શરમાવું જોઈએછે. તેઓએ એવું કરવા કરતાં
તેનો અટકાવ કરવાની મેહેનત લેવી જોઈએછે. તે
ઓએ આગલ રહીને મીઊનીસીપાલ ખાતાં પાસે જો
ઇએ એટલું કાંમ લેવાડવું જોઈએછે. મોહોલાઓ
ની જમીન ઘણીજ સફાઈદાર રાખવી અને રખાવવી
જોઈએછે, અને ઘરોને બાહારથી ચુના દેવાડી મોહો
લાઓ દેખાવમાં એવા કરવા જોઈએ કે તે પારસી
ઓનાં નામને છાજે. એવા મોહોલાઓની હાલની
હાલત પારસીઓનાં નામને હીણુ લગાડેછે. તે મો
હોલામાં વસનારાંઓ માણસને બદલે એક જાતનાં જા
નવરનાં સંબંધમાં ગણી શકાયછે, કોઈબી સુધ
રેલા દેશનો પરદેશી એવા મોહોલા જોઈ તે
મા રેહેનારાઓને તતકાલ તે જાનવર સાથ સ
રખાવીઆ વીના રહેનાર નથી. — હમે ઈછીએછે કે,
પારસીઓના થોડાક એવા એબીએલ મોહોલાઓની
એવી એબ હવે દુર થાયતો સારૂં.

## બાઈરી કેવી પસંદ કરવી.

બાઈરી પસંદ કરવા બાબત દરેક માણસના જુ
દા જુદા વીચાર હોયછે. કોઈ રૂપ ઊપરથી પસંદ ક
રેછે, કોઈ ગુણ ઊપરથી પસંદ કરેછે, અને કોઈ ગમે
તેવાંને પસંદ કરેછે. આજના વખતમાં અંગરેજો ખા
તરી કરીને પરણેછે, પારસીઓ ફકત મોહું જોઈને
પરણેછે અને હીંદુઓ બીચારા આંખે પાટા બાંધીને
પરણેછે. પણ આગલા વખતમાં એક પાદશાહે બ
ઈરી પસંદ કરવામાં જે જોસતેજો કીધીછે, તે ખરેખ
ર ભારે અજાયબી ભરેલીછે. કથા અને કાહાણીઓ

માં પાદશાહાને સદા ખુબખ ગણવામાં આવીઆછે, જે વાત ઘણીવાર એકદમ નહી માનવા જોગ નથી લાગતી. આ પાદશાહે બઈરી પસંદ કરવામાં જે તેની તપાસ કરાવીછે, તે ઊપરથી તેને કેવો સમજવો જોઈએ તે સેહેલુંછે. એ પાદશાહા સાતમો હેનરી હતો; અને તેની એ બાબત લારડ બેકને લખેલી તેની તવારીખમાં જોવામાં આવેછે. એ પાદશાહાનો વીચાર નેપલસની જવાન રાણી સાથ પરણવાનો થવાથી તેનો રંગ રૂપ કેવાંછે તે જોવાને તેણે તરણ એલચીઓને મોકલીઆ હતા. તેઓએ તેણીના કીઆ કીઆ શરીરના ભાગ જોવા, અને તે કેમ જોવા તેની બધી વીગત બાબતવાર લખીને તેમને આપી હતી. જેટલી બાબતો લખી આપી હતી તેટલી સઘલી બરાબર તપાસવાને અને ખરેખરી તે પાદશાહાને જણાવાને તેણે તેમને શકત તાકીદ કીધી હતી. તે પરમાણે તે એલચીઓએ તેના વીગતવાર જવાબ આપીઆ હતા. તપાસની જે જે બાબતો લખી આપી હતી, તેમાની થોડીક જાણવાજોગ છુટી છુટી નીચે પરમાણેછેઃ—

બાબત ૫ મી—એ જવાન રાંણીની ઊમર કેટલીછે, તેનું કદ કેવુંછે, અને કદનો ઘાટ કેવોછે તે પકી તપાસ કરી બરાબર નોધજો.

બાબત ૬ ઠી—તેનું મોડું બરાબર જોવું કે તે રંગેલું નહી હોય; તે ભરેલુંછે કે પાતલુંછે; તે ગોલછે કે લાંબુછે તે જોવું; વલી જોવું કે તેનો ચેહેરો હસતો છે કે ખરીઅલછે; ગુસાવાલોછે કે નરમાશ ભરેલોછે; આકલોછે કે પોચોછે. એ સઘલું બરાબર તપાસી તેની પકી નોધ કરવી.

બાબત ૭ મી—તેની ચામડી સફાઇદારછે કે નહી તે જોવું.

બાબત ૮ મી—તેના બાલનો રંગ કેવોછે તે જોવો.

બાબત ૯ મી—તેની આંખો, ભવાં, પાપણ અને દાંત તથા હોઠ બરાબર જોવા.

બાબત ૧૦ મી—તેનાં નાખની વહણ કેવીછે તે બરાબર જોવું; અને તેનાં કપાલની ઊંચાઈ અને પોહોલાઇ તપાસીને નોધવી.

બાબત ૧૧ મી—તેનો ચેહેરો કેવોછે તે અગત કરીને બરાબર તપાસવું.

બાબત ૧૨ મી—તેના હાથ ગોંધવીને જોવા, ને તેમનો ઘાટ કેવોછે તે તપાસવું, હથેલી જાડીછે કે પાતલી તે જોવી. આખા હાથ જોવા કે, તે જાડાછે કે પાતલા, તે લાંબાછે કે ટુંકા.

બાબત ૧૪ મી—તેનાં આંગલાં જોવાં કે તે લાંબાંછે કે ટુકાં; નાનાંછે કે મોટાં, નખ આગલાથી સાંકડાંછે કે પોહોલાં.

બાબત ૧૭ મી—બરાબર જોવું કે તેના ઊપલા હોઠની ઊપર કાંઇ બાલ દેખાએછે કે નહી.

બાબત ૧૮ મી—રાણીની આગલ કાંઇ મજેની વાત કરવી, એવી કરવી કે તે ઊપરથી તેણીને કાંઈ બોલીઆ વગર ચાલેજ નહી. પછી જીઆરે તે બોલવા માંડે તીઆરે સભીઅતાથી તેના મોડાંની નજીક જેટલું લઇ જવાય તેટલું તમારૂં નાખ લઈ જઈને જોવું કે તેના દમનો વાસ કેવો આવેછે, તે મીઠો આવેછે કે નહી; તેમાંથી મસાલાનો વાસ આવેછે, કે ગોલાબનો આવેછે, કે કસતુરીનો આવેછે.

આ નવાઈ સરખી તપાસના સઘલા જવાબો પણ એ તરણે એલચીઓએ તેવીજ નવાઈ રીતે આપીઆ હતા. તેમાં જે તેઓએ ભાશા વાપરી હતી તે જાણે કાંઇ રાજદવારી બાબતનો મોટો રીપોરટ હોય તેવી હતી. તેના એક બે નમુના નીચે જોવામાં આવશે.

તેરમી બાબતમાં જણાવેલી તપાસની બાબતમાં તમો નામદારને જણાવવાની રજા લઈએછે કે હમોએ મજકુર નામદાર રાણીના હાથ ઘડી ઘડી ઊંચાકી જોયા હતા; અને એ મજકુર રાણીનાં ઊંચાએલ હાથ ઊપર બોસા લીધા હતા, અને તે ઊપરથી હમો જાણાવવાને શકતીવાન થયાછે કે, મજકુર રાણીના હાથ ઘણા ખુબસુરતછે, અને એ મજકુર રાણીના કદના પરમાણે પરમાણે તે હાથ ભરેલા, નરમ, શોભીતા અને આછ ભાગડીનાછે.

અઢારમી બાબતમાં જણાવેલી તપાસની બાબતમાં જણાવવાની રજા લઈએછે કે, હમોએ રાણીને ભુખી હોય તે વખતે વાત કરાવવાને ઘણી કોસેસ કીધી, પણ તેણે ઘણોવાર વાત કીધી નહી, અને જે થોડાવાર કીધી તેટલા વખતમાં હમો હમારૂં નાખ, મજકુર રાણીના મોડા આગલ સભીઅતાથી લઈ જવાય તેટલું નજીક લઈ જઈ શકીઆ નહી; અને તેથી તે બાબતની તપાસ હમારેથી થઈ નહી અને તેથી એ મજકુર બાબતનો ખુલાસો હમો આપી શકતા નથી અથવા આપવાની હમારામાં તાકત નથી.

સુગાં સુગાં ચહડીઆં દાદરની ઉપર,
નણદનાં છોકરાં મામીજી કરી કેહેતાં;
દોડતાં પાસે આવતાં પડી નીચે નજર.

અજબ થઈ બોલીઆં મામીજી એ શું !
ખરડેલા પગ ને સપાટ છે કીઆં !
રસતામાં પડી બડી ગયાં કે શું ?

સુનાબાઈ નાખપર આંગલી મેલી,
ધમકાવે છોકરાંને સુગાં રહી જાઓ;
પણ કેમ રેહે શીધી બાલકની લુલી !

એક દોડીઉં પાછલના ઓરડાની માહે,
જઈને મમાઈજીને કહી હસતાં વાત;
બહાર આવીઆં બોલતાં, એ શું કોતક કહેવાએ.

બીજું દોડીઉં આગલના ઓરડાની માહે,
જઈને મામાજીને કહી કુદતાં વાત;
દોડી આવીઆ બહાર કે એ સું વાત થાય !

સુનાબાઈને જોઈને સાસુજી હસીઆં,
ને સોરાબશા તો વીચારમાંજ પડીઆ;
સુનાબાઈ સટ દઈ ઓરડામાં ઘુસીઆં.

સોરાબશા ગયા સુનાબાઈ પાછલ,
મોડું કરી વીહીલું ને પુછી જોઈ ખબર;
કહીઉં સઘલું પેહેલેથી તેઓની આગલ.

શોરાબશા પડીઆ પેટ ધરીને હસવા,
સુનાબાઈનો ગયો તે જોઇને ખીજાજ;
હસોછ તમે ખુબ જીઆરે હું થઈ રસવા !

શોરાબશા બોલીઆ તેમાં હું શું કરૂં ?
એ બધું થયું તેમાં મારો તે સું વાંક ?
તમારી સાથે બેસીને કંઈ હું બી રડું ?

મોરીપર જઈ જલદી ધોઈ નાખીઆ પગ,
ને સારી કહાડીને ખુંટીપર મેલી;
બોલી ફરી નહી ચાલુ કાદવમાં એક ડગ.

અંતે રરી બરીને સુઈ ગયાં લુખાં,
કીધી ઘણીબી બધાંએ બોહોશ;
શવારનાં ઉઠીઆં થઈને નરાં લુખાં.

ઉકતાંને વાર કરી મેલીઉં તોફાન,
જાઉં હું તો હમણા ને હમણા મારે ઘેર;
દુખેછે મારૂં માથું ને બંને કાન.

જીવ જાય તો હવે ચાલીને નહી જાઉં,
મારે લાવો જલદી તમે જઈને ગાડી;
રસતાની વચે ફરી ફજેત નહી થાઉં.

શોરાબશા જઈ બલની ગાડી એક લાયા,
જોઈને સુનાબાઈએ મરડીઉં મોડું;
વેહેલા વેહેલા જઈને એ શું લઈ આયા ?

બેઠાં તેમાં અંતે સુનાબાઈ જાએ,
ને પરદા ખેંચી ખેંચી ને ઢાંકીઆ;
ગાડી સુનાબાઈનાં ઘર તરફ જાએ.

લેવામાં અનચીતો પરદાનો છેરો,
પવન લાગાથી જરા ઉંઘડી ગયો;
ચોંકીને બીધાં રખે જોઈ લે કોઈ ચેહેરો.

વેહેલો વેહેલો ધરી જોરથી તાણીઓ એવો,
કે આખો ને આખો પરદો આવી ગયો નીચે;
ગાડીવાળો જોઈને ઝટ ચોંકીઓ તેવો.

ઝંડપથી ઉંચકવાને વલીઓ તે વાંકો,
બળદનાં પુછડાંપર પડી ગયો હાથ;
ચોંકીને ફુંફારા મારતો તે નાહાઠો.

ગાડીનું પઈડું જઈ ગટરમાં પડીઉં,
ને સુનાબાઈ બીહીને લાકડાં થઈ ગયાં !
વેહેલાં વેહેલાં માહેથી ઉતરી જવું પડીઉં.

પઈડાંપરથી સુનાબાઈ ઉતરવા ગયાં,
સારીનો કળી ગઈ પગની માહે ભરાઈ,
સુનાબાઈ કાદવમાં આરીઆં થઈ ગયાં !

શરમનાં મારીઆં જલદી પાછાં ઉઠીઆં,
ને ઉડી ગયલી સપાટ ઝટ લઈને પેહેરી;
પણ પીઠેથી કાદવમાં લપેટાઈ ગયાં !

સુનાબાઈએ જોયું કે આ બીજો રકાશ,
પણ થયોછે સઝડ રસતાની માહે;
ગભરાઈને જોવા લાગાં આસપાસ !

ગાડીતો ગટરમાં ખુંતીને પડી,
સાસરૂં ને મહીરૂં તો રહીઉં સરખું દુર;
અંતે ચાલીને જવાનીજ ફરજ પડી.

ડોક કરી નીચી વેહેલા વેહેલા ઉંચકી પગ,
લોયમાં ભરાઈને સુનાબાઈ ચાલીઆં;
આવી પોંહોંચીઆં મહીરે ભરી થોડાં ડગ.

આવીને ખાધા પાછા સોગન કઠણ,
ફરી કરૂં નહી લટકો ને તાણું નહી પરદો,
રસતાની માહે, ગમે તે થાય પણ.

નાનાંબાઈ.

---

## ઘરબારનો સુખીઆરો!

વાંચનારી બાઈઓ, આ પાસેનાં પાના ઊપરનું ચીતર જુઓ, એ ઘરબારના સુખીઆરાનુંછે. આ ગલ રોસ કીધેલાં ગોશતની રકાબીઓ પડીછે, અને દારૂનું ગલાસ હાથમાં પકડી ખુશાલીથી વાંકો થયોછે. એ દારૂનાં ગલાસમાં તેને આ દુનીઆં ને પેલી દુનીઆં એક થઇ ગયલી દેખાયછે અને પોતે પોતાને જીવતો બેહેસતમાં ગયલો સમજેછે. બચાં છોકરાંની ફીકર વાલો તો ભારી દેખાયછે, ઈઆતો બાવાજ પરણેલા હોય, કે નહીતો બઈરી છોકરાં રવડી રજડીને પેટ ભરતાં



ઘરબારનો સુખીઆરો !

હોય એવાનું પેટ ભરાયું તો ખધાનું ભરાયું, ને એવા સુખી તો આખી દુનીઆં સુખી. એવાના માંબાપ દારૂ, ખઇરી છોકરાં દારૂ, અને સરવે દોલત દુનીઆં પણ દારૂ. દારૂ મલીઓ તો બધું મલીઓ, દારૂ મલીઓ તો ખોદા પણ મલીઓ. જેઓ સમજુઓછે તેઓ એવી કેહેવત બોલેછે કે, "જે પીએ શરાબ, તેનું ખાનુ ખરાબ" પણ છાકટાઓ તેમને બેવકુફ ગણી એમ કેહેછે કે "જે નહી પીએ સરાબ તેનું ખાનુ ખરાબ." દારૂની લેહેજત, દારૂની મજાહ ને દારૂની મોજ તે છાકટાઓ કેહેછે કે, બીજાંઓ શું સમજે. તેઓ તેમને હસીને કેહેછે કે, "ગધા કેઆ બુજે જાફરાનકી બાત." એ વાત ખરીછે. ખચીત, છાકટપણામાં જે મજાહછે, તે જેઓ છાકટા થતા નથી તેમને કશી ખબર નથી, અને તેઓ તેની ખુબી સમજતા નથી. ફજીએત થવું, હાડકાં ભાંજવાં, ખાસડાં ખાવાં, પઈસો ખોવો, તનદરોસતી બગાડવી, અને છેલે કુતરાંને મોહોતે મરી જવું, એ જેવી મજાહ તે બીજી શું હોય? આવી મજાહની વાત બીજા બેસમજો શું જાણે?

આ નાપાક ખરાબી ભરેલાં આકલાં પાણીને દુનીઆંપર પેહેલું કોણે બનાવીઊં હશે, અને કીઆ દેશમાં બનાવીઊં હશે. જેણે દુનીઆંપર એની પેહેલ કીધી હોય, તેને કદુવા હોજો. સઘલી બદીનું મુલ છાકટપણુછે. છાકટો માણસ બધી જાતના ગુનાહ કરેછે. ને ગરીબ બીચારાં બચાં ને તેમની માએ! કેવો દુખ ભરીઓ અને દયા ઊપજાવા જોગ દેખાવ ઘણીવાર આપણને માલમ પડેછે. દીલપરની ચામડી ઘડી વલી ગયલી; પેટમાં ખાડા પડેલા ને આંખો અંદર ગલી ગયલી. ઊંઘાડું માથું ને ઊંઘાડા પગ. ચહાડમાં, થથરતાં ને વરસાદમાં ભીજતાં. સુખેખી ખોદાં ને દુખેખી ખોદા, ખોદા વીના બીજું કોઈ નહી. તેના જેવી બીજી કોઈની દયાની નજર તેમની ઊપર નહી, કે કોઇનો હેતનો હાથ તેમના માથાપર નહી સંદા ઊશીઆલાં, સદા તાબેદાર, અને સદા નીચાં વલી ગયલાં. કોઈ ટપલો મારે તેને સલામ કરે, અને કોઇ લાત મારે તેને પગે લાગે. હેવાનના સરખી મજુરી કરે, ને હેવાનના કરતાં ઊતરતો ખોરાક ખાય ને તેવીજ જગામાં સુએ. ઊઠતાં હાય મારે, ને બેસતાં અફસોશ કરે. આંખ કોઈ દાહાડે કોરડી નહી જણાય, ને મોહું કોઈ દાહાડે હસતું નહી દેખાય. સરાપ, સરાપ હોજો એવા માણસને, કે જે એવાં શેહેતાનીઅત ભરેલાં પાણીને વસ થઇ, પોતાની મોહોરદાર ઓરતને, પીઆરાં બચાંને અને ઘરડાં માબાપને આવી અનંત આફતમાં ગરકાવ કરી પોતે પોતાને મનથી મોજ મારેછે. અંગરેજ સરકારે ડાહાપણની રીતે પરજાનાં સુખ અને સગવડને માટે ઘણા કાયદા કીધાછે. કોઇના એક બાલને પણ અલવલ નહી આવે એવા ધારાઓ કીધાછે; પણ આવા કરપીણો જડ મુલથી નીકલી જાય એવો કોઇ ધારો નથી, એ ખરેખર દલગીરોની વાતછે. એવાઓ પર જો કોઈની લાકડી નહી તો ખોદાની લાકડી પડે એવું સરવેએ માંગવું જોઈએ.

# જાનવરોની વાતો.

પંચોપાખ્યાન, ઈસપનીતી વગેરે કેટલીક એવી જાતની ચોપડીઓ આવેછે, જેઓમાં નાની નાની વાતો હોયછે, અને તે વાતો જાણે વાઘ, રીછ, ગધેડો, સસલો, શીઆલ, મરઘો, કબુતર વગેરે જાનવરો પોતપોતામાં કરતાં હોય તેમ લખેલી હોયછે. અલબતે એવાં જાનવરો કંઈ બોલતાં કે વાતો કરતાં નથી, તેથી એવી વાતો માણસોએ જોડી કાહાડેલી હોવી જોઈએ. પણ એવી વાતો શું કરવા જોડી હશે? તેઓમાં દમ જેવું શું છે? ગધેડાએ એમ કહીઉં તીઆરે સસલાએ એમ કહીઉં, ને મરઘે એમ બોલીઓ તીઆરો કબુતર એમ બોલીઉં; એવું વાંચવામાં શું વલીઉં. એવું કેટલાકોને કેટલીકવાર એવી ચોપડીઓ અથવા એવી વાતોને માટે બોલતાં સાંભલવામાં આવેછે. પણ જેઓ એવો વીચાર કરનારા છે, તેમની ઘણી મોટી ભુલછે. એ વાતની સાદાઇમાં જે ઉમદા ગનાન ભરેલું છે, તો ગોયા આટામાં હીરો મેલી તેનો લાડવો બનાવેલો છે. તેની માફક એ વાતોને જે બાહારથીજ જોએ તે દમ વગરની ગણે, પણ જે અંદરથી જોય તે બેકીમતી ગણે. એ વાતોમાં જે મોટી શીખામણો છે, તેમને સારો અને રમુજ ભરેલો આકાર આપેલોછે, જેથી તેની કીમતમાં બેવડો વધારો થાયછે. ગમે એવી શીખામણની વાત શીખામણ રૂપે કહેવાથી સાંભલનારને કંટાલો ઉપજીઆવીના રહેતો નથી; માટે તેમને આવા આકારમાં મેલવાથી દરેક જન તેને હોસથી વાંચવા તથા સાંભલવા જાયછે, અને વલી તે ઇઆદ રહી જાયછે. આ વાતોની અગત આટલાજ ઉપરથી માલમ પડશે કે તેમને જોડાવાને આજે એ તરણ હજાર ઉપર વરસની વાતથી શરૂઆત ગણાયછે, અને છેક તેવા પુરાણા વખતની વાતો અતીઆરવેર લોકમાં ડાહેઆઓના રેકાથી ચાલુ રહીછે. વલી એમના જોડનારાઓ પાદશાહોમાં અને પરજાઓમાં માન પામી ગયાછે, અને તેમના નામ અમર રહી ગયાંછે.

રૂથીઆ દેશની સંસારી હાલતમાં શુધારો કરવાના હેતુથી તીઆંના એક ડાહાપણવાલા રેહેવાસી નામે કરીલો

કે એવી વારતાઓ, તેવી બાબતોને લગતી જોડી કાહાડી, ગોદુકની વાતપર બાહાર પાડી હતી. આ વાતો બાહાર પડતાંજ તેઓ રસીઅણોમાં ઘણી ફેલાઈ ગઈ હતી, અને તેથી કરી હાલ તેમનામાં ઘણો સારો સુધારો થયોછે એમ'ક હેવામાં આવેછે. આ વાતો જોડનાર કરીલોફનું માન રશી અનોમાં ઘણુ વધી ગયું હતું, અને તેમનો શાહાનશાહા પણ તેને ઘણુ માન આપતો હતો. તે મરણ પામીઓ તી આરે તેને દુમીદા કરતી વખતની ક્રીરીઆ એક પાદશાહા ના જેવી કરવામાં આવી હતી, અને તેઆ પરજાના પુશક લ લોક અને અમીર ઉમરાવો તથા શાહાનશાહા પોતે હા જર થયાં હતાં. એ વાતોનો ફરેંચ, જરમન, અને ઈંગરે જી ભાશાઓમાં તરજુમો થયોછે. ગુજરાતીમા પણ થાયતો સારૂ, પણ પેહેલો સવાલ એછે કે ગુજરાતી વાંચનારાઓમાં તેના ખરીદદાર કેટલા નીકલે? ગયા આંકમાંજ હમોએ લ ખીઉછે તેમ તેનો કાહાડનાર બીચારો "ગાંઠના ગોપીચંદ" કરીને બેસે. જીઆરે ગુજરાતી વાંચનારાઓની હાલત એવી બેપરવાહી અને ભુલ ભરેલીછે, તીઆરે ગુજરાતી લખનારાઓ તે કીઆંથી નીકલે, અને કોણ એવું કામ માથે લઈ, તેમની આગલ એવાં ઉમદા ઝવેરો મેલે? ખચી ત, આ રીતથી ગુજરાતી વાંચનારાઓના હકમાં ઘણો ગેર ફાયદો થાયછે. ઉપર લખેલા રશીઅન કરીલોફ, જે પોતાની જોડેલી વાતોને માટે આટલું બધું માન પામીઓ, તે વાતો કેવીછે, તે જાણવા માટે તેમાંની બે ચાર અતરે આપીએછે:

## ગધેડો અને બુલબુલ.

એક દાહાડે એક ગધેડાએ એક બુલબુલને કહીઉં કે, તારાં ગાયણ વીશે મેં અજાયબ તારીફ સાંભલીછે. એવી તારીફને લાયક તારૂં ગાયણછે કે નહી તે વાતની હું પોતે ખાતરી કરવા માગુછું, અને તેટલા માટે તે હું મારે કાને કાન સાંભલવા માગુછું. આ વાત તે બુલબુલે કબુલ કીધી. તેના વાંસલી સરખા ગલામાંથી ઘણો મધુર અવાજ કાહાડી ઓ, અને તેના જુદા જુદા અલાપ લીધા. પરથમ સીસોલી વજાડવાથી શરૂ કીધું; પછે તેમાંથી તરેહવાર રાગ કહાડી આ, અને એ પરમાણે એક ગાયણમાં એક હજાર ગાયણ હોય તેમ દેખાડીઉં. કોઈવાર તે પોતાનો સાદ એવો ઝીણો અને નાજુક કરી નાખ્યું કે, કોઈ કહેશે કે દુર પાહાડની બાજુઓમાં વાંસલીઓ સરમાઈને રડેછે! કોઈવાર તે એ વા ઝડપથી એક ઉપર એક સાદ કાહાડતું કે, જાણે એક મો ટો પાણીનો ધોત ગગરી પડતો હોય બુલબુલના આવાં ગા યણને આસપાસની કુદરત ચમ થઈ જઈ સાંભલતી હતી, અને તેની મોજમાં ગરકાવ થઈ ગયલી હતી બીજાં સઘ લાં પક્ષીઓએ પોતાનું ગાયણ બંધ કરી દીધું હતું. પવ ન ફુંકતો બંધ પડી ગયો હતો. મેદાનોપર ચરતાં બકરાં ના ટોલાંએ ચારો મેલી દીધો; અને ભરવાડ પોતાની ભર વાડણના મોડાં તરફ જેઈ હસતો હતો.

બુલબુલે પોતાનું ગાયણ પુરું કીધું, અને ગધેડાની ખાતરી થઈ કે નહી તે જાણવા માટે તેના તરફ ઈનતેજારી ની નજરથી જેવા લાગું. ગધેડાજીએ બુલબુલની આગલ પરથમ ઉપકાર માનવાને ડોકું નમાવીઉં, અને પછે બોલી આ, તમે ગાયણતો મજેનું ગાયું, અને તે સાંભલવા ગમે એવુંતો છે, પણ આટલી વાત ઘણી દલગીરી ભરેલીછે કે, તમોએ એ બાબતમાં આપણા ગામના મરઘા પાસેથી થોડી ઘણી તાલીમ લીધી નથી. આ બોલો સાંભલી બુલબુને જે યું કે આવા અનાડીની આગલ શું માથું ફોડવું, તેથી તે એકબી બોલ બોલીઆવીના તીઆંથી ઉડી ગયું.

આ વાતમાં શીખામણ એ છે કે, સારાં નરસાંની પી છાન સઘલાંનેજ હોતી નથી. જેને જે વાતની સમજ હોતી નથી તેને તેની ખુબીની કદર જણાતી નથી. એવાં માણસ ના સંબંધમાં જીઆરે આવવું પડે, તીઆરે તેની સાથે ત કરાર કરવી નહી પણ ખામોશી અખતીઆર કરી તેની આગલથી રસતો લેવો.

## વાંદરો અને ખેડુત.

એક વેલાએ એક ખેતરમાં એક ખેડુત ઘણી શકત મે હેનત કરતો હતો, અને તેથી તે બધો પરસેવાથી ટીપાતો હતો. તે જેઈ તીઆં ઉભેલા કેટલાક માણસોએ તેની ઘ ણી વખાણ કીધી. એ સઘલું એક વાંદરો એક પાસેનાં ઝાડપર બેસીને જેયા કરતો હતો. તેણે વીચાર કીધો કે, તે બી જે પેલા ખેડુતના જેવી શકત મેહેનત કરે અને પરસે વાથી ભીનાઇ જાય, તો તેની પણ વખાણ પેલા માણસો ક રશે. તે તરત ઝાડપરથી નીચે આવીઓ અને એક લાકડાં નું મોટું કુંદું પડેલું હતું તેની સાથે ખુબ જોર કરવા લાગો. થોડેકવારે, ઘણી મેહેનત કરવાથી તેના દીલપર પણ ખુબ પ રસેવો છુટી આવીઓ, જે જેઈ તેણે તુરત પેલા માણસોની તરફ ફરીને જેયું કે, જેઈએ તેઓ તેની કેવી વખાણ કરેછે. પણ પેલા માણસો વાંદરાનું મોડું જેતાંજ ખુબ હસી પડી આં, અને તેને બેવકુફ ગણી ખુબ મશકરી કીધી. આ બનાવ જેઈ વાંદરો ઘણો અજબ થયો, અને મનમાં ખેદ પામી તીઆંથી જતો રહીઓ.

આ વાતમાં શીખામણ એછે કે, જે કામ કરવાથી એક માણસે માન મેલવીઉં હોય, તે કામ કરવાની આપ ણામાં સમજ કે શકતી નહી હોય, તો તેના જેવું કરવાને માથું ઘાલવું નહી, કારણ કે તેમ થવાથી માન મલવાને બ દલે ઉલટી હાંસી થાયછે.

## હંસ અને મુસાફર.

એક શખસ પોતાના હંસને વેચવા માટે જાતરામાં હાંકી જતો હતો. જાતરાનો વખત ઘણો પાસે આવવાથી તે તીઆં જેમ બને તેમ જલદી પોહોચવા માંગતો હતો, અ ને તેથી તે લાકડીએ કરીને પોતાના હંસને ખુબ હાંકતો હ તો, અને દોડાવતો હતો. આ વાત તે હંસોથી ખમાઈ નહી; તેથી રસતામાં એક મુસાફર મલીઓ તેની આ ગલ તેઓ પોતાના ધણીની આવી માઠી ચાલની ફરીઆ દ કરવા લાગાં. તેઓ બોલીઆં કે હમે કોણ વડાવાની ઓલાદનાં છઈએ, અને હમોને આ હમારો ઘાતકી ધણી, અને બીજા અનસમજુ લોકો કેવું અપમાન આપેછે. હ મારા વડાવાઓએ તો રોમને બચાવીઉં હતું; અને હમે તેમના દીકરા દીકરીનેતો કોઈ માન આપતું નથી. એ સાંભલી મુસાફર બોલીઓ, તમે કહોછ તે ખરી વાતછે. ત મારા વડાવાઓએ તો રોમ બચાવીઉં, પણ તમે શું કીધું?

તમે કંઈ કીધુંછે ? હંસો બોલીઆં, હમે શું કરીએ, હમાશીથી તો તેવુ કાંઈ થતું નથી. મુસાફરે કહીઉં, જીંઆરે તમારીથી કંઇ થતું નથી, તીઆરે તમારે માન પણ નહીં માંગવું જોઈએ. તમારા વડાવાઓએ જેવું કીધું તેવું તમે પણ જીઆરે કરશો, તીઆરે તમુનેબી માન મલશે.

આ વાતની શીખામણ શુંછે, તે એના છેલા વાકીઓ ઉપરથીજ ખુલી માલમ પડેછે.

## બે ગબડતાં પીપો.

એક દીવસે, બે માણસો બે પીપ ગબડાવતાં રસતામાંથી જતા હતાં. બેમાનાં એકમા વાઇન દારૂ ભરેલો હતો, અને એક તદન ખાલી હતું. જેમાં દારૂ ભરેલો હતો તે આસતે આસતે રસતાની એક બાજુએથી ગબડતું જતું હતું; પણ જે ખાલી હતું તેતો આખા રસતા ઉપર ગબડડી મારતું હતું. ઘડીકમાં ડાબી ગમ ને ઘડીકમાં જમની ગમ ગબડી જતું, ઘડીકમાં ઉછલતું, ને ઘડીકમાં દીલપર આવતું હતું. એથી કરી રસતામાં ગોંઘાટ મચી રહીઓ, અને લોક આણીગમથી પેલીગમ ખસવા લાગા, અને બધા તેની તરફજ જોવા લાગા. પેલું ભરેલું પીપ કીઆં ગબડેછે તે કોઈને ખબરબી નહી હતી.

આ વાતમાં શીખામણ એછે કે, જેઓ ઠાલા હોય છે તેઓ ઘણી ગડબડ કરેછે, અને ઘણા ફુંફારા મારેછે, અને તે જોઈ તુરત વેલા લોકનું ધીઆન તેમના પર બેંચાયછે પણ ભરેલાઓ મુગે મોડે પોતાનો રસતો કાપીઆ જાયછે. પછે બંનેનો ભરમ તેમની નજીક આવતાં અને તપાસી જોતાં માલમ પડેછે; અને ખરી કીરતી ઘટતા ઘણીનેજ મલેછે.

## હાથી અને કુતરાનું બચું.

એક વેલાએ એક હાથીને કેટલાક માણસો રસતામાંથી લઈ જતા હતા, અને તેની પછવાડે ઘણાક લોકો તમાશો જોતા ચાલતા હતા. એવામાં એક કુતરાનું બચું કેથેથી નીકલી આવીઉં, અને હાથીના મોડા આગલ આવી ખુબ ભોસવા લાગું, અને તેને અટકાવવાની કોશેશ કરવા લાગું. પણ હાથીને તો તેની ખબરબી નહી હતી, અને તે મુગે મોડે ચાલીઆ કરતો હતો. આ જોઈ ભરવાડના એક મોટા કુતરાએ કુતલીઆંને કહીઉં, અમસથું કાય ફાંફાં મારેછે, હાથી તો તારી જરા દરકાર પણ કરતો નથી, ને તું તો ભોંસતાં થાકી પણ ગયુંછે. 'કુતલીઉં બોલીઉં, હા, તેથી મને ઘણી ખુશી ઉપજેછે. કાંઈબી આપદા ખમવા વગર હું પરખીઆત થાઉ' એ ઘણું મજેનું. હવે બીજા કુતરાઓ કહેશે કે, ભાઇ એ કુતલીઉં ઘણું જોરાવર હશે, અગર નહી તો, તે હાથીને અટકાવા જવાની હીમત કરે !

---

# કરોલીઓ.

કરોલીઓ અથવા જેને કરારીઓ કરીને પણ કેહેછે તે દરેક ઘરમાં જોવામાં આવેછે; પણ તેમાં શરીરની બાંધણી, તેના ગુણ, ખવાસ વગેરે થોડીજ બાઈઓ જાણતીઓ હશે. જોકે એ જાનવર ઘરની ભીતે ભીતે અથવા ખુણે ખુણે ફરતું ઘણું નજીવું લાગેછે, પણ એને માટે જાણવા જોગ ઘણુંછે. એ જાનવર ફકત બીજાં જીણા જાનવરના ખોરાક ઊપર જીવેછે, જેમનો શીકાર કરવાને એ હમેશ ઠગાઈ ભરેલી જાલ પાંથરી તેમને ગફલતીમાં નાખી સપડાવી દેછે. એ પરમાણે એ જાનવરની આખી જીંદગી, ઠગાઈ અને ઘાતકીપણામાં ગુજરેછે. કીડી સરખું જીણુ જાનવર એના કરતાં જુદીજ રીતની જીંદગી ભોગવેછે, અને તેમની ચાલચલણ એવીછે કે, જે માણસને ધડો આપવા જોગ અને નકલ કરવા જોગ થઇ પડેછે. એથી કરી એવાં જાનવરપર પરીત રેહેછે, અને કરોલીઆ જેવાંને માટે, જેમ હરામખોરા અને લફંગા માણસને માટે તીરસકાર પેદા થાયછે તેમ, એને માટે ધીકાર ઊપજેછે.

કરોલીઆની શરીરની રચણા લગાર અજાયબ સરખીછે. એના શરીરના બે ભાગછે, એક આગલો એટલે માથું, અને એક પાછલો, એટલે પેટ. એ બંને ભાગ એક ફકત દોરાજેવાં માસથી એક બીજા સાથે જોડાઇ રહેલાછે. એનાં માથાની આસપાસ ફરતી ઘણી આંખો હોયછે. કોઈને આઠ હોયછે, ને કોઈને છ હોયછે. તે એવી રીતે કે બે આગલ, બે પાછલ, અને બંને બાજુપર એક એક અથવા બબે હોયછે. એના માથાની આગલથી બે ચીપીઆ જેવા કાંટાછે, જેના છેડા બીલાડીના પંજા જેવાછે. એ પંજાની અણી આગલથી એક જીણુ નાકુંછે, જેમાં એક જાતનું ઝેર રહેછે. એ ઝેર વતે તે પોતાના શીકારનો તતકાલ પરાણ લેછે. એને બધા મલીને આઠ પગ હોયછે; જેમાનો એકુ આખો, કે એક આખાનો કોઈ બાગ ટુટી ગયો કે કપાઈ ગયો, તો તુરત તેની જગાપર બીજો ઊગી નીકલેછે. આ વાતથી વાંચનારી બાઈઓએ ઘણુ અજબ થવું નહી, કારણ કે એવાં બીજાં ઘણાં જાનવરો આવેછે, જેમનો હરેક ભાગ કાપી નાખતાં તે જગાએ તેના જેવો બીજો નીકલી આવેછે. તે એટલેવેર કે જો બે કકડા કરી ડોકું ને પુછડી જુદાં પાડીઆં હોય તો, ડોકાંને પુછડી આવેછે, ને પુછડીને ડોકું આવેછે, ને એકનાં બે જાનવર થઈ જાયછે. આવાં બે જાનવરોને એક બીજામાં શું સગાઈ થઇ તે કોઇ ચતુર વાંચનારી બાઈ કહી શકશે? કેટલાંક જાનવરનો એવાં આ

વેછે કે તેનાં સેંકડો કકડા કરી નાખીઆ હોય, તોપણ
દરેક કકડા ઊપર બીજા બધા ભાગ ઊગી નીકલેછે,
અને અક્કુ આખુ જાનવર થઇ એકનાં એકસો પણ
થઇ શકેછે. કરોલીઆને એ આઠ પગ સીવાએ બીજા
બે પણછે, પણ તે ચાલવાને મુદલ કામમા ન આવતાં
હમેશ શીકારને ધરવા પકડવામાંજ વપરાયછે, જેથી તે
મને હાથ તરીકે ગણી શકાયછે.

એ જાનવરને બીજાં જાનવરના શીકાર ઊપર
જીવવાનું હોવાથી, પણ તેને ઊડીને તેવા ઊડતા મા
ખ સરખા શીકારો પકડવાને પાંખ ન હોવાથી તે એક
જાતની જાલ પાંથરી તેમાં તેમને કાગાથી ફસાવીને
પકડેછે. એ જાલ બનાવવાને કુદરતે તેનામાં એક જા
તનો ઘટ ચીકણો પરવાહી પદારથ પેદા કીધોછે, જેમાં
થી ઝીણા તરાગ નીકલી શકેછે, અને તે તરાગો એકઠા
કરી વલ દેવાને પાંચ નાકાં કરેલાંછે. એ દોરાની
મદદથી તે પોતાનું જાલું બાધેછે. જાલું બાંધવાને તે
ઘરમાહેલી એવી જગા પસંદ કરેછે કે, જીઆં તેને પુ
શકલ શીકાર મલી શકે, અને સાથે તેનાં જાલાંની સલાં
મતી રહે. એવી જગા શોધી કાહાડવા પછે તે પોતાનું
જાલું બાંધવાનું શરૂ કરેછે. પરથમ તે પોતાની અં
દર આગલ લખેલા ચીકણા પરવાહી પદારથનું એક
ટીપું પેદા કરેછે. પછે તેમાંથી તે પાંચ તરાગ કા
હાડી પોતાનીજ અંદરનાં પાંચ નાકામાંથી એકઆ
ખો તરાગ કરી તેનો છેડો બાહાર કાહાડેછે. એ
છેડાને ભીતની અથવા જાલું બાંધવાની જગાને એક
છેડે ચોહોંટાડેછે, અને પછે તુરત કુદકો મારી બીજા
છેડાપર જઈ તીઆં વલગાવેછે. એ પરમાણે બંને
છેડાપર તરાગ નાખવા પછે તે તેની ઊપર આગલ ને
પાછલ ઘણી ઝડપથી દોડેછે, અને દરફેરે તેનાપર ન
વો તરાગ નાખેછે. એ પરમાણે પેહેલા તરાગને બે
વડો ચોવડો કરી તેને મજબુત કરેછે. એ તેનાં જા
લાંનો પાયો થયો! પછે તેની બંને બાજુએથી ફર
તા ઊભા દોરા નાખી જાયછે, અને તેની ઊપર આ
ડા નાખી જાયછે. એટલું થયું કે તેનું આખું જા
લુ તઈઆર થાયછે. કેટલીકવાર એ જાલાં આગલથી
લાંબા તરાગ લઈ જઈ બીજી જગાપર તેમના છેડા
ચોંહોટાડી આવેછે. એ પછે વચોવચમાં તે પોતાને ર
હેવાનું અને સંતાઈ રહેવાનું ઘર બાંધેછે. એ પણ ઊ
પરનીજ માફકનું બનાવેલું જાલુંછે, પણ તેના તરાગ
તે એવા તો નજીક નજીક લેછે, અને તેમને વણવામાં
એવી તો સફાઇ લેછે કે તેના જેવું કપડું બનાવવાને
માણસો ઘણીબી કોશેશ કરવા છતાં નીશફલ થયાછે!
આ જાલામાં આ ઠગારો અને ઘાતકી કરોલીઓ ભરા
ઇને બેસેછે. પછે જેવી એકાદી માંખ કે એવુંજ કાંઇ ઝી
ણુ જાનવર તેના બાહારનાં જાલાંના હરેક ભાગપર,
કે પેલા લાંબા પાંથરેલા એકાદા દોરા ઊપર આવીને
બેઠું કે તેનું જાલું હીલેછે, અને તેથી તેની ખબર તે
ને તેનાં જાલાંની માહે પડેછે, તેવોજ તે ઝડપથી બાહા
ર નીકલી આવી, જાલાંપર અથવા દોરાપર ચાલી આ
વી તેને પકડી લેછે, અને પકડતાંવાર મારી નાખી
તેને પોતાનાં જાલામાં લઈ જઇ તેને બેસીને નીરાંતે જ
મેછે! વલી એ જાલું એવું બનાવેલું હોયછે, કે તેમાં
જાનવર ફસીઊ તો એવું ગુચવાઇ જાયછે કે ઘણાબી
તરફડીઆં મારતાં તેમાંથી નીકલાતું નથી.

એની માદા એકી વખતે નવસોથી એક હજા
ર વેર ઈંડાં મુકેછે, જેનો રંગ જરા બલુ ઊપર હોયછે,
અને તેનાપર કાલી છાંટ હોયછે. આ ઇંડાં મેલવા પ
છે માદા એક ઝીણી કોથલી બનાવેછે, તેમાં તેમને ભ
રી તેને પોતાનાં દીલપર વલગાવી મેલેછે. એ પર
માણે જીઆંવેર એનાં બચાં ઈંડાંમાં રેહ તીઆંવેર તેમ
નાથી ભરેલી એ કોથલીને પોતે સાથે લઈને ફરેછે, અને
તેને પોતાના જીવ કરતાં વધારે જાલવેછે. બચાં બાહાર
આવવા પછે પણ, જીઆંવેર તેઓ પોતાની સંભાલ
લેવાને શક્તીવાન થાય તીઆંવેર તેમને પોતાની પી
ઠપર લઇને ફરેછે, અને ઘણાજ જાલવેછે.

કરોલીઆની એકથી વધારે જાતછે. એક જા
તનો કરોલીઓ થાયછે, જે પાણીમાં અને જમીનપર
બંને ઠેકાંણે વસેછે, તેને પાણીનો કરોલીઓ કહેછે.
એ પાણીમાં અજબ રીતે વસેછે. તે પાણીમાં જતાંજ
તેની આસપાસ એક પરપોટો બંધાયછે, અને તેની
અંદર તે વગર હરકતે પાણીની અંદર રહેછે. એક
જાતનો કરોલીઓ થાયછે, જેનું દંખ જેહરી ગણવા
માં આવેછે, અને તેને માટે એવું કહેવામાં આવેછે કે
તેનાં દંખ વાલા માણસની આગલ ગાયણ ગાયું હો
યતો તે સાહાજું થાયછે! એ સરવેમાં એક જાતનો
ઘણા મોટાં કદનો કરોલીઓ થાયછે, જેને પક્ષી પક
ડનાર કરોલીઓ કરી કહેછે. તે તરણ ઇંચ લાંબો હો
યછે, અને તેનાં પગ બરૂ જેવા જાડા હોયછે. એ પ

અને છેડેનાં પંજા પણ ઘણા જબરા હોયછે. એ જાતનાં કરોલીઓ અમેરીકાનાં દકશીણ ભાગમાં તેમાં અગત કરીને ગીઆનાનાં પરાંતમાં ઘણા થાયછે. તે ઝાડોની ઊપર રહેછે, અને નાનાં પકશીઓને પકડી તેમનો શીકાર કરી જીવેછે. જે કરોલીઓ ઘરમાં ફરતો ઘણો નજીવો લાગેછે, તેને માટે આટલું બધું જાણવાનું છે.

---

## જાંન લા.

### મીસીસીપી કુંપનીને નાંમે ચાલેલો સટો.

(સાંધણુ ગયા આંકથી.)

નાંણાં ખાતાંનો એક મોટો અમલદાર, જેને તેની સારી સલાહને માટે પોતાની જગા ખોવી પડી હતી, અને જે પારીસની બાહાર એકાંત પોતાના બાગમાં જઈને રહેલો હતો, તેની ગરજ હવે પડી, અને તેની અગત જણાઈ. તેની આગલી સલાહો, જે તે વખતમાં રાજકારોબારી અને લાને કડવી જેહેર જેવી લાગી હતી, તેજ સલાહો હવે તેમને મીઠી મધ સરખી લાગવા લાગી. રાજકારોબારીએ તેને પોતાના આગલા ઓધાપર પાછો બોલાવવાનો ઠરાવ કીધો, અને તે પરમાંણે લાને અને એક મોભાવાળા કાઉનસલરને તેને તેડવાને મોકલીઆ. પેલો અમલદાર ફરીને પોતાનો ઓધો કબુલ રાખે, અને વલી જીઆરે લા પોતે ચાલીને તેડવા આવીઓછે તીઆરે તે પારીસમાં જાય, એ વાત તેના મીતરોને ઠીક લાગી નહી, અને તેઓએ તેમ કરવાની તેને ભલાંમણ કીધી નહી. પણ તે અમલદાર પારીસમાં આવીઓ. આવતાં વાર, જે આગલ એવો હોકમ કાહાડવામાં આવેલો હતો કે કોઈએબી પોતાના સવાધીનમા પાંચશેથી વધારે રોકડા રૂપીઆ રાખવા નહી, અને જેથી કરીનેજ લોકમાં મોટી અધીર અને બેવીસવાસ પેદા થયા હતા, તે હોકમને એકદમ રદ કરાવીઓ, અને જેને ગમે, તેટલાં નાંણાં પોતા પાસે રાખવાની છુટ આપી. આગલ જે ઘણીજ મોટી રકમની બેંક નોટો કાહાડવામાં આવી હતી, અને જે બધાને લેવડ દેવડમાં જબરીથી આપવાનો હોકમ થયલો હતો, તે નોટોને બાતલ કીધી, અને તેમની જગાએ દેશની આયપત ઉપરની જામીનગીરીથી હડી ટકા વીઆજની પરાખસરી નોટો કાહાડી, અને સઘલી રદ કીધેલી બેંક નોટોને બધા લોકના દેખતાં જાહેર ચોકમાં બાલી નાખી. એ નવી નોટોનો મોટો ભાગ દશ દશ લાઈવરની કીમતનો રાખીઓ હતો. આ પરમાણે નોટોનું નકી કરી તેમને વટાવા આવનારાઓને આપી શકાય એટલી પુરતી રોકડ બેંકમાં મેલીને બંધ પડેલી બેંકને તા૦ ૧૦ મી જુનને દીને ઉંઘાડવામાં આવી.

આ ગોઠવણથી લોકોમાં ભારે ધીરજ અને મોટી હીમત આવી. સઘલા લોકો, જેમને આગલી નોટોને બદલે નવી નોટો મલી હતી, તેઓ તેમને વટાવી નાણાં કરવાને બેંકમાં આવવા લાગા. એટલા બધાતો લોક આવવા લાગા, કે થોડા વખતમાં રૂપાના સીકા બધા ખપી ગયા; જેથી તરાંબાના સીકાઓ આપવા પડીઆ. એ પણ લોકો ખુશીથી લેવા લાગા, અને જેમને તે મલતા તેઓ તેનો મોટો કોથલો ખાનપર મારી, હાંફતા અને પરસેવાથી ગરકાવ થતા પોતાને ઘેર આવતા, અને આ શકત મજુરીને માટે જરા પણ બડબડતા ન હતા; કારણ કે થોડા દાહાડાની વાત પર તેમને તરાંબાં કરતાં મટોકુંબી કોઈ બેંકમાંથી આપતું ન હતું, અને તેમની નોટો પાણીમાં ઉકાલવાને કે પડીકાં બાંધવાનેજ કામની હોય એમ તેમને લાગતું હતું. બેંકના બારણા આગલ નોટો વટાવા આવેલા લોકની એટલીતો ભીડ થતી અને એવીતો ધકાધકી ચાલતી કે દરરોજ એક બે માણસ છુંદાઈ જવાની બુમ પડતી. આ ભીડ વધતાં વધતા તારીખ ૯ માં જુલાઈને દીને એટલી બધી તો વધી ગઈ, અને લોક એટલી તો બુમ બરાડ પાડવા અને તોફાંન કરવા લાગાં, કે અંતે ચોકીદારોને દરવાજા બંધ કરવા પડીઆ. દરવાજા બંધ થતા જોઈ લોક એવુંતો ચીરડાઈ ગયું કે, કટેરાની માહેથી ચોકીદારોની ઉપર પથરો ફેંકવા લાગા. ચોકીદારો તેમને બંદુકો ઉંચકી દેખડાવા લાગા. એવામાં એક જને એક સીપાઈને જોરમાં પથર મારીઓ; અને તેથી સીપાઈએ તેનાપર બંદુક છોડી. એક માણસ તેથી મરણ પાંમીઓ, અને બીજો શકત ઘાયલ થયો. મામલો એવો વધી પડીઓ કે જે વખત જાએ તેટલામાં એક મોટું હુલડ થઈ પડે, અને બેંકપર ધાડ પડે. તુરત બધા સોલજરોને દરવાજાની અંદરથી બાહાર વાલાઓને દેખાય નહી તેમ સરખી હારમાં ભરેલી બંદુકે ઉભા કરી, બંદુક તાકેલી રખાવી, દરવાજા ઉંઘાડી દીધા. તે ઉઘડતાંજ લોક ધસવા જતું હતું, પણ વચે બંદુક તાકીને સોલજરોની હાર ઉભેલી જોઈ બધા અટકી ગયા. આખર કંઈ નહી વલીઉં તીઆરે ગાલબેલ દઈ ચાલી ગયા. બીજે દાહાડેથી પાછું નાણું આપવાને શરૂ કીધું. આઠ દાહાડાવેર બેંકના બારણા આગલ એવીતો ગરદી પડી, કે એટલા વખતમાં પંદર સખશો ધકાધકીમાં છુંદાઈ મરણ પામીઆ. આ બનાવ લોકથી જોવાઇ શકાયો નહી, તેથી તેઓએ તે ચંપાઈ મરણ પામેલાઓમાંથી તરણની લોથને પાટીઆંઓ ઉપર મેલી આશરે દશ હજાર માણસ તેમને લઈને રાજકારોબારીના મેહેલ આગલ ગયા, અને તેના બારણા આગલ તે લાસોને મેલી બુમ મારી રાજકારોબારીને કહેવા લાગા કે, તેણે અને લાએ જે તેમના પર આફતો લાવી નાખીછે, તેના ફલ આ તમે જુઓ. આ વેલાએ લાની ગાડી તે જગામાં ઉભેલી હતી, જે ઉપરના કોચમેને એક મોટી બેવકુફાઈ કીધી તેના શેઠ લાને ગાલ દેતાં જોઈ તે મોટે સાદે લોકો આગલ બોલીઓ કે તેઓ બધા લુચાછે, અને તેમને સુલીએ ચહડાવવા જોઈએ છે. આ બોલો સાંભલીને, અને લા તે ગાડીમાં છે એવો વીચાર કરીને બધું લોક તે ગાડીની ઉપર તુટી પડીઉં, અને તેના કકડેકકડા કરી નાખીઆ. પેલો અપડ કોચમેન ઘણી બારીકીથી છટકી ગયો, અગર નહીતો તેનાબી તેમજ કકડા થઈ જતે. એવામાં લશકર આવી પોહોંચીઉં, અને રાજકારોબારીએ લોકને કેટલોક દીલાસો આપીને કહીઉં કે,

એ તરણ માણસની લાસને તેના પોતાના ખરચે ઘણી આ ખરૂથી ભુમીદાહ કરાવો. એ પછે સઘલું લોક પાછું ચાલતું થયું. જે વેલાએ આ ગડબડ ચાલતી હતી, તે વેલાએ પારલામેંટનું કામ ચાલતું હતું, જેથી બાહાર શું થાયછે તે જાતે જાણવાને પારલામેંટનો પરેસીડંટ પોતે બાહાર આવીઓ. તેણે અંદર જઈ બધા કાઉનસલરોને જણાવીઉં કે, લાની ગાડી લોકોએ ભાંજી નાખી. એ સાંભલતાંજ બધા મેમબરો હરખથી ઉઠીને ઉભા થયા, અને મોટે આવાજે પોતાની ખુશાલી જણાવી. એક તો એટલેવેર ઉલટમાં આવી ગયો કે, પરેસીડંટને ઈનતેજારીથી પુછવા લાગો, "અને લા પોતે, તેનાબી લોકોએ કકડા કરી નાખીઆ કે નહી?"

આ સકીમને માટે જે કમપની થયલી હતી, તેમની આંટ ઉપર હવે છેલો આધાર આવી પડીઓ. તેથી તેમના હાથમાં વધારે નાણા પેદા કરવાની જોગવાઈ કરી આપવાનો વીચાર થયો, કે પછે તેમના ઉપર કાલ કરીને લોકના દેવાં પતાવી શકાય. આ મતલબ પાર પાડવાને એવી દરખાશત થઈ કે, હાલનો વખતનો સઘલો વેપાર એજ કમપનીને કરવાનો હક આપવો. આ દરખાશત કરતાં આ વાત ભુલી જવામાં આવી કે, એમ કરતાં દેશના બધા વેપારીઓ પાયામાલ થઈ જશે. આ દરખાશત રાજકારોબારી અને તેના મલતીઆઓની તરફથી નીકલી હતી. પણ, લોકના મોટા ભાગને તે પસંદ આવી નહી, અને તેથી તે દરખાશત બાહાલ નહીરાખવાને પારલામેંટની ઉપર અરજીઓપર અરજીઓ આવવા લાગી. પારલામેંટે તે દરખાશત બાહાલ રાખવાને ના પાડીઉં, જે ઉપરથી, રાજકારોબારીએ ચીરડાઈને તેમને જણાવીઉં કે, હાલની આફતના ભલતાંને જેમ બને તેમ હોલવી નાખવાને બદલે તેઓ તેમની એવી ચાલથી ઓર તેપર પવન નાખેછે. એથી તેના સઘલા મેમબરોને બલોઈસ નામની જગા ખાતે દેશનીકાલ કીધા, પણ બીજાઓના વચે પડવાથી તેમને પોંટોઈસ નામની જગામા મોકલવામાં આવીઆ અહીં આવવા પછે, રાજકારોબારીનું પાકવવાને, અને તેણે તેમને દેશની કાઢ કીધા તેની તેઓ જરા પણ દરકાર કરતા નથી એવું બતાવવાને તેઓ જેમ બને તેમ ખુશાલીમાં અને મોજમાં પડીઆ. રોજ મોટાં મોટાં ખાનાંઓ અને નાચો થવા લાગા જે માણસો થોડા વખતમા ઘણા ગંભીર કાયદા બાંધનારાઓ હતા, તેઓ આ વખતમાં સરવેથી ઉડાઉ અને મોજીલા બની ગયા હતા. એકબી જાતની રમત અને ગમતને તેઓ વીસરતા ન હતા.

પોતા ઉપરની આફતનાં ગીતો જોડવામાં અને ગાવામાં ફરેંચોનાં જેવા બીજા કોઈ લોક નથી. એ દેશની લગભગ સઘવી તવારીખ ગીતોમાં જોડાયલીછે, અને તે ગવાયછે જીઆરે લા, પોતાની પકી સમજથી સથાપેલી નાણાં સંબંધી રીતીમાં નીશફળ થયો તીઆરે, લોકમાં તે એવો અકારો થયો, કે તેની ગીબતનાં ગીતો જોડાવા લાગાં. સાથે એનાં કામો ઉપરથી એનૂં આપેલા આકારનાં ચીત દુકાંને દુકાંન મુકાવાં, અને ઠારેઠાર તેનાં ગીતો ગવાવા લાગાં. તેની સાથે રાજકારોબારીને પણ સારીપેઠે લપેટીને ગાવા લાગા. એનાં કામનાં તરેહવાર આકારનાં ચીતરો છપાવા લાગાં, તેમાંનું એક, જેનું વરણન નીચે કરીઉંછે, તે ઉપરથી માલમ પડવા લાગું કે લોકોની સુધ ઠેકાંણે આવી છે, અને તેઓ કેવી ભુલોમાં પડીઆ, તેની તેમને સમજ પડીછે. તે ચીતર એવુ હતું કે, શેરની દેવીને એક રથમાં બેસાડી તેને ગુરખાઈની દેવીઓ હાંકેછે; એ રથનાં બેંમ નારાઓને, લાકડાંના પગની મીસીસીપીનું, સાઉથસીનું, ઈંગલંડની બેંકનું, પશચીમ સીનેગાલની કંપનીનું અને એવીજ બીજી કંપનીઓનું રૂપ આપીઉં હતું. આ રથ ઘસડનારાઓને જાણે મદદ કરતા હોય, અને ઝડપથી તેને આગલ ચલાવવાની કોશેશ કરતા હોય તેમ એવી કંપનીનાં એજંટો તેનાં પઈડાંને ગબડાવી આપતા હોય તેમ પાડેલા હતા, અને તેવાઓનાં નામો, તથા તેવી કંપનીનાં શેરોનાં ભાવો, જેમ પઈડું ફરે તેમ ચહડતા ને ઉતરતા લખીઆ હતા. જમીન ઉપર જાણે વેપારનો સામાન અને ખરા વેપારનાં ખાતાં પોતાનાં ચોપડાઓ તે ગુરખાઈનાં રથનાં પઈડાં તલે કચડાઈ ગયા હોય તેમ પાડીઆ હતા. પછવાડે સઘલી ઉમરનાં અને સઘલી વરણનાં લોકોનું મોટું ટોલું દોલત મેલવવા માટે બુમ પાડતું, અને પેલી દેવી જે શેરો સખાવત રૂપે તેમને વેંહેંચી આપતી હતી તેને માટે મારામારી કરતું ચાલેછે. વાદલામાં જાણે શેતાન બેઠેલોછે, તે સાબુનાં પરપોટાઓ ઉડાડેછે, અને પછવાડે ચાલતાં ટોલાનાં લોકો, તે ફુટી જાય તેની આગમચ તેમને પકડી લેવાને એકબીજાનાં માથાંપર અને બરડાપર ચહડી જાયછે. રથનાં ચાલવાનાં રસતાની વચોવચ એક ઈમારત આવેછે, તેનાં દરવાજામાંથી તે પસાર થાયછે. બીજું એક ચીતર એવું કાહાડવામાં આવીઉં હતું કે, જાણે લા એક મોટી ચુહુલાપર ચહડાવેલી ઉકલતી દેગની અંદર બેઠોછે, જેની તલે લોકનાં દીવાનાપણાનું મોટું બલતું બલેછે. તેની આસપાસ લોકોનું મોટું ટોલું ઉભેલુંછે, જે પોતાનું સઘલું સુનું અને રૂપું લાની ઉપર રેડેછે, અને તેના બદલામાં જે તે કાગળનાં કકડાઓ આપેછે તે તેઓ મોટી ખુશાલી સાથે લેછે.

જે વખતમાં આવું આવું લાંને માટે થતું હતું તે વખતમાં તે મજબુત ચોકીદારો વગર બાહાર નીકલતો ન હતો. લોકો તેના ઉપર કેવા ચીરડાયલા હતા, અને તે જો તેના હાથમાં આવતે તો તેઓ તેનો કેવો હાલ કરતે, તે નીચેની વાત ઉપરથી જણાશે. બોરસેલ નામનો એક ગરહસથ પોતાની ગાડીમાં રૂ સેંટ અનટોઈન નામની જગા આગલથી જતો હતો, તેવામાં એક ભાડુતી ગાડી રસતો રોકી ઉભી રહેલી હોવાથી તેને તેની ગાડી અટકાવવી પડી જોશીઓ બોરસેલના ઘોડાવાલાએ પેલા ભાડુતી ગાડીવાલાને બુમ મારીને વચમાંથી ગાડી કાહાડવાને કહીઉં, પણ તેણે તેમ ન કરવાથી ઘોડાવાલાએ જઈને તેને એક તમાચો મારીઓ. આથી કરીને ગડબડ થઈ ગઈ, લોક બધું એકઠું થયું. એ જોઈ ખટપટ પતાવવાને મો૦ બોરસેલ ગાડીમાંથી બાહાર નીકલીઓ. પણ પેલો ભાડુતી ગાડીવાલો બીધો કે તે તેને મારવાને વાસતેજ ગાડીમાથી ઉતરીઓછે, તેથી તેણે તેને કેશરી જમાડવાની મતલબથી, તાલ કરીને આસપાસના લોકો તરફ જોઈ બુમ પાડી કે, કોઈ મારી મદદે આવો, *કોઈ મારી મદદે આવો, આ સખશ લા છે,* અને તે મને મારેછે. લાનું નામ સાંભલતાંજ લોક ભુખીઆ વા

ધની માફક તઈઆર થયા, અને આસપાસની દુકાનોમાંથી જેના હાથમાં જે આવીઉં તે લઈને ઉતરી પડીઆ. સારા ભાયગે, એક દેવલ પાસેનું હતું, અને તેનું બારણુ ઉઘાડું હતું, તેથી બીચારો મો૦ બોરસેલ અને તેના ચાકર દોડીને તેમાં ભરાઈ ગયા. લોક બધા તેની પછવાડે દેવલની અંદર ગુસી ગયા, પણ તેવામાં કોરીઆના ઓરડામાં મો૦ બોરસેલ ભરાઈ ગયો, ને બારણા બંધ કરી દીધાં. તેવામાં તે દેવલનો પાદરી ધુજતો ને કાંપતો આવીઓ, અને બધાને સમજ પાડી કે એ સખસ કંઈ ઘા નથી, પણ ગાડીવાલાએ તેને માર ખવાડવાને એમ તાલમેલ કીધીછે. એમ જાણવાથી બધા લોક પાછા પોતપોતાને ઠેકાણે ગયા, પણ તેની આગમચ બીચારા બોરસેલની ગાડીના કકડેકકડા કરી નાખીઆ હતા.

(સાંધણછે.)

—oooo—

## આન હેરીસન.

આ ભલી સ્ત્રી ઈંગલંડનાં સર જોન હેરીસન નામના ઊમરાવની છોકરી હતી. તે ૧૬૨૫ નાં વરસનાં મારચ મહીનાની ૨૫ મી તારીખે લનડન મધે જનમી હતી.. એની મા પણ મોટાં ખાનદાનની હતી, અને જાતે ઘણી પવીતરાઈથી રહેનારી હતી. આ માએનાં હાથ તલે આન એવીતો સરસ કેલવાઈ હતી, અને વલી તે જાતે એવીતો ડાહી અને ચંચલ હતી, કે તેની માનાં મરણ પછે, જે વેલાએ તેની ઊમર માતરે પંદર વરસની હતી તે વેલાએ ઘરનો સરવે ખરચો પોતે ચલાવવા લાગી.

આન હારીસન ઓગણીશ વરસની થયા પછે મી૦ રીચરડ ફેનસા, જેણે પાછલથી સરનો ખેતાબ મેલવીઓ હતો, તેની સાથે પરણી. મી૦ ફેનશાએ ધારાનો અભીઆશ કરીઓ હતો, પણ એ ધંધો તેને પસંદ નહી આવીઆથી તે પોતાની સ્ત્રીને લઇને બાહાર ગયો, અને તે પછે તેને સપેનની દરબાર માહેલા ઇંગલંડનાં એલચીનાં સેક્રેટેરીની જગા મલી. ઇંગલંડમાં પેહલા ચારલસને ગાદી ઊપરથી ઊઠાડી મેલવાંની ગડબડનાં વખતમાં મી૦ ફેનશા પાદશાહની મોટી તરફેણ કરનાર હતો, અને પાછલથી તેના દીકરા બીજા ચારલસને મોટો સલાહ આપનાર થયો હતો. આ ગડબડનાં વખતમાં જે જે સંકટો મી૦ ફેનશાને ખમવાં પડતાં હતાં તે સઘલામાં તેની ભલી સ્ત્રી, મીસીસ ફેનશા, ભાગ લેતી હતી, અને પોતાનાં ધણીનાં દરેક કામને પસંદ કરી તેમાં સાંમેલગીરી રાખતી હતી.

આખરે એક મોટી લડાઈ થવા પછે મી૦ ફેનશાને પકડી એક બંધીખાનાંમાં નાખવામાં આવીઓ. આ વખતે તેની ભલી સ્ત્રી મીસીસ ફેનશા, દરરોજ પાછલી રાતનાં ચાર વાગતે હાથમાં ઢાંકેલું ફાનસ લઇ તે બંધીખાનાનાં જે ભાગમાં તેના વાહાલા ધણીને રાખવામાં આવીઓ હતો તેની બારી આગલ આવતી, અને અંધારાની, તોફાનની કે વરસાદની બીક રાખવા વગર તે કેટલોક વખતવેર તેની સાથે વાત કરીને જતી. એમ કરવા માટે કેટલીક વખત તે તદન વરસાદમાંજ ઊભી રહી હતી.

આખરે મી૦ ફેનશાને મોટી જાંમીનગીરી ઊપર તે બંધીખાનામાંથી છોડવામાં આવીઓ. તે પોતાની સ્ત્રીને લઇને ટેંકરસલી પારક નામની એકાંત જગામાં જઈને રહીઓ, અને તીઆં તે વીદીઆ હુનરની બાબતોમાં પોતાનો વખત ગુજારવા લાગો. મીસીસ ફેનશાને પણ એ માતીનો ઘણો શોખ હોવાથી તે પણ તેની સાથે તેના કામમાં સાંમેલ થઈ.

કેટલોક વખત ગુજારવા પછે સઘલી ગડબડ નરમ પડી ગઈ, અને બીજો ચારલસ ગાદી ઊપર આવીઓ. આ વખતે તે બીજા ચારલસની દરબારમાં ઘણો માનીતો થઈ પડીઓ. તે સર કેહવાવા લાગો, અને તેને પારલામેંટમાં જગા મલી. તીઆર પછે તેને પોરટુગલ અને સપેનનાં એલચીની જગા મલી. એટલું છતાં, આ સઘલા વખતમાં બંને ધણી ધણીઆણી એવાં એકબીજાને ચાહીને ચાલતાં હતાં, કે તેનું સુખ સર રીચરડ ફેનશાને બધા કરતાં વધારે લાગતુ હતું. રાજકારોબારમાં કાંઈ ફેરફાર થવાથી સર રીચરડને ઇંગલંડ પાછો આવવાનો હોકમ થયો. તે સપેનથી નીકલવાની તઈઆરી કરતો હતો, તેવામાં માઠા ભાયગે તે એકાએક મરણ પાંમીઓ. એનાં મરણથી જેઓ એને ઓલખતાં હતાં તેઓમાં ભારે દીલગીરી પેદા થઈ. લેડી ફેનશાનાં દુખ ને દલગીરીનોતો પાર જ નહી રહીઓ. તેનુ એવું દુખ જોઇ સપેનની રાણીને તેનાપર એટલીબધીતો દયા આવી કે લેડી ફેનશા જો રોમન કેથોલીક ધરમ કબુલ કરેતઃ તે તેને વરસ દાહાડે તીશ હજાર રૂપીઆનું વરસાન આપતું કરે, અને તેનાં બચાં છોકરાંનાં પાલણ પોશણનો પણ બંદોબસત કરે. લેડી ફેનશાએ રાણીનો મોટો ઊપકાર માનીઓ અને તેની સરત કબુલ રાખવાને એટલે ધ

રમ બદલવાને ના પાડીશું. લેડી ફેનશા પોતાના ધરમ ઊપર ઘણી ચુશત હતી, અને ખોદાપર હંમેશ મોટું એકીન રાખનારી હતી. આવા વખતમાં ખોદા પાસ મદદ માગવાને તેણે તે કીરતારની નીચે પરમાણે બંદગી કીધી.

"ઓ સરવ શકતીમાન ભલા ખોદા, જમીન ઊપરનાં હું એક દુખીઆરા પરાણી તરફ તું આકાશમાંથી જો. મારી કીરતી, મારો લોભીઓ અને આ દુનીઆમાનું મારૂં સઘલું સુખ, જે મારો ધણી હતો, તેતો ચાલી ગયો. તેણે પોતાની આખી ઊમર જે એકીનદારીથી અને નીરદોશપણાથી ગુજારી તેના બદલામાં હું આ દુનીઆનાં સુખની આસા રાખતી હતી, તેમ ન બનતાં હું મારા રસતા ઊપર ગોથલીઆં ખાઊંછું તે જો. ઓ સાહેબ, મારાપર દયા કર, ને મારો બેચેન થયલો જીવડો, જે આ દુખના બોજા તલે દબાઇ જાયછે, તે તારા ટેકા વગર કદી ઊભો રહી શકવાનો નથી, તેને તું રાહાત બખશ. મને જો, હું પાંચ પાંચ બચાંની સાથે આવાં સંકટમાં, મારા દેશની બાહાર, મારા મીતરોથી દુર, કોઇની પણ સલાહ વગરની, મારે દેશ જવાને પઇસા વગર અશકત થઇ પડેલી, ધરમ બદલવાની લાલચમા નખાયલી, ફસી પડી છું. જે તારી મરજીમાં આવે તે તું મારી ઊપર અને મારે વાસતે કર. મારો અને આ મારાં બાપ વગરના બચાંનો સઘલો આધાર તારીજ ઊપરછે. તારી પાસે ઘણી આજીજીથી માંગી લઊંછું કે જીઆરે મારી જીંદગીનો આ દુનીઆંમાંથી અંત આવે, તીઆરે મારાં રૂહને મારા ધણીનાં રૂહની સાથે મેલવજે."

સર રીચરડ ફેનશાનાં શરીરને સાફ કરી દવા ભરીને કેટલાક મહીનાવેર રાખી મુકીઊં, અને તેને લેડી ફેનશા દરરોજ જોયા કરતી હતી. તે પોતાનાં ધણીની લાસને સાથે લઇને ઈંગલંડ જવાને ઇનતેજાર હતી, પણ તેમ કરવાને તેની પાસે પઈસા નહી હતા. સર રીચરડના કેટલાક પગારો ચહડી ગયલા હતા, પણ તેનાં નાણાંબી આ વખતે તેના હાથમાં આવીઆં નહી. છેલે, આસટરીઆની એક વીધવા રાણી, જે તે વખતે સપેનમાં હતી, અને જે સર રીચરડ ફેનશા વીશે ઘણુ માન ધરાવતી હતી તેણે તેને જોઇતાં નાણાં આપીઆં. આ મદદ મલતાંજ તેણે સપેન છોડીઊં, અને પોતાના ધણીની લાસને લઈ ઈંગલંડ આવી; તીઆં તેને એક દેવલમાં દાટીઓ, અને તેની ઊપર એક મોટો લેખનો પથર ઊભો કીધો.

આ પછે લેડી ફેનશા સઘલું ધીઆન પોતાનાં છોકરાંઓને કેલવણી આપવાં પાછલ રોકવા લાગી, પોતાના ધણીને જેમ તેની હઈઆતીમાં ચાહાતી હતી, તેમજ તેને તેના મરણ પછે પણ ચાહાતી હતી, અને રોજ ઈઆદ કરતી હતી. લેડી ફેનશા પોતાની આવી ભલી ચાલથી લોકમાં ઘણુ માન પામી, અને એક ભલી સ્ત્રીનો નમુનો ગણાઇ.

## ગુલામગીરીમાં ફસેલી એક સ્ત્રી.

જે જે દેશોમાં ગુલામી વેપાર આગલ ચાલતો હતો, અને હાલ ચાલેછે, તીઆંની એ ગુલામોને વેચવાની જગાઓ અથવા તેમનાં બજારો જેવાં બીહામણા અને દયા ઊપજાવવા જોગછે, તેવી દુનીઆંમાં બીજી એકે જગા નથી. તીઆં જે દેખાવ નજરે પડેછે, તે છાતી ફાડે એવો હોયછે. સુંદર ચેહેરની ઓરતો, મજબુત બાંધાના મરદો, અને કોમલ બાલકો, નાસીપાસીના દરીઆમાં ગરકાવ થઇ, ડોકું એકગમ નમાવી, હાથ છાતીપર મેલી, પોતાનું વતન, પોતાનું ઘર, પોતાના વાહાલાં અને એવીજ બીજી સેંકડો વાતો મનમાં ઈઆદ કરતાં, અને તે સઘલાંની જુદાઈથી ઝાર ઝાર રડતાં જોનારની આંખે પડેછે. ભાઇ ભાઈઓ, મા દીકરાંઓ અને ધણી ધણીઆંણીઓ એકએકની પાસે, દર પલે, કદી નહી મલાય એવી રીતની જુદાઈ થવાની ધાસતીમાં, ધપકતાં હઈડાંથી બેઠેલાં હોયછે, અને દરેક ખરીદદારની તરફ ભારે ઈનતેજારીથી જોયછે કે, તે બંનેને માટે પુછેછે કે એકને માટે. એવામાંથી એક એકને હાથ, અને બીજું બીજાને હાથ વેચાતાં તેમનો છુટાં પડતી વખતનો દેખાવ નહી વરણાય એવાં દુખ ભરેલો થઇ પડેછે.

માણસ જાત ઊપર પડતી આ આફત હાલના વખતમાં ઘણે દરજજે ગઇછે, બલકે સોમાં હસી ઊપર ટકા ગઇછે. એને મારે જેમનો ઊપકાર થયોછે, તેઓ અંગરેજ લોકોછે. ધનીઅછે તેમની માતને કે તેઓએ વીશ કરોડ રૂપીઆનો ખરચ કરી ગુલામગીરીને પેહેલી પોતાના દેશમાંથી નાબુદ કીધી, અને તીઆરથી, તે અતીઆરવેર બીજાં દેશમાથી દુર કરાવવાની કો

શેશ કરેછે. આટલું છતાં અમેરીકા મધે છેક જયાં પાંચ સાત વરસવેર જબરી ગુલામગીરી ચાલતી હતી, તેપણ હવે તીઆંથી તદન નાબુદ થઇ ગઈછે. તેને માટે જેનો ઊપકાર થયોછે, તે મરનાર આબરામ લીનકન છે, જેનું ચીતર પણ એકવાર આ ચોપાનીઆંમાં આપેલુંછે.

એક વેલાએ, એક એવાં બજારમાં ઘણાક ગુલામોને વેચવા મેલેલા હતા. તે બજાર તરફ એક અંગરેજ, ગુલામ ખરીદવા નહી, પણ તીઆંનો દયા ધરવા જોગ દેખાવ જોવા ગયો હતો. તેના જોવામાં એક ગરીક, એટલે ગરીસ દેશની રેહેનારી સ્ત્રી પોતાની એક બાર વરસની છોકરીની સાથે, તીઆં બેઠેલી આવી. તે બંને મા દીકરીઓ દેખાવે ઘણી રૂપવંતી હતીઓ, પણ તે વખતે તે બંનેનાં મોડાં, આ માહાભારત દુખથી તદન કરમાઈ ગયલાં હતાં. એ સ્ત્રીને તેની છોકરી સાથ, ગુલામ પકડનારા કરપીણો જબરીથી પકડી લાવેલા હતા. તે બીચારી પોતાની આવી અવસથા જોઇ પોતાની છોકરીને છાતીમાં દાબી બેસીને રડીઆ કરતી હતી. તે બીચારી ઊપર બેવડું દુખ હતું. પોતાનું વતન, પોતાનું ઘેર અને પોતાનો ધણી ખોહી આવાં દુખમાં પડી હતી તે, અને તેની સાથે તેની વાહાલી દીકરીથી તેને જુદું પડવાની ધાસતી હતી તે. તે પોતાનું બીજું સઘલું ભુલી જઈ છેલે એટલીજ આસા રાખતી હતી કે, કોઇ તેને અને તેની દીકરીને બનેને સાથે વેચાતાં લેતો સારૂં. એવામાં એક કરપીણ અરબ તેની પાસે આવીઓ, અને છોકરીની તરફ તાકીને જોવા લાગો. એ પછે તેણે વેચનારને તે છોકરીની કીમત પુછી અને બંને જન રકજક કરવા લાગા. પેલી દુખીઆરી મા પેલાઓની ભાશા સમજતી ન હતી, તોપણ છોકરી તરફજ સઘલી નજર રાખી પેલાઓ ભાવની રકજક કરતાં તે સમજી ગઈ, કે જે વાતને માટે તે બીહીતી હતી તેજ આખર બનેછે. તે જોઇને તે બીચારી તદન નાચાર થઇ ગઈ, અને ભારે અફશોશમાં પડી. એવામાં પેલો અંગરેજ, જે અતીઆર વેર એકગમ ઊભો રહી બધું જોયા કરતો હતો, તે પેલીની આગલ આવીઓ અને તેની સાથે તેની ભાશામાં વાત કરવા લાગો. તે સ્ત્રી, જેનું નામ ઇવેડન કરી હતું, તે બીચારી જે દાહાડેથી આ શેહેતાનોને હાથ ફસી હતી, તે દાહાડેથી તે છેક તે વખત સુધીમાં તેની ભાશા તેણે આ પેહેલીજ સાંભલવાથી તેની છાતીમાં જુસો ચહડી આવીઓ, અને તુરત દયા ઊપજાવવા જોગ આવાજે બોલી, "અરે સાહેબ, જે માએ તમોને જનમ આપીઓછે, તે માના પીઆરને ખાતર, જો તમે ખરીદી કરો તો અમોને છુટાં પાડતા ના. હું તમે કેહેશો તે તમારી ચાકરી કરશ, તમારી મેહેનત મજુરી કરશ, તમે જે કેહેશો તે કરશ, પણ મારાં બચાંને મારીથી છુટું પાડતા ના." તે બીચારી આવી કાકલુદીથી વાત કરેછે તેવામાં પેલો વેચનાર પેલા અરબને મુકીને અંગરેજની આગલ આવીઓ, અને તેને પુછીઊં કે, "તમારે શું એમને ખરીદવાની મરજીછે"? તેણે કહીઊં, "હા". એ જોઈ પેલો અરબ વચે બોલીઓ કે, "તમે મારી સાથનો ભાવતાલ નકી કરો." એમ કહી તે જીઆં તીઆંથી ઊતાવલે સાદું કરી દેવાની બોહોસ કરતો હતો, કારણ કે તેને બીક હતી કે રખેને પેલો અંગરેજ તે છોકરીને ખરીદ કરી લે. પણ, એવો મામલો જોઇ, પેલા અંગરેજે તે બંને માએ દીકરાંની એવડી મોટી રકમ આપવા કહી, કે તેથી વધારે આપવાની પેલા અરબમાં શકતી નહી હોવાથી તે ફફરી ચટકીને જતો રહીઓ, અને તુરત નાંણાં લઈ વેચનારે તે બંને જનને તેને સવાધીન કીધાં. આ વખતે ઈવેડન પોતાનું બીજું સઘલું દુખ ભુલી ગઈ અને મોટા હરખમાં આવી ગઈ.

પેલો અંગરેજ તેને લઇને તીઆંથી ચાલીઓ, અને જે મકાનમાં તે રેહેતો હતો તીઆં લઈ ગયો. ઘરમાં ગયા પછે તે મકાન મધેનાં એક સીનગારેલા ઓરડામાં તે તેઓને લઇ ગયો, અને તીઆં તેમને બેસવાને કહીઊં. તે સાંભલી ઈવેડન બોલી, "હું તમારી ગુલામ છું, અને તેથી મને મારા શેઠની સામે બેસવું લાજમ નથી." એ સાંભલી તે અંગરેજ બોલીઓ, "હું જાતનો અંગરેજ છું, અને અંગરેજો ગુલામ રાખતા નથી. મેં તુંને વેચાતી લીધી નથી, પણ તારો છુટકારો કરવાને મેં નાંણાં આપોઆંછે. તું હમણા તદન છુટીછે, અને જીઆં તારી મરજીમાં આવે તીઆં જવાને તું મુખતીઆરછે," આ બોલો સાંભલી ઈવેડને અજાયબીથી પોતાનાં ડોલા ઊંચા કીધા, અને બોલી, "સાહેબ, મારા દેશને અને મારા ધણીને હું ફરીથી જોઈશ એવી આસા આપી તમે મારી મશકરી કરો ના. હું જાણુછું કે હવે ફરીને તમને જો

વાં એ તદન અશકીઅછે." એ સાંભલી અંગરેજ બોલીઓ, "બાઈ, સાંભલ; હું અંગરેજ છું અને છુટા પણાનાં દેશનો વસનાર છું. હમારા દેશમાં હમે ગુલામ રાખતા નથી, અને આ દેશમાં આવીને પણ જો હું તુંને કે તારાં જેવા કોઇને ગુલાંમગીરીમાં રાખું તો, બેશક મેં મારા દેશનાં નામને મોટી એબ લગાડેલી ગણાય મેં તુંને બજારમાં રડતી જોઈ, અને તેથી મને તારાપર ઘણી દયા આવી. પછે મેં જોયું કે આ તારી દીકરીછે, અને તેને પેલો અરબ ખરીદવા માંગતો હતો, જેથી તું પોતે ભારી દુખી દેખાતી હતી, જે જોઈ મને મારી માનો પીઆર ઈઆદ આવીઓ, અને એ સઘલું થવાથી મેં તુંને નાંણાં આપી તે કરપીણોનાં આજાબમાંથી છુટી કીધી. માટે તું છુટીજછે એમ તારે ખાતરીથી માનવુ." આવા બોલો સાંભલી અને સઘલો મામલો અનચીતો ફરી ગયલો જોઇ તે એવાતો હરખમાં આવી ગઈ, કે કેટલોકવાર સુધી તેનાથી કંઇ બોલાયું નહી, કે હીલાયું નહી; પણ જેવી પોતાની શુધીમાં આવી કે વેહલી વેહલી ઊઠીને તે અંગરેજને પગે પડવા ગઈ, પણ તેણે તુરત તેને તેમ કરતાં અટકાવી, અને મોટો દીલાસો દઈ તેને પાછી બેસાડી.

એ પછે તે અંગરેજે ઈવેડનને એવી દરખાશત કીધી કે તેમની વચે સંબંધ કાયમ રેહેવાને તે જો પોતાની છોકરીને તેને સાંપશેતો તે તેને ઈંગલંડ મોકલી ઊંચી કેલવણી આપશે, અને પછે જો તેની, તારી અને તેના બાપની ખુશી હશેતો તે તેની સાથ લગન કરશે. ઈવેડને મોટી ખુશીથી તે વાત કબુલ રાખી. તે પછે થોડા દાહાડામાં તે અંગરેજે ઈવેડનને તેના ધણીને ઘેર મોકલી, અને તેની છોકરીને ઈંગલંડ મોકલી; તે એવી ગોઠવણથી કે જીઆરે ગમે તીઆરે ઈવેડન પોતાની છોકરીને પોતાની આગલ બોલાવે અને મલે. ઈવેડન પોતાના ધણીને જઇને મલી, અને બંને જને પેલા ભલા અંગરેજને લાખોલાખ દુવા દીધી. છોકરી પણ કેલવણી લઈ મોટી થઈ, અને પછે તે પેલા અંગરેજ સાથ પરણી, અને સઘલાં ખુશી ખુશાલોમાં દાહાડા કાહાડવા લાગાં.

## પરચુટણ.

**સુખી માણસ**—જે માણસને સ્રીની તરફથી હમેશાં પીઆર મલતો રેહેછે, અને હસતા મોડાં દેખાતાં રેહેછે, તે માણસ હમેશ સુખી હોવો જોઇએ. પણ એ સુખ એવું નાજુક છે, કે જો એને બરાબર સમજથી વાપરીઉં ન હોય તો, જેમ કાચના પરપોટા ફુટી જાયછે, તેમ તે જતું રહે છે. તેમ થવાથી તે દુખી થઈ પડેછે, તે સુખી થવાના પરમાણમાં એટલું કડણ હોયછે કે તેનાથી ખમાઈ શકાતું નથી.

---

**અસુખી માણસ**—અસુખી માણસને તે છે કે, જે પોતાની જાતી જવાબદારીના કામમાં, અકડબાજીની રીત, બીજાના મત અને બોજાઓની વખાણની આસા, વાપરો, પોતાની ખાતરીના વીચારોને પોતાના અંતકરણ તરફજ બેઈમાન કરી, સઘલું કામ બગાડે.

---

**મોટું ગનાન**—દરેક માણસે મોટાંમાં મોટું ગનાન પોતાની જાતી શકતી વીશે રાખવું જોઇએ. કારણ કે પોતાનોમાં હરેક વાતની બાબતમાં કેટલું બંડોલછે તેની ખબર રાખવા વીના, અથવા તેનો વીચાર કરવા વીના, હરેક વાતમાં માથું ઘાલવાથી, વખતે જે ફજીએતી અથવા નાસીપાસી આવી પડેછે, તે એવી જબરી હોયછે, કે તેવી બીજી થોડીજ વાતમાં ભુલ કરવાથી આવી પડેછે. સઘલા માણસોએ, પોતપોતાની શકતી વીશે ઉતરતોજ વીચાર રાખવો જોઇએ, અને જીઆં તેવી શકતી વાપરવી પડે તીઆં, તે ઘણી ઉતરતીછે એવું મનમાં લઈ કરવુ જોઇએ.

---

**માએનું હેત**—દરેક માણસને સઉકરતાં માએ ઉપર વધારે હેત હોયછે. પોતાના વખતમાં તે ગમે એવાં સુખમાં કે દુખમાં આવેલો હોય, તોપણ તેને કોઇ કોઇ વાખી તેની મા ઈઆદ આવેછે, અને તેને જો દુખ દીધું હોયતો દીલમાં પંસતાવો પેદા થાયછે, અને જો સુખ અપીઉં હોય, તો સંતોશ પેદા થાયછે. થોડાજ પથરના દીલના હેરેઓનો મલી આવશે, જેઓ પોતાની માને તદન ભુલી જાય, અથવા તેને દુખ દીધેલું ઈઆદ આવવાથી તેને પસતાવો નહી થાય.

---

**ખુશી અને નાખુશી**—જીઆરે માણસ ખુશીમાં હોય છે તીઆરે તેને આસપાસ બધુંજ ખુશી ભરેલું દેખાય છે, અને જે બધું જેવું હોય તેના કરતાં વધારે સારૂં દેખાયછે, હવા વધારે ખુશનુમા લાગેછે, આકાશ વધારે સાફ દેખાયછે, જમીન વધારે લીલી જણાયછે, ઝાડો વધારે લીલાં માલમ પડેછે, ફુલોનો વાસ વધારે મધુર આવેછે અને સુરંજ, તારા, ચંદર બધું વધારે ચલકાટ ભરેલું દેખાયછે. ગમે એવો ખોરાક હોય પણ તે સવાદદાર લાગેછે, જલદી જરી જાયછે, દીલ હલકું લાગેછે, અને કામ કરવાનું મન થાય છે. પણ નાખુશીના વખતમાં સઘલું ઉલટું અને સઘલું આડું લાગેછે. ઠંડું હોય તે ગરમ લાગેછે, અને ગરમ ઠંડું લાગેછે. સવાદદાર હોય તે બેસવાદ લાગેછે. ગમે એવી સારી વાત કડવી ઝેર જેવી લાગેછે. ગમે એવો રલીઆમણો દેખાવ કરડવા આવે એવો લાગેછે. દરેક ચીજ ગમે એવી સંપુરણ હોય તોપણ તે ખામી ભરેલી લાગેછે. કેટલાકોમાં બધી હાલત એવી થાયછે, કે આ દુનીઆંમાંનું સઘ

હું તેને શેતાંનીઅત ભરેલું લાગેછે, અને સઘલાંની આંખ માં તે પોતે શેહેતાનનું ખોરીઉં દેખાયછે.

**ચાલાકી**—આપણી પાસે ચાલાકી અને હાજર જ વાબી હોયતો, તે આપણા અને બીજાના બચાવની ઢાલ દાખલ વાપરવી જોઈએ, નહી કે તે પોતાને અથવા બીજાને જખમી કરે એવી તલવાર દાખલ વાપરવી. સુનાની કટારી કમરમાં ખોસેલીજ શોભેછે, પણ પેટમાં મારેલી પરાણ લે છે. માટે ચાલાકી અને હુશીઆરીનો ઉપયોગ પણ સંભાલથીજ કરવો જોઈએછે.

**કાગલપર પાતરાંનો આકાર**—કાગલની ઉપર હરેક પાતરાંનો આકાર લેવો હોયતો, આ પરમાણે કરવું: જે કાગલ પર આકાર લેવો હોય તે કાગલપર પાતલી જેવી ચરબી ચોપડવી. પછે તે ચરબી ચોપડેલાં પરને, તેલના દીવાપર છેક ઉંચેથી ધરીને, ધુમાડો લગાડવો. પછે જે જાતનું પાતરૂં જોઈએ તે જાતનું લઈને પેલાં કાગલના ધુમાડો લગાડેલાં પડપર એક બાજુએથી મેલવું, ને બીજી બાજુનું કાગલ તેના પર વાલવું, કે પાતરાંની બંને બાજુએ ધુમાડો લાગેલું કાગલ આવે. જરાક વારમાં કાગલ ઉખેડી પાતરૂં બાહાર કાહાડવું, અને કાગલનું પડ ફેરવી નાખી, સાફ પાસાં ઉપર, ઉપર લખવા પરમાણે પાતરૂં મુકી ઉપર કાગલ વાલી તેને એક મોટી ચોપડીના પાનાંઓની વચે થોડોક વખત દાબી રાખવું. બાહાર કાહાડવા પછે પેલાં કાગલપર પાતરાંનો બરાબર આકાર પડી રહેલો દેખાશે.

**ચોરોની સંખીઆ**—આખાં લંડન અને તેની આસપાસની જગામાં બધા મલીને ૨૭૪૦ જાણીતા ચોરોછે, અને તેઓ ફરતા ફરેછે એવું ગણતરી ઉપરથી માલમ પડી ઉછે. એ ચોરો ચોર છતાં ફરતા ફરેછે, એટલે ચોરીનોજ ધંધો કરેછે, અને જીઆરે સપડાયછે તીઆરે વગર ભાડેના ઘરમાં રહી આવેછે, અને મુદત પુરી થતે પાછા આવી ફરતા ફરતા ફરેછે, અને મીલકતનો દાવ જોતા રહેછે.

**તમાકુનો ખપ**—તમાકુએ દુનીઆં ઉપર અજબ સરખો ફેલાવો કરીઓછે, કોઈ જાતના લોકો એનો ઉપયોગ હરેક આકારમાં કરીઆ વગર રહેતા નથી. ગરેટ બરીટનમાં એનો ખપ કેટલોછે, તે આ ગણતરી ઉપરથી જણાશે, કે ગયાં આખાં વરસમાં બધો મલી ૪૯૦૧૬૫૮૫ રતલ કાચો તમાકુ એ દેશ ખાતે બાહારથી આવીઓ હતો.

**ચાહનો ખપ**—ચાહનો ખપ પણ દુનીઆંના ઘણાક ભાગપર અતીશ વધી ગએલો લાગેછે. ગરેટ બરીટનમાં એનો એટલો બધો ખપ થાયછે કે, ગયાં એક વરશમાં એ દેશ ખાતે વાપરવાને માટે બધી મલીને ૧૦૬૭૧૮૬૯ રતલની નીકાસ થઈ હતી. તે ઉપરની જગાતના ૨૬૭૨૯૭૮૦ રૂપીઆ સરકારને ઉપજીઆ હતા.

**હીંદુસતાનની રેલવેઓ ઉપરનું વીઆજ**—હીંદુસતાન મધેની સઘલી રેલવેઓ ઉપર જે હીંદુસતાનની સરકાર વીઆજ આપેછે, તેની ૧૮૬૯ નાં વરસમાં કુલે રકમ ૨૫૭૫૧૦૭૩ રૂપીઆની હતી. તેમાં જુદી જુદી કંપની એ પોતાની આવકમાંથી સરકારને ભરેલાં નાણાંની એજ વરસની કુલે રકમ ૧૩૬૫૮૭૫૩ રૂપીઆની થઈ હતી.

**પથર બાંધેલા, ને કુતરા છુટા!**—એક વેલાએ, એક ગામડીઓ સખશ પથર પુરી બનાવેલા રસતા ઉપર ચાલતો હતો, તેવામાં એક કુતરો તેનાપર ભોંસવા લાગો. તુરત તે વાકો વલીઓ, અને તેને મારવાને એક પથર ઉચકવા ગયો, પણ તે જમીનમાં ડટાયલો હોવાથી તેનાથી નીકલીઓ નહી. તે જોઈ તે બોલીઓ, "અરે બાપરે, આ કેવું ગામ હશે, કે જીઆં કુતરાને છુટા મેલીઆછે, ને પથરાને બાંધી રાખીઆ છે!

**એક પલેટ કીધેલુ માણસ**—એક વેલાએ કેટલાક મોજીલાઓ એકઠા બેસી વાતચીત કરતા હતા, તે વેલાએ તેઓમાંનો એક જન પોતાની વીદીઆ હુનરની ચાલાકી બાબે ખુબ ડંફાસ હાકતો હતો. તે પોતાને વાસતે ઘણા મોટા મોટા બોલોમાં બોલીઓ, અને બધાને એવું દેખાડવાની કોશેશ કરતો કે તેના જેવો બીજો કોઈ નથી. છેલે તે બોલીઓ કે હું તાનો સરખો "પલેટો" છું. આ બોલો સાંભલી તેઓમાંનો એક જનતું છેક ઉભાઈ આવીઉં, જેથી તે તુરત બોલી ઉઠીઓ કે ભાઈ તું પલેટોને બદલે, "ઈલેકટ્રો પલેટો" હશે.

**એક અજાયબ સરખું ઝાડ**—ઈંગલંડમાં એક ધણીના બાગમાં હાલમાં એક ઘણુંજ નવાઈ જેવું ઝાડ ઉગેલું છે. એ ઝાડ દેખાવમાં તદન મરી ગયલાં ઝાડના જેવું છે, પણ જાતે તે જીવતું છે, અને દનપર દન ઉપરતું જાય છે. એની ઉપર પાતરાં બીલકુલ નથી, પણ તેની જગાએ તેનાપર ચકમકના ખુંટા ઉગેલાછે. કેટલીક જગાએ ડાલીઓની ઉપર ચકમકની કડીઓ ફરી વલેલીછે, અને કેટલીક જગાએતો આખી દાંખલીની આસપાસ નલીની માફક ચકમક પંથરાઈ ગયલીછે. એ ઝાડ વનસપતી અને પથર એ બંનેનું બનેલું દેખાયછે. એમાં વધારે અજાયબી ભરેલું એછે કે, જેમ તે ઝાડના બીજા ભાગો વધેછે, તેમ તે ઉપરની ચકમક પણ વધેછે. આ ઝાડમાં ચકમક કીઆંથી આવી, અને તે ઝાડની સાથે કેમ વધેછે, તથા પાતરાં વગર ઝાડ કેમ જીવેછે ને ઉધરેછે, એ વાતની તપાસ ઘણા વીદવાનો કરેછે, પણ હજી કોઈ તેનો ખરો ખોલાસો આપી શકીઓ નથી. એ ઝાડને ખરીદવાને તેના ધણીને બીજા ધણીઓએ ઘણી મોટી રકમો આપવા કહી હતી, પણ તેણે કોઈનેબી તે ઝાડ નહી વેચવાનો ઠરાવ કીધોછે.

**નવાઈ સરખી અદરાવાની રીત**—એક લખનાર જણાવેછે કે, આગલા વખતમાં સકાટલંડ દેશમાં અદરાવાની રીત નવાઈ સરખી હતી. જે જવાન સખશનું મન જે છોકરી ઉપર લાગતું, અને તેની સાથ પરણવાનો વીચાર થતો તીઆરે તે અદરાવા માટે એક દાહાડો મુકરર કરી તે દાહ

કે તે તે છોકરીને એક પીઠાંમાં તેડાવે. આ વાતથી તે પીઠાંવાલીને તે આગમચથી જાણીતી કરે. તેડું ગયા પછે પેલી છોકરી પોતાના સોજાં કપડાં પેહેરી તીઆ જાય, ને પેલાની સાથે એક ટેબલપર બેસે. પેલો એક બીરનું તમબલર તેને આપે ને એક પોતે લઈ બંને જન સાથે પીએ; ને પછે પોતાનાં કારણની વાત ચલાવે. તે વાતના નમુના તરીકે તે લખનાર થોડાક વાકીઅ આપેછે. પેલો છોકરો પરથમ છોકરીને કહે કે, "જેની, મને ઘણી ફીકર લાગેછે કે, તું મને કબુલ કરશે કે નહી."—"ખચીત જેક, તુને ફીકર કરવાનું કશું કારણ નહી હતું, તુને આગમચથી મને એમ જણાવવું હતું."—"લેસી, મને લોક એમ બીહીવાડતા હતા કે તે તુને ના પાડશે."—"તેઓ તીઆરે જુઠાછે, જેક." "તીઆરે લેસી, તું મને નાતો નહીજ પાડશેની ?"—"મેં તુને એક કરતાં બે વખત કહીઉં કે હું તુને ના પાડવાની નથી." એટલી વાતચીત થવા પછે અદરાવાની કીરીઆ કરેછે, અથવા કબુલાત આપ લે કરેછે. તે એટલોજ કે બંને જન પોતાના અંગોઠાને જરા ચાટી એક બીજાના સાથે દાબેછે. અંગોઠા દબાયા, કે બંને જન અદરાઈ ચુકાં ! હવે એમાંથી એકુથી ફરાય નહી, ને જો ફરેતો તેણે કોલ તોડીઓ એવો ગુનેગાર કહેવાય. એ લખનાર કહેછે કે, એ વખતમાં હરેક કબુલાત આપતી વખતે તેને પાલવાની જામીનગીરી દાખલ સકાટ લોકો ભીના અંગોઠા એકમેકની સાથે દાબતા. એ લોકની કવીતાઓમાં આવી લીટીઓ જોવામાં આવેછે.—"મારો અંગુઠો લે, ને મારીપર વીસવાસ રાખ, હું તુને કદી દગો કરનાર નથી.

**ગરહસથ કરાય કે અમીર**—પેહેલા જેમસ રાજાની દાસીએ એક દીવસે તેને ઘણા કાલાવાલા કરીને કહીઉં કે, મારા છોકરાને તમો ગરહસથ બનાવો રાજાએ કહીઉં, હું એને અમીર બનાવી શકીશ, પણ તે મારેથી ગરહસથ થઈ શકાવાનો નથી. કારણ કે અમીરાઈ આપેલી મલેછે, પણ ગરહસથાઈ તો પોતાની ચાલે મેલવવાનીછે.

## રમુંજે ફુરસત.

૧—હું એક જાતનાં ઘાસની દીકરી છું; મારો એક શામલા રંગનો ભાઈછે, અને એક મારાજ જેવી ગોરી બેનછે. જોકે અમે તરણે એકજ માંના દીકરા દીકરી છઈએ, તોપણ હમે ઘાટઘટમમાં એક બીજાથી એવાં જુદાં છઈએ કે જેઓ હમોને ઓલખે તેઓજ જાણે. મારા નામના તરણ અકસરછે, તેમાંથી પેહેલા બે લેઓ તો બધી જાતની તરકારીનું અને બધી જાતનાં માંસનું નામ થાઉં. જો છેલા બે લેઓ તો હાથ અને છાપાનું નામ થાઉં.

૨—એક લાકડાંનો કકડો લઈ જે ઝાડમાંથી તેને કાપી કાહાડેલોછે, તે ઝાડનાં ઠડ તરફનો ભાગ કીઓછે, અને મથાલાં તરફનો ભાગ કીઓછે, તે કેમ પારખીએ ?

## ખોલાસો ગઈ વેલાનો.

૧—ખડીઓ.

૨—જમ.

## બરિટન દેશનો આગળા વખતનો એક નવાઈ સરખો રવયો.

(દોહરા)

આગળ બ્રિટન દેશમા,
હુતો એવો ચાલ,
જો મારે કોઈ મનુષને,
નહી મોટું તે આળ

પણ મારે કોઈ ભુલથી,
હરણ અમીરનું એક,
શૂળીએ લટકાવતા,
નહી લાવે વિવેક !

દાનની ચોરી જે કરે,
તે નહી મોટો ચોર,
પણ ચોરે જો ઈંડું એક,
મારે તેને ઠોર !

એવે સમે કંઈ એક દી,
નીકલીઆ ત્રણ ચોર,
જે મળે તે લૂટવા,
કરી જુલમ ને જોર.

એકે દીઠી સુંદરી,
છુપાતી તરૂ હેઠ;
પકડી લઈને ચાલિયો,
વગર કરવે વેઠ.

બીજે દીઠો પાદરી,
કંચન માળા સહીત,
જીહુટાવી લઈ ચાલિયો,
નહીં ચીંતા કંઈ ચીત.

ત્રીજે દીઠી હંસની,
મેલી ઈંડાં બે;
ઉંચકી લઈને ચાલિયો,
બીતો બીતો તે.

જે લઈ ગીઓ સુંદરી,
પરણ્યો તેની સાથ,
મોજ શોખમા ગુજારતો,
રહ્યો દહાડા ને રાત.

કંચન માળા લઈ કરી,
થયો ચોર જે પાર;
થાણુક કાહાડીને રહ્યો,
થઈ ગ્યો પૈસાદાર.

પણ જે બીતાં લઈ ગયો,
હંસનાં ઈંડાં બે,
શૂળીએ ટંગાઈને
મરણ પાંમ્યો તે !

નાનાભાઈ.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૧૩ મું. નવેમબર ૧૮૯૯ આંક ૧૧ મો.


## કંજુસના કરમની કાહાણી.

નાટક પાત્ર.

| | |
|---|---|
| બીદાર. | એક મોટો કંજુસ |
| મેહેરનોશ | ઉપલાનો બેટો. |
| કામગાર | બીદારનો મેહેતો |
| કસરેવજ | મેહેરનોશનો ચાકર. |
| તેહેમુર. | એક દલાલ. |
| શામ. | ઘર સામન વેચનાર. |
| હોમાન | એક જહવેરી. |
| બાબક | રેસમવાલો |
| બોશરૂ | એક દરજી. |
| ગજદુમ | એક વકીલ. |
| પારસા | બીદારની છોકરી. |
| શેહેરબાનું | એક વીધવા ઓરત |
| ફરંગીજ | ઉપલીની છોકરી |
| શેહેરનવાજ | પારસાની ચાકરડી. |
| તેહેમીના | ફરંગીજની ચાકરડી. |

ચાકરો વગેરે.

---

પ્રકરણ ૫ મું.

### દેખાવ ૧૩ મો—ફરંગીજ અને શેહેરનવાજ.

ફરંગીજ—કેમ, કંઇ ફતેહ પાંમી કે ?

શેહેરનવાજ—ફતેહ મલી કે નહી તે હાલ કેહેવાઇ શકાતું નથી. તે બબરચીખાનામાં ગયોછે ખરો, પણ જે તાલમેલો આપણે કરીછે તે જો તેનાં ધીઆનમાં નહી ઉતરી, અને તેથી જો તે નહી ડરીઓ, તો પછે ફતેહને બદલે નાસીપાસી વગર બીજું કંઇ નથી. કેહેછે કે, બીહીકથી હીંમકારો હોય તે બાહાદુર થાયછે, પણ આ માણસ તેમ કીધાથી જરા પણ સખી થતો નથી. તેની બધી દોલત જતી રેહેશે, તેની બીહીકે પણ તે એક અરધી કાહાડી આપવાને રાજી થતો નથી.

ફરંગીજ—તેં મારા આ વીચારથી મેહેરનોશને કે પારસાને કોઇ રીતે જાણીતાતો કીધાં નથી ?

શેહેરનવાજ—હું ખચીત કહુંછું કે કોઇને મેં એ વાત જણાવી નથી. બાઇ, તમે જાણોછો કે, જો મારાથી એટલો ભરમ બી જલવાય નહી, તો પછે જેવું કામ મેં ઉઠાવીઉંછે, તેવું કદી માથે લેઉં નહી. જો મારામાં ભરમો જાલવવાની ટેવ નહી હોયતો, ખોદા જાણે આજે આ શેહેરની કેટલીક આબરૂદાર સ્ત્રીઓની કેવી હાલત થાય.

ફરંગીજ—અને શું તું એમ ધારતી નથી કે, મેં મારો ખરો ભેદ હજુ છુપાવી રાખીઓ છે !

શેહેરનવાજ—અલબતે એક હું સીવાય બીજાં બધાંથી તમે છુપો રાખેલોછે. પણ તમે મને એ કામને માટે બોલાવા મોકલી તેની આગમચથીજ હું એ વાત જાણતી હતી.

ફરંગીજ—પણ તીઆરે શું તે કોઇબી રીતે સમજુતી પર નહી આવતો. કાંઇબી બોલીએ માંડી વાલવા નહી માગતો ? કંઇબી સરત તે કરવા માગેછે કે નહી ?

શેહેરનવાજ—જીઆંવેર તમે તેની પાસે હોવ નહી તીઆંવેર તે કંઇબી સરત કે સમજુતી કરનાર નથી.

ફરંગીજ—તીઆરે તમે એમ ધારોછો કે, મને જોઇને તે જેમ બને તેમ મારેથી મોકલો થવાની કોશેશ કરશે ?

શેહેરનવાજ—ચપો, ચપો, તે આણીગમ આવતો જ જણાયછે.

---

### દેખાવ ૧૪ મો—બીદાર, શેહેરનવાજ, ફરંગીજ.

બીદાર—હું લાચાર થયો; હું બેચાર થયો, હું ખવાઇ ગયો, હું મવાઇ ગયો; મારાં બબરચીખાંનામાં બબરચીઓની એક મોટી ફોજ આવી પડીછે.

શેહેરનવાજ—જુઓ બાઇ, તમે વીચાર કરો. હું સી હજાર રૂપીઆ કંઇ ખીસાદના નથી; હું જાણુંછું કે તે કુચ ગણતરીમાં નથી. મારા શેઠ તે ઘણી શેહેલાઇથી આપી શકશે. એટલા રૂપીઆથી તેઓની કોથલીમાં કાંઇ કાણું પડવાનું નથી. ને જો તમે એમ સમજીને રાજી થશો, તો વલી કંઇ વધારેબી ખુશીથી મલશે.

બીદાર—(શેહેરનવાજના મોડાં ઉપર હાથ દાબીને) તું જુઠી, તું જુઠી, તું જુઠી, તું જુઠી, ચપ, ચપ, ચપ, એને વધારે કંઇ નહી મલશે, વધારે કંઇ નહી મલશે; એ રકમ ઘણીજ મોટી થઇ ગઇ, એ રકમ મારી સઘલી દોલત કરતાં મોટી થઇ ગઇ; હું ભુખે મરશ, બુડી જવશ, બલી જ

વશ, ફાંસી જવશ, તોપને મોડે ઉડી જવશ, પણ મારા પઈસામાથી એક પઈ આપવાનો નથી.

શેહેરનવાજ—સાહેબ, ખોદાને વાસતે જરા વીચાર કરો; તમે બધાંની ખરાબી કરશો. બાઈ સાહેબ, હવે તમેબી સમજી જાઓ. વીશ હજાર રૂપીઆ જાણે તમે ફરી આદી માંડીને તેના ખરચમાં ગયા એમજ સમજો. મારા શેઠને હેંસી હજાર કાહાડી આપવા ભારી લાગેછે ખરા, પણ તેઓ તમોને તેટલા આપવા કહેછે. જુઓ, 'હાલ તરત હેંસી હજાર મલે તે પાંચ વરસ પછી એક લાખ મલે તેના કરતાં સોગણા સારા. વાસતે તમેબી હવે સમજી જાઓ.

ફરંગીજ—નહી, નહી, કદી નહી, જે માણસે આવી નીચ રીતે પોતાનો કોલ તોડીઓ, તે માણસની હું કદી દયા ખાવાની નથી. 'જેવી મને એણે હેરાન કીધીછે, તેવીજ હું એને પણ કરવાની જીઆરે હું જોશ કે એ તદન અરધી વગરનો અને ખાખાવરખો થઈ ગયો, તીઆરે મને નીરાંત થશે'

બીદાર—ઓ લોહીની તરસી ઓરત! તું કાંહાથી મને મલી.

શેહેરનવાજ—સાહેબ, એઓ એટલી બધી તાણ કરેછે, તેનું દેખીતું કારણછે કે, તે સારીપેઠે સમજેછે કે, તમે તેના સેકંજામાં સારીપેઠે આવેલાછો, અને તે જેટલું તમોને ઓકાવા માંગશે, તેટલું ઓકાવી શકશે. પણ તમે વીચાર નથી કરતા, કે જેમ જેમ ભારી થતા જશો, અને વખત ખોતા જશો, તેમ તેમ તમુને વધારે અને વધારે પઈસા કાહાડવા પડશે, અને કોરટને બારણે ખરાબ થવું પડશે. એક લાખ એને આપવા પડશે, ને એક લાખ કોરટ ઘસડી જશે. એટલી એટલી રકમો તો લોકો ઘણીબી આપેછે.

## દેખાવ ૧૫ મો—ચાકર, ફરંગીજ, શેહેરનવાજ, બીદાર.

ચાકર—બાઈજી સાહેબ, ગાયણ ગાનારાંઓ બધાં આવીઆંછે.

ફરંગીજ—ઠીકછે, તે બધાંને દીવાનખાનાંમાં બેસાડો.

ચાકર—બાઈ સાહેબ, ખાનાં પરમાણે રકાબીઓની ઘટ પડેછે તેનું શું કરીએ?

ફરંગીજ—જા, મારે નામે બજારમાંથી ઘણીજ ઉંચી જાતની રકાબીઓ જેટલી જોઈએ તેટલી મંગાવ.

ચાકર—બધા ચાકરોને જમવા કીઆં બેસાડું તે મને સમજ પડતી નથી, કારણ કે તેઓ એટલા બધા થઈ ગયાછે, કે તે બધાને એકઠા બેસાડી જમાડવાની ઘરમાં કેથે જગા નથી.

ફરંગીજ—ઓરડાઓની વચેની ફરેકારછે, તે ભાજી નાખ, ને બે ઓરડા એકઠા કરી તેમાં બધાને હારબંધ બેસાડી દેજે.

બીદાર—પણ ઓ લુચા, પછી તું કોરટમા સોગન લઈને સાએધી આપવા આવશે કે નહી, કે આને મારી કેવી ખરાબી કીધીછે?

ફરંગીજ—અને તું સોગણ ખાઈને એમ પણ સાએધી આપશે કે નહી, કે એણે મને ચાકરોનાં દેખતાં પણ અપમાન કીધુંછે?

બીદાર—હા! એવું થાયછે કે, જાણે હમણા કોઈબી રીતે એ નાપાકથી છુટો થઈ જાઉં.

શેહેરનવાજ—હા સાહેબ, હા, હા, તમે જેમ બને તેમ છુટા થાયો, જેમ બને તેમ રૂપીઆ આપી દઈ રસતો લાવો; જાઓ જલદી, જરા ખોટી ના થાઓ. ને બાઈ, તમેબી હવે ધીરજ પકડો, મારા શેઠ તમારાં નાંણાં આપેછે. જાઓ સાહેબ, જલદી પેટી ઉંઘાડીને નાંણાં લાવો. બાઈ, તમારી પાસે લખત હોયતો હમણા હાજર કરી દેઓ, ને તમારા રૂપીઆ લઈ તેને ફાડી નાખો.

ફરંગીજ—આ રહીઉં લખત.

બીદાર—ઠીકછે હું નાંણાં લાઉંછું. મારી પાસે જેટલુંછે તેટલું બધું એમાં જતું રહેવાનું.

## દેખાવ ૧૬ મો—ફરંગીજ, શેહેરનવાજ.

ફરંગીજ—હું ધારૂંછું કે એ કંઈ એમ નાંણાં લાવવાનો નથી.

શેહેરનવાજ—હું કેહુંછું કે તે લાવશે. પણ એ નાંણાં તમોને સેહેલાઈથી હજમ થવાનાં નથી, કારણ કે બીદાર તમારીપર ચોરીનો અનીઆપ લાવવા માંગેછે, અને તેમાં મને મુખીઅ સાહેધી કીધીછે, વાસતે હું સાહેધી નહી આપું તેને માટે તમે મને શું આપશો?

ફરંગીજ—શું તું એમ ધારેછે કે, એ છેક એવી લુચાઈ કરશે.

શેહેરનવાજ—અરે બાઈ, એ શખસ પોતાનાં પઈસા બચાવવાને કંઈબી કરશે, અને વલી બધું એવી કરકસરથી કરશે કે, એ ચાહેતો આ જગાનાં અરધાં લોકોને એમાનાં અરધાં નાંણાંના ખરચે ફાંસી દેવાડે. પણ આટલી વાત તમારે ધીઆનમાં રાખવી, કે તમારે વાસતે અતીઆર વેર મેં જે તાલમેલો કીધીછે, તેનો બદલો મને કોઈબી રકમથી મલવાનો નથી. તમારે ખાતર અતીઓર વેર જે જુઠું હું બોલીછું, તે એટલું બધું તો થયુંછે, કે, જો દરેક જુઠાંની એક એક મોહોર તમારી પાસેથી લેઉં તો તમોને મલવાનાં બધાં નાંણાં તેમાં પુરાં થઈ જાય. અફસોશછે બાઈ, કે મારા જેવી અકલ હુશીઆરી વાલી હું ગરીબ ઘેર જનમીછું; જો મોટે ઘેર જનમી હતેતો કોણ જાણે આ જ ઘેરમાં મેં દુનીઆમાં શું શું ઉથલ પાથલ કીધી હતે.

## દેખાવ ૧૭ મો—ફરંગીજ, શેહેરનવાજ, બીદાર.

બીદાર—આ લેઓ, આ લેઓ, આ બધાં નાંણાં; આ બધી બેંક નોટોછે. મારી પાસે જેટલી પુંજી હતી, તેટલી બધી આજ છે.

શેહેરનવાજ—લાવો સાહેબ, લાવો સાહેબ.

બીદાર—(શેહેરનવાજને કાનમાં લાગીને કહેછે) મેં કોટવાલને બોલાવા મોકલીઓછે, વાસતે તપાસજે એ અહીથી નોટો લઈને ચાલી નહી જાય. તે હમણા આવેશે, અને આવતાં વાર એને, નોટો ચોરી એમ કહી પકડી લઈ જશે.

**શેહેરનવાજ**—તમે ઘણું ડાહાપણ ખરચીઉં, ઘણું ઠીક કીધું.

**ફરંગીજ**—લેઓ સાહેબ, આ તમારૂં લખત. હવે મને તમારી સાથે કશું કામ રહીઉં નથી, અને હવે મને કશી ફીકર પણ રહી નથી.

---

## દેખાવ ૧૮ મો—બીદાર, મેહેરનોશ, કામગાર, ફરંગીજ, શેહેરનવાજ, પારસા.

**બીદાર**—જેની તેં મને કબુલાત આપી હતી, તે કીઆંછે ? મારા પઈસા કીઆંછે ?

**કામગાર**—સાહેબ, બધી દોલત આ રહી. જેટલી મારી દોલતછે, તેટલી બધી આ રહી. આ દોલત એવીછે કે, જેને આખી દુનીઆંનો દરવ ખરીદી શકશે નહી.

**બીદાર**—મારા પઈસા આપ, મારા પઈસા આપ, હું કહુંછું કે મારા પઈસા આપ, જે તું ચોરી ગપોછે તે મારા પઈસા આપ.

**કામગાર**—તમારા બોલવાની મને કઈ સમજ પડતી નથી.

**બીદાર**—મારી દોલત તું ચોરી ગયોછે, એમ તેં મારી આગલ કબુલ નહી કીધું હતું?

**કામગાર**—જે કીમતી દોલતને માટે મે તમારી આગલ કબુલ કીધું હતું, તે દોલત આ રહી, આ તમારી છોકરી ! એણે આજે મને પોતાનો ખાવંદ કબુલ રાખી મને હમેશનો સુખી કીધોછે.

**બીદાર**—શું, શું, દુખતી, તેં આ શું કામ કીધું ? શું તેં આવા હલકા, નીચ, રજાલા માણસને તારો ખાવંદ કીધો, તારા બાપનાં એક મેતાને તારો ખાવંદ કીધો ?

**કામગાર**—સાહેબ, ખરી વાતછે કે, મારી પાસે તમારા જેટલી દોલત નથી, પણ તેથી હું કંઈ હલકો, નીચ અને રજાલો નહી થયો. જેના પઈસા તેજ ઉંચા, ને જેની પાસે નહી તે નીચા એમ કંઇ નથી તમારી પાસે પઈસા છે, અને મારી પાસે વીદીઆ, આબરૂ ને નામછે. અને તેથી જો હું તમારા કરતાં સરસ નહી થાઉં, તોપણ તમારી બરોબરી કરનારતો થાઉંજ.

**બીદાર**—અરે, મારા પઈસા ! મારા પઈસા ! મારા પઈસા !

**મેહેરનોશ**—સાહેબ, જો આએ બાઈ તમારા બધા પઈસા પાછા નહી લાવી આપે, તો તમે મારીપર ભરૂસો રાખો, હું કંઈબી કરીને તે તમુને મેલવી આપશ.

**બીદાર**—તે કેમ લુચા ! તુંબી તાહારે અંદર સામેલછે કે ? તાહારે તેંબી આગલ રહીને મારા પઈસા ચોરાવીઆછે કે ?

**મેહેરનોશ**—આસતે બોલો સાહેબ, આસતે બોલો, નહીતો તમુને તમારી એકબી ગીની પાછી મલશે નહી.

**બીદાર**—જા, એ દુખતીને હું તુંને (કામગારને) આપુછું, ને તમે બંને જન પરણીને ભુખે મરજો ! જાઓ, હવે મારી ગીનીઓ લાવી આપો, મારી દોલત લાવી આપો.

**ફરંગીજ**—સાહેબ, તમે ઘણા સેહેલાઈથી સમજી ગયા. જે આપી દેવાને તમોને હક નથી, તેને, માટે તમે એટલા ઝડપથી સમજી ગયા, તીઆરે તમે પઈસા તે કેમ મેલવશો. તમારા કરતાં તીઆરે હું ભલી કે, જેની બઈરી હું થશ તેને એક લાખ રૂપીઆ લઈ જઈ આપશ.

**બીદાર**—જુઓ સાંભલજો, ને સાહેદી રેહેજો; એણે તમારા મોડાંપર કબુલ કીધુંછે કે એની પાસે પઈસાછે અને તે એણે મારી પેટી ભાંજીને તેમાંથી ચોરીઆછે શેહેરનવાજ તે વાતનો મારો સાહેદીછે.

**શેહેરનવાજ**—બાઈ તમારી પાસે, અને શેઠ તમારી પાસેબી હું માફ માંગુછું.

**બીદાર**—જીઆંવેર તું વાજબી કામ કરેછે, તીઆંવેર તુંને માફ માગવાની શું અગતછે.

**શેહેરનવાજ**—તાહારે જો સાચું બોલાવોતો, તમારે તીઆં જેબી ચોરી થઈ હોય તેના ચોર તમે પોતેજ છો. આએ બાઈ ઉપર જો તાહારે કઈબી અતીઆપ આવેતો તે ચોરેલો માલ લેવાનોજ આવે, કારણ કે તમે તમારે હાથે એના હાથમાં નાણાં આપીઆછે.

**બીદાર**—હે ? મેં, મેં, એ શું શું, એમ શું ? મેં !

**શેહેરનવાજ**—હા સાહેબ તમે, તમારે હાથે, અને મને શરમથી કબુલ કરવું જોઈએછે કે, એ નાણાં તમે એ બાઈને તેમનું લખત લઈને તેના બદલામાં આપીઆછે, અને તે તમારાં એઓએ ચોરીઆંછે એવાં તરકટમાં મેં શાહેદી આપવાને કબુલ કીધુંછે.

**કામગાર**—શું ? એ ખરૂંછે ? શું બીદાર એવું તરકટ કરેછે ?

**બીદાર**—હું ફસીઓ, ફસીઓ, ફસીઓ.

**મેહેરનોશ**—નહી સાહેબ, ફીકર ના કરો, તમારી તરણ હજાર ગીની તદન સલામતછે, અને એક કલાકની અંદર તમે તેને જે જગાપરથી ખોહીછે તેજ જગાપર પાછી જેમની તેમ સલામત જોશો.

**બીદાર**—લાવ મને આપ, લાવ જલદી આપ, મને આએ ઘડીએ આપ. પણ તીઆરે પેલા એક લાખ, તે કીઆંછે ?

**ફરંગીજ**—તે એક લાખ જાંહાં હોવા જોઈએ તાંહાં, અને જેના હાથમાં તે જવા ઘટેછે તેના હાથમાં (બધી નોટો મેહેરનોશના હાથમાં મેલેછે) હવે તમારી ખાતરી થઈ સાહેબ, કે હું તમારા કુટુંબની ખરાબી કરનાર નથી, પણ તેમની મીતરછું, અને તેમનું સારૂ કરનારછું. હવે તમારી જુવાન બઈરી કરવાની હોંસ તદન નરમ પડી ગઈ હશે એમ હું હવે ધારૂંછું.

**બીદાર**—લુચા, મારી નોટો લાવ, મારી નોટો આપ.

**મેહેરનોશ**—સાહેબ, હું તમોને નમનતાઈથી જણાઉંછું કે, જે મને આ-સ્ત્રીએ આપીઉંછે, તે હું તમોને જરાપણ આપનાર નથી.

**બીદાર**—તાહારે હું એ સ્ત્રીને લઈને પોલીસમાં જાઉંછું; અને સાથે તુંને અને આ બધાને લઈ જાઉંછું. પછે તીઆંથી મને ઈનસાફથી, ગેરઈનસાફથી કે જાહાનમની રીતથી મારા નાણાં મલશે એટલે બસ.

**કામગાર**—સાહેબ જરા ધીરા પડો, જરા ધીરા પડો. આ બાઈએ કેવું ભલું કામ કીધુંછે તેનો તમે વીચાર ક

રોં. જે નાણું પોતાને ગમે તાંહાં લઇ જવાને તે શકતીવાનં છતાં તે તમારા દીકરાનેજ પાછા આપીઆંછે, તે તમોને જે મલીઓ બરાબેર થયાં: કોઇ બીજી સ્ત્રી હતેતો આજે નેહાલ થઇને પોતાંને ઘેર બેઠી હતે; અને પોતાનાં સગાં વાહાલાંને નેહાલ કરી નાખીઆં હતે.

**બીદાર**—મારાં કુટુંબને જાંહાનમમાં નાખો. ગમે તેના હાથમાં જાઓ, પણ જે નાણાં મારી પાસેથી ગયાંછે તે તો ચોરાયા દાખલજછે. જેમ એક ચોરને શુલી દેઉં, તેમ મારાં છોકરાનેબી દેઉં, અને જો તે મારાં નાણાં હમણાને હમણા પાછાં નહી આપશેતો હું તેમજ કરશ. આખી દુનીઆંના બચાવને માટે એમાની અરધી રકમપણ આપું નહી. હું હમણા જાઉંછું, ને ગામમાં જેટલા વકીલોછે તેંટલા બધાને કરૂંછું. જાંહાંવેર મને મારાં નાંણાં નહી મલશે, તાંહાંવેર હું ઉધાવાનો નથી.

**મેહેરનોશ**—હવે આપણે એવણને બરાબર સમજ પાડીશું. ફરંગીજ તમે જે શખી દીલથી આ રકમ મને બખશેશ કીધીછે તે સખી દીલ, એ રકમ લેતાં જે મને ખુશાલી ઉપજીછે તેના કરતાં ઘણુ મોટુંછે. તોપણ હુંજી તુંને બીજી મોટી બખશેશ કરવાની રહીછે, અને તે તારે કરીઆ વગર ચાલવાનું નથી.

**ફરંગીજ**—તમે એમનું બોલેલું સાંભલોછો ?

**પારસા**—હા, અને એમનાં એ બોલવાનાંને પસંદ કરૂંછું, કારણ કે તેને એમ બોલવું જોઇએ એવું તમારી આ છેલી વરતણુક ઉપરથી કેહેવાઇ શકાયછે.

**ફરંગીજ**—વાહાલી પારસા, હવે એ વાતની ભાંજગડ વધારે ન કર. હવે હું જેમ તું કેહેશે તેમ કરશ. વાસતે સાહેબ, જે તમે માંગોછો તે બધું તમુંને આપું તેને માટે ઉપકાર તમે આ બાઇનો માનજો.

**પારસા**—ફરંગીજ, આ સંધલું કામ તેં મોટાં મનથી અને વખાણવા જોગ રીતે કરીઉંછે. હવે મારે પણ તારી પાસે કેટલીક વાતની માંફ માંગવી જોઇએ.

**ફરંગીજ**—વાહાલી પારસા, મને તારી માફ જોઇતી નથી, અને ઘટતીબી નથી. તેં જે કહીઉંછે, ને કીધુંછે તે બધું વાજબીછે.

---

**દેખાવ છેલો—શેહેરનવાજ, કસરેવજ, મેહેરનોશ, ફરંગીજ, કામગાર, પારસા.**

**શેહેરનવાજ**—બંને બાજુએ કબુલાતો ચાલેછે, અને હુંને તું તો વીસરાઇજ ગયાં છઇએ.

**કસરેવજ**—કેમ, એ લોકનું જેટલું કામ થાય તેટલું શું આપણે કીધું નથી ? તાંહારે હવે તેઓને આપણી શું ગરજ રહી ? સાહેબ, કેટલાંક માણુસો છુપા વેશનાં બારણા આગલ આવીઆંછે ને અંદર આવવા માંગેછે.

**ફરંગીજ**—તેમને, તમારા બાવા સાથની આ ખટપટમાં ભાગ લેવાને અને મદદ કરવાને બોલાવીઆ હતા, પણ હવેતો તેમનાં વગર કામ ચાલીઉંછે; તોપણ જો તમારી મરજી હોવતો તેઓને, અંદર બોલાઉં.

**બધા જન**—હા બોલાવો, બોલાવો.

**મેહેરનોશ**—શેહેરનવાજ, તમે કંઇ ફીકર ના કરતા. તમારા જે મારાપર ઉપકારો થયાછે તે બધા મને સારીપેઠે ઇઆદછે, માટે, તમારો અને કશરેવજનો ઉપકાર પઇરથી વાલવાને હું ચુકનાર નથી. પીઆરા કામગાર, હવે બાવા સાથ જે સલાહ થાય તેમાં પેહેલાં તમે સામેલ હોવા જોઇએ, અને મને આસાછે કે, જે બઇરી તમોને મલીછે તે તમોને હમેશ મોટું સુખ આપનારી થઇ પડશે.

**કામગાર**—સાહેબ, તમોને જે બઇરી મલેછે તે તમનેબી સદાની સુખ આપનારી થઇ પડે એવું હું ઇછુછું. આપણ બંનેને ભલી બઇરીઓ મલી, તમારા બાવાને દ…ણી વાતની સમજણ પડી, અને આપણી વચે પાછી સુલેહ સંપજ જારી થઇ, તેને માટે આપણે ખોદાનો મોટો પાડ માની છુટા થઇએ. (સંમાપત.)

---

## સ્ત્રીઓને લાયક સુચના.

દુનીઆંની અંદર જે દાહાડા કાહાડવાનાંછે, તે અમસથા જેમ તેમ પુરાં કરવાનાં નથી, પણ દરેક દાહાડો સુખ અને દુખમાં ગુજારવાનોછે. એમાં સુખને બનતાં સુધી વધારવાની અને દુખને બનતાં સુધી ઘટાડવાની દરેક માણસે કોશેશ કરવી જોઇએ. દરેક માણસની ઈછા પણ એમજ હોયછે, પણ તે પુરી પાડતાં દરેકને અથવા ઘણાને આવડતું નથી. તેથી કરીને સુખને વધારતાં દુખને વધારી મેલેછે, અને સુખને ખોહી દેછે. એટલા માટે દરેક પુરૂશ કે સ્ત્રીની ફરજછે કે, સુખને વધારી દુખને કેમ ઘટાડવું તે શીખવું જોઇએ. તેને માટે સરવેથી પેહેલો અને સરવેથી સરસ ઊપાય તો એજછે કે, સારી કેળવણી લેવી. પણ એક માણસ જો ફકત કેળવણી લઇનેજ બેસી રહે, તો તેબી જોઈતું સુખ મેલવવાને લાયકનું થતું નથી; માટે કેળવણી સાથે દુનાંઆંનો અનુભવ જોઇએછે. જે માણસને કેળવણી, અને અનુભવ, તે માણસ હમેશ ઘણું સુખી અને થોડું દુખી હોયછે. દેશી સ્ત્રીઓને એવી કેળવણી પણ નથી, અને એવો અનુભવ પણ નથી, તેથીં તેઓ સુખનાં કરતાં વધારે દુખી હોય, એમાં કંઇ નવાઈ નથી. એવી સ્ત્રીઓએ હાલની હાલત પરમાંણે વાંચવા કરવાથી જેટલી સારી વાતો સમજી શકાય તેટલી સમજવી જોઇએ; અને તેમનામાંથી જેટલો લાભ મલે તેટલો લેવો જોઇએ. આપણે સસતો કે મોંઘો અનુભવ મેલવીને શમજીએ, તેના કરતાં જેઓએ તેવી રીતે તેને મેલવેલો હોય, તેઓ જો આ

પણને આપેતો, તે મોટા ઊપકાર સાથ લેવો, કરણ કે તે તેમને મુફત મલેછે. તેમજ જે સારી વાતો ઊંડાં મગજોએ, પોતાને ખુબ મેહેનત આપી પેદા કીધી હોય, તે પણ જો આપણને મલતી હોયતો, તેબી મોટા ઊપકાર સાથ લેવી. નીચે લખેલી થોડીક સુચનાઓ પણ એવાંજ મગજમાંથી નીકલેલીછે, અને તે સ્ત્રીઓને ભારી ઊપયોગીછે. જે સ્ત્રીઓ એવી એવી બાબ તોથી માહીતગાર હોયછે, તેઓ હમેશ ઘણી સારી બઈરીઓ નીકલેછે, અને પોતે સુખી થઈ પોતાને પાલવે પડેલાંને સુખી કરેછે.

સ્ત્રીઓએ કુમલી વયથી કેલવણી લેવા માંડવી અને વાંચવા લખવાનો અભીઆશ રાખવો. પણ તદન તેનેજ વલગી રેહેવું નહી, કારણ કે તેમ કરવાથી સ્ત્રીઓની બીજી ફરજો બજાવવાને શીખવાનું રહી જાયછે.

હમેશ વાંચવાની ટેવ રાખવી, પણ જે હાથમાં આવીઊં તે વાંચવા બેસવું નહી, પણ જે વાંચવાને યોગીઅ હોય તેવું જોઈનેજ વાંચવું, અને વાંચીને તે બરાબર સમજવું.

વાંચવા સાથે લખવામાં પણ વખત પુશકલ કાહાડવો, કારણ કે તેમ કરવાથી પોતાની ભાશામાં બરાબર લખતાં આવડશે, અને એબારત શુધરશે, જે જો એક છોકરીમાં નહી હોયતો તે ઘણુ નરશું લગાડનારૂંછે. જે બાબત લખવી, તેને લખતાં લખતાં તેનાપર જે વીચાર પેદા થાય તે પણ સાથે આપતાં જવું. તેમ કીધાથી લખેલી બાબત બરાબર ધીઆનમાં ઊતરશે, અને સાથે વીચાર કરવાની ટેવ પડશે, જે ટેવ આણસને ઘણી ઊપયોગીછે.

વાતચીત ઘણી સફાઈથી કરવી જોઇએ, અને તેમ કરવાને નાનપણથી ટેવ પાડવી જોઇએ. તેને માટે ઘરમા તથા ઓલખીતાંઓની સાથે લાંબો વખતેર તેવી રીતે વાતો કરવી જોઈએ, વાતમાં મીઠાશ અને સભીઅતા રાખવી જોઇએ, અને જે બોલીએ તે સમજીને બોલવું જોઇએ.

કોઈબી સ્ત્રીએ, બને તીઆંવેર ગાયણ ગાવાને શીખવા વગર રેહેવું નહી જોઈએ, કારણ કે એમાંથી દરરોજ પોતાને અને બીજાઓને ઘણી ગમત મલેછે, ફરસદનો વખત સારી રીતે જાયછે, અને તનદરોસ્તી વધેછે.

હમેશાં પસંદ કરવાની બુધી સારી રાખવી જોઇએ, અને જે વીવેકથી સારૂં અને ઘણાંને ગમતું એવું હોય તેનેજ પસંદ કરવું જોઇએ. ઘણી સ્ત્રીઓમાં એવો ગુણ ન હોવાથી ઘણીવાર કપડાંમાં કે એવીજ બીજી બાબતોમાં એવી કઢંગી પસંદગી કરેછે, કે તે બીજાઓને હસવા સરખું લાગેછે.

સઘલી સ્ત્રીઓએ ઘણાંજ ભપકાદાર કપડાં પેહેરવાથી, અને તેવાં કપડાંમાં ખુબ અકડવાથી પરહેજ રેહેવું જોઈએ, કારણ તેમ કરવું સારી સ્ત્રીઓને ન છાજતુંછે. એવો ભપકો સ્ત્રીઓને માટે સારો વીચાર પેદા કરનાર નથી. પણ એ ઊપરથી એમ નહી સમજવું કે સઘલીઓએ જેમ બને તેમ હાલહવાલ ફરવું. ઘણો ભપકો કરવો એ જેવો નરસોછે, તેવુંજ નરસું છેક હાલહવાલ ફરવું તે પણછે. ચામડી સાફ રાખીને, બાલને બરાબર સમારીને મોહું શોભે એવાં કપડાં પેહેરવાં એમાં અકડ ગણાતી નથી.

જાહેર ગમતો જોવાને ઘડી ઘડી કોઈ સ્ત્રીએ જવું નહી, કારણ કે તેવી ગમતો ગમે એવી નીરદોશ છતાં સ્ત્રીના મન પર ચોકસ અસર કરેછે, અને પઈસાનો ઘણો ખરચ છતાં, સંસારની ફરજો ભુલી જવાયછે માટે એવું કરવું કોઈ કોઇવારજ સારૂંછે.

જેમ હરેક વાત ઘણી સાધારણ થઈ જાયછે, તેમ તે ઊપરથી મન ઊતરી જાયછે. માણસ જાતને હમેશ નવાઈ અથવા જીજપણા ઊપરજ પીઆર હોયછે. તેથી જેની ઊપર મન ખેંચાયલું રાખવું હોય, તેને છેક સાધારણ થઈ જવા દેવું નહી જોઈએ.

મંડલીની અંદર બીજાઓનો પીઆર અને માન ખેંચી લેવું હોય તો, તેઓના કરતાં હું સરસછુ એવું ડોલ ઘાલવાનું તદન છોડી દેવું જોઇએ, પછે જો ખરેખર તેમ હશે તો તેઓજ પોતાની મેલે આપણને સરસ કહેશે, અને તેમ થતાંમાં પીઆર ટકી રહેતાં માન વધશે.

હરેક નવી મંડલીમા સામેલ થયા આગમચ તે માંના માણસો કેવી ચાલના અથવા કેવી આબરૂનાછે તેની પેહેલાં તપાસ કરવી. પછે જો તેઓ લાયક માલમ પડેતો તેમાં સામેલ થતાં વાર, એકદમ ઘણું બોલવું નહી, પણ બનતાં સુધી થોડું બોલી ઘણું સાંભલવું જોઈએ. શામણા માણસોની ખાશીઅત જાણીઆ વગર ઘણું બોલતાં ઘણીવાર વજન જતું રહેછે.

હરેક માણસની વખાણ કરતી વખતે તેને જેટલી ઘટતી હોય તેટલીજ કરવી. ખુસામતને ખાતર નહી ઘટતી હોય તોપણ, અથવા ઘટતી હોય તેના કરતાં વધારે કરવાથી ખુસામતીઆમાં ખપીએછે, અને તેથી જેની એવી ખોટી વખાણ કરી તેની તેમજ બીજાઓની નજરમાં હલકાં આવી જઈએછે.

સ્રીઓએ નાજુકાઈ રાખવી જોઈએ, પણ તેમ કરતાં ઘણા બીહીકણા અથવા સદા માંદાં થવાં નહી જોઈએ. નાજુકાઈમાં હીમત અને જોર રાખવાં જોઈએ, અને તીઆરેજ નાજુકાઇ શોભેછે.

સ્રીઓને જાતી ખુબશુરતી કરતાં પોશાકની, બોલવાની અને રીતભાતની ખુબશુરતી રાખવાની ઘણી અગત છે, કારણ કે, તેઓ વગર તેની સઘલી જાતી ખુબશુરતી રદ જાયછે, અને બીજાઓની નજરમાં બેડોલ સરખી લાગેછે. જાતી ખુબશુરતી નહી છતાં જો ઊપલા તરણ ગુણો તેનામાં પુરતા હોય તો, તેવી સ્રીઓ બધાંને ગમતી થઈ પડેછે. પણ વલી એ સઘલું છતાં જો સારી કેલવણી અને આસપાસની બાબતનું ગનાન નહી હોય તો, તે બધું રદ જાયછે; માટે પેહેલી ફીકર તેની રાખવી. જો તે વાત તેઓમાં પુરતી હોય તો તે વલી બધાંને એક કોરે મેલેછે.

કોઈબી સ્રીએ બોહોશીલી થવું નહી, અને ચીમટ તકરાર કરવી નહી. ઘણીવાર આપણે ખરાં હોવા છતાં દબાવું પડેછે; પણ જીઆરે એવો વખત હોય તીઆરે તેમ કરવામાં, બોહાસ કરવા કરતાં વધારે શોભાછે.

ગમે એવું સારૂં કામ કરવા છતાં, તે સારૂં થયું છે, એમ આપણે મોડે બોલવું નહી, કારણ તેમ કીધાથી તેની સઘલી ખુબી જતી રહેછે, અને શાંભલનારની નજરમાં આપણે હલકાં પડીએછે.

જો સવાભાવ આકલો હોય, અને ઘડી ઘડી ગુસો ચહડી આવતો હોય તો જેમ બને તેમ તેને નરમ પાડવાંની ટેવ પાડવી. અલબતે શરૂઆતમાં તેમ કરવું ઘણું કઠણ અને વગર ફાયદાનું લાગશે પણ જેમ જેમ વખત જતો જશે તેમ તેમ તે ટેવ મુકાતી જશે. અગર નહીતો તેવાંની કોઈ સોડ સાંધશે નહી.

જે ઠરાવ ઠંડાં મગજે કીધો હોય, તેનેજ અમલમાં લાવવો; જે ગરમ મગજે કીધો હોય તેને નુકશાનકારક ગણી હમેશ છોડી દેવો.

કોઈની ગીબત કરવી નહી, અને સાંભલવી પણ નહી, પણ જે તેમની આગલ કોઈની ગીબત કરે તેની તરફ તીરસકાર બતાવવો. જે બીજાની ગીબત તમારી આગલ કરશે, તે તમારો બીજા આગલ કરીઆ વગર રહેનાર નથી.

## રદ કશું જતું નથી.

કુદરતે જે જે પેદા કીધુંછે તે કશું વગર ઊપયોગનું નથી, અને તેનો પેહેલો ઊપયોગ પુરો થયો કે તેનો બીજો થયા વગર રેહેતો નથી. ટુકામાં બોલીએ તો કશું નકામું નથી, અને કશું રદ જતું નથી. સઘલી ચીજોનો જેવો ઊપયોગ પુરો થયો કે તે એક એવી જગામાં જાયછે, કે જેમાંથી પાછી સઘલી વસતુઓ થાયછે. જેમાં તેઓ જાયછે તે મરોડુંછે. બલનારી વસતુઓ બલીને, ભાગનારી ભાગીને, અને કોહોનારી કોહીને જમીનપર પડેછે, અને તીઆં થોડા વારમાં મરોડું બની મરોડાં સાથે મલી જાયછે. એ મરોડાંમાંથી પાછી સઘલી વસતુઓ થાયછે. વનસપતી પણ તેમાં જઇ પાછી તેમાથી થાયછે, અને માણસપણ તેમાં જઇ તેમાથી પાછાં થાયછે. કુદરતે જીઆરે પોતે એવો નીઅમ રાખીઓછે તીઆરે તેવો તેણે માણસને નહી આપેલો હોય એમ નહી હોય. માણસને તેણે અકલ આપીછે, જે જો તે વાપરેતો અલબતે કશી ચીજને તે રદ જવા દીએ નહી. અકલતો બધા લોકને છે, પણ આજના વખતમાં યુરોપ અને અમેરીકાના લોકો જેટલો તેનો ઊપયોગ કરેછે તેટલો બીજા કોઈ ખંડ કે દેશના લોક કરતા નથી. આ ખંડના લોકો તેમાં યુરોપમાં, ફરાનસ અને ઇંગલંડના લોકો જેમ નવી નવી ચીજો શોધી કાહાડવામાં બાહાદરછે, તેમજ તેઓ રદ ચીજોને પાછી ઊપયોગી કરવામાં પણ બાહાદરછે. એ પરમાણે જે તેઓ કરેછે તે ઘણીબી જાતનુંછે, પણ તેમાની કેટલીક ચીજો, જે દરરોજ અથવા ઘણીખરી આપણા વાપરવામાં આવેછે, તેજ જોઈએ કે તેમને કેવી રદ બાતલ થયલી ચીજોમાંથી બનાવવામાં આવેછે. જે વસતુઓ આગલ એ દેશોમાં કચરામાં જતી હતી, અને હલ બીજા દેશોમાં તેમ જાયછે, તે ચીજોને આ લોકો પાછો એવો આકાર આપેછે, અને તે એવા ઊપયોગમાં લાવી શકાયછે, કે જે વીના

આગલ ઘણી અડચણો પડતી હતી, અને હાલ પણ પ ડતે. જોકે એમાં કેટલુંક લગાર કંટાલા ભરેલું પણછે, તોપણ તે એવા આકારમાં બનાવેલું હોયછે કે, જીઆ રે તેની બનાવટ વીશે જાણીએ તીઆરેજ કંટાલીએ.

પરથમ કાગલ જુઓ. કાગલે આજકાલ શા હીની મદદથી દુનીઆંમાં અજાયબી પેદા કીધીછે. જે દેશનું, શેહેરનું, ઘરનું અને માણસનું નામ 'સુધરેલું' તે દેશમાં, શેહેરમાં, ઘરમાં અને માણસ પાસે કાગલ જરૂર હોવાં જોઇએ. કાગલ આજે એવા દેશના અ ને લોકનાં હાથપગ થઇ પડીઆછે. તે વીના કોઇને એક ઘડી પણ ચાલતું નથી. જે જો આજે દુનીઆંમાં મલતાં તદન બંધ થઈ જાય, તો દુનીઆંનો પાછો કે વો હાલ થાય, તે સમજ પડતી નથી. એવી જે અ તી ઊપયોગી વસતુ, તેને એવી ચીજમાંથી બનાવેછે, કે જેને લોકો ઘરમાથી બાહાર ફેંકી દેછે. તે જુનાં અ ને ફાટેલાં કપડાંનાં ચીથડાંછે. એ ચીથડાંઓ રસતામા થી ભીખારી જેવાં અથવા ભટકતાં લોક ઊંચકી જાય છે અને તેમને તેમના લેનારાઓંને થોડાક પઇસા બદ લે વેચી નાખેછે. તેઓ તેમને કાગલ બનાવનારાઓ ને વેચેછે. કાગલ બનાવનારાઓ તેમને ધોઈ સાફ ક રી, કોહોવાડી, છુંદી, લાંદો કરી તેમાથી કાગલ બનાવે છે. લખવાનાં હલકામાં હલકાંથી તે તરેહવારનાં અને કુમાસનાં ઊંચામાં ઊંચાં કાગલ બનાવેછે.

ઊનનાં ચીથડાંને કાગલ બનાવવામાં વાપરતા નથી; તીઆરે તેમને બીજી રીતે પાછાં ઊપયોગી કરે છે. ઊનના કપડાં તદન ફાટી ગયા પછે કાહાડી નાંખે લાં ફેરીઆઓ લેછે, અને તેઓ તેના વેપારીઓને વે ચેછે. તેઓ તેમને તેના કારખાનાંવાલાઓને વેચેછે. તે કારખાનાવાલાઓ, તે ચીથડાંને સાંચાઓની મદદથી સાફ કરી, બારીક ચીંધી કરી, ફરી તેને ઊનના આકા રમાં લાવેછે. પાછો તેનો દોરો બનાવેછે, અને પાછા તેમાંથી તરેહવાર કપડાં બનાવેછે. જે ઊનનું કપડું ઘ ણીજ સસતી કીમતે વેચાયછે, તેમાં ઘણુખરૂં એવુંજ ઊન હોયછે; અને તેનાં કપડાંમાં મજબુતી લાવવાને વણતમાં સાથે સુતર લેછે.

મુએલાં ઢોરનાં ચામડાંને ખપમાં લેવાં એતો સાધારણછે, પણ તેના હાડકાંને પણ ખપમાં લેછે. તે હાડકાંઓને લાવી, સાફ કરી, તેમને હાથીદાતની જગા પર તરેહવાર જનસો બનાવવામાં વાપરેછે. વેલાતી જે જે હાથીદાતની જનસો; અથવા હાથીદાંતના હાથા કે પડવાલી જણસો સસતી મલેછે, તેટલી સઘલી ઢોરનાં હાડકાંની બનાવેલી હોયછે. હાથીદાંત ઘણો મોઘો હો યછે, જેથી જે હાડકાંની બનાવેલી ચીજ એક રૂપીએ પડતી હોય, તેવી દાંતની બનાવેલીની કીમત પાંચ કર તાં વધારે રૂપીઆ થાયછે. દાંત ને હાડકું પારખવું સેહેલુંછે. દાંતનો રંગ સેહેજ સામલો દેખાયછે, અને હાડકાંનો રંગ શુધ સફેત જણાયછે. વલી દાંતની સ પાટીપર બારીક સલ માલમ પડેછે, અને હાડકાંની સ પાટી સાફ હોયછે.

મુએલાં ઢોરના શીંગડાંની માહેથી પણ તરેહ વાર જાતની વસતુઓ બનેછે. છરી કાંટા વગેરેના હા થા, દાબડીઓ, ટમબલરો, ફાનસો, ઈતીઆદી. તેને ઊકાલી તેની માહેથી સાકા કાહાડી તેના બરશ બના વેછે. તેને રસ જેવું કરી તેમાંથી શોભીતી લાકડીઓ બનાવેછે. એ લાકડીઓ વેહેલબોનની લાકડીઓમાં પસાર થાયછે, અને ઘણાઓ રૂપીઆ બે રૂપીઆમાં તેવી લાકડી લેછે. પણ તેઓએ જાણવું કે એટલી લાકડી જો વેહેલબોનની હોય તો તે તેના કરતાં મોટી કીમતેજ મલેછે.

કોહેલાં આરંજ, નારંગી વગેરેને રસતાપર ફેંકી દેવામાં આવેછે, તેમને કેટલાક લોકો વીણી લઈ જાયછે, અને ચોકસ કારખાનાવાલાઓને વેચેછે. તે ઓ તેમાંથી ચંપીન અને એવોજ ઊંચો દારૂ બનાવે છે, અને તે મોંઘી કીમતે વેચેછે.

ખાધેલાં ભોણામાંનું વધેલું બારણે નાખી દેવા માં આવેછે, તેમાંથી પાંઊના કકડાઓ, કેટલાક સખશો વીણી લઈ જાયછે, અને ચોકસ પદરખાનાંવાલાઓને વેચેછે. તે પદરખાનાંવાલાઓ તેમને બરાબર સાફ કરી સુકવેછે. પછે તેમને દલીને આટો બનાવેછે, અને તે આટામાંથી તરેહવાર જાતની બીસકોટ બનાવેછે.

એજ પરમાણે ખાધેલાં ભોણામાં વધેલાં હાડકાં જે બાહાર ફેંકી દેવામાં આવેછે, તેમને પણ કેટલાક સખશો ઊંચકી જાયછે, અને ચોકસ કારીગરોને વેચે છે. તેઓ તેમને સાફ કરી, તેમાંથી બટન વગેરેની ત રેહવાર નાની જનસો બનાવેછે.

અખરોટ, બદામ વગેરેનાં કોટલાં, જે રસતામાં ફેંકી દેવામાં આવેછે, તેમને પણ કેટલાકો ઊંચકી લ ઈ જઈ ચોકસ કારીગરોને વેચેછે. તેઓ તેમાંથી, ઘ

ણી બારીક કારીગીરીના, અને ઘણા શોભાયમન સી વવાના નાના બાકસ વગેરે તરેહવાર જાતની તેવી ઊપયોગી વસતુ બનાવેછે.

ભાગેલા કાચમાંથી જે પાછો રસ કરવાના કામ માં આવે તેનો રસ કરી તેમાંથી નવા કાચ બનાવેછે. જેનો પાછો રસ કરવામાં આવતો નથી, તેમને બારી ક ભુકો કરી તેમાંથી પાલીસના કાગલ વગેરે બનાવેછે. રંગીન કાચના કકડાઓને તરેહવાર આકારમાં ગોઠ વી, ચીકટ પદારથથી તેમની કોરો વલગાવી લઇ તે ના શોભાયમાન પચરસીઆ રંગના તકતા કરી બારી ઓમાં ગોઠવેછે, જે દુરથી ઘણાજ શોભાયમાન દેખાયછે.

પથરો ઘડતાં વાંકાટીકા પડેલા કકડાઓને, અથ વા જમીનમાંથી ખણી કાહાડેલા બેડોલ આકારના પથ રના કકડાઓને તરેહવાર રીતે ગોઠવી તેની ભીતો બાં ધેછે, જે દુરથી ઘણી શોભીતી દેખાયછે.

છેલે નરકને પણ કામમાં લેછે! નરકને બધું એકઠું કરી તેમાં કેટલીક વસતુઓ ભેલી, તથા તેપર તર તીબથી કેટલીક રસાયણ કીરીઆ કરી તેનું ખાતર બનાવેછે, અને તે ખાતર અનાજના ખેતરોમાં, અને બાગના કીઆરાઓમાં નાખવામાં આવેછે, જેથી અ નાજ, તરકારી, ફુલ વગેરે ઘણા સારાં ઊગી નીકલેછે. એ ખાતરની સારી કીમત આવેછે; અને એ પરમાણે બધાં સાથે નરકના પણ પઇસા કરેછે.

## આલપસનાં પરવતો ઊપરની એક સ્ત્રીની મુસાફરી.

આલપસનાં પરવતો યુરોપખંડમાં સુવીટજરલાંડ દેશ માં આવેલાછે. એ પરવતો ઘણા ઉંચાછે, અને તે ઉપર મુ સાફરી કરવા, એટલે તેને પસાર કરી પેલીગમ જવું ઘણુંજ મુશકેલ કામછે. આજનાં વખતમાં તે ઘણું મુશકેલ ગણાય છે, પણ આગલનાં વખતમાં તો તે અશકોઅ ગણાતું હતું. એ પરવતોપર સદા બરફ રહેછે. તેમાં શીઆલામાં તો તે બરફથી બધો ટંકાઇજ રહેછે. આ બરફ ઉપર રહીને મુ સાફરી કરવાનું કામ ઘણુંજ ધાસતી ભરેલું અને જીવ સટો સટનું ગણવામાં આવેછે. એ બરફ ડુંગરોની મોટી મોટી ફાટો, ઉંડા ખોઓ, અને ખીનની કોનારી ઉપર એવી રી તે બંધાઇ જાયછે, કે ભુલથી કે જાણી જોઇને તીઆંથી ચા લતાં મુસાફરો નીચે ટુરી પડી મરણ પાંમેછે. વલી એનો ઉપર ઘડી ઘડી જબરા તોફાંનો ઉઠી આવેછે, અને તેના સ પાટામાં, કવંગી જગાએ, મુસાફરો આવી ગયાથી પણ તે મનાં જીવ જાયછે. એવી ભયંકર જગાઓમાંથી મુસાફરી કરવાને જેટલા જાયછે તેટલા બધાને અગત પડતી નથી, પ ણ ઘણાખરા શોખને ખાતર પણ જાયછે. કારણ કે એ પ રવતોની ઉપરનો, અને ઘણે ઉંચે ગયા પછે તેમની આસપાસ નો જે દેખાવ જોવામાં આવેછે, તે ખરેખર હેરત પમાડે એવો હોયછે, અને તેનો વીચાર નજરે જોયા વગર કોઈ રીતે નહી આવે એવોછે. એ પરવતો પસાર કરતાં કેટલા ક દીવસ લાગેછે, તેથી મંજલે મંજલ તેના ઉપર ધરમશાળા ઓ બાંધવામાં આવેલીછે. જીઆં થાકેલા, કે બીધેલા મુ સાફરોને ખાવાનું અને વીસામો મલેછે. તે સીવાય કેટલી ક તેવી જગાઓમાં કેટલાક જોગીઓ પણ રહેછે, અને તે ઓ પણ મુસાફરોની સારી બરદાસત કરેછે. એ લોકો મુ સાફરોને વીસામો આપેછે એટલુંજ નહી, પણ તોફાંન જર મ પડવા પછે તેનાં સપાટામાં આવી જમીનપર બેસુધ પડે લા કે બરફમાં ડટાઇ ગયલા મુસાફરોને શોધવાને પણ પો તે નીકલેછે, તથા પોતાના કુતરાઓ, જેઓ એ કામને માટે ઘણા લાયક હોયછે તેમને મોકલેછે. એમ કરતાં જે કોઈ માણસ તેવી હાલતમાં મલી આવેછે તેને તુરત પોતાની જ ગાપર લાવી હુશીઆર કરવાનાં ઉપાયો કરેછે. પછે તેના માં જીવ હોયતો તે હુશીઆર થાયછે, અને નહીતો તેની આશા છોડેછે. એ પરવતો ઓલંગી ઇટાલી દેશમાં જવા ને એક આબરૂદાર સ્ત્રી ૧૮૪૫ નાં વરસમાં ઈંગલંડથી ની કલી હતી. તેણે પોતાની એ મુસાફરીનો હેવાલ છપાવી ઓછે, તેમાંથી તેની થોડીક જાણવા જોગ હકીકત નીચે આ પીએછે, જે વાંચવાથી સ્ત્રીઓએ કેવી અને કેટલી હીમત રાખવી જોઇએ તેની સમજ પડશે:—

તે બાઇ લખેછે કે, ચાર ફુટની ઉંચાઇ વેર ચહડી આં, અને છેક બીરીસલની ધરમશાળા સુધી આવી પોહો ચીઆં તીઆંવેર સઘલી મુસાફરી સારી રીતે અને વગર ધાસતીએ થઈ. એ વખતે જે આસપાસનો દેખાવ દેખા તો હતો, તે ખચીત, સઘલું વીસરાવે અને મનને તેનીજ અજાયબીમાં ગરકાવ કરી નાખે એવો હતો. અતીઆર વેર મુસાફરી કરતાં જે જે ધાસતી ભરેલી જગાઓ પસાર કરવી પડી હતી, તે માતરે ઘણીજ ઉંડી ખીનો ઉપરનાં પુ લો હતા. એ ખીનોની નીચે પાણીનાં જબરા ધોત પડેછે. એ પુલો ઘણા હલકા બાંધેલા હોયછે, કે તે તોફાનનાં જોર થી નુકશાંન નહી પાંમે. એ પુલો એટલા તો ઉંચા આવે છે કે, જો નીચે ડોકાવીને જોવું હોયતો તુરત માણસ ચકરી ખાઇને નીચે પડીઆ વગર રહે નહી. એ સીવાય સઘ લો રસતો તેઓએ વગર ધાસતીએ પસાર કીધો હતો."

પણ જેવું બીરીસલનું ઠેકાંણું છોડી આગલ ચાલીઆં, કે આગલી સલામતી ઓછી થઈ, અને આગલ રસતો કા પવાનું કામ ધાસતી ભરેલું થઈ પડીઉં. અતીઆર વેર જે સાફ રસતો, એટલે થોડાં થોડાં બરફથી ઢંકાયલો રસતો પ સાર કીધો હતો, તેને બદલે હવે ઘણા ઉંડાં બરફથી ભરે લો રસતો આવીઓ. વલી આકાશપરથી જે જરા જરા બ રફ વરસતું હતું તે ઢગલાબંધ પડવા લાગ્યું, અને પવનનું જોર વધી એવા ઝપાટા લાગવા લાગા કે, થોડા વારમાં એ ક મોટું તોફાંન ઉઠશે એવું માલમ પડીઉં. દાહાડો માતરે તરણ ચાર કલાક રહીઓ હતો, અને તેટલા વખતમાં સીમ પલોન નામના ઉતારાની જગાએ પોંહાચાય એવી આસા

નહી હતી. વલી આવે વખતે જે જગામાં તેઓ હતાં, તે ઘણીજ ધાસતી ભરેલી હતી. એક બાજુએ ઉંચો પાહાડ, અને બીજી બાજુએ અતીશય ઉંડી ખીન હતી, અને વચે સાંકડો રસતો પસાર કરવાનો હતો. બરફથી તે જગા એ ટલી તો પોહોલી થઇ ગયલી હતી, કે કોર કોઆંછે, તે મા તરે, તે જગાએ એજ કારણસર-છુટા છુટા ઉભા કીધેલા પથ રો ઉપરથીજ માલમ પડતું હતું. જો એ પથરો નહી હોય તો, કોરની બાહાર બંધાયલા ખરફપર ચાલી જવાય, અને તેપર ભાર પડતાંજ તેની સાથે ખીનને તલીએ જવાય. જી આંથી તોપોની તોપો છોડી હોય તોપણ તેનો અવાજ કોઈ કાલે ઉપર નહી આવે. આવી ભયંકર જગા, તોફાંન આ વવાની વકી અને રાત પડી જવાની બીક એ સઘલું જોઇ બધાંને ઘણીજ ફીકર પેઠી, અને સલામતીની મોટી ધાસતી પડી. તે બાઇ લખેછે કે, "મને બેચેની પેદા થઈ, મારા સોબતીને ગભરાટ પેદા થયો, મારો ચાકર બડબડવા લાગો, અને મારો ભોમીઓ કંટાલેલો દેખાવા લાગો. જોકે મને બી ઘણી ધાસતી પડી હતી, અને મારા મનમાંબી ઘણી ચીંતા પેદા થઈ હતી, પણ મારા સોબતીને ગભરાતાં જોઇ, મેં તેવું જરા પણ ડોલ તેને દેખાડીઉં નહી, કે રખેને તેની હીમત ટુટી જાય. તોપણ મેં હીમત રાખી, અને ગાડીને આગલ ચાલવાજ દીધી. પણ પવનનું જોર વધતું ચાલી ઉં, અને તેની સાથે, જે બરફ રૂના ગાભલાં જેવું પડતું હ તું તે, ઝીણા કાંકરા જેવું પડવા લાગું, અને તે પવનના ઝપા ટા સાથે આવીને દીલ ઉપર ને મોડાં ઉપર એવાતો જોરથી અઠડતા કે આંખે જોવાતું અને નાખે દમ લેવાતો ન હ તો. એક એક ઝપાટે આંખ વીચી દઇ મોડાં ફેરવી નાખ વાં પડતાં, અને વલી આગલ રસતો જોવાને પાછું ફરવું પ ડતું. હવા એટલી તો ઘેરી થઇ ગઇ, કે આસપાસ થોડાક ફુટ સીવાય આગલ શુંછે તે કશું દેખાતું ન હતું. તે સા થે ઠંડી પણ એટલીતો વધી ગઈ, કે નહી હાથ હીલવાય કે નહી મોડું ઉઘડાય.

"જેમ જેમ સાંજ પડતી ગઇ, તેમ તેમ રસતાપરનું બરફ વધતું ગયું, અને એટલું ઉંડું થયું કે ગાડીનાં પઇડાં છેક ધરી સુધી અંદર ગલી ગયાં, અને ફરવાને ઘણી મુશ્કે લી પડવા લાગી. કીનારી દેખાડનારા જે પથરો હતા તે પણ લગભગ બરફથી ઢંકાઇ ગયા, અને એ ચાર વાર ગાડી એટલી કોરપ જઇ લાગી, કે તે પથરો સાથ ઘસાઇ. તે ઘ સારાનો આવાજ સાંભલતાંજ અમોને માલમ પડતું કે ગા ડી છેક કોરપર આવી ગઇછે, અને તેજ ઘડીએ ધાસતીથી અમારૂં લોહી ઠંડી જતું. આ વખત એટલો તો ધાસતી ભરેલો લાગો, કે ધીરજ રાખવી ઘણી મુશકેલ પડતી હતી. આ વખતે મારો સોબતી એટલો તો બીનો કે આખરે તે ગાડીમાંથી ઉતરી પડીઓ, અને મને પણ ઉતરવાને જણા વીઉં. અલબતે આવા વખતમાં મને તેના કહેવા પરમાંણે ચાલવાની જરૂર હતી, અને તે પરમાંણે હું પણ ઉતરી અ ને અમે બંને જન બાજુ બાજુએથી જગા તપાસીને ચાલ વા માંડીઉં, પણ તુરત જોયું કે ચલાય તેવું મુદલ હતું નહી. બરફનાં કકડાનાં વરસાદ સાથ પવનનો એકકો ઝપાટો એ વો તો દીલ ઉપર અને મોડાં ઉપર લાગવા લાગો, કે અમો ને પાછું ફરી જવું પડતું હતું તો હતું, પણ ઘોડાઓ વટી ક પાછા ફરી જતા. તેમને જેમ તેમ પાછા ફેરવી હાંકતા, અને તેઓ પણ મેહેનત કરી આગલ ચાલવાની કોશેશ કર તા, પણ ઉપરથી બરફનો મારો પડવાથી, અને નીચેથી તેમાં ડટાઈ જવાથી, તેઓ ટુટી ટુટી પડતા હતા. અંતે તેઓ ચાલતા ઉભા રહીઆ. છેક રાત પડી ગઇ, અને તોફાંન તો વધવા લાગું. હવે કરવું શું ? તેનો મોટો વીચાર પડીઓ.

(બાકી આવતામાં.)

## બરાહમ્ણ કનીઆ વીવાહ.

બરાહમણોની કનીઆઓના વીવાહ સંબંધી ચાલતી નઠારી અને અવીવેકી રીત બાબેનું એક ગુ જરાતી ભાશામાં બાલબોધ અકશરે છાપેલું નાનું ચો પાનીઊં અમને મલીઊંછે. એ ચોપાનીઊં પરથમ મરાઠી બાશામાં થયલુંછે, તેનો આ ગુજરાતી તરજુમો કરવામા આવેલોછે. એ ચોપાનીઆંમાં જે બાબત સમાવવામાં આવેલીછે, તે બરાહમણોમાં શાશતર વીરૂ ધ વીચાર પેઠાથી અથવા ભુલોથી એવી રીત ચા લી ગયાથી જે બાલ લગન કરવાની અને તેમાં છેક મુ રખાઈ ભરેલાં અને નહીંમનાય એવી પરકારના બાલ લગન કરવાની ટેવ પડીછે, તે ખોટી અને શાસતર વીરૂ ધછે, તે બાબેનીછે. તે વાતને સાબેત કરવાને લખનારે હીંદુઓના કેટલાંક ધરમ પુસતકોમાંથી કેટલાક શલોકો ટાંકી બતાવીઆછે. જોકે બરાહમણોમાં, અથવા બરો બર બોલીએતો ગુજરાતી દકશણી વગરે સઘલા હીંદુ ઓમાં જે એ માઠી રસમ ચાલેછે, તે આજેજ અને આજ ચોપાનીઆથી જાણવામાં આવતી નથી, તોપ ણ એ ચોપાનીઊં નીરઉપયોગીછે એમ કેહેવાને જ રાએ કારણ નથી. એવા એવા જે માઠા અને સંસા રી સુખના મુલમાં, અને દેસની અને ટોલાની આબા દાનીના વધારાના ઠડમાં ઊધાઈ સરખા ચાલો પડી ગ યાછે, તેમને ખોટાછે એવું બતાવવાને અને તેમને જ ડ મુલથી ઊખાડી કાહાડવાને એક કે બે વારજ કોશે શ કરીને બેસી રેહેવું જોઈતું નથી, પણ તેની મેહેનત જારીજ રાખવી જોઈએછે. એ મેહેનતમાં લોકની સામે તે બાબદ એકજ આકારમાં કે જુદા આકારમાં મેલાય તેની ચીંતા નથી, પણ બેસી રેહેવું કોઈ રીતે ઘટતું નથી. જેબી વસતુ લાંબા વખતની ડટાયલી અથવા જડ ઘાલેલી હોય, તે એકદમ અથવા બેચાર આંચકે નીકલતી નથી, પણ તેનાપર જાથુક મેહેનત ચા

લુ રાખવાથીજ તે દોદરી થઈ થઇને નીકલેછે. જોકે દર વખતની કોશેશ ગમે એવી નાની જણાય, અને તેનાથી થતી અસર ગમે એવી થોડી જણાય તોપણ આ કેહવાતને હમેશ ઈઆદ રાખવી કે, "જાથુક પડતું પાણીનું ટીપું પથરને ઘસી નાખેછે." એવા લખનારાઓને જો કંટાલો અથવા નાસીપાયસી પેદા થાયતો તેઓએ ગામડાંમાં જઈ તીઆના એકાદા વપરાતા કુવા ઊપર બેસવું, અને તેના વરાના પથરોપર દોરડાંથી પડેલા કાપ જોવા.

હીંદુઓમાં બાલ લગન કરતાં કરતાં છેક એટલી નાની ઊમર ઊપર લોક આવી ગયાછે કે, આ ચોપાનીઆંનો લખનાર ભય બતાવેછે કે થોડા વખતમાં એવો ચાલ પડી જશે કે, સઘલાં લગન, બચાં પેટમાં હોય તીઆરથીજ થશે! અલબતે, એ ચાલનાં વધારાનાં પરમાણમાં તથા તેની હાલની હાલતમાં જોતાં એવી અટકલ કરવી ઘેલાઈ જણાતી નથી. તેમજ વલી એવાં લગનનો વખત આંઘોખી રહેલો જણાતો નથી, કારણ કે, એવા કેટલાક દાખલા ગુજરાતમાં અને દકશણમાં બની પણ ચુકેલા આપણા જાણવામાં આવીઆછે. તેથી, મજકુર ચોપાનીઆંનો લખનાર તેવો ચાલ પડશે એમ ધાસતી રાખેછે, પણ અમો તો એમ ધાસતી રાખીએછે કે, તે પડી ચુકોછે, અથવા તેની શરૂઆત થઈ ચુકીછે. જીઆરે એવું બનશે તીઆરે હીંદુઓની સથીતી કેવી થશે, તેનો વીચાર કરતાં મગજ ગુંચવાઈ જાયછે. હાલમાં હીંદુઓમાં કેટલાંક એવાં બાલ લગન થતાં આપણા જાણવામાં આવેછે કે, તે જોઈ ભારે અચરતી પેદા થાયછે, ને હસવું આવેછે. સાઠ ને સીતેર વરસનાં ડોસા તે સાત ને આઠ વરસની છોકરી પરણી લાવેછે! ચાલીસ ને પચાસ વરસનાં તે તરણ કે ચાર વરસની છોકરી પરણી લાવેછે! અને વીશ ને તરીશ વરસનાં તે એક ને દોહોડ વરસની છોકરી પરણી લાવેછે. કોઈ કોઈ દશ ને બાર વરસનાં છોકરાને પેટમાંનીજ છોકરી સાથ—જો તે છોકરી આવેતો, એવી બોલીથી—પરણાવેછે! એવું પણ જાણવામાં આવીઊંછે કે, બે સ્રીઓ હમેલદાર હોય તીઆરથી વેહેવાણ થાયછે, ને જેનો છોકરો અવતરે તે છોકરી વાલીનો જમાઈ થાયછે; પણ બંનેને છોકરા કે છોકરીઓજ અવતરે તો તે સંબંધ રદ થાયછે! ધીકછે એવા ચાલોનાં ચલાવનારાઓ ઊપર. જે મરદો પોતાનાં બચાં સરખી બાલકીઓ સાથ પરણેછે, તેઓને આ દુનીઆંમાના માણસ નહી પણ રાખશસ કહેવા જોઈએછે. આવો શરમ ભરેલો ચાલ વઈશ, ક્ષતરીઓ વગેરેમાં ચાલેછે તોછે, પણ બરાહમણો, અને ઊંચી જાતનાં અને ઊંચી વીદીઆ ભણેલા બરાહમણોમાં પણ ચાલેછે, એ ખરેખર ઘણુંજ ખોટું અને દુખ ધરવા જોગછે. એ સઘલું હીંદુઓનાં નામને તેમની આગલી જાહોજલાલી અને સુધારાને, અને છેલે તેમના ધરમને હીણ લાગેછે. હીંદુઓ પુરવે વખતમાં એવા મુરખ ન હતા, અને એવા ચાલ તેમના નથી. હીંદુઓનાં મુલ શાસતરો એવી મુરખાઈથી ખાલીછે. હીંદુઓનો વેદ ખાલેસ મતથી ભરેલોછે. પણ આજના વખતના હીંદુઓએ તેને વીસારી મેલીઓછે, અને પાખંડી ધરમોનાં પુસતકો આગલ તેને ઢાંકી નાખીઓછે. જેમ હીંદુઓની હાલતની પડતી થઈછે, તેમ તેમના ધરમની પણ પડતી થઇછે, એ મોટી અપશોશની વાતછે. પણ તેઓએ ઈઆદ રાખવું જોઈએ છે કે, તેમની હાલતની પડતી જે થઇછે, તે તેમના વેદના ધરમની પડતી થવાથી થઈછે; અને હજુબી જે થશે તે એજ કારણથી થશે. વેદ, જે હીંદુઓનું મુખીઅ અને ખરૂં ધરમ પુસતક, જેની આજ જમાના સુધી વખાણ થાયછે, તેમાં એવી મુરખાઈ કંઈ નથી, અને હોવી જોઇએ પણ નહી. તેમજ જે ધરમ પોથીઓ લખનારાઓ, વેદ મતને ધીઆનમાં રાખી લખી ગયાછે, તેઓમાં પણ એવી મુરખાઈઓ જોવામાં આવતી નથી. જે વાત કોઈની પણ અકલમાં આવે નહી, જે વાતને બીજી સઘલી કોમ ધીકારે અથવા હસે, અને મોટી નુકશાનકારક ગણે, તે વાત ધરમ પુસતકમાં હોવીજ નહી જોઈએ, અને જો હોયતો તેને ધરમ પુસતક કહેવું ને માનવું નહી જોઇએ. કેટલાક અપઠો એવું બોલનારાઓને સુધારાવાલાઓના વરગમાં મેલી, એવું કહેછે કે એવાઓતો સદા એમજ બોલેછે, અને સઘલાઓને બોલવા બેઠાછે. પણ તેવા અકલના હીણાઓ જરા તેવાં બોલવાનાંની ઊપર વીવેકથી વીચાર કરતા નથી; શાયદા ગેરશાયદાને જોતા નથી. જો તેઓ મગજને સઘલા શકોથી સાફ કરી સધીર મને વીચાર કરેતો તેમને પોતાની ભુલો જણાયા વગર રેહે નહી.

હીંદુઓનાં ધરમ પુસતકોમાં, એવાં બાલ લગનો કરવાને ફરમાવેલું નથી, પણ પુરતી વયનાં અથવા

મોટી વયનાં સ્ત્રી પુરૂશોનાંજ લગન કરવા ફરમાવેલું છે, એવું સીધ કરવાને તેના લખનારે, સંસકાર કઊસતુભ, પરયોગ રતન, ભારત, યમ સમરૂતી, મનુ સમરૂતી વગેરે પુસતકોમાંથી સલોક સહીત દાખલાઓ આપી આછે. તેઓ ઊપરથી ખોલી રીતે જણાયછે કે પરણનાર સ્ત્રી અને પુરૂશ પુરતી અને લાયક ઊમરના હોવાં જોઈએ. લગન સારતી વખતની કીરીઆ તરફ જોતાં તથા તેમાં બોલાતા કેટલાક બોલો તથા પુછાતા સવાલો તરફ જોતાં પણ સાફ માલમ પડેછે કે, પરણનાર જોડું તે સમજવાની અને તેના સમજથી, અને અંતકરણથી ઊતરો આંપવાની વયનું જોઇએ, જે વય બાલકપણની હોતી નથી. આ સઘલી વાતો ઊપર એવા હીંદુઓ હજુ વીચાર કરવા માંડશે નહી, અને જેઓ શીખેલા અને સમજુ બનેલાછે તેઓ, તેવાઓને સમજ પાડવાની કોશેશ જારી રાખશે નહી, તો હીંદુઓની સથીતી હજુ દનપર દન વધારે માઠી થતી જશે એમાં થોડોજ શક જાણવો.

---

## શીખામણ રૂપી વારતાઓ.

**તોપ અને સડ**—એક લડાઇના વાહાણમાં કેટલીક જબરી તોપો હતી. તેમને તે વાહાણના સડોની અદેખાઈ લાગી, કે એઓ શું કામનાછે, અને આખો દાહાડો ખલાસીઓ પાસે એમના ઉપર શું કરવા મેહેનત કરાવે છે. જીઆરે પવન ફુંકે છે, તીઆરે તે અમસથા ફુગી રહેછે, અને તોફાન ફુંકેછે તીઆરે આણીગમથી પેલીગમ પછાડા મારી અમસથા બધાને મેહેનત આપેછે. દુશમનોની સાથે લડીએછે તો અમે, અને લડાઈનું સઘલું કામ કરીએછે તો અમે. વાસતે હવે અમે એની સાથે વધારેવાર મુસાફરી કરવાના નહી. બધી જવાબદારી અને બધું કામ અમે અમારેજ માથે લઈસું, અને સઘલું અમેજ ચલાવશું. એમ કહી તેઓએ ઉતરના પવનને પોતાના વીઝોડાં સાથ બોલાવીઓ. તેમના તેડવા પરમાણે તે આવીઓ, અને તુરત મોટું તોફાન શરૂ થયું. સડો બધા ચીરાઈ ગયા, અને ટુટીને ઉડી ગયા. થોડેવારે તોફાન સમીઉં, અને સઘલું સમાધાન થઈ ગયું; પણ વાહાણતો સડ નહી માટે ચાલતું અટકી ગયું. હવે બીચારી તોપો શું કરે ! તેમનાથી વાહાણતો ચલવાયું નહી, તેથી વીચારમાં પડીઓ. તેવામાં દુશમેનનું વાહાણ સામેથી આવી લાગું, અને આ વાહાણને અશકત થઈ પડેલું જોઈ, તેનો લાભ લઈ તેના ઉપર એક દમ હુમલો કીધો, અને તેના કકડા કરી ડુબાડી મેલીઉં. તોપો પણ બીચારીઓ તેની સાથે માર ખાઈને પાણીમાં ગઈઓ.

આ વાતમાં શીખામણ એછે કે, જે કામ આપણે બીજાની મદદથી કરતા હોએ, તેમાં તે મદદગાર પણ ઘણો અગતનો છે એમ સમજીનેજ ચાલવું જોઈએ. તેને બદલે માનનો આખો લુમકો ગલવાની આસાથી જો તેની અદેખાઈ કરે કે, તેના વગર ચલાવવા જાય, તો આકેબત આ તોપોના જેવો હાલ થાય.

**એક નાનુ અને એક બુઢું વરૂ**—એક વેલાએ, એક બુઢું વરૂ. પોતાના બચાંને કેલવણી આપતું હતું તીઆરે, તેને કહીઉં કે, જા, આજે તું એકલું જા, ને જોઉછ તો મજેનો શીકાર તું કરી આવ કે નહીતો શોધી લાવ. બચું ખુશી થતું દોડીઉં. આણીગમ પેલીગમ ભટકતાં એક મોટું બકરાનું ટોલું નજર પડીઉં. તે ટોલું ઘણું મોટું જોઈને તથા તેના ધણીને અને કુતરાંઓને તેમની મજબુતીથી ચોકી કરતાં જોઈને તે બચાંની હીમત એકુને ઘસડી જવાની થઈ નહી, તેથી તુરત તે બુઢાં વરૂ પાસે આવીઉં અને બોલીઉં, મેં મજેનો શીકારતો શોધી કાહાડીઓછે, પણ મને એકલાંને પકડતાં બીક લાગેછે તેથી જો તમે સાથે આવો તો આપણે આજે સરસ શીકાર મારીએ, અને મેજબાંની કરીએ. બુઢું વરૂ આસતે રહીને બોલીઉં, બચાં તે મજેનો શીકારતો શોધી કાહાડીઓ, પણ તે કીઆંછે કેવોછે, કેમછે તે કંઈ મને કેહેશે. બચું બોલીઉં હા, મેં બધી તપાસ કીધીછે. બકરાંનું ટોલું ઘણુંજ મોટુંછે, પણ તેઓમાં એક ઘણુંજ ફરબેછે, જેની માહે મારો ડોલો ખોસાઈ રહીઓછે. કુતરાં પણ ઘણાંછે, અને આસપાસ ફરતાં ફરેછે. ધણીને વાસતે મને એવી ખબર મલીછે કે તે ઘણો હુશીઆર અને ખંધો માણસછે, અને બકરાંઓપર ખુબ સાવચેતી રાખેછે. પણ આપણે બે જન જઈશું તો તુરત પેલું ફરબે બકરૂં આપણે પકડી શકશું, માટે ચાલો આપણે જલદી જઈએ. એ વાત સાંભલી બુઢું વરૂ ધીરજથી બોલીઉં, બચાં, તું હજુ ઘણું નાદાનછે. તું ફરબે બકરાં તરફ જ જોયા કરેછે, પણ તેને મારતાં આપણે મરાયાં જઈએ તેનો તુંને વીચાર આવતો નથી. એ સાંભલી બચું બોલીઉં, એમાં બીહીવાનું શુંછે ? બુઢું બોલીઉં, જો સાંભલ, બકરાં ઘણાંછે તેની દરકાર હું જરા નથી કરતો. મરને તે એક લાખ હોય, પણ તે સઘલાં આપણને જોતાં વાર ઉભી પુછડીએ નાહાસવાનાં કુતરાં ઘણાછે, તેનીબી હું પરવાહ કરતો નથી, કારણ કે તેમને પણ ઉડાવવાનાં ઘણા ઉપાય થઈ શકે, જો તેમનો ધણી બેદરકાર અને સુસતી હોયતો. પણ તું તો કહેછે કે, તે ઘણો હુશીઆર અને સાવચેત તથા ખંધોછે, તીઆરે મારી હીમત સઘલી જતી રહેછે. કારણ કે, જીઆરે ધણી ચંચલ અને સાવચેતછે, તીઆરે તેનાં કુતરાં પણ તેવાંજ હોવાં જોઈએ. જે ધણી આલસુ અને બેપરવાહ હોયછે, તેનાં કુતરાં પણ તેવાંજ હોયછે. વાસતે એ જગાપર હીમત કરવી, એ હુલરાઈ અને જીવ ખોવાનો સોદોછે. વાસતે બીજી ગમ જા, ને એવું ટોલું શોધી કાહાડ કે જેનો ભરવાડ સુસતી અને બેદરકાર હોય, તો તીઆં આપણને તડાકો પડશે. ને હવેથી આએ મારી શીખામણને ઇઆદ રાખજે.

આ વાતમાં બે શીખામણછે. એક એકે, નાદાનોને બધી વાત સેહેલી લાગેછે. પણ તેવાઓની સુઝ

સમજુઓએ પોતાના વસા ગુમાવવા નહી, પણ પોતે વીચાર કરવો, અને નાદાનને સમજં પાડવી. બીજી એકે, જીઆં ધણીઓ આલસુ અને બેદરકાર હોયછે, તીઆં તેના ચાકરોબી તેવાજ હોયછે, અને તેથી તેમની માલ મતા ખંધાઓને હાથ લુટાયછે, અને હરામખોરો જમી જાયછે.

**દરીઓ અને તરનાર**—એક વેલાએ એક વાહાણ દરીઆમાં ભાગાથી તેમાંનો માલ અને ઉતારૂ પાણીમાં પડીઆં. એક જન તરનાર હતો તે જેમ તેમ, ભારી મેહેનતે તરીને કીનારે નીકલીઓ. તરતાં તરતાં ઘણો થાકી જવાથી જેવો કીનારાપર આવીઓ તેવોજ તે ઉંઘાઈ ગયો. પછે, જેવો જાગીઓ કે ઉઠીને બેઠો, અને પાણી તરફ નજર કરી બોલીઓ, ઓ ઘાતકી પાણી, તું કેવું ઠગારૂં છે ! પરથમ તું મુગું ને ઘમ થઇ મુસાફરોને અને વાહાણ વાલાઓને મુસાફરી શરૂ કરવાને લલચાવેછે, અને પછે થોડેક ચાલીઆ કે તું એકદમ કુદવા ને નાચવા મંડી જાયછે, અને ભુખા વાઘની માફક ખરાડા મારતું ડાચાં વકાસી તેમાં અમને અને અમારા માલ મતાને ગલી જાયછે. આવી તારી પાપી ચાલ ખોદા કેમ સાંખશે ? આ બોલો સાંભલીને મહાસાગર એક દેવતાનો અવતાર લઈ તેની સામે આવીને ઉભો, અને બોલીઓ. ઓ નાદાન, તું મને ઠપકો આપેછે, પણ એવાં કામનો કરનાર ખરેખરો કોણછે તેનો તું વીચાર કરતો નથી. હું તો હમેશાં શાંત અને સથીરજ રહું છું, પણ પવન આવીને મને એવી હાલતમાં મેલેછે, જેથી ઘણીખરી વાર તમારા લોકની એવી અવસથા થાયછે. મેં તો તુને ઉલટો ફાયદો કીધો, કે પવન નરમ પડવાથી મેં તુને તરતો સલામત કીનારે આવવા દીધો.

આ વાતમાં શીખામણ એછે કે, ઘણીવાર હરેક આડું કામનો કરનાર હોયછે બીજો, અને દેખીતી રીતે જણાયછે બીજો, અને જોકે તે બીજો ધણી ખરેખર આપણને ફાએદો કરનાર હોયછે, તોપણ પેલાં આડાં કામનો સઘલો દોશ તેનેજ માથે મેલાયછે. પણ એવી વખતે સમજુ માણસોએ વીચાર કરીને એમ કરવું જોઈએછે.

**ગધેડો અને બાગબાન**—એક બાગમાં એક બાગબાને ઘણાજ કોમલ છોડવાઓ ઉગાડીઆ હતા, પણ તેમને કાગડા અને ચલીઆંથી હાણી પોંહોંચતી હતી. તેથી તેણે કોઇ રખેવાલ શાખવાનો વીચાર કીધો તેને માલમ પડીઉં કે એક ગધેડો ઘણો ઇમાનદારછે, અને ગમે એવાં ખેતરમાં મેલીઓ હોય તોપણ એક તનખાંનેબી છેડતો નથી. આથી તે બાગબાન ખુશી થયો, અને પેલા ગધેડાને બાગમાં લાવીને કાગડા તથા ચલીઆં હાંકી કાહાડવા શાખીઓ. તેને બાગ સાંફીને પછે તે નીરાંતે ઘરમાં જઇને બેઠો ગધેડો ઈમાનદાર તો બરોબર નીકલીઓ, તેણે એકબી પાતરાંને કે ફુલને મોડું લગાડીઉં નહી; અને આખા બાગમાં આણીગમથી પેલીગમ દોડી કાગડા અને ચલીઆંને હાંકવા લાગો. એથી કરી તે દીવસે એકબી કાગડો કે ચલી છોડવાપર બેસવા પાંમીઉં નહી, પણ પેલા ગધેડાનાં આખો દાહાડો આણીગમથી પેલીગમ દોડવાથી, બાગમાનાં બધા છોડવા છુંદાઈ પુંદાઈ ગયા. બાગબાન સાંજના નીરાંતે બાગમાં આવીઓ પણ જોયછે તો ગધેડાને પગે તેનું બધું સતીઆનાશ વલી ગયલું ! એ જોઈ બાગબાન ખુબ ચીડમાં આવી ગયો, અને એક જબરી લાકડી લઈને બીચારા ગધેડાને ખુબ બરફાટી હાંકી મેલીઓ.

આ વાતમાં શીખામણ એછે કે, હરેક જોખમદાર કામ કોઈ ઈમાનદારને સાંફવું પડેતો તેની ફકત ઈમાનદારીજ જોવી નહી, પણ તેની સાથે તેની તે કામ બજાવવાની શકતી અને બુધી પણ જોવી. અગર નહીતો તે કામની બેઈમાનીથી નહી તો કબુધીથી ખરાબી થાયછે. તેમજ આ વાતમાં બીજી શીખામણ એછે કે, જેને એક કામ કોઈ સાંફેતો, તે કામ કરવાની તેનામાં શકતી અને બુધીછે કે નહી તેનો તેણે પરથમ વીચાર કરવો જોઇએ, અગર નહીતો તેને હાથે તે કામ બગડી જાય, અને ઉપલા ગધેડાનો જેવો હાલ થયો તેવો ધણીનાં ગુસાથી થાય.

## સોબાઈની શીખામણ

નાહલાં થઇને વચમે નહી બોલીએ !
હર કંઈ વાતમાં પુછ પુછ નહી કરીએ !
બાવાજીની આગલ સાચું નહી બોલીએ !
માએજીનો ભરમ કદી નહી ખોલીએ !
ગુજરાતી ઈસકોલમાં થોડો વાર રહીએ !
દશ વરશનાં થઇને ઉઠી જઇએ !
ઘણું ઘણું લખવા વાંચવા નહી શીખીએ !
ઘરમાં બેસીને રોજ રોજ નહી લખીએ !
અંગરેજી શીખવાનું નામ નહી લઇએ !
હલાકઝાંદરા ! ઈસકોલમાં શીખવા નહી જઇએ !
ઘરમાં બેસીને પેણો ! નહી વજારીએ !
ખરકીમાં ઉતરીને તાલીઓ પારીએ !
ઈસકોલનાં ખરાબ ખરાબ ગીતો નહી ગાઇએ !
શેરાનાં સારા સારા ગરબાંઓ ગાઇએ !
હરી ને નીતી ને ભકતી નહી ગાઇએ !
કાહાન ને વાહાલા ને છેલબટાઉ ગાઇએ !
ગલામાંથી ઝીણો સરોદ નહી કાહારીએ !
ઘાંટું પારીને કાગડા ઉડારીએ !
બાલ ખોસી ખોસીને માથું બાધીએ !
છોલેલા ગોટા જેવું ! મોડું દેખાડીએ !
જીટાઈને જટ પાયતો થવા દઇએ !
નીખીઆએ હોરીને સેંથો નહી પારીએ !
લાંબા હોય તો દાબી દાબીને બાંધીએ !
પછવાડે મોટો અમોરો નહી રાખીએ !
સારીની સોર આંખવેર તાણીએ !
રસતામાં નીચુંજ જોઇને ચાલીએ !
લાંબા લાંબા હાથનો લટકો કરીએ !
ને ધીમે ધીમે પગલાં ઉંચકીએ !
ગારીનાં પરદા ઢાંકીને બેસીએ !
બેસીને કોઇને મોડું નહી દેખારીએ !
બુટ ને ઈસટાકરી ! કદી નહી પેહેરીએ !
ઘેરમાં ઉઘારે પગેજ ફરીએ !

પોલકા ને બોલકા દીલમાં નહી ઘાલીએ !
જેટના સદરા પેહેરી ખુલાંજ ફરીએ !
બહાર નીકલી કેડે ફરવા નહી જઈએ !
ખરકીમાં બેસીને તાત નીંદા કરીએ !
આખાંનો ભાંજીને લુકો કરીએ !
મુગે મોહે ચોમેર ચોરલા લરાવીએ !
સારાં માણુસની સાથ વાત નહી કરીએ !
ઘરના ચાકરની સાથ હશીએ ને બોલીએ !
સારાં માણુસને કંઈ હાથોહાથ નહી આપીએ !
મીતરવારાના હાથમાં હાથ આપીએ !
ડાકટરની દવા કદી નહી કરીએ !
બાંમણુને જઈને ટપકો દેખારીએ !
દીકરાને આપરા તાબામાં રાખીએ !
વહુને ગોલાગરી કરીને ગણીએ !
વન વેહેવાઈસે હમેશ કજીઓજ કરીએ !
ભારતો સાથ કદી સલાહથી નહી રહીએ !
રસતામાં વરની સાથે નહી ચાલીએ !
ઘેરમાં ધણીની સાથે નહી જમીએ !
દુખ સુખની વાતો માટી સાથ નહી કરીએ !
ઘરમાં મુગાં મુગાં ફરીઆ કરીએ !
ઘરમાં ગોઠવેલું કંઈ નહી રાખીએ !
જાંહાં પરીઉં તાંહાંજ મેલી રાખીએ !
સુધારાવાલાઓનું કહીઉં નહી માનીએ !
બાપદાદા ચાલતા આયા તેમ ચાલીએ !
રાસત ગોફતાર ને સ્ત્રી બોધ હાથમાં નહી લઈએ !
નાનાભાઈ કહે તે રસતે નહી જઈએ !

# ફરાનસીસ બરાઉન.

## એક આંધલી કવી છોકરી.

ફરાનસીસ બરાઉન ૧૮૧૮ નાં વરસનાં જુન મહીનાની ૧૬ મી તારીખે, ડનગાલનાં પરગણામાં સટરેનોરલર નામનાં ગામમાં જનમી હતી. એનાં મા બાપને પેટે બાર છોકરાં હતાં, તેઓમાંની એ સાતમી હતી. એનાં મા બાપે, પોતાની સુંજાસ પરમાણે, બધાં દીકરા દીકરીને તે ગામની નીશાળમાં કેળવણી આપી હતી, પણ બીચારી આ છોકરી બચપણથીંજ આંખે અપંગ થવાથી તેને તે વગર રાખવામાં આવી હતી. તે અઢાર મહીનાની હતી, તીઆરે તેની આંખો જતી રહી હતી. આવી માહાભારત ખાંમી છતાં, અને તેથી કરી દુનીઆંથી તદન બાતલ થવા છતાં, તેનામાં ચંચલાઈ ઘણી અને ઈઆદ શકતી મજબુત હોવાથી તે બીજાં તેવાં દેખતાંઓ કરતાં દુનીઆમાં ઘણી વધી. તે સમજણી થઈ એટલે પોતાનાં ભાઈ બેનો પોતાનું લેસન કરવા બેસી તેમની પાસે બેસી તેઓ જે બોલે તે સાંભલવા અને ઈઆદ રાખવા લાગી. એમ કરતાં તે થોડા વખતમાં, પોતાની મેલે, પોતાની ભાશાનું એટલી અંગરેજી ભાશાનું વીઆકરણ, અને ભુગોલ શીખી. દરરોજ તે નવું નવું પોતાનાં ભાઈ બેનોની આગલ સાંભલતી, અને પછે તે રાતના સુવા જતી વખતે તથા જીઆરે બધાં છોકરાં નીશાલમાં ગયલાં હોય તીઆરે તે બધું ઈઆદ કરતી અને ગોખી મેલતી. એજ પરમાણે ઘરમાં બીજાં જે વાતો વાંચતાં હતાં, તેમાથી કેટલીક તેવી સેહેલી વાતો સાંભલી તે બધી ઈઆદ રાખી. તે પછે તેણે સર વાલટર સકાટ સરખા મહાકવીની કેટલીક વારતાઓ, પોતાનાં ભાઈ બેનો પાસે વંચાવી, સાંભલી. ભાઈ બેનોને પોતાની આગલ એવું એવું વાચવા બેસવાને લલચાવવા માટે તે તેમની આગલ કાંઈ નવી નવી ગમતની વાતો મનમાં જોડી કાહાડીને કરતી તથા તેમનું ઘર માહેલું જે કાંઈ કામ હોય તે કરતી. પછે વારતાઓ મેલી તેણે ઈંગલંડની આખી તવારીખ વંચાવીને સાંભલી. તે પછે તેણે આગલા વખતની તવારીખનાં એકવીશ વાલમો વંચાવીને સાંભલીઆ. આથી કરી ફરાનસીસને તવારીખનું પુશકલ ગનાન મલીઉં. તે ગામડાંની નીશાલનાં શીકશકની છોકરી સાથ સહીપણું મંડાવાથી તેને ફરેંચ ભાશા આવડતી હોવાથી તેની પાસેથી કેટલીક તે ભાશા શીખી; અને તેના બદલામાં તેને તેણે અંગરેજી ભાશાનું વીઆકરણ, જે તે પોતાના ભાઈ બેનોને લેસન કરતાં સાંભલીને શીખી હતી, તે શીખવીઉં. એમ સાંભલી સાંભલીને ગનાન મેલવી સાતમે વરસેથી તેણે પોતાના મગજમાંથી કંઈ કંઈ બાબતો કવીતામાં અને સાદી એબારતમાં લખવા માંડી. લખવા માંડી એટલે, તે મોડેથી બોલીને પોતાના એકાદા ભાઈ કે બેન પાસે લખાવતી કારણ કે તેને લખતાં કોઈએ શીખવીઉં ન હતું, અને તેથી તેને આવડતું ન હતું. એ દેશમાં જે આંધલાંઓને શીખવવાની નીશાલોછે તેમાની એકુમાં જો એને મોકલવામાં આવી હતેતો બેશક તેથી એને મોટો ફાયદો થતે; પણ તેનાં મા બાપની ગરીબાઈને લીધે તેમ બની શકીઉં ન હતું.

એ પરમાણે વંચાવીને સાંભલવાનું, તથા બોલીને જે તે કાંઈ લખાવવાનું પંદરમાં વરસલેર ચાલુ રાખવા બાદ, તેના વીચારમાં તદન ફેરફાર થયો. તેનો સાંભલવામાં નામીચા મહાકવી હોમરની ઈલીઅડ નામની કવીતાના તરજુમાનું પુસતક આવીઉં. તે સાંભલવા પછે, ખરી અને સરસ કવીતા તે શું તે તેના જાણવામાં આવીઉં. તે ઉપરથી તેને પોતાની છુટી છુટી કરેલી કેટલીક કવીતા એવીતો ફીકી લાગી, કે તે એકઠી કરીને બાલી નાખી. તે પછે તેના સાંભલવામાં નામીચા કવી બાયરણની ચાઈલડ હેરલડ નામની કવીતા આવી તેનીપણ તેના મન ઉપર મજબુત અસર થઈ, અને પોતાની જેટલી કવીતા કરેલી હતી તે બધી નકાંમી ગણી બાલી નાખી, અને પોતાને એવી સરસ કવીતા કરવાને અશક્ત સમજી તે કોશેશ પડતી મેલી. તરણ વરસ ગયા પછે, આઈરીશ ગીતો તેના સાંભલવામાં આવીઆં, જે તેને ઘણાં ખુશ લાગાં એટલુંજ નહી, પણ તેવાં જોડવાને તેનામાં પાછી હોંસ જાગી. તે હોંસમાં તેણે કેટલાંક ગીતો જોડીઆં, જે એક સસતી કીમતે નીકલતાં ચોપાનીઆંમાં છપાયાં, અને તે પછે તે બી

જાં આગલાં ગીતોની સાથે, તેવાં ગીતોની ચોપડીમાં છપાયાં, જે આજવેર રહેઆછે, અને લોકોમાં ગવાયછે. એમ થવાથી ફરાનસીસને સારી ઉલટ વધી, અને બીજી બીજી કવીતાઓ કરીને બીજાં તેવાં ઘણાં મોલાદાર ચોપાનીઆંઓનાં અધીપતીઓ ઉપર મોકલી, જે ઓને તે એવી સારી લાગી કે, તુરત પોતાનાં ચોપાંનીઆંઓમાં દાખલ કીધી, એટલુંજ નહી, પણ ફરાનસીસને જણાવીઉં કે, તે જો એવી એવી કવીતાઓ, અથવા એવીજ કાંઈ બાબતો મોકલતી રહેશેતો તેઓ તેમને મોટી ખુશીથી પરગટ કરશે એમ જણાવીઉં. આથી કરી ફરાનસીસની ઉલટમાં આગલ કરતાં ઘણો વધારો થયો, અને તેણે પોતાની બીજી કેટલીક કવીતાઓ એક નાનાં પુસતકનાં આકારમાં છપાવી. આ પુસતક સર રાબરટ પીલ નામના ઉમરાવનાં હાથમાં આવવાથી તે વાંચીને એટલો ખુશ થયો કે, તેણે તેને વરસ દાહાડે બસો રૂપીઆનું વરસાન આપતું કીધું.

એમ થવાથી ફરાનસીસને માલમ પડીઉં કે તેને પોતાનું ગુજરાણ પોતાની મેલે કરવાનો, અને મા બાપને સાથે મદદ કરવાનો ઉપાય તેના હાથમાં આ આવીઓછે. તે વીચારથી તેણે પોતાનું ગામ છોડીઉં, અને એડીનબરો નામનાં મોટાં શેહેરમાં આવી રહી. તેની એક બેન, જે અતીઆર વેર તેનું લખવાનું કામ કરતી હતી, તે અહીં પણ તેનીજ સાથે આવીને રહી. અહીં આવવા પછે તેણે પોતાનું ઉમદા મગજ નીચવવા માંડીઉં, અને તેમાંથી સારી સારી કવીતાઓ અને મનપસંદ વારતાઓ કાહાડી સારાં સારાં ચોપાંનીઆં વગેરેઓમાં મોકલવા લાગી. એમાંથી તેને પોતાનાં ગુજરાણ જોગા પઈસા પણ મલવા લાગા, અને સાથે તે લોકોની જાણમાં આવી, અને ઘણાક તેવા વીદવાનો સાથ ઓલખાણ થઈ, જેઓ તેની ઘણી વખાણ કરવા લાગા, અને સાથે તેને ઘણી ઉલટ આપવા લાગા. ચોપાનીઆંઓમાં મોકલવાનું જારી રાખતાં તેણે કેટલીક નવી અને મનપસંદ કવીતાનું એક નાનું પુસતક કાહાડીઉં, જે તેણે પોતાનાં મુરબી સર રાબરટ પીલને અરપણ કીધું.

આટલું છતાં ફરાનસીસને પુરતી કમાઈ ન થવાથી તેણે એડીનબરો છોડીઉં, અને લનડનમાં આવી રહી. પણ અહીં આવતાંવાર તેની બેનને સારૂં ઠેકાંણું મલી આવવાથી તે પરણી ગઈ, જેથી બીચારી ફરાનસીસ એખલી પડી ગઈ, અને લખવાને માટે તેને મોટી અડચણ આવી પડી. તોપણ તે હીમત હારી નહી તેણે એક લખનારને રાખી, અને જેમ બને તેમ તેનો થોહો વખત રોકી થોડું થોડું તેની પાસે લખાવવા લાગી. પણ એ પરમાણે વધારેવાર ચલાવી શકાયું નહી. તેનાથી લખામણીનાં પઈસા અપાયા નહી, જેથી તેને તેમ કરાવવાનું બંધ કરવું પડીઉં. આ વખતે તે પોતાનાં ગુજરાણને માટે મોટા ગુંચવારામાં અને ફીકરમાં પડી, પણ ખોદાએ તેના તરફ જોયું. જે માણસ ઉદોઓગી અને ચંચલ હોયછે, તેને ખોદા કદી વીસરતો નથી, અને તે કદી ભુખે મરતું નથી. એક દીવસે એક જુનાં ચોપાનીઆમાં છપાયલી તેની એક કવીતા લારડ લેનસડાઉન નામના એક ઘણા તવંગર ઉમરાવનાં વાંચવામાં આવી. તે વાંચી, ફરાનસીસની મનશકતી જોઈ તેનાપર એટલો ખુશ થયો, કે તુરત તેને વરસ દાહાડે એક હજાર રૂપીઆનું વરસાન બાંધી અપાવીઉં; અને વલી સરકાર પાસે, મેહેનત કરી, તથા પોતાનો વગ ચલાવી એક સારૂં વરસાન બંધાવી આપીઉં. આથી કરી ફરાનસીસની પેટ ભરવાની સઘલી ફીકર દુર થઈ ગઈ. તોઆર પછે તે હમેશ ખોદાનો પાડ માનતી અને પોતાનાં મુરબીઓનો ઉપકાર માનતી રહી, અને જીઆંવેર પોતાની મનશકતી વપરાઈ તીઆંવેર, લોકનાં ફાયદાને માટે લાયક લખાણો કરતી રહી.

આવી ચંચલ અને ઉદોઓગી છોકરીઓ અને સ્ત્રીઓ દેશીઓમાં કીઆરે નીકલશે, અને તેમની ચંચલાઈની ખુબી, અને મેહેનત, કદર જાણવાની દેશી પઈસાદારોમાં કીઆરે બુધી આવશે ?

## બઈરી વેચીને કુતરો લાવીઓ !

કુદરતે બધી જીવતી પેદાયશમાં નર અને માંદા એ બંને પેદા કીધાંછે. તે એવીજ મતલબથી કે તે બંને જણ જોડું થાય, અને તેથી એક બીજાને દુખ સુખના ભાગીઆ મલે, અને દુનીઆંપર વસતીનો વધારો થાય. કુદરતની આ મતલબ તરફ જોતાં, તથા તેમાંથી ફાયદા નીપજવાનો સંભવ જોતાં ખુલી રીતે માલમ પડેછે કે, માણસે પણ તેવાં જોડાંનાજ આકારમાં રહેવું જોઈએ, અને કુદરતની ઊપલી મતલબ બર લાવી, પોતાને માથે પડેલી ફરજ અદા કરવી જોઇએ. પણ એમ કરતાં માણસને માટે બીજી વાતોનો વીચાર કરવાનો ઘણો રહીઓછે. માણસ ફકત જોડુંજ થાય, અને તે બીજાં જાનવરોના સરખુંજ જોડું થાય, તો તેમાંથી ઊપલી બેમાંની છેલી મતલબ પાર પડે ખરી, એટલે દુનીઆંની વસતીનો વધારો થાય ખરો, પણ પેહેલી મતલબ બર નહી આવે. કોઈ કોઈનું સગુ રહે નહી, કોઈ કોઈને દુખે સુખે મદદ કરે નહી, અને કોણ મા બાપ અને કોણ દીકરા દીકરી તેનું કશું ઠેકાંણું રહે નહી. એમ થવાથી મંડલી સરખું કંઇજ હોય નહી, અને જીઆરે એમજ થાય તીઆરે માણસની અવસથા ઢોર કરતાં કોઈ રીતે ચહડતી રહે નહી. આ કારણ માટે, માણસોએ પોતપોતામાં કાયદાઓ બાંધી અને ચાલો પાડી એવું કીધું છે કે, દરેક જોડું જુદું રહે, દરેક એક બીજા સાથ સંધાયલું રહે અને બને જણ મલી પો

તેના બચાંનો સંભાલ કરી, આવતી ઓલાદને મારે સારાં માણસો તઈઆર કરી આપે. આવા કાયદામાંની છુટની બારી પરથમ તદન ઊંઘાડી હતી. તેને જેમ જેમ માણસો સુધરતાં ગયાં તેમ તેમ જરા જરા તાણવા લાગાં, અને છેલે આજે તેને ઘણાઓએ લગભગ બંધ કરી દીધીછે. આગલ બધા લોકમાં એટલેવેર આવીને અટકેલું હતું કે, હરેક જોડું જો એક બીજાથી કંટાલી જાય અથવા એક બીજાપર નારાજી થાયતો, તેના પકા બંદોબસત સાથે તેઓ પોતાની મરજીથી ગમે તીઆરે છુટાં થાય. પણ અંગરેજોએ છેલે એટલો મારગ પણ બંધ કીધોછે, અને તેમનું જોઈ બીજાઓએ પણ તેમ કીધુંછે. જોકે એ મારગ તદન બંધ નથી કીધો, પણ તે રસતે પસાર થવાનું દરેક જોડાંનું પોતાની મરજી ઊપરથી કહાડી લઈ નીઆયની મરજી ઊપર મેલવામાં આવીઊંછે. આ વાત કેટલાકોને વાજબી લાગેછે, અને કેટલાકોને ગેરવાજબી લાગેછે. પણ ઈંગલંડ દેશમાં, જીઆરે એવા શકત કાયદા ન હતા, તીઆરે તીઆં ઘણા હસવા સરખા બનાવ બનતા હતા. જોકે એવા બનાવો ઘણુંકરીને હલકા લોકમાં બનતા હતા, તોપણ તેના અવગુણની અસર મંડલી ઊપર થતી હતી. બધી વાતમાં જેમ મધીઅમપણું સારૂંછે, તેમ આ વાતની બાબતમાં, અને એને લગતા કાએદાઓના શકતપણામાં પણ મધીઅમપણું જોઈએ. જેટલા પરણેછે તેટલા બધાજ સુખી હોતા નથી. તેવાં ભાયગસાલીતો ઘણાંજ થોડા હોયછે. કેટલાકતો બીચારા એવી કમબખતીમાં આવી પડેછે કે, પોતાને જીવતા જીવત દોજખની અંદર શેહેતાનોના આજાબ તલે પડેલા સમજેછે. એવાઓને મારે તેવાં દોજખમાંથી નીકલવાનો મારગ લગાર સુતરો હોયતો સારૂં. આગલ ઈંગલંડ દેશમાં તેવા કાયદા ન હોયાથી વલી ખરાબી અને બેવકુફી એટલી વધી ગઈ હતી કે, તેનો પાર નહી. આ બાબતને માથે જે મથાલું કીધુંછે કે, બઈરી વેચીને કુતરો લાવીઓ, તે થોડી બેવકુફાઈ બતાવનારૂં અને થોડી અજાયબી પેદા કરનારૂં નથી. તોપણ એ વાત ખરી છે એમ માનવાને સબબ છે, કારણ કે તે એક મોબાદાર પુસતકમાં, ચોકસ તકરારના દાખલા તરીકે, આગલના વખતના એક વરતમાન પતર ઊપરથી, લીધેલીછે. તે પતરનું નામ લેનકાસટર હેરલડ કરીનેછે, અને તેમાં નીચે પરમાણેની બાબત લખવામાં આવેલી જણાયછે—

"કારલાઈલ ખાતે એક બઈરીનું વેચાણ— આ શેહેરથી તરણ માઈલ દુરના એક ગામડાંમાં રહેનાર અને, બેતાલીશ કે ચુમાંલીશ એકરનું ખેતર રાખનાર એક જોસફ થોમસન નામના સખશે, પોતાની બઈરીને વેચીછે, અને તે વેચાણ જોવાની તક આપણા શેહેરના લોકોને મલીછે. તે સ્રી દેખાવે સુંદર, ચંચલ અને કદાવર હતી, અને ઊમર વીશ બાવીશ વરસની લાગતી હતી. તેને વેચવા કાહાડી હતી, તેથી તે કોઇ રીતે દલગીર ન હોતાં, બીજે હાથ જવાને ઘણી રાજી હોય એમ જણાતી હતી. તેને પેટે કંઇ છોકરાં થયલાં નહી હતાં. ઘર સંબંધી કુકલા અને કંકાસને લીધે તે બંને જણે એક બીજાની રાજી ખુશીથી છુટાં પડવાનો ઠરાવ કીધો હતો. તે ઠરાવ પરમાણે થાલી ફેરવાવી લોકને ખબર કરવામાં આવી કે બપોરના બાર વાગતે તેને વેચવામાં આવશે. આ ખબર સાંભલી તે વખતે તીઆં પુશકલ લોક હાજર થયું. તે જગામાં એક મોટી ઊંચી ખુરશી ઊપર તે સ્રીને, બધાને દેખાય તેમ, ઊભી રાખી. આ વેલાએ તેણે પોતાના ઊંચાં કપડાં પેહેરેલાં હતાં, અને તેથી તે આગલ કરતાં વધારે સુંદર દેખાતી હતી. પેંડાના ઘાસનું દોરડું વણી તેની ગરદન ઊપર બાંધવામાં આવેલું હતું. તેનો ધણી પણ તેની પાસે ઊંચો થઇને ઊભો હતો, જેણે આ બોલો બોલી વેચાણ શરૂ કીધું: 'ગરહસથો, મારી બઈરી આ મેરી આન થોમસન, બીજી રીતે વીલીઅમસનને, તમારી નજરે પાડુંછું, અને જે વધતામાં વધતી અને સારી કીમતઆપે તેને વેચવાને મેલુંછું. બંને જણે હમેશવેર છુટાં થવું એવી એનીબી મરજીછે, અને મારીબી મરજીછે. હું એને મારાં સુખને મારે, અને મારાં ઘરની સંભાલને મારે પરણીઓ, પણ એતો મને એક મોટી દુખ દેનારી, અને ઘરમાં એક મોટી બલા થઈ પડી. આ પરમાણે એની શું ખામીઓ હતી તે મેં તમોને કહી; હવે હું તમોને એની ખુબીની વાતો શુંછે તે કહું. એને એસકી વારતાઓની ચોપડીઓ વાંચતાં આવડેછે, અને ગાએ દોહોતાં આવડેછે. જેટલીં સેહેલાઈથી તમે બીરનું એક ગલાસ પી જાઓ, તેટલી સેહેલાઇથી એને હસવું અને રડવું બંને આવી જાયછે. એને માખણ કાહાડતાં આવડેછે, અને કામ કરનારીને ઠેકતાં

આવડેછે. એને સુરના જોડેલાં ગીતો ગાતાં આવડેછે, અને ટોપી ઊપર તરાહ પાડતાં આવડેછે. એને ર મ, જીન કે વીહીસકી દારૂઓ બનાવતાં આવડતા ન થી, પણ લાંબો વખત થયો તેઓને ચાખવાની તેને ટેવ પડેલી હોયાથી, તેઓ કેવી જાતનાછે, અથવા સો જા છે કે નહી તે બરાબર પારખી જાણેછે. આ પ રમાણેના એના બધા સદગુણ અને દુરગુણ દેખાડી હું એને પચાસ શીલીંગે (પચીશ રૂપીએ) વેચવા મેલું છું. બે કલાકવેર ભાવ બોલાવા પછે હેનરી મીઅર સ નામના એક પેનસન ઊપર ગુજરાણ કરનારા સ ખશે વીશ શીલીંગ (દશ રૂપીઆ) અને એક નોણ ફાઉંડલંડ જાતનો કુતરો આપી તેને ખરીદી. જેવી તે ખરીદાઈ કે તેના ગલામાંનું ઘાસનું દોરડું કહાડી લીધું, અને તેનો હાથ બગલમાં લઈને, તેને ખરીદના ર ચાલીઓ. આ વેલાએ આસપાસ જમા થયલાં લોકોએ હુરરેના પોકાર પાડીઆ, અને તેમાં થોમસ ન, એટલે પેલીનો વેચનાર ધણી, પોતે પણ મોટા હરખથી સામેલ થયો, અને પેલું ઘાસનું દોરડું પેલા કુતરાના ગલામાં નાખી મોટી ખુશી સાથે તેને ઘેર લ ઈ ચાલીઓ." આ પરમાણે તે બઈરી વેચીને કુત રો લાવીઓ.

## હીંદુસથાન.

હીંદુસથાન, જેહેના એક ચોકશ અને રળીઆમણા ભાગ ઉપર આપણે વસીએ છીએ, તે દેશ આગલા વખત માં કેહેવો હતો, તેની ઉપર રાજ ચલાવનારા કોણ અને કેહેવા હતા, તેના દેશીઓની મંડલીની હાલત કેહેવી હ તી, તેઓમાં વીદીઆ હોનરનો કેટલો ફેલાવો થયલો હતો, એ વીગેરે તેને વીશેની બીજી ઘણીક અગતની બાબદો, હ મો ધારીએ છીએ કે, હમારી વાંચનારી બાનુઓને થોડી જાણવા લાયક થઈ પડશે નહી. અસલના વખતના દરેક સુધરેલા દેશના માહાપુરૂશો અને વીદવાનો હીંદુસથાનની તારીફ વીશે એકમતથી અને એક અવાજે બોલી ગયલા છે એ દેશની ખુબસુરતી, એની રસાલ અને ફલદરૂપ જ મીન, એના ખુશનુમા મેદાનો, એની લીલોતરીવાલી ખી ણો, એના આકાશે પોહોંચતા હીમાલય સરીખા પરવતના ઉંચા સીખરો, એની ઈંડસ જેહેવી માહાનદીઓ, એના અસલી દેશીઓની તારીફ લાયક અને ઉમદા હુનરના કા મો, એના ઝવેરાતથી જડેલાં દેહેરાંઓ અને નાદર કારીગી રીના ગોફાઓ, એ સરવે ચીજોએ સેંહકડો વરસની વાત પર હજારો કોશપર પડેલાં દુર દેશોમાં રેહેનારા લખો લોકો ને એ દેશની મુલાકાત લેવાને અને એ તાલેવન દેશ જી તી લેવાને લલચાવીઆ હતા. ઇરાણ દેશનો પેહેલો દરા યસ નામનો બાદશાહ, અને હીંદુસથાનથી હજારો માઈલ વેગલાં પડેલાં યુરપખંડના મેસોડોનીઆ શેહેરનો મોહોટો અને જગત પરશીધ રાજા સીકંદર, એ દરવીઅવાન અને ફલવંત દેશ જીતી લેવા અને એની સાથ પોતીકા દેશનો વેપાર સંબંધી વેહેવાર રાખવાની મતલબથી લોભાઈને એ દેશમાં અતીઘણો ખરચ કરી, અને પોતે જાતે ભારે રંજ ખેંચી, એક વેલા આવીઆ હતા.

હીંદુસથાનની અસલની તવારીખ તેના પુરાતમ રેહે વાથી હીંદુઓનાં વારતારૂપી કવીતાના લખાણો ઉપરથી આપણને મલી આવેછે. આ લખાણો કેટલાં ખરાં અ ને કેટલાં ખોટાંછે એ મુકરર કરવાને યુરપખંડના મોહોટા વીદવાનોએ ઘણી મેહેનત લીધીછે, પણ એમાં તેઓમાના કોઈબી બરોબર પુરતી રીતે ફતેહ પામીઆ હોય એવું દી સતું નથી, આ લખાણો માહેલું પેહેલું લખાણ વેદના ના મથી જણાયલુંછે. તેનો લખનાર કરાઈસટની અગાઉ ૧૪૦૦ વરસ ઉપર થઈ ગયલો વીયસા નામનો એક માહા વીદવાન હીંદુ હતો. આ વેદ પુસતકોને વીશે, સર વી લીઅમ જોનસ નામનો પુરવ દેશની ભાશાઓનો એક વ ખણાયલો ઈંગરેજ પંડીત અને ગરંથકરતા એવું કહી ગ યોછે કે તેઓ એક વખતે અને એક શખસથી લખાયલાં નથી, પણ એ વીશે કહી વાત ખરીછે એ કેહેવું કઠણછે, જોકે આ ઉપર કહેલી વાત ઘણા લોકો કબુલ કરેછે. વીદ વાનોના મત પરમાણે આ લખાણોમાં વાપરેલી સંસકૃ ત ભાશા ઘણીજ નાદરછે, અને જોનસ કેહેછે કે તે સારી લે ટીન અને ગરીક કરતાં પણ ઘણી ચહડતા દરજાજનીછે.

કરાઈસટની અગાઉ નવમી સદીમા મનુ નામનો એ ક હીંદુ વીદવાન થઈ ગયોછે. આ સખશે પોતીકા દેશના અને પોતીકા જાત ભાઈઓના ભલાંને કીજે ધારાઓ બાંધી આ હતા. જેહેવો અસલ યુનાન દેશનો સોલન, જેહેવો સપારટા દેશનો લાઈકરગસ, તેહેવો હીંદુસથાનનો મનુ હતો. એના ધારાઓ હીંદુઓને ચાર જાતમાં વેંહેંચી ના ખેછે; ૧, બરાહમણ ૨, ક્ષતરી અથવા સીપાઈઓ. ૩, વઈસ અથવા વેપારીઓ અને ૪, સુદર અથવા ચાકરો. દરેક કુટુંબના વડાઓને તથા બીજા આણસોને પોતપોતી કામાં કેહેવો સંબંધ રાખવો અને કેહેવી રીતે ચાલવું, એ ક મરી ગયલાં માણસની મીલકત તેના કુટંબમાં કેમ વેંહેં ચવી, એ સરવે મનુના ધારાઓથી મુકરર કરવામાં આવ યું હતું. આ દુનીઆં શહરૂ થઈ તારથી તે તેના છેડાના વખત શુધીનો સઘલો કાલ ચાર જમાનામાં વેંહેંચી નાખી આમાં આવીઓ હતો. આ દરેક જમાનાને અસલના હીં દુઓ યુગ કરી કેહેતા. એવું કહેછે કે પેહેલા જમાનો સતીઅ યુગ નામનો થઈ ગયોછે. એ જમાનાનો વખત ૧૭૨૮૦૦૦ વરસનો હતો, અને એ આખા યુગમાં સતીઅ વરતો ના મના માતર એકજ રાજાએ રાજ કરોયું હતું. આ રાજા ને વાસતે એવું કેહેછે કે, જાહારે આખી દુનીઆમાં એક મોહોટી રેલ આવી હતી જેમાં સરવે આલમ બધી તણા ઈ ગઈ હતી, તારે તે માતર તેના કુટુંબ સાથે બચીઓ હ

તો ! આ મોહોટા રાજાના કુટુંબમાંથી બે રાજ કર નારા વંશ નીકલીઆ હતા. તેહેમાના એકનુ નામં સુરાપ વંશ અને બીજાનુ નામ ચંદર વંશ, બીજો યુગ જે તરેત યુગ કરી કેહેવાયછે તેમાં એ બે વંશના રાજાઓ, એક વંશ આઉદમાં, અને બીજુ વંશ ગંગા અને જમના નદીની વચેના વીતો નામના દેશમા, ૧૨,૯૬,૦૦૦ વરશ સુધી રાજ ચલાવી ગયાંછે. તરીજો યુગ દવાપાર નામનો ૮,૬૪,૦૦૦ વરશનો હતો. ચોથો યુગ કલીયુગ હતો, અને હજીતો એ યુગના માતર ૧૦૦૦ વરસજ ગુજરીઆંછે. તેઓના શાસતર પરમાણે આ યુગમા આપણે રહીએ છીએ; અને આ યુગ ચોટાઈ, લુછાઇ, દગલબાજી અને ખરાબીનો છે. ઉપર કહેલા હીંદુ રાજાઓ કાંહાં રાજ કરતા હતા, એ વીશે પુરાન અથવા હીંદુઓના ધરમ પુસતક ઉપરથી એવું માલમ પડેછે કે દીલીની ઉતરે ૫૦ કોશને અંતરે આવેલાં બહરમ વરગ નામના દેશમાં તેઓ રેહેતા હતા; અને મનુના ધારાઓ ઉપરથી સાબેત થાયછે કે તેઓની રાજધાની પણ તાંહાંજ હતી.

આ ઉપર કહેલા વેદ, પુરાન અને મનુના ધારાઓ પછી બે ઘણી અગતની કવીતારૂપી તવારીખો આપણુને મલી આવેછે, તેઓના નામ રામાયન અને માહાભારતછે. વલી રામાયણમાં આપણુને અજાયબ જેવી અને નહી માનાય એવી વાતો મલેછે. તેનો લખનાર વાલમીકી નામનો એક હીંદુ વીદવાન અને ફીલસુફ હતો. જેમ પારસીઓના શોહોરાબ અને રૂસતમ નામાઓ, તેવું હીંદુઓનુ રામાયણ પુસતકછે. એમા રામ નામના એક પેહેલવાનની તારીફ અને તેના ભારે કામોની સહરે કરીછે. એ રામની બાયડી સીતા હતી, તેની ખુબશુરતી, સાદાઈ, અને નેકી વીશે તે વખતે આખી દુનીઆમાં તેની તારીફ ગવાતી હતી. લંકાં અથવા સીલોન દેશનો રાવન નામનો એક કરપીણ અને ઘાતકી રાજા, આ બાનુને છુપી રીતે ચોરી પોતાના દેશમાં ઘસડી ગઓ. રામ પોતાની નેક બાયડીના ખોવાવાથી રડતો અને કપાલ કુટતો બેઠો હતો. તે પોકાર મારતો એક જંગલમાં આવી બોલવા લાગો કે, "અરે માહારી નેક પરીજાત બાયડી, તું કાંહાં ગુમ થઇ ગઈ. બલીયું માહારૂં રાજ, બલીયું માહારૂ જીવતર, બલી માહારી દોલત, માહારી વાહાલી દીલોજાન મોહોરદાર, માહારી અરેજ સાંભલ, અને આવ માહારી આગલ." આવી દલગીરીમા તે ગીરફતાર થઇ આ દુનીઆથી કુચ કરી જવાનો ઠરાવ કરતો હતો, તેહેવામાં ખોદાના કરવાથી તેને ખબર મલી કે તેની બાયડી લંકાંમા રાવન સાથેછે. એક મોહોટુ લશકર લઇ રામ પોતીકી સીતાને પાછી લેવા માટે લંકાં ગયો, અને વાંદરાઓના રાજા હનુમાને તેને પોતાના લશકરથી મદદ કરી. અંતે રામ જીતીઓ અને પોતાની બાયડીને પાછી લીધી. રામને સીતાની દીઆનતદારી અને વફાદારી ઉપર પુર ભરોશો હતો, તોપણ રાવન સાથે તે વખતે પીઆરમા પડી હોય એવો તેની ઉપર શક આવીઆથી, એ સાબેત કરવાને તેઓના અસલી જંગલી રેવાજ પરમાણે એક આતસની ચેહે બનાવી એવું ઠેહરાવીયું કે જો સીતા તેની ઉપરથી હરકત વીના ચાલી જાયતો તેની દામન પાક, અને નહીતો નહી. સીતા આ ચેહે ઉપરથી કઇબી હરકત વગર ચાલી ગઈ. રામ અતીઅંત ખુશી થતો પોતીકી નેક સીતા સાથ પોતાને દેશ પાછો ફરીઓ.

માહાભારત નામની બીજી ઉમદા કવીતારૂપી તવારીખના બનાવનાર વીશે એવું જણાયલુંછે કે ઉપર કહેલા વેદનો બનાવનાર વીયસ હતો, તેણેજ બનાવેલીછે. ઉપર જણાવેલા ચંદરના વંશના બે ટોલાના પાનડુ અને કરૂના નામે બે રાજાઓ, દીલલીની ઉતરે હસતીનાપોર નામે દેશ આવેલોછે તે જીતવાને માહોમાહે લડાઈ કરતા હતા; અને તે લડાઈનું બેઆન આ માહાભારત પુસતકમા બહુ રસીલી ભાશામા રચીયુંછે. જેમ રામાયણમા રામ પેહેલવાનનું બેયાનછે, તેમજ આ માહાભારતમા કરીશના નામે એક પેહેલવાનનાં મોટાં કામો વીસતારી લખીઆંછે. જેમ યુનાન દેશનો બેકસ નામનો દેવ થઈ ગયોછે, તેવીજ જગા હીંદુસથાનમા કરીસના ધરાવી ગયોછે. આ કરીશનાને માટે કેહેછે કે તે પોતાનો વખત, મોજ મજાહામાં, નાચ રંગમાં, ગોપીઓ અને પાણીની પહનીઆરીઓ સાથે ગુજારતો હતો. આ માહાભારતમા એક ઘણી અગતની બાબદ આવેલીછે, અને તે એકે તે વખતના ગરીક લોકો, જેઓ આખાં યુરપખંડમા ઘણા વખણાયલા, મોહોટા, અને શુધરેલા લોક હતા, તેઓ ઉપર કહેલી પાનડુ અને કરૂની લડાઈમા સીપાઇઓ દાખલ રહેલા હતા. તેઓને માહાભારતમા યાવનને નામે ઓલખેલાછે; અને હાલના યુરોપીઅન વીદવાનો કેહેછે કે એ શબદ જાવન, કે જે ગરીક લોકોનો એક મોહોટો વડાવો થઈ ગયોછે તે ઉપરથી નીકલેલોછે.

ઉપર કહેલી વાતોમાં કેટલી સચાઇ અને કેટલું ખોટારૂંછે એ હમારી વાંચનારી બાનુંઓએજ પોતાને વાસતે ઠેડવવું. પણ ગમે તેમ હોય તોપણ આ વાતતો પુરતી રીતે સાબેત થાયછે કે અસલ હીંદુસથાનના દેશી હીંદુઓ, હાલના હીંદુઓ કરતાં સરવે વાતમાં ઘણે દરજજે સરસ હતા. જે વેલાએ હાલના હીંદુસથાનપર રાજ કરનારા માયાલુ અને બલવંત ઈંગરેજ લોકોના વડાવાઓ યુરપખંડની ઉતરે ઈંગલંડને નામે જે ટાપુ હાલ પરસીધછે તાંહાં જંગલી અવસથામા, આંગપર વસતર વગર માછલી મારતા હતા, અને નાહની જુહપડીઓમાં રેહેતા હતા, તે વેલાએ હીંદુઓ અને તેઓના રાજાઓ મોહોટી જાઓજલાલી ભોગવતા હતા. તેઓમા દરેક જાતની ઉમદા કેલવણી અને વીદીઆ હોનરના અભેઆશીઓ હતા તેઓ કેટલીક બાબદોમાં યુરપખંડના તે વખતે મોહોટા અને સુધરેલા યુનાનીઓ અને રૂમીઓની ઉપર સરસાંઈ ભોગવતા હતા. તેઓમાં રશાયણ શાસતર, વઈદક શાસતર, ગણીત શાસતર, ખગોલ વીદીઆ વીગેરે ઘણીક જાતના અભીઆશનો વખાણવાજોગ ફેલાવો થયલો હતો.

તેઓની ઘરસંસારી હાલત હાલના હીંદુસથાનના સરવે હીંદુઓ, પારસીઓ અને મુસલમાનોના કરતાં વધારે સરસ હતી. આટલું તેઓના પુસતકો અને તેઓના મરદોની હાલત વીશે બોલીઆ પછી, કદાચ હમારા વાચનારાઓ તેઓની ઓરતોની હાલત વીશે જાણવાને ખંતી હશે. તેઓના ધારાનો બાંધનાર વીદવાન મનુ લખી ગયોછે જે "દરેક ઓરતને તું બેહેનના નામથી બોલાવજે, જેમ તું તાહારા ધરમગુરૂ, તાહારા રાજા, અને તાહારા બુદા બાપને

માન આપે તેવુંજ માન ઓરતોને આપજે. તાહારા ઘરમા કોઈ મોટો માણસબી પરોણો આવીઓ હોય, તોપણ તેની અગાઉ તાહારા ઘરમાંની ઓરતને ખોરાક પેહેલો આપજે." હાલના વખતની હીંદુ અસતરીઓની માફક ઘરમા પરદે ભરાઈ રેહી, વેહેમમા ચકચુર થઈ હલકાં પરાણીઓની હાલત કરતાં સેહેજ ચહડતે દરજ્જેની હાલતમાં પડી રેહી પોતાની જીંદગી બરબાદ કરી નાખવાને બદલે અને તેથી ઉલટીજ રીતે અસલની નેક હીંદુ ઓરતો જે જે મોટાં ધરમના અને વખાણવા જોગ બાહુરીના કામો કરી ગઈછે, અને મરદોની મોજલસમા જે ભારે છુટાપણુ ભોગવી ગઈ છે, તેના ઘણા અમર દાખલાઓ આજ આપણને મલી આવેછે. સતી થવું અથવા વીધવાઓએ બલીને આપઘાત કરવો, કુમલી બાલક છોકરીઓને મારી નાખવાં, આજારી હેરાન થતાં આદમીઓને પાણીમાં બોલીને મારી નાખવાં, એ અને એવાં બીજાં કરપીણ અને હીનપસતી ભરેલાં કામો કરવાનુ મુલ અસલના હીંદુઓમા તદન હતુંજ નહી. એ સરવે ચીજો ખચીત હાલના જમાનાની જુઠી બનાવટો શીવાએ બીજું કાંઈજ નથી.

## લારડ વીલીઅમ રસલ.

આ પાસેનાં પાનાંપર જે ચીતર આપીઓછે, તે લારડ વીલીઅમ રસલનુંછે. જોકે આ ઊમરાવની જીંદગીનો છેડો શંસીનાં લાકડાં ઊપર આવીઓછે, તોપણ જેમ ઘેરાયલા આકાશમાંથી કોઈ કોઈવાર રોશનીનાં કીરણો બાજુ બાજુએથી ફુટી નીકલેલાં દેખાયછે, તેમ આ ઊમરાવનાં પાછલા કાળા વખતમાંથી પણ તેની કીરતીનાં કેટલાક કીરણો દેખાયછે. તેની સાથે, તેની ભલી સીએ, તેના એવા માઠા અને અંતનાં વખતમાં જે તેની તરફ પીઆર બતાવીઓછે, અને ધીરજ રાખીછે, તે જોતાં આ બાબત વધારે ધીઆન આપવા જોગ લાગેછે. આ ઊમરાવનો જનમ ૧૬૩૯ નાં વરસમાં થયો હતો; અને એને ૧૬૮૩ નાં વરસમાં મારી નાખવામાં આવીઓ હતો; એટલે તે ૪૪ વરસની ઊમરે મરણ પાંમીઓ હતો. ઈંગલંડનાં રાજા બીજા ચારલસનાં વખતમાં ઊઠેલી રાજદ્વારી ગડબડમાં લારડ રસલની સાંમેલગીરી હોવાથી તે આફેબત આવા ફેજને પોહોંચીઓ હતો. ઈંગલંડનાં પેહેલા ચારલસ રાજાને સુલીએ ચહડાવવા પછે, અને તેની પછવાડે કેટલાંક વરસ વેર ઈંગલંડની વીઅવસથા થવા પછે તેનો વડો છોકરો, બીજો ચારલસ, જે પોતાના બાપનાં શતરૂઓની બીકે દેશ દેશ નાહાસતો અને ભરાતો ફરતો હતો, તે ગાદીએ આવવા પછે, કેટલેક વખતે ઈંગલંડમાં એક પાછો બખેડો ઊભો થયો હતો. ધરમ સંબંધી તથા કેટલીક રાજદ્વારી બાબતો સંબંધી ખટપટો ઊઠવાથી, અમીરોનો અને પરજાનો ઘણોક ભાગ પાદશાહ ઊપર નારાજી થઈ ગયો હતો, અને તેથી તેની સાંમે બલવો ઊઠાવવાની કોશેશ કરવામાં આવી હતી. એ બાબતની કોશેશો એક કરતાં વધારે વાર ફોકટ ગઈ હતી. આખરે એકવાર દગાથી પાદશાહને રસતામાં મારી નાખવાની છુપી ગોઠવણ થઈ હતી. જોકે સારાં ભાગગે આ બુરી ગોઠવણ પણ પાર પડી નહી; અને તે પણ અમલમાં આવવાની આગમચ ફુટી ગઈ, અને તેના સપારામાં કેટલાકો પકડાઈ ગયા, તેઓમાં આ લારડ વીલીઅમ રસલ પણ હતો. જોકે આવા હીનપસતી ભરેલા વાંકમાં એ ઊમરાવ પકડાયો ખરો, પણ તેની તેમાં કેટલે દરજ્જેની સાંમેલગીરી હતી તે વાત ઘણી ખરી શકમાં રહી ગઈછે. લારડ રસલ જાતે ઘણો સારો માણસ હતો. જોકે પાદશાહની સાંમી બોરદુ વાલાઓની સંપમાં તે હતો ખરો, તોપણ તેઓમાનાં ઘણાંકો જે ઘણાંજ કાલાં કામો કરવાની ગોઠવણો કરતા, તેમને તે સમજાવતો, અને તેમાંથી દુર રહેવાની ભલામણ કરતો રેહેતો હતો. જોકે અમીરોનો અને પરજાનો મોટો ભાગ પાદશાહની સામે ઊસકેરાયો હતો, તોપણ એક વેલાએ માહોમાહેની લડાઈની પડેલી ચીનગારી એણે બુજાવી નાખી હતી. એટલું છતાં તે કોઈ રીતે પાદશાહની તરફેણ કરતો ન હતો. તેમ કરવામાં તેના હઈડામાં પોતાના ધરમનું અને પોતાના દેશનું હીત સીવાય બીજું કંઈ ન હતું. આ હીત તેણે ગમે એવે આડે વખતે અથવા આડી રીતે બતાવીઉં હોય, તોપણ કહેવાનું એટલુંજ કે તેના મનમાં કોઈ રીતનું ખોટું કપટ અથવા કીનો ન હતો. ઘણીવાર માણસો પોતાના અંતકરણને એટલા બધાતો તાબે થઈ જાયછે, કે પોતાની અકલી વીવેકને પાછલ મેલી દેછે. એવા માણસો તરફ ધીકારને બદલે દયાની નજરથી જોવું એમ આપણી વીવેક કહેછે.

ઊપર લખેલા દગાના અનીઆયસર જેઓ સઘલા પકડાયા, તેઓની એક પછે એક તપાસ કરવામાં આવી, અને શજા કરવામાં આવી. તેમજ લારડ વીલીઅમ રસલની પણ તપાસ કરી તેને શજા કરવામાં આવી, પણ તે તપાસ એવીતો લુસી. હવી તેને માટે



લાર્ડ વીલીઅમ રસલ.

હજુ લખનારાઓ પોતાના લખાણોમાં ખડખડેછે. તવારીખ ઊપરથી માલમ પડેછે કે, એ ઊમરાવની તપાસ હાલહવાલ રીતે કરવામાં આવી હતી, એટલુંજ નહી, પણ કાયદાના ફરમાનને પણ એક કોરે મેલવામાં આવીઊં હતું. એની તપાસને વખતે જે વાંક તેનાપર સાબેત કરવાનો હતો, અને જે સાબેતી ઊપરથી તેને મારી નાખવાની શજા કરી શકાતી હતી, તે સાબેતીનો શાહેદી માતરે એકજ હતો; અને કાયદામાં એવું હતું કે, એવા શાહેદી ઓછામાં ઓછા બે જોઈએ. પણ તે જહનુનના વખતમાં નીઆયધીશોએ, તે વાતને એક કોરે મેલી, અને એકજ શાહેદી વડે કામ લઈ, મુકદમો જુરીના હાથમાં મેલીઓ; અને તેના મેમબરો પાદશાહાની મજબુત તરફેણ કરનારા હોવાથી, તેને તેજ શાહેદી ઊપરથી ગુનેહગાર ઠરાવીઓ; અને નીઆયધીશે તેને મારી નાખવાની શજાનો હોકમ આપીઓ.

આ હોકમ થઈ ચુકવા પછે લારડ રસલને છોડવવાને તેની ભલી સ્રી અને મીતરો તરફથી ઘણી કોશેશ કરવામાં આવી, પણ સઘલી ફેકટ ગઈ. તેના છુટકારાને માટે લાખો રૂપીઆની રકમ આપવા કહી, તથા મોટામાં મોટો વગ લગાડીઓ, પણ પાદશાહે તેને માફી બખશવાને ના પાડી. આ હોકમથી પરજા પણ નાખુશ થઈ હતી; અને તેમને એનાપર એટલો બધો પીઆર જોઈને, અને તેમની વચે લારડ રસલનો આગલનોજ વગ જોઇને પાદશાહે તેને એકવાર પાછો છુટો કરવાને ધાસતી ભરેલું જોયું. એના મીતરો આવી રીતે એનો છુટકારો કરાવવાશી જીઆરે નીશફલ થયા તીઆરે તેને નહશાદી મેલવાની તથા માફી માંગી તાબે થવાની કોશેશ કરવા લાગા, પણ તેમને તેમ કરતાં લારડ રસલેજ અટકાવીઆ. તેણે માફી માંગવાને તથા નાહાસી જવાને તદન ના પાડીઊં. તેણે તેમ કરવા કરતાં હીમતથી મરવાને વધારે પસંદ કીધું.

આખરે તેને મારી નાખવાનો દાહાડો આવીઓ; અને તેને તે ભયંકર જગામાં લાવવામાં આવીઓ. અહીં તેની ભલી અને હીમતવાન સ્રીએ આંખમાં એક પણ આંસુ લાવવા વગર છેલી મુલાકાત લીધી.. આ વખતે જોકે લેડી રસલનાં દીલમાં દરીઆ ઊભાતા હતા, તોપણ એવે વખતે પોતાનાં ધણીની હીમત ટકાવી રાખવાને અને તેની આખરને જાલવી રાખવાને તેણે આટલી બધી ધીરજ અને હીમત બતાવી હતી. લારડ રસલે મરવાની જગા આગલ ઊભો રહી પોતાનું ઘડીઆલ કાહાડી તેને કુંચી આપી, અને બોલીઓ કે, "મેં મારા વખતને છેલો વીટાલીઓ" એટલું બોલી તેણે, ઢીમરાં ઊપર માથું મેલીઊં, અને ઊપરથી જલાદે કોહાડીનો ફટકો મારી તેનું ડોકું ઊરાડી નાખીઊં.

આ સઘલું. તેની ભલી સ્રી લેડી રસલે ધીરજથી અને હીમતથી ખમીઊં, અને તે ચાલીશ વરસ વેર ખમીઊં. એટલે, તે પોતાના ધણીની પછવાડે ચાલીશ વરસ વેર જીવી, અને તીઆંવેર તે તેને ઈઆદ કરતી રહી, અને સઘલી ઈઆદમાં ખોદા ઊપર ભરુશો રાખી ધીરજ રાખતી રહી. એ ભલી ઊમરાવજાદી પોતાની એ ચાલથી, તથા પોતાની વીદીઆ સંબંધી ચતુરાઈ અને મનશકતીથી, આજવેર પરખીઆત થઈ ગઈછે.

## ઝેરી મધ.

મેહેનતુ અને ચંચલ મધમાખ બામદાદને વખત ઊઠીને ઝાડેઝાડ ભટકી તથા ફુલેફુલ બેસીને મધ ચુસી લાવેછે, અને પોતાના પુડામાં એકઠું કરેછે. તેમાંથી માણસ તે લાવેછે, બરોબર બોલીએ તો લુટી લાવે છે, અને તેને પોતાના ખોરાકમાં વાપરેછે. મધ ઘણું સાધારણછે, અને તે દરેક વાંચનારી બાઇના જોવામાં તથા વપરાશમાં આવીઊં હશે. તોપણ થોડીજ બાઈઓ જાણતી હશે કે, એ મધમાં ઝેરી મધ પણ આવે છે. ઝેરી ઝાડોના ફુલોમાંથી અથવા ઝેરી ફુલોમાંથી ચુસેલું મધ ઝેરી નીકલેછે, અને તે માણસના ખાધામાં આવવાથી તેને નુકશાન થાયછે. મધ એક સરવેથી ઊંચો ખોરાક છે, અને તે અસલના વખતથી ઘણું વખણાતું આવેલુંછે. પણ એ ઝેરી પણ આવે છે, એવી વાતની ખબર પેહેલી જેનોફેન નામના ફીલસુફથી પડેલી ગણવામાં આવેછે. તે એવું કહી ગયો છે કે, ઈરાન સાથની એક લડાઈમાંથી દશ હજાર યુનાનીઓ પાછા ફરતાં તરીબેંજાન આગલ વીસામો લેવાને પડીઆ હતા. તીઆં તેમને જંગલમાં પુશકલ મધપુડા જોવામાં આવીઆ, જે તેઓ મધેના કેટલાકોએ તોડીને ખાધા. પણ તેમ કરવા પછે થોડાવારમાં તેઓ

વળી તે લોકો સાથે એવી બોલી કરી હતી કે, દાહાડાના બરાબર દશ કલાક કામ કરવું. આ કામ ચાલુ થતાં પેલાં ભાડુતો એટલાં બધાંતો કંટાલી ગયાં, કે પોતાની મેળે મુગાં મુગાં ઘર ખાલી કરી ગયાં.

---

**જોવા ગમતી ચીજો**—ઘરની સ્ત્રીને ઘરમાં રાંધતી અને ઘરનું કામકાજ કરતી અથવા કરાવતી. ઘરમાં આવતાંવાર બઇરીનું હસવું મોહું. ગમત બચાંને લઈને બેઠેલો બાપ. સફાઈદાર કપડાં પેહેરેલી અને ઘણાં ઘરણાં વગરની જવાન છોકરી. ચાકરીએથી છુટી, સાંજનાં વરતમાન પતરો હાથમાં લઈ ઘર જતો જવાન પુરૂષ. જવાન બઈરી પરણી લાવી તેનાપર શોક કરતો ઘરડો ધણી.

---

**પોતાની મરજી**—ઘણીવાર ઘણાં માણસો પોતાની મરજી જાલવવાની ઇછા રાખેછે, પણ તેમ કરતાં તેઓ આટલી વાતને ભુલી જાયછે કે, જેમ તેમને પોતાની મરજી રાખવા ગમેછે, તેમ બીજાને પણ ગમેછે. એ વીચાર ન કરવાથી જેની મરજી બીજાની વીરૂધ જાયછે તેને તે ગમતું નથી, અને તેથી ઘણીવાર મીતરાઈમાં ખલલ થાયછે.

**મોટો વઈદ**—સઉથી મોટો વઈદ સુરજછે, અને સરવેથી સરસ દવા તેનાં કીરણોછે. સુરજના કીરણોથી ઘણાં દુખ દરદ વેગળાં રેહેછે, એટલુંજ નહી પણ તેના પરકાશથી અને ગરમીથી માણસ, જાનવર અને વનસપતી જીવેછે. જે ગીચ મોહોલાઓમાં બરાબર તડકું પડતું નથી, તથા જે બંધીઆર ઘરોમાં દાહાડામાં એકવાર પણ તડકુ આવતું નથી, કે જરાકજ એકજ ગમ આવેછે તેવા મોહોલાઓમાં અને ઘરોમાં વસનારા લોકોની તનદરોશતી સારી રેહેતી નથી.

---

**હલકામાં હલકું**—એક માણસની ખોટી વખાણ કરવી, અથવા તેને ઘટે તેના કરતાં વીશેશ કરી તેને સાતમે આસમાને ચહડાવવો એ સઉથી હલકામાં હલકુંછે.

---

**મજલીન ધોવાની રીત**—મજલીન અથવા એવાંજ ઝીણાં કપડાંને અને ખુલા રંગવાલાને સાબુથી કે એવીજ વસ્તુથી મસીન ધોવાથી તેઓ ખરાબ થઈ જાયછે. તેમને ધોવાની સરસ રીત એછે કે, ચોખાની પેજ કરીને તેમાં ધોવાં, અને પછે તેનાજ ઘાનનો હાર, તેમાં જરાક ગળી નાખીને તેમને પાઈ, સુકવી, અસતરી કરવાં.

---

**બાફનુ જોર**—હાલમાં શુધારેલી રીત પરમાણે બનાવેલા બાફના સાંચાઓમાં એક રતલ કોલસાનો બાફ દશ લાખ રતલનો બોજો એક ફુટ ઉંચો ઉંચકેછે.

---

**જસતપર અકશર**—એક સખશે એવું શોધી કાહાડીઉંછે કે, જસતનાં પતરાં ઉપર સુખડમેને લખીઉં હોયતો, પરથમ તે અકશર જાંહાંખા દેખાયછે, અને જો આંગળીને હાથ ફેરવીએ હોયતો તુરત લુસાઈ જાયછે, પણ કેટલાંક વરસ જો તે એમનાએમ રહેછે તો એવા થાયછે કે, છરીએ ખોતરી કાહાડાખા વગર નીકળતા નથી, અને સાથે વધારે કાલા અને ખુલા પણ થાયછે.

**સાફ હવા**—ખરાબ હવા એ ઘણાં દરદોનું મુલછે. હવાની અંદર ધુલ, મરોડ, અને તરેહવાર જાતની વસતુઓની બારીક કરચો ભેલાયલી હોવાથી તે દમમાં જતાં ઘણુ નુકશાન કરેછે. ગામડાંઓના કરતાં મોટા શેહેરોની હવા એ રીતે ઘણી બગડેલી હોયછે. જે હવામાં એવી જાતનો જરા ભેલ નહી હોય તે હવા સઉથી સરસ ગણાયછે. એવી હવા ભર દરીઆમાંજ હોયછે.

---

**ભીતનો શીનગાર**—આપણા દેશના લોકો ભીતોને સીનગારવાની જાહેજ પરવાહ રાખતા નથી. વરસમાં એકવાર ચુનો મારીએ કે ચાલીઉં. પણ યુરોપખંડમાં તેમ નથી. તીઆના લોકો ભીતોપર તરેહવાર જાતના રંગો ચોપડી, ચીતારો પાડી તથા કાગલો વલગાવી તેમને ઘણી શોભાયમાન કરેછે. એ સઘલામાં તેમને થોડી થોડી અડચણ નડેછે. યુરોપખંડના ઘણાખરા દેશોમાં ઠંડી ઘણી હોવાથી હરકશાને સુકાતાં વીલમ લાગેછે, તથા ભીતોમાં ભીનાશ સરખું રેહેછે. એથી કરી તેવનો રંગ અને તેવાજ રંગનાં ચીતરો ભીતોપર પાડવા પછે તેમને સુકાતાં ઘણો વખત લાગેછે, અને ઓરડાઓમાં વાસ આવીઆ કરેછે. કાગલો લાહીથી ચોંટાડાઈઆમાં આવેછે, અને પડપર પડ થવાથી, અને ભીતમાં ભીનાશ આવવાથી તે લાહી પહલેલી રહી વખતે વાસ મારેછે, અને ઓરડામાની હવાને ખરાબ કરેછે. તેથી એવી અડચણો વગરનો કોઈ ભીતનો શીનગાર શોધી કાહાડવાને ઘણાએ કોશેશ કરેછે. તે પરમાણે હમણા ફરાનશ દેશના એક રેહેવાશીએ એવી યુકતી શોધી કાહાડીછે કે કલાઈનાં ઘણાંજ પાતલાં પતરાં બનાવી તેના ઉપર તરેહવાર જાતના રંગો મારી ઉપર તરેહવાર ચીતારો પાડેછે. તેની ઉપર તેમને બરાબર સુકવેછે, અને પછે ભીતે લગાડવાનાં કાગલોની માફક ગોલ બીંદરી કરી વેચેછે. એ પતરા એટલાં પાતલાં હોયછે કે ઝીણા કાગલ જેવાંજ લાગેછે. એથી ફાયદો એછે કે તેની ઉપર હવાની કે ભીનાશની અસર લાગતી નથી. તેથી તે ચીતારો બગડી જતા નથી, અને વાસ વીગેરેની અડચણ મુદલ થતી નથી.

---

**નાટકશાળાઓ**—યુરોપખંડના લોકો નાટકના કેવા શોખીછે, તે તેમના દેશો માહેલી નાટકશાલાઓની સંખીઆ ઉપરથી જણાયછે. ઇંગલંડમાં ૧૬૦ નાટકશાલાઓછે, ફરાંનસમાં ૩૩૭ છે, ઇટાલીમાં ૨૯૮ છે, અને જરમણીમાં ૧૧૫ છે, અને આસટરીઆમાં ૧૫૨ છે. એકલા પારીસ શેહેરમાં ૪૦ નાટકશાલાઓછે. આ ઉપરથી માલમ પડેછે કે બધા કરતાં ફરેંચ લોકો નાટકના ઘણા શોખીછે; અને તેઓમાનાં મોટા શોખીઓ પારીસમાં વસેછે. ફરેંચોથી ઉતરતા ઇટાલીઅન લોકો માલમ પડેછે.

---

**કુદરતી ફોટોગરાફ**—અતીઆરવેર જે ફોટોગરાફ લેવાયછે, તે કેટલાક જાતની દવાઓની મારફતે, અને તે વલી તેવી દવાનાજ રંગમાં. પણ એક બનેલા બનાવ ઉપરથી માલમ પડેછે કે, કોઈબી દવાની મદદ વગર, ફોટોગરાફ લેવાઈ શકાય, અને તે પણ, જેનો લઈએ તેના કુદરતી રંગનો લેવાઈ શકાય. કેલીફોરનીઆમાં રહેનાર એક સખશ પાસે, જમીનની સરવે કરવાનું એક યંતર છે, જેના

કાચની ઉપર એક જંગલના દેખાવનો ઘણો સરસ ફોટોગરાફ કુદરતી રંગમાં પડેલોછે, અને તે આજ કેટલાં વરસ થયાં એમનો તેમ રહેલોછે. એ યંતરનો ધણી એવું કહેછે કે, આજ કેટલુકની વાતપર એક દીવસે એ યંતરને એક જંગલની સરવે કરવાને માડીઉં હતું, અને તેને શકત તડકાંમાં જંગલના દેખાવની સામે ઘણોવાર સુધી રાખી મેલવામાં આવીઉં હતું. તીઆંથી તેને ઉંચકવા જતાં તેના કાંચની ઉપર આ ફોટોગરાફ પડી રહેલો દેખાયો હતો. આ ફોટોગરાફ પોતાની મેલે કેમ પડીઓ, તેનું કારણ જો બરાબર મલી આવેતો, એ ઉપયોગી હુનરમાં ઘણો મોટો શુધારો થાય.

---

**લનડનની વસતી**—લનડન શેહેરની વસતીની ગણતરી બારમી સદીમાં બીજા હેનરી રાજાનાં વખતમાં કરવામાં આવી હતી, તે વેલાએ તેની સંખીઆ ૪૦૦૦૦ માણુસની હતી. આજે એજ શેહેરની વસતી ૨૦૦૦૦૦ માણુસનીછે. આજે એ શેહેર અથવા એ દેશ સઘલી ઉપયોગી ચીજો આખી દુનીઆંને પુરી પાડેછે; અને તે વખતે દુનીઆનાં બીજા બીજા દેશો તેવી ચીજો તેને પુરી પાડતા હતા. કેહેછે કે એ શેહેરની બાહાર એક મોટું મેદાંન હતું. એ મેદાંનની જગાપર તો આજે ખીચોખીચ મોહોલાઓ થઇ ગયલાછે. એ મેદાનમાં દર સુકરવારે એક જાતરા અથવા મેલો ભરાતો હતો, અને તેમાં જુદા જુદા દેશોની ચીજો વેચાતી હતી. આરબો સુનું, સેથીઅન લોકો ખુસબોઇ, સાઇથીઅન લોકો હથીઆર, બાબીલનનાં લોકો તેલો, મીસરનાં લોકો હીરા વગેરે કીમતી પથરાઓ, હીંદુસતાંનીઓ જાંબુડા પોશાકો, રૂશીઆનાં લોકો રૂવાં વાલાં ચામડાં વગેરે, અને ફરેંચ લોકો દારૂ વેચવાને મોકલતા હતા. એ બાબતનો લખનાર જણાવેછે કે એ મેલામાં લોકઆ ફરેંચોનો દારૂ ઘણો પીતા હતા, અને ઘણાઓ છાકટા થતા હતા. આ પરમાણે જોતાં અંગરેજ લોકોમાં દારૂનો લખ ઘણા આગલા વખતથી લાગેલો જણાયછે. એઓ, તેજન યુરોપખંડનાં બીજા લોકો એ નાશકારક પરવાહીનો ઉપયોગ કરેછે, તેટલો બીજા થોડાજ લોક કરતા હશે.

---

**આમનીબસનો ઉપયોગ**—પારીસ શેહેરમાં આમનીબસનો જેટલો ઉપયોગ થાયછે, તેટલો બીજે કેથે થતો નહી હશે. ગણતરી ઉપરથી માલમ પડીઉંછે કે, ગયા એક વરસમાં બધાં મલીને ૧૨૦૦૦૦૦૦૦ માણુસોએ તેમાં આવ જાવ કરી હતી.

---

## રમુંજે ફુરસત.

૧—હું એક તરણ અકશરનો શબદ છું. મારૂં કામ આજ કાલ દુનીઆંની અરધી ઉપર વસતુને ઘણુંજ પડેછે. કેટલાકતો મારી પાછલજ દીવાના બની ગયલાછે: આજના વખતનું દુનીઆંનું ચકરજ મારીથી ફરેછે. મારા નામના પેહેલા બે અકશર લેઓતો એક જાતનું પકશી થાયું. અને પાછલના બે લેઓતો માછલી પકડવાનું એક હથીઆર થાઉં. મારો પેહેલો ને છેલો લેઓ તો મોતનું નામ થાઉં.

૨—જો માણસના પેટમાં હું જાઉં તો તેને જીવાડું પણ જો માણસ મારા પેટમાં આવેતો તેનો જીવ લેઉં. હું તમારા દરેકના ઘરમાં છું, અને પેટમાંબી છું. જે મને પારખે તેને શાબાશ કહું.

---

## ખોલાસો ગઇ વેલાનો.

૧—સાકર.

૨—લાકડાંના કકડાને નદીના વેહેતાં પાણીમાં નાખવો. જે મુડું આગલ જાય તે ઠડ તરફનું અને પાછલ રહે તે ટોચ તરફનું.

## એક વાખામાં પડેલી નાર.

ચોપાઇ.

બીઆબાન એક જંગલ ઘોર, પેસે નહીં જયાં એકે ચોર.
સાગ સીસમ ને ખાખર તણા, જુખંડો ઝાડોના ઘણા.
નહી રસ્તો નહી મારગ દિશે, નહી છેડો તે જંગલ વિશે.
પાનતણો એક માંડવ બની, દિવસ દીશે ઘોર રજણી.
ઝાડ ઝાડ ને પાનજ પાન, જયાં જોયે ત્યાં તેનીજ ખાન.
સિંહ વાઘ ને વરૂઓ તણાં, ગુફા ઠારે ઠારજ ઘણા.
શિઆળ ને સાહુડી ફરે, જયાં જોયે ત્યાં નજરે પડે.
નાગ ફેણ્યા ઠારેઠાર, ધુંધરીઆની હાર કઠાર.
વાનર કુદે ડાળેડાળ, ફાલુ મારે રાત ફાળ.
એવાં જંગલમાં એક નાર, ઉભેલી દીઠી નાચાર.
મોહ પુનમના ચંદર સમુ, ને રૂપેરી પતરાંસમ તનુ.
પણ દીશે ને ઝાંખુ સરવ, પાણી વિનાનો જેવો સરવ.
નેણ તીરનો નોક સમાન, દીશે તેમાં દુખ નીશાન.
કાળી કીકી ફીકી પડી, ઘોળીમાં રૂધીર બહુ ચડી.
કરડે હોઠ ને પીસે દંત, દીશે દીલમાં મોટી ખંટ.
આગળ જોઇને પાછળ જોય, જોય કંઇ નવ દીશે કોય.
જોય ડાબે જમણે પાસ, ફરી ફરીને થાય નીરાસ.
તેવામાં તે જોઇ મને, વાહાલા ! દરતી આવી કણે.
વીશમય થઇને ઉભો હું, વિચારૂં કે છે આ શું !
તેવામાં તે આવી પાસ, જોઇને બોલી, રે હાસ !
તું નહી મારો વાહલો ધણી, શોધ કરૂંછું હું જે તણી.
એમ કહીને ચાલી ઝટ, આગળ લીધો રસતો સટ.
જોયું મેં આ જંગલ માહે, ભટકે એકલી નારી આએ.
શોધે ધણીને આ વાર, પાડી જંગલમાં પોકાર.
પોતાના જીવથી નહી ડરે, બીઆબાનમાં ફરતી ફરે.
આહા, ધન્ય ! એવી નાર, આફરીન હોજો બેશુમાર.
જીવતર મારૂં કયારે ખરૂ, કે એ નારીનું રક્ષણ કરૂં.
ઝટ લઇને પાછો ફરયો, નારીનો મારગડો ધરયો.
પણ ના દીઠી તેને કહીં, ઢુંડી બહુ અહીં ને તહીં.
ત્યારો ગમ મારી પોકાર, બોલાવી ઓ અબલા નાર.
નહી સાદ નહી સોરમ કંઇ, જાણે કોણ કે કયાં તે ગઇ.
નીરાશ થઇ હું પાછો ફરયો, ઘર ગમનો રસ્તો મેં ધરયો.

ઘલાં સુનાનાં જાહાડ અને હીરાના ફુલનો બાગ તેને વાસતે તે બનાવો આપે, પણ તે સઘલાંની અસર, ગુલચેહેરનાં દીઆનતદારીથી શકતમાં શકત થયલાં દીલ ઉપર જરાએ નહી થઈ. બાહારૂન પોતાથી જેટલો ખરચ થાય તેટલો કરી ઘણી ઉંચી ઉંચી અને કીમતીમાં કીમતી ચીજો તેને વાસતે ભેટ મોકલતો હતો, જેની ઉપર તે જરાએ નજર પણ કરતી ન હતી. ઉંચામાં ઉંચા પોશાકો પેહેરીને, અને કીમતીમાં કીમતી હીરાઓ પેહેરીને બાહારૂન બાહાર નીકલતો, અને ગુલચેહેરના મારગમાં આવી તેને પોતાના દેખાવ અને દમામથી અજબ કરવાની અને લોભાવવાની કોશેશ કરતો, પણ તેનો વાસ આવતાંજ ગુલચેહેર તીરસકારથી તે જગાએથી જતી રેહેતી હતી.

એવી રીતે અનેક પરકારની નીચ યુકતીમાં જીઆરે બાહારૂન કોઈ રીતે ફાવીઓ નહી, અને ગુલચેહેરને છોડવા ગમીબી નહી, તીઆરે શેહેતાની રાહાપરથી પાછો ફરી ફરેસતાઈ રાહા ઉપર આવીઓ અને તેની સાથ પરણવાની માગણી કીધી. બાહારૂન કેવી ચાલનો માણસ હતો અને તેણે પોતાની પરણી ઓરતને કેવી હેરાન કરી હતી, તે ગુલચેહેર સારીપેઠે જાણતી હતી, અને વલી તે સાથે ઘરડો હતો, જેથી તેના સરખી શીઆણી અને નીતીમાન ઓરત તેના જેવાને ખાવંદ તરીકે કબુલ કરે એ વાત તદન અશકીઅ હતી. તેણે તેની એ માગણીને પણ તુછકારી કાહાડી. તે જોઈ બાહારૂન ભારી અચરતીમાં પડીઓ, અને પોતાની સઘલી દેલત અને સઘલા દમામ ઉપર અફશોશ કરવા લાગો કે તે સઘલા છતાં તે એક ગુલચેહેર સરખી ઓરતને જીહીતી શકતો નથી.

આ વાતની અચરતીમાં તથા દલગીરીમાં બાહારૂન ગરકાવ થઈ હવે ઉપાય શું લેવો તેનો વીચાર કરતો હતો, અને ગુલચેહેરને એક તેને લાયકનો ધણી મલી આવીઆથી તે તેની સાથ લગન કરવાના વીચારમાં પડી હતી. તે સખશ ઘણો પઈસાવાલો નહી હતો, પણ જાતે જવાન અને ખુબશુરત હતો. તેના એટલાજ ગુણ ઉપર ગુલચેહેર માતરે લોભાઈ ગઈ ન હતી, પણ તેની સાથે તે ઘણો આબરૂવાલો, એલમવાલો અને કલાવાલો હતો. ગુલચેહેર પણ તેને ઘણીજ પસંદ આવી હતી, અને તેની સાથ પરણવાને તે ઘણો રાજી હતો. આખરે થોડોક વખત ગયો નહી એટલે તેઓ પરણીઆં, અને સુખચેનથી એક બીજાના પીઆરમાં લપેટાઈ દાહાડા ગુજારવા લાગાં.

આ ખબર બાહારૂનને કાને પડતાંજ તેની છાતીમાં એક એવો ધપકારો થયો કે તેથી ગોયા તેની છાતી ફાટી ગઈ, અને તે બેશુધ થઈ જમીનપર પડીઓ. થોડેકવારે હુશીઆરીમાં આવીઓ, અને પોતાની આવી નીશફલતા જોઈ તથા બીજાની આવી ફતેહ જોઈ એવોતો બલવા લાગો, કે કોઈ કેહેકે તે ભાયગે થોડાક દીવસ જીવે. પણ બાહારૂન એવાં દીલનો માણસ ન હતો, કે આવો મામલો જોઈ એકદમ લાઈલાજ થઈને બેશે, અને એવા ફેજને પોંહાચે. તેની પાસે પઈસા અને લુચાઈ એ બંનેનું મોટું જોર હતું, જેની ઉપર તે ઘણો મુસતાક હતો. જોકે તેને એ બનાવથી ભારી આચકોતો લાગો, તોપણ તેની આસા તદન જતી રહી નહી. હજુ તેને આસા હતી, કે તે કોઈબી રીતે તેનાપર ફાવશે, અને તેને પોતાના હાથમાં લાવશે. થોડા દાહાડામાં સઘલી દલગીરી અને શોક છોડી દઈ, પાછો પોતાની નીચ યુકતીઓને બીજે મારગે વાપરવાને કોશેશ કરવા લાગો.

જે જવાન મરદ ગુલચેહેર સાથ પરણીઓ હતો, તે એવો આલશુ ન હતો, કે એક ખુબશુરત ઓરત મલી માટે તેની આગલજ બેસી રેહે. તે જાતે ઉદીઓગી હતો, અને તેને ઉદીઓગ વીના ચેન પડતું ન હતું. તેણે શોદાગરી પેસો પકડીઓ, અને સમનગાનથી તેવો ઉંચો માલ લઈ બીજાં શેહેરોમાં વેચી આવવા લાગો. આ પરમાણે બે તરણ વાર મુશાફરી કરવા પછે, એકવાર તે પોતાને ઘેર આવતો હતો તેવામાં રસતાની અંદર કેટલાક શખસોએ આવી તેને અનચીતો ઠાર કરી નાખીઓ. આ બનાવથી ગુલચેહેર ઘણી દુખી થઈ, અને મોટા શોકમાં ગરકાવ થઈ. તેને મારનાર કોણ હતા તેની તેણે તેમજ સરકારે ઘણીબી શોધ કીધી, પણ તેનો પટો કોઈ રીતે મલીઓ નહી. ગુલચેહેરને પકો શક હતો, કે તેના ખાવંદને પેલા મુજી બાહારૂનેજ મારી નખાવીઓછે, પણ તે વાતની જરા પણ તેની પાસે સાબેતી ન હોવાથી, અને વલી તે જાતે ઘણો દેલતમંદ અને વગવાલો તથા તરકટીઓ હોવાથી, તે બીહીને મુગી બેસી રહી, અને તે બાબેનો એક હરફ પણ કોઈની આગલ કાહાડીઓ નહી.

બાહારૂન આ વખતનો લાભ લઈ પાછો ગુલચેહેરની પુઠે લાગો, પણ આ વેલાએ તેનું નામ પણ સાંભલતાં ગુલચેહેર એવી કફા થઈ જતી, અને તેના તરફ એવોતો ધીકાર બતાવતી, કે તે જોઈ તેની હીમત ટુટી જતી. પોતાના ખાવંદનાં મરણ પછે તે બાહારૂનને તેનો ખુની સમજતી, અને રાત અને દાહાડો તેને સરાપ દેતી હતી. આખરે તે તેનાથી એટલી કંટાલી ગઈ, કે તેણે સમનગાન શેહેર છોડી બીજા શેહેરમા જઈ વસવાનો ઠરાવ કીધો, અને તે પરમાણે તે તીઆ જવાની તઈઆરી કરવા લાગી.

આ વાતની ખબર બાહારૂનને પડતાંજ તે મોટી ધાસતીમાં પડીઓ, અને નાઉમેદીનાં ફટકાથી લુલો થઈ ગયો. તેણે જોયું કે હવે ગુલચેહેર તેના હાથમાંથી જવાની ખરી. તોપણ તેણે તદન હીમત મેલી નહી. તે હવે છેક જીવ ઉપર આવીઓ, અને છેક શેહેતાનીઅત ભરેલો વીચાર તેના મનમાં આવીઓ. ગુલચેહેરની આગલ એક ઓરત દાસી હતી તેને બાહારૂન મલીઓ, અને તેને પઈસાની મોટી લાલચ આપી તેને પોતાના હાથમાં લીધી. પછે તેની સાથ એવી ગોઠવણ કરવા માંગી કે ગુલચેહેરનાં સુવાનાં ઓરડાની પાસે તેનો કપડાં પેહેરવાનો બીજો ઓરડો હતો તેમાં તેને રાતની વેલાએ સાંતવો. પેલી ચંડાલ દાસીએ પઈસાની લાલચે તે વાત કબુલ કીધી. એક રાતનાં લાગ જોઈને ઘણી સંભાલથી બાહારૂનને ઘરનું બારણું ઉઘાડી અંદર લીધો, અને એક છુપે રસતે ઉપર લઈ જઈ, નાહાવાના ઓરડાના બારણાને રસતે તેને ગુલચેહેરના કપડાંના ઓરડામાં દાખલ કીધો. આ ઓરડાની પડોસમાંજ ગુલચેહેરનો સુવાનો ઓરડો હતો, અને તે બેઉની વચે એક

બારણું હતું, જે અલગુંજ હતું. પાપી બાહારૂન આ ઓરડાની અંદર ભરાયો, અને બીચારી બેખબર ગુલચેહેર પોતાનાં ઓરડામાં આવી પોતાના પલંગપર સુતી. ચંડાલ બાહારૂન થોડીક રાત જવાની અને આસપાસના લોક સુઈ જવાની રાહા જોતો અધીરો થઈ તે ઓરડામાં બેસી રહીઓ હતો. તે પોતાની ચંડાલ મતલબમાં પાર પડેલો સમજી મલકાતો બેઠો હતો, પણ તે જાણતો નહી હતો કે ખોદાનો કેહેર તેના પર કેવો ઉતરેછે. તેને ખબર નહી હતી કે, થોડાવારમાં, જે પાપી મોજમાં પડવાની આસા રાખતો હતો, તેને બદલે તેને ખોદાનો છુપો હાથ એકદમ ઉઠાવી લેશે, અને તે વખત આવે તેની આગમચ તે ગુલચેહેરની ગોદમાં સુવાને બદલે ઉંડાં દોજખમાં બીહામણા દેવોની બગલમાં જઈ પડશે.

બાહારૂન પોતાની આ પાપી મતલબ પુરી પાડવાને તે દીવસે એટલોતો અધીરો પડી ગયલો હતો, કે તેને ખાવાની પણ ઈઆદ નહી હતી. ઓરડામાં સલામત આવીને બેઠા પછે, તે સઘલી અડચણો મટી ગયલી સમજતો હતો, અને તેથી જે તેન ધીરજ આવી હતી, તે ધીરજે તેને ભુખની ઈઆદ દેવાડી. બાહારૂમને કકડીને ભુખ લાગી આવી, અને તેથી કંઈબી ખાવાનું મલેતો સારૂં એવો વીચાર કરવા લાગો. એવામાં પાસેની ટેબલ ઉપર તેની નજર ગઈ, જે ઉપર એક રકાબીમાં બે મજેના મીઠાં નાન મેલેલાં તેને નજર આવીઆં. બાહારૂન ખુશી થતો ઉઠીઓ, અને તે બંને નાન જમી ગયો. આ ઓરડામાં ગુલચેહેરના પમરતાં કપડાંના વાસથી ઉંદર ઘણા ખેંચાઈ આવતા હતા, અને વારેવાર કપડાં કાતરી નાખતા હતા. તેથી તેમનો નાશ કરવાને આટામાં શકત જેહેર ભેલીને તેના નાન બનાવી પેલી દાસીએજ તે ઓરડામાં મેલેલાં હતા. આ નાન બાહારૂનના ખાધામાં આવીઆં. તે ખાઈને જેવો પોતાને વગે જઈને બેઠો તેવીજ તેને ભારે આકલ વીકલ થવા લાગી, અને હાથ પગ ખેંચાવા લાગા. એમ કરતાં થોડા વારમાં તેનો પરાણ નીકલી ગયો, અને ઓરડામાં મુડદું થઈને પડીઓ.

થોડીક રાત ગયા પછે પેલી દાસી બાહારૂનની ખબર લેવા આવી, કે તે શું કરેછે. જેવી તે ઓરડામાં પેસવા ગઈ તેવીજ તે ઠોકર ખાઈ બાહારૂનનાં દીલ ઉપર ટુટી પડી, અને તેથી તે એટલી તો બીધી કે એકદમ ચીચીઆરી પાડીને બાહાર નાહાસી ગઈ. તેની ચીચીઆરોથી ગુલચેહેર ગભરાઈ ગઈ, અને આસપાસનાં રેહેનારા લોક તેના ઘરમાં દોડી આવીઆ. ઘરમાં બાહારૂનનું મુડદું જોઈ સઘલાં ગભરાઈ બાહાર નીકલી પડીઆં અને તુરત સરકારી અમલદારને ખબર કીધી. તે ખબર પડતાંજ પોલીસ ખાતાંના અમલદારો અને સીપાઈઓ ગુલચેહેરનાં ઘરમાં ગયા, અને બાહારૂનનું મુડદું તેના સુવાનાં ઓરડાની પહોસનાં ઓરડામાં જોઈ તુરત ગુલચેહેર ઉપર તેને મારી નાખવાનો અનીઆય મેલી તેને પકડી કેદમાં લઈ ગયા. બીજે દીને બાહારૂનનાં મુડદાંની તપાસ કરતાં તે જેહેરથી મરણ પાંમેલો માલમ પડીઓ. ઓરતોને બધા કરતાં જેહેરથી ખુન કરવાનું સેહેલું હોવાથી, અને બાહારૂન ગુલચેહેરની પુઠે ઘણો લાગેલો હતો, અને તે તેને ઘણો ધીકારતી હતી એ વાતની લોકમાં સારીપેઠે ખબર હોવાથી સઘલાંનો શક તેનાપર પકો થયો. જીઆરે લોકોએ જાણીઉં કે બાહારૂનનું મુડદું ગુલચેહેરનાં સુવાનાં ઓરડાની પડોશમાનાં ઓરડામાંથી મલી આવીઉં, તીઆરે તેની નીતી વીશે જે સઘલાને ઉંચો વીચાર હતો તે જતો રહેઓ, અને તે બધાની નજરમાં એક મોટી ઠગારી અને ખુની ઓરત આવી. બાપડી ગુલચેહેરની ઉપર લોકનું કોપનું બલતું આ રીતે સલગીઉં હતું, તેમાં બાહારૂનનાં સગાં વાહાલાં જેમ બને તેમ લાકડાં પુરતાં હતા. આખરે તેનાપર એવું પણ તોહોમત મેલવામાં આવીઉં કે, તેનો ધણી જે રસતામાં મારીઓ ગયો હતો, તે ખુન પણ આ માફક તેણેજ કરાવીઉં હતું. જીઆરે આ વાત લોકમાં ચાલી તીઆરે તેમનાં જુસાનો પાર રહેઓ નહી. જે મોડે તેઓ ગુલચેહેરની આનવેર વખાણ કરતાં હતાં તે મોડે હવે તેનાપર ધીકાર વરસાવવા લાગા, અને જે આંખોમાં તે આનવેર ઘણી ખુબશુરત દેખાતી હતી, તે આંખોમાં તે હેરેમનનાં જેવી બદસુરત દેખાવા લાગી.

ગરીબ બીચારી ગુલચેહેર! પોતા ઉપર અનચીતી હાવી આફત આવી પડેલી જોઈ મોટા અફશોશમાં પડી, અને ખોદા ખોદા કરી બંધીખાનામા રડતી આંખે પોતાના એક બાલકને પેટમાં દાબી, વખત કાહાડવા લાગી આ વખતે તે બાપડીનો કોઈ મદદગાર હતો નહી. બાહારૂનનાં સગાં વાહાલાંઓ તેને માટે રોજ નવી નવી વાતો અને તોહોમતો કાહાડતાં, અને તેથી લોકો એવાતો કમકમતા કે તેનાથી સઘલા ખસતા રહેઆ હતા. અલબતે સઘલા માણસ તેનાથી ખસતાં રહેઆં હતાં, પણ ખોદાએ તેને છોડી મેલી નહી હતી. ખોદા તેની સાથે હતો, અને તે તેનો મદદગાર થયો હતો. કારણ કે ગુલચેહેર બીચારી તદન નીરદોસ હતી, અને એવાંને સઉ છોડે પણ ખોદા છોડતો નથી. ગુલચેહેરને પણ એક તેનાપરજ ભરૂસો હતો, અને તેની આગલ તે હસતે મોંડે જશે એટલીજ વાતનો તેને મોટો સંતોશ હતો.

આખરે તેને તરીજે દીવસે અદાલતમાં લાવી નીઆયધીશની સામે ઉભી કરવામાં આવી. આ વેલાએ અદાલતમાં લોકની એટલીતો ભીડ થઈ હતી કે કોઈથી હીલાતું વટીક નહી હતું. જોકે સઘલાંઓના મનમાં ગુલચેહેર વીશે મોટો જુસો હતો, તોપણ તેને અદાલતની અંદર એક કરમાઈ ગયલા ફુલની માફક નીરાધાર ઉભેલી જોઈ તે ઘણે દરજે નરમ પડી ગયો હતો, અને ઘણાઓના દીલમાં તેને માટે દયા ઉતપન થઈ હતી. વખત થયો, ને ઈનસાફ કરવાનું કામ શરૂ થયું. સઘલી જબાની અને સઘલા સાહેદી ગોવાહીઓ લેવાયા. બચારી ગુલચેહેરને પોતાનો બચાવ કરવાને તક આપવામા આવી હતી, પણ "હું નીરદોશ છું, હું કંઈ જાણતી નથી" એ સીવાય તેની પાસ કશા બોલો નહી હતા. નહી તે બીચ્ચારીનો કોઈ શાહેદી કે તરફેણ બોલનાર. તેથી અંતે બાહારૂનના ખુનનો વાંક તેનાપર લાગુ પાડવામાં આવીઓ. તે કામ પુરૂ થતાં તેના ધણીને રસતામાં મારી નાખવાની બાબત આવી, અને તે પણ તેને માથે ચોંહોંટાડી. બાહારૂનનાં ખુનનો બટો તો તેણે ખમી

ઘલાં સુનાનાં જાહાડ અને હીરાના ફુલનો બાગ તેને વાસતે તે બનાવો આપે, પણ તે સઘલાંની અસર, ગુલચેહેરનાં દીઆનતદારીથી શકતમાં શકત થયલાં દીલ ઉપર જરાએ નહી થઈ. બાહારૂન પોતાથી જેટલો ખરચ થાય તેટલો કરી ઘણી ઉંચી ઉંચી અને કીમતીમાં કીમતી ચીજો તેને વાસતે ભેટ મોકલતો હતો, જેની ઉપર તે જરાએ નજર પણ કરતી ન હતી. ઉંચામાં ઉંચા પોશાકો પેહેરીને, અને કીમતીમાં કીમતી હીરાઓ પેહેરીને બાહારૂન બાહાર નીકલતો, અને ગુલચેહેરના મારગમાં આવી તેને પોતાના દેખાવ અને દમામથી અજબ કરવાની અને લોભાવવાની કોશેશ કરતો, પણ તેનો વાસ આવતાંજ ગુલચેહેર તીરસકારથી તે જગાએથી જતી રેહેતી હતી.

એવી રીતે અનેક પરકારની નીચ યુકતીમાં જીઆરે બાહારૂન કોઈ રીતે ફાવીઓ નહી, અને ગુલચેહેરને છોડવા ગમીબી નહી, તીઆરે શેહેતાની રાહાપરથી પાછો ફરી ફરેસતાઈ રાહા ઉપર આવીઓ અને તેની સાથ પરણવાની માગણી કીધી. બાહારૂન કેવી ચાલનો માણસ હતો અને તેણે પોતાની પરણી ઓરતને કેવી હેરાન કરી હતી, તે ગુલચેહેર સારીપેઠે જાણતી હતી, અને વલી તે સાથે ઘરડો હતો, જેથી તેના સરખી શીઆણી અને નીલીમાન ઓરત તેના જેવાને ખાવંદ તરીકે કબુલ કરે એ વાત તદન અશકીઅ હતી તેણે તેની એ માગણીને પણ તુછકારી કાહાડી. તે જોઈ બાહારૂન ભારી અચરતીમાં પડીઓ, અને પોતાની સઘલી દોલત અને સઘલા દમામ ઉપર અફશોશ કરવા લાગો કે તે સઘલા છતાં તે એક ગુલચેહેર સરખી ઓરતને જીહીતી શકતો નથી.

આ વાતની અચરતીમા તથા દલગીરીમાં બાહારૂન ગરકાવ થઈ હવે ઉપાય શું લેવો તેનો વીચાર કરતો હતો, અને ગુલચેહેરને એક તેને લાયકનો ધણી મલી આવીઆથી તે તેની સાથ લગન કરવાના વીચારમાં પડી હતી. તે સખશ ઘણો પઈસાવાલો નહી હતો, પણ જાતે જવાન અને ખુબશુરત હતો. તેના એટલાજ ગુણ ઉપર ગુલચેહેર માતરે લોભાઈ ગઈ ન હતી, પણ તેની સાથે તે ઘણો આબરૂવાલો, એલમવાલો અને કલાવાલો હતો. ગુલચેહેર પણ તેને ઘણીજ પસંદ આવી હતી, અને તેની સાથ પરણવાને તે ઘણો રાજી હતો. આખરે થોડોક વખત ગયો નહી એટલે તેઓ પરણીઆં, અને સુખચેનથી એક બીજાના પીઆરમાં લપેટાઈ દાહાડા ગુજારવા લાગાં.

આ ખબર બાહારૂનને કાને પડતાંજ તેની છાતીમાં એક એવો ધપકારો થયો કે તેથી ગોયા તેની છાતી ફાટી ગઈ, અને તે બેશુધ થઈ જમીનપર પડીઓ. થોહેકવારે હુશીઆરીમાં આવીઓ, અને પોતાની આવી નીશફલતા જોઈ તથા બીજાની આવી ફતેહ જોઈ એવોતો બલવા લાગો, કે કોઈ કેહેકે તે ભાયગે થોડાક દીવસ જીવે. પણ બાહારૂન એવાં દીલનો માણસ ન હતો, કે. આવો મામલો જોઈ એકદમ લાઈલાજ થઈને બેશે, અને એવા ફેજને પોંહોચે. તેની પાસે પઈસા અને લુચાઈ એ બંનેનું મોહું જોર હતું, જેની ઉપર તે ઘણો મુસતાક હતો. જોકે તેને એ બનાવથી ભારી આચકોતો લાગો, તોપણ તેની આસા તદન જતી રહી નહી. હજુ તેને આસા હતી, કે તે કોઈબી રીતે તેના પર ફાવશે, અને તેને પોતાના હાથમાં લાવશે. થોડા દાહાડામાં સઘલી દલગીરી અને શોક છોડી દઈ, પાછો પોતાની નીચ યુકતીઓને બીજે મારગે વાપરવાને કોશેશ કરવા લાગો.

જે જવાન મરદ ગુલચેહેર સાથ પરણીઓ હતો, તે એવો આલશુ ન હતો, કે એક ખુબશુરત ઓરત મલી માટે તેની આગલજ બેસી રેહે. તે જાતે ઉદીઓગી હતો, અને તેને ઉદીઓગ વીના ચેન પડતું ન હતું. તેણે શોદાગરી પેસો પકડીઓ, અને સમનગાનથી તેવો ઉંચો માલ લઈ બીજાં શેહેરોમાં વેચી આવવા લાગો. આ પરમાણે બે તરણ વાર મુશાફરી કરવા પછે, એકવાર તે પોતાને ઘેર આવતો હતો તેવામાં રસતાની અંદર કેટલાક શખસોએ આવી તેને અનચીતો ઠાર કરી નાખીઓ. આ બનાવથી ગુલચેહેર ઘણી દુખી થઈ, અને મોટા શોકમાં ગરકાવ થઈ. તેને મારનાર કોણ હતા તેની તેણે તેમજ સરકારે ઘણીબી શોધ કીધી, પણ તેનો પતો કોઈ રીતે મલીઓ નહી. ગુલચેહેરને પકો શક હતો, કે તેના ખાવંદને પેલા મુજી બાહારૂનેજ મારી નખાવીઓછે, પણ તે વાતની જરા પણ તેની પાસે સાબેતી ન હોવાથી, અને વલી તે જાતે ઘણો દોલતમંદ અને વગવાલો તથા તરકટીઓ હોવાથી, તે બીહીને મુગી બેસી રહી, અને તે બાબેનો એક હરફ પણ કોઈતી આગલ કાહાડીઓ નહી.

બાહારૂન આ વખતનો લાભ લઈ પાછો ગુલચેહેરની પુઠે લાગો, પણ આ વેલાએ તેનું નામ પણ સાંભલતાં ગુલચેહેર એવી કફા થઈ જતી, અને તેના તરફ એવોતો ધીકાર બતાવતી, કે તે જોઈ તેની હીમત ટુટી જતી. પોતાના ખાવંદનાં મરણ પછે તે બાહારૂનને તેનો ખુની સમજતી, અને રાત અને દાહાડો તેને સરાપ દેતી હતી. આખરે તે તેનાથી એટલી કંટાલી ગઈ, કે તેણે સમનગાન શેહેર છોડી બીજા શેહેરમાં જઈ વસવાનો ઠરાવ કીધો, અને તે પરમાણે તે તીઆં જવાની તઈઆરી કરવા લાગી.

આ વાતની ખબર બાહારૂનને પડતાંજ તે મોટી ધાસતીમાં પડીઓ, અને નાઉમેદીનાં ફટકાથી લુલો થઈ ગયો. તેણે જોયું કે હવે ગુલચેહેર તેના હાથમાંથી જવાની ખરી. તોપણ તેણે તદન હીમત મેલી નહી. તે હવે છેક જીવ ઉપર આવીઓ, અને છેક શેહેતાનીઅત ભરેલો વીચાર તેના મનમાં આવીઓ. ગુલચેહેરની આગલ એક ઓરત દાસી હતી તેને બાહારૂન મલીઓ, અને તેને પઈસાની મોટી લાલચ આપી તેને પોતાના હાથમાં લીધી. પછે તેની સાથ એવી ગોઠવણ કરવા માંગી કે ગુલચેહેરનાં સુવાનાં ઓરડાની પાસે તેના કપડાં પેહેરવાનો બીજો ઓરડો હતો તેમાં તેને રાતની વેલાએ સાંતવો. પેલી ચંડાલ દાસીએ પઈસાની લાલચે તે વાત કબુલ કીધી. એક રાતનાં લાગ જોઈને ઘણી સંભાલથી બાહારૂનને ઘરનું બારણું ઉઘાડી અંદર લીધો, અને એક છુપે રસતે ઉપર લઈ જઈ, નાહાવાના ઓરડાના બારણાને રસતે તેને ગુલચેહેરના કપડાંના ઓરડામાં દાખલ કીધો. આ ઓરડાની પડોસમાંજ ગુલચેહેરનો સુવાનો ઓરડો હતો, અને તે બેઉની વચે એક

ભરીને ખાલી જગા રાખેછે. એ સઘલું ઘણુંજ કંટા લા ભરેલું અને એબ સરખું લાગેછે. સહવારના પોહોરમાં માટીડાઓ હાથમાં કલસીઓ લઇ મોહોલાઓમાંથી જાયછે તે મુંબઈવાલાઓની આંખમાં ઘણું કઢંગું અને હસવા સરખું લાગેછે. તેમાં મુંબઇવાલાઓને જીઆરે પોતાને તેમજ હાથમાં કલસીઓ લઈ મોહોલામાંથી ચાલવું પડેછે, તીઆરે તેમને એટલુંતો ભારી લાગેછે, કે એક એક ડગ મુશકેલીથી ઊંચકાયછે. જોકે મોહોલામાંના વસનારાંઓ તેમને કલસીઓ લઈને જતાં જોઈ કોઇ જાતનો જરા વીચાર પણ કરતાં નથી, કારણ કે તેમનામાંતો એવી ટેવ અને ચાલજછે, પણ મુંબઈવાલાઓને તેવી ટેવ ન હોવાથી જાણે તેઓ એક ઘણુંજ મશકરી અને ઠઠા ભરેલું કામ કરતા હોય એવું લાગેછે. પણ એના કરતાં બેસવાની જગાનો દેખાવ ઘણોજ કઢંગો અને અડચણ ભરીઓ લાગેછે તીઆંતો મુંબઈ વાલાઓના ઘણીવારં છેકજ બાર વાગી જાયછે. કેટલાક બીચારાઓને તો, શરમ નહીજ મેલાયાથી અંતે પાછું આવવું પડેછે. જેમને એટલેવેરની આપદા પડેછે, અથવા લાગેછે, તેઓ તીઆંથી જેમ બને તેમ ઊતાવલે નાહાસી જવા માગેછે, અને ફરી જવા માંગતા નથી.

ઓરતોની બાબત એથીબી કઢંગી છે. જોકે તેઓ પોતાની જગા બંધીઆર અને ઘર આગલ રાખી પોતાનો મલાહજો જાલવેછે, પણ સુઘડતાઈની બાબતમાં ઘણુંજ ઊતરતું લાગેછે. તે જગામાં જતાં તેનો દેખાવ ઘણોજ કંટાલા ભરેલો હોયછે. વલી તે માંથી પેદા થતો વાસ હવાને ખીગાડી તનદરોસતીને ખરાબ કરેછે. જોકે મુંબઈનાં બંધીઆર ઘરોમાં, વાડાઓ બરાબર સાફ ન કરાવવાથી તથા ન ધોવાથી જેવો એકખો દાહાડો વાસ ઘણાક ઘરોમાં આવેછે, તેવો આ ઘરોમાં આવતો નથી, તોપણ તે તનદરોસતીને નહી નુકસાન કરે એમ સમજવું નહી. પણ એ બધાનાં કરતાં એક વાત ઘણીજ કમકમાટ ભરેલીછે. તે એકે તે જગા ઓરતોને પોતાને હાથેજ સાફ કરવી પડેછે. ખચીત એ ઘણુંજ ખરાબ અને કંટાલા ભરેલુંછે. નોશારીની પારસણો બીજી વાતોમાં સુઘડ છતાં આ વાતમાં આવી નજીસાટ દેખાડેછે એ ઘણુંજ નરસુંછે. તેમના મરદો તેમને આગલ રહીને એવું કરવા દેછે એ તેમને ઘણુંજ શરમ ભરીઊંછે. થોડાક રૂપીઆનાં ખરચની આનાકાનીને લીધે ઘરના ઓરતો પાસે હલાલખોરનું કામ કરાવવું, એ સરવેથી મોટું શરમ ભરેલુંછે. એ જંગલી ચાલ તેઓએ હવે છોડી દેવો જોઇએછે, અને સુધરેલી રીતને પકડવી જોઇએછે. તેઓએ હવે ઘેરેઘેર મુંબઇનાં જેવા સંડાસ બાંધવા જોઇએ, અને તે હલાલખોરો પાસે સાફ કરાવવા જોઇએ. કોઈ કોઈ તેવાં ઘરોને એવા સંડાસ કીધેલા જોવામાં આવેછે, જેથી તે ઘરોમાં તે બાબેની ઘણી સગવડ થઇછે. એ પરમાણે બધાં ઘરોમાં થાયતો બધાંની આપદા ટલી જાય. દરેક ઘરમાં સંડાસ બાંધવાને તેમને થોડાક રૂપીઆ સીવાય વધારે ખરચ થવાનો નથી. તેના બદલામાં જે સગવડ તેઓ મેલવશે તે સેંકડો રૂપીઆનાં ખરચનાં જેટલી મેલવશે. માંદગીનાં વખતમાં, મરદોને લાંબે વેર જવાની કેવી અડચણો નડેછે, તથા ચોમાસાનાં દાહાડાઓમાં મરદો અને ઓરતોને કેવી આપદા પડેછે તે વાતથી તીઆંના રહેનારાઓ અજાંણા નથી. એ સઘલું દુખ અને ફુવરપણું તથા એબ દરેક ઘરમાં સંડાસ બાંધવાથી પતી જશે. તેથી નોશારીનાં પારસીઓને હમો મજબુત ભલાંમણ કરીએછે કે, તેઓએ બધાઓએ પોતાનાં ઘરોમાં સંડાસ બાંધવા. તેમજ નોશારીની સરકારને પણ હમો મજબુત ભલાંમણ કરીએછે કે, જગાની, ગલીઓની અને હલાલખોરોની પુરતી ગોઠવણ અને સગવડ પેહેલાં કરી આપી પછે સઘલા લોકને સંડાસો બાંધવાની ફરજ પાડવી. કોઈ બી રીતે અનઘટતી અગવડ નહી થાય, અને કોઇરીતની ફરીઆદો ઊઠાવવાનું કારણ નહી મલે એવી સાવચેતીથી નોશારીની સરકાર જો બધાં ઘરોમાં સંડાસ બંધાવશે તો તેઓએ પરજાનાં સુખને અરથે મોટું વખાણવા જોગ કામ કીધેલું કેહવાશે.

## ધન નહી મળીઊં પણ ધાન તો મળીઊં—એક ઘરડા માણસે કહેલી વાત.

મારો બાપ હીરા કાપવાનો અને ઘસવાનો ધંધો કરતો હતો. હું જીઆરે ચઉદ વરસનો હતો તીઆરે મારો બાપ મને પેહેલવેહેલો કરાકોના સોદાગર બજારમાં લઈ ગયો. મારો બાપ પોતાના ધંધાસર તીઆં વારેવાર જતો હતો, પણ મને આ વેલાએ તે પેહેલોજ લઈ ગયો. બજારમાં એક મોટા સોદાગરની દુકાનમાં હમો જવા જતા હતા, પણ બા

રણા આગલ ઘણી ભીડ જોવાથી હમોને થોડોવાર બાહાર ઉભું રહેવું પડીઉં. એકઠાં થયલાં માણસોને પુછતાં માલમ પડીઉં કે, એ વેપારીને તીઆં એક લાખ રૂપીઆની કીમતનો એક ઘણોજ ઉંચો હીરો આવીઓછે. એ હીરો એક હીરા શોધનારને, આપણા દેશમાંના હીરાની ખાનવાલા પાહાડમાંથી જડીઓછે. એ હીરો ચલકાટમાં ઘણો સરસછે, અને તેને આ વેપારીએ પાદશાહાને માટે ખરીદીઓછે. એ હીરો લોકને દેખાડવા મેલીઓછે, જે જોવાને માટે આ ભીડ થઇછે.

હમો થોહોકવાર ભીડમાં ઉભા એવામાં પેલા વેપારીની નજર મારા બાપ ઉપર પડી, અને તુરત હમોને અંદર તેડીઆ. અંદર તેડતાં વારજ તેણે બારણા આગલના લોકને કહીઉં કે હવે એ હીરો દેખાડવાનો બંધ કીધોછે. પછે તે હીરો જે દાબડીમાં મેલેલો હતો તેમાંથી કાહાડી મારા બાપને દેખાડીઓ, અને તે બોલીઓ કે એ હીરો એક લાખ રૂપીએ પાદશાહાને માટે ખરીદીઓછે, અને એ એક ઝવેર શોધનારને પાહાડમાથી જડીઓછે, જે નેહાલ થઇ ગયોછે. એટલું કહી તે હીરો ઘસીને સાફ કરવા માટે તથા પાસા પાડવા માટે, તેણે મારા બાપ સાથ ગોઠવણ કીધી, અને તે પાર પડતાં મારો બાપ તે હીરો અને મને લઇને પોતાને ઘેર તરફ ચાલતો થયો.

જેવી તે સોદાગરની દુકાન છોડી, ને રસતે ચાલવા માડીઉં કે, મારા મનમાં તરેહવાર વીચાર આવવા લાગા. એક હીરો ને તેની એક લાખ રૂપીઆ કીમત ! તે એક ઝવેર શોધનારને પાહાડમાંથી જડીઓ અને તે નેહાલ થઇ ગયો ! આ બોલો મારા કાનમાં આવીઆજ કરતા હતા. જે પાહાડમાંથી તે હીરો જડીઓ હતો, તે પાહાડ ઉપર મારી આખો વલગી ગઈ, અને એવું મન થતું કે જો ખોદા પાંખ આપેતો આએજ પલે હું તીઆં ઉડી જાઉં, ને આવા હીરા શોધી લાઉં. એ વીચારમાં ને વીચારમાં હમો ઘેર પોંહોંચીઆ. ઘર ગયા પછે મારા બાપે તે હીરો ઘસીને સાફ કીધો, અને પાસા પાડી પાછો પેલા વેપારીને સવાધીન કીધો, અને તેણે તે પાદશાહાને હવાલે કીધો.

મારો બાપ મને સકુલમાં ભણવા મોકલતો હતો, અને મને પાછલથી વકીલનાં ધંધામાં નાખવાનો તેનો ઠરાવ હતો. ને પરમાણે જોકે તેના હોકમને તાબે થઇ હું રોજ સકુલમાં જતો હતો, પણ જે પાહાડમાંથી ઉપલો હીરો જડીઓ હતો તે પાહાડ મારાં ઘરની બારીએથી દેખાતો હોવાથી, જેવો ઘરમાં આવનો કે મારી આંખો તેની ઉપર જતી, અને પેલા હીરાનો, એક લાખ રૂપીઆનો, અને નેહાલ થઇ જવાનોજ વીચાર આવતો હતો.

એમ કરતાં થોડાક વખત પછે મારો બાપ માંદો પડીઓ, અને આઠ દીવસમાં મરણ પામીઓ. તેથી કરી મારી મા વીધવા થઇ પડી, અને હું તથા મારી બેનો નાવારેશ થઇ પડીઆં. બાપની કાંઈ એવી પુંજી નહીં નીકલી કે, હમારૂં સેહેલાઇથી ગુજરાણ થાય. સકુલનો, અને વકીલનું કામ શીખવાનો ખરચ આપવાનું કામ તો તદ્દન અશકીઅજ થઇ પડીઉં. તેથી મેં મારી મરજી મારા બાપનોજ ધંધો શીખવાની બતાવી, અને મારી માએને પણ તે વાત પસંદ આવી. તે પરમાણે તેણે મને એક બીજા હીરા કાપનારને તીઆં મેલીઓ.

મારૂં મન હીરા શોધવામાં એટલુંતો ભરાણું હતું કે આ જગામાં પણ મને બરાબર ચેન પડીઉં નહીં. અને તે મેં મારૂં નસીબ અજમાવવાનો ઠરાવ કીધો. મારા કાકાને મલવા જવા માટે મારા શેઠ પાસેથી મેં થોડાક દાહાડાની રજા લીધી છુપી રીતે હથોડા વગરે પથર ભાંજવાના અગત જોગ હથીઆરો લાધાં, અને મારા કાકાના ઘેર તરફ ચાલીઓ. લાંબી મંજલ પગે કાપવા બાદ તીઆં આવી પોંહોંચીઓ. મને જોઈ મારા કાકાના ઘરમાના બધાં ખુશી થયાં, અને મને ઘણા હેતથી બધાં મલીઆં. પછે મેં તેમને મારો ઈરાદો જણાવાઓ, જેથી બધાં ખુશી થયાં, પણ ચાર દાહાડામાં પાછો આવવાની કબુલાતે મને પાહાડોમા જવાની રજા આપી. મેં તેમની પાસેથી રૂખશત લીધી, અને પાહાડ તરફનો રસતો લીધો. આ વખતે મારા મનમાં તરેહવાર વીચારો આવતા હતા. જાણે મને મોટો હીરો જડેછે, હજારો રૂપીઆ મલેછે, અને તેમાંથી મારી ગરીબ માએને અને નાવારેસ બેનોને સુખમાં રાખુછું, એવા એવા ચલકતા વીચાર મારાં મગજમાં ભમવા લાગા. એમ કરતાં તે પાહાડની તલેતી આગલ આવી પોંહોંચીઓ. જે પાહાડ દુરથી નીચો અને સાફ તથા શોભીતો લાગતો હતો, તે પાસે આવતાં એવોતો ઉંચો, વાંકો ટીકો અને બીહામણો લાગવા લાગો, કે તેને મથાલે કેમ પોંહોંચાશે તેની મને ધાસતી લાગી. પણ જરાક વારમાં તે બીકને મેં એકકોરે મેલી, અને ખોદાનું નામ લઇ તે પર ચહડવા માડીઉં. ઉંચા ટેકડાઓ ચહડતો, ઉંડા ખોહો ઉતરતો, અને અણીઆલા ખડકો પસાર કરતો હું ઉપર ચઢીઓ ગયો. અરધેક રસતે ગયો કે મેં મારો હથોડો અજમાવવાનો, અથવા બીજી રીતે બોલીએતો મારા ઉંઘતાં નસીબને હથોડાના ફટકાથી જાગતું કરવાનો વીચાર કીધો, તે પરમાણે અણીઆલા ખડકોના મથાલા ઉપર ધડોધડ હથોડા મારવા લાગો, અને જેવો તેનો કકડો ભાગી પડે કે, ધપકતી છાતીએ ઉંચકી લઇ તેમાં જોવા લાગો. એમ કરતાં છેક સાંજ થઈ પણ એકુ હીરો તો જડીઓ નહીં આથી મને નાસીપાસી આવી ગઈ, પણ થોડે વારે પાછો હુશીઆર થયો. મેં વીચારીઉં કે, પેલા ઝવેર શોધનારને પેલો એક લાખનો હીરો એકજ દાહાડામાં જડીઓ નહીં હશે. માટે મને આજે નહીં જડીઓ તો કાલે જડશે. એમ મનને ધીરજ આપી, મારાં હથીઆર મેં તીઆં મેલીઆં, અને મારી પાસે જે કાંઈ ખાવાનું હતું તેમાથી થોડુંક ખાઇને તે બીઆબાન જગામાં એક ખડકની તલેતી જગામાં ભરાઈને સુઈ ગયો.

બીજે દાહાડે પોહો ફાટતાંજ મારી આંખ ઉંઘડી ગઈ, અને તુરત ઉઠીઓ ને મારાં લોહોડાં લઇ પથર ભાંજવાનુ કામ શરૂ કીધું. આખો દાહાડો પથર ભાંજતાં મને ઘણાક ચલકતા પથરો મલીઆ. જોકે તે બધા કંઈ હીરા ન હતા, તોપણ તે સારા પથર હતા, જેથી તેમને મારી કોથલીમાં એકઠા કરતો ગયો. એમ કરતાં પાછી સાંજ પડી, પણ પેલા હીરા જેવો હીરો તો જડીઓ નહીં.

વલી ધીરજ રાખીને આગલી રાતની માફક સુતો, અને બીજી સહવારના પાછું આગલા દાહાડાની માફક કામ આલું કીધું. બપોરવેર હીરો તો નહી નીકલીઓ, પણ એકુ તેવો ચલકતો પથર પણ હાથમાં નહી આવીઓ. છેક બપોરનાં હું થાક ખાવા બેઠો. આ વેલાએ દલગીરી તો મારી ઉપર તરાપ મારવા જતી હતી, પણ ધીરજ તેને અટકાવીઆ કરતી હતી. થોડોક વાર દમ ખાઈ પાછું મારૂ કામ શરૂ કીધું. છેક સાંજવેર પથરો ભાંજતાં, એક જગાએથી અનચીંતો એક ચલકતો કકડો ખરીને જમીનપર પડીઓ. મેં તુરત મારા હાથમાનો હથોડો ફેંકી દીધો, અને વેહેલો વેહેલો તે કકડો ઉંચકીને જોવા લાગો. પણ જોતાં માલમ પડીઉં કે તેબી કાંઈ પેલાના જેવો હીરો નહી હતો, પણ એક ચલકતો પથરોજ હતો, પણ બીજા બધા તેવા પથરો જે મેં એકઠા કીધા હતા, તેના કરતાં તે મને ઘણો સરસ દેખાયો, અને તેનાપર મને કેટલીક આસા આવી. અંતે કબુલાત પરમાણે ચોથે દાહાડે ડુંગરપરથી ઉતરવા માડીઉં, ને સાંજ પડતાં મારા કાકાના ઘરમાં આવી પોહોંચીઓ, અને રાત તીઆં વાસો રહી સહવારના પોહોરમાં મારા શેઠના ઘરનો રસતો લીધો.

શેઠના ઘરમાં આવી પોંહોંચતાંજ મેં તેની આગલ મોટા હરખથી મારી કોથલી ઉંઘાડી, અને એક મુઠી ભરીને તેમાના ચલકતા પથરા મારા શેઠની આગલ મેલીઆ. તેણે તે હાથમાં લઈ જોયા, ને તુરત નકામા ગણી, એક ખુણામાં ફેંકી દીધા. બીજી મુઠી કાહાડીને મેલી, ને તે પણ એમજ કહીને નાખી દીધા. તરીજી મુઠી કાહાડી, તેમાં પેલો છેલો મલેલો પથર આવીઓ, જેનાપર મને ઘણી આસા હતી. તે ટેબલપર મેલતાંજ હું ઘણી ઈનતેજારીથી મારા શેઠના મોડાં તરફ જોવા લાગો, પણ તેબી બધા આગલાનીજ માફક નાખી દીધા, ને બોલીઓ, જા, જા, એ બધો કચરો કીઆંથી લાવીઓ ? જા જઈને તારે કામે વલગ. એ જોઈ હું ઘણો નાસીપાશ થઈ ગયો, અને ઉદાસ દીલથી રાતના સુતો. ઉંઘ બીલકુલ આવી નહી. મારા મનમા ઘણો વસવસો પેદા થયો, ને મારા શેઠના કહેવાપર મને ભરૂસો નહી આવીઓ. મેં વીચાર કીધો કે, કદાચ મારો શેઠ મને ઠગતો હશે, તેથી પેલો કકડો કોઈ બીજાને દેખાડું, અને તેથી તેને નાખી દીધેલી જગાએથી શોધી કાહાડું. તે પરમાણે હું આસતેથી ઉઠીઓ, ને દીવો સલગાવી, મારા શેઠના કામ કરવાના ઓરડામાં ગયો, ને મારા ફેંકી દીધેલા પથરો તથા તેની સાથનો બીજો કચરો ખોલવા લાગો, પણ કશું તેમાંથી હાથમાં આવીઉં નહી તેવામાં ટેબલપર મને કંઈ ચલકતું દેખાયું, જે ઉઠીને જોતાં મને માલમ પડીઉં કે, તે પથરતો મારોજ હતો, અને કાકાએ તો કેથો મારી હરૂસે ઘસીને વેચવાને તઈઆર કીધેલો. મેં તે તુરત ઉંચકી લીત્રો, ને ચીડમાં આવી તુરત તેનું ઘેર છોડી રાતો રાતજ ચાલતો થયો પણ તેની આગમચ મેં એક ચીઠી લખીને તેની ટેબલપર મુકી, ને તેમાં તેની લુચાઈ વીશે ટાંણા મારી, તેની ચાકરી મેં છોડીછે એવું જણાવીઉં. તે ચીઠી વાંચી તે બુઢાને શરમ પોંહોંચી અને મુગો બેસીજ રહીઓ. હું જેવો તેના ઘેરથી નીકલીઓ તેવોજ કરાકોનો રસતો લીધો, અને જે વેપારીને તીઆં હું મારા બાપ સાથે ગયો હતો તેને જઈને તે દેખાડીઓ, જેણે તેની વાજબી કીમત એકસો રૂપીઆ મને આપી તે વેચાતો રાખીઓ. આથીકરી મને ઘણી ખુશાલી ઉપજી. તેમાથી વીશ રૂપીઆની કેટલીક અગતજોગ ચીજો મારી મા અને બેનોને માટે લીધી, અને હેંસી રૂપીઆ ગજવાંમાં મેલી ઘેર તરફનો રસતો લીધો. મને સો રૂપીઆ કમાઈ આવેલો જોઈ મારી મા બેનોને મોટી ખુશાલી ઉપજી, અને મને પણ એ કામ પાછલ લાગવાની ઉલટ વધી. મારી પાસે જે હેંસી રૂપીઆ બાકી રહીઆ હતા, તેમાંથી ચાલીશ મારી માને આપીઆ, ને ચાલીશમાંથી બીજાં અગતજોગ હથીઆર ખરીદ કરી, પાછો પેલા પાહાડપર હીરા શોધવા જવાંને ઠરાવ કીધો. સઘલી તઈઆરી કરવા પછે જે દીવસે મને ઓગણીશમું વરસ ઉગીઉં તે દીવસે હું મારી મા અને બેનોના આશીરવાદ લઈ ઘરમાંથી નીકલીઓ.

આગલ માફકજ રંજ ખેંચી હું તે પાહાડની ઉપર ચહડીઓ, પણ આ વખતે મારૂં નસીબ અજમાવતો અજમાવતો છેક તેને મથાલે ગયો. અહીંઆં ઘણીક મેહેનત કરવા પછે તથા ઘણાક પથરો ફોડવા પછે, ખોદાએ મારી તરફ જોયું, અને એક ઘણો કીમતી હીરો મારે હાથ લાગો. તે જોઈ મારા હરખનો પાર રહીઓ નહી; અને મેં તુરત ઘેર તરફનો રસતો લીધો. મને બારણામાં પેસતાંજ મારો ખુશાલી ભરેલો ચેહેરો જોઈ મારી મા બેનો પામી ગઈઓ, અને ઘણી ખુશી થવા લાગીઓ. જીઆરે તેઓએ તે હીરો જોયો, તીઆરે તેઓના હરખનો પણ પાર રહેઓ નહી. આ હીરો ઓછામાં ઓછા પચાશ સાહાઠ હજાર રૂપીઆની કીમતે સેહેલાઈથી વેચાય એવો હતો. બીજે દીને હું તેને વેચવાને કરાકો ખાતે જવાને નીકલીઓ. આ વખતે મને હોસ એટલી હતી કે, તેનો પાર નહી, કારણ કે હું જાણતો હતો કે, હું પાછો ઘેર આવશ તીઆરે હજારો રૂપીઆની ગાંસડી લેતો આવશ. પણ ભાઈ, મારૂં નસીબ નાનું, તેથી મને એવી કમબખતીએ ઘેરીઓ કે, મારાથી એક એવી બેવકુફી ભરેલી ચુક થઈ, કે જેથી તે હીરો મારા હાથમાંથી જતો રહેઓ. આ વખતે મને કેવું થયું તેનો વીચાર તમોને સેહેલાઈથી આવશે. હું નીરાસ થઈને પાછો મારે ઘેર આવીઓ, અને મારી મા બેનો પણ ઘણા દલગીર થયાં, પણ તેઓએ મને ઘણો દીલાસો આપીઓ, અને ખોદાપર સબર કરી મારી એ મેહેનત જારીજ રાખવાને સલાહ આપી. મને પણ પાછી આસા આવી, કે ફીકર નહી, વલી મેહેનત કરશાતો ખોદા એવો બીજો આપા રહેશે

થોડા દહાડા રહીને મેં પાછું પાહાડપર જવાનું શરૂ કીધું, તે છેક મારા હાથ પગ ચાલીઆ તીઆવેર મેં ચાલુ રાખીઉં. તેમાથી જોકે મને ફરીને તેવો કોઈ મોટી કીમતનો હીરો મલીઓ નહીં, અને હું આજવેર લખપતી થયો નહી, પણ તેમાંથી મને દર વખતે એટલું મલતું કે તેમાંથી મને અને મારાં કુટંબને પેટ ભરીને ખાવાનું અને તન ભરીને પેહેરવાનું મલતું હતું. તે પરમાણે સુખમાં દાહાડા કાહાડવા બાદ મારી પાસે એટલું બાકી રહીઉં, કે આજે ઘડપણના વખતમાં હું કોઈનો ઉશીઆલો નથી. માટે બાઈ, ઉદીઓગ કરીએતો ધન નહી મલેતો ધાનતો મલેજ.

## સુએજની નેહેર ઉઘાડવાની કીરીઆ.

એ નેહેર બંધાઈને તઇઆર થવાથી તેને ઊઘાડવાની કીરીયા ગયા નવેમબર મહીનાંની તા૦ ૧૭ મીને દીને ધુમધાંમથી થઈ હતી અને વધારે જાણવા જોગ એછેકે એ સઘલી કીરીયા કરવા સારૂં ફરાંનસ દેશનાં શાંનશાહાની રાંણી યુજીની પોતાનાં દુર દેશથી એ નેહેર ઊપર આવી હતી. તેનું કારણ એછેકે એ નેહેરનું કાંમ ફરાંનસ દેશે પાર પાડયુંછે. સુએજની સંઈઆગી ભુમી ઊપર પેહેલાં દરીયો હતો એવો ખેઆલ છેક નામીચા લખનાર હીરોડોટસનાં જમાનાંથી ચાલતો આવયોછે. એ ઊપરથી હીઆં પુરાઈ ગયલી રેતીને કાહાડીને બેહુ બાજુએથી દરીયાનાં પાંણીને દાખલ કરવાનો મોંશીઊર લેસેપસ નાંમનાં એક વીદવાંન ફરેંચ ઇજનેર અને એલચીએ ૧૫ વરસ ઊપર પેહેલ વેહેલો વીચાર કીધો જે વીચારને તે વખતે ઘણાં લોકોએ હસી કાહાડયો અને તેમ હસી કાહાડનારાઓમાં ઈંગલંડનો મરનાર વડો પરધાંન લારડ પામરસટન તથા મરનાર વડો ઈજનેર મી૦ સટીફનસન હતા, તોપણ લેસેપસે હારી ખાઇને એ કામ મુકી દીધું નહી, પણ એક કંપની ઊભી કરી તથા મીસરનાં જે રાજમાંથી એ નેહેર પસાર થાયછે તે રાજની મદદ લઇને તેણે એ કાંમ ૧૫ કરોર રૂપીઆને ખરચે પાર ઊતારયુંછે.

એ પરમાંણે વીદીઆની આ મોટી ફતેહ ફરેંચોએ મેળવીછે અને તેથી તેનું મુહુરત પણ ફરેંચોની રાંણીને હાથે થયુંછે. એટલા માટે એ શુંદર સેહેનશાહજાદી આસરે દોહોડ મહીના ઊપર ફરાંનસ દેશથી પોતાના વરની રજા લઈ નીકલી હતી અને ઈટલી, આસટરીયા તથા ટરકી દેસોમાં મોટા ભપકાથી મુસાફરી કરીને નવેમબર મહીનાની શરૂઆતમાં મીસર દેસમાં અલેકજાંડરીયા શેહેરમાં આવી હતી. તાંહાંથી નેહેરનાં યુરોપ તરફનાં છેડા ઊપર ઊભા થયલાં "પોરટ સઈએદ" નામના શેહેર ખાતે તા૦ ૧૬ મીને દીને આવી પુગી હતી. તેની કીરીયામાં સાંમેલ થવા માટે મીસરનાં પાશાએ યુરોપ અને અમેરીકાનાં સઘલા રાજવાલાઓને નોતરૂ દીધું હતું, જેથી આખી દુનીયાનાં એલચીઓ, તથા ઘણાક રાજાઓ તથા મોટા મોટા લોકો હાજર થયા હતા અને સરકારી મનવારો તથા વેપારી વાંહાંણો અને આગબોટો મલીને ૧૦૦ બારકસો શેહેર ખાતે રાણી આવી પુગી તે વેળાં ભેગાં મલયાં હતાં એ સઘલા પહરોણાઓ જાંહાંસુધી રહયા તાંહાંસુધી મીસરનાં પાશાને ખરચે તેઓને મોટી ધુમસર ખાણાં પીણાં અને નાચ રંગો આપયા હતા. એ સઘલા પહરોણાઓ મનવારો ઊપર જ રહયા હતા અને નેહેરની ખુસાલીમાં શેહેરો મધે તથા વાંહાંણો ઊપર તોપોમી સલાંમતી, મોટી રોશણી, વાવટાઓનાં તરેહવાર સણગાર તથા બીજી ધાંમધુમોથી આખું મીસર દેશ ચાર પાંચ દાહાડા સુધી ગોયા ગાજી રહયું હતું.

તા૦ ૧૬ મી નવેમબરનાં પાછલા પોહોરે "પોરટ સઈએદ" નાં કીનારા ઊપર નેહેરનાં મુહુરતનું જશન થયું હતું એટલા માટે કીનારાથી અરધો માઈલ દુર નકસીદાર અને શુંદર લાકડાંના તથા વાવટાઓ અને ફુલોથી સનગારેલાં તરણ મોટા માંડવા નાખયા હતા. તેમાંનો મોટો માંડવ મીસરનાં પાસા તથા તેના મેહેમાંનોને માટે હતો, બીજા એક માંડવમાં એ મહમદીઆંન રાજનાં ધરમ પરમાંણે નીમાજ ભણવા સારૂં એકએક ગામમાંથી મોલવીઓ ભેગા થયા હતા અને તરીજા માંડવામાં ખરીસટી ધરમનાં પાદરીઓની કીરીયાને માટે દેવલ બનાવયું હતું. મુલાંઓએ નેહેરની ફતેહમંદીને માટે નીમાજ પુરી કીધા પછે, ખરીશટી ધરમનાં માંડવામાં એબાદત કરવામાં આવી, જે પછે ફરાંનસની રાણીનાં ખાશ ધરમગુરૂએ એક મોતેબર વાઆજ કરી આ માહાભારત નેહેર ઊપર ખોદાનાં આસીરવાદ માંગવા પછે, વજંતરોનાં શરોદ તથા તોપોનાં અવાજ વચે એ દબદબા ભરેલી કીરીયા પુરી થઈ હતી. તે રાત રાંણીએ તથા સઘલા મેહેમાંનોએ પોરટ સઈએદનાં બારામાંજ નાચ રંગ તથા રોશણીમાં ગુજારી હતી.

તા૦ ૧૭ મીને દીને રાણીની આગબોટ નેહેરમાં પેહેલ વેહેલી દાખલ થઈ, જે પછે બીજા સઘલા બારકસોનું સરઘસ ચાલુ થયું. અરધી નેહેર પસાર કીધા પછે ઈસમાલીયાનું બંદર આવેછે, જાંહાં મુંબઈનાં જેવડું મોટું બારૂં થયુંછે અને આખી દુનીઆંનો લડાએક કાફલો સમાઈ શકે એટલી જગા છે. તાંહાં રાણી યુજેની તથા પાસાનાં હજારો પહરોણાઓ કીનારે ઊતરયા હતા. એ શેહેર રેતીનાં જંગલની વ

ચે નવુંજ બંધાયુંછે. પાશાનો મોટો મેહેલ માતર ત
રણ મહીનામાં બંધાઈને આરાસતે થયો હતો તથા સ
ઘલી ખોરાકી અને સામાન આ ઊજડ જગામાં દુર
થી લાવવામાં આવયો હતો. તોપણ પાશાએ કસી
ચીજની તંગી રાખી નહી હતી. મેહમાંનોને માટે મ
સ મોટા તંબુઓ મારેલા હતા, તે એકેક તંબુમાં એક
ક હજાર માણસ સાથે જમવા બેસતાં હતાં. તા૦ ૧૮
મીની રાતે પાશાએ એક દબદબા ભરેલો નાચ આપયો
હતો, તેમાં ૩૦૦૦ મેહેમાંનો હાજર હતા. એ શેહેર
ખાતે ફરાંનસની રાણી નેહેર બાંધનાર મોશીઊર લેસેપ
સની સાથે સાંનસી ઊપર બેસીને ફરવા નીકલી હતી.

તા૦ ૧૯ મીએ ઈસમાલીયા ખાતેથી ઊપડે
લું આ મોટું સરઘસ નેહેરનાં એશીયાખંડનાં છેડા
આગલ સુએજ ખાતે તા૦ ૨૦ મી સુધીમાં આવી
પુગું હતું. એ છેલે દીને નેહેર પસાર કરો ૫૦ મોટાં
બારકસો આપણી તરફનાં એ કીનારા ઊપર આવયાં
હતાં. તેઓએ કલાકનાં ૬ થી ૭ નાટની મંજલ ક
રી હતી, તેઓ ૧૦૦૦ થી ૨૦૦૦ ટનનાં બોજાનાં
હતાં અને ઘણામાં ઘણા ૨૦ ફુટની ઊંડાઈ સુધીનાં
હતાં. એથી વધારે ઊંડાં બારકસોને માટે નેહેરમાં હા
લ જે ૨૬ ફીટ ઊંડું પાણીછે તે કરતાં તેને વધારે
ઊંડી ખોધવાનીછે તથા કેટલીક જગોએ નેહેર એટ
લી સાંકડીછે કે એક બારકસ આડું પડેતો શઘલી આ
વજાવ બંધ થઈ જાય, તાંહાં તેને પોહોલી કરવામાં
આવનારછે. ઊપલી તારીખે નેહેર ઊઘડવા પછે યુ
રોપની વેપારી આગબોટો તેની મારફતે આપણા શે
હેર ખાતે આવવા લાગીછે અને એક આગબોટતો ૧૨
દીવસમાં આખી નેહેર પસાર કીધીછે. એ નેહેરથી
વેપારમાં મોટો વધારો થવાની આશા છે અને તેમાં
સઊથી વધનો લાભ આપણા મુંબઈ શેહેર ગુલજારનેછે.

## ઘાતકી દીલનો એક દેશી રાજા.

જે માણસ સદા સુખમાં ઊછરેછે, અને દુખ ભો
ગવવા પામતો નથી, તથા વગર ભોગવવે દુખની વાતો
નું ગનાન અથવા તેનો અનુભવ રાખતો નથી, તે મા
ણસને, પોતાનાં ચાલતાં સુખની કીમત હોતી નથી.
તે સુખનું સુખ જે તેને લાગવું જોઇએ તે લાગતું ન
થી, તેથી જે તેનું દીલ ઠંડું થવું જોઇએ તે થતું નથી,
અને તે સઘલાંને માટે ખોદાનો ઊપકાર માનવો જોઈ
એ તે મનાતો નથી. તે સુખમાં સેહેજ ફેર પડતાં,
અથવા સેહેજ ઓછું થતાં તે પોતાને મોટાં દુખમાં
આવી પડેલો સમજેછે, અને મોટે મોડે ફરીઆદનો પો
કાર ઊઠાવવાને તઈઆર થાયછે. તેજ પરમાણે આ
જના વખતમાં આપણે બરીટીશ રાજમાં જે સુખ, સ
લામતી અને છુટાપણું ભોગવીએછે, તે આપણા જન
મથીજ ચાલતું આવેલું હોવાથી, અને દુખ, ધાસતી
અને ગુલામગીરી કેવી હોય તેનો અનુભવ નહી હોવાથી
તથા આગલા દેશી રાજાઓના વખતમાં પરજાનો જા
ન માલ કેવી ધાસતીમાં રેહેતો હતો તેની ખબરો ન
હોવાથી, આપણામાના ઘણાઓને તેની કીમત લાગતી
નથી. પણ તેમના વડાવાઓ, જેઓએ દેશી રાજા
ઓના માહાભારત જુલમો જોયલા અને ખમેલાછે, તે
ઓ જો આજે આ દુનીઆંમાં આવી થોહોવાર વસી
જોય, તો બેશક પોતાનાં બચાંઓને સંરવેથી ભાગ્યસા
લી ગણી એ સુખ તેમને અમર રેહે એવા આશીર
વાદ દઈ, તેમના જાન માલની સઘલી ફીકરથી મોકલા
થઇ પાછા ચાલીઆ જાય. એવી સલામતી અને છુ
ટાપણું આજે આપણે બરીટીશ રાજમાં ભોગવીએ છ
ઈએ. આજે આપણને એવો ઈનસાફ મલેછે, કે જેવાનો
સવપનો પણ આપણા થોડીક પેહેડીના વડાવાઓને
આવીઓ નહી હશે. અંગરેજી રાજમાં બાપનું કર
જ આપવાને દીકરો બંધાયલો નથી, પણ દેશી રાજો
માંતો બાપની તકશીરનો જવાબ દેવાને તેના છોકરા,
છોકરી, બઈરી, મા, બેન, અને સઘલાં સગાં વાંહાંલાં
બંધાયલાં ગણાતાં હતાં, અને તકશીર કરનાર એકને
ખાતર, કે તે હાથમાંથી છટકી ગયો હોયતો તેને ખાત
ર, શેહેતાની દીલના રાજાઓ તેના છીલ પીલને મરાવી
નાખતા હતા. વલી તેઓ ગલામાં ફાંસો નાખીને કે
તલવારનો એક જટકો મારીનેજ એકદમ તેમનો પરા
ણ લેતા ન હતા, પણ તેમની ઊપર નહી ખમાય એવી
કશટી પાડી રીબાવી રીબાવીને તેમને મારી નાખતા
હતા. એવીજ શેહેતાની ચાલના એક ઘાતકી રાજા
ની વાત નીચે લખીછે, જે ઉપરથી વાંચનારના જોવા
માં આવશે, કે એક માણસની સેહેજ તકશીરને વાસતે
તેનાં આખાં કુટુંબને, કેટલાંક વરસની વાત ઊપર, સી
લાનના બેટમાં આવેલા કાનડી શેહેરના એક રાજાએ

કેવી રીતે મરાવી નાખીઉં હતું. વલી તે સાથે જે માણસોને મરાવી નાખીઆં હતાં, તે તે માણસોની કેવી તકશીર હતી, તેનાપર વીચાર આવશે; અને તે ઊપરથી માલમ પડશે કે, કેવી નજીવી વાત ઊપરથી, એવા બેહુદા મગજના રાજાઓ ગુસામાં આવતા હતા, અને માણસ જાતની ખરાબી કરતા હતા.

ડાકટર ડેવી, પોતાની સીલાનની તવારીખમાં લખેછે કે, "કાનડી શેહેરનો મોલીગોડી નામનો રાજા હતો. તેનો એક એથીલાપોલા નામનો પરધાન હતો, જેનાપર તે રાજાની ઇતરાજી થવાથી, તે બીહીને તીઆંથી નાહાસી ગયો હતો, અને કોલંબો ખાતે આવી તીઆંની બરીટીશ સરકારના આસરા તલે રહીઓ હતો. આથી કરી રાજા મોલીગોડી ચીરડાઈ ગયો હતો, અને તુરત તેનું આખું કુટુંબ, જે કાનડીમાંજ હતું તેને પકડીને કેદ કીધું હતું. એ કુટુંબમાં એથીલાપોલાની બઈરી અને તેના છોકરાં તથા તેનો ભાઈ અને તેની બઈરી છોકરાં હતાં.

એમને કેદ કરવા પછે કેટલોક વખત ગયા પછે એવો બનાવ બનીઓ કે રાજા મોલીગોડીનો પુસીલા દીસાવ નામનો એક મોટો અમલદાર હતો. તેણે રાજાને ખુશી કરવા માટે કાંઈ કીમતી ચીજની ભેટ તેનાપર પોતાના ભાઈ પાસે મોકલાવી. આ ભેટ તો સારી હતી, પણ તે રાજાને આપતાં તેના ભાઈની કાંઈ ચુક થઈ, અને તેથી રાજાએ મોટું અપમાન લીધું, અને પુસીલા દીસાવની ઊપર ખુશી થવાને બદલે ચીરડાઈ ગયો! પુસીલાના ભાઈને તુરત બંધીખાને નખાવીઓ, અને પુસીલાની ઊપર એવો અનીઆય મેલીઓ કે, તે એથીલાપોલાની સાથે કાગલ પતરનો વેહેવાર ચલાવેછે. એમ કરી પુસીલાના એક ચાકરના ગજવામાંથી એક કાગલ મેલવીઓ, અને તેમાં પુસીલાએ રાજાને ગાલ લખેલી હતી એવું જણાવીઉં તે ઊપરથી તેને ગુનેહગાર, તકશીરવાર ઠરાવીઓ, અને તેને મારી નાખવાનો હાકમ કીધો. પરથમ તેની આંખો ફોડી નાખવામાં આવી, પછે તેના હાથ પગ કાપી નાખવામાં આવીઆ, અને એ પરમાણે રંજાડીને છેવે તેને મારી નાખવામાં આવીઓ. એ પછે તે ઘાતકી રાજાના મગજમાં એવો ફંટો આવીઓ કે, તેના બીજા અમલદારો ખી એવાજ ફીતુરી છે, માટે તે બધાને શજા કરવી. એમ કરી તેણે ઘણાકોને પોતાની હજુર બોલાવીઆ, અને છેવે તેમને મારી નંખાવીઆ. તે થવા પછે એથીલાપોલાની ઊપર વેર લેવાને તેનું લોહી તરસી આવીઉં. તેતો તેના હાથમાં આવે તેવું ન હતું, તેથી તેણે પોતાની ઘાતકી આંખ, તેનું કુટુંબ, જે તેને હાથ કેદ પડેલું હતું, તેના ઊપર ફેરવી. તેણે તેમને બધાંને પોતાની આગલ બોલાવીઆં, અને બધાંને ખુબ રંજાડી રંજાડીને મારી નાખવાનો હોકમ કીધો. આ વખતે એથીલાપોલાની બઈરીએ રાજાને હીમતથી જણાવીઉં કે તેનો ધણી તદન નીરદોશછે, અને કદાચ તે ગુનેહગાર હોય તોપણ તેનું વેર તેનાં બચાં છોકરાંપર લેવાનું નથી. તોપણ તે ખુની દીલના રાજાએ પોતાનોજ હોકમ અમલમાં લાવવાને જણાવીઉં.' એથીલાપોલાની બઈરી હીમતથી તે હોકમને તાબે થઈ, અને તેની બેહુદગીપર ફીટકાર નાખવા લાગી. તેમને મારી નાખવાની જગા રાણીના મેહેલની સામેના ચોકમાં ઠરાવી, અને તીઆં તેમને બધાંને લાવીઆ. અહી તેમને કેમ મારવામાં આવીઆં તેનો હેવાલ ખરેખર છાતી ફાટે એવોછે. તેમજ આ વખતે એથીલાપોલાની બઈરીએ જે હીમત બતાવી તે ખરેખર વખાણવા જોગછે. જીઆરે તેણે જોયું કે તેનાપર મોટામાં મોટી બેઈનસાફીજ ગુજરેછે, અને તેથી તેના દેશના કોઈ લોક રાજી નથી, અને ખોદા પણ રાજી નથી, તીઆરે તેણે પોતાના નશીબ ઊપર શોક કરવાનો નામુનાસેબ ધારીઓ. વલી પોતાના આલા વેરીની સામે શોક કરી તેનું મોહું હસતું કરવાને બદલે તેની સામે હીમત રાખી તેને પુરો બાલવાને અને તેની ફતેહમાં નીશફલ ઠરવાને વધારે દરસત જોયું.

પરથમ એથીલાપોલાની બઈરી અને તેનાં છોકરાંને વચે લાવીઆ. જલાદો હાથમાં નાગી તલવાર પકડી તેની સામે ઊભા, અને તેનો વડો છોકરો જેની ઊમર અગીઆર વરસની હતી, તેને પેહેલો કાપી નાખવા માગીઓ. આ વેલાએ તેની માએ રડ કુટ કરવાને બદલે, પોતાપરની બેઈનસાફીનો પોકાર પોતાની આસપાસ જમાવ થયલાં માણસો આગલ, તથા આકાશ તરફ મોહું કરી ખોદા આગલ મારી પોતાના તે છોકરાને હીમતથી ચાલીને જલાદની આગલ જવાને કહીઉં. પણ આ બાલક ગાભરુ પડી રડવા લાગું. તેવામાં તેનો નાનો ભાઈ, જેની ઊમર માતરે ન

વ વરસની હતી, તે માએની હીમત જોઈ, પોતેબી હીમતવાન થયો, અને પોતાના ભાઈનો હાથ પકડી બોલીઓ, "ચાલ આપણે સાથે જઈએ." એમ કહી તે પશુ અને બેગુનાહ બચાં જલાદ આગલ ઊભાં જેણે તલવારને એક એક ઝટકે બંનેનાં ડોકાં ધડથી જુદાં કરી નાખીઆં. પછે તે બંનેનાં ડોકાંને બે ખાંડણીમાં મેલાવીઆં, અને તેમની માએના હાથમાં સરાયું આપી, જોર જુલમથી એક એક પછે છુદાવી ભુકી કરાવીઆં !!! તેજ પરમાણે તેની એક છોકરીને પણ મારી, અને છેલું તેનાં ધાવતાં બાલકને પણ માએની છાતીએથી તાડી લઈ મારી નાખીઉં. પછે તે કમનસીબ ઓરતને અને બીજાઓને ઘણેજ ઘાતકીપણે મારી નાખીઆં.

આ બનાવ જોવાને જે લોક એકઠું થયું હતું તેમાં એકની આંખ એવી જોવામાં નહી આવતી હતી કે તેમાંથી આંસુના રેલા નહી ઊતરતા હોય. એક અમલદારથીતો છેક ન ખમાયાથી તે બેસુધ થઈ ગયો, જેને રાજાએ એકદમ બરતરફ કીધો. છેલે સઘલું થઈ ચુકું, અને બધા પોતપોતાને ઘેરે ગયા. પણ ચાર દાહડાવેર આખાં કાંનડી શેહેરમાં હરતાલ પડી, અને સઊ લોકે તે બેગુનાહ બાલકો અને ઓરતોના ગેરવાજબી ખુનને વાસ્તે શોક પાલીઓ. એવા કરપીણની આજે જડમૂલ ઊખડી ગઈછે, તેને માટે કોણ દલગીર થશે?

## સુવીડન દેશમાં ભુત, જીન વગેરેના વેહેમો.

ભુત, ડાકણ, વંતરી, જીન, પરી વગેરેના જેવા વેહેમો આ દેશમાંછે તેવા યુરોપખંડના દેશોમાં પણછે. તપાસીને જોતાં માલમ પડેછે કે, આ જાતના વેહેમો આખી દુનીઆંપર લગભગ એકસરખી રીતેજ પથરાયલા હતા, પણ જેમ જેમ તેના અંધારા ગારમાં સુધારાનાં કીરણો પરવેશ થતાં ગયાંછે, તેમ તેમ કેટલાક દેશના કેટલાક લોકોમાંથી તે જતા ગયાછે. અલબતે, જે જે અજબ સરખા બનાવોની વાતો એવા લોકો કરેછે, તે તે બનાવો ઘણાખરા બનતા નજરે પડેછે ખરા, પણ તેમનાં કારણો તદન જુદાંજ અને માતરે કુદરતી બનાવનાંજ હોયછે. જેમ જેમ વીદીઆ હુનરમાં વધારો અને શુધારો થતો જાયછે, તેમ તેમ, જે જે બનાવો અતીઆરવેર ભુત, જીન વગેરેથીજ બનતા ગણાતા આવીઆ હતા, તેમનાં ખરાં કારણો મલતા જાયછે, અને તે ઉપરથી સીધ થાયછે કે, તેવા બનાવોનાં મુલો અથવા કરતાઓ જેવી જાતના અનદીઠ આતમાઓ ગણવામાં આવેછે તેઓ નથી. પણ આવા બનાવોની જે વાતો ચાલેછે, તેમાં સેંકડે લગભગ પંચાણુ ટકા ઉમેરાયલા હોયછે, અને તેથી તેઓએ હાલના સરખું મોટું રૂપ પકડેલુંછે. કેટલાકો એમ વીચારેછે કે યુરોપખંડમાં એવી જાતનો વેહેમ નથી; પણ તે ભુલેછે. તીઆં પણ એવા વેહેમ રાખનારાં પુશકલ લોકોછે. જેઓ તેવા નથી તેઓ માતરે ભણેલા લોકોજછે. એવા લોકની સંખીઆ આપણા ખંડ કરતાં તે ખંડમાં ઘણી વધારેછે, તે ઉપરથી ઉપલો વીચાર કેટલાકોને પેદા થાયછે. અતરે હમો જે બાબત લખીએછે, તે યુરોપખંડની ઉતરે આવેલાં સુવીડન દેશના લોકોના એવા વેહેમની લખીએછે. એમાં સઉ કરતાં વધારે અજાયબ સરખું એ માલમ પડશે કે, એ બાબતમાં જેવા વેહેમો આપણા દેશમાંછે, લગભગ તેવાજ આપણાથી હજારો કોશ દુરનાં, અને આગલા વખતમાં આપણી સાથના કોઈબી જાતના સંબંધ વગરના એ દેશમાં પણછે.

સુવીડનના લોકો એક જાતના ભુતને માનેછે, જેને તેઓ 'પક' ના નામથી ઓલખેછે. તેઓ કહેછે કે, એ પક ભુતઆઓ ઘરના મોભમાં અને ખેતરોમાં રહેછે. તેમને જો બરોબર તાહાડા મીઠા રાખીઆ હોયતો ઘણા સારા કામ લાગેછે, પણ જો જરા તેમની સામે ચુક થઈ તો ખીતીને ખીલા ઉપાડ ઘાલેછે. તેઓ એવું માનેછે કે એ ભુતોનો એક જાતનો નાચ થાયછે, જે તેઓ પોતપોતામાં નાચેછે. એ નાચ તેઓ કેમ નાચેછે તે જાણે બધા સુવીડીશ લોકો જાણેછે; પણ તે પરમાણે તેઓ કદી નાચતા નથી, કારણ કે, તેઓ એવું માનેછે કે, જો તેમ કરીએ તો તે 'પક' ભુતઆઆ તેમની ઉપર ગુસે થાય. એ નાચની વખતે વજંતર કેમ વજાડવામાં આવેછે તે પણ લોકો જાણેછે, અને તે પરમાણે તે વજાડવામાં તેઓ નાચવા સરખી અડચણ ગણતા નથી. પણ એમાં તેમનો નવાઈ જેવો વીચાર એછે કે, જીઆરે કોઈ તેનો રાગ વજાડે, તીઆરે જે સાંભલે તેને નાચવું આવીઆ વીગર રહે નહી. તેથી જીઆરે કોઈ તે રાગ વજાડે તીઆરે જેટલા જનના સાંભલવામાં તે આવે તેટલા જન નાચવા મંડી જાયછે! અલબતે તે રાગમાં એવી ખુબીછે કે, તે સાંભલતાં ઘણાના પગ કુદરતીજ ઉંચકાય, પણ બધા જે કરેછે, તેમાં ઘણાક ફકત ખોટું ડોલ ઘાલેછે.

તેઓ એવું માનેછે કે, ઝાડોમાં અને પાણીમા પણ ભુતો વસેછે. તે ભુતો ગાય ઢોરોને હેરાન કરેછે. તેઓ જંગલમાં ગાયોને દોહી લેછે, અને બલદો વગેરેને પગે લંગડા કરી ઘેર મોકલેછે. તેઓ એમ માનેછે કે જો ઢોરોના દીલપર લસણ અથવા હીંગ હોયતો તે ભુતરાંઓ તેમની પાસે આવતાં નથી, તેથી તેઓ ઢોરોને ચરવા મોકલતી વખતે તેમના ગલામાં લસણ અથવા હીંગની કરચ બાંધીને મોકલેછે. તેઓ એક બીજી જાતના ભુતને માનેછે જેને તેઓ 'કોબાલડસ' કરી કહેછે એ ભુત તેમનાં ઘરમા અથવા આગણામાના કે વાડામાંના ઝાડમાં રહેછે. કહેછે કે એ ભુત જે ઘરમાં હોય તે ઘરનાં માણસોનું તે રકશણ કરેછે. તેટલા માટે તેઓ ઘરમાનો તેની રાખેલી જગાને સાચવેછે, અને આગણામાંનાં કે વાડામાંનાં ઝાડને કદી કાપતાં નથી. એ કોબાલડ ભુતઆઆ પણ જો છેડાયા હોયતો એકુને પરકી પાડેછે એમ તેઓ માનેછે. તથી ઘરમાં કોઈ આજારી પડીઉં તો [illegible] મંડી [illegible] એને ઘ

રમાના અથવા બાહારના ભુતમામાની ઝપટ લાગીછે. તેથી તેઓ પોતાના ઘરમાના ભુતમામાને તાહાડા મીઠા કરવાની કીરીઆ કરેછે. તે એમકે, એક મોટું પીઆલું લઈ તેમાં દારૂ રેડેછે, અને તેમાં કોઈ ઓરતને તેના ધણીએ પેહેરાવેલી, અથવા કોઈને કોઈના વારસામાં મલેલી સુનાની અથવા રૂપાંની વીટીને કાનસે જરા ઘસી તેનો ભુકો નાખેછે. પછે જે જગામાં તે માણુસ ઝપટમાં આવેલો ગણુવામાં આવે તે જગામાં તે પીઆલું લઈને એક માણુસ જાયછે, અને તીઆં ઉભો રહીને તેને પોતાનાં ડાબાં ખભાં ઉપર ઉંધું વાલેછે; અને તુરત તીઆંથી ચાલી. આવેછે. પાછું ચાલી આવતાં તેણે પાછું ફરીને જોવું નહી, અને મોહોથી કંઈ બોલવું નહી; અગર નહીતો તે ઉતારેલો ભુત પાછો આવીને વલગે !

સવીડીશ લોકો પરીઓને પણુ માનેછે. તેઓ કહેછે કે, જંગલમાં પરીઆંઓ રાતની વખતે ઉતરેછે, અને નાચેછે. તેથી સહવારના પોહોરમાં મેદાનનાં ઘાસપર જરા કંઈ કુંદાલા જેવું દેખાયું તો તેઓ તુરત માનેછે કે, અહી રાતે પરીઆંઓએ નાચ કીધો હશે.' તેઓ એવું માનેછે કે, રાતની વેલાએ જંગલમાં ફરતાં કોઈવાર માણુસ એવાં પરીઆંઓનાં કુદાલાંમાં આવી જાયછે. તેજ વખતે તે બધાં તેની આંખે દેખાઈ આવેછે, અને તેમની ખુબશુરતી જોઈ તે હેરતમાં પડેછે. તે પરીઆં તેને કોઈ રીતનું નુકશાન કરતાં નથી, પણુ તેની ખુબ મશકરી બનાવેછે.

સુવીડીસ લોકો એક સપરોમકારી નામના ભુતને માનેછે. તેને માટે એવું કહેછે કે, તે પાણીમાં રહેછે, અને આખો દાહાડો હારપ નામનું વજંતર વજાડીઆ કરેછે. એને તેઓ ઘણાં ચાહેછે, કારણુ કે, તે તેમને કોઈ રીતનું નુકશાન કરતો નથી, પણુ ઉપરથી મોટો ફાયદો કરેછે. તેઓ એવું માનેછે કે, એ ભુતમામા જીઆરે પાણીની સપાટી પર આવી પોતાનું વજંતર વજાડતા હોય, તીઆરે જો તેમના ઉપર એકું છોકરાંની નજર પડીતો તે છોકરાંમાં વજંતરની અને ગાયનની ઘણીજ શકતી આવી જાયછે, અને તે પાછલથી મોટો ગાયનકાર થાયછે. જે છોકરાંમાં તેઓ ગાવા વજાડવાની સારી શકતી જોય તેને માટે તેઓ એવુંજ માનેછે કે, તે આ ભુતમામાની ઝપટમાં આવેલોછે.

એ લોક એક સકોગારા નામના ભુતને પણુ માનેછે; જેના નામથી તેઓ ઘણાં બાહેછે, કારણુ કે તે તેમના જીવની હાણી કરેછે એવું તેઓ માનેછે. કહેછે કે, એ ભુતમામા જંગલમાં વસેછે, અને રાતને વખત માણુસને તે હાંક મારેછે. જો માણુસ તેને સાદ આપેછે તો તેને ખાઈ જાયછે. પણુ જો તેને "હી" કરીને સાદ આપીઓ હોયતો પછે તે નાપો તેને કશું નુકશાન કરી શકાતું નથી. એથી કરી આ દેશના ગામડીઆઓ રાતની વેલાએ જંગલમાં ચાલતી વેલાએ તપાસીઆ વગર કોઈને જવાબ આપતા નથી. તેમને કાને કોઈબી જાતનો આવાજ પડીઓ કે તુરત તેઓ 'હી' કરીને બોલેછે, અને વેહેલા વેહેલા તે જગાએથી ચાલી જાયંછે.

તેઓ એક બીજા નેક નામના ભુતને માનેછે. કહેછે કે એ ભુત પણુ પાણીમાં રહેછે, અને તે વખતે પાણીમાં નાહાવા ઉતરેલાઓને નુકશાન કરેછે. જો એવી વખતે પાણીમાં પરથમ કાંઈ ધાતુ નાખી હોયતો પછે તેનું જોર તે માણુસ ઉપર ચાલતું નથી. તેથી જે માણુસ નદીમાં કે એવીજ જગામાં નાહાવા જાય તે પોતાની સાથે હરેક ધાતુનો એક કકડો લઈ જાયછે; અને પરથમ તેને પાણીમાં પાછો હાથમાં આવે તેમ નાખી પછે આ પરમાણે બોલેછે, "નેક, નેક, ચોર, તું તો જમીનપરછે અને હું તો પાણીમાં છું." એટલું બોલી તે તુરત પાણીમાં ચાલી જાયછે. નાંહાઈ રહીને જેવો તે બાહાર આવેછે કે, પેલા ધાતુના કકડાને પાછો ઉચકી લેછે, ને બોલેછે, "નેક, નેક, ચોર, હું તો જમીનપર છું ને તું તો પાણીમાંછે." એમ કહી તુરત તીઆંથી ચાલી જાયછે.

એ સીવાય કેટલીક જાતનાં જાનવરોને તેઓ ભુતોની સંફમાનાં ગણેછે, અને તેથી તેમને મારી કાહાડવામા તથા મારી નાખવામાં ઘણી સંભાલ રાખેછે. તેઓ બીલાડીને માટે એવું માનેછે કે, ડુંગરોમાના ભુતની સાથ તેઓ સંબંધ રાખેછે. તેથી એકાએક તેને મારતા નથી. ઘુઅડ કકુ અને પાઈ જાતનાં પકશીઓને તેઓ ભુતો સાથ સંબંધ રાખનારાં ગણેછે. અને બનતાં શુધી તેમને જીઆં હોય તીઆંથી મોડે બોલીને ઉડારી મેલવાથી સાવચેત રહેછે, કારણુ કે તેઓ એવું માનેછે કે, જો તેમ કરેતો તે કરનારનું ગલું બંધ થઈ જાયછે ! ટોડ જાતનું દેડકાના જેવું જાનવર જે પથરમાંથી નીકલેછે, તેને મારવાને તો તેઓ ઘણાજ બીહેછે, કારણુ કે, તેઓમાં એવો વીચારછે કે એ જાનવરો તો જાદુથી બદલાઈ ગયલી શાહાજાદીઓછે ! એ જાનવરને જરા પણુ હેરાન કીધું હોયતો તે માણુસ પંગે લંગડું થઈ જાયછે, એમ તેઓ બીહેછે! વલી તેઓ કેટલાંક જાનવરોનાં ખરાં નામ બોલવામાં બીહેછે, કારણુ કે તેઓ એવું માનેછે કે, તેમ કરવાથી તે જાનવરો ગુસે થાયછે, અને તેમને નુકશાન કરેછે. તેથી તેઓ કોહોલાંને આસમાની પગનું કરી બોલેછે; વૃરૂને સુનેરી પગનું કરી બોલેછે, અને રીંછને બુઢા ડોસા અથવા બુઢાબાવા કરી બોલેછે !

વલી તેઓમાં એક એવો વેહેમછે કે, જે બચાંનો જનમ રવીવારને દાહાડે થાય, તે હમેશ ભુતોને જોઈ શકેછે, અને ધનના રખેવાલ ભુતને પોતાના તાબામાં રાખી શકેછે !

આવા વેહેમો યુરોપખંડમાંથી જેમ જેમ કેળવણી વધતી જાયછે તેમ તેમ નીકલતા જાયછે. તેમજ આ દેશમાં પણુ એનો જેમ વધારો થતો જશે, તેમ લોકનાં મગજ વધારે લાયક વીચાર કરનારાં થશે, અને એવા વેહેમો નીકલતા જશે.

## બે ખલીરની વાતચીત.

### એક ડહાપણુ ભરેલી શીખામણ.

ડાકટર જોનશન નામના નામીચા લખનારે, વારતાઓના આકારમાં માણસોમાં ચાલતી આવતી કે

ટલીક ખામી ભરેલી ચાલો. અને બેવકુફાઈ ભરેલી રાજદ્રવારી અને સંસારી રીતોનો અછો ચીતાર આપીઓછે. તે પરમાણે આપણ સામણ લશકર લાવીને લડાઇઓ કરી માણસોના જીવની કેવી ખુવારી કરેછે, અને તેમાં માણસો કેવું જંગલીપણું દેખાડેછે, તેનો ચીતાર બે ખલીરોની વાતચીતમાં તે લખનારે આપીઓછે, જે નીચે પરમાણેછે:—

"એક ભરવાડ એક જંગલમાં, એક પાહાડની તલેતી આગલ પોતાનાં બકરાં ચારતો હતો. તેની નજર એકાએક બે ખલીરોની ઊપર પડી, જેઓ ઊંચે એક અણીઆલા ખડક ઊપર બેઠેલાં હતાં. તેઓ જાણે એક બીજા સાથે વાતચીત કરતાં હોય એવું તેને દેખાયું, તેથી તે શું હશે તે સાંભલવાની તે ભરવાડની ઈછા થઇ; કારણ કે તે પકશીઓની ભાશા સમજી શકતો હતો. તે પોતાની જગાએથી ઊઠીઓ, અને આસતે આસતે ઝાડોને આથે તે ડુંગરપર ચઢીઓ, અને પેલાં ખલીરો તેને નહીં જોય તેમ, પણ છેક તેમની નજીક જઇ, એક બીજા ખડકને આથે ભરાઇને બેઠો. તેણે જોયુંછે તો તે બે ખલીરોમાં એક બુઢું હતું, અને એક જવાન બચું હતું. આ બુઢું ખલીર તેની મા થતું હતું, અને તે તેનાં બચાંને, પોતાની મેલે જીઆં ગમે તયાં ઊડીને પોતાનો ખોરાક શોધી કાહાડવાની રજા આપતી વખતે તેને કેટલીક બાબનોની સમજ આપતું હતું. તે સમજ તેણે પોતાનાં જવાન અને દુનીઆનાં રસતામાં પડતાં બચાંને નીચે પરમાણે આપી:—

"મારાં બચાં, હવે તને વધારે સમજ પાડવાની અગત રહી નથી, કારણ કે, આજ કેટલીક વખત થયો તું મારી સાથે ફરીને મારી બધી રીતભાત તેં જોઈછે. ખેતરોમાંથી ચરતી મરઘીઓ, અને ગોવાલામાંથી કુદતાં બકલીઆંઓ મેં કેમ ઊંચકી લીધાં હતાં તે તેં જોયુંછે. એવા શીકારોને પકડીને તેમને ચાંચમાં કેમ ધરવા, અને પછે સંભાલીને કેમ ઊડવું તે પણ તેં જોયુંછે. તેવી જાતનાં બધા શીકારોનાં માંસનો સવાદ પણ તેં ચાખીઓછે. પણ કોઈ કોઈવાર મેં તુંને માણસનું માંસ ચખાડીઉંછે, અને જે તુંને ઘણુંજ સવાદ લાગીઉંછે તે તુને ઈઆદછે? બચું બોલીઉં, હા મને તે ઈઆદછે, પણ મને મેહેરબાંની કરીને કહો કે, માણસને કેમ ઓલખીએ, અને તેનો શીકાર કેમ કરીએ. તમે આજવેર એક માણસને તો તમારી ચાંચમાં ઊંચકીને આપણા માલામાં લાવીઆં નથી. માંએ જવાબ દીધો, 'માણસનું કદ એવું મોટુંછે કે, તે આપણાથી ઊંચકીને ઊડાય નહી; તેથી જીઆરે માણસ મારા હાથમાં આવેછે, તીઆરે તેને ફાડીને તેનું માંસ હુ માલામાં ઊંચકી લાઊછું, અને તેનાં હાડકાંને તેજ જગાએ પડેલાં રહેવા દઊછું.' છોકરાંએ પુછીઉં, 'જીઆરે માણસનું કદ એવડું મોટુંછે, તીઆરે તમે તેને કેમ મારોછો? તમે વરૂથી અને રીંછથી તો બીહોછો, તીઆરે શુ માણસ એક બકરાં કરતાં પણ નાતવાનછે કે, તેને તમો મારી શકોછો?' માંએ જવાબ દીધો, 'માણસ સરવેથી જબરૂં ગણાયછે, માટે તેના જેવો શીકાર આપણા હાથમાં એકદમ આવે એ વાત અશકીઅછે. પણ ખોદાએ આપણા ઊપર મેહેરબાંની કરી તેમની અંદર એક એવો જુસો મેલેલોછે, કે તેવો પુરૂથવીની સપાટી ઊપરનાં બીજા કોઈ જાતનાં પરાણીમાં નથી; તે જુસાને લીધે તેઓ આપણા હાથમાં આવેછે, અને તેમનાં માંસની મેજબાંની કરવાને આપણને બની આવેછે. વારેવાર માણસોનાં બે ટોલાં થઇને એવું તોફાન મચાવેછે કે, ભયંકર આવાજોથી જમીનને ધ્રુજાવી મેલેછે, અને આતશથી બધી હવાને ભરી મેલેછે. જીઆરે મેદાંન ઊપર તું એવા આવાજો સાંભલે, અને આતશનાં ચમકારા જોય, તીઆરે તારીથી બને એટલી ઝડપથી તું તે જગાપર જજે. તીઆં માણસ પોતપોતામાં મરાઈ એક બીજાને મારી નાખેછે, અને લોહીની નીખ ચલાવેછે. તીઆં તુંને પુશકલ માણસનાં મુડદાં મલી આવશે, અને વલી તે તારે વાસતે કાપીને તઈઆર કરેલા ટુકડાઓમાં મલી આવશે.' એ વાત સાંભલી બચાંએ પુછીઉં, 'જીઆરે માણસો એ પરમાંણે પોતાના શીકારને મારેછે, તીઆરે તેઓ તેમને ખાઈ કાંય નહી જતાં? વરૂ જીઆરે એકુ બકરાંને મારેછે, તીઆરે તે તેમાંથી એક કરચ પણ આપણને લેવા દેતું નથી; તીઆરે માણસો કેમ લેવા દીએછે? શું માણસોબી એક જાતનાં વરૂ નથી'? માએ જવાબ દીધો, 'આખી દુનીઆંપરનાં પરાણીઓમાં માણસજ એક એવું પરાણીછે, કે જે, જેને નહી ખાવું હોય તેને પણ મારેછે, પણ તેથી આપણા સરખાઓને ખુબ મજાહ પડેછે.' બચાંએ પુછીઉં, 'જીઆરે માણસો એ પરમાંણે

મેહનત કરી શીકાર મારી આપણે વાસતે તઈઆર મેદાંનપર મેલે, તીઆરે આંપણને મેહનત કરવાની, અને શીકાર શોધવા જવાની શું અગત વારૂં'? માએ જવાબ દીધો, 'માણસો હમેશ એમ કરતાં નથી, પણ થોડે થોડે વખતે તેઓ નીકલેછે. જીઆરે એ કારણ માટે માણસો નીકલે, તીઆરે તે કેમ પારખવું તે હું તુંને સમજાઊંછું. જીઆરે તું ઘણાક માણસોને એકઠાં અને એકસરખાં ચાલતાં જોય તીઆરે તું જાણજે કે, તેઓ માણસોનો સીકાર કરવાને નીકલીઆં છે, અને હવે માણસનાં માંસની મેજબાંની ખુબ જડશે.' છોકરાંએ અજબ થઇને પુછીઊં, 'તમે મને પેહલાં કહો કે તીઆરે એ માણસો પોતપોતામાં એવી કાપાકાપી શાને માટે કરતાં હસે? તેઓ તેને ખાતાંતો નહી. જેને હું ખાવાનું નહી હોઊં, તેને હુંતો કદી નહી મારૂં.' માએ જવાબ દીધો, 'જોકે હું પાહાડોપર વસનાર એક ચંચલ પકશી ગણાઊંછું, અને હું બુઢ્ઢું થવા આવીઊંછું પણ એ વાતનું કારણ મારા સાંભલવામાં હજુ આવીઊં નથી. જીઆરે હું તારા જેવું નાનું હતું, તીઆરે અહીથી કેટલીક દુર જગામાં આવેલા ડુંગરોમાં રહેનાર એક બુઢાં ખલીર પાસે હું જતું હતું. તે મને કેહતું કે, 'આ કારપેથીઅન ડુંગરોની આસપાસની જગામાં આજ વરસો થયાં, જીઆં જોઇએ તીઆં ગાઊનાં ગાઊ સુધી માણસનાં મુડદાં જડેછે, અને આજ કેટલાં વરસ થયાં તે માણસોનાં આંતરડાં ઊપર ગુજરાણ કરેછે.' તે કહેતું કે, 'મનેબી એમ થવાનું કારણ બરાબર સમજ પડતું નથી, પણ એમ લાગેછે કે, માણસો તદન વીચાર વગરનાં, માતરે ઝાડ પાનનાં સરખો જીવ ધરાવનારા પરાણીછે, જેથી એકબીજામાં કપાઈ મરવાને, અને તેને ખલીરોનો ખોરાક કરવાને જરા આનાકાની કરતાં નથી. જેમ તોફાંની પવન નીકલી આવીઆથી ઓકનાં ઝાડોની ડાલો ટુટી પડેછે, અને તે ઊપરનાં ફલ રાણી હુકચોને એક સરસ ખોરાક થઈ પડેછે, તેમ આ માણસોને કોઈ કોઈવાર એવો શંટો આવેછે, જેથી તેઓ એકબીજાનાં કકડા કરી આપણે વાસતે ખોરાક તઈઆર કરી આપેછે.' વલી મેં સાંભલીઊંછે કે, તે બધામાં એક માણસ હોયછે, જે જેમ કહેછે તેમ બધા કરેછે. જોકે તે માણસ કાંઇ બધાં કરતાં કદે ઘણો મોટો, અથવા વધારે જોરાવર હોતો નથી, તોપણ તે જે તે કામ પાછલ જરા ઊલટ, અને લોહી કેઈ પરકારે રેડવું તેની તાલમેલ બીજા કરતાં સારીપેઠે રાખેછે, તેથી તેના હોકમમાં બધા રહેછે. કેહછે કે, જેમ તે ઘણા માણસ મારી આવેછે, તેમ તેને ઘણું માન મલેછે. ખચીત એ અજાયબ સરખુંછે. માણસોની બાબતમાં એ વાત ગમે એવી અજાયબ ભરેલી હોય, તોપણ આપણી બાબતમાં તો ઘણી સારીછે. એવા માણસોને કદાચ માણસો માન નહી આપે ને ચાહે, પણં આપણે તો તેમ કરવું જોઇએ, કારણ કે તે આંપણો ઘણોજ મોટો મીતર થાયછે. પોતાના હજારો જાત ભાઇઓને મારી આપણે વાસતે આઇતો ખોરાક તઈઆર કરી આપેછે.

---

## જાંન લા.

### મીસીસીપી કુંપનીને નાંમે ચાલેલો સટો.

(સાંધણુ શફે ૨૧૫ થી.)

દેશની આયપત ઉપરની જામીનગીરી ઉપર જે નોટો કાહાડવામાં આવી હતી તેનું વીઆજ માતરે હડી ટકાજ આપવામાં આવવાથી ઘણાઓ તેના પર નારાજી થયા હતા, અને તેથી કરી તેની લેવડ દેવડ ધીમી પડી ગઈ હતી. વલી તે સાથે શેર ધરાવનારાઓ તે નોટોને બદલે શેરો વેચવા કરતાં પોતા પાસે રાખી મેલવાને વધારે પસંદ કરતા હતા, અને એવી આસા રાખતા હતા કે, મોડે વેહેલે તેનો ભાવ ચહડશે. આ પરમાણે નરમ પડેલાં કામકાજોને સજાગરૂ કરવાની મતલબથી તા૦ ૧૫ મી આગશટને દીને એક એવું જાહેરનામું કાહાડવામાં આવીઉં કે, એક હજારથી તે દશ હજાર વેરતી એવી નોટો, શેરોને પેટે ભરવાના હફતા અને બેંકના હીસાબની આપ લે સીવાય, બીજા કસામાં, રોકડ વગેરેને બદલે ચલાવવી નહી. તીઆર પછે અકટોબર મહીનામાં એવું જાહેરનામું કાહાડવામાં આવીઉં કે, આવતા નવેમબર મહીનાથી. એ નોટોની લેવડ દેવડ તદન બંધ કરવામાં આવશે. તંકસાલનો કારોબાર,' મેહેસુલની ઉઘરાણી અને એવાંજ બીજાં નફા ભરેલાં કામો અને હકો જે એ કંપનીને હાથ હતાં, તે લઈ લઈને ખાનગી કંપનીને સાંફી દીધું આથી કરીને લાની સઘલી ગોઠવણ ઠડમુલથી કપાઈ ગઈ, અને કમપનીએ જે જે કરવાની કબુલાતો આપી હતી તે કરવાની સઘલી શકતી તેમનામાંથી જતી રહી, અને નાણા ખાતાંમાંથી લાનો સઘલો વગ અને અખતીઆર જતો રહેઓ. પુર જેરમાં ચાલતા સટાના વખતમાં લોકના આંધલાપણાનો લાભ લઈ ગેરવાજબી રીતે પઈસા મેલવવાનો જેમના ઉપર શક ગયો તેમને પકડીને મોટા મોટા દંડો સરકાર તરફથી કરવા લાગા. વલી એક એવો હોકમ કાહાડીઓ કે, જેઓ અસલ શેરોના માલેકોછે, અને જેઓએ તે હજુ રાખી મેલેલાછે, તેઓએ તે શેરો કમ

પનીને ખાતે ડીપાઝીટ મેલવા, અને જેઓએ તેની જેટલા ની માગણી કરી હતી તેટલા લીધા નથી, તેઓ તે, દરેક ૫૦૦ રૂપીઆના શેરને રૂ૧૩૫૦૦ ને હીસાબે ખરીદવા. આ હોકમ નીકલવાથી તેવા તેવાઓ ગભરાટમાં પડીઆ, અને પોતાની દોલત આ પરમાણે ઘસડાઈ જવાની ધાસતીથી, પોતાનું દઈવત લઈ બીજા દેશો ખાતે વટેણા વાવી જવા લાગા. આ ખબર સરકારને પડતાંજ બધાં બંદરો ખાતે અને બીજી ચોકીઓ ખાતે તુરત હોકમ મોકલવામાં આવીઓ કે, જેબી મુસાફરને તેઓ જોય તેને પકડવો, અને તપાસવું કે તેની પાસે કંઈ રૂપાકામ કે જરજેવરછે કે નહીં; તથા તે સટાબાજછે કે નહીં. એ પછે જેઓ છટકી ગયા તેમને મોતની સજા ઠરાવવામાં આવી, અને જેઓ પારીસમાંથી હાથમાં આવીઆ તેમની સામે જેવા શકત અને ગેરવાજબી ઉપાયો લેવાયા તેવા લીધા, અને નીચવીને કુચો કરી નાખીઆ.

આ વખતે લા પોતે પણ એવો નીશફલ થઈ ગયો, કે તેણે પણ પારીસ છોડી જવાનો વીચાર કીધો, કેમકે તે શેહેરમાં તેને તેના જીવની સલામતીની મોટી ધાસતી હતી. તેણે પરથમ રાજકારોબારી પાસે, શેહેર બાહારના ગામડામાંના પોતાના બગીચામાં જઈ રેહેવાની રજા મંગાવી, જે તેણે મોટી ખુશીથી આપી. અતીઆર શુધી પણ રાજકારોબારી લાની તરફેણમાં હતો, અને તેની ગોઠવણ સારીજ હતી એવું મત તેનું મજબુત હતું. આ સઘલી બાગટુટને માટે તે એટલોજ વીચાર કરતો હતો કે, ગોઠવણ તો સારીજ હતી, પણ તેને અમલમાં મેલતાં ચુક થઈ, અને માણસ જાત ચુક કરવાને સરજેલુંજછે. લા પોતાના બગીચા તરફ ગયાને બે તરણ દીવસ થયા પછે રાજકારોબારીએ તેનાપર એક ઘણો મેહેરબાનીથી ભરેલો કાગલ લખીઓ, અને તેને જણાવીઉં કે તેની મરજીમાં આવેતો તેણે ફરાનસ દેશ ખુશીથી છોડી જવો. આ પરવાનગી મલવાથી લા તીઆંથી નીકલીઓ, અને છ ઘોડસવારોને સાથે લઈ, બરુસેલસ ખાતે ગયો. તીઆંથી તે વેનીસ ગયો, અને કેટલાક મહીના શુધી તીઆં રહીઓ. અહી લોકો તેની તરફ ભારે અજાયબીથી જોતા અને એવું માનતા હતા કે તેની પુશકલ દોલતછે પણ આ વીચાર ભુલ ભરેલો હતો. લાએ આ બધી વાતમાં સારીજ આસાં રાખેલી હતી, અને લોકને ઠગવાનીજ મતલબ તેની નહી હતી. તેને ખચીત ભરુસો હતો કે મીસીસીપી સકીમ બરાબર પાર પડશે, અને ફરાનસ દેશ આખા યુરોપમાં દોલતમંદ થઈ જશે. એની સાબેતીમાં આટલુંજ જાણવું બસછે કે, લાએ જેટલી દોલત મેલવી હતી, તે સઘવાની તેણે ફરાનસ દેશમાંજ મોટી મોટી મીલકતો ખરીદ કરી હતી. જો તેનો વીચાર સઘલો ઠગાઈ ભરેલો હતે તો, તે એમ કરતે નહી, પણ સઘલી દોલતને જમાવ કરી સાંતતે. મીલકત સીવાય કોઈબી જવેરાતમા તેણે પોતાની દોલત રોકી હોય તો તે માતરે સાહાઠ હજાર રૂપીઆનો એક હીરો હતો. ફરાનસમાંથી જે દોલત લાએ મેલવી, તે તે મીલકતના આકારમાં પાછી ફરાનસમાંજ મેલીને આ વખતે તે ખાલી હાથે ગયો.

લાને વેનીસ ખાતે જતો રહેવાની ખબર જીઆરે પારીસમાં પડી તીઆરે લોકો ઘણા ચીરડાઈ ગયા, અને ભારે દલગીર થયા. પારલામેનટ અને પરજાનો મોટો ભાગ તેને ફાંસીને લાકડે ટંગાયલો જોવાને ઘણો રાજી હતા, તેઓ તેને છટકી ગયલો જોઈ ઘણા બુમ મારવા લાગા. જેમને આ સપાટામાં ઝાજું ખમવું પડીઉં ન હતું તેઓએ સંતોશ બતાવીઓ કે, એ પીડા દેશમાંથી ટલી તો ઠીક થયું. પારલામેનટની તરફથી એકદમ હોકમ કાહાડવામાં આવીઓ, અને લાની સઘલી મીલકત જપત કરી લેવામાં આવી.

ફાઈનાનસ ખાતાંની સભામાં રજુ કરેલાં કેટલાં વોચરીઆંઓ ઉપરથી એવું માલમ પડીઉં કે, તે વખતે ફરતી મોટી સંખીઆની નોટો જે દીવસે કાહાડવામાં આવી તે દીવસમાં અને જે દીવસે તે કાહાડવાનો હોકમ થયો તેના દીવસમાં ફેરફાર હતો. આ ઉપરથી વડા રાજકારોબારી પાસે તેનો ખોલાસો માગવામાં આવીઓ. તે ખોલાસો કરતાં એવું માલમ પડીઉં કે, તેમાંની લગભગ અરધી રકમની નોટો લાએ પોતાને જોખમે આગમચથી કાહાડી હતી. આ ઉપરથી પારલામેનટના કાન ઉંઘડીઆ, અને વધારે તપાસ કરવા માંડી. દેશને માથે કેટલું દેવું થયુંછે તે તપાસીઉં તથા દેશના માગનારોની જામીનગીરી કેટલી મજબુતી ભરેલી છે તેની પણ તપાસ કરવાને એક કમીશન ઠરાવવામાં આવીઉં. આ કમીશને તપાસ કરવા બાદ, અને તે બાબત વીશે સારૂં નરસું શોધી કાહાડવાબાદ છેલે એવી ભલામણ કીધી કે, દેશને માથેના કરજના વીઆજના દરમાં ઘટાડો કરવો. કેટલાંક કારણો તથા સતાઓ તેની મજબુતીમાં જણાવવાબાદ તેમ કરવામાં આવીઉં. તે પછે, સરકારી નાણાં ખાતાંમાં સટાના વખતમાં ચાલેલાં ટરકટોની તપાસ કરવા માડી, અને તેમાં બેચાર અમલદારોને ગુનેહગાર ઠરાવી મારી નાખવાની સજા ઠરાવવામાં આવી, પણ પાછલથી તે ફેરવીને તેમને બાસટીલના કીલામા જનમ કેદ રાખવાની સજા કીધી.

આ વખતમાં પરજાના કોફનું વાદલ જે લાની અને વડા રાજકારોબારોની ઉપર ઉતરેલું હતું, તેમાં આગલ જણાવેલો ડી આરજેનસન પણ તરીજો હતો. તેને નાણાં ખાતાંમાંથી બરતરફ કરવામાં આવીઓ, અને તે પોતાના ગામડાંમાંના બગીચામાં જઈને રહીઓ. અહીં તે બાર મહીના રહીને મરણ પામીઓ. લોક એના ઉપર પણ એટલા બધા ચીરડાઈ ગયલા હતા, કે તેનાં મરણ ઉપર પણ તેઓ વેર લેવાને અચકાયા નહી. જે વેલાએ રસતામાંથી એની લાસને ભુમીદાહ કરવાને લઈ જવામાં આવતી હતી, તે વેલાએ લોક એટલું બધું ઉસકેરાયું હતું, કે તેના બે દીકરાઓ, જેઓ તેની આગલ ચાલતા હતા, તેમને પોતાની ગાડીઓ જેમ દોડાય તેમ ગલી ગુંચીઓમાં દોડાવી લઈ જઈ, બચવું પડીઉં.

એ પછે થોડુંએકે વડો રાજકારોબારી પણ મરણ પાંમીઓ. તે આતશની સગડી આગલ બેસીને પોતાની માશુક સાથ વાત કરતો હતો તેવામાં અનચીતો તેનો પરાણ નીકલી ગયો. અતીઆરવેર લાને એવા આસા હતી કે

આ સઘલો ગુંચવારો ટાલવાને માટે તેની મદદ માગવામાં આવશે, અને તેને ફરાનસમા પાછો બોલાવવામાં આવશે. પણ રાંજકારોબારીના મરણથી તેની એ આસા ગુમ થઈ. છેલે ફરાંસની સઘલી આસા લાએ છોડી, અને તે વાતને વીસારી મેલી. તેણે પાછો પોતાનો જુગાર રમવાનો આગલો ધંધો પકડીઓ. તેની મોટામાં મોટી દોલતમાંથી આગલ લખેલો જે એક હીરોજ માતરે તેની પાસે બચીઓ હતો, તે તેને કેટલીકવાર ગીરવી મેલવો પડીઓ હતો, પણ જુગારની રમતમાં તેનો પાસો ઘણોખરો સવલોજ પડતો હોયાથી, તે તેને સઘલી વખતે પાછો છોડવી શકીઓ હતો. રોમ ખાતેના એના માગનારાઓએ એને ઘણો કંટાલો આપવાથી લા કોપનહેગન ખાતે જઈને રહેઓ. અહીં આવવા પછે અંગરેજ પરધાન ટોલીએ ઈંગલંડમાં આવવાની તેને રજા આપી. અહીંથી લાને એડમીરલનાં વાંહાંણમાં બેસાડીને ઈંગલંડમાં લાવવામાં આવીઓ. લાને એડમીરલનાં વાંહાણમાં લાવવાનું માન આપેલું જોવાથી કેટલીક ચકચાર ઉઠી અને આમની સભામાં તે બાબેની કેટલીક તકરાર ચાલી. અરલ કોર્નીગસબી નામના એક ઉમરાવે એવી તકરાર ઉઠાવી કે જે સખશે પોતાના દેશને અને પોતાના મજહબને તરક કીધેલો, તે સખશને આવાં આદરમાનથી દેશમા પાછો લાવવો એ ઘણુજ અનઘટતુંછે. વલી તેણે જણાવીઉં કે, જે વખતમાં ઈંગલંડમાં પણ સટાનો અને ખરાબીનો પવન ફુંકેછે, તે વખતમાં એવા માણસને અહી લાવવો જોઈતો ન હતો.

લા ઈંગલંડમાં ચાર વરસવેર રહેઓ અને પાછો વેનીસ ખાતે ગયો, જીઆં તે ૧૭૨૯ નાં વરસમાં મરણ પામીઓ. આ વેલાએ તે ઘણી તંગ હલિતમાં આવી ગયલો હતો, અને દોલતનો જે મોટો ઉછાલો તેણે કરાવીઓ હતો, તેનો છાંયો પણ તેની આગલ તેની મરતી વખતે નહી હતો. પેલી તરફ ફરાંનસ પણ હાડમાર થઈ ઠેકાણે પડીઉં, અને એ પરમાણે મીસીસીપી સકીમના પરપોટાનો છેડો આવીઓ.

## આલપસનાં પરવતો ઉપરની એક સ્રીની મુસાફરી.

(ગીયા આંકથી સાંધણ.)

આ વખતે હમોને માલમ પડીઉં કે, હમે છઠી મંજલની નજદીક છઈએ, તેથી, મેં મારા ભીતરને જણાવીઉં કે, જો આપણે આ પરમાણે આ બરફમાં અને તોફાનમાં પગેજ ચાલવાની કોશેશ જારી રાખશું તો આખી રાત પુરી થતાં પણ આપણે આ જગામાંથી બાહાર નીકલવાનાં નથી, અને મંજલ ઉપર પોહોંચવાનાં નથી, વાસતે ગાડી માંજ, બેસીને જેમ તેમ ઘોડાઓનેજ આગલ ચલાવવાની કોશેશ કરીએ તો સારૂં; તેઓ આપણા કરતાં કંઈબી ચાલી શકશે. હું એમ બોલુંછું એવામાં કોઈ માણસોનો સાદ હમોને પછવાડેથી આવીઓ, તેથી હમો બધાં તુરત ફરીને જોવા લાગાં. હમારી નજરે બે માણસો, હમારી તરફ આવતાં પડીઆં. તેમનો દેખાવ વીચોતર હતો; તેઓએ બકરાંના ચામડાના ડગલા પેહેરેલા હતા, અને સઘલા દેખાવમાં માણસ કરતાં કાંઈ ઓર તરાંહનાં પરાણી લાગતા હતા. તોપણ તેમને જોતાંવાર હમો ખુશી થયાં, અને સમજીઆં કે, જે મંજલ આપણે છોડી આવીઆં તીઆંથી આપણી મદદે આ માણસો આવીઆંછે. તેજ ખરૂં પડીઉં. તેઓમાનો એક હમારી આગલ આવીઓ, અને જણાવીઉ કે, તે આ રસતાનો ઉપરીછે, અને તેમની મદદને માટે આવીઓછે. તે બોલીઓ કે, તમે લોક જો કે આ ઘણી ધાસતી ભરેલી જગામાં ફસી ગયાંછે, તોપણ તમારે ગભરાવાની કાંઈ જરૂર નથી, કારણ કે, તે તેઓને સલામત આગલી મંજલના ઉતારા ઉપર પોંહોંચાડશે, જીઆં રહેનારા સાધુઓ તેમને તુરત અંદર દાખલ કરી, જોઈતી બરદાસત લેશે. પણ તેની આ ગોઠવણની સામે હમારો ભોમીઓ થયો, અને બોલીઓ કે, આગલ ચાલવા કરતાં આપણે પાછાં ચાલશું તો રાત પડવાની આગમચ આપણે જે ઉતારો મેલી આવીઆં છઈએ તીઆં સલામત પોહોંચીશું, અને પાછાં સહવારે નીકલીસું તો આપણને કશી હરકત નડશે નહી. હમુને બધાંને લાગતું હતું કે, પાછા ફરવા કરતાં આ ઉપરીની મદદથી આગલ ચાલવામાં વધારે અને દેખીતો ફાયદોછે, તોપણ ભોમીઆંને તેથી ઉલટો વીચાર કરતો જોઈ મને પેહેલાં ઘણી અજાયબી લાગી, પણ થોડાવારમાં મને તેની ખંધાઈ માલમ પડી. એમ કરવામાં તેની મતલબ એ હતી કે, જે ગાડી, ઘોડા અને માણસો તે ભાડે લાવેલો હતો, તેમનો અને પોતાનો જે એક રોજ વધારે ભરાયો તે ખરો. ફકત એક રોજના પઈસાને ખાતર આ ખંધો માણસ હમારી સઘલી સગવડને ધુલ મેલવવા ચાહાંતો હતો, અને હમારી સલામતીની દરકાર કરતો નહી હતો. રસતાનો ઉપરી, જે ઘણો ભલો અને હસમુખો માણસ હતો, તેણે તેની આ રીતને હસી કાહાડી, અને હમુને તેના કહેવા પરમાણે આગલ ચાલવાનીજ ભલામણ કીધી. મને પણ તે વાજબી લાગી, તો પણ મારા ભોમીઆને હજી બોહોસ કરતાં જોઈ, અંતે મેં તેને ધમકાવીઓ, અને કહીઉં કે, જો તે વધારે બોહોસ કરશેતો તેને હમણાજ રજા આપવામાં આવશે, અને તેની એવી ખરાબ ચાલને માટે તેના વડા ઉપર લખી મોકલવામાં આવશે. આ ધમકીથી તે ઘણો ડરાવાઈને મુંગો રહેયો, અને હમોએ મહા મુશકેલી બેચતાં આગલ ચાલવા માંડીઉં. આ વખંતે રસતાના ઉપરીના હાથ તલેના કામ કરનારાં માણસો પણ તીઆં આવી લાગેલાં હતા, જેઓ પણ હમારી ગાડી સાથે ચાલવા લાગાં, અને જીઆંથી ઘોડાથી નહીંજ ચલાય તીઆથી તેઓ પાવડા વતે બરફ ખણી કાહાડી, ગાડી ચાલે એટલો રસતો કરવા લાગા. જેટલોવાર તેઓ એ પરમાણે રસતો સમારતા હતા તેટલોવાર હમોને ઉભું રહેવું પડતું હતું, અને તેથી ઘણો વખત જતો હતો. અંતે, કેટલોક રસતો એ પરમાણે કાપીઆ બાદ, હમો ઉતારાની જગા આગલ આવી પોંહોંચીઆં. એ જોઈ હમોને મોટી ખુશાલી ઉપજી. આ મકાન થોડેક દુર રહ્યો

એટલામાતો રસતામાં એટલું બધું બરફ નડીઉં, કે પેલા
ઉપરીએ હમોને ભલામણુ કીધી કે, હમો જો ગાડીમાંથી ઉતરી
ને થોડાંક ડગલાં ચાલશું તો ઘણા જલદી આ મકાનમાં જ
ઈ આસાએસ લઈશું. અગર નહીતો એટલો રસતો ખણુ
તાં અને ગાડીને બારણા આગલ લેતાં ઘણો વખત નીકલી
જશે. હમોએ તુરત તેમ કરવાની હા કહી, અને ગાડીમાં
થી ઉતરી પડીઆ. આ જગામાં બરફ એટલો બધો હતો
કે હમો ઘણી મુશકેલીથી એક એક ડગલું ભરી શકતાં હ
તાં, અને ઠંડીથીતો હમારાં હાડકાં વટીક બંધાઈ ગયાં હતાં.
અંતે જેમ તેમ તે મકાનના દરવાજા આગલ આવી પોહોં
ચીઆં, જીઆં હમને જોતાંજ તે મકાનનો ઘાંટ વાગીઓ,
અને તુરત તેમાથી એક સાધુ પોતાનાં તરણ મોટા કુતરા
ઓને લઈને હમારી આગલ આવીઓ, અને આદરમાનથી
હમોને અંદર લઈ ગયો.

આ મકાનમાં દાખલ થવા પછે હમારા જીવને ધીરજ
આવી, અને ખુશાલી પેદા થઈ. એ જગામાં ચાર સાધુ
ઓ રેહેતા હતા, જેઓ ઘણાજ ભલા અને માયાલુ હતા.
તેઓએ તુરત હમારે વાસતે એક ઓરડો તઈઆર કીધો
અને બંધાઈ ગયલાં હાડકાંની ઠંડી દુર કરવાને સગડીમાં
મોટો આતશ સલગાવીઓ. હમોને જણાવીઉં કે એક ક
લાકની અંદર હમારે માટે ખાવાનું તઈઆર થશે. એટ
લું કહી હમોને તેટલે કંઈ મોડાંમાં નાખવાને જણાવીઉં,
પણ હમોએ તેમ કરવાને ના પાડીઉં અને કહીઉં કે,
હમો બીહીકથી અને ઠંડીથી એટલાંતો અકલાઈ ગયાંછે
કે હમણા હમારીથી કંઈ ખવાશે નહી, વાસતે ખાણું ત
ઈઆર થાય તીઆંવેર, હમો થોભશું. એમ કહી હમો
ઓરડામાં ગયાં, અને સગડીની આસપાસ તાપવા બેઠાં.
આ વેલાએ તે સાધુઓમાનો વડો હમારી સાથે વાત કર
વા બેઠો, અને હમુને જણાવીઉં કે, તેઓ આજે રાત પ
ડવાની આગમચ સલામત આ જગામાં આવીઆંછે, તેને
માટે તેઓએ પોતાને ભાયગસાલી સમજવાં જોઈએ, અ
ને ખોદાનો પાડ માનવો જોઈએ; કારણ કે આજે જે તો
ફાન ચાલેછે, તે ઘણુંજ શકતછે, અને એમાંથી બચવું ઘ
ણુ મુશકેલછે. આવા વખતમાં ઉતારામાંથી નીકલવાને
માટે તેણે હમુને અને તે ઉતારા માહેલાં માણસોને શકત
ઠપકો આપીઓ. તે બોલીઓ કે આવા વખતમાં મુસાફ
રી કરવાને તમોએ હીમત કીધી, અને તમોને નીકલવાં દી
ધાં એ ખરેખર અજાયબી ભરેલુંછે. જો કે આ વાત સાં
ભલી હમારી છાતીમાં ઘણી દેહેસત પડી ખરી, પણ તે વ
ખત હવે જતો રહેલો હોવાથી, અને વલી આગલ મોટા
બલતા આતશથી હમારાં અકડાઈ ગયલાં બદનમાં સારી
ગરમી આવવાથી, હમારી અંદર ઘણી ખુશી પેદા થઈ.

જમવાનો વખત થયો, અને એક લાંબી ટેબલ ઉપર
હમો બધાં જમવા બેઠાં. જમવાનું જો કે સાદું હતું પ
ણ ગમતું અને પુરતું હતું. વાઈન પણ ઘણો સરસ હ
તો. જો કે આ લોક સાધુઓછે તોપણ દારૂ પીએછે, તે
નું કારણ એછે કે, તેઓ એવી ઠંડીમાં વસેછે કે, જો તે
ઓ તે ન પીએતો, તેમનાથી તે જગામાં જીવાઈ [illegible]
હી, એટલા માટે તેમને એમ [illegible]
આવેલી હોયછે.

તોફાનોની, અને આફતોની લાંબી વાત ચલાવી જે જ
ગામાં હમે ઘણાં ફસી ગયાં હતા, અને ખોહોમાં પડી જ
વાની ધાસતી લાગી હતી, તે જગાની વાત જીઆરે હ
મે કાહાડી તીઆરે તેઓ બોલીઆ કે, થોડુંકની
વાત પર તમારીજ માફક એક ઈંગલીશ સ્ત્રી અને ગરહસ
થ એજ જગામાં ફસી ગયાં હતાં, જેઓને આખી રાત તી
આંજ પડી રહેવું પડીઉં હતું. બીજે દીને સહવારનાં તે
ઓ ઘીસલાંપર બેસીને આ જગામાં આવીઆં હતાં, અને
પોતાની ગાડી તથા ઘોડાઓને પાછા મોકલાવીઆ હતા,
પણ તે પોતાની જગાએ પોંહોંતાંજ નહી. થોડુંક ચાલવા
પછે ગાડી ને ઘોડા બધું, એક ખોહોમાં ગયું. સારાં ભાય
ગે તે વખતે તેમાં કોઈ માણસ ન હતું. તેઓ બોલીઆ કે
આ જગામાં સંકટમાં ફસી ગયલા અથવા બરફમાં ડટાઈ
ગયલા મુસાફરોને શોધી કાહાડવાને હમારા કુતરા ઘણા કામ
લાગેછે. જો તેમની મદદ નહી હોયતો તેવા મુસાફરોમાં
થી થોડાઓનોજ જીવ બચાવી શકાય. ખાણું પુરૂં થવા
પછે હમો હમારાં બીછાનાંપર ગયાં. આ બીછાનાં ઘણી
સગવડ ભરેલાં, અને ઘણી ગરમી આપે એવાં હતાં. ઓ
રડામાં જોકે મોટી સગડી બલતી હતી, અને બેવડી બારી
ઓ ચપટ બંધ હતી; તોપણ હમોને ઠંડી ઘણી લાગતી હ
તી, કેમકે રાતને વખતે તે અતીશ વધી પડી હતી. તે સા
થે તોફાન પણ ભર જોરમાં ફુંકતું હતું. આ વેલાએ હમો
ને વીચાર આવીઓ કે, આ વખતે જો આપણે બાહાર હ
તેતો આપણા કેવા હાલ થતે. હમારી સલામતીને માટે
હમોએ ખોદાનો પાડ માનીઓ; અને સુઈ ગયાં.

બીજે દીને પેલો રસતાનો ઉપરી હમારી આગલ આ
વીઓ, અને હમોને આગલ ચાલવાની ભલામણ કીધી.
સાધુઓએ ઘણી મેહેરબાનીની રાહે હમોને થોડા દીવસ તી
આંજ થોભવાને જણાવીઉં, કેમકે હજુ કંઈ તોફાન ફુંકતું
નરમ પડીઉં ન હતું, અને બરફ વરસતો બંધ પડીઓ ન
હતો. તેઓએ જણાવીઉં કે આ વખતમાં પણ આગલ
ચાલવું ઘણું ધાસતી ભરેલુંછે; પણ ઉપરીએ હીમત આપી
અને કહીઉં કે ઘીસલાંની મારફતે જતાં કંઈ ઝાઝી અડ
ચણ નથી. વલી તે પોતે પોતાના દશ માણસોને લઈને સા
થે આવશે, એટલે પછે કંઈ બીહીવાનું નથી. હમારી સા
થે આવવાને વડો સાધુ પણ તઈઆર થયો. હમોએ તેને
તસદી નહી લેવાને ઘણુંબી કહીઉં, પણ તે સાથે આવવા
ને તઈઆર થયો. એક વાગતે હમો જમીઆં, અને બે
વાગતે ઘીસલાંની ઉપર હમો આગલ જવા નીકલીઆં.
હમારાં ઘીસલાંની આગલ પેલો ઉપરી અને તેના દશ મા
ણસો ખાનપર પાવડા, કોદાલી વગેરેના હથીઆરો લઈને ચા
લતાં હતાં, અને હમારી પછવાડે એક ઘીસલાં ઉપર હમારો
સામન ભરીઓ હતો. આ પરમાણેની હમારી સવારી તે
જગામાંથી નીકલી. આ વેલાએ બરફ ધુમ વરસતો હતો;
અને પવન પણ ખુબ જોરમાં ફુંકતો હતો. સઘલો દેખાવ
મોટી દેહેસત પેદા કરે એવો થઈ રહેઓ હતો. આટલી બ
ધી સંભાલ છતાં, હમો એકએક ડગલું તપાસી તપાસીને
ભરતાં [illegible], અને દરેક ડગલે હમો સલામતીને માટે દેહે
[illegible] અને ભારી સંકટ ખમીને અને દર
[illegible]નની [illegible]ખીનમાં આવી.

પોહોંચીઆં, અને તીઆંની ધરમશાલામાં ઉતારો લીધો. આ પરવતોપર મુશાફરી કરવાનું મોટામા મોટું સંકટ આ જગાપરથી પુરૂં થાયછે. હમારી પણ ફીકર મટી, અને રાતે નીરાંતે ઉંઘાયાં. બીજે દીને સહવારના પેલો વડો સાધુ અને પેલા ઉપરી હમારી રજા લઈ પાછા રવાને થયા. આ વેલાએ હમારેથી મનાય એટલી આજીજીથી હમે તેમનો ઉપકાર માનીઓ. અહીંથી હમે પણ નીકલીઆં ને અંતે સલામત ઇટાલી પોંહોંતા.

## મેસેટો અને તેની ઘોડી.

દુનીઆમાં કેટલાક એવા સાદા અને ભોલા દીલના માણસો મલી આવેછે કે, તે કહી વાત નહી માને તે જાણવું મુશકેલ પડેછે. એવાઓ જીઆરે વલી વેહેમના ભોગ થઈ પડેછે, તીઆરેતો તેમની હરેક વાત માની દેવાની વાતથી તો અવધીજછે. એવી પરકારનાં માણસો ખંધાઓના સઝડ શીકાર થઈ પડેછે, અને કેટલીકવાર તેવા લુચાઓ તેવા બીમારાઓનું સતીઆનાશ વાલી આપેછે. જીઆરે તેવી કોઈ વાત આપણે સાંભલીએછે, તીઆરે આપણને દયા અને મોજ બંને એકી વખતે પેદા થાયછે. એવી જાતનાં-માણસો દુનીઆમાં ઘણે ઠેકાણે મલી આવેછે, અને તેમાંનો એક ઉપર લખેલો મેસેટો નામનો શખ્સછે.

મેસેટો જાતે એટલો અભણ હતો કે ભુત, જીન, ડાકણ વગેરેની વાતોને હદથી જીઆદા માનતો હતો અને તે બાબેતી જે કોઈ હરપરકારની વાત કરે તે બધું ખરૂં માનતો હતો. વલી તે સવભાવે એટલોતો રાંક, નરમ અને દયાલુ હતો કે, કોઈની આગલી કપાયલી જોઈને ગભરાઈ જતો, અને તેને જરા અરે અરે કરતો જોઈ દયાથી પોતાની આંખમાં પાણી લાવતો. તે જાનવરોની પણ એવીજ દયા ખાતો હતો, અને તેમની માવજત પણ ઘણી કરતો હતો.

મેસેટો ઇટાલીનો રહેવાસી હતો, અને તે વાસણ વેચવાનો ધંધો કરતો હતો તે પોતાના વાસણો ફલારનસ ખાતે જઈને વેચી આવતો હતો. પોતાને ગામથી વાસણ ભરીને ફલારનસ ખાતે લઈ જવાને તેની પાસે એક ઘોડી હતી. તે ઘોડી જાતે ઘણી સરસ હતી, અને વલી મેસેટો તેને પોતાના સવભાવ પરમાંણે, ઘણી સંભાલથી રાખતો અને વાપરતો હતો, તેથી તે દેખાવમાં પણ ઘણી સારી લાગતી હતી. કોરવેટો નામના એક ખંધા શખસનો ડોલો આ ઘોડી ઉપર લાગો. તેણે વીચાર કીધો કે, મેસેટો જાતે ઘણો વેહેમી, અને ભોલોછે, માટે કંઈ તાલમેલ કરીને તેની પાસેથી આ ઘોડી મફત પડાવી લેઉં. વલી મેસેટો ઘોડી સાથે એવી સારી રીતે ચાલતો કે, તે ઘોડી તેની સાથે ઘણીજ હલી ગઈ હતી, અને તેની પાછલ કુતરાંની માફક ચાલતી હતી. આથી કરી કોરવેટોને તેની ઠગાઈમાં વધારે ટેકો મલીઓ.

એક દીવસે મેસેટો પોતાની ખાલી ઘોડી ચલાવી લઈને જતો હતો, તેવામાં કોરવેટો રસતામાં તેની સાથે થયો, અને ઘોડી તરફ તાકીને જોવા લાગો. પછે તેની ગરદન પર હાથ ફેરવવા લાગો, અને તેને ખુબ પસવાડવા લાગો. એમ થોડીકવાર કરીને તે પોતાનું મોડું જરાક દલગીર જેવું કરીને તેનીથી છુટો થયો. વલી બીજે દીને કોરવેટો તેમજ રસતામાં મલીઓ, અને વલી ઘોડીને પસવાડી પસવાડીને દલગીર મોડે ગીઓ. એ પરમાણે પાંચ છ દાહાડાવેર કોરવેટોએ કરવાથી મેસેટોને તેની ઘણી દયા આવી, અને તેથી એક દાહાડે તેને પુછીઉં કે તે રોજ તેની ઘોડીને શું કરવા પસવાડેછે, અને એટલો બધો દલગીર કેમ થાયછે ? આ બોલો સાંભલી કોરવેટો ડીસકાઈને બોલીઓ, "ભાઈ, હું તુંને શું કહું, જે દાહાડેથી મેં એ ઘોડીને જોઈછે તે દાહાડેથી મારી આંખમાંથી આસુ સુકાતા નથી." આ બોલો સાંભલી, અને તેની આંખમાં આસુ જોઈ મેસેટોને ઘણીજ દયા આવી, અને તેણે તેને દીલાસો દઈને તેનું કારણ પુછીઉં. તીઆરે કોરવેટો જાણે વધારે રડતો હોય તેવું ડોલ ઘાલીને બોલીઓ, "ભાઈ મેસેટો, તું આ ઘોડીને વાપરેછે ખરો, પણ તું એમ ના જાણતો કે એ તુંને જેવી ઘોડી દેખાયછે તેવી ખરેખર ઘોડીછે." એ બોલો સાંભલી મેસેટો ઘબરાઈને બોલીઓ, તીઆરે એ શુંછે ?" કોરવેટોએ ઘણા ડીસકાં ભરી જવાબ દીધો, "એ ઘોડી નથી પણ મારી ઘણીજ વાહાલી બઈરીછે. એને એક નાપાક જાદુગરે એનાપર ચીરડાઈને આ જાનવરનો અવતાર આપીઓછે. આ મારી વાહાલી બઈરી ઘણી ખુબશુરત હતી, તેમજ ઘણીજ નીતીમાન પણ હતી; અને તેની નીતીને લીધેજ તેને આવું દુખ ખમવું પડીઉંછે. તે નાપાક જાદુગર જીઆરે કોઈ રીતે એને સમજાવી નહી શકીઓ, તીઆરે એનાપર ચીરડાઈને એવું જાદુ કીધું કે એ તતકાલ ઘોડી બની ગઈ ! અફશોશ ! અફશોશ ! મારી વાહાલી બઈરી, હું તુંને કેટલું થયું શોધતો ફરતો હતો, તીઆરે તું હમણા મને હાથ લાગી, મારી વાહાલી, ઘણીજ વાહાલી બઈરી," એમ કહી તે ઘોડીનું મોડું પોતાની છાતીએ દાબી રડવા લાગો. પછે તે બોલીઓ, "ભાઈ આજ કેટલાં વરસ થયાં હું બધે બધ ભટકતો હતો, અને એને શોધતો હતો કે કયેથી મારા હાથમાં આવેતો એને મીકાયલ સકાટ નામના નામીચા જાદુગરની પાસે લઈ જઈ તેનાં જાદુના જોરથી એને પાછી ઓરત બનાઉં, તીઆરે કેટલી મુદતે અહીં એ મારા જોવામાં આવી. આટલા દાહાડાવેર મેં બરાબર તપાસ કીધી કે એ મારી બઈરીજછે કે નહી; અને હવે મારી ખાતરી થઈછે કે એ તેજછે. મારી પાસે દોલતતો પુશકલ હતી, પણ તે બધી મેં એનીજ શોધમાં ખોઈ નાખી. હવે મારી પાસેતો એક અરધીબી રહી નથી કે તે તુંને આપીને એને છોડવી લઉં. વાસતે, ભાઈ, જો તારા દીલમાં દયા આવતી હોયતો મને મારી બઈરીને એમજ આપ, ને નહીતો, જો તુંને પઈસાજ જોઈતા હોયતો હું મેહેનત મજુરી કરીને તુંને આપું"

કોરવેટોનાં મોડાંમાંથી આવા બોલો સાંભલી અચરતીમાં ગરકાવ થઈ ગયો, અને વીચારમાં ઉત્રો. આ વાતતો તેના માનવામાં આવી ખરી, કે જાદુગરો એ પરમાણે માણસને હેવાનનો અવતાર આપી દીએછે; પણ આ ઘોડી ખરેખર કોરવેટોની બઈરીજછે કે નહી તે વાતની

ખાતરી કરવાની રહી. તેણે કોરવેટોને ઘણોજ દીલાસો દીધો, અને જણાવીઉં કે, જો એમજ હશેતો તે એક પઈ બી લીધા વગર તેની બઈરીને તેને સવાધીન કરશે. આ બોલો સાંભલી કોરવેટો જાણે ખુશી થયો હોય એવું તેણે દેખાડીઉં, અને ઘોડીને ચાંપીને કોટી કરીને અને મેસેટોનો ઘણો ઉપકાર માનીને તીઆંથી મનમાં મલકાતો ગયો, કે તડાકો તો ઠીક પડવાનો ! મેસેટો ઘોડીને લઈને ઘેર ગયો, અને તેનાપર આગલ કરતાં વધારે માવજત લેવા લાગો, અને તે દીવસથી તેનાપર સામન લાધવાનો બંધ કીધો. પછે તેણે પોતાની ખાતરી કરવાને માટે તેના ગામના પાદરીને તે ઘોડી દેખાડવાનો ઠરાવ કીધો, કે તે જોઈને પારખે કે એ ખરેખર કોરવેટોની બઈરીછે. વલી બીચારો એટલો ભોલો, કે એ વાત કોરવેટોને પણ કહી. તે ખંધાએ જોયું કે પાદરી સાહેબતો બધો ધાણ બગાડી નાખશે, અને છટકું બંધ બેહેલું પાછું છટકી જશે, તેથી તેણે તે વાતથી મેસેટોને અટકાવવાની તાલમેલ કીધી. તેણે પરથમ પોતાનું મોડું કુમલાવી નાખીઉં, અને આંખમાં જાણે આંસુ આવતાં હોય તેમ તે મલમલાવવા લાગો. એ જોઈ મેસેટો વલી દલગીર થઈ પુછવા લાગો, કે "કેમ વલી એમ સા વાસતે કરેછે" ! કોરવેટો બોલીઓ, "પીઆરા મેસેટો, તું જો એ વાત પાદરીને કહીને ઘોડીને તેને દેખાડશે, તો બેશક તે તુરત મારી બઈરીને ઓલખી કાહાડશે, અને તેથી એ વાત બધા ગામમાં જણાઈ જશે. એમ થેવાથી આ મારી વાહાલી બઈરીને ઘણીજ શરમ પોંહોંચશે, અને તે મનમાં ઘણીજ દુખી થશે. તે એવી ખુબશુરત છે કે, ઘણી ઓરતો તેની અદેખાઈ કરતી હતી, તેઓ જીઆરે એવી વાત જાણશે તીઆરે, તે માણુસનાં રૂપમા આવવા પછે, તેને બધીઓ ટાણા મારશે. એ મારી બઈરી એવી કાકણીછે, કે એવી ફજેતીમાં જીવવા કરતાં મરી જવું બેહેતર સમજશે." આવા બોલો સાંભલી મેસેટોએ તુરત પોતાની દલગીરી બતાવી, અને તેની બઈરીને ઉઘાડી નહી પાડવાની કબુલાત આપી.

વલી મેસેટો વીચારમાં પડીઓ કે, કેમ કરવું ! એમ કરતાં કેટલાક દીવસ નીકલી ગયા, અને ઘોડીનેતો તેણે જરાબી કામ કરાવવા વગર બેસાડી મેલી, કારણ કે હવે તે ઘોડીપર વાસણ લાધવાને તેને ગમીઉં નહી, કારણ તે ખરેખરતો કોરવેટોની વાહાલી બઈરી હતી ! અંતે તેણે જોયું કે, આ બે ધણી ધણીઆંનીને વધારેવાર છુટાં રાખવાં એ વાત સારી નહી, તેથી તેણે કોરવેટોને બોલાવીઓ, અને પોતાની ઘોડી તેને સવાધીન કીધી તેને કહીઉં કે, આ તારી વાહાલી બઈરીને તું લે, અને જેમ બને તેમ જલદી મીકાયલ જાદુગર પાસે લઈ જા, અને તેને પાછી જેવી હતી તેવી કરાવ જીઆરે એ પાછી માણુસ થાય, તીઆરે તું એને એક વખત મારી આગલ લાવજે, હું તેને જોવશ અને ખુશી થઈને આશીરવાદ દેવશ, અને તેટલામાંજ મારા પઈસા વલી રેહેશે.

પરથમતો કોરવેટોએ ઘોડીને ચાંપી ચાંપીને કોટી કીધી, અને તેના મોડાંપર કેટલાક બોસા લીધા, અને મેસેટોનો ઘણોજ ઘણોજ ઉપકાર માની, ઘોડીને આસતે આસતે ચલાવતો લઈ ગયો. જીઆંવેર ઘોડી દેખાઈ તીઆંવેર બીચારા મેસેટોએ તેને દલગીર મોડે જોયા કીધી, પછે જેવી તે દેખાતી બંધ પડી કે તે ઘરમાં ગયો, અને આણીગમ પેલો લુચો કોરવેટો તેનીપર કુદીને સવાર થયો, અને ચારો પગે દોડાવતો, અને પોતાની ફતેહપર ખુશી થતો તથા મેસેટોની મુરખાઈપર હસતો ચાલીઓ. આ ઘોડીને કોરવેટો લાગલો ફલારનસ ખાતે લઈ ગયો, અને તીઆં તેને વેચી નાખીને, રૂપીઆની ગાંસડી બાંધી મુગો મુગો પોતાને ઘર જઈને બેઠો.

મેસેટોએ એક બીજી ઘોડી વેચાતી લીધી, અને પોતાના વાસણ, જે ઘણા દીવસના પડી રહેલાં હતાં, તે તેનાપર લાધીને ફલારનસ ખાતે આવીઓ અહીં તે એક દીવસે રસતામાંથી જતો હતો, તેવામાં એક ભાડુતી ગાડાંવાલાને પોતાના મુરદાલ થઈ ગયલા ઘોડાને આગલ ચલાવવાને ઘણોજ ઘાતકીપણે મારતો જોયો. તે જોઈ મેસેટોને ઘણીજ દયા આવી, અને આગલ જઈ ગાડાંવાલાને કહેવા લાગો કે એ બીચારાં મુગાં જનાંવરને એમ નહી મારીએ. એમ કહી ઘોડાને પસવાડવા ગયો, પણ તેમ કરતાં તેને તુરત માલમ પડીઉં કે એતો તેની પોતાની ઘોડીછે, જે કોરવેટો તેની પાસેથી બઈરી કરીને લઈ ગયો હતો. એ જોઈ મેસેટોને ઘણી અજાયબી લાગી, અને પેલા ગાડાંવાલાને પુછવા લાગો, કે તે એ ઘોડી કીઆંથી લાવીઓ ? ગાડાંવાલાએ કહીઉં કે તેણે તે એક કોરવેટો નામના સખશ પાસેથી વેચાતી લીધી. આ બોલો સાંભલતાંજ મેસેટો સમજી ગયો, કે તે લુચાએ તેની સાથ મોટી લુચાઈ કીધી, અને સાફ તેને ઠગીને તે ઘોડી લઈ ગયો, અને વેચી ખાધી. મેસેટોએ કોરવેટોને ઘણાજ કદુવા દીધા, અને પેલા ગાડાંવાલાએ જેટલા રૂપીઆ કોરવેટોને આપીઆ હતા તેટલા મેસેટોએ તેને આપી તે ઘોડી પાછી ખરીદી, અને પોતાને ઘેર કોરવેટોની ઉપર ફફડતો ને ચટકતો લઈ ચાલીઓ. ગામના લોકમાં જીઆરે એ વાતની ખબર પડી, તીઆરે તેઓ તેને ખુબ હસવા લાગાં, અને કેટલા દીવસવેર તેનીજ મશકેરીની વાત ચાલી, અને લોકોને ખુબ ગમત મલી. જેઓ પોતાની બુધીને પાછલ મેલી વેહેમને અને અગનાનપણાને વસ થઈ રહેલા હોયછે, તેમના આવા હાલ થાયછે.

## કેનવાસ ઉપર ભરત.

પાસે આપેલો નમુનો કેનવાસ ઊપરના ભરતનોછે. એવા ચાર કટકા સાથે જોડીઆથી એક મોહોટી ગાદી અથવા તકયો બની શકશે. નમુના મધે કાલા દાનાછે તેહને બદલે લીલું ઊન લેવું અને સફેદ દાનાને બદલે ચહડ ઊતર રંગનું લાલ લેવું. એ શીવાએ કોઈબી બીજા રંગના ઊનનો ઊપયોગ કરવાનું ભરત ભરનારી બાઈઓની સમજણ ઊપર સોંપીએ છઈએ.

# મીસીસ વરડસવરથ.

ઘણીક વાંચનારી બાઈઓના ધણીઓ, દીકરા અને ભાઈઓ વગેરે જેઓ સકુલમાં શીખીઆ હશે, અથવા શીખતા હશે તેઓ સઘલા વરડસવરથના નામથી કોઈ રીતે અંજાણા નથી. એ માણસ ઈંગલંડ દેશનો એક મોટો કવી થઇ ગયોછે, અને એની કવીતા અને વચનીકા લખાણ આજે ઘણાં વખણાયછે અને વંચાયછે. એ કવી ગઇ સદીની આખેરીએ પરકાશી ગયોછે. એની કવીતાઓ ઊંચા ઊંચા પીઆરથી, અને પીઆરના મીઠા મીઠા બોલોથી ભરેલી નહી હતી, પણ કુદરત સંબંધી, દુનીઆની ચડતી પડતી અને બેવફાઈ સંબંધી, અને એવીજ શીખામણ રૂપી બાબતોથી ભરેલી હતી. અલબતે જેઓ જવાનીના જુસામાં આંધલા બની દુનીઆના મારગમાં દોડેછે, તેમને એવી કવીતાઓ ઝેર જેવી લાગેછે, અને જેઓ દેખતા રહી મોજમાં વખત ગુજારવા ચાહેછે, તેવાઓને એવી કવીતા અનગમતી લાગેછે; પણ જેઓ દુનીઆંને ખરેખર જોઈને ચાલેછે, તેઓ એવી કવીતાને ઘણુ વજન આપેછે, અને ઘણી વાંચેછે.

એ કારણને લીધે વરડસવરથની કવીતા જીઆરે પેહલી બાહાર પડી, તીઆરે તેને લોકની તરફથી વખાણ અને આસરો જાહજો મલીઓ નહી. તેમજ તે પછે પણ ઘણો લાંબો વખતવેર તેને તેવો આસરો મલીઓ નહી. અલબતે માણસ પોતાની બને એટલી મેહેનત કરી હરકાંઇ લખાણ તઈઆર કરે, અને પરજાની સામે મોટી આસાથી મેલે, અને ફકત પસંદ કરવાના શોખને ખાતર તે નાપસંદ કરવામાં આવે, તીઆરે સઘલી મેહેનત પાણીમાં જતી જોઇ, તેને નાસીપાયશી લાગીઆ વગર રેહે નહી. તોપણ નામીઓ વરડસવરથ કોઇવાર કોઈને નાસીપાસ દેખાયો હતો નહી; અને કોઈ આગલ તે તેમ બોલીઓ હતો પણ નહી, કારણ કે ખરેખર તે તેવો થયલો હતો નહી. જો કે તે નાસીપાસ થયલો હતો નહી, એમ નથી, પણ તેના ઘરમાં એક એવો ફરેસતો હતો કે, દર વખતે જેવી તેનાપર નાસીપાસી આવવા જતી હતી, કે જેમ જુફતા માણસને હીલવીને તેની ઊંઘ ઊદાડી મેલી હુશીઆર કરે તેમ તે ફરેસતો તુરત તેને ઊદાડી મેલી પાછો ખુશાલીમાં લાવતો હતો. આથી કરી વરડસવરથને આગલ ચાલવાને પાછી ઊલટ અને જોર મલતાં, અને તે પરમાણે તે આગલ લખતોજ ચાલીઓ. જેમ તે લખતો ચાલીઓ, તેમ તે તેને પરજાની સામે, તેમની નાપસંદગીની જરાપણ ફીકર રાખવા વગર મેલતો ચાલીઓ.

એક વસતુ જાતે જો કીમતી અને ઊપયોગીજ હોય, તો પછે, પરથમ તેની સામે ગમે એવો અનગમો પેદા થવા છતાં, આખરે તેનાપર માણસનું મન ખેંચાયછે, અને તેની ખરી ખુબી વેહલે નહીતો મોડે જાણવામાં આવેછે. અને એમાં વધારે ફાયદો હોયછે, કારણ કે જે પસંદગી એકદમ આવેછે, તે જેટલી ઝડપથી આવી હોય તેટલીજ ઝડપથી જતી રહેછે. તેથી જેમ એક વાત પસંદ આવતાં વીલમ લાગો હોય તે વાત પસંદગીમાં વધારેવાર બલકે હમેશવેર રહેછે. તેમજ વરડસવરથની કવીતાનું થયું. આખરે તેનાપર લોકની આંખ ઊઘડી, અને તેની ખરી ખુબી પીછાનવા લાગા. વરડસવરથ બધે વખાણાવા લાગો, અને તેની કવીતા દરેક મોડે વંચાવા લાગી. તે પછે ઈંગલંડમાંજ વખણાયો નહી, પણ તેનું નામ અને લખાણ છેક અમેરીકા પોંહોંચીઆં, અને તીઆં પણ તેની કીરતીના કીરણ પરકાશવા લાગાં. આખરે લોક તેનાપર એટલાં ફીદા થઈ ગયાં, કે તેના મરણ પછે તેની ઘણીએક જાતની ઇઆદગારીઓ તેઓએ ઊભી કીધી. છેલે, તેની કવીતા આજવેર લોકના વપરાશમાં અને પસંદગીમાં રહીછે, અને તેથી તેની ઇઆદગારી આ દેશ સુધીમાં કાયમ રઇછે.

આ પરમાણે, કીરતીની જે ઊંચી સીડીના પેહલાં પગથીઆં ઊપરજ પગ મેલતાં વરડસવરથને આંચકો લાગો હતો, અને પાછો ઊતરી પડીઓ હતો, તે સીડી, એક નાજુક હાથના ટેકાથી, તે આખી ચઢીઓ, અને તેને મથાલે કાયમ રહેઓ. તેની નાઊમેદીમાં સદા જાગરૂત રાખનાર ફરેસતો, અને તેને કીરતીની સીડીપર ચહડતાં ટેકો આપનાર નાજુક હાથ તે તેની સ્રી મીસીસ વરડસવરથ હતી. આ તેની ભલી સ્રી તેને હમેશ ઊલટ આપતી હતી. તે ઊલટ એક રીતે નહી પણ બે રીતે આપતી હતી. એકતો તે હમેશ તેની કવીતાને, તેની ખુબી સમજી, વખાણતી; અને તેને, બીજાઓ ગમે તે બોલે તેની ફીકર રાખીઆ વીના આગલ ચાલવાની ભલામણ કરતી. બીજું એક તે

ઘરમાં હમેશ સલાહસંપજથી, અને હસતાં મોઢાંથીજ રહેતી હતી. પોતાના ધણીને જેટલું સુખ અપાય તેટલું આપતી હતી, અને ઘરમાં સઘલી વખતે એવી ચાલ અને એવો સવભાવ રાખતી હતી કે, કોઈવાર વર ડસવરથે એવો વખત નહી જોયો, કે પોતાની વાહાલી સ્ત્રીની હજરીમાં તેનું દીલ ગુલાબની માફક નહી ખીલીઉં હોય, અને તેમાંથી તેના ફીમદા લખાણનો પમરાટ નહી નીકલીઓ હોય. ઘરમાં એક સારી બઈરી હોવાથી કેવા ફાયદા થાયછે તેનો આ એક સારો નમુનોછે.

## પરચુંટણ.

**પઈસાના જીવપર લગન**—પઈસાના જીવપર લગન કરવાં, અને માણસના ગુણ અવગુણ નહી જોવા, એ આ જના વખતના લોકોની સરવેથી મોટી ભુલ ગણાયછે, અને તેનાથી સંસારી સુખમાં મોટો સડો પેઠેલોછે. આ સડાથી યહુદી લોક મોકલા હોય એમ લાગેછે. એક લખનાર જણાવેછે કે, એ લોકમાં પઈસા જોઈને લગન કરવાનો, એટલે મુખીઅ કરી બઈરીના પઈસા જોઈ લગન કરવાનો તીરસકારછે. બઈરીના અથવા તેના મા બાપના પઈસા ખાવા અથવા વાપરવાનું કામ તેઓમાં નીચ ગણાયછે તેઓ લગન કરવામાં ગરીબ, તવંગરનો તફાવત રાખતા નથી, પણ એવી જાતનાં કુટુંબોમાં જેમ મરજીમાં આવે તેમ લગન કરેછે; પણ વીદવાન કુટુંબોમાં તે કરાતું નથી. એટલે પઈસાદાર બાપની છોકરી લેવાને પરણનાર પઈસાદાર હોવાની અથવા થવાની અગત નથી, પણ વીદવાન બાપની છોકરી લેવાને પરણનારે વીદવાન હોવાની અથવા થવાની જરૂર ગણવામાં આવેછે. અલબતે ઘણા ટોલાના વડાવાઓ તો સારી ચાલોજ આપી ગયાછે, પણ તે આજે ચાલતી જોવામાં આવતી નથી. તેમજ યહુદીઓને પણ તેમનાં વડાંવા એવો ચાલ આપી ગયા હશે, પણ તે જો આજનાં વખતનાં યહુદીઓ પાલતા હોયતો તેમને મોટા સુખી સમજવા.

---

**બેનો ઘાણ**—એક લખનાર જણાવેછે કે, પરણવું એટલે શું, કે એકને બદલે બેનો ઘાણ કાહાડવો! જેમની ઉપર ઈતર, બીબાવલી અને ગેરસલુકાઈ વાલી ઓરતોનાં દુખ પડીઆછે, તેઓ લગન સંબંધી એવાજ કરડા વીચાર આપેછે.

---

**એક અમતની ખબર**—એક વેલાએ એક ગામડીઆને એક વીદવાને કહીઉં કે માણસ દર સાત વરસે બદલાયછે, એટલે તેના શરીરમાં, દેખાવમાં અને બધામાં દર સાત વરસે ફેરફાર થાયછે. બધું સમજાવી છેલે ફરીથી કહીઉં કે ... માણસ બદલાઈને જુદો થાયછે. આ સાંભલતાંવાર પેલો ગામડીઓ બોલીઓ કે, "તીઆરે તો ઘણુંજ મજેનું, તમે સારૂ થયું કે મારી ભુલ ભાંજી. હવે મને ઘણો કરાર થયો, અને મોટો હરખ ઉપજીઓ." એ સાંભલી વીદવાને લગાર અજબ થઈને પુછીઉં કે, "ભાઈ એમાં તુંને એવડો બધો હરખ શાનો ઉપજીઓ, અને તારી ફીકર શાની ટલી ગઈ"? ગામડીઓ બોલીઓ, "સાહેબ, મેં મારા પડોશીનું મોટું કરજ કીધેલુંછે, અને તેને હમણાજ સાત વરસ પુરાં થયાં, અને તેથી તે રોજ મને અદાલતમાં ઘસડી લઈ જવાની અને બંધીખાને નખાવવાની બીક આપેછે, અને તેની ધાસતી ધાસતીએ હું સુકાઈ ઉગાઈ રહીઓ હતો. પણ હમણા તમારા સમજાવીઆથી મારી ભુલ ભાગીછે, અને હવે હું તેને જઈને કહુસું કે ભાઈ, રૂપીઆ લેવાને સાત વરસ થઈ ગયાં, ને દર સાતમે વરસે માણસ બદલાઈ જાયછે, તેથી હું પણ બદલાઈ ગયો; માટે હવે તારો કશો દાવો ચાલે નહી જેણે સાત વરસની અગાઉ રૂપીઆ લીધા હતા, તે માણસ હવે હું નથી." આ બોલો સાંભલી પેલા વીદવાનને ખુબ હસવું આવીઉં, અને તે બોલીઓ, "ભાઈ, જા, અમસથો એમ સુઝમાં ન રેહેતો, નહીતો વગર ભાડેનાં ઘરમાં નકામાં ચાંચરા મારવા પડશે."

---

**એક કુમારાને જવાબ**—એક વેલાએ એક ગરહસથનાં ઘરનાં દીવાનખાનાંમાં એક મંડલી મલેલી હતી, અને તેઓમા હસબોલની વાતો ચાલતી હતી. તેવામાં એક કુમારો શખસ બોલીઓ, "આ દુનીઆં એક સુનાં બંધીખાનાંનાં સરખીછે." આ બોલો પાસે બેઠેલી એક પરણેલી સ્ત્રીના કાને પડતાં તેણે તેને જવાબ આપીઓ કે, હા ભાઈ, જેઓ કુમારાછે તેઓને દુનીઆં બંધીખાનાં જેવી લાગેછે, અને તેમાં કંટાલી વસતીમાં આવવા માગેછે અને જેઓ પરણેલાછે તેઓને મનથી દુનીઆં એક મોટી જાતરા જેવી લાગેછે, અને ધકાસુકીથી કંટાલી નવરી જગામાં જવા માગેછે.

---

**ફાનસવાલાં મછર!** બે ગામડીઆ મુસાફરી કરતા એક ધરમશાલામાં ઉતરીઆ. રાતે ખાઈને સુતા, પણ મછરે એટલો બધો કંટાલો આપીઓ કે, તેમની જરા આંખ લાગવા દીધી નહી. અંતે તેઓએ ઉઠીને દીવો બુજાવી નાખીઓ, અને મોડાંવેર ઓઢીને સુઈ ગયા. મોટી રાતે ઘણી ગરમીથી તેઓમાનો એક જણ જાગીઓ, અને મોડાંપરથી ઓઢેલું જરા ઉંધાડીઉં. તેવામાં તેની નજરે એક આગીઓ કીડો ઓરડામાં ઉડતો દેખાયો, જે જોઈ તેણે તુરત પોતાના સોબતીને હીલવીને ઉઠાડીઓ, અને બોલીઓ "અતર ઘડી ઉઠ, આપણે અહીંથી બીજી ગમ જઈને સુઈએ, કારણ કે આ મછરોએ આપણને ખાઈ જવાનોજ ઠરાવ કરેલો લાગેછે. આપણે અંધારૂં કરવાને દીવો બુજાવી નાખીઓ તીઆરે મછરો બધાં સાથે ફાનસ લઈને આવીઆંછે"! એ સાંભલી તેનો સોબતી પણ બીવો, ને બોલીઓ, ચાલ તીઆરે આપણે અહીંથી ઉઠી જઈએ. બંને જન તીઆંથી ઉઠી ગયા.

**કામદાર માણસો**—ઈંગલંડમાં રૂના કારખાંનાનો ધંધો થોડા વરસમાં કેટલો વધી ગયો છે, તે આ ગણતરી ઉપરથી માલમ પડેછેઃ ૧૮૩૯ના વરસમાં એવાં કારખાંનાઓમાં કામ કરનારા માણુસોની સંખ્યા ૨૫૯૩૬૫ ની હતી. ગયાં વરસમાં એવાં માણુસોની સંખ્યા ૩૨૦૧૦૦૧૪ની હતી.

---

**મોટાં હલ**—ખેતરમાં અનાજ ઉગાડવાને તેની જમીન હલ નામના હથીઆર વડે ખેડવામાં આવેછે. એ હલને બલદો ઘસડેછે. યુરોપખંડમાંતો એને ઘસડનાર બાફને બનાવીઓછે, એટલે બાફના સાંચાથી ચલાવેછે, પણ આ દેશમાતો હજુ બલદીઆન ઘસડેછે. કેશે કેશે હમણા તેવાં હલ વપરાયછે. એ જાતના હલો વાપરતાં કેટલીક કડાકુટ આ દેશના લોકોને લાગેછે. તેથી મોરા પાએઆપર કામ લેવાની મતલબે, એક કારખાંનાવાલાએ હાથીઓ જોડવાનાં હલ બનાવીઆછે.

---

**ઈમાનદારીનો લેખ**—એક વેલાએ એક ગામડીઓ એક દુકાન આગલ ઉભો રહી તેમાનો સામન જોતો હતો, તેવામા તેણે બે જનને દુકાનમાં વાત કરતાં શાંભલીઆ. તેઓમાં એક વીદવાન હતો, અને એક દુકાનદાર હતો. વીદવાન દુકાનદાર સાથ વાત કરતાં બોલીઓ કે, "ભાઈ, માણસની ઈમાનદારી માણસના મોડાંપરજ લખેલી હોયછે." આ બોલો સાંભલી પેલો ગામડીઓ વેહેલો વેહેલો દુકાનપર ચહડી આવીઓ, અને પેલા વીદવાનનો ઉપકાર માનવા મંડી ગયો. વીદવાને પુછીઉં, "ભાઈ, મેં શું તારૂં સારૂં કીધું કે તું અનચીતો આવી મારો આટલો બધો ઉપકાર માનેછે?" ગામડીઓ બોલીઓ, "સાહેબ, ઘણું, ઘણા લુચાઓ મારા પઈસા તથા અનાજ ખાઈ ગયાછે. તમે સારૂં થયું જે હમણા બોલીઆ કે 'માણસની ઈમાનદારી માણસના મોડાંપરજ લખેલી હોયછે;' હવે હું જેને પઈસા અમથવા હરકાંઈ ધીરશ, તેનાં મોડાંપર તેની ઈમાનદારી પેહેલાં વાંચી જોવશ, ને પછે ધીરશ. આગમચથીજ જો મને એવી ખબર હતેતો તે લુચાઓને મારે બારણે ઉભા નહી રાખતે. ખરેખર સાહેબ તેઓ પાસે ઈમાનદારી હતી નહી, તેથી તેઓનાં મોડાંપર કશું લખેલું હતું નહી!

---

**ખોલાસો ગઈ વેલાનો.**

૧—કાગલ.
૨—પાણી.

---

## રૂડી નાર.

(વનમાં વાગેરે વાંસલી—એ રાગ.)

રૂડી નાર તો એજ રે,
રહે ધણીને વસ;
આપે સુખ રે સર્વદા,
પામે જગનો જસ.—રૂડી.

નીતે હસતી ને બોલતી,
રહે ધણીની સાથ;
જેવું બાલકરે લાડકું,
રમતું ધરીને હાથ.—રૂડી.

દુખમાં સુખને લાવતી,
ભંગમાં કરતી રંગ;
આંસુ સૂકવે પલમાં,
દઈ દિલાસા સંગ.—રૂડી.

ઉતાવલમાં નહી બ્હાવરી,
ધીરજમાં નહી ઢોર;
ચતુર જેવીરે અકલી,
ચિંચિં કરે, નહી થોહોર,—રૂડી.

રાખે હોંસ સૌ વાતમાં,
જેમાં રાજી હોય
ધણી, તે ના નહીરે કોઈ દી,
સદા વાટ તે જોય.—રૂડી.

રહે નીતે ગરીબાઈમાં,
ને સમજે તવંગર મોટ;
લુખું ખાઇને સમજે,
છે નથી કંઈ ખોટ.—રૂડી.

ઘર ને તન રાખી સાફ બહુ,
દીપાવે વન ખર્ચ;
કસરનો કાયદો પ્હેરવા,
કરે ધણીને અર્જ.—રૂડી,

છોરૂં છૈયાંને કેલવી,
આપે સદગુણ સાન,
શોબી સોભાવે સર્વને,
રાખી કુલની લાજ.—રૂડી.

નીતી શીખવે નારીને,
રાખી રખાવે પાસ;
સર્વે સહિયોની, ને ધરે,
તોડી જગના ફાંસ.—રૂડી.

એવી નારને ધન્ય છે,
વલી ધન્ય જેની હોય;
પુત્રી એવીરે તેહને,
નાનાભાઈ સત જોય.—રૂડી.

---